॥ श्रीलोयाधामाधीशो जयति ॥


શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ

INDEX

શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ



હીંડોળે ઝૂલતા મુનિવર શ્રી મુક્તાનંદ સ્વામી

INDEX

॥ શ્રીલોયાધામાધીશો જયતિ ॥

શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ

:: લેખક ::

પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રીજી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

: પ્રકાશક :

શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ

INDEX

શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ

લેખક : પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રીજી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ

પ્રકાશન તિથિ :
શ્રી મુક્તમુનિ મહોત્સવ એવં શ્રી સદ્‌ગુરુ શતાબ્દી મહોત્સવ પ્રસંગે
સં. ૨૦૮૨, પોષ સુદ-૭, શનિવાર તા. ૨૭ ડિસેમ્બર ૨૦૨૫

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૧૦૦૦

પડતર કિંમત : ₹૪૮૦/-

વેચાણ કિંમત : ₹ ૨૦૦/- (સૌજન્યને આભારી)

મુદ્રક :
શ્રીજી આર્ટ, અમદાવાદ.
(મો.) ૭૬૦૦૦૨૬૬૮૬, ૯૮૭૯૬૦૬૬૮૬
E-mail : shreejiart@gmail.com, **Web :** www.shreejiarts.org

પ્રાપ્તિ સ્થાન :
શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ અને લોયાધામની તમામ શાખાઓમાં ઉપલબ્ધ.



શ્રી ઠાકોરજી મહારાજ - લોયાધામ



આદિ ગુરુદેવ સ્વામીશ્રી

वंदे गुरुपरंपराम्

Our Guru Parampara



સદ્‌ગુરૂ શ્રી રામાનંદ સ્વામી



સદ્‌ગુરૂ શ્રી મુક્તાનંદ સ્વામી



સદ્‌ગુરૂ શ્રી આધારાનંદ સ્વામી



શ્રી ઠાકોરજી મહારાજ



સદ્‌ગુરૂ શ્રી હરિપ્રિયદાસજી સ્વામી



સદ્‌ગુરૂ શ્રી વૈકુંઠચરણદાસજી સ્વામી



સદ્‌ગુરૂ
શ્રી નંદકિશોરદાસજી સ્વામી



સદ્‌ગુરૂ
શ્રી નારાયણસ્વરૂપદાસજી સ્વામી





જય શ્રી સ્વામિનારાયણ

શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ

ગ્રંથ રચયિતા :- પ.પૂ. ગુરુજી

લેખકની કલમે

સર્વોપરી સર્વાવતારી લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ભગવાનશ્રી સ્વામિનારાયણ તથા આદિગુરુદેવ સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી તથા મુક્તાનંદીય પરંપરાના સમર્થ સદ્‌ગુરુ સંતોના ચરણોમાં કોટી કોટી વંદન...

જેમના ચરિત્રમાં અગ્નિ જેવી તપસ્વિતા, ચંદ્ર જેવી શીતળતા, ગંગાજી જેવી પવિત્રતા, હિમાલય જેવી સ્થિરતા છે. જેમને ભગવાનના સ્વરૂપને ઓળખી ભક્તોને ઉપાસનાનું સાચું માર્ગદર્શન આપ્યું છે. જેઓ ભગવાનના પણ ગુરુ હતા. જેમના જીવનમાં વિદ્યા અને વિનયનો અદ્વિતીય સમન્વય જોવા મળે છે. જેઓ મહાન પંડિત હોવા છતાં વિનમ્રતાનું મૂર્તિમંત સ્વરૂપ હતા. જેઓ પ્રેમ, ક્ષમા, ધીરજ, નિર્માનીતા અને કરુણાના જીવંત પ્રતીક હતા, એવા સર્વસાધુગુણસંપન્ન, પ્રકાંડ પંડિત, સંગીત મહોદધિ, શાસ્ત્રાર્થ વિજેતા, પ્રવચન પ્રવિણ, સંતશિરોમણિ, સર્વ જીવમાત્રનું હિત કરનારા, બ્રહ્મવેત્તા, ગુરુભક્તિપરાયણ, સત્સંગના આધારસ્તંભ, આદ્ય સત્સંગ પ્રવર્તક, શુદ્ધ ઉપાસનાના પ્રબળ પ્રવર્તક, સર્વોપરી સંત એટલે સત્સંગની 'માં' સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી.

આદિગુરુદેવ સ્વામીશ્રીનાં પ્રાગટ્યને ૨૬૮ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે ત્યારે મનમાં એક સંકલ્પ થયો કે જે મહાપુરુષે પોતાનું સમગ્ર આયખું પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણની અનુવૃત્તિમાં વીતાવ્યું, સમર્થ હોવા છતાં પણ સરળ બનીને રહ્યાં, સર્વે અનાદિમુક્તોમાં મુખ્ય હોવા છતાં સામાન્ય થઈને રહ્યાં, એવા સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીના અગાધ, અલૌકિક અને અણમોલ જીવનચરિત્રને આલેખિત કરવું તે વાસ્તવમાં શૂન્યનું સરુ લેવા જેવું છે. 'क्व सूर्यप्रभवो वंशः क्व चाल्पविषया मति'... છતાં પણ નિજાત્માને પાવન અને ધન્ય કરવા માટે શ્રી ઠાકોરજી મહારાજની કૃપા, મુક્તાનંદીય પરંપરાના સદ્‌ગુરુ સંતો અને મારા ગુરુદેવ બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ શ્રી નંદકિશોરદાસજી સ્વામીના આશીર્વાદથી સદ્. શ્રી મુક્તાનંદ સ્વામીના દિવ્ય જીવનચરિત્રને ગ્રંથમાં ગુંથી 'શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ' નામનો પદ્ય ગ્રંથ તૈયાર કર્યો.

આ ગ્રંથ હું મારા પરમ આરાધ્ય ઈષ્ટદેવ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજના ચરણોમાં અને આદિગુરુદેવ સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીના ચરણોમાં સમર્પિત કરું છું.

'શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ' માત્ર એક ગ્રંથ નથી, પરંતુ વર્તમાન સમાજ માટે એક જીવન માર્ગદર્શિકા છે, જે દરેક વાચકને શાંતિ, સંતોષ અને પરમાત્માના સુખનો અનુભવ કરાવશે. કોઈપણ ચરિત્રગ્રંથની સાર્થકતા ત્યારે જ સિદ્ધ થાય છે, જ્યારે

તે જન-સામાન્ય સુધી સરળતાથી પહોંચે અને તેમના હૃદયમાં સ્થાન મેળવે. આ જ ભાવનાને કેન્દ્રમાં રાખી, સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી વિરચિત 'ભક્તચિંતામણિ' ગ્રંથની જેમ જ આ 'શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ' ગ્રંથની રચના કરવામાં આવી છે. આ ગ્રંથની શૈલી અત્યંત સુગમ અને સરળ છે. વળી સામાન્ય સમજ ધરાવતી વ્યક્તિને પણ સુગમતા રહે તે હેતુથી સંસ્કૃત કે જટીલ ભાષાનો પ્રયોગ ટાળ્યો છે. પ્રત્યેક પ્રકરણમાં ત્રણ કડી પૂર્વછાયાના ઢાળમાં અને બાવીસ કડી ચોપાઈના ઢાળમાં એમ કુલ મળી પચીસ કડીનું નિયત બંધારણ જાળવવામાં આવ્યું છે, જેથી વાચક કે શ્રોતાને ગ્રંથનો પાઠ કરવામાં સાતત્ય અને શ્રદ્ધા જળવાઈ રહે.

આ ગ્રંથ આવનારી પેઢીઓ માટે સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીના જીવનચરિત્ર અને ઉપદેશોનો એક જીવંત અને અખૂટ સ્ત્રોત બની રહેશે. આજના આધુનિક યુગમાં જ્યારે ધર્મ અને આદર્શોનો માર્ગ ધૂંધળો થઈ રહ્યો છે ત્યારે આ ગ્રંથ માર્ગદર્શક દીવાદાંડીરૂપ પુરવાર થશે. આ પવિત્ર ગ્રંથનું પઠન, શ્રવણ અને મનન કરનાર પ્રત્યેક જીવને જીવનમાં શાંતિ, ધર્મનિષ્ઠા અને ભક્તિની દ્રઢતા થશે એવો અમને વિશ્વાસ છે.

આ ગ્રંથનાં સંશોધનમાં મંડળના નવયુવાન વિદ્વાન સાધુ રસિકવલ્લભદાસની ભૂમિકા મહત્ત્વની રહી છે. તેમજ સાધુ ધ્યેયવલ્લભદાસ અને સાધુ સ્નેહવલ્લભદાસ આ બંને સંતોએ સંપ્રદાયના વિવિધ ગ્રંથોમાંથી ચરિત્રોનું એકીકરણ કરી મહત્ત્વનું યોગદાન આપ્યું છે. તેમજ શૈલી અને પ્રાસના બંધારણમાં પાર્ષદ બ્રહ્મવિલાસ ભગતનો સહકાર પ્રાપ્ત થયો છે. તદુપરાંત, આ ગ્રંથનું પ્રકાશન કરવામાં પ્રેરણા આપી સતત માર્ગદર્શન આપનાર પ્રત્યેક વ્યક્તિનો અમો આભાર માનીએ છીએ. આ ગ્રંથનું પ્રૂફરીડીંગ કરવામાં સંપ્રદાયના પ્રસિદ્ધ લેખક ભક્તહૃદય શ્રી હિંમતભાઈ માવજીભાઈ મોરશિયા તેમજ શ્રી પરેશભાઈ જી. પરમાર (આચાર્યશ્રી - અવર ઑન વિદ્યાવિહાર સ્કૂલ, પ્રાંતિજ)નું અમૂલ્ય યોગદાન રહ્યું છે. સૌ સહાયકો પર ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીના આશીર્વાદ સદાય વરસતા રહે, તેવી પ્રાર્થના!

આશા છે કે આ ગ્રંથના પઠન, શ્રવણ અને મનન દ્વારા સૌ ભાવિક ભક્તોને સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીના જીવનચરિત્રનું રસપાન કરી પરમ સુખ અને આધ્યાત્મિક શાંતિ પ્રાપ્ત થશે.

અસ્તુ...



વિક્રમ સંવત્ ૨૦૮૨, પોષ સુદ સાતમ
તા. ૨૭ ડીસેમ્બર - ૨૦૨૫, શનિવાર
લોયાધામ



હીંડોળે ઝૂલતા મુનિવર શ્રી મુક્તાનંદ સ્વામી

દુઃખોમાં પણ પ્રભુ
ભક્તિમાં અડગ રહેવું
એમાં જ સાચું સુખ

પ્રસ્તાવના

ભારતવર્ષનાં એ અહોભાગ્ય છે કે – વેદો **''तमीश्वराणां परमं महेश्वरं तं देवतानां परमं च दैवतम् । पतिं पतीनां परमं परस्ताद् विदामदेवं भुवनेशमीड्यम् ॥'' (श्वेताश्वतरोपनिषद् - ६/७)** આવા મંત્રોથી જેનું ઈશ્વરના ઈશ્વર અને કારણનાં કારણ કહી સ્તવન કરે છે એવા સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણનું આ પુણ્યધરા ઉપર પ્રાગટ્ય થયું. તેમનું દિવ્ય અવતરણ માત્ર એકાંતિક ધર્મની સ્થાપના માટે હતું. આ દિવ્ય કાર્યને સિદ્ધ કરવા ભગવાન શ્રી સ્વામિનારાયણનાં સમકાલીન પાંચસો પરમહંસોએ જે ત્યાગ, તપશ્ચર્યા અને ભક્તિભાવપૂર્વક યોગદાન આપ્યું, તે અતિ અમૂલ્ય અને અલૌકિક હતું. તેમ છતાં આ પરમહંસમાળાનાં ''મેરુ સમાન'' સદ્‌ગુરુવર્ય શ્રી મુક્તાનંદ સ્વામીનું યોગદાન અને બલિદાન સર્વોપરી છે જેનું પ્રમાણ સમગ્ર સાંપ્રદાયિક સાહિત્યમાં સ્પષ્ટપણે પ્રાપ્ત થાય છે. અને જે તથ્યથી સંપ્રદાયનાં સુજ્ઞ સંતો તથા ભક્તો પરિચિત છે.

આકાશ સમાન નિર્લેપ અને નિર્બંધ એવા શ્રી નીલકંઠવર્ણીને ન રાજાઓની રાજલક્ષ્મી રોકી શકી, ન મઠાધીશોની મહંતાઈ કે ન વિદ્વતજનોની વિદ્વત્તા રોકી શકી. તે પ્રગટ પ્રભુને લોજનાં ધૂડ અને માટીના આશ્રમમાં સદા માટે રોકી રાખનાર હતા ગુરુદેવ શ્રી મુક્તાનંદ સ્વામીજી મહારાજ. અને તેથી જ આ સંપ્રદાય સ્વામીશ્રીનો સદૈવ ઋણી રહેશે.

અને શ્રી નીલકંઠવર્ણીએ પણ તેમની કસોટી કરવામાં કોઈ કસર રાખી નહોતી. **''तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम्'' (મું.ઉ. ૧/૨/૧૨)** આ શ્રુતિવચન પ્રમાણે, તેમણે સ્વામીશ્રીની ''શ્રોત્રિયત્વ'' તથા ''બ્રહ્મનિષ્ઠત્વ'' બંનેની પૂરેપૂરી પરખ કરી. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના લક્ષણો પૂછી તેમણે જ્ઞાનનું ઊંડાણ - ''શ્રોત્રિયત્વ'' ચકાસ્યું. અને પાંચેય તત્વોનાં યથાર્થ ઉત્તર આપ્યા પછી પણ જ્યારે સ્વામીશ્રીએ અતિ નમ્રતાથી કહ્યું -

इत्युत्तरं मया प्रोक्तं यथामति यथाश्रुतम् ।
व्याख्यानं विस्तरेणास्य जानात्यस्मद्‌गुरु प्रभुः ॥३८॥
रूपाण्येतानि च स्वामी स तु प्रत्यक्षमीक्षते ।
मुमुक्षुभ्यः स्वौजसा च तानि दर्शयतेऽपि सः ॥३९॥

स.जी. १/५१

INDEX

ત્યારે તેમનું આવું "બ્રહ્મનિષ્ઠત્વ" પારખીને જ શ્રી નીલકંઠપ્રભુ વારી ગયા હશેને...

ઉત્તર–દક્ષિણને ભેગા કરવા દુર્લભ છે, તેવી જ રીતે સાધુતા અને વિદ્વત્તાનો સંગમ મળવો પણ અતિદુર્લભ છે. પરંતુ સ્વામીશ્રીના જીવનમાં આવા દુર્લભ સંયોગ સહજ પ્રકાશિત થયા છે. તેમના જીવનમાં વિદ્યા અને વિનય, જ્ઞાન અને ભક્તિ, આધ્યાત્મિકતા અને વ્યવહારિકતા જેવા દુર્લભ સદ્‌ગુણોનો દિવ્ય સમન્વય થયો હતો. સ્વામીશ્રીનાં જીવનમાં સાધુતા, સહજતા, સરળતા, સમજણ, સેવા, સત્ય, ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને કરુણા જેવા અસંખ્ય સદ્‌ગુણો સહજ મળી આવતા. તો બીજી બાજુ લેખન, ગાયન, વાદન અને નર્તન જેવી દુર્લભ કળાઓ પણ તેમના જીવનને અલંકૃત કરતી હતી. આથી સ્વામીશ્રી માટે "સદ્‌ગુણસાગર" અને "કલાનિધિ" જેવી ઉપમાઓ પૂર્ણ યોગ્ય છે.

સંપ્રદાયના સૈદ્ધાંતિક ગ્રંથ વચનામૃતમાં શ્રીજી મહારાજનો મુક્તાનંદ સ્વામી પ્રત્યેનો ઢળાવ સ્પષ્ટ દેખાય આવે છે. લોયાના છઠ્ઠા વચનામૃતમાં ભગવાનની જેમ મુક્તાનંદ સ્વામી જેવા મોટા સંતનું સ્મરણ કરવાનું નિરુપણ થયું છે. તો લોયાના ૧૩માં વચનામૃતમાં ભગવાન જેવા સંત તરીકે સ્વામીશ્રીને યાદ કર્યા છે. અને લોયાના ત્રીજા વચનામૃતમાં 'માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળા' સંતો ભક્તોને યાદ કરતા એકમાત્ર સ્વામીશ્રીના નામનો ઉલ્લેખ કર્યો છે. તો કારિયાણીનાં ત્રીજામાં શુકાનંદ સ્વામીને બિરદાવતા 'એ તો મુક્તાનંદસ્વામી જેવા મોટા છે' એમ કહી સ્વામીશ્રીને મોટાઈના માપદંડ તરીકે પ્રમાણિત કર્યા. આતો માત્ર "**સ્થાલીપુલાકન્યાય**" થી આછેરી ઝલક નિહાળી છે. એવી જ રીતે શ્રી હરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં શ્રી હરિએ સ્વયં "**મુક્તમુનિ સમ સંત ન કેહુ, સર્વોપરિ હમ જાનત તેહુ ॥**" **હ.ચ.સા. ૮-૧૪-૨૦ ॥** કહી સ્વામીશ્રીને સર્વોપરી સંત તરીકે નવાજ્યા છે. અને **વિદ્વાનેવ વિજાનાતિ વિદ્વજ્જન પરિશ્રમમ્**- વચન અનુસાર સર્વોપરી સંત શ્રી મુક્તાનંદ સ્વામીને યથાર્થ રીતે તો સર્વોપરી ભગવાન શ્રીહરિ જ વર્ણવી શકે...

તેથી જ તો શિક્ષાપત્રીમાં પણ **મુક્તાનન્દાદયો યે સ્યુઃ સાધવશ્ચાખિલા અપિ** વચન દ્વારા સ્વામીશ્રીને મુખ્ય રાખી સર્વે પરમહંસોને બોધ્યા છે.

આર્ષદ્રષ્ટા સદ્‌ગુરુ શ્રી શતાનંદ સ્વામીએ શ્રી સર્વમંગલસ્તોત્રમાં **મુક્તાનન્દાનુગઃ** કહી ભગવાન શ્રીહરિ માટે "મુક્તમુનિને અનુસરનારા" એવું અન્વર્થ નામાભિધાન કર્યું છે. સાંપ્રદાયિક બધા જ સંસ્કૃત સદ્‌ગ્રંથોમાં પૂજ્ય સ્વામીશ્રીને **ઔદ્ધવીયાગ્રણીઃ,**

INDEX

મહામુનિ: કે **મુનિપ્રવર:** જેવા વિશેષણોથી વિભૂષિત કરવામાં આવ્યા છે. તેમજ **સરમે સાગર હિ અધિક, ભૂત્તમે અધિક આકાશ । મુક્તમે મુક્તમુનિ અધિક, બાયૂમે મોટીબા તાસ ॥ હ.ચ.સા. ૪/૭૬/૯૫ ॥** વચન દ્વારા અક્ષરધામનાં અનાદિમુક્તોમાં પણ મુક્તમુનિને ઉપરી તરીકે ગૌરવાન્વિત કર્યા છે.

સ્વામીશ્રી કેવા આદર્શ વક્તા હશે કે - આચાર્ય પ્રવર શ્રી વિહારીલાલજી મહારાજે સ્વામીશ્રીની વંદનાનાં શ્લોકમાં નોંધ્યું "કરે વાર્તા જ્યારે સુરસરિત ધારા સમ વહે, કુસંગી સત્સંગી સકળ જન ચિત્તે અતિ ચહે" (હરિલીલામૃત) સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં તો ત્યાં સુધી કહ્યું કે "મુક્તાનંદ સ્વામી જેવા સાધુ વાત કરે, તે બે હજાર માણસની સભા બેઠી હોય તે સહુના સંકલ્પના ઉત્તર થાતાં જાય" (૧-૩૨૩) આવી દિવ્ય પ્રતિભાવાળા સ્વામીશ્રી માટે જ દેવોના ગુરુ બૃહસ્પતિ જેવી પ્રતિભા ધરાવનારા સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામીએ કહ્યું હતું કે - "આ બ્રહ્માની સૃષ્ટિમાં મુક્તાનંદસ્વામી જેવા બીજા કોઈ સમર્થ નથી. એતો એક જ છે."

એવી જ રીતે સ્વામીશ્રીની વિદ્વત્તા પણ અજોડ અને અપ્રતિમ હતી. ઈતિહાસના પાનાને તપાસતા યોગીરાજ શ્રી ગોપાળાનંદ સ્વામીજીને રામાનુજ ગીતાભાષ્યનો અભ્યાસ પણ સ્વામીશ્રીએ કરાવ્યો હતો. બ્રહ્મસૂત્ર ભાષ્યરત્ન જેવા અતિગહન ગ્રંથોની રચના કરનારા સ્વામીશ્રીએ સંસ્કૃત અને પ્રાકૃતભાષાનાં અનેક ગ્રંથો રચી આ સંપ્રદાયની અવિસ્મરણીય સેવા કરી છે. સ્વામીશ્રીની રચનાઓ કેટલી પ્રેરક અને હૃદયસ્પર્શી હશે તેનું એક ઉદાહરણ કે ફ્રાંસના વિદુષી "મેલીજો ફ્રાંજવાએ" સ્વામીશ્રી રચિત સતીગીતા ગ્રંથ પર ફ્રેંચ ભાષામાં મહાનિબંધ લખ્યો છે. આ રીતે વિદેશી લોકોને પણ સ્વામીશ્રીનું સાહિત્ય પ્રકાશ પૂરો પાડી રહ્યું છે.

આકાશનાં તારા ગણી શકાય પરંતુ સ્વામીશ્રીનાં દિવ્ય સદ્‌ગુણોને ગણવા શક્ય નથી. તેમ છતાં આપણા જીવનને પાવન કરવા હજુ થોડા તથ્યોને નિહાળીએ...

- શ્રીજીમહારાજનાં શ્રીમુખે સૌથી વધુ બિરદાવવામાં આવ્યા હોય એવા એકમાત્ર પરમહંસ એટલે - આપણા આદિગુરુદેવ અનાદિ મહામુક્તરાજ સદ્‌ગુરુવર્ય શ્રી મુક્તાનંદ સ્વામીશ્રી.
- દિગંતમાં વિસ્તરી રહેલા આ સંપ્રદાય માટે શ્રીહરિએ શ્રીમુખે જેમને "સત્સંગની માં" ના બિરુદથી નવાજ્યા હોય એવા એકમાત્ર સંત એટલે પૂજ્ય સ્વામીશ્રી.

- ઉદ્ધવ સંપ્રદાયમાં આદિકવિ તરીકે સન્માનિત એકમાત્ર સંત એટલે પૂજ્ય સ્વામીશ્રી.
- છોટી કાશી વડોદરાની વિદ્વત્સભામાં મહાશાસ્ત્રાર્થ કરી સંપ્રદાયનો વિજય ધ્વજ ફરકાવનાર સંત (સત્સંગિજીવન પ્ર-૩ અનુસાર) એટલે પૂજ્ય સ્વામીશ્રી.
- ગુરુદેવ શ્રી રામાનંદ સ્વામીનાં ધામગમન બાદ ભગવાન શ્રીહરિએ જેમનામાં યાવજ્જીવન ગુરુભાવ રાખ્યો એવા એક માત્ર સંત એટલે પૂજ્ય સ્વામીશ્રી.
- અમદાવાદ, ભુજ, સુરત, વડોદરા, વરતાલ કે ઉમરેઠ આદિ નગરોમાં સત્સંગનાં પાયા નાંખનારા સંત એટલ પૂજ્ય સ્વામીશ્રી.
- સત્સંગના ઉત્કર્ષ માટે આધારશીલાની જેમ દટાઈ જનારા સંત એટલે પૂજ્ય સ્વામીશ્રી.
- જેમ નદી, તળાવ, સરિતા કે સરોવરને અનેક ઉપમાઓ આપી શકાય, પરંતુ સાગર માટે માત્ર એટલું જ કહેવું યોગ્ય છે કે "સાગર એટલે સાગર" એજ રીતે, સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી માટે પણ ટૂંકમાં એટલું જ કહેવાય કે "સ્વામીશ્રી એટલે સ્વામીશ્રી."

જ્યાં સુધી સૂર્ય અને ચંદ્રનું તેજ ઝળહળતું રહેશે ત્યાં સુધી સ્વામીશ્રીનું દિવ્ય જીવન મોક્ષના માર્ગે નીકળેલા મુમુક્ષુઓને માર્ગદર્શન પૂરું પાડશે. મુમુક્ષુનાં જીવનમાં આવતા અવરોધો કેવા હોય છે અને તે અવરોધોને પાર ઉતરવા માટે કેવી રીતિ કે નીતિ અપનાવવી જરૂરી છે તે સ્વામીશ્રીના જીવનમાં ડગલે ને પગલે દેખાય છે.

કળિયુગનાં કલુષિત કાળમાં માયાની મોહમયી જાળમાં ફસાયેલા મુમુક્ષુ માત્ર માટે સ્વામીશ્રીનું જીવન દીવાદાંડી સમાન છે.

સંસારની મોહજાળમાંથી નીકળવાનો પ્રસંગ આવે ત્યારે "રામઘટાઘટ મહુડી ફૂલી" ના નાદ સાથે ગાંડા બનવાનું પણ સ્વામીશ્રીને આવડતું, તો રામકથાનું ગાન કરીને અસંખ્ય લોકોને ભગવાનની ભક્તિમાં ગાંડા-મસ્ત કરી દેવાનું પણ સ્વામીશ્રીને આવડતું હતું.

બ્રહ્મચર્યની સિદ્ધિ અર્થે દ્વારકાદાસજી અને કલ્યાણદાસજી જેવા મહાપુરુષોની સેવા કરીને તેમના આશીર્વાદ પ્રાપ્ત કરવાની વિનમ્રતા પણ હતી, અને સાચા સદ્‌ગુરુની શોધ માટે અવિરત આગળ વધવાનું પણ સ્વામીશ્રીને સારી રીતે આવડતું.

જેમ ગૌમુખથી નીકળેલી ગંગા સાગર સુધી પહોંચ્યા વિના થંભતી નથી, તેમ પૂજ્ય સ્વામીશ્રી પણ સાચા ગુરુની પ્રાપ્તિ સુધી અવિરત આગળ વધતાં રહ્યા હતા. **उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ॥ कठोपनिषद् - १/३/१४ ॥** આ શ્રુતિ વચન જાણે કે સ્વામીશ્રીનો જીવનમંત્ર બની ગયો હતો. અને જ્યારે સદ્‌ગુરુદેવ શ્રી રામાનંદ સ્વામીજી મહારાજને ઓળખી તેમને જીવન સમર્પિત કરવાનો સંકલ્પ કર્યો, ત્યારે પણ કથા સાંભળવા માટે નીતરતા નેવા નીચે નવેળામાં બેસી કથા શ્રવણ કરવાનો ખપ રાખ્યો - એવી તેમની અચળ મુમુક્ષુતા હતી. અને એવી જ રીતે સરધારમાં આશ્રમનાં મહંત શ્રી તુલસીદાસજી મહારાજની રજાચિઠ્ઠી પ્રાપ્ત કરી બંધિયા ગામે આવી ગુરુદેવની "મૂળુભાઈનાં ખેતરમાં હળ હાંકવાની આજ્ઞા" સંકોચ વિના સ્વીકારવાની અટલ ગુરુભક્તિ પણ તેમના જીવનમાં હતી.

આ રીતે સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીનું જીવન માત્ર ઈતિહાસ નથી, પરંતુ મુમુક્ષુતાને જીવંત રાખનાર અમૃત સંજીવની છે. સ્વામીશ્રીના જીવનના દરેક પાસામાં આધ્યાત્મિક ચેતના અને પ્રેરણાનો ખજાનો છૂપાયેલો છે.

તેનાં સંકલિત સ્વરૂપે એક ગ્રંથની લાંબા સમયથી અત્યંત જરૂરિયાત હતી. તે ખોટ આજે લોયાધામનાં આંગણે આયોજિત ભવ્યાતિભવ્ય અને દિવ્યાતિદિવ્ય 'શ્રી મુક્તમુનિ મહોત્સવ' એવં 'શ્રી સદ્‌ગુરુ શતાબ્દી મહોત્સવ' નાં ઉપક્રમે "શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ" ના પ્રકાશન દ્વારા ભરપાઈ થઈ રહી છે.

"શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ" ગ્રંથનો ઉદ્‌ભવ કોઈ સામાન્ય સંકલ્પનું ફળ નથી, જેમ ભગવતી ભાગીરથીનું અવતરણ અનેક પેઢીની તપશ્ચર્યાનું પરિણામ હતું તેમજ પૂજ્ય સ્વામીશ્રીના પ્રાગટ્યને ૨૬૮ વર્ષ વીતી ગયા પછી, મુક્તાનંદીય પરંપરાના પાંચ પાંચ પેઢીના મહાન બ્રહ્મવેત્તા સદ્‌ગુરુઓના પુણ્ય પ્રતાપ અને આશીર્વાદનાં ફળ સ્વરૂપે આ દિવ્ય ગ્રંથનું આજે અવતરણ થઈ રહ્યું છે.

સ્વામીશ્રીના જીવનનાં તમામ ચરિત્રોને સંકલિત કરી એક નૂતન ગ્રંથ રચવાનો દિવ્ય સંકલ્પ સ્વામીશ્રીની જ પરંપરામાં દીક્ષિત એવં શિક્ષિત એવા અમારા પૂજ્યપાદ ગુરુજીનાં અંતરમાં વર્ષોથી સચવાયેલો હતો. તેજ સંકલ્પ આજે પૂજ્યપાદ્ ગુરુજીનાં કરકમળો દ્વારા આ "શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ" ગ્રંથના સ્વરૂપે સાકાર થઈ રહ્યો છે.

શ્રીજીમહારાજે ગઢપુર મધ્યના ૫૮માં વચનામૃતમાં આપેલી આજ્ઞાને અનુસરી આદિ ગુરુદેવ પૂજ્ય સ્વામીશ્રીએ યાવજ્જીવન સદ્‌ગ્રંથોના આલેખનની સેવા અવિરતપણે નિભાવેલી. અને તેમના પટ્ટશિષ્ય એવા ગુરુદેવશ્રી આધારાનંદસ્વામીએ

INDEX

પણ ૫૯ વર્ષની વયે સાગર સમાન મહાગ્રંથ "શ્રીહરિચરિત્રામૃતસાગર" – જેને "વિશ્વનો સૌથી દળદાર ગ્રંથ" ગણવામાં આવે છે – તેનું લેખન કાર્ય આરંભ્યું હતું. એ જ દિવ્ય પરંપરાને અનુસરતાં પૂજ્ય ગુરુજીએ પણ ૬૪ વર્ષની વયે "શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ" જેવા અદ્‌ભૂત ગ્રંથના આલેખન દ્વારા આ પવિત્ર પરંપરાને જીવંત અને સમૃદ્ધ રાખી છે.

કારિયાણીનાં ૧૦માં વચનામૃતમાં કહ્યું છે જે "જેને જે વાતનો ઈશક હોય ને તે વચમાં હજારો અંતરાય આવે તો પણ તે અંતરાયનો રોક્યો રોકાય નહિ, ત્યારે તેનો સાચો ઈશક જાણવો" એ વચન અનુસાર દેશ-વિદેશમાં અવિરત વિચરણ, પધરામણીઓ, સત્સંગ સભાઓ, કથા-પારાયણો, તથા અસંખ્ય સેવાકાર્યોની અતિ વ્યસ્તતા વચ્ચે પણ પૂજ્ય ગુરુજીએ આ ગ્રંથ રચનાનાં કાર્યને અટકવા ન દીધું. શારીરિક પ્રતિકૂળતા કે માંદગીમાં પણ પૂજ્ય ગુરુજીએ સ્વામીશ્રીના ચરિત્રોનું ગહન ચિંતન, સતત મનન અને કાવ્ય રચનાનું કાર્ય ચાલુ રાખ્યું. તે જ પૂજ્ય ગુરુજીના સાચા ઈશકનાં દર્શન કરાવે છે.

તેમણે પૂજ્ય સ્વામીશ્રીના જીવનના દરેક પ્રસંગને આધ્યાત્મિક દ્રષ્ટિથી અભિસંચિત કરી આલેખ્યા છે. સામાન્ય લાગતા ચરિત્રોમાં પણ અસામાન્ય ઊંચાઈનું અનાવરણ કર્યું છે. અને આ ગ્રંથને આધ્યાત્મિક ગરિમા આપી છે. આ રીતે આ ગ્રંથ માત્ર ચરિત્ર સંગ્રહ પૂરતો મર્યાદિત નથી પરંતુ સત્સંગ અભ્યુદય અને સંપ્રદાય ઉત્કર્ષનું ઉત્તમ સોપાન છે અને પૂજ્ય ગુરુજીની ઈશનિષ્ઠા, ગુરુનિષ્ઠા, સાધુતા, વિદ્વત્તા, પરાભક્તિ અને પ્રબળ પુરુષાર્થનું પરિણામ છે.

પૂજ્ય સ્વામીશ્રીનું જીવન જેવું દિવ્ય છે અને જેવો પૂજ્ય ગુરુજીનો આ ગ્રંથ માટેનો પુરુષાર્થ દિવ્ય છે તેવી જ દિવ્યતા ગ્રંથની પદ્યાત્મક રચનાશૈલીમાં પણ અનુભવાય છે. ભક્તચિંતામણિ ગ્રંથની જેમ જ આ ગ્રંથમાં સરળ ભાષા, ઉત્કૃષ્ટ ભાવ અને રસાળ શૈલીનો સંગમ રચાયો છે. ચોપાઈ અને પૂર્વછાયા વૃત્ત દ્વારા આ ગ્રંથ વિશેષ સંગીતમય અને રસમય થયો છે. વૈવિધ્ય અને લાલિત્ય હોવાથી આ ગ્રંથ વાંચનાર પ્રત્યેક વ્યક્તિ સતત આગળ વાંચવા માટે ઉત્સુક રહેશે એવું ચમત્કારિક આકર્ષણ આ ગ્રંથમાં અનુભવવા મળે છે. તેથી જ મુમુક્ષુ એવાં ત્યાગી અને ગૃહીઓ આ ગ્રંથનાં અધ્યયન માટે વિશેષ કરીને પ્રેરાશે એમાં સંશય નથી.

આ ગ્રંથમાં સ્તુતિ વિભાગ અતિ દિવ્ય છે. હજુ આ ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યો છે ત્યારે જ આ ગ્રંથના ચતુર્થ પ્રકરણની સ્વામીશ્રીની વંદનાની આ પંક્તિઓ લોયાધામ પરિવારમાં ગુંજતી થઈ રહી છે -

આ સત્સંગની માત છો, વળી મુજ આદિ ગુરુદેવ,
વારે વારે વંદન કરું, અતિ ભાવ ભરી ધરી સેવ...૨
તમારે ભજને કરી સ્વામી, ટળે કામક્રોધાદિ હરામી,
મેલ માયાનો મીટાવનારા, નમું આદિ ગુરુદેવ મારા...૧૯
(પ્રકરણ-૪)

આવી ભાવમયી રચનાઓ આ ગ્રંથની આગવી વિશેષતા છે. આ રીતે સાહિત્યિક દ્રષ્ટિએ તથા આધ્યાત્મિક દ્રષ્ટિએ આ ગ્રંથ અત્યંત ગરિમામય છે.

વ્હાલા પૂજ્ય ગુરુજીએ આ ગ્રંથને સર્વજનસુખાય અને સર્વજનહિતાય કરવા માટે પૂરેપૂરું ધ્યાન રાખ્યું છે. જે વિદ્વાન વાંચકોને અનુભવવામાં આવશે. આવો આપણે પણ ચિંતામણિ સમાન ચિંતિત ફળને આપનાર આ ''શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ'' ગ્રંથનો પાઠ કરી જીવનને ધન્ય બનાવીએ અને સત્સંગી સ્નેહીજનોને પણ આ ગ્રંથનો પાઠ કરવા પ્રેરીએ અને સહુને શ્રીજી મહારાજ, પૂજ્ય સ્વામીશ્રી અને મહાન મુક્તોનો રાજીપો અપાવીએ...

જય સ્વામિનારાયણ.
સાધુ સુવ્રતવલ્લભદાસ - લોયાધામ
વ્યાકરણાચાર્ય, વેદાંતાચાર્ય
પ્રાચીનન્યાયવૈશેષિકાચાર્ય, ધર્મશાસ્ત્રાચાર્ય, (M.A., Phil.)



INDEX

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પેજ નં.
૧.	ગ્રંથકારે ઈષ્ટદેવની સ્તુતિ કરી	૦૧
૨.	સંપ્રદાયનાં પ્રથમાચાર્ય સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીની સ્તુતિ કરી.	૦૩
૩.	શ્રી ધર્મદેવ અને ભક્તિમાતાની સ્તુતિ કરી.	૦૫
૪.	આદિ ગુરુદેવ મહામુનિ શ્રી મુક્તાનંદ સ્વામીની સ્તુતિ કરી.	૦૭
૫.	યોગીસમ્રાટ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીની સ્તુતિ કરી.	૦૯
૬.	મુક્તાનંદીય સદ્‌ગુરુ પરંપરાની સ્તુતિ કરી.	૧૧
૭.	મોક્ષદાતા ગુરુદેવ શ્રી નંદકિશોરદાસજી સ્વામીની સ્તુતિ કરી.	૧૩
૮.	સોરઠપ્રદેશનું વર્ણન કર્યું.	૧૫
૯.	શ્રી મૂળદાસજીનો જન્મ થયો તથા યુવાન વયે વેલુબાઈ સાથે વિવાહ કર્યા.	૧૭
૧૦.	વૈરાગ્ય ઉદય થતાં મૂળદાસજીએ ગૃહત્યાગ કર્યો અને સાચા સદ્‌ગુરુની શોધમાં અનેક પ્રદેશો ફર્યા. ગોંડલમાં જીવણદાસ નામના સિદ્ધપુરુષને મળ્યા. જીવણદાસે મૂળદાસજીને દીક્ષા આપી.	૧૯
૧૧.	વેલુબાઈ પતિદેવને શોધતાં ગોંડલ પહોંચ્યા. ત્યારબાદ ગુરુઆજ્ઞાથી અમરેલી આવીને આશ્રમમાં રહ્યાં.	૨૧
૧૨.	શ્રી મૂળદાસજીએ એક રાત્રે કૂવામાં પડી આત્મહત્યા કરવા આવી રહેલી રતનબાઈને બચાવી.	૨૩
૧૩.	રતનબાઈએ શ્રી મૂળદાસજીને પોતાનાથી થયેલા પાપનું વૃત્તાંત કહ્યું. તે સાંભળી શ્રી મૂળદાસજીએ રતનબાઈને તે પાપ પોતાના માથે નાખવા માટે કહ્યું.	૨૫
૧૪.	શ્રી મૂળદાસજીના સમજાવ્યા અનુસાર બીજે દિવસે આશ્રમમાં ચાલી રહેલ સભામાં રતનબાઈએ શ્રી મૂળદાસજીને પોતાનાથી થયેલા પાપના દોષી ઠરાવ્યા.	૨૭
૧૫.	સત્ય વાતથી અજાણ સહુ ગ્રામજનોએ શ્રી મૂળદાસજીનું અપમાન કર્યું અને ગામ બહાર કાઢી મૂક્યાં.	૨૯
૧૬.	શ્રી મૂળદાસજી અને રતનબાઈ ગામ બહાર એક કુટિયા બનાવીને રહ્યાં. ત્યાં એક રાત્રિએ રતનબાઈ કરુણ કલ્પાંત કરે છે ત્યારે શ્રી મૂળદાસજી રતનબાઈને	

INDEX

	સાંત્વના આપે છે ને વાર્તાલાપ કરે છે. આ સંવાદ જોગાનુજોગ અનાજની હેરફેર કરીને આવેલા ખેડૂતોએ સાંભળ્યો.	૩૧
૧૭.	સત્યવાતની જાણ થતાં ગ્રામજનોએ શ્રી મૂળદાસજીનું ફરી સામૈયું કર્યું અને વાજતે ગાજતે આશ્રમમાં લાવ્યાં.	૩૩
૧૮.	રતનબાઈએ આશ્રમમાં આવી શ્રી મૂળદાસજીનાં જણાવ્યા અનુસાર પાપનું પ્રાયશ્ચિત કર્યું. ત્યારબાદ રતનબાઈની કૂખે બાળકીનો જન્મ થયો ને તેનું રાધા નામ રાખ્યું ને એક સમયે આશ્રમમાં આનંદરામનું આગમન થયું.	૩૫
૧૯.	આનંદરામે પોતાનું જીવન વૃત્તાંત શ્રી મૂળદાસજીને કહી સંભળાવ્યું.	૩૭
૨૦.	શ્રી મૂળદાસજીને રાત્રિને સમે ચતુર્ભુજ રૂપે ભગવાને દર્શન દીધા ને રાધાના લગ્ન આનંદરામ સાથે કરવા કહ્યું. ત્યારબાદ રાધા અને આનંદરામના લગ્ન થયા. અમરાપુરનું રામમંદિર કરિયાવરમાં આપ્યું.	૩૯
૨૧.	રાધા અને આનંદરામે અમરાપુરમાં નિવાસ કર્યો ને પ્રભુભજનમાં દિવસો વીતાવ્યા.	૪૧
૨૨.	મહામુનિ શ્રી મુક્તાનંદ સ્વામીનું પ્રાગટ્ય થયું.	૪૩
૨૩.	પુત્ર પ્રાગટ્યના સમાચાર સુણતાં શ્રી મૂળદાસજી તથા રતનબાઈ હર્ષ પામ્યા. એક માસ પૂર્ણ થતાં પુત્રનું મુકુંદ એવું નામાભિધાન કર્યું ને પુરનારી બાળમુકુંદને રમાડવા માટે ઘેલી થઈ.	૪૫
૨૪.	જ્યોતિષે બાળમુકુંદની જન્મપત્રી જોઈને ભવિષ્યવાણી કરી. ત્યારબાદ બાળમુકુંદના ચૌલકર્મ આદિ સંસ્કાર કર્યા.	૪૭
૨૫.	પાંચ વર્ષ પૂર્ણ થતાં મુકુંદને વિદ્યાભ્યાસ પ્રારંભ કરાવ્યો.	૪૯
૨૬.	આનંદરામને ઘેર પુત્રીનો જન્મ થયો ને ધનબાઈ નામ રાખ્યું. મુકુંદનાં આઠ વર્ષ પૂર્ણ થતાં ઉપવિત સંસ્કાર કર્યા ત્યારબાદ મુકુંદે મનમાં ઉદાસી ગ્રહણ કરી.	૫૧
૨૭.	મુકુંદે ગૃહત્યાગ કરવાનો વિચાર કર્યો	૫૩
૨૮.	મુકુંદ સંસારનો ત્યાગ કરી સદ્‌ગુરુની શોધમાં નીકળ્યા અને મોક્ષમાર્ગમાં સદ્‌ગુરુની આવશ્યકતા કહી.	૫૫
૨૯.	સદ્‌ગુરુની શોધમાં કાશી, ગોકુળ, મથુરા, વૃંદાવન આદિક અનેક તીર્થોમાં ફરી ધ્રાંગધ્રામાં આવ્યા.	૫૭
૩૦.	યોગ્ય સદ્‌ગુરુનો ભેટો ન થતા ધ્રાંગધ્રાથી મોરબી આવ્યા ને ત્યાંથી વાંકાનેર અને છેવટે સરધારમાં આવીને રહ્યા.	૫૯

INDEX

૩૧. મુકુંદદાસ સરધારમાં તુલસીદાસજીનાં આશ્રમમાં રહ્યા ને આશ્રમમાં નિત્ય સેવા પૂજા કરી. મુકુંદદાસની સેવાથી આશ્રમવાસીઓ પ્રસન્ન થયા. ૬૧

૩૨. સરધાર આશ્રમમાં મુકુંદદાસની સેવા અને આદર્શ વર્તન જોઈ તુલસીદાસજીએ તેમને આશ્રમના મહંત કર્યાં. ૬૩

૩૩. રામાનંદ સ્વામી સરધાર પધાર્યા ને ગ્રામવાસીઓએ મુકુંદદાસને રામાનંદ સ્વામીનો મહિમા કહ્યો. ૬૫

૩૪. મુકુંદદાસ રામાનંદ સ્વામીની કથા સાંભળવા માટે આવ્યા ને તેમનું પ્રથમ દર્શન કરી આનંદ પામ્યા. ૬૭

૩૫. રામાનંદ સ્વામીએ મુકુંદદાસને કથા સાંભળવા આવવાની ના પાડી ને તુલસીદાસજીએ મુકુંદદાસને ઠપકો આપ્યો. ૬૯

૩૬. કથાનુરાગી મુકુંદદાસ સમય શોધીને પણ વરસતા વરસાદમાં નવેળામાં બેસી રામાનંદ સ્વામીની કથા સાંભળવા ગયા. ૭૧

૩૭. રામાનંદ સ્વામી મુકુંદદાસની શ્રદ્ધા જોઈ પ્રસન્ન થયા ને મુકુંદદાસે રામાનંદ સ્વામીના શિષ્ય થવા માટે પ્રાર્થના કરી ત્યારે રામાનંદ સ્વામીએ તુલસીદાસજીની રજા લેવાનું કહ્યું. ૭૩

૩૮. મુકુંદદાસે તુલસીદાસજીને રજા આપવા મનાવ્યા ને રામાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે ફરીથી તુલસીદાસજીનો લેખિત કાગળ અને પૂર્વાશ્રમનાં સંબંધીની રજા લઈને આવવા કહ્યું. ૭૫

૩૯. મુકુંદદાસે સરધાર આશ્રમમાં મનમુખી વર્તન કર્યું તેથી કંટાળીને તુલસીદાસજીએ રજાનો કાગળ લખી આપ્યો. ૭૭

૪૦. મુકુંદદાસ અમરાપુર આવ્યા ને 'રામ ગટાગટ મહુડી ફૂલી' એમ ઉચ્ચારણ કરીને સંબંધીઓની રજા મેળવવા માટે ગાંડા જેવું વર્તન કર્યું. ૭૯

૪૧. અમરાપુરના ગામધણી દરબારે સત્ય હકીકત જાણી સંબંધીઓને સમજાવ્યા અને મુકુંદદાસને રજા અપાવી. રજા લઈ મુકુંદદાસ રામાનંદ સ્વામી પાસે આવ્યા. ૮૧

૪૨. રામાનંદ સ્વામીએ મુકુંદદાસને મુમુક્ષુના લક્ષણ કહ્યાં. ૮૩

૪૩. મુકુંદદાસે રામાનંદ સ્વામીની આજ્ઞાથી મૂળુભાઈનું હળ હાંક્યું. ૮૫

૪૪. રામાનંદ સ્વામીએ મુકુંદદાસને ભાગવતી દીક્ષા આપી 'મુક્તાનંદ સ્વામી' નામ પાડ્યું. ૮૭

૪૫. રામાનંદ સ્વામીએ મુક્તમુનિને ત્યાગીના ધર્મનો ઉપદેશ આપ્યો. ૮૯

INDEX

૪૬.	રામાનંદ સ્વામીએ મુક્તમુનિને વિદ્યા ભણવા માટે ભુજ મોકલ્યા.	૯૧
૪૭.	દંડી દેવાનંદ સ્વામી સાથે ભુજમાં આવી મુક્તમુનિએ રામવાડીમાં ઉતારો કર્યો ને વિદ્યાભ્યાસ પ્રારંભ કર્યો.	૯૩
૪૮.	મુક્તમુનિ ભુજના દીવાન સુંદરજી સુતારનાં ઘેર ભિક્ષા લેવા માટે પધાર્યા ને તેમના માતુશ્રી સંતોને જોઈ અતિ ભાવવિભોર થયા ને સંતોનો ગુણ આવ્યો.	૯૫
૪૯.	સુંદરજી સુતારે મુક્તમુનિને રહેવા માટે ઓરડો આપ્યો.	૯૭
૫૦.	એક રાત્રિએ ઓરડાની બાજુમાં રહેલા વડમાં વસતા ભૂતોએ અચાનક ભયંકર અવાજો કરી ઉપદ્રવ કર્યો.	૯૯
૫૧.	મુક્તમુનિએ ભુજમાં ભૂતોનો મોક્ષ કર્યો.	૧૦૧
૫૨.	મુક્તમુનિના સંગે ભુજમાં નરનારીઓ સત્સંગી થયાં.	૧૦૩
૫૩.	મુક્તમુનિ વિદ્યાભ્યાસ પૂર્ણ કરી ભુજથી લોજ જવા નીકળ્યા.	૧૦૫
૫૪.	લોજ આશ્રમનો ઈતિહાસ કહ્યો. મુક્તમુનિ ભુજના ભક્તો સાથે લોજ પધાર્યા ને રામાનંદ સ્વામીની સ્તુતિ કરી.	૧૦૭
૫૫.	ભુજના ભક્તો થોડાક દિવસો લોજ આશ્રમમાં રોકાયા ને કથાવાર્તાનો લાભ લઈ પાછા ભુજ પરત ફર્યા.	૧૦૯
૫૬.	કંથકોટની વિધવાબાઈ આત્મહત્યા કરવા તૈયાર થઈ. મુક્તમુનિનું તે ગામમાં પધારવું ને મુક્તમુનિનો ઉપદેશ સાંભળી વિધવા બાઈ સત્સંગી થઈ.	૧૧૧
૫૭.	રામાનંદ સ્વામીએ મુક્તમુનિ સાથે આખા, પીપલાણા, માણાવદર, ધોરાજી, ભાડેર, કારિયાણી, ગોલીડા, સરધાર વિગેરે ગામોમાં સત્સંગ વિચરણ કર્યું ને રામાનંદ સ્વામીએ મુક્તમુનિને લોજ આશ્રમની જવાબદારી સોંપી.	૧૧૩
૫૮.	અધર્મનું જોર વધતા સંવત્ ૧૮૩૭ ચૈત્ર સુદ નવમીને દિવસે છપૈયામાં શ્રીહરિનું પ્રાગટ્ય થયું.	૧૧૫
૫૯.	શ્રીહરિએ વન વિચરણ કર્યું.	૧૧૭
૬૦.	વન વિચરણ કરતા કરતા નીલકંઠવર્ણી પીપલાણામાં નરસિંહ મહેતાને ઘેર આવ્યા. તેમનાં પુત્ર કલ્યાણજીએ નીલકંઠવર્ણીને લોજમાં મુક્તમુનિ પાસે જવા કહ્યું.	૧૧૯
૬૧.	લોજમાં નીલકંઠવર્ણી અને સુખાનંદ સ્વામીનો મેળાપ થયો.	૧૨૧
૬૨.	સુખાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને મુક્તમુનિનો મહિમા કહ્યો.	૧૨૩
૬૩.	લોજમાં મુક્તમુનિ અને નીલકંઠવર્ણીનું અદ્‌ભૂત મિલન થયું.	૧૨૫

INDEX

૬૪.	નીલકંઠવર્ણીએ પાંચ પ્રશ્નો પૂછ્યા. મુક્તમુનિએ જીવ, ઈશ્વર અને માયાનું સ્વરૂપ કહ્યું.	૧૨૭
૬૫.	મુક્તમુનિએ બ્રહ્મ અને પરબ્રહ્મનું સ્વરૂપ કહ્યું.	૧૨૯
૬૬.	નીલકંઠવર્ણી મુક્તમુનિની સાધુતા જોઈ લોજ આશ્રમમાં રોકાઈ ગયા.	૧૩૧
૬૭.	મુક્તમુનિએ નીલકંઠવર્ણીને રામાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું.	૧૩૩
૬૮.	મુક્તમુનિએ નીલકંઠવર્ણીને શીરો જમાડ્યો.	૧૩૫
૬૯.	મુક્તમુનિએ નીલકંઠવર્ણીને રામાનંદ સ્વામીનો મહિમા કહ્યો ને નીલકંઠવર્ણી રામાનંદ સ્વામીના દર્શન કરવા આતુર થયા.	૧૩૭
૭૦.	લોજ આશ્રમમાં બાઈભાઈની ભેગી સભા જોઈ નીલકંઠવર્ણી ઉદાસ થયાં.	૧૩૯
૭૧.	નીલકંઠવર્ણીએ બાઈભાઈની સભા અલગ કરાવી.	૧૪૧
૭૨.	નીલકંઠવર્ણીએ ગોખલો પૂરાવ્યો ને આશ્રમમાંથી જતો બાઈઓને ચાલવાનો રસ્તો બંધ કરાવ્યો.	૧૪૩
૭૩.	મુક્તમુનિએ નીલકંઠવર્ણીનું 'સર્જુદાસ' નામ રાખ્યું.	૧૪૫
૭૪.	આણંદજી સંઘેડિયા જળઝીલણીનો ઉત્સવ કરવા લોજ આવ્યા. ત્યાંથી નીલકંઠવર્ણીને સાથે લઈ રામાનંદ સ્વામીના દર્શન કરવા ભુજ જવા નીકળ્યા. પરંતુ નીલકંઠવર્ણી અધવચ્ચેથી પાછા વળ્યા.	૧૪૭
૭૫.	ભુજથી રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને મયારામ ભટ્ટ દ્વારા સંદેશ મોકલાવ્યો કે 'જો ખપ હોય તો મુક્તમુનિરૂપી સત્સંગના થાંભલાને બાથ ભીડીને રહેજ્યો'.	૧૪૯
૭૬.	નીલકંઠ વર્ણી લોજ આશ્રમમાં છાણા વીણવા ગયાં.	૧૫૧
૭૭.	નીલકંઠવર્ણી શીલગામથી ચીભડાનો ભારો ઉપાડી લાવ્યા.	૧૫૩
૭૮.	માંગરોળમાં નીલકંઠવર્ણીએ ગોવર્ધન શેઠને સમુદ્રમાં નાખી દીધા ને મુક્તમુનિએ સાદ પાડ્યો ને શેઠ સમુદ્રમાંથી બહાર આવ્યા.	૧૫૫
૭૯.	નીલકંઠવર્ણીએ લોજ આશ્રમમાં દાસભાવે સેવા કરી. મુક્તમુનિએ નીલકંઠવર્ણીને રોટલા શીખવાડ્યા.	૧૫૭
૮૦.	મુક્તમુનિ પીપલાણામાં ધર્માદો લેવા ગયાં.	૧૫૯
૮૧.	નીલકંઠવર્ણીએ મુક્તમુનિની વૃત્તિમાં પોતાની વૃત્તિ જોડી રામાનંદ સ્વામીના દર્શન કર્યાં.	૧૬૧
૮૨.	લોજમાં નીલકંઠવર્ણીએ બે બાળકોને સમાધિ કરાવી.	૧૬૩
૮૩.	નીલકંઠવર્ણી રામાનંદ સ્વામીનાં દર્શન કરવા ઉદાસ થયાં.	૧૬૫

૮૪. મુક્તમુનિએ રામાનંદ સ્વામીને પત્ર લખવાની શરૂઆત કરી. ૧૬૭
૮૫. મુક્તમુનિએ રામાનંદ સ્વામીને પત્ર લખી પૂર્ણ કર્યો. ૧૬૯
૮૬. મુક્તમુનિએ પત્ર લખી મયારામ ભટ્ટને આપ્યો.
મયારામ ભટ્ટ તે પત્ર લઇ ભુજ આવ્યા ને
તે પત્ર રામાનંદ સ્વામીને આપ્યો. ૧૭૧
૮૭. મુક્તમુનિનો પત્ર વાંચી રામાનંદ સ્વામીએ પ્રત્યુત્તર
આપતો પત્ર લખ્યો. ૧૭૩
૮૮. નીલકંઠવર્ણીએ લોજ આશ્રમમાં સંતોને અષ્ટાંગ યોગ શીખવ્યો. ૧૭૫
૮૯. ભુજથી રામાનંદ સ્વામી પીપલાણા પધાર્યા ને
કુંવરજી દવેને વધામણીનાં સમાચાર આપવા લોજ મોકલ્યાં. ૧૭૭
૯૦. રામાનંદ સ્વામી પીપલાણા પધાર્યા છે તેવાં સમાચાર મળતા
મુક્તમુનિ સાથે નીલકંઠવર્ણી તથા અન્ય સંતો રામાનંદ સ્વામીના
દર્શન કરવા પીપલાણા જવા માટે નીકળ્યા. ૧૭૯
૯૧. મુક્તમુનિ સાથે નીલકંઠવર્ણી પીપલાણા પહોંચ્યા. ૧૮૧
૯૨. પીપલાણામાં નીલકંઠવર્ણી અને રામાનંદ સ્વામીનું
અદ્‌ભૂત મિલન થયું. ૧૮૩
૯૩. રામાનંદ સ્વામીએ પીપલાણામાં નીલકંઠવર્ણીને મહાદીક્ષા આપી. ૧૮૫
૯૪. નીલકંઠવર્ણી, રામાનંદ સ્વામી અને મુક્તમુનિ આખામાં
ગંગાધર વિપ્રને ત્યાં રહ્યા. ત્યાં અગત્રાઈના ભક્તો
રામાનંદ સ્વામીને પોતાને ગામ તેડવા આવ્યા.
ત્યારે રામાનંદ સ્વામીએ મુક્તમુનિને અગત્રાઈ મોકલ્યાં.
નીલકંઠવર્ણી પણ મુક્તમુનિ સાથે ગયા. ૧૮૭
૯૫. અગત્રાઈના ભીમભાઈ આદિ ભક્તોએ મુક્તમુનિ તથા
નીલકંઠવર્ણીનું સામૈયું કર્યું. બીજે દિવસે રામાનંદ સ્વામી પધાર્યા.
ત્યાંથી સહુ સાથે મઢડા આવ્યાં ને ત્યાંથી વસંતપંચમીનો
સમૈયો કરવા કાલવાણી પધાર્યા.
ત્યાં રામાનંદ સ્વામીએ મુક્તમુનિએ રચેલા પદો ગાયા. ૧૮૯
૯૬. કાલવાણીથી સહુ માંગરોળ આવ્યાં ને ત્યાંથી લોજ આવ્યાં.
લોજમાં નીલકંઠવર્ણીની કૃશ કાયા જોઈ રામાનંદ સ્વામીએ
આવળનાં પાટા બાંધી સેવા કરી. રઘુનાથદાસને ઈર્ષ્યા ઉપજી ને
રામાનંદ સ્વામીનો અભાવ લીધો. ૧૯૧

૯૭. નીલકંઠવર્ણી, રામાનંદ સ્વામી અને મુક્તમુનિએ સોરઠપ્રદેશમાં વિચરણ કર્યું. રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને સંપ્રદાયની ગાદી આપવાનો વિચાર કર્યો. ૧૯૩

૯૮. રામાનંદ સ્વામીએ સંપ્રદાયની ગાદી સોંપવા બાબતે મુક્તમુનિની સલાહ લીધી.
મુક્તમુનિએ નીલકંઠવર્ણીને ગાદીનાં અધિકારી ઠેરવ્યાં. ૧૯૫

૯૯. મુક્તમુનિનું નિઃસ્પૃહીપણું જોઈ રામાનંદ સ્વામી અતિ પ્રસન્ન થયા ને મુક્તમુનિના ગુણગાન કર્યા. ૧૯૭

૧૦૦. રામાનંદ સ્વામીએ જેતપુરમાં નીલકંઠવર્ણીને સંપ્રદાયની ધર્મધુરા સોંપી. ૧૯૯

૧૦૧. રામાનંદ સ્વામી સ્વધામ પધાર્યા. ત્યારબાદ ભુજના ભક્તોને ધીરજ આપવા માટે શ્રીહરિએ મુક્તમુનિને ભુજ મોકલ્યા ને રઘુનાથદાસને સત્સંગમાં નભાવવા માટેની વાત કરી. ૨૦૧

૧૦૨. રઘુનાથદાસને શ્રીહરિએ અમદાવાદ મોકલ્યો તેમજ મુક્તમુનિએ ભુજમાં પ્રભુ મહિમાની વાતો કરી અને શ્રીજી મહારાજે માંગરોળમાં સમાધિ પ્રકરણ ચલાવ્યું. ૨૦૩

૧૦૩. મયારામ ભટ્ટે સમાધિની વાત ભુજમાં જઈ મુક્તમુનિને કરી ને મુક્તમુનિ ભુજથી મેઘપુર આવ્યા. ૨૦૫

૧૦૪. મેઘપુરમાં મુક્તમુનિ શ્રીહરિને મળ્યા. ૨૦૭

૧૦૫. મુક્તમુનિએ મેઘપુરમાં શ્રીહરિને સમાધિ કરાવવા બાબતે ઠપકો આપ્યો. ૨૦૯

૧૦૬. મેઘપુરમાં શ્રીહરિએ સંતદાસજી આદિકને સમાધિ કરાવી. ૨૧૧

૧૦૭. ખાખરાના વનમાં રામાનંદ સ્વામીએ મુક્તમુનિને દર્શન દીધા. ત્યાંથી કાલવાણી આવ્યા અને મુક્તમુનિએ શ્રીહરિને રામાનંદ સ્વામીની ગાદીએ બેસાડ્યા. ૨૧૩

૧૦૮. મુક્તમુનિએ કાલવાણીમાં સૌપ્રથમ 'જય સદ્‌ગુરુ સ્વામી' એ આરતી ઉતારી. ૨૧૫

૧૦૯. ઉદ્ધત થયેલી હરબાઈ અને વાલબાઈને વિમુખ કરવા માટે શ્રીહરિએ મુક્તમુનિની સાથે વિચાર વિમર્શ કર્યો. ૨૧૭

૧૧૦. મુક્તમુનિએ શ્રીહરિના નખ લીધાં અને આણંદજી સંઘેડિયા તેમજ અન્ય ભક્તોને મહારાજનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો. ૨૧૯

INDEX

૧૧૧. મોડામાં પ્રબોધિની એકાદશી કરી ને અલૈયામાં કાર્તિકી પૂનમ કરી. રઘુનાથદાસે શ્રીનગરમાં ઉત્પાત મચાવ્યો તેવો રામદાસ સ્વામીનો પત્ર અલૈયામાં આવ્યો, શ્રીહરિ ત્યાંથી અમદાવાદ જવા નીકળ્યા. રઘુનાથદાસને વિમુખ કર્યો. ૨૨૧

૧૧૨. ભુજમાં ભગવાનભાઈનો સંકલ્પ મુક્તમુનિએ પૂરો કર્યો. ૨૨૩

૧૧૩. મુક્તમુનિએ જેતપુરના મૂળુભાઈને દ્રષ્ટાંત દઈને શ્રીહરિનો નિશ્ચય કરાવ્યો. ૨૨૫

૧૧૪. જેતપુરમાં મુક્તાનંદ સ્વામીની વાતો સાંભળીને ભક્તોને સમાધિ થઈ. ૨૨૭

૧૧૫. જેતપુરથી વિદાય લઈ શ્રીહરિ અને મુક્તમુનિ ગોંડલમાં હઠીભાઈને ઘેર પધાર્યા. ગોંડલમાં શ્રીહરિની ભવ્ય સવારીનું વર્ણન. ૨૨૯

૧૧૬. મુક્તમુનિએ હઠીભાઈને ભગવાનના પ્રકટપણાની વાતો કરી. ૨૩૧

૧૧૭. શ્રીહરિ મુક્તમુનિ સાથે સરધાર નગરમાં પધાર્યા, સરોવરમાં સ્નાન કર્યું ને તોંગાજીના દરબારમાં પધાર્યા. મુક્તમુનિએ સરોદ વગાડીને ભૈરવ રાગ ગાયો. ૨૩૩

૧૧૮. શ્રીહરિએ સરધાર સરોવરમાં જળક્રીડા કરી. ૨૩૫

૧૧૯. દરબારોએ શ્રીહરિને પોતાને ઘેર પધારવા માટે મુક્તમુનિને પ્રાર્થના કરી. ૨૩૭

૧૨૦. શ્રીહરિએ સંત સભામાં મુક્તમુનિનો મહિમા ગાયો. મુક્તમુનિએ 'નારદ મેરે સંત સે અધિક ન કોઈ' એ ચાર પદ ગાયાં. ૨૩૯

૧૨૧. માંચા ખાચરનાં આગ્રહને વશ થઈ શ્રીહરિ સરધારથી કારિયાણી પધાર્યા ને ત્યાંથી મુક્તમુનિ સાથે ગઢપુરમાં સૌપ્રથમ પધાર્યા અને ફૂલદોલનો ઉત્સવ કર્યો. ૨૪૧

૧૨૨. મુક્તમુનિના કહેવાથી એભલ રાજાએ સૌપ્રથમ શ્રીહરિનો પ્રાગટ્ય પર્વ ઉજવ્યો. ૨૪૩

૧૨૩. 'સાંભળ બેની હરિ રીઝ્યાની રીતડી' એ ચાર પદ લખીને ધનબાઈને મોકલ્યાં. ૨૪૫

૧૨૪. નિષ્કામીવ્રતમાંથી પડેલા બોદા કમાનગરને પ્રાયશ્ચિત કરાવ્યું. ૨૪૭

૧૨૫. બાબરા ગામના જેઠસુર વાળાએ મુક્તમુનિનાં ગુણાનુવાદ કર્યા. ૨૪૯

INDEX

૧૨૬. ભુજમાં શ્રીહરિએ ચાર શેર મરચાં અને ત્રણ દિવસનું ખાટું દહીં જમાડીને બીમારી દૂર કરી તેમજ કાળાતળાવના હરભમ સુતારને મુક્તમુનિએ શ્રીહરિનો મહિમા સમજાવ્યો. ૨૫૧

૧૨૭. શ્રીહરિએ ભુજમાં અલૌકિક લીલા કરી અને મુક્તાનંદ સ્વામીએ ડુંગરજી, હરભમ અને મનજીનું દુઃખ દૂર કર્યું. ૨૫૩

૧૨૮. સારંગપુરમાં શ્રીહરિએ મુક્તમુનિને ઝાલાવાડ પ્રદેશમાં વિચરણ કરવાની આજ્ઞા કરી. ૨૫૫

૧૨૯. મુક્તમુનિ આદિક સંતોએ ધ્રાંગધ્રામાં ભેખધારીઓનો ત્રાસ સહન કર્યો. ૨૫૭

૧૩૦. ધ્રાંગધ્રામાં ભેખધારીઓના ત્રાસથી દુઃખી થયેલા સંતોને મુક્તમુનિએ ક્ષમાનો ઉપદેશ આપ્યો. ૨૫૯

૧૩૧. મુક્તમુનિ ધ્રાંગધ્રાથી કરજીસણ આવ્યા ને ત્યાંથી વહેલાલમાં શ્રીહરિને મળ્યા ને ત્યાં પાંચ સંતોને પરમહંસની દીક્ષા આપી. ૨૬૧

૧૩૨. શ્રીહરિએ સુંદરજી સુતારની પરીક્ષા કરી પરમહંસ કર્યા. પરંતુ મુક્તમુનિની મરજી ન હોવાથી શ્રીહરિએ પાછા સંસારમાં મોકલ્યાં. ૨૬૩

૧૩૩. મામૈયો પટગીર શ્રીહરિનો પત્ર વાંચી સાધુ થવા નીકળ્યા પરંતુ સંસાર વાસના ઉદય થતા પાછા ઘેર આવ્યા. પરંતુ માતાએ મામૈયાને ઘરમાં રહેવાની ના પાડી. મુક્તમુનિએ સમજાવ્યા ને પાછા ઘેર રાખ્યા. ૨૬૫

૧૩૪. મુક્તમુનિએ શ્રીહરિને રાજી કરવા માટે શરીર ઉપર ટાટ પહેર્યું. શ્રીહરિએ સ્વામીને આજ્ઞા કરી 'જે કોઈ વસ્ત્ર દાનમાં આવે તેની અલફી ટોપી કરાવી સંતોને આપી દેવી' ૨૬૭

૧૩૫. શ્રીહરિએ સત્સંગ કરાવવા માટે મુક્તમુનિને અમદાવાદ મોકલ્યા. મુક્તમુનિ દરિયાખાનના ઘુમ્મટમાં રહ્યા. ૨૬૯

૧૩૬. મુક્તમુનિએ દરિયાખાનના ઘુમ્મટમાં ભૂતોનો ઉદ્ધાર કર્યો. ૨૭૧

૧૩૭. મુક્તમુનિએ ભૂત થયેલા શાસ્ત્રીનો ઉદ્ધાર કર્યો. ૨૭૩

૧૩૮. મુક્તમુનિએ વડતાલ તેમજ આજુબાજુના ગામડાઓમાં સત્સંગ કરાવ્યો ને જોબન પગીને વર્તમાન ધરાવ્યા. ૨૭૫

૧૩૯. જેતલપુરમાં ગણિકાનો ઉદ્ધાર કર્યો. મુક્તમુનિએ 'સજની કોડે આનંદ મારે ઘેર' એ પદની રચના કરી. ૨૭૭

૧૪૦. ખોખરામાં નરમેધ યજ્ઞનો આરંભ થયો.
ભેખધારીઓએ સંતોને માર માર્યો. ૨૭૯
૧૪૧. ખોખરામાં અસુરો અને ક્ષત્રિયો વચ્ચે ભયંકર યુદ્ધ થયું.
ભેખધારીઓ મુક્તમુનિને મારવા દોડ્યા. ૨૮૧
૧૪૨. સ્ત્રી ભક્તોએ ભેખધારીઓનો માર્ગ રોકી મુક્તમુનિની રક્ષા કરી.
ભગુજી આદિક પાર્ષદો મુક્તમુનિની રક્ષા કરવા માટે પહોંચ્યા. ૨૮૩
૧૪૩. યજ્ઞની તૈયારી માટે શ્રીહરિએ મુક્તમુનિ અને બ્રહ્મમુનિને
કચ્છથી ડભાણ મોકલ્યાં. ૨૮૫
૧૪૪. શ્રીહરિએ ડભાણનો યજ્ઞ પૂરો કર્યો. ૨૮૭
૧૪૫. શ્રીહરિએ બુધેજમાં અન્નકૂટ કર્યો.
મુક્તમુનિએ બુધેજના ભક્તોની પ્રશંસા કરી. ૨૮૯
૧૪૬. પાદરામાં કાનોબાએ શ્રીહરિ પાસેથી રૂપિયા પડાવી
લેવા માટે છળ કર્યું.
મુક્તમુનિએ તેને સમજાવ્યો છતાં માન્યો નહિ. ૨૯૧
૧૪૭. મુક્તમુનિને ઓગણોતેરા દુષ્કાળ અંગે સમાચાર આપવા
ગુજરાતમાં મોકલ્યા. ને સારંગપુરમાં ફૂલદોલનો સમૈયો કર્યો. ૨૯૩
૧૪૮. મુક્તમુનિને શ્રીહરિએ પોતાના વતી તવરા જવાની આજ્ઞા કરી. ૨૯૫
૧૪૯. હરિભક્તોએ તવરાના મેળામાં મુક્તમુનિની પૂજા કરી. ૨૯૭
૧૫૦. મુક્તમુનિએ સુરતમાં મુનિબાવાને સત્સંગી કર્યા. ૨૯૯
૧૫૧. મુક્તમુનિ ગઢપુરમાં ગુપ્તવાસમાં રહેલા શ્રીહરિને મળ્યા. ૩૦૧
૧૫૨. મુક્તમુનિ વિચરણ કરતા કુંડળ આવ્યા ને માંદા થયા.
ત્યાં રાયબાએ ગાડું જોડી આપ્યું. મુક્તમુનિ ગાડામાં બેસી
ગઢપુર આવ્યા. શ્રીહરિને સમાચાર મળતા માણકી પર બેસી
સામા લેવા આવ્યાં. મુક્તમુનિએ ગાડું ચલાવ્યું ને
અદ્‌ભૂતાનંદ સ્વામીની પ્રશંસા કરી. ૩૦૩
૧૫૩. વિચરણ કરવા ગયેલા મુક્તમુનિને વિરહ વધતા
શ્રીહરિના દર્શન કરવા મન આતુર થયું. ૩૦૫
૧૫૪. મુક્તમુનિ શ્રીહરિના દર્શન કરવા ગઢપુર આવ્યા.
શ્રીહરિએ દર્શન દેવાની ના પાડી.
મુક્તમુનિએ 'ઘરનો એ છે રે' એ કીર્તન દ્વારા ઠપકો આપ્યો. ૩૦૭

૧૫૫. શ્રીહરિએ જાળિયામાં મંદવાડ ગ્રહણ કર્યો. ૩૦૯
૧૫૬. શ્રીહરિ સંતોને રહેવાનું ધામ જોવા ગયા તે વાત શ્રીહરિએ મુક્તમુનિને કરી. ૩૧૧
૧૫૭. શ્રી હરિએ મુક્તમુનિને અક્ષરધામનું વર્ણન કહી સંભળાવ્યું. ૩૧૩
૧૫૮. 'અંતસમે મારા જનને જરૂર મારે આવવું' તે વિષયક શ્રીહરિએ સંવાદ કર્યો. ગઢડામાં કપિલા છઠ કરી ને મુક્તમુનિ ડભાણ આવ્યાં. ૩૧૫
૧૫૯. શ્રીહરિએ મુક્તમુનિને મળવા ડભાણ જવા માટે કહ્યું. તે સમાચાર સુણતાં અન્ય સંતો ડભાણ ગયા. પરંતુ શ્રીહરિ ડભાણ ન જતાં વરતાલ ગયા. ડભાણથી મુક્તમુનિ શ્રીહરિને મળવા વરતાલ આવ્યા. ત્યાં મુક્તમુનિએ શ્રીહરિની ચંદન ચરચીને પૂજા કરી. ૩૧૭
૧૬૦. બ્રહ્મમુનિએ મુક્તમુનિ સાથે અબોલા લીધા. ૩૧૯
૧૬૧. બ્રહ્મમુનિએ મુક્તમુનિ સાથે અબોલા મૂક્યા. ૩૨૧
૧૬૨. ગઢપુરમાં ફૂલદોલનો સમૈયો કર્યો. શ્રીહરિ ઘેલામાં સ્નાન કરવા ગયાં. ઘણું નાહવા છતાં બહાર ન નીકળતા મુક્તમુનિએ સ્નાન પૂરું કરી બહાર આવવાનું કહ્યું. શ્રીહરિ સ્નાન કરી દરબારમાં આવ્યા. શ્રીહરિએ પ્રસાદીનું અંજીર મુક્તમુનિને જમાડ્યું. ૩૨૩
૧૬૩. શ્રીહરિ તથા સંતો ઝીંઝાવદર થઈને કારિયાણી આવ્યા. ગઢડામાં કોઈ સંતો ન રહ્યા, સહુ સંતો શ્રીહરિ સાથે આવ્યા. તેથી શ્રીહરિ ખીજાયા. પછી વિશ્વાસુ જાણી મુક્તમુનિને ગઢડા મોકલ્યાં. સમય જતા શ્રીહરિ વરતાલ આવ્યાં ને ત્યાં સંઘ લઈને મુક્તમુનિને તેડાવ્યા. ૩૨૫
૧૬૪. મુક્તમુનિએ વરતાલમાં પગમાં ઘુંઘરું બાંધી અદ્‌ભૂત નૃત્ય કર્યું. ૩૨૭
૧૬૫. નૃત્ય જોઈ રાજી થયેલા શ્રીહરિએ મુક્તમુનિને વરદાન માંગવા કહ્યું. મુક્તમુનિએ શ્રીહરિ પાસે ૧૪ વરદાન માંગ્યાં. ૩૨૯
૧૬૬. ધરમપુર ગયેલા પરમ ચૈતન્યાનંદ સ્વામી કુશળકુંવરબાઈનાં ભાવને વશ થઈ ત્યાં રોકાઈ ગયા. શ્રીહરિએ ધરમપુરથી પરમ ચૈતન્યાનંદ સ્વામીને પાછા બોલાવવા માટે

મુક્તમુનિને મોકલ્યા. મુક્તમુનિ ધરમપુર આવ્યા.
મુક્તમુનિને દેખી પરમ ચૈતન્યાનંદ સ્વામીએ દંડવત કર્યા. ૩૩૧
૧૬૭. પરમ ચૈતન્યાનંદ સ્વામીએ કુશળકુંવરબાઈને
મુક્તમુનિનો મહિમા કીધો.
મુક્તમુનિએ ધરમપુરમાં એક માસ સુધી કથા કરી. ૩૩૩
૧૬૮. મુક્તમુનિ અને પરમ ચૈતન્યાનંદ સ્વામી શ્રીહરિને તેડવા
ગઢપુર આવ્યા. શ્રીહરિ વિવિધ ગામોમાં વિચરણ કરતા
ધરમપુર પધાર્યા. ૩૩૫
૧૬૯. શ્રીહરિએ ગઢડા કાગળ લખી સંતોને ધરમપુર તેડાવ્યાં.
મુક્તમુનિ ગોંડલ હતા. ત્યાંથી ગઢડે આવ્યા અને
સંત મંડળને લઈ ધરમપુર આવવા નીકળ્યા.
ચાલતા ચાલતા નવસારીથી આગળ વાંસદાનાં માર્ગે
અસુરોએ મુક્તમુનિને કેદ કર્યા. ૩૩૭
૧૭૦. બે ક્ષત્રિઓએ મુક્તમુનિને અસુરના બંધનથી છોડાવ્યા.
મુક્તમુનિ વાંસદાથી ધરમપુર પહોંચ્યા. ૩૩૯
૧૭૧. ધરમપુરમાં ધર્મકુંવરની અદ્‌ભૂત અસવારી.
નિર્વિકલ્પાનંદનો ઉદ્ધતાઈ ભરેલો કાગળ વાંચી શ્રીહરિ ઉદાસ થયા. ૩૪૧
૧૭૨. મુક્તમુનિ ધરમપુરથી નર્મદા નદી પધાર્યા.
ને ત્યાં શ્રીહરિ સાથે પ્રશ્નોત્તરી કરી. ૩૪૩
૧૭૩. શ્રીહરિએ ઝાડેશ્વરમાં મુક્તાનંદ સ્વામીનું ખોટું નામ
ધારણ કરીને ફરતા દ્વેષીઓની પોલ ખુલ્લી પાડી. ૩૪૫
૧૭૪. મુક્તમુનિએ વરતાલમાં શ્રીહરિને બાર દ્વારનાં હિંડોળે ઝૂલાવ્યા. ૩૪૭
૧૭૫. મુક્તમુનિ વરતાલમાં રંગે રમ્યા. ૩૪૯
૧૭૬. વરતાલમાં મુક્તમુનિએ નિદ્રા વિષે ચર્ચા કરી ને
નિદ્રા જીતવાનો ઉપાય બતાવ્યો. ૩૫૧
૧૭૭. શ્રીહરિએ ગઢપુરમાં અન્નકૂટ લીલા કરી. મુક્તમુનિએ
સર્વે સંતોને પંક્તિમાં બેસારીને કુશળતાથી પીરસ્યું. ૩૫૩
૧૭૮. શ્રીહરિએ સ્વરૂપાદ્વૈત મતનું વર્ણન કર્યું. ૩૫૫
૧૭૯. શ્રીહરિએ સ્વરૂપાદ્વૈત મતનું વર્ણન કર્યું. ૩૫૭

૧૮૦. શ્રીહરિ અરધી રાત્રે સુખપુર ગયા.
ત્યાં લગ્નના ફટાણાં સાંભળી ઉદાસ થયા ને
મુક્તમુનિને રુક્મિણી વિવાહના પદ કરવા કહ્યું. ૩૫૯
૧૮૧. રિસાયેલા શ્રીહરિએ સંન્યાસીનો વેશ ધારણ કર્યો ને
મુક્તમુનિએ મનાવ્યા. ૩૬૧
૧૮૨. શ્રીહરિને મારવા માટે શ્રીનગરના સુબાએ કાવતરું ઘડ્યું.
મુક્તમુનિ ઉદાસ થયા. શ્રીનગરમાં પેશ્વાનું રાજ ગયું ને
અંગ્રેજનું રાજ આવ્યું. ૩૬૩
૧૮૩. શ્રીનગરમાં શ્રીહરિની અદ્‌ભૂત સવારી.
શ્રીહરિ અને મુક્તમુનિ એક રથમાં બેઠા. ૩૬૫
૧૮૪. શ્રીનગરમાં મુક્તમુનિએ શ્રીહરિના સર્વોપરીપણાની કથા કરી.
તે સાંભળી નરનારીઓને સમાધિ થઈ. ૩૬૭
૧૮૫. શ્રીહરિએ સંતોને ધ્યાન કરવા માટે ઘટિકા યંત્ર આપ્યા. ૩૬૯
૧૮૬. હરિહરાચાર્ય ગઢપુર આવ્યા. ત્યાંથી અમદાવાદ ગયા.
ને ત્યાંથી શાસ્ત્રની ચર્ચા કરવા માટે શ્રીહરિને આમંત્રણ
આપતો કાગળ લખ્યો. શ્રીહરિ ત્યાંથી વરતાલ આવ્યા ને
વેદાંતાચાર્યને તેડવા શ્રીહરિએ મુક્તમુનિને અમદાવાદ મોકલ્યાં.
વેદાંતાચાર્ય વરતાલ આવ્યા ને ત્યાં શ્રીહરિના પ્રશ્નોના ઉત્તર ન
આપી શક્યા. ૩૭૧
૧૮૭. શ્રીહરિએ ગઢડામાં જન્માષ્ટમી કરી. ભણનારા સંતોને મુક્તમુનિ
સાથે બોટાદ મોકલ્યાં. વડોદરામાં દ્વેષીઓનો ઉત્પાત વધ્યો.
સંપ્રદાયને ખોટો સાબિત કરવા ચર્ચાઓ ચાલી.
શ્રીહરિએ મુક્તમુનિને બોટાદથી વડોદરા જવા કહ્યું. ૩૭૩
૧૮૮. મુક્તમુનિ કલાલીમાં આવીને રહ્યા. ત્યાંથી વડોદરા આવ્યા.
મુક્તમુનિને આવતા જોઈ હરિભક્તો પ્રસન્ન થયા.
સાચા સંતના લક્ષણો કહ્યા. ૩૭૫
૧૮૯. દ્વેષી ભેખધારીઓએ સરકાર પાસે જઈ મુક્તમુનિ સાથે
શાસ્ત્રની ચર્ચા કરવા માટે કહ્યું.
સરકારે મધ્યસ્થી તરીકે ભાઉ પુરાણીને રાખ્યા. ૩૭૭

INDEX

૧૯૦. વિસનગરનો મહંત અન્ય ભેખધારીઓનું ટોળું લઈ
મુક્તમુનિ પાસે આવ્યો ને મિથ્યા બકવાદ કર્યો.
પરંતુ મુક્તમુનિએ ધીરજ રાખી.
મુક્તમુનિનું રક્ષણ કરવા માટે રાજાએ ચાર સિપાઈ રાખ્યા. ૩૭૯

૧૯૧. મુક્તમુનિ શાસ્ત્રની ચર્ચા કરવા માટે સવારે સંતો સાથે
વિઠ્ઠલબાના મંદિરે પધાર્યા. પરંતુ માંડવી ચોક પહોંચતા દ્વેષી
ભેખધારીઓ હથિયાર લઈને પ્રહાર કરવા આવ્યા.
અંગ્રેજના અધિકારીઓએ સમયસૂચકતા વાપરી સર્વે દ્વેષીઓને
બંદી બનાવી મુક્તમુનિ તથા અન્ય સંતોનું રક્ષણ કર્યું. ૩૮૧

૧૯૨. વિસનગરનો મહંત ડરનો માર્યો નદીકિનારે જઈ સંતાઈ ગયો.
અન્ય ભેખધારીઓ ડરી ગયા. શાસ્ત્રાર્થ કરવા કોઈ આવ્યું નહિ
ત્યારે વિષ્ણુદાસ નામના એક ભેખધારીને પ્રશ્ન પૂછવા માટે
તૈયાર કર્યો. ૩૮૩

૧૯૩. મુક્તમુનિએ ભેખધારીઓના પ્રથમ બે પ્રશ્નનાં ઉત્તર કર્યા. ૩૮૫

૧૯૪. મુક્તમુનિએ ભેખધારીઓના બાકી રહેલા સર્વે પ્રશ્નનાં ઉત્તર કર્યા. ૩૮૭

૧૯૫. વડોદરામાં ઉદ્ધવીય સંપ્રદાય પ્રમાણભૂત સાબિત થયો ને
મુક્તમુનિનો વિજય થયો તે સમાચાર શ્રીહરિને ગઢડામાં મળ્યા. ૩૮૯

૧૯૬. ગઢડાથી સંઘ લઈ શ્રીહરિ ઝીંઝાવદર, કારિયાણી અને
કુંડળમાં આવીને રહ્યા. ત્યાંથી શ્રીહરિએ મુક્તમુનિને કાગળ
લખ્યો કે આદરજમાં અમે અન્નકૂટ ઉત્સવ કરીશું ત્યાં તમે આવજો.
કરજીસણ આવી શ્રીહરિ ઉદાસ થયા ને
સત્સંગ મૂકીને વનમાં જવાનો સંકલ્પ કર્યો. ૩૯૧

૧૯૭. આદરજમાં શ્રીહરિ અને મુક્તમુનિનું અદ્‌ભૂત મિલન થયું. ૩૯૩

૧૯૮. આદરજમાં શ્રીહરિએ મુક્તમુનિને સદ્‌ગુરુ જાહેર કર્યા અને
આરતી ઉતારી. ૩૯૫

૧૯૯. શ્રીહરિ અને મુક્તમુનિએ ઉત્તર ગુજરાતમાં વિચરણ કર્યું. ૩૯૭

૨૦૦. વિવેક ભૂલેલા સંતોને શ્રીહરિએ દંડ દીધો ને
મુક્તમુનિએ તે સંતો વતી ક્ષમાયાચના કરી. ૩૯૯

૨૦૧. સાબરમતીએ લૂંટારાઓએ મુક્તમુનિની ગાડી રોકી.
શ્રીહરિએ તલવાર ખેંચી ને પાર્ષદોએ લૂંટારાઓને પકડી લીધા.
શ્રીહરિએ મુક્તમુનિને વડોદરા જવાની આજ્ઞા કરી. ૪૦૧

૨૦૨. શ્રીહરિએ કંકોતરી લખાવીને સહુને ગઢડામાં તેડાવ્યા.
મુક્તમુનિ વડોદરાથી ગઢડા આવ્યા.
બોટાદમાં ફૂલદોલનો ઉત્સવ કર્યો.
જયાનંદ બ્રહ્મચારી મુક્તમુનિને અમદાવાદ લઈ જવા માટે
ગઢડા આવ્યા. ૪૦૩

૨૦૩. ચાતુર્માસમાં કથા કરવા માટે શ્રીહરિએ મુક્તમુનિને
અમદાવાદ મોકલ્યાં. ભીમ એકાદશીનો ઉત્સવ કરવા શ્રીહરિ
વડથલ જવા તૈયાર થયા પરંતુ માર્ગમાં વાયુનો વંટોળિયો
ચડતા પાછા વળ્યા. ને પત્ર લખીને જણાવ્યું કે અમારા વતી
ઉત્સવ કરવા મુક્તમુનિ પધારશે. ૪૦૫

૨૦૪. વડથલમાં સર્વે ભક્તોએ શ્રીહરિની જેમ મુક્તમુનિની પૂજા કરી. ૪૦૭

૨૦૫. અમદાવાદમાં દ્વેષીએ મુક્તમુનિને ચંદન મિશ્રિત ઝેર આપ્યું. ૪૦૯

૨૦૬. બેચર મણકીએ મુક્તમુનિની પધરામણી કરી ને
ગદ્‌ગદ્ કંઠે સ્તુતિ કરી. મુક્તમુનિ વહેલાલમાં આવી જેસંગભાઈની
મેડીએ ઉતર્યા. ને અમદાવાદમાં અન્નકૂટનો ઉત્સવ કર્યો. ૪૧૧

૨૦૭. ગઢડામાં શ્રીહરિએ અન્નકૂટનો ઉત્સવ કર્યો.
ને ત્યાંથી જેતલપુર પધાર્યા. મુક્તમુનિ શ્રીહરિના દર્શન કરવા
અમદાવાદથી જેતલપુર પધાર્યા. જેતલપુરથી વિચરણ કરતા
શ્રીહરિ અને મુક્તમુનિ ગઢપુર આવ્યા. ૪૧૩

૨૦૮. મધ્યરાત્રિએ મુક્તમુનિએ સરોદ લઈને કીર્તન ગાયા. ૪૧૫

૨૦૯. વચનામૃત પ્રાદુર્ભાવનો ઈતિહાસ કહ્યો. ૪૧૭

૨૧૦. વચનામૃતમાં મુક્તમુનિની મુખ્ય સંપાદકની ભૂમિકા તથા
મુક્તમુનિની વિદ્વત્તા. ૪૧૯

૨૧૧. અમદાવાદનાં ભક્તોએ વારે વારે શ્રીહરિને પત્રો લખી વિનંતી
કરી કે મુક્તમુનિને અમદાવાદ મોકલો.
તેથી શ્રીહરિએ મુક્તમુનિને અમદાવાદ મોકલ્યાં.
મુક્તમુનિ અને ભાઈરામદાસ સ્વામીનો અંતિમ સંવાદ. ૪૨૧

૨૧૨. શ્રીહરિ મછીયાવ પધાર્યા. મુક્તમુનિ અમદાવાદથી
મછીયાવ આવ્યાં. ૪૨૩

૨૧૩. મછીયાવમાં ફૂલદોલનો સમૈયો કર્યો.
સંતોની મંડળીઓ કરી અલગ અલગ પ્રદેશમાં વિચરણ
કરવા મોકલ્યાં ને મુક્તમુનિને પચાસ સંતો સાથે સુરત મોકલ્યાં. ૪૨૫

૨૧૪. સુરતમાં શ્રીહરિએ પત્ર મોકલી મુક્તમુનિને
કાનમ દેશમાં વિચરણ કરી ગઢડા આવવા માટે કહ્યું.
તેથી મુક્તમુનિ ભક્તોનો ભાવ જોઈ ગાડીમાં બેઠાં અને
ભક્તોને નિયમ સંબંધી ઉપદેશ આપ્યો. ૪૨૭
૨૧૫. મુક્તમુનિએ કાનમપ્રદેશના ગામડાઓમાં વિચરણ કર્યું. ૪૨૯
૨૧૬. મુક્તમુનિ કંડારી ગામે પધાર્યા. ત્યાંથી ઈટોલા પધાર્યા.
ત્યાં ભાઈરામદાસ સ્વામી અક્ષરધામ સિધાવ્યાનાં સમાચાર મળતા
મુક્તમુનિએ દુઃખ વ્યક્ત કરી ગુણાનુવાદ કર્યા. ૪૩૧
૨૧૭. મુક્તમુનિ ગઢડામાં આવી શ્રીહરિને મળ્યા.
ભક્તિનું પ્રવર્તન કરવા માટે શ્રીહરિએ મુક્તમુનિને છંદોબદ્ધ ગ્રંથ
રચવાની આજ્ઞા કરી. મુક્તમુનિએ 'વેદ રહસ્ય'
ગ્રંથની રચના કરી. ૪૩૩
૨૧૮. શ્રીહરિએ જન્માષ્ટમીનો ઉત્સવ ગઢડામાં કરવા વિચાર્યું.
ભાવનગરના દીવાને ઉત્સવ કરવાની પરવાનગી ન આપતા
શ્રીહરિએ મુક્તમુનિને દીવાનને સમજાવવાં મોકલ્યાં પણ
દીવાને હઠ ન મૂકી. આખરે શ્રીહરિએ સારંગપુરમાં ઉત્સવ કર્યો. ૪૩૫
૨૧૯. સારંગપુર તથા કારિયાણીમાં વચનામૃતો કહ્યા.
ત્યાંથી શ્રીહરિ બોટાદ પધાર્યા.
ત્યાં શ્રીહરિએ મુક્તમુનિની વચનપાલનની મહત્તા કહી. ૪૩૭
૨૨૦. લોયાધામનો મહિમા કહ્યો. ૪૩૯
૨૨૧. સૌપ્રથમ ધર્મકુળ લોયામાં આવ્યું. ૪૪૧
૨૨૨. લોયાના શાકોત્સવમાં બુવાના કાનદાસને નિશ્ચય કરાવ્યો. ૪૪૩
૨૨૩. પંચાળાનાં ઝીણાભાઈ મુક્તમુનિ પાસે સાધુ થવા માટે આવ્યા.
ઝીણાભાઈ શ્રીહરિને પંચાળા તેડવા માટે લોયા આવ્યાં ને
મુક્તમુનિને વિનંતી સંભળાવી. ૪૪૫
૨૨૪. શ્રીહરિ પંચાળા પધાર્યા ને ઝીણાભાઈએ રંગોત્સવની તૈયારી કરી.
નિત્યાનંદ સ્વામીએ શ્રીહરિ ઉપર રંગ ઢોળ્યો ને શ્રીહરિ રીસાયા.
શ્રીહરિને મનાવવા માટે સહુ મુક્તમુનિ પાસે આવ્યા. ૪૪૭
૨૨૫. શ્રીહરિએ પંચાળામાં અદ્‌ભૂત રંગોત્સવ કર્યો. ૪૪૯
૨૨૬. શ્રીહરિએ પંચાળામાં મંદવાડ ગ્રહણ કર્યો ને મુક્તમુનિની
વિનંતિથી મંદવાડ મેલ્યો. ૪૫૧

૨૨૭. અમદાવાદમાં મંદિર પૂર્ણ થતાં આનંદ સ્વામીની વિનંતીથી
પ્રતિષ્ઠા ઉત્સવની તૈયારી કરવા માટે શ્રીહરિએ
મુક્તમુનિ અને બ્રહ્મમુનિને મોકલ્યાં.
અમદાવાદમાં નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી. ૪૫૩

૨૨૮. સંતોને અમદાવાદ મોકલવા માટે આનંદ સ્વામીએ
ગઢડા પત્ર લખીને મોકલ્યાં પણ શ્રીહરિને જાણ ન થતાં
શ્રીહરિ ક્રોધે ભરાયા અને સંતોને ઠપકો દીધો.
મુક્તમુનિએ ભજનાનંદ સ્વામીને પત્ર લખીને
અમદાવાદ જવા માટે કહ્યું. ૪૫૫

૨૨૯. મુક્તમુનિએ ચાતુર્માસિમાં પચાસ માળા ફેરવવાનો નિયમ લીધો. ૪૫૭

૨૩૦. 'ભજો ભાવશું અખંડ જપમાળા રે' એ કીર્તન દ્વારા
મુક્તમુનિની પચાસ માળાની રીત વર્ણવી. ૪૫૯

૨૩૧. શ્રીહરિએ અરધી રાત્રે ઊઠી મુક્તમુનિને પોતાનું સ્વપ્ન કહ્યું. ૪૬૧

૨૩૨. શ્રીહરિને સ્વપ્નમાં સર્વે તીર્થોએ આવીને સ્તુતિ કરી કે
અમને તમારા સમીપે વાસ આપો.
શ્રીહરિએ સર્વે તીર્થોને ઉન્મત્તગંગામાં જઈને રહેવાનું કહ્યું. ૪૬૩

૨૩૩. શ્રીહરિએ ભક્તિમાતાનું શ્રાદ્ધ કર્યું. મૂળજી બ્રહ્મચારીને
જમાડીને પછી પોતે જમવાનું નક્કી કર્યું. મૂળજી બ્રહ્મચારીએ
શ્રીહરિને જમાડ્યા વગર જમવાની ના પાડી. ૪૬૫

૨૩૪. મુક્તમુનિએ મૂળજી બ્રહ્મચારીને મનાવ્યા અને જમાડ્યા.
સચ્ચિદાનંદ સ્વામી ત્રણ દિવસથી ભૂખ્યા ઘેલા કાંઠે બેઠા હતા.
તેમને જમાડી શ્રાદ્ધ પૂર્ણ કર્યું. ૪૬૭

૨૩૫. મુક્તમુનિ પાસે ભયંકર વેષ ધરીને કાળ આવ્યો.
મુક્તમુનિએ કાળને પાછો ભગાડ્યો. ૪૬૯

૨૩૬. કાળને પાછો વાળતા મુક્તમુનિએ સંતોને જમાડવા અને
ગાયનું દાન કરવાનો સંકલ્પ કર્યો. ૪૭૧

૨૩૭. મુક્તમુનિએ શ્રીહરિની ચંદન ચરચી પૂજા કરી અને
ગોરહર નામની ગાયનું દાન કર્યું. ને સર્વ સંતને જમાડ્યા. ૪૭૩

૨૩૮. શ્રીહરિએ રામપ્રતાપજીને હાર પહેરાવવા માટે પહેલા
મુક્તમુનિના કંઠમાં હાર ફેંક્યો.
પછી તે હાર રામપ્રતાપજીએ પહેર્યો. ૪૭૫

૨૩૯. કંથારિયામાં સર્વેશ્વરાનંદ સ્વામી અને
ભૂમાનંદ સ્વામીએ મુક્તમુનિને જમાડવા માટે થાળ કર્યો. ૪૭૭
૨૪૦. મુક્તમુનિએ ગઢડામાં 'કાળિયા' આંબાની ચાર કેરીનો દાબો
નાખી તેને પકવી. ને પોતે ઘોળીને રસ કાઢ્યો અને
રોટલી બનાવીને શ્રીહરિને રસ રોટલીની રસોઈ જમાડી. ૪૭૯
૨૪૧. સુરતમાં ભાલચંદ શેઠે ઝોળી લેવા આવેલા સંતો ઉપર
સોટીનો ઘા કર્યો. બીજે દિવસે સંતો સાથે મુક્તમુનિ આવ્યા ને
શેઠે ભાજીના ડાળખાંનો ઘા કર્યો. મુક્તમુનિએ તેની રસોઈ
કરી ને ભગવાનને થાળ ધરાવ્યો. ને ભગવાનને પ્રાર્થના કરી. ૪૮૧
૨૪૨. ભાલચંદ શેઠ સત્સંગી થયા. શેઠનો ગુમાસ્તો ગોવિંદ હાટડીએ
શાક લેવા ગયો ને એક દ્વેષી સાથે હરીફાઈમાં ઉતર્યો ને
સો રૂપિયાનું શાક સંતો માટે લીધું. ૪૮૩
૨૪૩. મુક્તમુનિએ સુરતમાં અરદેશરને સમાધિ કરાવી. ૪૮૫
૨૪૪. મુક્તમુનિએ સુરતના ભિખારીદાસને સત્સંગી કર્યા ને
ગઢડે આવી ત્રણસો રૂપિયાની ભેટ શ્રીહરિનાં ચરણોમાં મૂકી. ૪૮૭
૨૪૫. મુંબઈ જઈ રહેલા સુરતના જાનૈયાઓનું વહાણ સમુદ્રમાં ડૂબ્યું ને
સહુ ભૂત થયા. ને સુરતમાં સુંદર હવેલીમાં જઈને રહ્યા.
ભૂતોએ હવેલીમાં આવનારને હેરાન કર્યા.
સુરતના ભક્તોએ તેનો ઉપાય શોધવા ગઢડા શ્રીહરિને
પત્ર લખ્યો. મુક્તમુનિ સુરત આવવા માટે તૈયાર થયા. ૪૮૯
૨૪૬. મુક્તમુનિએ સુરતમાં ભૂતોનો ઉદ્ધાર કર્યો. ૪૯૧
૨૪૭. મનધાર્યું કરીને ગોદડીયા શાંતાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામી
સાથે ગઢપુર આવ્યા. મુક્તમુનિએ સતીગીતા ગ્રંથ લખી
ગઢડે મોકલાવ્યો. ૪૯૩
૨૪૮. મુક્તમુનિ વેમારડીમાં હિંડોળે ઝૂલ્યા. ૪૯૫
૨૪૯. મુક્તમુનિએ વરતાલમાં અરધી રાત્રિએ ભૂખ્યા થયેલા સંતોને
રોટલા જમાડ્યા. ૪૯૭
૨૫૦. મુક્તમુનિનો અવગુણ લેવાથી એક વ્યક્તિને
ભોજનમાં જીવડા દેખાયા. ૪૯૯
૨૫૧. શ્રીહરિએ સંતોની ચિત્ર વિચિત્ર રંગોથી રંગેલી તુંબડીઓ ફોડી. ૫૦૧

૨૫૨. વિપ્ર વેષે આવી શ્રીહરિ મુક્તમુનિ તથા
સંતોને લાડુ જમાડી ગયા. ૫૦૩
૨૫૩. સમૈયામાં વધારે ખર્ચ થયું હોવાથી મુક્તમુનિએ શ્રીહરિને
હરિભક્તોની રસોઈ લેવાની ના પાડી. ૫૦૫
૨૫૪. શ્રીહરિ અને મુક્તમુનિ એકસાથે જમ્યા. ૫૦૭
૨૫૫. ભવાનાનંદ સ્વામીનું માન ઉતાર્યું. ૫૦૯
૨૫૬. સોરઠથી ગઢડે આવી રહેલા મુક્તમુનિની રક્ષા કરવા માટે
શ્રીહરિએ પાર્ષદોને મોકલ્યાં. ૫૧૧
૨૫૭. શ્રીહરિએ મુક્તમુનિની વિકટ માર્ગ થકી રક્ષા કરી. ૫૧૩
૨૫૮. મુક્તમુનિએ કરેલી ગુણગ્રાહક દૃષ્ટિ વિશેની વાતો. ૫૧૫
૨૫૯. કારેલી ગામમાં ભેખધારીઓએ મુક્તમુનિ અને બ્રહ્મમુનિને
પકડ્યા અને કેદ કર્યા. ૫૧૭
૨૬૦. રાઘવજી જતે ભેખધારીને ડારો દઈને કેદ કરેલા સંતોને છોડાવ્યા.
રાઘવજી જતને અંતસમે મુક્તમુનિ તેડવા આવ્યા. ૫૧૯
૨૬૧. મુક્તમુનિ આદિ ચાર સંતોએ અન્ય દેવનું ધ્યાન
કરવાની ના પાડી. શ્રીહરિએ સભામાંથી કાઢી મૂક્યાં પણ
શ્રીહરિ વિના બીજાનું ધ્યાન નહિ થાય
એ વાતમાં મક્કમ રહ્યા. અંતે શ્રીહરિ પ્રસન્ન થયા. ૫૨૧
૨૬૨. મુક્તમુનિએ રામાનંદ સ્વામીનો આડબંધ પોતાની પૂજામાં રાખ્યો.
ચૈતાન્યાનંદ સ્વામીના કહેવાથી તે બાળી નાખ્યો. ને
'છાંડી કે શ્રી ઘનશ્યામ' એ કીર્તન દ્વારા પોતાની સમજણ કહી. ૫૨૩
૨૬૩. વિચરણમાં ગયેલા મુક્તમુનિ 'શ્રીહરિ સારંગપુર છે'
એવાં સમાચાર સુણી ત્યાં આવ્યા. પરંતુ શ્રીહરિએ દર્શન
દેવાની ના પાડી. ૫૨૫
૨૬૪. મુક્તમુનિનો વિરહ ન જોઈ શકતા શ્રીહરિ માણકી ઉપર
સવાર થઈ હોળીધારે સંતોને દર્શન દેવા પધાર્યા. ૫૨૭
૨૬૫. મુક્તમુનિ તથા સંતોએ મળીને અદ્‌ભૂત ગાન કર્યું તે સાંભળી
ગ્વાલિયરના ગવૈયાઓનું માન ઉતરી ગયું. ૫૨૯
૨૬૬. મુક્તમુનિ સુરતમાં એક દિવસ કાચી ને એક દિવસ પાકી રસોઈ જમતા.
તેથી એક સંતને અરુચિ થતા શ્રીહરિને પત્ર લખી

મુક્તમુનિની ફરિયાદ કરી. શ્રીહરિએ સહુને મુક્તમુનિનો
કાચી પાકી રસોઈ કરવાનો ખરો અભિપ્રાય સમજાવ્યો. ૫૩૧
૨૬૭. મુક્તમુનિ મંડળ લઈ મારવાડમાં વિચરણ કરવા પધાર્યા.
સંતોને ભિક્ષા ન મળવાથી ચાર દિવસના ઉપવાસ થયા.
એક બ્રાહ્મણે સંતો માટે ખીચડી બનાવી ને સંતો ખીચડી જમવા બેઠા. ૫૩૩
૨૬૮. ગળ્યા ચીકણાનો નિયમ હોવાના કારણે આત્માનંદ સ્વામીએ
ઘી નાખેલી ખીચડી જમવાની ના પાડી. પરંતુ મુક્તમુનિને દયા
આવતા સહુ સંતોને પ્રેમથી ખીચડી જમાડી.
મુક્તમુનિને 'સત્સંગની માં'નું બિરુદ મળ્યું. ૫૩૫
૨૬૯. મુક્તમુનિએ પ્રસાદીભૂત તીર્થનો મહિમા કહ્યો. ૫૩૭
૨૭૦. ધોળ કરતી વૃદ્ધાએ મુક્તમુનિને ચૂનાવાળું પોતું માર્યું.
મુક્તમુનિએ તે પોતાને ધોઈ તેનાં રેસાઓ અલગ કરી
દિવેટ બનાવી ભગવાનની આરતી ઉતારી. ૫૩૯
૨૭૧. શ્રીહરિ મુક્તમુનિ સાથે વરસતા વરસાદમાં બીમાર થયેલા
દાદાખાચરની ખબર લેવા ગયા. ૫૪૧
૨૭૨. ઘોર જંગલમાં ભૂલા પડેલા મુક્તમુનિની શ્રીહરિએ વિપ્ર
વેષે આવી નદી પાર કરાવી રક્ષા કરી. ૫૪૩
૨૭૩. ચોખા અને તલવારના દ્રષ્ટાંતે મુક્તમુનિનો નિશ્ચય કહ્યો. ૫૪૫
૨૭૪. જમવામાં અશુદ્ધ અન્ન આવતા મુક્તમુનિને પેટમાં આફરો ચડ્યો.
ધ્યાન ન રાખનાર સેવકને ગોપાળાનંદ સ્વામીએ ઠપકો આપ્યો ને
અનુપમાનંદ સ્વામીને મુક્તમુનિની સેવામાં રાખ્યાં. ૫૪૭
૨૭૫. જેતલપુરમાં મુક્તમુનિને મારવા આવતાં દ્વેષીઓનાં વાણી
માધુર્યતાથી દિલ જીત્યાં. ૫૪૯
૨૭૬. જેતલપુરના જીવણદાસ સાધુ થવાં આવ્યાં. ૫૫૧
૨૭૭. જેતલપુરમાં મુક્તમુનિનો મહિમા કહ્યો. ૫૫૩
૨૭૮. જેતલપુરમાં મુક્તમુનિનો મહિમા કહ્યો. ૫૫૫
૨૭૯. મુક્તમુનિનું સંગીત વર્ણવ્યું. ૫૫૭
૨૮૦. મુક્તમુનિ વાકળપ્રદેશમાં કરાલીના રણછોડભાઈ
અમીનને ઘેર રહ્યા. પણ રણછોડભાઈએ મુક્તમુનિની
સારસંભાળ ન લીધી તેથી શ્રીહરિએ તેમને ઠપકો આપ્યો. ૫૫૯

૨૮૧. મૂર્તિમાન ક્રોધ મુક્તમુનિના શરણે આવ્યો. ૫૬૧
૨૮૨. શ્રીહરિ તથા સંતોએ એકાદશીની રાત્રિએ જાગરણ કર્યું.
શ્રીહરિ સંતો સાથે રાસ રમ્યા. ૫૬૩
૨૮૩. શ્રીહરિએ મુક્તમુનિને પ્રસાદીનો ઠુંમરો જમાડ્યો.
મુક્તમુનિએ શ્રીહરિની આખી રાત્રિ ચરણચંપી કરી.
શ્રીહરિને તે વાતની જાણ થતા શ્રીહરિએ મુક્તમુનિને દંડવત કર્યા. ૫૬૫
૨૮૪. મુક્તમુનિએ માનસી પૂજાનો પ્રારંભિક વિધિ કહ્યો. ૫૬૭
૨૮૫. મુક્તમુનિએ માનસી પૂજાનો ઋતુ અનુસાર વિધિ કહ્યો. ૫૬૯
૨૮૬. માનસી પૂજાનું ફળ કહ્યું. ૫૭૧
૨૮૭. સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું. ૫૭૩
૨૮૮. સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીનું આખ્યાન કહ્યું. ૫૭૫
૨૮૯. મુક્તમુનિ અને બ્રહ્મમુનિની હાસ્યલીલા કહી. ૫૭૭
૨૯૦. સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું. ૫૭૯
૨૯૧. સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું. ૫૮૧
૨૯૨. ગુણાતીતાનંદ સ્વામીએ સંતોનાં પગરખાં ઉપાડવાની સેવા કરી
તે જોઈ મુક્તમુનિ તેમના પર રાજી થયા. ૫૮૩
૨૯૩. શ્રીહરિ અને મુક્તમુનિનું મેમકામાં વિચરણ.
હંસરાજભાઈ શ્રીહરિની આજ્ઞાથી ખોલડિયાદ આવ્યાં. ૫૮૫
૨૯૪. હંસરાજભાઈ અને તેમના પુત્ર વીરજી સાધુ થવા માટે ગઢડા આવ્યાં. ૫૮૭
૨૯૫. સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું. ૫૮૯
૨૯૬. સદ્‌ગુરુ શ્રી શુકાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું. ૫૯૧
૨૯૭. સદ્‌ગુરુ શ્રી પ્રસાદાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું. ૫૯૩
૨૯૮. શ્રી ગુરુચરણરતાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું. ૫૯૫
૨૯૯. શ્રી શ્વેતવૈકુંઠાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું. ૫૯૭
૩૦૦. શ્રી ધ્યાનાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું. ૫૯૯
૩૦૧. મુક્તમુનિએ ક્રોધિત થયેલા સંતનો સંશય ટાળ્યો. ૬૦૧
૩૦૨. પૂર્વાશ્રમનાં માતાપિતાને સત્સંગી કરવાનો સંકલ્પ કરનાર
સંતની મમત્વબુદ્ધિ મુક્તમુનિએ દૂર કરી. ૬૦૩
૩૦૩. જૂનાગઢમાં શ્રીહરિની અદ્‌ભૂત સવારી નીકળી તેમજ
શ્રીહરિની વાત સાંભળી મુક્તમુનિને સમાધિ થઈ. ૬૦૫
૩૦૪. સંતોને એકાદશીની રાત્રિએ રાસ રમાડ્યો. ૬૦૭

૩૦૫. મુક્તમુનિએ શ્રીહરિના પ્રસંગમાં આવેલા કોઈ પણ જીવનો
મહિમા કહ્યો ને શ્વાનને દંડવત કર્યા. ૬૦૯
૩૦૬. મુક્તમુનિએ ભાવનગરના રૂપાભાઈનો વ્યવહાર સુધાર્યો. ૬૧૧
૩૦૭. મુક્તમુનિએ ડભાસા અને વડોદરામાં પધરામણી કરી.
બાજીભાઈએ ડભાસામાં સ્વામીનું સામૈયું કર્યું. ૬૧૩
૩૦૮. સરકારપરમાં શ્રીહરિએ રોટલી ચોરવાની લીલા કરી. ૬૧૫
૩૦૯. વરતાલમાં વણિકનું આખ્યાન કહ્યું. ૬૧૭
૩૧૦. શ્રીહરિએ તાવી અને દેવળીયામાં મુંડન કર્યું. ૬૧૯
૩૧૧. હિમરાજ શાહનો પરિવાર કહ્યો.
ને મુક્તમુનિના કહેવાથી વનાશાહે બોટાદમાં રંગોત્સવ કરાવ્યો. ૬૨૧
૩૧૨. મુક્તમુનિના કહેવાથી શ્રીહરિએ સુંદરિયાણામાં વસંતપંચમી કરી. ૬૨૩
૩૧૩. મેમકાનાં કરશન અને ખોડાને શ્રીહરિનો નિશ્ચય થયો.
શ્રીહરિ અને મુક્તમુનિએ એકતા દર્શાવી. ૬૨૫
૩૧૪. મુક્તમુનિએ ધ્રાંગધ્રાનાં મૂળજી ઓઝાને શ્રીહરિનો નિશ્ચય કરાવ્યો. ૬૨૭
૩૧૫. મુક્તમુનિએ બોટાદમાં સત્સંગના પાયા રોપ્યા. ૬૨૯
૩૧૬. બોટાદના ભાઈચંદ શેઠ સત્સંગી થયા. ૬૩૧
૩૧૭. મુઠ્ઠી પોંક જમાડનાર વૃદ્ધ ડોસાનું મુક્તમુનિએ કલ્યાણ કર્યું. ૬૩૩
૩૧૮. વસોના ગિરધર ભક્ત અને જેતપુરનાં જીવા જોષીનાં
માંગલિક પ્રસંગમાં પધારવાની શ્રીહરિની ઈચ્છા ન હોવા છતાં
મુક્તમુનિની મરજી જાણી શ્રીહરિ બંને પ્રસંગે હાજર રહ્યાં. ૬૩૫
૩૧૯. મુક્તમુનિએ થાણાગાલોલના માવા ભગતને સત્સંગી કર્યા. ૬૩૭
૩૨૦. મુક્તમુનિએ ભેંસજાળનાં મોતીરામ તરવાડીને
શ્રીહરિનો નિશ્ચય કરાવ્યો. ૬૩૯
૩૨૧. ગઢડામાં રામપ્રતાપજી રીસાયા ને ક્યાંક જતા રહ્યા. ૬૪૧
૩૨૨. રીસાયેલા રામપ્રતાપજીને મુક્તમુનિ મનાવીને પાછા લાવ્યા. ૬૪૩
૩૨૩. શાસ્ત્રની ચર્ચા કરવા આવેલા પાખંડીનો ગોંડલમાં પરાજય થયો. ૬૪૫
૩૨૪. મુક્તમુનિનો દ્રોહ કરવાથી સાંગાવદરના
ખેડૂતની થયેલી અવદશા. ૬૪૭
૩૨૫. શ્રીહરિએ દદુકાના ગોડજીની પરીક્ષા કરી. ૬૪૯
૩૨૬. મુક્તમુનિએ ગોડજીને બચાવ્યા. ૬૫૧
૩૨૭. મુક્તમુનિએ બગડના જસાખાચરને સત્સંગી કર્યા. ૬૫૩

૩૨૮. મુક્તમુનિના સંગે એકાંતિક થયેલા મેથાણનાં ગોવિંદરામ અને
અમરબાઈની દ્રઢતા કહી. ૬૫૫
૩૨૯. મુક્તમુનિ પાસે સાધુ થવા આવેલા સગાળ ભક્તને
સંસારનું સંકટ નડ્યું. ૬૫૭
૩૩૦. મુક્તમુનિએ લીંબડીના રણછોડ સોનીને સત્સંગી કર્યા. ૬૫૯
૩૩૧. મુક્તમુનિ અંતસમે ધના ભક્તને ધામમાં તેડવા આવ્યા. ૬૬૧
૩૩૨. હઠ લઈને બેઠેલા પીપલાણાનાં નરસિંહ મહેતાને મુક્તમુનિએ મનાવ્યા. ૬૬૩
૩૩૩. મુક્તમુનિએ નરસિંહ મહેતાના સંશય દૂર કર્યા. ૬૬૫
૩૩૪. વરતાલ મંદિરનું કામ શરુ થતાં મુક્તમુનિ લક્ષ્મીનારાયણની
મૂર્તિઓ લેવા માટે વડોદરા ગયા. ને મૂર્તિઓ બોચાસણમાં રાખી. ૬૬૭
૩૩૫. વરતાલમાં પ્રતિષ્ઠા કરવા જતા શ્રીહરિ અને મુક્તમુનિ
કમિયાળા આવ્યાં ને મુક્તમુનિ ઘોડી પર બેઠા. ૬૬૯
૩૩૬. કમિયાળામાં મુક્તમુનિ ઘોડી પરથી પડ્યા ને હાથ ભાંગ્યો. ૬૭૧
૩૩૭. શ્રીહરિએ વરતાલમાં દેવોની પ્રતિષ્ઠા કરી ને
પાછા કમિયાળા આવી મુક્તમુનિની ખબર લીધી.
ને ત્યાંથી પલંગમાં સૂવરાવી મુક્તમુનિને ગઢડે લાવ્યા. ૬૭૩
૩૩૮. શ્રીહરિએ પોતાની અક્ષરઓરડી ખાલી કરી મુક્તમુનિને ત્યાં
ઉતારો આપ્યો. વહેલાલથી જીજીભાઈને બોલાવી
મુક્તમુનિના હાથે પાટો બંધાવી નિદાન કર્યું. ૬૭૫
૩૩૯. રામનવમી કરવા મુક્તમુનિ ડોલીમાં બેસી વરતાલ આવ્યા. ૬૭૭
૩૪૦. શ્રીહરિએ મુક્તમુનિને દહીં જમાડ્યું ને ભાદર નદીનું પાણી મીઠું કર્યું. ૬૭૯
૩૪૧. વડોદરામાં શાસ્ત્રાર્થ કરવા વિદ્વાન સંતને તેડવા માટે નારુપંત
નાના વરતાલ આવ્યા ને શ્રીહરિને વિનંતી કરી.
શ્રીહરિએ શાસ્ત્રાર્થ કરવા માટે મુક્તમુનિને વડોદરા મોકલ્યાં.
મુક્તમુનિની વિદ્વત્તા કહી. ૬૮૧
૩૪૨. વડોદરા શાસ્ત્રાર્થમાં મુક્તમુનિએ કળિયુગમાં ભગવાનનું
અવતરણ કહ્યું. ૬૮૩
૩૪૩. વડોદરા શાસ્ત્રાર્થમાં મુક્તમુનિએ ભગવાનની ઉપાસનાથી
કલ્યાણ થાય એવો મત સ્થાપિત કર્યો. ૬૮૫
૩૪૪. વડોદરા શાસ્ત્રાર્થમાં મુક્તમુનિએ ત્રિયુગી શબ્દનો અર્થ કર્યો. ૬૮૭

INDEX

૩૪૫. વડોદરા શાસ્ત્રાર્થમાં મુક્તમુનિએ અવતારોનું રહસ્ય કહ્યું. ૬૮૯
૩૪૬. વડોદરા શાસ્ત્રાર્થમાં મુક્તમુનિનો વિજય થયો. ૬૯૧
૩૪૭. શાસ્ત્રાર્થમાં વિજય થતા વડોદરામાં મુક્તમુનિની સવારી નીકળી. ૬૯૩
૩૪૮. શાસ્ત્રાર્થ વિજયના સમાચાર સુણી શ્રીહરિ રાજી થયા ને
શ્રીહરિએ બસ્સો જોડ ચરણારવિંદ પાડીને મુક્તમુનિને મોકલ્યાં. ૬૯૫
૩૪૯. સયાજીરાવે શ્રીહરિને વડોદરા પધારવા માટે કાગળ લખ્યો.
ને શ્રીહરિએ પ્રથમ મુક્તમુનિ આદિ ત્રણ સદ્‌ગુરુને મોકલ્યાં.
સયાજીરાવે નારુપંત નાનાને વ્યવહારનો વિવેક સમજાવ્યો. ૬૯૭
૩૫૦. મુક્તમુનિ સયાજીરાવના દરબારમાં રહ્યા. ૬૯૯
૩૫૧. મુક્તમુનિએ સયાજીરાવને ઉપદેશ આપ્યો. ૭૦૧
૩૫૨. સુરતમાં મુક્તમુનિએ સંતોને વસ્તુ પદાર્થ રાખવા માટેનો વિવેક કહ્યો. ૭૦૩
૩૫૩. ગઢડામાં રીસાયેલા શ્રીહરિને મુક્તમુનિએ મનાવ્યા. ૭૦૫
૩૫૪. મુક્તમુનિએ જીવાખાચરને અંતસમયે ઉપદેશ આપ્યો ને
શ્રીહરિ જીવાખાચરને ધામમાં તેડી ગયાં. ૭૦૭
૩૫૫. શ્રીહરિએ પંક્તિ બહાર કરેલા માધવદાસ સ્વામીને
મુક્તમુનિએ ફરીથી પંક્તિમાં લીધા. ૭૦૯
૩૫૬. અદીબાનાં ખંભે શ્રીહરિને હાથ મૂકતા જોઈ ગઢાળીનાં
આંબા શેઠને અભાવ આવ્યો. ૭૧૧
૩૫૭. મુક્તમુનિએ આંબા શેઠને સમજાવ્યા ને સત્સંગમાં પાછા લાવ્યા. ૭૧૩
૩૫૮. જેતલપુરમાં ઉત્સવ કરવા શ્રીહરિએ સહુને કંકોતરી લખીને તેડાવ્યા.
પરંતુ તડકો વધારે પડતો હોવાથી મુક્તમુનિને સમાચાર
આપવા મોકલ્યાં કે હમણાં જેતલપુર ઉત્સવ નહિ કરીએ,
ટાઢક વળશે પછી ઉત્સવ કરીશું.
ત્યારબાદ મુક્તમુનિ કૌકા ગામે પધાર્યા. ૭૧૫
૩૫૯. જળઝીલણી એકાદશીના દિવસે ગઢપુરમાં મુક્તમુનિના પ્રતાપથી
ચંદનની વૃષ્ટિ થઈ. ૭૧૭
૩૬૦. મુક્તમુનિની વિનંતિથી શ્રીહરિએ કરમડમાં વરસાદ વરસાવ્યો. ૭૧૯
૩૬૧. શ્રીહરિ પાસેથી દશ હજાર રૂપિયા પડાવી લેવા માટે
ચાસકા ગામના નારસંગે કપટ કર્યું.
મુક્તમુનિને શ્રીહરિએ ચાસકા ગામ મોકલ્યા. ૭૨૧

૩૬૨. મુક્તમુનિએ નડિયાદમાં શ્રીહરિનો મહિમા કહ્યો. ૭૨૩
૩૬૩. ગુજરાતના ભક્તોએ શ્રીહરિ પાસે મનધાર્યું કરાવ્યું.
કડીયાના બાકી રહેલા પગાર ન ચૂકવીને પરાણે રસોઈ આપી. ૭૨૫
૩૬૪. મુક્તમુનિએ ખોલડિયાદનાં ખેંગારભાઈને
શ્રીહરિનો ખરો અભિપ્રાય સમજાવ્યો. ૭૨૭
૩૬૫. ગુણાતીતાનંદ સ્વામીએ મુક્તમુનિના બે સંકલ્પ પૂરા કર્યા. ૭૨૯
૩૬૬. મુક્તમુનિના પ્રસંગથી વર્તમાન ધારણ કરેલા
ભક્તોની નામાવલિ તેમજ મુક્તમુનિનું બહુમાન દર્શાવ્યું. ૭૩૧
૩૬૭. શ્રીહરિએ મુક્તમુનિ સાથે કલ્યાણ સંબંધી વાતો કરી. ૭૩૩
૩૬૮. શ્રીહરિએ સ્વધામગમનનો વિચાર કર્યો. ૭૩૫
૩૬૯. શ્રીહરિ પંચભૌતિક દેહનો ત્યાગ કરી સ્વધામ સિધાવ્યા. ૭૩૭
૩૭૦. શ્રીહરિનાં અક્ષરવાસથી ઉદાસ થયેલા દાદાખાચરને મુક્તમુનિએ
શ્રીહરિના લીલા ચરિત્રો કહ્યા. મુક્તમુનિએ લખેલો ધર્માખ્યાન ગ્રંથ
નિત્યાનંદ સ્વામીએ શુદ્ધ કર્યો. ૭૩૯
૩૭૧. મુક્તમુનિ પંચભૌતિક દેહનો ત્યાગ કરી અક્ષરધામ સિધાવ્યા. ૭૪૧
૩૭૨. ગ્રંથનો મર્મ કહ્યો. ૭૪૩
૩૭૩. ગ્રંથની પૂર્ણાહુતિ કરી. ૭૪૫
● સંદર્ભગ્રંથ સૂચિ ૭૪૭



॥ श्रीलोयाधामाधीशो जयति ॥

શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ

પ્રકરણ : ૧

પૂર્વછાયો :

સર્વોપરી છો શ્રીહરિ, પરિપૂર્ણ પુરુષોત્તમ ॥
સર્વાવતારી અંતર્યામી, જગવ્યાપક પરબ્રહ્મ ॥૧॥
સર્વકારણ સર્વેશ્વર, સદન સદા બ્રહ્મમોલ ॥
અનંત મુક્તે સેવિયા, તમે મુક્તપતિ અણમોલ ॥૨॥
અનંત કોટિ બ્રહ્માંડના, મહારાજાધિરાજ પાવન ॥
અક્ષરાધિપતિ અવિનાશી, તવ મૂરત મનભાવન ॥૩॥

ચોપાઈ :

કોટિ કોટિ અર્ક ઈન્દુ તણું, તેજ દીસે આપમાંહિ ઘણું ॥
તે તો ભક્ત કાજે સુખકારી, સદા શીતળ શાંત અપારી ॥૪॥
એવાં અકળ આપ અમાપ, સ્વયંપ્રકાશ અતિ પ્રતાપ ॥
બ્રહ્મ ઈશ્વર શક્તિ ને કાળ, તેનાં પ્રેરક ને પ્રતિપાળ ॥૫॥
સદા શોભે કિશોર મૂરતિ, દેખી લાજે કોટિ રતિપતિ ॥
શોભાસાગર છો સુખધામ, ધર્મકુંવર દીનબંધુ નામ ॥૬॥
તમે જક્તપતિ જગદીશ, સર્વનિયંતા ને મહાઈશ ॥
ધરી ધ્યાન તવ ઉરમાંય, નમું શ્રીહરિવર સદાય ॥૭॥
મુક્તમુનિના નાથ સુજાણ, સદ્‌ગુણ અનંતની ખાણ ॥
તમ જેવા નહિ જગમાંય, નમું શ્રીહરિવર સદાય ॥૮॥
મુક્તમુનિના પ્યારા પ્રભુજી, સચ્ચિદાનંદ દામોદરજી ॥
શ્રુતિ સ્મૃતિ તમને જ ગાય, નમું શ્રીહરિવર સદાય ॥૯॥
મુક્તમુનિના સ્વામી મોરાર, નિજ ભક્તને સુખ દેનાર ॥
દર્શ દેવાદિ તમરું ચહાય, નમું શ્રીહરિવર સદાય ॥૧૦॥
મુક્તમુનિને વર દેનારા, આપ ઉતારો ભવસિંધુ પારા ॥
વદે વેદ નેતિ મહિમાય, નમું શ્રીહરિવર સદાય ॥૧૧॥

INDEX

મુક્તમુનિના પ્રાણઆધાર, ભક્તવત્સલ જગદાધાર ॥
છો વ્યાપક ચરાચરમાંય, નમું શ્રીહરિવર સદાય ॥૧૨॥
તમે નાથ ! મારા ઉપકારી, કરો કૃપા મું પર લગારી ॥
હરખે હૈયું ગાવા ગુણલાંય, મહામુક્ત તણાં સુખદાય ॥૧૩॥
પ્રાણના છો ધડકણ મારા, શરણાગત એ છે તમારાં ॥
સર્વશ્રેષ્ઠ વળી સર્વ જયેષ્ઠ, જેનું સ્મરણ કર્યે મટે કષ્ટ ॥૧૪॥
મુજ આતમના સગાં માત, મેર માળાના તમારાં નાથ ॥
મુનિ મુખ્ય સદા મુનિરાજ, સહુથી વ્હાલા તમને મહારાજ ॥૧૫॥
મારા આદિ સદ્‌ગુરુદેવા, કરે તમારાં ચરણની સેવા ॥
પરમહંસ શિરોમણિ સાર, દીસે દિલે શીતળતા અપાર ॥૧૬॥
મારા મોક્ષ કરતલ સ્વામી, સંત સર્વોપરી છે નિષ્કામી ॥
એ છે કલ્પવૃક્ષ ચિંતામણિ, કહીયે શું મોટ્યપ એની ઘણી ॥૧૭॥
મન કહેવાણા મોહન તણું, હૈયે હંમેશ છે જાણપણું ॥
એવાં સમર્થ સદ્‌ગુરુ જ્ઞાની, મુક્તાનંદ મહામુનિ ધ્યાની ॥૧૮॥
તેનાં પાવન ચરિત્ર ગાવા, હૈયે હોંશ ઘણી મારા માવા ॥
બળ દેજો બહુનામી બહુ, ઈચ્છા એટલી ઉરમાં કહું ॥૧૯॥
વિક્રમ સંવત હજાર દોય, સિત્તોતેર વર્ષ શુભ હોય ॥
ગુરુપૂર્ણિમા ને શનિવાર, કરું વંદન વારંવાર ॥૨૦॥
ધન્ય ધીંગી ધરા જે પાંચાળ, સંત શૂરાની ભરી રસાળ ॥
પ્રભુ પ્રકટનું તિયાં ઠામ, બ્રહ્મમોલ તુલ્ય લોયાધામ ॥૨૧॥
એહ ધામમાં કરી નિવાસ, ગ્રહી પ્રભુ પ્રતાપની રાશ ॥
મોટા ગ્રંથનો આદર કરું, જેહ ચરિત્રનો મોટો ચરુ ॥૨૨॥
પ્રાસ અનુપ્રાસે નહિ મેળ, ગદ્ય પદ્યનો નથી સુમેળ ॥
અલંકાર ભાષા નવ જાણું, હરિ રાજી કરવા કરું ગાણું ॥૨૩॥
મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ, અઘ ઓઘ નાશ થાય સુણી ॥
પ્રકટ ઉપાસી જનને કાજ, આ છે સાક્ષાત મોક્ષનું જા'જ ॥૨૪॥
માટે શ્રીહરિ કરજો સહાય, જેથી વિઘન કોઈ ન થાય ॥
મુજ સમીપ કરજો વાસ, માંગે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્‌ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ
ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ

INDEX

ચરિત્ર ચિંતામણિ મધ્યે કવિએ શ્રી ઠાકોરજી મહારાજની સ્તુતિ કરી એ નામે પ્રથમ પ્રકરણમ્ ॥૧॥

પ્રકરણ : ૨

પૂર્વછાયો :

રાધા પતિના આત્મા, વળી રાધા પતિના તન ॥
રાધા પતિના પ્રિય સખા, વળી રાધા પતિના મન ॥૧॥
નથી અણુંયે ન્યુન જે, વ્રજચંદથી ખરેખરા ॥
વસિયા જેને રોમ-રોમે, વિભુ વરા વિશ્વંભરા ॥૨॥
એવા હે ઉદ્ધવજી, આપે ધર્યું રામાનંદ રૂપ ॥
ઉદ્ધવ સત્સંગ સ્થાપિયો, વળી જીવ કર્યા બ્રહ્મરૂપ ॥૩॥

ચોપાઈ :

ધન્ય ધન્ય તે કૌશલ દેશ, એમાં અવધપુર વિશેષ ॥
ધન્ય ધન્ય તે અજય તાત, ધન્ય ધન્ય તે સુમતિ માત ॥૪॥
ઈયા પ્રગટ્યા સુંદર તન, મુમુક્ષુતણા પ્રાણજીવન ॥
મહાસમર્થ ને સુખકારી, સદ્‌ગુરુજી ભવભયહારી ॥૫॥
પ્રૌઢ આકૃતિ આજાનુ કર, આપે ભુજાઓ અભય વર ॥
કેવા અરુણ કમળ દલ, એવા કોમળ પાદયુગલ ॥૬॥
શોભે ચરણે શું ઉર્ધ્વરેખ, એ તો ટાળે વિધાતાના લેખ ॥
નખમણિયું દીસે તેજાળી, દક્ષિણ અંગુષ્ઠે રેખા રૂપાળી ॥૭॥
પાની ઘૂંટી પીંડી જાનુ વળી, જંઘા જુગ શોભી રહ્યા મળી ॥
સોહામણો લાગે કટિ તટ, નથી નથી યાં અવિદ્યા પટ ॥૮॥
મોટી ફાંદે શોભે ત્રણ્ય વળ, મધ્યે નૌતમ નાભિકમળ ॥
અતિશે વિશાળ વક્ષઃસ્થળ, જોતા નાસે અંતરારિ દળ ॥૯॥
મુખચંદ્ર શોભા શી વખાણું, ભક્ત ચકોરની ગતિ જાણું ॥
નેણા રેલી રહ્યા છે કરુણા, તેણે તો લાજે કંજ અરુણા ॥૧૦॥
નાસા નમણી શુક સમાન, સોહે લઘુ કપોળ ને કાન ॥
અધરોષ્ઠ રક્તબિંબફળ, મંદ મંદ હસે છે વિમળ ॥૧૧॥
અતિ વિશાળ ભાલ બિરાજે, તિયાં ઉર્ધ્વપુંડ્ર ચંદ્ર રાજે ॥
વામ અંસે સોહે બ્રહ્મસૂત્ર, કંઠે તુલસીમાળા પવિત્ર ॥૧૨॥

ગૌર મૂરતિ ને પુષ્ટ તન, શોભે સુંદર શ્વેત વસન ॥
જોઈ લાજે કોટિ કામ અતિ, એવી મનોહર છે મૂરતિ ॥૧૩॥
કલ્યાણકારી ગુણ જે કે'વાય, તેણે પૂરણ શોભો સદાય ॥
કાળ કર્મ માયાનો પ્રપંચ, આપ નિકટે નાવે જો રંચ ॥૧૪॥
સામુદ્રિક શાસ્ત્રે કહ્યા જેહ, ભગવત્સ્વરૂપ સંત જેહ ॥
શુભ ચિહ્ન તેના દીનાનાથ, ધર્યા આપે શું ગાઉં હું ગાથ ॥૧૫॥
પ્રભુ થકી જો સાક્ષાત્કાર, શુભ દીક્ષા મંત્ર પામ્યા સાર ॥
સ્થાપ્યો સંપ્રદાય મોક્ષ જા'ઝ, નમું રામાનંદજી મહારાજ ॥૧૬॥
શુદ્ધ સાકારરૂપ ઉપાસી, એકાંતિક ધર્મના પ્રકાશી ॥
બાંધી ભવસિંધુ પર પાજ, નમું રામાનંદજી મહારાજ ॥૧૭॥
દયાળુ દલના મે'રબાન, જક્તતારણ છો ભગવાન ॥
મુક્તમંડળના શિરતાજ, નમું રામાનંદજી મહારાજ ॥૧૮॥
શબ્દબ્રહ્મ પરબ્રહ્મ જાણો, સર્વે લોક હસ્તામળ માણો ॥
સદા સર્વજ્ઞ સદ્ગુરુરાજ, નમું રામાનંદજી મહારાજ ॥૧૯॥
અંતેવાસીના અંતરયામી, આપ ચરણ સેવે જે સ્વામી ॥
તેને હૃદે દેખાડો છો રાજ, નમું રામાનંદજી મહારાજ ॥૨૦॥
રામદાસ આદિ સંતજન, મયારામાદિ ગૃહી પાવન ॥
આપ પ્રતાપે થયા મુક્તરાજ, નમું રામાનંદજી મહારાજ ॥૨૧॥
લોજ અગત્રાઈ ને શ્રીપુર, ભુજ આદિ કંઈ જો જરૂર ॥
આપ ચરણે થયા તીર્થરાજ, નમું રામાનંદજી મહારાજ ॥૨૨॥
મુક્તિ ચતુરધા સુખરાશી, એ તો આપ ચરણની દાસી ॥
દીસો પ્રકટ પ્રમાણ આજ, નમું રામાનંદજી મહારાજ ॥૨૩॥
નમું હે સદ્ગુરુ ભગવંત, હું છું મુક્તમુનિ તણો સંત ॥
કૃપાનાથ ! કૃપા ઉર ધરો, મુજ અજ્ઞાન તિમિર હરો ॥૨૪॥
આજ્ઞાચક્ર માંહિ વસો વાસ, પ્રેમે પાથરો જ્ઞાનપ્રકાશ ॥
જેથી ગ્રંથે થાય જો સમાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે કવિએ સદ્ગુરુ શ્રી રામાનંદ સ્વામીની સ્તુતિ કરી એ નામે બીજું પ્રકરણમ્ ॥૨॥

INDEX

પ્રકરણ : ૩

પૂર્વછાયો :

વળી નમું વૃષ તાતને, પ્રેમવતી માતને સોય ॥
અડસઠ તીરથ જેના ચરણે, કોટિ ગયા ગંગા તોય ॥૧॥
નથી નથી જેને જન્મવું, નથી મરવું પણ એકવાર ॥
આવાગમન જેને નથી, એને વંદુ વારમવાર ॥૨॥
ડૂબતાં ભવસાગરમાં, છો કાષ્ટ સમ સહાય ॥
લળી લળી વિનવું વળી, તમે રે'જ્યો અંતરમાંય ॥૩॥

ચોપાઈ :

ક્ષમાશીલ ને સરળ વેશ, નથી કામ ક્રોધ તણો ક્લેશ ॥
પૂરા પરોપકારી સદાય, નમું નમું માતતાત પાય ॥૪॥
મહાપ્રભાવશાળી કુશળ, જેનું મન અતિ નિરમળ ॥
તવ જોડ્ય નહિ જગમાંય, નમું નમું માતતાત પાય ॥૫॥
લાગે લૂણ રહિત ભોજન, એમ આપ વિહોણું ભજન ॥
તેણે ન સરે કાજ જરાય, નમું નમું માતતાત પાય ॥૬॥
આપ રીઝે રીઝે મારો નાથ, આપ ખીજે ખીજે કૃપાનાથ ॥
આપ સેવાયે સ્વામી સેવાય, નમું નમું માત તાત પાય ॥૭॥
તજી તમને સેવે જે દેવ, તેની નિષ્ફળ સકળ સેવ ॥
છો જી આપ કલ્પતરુ છાંય, નમું નમું માત તાત પાય ॥૮॥
મોક્ષહેતું જે દૈવી સંપત, ગીતામાંહિ કીધી ભગવંત ॥
પામે પુષ્ટિ તે આપ કૃપાય, નમું નમું માત તાત પાય ॥૯॥
આપ કારણ શ્રીહરિરાય, અવતરે યુગ-યુગમાંય ॥
સત્ય વાત એ સચ્છાસ્ત્રમાંય, નમું નમું માત તાત પાય ॥૧૦॥
ઋષિ મુનિ તપસ્વી ને ત્યાગી, સદાકાળ આપ અનુરાગી ॥
ભજે નહિ તજે જો કદાય, નમું નમું માત તાત પાય ॥૧૧॥
શુદ્ધ સત્ત્વમય તનુરૂપ, અતિ કોમળ શાંતસ્વરૂપ ॥
દીઠે દુઃખ દૂર જો પલાય, નમું નમું માત તાત પાય ॥૧૨॥
પદ્મપાદ પદ્મહસ્ત આપ, પદ્મલોચન પૂર્ણ નિષ્પાપ ॥
જેના ગુણલાં ગણેશ ગાય, નમું નમું માત તાત પાય ॥૧૩॥

દિવ્ય શ્રી બદ્રિધામ મોઝાર, ગ્રહ્યો મુનીશ કોપ અપાર ॥
પ્રેમે પધાર્યા છપૈયામાંય, નમું નમું માત તાત પાય ॥૧૪॥
મહાપાપી કૂડાં અસુરાણ, તેણે પીડ્યા અતિશે સુજાણ ॥
તોય નેમ તજી નહિ કાંય, નમું નમું માત તાત પાય ॥૧૫॥
જગદ્‌ગુરુ રામાનંદ સ્વામી, સેવ્યે રાખી નહિ લેશ ખામી ॥
શિક્ષા દીક્ષા પામ્યા સુખદાય, નમું નમું માત તાત પાય ॥૧૬॥
રૂડી રીતે રીઝવવા રાજ, દ્રઢ વ્રત ધરી કીધું કાજ ॥
વર પામી ફૂલ્યા કૃશકાય, નમું નમું માત તાત પાય ॥૧૭॥
મારા કંથ મારા મહારાજ, હેતભર્યા હરિકૃષ્ણરાજ ॥
પ્રગટ્યા જેથી પરમરાય, નમું નમું માત તાત પાય ॥૧૮॥
આપે મુમુક્ષુ દીક્ષિત કીધાં, પાપ તાપ તેના હરી લીધાં ॥
મોક્ષમગે દીધી શું સહાય, નમું નમું માત તાત પાય ॥૧૯॥
ધન્ય ધન્ય એ પુર ને ગ્રામ, જિયાં આપ વસો સુખધામ ॥
આપ વસો ત્યાં વસે શ્રીરાય, નમું નમું માત તાત પાય ॥૨૦॥
વૃત્તપુર ને શ્રીદુર્ગપુર, શ્રીનગર ને છપૈયાપુર ॥
મૂર્તિમંત શું મંદિરમાંય, નમું નમું માત તાત પાય ॥૨૧॥
શુભ ગુણ શુભ કળા હીણ, નોય એકે વાતે જે પ્રવીણ ॥
તવ કૃપા તે સરેશ થાય, નમું નમું માત તાત પાય ॥૨૨॥
આપ દ્રોહી જે દ્વિજ મહાન, થાય શ્વપચ સમ નિદાન ॥
આપ સેવ્યે શ્વપચ નિદાન, થાય દ્વિજ થકી તે મહાન ॥૨૩॥
વારે વારે નમું જગતાત, વારે વારે નમું જગમાત ॥
મુજ વિનંતિ સુણજો લેશ, દયા દિલે ધરજો વિશેષ ॥૨૪॥
હું છું અબુધ અનાડી બાળ, આપ બાળતણા પ્રતિપાળ ॥
મુજ જીવનમાં વસો વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે કવિએ શ્રી ધર્મદેવ અને ભક્તિમાતાની સ્તુતિ કરી એ નામે ત્રીજું પ્રકરણમ્ ॥૩॥

પ્રકરણ : ૪

પૂર્વછાયો :

અનાદિ મુક્ત અક્ષરના, સર્વોપરી સુખધામ ॥
મહામુનિ મુક્તાનંદજી, આપ મારે ઠરવાનું ઠામ ॥૧॥
આ સત્સંગની માત છો, વળી મુજ આદિ ગુરુદેવ ॥
વારે વારે વંદન કરું, અતિ ભાવ ભરી ધરી સેવ ॥૨॥
મહા આનંદમય મૂરતિ, એમાં વસો આહું જામ ॥
આપના એક એક અંગમાં, વસે શ્રીહરિ પૂરણકામ ॥૩॥

ચોપાઈ :

આપ શીશમાં હરિનું શીશ, મુખે હરિનું મુખ વિશેષ ॥
આપ નેણમાં હરિના નેણ, વેણે હરિના અમૃત વેણ ॥૪॥
આપ કાનમાં હરિના કાન, નાસાએ હરિનાસા નિદાન ॥
આપ હાથમાં હરિના હાથ, ચરણે હરિચરણ સંગાથ ॥૫॥
આપ હૃદયમાં હરિનું હૃદય, એમ અંગોઅંગ તે અભય ॥
હરિરૂપ આપ ગુરુહરિ, મુને રાખજયો આપનો કરી ॥૬॥
આંહિથી લઈ અક્ષરે છેક, વસે મહામુક્તો જે અનેક ॥
એમાં આપ જેવા એક આપ, અલ્પ મુખે શુ કહું પ્રતાપ ॥૭॥
સર્વોપરી અનાદિ મુક્ત, સર્વોપરી ઐશ્વર્યજુક્ત ॥
સર્વોપરી સદ્‌ગુરુ સંત, સર્વોપરી સદ્‌ગુણવંત ॥૮॥
સર્વોપરી છો બ્રહ્મવેત્તા, સર્વોપરી ભવભયભેત્તા ॥
સર્વોપરી સંશયહર્તા, સર્વોપરી કલ્યાણકર્તા ॥૯॥
સર્વોપરી સરળ ચિત્ત, સર્વોપરી ઇન્દ્રિયજીત ॥
સર્વોપરી છો નિર્માન, સર્વોપરી છો ક્ષમાવાન ॥૧૦॥
સર્વોપરી સદા શુભમતિ, નથી જક્તદોષ જેમાં રતિ ॥
સર્વોપરી ધીર ગંભીર, સર્વોપરી છે મન સ્થિર ॥૧૧॥
સર્વોપરી આપનું શીલ, સર્વોપરી દયાળુ દિલ ॥
સર્વોપરી આપ કોમળ, સર્વોપરી આપ નિર્મળ ॥૧૨॥
સર્વોપરી આપ સદાચાર, સર્વોપરી સદ્‌વિચાર ॥
સર્વોપરી આપ પવિત્ર, સર્વોપરી આપ ચરિત્ર ॥૧૩॥

INDEX

સર્વોપરી આપનું જ્ઞાન, સર્વોપરી આપનું ધ્યાન ॥
સર્વોપરી આપનું વ્રત, સર્વોપરી જપ ને તપ ॥૧૪॥
સર્વોપરી આપનો યોગ, ટાળે મહામોટો ભવરોગ ॥
સર્વોપરી છો નિર્વિકારી, સર્વોપરી પરઉપકારી ॥૧૫॥
સર્વોપરી હરિમાં પ્રીત, સર્વોપરી હરિમાં ચિત્ત ॥
માટે સર્વથી હરિને પ્યારા, નમું આદિ ગુરુદેવ મારા ॥૧૬॥
નિશ્ચય માહાત્મ્ય જ્ઞાને સહિત, સર્વોપરી છે જો ખચિત ॥
શોભો શ્રદ્ધાદિ ગુણે અપારા, નમું આદિ ગુરુદેવ મારા ॥૧૭॥
સત્સંગ તણાં શણગાર, મહાબ્રહ્મવિદ્યાના ભંડાર ॥
તુચ્છ જીવના તારણહારા, નમું આદિ ગુરુદેવ મારા ॥૧૮॥
તમારે ભજને કરી સ્વામી ટળે કામક્રોધાદિ હરામી ॥
મેલ માયાનો મીટાવનારા, નમું આદિ ગુરુદેવ મારા ॥૧૯॥
મર હોય ગમે તેવો પાપી, તવ શરણ ગ્રહે કદાપિ ॥
પાપ એના પળમાં હરનારા, નમું આદિ ગુરુદેવ મારા ॥૨૦॥
તવ દર્શને જે જીવ આવે, ડગે ડગે યજ્ઞફળ પાવે ॥
મહા અક્ષય સુખદાતારા, નમું આદિ ગુરુદેવ મારા ॥૨૧॥
આપ નેણે કરુણા ભરેલ, આપ વેણે જો અમી ધરેલ ॥
હૈયે હેત અતિ ધરનારા, નમું આદિ ગુરુદેવ મારા ॥૨૨॥
મુજ મોક્ષનું પરમદ્વાર, મહાયોગી ને પરમ ઉદાર ॥
મહાસમર્થ અપરમપારા, નમું આદિ ગુરુદેવ મારા ॥૨૩॥
હું તો છોરું કછોરું અમાપ, મુજ માવતર સાક્ષાત આપ ॥
આપ છો મુજને પ્રાણથી પ્યારા, નમું આદિ ગુરુદેવ મારા ॥૨૪॥
ગ્રહી બાંય આ બાળની આપ, કરો જતન સ્વામી ! અમાપ ॥
દેજયો આપ ચરણમાં નિવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે આદિ ગુરુદેવ મહામુનિ શ્રી મુક્તાનંદ સ્વામીની સ્તુતિ કરી એ નામે ચોથું પ્રકરણમ્ ॥૪॥

પ્રકરણ : ૫

પૂર્વછાયો :

ત્રિકાળજ્ઞાની તત્વવેત્તા, મહાસમરથ મૂરતિ ॥
સ્વામી ગોપાળાનંદજી, નમું નમું તમને અતિ અતિ ॥૧॥
દાસત્વના આચાર્ય છો, યોગીગણે શ્રી યોગીરાજ ॥
દરિયા સમ હેતાળ હૃદયે, રાખો સદા મહારાજ ॥૨॥
મચ્છર સમ તુચ્છ જીવને, આપ ગરુડ સુખકંદ ॥
શરણાગતના સ્વામીજી, ટાળો ટાળો સઘળા ફંદ ॥૩॥

ચોપાઈ :

ધન્ય ધન્ય તે ઈડર દેશ, તેમાં ટોડલા ગામ વિશેષ ॥
ધન્ય ધન્ય તાત મોતીરામ, ધન્ય કુશળા માત અભિરામ ॥૪॥
બાળપણા થકી થયાં સિદ્ધ, વળી દેશ પ્રદેશ પ્રસિદ્ધ ॥
આપ સંગે મહાપ્રભુ રમે, આપનું ચિત્ત ક્યાંય ન ભમે ॥૫॥
ભણવાનું લઈ મોટું મિષ, મુક્તમુનિ સંગે અહોનિશ ॥
સર્વોપરી સંતગુણ આપ, શીખ્યા નિષ્કપટભાવે અમાપ ॥૬॥
અતિ કોમળ સરળ ભાવ, રેશમ ફેલ સમ છે સ્વભાવ ॥
બુદ્ધિચાતુર્ય છુપાવી રાખો, લેશ નવ પ્રદર્શન દાખો ॥૭॥
સહુ સંત જાણે સમરથ, ગાળો નહિ એક પળ વ્યર્થ ॥
શુદ્ધ નિર્મળ અંતર અપાર, ઐશ્વર્ય તણો નથી જો ભાર ॥૮॥
આપ વૃત્તિ રમે હરિ સંગ, આપ રોમે રોમે હરિ રંગ ॥
જેમ તેજ અગ્નિ નહિ જુદા, એમ આપ હરિ એક સદા ॥૯॥
સદા વશ તમને ભગવાન, તોય આપ નિર્માન નિદાન ॥
સહી દુષ્ટ જીવો તણી દાઝ, લેશ રોષ ન કીધો મા'રાજ ॥૧૦॥
જાણો જીવ તાર્યા તણી વિધિ, વળી અમાપ ઐશ્વર્યનિધિ ॥
સર્વસિદ્ધશિરોમણિ આપ, સાધુતાગુણે શોભો અમાપ ॥૧૧॥
કેદિ ક્યાંય બંધાઓ ન રતિ, એવી આપની વિવેકી મતિ ॥
કેદિ ક્યાંય અંજાવો ન રતિ, એવી આપની છે સ્થિર મતિ ॥૧૨॥
મહા ઉજ્જવળ પ્રકાશવાન, આત્મામાંહિ અખંડ નિદાન ॥
પુરુષોત્તમ સાકારરૂપ, સર્વોપરી ધારો છો અનુપ ॥૧૩॥

INDEX

આપ પ્રકાશવાન છો સંત, આણો અજ્ઞાનતિમિર અંત ॥
ઈશાદિ ઉપનિષદ્ ગીતા, તેનાં ભાષ્ય રચ્યા મનમીતા ॥૧૪॥
સ્કંધ દ્વિતીય ને વેદસ્તુતિ, એકાદશ દશમ મહામતિ ॥
તેની ટીકાઓ કીધી અનેરી, ભક્તિસિદ્ધિ જો ભલી ઘણેરી ॥૧૫॥
હરિભક્તનામરત્નાવલિ, વળી લોકમંગલનામાવલિ ॥
હરિસ્વરૂપ નિર્ણય આદિ, આપ તણી એ ગ્રંથ પ્રસાદી ॥૧૬॥
વચનામૃત રહસ્ય વાત, આપ જાણો છો સદા સાક્ષાત ॥
વળી સમજાવો શુભ રીત, તેણે વાધે પ્રીતમમાં પ્રીત ॥૧૭॥
સાધુ બ્રહ્મચારી વળી પાળા, આપ આજ્ઞામાં રહે સુખાળા ॥
દોય આચાર્ય તણાં ઉપરી, શ્રીહરિએ કીધાં સર્વોપરી ॥૧૮॥
બાંધી સંપ્રદાય તણી રીત, પ્રવર્તાવી ઉપાસના ખચિત ॥
ગામોગામ મંદિર કરાવ્યાં, મોક્ષ સદાવ્રત મનભાવ્યા ॥૧૯॥
આપે શીખવ્યું છે શુભ ધ્યાન, વળી કીધી છે વાતો મહાન ॥
તેને જાણું હું આપની કૃપા, મહામોક્ષકારી જો અનુપા ॥૨૦॥
સર્વનિવાસાનંદાદિ સંત, સદાશિવાદિ ગૃહી અનંત ॥
આપ ચરણે રાખીશું પ્રીતિ, પામ્યા મહામોટી મુક્તસ્થિતિ ॥૨૧॥
મહાજ્ઞાની વિજ્ઞાની શું કહું, હરિમરજી જાણો બહુ બહુ ॥
વરતો વરતાવો સુજાણ, એવાં આપ સદા સુખખાણ ॥૨૨॥
આપ દયાળુ દલ ઉદાર, ભક્ત પીર સદા ભાંગનાર ॥
દુઃખ કેનું દેખી શકો નવ, ભલે હોય સુમેરુ કે લવ ॥૨૩॥
આપ ઐશ્વર્ય પ્રતાપ કે'વા, નથી સમર્થ શેષજી જેવા ॥
હરિમૂરતિનું ધરી ધ્યાન, કાપો કષ્ટ તમે મે'રબાન ॥૨૪॥
પરબ્રહ્મ તણાં પ્રતિનિધિ, શું હું જાણું રાજીપાની વિધિ ॥
કેવળ આપ કૃપા તણી આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે યોગીસમ્રાટ સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીની સ્તુતિ કરી એ નામે પાંચમું પ્રકરણમ ॥૫॥

પ્રકરણ : ૬

પૂર્વછાયો :

સ્વામી રામાનંદજીના, પ્રમુખ શિષ્ય પ્રમાણ ॥
મુનિવર મુક્તાનંદજી, મહામતિ સંત સુજાણ ॥૧॥
ઉજળી એહ પરંપરાના, સદ્‌ગુરુઓ દયાળ ॥
દયા દલમાંહિ ધરો, જાણી આપનો અબુધ બાળ ॥૨॥
પ્રેમે કરી પ્રણતિ કરું, હે કરુણામૂર્તિ સંત ॥
મુક્તાનંદીય પરંપરાના, સદ્‌ગુરુ ભગવંત ॥૩॥

ચોપાઈ :

નમું મુજ આદિગુરુદેવ, મૂર્તિમય સુખદ સદૈવ ॥
અનાદિ મહામુક્ત કહાવો, સર્વોપરી સંત મન ભાવો ॥૪॥
પરમહંસમાળા તણાં મેર, તવ હૃદે નથી વેર ઝેર ॥
નખશિખ સાધુતામૂરતિ, નાથને વહાલા છો અતિ અતિ ॥૫॥
સદા પ્રકટ ઉપાસી સંત, કરો મે'ર મુંપર અત્યંત ॥
લેશ ગ્રંથમાં ન રહે ખામી, જોજ્યો જોજ્યો મુક્તાનંદ સ્વામી ॥૬॥
નમું નમું મુનિ સિદ્ધાનંદ, ટાળો ટાળો મુજ ભવફંદ ॥
સદા સરળ મહાવિજ્ઞાની, ખરા કવિ વળી મહાધ્યાની ॥૭॥
જાણું આપનો અભયવર, હરિચરિત્રામૃતસાગર ॥
કર્યો પ્રબંધ અનુપ ભારી, મુમુક્ષુને મહાસુખકારી ॥૮॥
પ્રકટ મૂરતિ ચીતરનારા, કરો મે'ર મુંપર અપારા ॥
લેશ ગ્રંથમાં ન રહે ખામી, નમું આધારાનંદજી સ્વામી ॥૯॥
જેઓ શ્રીહરિને અતિ પ્યારા, જેઓને શ્રીહરિ અતિ પ્યારા ॥
એવું અન્વર્થ નામ સુજાણ, ખરા જાણે શાસ્ત્ર ને પુરાણ ॥૧૦॥
જાણે રાજ રીઝ્યા તણી રીત, નથી પંચવિષયમાં પ્રીત ॥
ગાવે ગુણ ગુણનિધિ તણાં, અખંડ ઉલ્લાસે નહિ મણાં ॥૧૧॥
કહો નિગમાગમનો સાર, કરો મે'ર મુંપર લગાર ॥
લેશ ગ્રંથમાં ન રહે ખામી, નમું હરિપ્રિયદાસજી સ્વામી ॥૧૨॥
નમું મહાતેજસ્વી સુસંત, શૂરવીર ને ધીર અત્યંત ॥
શ્રી વચનામૃત અભ્યાસી, આપ ચરણમાં કોટિ કાશી ॥૧૩॥

INDEX

મહાત્યાગી ને તપસ્વી ખરા, રાખો દેહાત્મબુદ્ધિ ન જરા ॥
કરી અનેક હરિમંદિર, હરી હરિભક્ત તણી પીર ॥૧૪॥
રાજપ્રદેશે વિચરનારા, કરો મે'ર મુંપર અપારા ॥
લેશ ગ્રંથમાં ન રહે ખામી, નમું વૈકુંઠચરણ સ્વામી ॥૧૫॥
નમું શાસ્ત્રો તણાં અનુરાગી, જેની લગની મૂરતે લાગી ॥
હરિચરિત્ર ગાવે અનેરા, સતસંગે માનીતા ઘણેરા ॥૧૬॥
આપ ગુણોનો પાર ન આવે, સહુ પુરાણી કહી બોલાવે ॥
ધર્મ ભક્તિ વૈરાગ્ય ને જ્ઞાન, તેને દ્રઢ સાધી ધરો ધ્યાન ॥૧૭॥
એવાં હે દાદાગુરુજી મારા, કરો મે'ર મુંપર લગારા ॥
લેશ ગ્રંથમાં ન રહે ખામી, નમું નારાયણસ્વરૂપ સ્વામી ॥૧૮॥
નમું નમું કરુણાના ધામ, પ્રસન્નવદન અભિરામ ॥
મહાવિતરાગી છો મહંત, અજાતશત્રુ પ્રસિદ્ધિવંત ॥૧૯॥
આજાનુભુજ ને ભીનેવાન[૧], મોટા મનના છો મેરબાન ॥
દયાળુ દલ મહાઉદાર, શુભ શીલ સાધુતાભંડાર ॥૨૦॥
બ્રહ્મસ્વરૂપ હે ગુરુદેવ, કરો મે'ર મુંપર અભેવ ॥
લેશ ગ્રંથમાં ન રહે ખામી, નમું નંદકિશોરજી સ્વામી ॥૨૧॥
મે'ર આપ તણી મળે જરી, તો તો ભવસિંધુ જાઉં તરી ॥
જાઉં ચરણે હું બલિહારી, મુજ સામું જોજયો સુખકારી ॥૨૨॥
જ્યારે દ્રષ્ટિ તમારી મળે છે, ત્યારે સઘળા ફંદ ટળે છે ॥
જેને આપ તણી મળે સહાય, એને બાકી છે શું જગમાંય ॥૨૩॥
માટે વળી વળીને પ્રણામ, કરું લળી લળીને સુજાણ ॥
લેશ ગ્રંથમાં ન રહે ખામી, એમ વિનવું હું કરભામી ॥૨૪॥
સર્વે મળી સદ્‌ગુરુ મહંત, મુને જાણી અબુધ અત્યંત ॥
કરો કૃપાએ મતિપ્રકાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તાનંદીય સદ્‌ગુરુ પરંપરાની સ્તુતિ કરી એ નામે છઠું પ્રકરણમ્ ॥૬॥

---

૧. ગોરુ નહિ કે કાળુ એવું શ્યામ

INDEX

પ્રકરણ : ૭

પૂર્વછાયો :

સમરું સદ્‌ગુરુદેવને, મુજ મોક્ષદાતા ગુરુહરિ ॥
સ્વામી શ્રી નંદકિશોરજી, નમું નમું તમને ફરી ફરી ॥૧॥
મુજ સરીખા અંધને, આપે આપ્યા નિર્મળ નેણ ॥
પંગુ પહાડ ચડાવિયો, વળી વદીને મધુરા વેણ ॥૨॥
મહાગુણાતીત મૂરતિ, વારે વારે લાગુ પાય ॥
ગુણલાં ગાતા આપના, મુજ હૈયે તૃપ્તિ ન થાય ॥૩॥

ચોપાઈ :

આપ બ્રહ્મા આપ વિષ્ણુરૂપ, આપ સદાશિવ બ્રહ્મરૂપ ॥
વળી પરબ્રહ્મરૂપ સદાય, નમું નમું ગુરુદેવ પાય ॥૪॥
શ્રી હરિકૃષ્ણ પદ ઉપાસી, મુક્તિ ચારેય તમારી દાસી ॥
આપ થકી અક્ષર પમાય, નમું નમું ગુરુદેવ પાય ॥૫॥
મુજ પરમ ચિંતામણિ આપ, મુજ પરમ કામધેનું આપ ॥
મુજ પરમ કલ્પતરું છાંય, નમું નમું ગુરુદેવ પાય ॥૬॥
આપ અધમ ઉદ્ધારનાર, આપ પતિત પાવન કરનાર ॥
અઘતૃણે આપ અગ્નિરાય, નમું નમું ગુરુદેવ પાય ॥૭॥
આપ દીનબંધુ દીનાનાથ, આપ કૃપાસિંધુ કૃપાનાથ ॥
શરણાગતને સુખદાય, નમું નમું ગુરુદેવ પાય ॥૮॥
જેણે ભાવે સજી તવ સેવ, એણે સેવ્યા છે દેવાધિદેવ ॥
આપ પૂજ્યે પૂજ્યા હરિરાય, નમું નમું ગુરુદેવ પાય ॥૯॥
ભલે સૂરજ પશ્ચિમે ઉગે, તોય આપ વેણ નવ ફગે ॥
એવાં વચનસિદ્ધ ખરાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૦॥
શાંતમૂર્તિ સદા સુખકારી, દયાળુ દલ પરોપકારી ॥
નખશિખ સાધુતા સીમાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૧॥
આપ અજાતશત્રુ અમાપ, તુચ્છ જીવોના સહો છો તાપ ॥
લેશ રોષ ધરો ન કદાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૨॥
આપ જિયાં બિરાજો ગુરુજી, તિયાં આનંદ ને હાજી હાજી ॥
સર્વજન જાણે મહિમાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૩॥

INDEX

સંપ્રદાયના સરવે અંગ, આપ પ્રસંગે પામે ઉમંગ ॥
નંદબાબા કહે હુલસાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૪॥
આપ વચન શ્રુતિ સમાન, આપ સૂત્ર તે મંત્ર મહાન ॥
સર્વે શાસ્ત્રા તમોને શું ગાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૫॥
પંચસેવા મહાવ્રતધારી, મહાઅલૌકિક મૂર્તિ તમારી ॥
સદાનંદી મહામુક્તરાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૬॥
આપ કરુણાના મહાધામ, સદા હૃદયે બિરાજો શ્યામ ॥
આપ આજાનુભુજ મહાકાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૭॥
વિશાળ ભાલ મોટા મોટા કાન, વળી શોભો સદા ભીનેવાન ॥
મંદ મંદ હસો છો સદાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૮॥
થડે જાડી ને આગે પાતળી, દીપ સરીખી લાંબી આંગળી ॥
મુજ શીષે ધરો મુનિરાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૯॥
રાજે ચરણે શું ઉર્ધ્વરેખ, એ ટાળે અશુભ કર્મલેખ ॥
આપ હૈયે હેત ઉભરાય, નમું નમું ગુરુદેવ પાય ॥૨૦॥
આપ ચરિત્ર કલ્યાણકારી, એ તો જીવનમૂડી છે મારી ॥
સદા સંભારુ હું મનમાંય, નમું નમું ગુરુદેવ પાય ॥૨૧॥
હું તો વામન આપ વિરાટ, મુજ કારણ આપ સમ્રાટ ॥
કીધી કૃપા કહું શું કથાય, નમું નમું ગુરુદેવ પાય ॥૨૨॥
મુક્તમુનિના હૃદયરાજ, શ્રી ઠાકોરજી મહારાજ ॥
મુને આપ્યા શું હેતે સમાય, નમું નમું ગુરુદેવ પાય ॥૨૩॥
બ્રહ્મમો'લના આપિયા કોલ, એ તો વર અતિ અણમોલ ॥
સદા સુખી હું તવ કૃપાય, નમું નમું ગુરુદેવ પાય ॥૨૪॥
આપ વાત્સલ્યવારિધિ માત, હું તો શિશુ તવ નવજાત ॥
આપો મુને ઉરમાંહિ વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મોક્ષદાતા ગુરુદેવ શ્રી નંદકિશોરદાસજી સ્વામીની સ્તુતિ કરી એ નામે સાતમું પ્રકરણમ્ ॥૭॥

પ્રકરણ : ૮

પૂર્વછાયો :

ધન્ય ધન્ય ભારતભૂમિ, તેમાં ધન્ય વળી ગુજરાત ॥
ધન્ય છે સોરઠ દેશને, જેને ઉદધિ કરે પ્રણિપાત ॥૧॥
ભાગ્યવંતી ભોમકા, જિયાં પ્રગટિયા નરબંકડા ॥
ખમીરવંતા શૂરવીરા, સેંજળ પીવે સાવજડા ॥૨॥
જોગી જતિ ને જોગણી, દેવી દેવળ સ્થાન અજોડ ॥
ઘેઘૂર લીલુડી ધરતી, જ્યાં રાજ કરે રણછોડ ॥૩॥

ચોપાઈ :

ગઢ જુનો જાણો ગિરનાર, જિયાં શૃંગ ગુફા છે અપાર ॥
વસે સિદ્ધ મહંત સંન્યાસી, રૂડાં સંત યોગી પ્રભુ પ્યાસી ॥૪॥
રત્ન માણેક ને નીલમણિ, શોભા સ્ફટિકની જોયા તણી ॥
વસે સ્થળચર જળચર, વિધવિધના ખૂબ ખેચર ॥૫॥
હંસ તેતર બગલા ગીધ, રહે મોર મેના ભલી વિધ ॥
બાજ પનંગ ને અજગર, મહા મોટા વસે છે મગર ॥૬॥
બેડાં બોરડી આંબલી બીલી, દેવદારને પીપળી લીલી ॥
કુંદ બકુલ અશોક વડ, ખાખરા કેરા જબર જડ ॥૭॥
મીઠા ઝરણાં સરિતા શોભે, વન શિખરે મનડું થોભે ॥
ઝાડી વાડી પહાડી હંમેશ, વિધવિધ ગિરનારી નેસ ॥૮॥
ગાંડી ગીરનો સાવજ ભારે, ધ્રુજે ધરણી જ્યારે હુંકારે ॥
મોટી મૂછાળો ને કેશવાળો, જાણે જોઈ લો જોગી જટાળો ॥૯॥
વને વિચરે એતો એકાકી, કરી નેણ ભ્રકુટિઓ વાંકી ॥
નાખે ત્રાડ્ય ભાગે ભેંસ પાડા, મૃગ ભૂંડ જાય ઠેકી વાડા ॥૧૦॥
વસે હરણ સાબર રોઝ, કરે દીપડા મારણ ખોજ ॥
નીલગાય વાંદરા અનેક, ઝુંડ મહિષીના એકમેક ॥૧૧॥
કામધેનું તુલ્ય ગીર ગાય, જન વંદે તેને પડી પાય ॥
પંચગવ્ય તેનું તો અમૂલ્ય, એનો મહિમા અતિ અતુલ્ય ॥૧૨॥
બગી બોદલી પારેવી રાઝ, શોભે માણકી કરીને સાજ ॥
ખેંગ કેસર રેશમ છોગાળી, એવી ઘોડીઓ ઘણી રૂપાળી ॥૧૩॥

INDEX

કાળુભાર હિરણ ભાદર, ઓઢે કાયમ જળચાદર ॥
મછુંદરી કપિલા ઓઝત, નીરે ધસમસે છે સતત ॥૧૪॥
વળી સાગરનો ઘૂઘવાટ, તમરાનો ત્યાં તમતમાટ ॥
ખાખરાનો જયાં ખમખમાટ, તારલાઓનો ઝગઝગાટ ॥૧૫॥
મઢી મંદિર ને સદાવ્રત, જન કાજે અહોનિશ રત ॥
ધખે ધૂણા દેવ કેરા જયાંય, જાય જન મે'રામણ ત્યાંય ॥૧૬॥
કરે ગોઠડી મેઘ સંગાથ, રૂડો રૈવતાચળ સનાથ ॥
ગુરુદત્ત વિરાજિયાં જયાંય, તીર્થ પાવન નિર્મળ ત્યાંય ॥૧૭॥
ગજપદ કમંડલ કુંડ, તળેટીએ દામોદર કુંડ ॥
ઉર્ધ્વ ઉપરકોટ વિશેષ, ભવનાથ મેળો સવિશેષ ॥૧૮॥
શહેર પુર વળી ગામોગામ, વસે સોરઠ જન તે ઠામ ॥
ગાર્ય માટી તણાં જિયાં ગેહ, લાંબી ઓસરિયું મોટા નેહ ॥૧૯॥
ચોક ચોવટા શેરી રૂપાળી, સંધ્યા ટાણે વાજે કરતાળી ॥
ગુંજે ગાયોના હણહણાટ, શિશુ કરે છે ખિલખિલાટ ॥૨૦॥
પડે હરિહર કેરો સાદ, દેવ ડેરામાં નગારા નાદ ॥
વાગે ઝાલરિયું ઝણણેરી, શંખ તુરઈ ભૂંગળ ભેરી ॥૨૧॥
ભાઈબંધી ભીડે સિંહ સાથ, પ્રાણ જોડે પ્રભુજી સંગાથ ॥
બા'રવટુ કરે ગ્રાસ કાજ, તોય છાંડે નહિ કુળલાજ ॥૨૨॥
દરિયાવ દિલે મન મોટા, ખાનદાનીયે લેશ ન ખોટા ॥
એવાં સોરઠ જન નિરાળા, આવકારા તેનાં મરમાળા ॥૨૩॥
હરિ હાટડીએ જન શાણા, કદી જુવે ન ટાણાં કટાણાં ॥
સતી સંત શૂરાની ધરતી, અંગોઅંગ ખમીર ભરતી ॥૨૪॥
કીધાં સ્થાન સોરઠ જન વન, અતિ નિર્મળ જેહના મન ॥
સુણી અંતરે થાય ઉજાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સોરઠપ્રદેશનું વર્ણન કર્યું એ નામે આઠમું પ્રકરણમ્ ॥૮॥

INDEX

પ્રકરણ : ૯

પૂર્વછાયો :

દેશ રૂડો સોરઠ ભલો, વળી પંથક નાઘેર નામ ॥
અતિથિને મળે આશરો, તેનાં રૂડાં નર ને વામ ॥૧॥
એ પવિત્ર ધરા વિષે, ઉના શહેર વસે મહાકાય ॥
તે પડખે પુનિત છે, રૂડું ગામ આમોદરા ત્યાંય ॥૨॥
વન વેલી પારેવડાં, ઢોર ઢાંખરનો નહિ પાર ॥
ગાય ગોવાળ અમળની, શોભા કહી ન જાય લગાર ॥૩॥

ચોપાઈ :

બ્રહ્મ વૈશ્ય ક્ષત્રિ શુદ્ર ચાર, વસે જન તે ગામ મોઝાર ॥
થઈ રહે સહુ એકમેક, પ્રેમ પરસ્પર છે વિશેક ॥૪॥
માતપિતા વળી ગુરુદેવ, થાય તેની ઈયાં ઘણી સેવ ॥
છળ કળ વળી વેરઝેર, કુડ કપટનો નથી કહેર ॥૫॥
ગામમાંહિ એવાં એક ભક્ત, એતો જક્તથી નક્કી વિરક્ત ॥
નામ કૃષ્ણજી છે નિરધાર, ગંગાબાઈ નામે તેની નાર ॥૬॥
સોરઠિયા લુહાર તે જાણો, અવટંક વાઘેલા પ્રમાણો ॥
રહે રાજી આઠે પોર મન, હર્ષ શોક ભય નથી તન ॥૭॥
હરિભક્તિમાં સદા લેલીન, પંચવિષયે મન છે ખિન્ન ॥
દ્રઢ પ્રભુની શરણાગતિ, ધરી રહ્યાં પવિત્ર દંપતિ ॥૮॥
જેવા શ્રીહરિ છે સુખદાય, એવાં અન્ય નથી જગમાંય ॥
પ્રભુ શરણે જાય જે જન, તેના દુઃખ વિનાશે સઘન ॥૯॥
ચિંતા સઘળી પામે વિનાશ, મટે જક્તવિષય કંકાસ ॥
વણ આશરે નથી કલ્યાણ, એમ કહે છે શાસ્ત્રા સુજાણ ॥૧૦॥
એવું દલમાં દ્રઢ વિચારે, અહોનિશ હરિને સંભારે ॥
એમ વીત્યા જ્યારે અલ્પ વર્ષ, ત્યારે વાધ્યો દંપતિને હર્ષ ॥૧૧॥
તેને ઘેર પુત્રજન્મ થયો, માતપિતાને આનંદ ભયો ॥
ગૌરવર્ણ ને તેજસ્વી ભાલ, મુખ સુંદર ગુલાબી ગાલ ॥૧૨॥
પુરવાસી સહુ મળી આવ્યાં, રૂડી ભેટ વધામણી લાવ્યાં ॥
જોષી તેડાવી મુહૂર્ત જોઈ, નામ ધરાવ્યું મૂળજી સોઈ ॥૧૩॥

INDEX

ધન્ય ધન્ય તમે ભાગ્યશાળી, પુત્ર તમારો પ્રભાવશાળી ॥
એમ વારે વારે કહે જન, માતપિતાને કરી નમન ॥૧૪॥
વીત્યો કાળ થોડો વળી જ્યારે, કર્યો નિશ્ચય પિતાએ ત્યારે ॥
પુત્ર ભણાવશું રૂડી પેર, જેથી જ્ઞાનમાં ન રહે ફેર ॥૧૫॥
પછી પુત્રે કર્યો વિદ્યાભ્યાસ, ગ્રંથ પ્રાકૃત સંસ્કૃત ખાસ ॥
રૂડી બુદ્ધિ શુદ્ધ જે વિશેષ, કરે ઉદ્યમ તે સવિશેષ ॥૧૬॥
માતપિતાને સેવે જે પ્રાણી, ઉર પ્રતીતિ અતિશે આણી ॥
તેથી રાજી થાય અલબેલ, વળી મટે મન તણો મેલ ॥૧૭॥
શિશુ કાજે સહી કષ્ટ બહુ, દિયે છે સુખ શિશુને સહુ ॥
એવાં પર ઉપકારી સદાય, તેનું ઋણ કેદિ ન ચૂકાય ॥૧૮॥
એવું સમજીને મૂળજી મન, સેવે માતપિતાને પ્રસન્ન ॥
માતપિતાને હર્ષ ન માંય, મુજ સુત ક્યારે મોટા થાય ॥૧૯॥
પછી જોબન આવિયું જ્યારે, જેમ જેમ ગયાં દન ત્યારે ॥
પ્રભુ ભક્તિમાં રંગાણું મન, ભૂલ્યા ભાન ભૂષન વસન ॥૨૦॥
સુખદુઃખમાં રહે સમતા, કેદિ તજતા નથી ધીરજતા ॥
વૃત્તિ સઘળી જક્તથી ત્રોડી, એક હરિભજનશું જોડી ॥૨૧॥
એમ જનકે જ્યારે જાણિયું, પુત્ર અંતરને પ્રમાણિયું ॥
પુત્ર નહિ રાખે જગછાયા, તો પછી મેલશે ગૃહમાયા ॥૨૨॥
માટે અન્ય વિલંબ ન કરી, માથે નાખું સંસારની ધરી ॥
એમ નિશ્ચે મનમાં વિચાર્યું, પુત્ર વિવાહ કરવા નિરધાર્યું ॥૨૩॥
પછી ગોત્ર કુળ તણી જેહ, રૂપવાન કન્યા શોધી તેહ ॥
નારી નમણી જે વેલુબાઈ, કર્યો તેની સંગાથે વિવાઈ ॥૨૪॥
પણ દોય રહ્યા અનાસક્ત, પેઠું નહિ હૃદયમાં જક્ત ॥
રાખી પ્રભુ ભજવાની આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રી મૂળદાસજીનો જન્મ તથા લગ્ન થયાં એ નામે નવમું પ્રકરણમ્ ॥૯॥

પ્રકરણ : ૧૦

પૂર્વછાયો :

ત્યાર પછીની વારતા, સહુ સાંભળજો શુભમતિ ॥
ભક્તને મનભાવન છે, થાય સુણતાં આનંદ અતિ ॥૧॥
ઘણું રીઝવવા નાથને, મૂળજી કરે અરદાસ ॥
વૃત્તિ વાળી અંતરે, રાખે પ્રભુ ભજ્યાની આશ ॥૨॥
થોડે ઘણે કાળ ગયે, જ્યારે તાતે તજિયું તન ॥
ત્યાર પછી પરિવારનું, શિર આવ્યું સર્વે વહન ॥૩॥

ચોપાઈ :

અંતઃકરણ ઇન્દ્રિયો સહુ, જક્ત ઉદાસી થઈ છે બહુ ॥
દેહ સંબંધી ને પરિવાર, તેમાંહિ પ્રીત રહી ન લગાર ॥૪॥
તીવ્ર વૈરાગ્ય ઉપજ્યો અંગ, જક્ત સુખે થયું ચિત્ત ભંગ ॥
દેહ ભાન ભૂલ્યા સારી પેર, મિષ્ટ અન્ને થયું બહુ વેર ॥૫॥
મૂળજીએ મનમાં વિચાર્યું, કરવું ભજન એમ જ ધાર્યું ॥
અષ્ટ પ્રકારે પ્રતિમા જેહ, વળી સંત સાચા હોય જેહ ॥૬॥
એમાં વસ્યા છે હરિ હંમેશ, એવાં સંત સેવું સવિશેષ ॥
એમ વાત હૃદે અતિ ધારી, ગૃહત્યાગની વાત વિચારી ॥૭॥
એવાં સમામાંહિ એક દન, હતાં ઘરમાં સહુ મગન ॥
ખરે ટાણે જોયો ખરો લાગ, નક્કી નાસવાનો મોટો માગ ॥૮॥
મોટા મોટાને મહાકઠણ, ત્યાગ મારગ ભયહરણ ॥
જેમ કાંચળી ઉતારે ઉર્ગ, તેમ તજ્યો મૂળે મહાદુર્ગ ॥૯॥
ગ્રામ ઘોષ પુર પરદેશ, તીર્થ મંદિર ફર્યા વિશેષ ॥
કરી સેવા ગરીબની રોજ, મોટા પુરુષની કીધી ખોજ ॥૧૦॥
સંત મળ્યે મળે છે શ્રીહરિ, વાત અમૂલ્ય આગમે કરી ॥
સંત પૂજ્યે પૂજ્યા સહુ દેવ, સંત સેવ્યે થઈ હરિ સેવ ॥૧૧॥
સાચા સદ્‌ગુરુ જેહ ઠામ, પ્રભુ પમાડે એવાં અકામ ॥
તેનો સંગ કરું આઠો જામ, એવી મૂળજીને હૈયે હામ ॥૧૨॥
એમ કરતાં ગામ ગોંડળ, આવી થંભિયા ત્યાં એક પળ ॥
રૂડો આશ્રમ દીઠો પાવન, તિયાં જન દીઠા પરસન ॥૧૩॥

INDEX

સિદ્ધપુરુષ જીવણદાસ, ત્યાંના મહંત મોટા છે ખાસ ॥
પેખી સદ્‌ગુરુ શ્રેષ્ઠ લક્ષણ, કીધાં નિજગુરુ તતક્ષણ ॥૧૪॥
પછી દીધો ગુરુએ ઉપદેશ, છોડાવિયો સંસારીનો વેષ ॥
દઈ દીક્ષા ધર્યું રૂડું નામ, મૂળદાસ અતિ અભિરામ ॥૧૫॥
કરજો સતસંગ જીવ તણો, એમાં રાજીપો અમારો ઘણો ॥
ફરો ઘેર ઘેર લૈ કાવડ, કરજો સેવા સંતની સુઘડ ॥૧૬॥
જપ વ્રત ને તપ આદરો, સ્થિરવૃત્તિએ શ્રીહરિ સ્મરો ॥
એમ આપી છે આગન્યા ઘણી, તે વાત કહી ન જાય ભણી ॥૧૭॥
ગુરુઆજ્ઞા ધરી શિરસાટ, મૂળદાસે ગ્રહી મોક્ષવાટ ॥
દિન દિન પ્રતિ સત્સંગ, ચડ્યો ચિત્તે અતિ તેનો રંગ ॥૧૮॥
પછી ઘેર થયો ઉત્પાત, વેલુબાઈ કરે વલોપાત ॥
કૈંક કાળ વીત્યા હજી તોય, નાવ્યા મુજ પતિદેવ સોય ॥૧૯॥
મુજ અબળા અનાથ મેલી, ગયાં ક્યાં હશે એકલી ઠેલી ॥
દુઃખ હૈયામાંય પારાવાર, સહેવાતું નથી પળવાર ॥૨૦॥
પણ ભારી ભરોસો છે મને, નક્કી હશે હરિના ભજને ॥
શોધી સંત સાચા કોઈ ઠામ, રહ્યાં હશે કોઈ તીર્થધામ ॥૨૧॥
જળ વિના જેમ ઝષ[1] મરે, ચંદ વિણ ચકોર શું કરે ॥
જોડ્ય સારસની છે જરૂર, ત્યજે પ્રાણ એ થાય જો દૂર ॥૨૨॥
તેમ પતિવ્રતા નારી કોય, તેને પતિ પરમેશ હોય ॥
એમ વિચારીને મનમાંઈ, પતિ શોધવા નીસર્યા બાઈ ॥૨૩॥
વનવગડે ને સરોવરે, નદી ઘાટ ને ગામડે ફરે ॥
મેડી મંદિર ને પુરમાંય, મળ્યાં નહિ તે કોઈ ઉપાય ॥૨૪॥
તન થાકી થયું લોટપોટ, પણ નાવી ધીરજમાં ઓટ ॥
ક્યારે મળે એજ અભિલાષ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રી મૂળદાસજીએ ગૃહત્યાગ કરી દીક્ષા લીધી એ નામે દસમું પ્રકરણમ્ ॥૧૦॥

---

૧. માછલા

પ્રકરણ : ૧૧

પૂર્વછાયો :

ધીરજ ધન હરિજનનું, શીલ સંતોષ આભૂષણ ॥
સહન સમ શોભા નહિ, રહે મન પ્રભુ પરાયણ ॥૧॥
ધીરજ ધારી અંતરે, બાઈ વિચરે દેશપ્રદેશ ॥
એમ કરતાં આવિયાં, શુભ ગોંડળ ગામ વિશેષ ॥૨॥
તિયાં નિજ પતિદેવને, દીઠા મન મગન મસ્તાન ॥
ત્યાગી તણો વેષ ગ્રહી, હતાં હરિમાં ગુલતાન ॥૩॥

ચોપાઈ :

વારે વારે કરી નમસ્કાર, વેલુબાઈ બોલિયા તે વાર ॥
સુણો કંથ ! મારા ભરથાર, મારા સોહાગ પાલનહાર ॥૪॥
ઘણું ભટકી રાત દિવસ, ત્યારે ભેટી તમને અવશ્ય ॥
મુને એકલી સંસાર મેલી, ગયાં કેમ તમે મારા બેલી ॥૫॥
આવી ખોટ શું સેવામાં કાંઈ, જેથી દુઃખી થયા મનમાંઈ ॥
થયો મુજ થકી અપરાધ, જેનો આવ્યો છે તમને બાધ ॥૬॥
સેવા કરતી હું નિશદને, દીન વચન બોલતી તમને ॥
તોય કેમ મુને તમે ત્યાગી, લીધો ઓચિંતો વેષ વૈરાગી ॥૭॥
હવે મારે તમારો આધાર, એક અચળ તે નિરધાર ॥
માટે રાખો શરણ તમારી, ગ્રહો બાંય પતિદેવ મારી ॥૮॥
એમ ઘણાં વચન ઉચ્ચારી, કહી વાત સઘળી વિસ્તારી ॥
ત્યારે બોલ્યા સંત મૂળદાસ, બાઈ લેશ ન થાઓ નિરાશ ॥૯॥
તમે સારા છો સદ્‌ગુણી બાઈ, એમાં વાંધો વિરોધ ન કાંઈ ॥
ધાર્યું ધણીનું એક જ થાય, એવી વાત ધરો મનમાંય ॥૧૦॥
ઘૃત અગ્નિનો સંસર્ગ થાય, ત્યારે જરૂર અનર્થ થાય ॥
તેમ નારી નરનો પ્રસંગ, કરે જરૂર મનનો ભંગ ॥૧૧॥
સુખકારણ એક જ કૃષ્ણ, માટે બીજા તણી તજો તૃષ્ણ ॥
જેને ભેટે ભવરોગ જાય, તેને સાચો પતિ કહેવાય ॥૧૨॥
માટે શરણ હરિનું ગ્રહો, વાત એટલી હૈયામાં લહો ॥
મેલી ઈશક જક્ત સુખનો, સુખે સત્સંગ કરો જીવનો ॥૧૩॥

INDEX

એમ દીધો ઉપદેશ ઘણો, નિજ વનિતાને જ્ઞાન તણો ॥
સુણી આવી અર્થ કેરી વાત, બાઈ થયાં અતિ રળિયાત ॥૧૪॥
ત્યારે તેણે વિચારિયું મન, હવે કરવું હરિનું ભજન ॥
પછી આવ્યાં હરખ હુલાસે, દોય નિજ ગુરુદેવ પાસે ॥૧૫॥
થઈ જોગણ બાઈ તે ખાંત્યે, શીખ સાંભળી છે ભલીભાત્યે ॥
દીધી સંસાર સુખને લાત, મેલી લોકલાજ નાતજાત ॥૧૬॥
આપ્યો ગુરુદેવે શુદ્ધ બોધ, કરવા નિજ અંતરની શોધ ॥
આપ્યા આશિષ રૂડાં અપાર, તેથી મોદ પામ્યા પારાવાર ॥૧૭॥
પછી આપી છે આગન્યા એમ, દોય જતિ સતિને તો તેમ ॥
અમરેલી જઈ કરો વાસ, થઈ હરિ હરિજન દાસ ॥૧૮॥
દિયો દાન સદાવ્રત વાટે, જાય દુઃખ દરિદ્રનું માટે ॥
દિયો જ્ઞાન ઉપદેશ જેથી, તમ નાસે અજ્ઞાનનું તેથી ॥૧૯॥
એવી આગન્યા શિર ચઢાવી, ઘણું હૃદયમાંહિ લઢાવી ॥
લળી લળી કરીને પ્રણામ, દોય ચાલ્યાં છોડી તેહ ઠામ ॥૨૦॥
આવી અમરેલી શહેર મોઝાર, દેખી સ્થાન નિરમળ સાર ॥
રૂડો આશ્રમ બાંધિયો તિયાં, વસે જન સમુદાય જિયાં ॥૨૧॥
નીર સરિતા કેરા અમળ, બારેમાસ વહે ખળખળ ॥
મોર કોયલ કરે કિલોલ, કરે મેના પોપટ હીલોળ ॥૨૨॥
અતિ સુગંધીમાન અનિલ[1], વાળે ટાઢક ઉતાપે દિલ ॥
શોભે ગાય ને તુલસી ક્યારા, મળે પશુને નીરણ ચારા ॥૨૩॥
તરુ વિધવિધ શોભે બહુ, ફૂલવાડી ફૂલી દિશ ચહુ ॥
સોહે આશ્રમ એમ અપાર, તેનો કહેતાં આવે ન પાર ॥૨૪॥
સતિ સંત બેઉ તેહ ઠામ, નિરસ્નેહી વળી નિષ્કામ ॥
આવી ઘણું રહ્યાં કરી વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વેલુબાઈ શ્રી મૂળદાસજીને ગોંડળમાં મળ્યાં અને અમરેલી આવીને રહ્યાં એ નામે અગિયારમું પ્રકરણમ્ ॥૧૧॥

---

૧. પવન

INDEX

પ્રકરણ : ૧૨

પૂર્વછાયો :

અતિ અનુપમ રસભરી, અતિ અચરજકારી કથા ॥
સૂધે સહુ સાંભળજયો, તો ટાળશે ત્રિવિધ વ્યથા ॥૧॥
સંત સપૂત ને તુંબડા, એ ત્રણ્યનો એક જ ભાવ ॥
તારે પણ ડૂબે નહિ, તારવા એ જ ઉછાવ ॥૨॥
સંત શ્રી મૂળદાસજી, ભક્તભીડ કેરી પીડ હરે ॥
અખિલ ભુવન અધિપતિ, અવિનાશની ભક્તિ કરે ॥૩॥

ચોપાઈ :

સર્વે સાધન પ્રભુ પામવા, વળી વડા વિઘન વામવા ॥
તેહ મધ્યે છે નવધા ભક્તિ, અતિ ઉત્તમ છે એની રીતિ ॥૪॥
સતિયુગે ધ્યાને મોક્ષ થાય, ત્રેતાયુગે જગને પમાય ॥
સરે દ્વાપરે સેવાથી સોય, કળિયુગે કીરતને હોય ॥૫॥
તેથી ભજન સ્મરણ કરી, મૂળદાસ રટે હરિ વરી ॥
કથા કીર્તન કેરા સુવેણ, વદે મુખથી તે દિનરેણ ॥૬॥
સત્સંગ અખાડો અમાપ, જામ્યો આશ્રમમાં નિષ્પાપ ॥
ભક્ત ટોળે ટોળા ઉભરાય, સંતવાણી સુણવા ચહાય ॥૭॥
એવાં સમામાંહિ એક રાત્ય, થઈ ઘટનાની કહું વાત્ય ॥
જ્યારે ત્રણ્ય વીત્યે રાત પોર, હતું અંધારિયું ચારે કોર ॥૮॥
મૂળદાસને નીંદરા નાવે, જાણે કોઈક મુને જગાવે ॥
ચડ્યું વિચારે મન મગન, કરું માળા પ્રભુની પાવન ॥૯॥
તેથી માળા કરી એક ચિત્ત, તોય નીંદ નાવે કોય રીત ॥
પછી નાહ્યાનો નિર્ધાર કરી, ગયાં કૂવે હરિને સમરી ॥૧૦॥
લીધો લોટો દોરી વસ્ત્ર હાથ, દલમાંહિ સંભારે છે નાથ ॥
રાત મંડાણી મેઘલી ઘેરી, શશી સોહે ઉડુગણ વિખેરી ॥૧૧॥
છાયો અનિલ શાંત અપાર, નથી નાદ કે સાદ લગાર ॥
સ્વપ્નમાંહિ મસ્ત જક્ત હતું, ઘરબાર નર કોઈ નતું ॥૧૨॥
સંત કૂવા સમીપ મોઝાર, આવી પહોંચિયા તેહવાર ॥
દેખી અજબ ઓચિંતું દ્રષ્ણ, થયાં મનમાં તુરંત પ્રષ્ણ ॥૧૩॥

INDEX

આ તે ભૂતણ કે કોઈ નારી, વાસનિક બાઈ છે નઠારી ॥
અચરજ જોઈ એમ ઘણી, ગયાં નિકટ તે કૂવા ભણી ॥૧૪॥
ત્યારે નિશ્ચય જાણ્યું નિદાન, નોય ભૂતણ આ તેહ સ્થાન ॥
આ તો અબળા નારીનો દેહ, પેટે પથરો બાંધેલ તેહ ॥૧૫॥
દીઠી દારા દુઃખે વિલપતી, ત્યારે પારખી સઘળી સ્થિતિ ॥
તેને તે ઘડી રોકવા સારું, માંડ્યા દોડવા એ પરબારું ॥૧૬॥
ઝાલી કર વડે કર સોતી, બાઈ બચાવી ધ્રુસકે રોતી ॥
મોત મુખથી ઉગારી લીધી, એમ જીવની જતન કીધી ॥૧૭॥
પછી બાઈ કહે તેહવાર, મુને મેલી દિયો સંત સાર ॥
આત્મઘાતે વિઘન ન આણો, ઘો મરવા બાંધી પેટ પાણો ॥૧૮॥
લેશ દયા લાવો નહિ ઉર, મારા ઝેર જીવતર ઉપર ॥
મ વારો મુને આપ આ પળે, જેથી મરવા તણું મન ચળે ॥૧૯॥
એવી સુણી આક્રંદની વાત, સંત દલ દ્રવ્યું ભલી ભાત ॥
લઈ દીર્ઘ શ્વાસ ઢીલે તન, બોલ્યા વેણ આલી આશ્વાસન ॥૨૦॥
ચાલે સુખમાં સંસારી સાથે, દુઃખમાં રહે સંત સંગાથે ॥
એ તો આદિ અનાદિની રીત, નથી મિથ્યા તે વાત અમિત ॥૨૧॥
સંતજન ચંદન સમાન, અર્પે શીતળતા સહુને નિદાન ॥
આધિ વ્યાધિ તણાં સહુ દુઃખ, તેને શામી કરે અતિ સુખ ॥૨૨॥
કરે આત્મહત્યા જેહ આપ, તેને લાગે મહામોટું પાપ ॥
મું સંગે મરવા નહિ દઉં, વાત હિતની જરૂર કહું ॥૨૩॥
એમ કહી રૂડાં મુખ વેણ, બાઈ બૂડતા બચાવી તે રેણ ॥
કૂપ નિકટ સ્થાન બેસારી, કહી વાત સર્વે હિતકારી ॥૨૪॥
નિજ સ્વારથ નૈ જેને લેશ, પરમાર્થ કાજે ધર્યો વેષ ॥
એવાં સંત મળ્યે વળે હાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રી મૂળદાસજીએ કૂવે પડવા આવેલી બાઈને બચાવી એ નામે બારમું પ્રકરણમ્ ॥૧૨॥

INDEX

પ્રકરણ : ૧૩

પૂર્વછાયો :

આણી દયા પછી ઉરમાં, સંત બોલિયા તે વાર ॥
માતપિતા ને ભ્રાત ભગિની, કોણ તારા ભરથાર ॥૧॥
કોણ જનમની જાગ્ય છે, વળી કોણ કુળમાં વાસ ॥
નામ શિયું તારું ભલુ, કોણ ઈશ્વરની ઉપાસ ॥૨॥
શીદ વિચાર ઉપજ્યો, ઘાત આતમ કરવા કાજ ॥
અથેતિ તમે ઉચ્ચરો, કરી હૃદય બૃહદ્ આજ ॥૩॥

ચોપાઈ :

સુણી બાઈ બોલ્યા પછી એમ, કેડો મેલો નહિ મારો કેમ ॥
નથી સાંભળ્યા જેવું વ્રતંત, માટે મરવા દ્યો ભગવંત ॥૪॥
કહી એટલું બાઈ લગારે, હીબકે ચડી તન વધારે ॥
મેલી પોક ઘણી પડી રડી, સંત ચરણમાં તત ઘડી ॥૫॥
પછી કઠણ કાળજે બાઈ, કહે કર્મ તણી કઠણાઈ ॥
દરિયાકાંઠે વસે દીવ ગામ, તેહ મારા જન્મ કેરું સ્થાન ॥૬॥
શુભ નામ છે મારું રતન, કીધી માબાપે ઘણી જતન ॥
વર શોધી વડો કુળ સારો, કર્યો માબાપે વિવાહ મારો ॥૭॥
રૂડું નામ તેનું ધનેશ્વર, તે જાણ્યા પતિ મેં પરમેશ્વર ॥
સુખે જીવન સંસાર ચાલ્યો, તેવે સમે કાળે હાથ ઝાલ્યો ॥૮॥
તન તજિયું તાત ને માતે, તેનું કષ્ટ સહ્યું ભલી ભાતે ॥
પછી પતિ ગયાં તજી કાય, એવી મારા ભાગ્યની ભૂંડાય ॥૯॥
બની અબળા વિધવા નારી, સગાં કુટુંબે બની નોંધારી ॥
દુઃખ દારિદ્રની વર્ષી જડી, તૂટી સંસારસુખની કડી ॥૧૦॥
હોય નહિ જો દૂઝણી ગાય, તેને ખાણ મળે નહિ ક્યાંય ॥
એમ સ્વાર્થ જો સંપૂર્ણ જાય, ત્યારે કોઈ શું કોઈનું થાય ॥૧૧॥
પછી બની બોજારૂપ બહુ, દુઃખ તણી શું વાત હું કહું ॥
પછી બોલિયા સ્વારથી સગાં, હવે શોધી લે બીજી જાયગા ॥૧૨॥
તને પાલવીએ અમે નહિ, દીધો જાકારો એટલું કહી ॥
એવી સુણી ઘૃણા ભરી વાણી, દોય ધારે વહ્યાં નેણ પાણી ॥૧૩॥

INDEX

ફાટ્યું દુઃખ કેરું આભ માથે, ઠામ રહેવા રહ્યું નહિ સાથે ॥
પછી આશ્રય અપાશ્રય તણો, લીધો અંતે વિચારીને ઘણો ॥૧૪॥
તિયાં શોધી સારા ગુરુદેવ, મેં ગ્રહ્યો ત્યાગ માર્ગ અભેવ ॥
જૈન ધર્મ કેરી દીક્ષા લઈ, મટી સંસારી સાધ્વી હું થઈ ॥૧૫॥
અતિ પવિત્ર ગ્રંથ પ્રમાણી, કર્યો શાસ્ત્ર અભ્યાસ વખાણી ॥
થયું અંતઃકરણ પુનિત, દુઃખ પલાણું દૂર ખચિત ॥૧૬॥
પણ મુજ નસીબ નબળા, પડ્યાં પાસાં જીવનના અવળા ॥
શેઠસુત કોઈ પ્રતિદન, અપાશ્રયે આવતો પ્રસન્ન ॥૧૭॥
સત્સંગ કરી સાધુ તણો, મોદ પામતો દલમાં ઘણો ॥
નિત પડ્યો તેનો સહવાસ, માટે લાગ્યો માયા કેરો પાશ ॥૧૮॥
રાખ્યો સંબંધ તેહ સંગાથ, મહા પાતકને ભરી બાથ ॥
તેનું બાળ છે મારે ઉદર, માંડ્યું ઘર વિના તેનું ઘર ॥૧૯॥
થાશે ખબર પંચને જ્યારે, મળશે દંડ મોટો તેને ભારે ॥
પણ લાચાર અબળા નાર, ન દઈ શકું નામ લગાર ॥૨૦॥
એવું બોલી રોઈ હૈયાફાટ, નેત્રજળ વહ્યાં પૂરપાટ ॥
ત્યારે સંત કહે નામ દૈયે, જો બચે જીવ તારો સમૈયે[1] ॥૨૧॥
દેજયે નામ મારું સભામાંય, કાલ્ય પ્રાતઃસમો જ્યારે થાય ॥
જૂઠું કલંક નાખજે મ્હારું, જૂઠાં શબ્દ કહેજે તેહ વારુ ॥૨૨॥
દોય જીવ ઉદ્ધરે આ કાળ, તૈયે લેવું મારે તેનું આળ ॥
ત્યારે બાઈ કહે તમે સંત, કરો ભજન ભક્તિ અત્યંત ॥૨૩॥
શીદ કલંક ધરો છો માથ, જીવન તમારું હરિને હાથ ॥
એમ ઘણું કાલાવાલા કરી, સંત સમજાવ્યા ફરી ફરી ॥૨૪॥
પણ મુનિ માન્યા નહિ લેશ, રહ્યાં નિર્ણયે દ્રઢ વિશેષ ॥
ત્યાર પછીની વાત ઉજાસ, કરશે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રતનબાઈએ શ્રી મૂળદાસજીને પોતાના દુઃખની વાત કહી એ નામે તેરમું પ્રકરણમ્ ॥૧૩॥

---

૧. અહીં ખરા સમયે

પ્રકરણ : ૧૪

પૂર્વછાયો :

દગા નહિ જેના દલમાં, પરહરે વિષય પંચ ॥
વૃત્તિ વાળે જક્તથી, નહિ માનનો મન રંચ ॥૧॥
ઝરણા છે જીવનની, મહામૂલી મૂડી અમાપ ॥
પરદુઃખે દુઃખી રહે, રટે આહું જામ જાપ ॥૨॥
એવાં સંતની સાધુતા, ઉપકારીપણાની વાત ॥
અનઘ અવિકારી ઘણી, સુણી દલમાં થાય નિરાંત ॥૩॥

ચોપાઈ

પછી દિવસ વળતો ઉગ્યો, રવિ ધીરે ધીરે નભ પૂગ્યો ॥
ગ્રામવાસી જન સહુ આવ્યાં, પુષ્પ ફળાદિ આશ્રમે લાવ્યા ॥૪॥
કરી દર્શન સરવે સ્થળ, બેઠા સુણવા કથા અમળ ॥
મીઠી અમૃત સમાન વાણી, સંત બોલી રહ્યાં મુદ આણી ॥૫॥
સંત મહિમા જાણવો મોટો, અન્ય મેલી દેવો ખ્યાલ ખોટો ॥
સંત મળે ત્યારે થાય મોક્ષ, તેને જાણજો કેદિ મ પ્રોક્ષ ॥૬॥
જેવી રાખો હરિમાં સુમતિ, તેવી કરો સંતમાં પ્રતીતિ ॥
સંત સેવ્યે સરે સર્વે કાજ, માટે સંત સેવો મૂકી લાજ ॥૭॥
જેમ હરિને હુલાસે ભજો, તેમ સંતની ભક્તિ કરજો ॥
હરિ સમ સંત છે અવશ્ય, સર્વે શાસ્ત્રનું એજ રહસ્ય ॥૮॥
ઉર ધરવો તોય વિવેક, નથી સંત અસંત તે એક ॥
શ્રુતિ સ્મૃતિ પુરાણ અઢાર, તેની વિગતિ પાડી અપાર ॥૯॥
શોધી સાર ગ્રહી રૂડી પેર, પછી સંગ કરો મુદભેર ॥
એમ બોલી રહ્યાં સંત જ્યારે, કર્યો પ્રવેશ બાઈએ ત્યારે ॥૧૦॥
જેમ મોર્ય કહ્યું હતું તેમ, બોલે બાઇ મુખે જેમ તેમ ॥
અરે ! ધૂતારા ઢોંગી પાખંડી, બાવા શઠ શિરોમણી બંડી ॥૧૧॥
શીદ ભ્રમાવે તું પ્રજા ભોળી, સંત શીલતાની કરી હોળી ॥
મેલ્ય જ્ઞાન કેરું ઢોંગ તારું, હવે સાંભળ જે હું ઉચારું ॥૧૨॥
પાપ ઘડો પૂરો થયો તારો, નથી ઉગર્યાનો હવે આરો ॥
રાખે મુખમાં હરિનું નામ, પણ અંતરમાં ભર્યો કામ ॥૧૩॥

INDEX

મારા ઉદરમાં શિશુ તારું, થયું ષટમાસનું નઠારું ॥
તેને પાળશે કોણ પોષશે, વળી સારસંભાળ કરશે ॥૧૪॥
ખરો તું છે તે બાળનો બાપ, નથી છાનું હવે તારું પાપ ॥
એવાં વેણ બોલી બાઈ જ્યારે, સુણી સભા થઈ સ્તબ્ધ ત્યારે ॥૧૫॥
હાહાકાર થયો ચારેકોર, વધ્યું વાદ વિવાદનું જોર ॥
કોઈ કહે આતો જૂઠું આળ, કોઈ દેવા લાગ્યા મુખે ગાળ ॥૧૬॥
કોઈ આશ્ચર્ય પામિયા જન, કોઈ રોષે ભરાયા છે મન ॥
સજે સ્વાંગ સાધુ કેરો બાર, માંહિ કામે ભરેલો અપાર ॥૧૭॥
એમ કહેવા લાગ્યા સહુ જન, તોય શાંત રહ્યાં સંત મન ॥
પછી ગંભીર ગિરા ઉચ્ચારી, મૂળદાસે સભામાં વિચારી ॥૧૮॥
ષટ્માસના બાળનો બાપ, હું છું પ્રત્યક્ષ સ્વયં આપ ॥
એ જ સત્ય છે વાત વિશેષ, નથી જૂઠું એમાં કાંઈ લેશ ॥૧૯॥
વળી સુણ્ય તું રતનબાઈ, વડી અદાલતે કહેજે ધાઈ ॥
મૂળદાસ છે પેટનું પાપ, મુજ બાળક તણો એ બાપ ॥૨૦॥
એમ બોલિયા સંત સુજાણ, નિજ આબરુની કરી હાણ ॥
વ્યાધિ વ્યાપી નહિ તેને ઉર, હર્ષ શોકથી રહ્યાં તે દૂર ॥૨૧॥
જન આક્રોશ વધવા લાગ્યો, તિરસ્કાર તણો ભાવ જાગ્યો ॥
પછી અદાલતે ગઈ બાઈ, સાથે ગયાં સહુ બાઈ ભાઈ ॥૨૨॥
સત્ય વાત જાણે નહિ કોય, જાણે સંત અને બાઈ દોય ॥
બીજા જન તો દીસે ભ્રમિત, ચાલ્યાં સંતનું કરવા અહિત ॥૨૩॥
જૂઠું હોય છે નેણે દીઠેલું, વળી શ્રવણે પણ સુણેલું ॥
વણ કર્યે પારખું જરૂર, કેદિ વાત ન માનવી ઉર ॥૨૪॥
કેવળ પ્રકૃતિ ઉપલી જાણી, રાગ દ્વેષ મનમાં પ્રમાણી ॥
કરવો નહિ ક્યારે કંકાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રતનબાઈએ શ્રી મૂળદાસજીને પાપના દોષી ઠરાવ્યા એ નામે ચૌદમું પ્રકરણમ્ ॥૧૪॥

પ્રકરણ : ૧૫

પૂર્વછાયો :

ઘણું દુઃખી થઇ દલથી, પછી રાંક રતનબાઇ ॥
જેમ કહેવાની હતી, તેવી વાત કરી પંચમાંઇ ॥૧॥
નીર ક્ષીર સાંભળી, ઘટી ઘટના નારી સંગ ॥
કીધાં કબૂલ અપરાધને, મૂળદાસજીએ નિજ અંગ ॥૨॥
દંડ દીધો પછી સંતને, તેને રહેવું નહિ આ વાર ॥
જર જમીન છાંડી દઈ, વાસ કરવો પુરબાર ॥૩॥

ચોપાઇ

પછી ગ્રામજન સહુ મળી, ઉમટિયા તિહાં ટોળે વળી ॥
નક્કી નીકળ્યો ઢોંગી આ બાવો, ઘણું આચરતો સાધુ દાવો ॥૪॥
કોણ જાણે કેટલાને ધૂતી, બેઠો હશે અધર્મને જૂતી ॥
અભડાવી દીધું આખું ગામ, બદનામ કર્યું નિજ નામ ॥૫॥
હાંકી કાઢો એને ગામબાર, મારો લાકડીયે ઢોર માર ॥
એમ મિથ્યા આરોપણ મૂકી, જન બોલ્યા મરજાદ ચૂકી ॥૬॥
પછી સંતને મુંડ મૂંડાવી, માથે ખડી સફેદ લગાવી ॥
કાળું મુખ કર્યું લઇ મેશ, કર્યો સંતનો વરવો વેષ ॥૭॥
કરી પગરખાં કેરો હાર, પહેરાવ્યો તે કંઠ મોઝાર ॥
વળી ખર હૃષ્ટ પુષ્ટ લાવ્યા, તેની ગરદન પગ સજાવ્યા ॥૮॥
મુખ અવળે તેની ઉપર, સંત બેસારિયા તે નગર ॥
ભૂંડી ગાળ્યો ભાંડે જન સહુ, તિરસ્કાર કરે મળી બહુ ॥૯॥
પછી કાઢી તેની અસવારી, પુર ચોક ને શેરીમાં ભારી ॥
લીધી કોઈએ હાથમાં સોટી, વળી કોયે લીધી ડાંગ મોટી ॥૧૦॥
લીધાં કાદવ કીચડ પાણાં, લીધાં કોઈએ હાથમાં છાણાં ॥
જેને જેમ ફાવે તેમ કરી, સહુ નાખે સંતની ઉપરી ॥૧૧॥
એમ કર્યું ઘણું અપમાન, મારી ધોકા ઢેખાળા તે સ્થાન ॥
પણ સંત નિજાનંદે મસ્ત, હતાં હરિના જપમાં વ્યસ્ત ॥૧૨॥
લેશ પણ ઘૃણા ન ઉપજી, થયું તે હરિ ઈચ્છા સમજી ॥
રોઈ રતનબાઇ એકલી, એક એ જ જાણે વાત ભલી ॥૧૩॥

INDEX

વણદોષે લીધું સંતે આળ, સહી અપમાનની હારમાળ ॥
મારે કાજ થયાં હડધૂત, ગ્રહી મિથ્યા મહામોટું તૂત ॥૧૪॥
માટે નારી અબુધ નગણી, વળી હું છું અતિ અભાગણી ॥
એમ ખેદ કરે મનમાંય, કાઢી અંતરપીડાની લાય ॥૧૫॥
પછી પહોંચી જ્યાં સવારી ઝાંપે, ભર ઉનાળા કેરા ઉતાપે ॥
ત્યારે પાછા વળ્યા સહુ જન, તિરસ્કાર કરી તેહ દન ॥૧૬॥
સાર રહિત મિથ્યા સંસાર, તેનાં વિચિત્ર નર ને નાર ॥
એની અનાદિકાળની રીત, સ્વાર્થ કાજે ધરી રહે પ્રીત ॥૧૭॥
જેને હાર દેતા હરખાઈ, તેને પેરાવ્યા પગરખાં ધાઈ ॥
જેને કરતાં પ્રણિપાત રોજ, તેને દીધો ઘૃણા કરી બોજ ॥૧૮॥
જેહ મુખે સાંભળતાં કથા, તેને કાળું કરી દીધી વ્યથા ॥
જેને પૂજતા પાટે બેસારી, તેની કાઢી ગર્દભ સવારી ॥૧૯॥
જેની પદરજ માથે લેતાં, વળી આશિષ દીધાંનું કહેતાં ॥
તેને માથે નાખી ધૂળ ગારા, બહુ રીતે દીધાં દુઃખભારા ॥૨૦॥
જેમ ધરી મધ્યે ચક્ર ફરે, તેમ જગત પળમાં ફરે ॥
કાચા કાન વડે સુણી વાણી, સમજે તેમની તેમ પ્રમાણી ॥૨૧॥
ખરા ખોટાની ગમ ન પડે, ખરી વાત ખોળી નવ જડે ॥
પૂર્વાગ્રહ બાંધી મોટો મન, ફરે ગુમાનમાં રાત દન ॥૨૨॥
ગજ ગધેડે ક્યારે બેસારે, તેનું નક્કી જ નહિ લગારે ॥
માટે જક્ત ભક્તને ન બને, રૂડો વિચાર રાખવો મને ॥૨૩॥
મૂળદાસ ને રતનબાઈ, નીસર્યા પુરબારથી ધાઈ ॥
નદીકાંઠે શોધી જાગ્ય રૂડી, બાંધી તૃણની સાદી ઝૂંપડી ॥૨૪॥
પ્રભુ ભજન કરતે થકે, લઈ ભિક્ષા અન્ન એક ટકે ॥
કર્યો તેહ સ્થાનમાં નિવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગ્રામજનોએ શ્રી મૂળદાસજીનું અપમાન કર્યું એ નામે પંદરમું પ્રકરણમ્ ॥૧૫॥

પ્રકરણ : ૧૬

પૂર્વછાયો :

ત્યાર પછી જે જે થયું, તેની ખાંત્યે કહું સહુ વાત ॥
વાત રહસ્ય તણી ઘણી, અચરજકારી સાક્ષાત ॥૧॥
જેઠ માસ પૂરો થયો, આવ્યો અનુપ અષાઢ ॥
અંજવાળા ગયાં ઓસરી, વડા વાદળ છાયા ગાઢ ॥૨॥
વીજળી ઝબૂકી મેઘ હરુડ્યા, થઈ વર્ષાની ધાર ॥
સંત વળી રતન મળી, જીવે જીવન કુટિયા મોઝાર ॥૩॥

ચોપાઈ :

અલ્પ સુખ રહ્યું નહિ તિયાં, અતિ દુઃખના તેડા આવિયાં ॥
મળે ન મળે ક્યારેક અન્ન, ખાધા વિના કાઢે દોય દન ॥૪॥
ભોંય પથારી પર લંબાવી, સૂવું પડ્યું ઘણું તન તાવી ॥
સંત સૂવે કુટિ બાર નિશે, રતનબાઈ સૂવે કુટિ વિષે ॥૫॥
ભૂખ્યા ઉપવાસ ઘણાં થાય, તેનું કષ્ટ સહે તનમાંય ॥
ક્ષુધા તૃષાનો મેળ ન રહ્યો, એમ ઘણો ઘણો કાળ ગયો ॥૬॥
પછી એક દિવસની વાત, થયો નિશાએ ભારે વર્ષાત ॥
સંત સૂતા હતાં કુટિ બાર, તેનું તન ભીંજાયું અપાર ॥૭॥
તેથી ધ્રુજવા લાગિયા ઘણું, તન આવિયું શિથિલપણું ॥
એવું દીઠું બાઈએ જરૂર, ત્યારે ધીર રહી નહિ ઉર ॥૮॥
મૂકી પોક રડી અતિ ઘણું, તેને ગયું તન જાણપણું ॥
સંત સાંભળી રુદન નાદ, માંહિ ગયાં રાખી મરજાદ ॥૯॥
દેખી રડતી રતનબાઈ, તેનું હૃદય ગયું ભરાઈ ॥
આપી આશ્વાસન તેહ વાર, મીઠા વેણ બોલ્યા કરી પ્યાર ॥૧૦॥
બેટા ! રતન શીદ તું રડે, શીદ હૃદયે હિબકે ચડે ॥
સુખ દુઃખ દિયે દામોદર, તેનો નથી દેનારો ઈતર ॥૧૧॥
માટે સુખદુઃખમાં રહેવું સુખી, દુઃખ દેખી થવું નહિ દુઃખી ॥
હવે શોક મ ધર્ય લગાર, જે થયું તે હરિઈચ્છા ધાર્ય ॥૧૨॥
ત્યારે આક્રંદ અવાજે બોલી, દારા દલડાના દ્વાર ખોલી ॥
હતાં નરનારી બડભાગી, આપ કથા સુણવાના રાગી ॥૧૩॥

INDEX

તેણે આપનું લૂંટિયું માન, કરી શોર ઘોર અપમાન ॥
તેનું દુઃખ દેખ્યું નથી જાતું, જૂઠું આળ નથી સહેવાતું ॥૧૪॥
થયું સઘળું મુજ કારણ, હું છું પાપી વળી અભાગણ ॥
માટે હજી તમને વિનવું, મારે હરામ હવે જીવવું ॥૧૫॥
અન્યક્ષેત્રમાં કર્યું જે પાપ, સંત સંગે ટળે તેનાં તાપ ॥
પણ સંત સંગે પાપ થાય, તેહ વજ્રલેપ જ ગણાય ॥૧૬॥
મને મરવા ઘો કૂવે જઈ, તેમાં અવરોધ કરો નઈ ॥
એવાં દર્દથી ભરેલા વેણ, થઈ તેનાંથી કરુણ રેણ ॥૧૭॥
ઘણું ઘણું સમજાવે સંત, સ્નેહ લાવી હૈયામાં અત્યંત ॥
તોય છાની રહે નહિ બાઈ, સામું થઈ ઉદાસ સવાઈ ॥૧૮॥
આવ્યાં હતાં અમરેલી શહેર, કરવા અનાજની હેરફેર ॥
જન કૃષિક સરવે શાણા, ઠેબી નદીને કાંઠે રોકાણા ॥૧૯॥
સૂધી સૂરત દઈ સાંભળી, કરી વાત જે બાઈએ સઘળી ॥
પછી જાણી હકીકત વાત્ય, કુટિ ભણી ગયાં પરભાત્ય ॥૨૦॥
પૂછ્યું નારીને પૂરું વ્રતંત, શીદ અપમાની થયાં સંત ॥
સાચે સાચું કહો સમ ખાઈ, જૂઠું બોલશો તમે ન કાંઈ ॥૨૧॥
પછી સમો જોઈ બાઈ ખાસ, હૈયું ખોલીને કરે ખુલાસ ॥
કોઈ સંતને દોષ મ દેજ્યો, સંત શુદ્ધ સત્ય માની લેજ્યો ॥૨૨॥
નારી દોષી હું એકલી જાણો, નિરદોષ સંતને પ્રમાણો ॥
એણે ઓઢી લીધું મારું આળ, સહી અપમાનની જંજાળ ॥૨૩॥
સંત દિલના અતિ દયાળુ, સદા પરોપકારી કૃપાળુ ॥
હતી રહસ્યની જેહ વાત, કીધી રતને તેહ સાક્ષાત ॥૨૪॥
સુણી સત્ય હકીકત સારી, કર્યો વિલંબ નહિ લગારી ॥
સહુ મળી ગયાં પંચ પાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ખેડૂતોને સત્ય ઘટનાની જાણ થઈ એ નામે સોળમું પ્રકરણમ્ ॥૧૬॥

પ્રકરણ : ૧૭

પૂર્વછાયો :

મહાજને સુણી શ્રવણે, સત્ય વાત બની નિરધાર ॥
સુણી આશ્ચર્ય પામિયા, થયો પશ્ચાતાપ અપાર ॥૧॥
પછી સંત તેડાવિયા, તે ઘડી પુરની માંય ॥
જન સહુ મગન થયાં, લેવા સંતની સ્નેહે વધાય ॥૨॥
સમર્થ શ્રી મૂળદાસજી, જેને હથેવાળો હરિ સાથ ॥
ફરી પધાર્યા પુરમાં, લઇ રતનબાઈ સંગાથ ॥૩॥

ચોપાઈ :

આવ્યાં પંચ પાસે સંત જ્યારે, પાયે પડી બોલ્યા સહુ ત્યારે ॥
કરો અપરાધ માફ અમારો, થયો અમારે દ્રોહ તમારો ॥૪॥
જોયું જાણ્યું નહિ ખરું ખોટું, વળી આળ દીધું મહામોટું ॥
કૃપા કરજો આપ કૃપાળુ, દોષ ભૂલો અમારા દયાળુ ॥૫॥
એમ વિનંતી સુણીને સંત, બોલ્યા ધીર ગંભીર અત્યંત ॥
નથી દોષ લગારે તમારો, થયું ધણીનું ધાર્યું તે ધારો ॥૬॥
નથી માન અપમાને સૂધ, કેદિ દુઃખે નથી થાતો ક્રુધ ॥
આઠે પોર આનંદમાં રહું, સદા કૃષ્ણ કીરતન કહું ॥૭॥
માટે દુઃખ લગાડો ન જરી, ભજો ગોવિંદને ભાવ ભરી ॥
એવી કરુણા સભર વાણી, સુણી જને જોડ્યા બેઉ પાણિ ॥૮॥
એવે સમયે એક યુવાન, હતો પાપી ખરો જે નિદાન ॥
થયો પંચની પાસ કબૂલ, સત્ય સ્વીકારી પોતાની ભૂલ ॥૯॥
મુજ હરામીએ કર્યું પાપ, થ્યો રતનનાં બાળનો બાપ ॥
માટે દેશો મ સંતને દોષ, તેને જાણો સદા નિરદોષ ॥૧૦॥
સુણી સહુ બોલ્યા આણી ખંત, મહાસમર્થ પ્રમાણો સંત ॥
ભવ્ય સ્વાગત સામૈયા કરી, પધરાવીએ આશ્રમે ફરી ॥૧૧॥
પછી શેરીઓ સજજ કરાવી, બાંધ્યા અશોક તોરણ લાવી ॥
ઘણું ઘૃત નાખી દીવા કર્યાં, દેવ મંદિરે શ્રીફળ ધર્યા ॥૧૨॥
ગાય મંગળ ગીતો અપાર, ઊંચે સ્વરે કરી સહુ નાર ॥
શિશુ મળીને કરે કિલોલ, ધ્રમ ધ્રિબાંગ ઢબુકે ઢોલ ॥૧૩॥

INDEX

મોટી પુષ્પમાળાઓ પહેરાવી, સંત પૂજયા ઘણો મોદ લાવી ॥
અતિ શણગાર કરી ભારી, સજી સંતની મહાસવારી ॥૧૪॥
હતો આશ્રમ સંતનો જયાંય, પ્રેમે પૂજી પધરાવ્યા ત્યાંય ॥
જયનાદ થયો ચારેકોર, ચડી ગરદી ગગને ઘોર ॥૧૫॥
નરનારીને મોદ ન માંય, વારે વારે સંત ગુણ ગાય ॥
પછી પૂજીને વળતા થયાં, નિજ ગૃહ ભણી સહુ ગયાં ॥૧૬॥
જેમ હેમ કેરો દોરો હોય, છયે ઋતુમાં સમાન સોય ॥
તેમ સુખદુઃખે સમ થાય, તેને સ્થિતપ્રજ્ઞ કહેવાય ॥૧૭॥
ધરે માનાપમાને સમતા, નવ આણે મોહ ને મમતા ॥
એવાં ધીરજવાન વિરક્ત, સાચા કહીએ શ્રીહરિના ભક્ત ॥૧૮॥
મર આવે જો દુઃખ અપાર, પણ ડગે નહિ જે લગાર ॥
એવાં સહિષ્ણુ જન જરૂર, કરે વાસ પ્રભુ તેને ઉર ॥૧૯॥
એવાં સંત શિરોમણિ સાર, મૂળદાસ સંત નિરધાર ॥
દીધો આશરો બાઈને પાસ, કર્યો આશ્રમમાં ફરી વાસ ॥૨૦॥
કિયાં એક દિનનો સમાજ, જેને મુખે રહી નહોતી લાજ ॥
કિયાં એજ સહુ જન આજ, જેને ઉપજી દલમાં દાઝ ॥૨૧॥
ધૂન ભજન કેરો અખાડો, વળી જામી ગયો રાત દાડો ॥
વધ્યું સત્સંગ કેરું જોર, ઝૂમી ઊઠ્યા સહુ મનમોર ॥૨૨॥
ચહુકોર કીર્તિ ને પ્રશસ્તિ, વળી વિસ્તરી સંતની અતિ ॥
ગામોગામથી સંઘ અપાર, ઘણાં આવે આશ્રમ મોઝાર ॥૨૩॥
પ્રાતઃપૂજન સંધ્યા તર્પણ, કરે હરિને ભોગ અર્પણ ॥
માળા ફેરી રટે હરિનામ, મૂળદાસજી સંત નિષ્કામ ॥૨૪॥
જેણે પીધો હરિરસ મીઠો, અન્ય તેણે તુલ્ય નવ દીઠો ॥
તે શું ચાખશે મુખેથી છાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રી મૂળદાસજીનું સામૈયું કરી આશ્રમમાં લાવ્યા એ નામે સત્તરમું પ્રકરણમ્ ॥૧૭॥

પ્રકરણ : ૧૮

પૂર્વછાયો :

વળી સહુ તમે સાંભળો, જે વાત બની સાક્ષાત ॥
ભાખું સરવે નેહથી, જગવ્યાપક ને વિખ્યાત ॥૧॥
થોડે ઘણે વીત્યે દને, મૂળદાસે કર્યો વિચાર ॥
બોલાવી બાઈ રતનને, વાત સમજાવી અપાર ॥૨॥
જાણ્યે અજાણ્યે જે થયું, મહાપાતક તુજથી આજ ॥
તેનું પ્રાયશ્ચિત કરવું, તે વિના રીઝે નહિ રાજ ॥૩॥

ચોપાઈ :

માટે સાવધાન ખરા થઈ, સુણો કહું તેને ચિત્ત દઈ ॥
કરો વાસ તૃણની કુટિર, તન સુખ ન ઈચ્છો લગીર ॥૪॥
વહેલી પ્રભાતે પથારી છોડી, વૃત્તિ રાખો પ્રભુમાંહિ જોડી ॥
પછી સ્નાન શૌચાદિ આચરી, પ્રભુ પૂજા કરો નેહ ધરી ॥૫॥
અષ્ટાક્ષરનો પવિત્ર મંત્ર, તેનો જાપ કરવો નિરંત્ર ॥
ચોક મંદિર તણો વાળવો, આવ્યો અભ્યાગત જમાડવો ॥૬॥
સ્વચ્છ કરવા ઉટકી ઠામ, લેતાં લેતાં નટવર નામ ॥
ભોંય પથારીએ સૂવું સદા, મિષ્ટ અન્ન જમવું ન કદા ॥૭॥
એક માસ લગી તપ કરો, પંચવિષયને પરહરો ॥
ત્યારે પાતક પામશે નાશ, તન મન શુદ્ધ થશે ખાસ ॥૮॥
એવું સુણીને બોલી છે બાઈ, આપો આશિષ હે મુનિરાઈ ! ॥
જેમ કીધું તેમ આચરીશ, પ્રભુ રાજી કરવા મથીશ ॥૯॥
પછી આદર્યું કઠણ તપ, શરુ કીધો હરિનામ જપ ॥
નાડી માંસ ગયા છે સુકાય, અતિ કૃશ થઈ તેની કાય ॥૧૦॥
જ્યારે પૂરો થયો એમ માસ, ત્યારે આવી છે સંતની પાસ ॥
સંત દેખી રાજી થયાં ઘણું, થયું પ્રાયશ્ચિત પાપ તણું ॥૧૧॥
પછી બોલ્યા મુખે તતખેવ, હવે દુખિયાની કરો સેવ ॥
કરો પ્રીત પ્રભુમાં સુન્યારી, ભૂલો વાત વીતી જે નઠારી ॥૧૨॥
જેવું રુચે તેવું અન્ન જમો, પણ હવે ન દેહને દમો ॥
પળે ઉદરે તમારે બાળ, તેની રાખજો સાર સંભાળ ॥૧૩॥

INDEX

એમ શીખ દીધી ભલી વિધિ, તેહ રતને સાંભળી લીધી ॥
હવે દુઃખ રહ્યું નહિ કાંય, નિશદિન આનંદમાં જાય ॥૧૪॥
જ્યારે પૂરાં થયાં નવ માસ, પામ્યો ગર્ભ પૂરણ વિકાસ ॥
પેટે પ્રસવી તરુણી બાળ, જોઈ આનંદ પામ્યા મરાળ ॥૧૫॥
તેનું નામ રાખ્યું રૂડું રાધા, દૂર પલાણી સરવે બાધા ॥
પાળી પોષી તેને રૂડી રીતે, કરે છે જતન બહુ પ્રીત્યે ॥૧૬॥
કર્યો રાધાએ વિદ્યા અભ્યાસ, પાઠ ઉદ્યમથી ભણ્યા ખાસ ॥
સંત દિયે છે સંસ્કાર રૂડાં, જેથી આવે નહિ દોષ કૂડા ॥૧૭॥
રોજ સુણાવે શ્રીરામ કથા, ભાંગે ભવની સરવે વ્યથા ॥
શીખ સંત દિયે ભક્તિ કેરી, શાણી સમજણ ફેરી ફેરી ॥૧૮॥
જેમ જેમ દન વહી જાય, તેમ તેમ બાળા મોટી થાય ॥
સુતા સોળ વરસની થઈ, રૂપવંતી ગુણવંતી ભઈ ॥૧૯॥
ત્યારે સંતે કર્યો છે વિચાર, આવી રાધા જોબન આ વાર ॥
શોધી રૂડાં કુળ કેરો વર, તેને દઉં સુતા તણો કર ॥૨૦॥
પછી પ્રભુચરણે શીશ ધરી, કરે પ્રાર્થના ઉમંગ ભરી ॥
વિદ્વાવાન વડો ને પવિત્ર, જેની વૃત્તિ ચળે નહિ ઈત્ર ॥૨૧॥
શુભ ગુણ લક્ષણથી જુક્ત, હોય લોભ કપટથી મુક્ત ॥
કૃપા કરી કન્યા તણો કંથ, દેજયો જેનો પ્રભુપદે પંથ ॥૨૨॥
પછી એક દિવસની વાત, બની જોગાનુજોગ સાક્ષાત ॥
સમી સાંજ ટાણે સંત જ્યારે, બેઠા હતાં આશ્રમની બારે ॥૨૩॥
આવ્યો નર એક ગુણવાન, કરી પ્રવાસ વિધ વિધ સ્થાન ॥
ધોળા અંબર ને દ્વિજ ભેખ, શોભે ભાલે તિલકની રેખ ॥૨૪॥
સંત ચરણમાં શીશ નામી, નમસ્કાર કર્યા કરભામી ॥
થયો અંતરે અતિ હુલાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રાધાદેવીનો જન્મ થયો એ નામે અઢારમું પ્રકરણમ્ ॥૧૮॥

INDEX

પ્રકરણ : ૧૯

પૂર્વછાયો :

પછી મુનિવર બોલિયા, દેખી વિપ્રની રૂડી રીત ॥
ક્યાંથી આવો કિયાં જાઓ, કહો નામ તમારું ખચિત ॥૧॥
કોણ તમારાં તાત ને, વળી ભ્રાત ભોજાઈ કોણ છે ॥
કુળ તમારું ગામ ઠેકાણું, તેનાં કહો શું નામ છે ॥૨॥
સ્નેહે સુણાવો સઘળું, વિસ્તારથી વ્રતંત ॥
ઇન્દ્રિયજીત દીસો તમે, વિપ્ર વેષે મહાસંત ॥૩॥

ચોપાઈ :

ત્યાર પછીનો જે ઈતિહાસ, થયો આશ્રમ મોઝાર ખાસ ॥
તે તો લખાયો શાસ્ત્રના પાને, થયો છતરાયો નથી છાને ॥૪॥
વરતાલના મહાસમર્થ, જેને પૂજ્યે સરે સર્વે અર્થ ॥
એવાં આત્માનંદ બ્રહ્મચારી, જેની ભક્તિ હરિશું અપારી ॥૫॥
હરિ પ્રસાદીનું વસ્ત્ર જેહ, થયું પ્રાપ્ત મુને થકી તેહ ॥
તેણે લખ્યુ છે ગ્રંથની માંઈ, તે જ લખું હું હરખે આંઈ ॥૬॥
જે જે વાત પૂછી મૂળદાસે, તે તે સાંભળી દ્વિજે હુલાસે ॥
પછી વિપ્ર બોલ્યા તેહવાર, સુણો સંત જીવ તારનાર ॥૭॥
ઉત્તર કોશલે અયોધ્યા ગામ, મારા વડવાઓનું મૂળ ઠામ ॥
પછી સ્થાન તેહ છાંડી દઈ, આવ્યાં ગુજરાતે સમાજ લઈ ॥૮॥
રૂડાં વિરમગામની પાસ, લીધો ઓગાન ગામે જ વાસ ॥
હળીમળી રહ્યાં સહુ સગાં, ઈર્ષ્યા દ્વેષને ન દીધી જગા ॥૯॥
સરવરિયા નામે જેહ કુળ, એહ અમારા દ્વિજનું મૂળ ॥
તેમાં વિપ્ર થયાં મોતીરામ, એ જ તાત મારા ગુણધામ ॥૧૦॥
તેને ઘેર પુત્ર થયાં દોય, ગુણવાન લજજાવાન સોય ॥
તેમાં વર્ણવું એકની વાત, પછી માંડુ નિજની સાક્ષાત ॥૧૧॥
સૂરજરામ નામે મારા ભ્રાત, કરે કથા કીર્તનની વાત ॥
કર્યો તેનો આણીને ઉત્સાહ, બાઈ સુનંદા વેરે વિવાહ ॥૧૨॥
તેહ દંપતિએ લીધો વાસ, મહેમદાવાદ ગામની પાસ ॥
તેને દુઃખ કાંઈ નવ રહ્યું, એમ ભ્રાતનું આખ્યાન કહ્યું ॥૧૩॥

INDEX

હવે મારા રહસ્યની વાત, કહું વર્ણવી સર્વે સાક્ષાત ॥
વડો પુત્ર હું જનક કેરો, મુજ ઉપર્યે સ્નેહ ઘણેરો ॥૧૪॥
બાલ્યકાળે કર્યો વિદ્યાભ્યાસ, ત્યજી વિષયસુખની આશ ॥
પછી સંસ્કૃત અભ્યાસ કાજ, ગયો કાશીનગરી મહારાજ ॥૧૫॥
ગ્રહી શિક્ષા સહુ ગુરુ પાસે, તેને રાજી કર્યા મેં હુલાસે ॥
પછી વળતો કર્યો વિચાર, ઘેર જાવા કાજે નિરધાર ॥૧૬॥
સોમનાથ તણાં મહાદેવ, રાજે સોરઠ દેશ અભેવ ॥
તેનાં દર્શન પ્રણામ કરી, પછી જઈશ હું ઘેર ફરી ॥૧૭॥
એવું નક્કી કરી મનમાંય, ચાલ્યો ત્યાંથી ઉતાવળો પાય ॥
વાટે આવે જ્યાં જ્યાં દેવ દેરા, તેનાં દર્શન કરું ઘણેરાં ॥૧૮॥
એમ કરતાં આવ્યો અમરેલી, પ્રજા આંહિની ભાવ ભરેલી ॥
સંધ્યા સમે પૂછ્યો મેં ઉતારો, ત્યારે ચીંધ્યો આશ્રમ તમારો ॥૧૯॥
એમ આનંદરામે તે વાત, મૂળદાસને કીધી સાક્ષાત ॥
ત્યારે સંત થયાં રાજી મન, સુણી શ્રવણે સઘળું તે દન ॥૨૦॥
પછી સંત બોલ્યા આણી પ્રીત, સુણો આશ્રમની એહ રીત ॥
કોઈ આવે અભ્યાગત જ્યારે, તેને જમાડવા પ્રેમે ત્યારે ॥૨૧॥
ભૂખ્યો જાય નહિ કોઈ જન, એવું ચાલે આંહિ નિશદન ॥
માટે વેળ્ય મ કરશો કાંઈ, હવે જમવા પધારો માંહિ ॥૨૨॥
પછી રાધાને પાસ બોલાવી, સ્વાદુ અન્નની ત્યારી કરાવી ॥
ખાંતે જમાડ્યા વિપ્ર સુપેર, એમ કીધી મૂળદાસે મેર ॥૨૩॥
સુણો રહસ્યની વાત એહ, સૂરજરામ તણાં પુત્ર જેહ ॥
થયાં સંપ્રદાયે જગવંદ, તે તો પ્રેમમૂર્તિ પ્રેમાનંદ ॥૨૪॥
વળી આનંદરામની વાત, અતિ અલૌકિક ને પ્રખ્યાત ॥
હવે તેનો કરીશ ઉજાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે આનંદરામનું આખ્યાન કર્યું એ નામે ઓગણીશમું પ્રકરણમ્ ॥૧૯॥

INDEX

પ્રકરણ : ૨૦

પૂર્વછાયો :

લીલા લખું પછી ત્યારની, અતિ અનુપ સુંદર સોય ॥
ભક્તને મનભાવન છે, તે સાંભળજો સહુ કોય ॥૧॥
વિપ્ર જમાડી પ્રેમથી, પછી સંત આવ્યાં આસને ॥
હરિ સ્મરણ કરતાં, આવી ગઈ નિદ્રા તને ॥૨॥
ધીરે ધીરે નિશા વીતી, ને આવ્યો ત્રીજો પહોર ॥
તે સમે અચરજ થયું, તેજ છાયું ચારે કોર ॥૩॥

ચોપાઈ

શંખ ચક્ર ગદા પદ્મધારી, સુંદર કેશ ને મુકુટધારી ॥
શોભે કંઠે વૈજયંતી માળ, શોભે અધર અતિ રસાળ ॥૪॥
શીશ શોભે મોરપીંછ વડે, જ્યારે હસે ગાલ ખાડા પડે ॥
ભુજ બાજુબંધ બાંધ્યા બેઉ, તેની શોભા શું મુખે હું કેઉ ॥૫॥
એવાં અનુપ દર્શન દાન, દીધાં નાથે સંતને નિદાન ॥
અતિ ધન્ય થયાં મૂળદાસ, થયો અંતરે અતિ ઉજાસ ॥૬॥
દોય કરજોડી સ્તુતિ કરી, નમ્યા ચરણમાં શીશ ધરી ॥
પછી બોલ્યા છે સારંગપાણિ, વાત સંત હૃદયની જાણી ॥૭॥
દુઃખ હૈયે છે જેહ તમને, ખરું જાણ્યું અમે એહ મને ॥
લગ્ન રાધાનાં ક્યારે લખાય, તેની ચિંતા તમને ઘણી થાય ॥૮॥
પણ સાંભળો સંત સુજાણ, હવે કહું જે ઉચ્ચારી વાણ ॥
આનંદરામ નામે વિપ્ર જેહ, આવી રહ્યા આશ્રમમાં તેહ ॥૯॥
વિવાહ કરો તેનો રાધા સંગ, દ્યો કન્યાદાન આણી ઉમંગ ॥
કરો વાત તે ઊઠી પ્રભાતે, આનંદરામને સઘળી ખાંતે ॥૧૦॥
એમ વાત કરીને લગાર, પછી અદ્રશ્ય થયાં મોરાર ॥
પછી ઊઠ્યા પ્રભાતમાં સંત, પૂજા કીધી પ્રભુની અત્યંત ॥૧૧॥
કેડ્યે આનંદરામ બોલાવી, નિજ દલની વાત જણાવી ॥
ગ્રહી રાધા તણો તમે હાથ, સુખે રહો સંસારે સંગાથ ॥૧૨॥
ત્યારે આનંદે વિચાર્યું મન, ઘણો ભાગ્યશાળી છું આ તન ॥
જેમ હોય સંતની મરજી, તેમ કરવું અન્ય આશ ત્યજી ॥૧૩॥

INDEX

પછી સંમતિ આનંદે આપી, વાત સંતની નવ ઉથાપી ॥
વડો વિવાહ કરવા કાજે, પછી ત્યારી કરી મુનિરાજે ॥૧૪॥
જોઈ મુહૂર્ત ને શુભવાર, વિવાહ નક્કી કર્યાં નિરધાર ॥
સાજ વાજ લાવ્યા તિહાં ઘણાં, કોઈ વાતમાં ન રાખી મણાં ॥૧૫॥
શુભ દિને રાધા પરણાવી, અતિ અંતરે આનંદ લાવી ॥
થયું પાણિગ્રહણ પૂર્ણ જ્યારે, દોય આવ્યાં સંત પાસે ત્યારે ॥૧૬॥
સંત ચરણમાં શીશ ધરી, કર્યાં નમસ્કાર ભાવ ભરી ॥
ત્યારે આલ્યા છે આશીર્વચન, થઈ સંતે અતિ પરસન ॥૧૭॥
અતિ મંગળ થાજ્યો તમારું, ઘણો ચાલે સંસાર સુચારુ ॥
હરિભક્તિમાં રહેજ્યો લેલીન, કેદિ થશો ન મનમાં ખિન્ન ॥૧૮॥
ધર્મમાં સ્થિર રાખજ્યો મતિ, તેને તજશો નહિ કેદિ રતિ ॥
સત્ય વેણ ભાખો મુખ સદા, છળ કળ કરો નહિ કદા ॥૧૯॥
ચોર પાપી પરત્રિયગામી, વળી કૂડા કપટી હરામી ॥
કોઈ રમે જુગારી જુગાર, તેનો સંગ મ કરજો લગાર ॥૨૦॥
સતશાસ્ત્રનો પાઠ કરજો, સંધ્યા પૂજા કર્મ આચરજો ॥
વ્રત તપથી રીઝે ભગવાન, તેમાં રાખજો શ્રદ્ધા નિદાન ॥૨૧॥
એમ સંતે ઘણી શીખ દીધી, હિતની વાત હેતથી કીધી ॥
પણ કરિયાવર કેરા દામ, સંત પાસે નહોતા ધનધામ ॥૨૨॥
ત્યારે અમરાપુર તણું જેહ, હતું રામમંદિર રૂડું તેહ ॥
તેનો લેખ લખી દીધો દાને, કરિયાવરે વરકન્યાને ॥૨૩॥
પછી આપી વસમી વિદાય, ત્યારે નેણ આંસુ ન સુકાય ॥
દિયે સાંત્વન મૂકીને હાથ, સંત રાધા તનયાને માથ ॥૨૪॥
પછી વળાવી જાનને સીમે, સહુ પાછાં વળ્યાં ધીમે ધીમે ॥
મૂળદાસને મન થઈ હાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રાધા અને આનંદરામનાં લગ્ન થયાં એ નામે વીસમું પ્રકરણમ્ ॥૨૦॥

પ્રકરણ : ૨૧

પૂર્વછાયો :

ચાલ્યાં પછી દોય દંપતિ, લઈ અમરાપુરની વાટ ॥
શીખ દીધી જે મુનિવરે, તે રાખી શિરસાટ ॥૧॥
રામજી મંદિર રૂડું ઘણું, તે શોભે પુર મોઝાર ॥
તિયાં વાસ કરી રહ્યાં, હળીમળીને નરનાર ॥૨॥
અતિ આનંદ હૃદયમાં, નિત નિત વાધ્યો જરૂર ॥
હરિસેવા હરિભજનથી, પછી પીડ રહી નહિ ઉર ॥૩॥

ચોપાઈ :

સેવા રામજી મંદિરની રૂડી, એ જ જીવનની મહામૂડી ॥
એવું સમજીને કરે સેવ, રાખે હૃદે એ જ એક ખેવ ॥૪॥
ધૂન ભજન કીર્તન સાથ, કહે રામચરિતની ગાથ ॥
આવે સાંભળવા નરનારી, જેને હરિભક્તિ લાગે પ્યારી ॥૫॥
દ્રઢ ધીરજ મનમાં ધારે, નિશ્ચય નાથનો દલમાં ભારે ॥
પ્રીત રાખે નહિ જક્તમાંય, અતિ રાખે સ્નેહ પ્રભુમાંય ॥૬॥
ત્યાગે આહાર નીંદરા ઘણાં, જેથી ભક્તિમાં ન રહે મણાં ॥
દીનાનાથ તણું એક દ્રશ્ય, દ્રષ્ટિ વડે ઉતારે અવશ્ય ॥૭॥
મુખે હરિનામનો ઉચ્ચાર, કરે આણી અંતરમાં પ્યાર ॥
ધીમે ધીમે સહુ નરનાર, લાગ્યાં બોલવા વારમવાર ॥૮॥
વેષ સંસારીનો ભલે તન, પણ ત્યાગી સમું છે જીવન ॥
એમ વિચારીને પડે પાય, રહે હાજર સહુ સદાય ॥૯॥
પણ સુણો સહુ ધરી કાન, એક વાત નિશ્ચય નિદાન ॥
જ્યારે અધર્મનું ચાલ્યું જોર, પાપ થવા લાગ્યા અતિ ઘોર ॥૧૦॥
મેલી રાજાએ રાજની રીત, પ્રજા ભોળી ભરમાવે નિત ॥
જર જોરુ જમીનને કાજ, ત્યાગે ભૂપતિ કુળની લાજ ॥૧૧॥
ધર્મગુરુ મૂકી લાજ નેવે, વારે વારે પરત્રિય સેવે ॥
મંત્ર મૂઠ કામણ ને ચોટ્ય, ઢોંગ કરી ધૂતે જન કોટ્ય ॥૧૨॥
નરનારી થયાં વ્યભિચારી, કરે કામ કાળા અવિચારી ॥
દારુ માંસ ચોરી છળ ઘૂત, ભૂંડું ભ્રષ્ટતાનું વધ્યું તૂત ॥૧૩॥

INDEX

ગયું સત્વનું તત્વ ખોવાઈ, ભલા નરની થઈ બૂરાઈ ॥
ચડ્યા ત્યાગમાં રાગના રંગ, જોગી જાતિના થયાં મન ભંગ ॥૧૪॥
એમ ઘોર થયો કળિકાળ, ભાંગી મટી કલ્યાણની પાળ ॥
ત્યારે અવતારી મહારાજે, ઈચ્છ્યું જન્મ ધરવાને કાજે ॥૧૫॥
પણ તેની મોર્યે મહામુક્ત, અતિ અતિ ઐશ્વર્યથી યુક્ત ॥
જેહ અનાદિ મુક્તો કહેવાય, તેહ મધ્યે તે મુખ્ય ગણાય ॥૧૬॥
એવાં અનાદિમુક્તને સ્મરી, પ્રથમ મોકલ્યા આગન્યા કરી ॥
પ્રભુ પહેલા પધારિયા એહ, કહું કથા રૂડી હવે તેહ ॥૧૭॥
પછી આંનદરામ ને રાધા, તેને સુખ કેરા દિન લાધા ॥
મહામુક્તએ કર્યો પ્રવેશ, વિપ્ર હૃદયમાં દિવ્ય વેષ ॥૧૮॥
પામ્યા આનંદ મન મગન, ત્યાંથી આવ્યાં રાધાદેવી તન ॥
પછી શુભ ગુણે યુક્ત સતી, તેણે ગર્ભ ધર્યો મહામતિ ॥૧૯॥
ગર્ભ ધરી રહ્યાં દેવી જ્યારે, તન તેજ વધી ગયું ત્યારે ॥
દેવહૂતિ અદિતિની જેમ, શોભે કાંતિ શરીરની તેમ ॥૨૦॥
સાવધાન થઈ લે સંભાળ, જેહ ઉદરે પોષાય બાળ ॥
કરે ભજન રાતદિવસ, સુણે રામકથાને અવશ્ય ॥૨૧॥
ખાતાં પીતાં સૂતાં ને ચાલતાં, નહાતાં ધોતા બેઠાં ને બોલતાં ॥
સર્વે ક્રિયામાં સંભારે હરિ, અન્ન ગ્રહે પૂજાપાઠ કરી ॥૨૨॥
વીતે દિન પછી દિન એમ, મહામુક્ત મોટા થાય તેમ ॥
માતા વિચારે છે ઘણું મન, કરું ભજન અતિ નિશદન ॥૨૩॥
જેથી લાલ મારો ભક્ત થાય, હરિગુણ તે ગાય સદાય ॥
વળી મોટો થશે પંડે જ્યારે, કરશે સેવા અમારી એ ત્યારે ॥૨૪॥
એમ કરતાં આવ્યો પોષ માસ, લાવ્યો જનને હૈયામાં ઉલ્લાસ ॥
ત્યારે પૂર્ણ થયાં નવ માસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે આનંદરામ અને રાધાદેવી અમરાપુરમાં આવીને વસ્યા એ નામે એકવીસમું પ્રકરણમ્ ॥૨૧॥

પ્રકરણ : ૨૨

પૂર્વછાયો :

શુભ સંવત અઢારસો, વર્ષ આવ્યું ચૌદ અનુપ ॥
પોષ રૂડો શુક્લ પક્ષનો, જનને થયો સુખરૂપ ॥૧॥
શિશિર ઋતુ સોહામણી, બુધ પ્રભાવ મૃદુ થયો ॥
મનોકારક શશી ભલો, વળી આનંદ નામે યોગ ભયો ॥૨॥
રવિ પ્રવેશિયો ઉત્તરે, આવ્યું નક્ષત્ર રેવતીમાંય ॥
મીન તણી રાશી મધ્યે, શુભ મુહૂર્ત અતિ થાય ॥૩॥

ચોપાઈ :

આવ્યો સપ્તમીનો જ્યારે દન રે, થયાં સરવે જન મગન રે ॥
નદી નાળાં ઝરણાં છલકે રે, પશુ પક્ષી તણાં ઝુંડ મહેકે રે ॥૪॥
વળી શુકન થયાં બહુ સારા રે, ત્રિય તાપ ખરા હરનારા રે ॥
મહામુક્તે ધર્યો જન્મ આજ રે, સહુ જીવનાં કલ્યાણ કાજ રે ॥૫॥
અતિ તેજે છાયો આસમાન રે, સહુ સુખી થયાં છે નિદાન રે ॥
નભે આવિયાં મુક્ત અપાર રે, પુષ્પવૃષ્ટિ કરે ધરી પ્યાર રે ॥૬॥
અમરાપુરવાસીને દલ રે, વાધ્યો આનંદ હૈયે અવલ રે ॥
ગાય ગાંધર્વ ગીત અપાર રે, દુંદુભિ વગાડે દઈ ભાર રે ॥૭॥
નાદ નોબત્ય પડઘમ થાય રે, સહુ જય જય શબ્દ ગાય રે ॥
શંખ મૃદંગ તુરંગ વાગે રે, શરણાઈ તે વિવિધ રાગે રે ॥૮॥
બહુ વ્યોમે વાજિંતર વાગ્યા રે, જયનાદ ચહુ થવા લાગ્યા રે ॥
સ્તુતિ કરે મુનિવરો ઘણી રે, તેની વાત જાય નવ ભણી રે ॥૯॥
નરનારી બહુ હરખાય રે, બાળને દેખી મોદ ન માંય રે ॥
અતિ શીતળ પવન વાય રે, વૃક્ષ પુષ્પલતા મલકાય રે ॥૧૦॥
થયાં ઉત્સવ આનંદ ઘેર રે, અતિ થઈ રહી લીલા લેર રે ॥
નરનારી આવે તિહાં ઘણાં રે, સાજ લાવે માંગલિક તણાં રે ॥૧૧॥
રૂડાં મોતીથાળ ભરી લાવે રે, રાધાબાળને હેતે બોલાવે રે ॥
લાવે કુંકુમ કેસર ભારી રે, વળી અક્ષત સારી સોપારી રે ॥૧૨॥
પાનબીડાં હળદી ને દધિ રે, એવી સાજ સામગરી બધી રે ॥
અતિ પવિત્ર શ્રીફળ સારાં રે, લાવે લવિંગ એલચી ન્યારાં રે ॥૧૩॥

INDEX

ઘણી ઘેલી થઈ બાઈ આવે રે, ગાઈ મંગળ ગીત વધાવે રે ॥
લિયે વારણા વારમવાર રે, નીરખી હરખે હૈયું અપાર રે ॥૧૪॥
અતિ મંગળકારી મૂરતિ રે, મહામુક્ત જેહ મહામતિ રે ॥
તેને હૃદયે રાખી રમાડે રે, એમ મોદ ઘણો જ પમાડે રે ॥૧૫॥
ગૌરવર્ણ ને તેજસ્વી ભાલ રે, બેઉ ગાલ શોભી રહ્યાં લાલ રે ॥
શોભે મુખડું બાલુડે વેશ રે, દેખી તૃપ્તિ થાય નહિ લેશ રે ॥૧૬॥
કર પોંચા રૂડાં છે સુંવાળા રે, અતિ ઝીણા શોભે કેશ કાળા રે ॥
નખ આંગળિયું ઘણી રાતી રે, તેની શોભા નથી કહેવાતી રે ॥૧૭॥
રૂડાં સાથળ શોભે છે અતિ રે, વળી શોભે છાતી ઉપડતી રે ॥
ઊંડી ગોળ નાભિકા રૂપાળી રે, અતિ લાજે કંદર્પ તે ભાળી રે ॥૧૮॥
કંઠ કોમળ શંખ સમાન રે, મુખ કુસુમ કળી નિદાન રે ॥
રાતા અધર પ્રવાલ શોભે રે, તેને દેખીને મનડું લોભે રે ॥૧૯॥
શોભે નાસિકા નમણી સારી રે, શુક ચંચુલથી પણ ભારી રે ॥
શર સમ શોભે દ્રગ દોય રે, વળી ભુજા જાનું લગી હોય રે ॥૨૦॥
એવું અતિ મનોહર રૂપ રે, આનંદઘન સુંદર અનુપ રે ॥
તેને દેખી માતા હરખાય રે, વારે વારે પુત્ર ગુણ ગાય રે ॥૨૧॥
આજ આનંદરામને ઘેર રે, થઈ પ્રભુની મોટી મહેર રે ॥
અતિ ધન્ય થયું અમરાપુર રે, વાધ્યો આનંદ સહુને ઉર રે ॥૨૨॥
દીધાં વિપ્રને દાન અપાર રે, અન્ન ધન અંબર અપાર રે ॥
કીધાં દૂઝણી ગાયોનાં દાન રે, જેહ માંગ્યું જેણે જે નિદાન રે ॥૨૩॥
એમ રાજી કર્યા સારી પેર રે, વિપ્ર જમાડિયા નિજ ઘેર રે ॥
થયાં આનંદમાં ગરકાવ રે, નરનારી લાવી બહુ ભાવ રે ॥૨૪॥
ખૂબ ખોબે વહેંચી સાકર રે, સહુ ઠેકાણે અમરાપર રે ॥
મહામુક્તનો થયો નિવાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મહામુક્ત શ્રી મુક્તમુનિનું પ્રાગટ્ય થયું એ નામે બાવીસમું પ્રકરણમ્ ॥૨૨॥

INDEX

પ્રકરણ : ૨૩

પૂર્વછાયો :

ધન્ય ધન્ય અમરાપુરને, ધન્ય સોરઠનાં નરનાર ॥
હરિ ઇચ્છાથી પ્રગટિયા, જિયાં અનાદિ મુક્ત આ વાર ॥૧॥
સુખ સુખ અતિ સુખ થયું, રહ્યો દુઃખનો નહિ લવલેશ ॥
અક્ષરધામથી અવતર્યા, મહામુનિ નરતન વેષ ॥૨॥
આનંદ ઉત્સવ અતિ ઘણાં, થાય આનંદરામને દ્વાર ॥
બાળ યુવા વૃદ્ધ જન મળી, આવે પ્રીતે સહુ નરનાર ॥૩॥

ચોપાઈ :

પછી આનંદરામે મુદભેર, વિપ્ર તેડાવિયા નિજઘેર ॥
પ્રથમ પુત્ર તણો જાતકર્મ, કર્યો વેદોક્ત વિધિએ પર્મ ॥૪॥
કરી વેદના મંત્ર ઉચ્ચાર, પુત્ર તણાં કર્યા છે સંસ્કાર ॥
વહેંચી સાકર પતાસા ઘણાં, દીધાં દાન અન્ન વસ્ત્ર તણાં ॥૫॥
જે જે આવે ઘેર નરનારી, સહુ દિયે આશિષ અપારી ॥
શત વર્ષ જીવો રાધાજાયા, આપ થાઓ અતિ સુખદાયા ॥૬॥
ક્ષણ મેલે નહિ સુત દૂર, રહે માતને ચિંતા જરૂર ॥
પયપાન કરાવે છે માત, ઘણું રમાડે પ્રેમથી તાત ॥૭॥
પછી આનંદરામે હરખી, પુત્રજન્મ કેરી વાત લખી ॥
જિયાં સંત વસે મૂળદાસ, તિયાં મોકલ્યો સંદેશો ખાસ ॥૮॥
સંત રાજી થયાં વાત ભણી, થઈ રાજી રતન મન ઘણી ॥
ત્યારે સંતે કહી મોકલાવ્યું, અતિ અણતોળ્યું સુખ આવ્યું ॥૯॥
જ્યારે માસ સંપૂરણ વીતે, ત્યારે આવજો અમરેલી પ્રીતે ॥
શુભ સુતનું રાખશું નામ, દેખી રૂડા મુહૂર્ત તમામ ॥૧૦॥
પછી અમરાપુર મોઝાર, લાવ્યા દૂત એહ સમાચાર ॥
સુણી વિપ્ર થયાં ઘણું રાજી, મોંઘી મહોર દીધી તેને ઝાઝી ॥૧૧॥
ધીમે ધીમે બાળ મોટા થાય, મુખે કાલી ઘેલી વાણી ગાય ॥
મંદહાસ કરે છે મધુર, પડે ગાલમાં ખાડા જરૂર ॥૧૨॥
ઘણું રમે રડે લડથડે, વારે વારે પંડે ચડે પડે ॥
એમ કરતાં થયો પૂરો માસ, ત્યારે આવ્યાં સહુ સંત પાસ ॥૧૩॥

શીશ નામી કર્યા નમસ્કાર, પછી બેઠા કરી ઘણો પ્યાર ॥
સંત ચરણમાં ધર્યો બાળ, તેને નીરખે છે મહા મરાળ ॥૧૪॥
દેખી તેજોમય તન ઘણું, થયું છે સંતને જાણપણું ॥
આ તો મુક્ત છે મહાપ્રભુના, થાશે સુખકારી એ સહુનાં ॥૧૫॥
એવું વિચારી અંતરમાંય, પછી સંત બોલ્યા હરખાય ॥
આતો ભક્ત પ્રભુ કેરા થાશે, નિશદિન હરિગુણ ગાશે ॥૧૬॥
ક્ષતિ રહેશે નહિ કોઈ આમાં, હરિ શોધતા આવશે સામા ॥
કોટિ કલ્યાણ કરશે ખરા, એ વાતમાં સંદેહ ન જરા ॥૧૭॥
માટે સુતનું તે શુભ નામ, રૂડું રાખો મુકુંદ અકામ ॥
એમ કર્યું છે નામકરણ, અતિ ઉત્તમ ભયહરણ ॥૧૮॥
પછી વાસ કરી થોડા દન, તિયાં રહ્યાં રાજી થઈ મન ॥
નરનારી સહુ પુરવાસી, આવે સુત રમાડવા પ્યાસી ॥૧૯॥
એક કહે થાઉં એની માડી, ફરું હરખે હું દાડી દાડી ॥
એક કહે થાઉં એની માસી, જાય દુઃખ મારા સહુ નાસી ॥૨૦॥
એક કહે સુણ્ય મારી બેની, શોભા મુખની દેખું તેહની ॥
ત્યારે ઉમંગ થાય અપાર, તેનાં ગાલ ચૂમું કરી પ્યાર ॥૨૧॥
એવી અમરેલી તણી જે નાર, વદે વાણી વિવિધ પ્રકાર ॥
એમ આનંદ પામે છે સહુ, દિન વીતી ગયાં તિયાં બહુ ॥૨૨॥
પછી લઈને સંત આશિષ, સુખે સંભારીને જગદીશ ॥
આવ્યાં અમરાપુર નિજ ગામ, હતાં ઉદાસ સહુ તે ઠામ ॥૨૩॥
જોઈ બાળમુકુંદ રૂપાળા, સહુ જન થયાં છે સુખાળા ॥
ઘણે દિવસે આવું થયું દર્શ, વાધ્યો જનને હૈયામાં હર્ષ ॥૨૪॥
ગામ તણી જેહ સહુ દારા, કરે સુત રમાડવા વારા ॥
તેને દલે થાય ઘણી હાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મહામુક્તનું 'મુકુંદ' એવું નામકરણ થયું એ નામે ત્રેવીસમું પ્રકરણમ્ ॥૨૩॥

INDEX

પ્રકરણ : ૨૪

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, ખરેખરા થઈ સાવધાન ॥
ત્યાર પછી જે જે થયું, તે વાત કહું નિદાન ॥૧॥
દિન દિન પ્રતિ જૂજવા, સહુ આવે છે નરનાર ॥
એવે સમે ત્યાં આવિયાં, રૂડાં જ્યોતિષ પંડિત સાર ॥૨॥
વદન દેખી પુત્રનું, માંહોમાંહિ કરે છે ઉચ્ચાર ॥
સુત સામાન્ય આ નહિ, આ છે કોઈ મુક્ત અવતાર ॥૩॥

ચોપાઈ :

ત્યારે બોલ્યા છે આનંદરામ, કહો પંડિત હે ગુણધામ ॥
કેવો થાશે આ બાળ અમારો, તે કહો અભિપ્રાય તમારો ॥૪॥
પછી જ્યોતિષ બોલ્યા છે સોઈ, જન્મપત્રી તણાં જોષ જોઈ ॥
શુદ્ધ બુદ્ધિવાન પુત્ર થાશે, તેનાં ગુણ અપાર ગવાશે ॥૫॥
થશે જ્ઞાનમાં જનક જેવા, ત્યાગે શુકજી શોભે છે તેવા ॥
તપે થશે શિવજી સમાન, પૃથુ સમ વળી શ્રોતાવાન ॥૬॥
ભલી ભક્તિ કરશે અતિશે, જેવી કરી નૃપ અંબરીષે ॥
દાસભક્તિએ મારુતિ જેમ, આત્મદર્શીમાં કપિલ તેમ ॥૭॥
દત્તાત્રેય સમ ગુણગ્રાહી, થશે જરૂર સંશય નાહીં ॥
શુદ્ધબોધે નારદ સમાન, હરિ મન કહેવાશે નિદાન ॥૮॥
થશે ધૈર્યમાં બલી સમાન, રંતિદેવ સમ દયાવાન ॥
જીવ તારશે કોટાનકોટ, તેમાં રહેશે નહિ કાંઈ ખોટ ॥૯॥
શુભ ગુણની ખાણ અમાપ, થશે ભક્ત પ્રભુના નિષ્પાપ ॥
સિદ્ધયોગી થશે શ્રદ્ધાવાન, ઇન્દ્રિયજીત વળી જ્ઞાનવાન ॥૧૦॥
એવાં જ્યોતિષીના સુણ્યાં વેણ, અતિ અલૌકિક સુખદેણ ॥
માતપિતાને થયો આનંદ, નિજપુત્ર થશે સુખકંદ ॥૧૧॥
પછી વસ્ત્ર ઘરેણાંનાં દાન, આપ્યા પંડિત સહુને નિદાન ॥
વિપ્ર રાજી કરી રૂડી પેર, પછી વળાવિયા નિજ ઘેર ॥૧૨॥
રાધા આનંદરામને ઘેર, આવી આનંદની ઘણી લહેર ॥
થયાં મુદિત સરવે જન, સુખ સુખના આવિયાં દન ॥૧૩॥

INDEX

પછી બાળમુકુંદ સુજાણ, મોટા થાવા લાગ્યા સુખખાણ ॥
તન શોભે અતિશે રૂપાળું, કામ લાજે તેવું મરમાળું ॥૧૪॥
સહુ જન તણાં ચિત્ત હરે, વળી મન આકર્ષિત કરે ॥
નારી સુત રમાડવા કાજે, માંહોમાંહિ સહુ મળી બાજે ॥૧૫॥
વળી ભૂલે નિજ ઘરકામ, પુત્ર રમાડવા સહુ વામ ॥
નિજસુતને ભામિની ભૂલી, રાધાસુતને રમાડે ફૂલી ॥૧૬॥
વળી વ્હાલ વરસાવે નિત, મહામુક્ત મુકુંદ અજીત ॥
એમ કરતાં થયાં પંચ માસ, ત્યારે ભૂમિએ બેસાર્યા ખાસ ॥૧૭॥
ષષ્ઠમાસે કર્ણવેધ તણો, સંસ્કાર કર્યો રૂડો ઘણો ॥
દઈ ગાયો તણાં રૂડાં દાન, ઘણાં વિપ્ર જમાડ્યા નિદાન ॥૧૮॥
પછી આવ્યે ઉચિત સમયે, અન્નપ્રાશન કરાવ્યો ભવ્યે ॥
સહુ પ્રથમ સુતના મુખે, અતિ અલ્પ અન્ન આપ્યું સુખે ॥૧૯॥
થયાં ત્રણ વર્ષ પૂર્ણ જ્યારે, ચૌલકર્મ કરાવ્યું છે ત્યારે ॥
સારો બોલાવ્યો વાળંદ ઘેર, પછી કેશ લીધાં મુદભેર ॥૨૦॥
સ્નાન કરાવીને રૂડી રીત, સુત શુદ્ધ કર્યા છે ખચિત ॥
નવા વસ્ત્ર પહેરાવીને પ્રીતે, કર્યું તિલક વિધિ સહિતે ॥૨૧॥
થયો ચૌલકર્મ પૂર્ણ જ્યારે, ભલી વિધે દાન દીધાં ત્યારે ॥
ગરીબ યાત્રાળુ અતિથી જન, તેને દીધાં ભૂષન વસન ॥૨૨॥
જેમ જેમ સુત મોટા થાય, મુખે કાલી ઘેલી વાણી ગાય ॥
માતા શીખવે હરિનું નામ, મુખે બોલતા તે સુખધામ ॥૨૩॥
પગ માંડે ઓસરી ઉપર, ચાલે લડથડી મુદભર ॥
ચડે પડે ને ક્યારેક રડે, માતા ચાંપી લીએ છાતી વડે ॥૨૪॥
એવી લીલા કરે નિત્ય નિત્ય, અતિ અનુપમ અગણિત્ય ॥
ચિત્ત ચોરે કરી મંદહાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુકુંદના ચૌલકર્મ આદિ સંસ્કાર કર્યા એ નામે ચોવીસમું પ્રકરણમ્ ॥૨૪॥

પ્રકરણ : ૨૫

પૂર્વછાયો :

પાંચ વર્ષ પૂરા થયાં, ત્યારે તાતે વિચાર્યું મન ॥
વિદ્યાભ્યાસ કરાવવો, નિજ પુત્રને પરમ પાવન ॥૧॥
ચક્ષુ વિહોણો જન જેવો, જળરહિત જે સરોવર ॥
પંખ રહિત પારેવડાં, તેમ વિદ્યા વિનાનો નર ॥૨॥
વાવરતા વિદ્યા વધે, વળી સંઘર્યે સ્મૃતિ જાય ॥
ભણાવે નહિ જે પુત્રને, તાત શત્રુ સમ તે ગણાય ॥૩॥

ચોપાઈ :

એવો અંતરે કરી વિચાર, શુભ મુહૂર્ત શોધિયું સાર ॥
નિજ પુત્રને પાસ બોલાવી, વિદ્યાભ્યાસ તણી વાત કહાવી ॥૪॥
શુભ દિવસે આરંભ કીધો, શાસ્ત્રાભ્યાસ તણો માર્ગ લીધો ॥
પૂજયા ગણપતિ અતિ પ્રીત્યે, કંકુ ચોખા ગુલાલ સહિત્યે ॥૫॥
કર્યું સરસ્વતીનું પૂજન, શીશ નામી કર્યા છે વંદન ॥
સર્વે દેવ પૂજયા ભલી ભાત્યે, પુષ્પ શ્રીફળ દઈને ખાંત્યે ॥૬॥
બ્રહ્મ ભોજન કરાવ્યાં ઘણાં, તેમાં રાખી નહિ કોઈ મણાં ॥
વહેંચી સાકર સહુ જનને, નરનારી પામ્યા મોદ મને ॥૭॥
પછી પિતાએ અક્ષર જ્ઞાન, દીધું સુતને થઈ સાવધાન ॥
જેમ જેમ વિદ્યા શીખવાડે, તેને રાખે નવું દાડે દાડે ॥૮॥
રામાયણ તણી જે ચોપાઈ, તેને કંઠ રાખે ગાઈ ગાઈ ॥
આણી ઉત્સાહ દલમાં અતિ, અધ્યયને રાખે મન વરતિ ॥૯॥
બ્રાહ્મમુહૂર્તે ઊઠીને નિત્ય, પ્રભુ સંભારે દઈ સૂરત્ય ॥
સ્નાન પૂજા કરે ઘણી પ્રીતે, સ્તોત્ર પાઠ ભણે ભલી રીતે ॥૧૦॥
નિત્ય રામજી મંદિર જઈ, પૂજાપા તણો સમાન લઈ ॥
પ્રભુ રામનું પૂજન કરે, વળી નૈવેદ્ય ચરણે ધરે ॥૧૧॥
સુણે કથા પરમ પાવન, પછી કરે અવશ્ય મનન ॥
રઢ લાગે અતિ કથામાંય, ભૂલે ભોજન મુકુંદ ત્યાંય ॥૧૨॥
સર્વે બાળપણાની રમત્ય, વળી નાના છોરુની સોબત્ય ॥
સારી લાગે નહિ કેદિ રતિ, તેથી દૂર રહે મહામતિ ॥૧૩॥

INDEX

મેલે નિદ્રા આળસ પ્રમાદ, મિથ્યા કરે નહિ બકવાદ ॥
વિદ્યા ભણે છે થઈ તત્પર, સર્વે ત્યાગે એષણા ઈતર ॥૧૪॥
પછી વિધ વિધ શાસ્ત્ર તણી, પિતા પાસે વિદ્યા ગ્રહી ઘણી ॥
થયાં તેજસ્વી ને બુદ્ધિવંત, ત્યારે તાતે વિચાર્યું અત્યંત ॥૧૫॥
વિદ્યાદાન દઉં સવિશેષ, જેથી ખામી રહે નહિ લેશ ॥
પુત્ર મોકલ્યા અમરેલી ઠામ, જિયાં સંત વસે ગુણધામ ॥૧૬॥
મૂળદાસ તણાં શિષ્ય નામ, હાથીરામ વળી જદુરામ ॥
તેહ પાસે કારાવ્યો અભ્યાસ, શાસ્ત્ર મર્મ ને રહસ્ય ખાસ ॥૧૭॥
શીખે સંસ્કૃત પ્રાકૃત દોય, રામાનુજ કેરું જ્ઞાન સોય ॥
શાસ્ત્ર અભ્યાસમાં રહે ગર્ક, ક્યારેક પૂછે પ્રશ્ન વળી તર્ક ॥૧૮॥
રાખે શ્રદ્ધા જિજ્ઞાસા ચપળતા, કેદિ લાવે નહિ વિષમતા ॥
અતિ અલ્પ કરે છે આહાર, સંત સેવા કરે ધરી પ્યાર ॥૧૯॥
વળી સંગીત શાસ્ત્રનું જ્ઞાન, ભલી ભાત્યે શીખ્યા રાખી ધ્યાન ॥
લઈ સરોદ ચોપાઈ ગાય, ત્યારે સૂધ રહે નહિ કાંય ॥૨૦॥
વડી વિદ્યા ભણ્યા આયુર્વેદ, તેનાં શીખ્યા જુદા જુદા ભેદ ॥
વળી ભાષા ગીર્વાણનું જ્ઞાન, ઘણું ગ્રહ્યું મુકુંદે નિદાન ॥૨૧॥
થયાં શાસ્ત્રમાંહિ પારંગત, તેજસ્વી કુશાગ્ર બુદ્ધિવંત ॥
ગૂઢ રહસ્ય ને શાસ્ત્રમર્મ, વળી જાણી લીધાં સર્વે ધર્મ ॥૨૨॥
વિદ્યાભ્યાસ પૂર્ણ થઈ રહ્યો, ત્યારે મુકુંદને મોદ ભયો ॥
પ્રીત સહિત પૂજ્યા છે સંત, રાજી થયાં તે પણ અત્યંત ॥૨૩॥
રૂડાં આશિષ આપ્યા અપાર, થાશો વિદ્વાન પરમ સાર ॥
એવી આશિષની વાત ઘણી, તેને ગ્રહી આવ્યાં ઘર ભણી ॥૨૪॥
નિજ માતપિતાને વંદન, કર્યાં પ્રેમથી અતિ પાવન ॥
ત્યારે થયો છે હૈયે હુલાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુકુંદે વિદ્યાભ્યાસની શરૂઆત કરી એ નામે પચીસમું પ્રકરણમ્ ॥૨૫॥

પ્રકરણ : ૨૬

પૂર્વછાયો :

અનંત કોટિ મુક્તમાં, રાજે સદા શિરમોડ ॥
એ મહામુક્ત અવનિએ, લીલા કરે છે અજોડ ॥૧॥
ખાતાંપીતાં બોલતાં, પ્રભુ સંભારે સરવે કાળ ॥
વૃત્તિ ન રાખે જક્તમાં, નવ રાખે તન સંભાળ ॥૨॥
વિધવિધ શાસ્ત્ર તણો, અભ્યાસ કરે ભલી રીત ॥
દેવસેવા ને માતપિતાની, સેવા કરે દઈ ચિત્ત ॥૩॥

ચોપાઈ :

એમ કરતાં વીત્યા વર્ષ કાંઈ, રાધા બની સુતા તણી માઈ ॥
તેનો વાધ્યો આનંદ અપાર, કહ્યો જાય નહિ તે લગાર ॥૪॥
કરી વિધિ સર્વે સુખદાઈ, નામ રાખ્યું રૂડું ધનબાઈ ॥
દિયે તેને રૂડાં સંસ્કાર, માતપિતા કરી અતિ પ્યાર ॥૫॥
વીત્યા મુકુંદનાં અષ્ટ વર્ષ, ત્યારે પિતાએ કરીને હર્ષ ॥
ઉપવીત દેવા ધાર્યું મન, સર્વે તેડાવી સનેહી જન ॥૬॥
પછી જ્યોતિષ બોલાવ્યા ઘેર, પૂજ્યા પ્રેમેશું તે રૂડી પેર ॥
બોલ્યા આનંદ જોડીને હાથ, શુભ દિન શોધો વિપ્ર નાથ ॥૭॥
નિજસુતને દેવા જનોઈ, કાઢો મુહૂર્ત પવિત્ર સોઈ ॥
ત્યારે જ્યોતિષે શોધિયું સાર, અતિ રૂડું મુહૂર્ત ને વાર ॥૮॥
પછી કંકોતરીઓ લખાવી, જન સરવે લીધાં તેડાવી ॥
શુભ દિને શણગારી ઘર, શોભા રચી વિચિત્ર સુંદર ॥૯॥
કર્યો ચોકમાં મંડપ સાર, છાંટ્યા અગર ચંદન અપાર ॥
કદળી કેરા થંભ રોપાવ્યા, તરિયા તોરણ લટકાવ્યાં ॥૧૦॥
કર્યો કુંડ મંડપની મધ્યે, તેમાં રંગ ભર્યા વિધવિધ્યે ॥
ઘૃત સાકર સોપારી ઘણાં, લાવ્યા દ્રવ્ય માંગલિક તણાં ॥૧૧॥
બાળ યુવા વૃદ્ધ નરનારી, સહુ નીરખવા આવે અપારી ॥
લાવે ભેટ રૂડી પહેરામણી, સગાં સ્નેહી મળી અતિ ઘણી ॥૧૨॥
શુભ સમે વિધિ શરૂ કીધી, યજ્ઞકુંડે આહુતિઓ દીધી ॥
કર્યું મુંડન મુકુંદ તણું, પછી પ્રીતે નવરાવ્યા ઘણું ॥૧૩॥

INDEX

રૂડાં વસ્ત્રા કરી પરિધાન, બેઠા બાળમુકુંદ નિદાન ॥
વહ્નિ મધ્યે હોમ્યું હુતદ્રવ્ય, પછી દીધું ઉપવીત ભવ્ય ॥૧૪॥
માનિની મળી મંગળ ગાય, વિપ્ર વેદધ્વનિ કરે ત્યાંય ॥
વળી મેખલા મુંજી ને દંડ, લીધો પલાશ હાથે અખંડ ॥૧૫॥
પરિક્રમા કરી અગ્નિ તણી, કેડ્યે ગયાં માતાપિતા ભણી ॥
તિયાં ભિક્ષા માંગી તેહ પાસે, તેતો દીધી તેમણે હુલાસે ॥૧૬॥
એમ જનોઈની રૂડી વિધિ, પ્રીત સહિત પૂરણ કીધી ॥
આપી દક્ષિણા ગોરને ઘણી, વસ્ત્રા ઘરેણાં ને ગાયો તણી ॥૧૭॥
કરી પહેરામણી રૂડી પેર, આવી સહુને આનંદ લેર ॥
પ્રીતે જમાડ્યા સરવે જન, કર્યા સાધુ સંન્યાસી પ્રસન્ન ॥૧૮॥
રૂડો ઉત્સવ નિર્વિઘ્ન થયો, લવ લેશ ન દુઃખનો રહ્યો ॥
પછી નિત નિત નરનાર, આવે આનંદરામને દ્વાર ॥૧૯॥
ગાય મુકુંદ જે રામાયણ, સૂધ દઈ તે સુણે શ્રવણ ॥
ભૂલે ભાન નિજ દેહ કેરું, એવું ગાન કરે છે અનેરું ॥૨૦॥
થાય શાંતિ ચહુ દિશ અતિ, વળી સુણી થાય શુદ્ધ મતિ ॥
જ્યારે વેળા જમવાની થાય, તોય અન્ન મુકુંદ ન ખાય ॥૨૧॥
ત્યારે માત કહે ઘણું પ્રીતે, સુણો પુત્ર મારા ભલી રીતે ॥
દેહ પોષવા સારુ જે અન્ન, જોઈએ અવશ્ય તે પ્રતિદન ॥૨૨॥
માટે સુખેથી જમો ભોજન, જેથી પુષ્ટ રહે નિજ તન ॥
ત્યારે બોલે સુત અતિ ધીરે, નથી ભૂખ મુજને લગીરે ॥૨૩॥
હરિનામનું અમૃત જેહ, નિશદિન પાન કરું તેહ ॥
એમ મર્મ વચન ઉચ્ચારી, સદા હરિ ભજે અવિકારી ॥૨૪॥
ઘણું ઉદાસ રહે છે ચિત્ત, વળી જક્તથી રહે વિરક્ત ॥
નથી રુચતા ભોગવિલાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુકુંદના યજ્ઞોપવીત સંસ્કાર કર્યા એ નામે છવીસમું પ્રકરણમ્ ॥૨૬॥

પ્રકરણ : ૨૭

પૂર્વછાયો :

પરહરિ ખોટા સુખને, મેલી મમત ને ધનધામ ॥
શ્વાસ ઉચ્છવાસે સમરે, શ્રીહરિ પૂરણકામ ॥૧॥
વૈરાગ્ય વ્યાપ્યો ઉરમાં, સર્વે વૃત્તિ સમેટી માંહ્ય ॥
પાપરૂપ પેખી સંપત્તિ, તેની ઈચ્છા ન ઉપજી કાંય ॥૨॥
તન મન રાખ્યું પ્રેમથી, એક હરિમાં ગુલતાન ॥
મુકુંદ મહાપ્રભુને વરી, ભૂલ્યા જક્તનું સહુ ભાન ॥૩॥

ચોપાઈ :

દ્રગ દેખે ન જગત રૂપ, પેખે પ્રભુનું સુખસ્વરૂપ ॥
સુણે શ્રવણે ન અન્ય વાણી, સુણે હરિકથા સત્ય જાણી ॥૪॥
જીહ્વા જાણે નહિ અન્ય સ્વાદ, માણે હરિગુણનો આસ્વાદ ॥
ત્વચા શ્રીહરિપદને સ્પર્શે, વળી ઘ્રાણ લિયે ગંધ હર્ષે ॥૫॥
રહે હૃદયે હરિનું ધ્યાન, લેશ ધારે નહિ અભિમાન ॥
થયાં મુકુંદ વૈરાગ્યવંત, આણ્યો જક્તવિષયનો અંત ॥૬॥
વારે વારે કરે છે વિચાર, રતિ સુખ નથી આ સંસાર ॥
માટે બ્રહ્મચર્ય પુષ્ટ થાય, એવાં સદ્‌ગુરુ શોધું ક્યાંય ॥૭॥
વળી પ્રગટ પ્રમાણ હરિ, તેહ પમાડે આ દેહે કરી ॥
તેહ કાજે ત્યાગું ઘરબાર, એવાં કરું ઉપાય અપાર ॥૮॥
પણ એવે સમે એક દન, માતપિતાએ વિચાર્યું મન ॥
કરીએ પાણિગ્રહ પુત્ર તણો, આણી અંતરે ઉત્સાહ ઘણો ॥૯॥
તેથી સુત છોડે નહિ ઘર, બંધાશે સંસારમાં ખરેખર ॥
રૂડી શોધી રૂપવંતી નાર, પરણાવીએ પુત્રને ધરાર ॥૧૦॥
એમ દ્રઢ કરીને વિચાર, બેઉ ઉદ્યમી થયાં અપાર ॥
વાર લગાડીએ નહિ લેશ, દઈએ ખબર સર્વે દેશ ॥૧૧॥
પછી કન્યા શોધી બહુ સારી, અતિ સ્વભાવે છે સંસ્કારી ॥
નામ તેનું છે જમુનાબાઈ, રૂપે ગુણે ઘણું વખણાઈ ॥૧૨॥
ત્યારે મુકુંદ મન મૂંઝાયા, આવી આડી મારગમાં માયા ॥
મારે રહેવું ઉર્ધ્વરેતા સદા, નથી બંધાવું ઘરમાં કદા ॥૧૩॥

પણ માતપિતાએ આગ્રહ, કરી કરાવિયું પાણિગ્રહ ॥
આવ્યાં ઉત્સવે જન અપાર, પામ્યા આનંદ તે પારાવાર ॥૧૪॥
માતપિતાની આગન્યા ધારી, દાસ મુકુંદ થયાં સંસારી ॥
થયો લગ્નવિધિ પૂરો સહુ, થયા ઉદાસ મુકુંદ બહુ ॥૧૫॥
પછી જેમ વીત્યા દિન ઘણાં, થયાં ઉદાસ તે કોટિ ગણાં ॥
માંહિ વૈરાગ્ય છે ભરપૂર, રહ્યાં બ્રહ્મચારી તે જરૂર ॥૧૬॥
કિયાં શોધું સદ્‌ગુરુ એવાં, પ્રભુ મિલન કરાવે તેવાં ॥
વળી બ્રહ્મચર્ય પુષ્ટ થાય, તેની લાગી રટણ સદાય ॥૧૭॥
જમે ન જમે ક્યારેક અન્ન, નીંદ નાવે રજનીએ તન ॥
થાય વ્યાકુળ તન અપાર, મળવા હરિવર હૈયાહાર ॥૧૮॥
એક એક પળ જુગ સમ, પ્રભુ દર્શ વિણ છે વિષમ ॥
રતિ રહે નહિ ઉર ધીર, વિરહે વહે નયણે નીર ॥૧૯॥
એમ દન વીત્યા અલ્પ જયારે, દ્રઢ વિચાર્યું મુકુંદે ત્યારે ॥
હવે ત્યાગ કરું ઘરબાર, નિજ માતપિતા વળી નાર ॥૨૦॥
આમ જાવા નહિ દિયે મને, કૈંક ઉપાય કરું હું તને ॥
શોધી મિષ કોઈ અતિ સારું, પછી ગૃહ ત્યાગું પરબારું ॥૨૧॥
કરી અંતરે દ્રઢ વિચાર, લીધો મનમાં ઠેરાવ તે વાર ॥
તીર્થયાત્રા તણું મિષ લઈ, કરું વાત તાત પાસે જઈ ॥૨૨॥
પછી આવ્યાં માતપિતા પાસે, કર્યા વંદન અતિ હુલાસે ॥
કરજોડી બોલ્યા પુત્ર એહ, સુણો તાત મારા કહું તેહ ॥૨૩॥
વસે ભૂમિએ તીર્થો અનેક, તેનો મહિમા છે અતિ વિશેક ॥
તેની યાત્રા કરું ભલી રીતે, દિયો અનુમતિ મુને પ્રીતે ॥૨૪॥
એમ વિનંતી કરે છે ઘણી, માતપિતા આગે જાવા તણી ॥
આજ્ઞા મળે એજ અભિલાષ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુકુંદે ગૃહત્યાગનો નિશ્ચય કર્યો એ નામે સત્તાવીસમું પ્રકરણમ્ ॥૨૭॥

INDEX

પ્રકરણ : ૨૮

પૂર્વછાયો :

સુણી વાત પુત્રની, આપી આગન્યા રૂડી પેર ॥
સુત સિધાવો તીર્થમાં, પછી વળજો પાછા ઘેર ॥૧॥
આશ રહે ઘણી અંતરે, સુત જાય નહિ ઘરબાર ॥
પણ રાજી કરવા સુતને, કાંઈ બોલ્યા નહિ નરનાર ॥૨॥
વંદન કરી તાતને, લઈ આશિષ ઉરમાં ઘણી ॥
વાટ લીધી મહામુક્તએ, દેશપ્રદેશના તીર્થો તણી ॥૩॥

ચોપાઈ :

રૂડું સંવત અઢારસોય રે, તેમાં ત્રીસ વળી બીજા દોય રે ॥
થયાં મુકુંદ તે મહામતિ રે, વર્ષ અઢારના જોગી જતિ રે ॥૪॥
ત્યારે ચાલ્યાં નિજ ઘર છોડી રે, દેહ ગેહ કેરા ફંદ તોડી રે ॥
સદ્‌ગુરુ શોધે સર્વે ઠામ રે, કિયાં મળે મહા નિષ્કામ રે ॥૫॥
શ્રુતિ સ્મૃતિ પુરાણ અઢાર રે, લખ્યું આગમે ઘણું અપાર રે ॥
પ્રભુ પ્રગટ ભેટાવનાર રે, જાણો સદ્‌ગુરુ પરમ સાર રે ॥૬॥
જેણે સંત સેવ્યા ધરી ભાવ રે, તેણે સેવિયા પ્રેમથી માવ રે ॥
વળી સેવિયા ઋષિઓ સહુ રે, બીજા દેવ સેવ્યા તેણે બહુ રે ॥૭॥
જેણે સંત ભેટ્યા સુખધામ રે, તેણે ભેટિયા પૂરણકામ રે ॥
એવાં સંતને પટ પહેરાવ્યા રે, તેણે જાણો પ્રભુને ધરાવ્યા રે ॥૮॥
જેણે કરિયા સંતના દર્શ રે, ધરી રુદામાંહિ ઘણો હર્ષ રે ॥
તેણે હરિદર્શન સાક્ષાત રે, થયું જાણો નથી છાની વાત રે ॥૯॥
જેણે સંત પધરાવ્યા ઘેર રે, તિયાં પ્રભુ વસ્યા સારી પેર રે ॥
જેણે સંત સંગે પ્રીત બાંધી રે, તેણે ભક્તિ પ્રભુ કેરી વાધી રે ॥૧૦॥
જેણે સંતના ગુણલાં ગાયા રે, તેણે ગુણ ગાયા હરિરાયા રે ॥
એવાં સંત કલ્યાણ પ્રદાતા રે, અતિ અલૌકિક સુખદાતા રે ॥૧૧॥
જેણે શ્રવણે સાંભળ્યા સંત રે, તેણે સુણ્યાં શ્રવણે ભગવંત રે ॥
સંત બોલે મુખે જ્યારે વેણ રે, બોલ્યા સંતમાં રાજીવનેણ રે ॥૧૨॥
સંત રાજી થાયે રાજી નાથ રે, એમ વેદમાં વિદિત ગાથ રે ॥
સંત પૂજયા લઈ ઉપચાર રે, તેને પૂજિયાં જગદાધાર રે ॥૧૩॥

INDEX

સંત ચરણમાં શીશ નામી રે, જેણે કર્યાં વંદન કરભામી રે ॥
તે તો લાગિયા પ્રભુને પાય રે, એમાં સંદેહ નથી જરાય રે ॥૧૪॥
સંત જમાડિયા ભલી ભાત્યે રે, લઈ વિવિધ વ્યંજન ખાંત્યે રે ॥
તેહ આવી જમ્યા અલબેલો રે, એવો મોક્ષનો મારગ સહેલો રે ॥૧૫॥
સંત સંભારે જે દલમાંય રે, તેહ સંભારે છે પ્રભુરાય રે ॥
દિયે સંતને જે કોઈ દાન રે, તેહ ગોવિંદ ગ્રહે નિદાન રે ॥૧૬॥
સંત મળ્યાં તેને હરિ મળ્યાં રે, કોટિ જનમના અઘ ટળ્યા રે ॥
વળી મટી સહુ મનતાણ રે, મહાપદ મળ્યું નિરવાણ રે ॥૧૭॥
સંત ચરણ સ્પર્શ પાવન રે, કરે જન કોઈ રાખી મન રે ॥
તેને પ્રભુપદ સ્પર્શ કર્યો રે, સર્વે પાપ તણો પુંજ મર્યો રે ॥૧૮॥
એવાં સંતને હેરે હુલાસે રે, તેના નેણ તણાં અઘ નાસે રે ॥
વળી કાને સુણે એની વાત રે, મટે કાનના પાપ સાક્ષાત રે ॥૧૯॥
જ્યારે સંતના દર્શન માટ રે, નર જાય લઈ કોઈ વાટ રે ॥
એક એક ડગે પુણ્ય ગ્રહે રે, અશ્વમેધ યજ્ઞ ફળ લહે રે ॥૨૦॥
મોટા સંતને ચિંતવે ચિત્તે રે, કરે સ્મરણ પ્રીત સહિતે રે ॥
નાસે કામ ક્રોધ લોભ મોહ રે, સર્વે દૈહિક દોષ સમોહ રે ॥૨૧॥
જેમ સેવે શ્રી પુરુષોત્તમ રે, સર્વે ધામના ધામી પરબ્રહ્મ રે ॥
એમ સેવે સદ્‌ગુરુ સંત રે, ગુરુરૂપ પોત્યે ભગવંત રે ॥૨૨॥
ત્યારે કોટિ જન્મ કસર ટળે રે, વળી શુદ્ધ થાય એજ પળે રે ॥
એમ સરખી સેવાની રીત રે, સહુ જન જાણજ્યો અમિત રે ॥૨૩॥
સંત જાણો સ્વયં શ્રીહરિ રે, લેશ વાત ખોટી નહિ જરી રે ॥
નથી ઉધારાની કોઈ વાત રે, પ્રકટ પ્રમાણ આ છે સાક્ષાત રે ॥૨૪॥
એવાં સંતનું શરણ ગ્રહે રે, તેને જમતેડું નવ રહે રે ॥
વળી મટે મોહ માયાપાશ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મોક્ષમાર્ગમાં સદ્‌ગુરુની આવશ્યકતા કહી એ નામે અઠ્ઠાવીસમું પ્રકરણમ્ ॥૨૮॥

પ્રકરણ : ૨૯

પૂર્વછાયો :

એવાં સંતનો મહિમા, કહેતાં ન આવે પાર ॥
કોટિ કવિગણ મુખથી, ભલે ગાય તે વર્ષ હજાર ॥૧॥
અકળ ને અમાપ છે, મોટા સદ્‌ગુરુ તણી રીત ॥
મન કર્મ વચને વરે, તેને સુગમ છે ખચિત ॥૨॥
મહા મોટો ગુરુ મહિમા, જાણે મુકુંદ મહામતિ ॥
શુદ્ધ સદ્‌ગુરુ પામવા, કરે તીરથમાં ભ્રમણ અતિ ॥૩॥

ચોપાઈ :

સદા રહેવા ઉર્ધ્વ બ્રહ્મચાર, પ્રભુ પામવા કાજ આ વાર ॥
અનેક તીર્થોમાંહિ ફર્યા ઘણાં, તેમાં રાખી નહિ કાંઈ મણાં ॥૪॥
ગૌરવર્ણ શરીર સોહાય, નરનારી દેખી મોહી જાય ॥
નાસા શુક ચંચુલથી સારી, દોય ભુજાઓ લાગે છે પ્યારી ॥૫॥
જે જે જન મળે જયારે કોઈ, સહુ થાય પ્રભાવિત જોઈ ॥
અન્ન પુષ્પફળાદિ સામાન, અતિ અજાચ્યું દિયે નિદાન ॥૬॥
કિયાં માસ વળી દોય માસ, કિયાં રોકાય છે બારમાસ ॥
તિયાં સેવા કરે રૂડી પેર, રાજી રાખે સહુ મુદભેર ॥૭॥
રૂડાં સંત કેરો સંગ રાખે, નિર્માનીપણે રહીને દાખે ॥
પણ સંત જો સાચા ન જાણે, તો મેલી જાય બીજે ઠેકાણે ॥૮॥
કાશીપુરી જઈ વસ્યા દાસ, તિયાં થોડો કર્યો છે નિવાસ ॥
પણ મળ્યાં નહિ કોઈ જયારે, ચાલી નીસર્યા મુકુંદ ત્યારે ॥૯॥
ગયાં જગન્નાથપુરી ધામ, જિયાં વસે કૃષ્ણ બલરામ ॥
થોડા માસ રહી તેહ મધ્યે, પછી આવ્યાં છે દાસ અવધ્યે ॥૧૦॥
ગીતાપાઠ પોતે જયારે કરે, ત્યારે લાગે મુખે મોતી ઝરે ॥
એવો કંઠ રૂડો સુમધુર, સુણી આનંદ ઉપજે ઉર ॥૧૧॥
પછી ત્યાંથી ચાલ્યાં વૃંદાવન, જિયાં વિરાજે મધુસુદન ॥
ઘણું રહ્યાં રાખી ધીર ત્યાંય, પણ મોટા મળ્યાં નહિ ક્યાંય ॥૧૨॥
આવ્યાં ગોકુળ મથુરામાંય, કર્યાં કૃષ્ણના દર્શન ત્યાંય ॥
ઘણાં ગુરુ મળ્યાં એહ સ્થાન, મહાતપસ્વી ને જ્ઞાનવાન ॥૧૩॥

INDEX

પણ મળ્યાં નહિ કોઈ તેવા, જે પ્રભુ પ્રાપ્તિ કરાવે એવાં ॥
અલ્પ વાસ કરી એહ ઠામ, છોડી ચાલ્યાં પછી સુખધામ ॥૧૪॥
ત્યાંથી આવિયાં દ્વારિકામાંય, ભાવ ભરી ભેટ્યા કૃષ્ણરાય ॥
દોય કરજોડી કરી સ્તુતિ, હેતે હૈયામાં ધારી મૂરતિ ॥૧૫॥
હતાં આશ્રમ અખાડા નેક, તિયાં ફર્યા મુકુંદ વિશેક ॥
જે જે મળે જ્યારે જન કોઈ, કહે સદ્ગુરુ બતાવો સોઈ ॥૧૬॥
પણ નિજ લક્ષ કોઈ સાધે, એવાં ગુરુ કોઈ નહિ લાધે ॥
દીધો માર્ગ પછી કોયે ત્યારે, જાવું ધ્રાંગધ્રામાંહિ તમારે ॥૧૭॥
અતિ વચનસિદ્ધ વૈરાગી, વળી બ્રહ્મચર્ય અનુરાગી ॥
વસે તિયાં જે દ્વારકાદાસ, કરે કામવાસના વિનાશ ॥૧૮॥
પછી ખરા થઈ સાવધાન, ભાવે ભજતા ઘણું ભગવાન ॥
સદ્ય મુકુંદે લીધી છે વાટ, મોટા સદ્ગુરુ મળવા માટ ॥૧૯॥
અતિ સુંદર રામમહોલ, દેવ બિરાજે ત્યાં અણમોલ ॥
ત્યાંના મહંત દ્વારકાદાસ, ગયાં મુકુંદ તેહની પાસ ॥૨૦॥
કીધાં પ્રણામ શીશ નમાવી, મન મોદ અતિ ઘણો લાવી ॥
તેને દેખી રાજી થયાં સંત, જાણ્યાં મુમુક્ષુ વિવેકવંત ॥૨૧॥
પૂછ્યું નામ ઠામનું વ્રતંત, તેહ કીધું મુકુંદે અત્યંત ॥
ત્યારે રહેવા તણી અનુમતિ, દીધી પ્રસન્ન થઈને અતિ ॥૨૨॥
રહ્યાં દાસ રોકાઈ તે ઠામ, સંત રાજી કરવા રહી હામ ॥
સર્વે કારજ મંદિર તણું, પછી પ્રીત્યે કરે પોતે ઘણું ॥૨૩॥
વાદવિવાદ કરે નહિ લેશ, અનુવૃત્તિમાં રહે હંમેશ ॥
જ્યારે જ્યારે સોંપે સંત સેવ, તેહ પૂર્ણ કરે ધરી ખેવ ॥૨૪॥
એમ અલ્પ કાળે જીત્યા દિલ, હતાં સંત જે મઠમાં અખિલ ॥
સદ્ગુણની વાધી સુવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુકુંદ સદ્ગુરુની શોધમાં તીર્થોમાં ફર્યા એ નામે ઓગણત્રીસમું પ્રકરણમ્ ॥૨૯॥

પ્રકરણ : ૩૦

પૂર્વછાયો :

મરજી જાણી મહંતની, ઘણું સેવિયા નિશદન ॥
મુકુંદે ભાવ ભરી, રૂડી પેર કર્યાં પ્રસન્ન ॥૧॥
એક માસ પૂરો થયે, ગયાં મુકુંદ સંતની પાસ ॥
કરજોડી વિનંતી કરી, સુણો સંત મુજ અરદાસ ॥૨॥
બ્રહ્મચર્ય અષ્ટ ભાત્યનું, તે મુને કેમ સિદ્ધ થાય ॥
વળી પ્રભુ પ્રકટ મળે, એવો આપ દેખાડો ઉપાય ॥૩॥

ચોપાઈ :

ત્યારે સંત બોલ્યા ખરી વાત, સુણો મુકુંદ તમે સાક્ષાત ॥
રાખું છું ચેલી હું પાંચ સાત, મારા ચેલાને પાંચ સાક્ષાત ॥૪॥
માટે સમર્થ હું નવ કાંઈ, તમે સિધાવો મોરબીમાંઈ ॥
તિયાં વસે કાશીરામદાસ, નથી તેને જગતનો ત્રાસ ॥૫॥
એવી સુણી મહંતની વાણ્ય, ત્યાંથી ચાલ્યાં મુકુંદ સુજાણ્ય ॥
મચ્છુકાંઠે મોરબી શહેર, તિયાં આવી પહોંચ્યા મુદભેર ॥૬॥
મહાવિદ્વાન જે કાશીરામ, તેને મળ્યાં અતિ અભિરામ ॥
તિયાં એક માસ સેવા કરી, પછી બોલ્યા ઘણું કરગરી ॥૭॥
કહો કામ તે કેમ જીતાય, કહો પ્રભુ મળ્યાનો ઉપાય ॥
ત્યારે બોલ્યા કાશીરામ ખાંત્યે, સુણો નક્કી વાત ભલી ભાત્યે ॥૮॥
નોય બ્રહ્મમાં ક્યારેય ભેદ, તેને સમજો સદા અભેદ ॥
માટે તવ અર્થ સિદ્ધ થાય, મુજ પાસે નથી તે ઉપાય ॥૯॥
તમે જાઓ ગામ વાંકાનેર, જિયાં સમર્થ સંતની મેર ॥
રૂડું નામ તે કલ્યાણદાસ, જેને નથી જક્ત કેરો પાશ ॥૧૦॥
પછી સંતને કરી પ્રણામ, આવ્યાં દાસ વાંકાનેર ગામ ॥
દીઠા ભેખધારી ત્યાં મહંત, અંગે ભભૂત દીસે અત્યંત ॥૧૧॥
હતી કેડે પીતળ સાંકળ, વળી કોપીન પણ પીતળ ॥
તિયાં દીધું પીતળનું તાળું, પુષ્ટ શરીર અતિ રૂપાળું ॥૧૨॥
માથે મોટી જટાને બાંધેલી, મોટી માળા કંઠમાં ધારેલી ॥
એવું દેખી ભેખધારી પાસ, રહ્યાં મુકુંદ ત્યાં એક માસ ॥૧૩॥

INDEX

પછી એક દિન કરભામી, બોલ્યા મુકુંદ મસ્તક નામી ॥
કહો કામ કેમ વશ થાય, કેમ પ્રગટ પ્રભુ પમાય ॥૧૪॥
સુણી સંત સૂધ ભૂલી ગયાં, ક્ષણવાર વિચારતા રહ્યાં ॥
પછી બોલ્યા એમ મુખે વાણી, તમે જુવાની તો નથી જાણી ॥૧૫॥
જ્યારે આવશે જોબન જોર, ત્યારે નહિ રહે મનનો દોર ॥
તન કોમળ ને વય છોટી, મૂકી દિયો મથામણ ખોટી ॥૧૬॥
કળિયુગમાં કામ જીતાય, તેહ વાત કેદિ ન મનાય ॥
જાતાં કાશીપુરીને પ્રવાસ, આવ્યો જ્યારે હું ઉજજૈન પાસે ॥૧૭॥
તિયાં આવ્યું ખાતરેજ ગામ, તિયાં ઊભી દીઠી એક વામ ॥
તેને માર્ગ મેં પૂછિયો જ્યારે, માર્ગ દેખાડ્યો લટકે ત્યારે ॥૧૮॥
થયાં વરસ તેને ચાલીશ, કર્યું ભજન મેં અહોનિશ ॥
પણ લટકું પેહું ઉરમાંહિ, હજી નીકળતું નથી ભાઈ ॥૧૯॥
મર ગમે તેવો વૃદ્ધ થાય, પણ કામદોષ ન જીતાય ॥
માટે લોકમાં છું પરસિદ્ધ, પણ નથી ખરેખરો સિદ્ધ ॥૨૦॥
જ્યારે મળે પ્રકટ ભગવંત, કાં તો એમને મળેલા સંત ॥
ત્યારે કામવાસના જીતાય, નથી તે વિના અન્ય ઉપાય ॥૨૧॥
ત્યારે મુકુંદે કર્યો વિચાર, સંત ઉપરથી ઘણાં સાર ॥
પણ માંહિ દીસે ઘણી પોલ, માટે તેનાં નહિ કાંઈ મોલ ॥૨૨॥
પછી બોલિયા કલ્યાણદાસ, તમે સાંભળો મુકુંદદાસ ॥
શોભે સુંદર ગામ સરધાર, તિયાં જાઓ તમે ધરી પ્યાર ॥૨૩॥
અતિ પવિત્ર ને ક્ષમાવંત, વસે મહાન નિષ્કામી સંત ॥
તેનું નામ રૂડું તુલસીદાસ, કરશે પૂરી તમારી અરદાસ ॥૨૪॥
એવી સાંભળી સંતની વાત, ચાલી નીકળ્યા ત્યાંથી સાક્ષાત ॥
આવ્યાં સરધાર કરી પ્રવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સદ્‌ગુરુની શોધમાં સરધાર પહોંચ્યા એ નામે ત્રીસમું પ્રકરણમ્ ॥૩૦॥

INDEX

પ્રકરણ : ૩૧

પૂર્વછાયો :

હવે પછીની વારતા, સહુ સાંભળજો શુભમતિ ॥
કલ્યાણકારી દિવ્ય છે, સુણી આનંદ વાધે અતિ ॥૧॥
જિયાં મુકુંદ વિચર્યા, મઠ આશ્રમ મંદિરમાંય ॥
તિયાં રાજી કર્યા સંતને, તેમાં ખામી ન રાખી કાંય ॥૨॥
જે જે સદ્‌ગુરુ સેવિયા, હતાં સર્વે સરળ નિર્માન ॥
એક એકથી અધિક અંગે, સદ્‌ગુણોથી મહાન ॥૩॥

પૂર્વછાયો :

લીધી મુકુંદે જે તીર્થવાટ, તે નહોતી નિજ મોક્ષ માટ ॥
સહુ જીવના કલ્યાણ કાજ, દેશ દેશ ફર્યા શિરતાજ ॥૪॥
પોતે અનાદિ અક્ષરમુક્ત, વળી અખંડ ઐશ્વર્યજુક્ત ॥
સદા ધરી રહે પરબ્રહ્મ, અનંત ઉદ્ધારે પાપી અધમ ॥૫॥
એવાં સમર્થ સૌથી સરેશ, તેણે સરધારે કર્યો પ્રવેશ ॥
પુર મધ્યે ચોરો નાનકડો, તિયાં મઠ શોભે એક વડો ॥૬॥
એમાં વિરાજે જાનકીનાથ, અન્ન કાજે આવે ત્યાં અનાથ ॥
તુલસીદાસ છે ત્યાંના મહંત, સદાવ્રત દિયે છે અત્યંત ॥૭॥
આવ્યાં મુકુંદ મંદિરમાંય, કર્યાં દર્શ શ્રીરામના ત્યાંય ॥
મળ્યાં સદ્‌ગુરુ તુલસીદાસ, તેને પાયે પડ્યાં મુકુંદદાસ ॥૮॥
જોઈ બાળયોગી તણાં ગુણ, સંત વિચારે હશે આ કુણ ॥
અતિ તેજસ્વી ભાલ વિશાળ, કંઠે શોભે તુલસીની માળ ॥૯॥
પૂછ્યું ક્યાંથી આવો શિયું નામ, કોણ માતપિતા વળી ઠામ ॥
આહીં આવ્યાંનું કારણ કીજે, પછી ઉત્તર સઘળા દીજે ॥૧૦॥
પછી દાસ બોલ્યા ભલી રીતે, સુણો સંત તમે અતિ પ્રીતે ॥
અમરાપુર ગામ પવિત્ર, અતિ ઉદાર મારા માવિત્ર[1] ॥૧૧॥
તીર્થયાત્રા કરવાને કાજ, દેશોદેશ ફરું મહારાજ ॥
જાણી તમને દિલ દયાળુ, તમ પાસે આવ્યો હે કૃપાળુ ॥૧૨॥
એમ વાત સઘળી કહાવી, ઘણો ઉમંગ ઉરમાં લાવી ॥
પણ જેહ કાજે આવ્યાં દાસ, તુર્ત કીધું નહિ સંત પાસ ॥૧૩॥

૧. માતા-પિતા

INDEX

પછી ખરો મુમુક્ષુ પ્રમાણી, સંત બોલિયા નિર્મળ વાણી ॥
હવે ચિંતા મ કરશો કાંઈ, તમારે તો રહેવું જ આહીં ॥૧૪॥
જે જે જોઈએ તેહ માંગી લેજ્યો, હોય નાનું મોટું કામ કહેજ્યો ॥
સુખે રહી સંતની સંગાથ, ભજો ભાવથી જાનકીનાથ ॥૧૫॥
તેથી મુકુંદ રહ્યાં તે ધામ, કરી દ્રઢ વિચાર અકામ ॥
નિત્ય નિત્ય કરે રૂડી સેવા, સદ્‌ગુરુનો રાજીપો લેવા ॥૧૬॥
ફળ ફૂલ વીણી લાવે રોજ, પ્રીતે કરાવે પ્રભુને ભોજ ॥
વહેલા ઊઠી આશ્રમ સંવારે, કેદિ તન પ્રમાદ ન ધારે ॥૧૭॥
કરે સદાવ્રતે જઈ દાન, દીનદુખિયાંને દિયે ધાન ॥
આવે આંગણ મહેમાન કોઈ, તેની સેવા કરે ચિત્ત પ્રોઈ ॥૧૮॥
કથા શ્રવણમાં રાખે રુચિ, મૂકે મન ભજનમાં ગૂંચી ॥
કેદિ આરતી સ્તુતિ ન ચૂકે, ગ્રહી ટેક ક્યારે નવ મૂકે ॥૧૯॥
એવી દેખી અલૌકિક રીત, તુલસીદાસે વિચાર્યું ખચિત ॥
અહો અહો ધન્ય ભાગ્ય મારા, સામે ચાલી મળ્યાં શિષ્ય સારા ॥૨૦॥
કરે સેવા ઘણી દોડી દોડી, સર્વે થાક શરીરનો છોડી ॥
જે જે કાજ લિયે હાથમાંય, તેમાં કહેવું ઘટે નહિ કાંય ॥૨૧॥
વળી એવી કરે રામકથા, તે સુણી ભાંગે સહુની વ્યથા ॥
ગાય મધુર કંઠે ચોપાઈ, તેની વાત શું કહેવી ભાઈ ॥૨૨॥
હોય જે જન સાંભળનારા, બાળ યુવાન વૃદ્ધ કે દારા ॥
ભાઈ ભગિની ને પિતા પુત્ર, તેનાં એકસાથે કરે ઉત્ર ॥૨૩॥
રૂડાં રચે કીરતન કેવા, સુણી દલમાં સંઘર્યા જેવા ॥
કવિ કુશળ મહાવિદ્વાન, સર્વે શાસ્ત્ર કેરું જાણે જ્ઞાન ॥૨૪॥
એમ વિચારી અંતરમાંય, રહે પ્રસન્ન સંત સદાય ॥
તેને રહ્યો નહિ કાંઈ ત્રાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સરધારમાં તુલસીદાસનો ભેટો થયો એ નામે એકત્રીસમું પ્રકરણમ્ ॥૩૧॥

INDEX

પ્રકરણ : ૩૨

પૂર્વછાયો :

નરનારી ભેળા થઈ, સહુ કરે નિશદિન વાત ॥
ધન્ય ભાગ્ય તુલસીદાસના, કેવા શિષ્ય મળ્યાં સાક્ષાત ॥૧॥
પછી ચહુ દિશ કીર્તિ, વાધી મુકુંદની જગમાંય ॥
જન સહુ ટોળે વળી, નિત્ય આવે આશ્રમમાંય ॥૨॥
એવો પ્રતાપ દેખીને, સદ્‌ગુરુએ શિષ્ય તેડાવિયા ॥
તે સુણી સરધારના, ગૃહી ત્યાગી સર્વે આવિયાં ॥૩॥

ચોપાઈ :

સહુ સભા વિષે આવી ઠર્યા, ત્યારે સંતએ વેણ ઉચ્ચર્યાં ॥
સુણો શિષ્ય મારા તમે સાર, નિજ અનુવૃત્તિ પાળનાર ॥૪॥
આવ્યાં જ્યારથી મુકુંદ આંહિ, વાધ્યો આનંદ મંદિરમાંઈ ॥
ઘણી જામી ભક્તજન ભીડ, લેશ રહી નથી કાંઈ પીડ ॥૫॥
રામકથા જ્યારે મુખે ભાખે, શુદ્ધ સાર સર્વે કહી દાખે ॥
ગાય મધુર કંઠે ચોપાઈ, ત્યારે જન ડોલે સભામાંઈ ॥૬॥
વળી સદાવ્રતે ઘણું દાન, નિત્ય આવવા લાગ્યું નિદાન ॥
જન થાય છે આવીને રાજી, જાય ભેટ મૂકી અહીં ઝાઝી ॥૭॥
માટે મુકુંદ જેવું ન કોઈ, તમને કહું છું સઘળું જોઈ ॥
તેથી મારે કરવા તેને મોટા, ભલે હોય તે સહુથી છોટા ॥૮॥
એમાં વાંધો વિરોધ જો હોય, અહીં ઉચ્ચરો સરવે કોય ॥
કેડ્યે ચાલશે કોઈનું નહિ, વાત એટલી તમને કહી ॥૯॥
પછી શિષ્ય બોલ્યા સુણો તાત, તમે જાણી અંતરની વાત ॥
નક્કી કર્યું અમે મનમાંય, દાસ મુકુંદ મહંત થાય ॥૧૦॥
નથી નથી તેને સ્વાર્થ લેશ, કૂડ કપટ ને રાગ દ્વેષ ॥
માટે રાજી છૈયે અમે સહુ, તેને આપો જો મોટાઈ બહુ ॥૧૧॥
સુણી સંત થયાં પરસન, વળી હતાં સભા વિષે જન ॥
પણ મુકુંદ ન થયાં રાજી, જાણ્યું આ થઈ અવળી બાજી ॥૧૨॥
દીન વચન સહિત વાણ્ય, બોલ્યા દાસ જોડી બેઉ પાણ્ય ॥
માન મોટાઈ ને સન્માન, નથી લાગતું સારું નિદાન ॥૧૩॥

INDEX

તવ દાસનો પણ હું દાસ, થાઉં એ જ હૈયામાંહિ આશ ॥
કરો કૃપા મુ પર મહારાજ, દેશો મા મને મોટાઈ આજ ॥૧૪॥
સુણી તુલસીદાસ કહે પ્રીતે, ચિંતા કરશો મા કાંઈ ચિત્તે ॥
સહુ કરશે તમારો આદર, રહેશે આજ્ઞામાં આવી તત્પર ॥૧૫॥
માટે આજથી આપ મહંત, નિજ આશ્રમ તણા અત્યંત ॥
લઈ જાનકીનાથનું નામ, હવે કરો તમે શુભ કામ ॥૧૬॥
એમ મુકુંદ મહિમાવંત, થયાં આશ્રમ તણાં મહંત ॥
પછી પહેરાવિયા પીતાંબર, સોના ઘરેણાં તન ઉપર ॥૧૭॥
થયો નાદ ચહુકોર અતિ, જય જય મુકુંદ સુમતિ ॥
ખાંતે પૂજિયાં પુષ્પ ચંદને, લીધાં ઓવારણાં સહુ જને ॥૧૮॥
પછી ગુરુ આજ્ઞા ધરી શિર, રાખી દલમાંહિ ઘણી ધીર ॥
પોતે આદર્યો શુદ્ધ વહેવાર, જળકમળવત અપાર ॥૧૯॥
કરે કારજ સહુનાં પૂરાં, ક્યારે મેલે નહિ તે અધૂરાં ॥
ચહુદિશ વધી ખૂબ ખ્યાતિ, મહામુકુંદની અહોરાતિ ॥૨૦॥
પણ વેગે જુએ ઘણી વાટ, પ્રભુ મળ્યાંનો રહે ઉચાટ ॥
સર્વે ક્રિયામાં સંભારે હરિ, મિથ્યા સુખ મૂકે પરહરિ ॥૨૧॥
રૂડાં દ્રવ્ય રાખે નહિ પાસ, વિષય સુખથી રહે ઉદાસ ॥
લઈ કરમાં તુલસીમાળ, જપે નામ સદા પ્રતિપાળ ॥૨૨॥
રામકથા કરે નિત્ય રુડી, જાણી જીવનની મહામૂડી ॥
કરે કરાવે ભજન ઘણું, આઠોજામ હરિવર તણું ॥૨૩॥
જન ભીડ વધી પ્રતિદન, કથા સુણવા પરમ પાવન ॥
ખૂબ વધ્યું મુકુંદનું નામ, ખરી ખ્યાતિ પામ્યા ઠામોઠામ ॥૨૪॥
પણ એક હરિ વિના કાંય, અન્ય ઈચ્છયું નહિ મનમાંય ॥
રાખી પ્રભુ મળ્યાં તણી આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુકુંદદાસ સરધાર આશ્રમના મહંત થયાં એ નામે બત્રીસમું પ્રકરણમ્ ॥૩૨॥

INDEX

પ્રકરણ : ૩૩

પૂર્વછાયો :

કહું લીલા પછી ત્યારની, અતિ અલૌકિક પાવન ॥
સંભાર્યે સુખ ઉપજે, તે સાંભળજયો સહુ જન ॥૧॥
સદાવ્રત સરધારમાં, હતું અન્ય એક નિરધાર ॥
તિયાં પધાર્યા સદ્‌ગુરુ, શ્રી રામાનંદ તે વાર ॥૨॥
ભક્ત સહુ રામાનંદના, અતિ કોમળ મહિમાવંત ॥
ખરી ખુમારી અંગમાં, રાખી પૂજે સદા સંત ॥૩॥

ચોપાઈ :

રૂડું ઘર બાંધ્યું'તું રૂપાળુ, તિયાં આવિયાં મહા દયાળુ ॥
કર્યો ભક્તોએ ખૂબ આદર, પછી પધરાવિયા મુદભર ॥૪॥
કર્યો પ્રારંભ જ્ઞાન અખાડો, સ્વામી વાત કરે રાત દાડો ॥
તેથી ભક્ત રહે ગુલતાન, થાય હરિમાંહિ મસતાન ॥૫॥
વૃત્તિ રાખે નહિ બીજે ક્યાંય, રાખે સ્વામીના વચનમાંય ॥
ખરા રંગાયા ભક્ત અનંત, હતાં ગામમાં સરવે જંત ॥૬॥
પણ જે જન આશ્રમમાંય, નિયમિતપણે બહુ જાય ॥
કથા સુણવા મુકુંદ તણી, તે તો આજ આવ્યાં સ્વામી ભણી ॥૭॥
થોડા દન લગી બાઈ ભાઈ, કથા સુણવા આવ્યાં ન આંઇ ॥
સહુ જાય સાંભળવા કાજે, જિયાં રામાનંદ સ્વામી રાજે ॥૮॥
એવામાંહિ મુકુંદે નિરાંત્યે, પૂછ્યું જન બોલાવીને ખાંત્યે ॥
હવે આવે નહિ આંહિ કોય, કહો કારણ મુને જે હોય ॥૯॥
ત્યારે તેણે કહ્યું સુણો તમે, સંધ્યા સમે સહુ કોઈ અમે ॥
સ્વામી રામાનંદ પાસ જૈયે, સત્સંગ તણો લાભ લૈયે ॥૧૦॥
એના રોમે રોમે ભગવાન, રમે અખંડ થઈ ગુલતાન ॥
અહોનિશ રમે હરિમાંય, તેને પ્રીત નથી જગમાંય ॥૧૧॥
કાળ કર્મ માયા તણી જાળ, એમાં નવ ફસે તે મરાળ ॥
નથી કનક કાન્તાએ મન, એ તો દોય ભુજે ભગવન ॥૧૨॥
શમ દમ શીલ ને સાધુતા, ક્ષમા દયા કરુણા ઋજુતા ॥
એહાદિ તેનું સદ્‌ગુણધન, એ તો દોય ભુજે ભગવન ॥૧૩॥

INDEX

મહાપ્રભુની નિષ્કામ ભક્તિ, આત્મજ્ઞાન ને વળી વિરક્તિ ॥
તેનું કરે કરાવે જતન, એ તો દોય ભુજે ભગવન ॥૧૪॥
એકાંતિક વળી વર્ણાશ્રમ, ધર્મ પાળે પળાવે પરમ ॥
એને શરણે થાય ભજન, એ તો દોય ભુજે ભગવન ॥૧૫॥
આસુરી તજે આસુરભાવ, દૈવી જીવ પામે દિવ્યભાવ ॥
સહુ મૂરતે થાય મગન, એ તો દોય ભુજે ભગવન ॥૧૬॥
એનું નામ સુણ્યે શાંતિ થાય, એનાં દર્શને દુઃખ દળાય ॥
એને સેવે સારા સંતજન, એ તો દોય ભુજે ભગવન ॥૧૭॥
શાસ્ત્રો કહ્યાં જે ત્રીસ લક્ષણ, તેણે કરી છે પરિપૂરણ ॥
તારે ખરેખરો તુચ્છ જન, એ તો દોય ભુજે ભગવન ॥૧૮॥
એના દર્શનથી દિલ ઠરે, દેખી હૈયામાં હાશ નીસરે ॥
સહુ જનને કરે પાવન, એ તો દોય ભુજે ભગવન ॥૧૯॥
રૂડું નામ સ્વામી રામાનંદ, ટાળે લખચોરાસીના ફંદ ॥
મહા કલ્યાણકારી પાવન, એ તો દોય ભુજે ભગવન ॥૨૦॥
એવી સાંભળી નરની વાણ્ય, મોદ પામ્યા મુકુંદ સુજાણ્ય ॥
ત્યાર પછી વિચારિયું મન, હશે કેવા તે મનમોહન ॥૨૧॥
જેને સંભાર્યે ઉપજે સુખ, તેને મળું ક્યારે સન્મુખ ॥
ઘણી લાગી હૃદયમાં હામ, સ્વામી દરશ કરવા કામ ॥૨૨॥
હવે સરધાર પુરમાંય, સહુ સ્વામીના ગુણલાં ગાય ॥
ધન્ય ધન્ય થયાં નરનારી, જેને મળ્યાં સ્વામી અઘહારી ॥૨૩॥
ચઢી આનંદ હેલી અપાર, વરસી અતિ અનરાધાર ॥
જીવ તણી જોયા વિના ખામી, આજ લેરમાં આવિયાં સ્વામી ॥૨૪॥
હોય ગમે તેવો નર પૂરો, પંચ મહાપાપે પણ શૂરો ॥
તેને સદ્ય કરે પ્રભુદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામાનંદ સ્વામી સરધાર પધાર્યા એ નામે તેત્રીસમું પ્રકરણમ્ ॥૩૩॥

પ્રકરણ : ૩૪

પૂર્વછાયો :

વાત થઈ દ્રઢ મનમાં, હશે સંત ખરા નિદાન ॥
માટે તજી લોકલાજને, હું જાઉં લેવાને જ્ઞાન ॥૧॥
મહાસમર્થ સંતથી, કાજ સર્વે સુલભ થાય ॥
તેહ વિના મર કોઈ કરે, અહોનિશ કોટિ ઉપાય ॥૨॥
સદ્‌ગુરુ સાચા મળે, ત્યારે ભય રહે નહિ કાંય ॥
એવું વિચારી અંતરે, મુકુંદ બહુ હરખાય ॥૩॥

ચોપાઈ :

પછી સંધ્યાની આરતી કરી, શીશ પ્રભુ ચરણમાં ધરી ॥
કરજોડીને બોલ્યા સુજાણ, દીનાનાથ તમે સુખખાણ્ય ॥૪॥
એક તમારે ભરોસે નાથ, મારું જીવન છે તવ હાથ ॥
કાંઈ દયા લાવો દલમાંય, દયાનિધિ તમે હરિરાય ॥૫॥
એમ મુખથી ઉચ્ચરી ગિરા, આંસુ આવિયાં આંખે અધીરા ॥
વારે વારે કરીને પ્રણામ, પછી ચાલ્યાં ત્યાંથી ગુણધામ ॥૬॥
હતાં સ્વામી રામાનંદ જિયાં, પોતે આવ્યાં પૂછ્યા વિના તિયાં ॥
થયાં સ્વામીના અનુપ દર્શ, તેણે વાધ્યો હૃદામાંહિ હર્ષ ॥૭॥
શ્વેત ધોતી પહેરી છે રૂપાળી, માળા તુલસીની કંઠ ભાળી ॥
ઓઢી મસ્તકે પછેડી ધોળી, શોભા શ્રવણની વણતોળી ॥૮॥
કંઠ કોમળ કંબુ સમાન, મુખ પૂરણ શશી નિદાન ॥
નેણાં કમળદળના એવાં, ધારી અંતરમાં રાખ્યા જેવા ॥૯॥
રાતા ચોળ અધર પ્રવાળ, નાસા નમણી અતિ રસાળ ॥
કંજ કળી સમ કર વિષે, શોભે નખ આંગળી અતિશે ॥૧૦॥
ગજસુંઢ સમ ભુજ શોભે, દોય પોંચા પર મન લોભે ॥
છાતી ઉપડતી શોભે સારી, રોમાવલી તિયાં લાગે પ્યારી ॥૧૧॥
પડે ત્રિવળી ઉદર પર, શિખા શોભે મસ્તક ઉપર ॥
મુખ શોભે છે ચંદ્ર સમાન, તેની કાંતિ ઝળકે નિદાન ॥૧૨॥
રૂડી મૂરતિ છે મરમાળી, મોટી ફાંદે શોભે વનમાળી ॥
ગોળ કપોળ સુંદર રાજે, નેણ ભ્રકુટિયું ત્યાં વિરાજે ॥૧૩॥

INDEX

અરુણવર્ણ સમ શોભે પાય, ઉર્ધ્વરેખ રૂડી સોહે ત્યાંય ॥
જંઘા જુગલ ગોળ અતિશે, જાણું રંભા સ્થંભ સમ દીસે ॥૧૪॥
લાજે દેખીને કેંક કેસરી, એવી કટી મનોહર ખરી ॥
બાંધ્યા બેઉ હાથે બાજુબંધ, શ્વેત જનોઈ છે વામ સ્કંધ ॥૧૫॥
કેસર તિલક રૂડું સોહાય, અતિ તેજસ્વી લલાટમાંય ॥
સોહે ગૌર મૂર્તિ મનોહર, સુખસાગર અતિ સુંદર ॥૧૬॥
એવી માધુરી મૂરત જોઈ, દાસ મુકુંદ હરખ્યા સોઈ ॥
વળી ટાઢચક દલમાં ઘણી, પીડા ટળી સર્વે શોક તણી ॥૧૭॥
સહુ જન બેઠા સ્વામી પાસે, સુણે શ્રવણે કથા હુલાસે ॥
સૂધ બુધ ભૂલી એકતાન, હતાં જન મગન નિદાન ॥૧૮॥
પછી છેટે બેઠા સ્થાન ગ્રહી, ગરકાવ થયાં કથામહીં ॥
છૂટે જ્ઞાન વૈરાગની છોળ્ય, જામે ભક્તિનો રંગ અતોળ્ય ॥૧૯॥
નાસે કુમતિ પળમાં સહુ, થાય નેહ પ્રભુપદે બહુ ॥
ઘણાં દિનનો ઉતર્યો થાક, વાગી આજ હૈયામાંહિ હાંક ॥૨૦॥
જેમ વ્યોમે દેખી શશી મુખ, પામે ચકોર અતિશે સુખ ॥
તેમ મુકુંદ મોદ પામિયા, ધન્ય થયો સ્વામી મુને મળિયા ॥૨૧॥
હવે આવવું નિત્ય કથામાં, નથી પડવું અન્ય વ્યથામાં ॥
દ્રઢ ટેક લઈ એવી મન, કથામાંહિ આવે પ્રતિદન ॥૨૨॥
છેટે બેસીને સાંભળે વાત, હૃદે થાય અતિ રળિયાત ॥
હતી ઘણાં દિવસની વ્યથા, તેહ ભાંગે આ સાંભળી કથા ॥૨૩॥
લીધી મુકુંદે જે તીર્થવાટ, શુદ્ધ સદ્‌ગુરુ પામવા માટ ॥
તેહ પૂર્ણ પામી છે નિદાન, ભેટી સ્વામી તે કૃપાનિધાન ॥૨૪॥
હરિસમ સદ્‌ગુરુ આજ, નક્કી મળિયા કલ્યાણ કાજ ॥
ખરો આવ્યો એવો વિશ્વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામાનંદ સ્વામીનું પ્રથમ દર્શન થયું એ નામે ચોત્રીસમું પ્રકરણમ્ ॥૩૪॥

INDEX

પ્રકરણ : ૩૫

પૂર્વછાયો :

સ્વામી રામાનંદજી, કરે કથા અનુપમ નિત્ય ॥
શ્રવણે સુણવા તેહને, જન આવે અગણિત્ય ॥૧॥
મહંત જે આશ્રમના, મહામુકુંદ તે નિષ્પાપ ॥
સાંજ પડ્યે સ્વામી આગળે, સુણે કથા પવિત્ર આપ ॥૨॥
અલૌકિક મોજ મળી, વળી આવ્યું સુખ અતિ અંગ ॥
ખોટ ટળી ખોયા દિ'ની, સ્વામી રામાનંદને સંગ ॥૩॥

ચોપાઈ

આવ્યાં એક દિ' સભા મોઝાર, કથા સાંભળવા કરી પ્યાર ॥
બેઠા સભા વિશે લઈ સ્થાન, ચિત્ત દઈ સાંભળે નિદાન ॥૪॥
થઈ કથા સંપૂરણ જ્યારે, સ્વામી પાસે આવ્યું કોઈ ત્યારે ॥
કરી સ્વામીને સઘળી વાત, દાસ મુકુંદ તણી સાક્ષાત ॥૫॥
આંહિ આવે જે મુકુંદ રોજ, કથા સાંભળી કરે છે મોજ ॥
તે તો આશ્રમ તણાં મહંત, તેનાં ગુરુ ત્યાંના મોટા સંત ॥૬॥
આપ જ્યારથી આવ્યાં કૃપાળુ, આંહિ આવે ત્યારથી મરાળું ॥
એમ જન બોલ્યો સ્વામી પાસ, ત્યારે તેડાવ્યા સ્વામીએ દાસ ॥૭॥
દાસે વંદન કીધાં અપાર, સ્વામી ચરણમાં ધરી પ્યાર ॥
પછી બોલિયા દયાળુ એમ, તમે આવો આંહિ નિત કેમ ॥૮॥
વડા આશ્રમના છો મહંત, વળી દીસો અંગે મહાસંત ॥
જાણો શાસ્ત્ર તણું સહુ જ્ઞાન, તોય શીદ આવો આ જ સ્થાન ॥૯॥
ત્યારે બોલ્યા મુકુંદ સુજાણ, સુણો સ્વામી પ્રકટ પ્રમાણ ॥
ઘણાં તીર્થ ફર્યો આજ સુધી, પણ દીઠા ન કોઈ વિબુધિ ॥૧૦॥
ખરો થાકી થયો લથબથ, કરી ભ્રમણ સર્વે તીરથ ॥
પણ શાંતિ આ ચરણ જેવી, નથી બીજે દેખી ક્યાંય તેવી ॥૧૧॥
હવે ભૂધર તમને ભાળી, શંકા દૂર થઈ વનમાળી ॥
સુણી શ્રવણે આપની વાણી, કરી લીધી મેં સર્વે કમાણી ॥૧૨॥
મુખે વેણ બોલ્યા એમ જ્યારે, આંસુ આવી સર્યા નેણ ત્યારે ॥
પછી બેસી રહ્યાં ગ્રહી મુન્ય, સભા થઈ છે સર્વે શૂન્ય ॥૧૩॥

INDEX

વળી સ્વામી કહે તમે દાસ, સાંભળો કહું વાત જે ખાસ ॥
મોટા ગુરુ તણાં તમે ચેલા, આંહિ આવો છો નિત અકેલા ॥૧૪॥
ખરી વાતની ખબર થાશે, ત્યારે ગુરુ તમારાં ખીજાશે ॥
વળી ભેખધારી મુને સહુ, માને અરિ મોટો નક્કી બહુ ॥૧૫॥
કરશે ઘોર અમારો વિરોધ, મર આપીએ સવળો બોધ ॥
સામા સામી જાશે ખરી લાજ, વળી થાશે જરૂર અકાજ ॥૧૬॥
સુખ જાશે સરવે તણાંઈ, તે માટે કરીએ છૈયે મનાઈ ॥
નથી અન્ય વિરોધ વિશેષ, ભલે આવી જ્ઞાન ગ્રહો શેષ ॥૧૭॥
માટે માનો અમારું વચન, આંહિ આવશો મા કોઈ દન ॥
હવે રાત્ય વીતી આંહિ ઘણી, તમે સિધાવો આશ્રમ ભણી ॥૧૮॥
પછી વારે વારે લાગી પાય, લીધી મુકુંદે ત્યાંથી વિદાય ॥
થયાં ઉદાસ અંતરે ઘણાં, આવી મારગમાં મોટી મણાં ॥૧૯॥
જ્યારે મઠમાં કીધો પ્રવેશ, મળ્યા તુલસીદાસ ત્યાં શેષ ॥
જોઈ મનમુખી વરતાવ, બોલ્યા તમારી છે બહુ રાવ ॥૨૦॥
શીદ થયાં તમે સાવ ફેલી, નિત જાઓ છો આશ્રમ મેલી ॥
મનમાન્યું કરો નિશદન, કિયાં ભટકે તમારું મન ॥૨૧॥
એવાં કીધાં કટુ વેણ ત્યાંય, નવ બાકી રાખ્યું કહેવા કાંય ॥
પછી આવ્યા મુકુંદ ઉતારે, પડ્યા પથારીએ સૂવા ત્યારે ॥૨૨॥
રૂડાં સંભારી સ્વામી વચન, કર્યું પૂરણ નિશા રુદન ॥
મળ્યાં સદ્‌ગુરુ મુજને સાર, જેહ પ્રભુ પમાડે નિરધાર ॥૨૩॥
હવે અવસર મળિયો આવો, તેનો શીદ જવા દઉં લ્હાવો ॥
મર થવાનું હોય તે થાય, પણ આ સંત નહિ મૂકાય ॥૨૪॥
ભેટી સ્વામી રામાનંદ સાર, કરું મનખો માહરો પાર ॥
એવી ટેક ધરી દલમાંય, ઘનશ્યામપ્રકાશદાસ તે ગાય ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુકુંદદાસ રામાનંદ સ્વામીની કથા સાંભળવા ગયાં એ નામે પાંત્રીસમું પ્રકરણમ્ ॥૩૫॥

પ્રકરણ : ૩૬

પૂર્વછાયો :

નભે આદિત્ય ઉદિયો, તમ ગયું નિશાનું ઠાર ॥
ડંકા ઝાલર વાગિયા, શ્રી જાનકીનાથને દ્વાર ॥૧॥
જન સહુ ભેગા થઈ, હરિ રીઝવે થઈ ગુલતાન ॥
તાળી દઈ હરિનામની, કરે ધૂન્ય થઈ મસ્તાન ॥૨॥
દર્શન પામી દિનેશના, ધન્ય ધન્ય સરવે થાય ॥
પછી કરવા કાજને, લિયે નેહે ત્યાંથી વિદાય ॥૩॥

ચોપાઈ :

પણ મુકુંદને રહે દુઃખ, નથી વળતું દલમાં સુખ ॥
મન માન્યું છે સ્વામી સંગાથ, કેમ મળે મુને હવે નાથ ॥૪॥
એમ વિચારી વીતાવ્યો દન, હાથ રહેતું નથી આજ મન ॥
રાત પડી જ્યારે ચહુકોર, વાદળી ચડી છે ઘનઘોર ॥૫॥
વરસ્યો મેહુલો સાંબેલા ધાર, થયાં નભે વીજ ઝબકાર ॥
આવી મોરલા ચડી મોભારે, ભીનેવાન ઘણાં ટહુકારે ॥૬॥
મેઘ ઝરતા જોઈ દાદુર[1], કરે કર્કશ નાદ જરૂર ॥
ઘન સઘન ગગન વિશે, શોર ઘોર ગરજે અતિશે ॥૭॥
વારિ વર્ષા તણું મોતી થઈ, શોભે પાંદડીએ બેસી જઈ ॥
દશે દિશાએ વાયરા વાયા, નદીકાંઠા ભારે છલકાયા ॥૮॥
ત્યારે ભાળી ખરેખરો લાગ, કર્યો સ્વામીને મળવા માગ ॥
ભાગી નીકળ્યા ત્યાંથી જરૂર, પછી થંભિયા જઈને દૂર ॥૯॥
હતી સ્વામીની જિયાં જાયગા, વળી જન જીવ તણાં સગાં ॥
તેહ સભામાં જાવાનું ધાર્યું, ત્યારે ઓચિંતુ એમ વિચાર્યું ॥૧૦॥
રાજી થાશે નહિ સ્વામી જરી, સભા વિશે જો જઈશ ફરી ॥
માટે બેસીને ઘરની બાર, કથા સાંભળું સરવે સાર ॥૧૧॥
પછી દીઠું નવેળું પાછળ, જિયાં પડતું વર્ષાનું જળ ॥
એક બારી હતી તિયાં નાની, તે તો સહેજ ઉઘાડી'તી છાની ॥૧૨॥
તિહાં બેસીને સાંભળે વાત, થાય અંતરમાં રળિયાત ॥
માથે પડતું નેવાનું જળ, તોય બેસી રહ્યાં તે અચળ ॥૧૩॥

૧. દેડકો

INDEX

એમ ઘણાં દિન સુણી કથા, માથે વેઠીને મેઘની વ્યથા ॥
પણ એક દિ' થયો પ્રસંગ, તેથી પડ્યો છે રંગમાં ભંગ ॥૧૪॥
દાસ બેઠા'તા નવેળામાંય, કથા સાંભળવા સુખદાય ॥
તિયાં આવ્યો એક ચોકિયાત, તેને દીઠાં મુકુંદ સાક્ષાત ॥૧૫॥
જાણી ચોર તેને મનમાંય, કર ગ્રહી ઊભા કર્યા ત્યાંય ॥
બોલ્યો કોણ છે કહે તું ભાઈ, પહેરો ભરવા આવ્યો હું આંહિ ॥૧૬॥
ત્યારે દાસ બોલ્યા ભલી રીતે, તમે સાંભળો દયાળુ પ્રીતે ॥
મઠનો છું મુકુંદ મહંત, બેસી સાંભળું કથા અત્યંત ॥૧૭॥
સભા વિષે બેસવા મનાઈ, કરી સ્વામીએ જ મને ભાઈ ॥
માટે નવેળામાં આવી ચિત્તે, સુણું કથા ધીરજ સહિતે ॥૧૮॥
એવી સાંભળી દાસની વાણી, તુર્ત જોડિયા તેને બે પાણિ ॥
નિજ તન કેમ દુઃખ સહો, હવે સભામાંહિ આવી રહો ॥૧૯॥
મોટા મઠના મહંત તમે, છોટા સેવક આંહિના અમે ॥
માટે મુજથી જોયું ન જાય, સત્ય વાત જાણો તમે રાય ! ॥૨૦॥
પછી સમજાવી બહુવાર, ચોકિયાત વળાવ્યો તે વાર ॥
વળી સાંભળવા લાગ્યા વાત, તે જ નવેળે બેસી સાક્ષાત ॥૨૧॥
પણ ચોકિયાત રહેનાર, હતો દિલનો ઘણો ઉદાર ॥
કથા પૂરી થયે સ્વામી પાસ, આવી કર્યો સઘળો ખુલાસ ॥૨૨॥
આવી મહંત બેસે નવેળે, જશે આપણું બધું જ એળે ॥
માટે તેનો કરવો ઉપાય, જાણો જરૂર હે મુનિરાય ! ॥૨૩॥
ત્યારે કહે કૃપાળુ બોલાવો, જાય પહેલા તેને તેડી લાવો ॥
પછી નીસરી ઘરની બહાર, લાવ્યા પકડી દાસ તે વાર ॥૨૪॥
લળી લળી જોડી કરભામ, કર્યાં પ્રેમથી દાસે પ્રણામ ॥
પછી બેઠા રામાનંદ પાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુકુંદદાસ નવેળામાં બેસી કથા સાંભળતા એ નામે છત્રીસમું પ્રકરણમ્ ॥૩૬॥

પ્રકરણ : ૩૭

પૂર્વછાયો :

ખપ દેખી ખરો દાસનો, સ્વામી થયા સજળનેણ ॥
રાજી થયાં ઘણું દલમાં, પછી બોલ્યા મુખે વેણ ॥૧॥
ધન્ય ધન્ય છે તમને, વળી શ્રદ્ધા તમારી અનુપ ॥
કષ્ટ ઘણું સહન કરી, સુણો હરિકથા સુખરૂપ ॥૨॥
પ્રેમે જે જન સાંભળે, સુંદર કથા પાવન ॥
તેનાં દોષ ટળે પળે, સદ્‌ગુણ વાધે પ્રતિદન ॥૩॥

ચોપાઈ :

ત્યારે દાસ બોલ્યા શીશ નામી, એક વિનંતી કરું છું સ્વામી ॥
દિયો આપ ચરણની સેવ, માનો એટલી અરજ દેવ ॥૪॥
અન્ય આશા નથી કોઈ મને, સદ્‌ગુરુ માન્યા છે તમને ॥
હવે તમે એક ગતિ મારી, કહું મુખથી શું વારી વારી ॥૫॥
અતિ મીઠી વાણીએ મરાળ, પછી બોલિયા એમ દયાળ ॥
સુણો સાવધાન થઈ ખરા, વાત સમજો મુકુંદ જરા ॥૬॥
તમે આશ્રમ તણાં મહંત, ત્યાં છે સુખ-સમૃદ્ધિ અત્યંત ॥
વળી તમારે લાખું કરોડી, જન આવે નિત્ય દોડી દોડી ॥૭॥
ધન ધાન્ય તણો નહિ પાર, ઘણાં રૂપૈયાનો વહેવાર ॥
રથ પાલખી ને હાથી ઘોડા, તેનાં જડે નહીં ક્યાંય જોડા ॥૮॥
પય સાકર ઘૃત ભોજન, મિષ્ટ અન્ન મળે પ્રતિદન ॥
આભૂષણ સુવર્ણ અપાર, તેનો ગણતાં આવે ન પાર ॥૯॥
સર્વે છોડવો સુખ સમાજ, અતિ કઠણ છે મહાકાજ ॥
વળી રાખીએ તમને અમે, તો કરે જંગ ભેખ આ સમે ॥૧૦॥
કોઈ ધનિક મહાનૃપતિ, નથી માનતા અમને રતિ ॥
છૈયે ગરીબ હરિના સંત, એક ઉરમાં રહે ભગવંત ॥૧૧॥
નથી રહેવા કોઈ મહેલાત, સોના ઘરેણાં કે ઝવેરાત ॥
નથી રાખતા ધન પ્રસંગ, આઠો જામ કરીએ સત્સંગ ॥૧૨॥
તન કોમળ શ્રદ્ધા અપારી, પણ બાળબુદ્ધિ છે તમારી ॥
માટે વિચારીને મનમાંય, પછી કહેજો કહેવું ઘટે કાંય ॥૧૩॥

INDEX

સુણી સ્વામી તણી રૂડી વાત, પછી બોલ્યા મુકુંદ સાક્ષાત ॥
નથી ઇચ્છવા માયિક સુખ, તમને પામવા સહીશ દુઃખ ॥૧૪॥
તવ ચરણમાં મતિ ઠેરી, નહિ ફરે તે કોઈની ફેરી ॥
એક તમે જ મારો આધાર, માની લીધાં સદ્‌ગુરુ સાર ॥૧૫॥
પછી સ્વામી કહે સુણો દાસ, રહેવું હોય જો અમારી પાસ ॥
લઈ ગુરુ રજાનો કાગળ, કેડ્યે આવજો અમ પાછળ ॥૧૬॥
નહિ રોકાઈએ હવે આંહિ, જાશું બંધિયે પ્રભાતમાંહિ ॥
એમ કહીને કીધાં વિદાય, દાસ ચાલિયા નમીને પાય ॥૧૭॥
હૈયે હર્ષ અતિ ઉભરાય, શી કહેવી સુખની સીમાય ॥
ધન્ય ધન્ય તે અવસર આજ, ડંકો જીતનો વાગિયો રાજ ॥૧૮॥
પાંપળા[1] સરવે પરા[2] પળ્યા, આજ પ્રકટ સદ્‌ગુરુ મળ્યાં ॥
હવે રહ્યો ન ઉધારો કોય, મળી અમળતી વાત સોય ॥૧૯॥
આજ થઈ ખરેખરી જીત, રોમ રોમ થયાં પુલકિત ॥
ચડી મસ્તી અંગોઅંગ અતિ, દુઃખ પલાણા રહ્યાં ન રતિ ॥૨૦॥
પણ વિચારે છે ઘણું મન, કેમ છોડશે આશ્રમજન ॥
પછી આવિયાં આશ્રમમાંય, વાટે વિચારતા મનમાંય ॥૨૧॥
થોડું પણ જમ્યા વિના અન્ન, ગયાં સૂવાં પોતે પરસન ॥
સૂતાં સૂતાં સંભારે છે હરિ, આપે રજા મુને કેમ કરી ॥૨૨॥
એવો કરું હું ઉપાય કાંક, જેથી આવે થોડો માથે વાંક ॥
વણવાંકે નહિ મૂકે મને, કોટિ કરું ઉપાય મરને ॥૨૩॥
પછી મનમાં આવ્યો વિચાર, તેથી રાજી થયાં થોડી વાર ॥
લઈ હરિ તણું નામ ખાંત્યે, પોઢી ગયાં તે સુખ નિરાંત્યે ॥૨૪॥
વહેલા પરોઢિયે પોતે ઊઠી, ખરેખરા મનમાંહિ રુઠી ॥
થયાં મનમુખી આજ દાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્‌ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામાનંદ સ્વામીએ ગુરુની રજા લેવાનું કહ્યું એ નામે સાડત્રીસમુ પ્રકરણમ્‌ ॥૩૭॥

---

૧. વ્યર્થ પ્રયત્ન ૨. દૂર થયા

પ્રકરણ : ૩૮

પૂર્વછાયો :

શુભમતિ હવે સાંભળો, કહું ત્યાર પછીની વાત ॥
જન મન દઈ સાંભળે, તે થાય અતિ રળિયાત ॥૧॥
વિતરાગી થયાં ઠામકા, હવે મુકુંદ દીનદયાળ ॥
હેમ કેરા ભૂષણ ત્યજી, મેલી મોટપની જંજાળ ॥૨॥
સઘળું સોંપી હાથમાં, નિજ ગુરુને તતકાળ ॥
થયાં ઉદાસી અંતરે, હવે મળવા શ્રી ગોપાળ ॥૩॥

ચોપાઈ :

જુદી રીત જોઈ ગુરુ એમ, પછી બોલ્યા રીસાયા છો કેમ ॥
જેમ કહો તમે એવું કરું, જે જે જોઈએ તે તે આગે ધરું ॥૪॥
મોંઘામૂલી જાયગા આપણી, વાત તેની શું કહેવી ભણી ॥
જેના લેખ લલાટે જ હોય, તેનું આંહિ આવવું જ સોય ॥૫॥
મહામોટા હોય નરભૂપ, મોટા મહંત ભેખસ્વરૂપ ॥
અહોનિશ આ જાયગા કાજ, કરે ઉદ્યમ સરવે આજ ॥૬॥
દેતા રૂપૈયા હજાર લાખું, મળે નહિ સાચું કહી દાખું ॥
માટે જાશો નહિ તમે ક્યાંય, બીક રાખશો નહિ જરાય ॥૭॥
રાત પડે જાઓ તમે નિત્યે, સ્વામી રામાનંદ પાસે પ્રીત્યે ॥
પણ તેમની પાસે મોટાઈ, નથી જાણો કોઈ સુખદાઈ ॥૮॥
હશે સમર્થ સ્વામી તે ખરા, તેમાં સંશય કોઈ ન જરા ॥
પણ અલ્પ બુદ્ધિ છે તમારી, વાત માનો તમે સૂધી મારી ॥૯॥
એમ સાંભળી ગુરુની વાણી, પછી બોલ્યા મુકુંદ પ્રમાણી ॥
તમે સંત ઘણાં ઉપકારી, પણ જાણો નક્કી વાત મારી ॥૧૦॥
સ્વામી રામાનંદ કૃપાનાથ, જીવ જોડ્યો મેં તેની સંગાથ ॥
ન રાખે નારી ધન પ્રસંગ, રાખે ભક્તિનો રંગ અભંગ ॥૧૧॥
હવે આશ્રમમાં નહિ રહું, એક સ્વામીનું શરણું લહું ॥
માટે સુખેથી આપો વિદાય, કરું વિનંતી તમારે પાય ॥૧૨॥
સુણી સંતે સમજાવ્યા દાસ, પણ માન્યા નહિ તેહ ખાસ ॥
ગાય આશ્રમ તણી રૂપાળી, ગામ બંધિયે તે હતી પાળી ॥૧૩॥

INDEX

તેની ખબરનું મિષ લઈ, રહ્યાં મુકુંદ બંધિયે જઈ ॥
સ્વામી બિરાજતા પોતે ત્યાંય, રાખી ભક્ત તણો સમુદાય ॥૧૪॥
આવ્યાં મુકુંદ સ્વામી શરણે, ધારા આંસુની થઈ નયણે ॥
વારે વારે દંડવત્ કરી, સ્વામી ચરણે વિનંતી કરી ॥૧૫॥
હવે તો રાખો મુજને પાસ, કરી આપનો દાસાનુદાસ ॥
તજી આશ્રમનો સુખસાજ, આજ આવિયો છું મહારાજ ॥૧૬॥
પણ થોડું હતું હજી બાકી, તેથી સ્વામી બોલ્યા સામું તાકી ॥
નહિ રાખીએ અમારી પાસ, સાવધાન થઈ સુણો દાસ ॥૧૭॥
દયાળુ ને સદાવ્રતધારી, ગુરુ તમારાં પરોપકારી ॥
તેને મટ્યો નથી વિશવાસ, હજી છે તમારી બહુ આશ ॥૧૮॥
માટે આગન્યા વિના ન રાખું, સત્ય વાત જાણો કહી દાખું ॥
જ્યારે આપે રજાનો કાગળ, ત્યારે જોયા વિના એક પળ ॥૧૯॥
જાજ્યો ત્યાંથી તમે નિજ ગામ, રહે માતપિતા વળી વામ ॥
બાર માસ લગી કરી વાસ, મોહપાશનો કરજો નાશ ॥૨૦॥
કેડ્યે આગન્યા સહુની ગ્રહી, સુખે વસજો આવીને અહીં ॥
ખરો ખપ હોય દલમાંય, તૈયે કરજો કીધો ઉપાય ॥૨૧॥
સુણી સ્વામી તણી શુભ વાત, બોલ્યા દાસ કરી પ્રણિપાત ॥
કહ્યાં આપે જે રૂડાં વચન, તે હું પાળીશ અતિ સઘન ॥૨૨॥
જેમ અન્ન ઉલટાનું હોય, તેણે ચાખે નર નહિ કોય ॥
તેહ તુલ્ય કઠિન આ કામ, ઘણું દુષ્કર હે સુખધામ ॥૨૩॥
પણ રાજી કરવા બહુનામી, ખરું વચન કરીશ સ્વામી ॥
બળ દેજ્યો ઘણું મુને આપ, ભક્તવત્સલ હે નિષ્પાપ ॥૨૪॥
પછી સ્વામીના આશિષ ગ્રહી, સરધાર તણી વાટ લહી ॥
હવે લીલા બની જેહ ખાસ, ગાશે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે તુલસીદાસે મુકુંદદાસને આશ્રમમાં રહેવા માટે સમજાવ્યા એ નામે આડત્રીસમું પ્રકરણમ્ ॥૩૮॥

પ્રકરણ : ૩૯

પૂર્વછાયો :

ત્યાર પછી સરધારમાં, આવી કર્યો પ્રવેશ ॥
આજ્ઞા તુલસીદાસની, લેવા કાજ લીધો જુદો વેષ ॥૧॥
સદાવ્રત કર્યું મોકળું, માંડ્યું દ્રવ્ય વાવરવા ઘણું ॥
જાણ્યે અજાણ્યે નર આવે, તેને આપે અનેક ગણું ॥૨॥
મોંઘા વસ્ત્રા મંગાવિયા, મિષ્ટ અન્ન કર્યાં અપાર ॥
ત્રાંબુ કટોરા તાંસળી, તેનાં ભર્યા સહુ ભંડાર ॥૩॥

ચોપાઈ :

પછી મુકુંદ હરખી મન, દ્રવ્ય વાવરે છે નિશદન ॥
આવે ભેખધારી તણાં ઝુંડ, તેને દાન દિયે ભરી સૂંડ ॥૪॥
વળી અભ્યાગત આવે કોય, ભલે પાત્રા કુપાત્રા તે હોય ॥
શીરા પૂરી ખવરાવે ઘણાં, એમાં રાખે નહિ કાંઈ મણાં ॥૫॥
કોઈ આવે ભિક્ષા માંગનાર, તેને દેતા ન રાખે વિચાર ॥
જે જે દ્રવ્ય ભર્યું'તું ભંડાર, છૂટે હાથ આલ્યું ઠારોઠાર ॥૬॥
એમ વીત્યું છે જ્યારે સપ્તાહ, ત્યારે સહુ કરી ગયાં આહ ॥
તુલસીદાસ કેરો એક ચેલો, હતો થોડો ઘણો મનમેલો ॥૭॥
તેને ગુરુ પાસે જઈ વાત, કીધી સઘળી તેહ સાક્ષાત ॥
તુલસીદાસ તો મઠના મોભી, પણ સ્વભાવના ઘણાં લોભી ॥૮॥
તેથી બોલાવી મુકુંદદાસ, કટુ વેણ બોલ્યા વઢી ખાસ ॥
જગ્યા આપણી તો ઘણી મોટી, તેથી દૈયે છીએ રામરોટી ॥૯॥
પણ શીરાના ઘો સદાવ્રત, ઠાલી ફરી શું તમારી મત્ય ॥
વળી વસ્ત્રા ઘરેણાંનાં દાન, શીદ આલો તમે ભૂલી ભાન ॥૧૦॥
આમ દ્રવ્ય વાવરશો ઘણું, નહિ ધાન રહે ખાવા તણું ॥
ત્યાર પછી મુકુંદ સુધીર, બોલ્યા વાત ઘણી જ ગંભીર ॥૧૧॥
સાધુ બ્રાહ્મણને દેવું દ્રવ્ય, તેમાં લોભ કરવો કેદિ નવ્ય ॥
રોગી દરિદ્રને દઈ દામ, કરી લેવું પુણ્ય તણું કામ ॥૧૨॥
થાશે ભંડાર સઘળા ખાલી, ત્યારે તીર્થે જાશું સહુ ચાલી ॥
એવી સાંભળી દાસની ગિર, તન રહી નહિ અલ્પ ધીર ॥૧૩॥

થયાં લોચન લાલ વિશાળ, અતિ રોષે ભરાયા મરાળ ॥
કરી નજર કરડી પોત્યે, પછી બોલ્યા બહુ ક્રોધ સોત્યે ॥૧૪॥
મનમુખી કરો છો વરતાવ, બુદ્ધિ બગાડી ભૂલ્યા છો ભાવ ॥
બની સ્વચ્છંદ વિચરો આજ, કેનું માનો નહિ કોઈ કાજ ॥૧૫॥
કરવું હોય જો આમ સદાય, લિયો મઠથી તમે વિદાય ॥
હતા દાસમુકુંદ અતિ વ્હાલા, છતાં પણ લાગ્યા છે નમાલા ॥૧૬॥
અહો ! શું છે સ્વભાવનો તાલ, ભલભલાને કરે કંગાલ ॥
પછી દાસ કહે ગુરુ તમે, દિયો કાગળ લખી આ સમે ॥૧૭॥
પછી નક્કી જઈશ સિધાવી, દઈ આશ્રમની સહુ ચાવી ॥
ત્યારે રજાનો કાગળ લખી, દીધો દાસને તરત ધખી ॥૧૮॥
તેથી રાજી થયાં છે અપાર, પછી નીકળ્યા મઠથી બહાર ॥
પૂરું કર્યું સ્વામીનું વચન, દૂર થયું સરવે વિઘન ॥૧૯॥
જાણી ખબર એવી ગામમાં, ત્યારે દરબાર આવ્યાં મઠમાં ॥
તુલસીદાસને પ્રણામ કરી, પછી વેણ કહ્યાં કરગરી ॥૨૦॥
તમે મોટા મઠના મહંત, વળી પરોપકારી છો સંત ॥
રાખો મુકુંદદાસને આંઈ, જવા દેશો નહિ તેને ક્યાંઈ ॥૨૧॥
નહિ મળે ફરી આવા ચેલા, બીજા મળશે અનેક ઘેલા ॥
ભાનુ સમ શોભે તેની કાંતિ, સુણી વાત થાય સદ્ય શાંતિ ॥૨૨॥
શુદ્ધ જ્ઞાનવાન બોધે શૂરા, વ્રત નિયમમાં વળી પૂરાં ॥
ઓપે સાધુતા સહુથી સારી, જક્ત રંગ ન લાગે લગારી ॥૨૩॥
માટે વળી વળી કહું તમને, રાખો દાસ આંહિ રાજી મને ॥
પણ વાત માની નહિ લેશ, કાં જે લોભની લાગી'તી ઠેશ ॥૨૪॥
પછી મુકુંદ આશ્રમ છોડી, મનવરતિ પ્રભુમાં જોડી ॥
આવ્યાં અમરાપુર અકામી, ઘનશ્યામપ્રકાશનો સ્વામી ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુકુંદદાસે આશ્રમમાં છૂટે હાથ સદાવ્રત આપ્યું એ નામે ઓગણચાલીસમું પ્રકરણમ્ ॥૩૯॥

પ્રકરણ : ૪૦

પૂર્વછાયો :

ઘણાં દિને પેખી પુત્રને, થયાં માતપિતા રાજી મન ॥
શોક સઘળો દૂર થયો, જે રહ્યો ઘણો રાતદન ॥૧॥
ભેટી પૂરણ પ્રીતથી, કરે માતા અતિ અતિ વ્હાલ ॥
દિન બહુ વીતી ગયાં, કેડ્યે મળ્યાં મારા લાલ ॥૨॥
પછી નિત્ય નવલાં, ભોજન જમાડે પ્રીતથી ॥
નિજ વનિતા પણ મળી, સંભાળ લિયે નેહથી ॥૩॥

ચોપાઈ :

સગાં સંબંધી સરવે જન, પ્રતિદન થાય પરસન ॥
પણ મુકુંદદાસને ચિત્ત, એક રમે રામાનંદ નિત્ય ॥૪॥
તેહ વિના સુઝે નહિ કાંઈ, ખરી એવી સ્થિતિ છે બંધાઈ ॥
નથી ગમતો કૂડો સંસાર, ઝેર સમ જાણે નિરધાર ॥૫॥
પળ પળ જુગ સમ દીસે, થયાં ઉદાસ હવે અતિશે ॥
તેથી એક દિ' બેસી એકાંત, ઘણું મનને કરીને શાંત ॥૬॥
દ્રઢ કર્યો છે એમ વિચાર, હવે છોડવો મારે સંસાર ॥
કરશે માતપિતા ઘણી રોક, કેડ્યે પાળશે વનિતા શોક ॥૭॥
પણ સ્વાર્થ રહે નહિ લેશ, એવું કરવું મારે વિશેષ ॥
એમ વિચારી મુકુંદદાસ, રાખી અંતરમાં અવિનાશ ॥૮॥
થયાં પાગલ પ્રભુને કાજ, અહો ! યુક્તિ શું વિચારી આજ ॥
જાણી જોઈ ભૂલ્યા તનભાન, કરાવે તો કરે ખાનપાન ॥૯॥
રામ ગટાગટ મૌડી ફૂલી, એમ બોલે લોકલાજ ભૂલી ॥
ત્યાંનું આંહિ ને આંહિનું ત્યાંહિ, લાવી મૂકે ન શરમ કાંઈ ॥૧૦॥
ઘણી કરી છે એવી રંજાડ, લાવે લોક તણી બહુ રાડ ॥
જ્યાં ત્યાં રખડે દિવસ રાત, ઘેર ખોળી લાવે માત તાત ॥૧૧॥
ફરે ગાંડા થઈ ગામમાંઈ, સહુ તંગ થયાં બાઈભાઈ ॥
રાખે કેશ લાંબા છૂટાછાયા, વસ્ત્ર ઢાંકે ન ઢાંકે જો કાયા ॥૧૨॥
કોઈ સૂતો હોય ઘરબાર, લાવી ગોબર નાખે અપાર ॥
એમ બગાડે ગોદડાં ઘણાં, એમાં રાખે નહિ કાંઈ મણાં ॥૧૩॥

INDEX

નાચે શેરીયુંમાં પોતે આવી, મૂકે ઘરમાં કોઈનું લાવી ॥
કોઈ પૂછે જો કાંઈ બેસારી, હાઉ હાઉ કર્યાં કરે ભારી ॥૧૪॥
ઊઠી ક્યારેક અરધી રાતે, આવી ગામ વચ્ચે ભલી ભાતે ॥
પાડે રાડ્ય તે જોરજોરથી, થાકે લોક ઘણું ઘણું મથી ॥૧૫॥
થયાં ગોવિંદને કાજ ગાંડા, તોડે ફોડે હેલી હેલ હાંડા ॥
મુખ ઉપર ચોપડી મેશ, કાઢે વરવો ગામમાં વેષ ॥૧૬॥
એમ વરતે છે જાણી જોઈ, સહુ આશ્ચર્ય પામે છે કોઈ ॥
રૂડો દેવ જેવો જે દીકરો, સદ્‌ગુણમાં સહુથી વરો ॥૧૭॥
જેનું મુખ અતિ મરમાળું, સહુ જનને લાગતું વ્હાલું ॥
તેને બોલતો બંધ કરવા, આજ મથે છે લોક ગરવા ॥૧૮॥
બાર મહિના લગી બેફામ, દાસ મુકુંદ વરતિયાં આમ ॥
થયાં લોટપોટ સહુ જન, પણ સૂઝે નહિ કાંઈ મન ॥૧૯॥
આવી આનંદરામને ઘેર, સહુ બોલે કરો કાંઈ મેર ॥
સમજાવોને તમારો સુત, થઈ મૂરખ કરે છે તૂત ॥૨૦॥
દિયે ત્રાસ ઘણો દિનરાત, થાકી ગયાં હવે અમે તાત ॥
માટે કરો તો કરોને કાંય, ભલા થઈ તમે દ્વિજરાય ॥૨૧॥
એમ સુણી લોક કેરી વાત, સુત સમજાવ્યા ભલી ભાત ॥
કર્યાં ઉપાય તેનાં અપાર, તોય ફાવ્યા નહિ તે લગાર ॥૨૨॥
માતપિતા ઘણું દુઃખી થયાં, કૈંક નીર લોચનમાં વહ્યાં ॥
પણ પ્રભુની મરજી જાણી, કેદિ ઉચ્ચરતા નથી વાણી ॥૨૩॥
જમનાબાઈ તેહની નાર, કરે કામણ વારમવાર ॥
તોય વશ થયાં નહિ પતિ, મતિ ફરી નહિ એક રતિ ॥૨૪॥
સર્વે મૂંઝાયા સંબંધી જન, કેમ કરી કાઢે હવે દન ॥
વાધ્યો ઘરમાં ઘણો કંકાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્‌ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુકુંદદાસ ગૃહત્યાગ કરવા ગાંડા થયાં એ નામે ચાલીસમું પ્રકરણમ્‌ ॥૪૦॥

પ્રકરણ : ૪૧

પૂર્વછાયો :

જડભરત જે જોગિયા, થયાં મુકુંદ તેહની પેર ॥
ધરી અતિ ઉન્માદને, રહ્યાં બધિર પેઠે ઘેર ॥૧॥
વૈદ્ય તેડાવ્યા આંગણે, કર્યાં ઔષધ અપરમપાર ॥
અન્ય ઉપાય ઘણાં કર્યા, તોય આવ્યો નહિ તેનો પાર ॥૨॥
આમ એક વરસ લગી, દાસ વરતિયાં બેફામ ॥
પુરુષોત્તમને પામવા, નિત રાખી હૈયે હામ ॥૩॥

ચોપાઈ :

એવાં સમામાંહિ એકવાર, આવ્યાં ગામધણી દરબાર ॥
તેણે દાસ બોલાવ્યા એકાંત, કહી દિલની સઘળી વાત ॥૪॥
તમે પરમ મિત્ર છો મારા, શીદ કરો ઉચ્ચ સ્વરે નારા ॥
બની સ્વચ્છંદ વિચરો આજ, અવળું સવળું કરો કાજ ॥૫॥
કહો થયું શું તમને ભાઈ, તેનો ઉકેલ લાવોને કાંઈ ॥
આ તો દેખાય છે ભૂંડું ઘણું, એમાં ભલું ન કાંઈ આપણું ॥૬॥
મને ભીતર ભરોસો પાકો, ભલે તમે ગાંડપણ હાંકો ॥
પણ નથી એવાં તમે નક્કી, વાત જાણું હું એટલી પકી ॥૭॥
ત્યારે બોલિયા મુકુંદ એમ, કહું સાંભળો જેમ છે તેમ ॥
ભવબંધન સરવે ત્રોડી, એક વૃત્તિ હરિમાંહિ જોડી ॥૮॥
લઈ ત્યાગી તણો શુભ વેષ, મારે ભજવા સદા વ્રજેશ ॥
વળી કરવા સદ્‌ગુરુ રાજી, જેથી સુધરે ભવની બાજી ॥૯॥
તેથી વરતું પાગલ પેઠ્ય, નિત નિત કરું નવી વેઠ્ય ॥
રજા મળે જો ઘેરથી એમ, માટે દાખડો કરું હું તેમ ॥૧૦॥
સત્ય વાત જાણી દાસ તણી, ત્યાર પછી બોલ્યા ગામધણી ॥
જરૂર કરીશ હવે ઉપાય, ચિંતા કરશો મા તમે કાંય ॥૧૧॥
પછી શીઘ્ર આવ્યાં દ્વિજ પાસે, કર્યાં પ્રણામ અતિ હુલાસે ॥
સુણો આનંદરામ સુજાણ, કરું વિનંતી જોડીને પાણ ॥૧૨॥
સુત તમારાં થયાં છે ફેલી, વાણી બોલે અવળીને ઘેલી ॥
તેનું કહો તમે મુને રાજ, જેમ હોય તેમ મહારાજ ॥૧૩॥

INDEX

ત્યારે વિપ્ર બોલ્યા કરી ખેદ, નથી સમજાતો મુને ભેદ ॥
વણઈચ્છાએ કર્યાં લગન, નક્કી કરી અમે જેહ દન ॥૧૪॥
ફરે ત્યારથી પાગલ એમ, તેનું કરવું અમારે કેમ ॥
વળી કર્યાં અનેક ઉપાય, તોય હાથ આવ્યું નહિ કાંય ॥૧૫॥
ત્યારે મિત્ર બોલ્યા ખરી વાત, તમે સાંભળો વિપ્ર સાક્ષાત ॥
નથી લાગતો રૂડો સંસાર, તમારાં પુત્રને તો લગાર ॥૧૬॥
વણઈચ્છે કર્યાં તેનાં લગ્ન, વળી સંસારમાં કીધાં મગ્ન ॥
તેમાં નહિ થાય તમારું ભલું, માનો વચન મારું એટલું ॥૧૭॥
માટે રજા દઈ તેને પ્રીત્યે, પુત્ર વળાવો વિધિ સહિત્યે ॥
એમ મિત્રો ઘણું સમજાવી, પછી દાસને રજા અપાવી ॥૧૮॥
ત્યારે આપી આગન્યા જવાની, આજ આંખો રહેતી નથી છાની ॥
કર્યું રુદન પત્નીએ ઘણું, પણ ડગ્યા નહિ દાસ અણું ॥૧૯॥
સદ્ય આજ્ઞા લઈને સિધાવ્યા, દાસ મુકુંદ મનમાં ફાવ્યા ॥
થયું સુનું આજ અમરાપર, આજ સુનું છે રાધાનું ઘર ॥૨૦॥
પણ મુકુંદ થયાં પ્રસન્ન, નથી આનંદ સમાતો મન ॥
કરમાંહિ લઈ રજા પત્ર, અધક્ષણ રહ્યાં વિના તત્ર ॥૨૧॥
આવ્યાં બંધિયા ગામ મોઝાર, જિયાં હતાં સ્વામી કિરતાર ॥
કર્યાં સ્વામીના દૂરથી દર્શ, ત્યાં તો રોમે રોમે વ્યાપ્યો હર્ષ ॥૨૨॥
સર્વે ભૂલાયું દેહનું ભાન, થયાં મનમાંહિ ગુલતાન ॥
જેમ ધાતુ પાષાણ ને મણિ, હોય પ્રતિમા તો તેહ તણી ॥૨૩॥
તેમ અતિ સ્થિર થઈ દાસ, લાગ્યા દેખવા આણી હુલાસ ॥
હતાં સભામાં સમર્થ સ્વામી, ખૂબ આનંદે અંતર્યામી ॥૨૪॥
જ્યારે કથા સંપૂરણ થઈ, ત્યારે મુકુંદ કાગળ લઈ ॥
આવ્યાં રામાનંદ સ્વામી પાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુકુંદદાસ ગૃહત્યાગ કરી રામાનંદ સ્વામી પાસે આવ્યાં એ નામે એકતાલીસમું પ્રકરણમ્ ॥૪૧॥

પ્રકરણ : ૪૨

પૂર્વછાયો :

લીલા લખું પછી ત્યારની, અતિ પુનિત ને સુખકંદ ॥
ચરિત્ર તે મહામુક્તના, કહેતાં અંતરે આવે આનંદ ॥૧॥
ઊભા રહ્યાં સ્વામી આગળે, પાય પડી જોડી હાથ ॥
ગરજુ થઈને બોલિયા, લાવ્યો કાગળ હે કૃપાનાથ ॥૨॥
કાગળ વાંચી મુકુંદનો, થયાં રાજી સ્વામી અપાર ॥
મુમુક્ષુ ખરા મળ્યાં, થયો સંસાર જેને અસાર ॥૩॥

ચોપાઈ :

પત્ર શ્યામદાસની રજાનો રે, નિજપત્ની ને માતપિતાનો રે ॥
દઈ મુકુંદે સ્વામીને ખાંત્યે રે, રાજી કર્યા ઘણાં ભલી ભાત્યે રે ॥૪॥
એમ આગન્યા પૂરણ કીધી રે, જેવી સ્વામીએ આપીતી ચીંધી રે ॥
પછી બોલ્યા વાણી તેહવાર રે, સ્વામી રામાનંદ નિરધાર રે ॥૫॥
દ્રઢ વૈરાગ્ય કેળવે નિત્ય રે, ધર્મ તજે નહિ તે ખચિત્ય રે ॥
પ્રીત રાખે ન સંસારમાંય રે, ત્યાગી થવા નર જેહ જાય રે ॥૬॥
જાણી વિચારીને સાધુ થાવું રે, જાણ્યા વિના થવા નવ જાવું રે ॥
સાચા સાધુ થવું તપ માટ રે, ખાવા પીવા ન જાવું તે વાટ રે ॥૭॥
લોકલાજનો કરવો ત્યાગ રે, વિષયમાં રાખવો ન રાગ રે ॥
ત્યાગી થઇ દેહસુખ ઈચ્છે રે, છે જ પાખંડી સહુ એમ પ્રીછે રે ॥૮॥
વસ્ત્ર વિશેષ નહિ મળે અંગ રે, નહિ મળે પોઢવા પલંગ રે ॥
સ્વાદવાળું નહિ મળે ખાવું રે, એમ વિચારીને સાધુ થાવું રે ॥૯॥
ખાઈ મોદક ફૂલાવે દેહ રે, હરિ રીઝવશે કેમ તેહ રે ॥
ભૂખના દુઃખથી સાધુ થાય રે, તેનો નેઠો નહિ જરાય રે ॥૧૦॥
થાય મસાણિયો વૈરાગ્ય રે, ત્યારે જાગે ચટકીની આગ રે ॥
પણ ઊડી તે ક્ષણમાં જાશે રે, ધોબી શ્વાન કેરી ગતિ થાશે રે ॥૧૧॥
અંતઃશત્રુ અતિ ઘણાં પીડે રે, તોય તેની સાથે બાથ ભીડે રે ॥
જંગ દેખી હરિ રાજી થાય રે, ત્યારે સાચા સાધુ થવાય રે ॥૧૨॥
ત્યજી ઘરબાર કોઈ આવે રે, ભલે બાળ યુવા તે કહાવે રે ॥
પણ ગુરુ રાખે ખૂબ એને રે, નડે સંકટ નહિ કાંઈ તેને રે ॥૧૩॥

INDEX

પણ મરોડે મન પ્રકૃતિ રે, ત્યારે ઉપજે ખૂબ વિકૃતિ રે ॥
પછી નહિ રહે ધડો કાંઈ રે, મર કરે તે કોટિ ઉપાય રે ॥૧૪॥
હોય વેગે ચડેલો જે બાળ રે, કે જેને નથી ગૃહે સંભાળ રે ॥
કાંતો દરિદ્રી હોય જેહ રે, ત્યાગે સદ્ય ઘરબાર તેહ રે ॥૧૫॥
તેને ગુરુ નિજ શિષ્ય સ્થાપે રે, વળી દીક્ષા ભાગવતી આપે રે ॥
ત્યારે ન રહે સુખની આશ રે, અંતે જતા સમૂળો વિનાશ રે ॥૧૬॥
ગુરુ કરે શિષ્ય લોભ તણાં રે, કેડ્યે સહુ પછતાય ઘણાં રે ॥
માટે લોભી તે શિષ્ય નઠારો રે, નહિ આવે તેનો કેદિ આરો રે ॥૧૭॥
થાય કસણી જો શિષ્ય તણી રે, ત્યારે આવે છે સાધુતા ઘણી રે ॥
બીજા ફાવે નહિ કોઈ કાળ રે, વળી મટે નહિ જગજાળ રે ॥૧૮॥
એમ આલી ઉપદેશ સાર રે, પછી સ્વામી બોલ્યા કરી પ્યાર રે ॥
તમે સાંભળો મુકુંદ વાત રે, ભલે છોડ્યા દેહ ગેહ નાત રે ॥૧૯॥
પણ મોટી જગ્યાના મહંત રે, તુલસીદાસ નામે જે સંત રે ॥
પટ્ટ શિષ્ય તેનાં તમે હતાં રે, તેથી હશે આગતા સ્વાગતા રે ॥૨૦॥
નિત્ય ઘૃત સાકરના ભોજન રે, ઝૂલી હિંડોળે કાઢવા દન રે ॥
નથી એવું આંહિ નિરધાર રે, તેથી સો વાર કરજો વિચાર રે ॥૨૧॥
જેઓ માને છે આગન્યા ખરી રે, મન કર્મ વચનને વરી રે ॥
તેને રાખીએ અમારી પાસ રે, નવ કરીએ બીજાને દાસ રે ॥૨૨॥
પછી બોલ્યા બેઉ જોડી હાથ રે, દાસ મુકુંદ હે સ્વામીનાથ રે ॥
જેમ કહેશો હું તેમ કરીશ રે, લવલેશ એમાં ન ફરીશ રે ॥૨૩॥
લીધું શરણ આપનું ખરું રે, નહિ અન્ય ચરણોને વરુ રે ॥
માન્યા તમને જ એક સ્વામી રે, સત્ય કહું છું અંતરજામી રે ॥૨૪॥
એમ દાસ બોલ્યા કરગરી રે, ઘણી સ્તુતિ ચરણમાં કરી રે ॥
ત્યારે સ્વામીને થયો હુલાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામાનંદ સ્વામીએ મુમુક્ષુનાં લક્ષણ કહ્યાં એ નામે બેતાલીસમું પ્રકરણમ્ ॥૪૨॥

પ્રકરણ : ૪૩

પૂર્વછાયો :

દાસ મુકુંદ સુજાણની, અંતિમ વળી દુષ્કર ॥
ખરી કસોટી કરવા, થયાં સ્વામી ઘણાં તત્પર ॥૧॥
ભક્ત ખરા ભગવાનના, મૂળુભાઈ મોટા દરબાર ॥
વિશ્વાસુ સ્વામી તણા, રહે બંધિયા મોઝાર ॥૨॥
તે બેઠા સભા વિષે, કથા સુણવા પાવન ॥
તે જોઈ સ્વામી બોલિયા, સુણો મુકુંદ મારું વચન ॥૩॥

ચોપાઈ

આજ્ઞા મારી જો અંતરે ધારો, તો જાણું હું વૈરાગ્ય તમારો ॥
કરો ખેડ અમારા કહેવાથી, મૂળુભાઈ તણાં થઈ સાથી ॥૪॥
લઈ ખેડુ તણો વેષ તન, હાંકો હળ તમે રાતદન ॥
હોય નાનું મોટું કોઈ કામ, તેને કરજો રાખીને હામ ॥૫॥
રાત્ય પડ્યે કરવું રખોપું, આટલું આજ તમને સોંપુ ॥
પૂછ્યા વિના જાવું નહિ ક્યાંય, રહેવું અહોનિશ ખેતરમાંય ॥૬॥
એમ દાસને આગન્યા કરી, પછી બોલ્યા રામાનંદ ફરી ॥
સુણો મૂળુભાઈ સાક્ષાત, જોયા વિના તમે દિનરાત ॥૭॥
ખૂબ ખેતરે કરાવો કામ, લાવશો નહિ કેદિએ ગામ ॥
કે'ણ મોકલિયે અમે જ્યારે, દાસ વળાવજ્યો તમે ત્યારે ॥૮॥
પછી મોકલ્યા મૂળુભા સાથે, એમ મુકુંદને સ્વામીનાથે ॥
પળ એક ન કર્યો વિચાર, થયાં ચાલતા પોતે તૈયાર ॥૯॥
કેદિ નિજ જીવનમાં આમ, કર્યું નથી જેણે આવું કામ ॥
તેને કરે હવે સારી રીત્યે, સ્વામી પામવા પૂરણ પ્રીત્યે ॥૧૦॥
જેને હતું મહામોટું પદ, તે જોડે છે પરોઢે બળદ ॥
તન થાક્યા વિના એક પળ, નાથ રાજી કરવા હાંકે હળ ॥૧૧॥
જેને હતો સુખનો સાગર, આજ ઢેફા ભાંગે દિનભર ॥
આણી ઉમંગ તનમાં બળ, નાથ રાજી કરવા હાંકે હળ ॥૧૨॥
કષ્ટ સહ્યું નો'તું કેદિ કાંઈ, તેનાં હાથ ગયાં છે છોલાઈ ॥
તોય ક્ષણ ન કરે વિફળ, નાથ રાજી કરવા હાંકે હળ ॥૧૩॥

INDEX

પરસેવાની આવે છે હેલી, પણ તેની નથી જ પડેલી ॥
દિયે દોટચ બળદ પાછળ, નાથ રાજી કરવા હાંકે હળ ॥૧૪॥
દેખી ભૂપના રૂપ લજાય, એવી હતી કંચન જેવી કાય ॥
પણ વચન ગ્રહી અચળ, નાથ રાજી કરવા હાંકે હળ ॥૧૫॥
તીખા તાપમાં ભરબપોરે, કરે કામ અતિશય જોરે ॥
ગણ્યા વિના દેહ દુઃખ પળ, નાથ રાજી કરવા હાંકે હળ ॥૧૬॥
એમ ઘણાં ગયાં છે દિવસ, પણ સ્વામી કહેતાં નથી બસ ॥
જોઈ મુકુંદની કુરબાની, હવે ધીર ખૂટી મૂળુભાની ॥૧૭॥
હવે મેર લાવો મનમાંય, બેઠા સ્વામીના પકડી પાય ॥
નથી દુઃખ મારાથી જોવાતું, નથી આપને કાંઈ કહેવાતું ॥૧૮॥
રાખો દાસને તમારી સાથ, માંગું એટલું જોડીને હાથ ॥
ગદગદ થઈ બોલ્યા વાણી, આવ્યાં એમ કહેતાં આંખે પાણી ॥૧૯॥
ત્યારે કહે દયાળુ બોલાવો, દાસ મુકુંદને આંહિ લાવો ॥
પછી આવ્યાં નમ્યા સ્વામી પાય, અતિ કૃશ થઈ હતી કાય ॥૨૦॥
દોય કર મૂકી શીશ માથે, આપ્યા નેહથી આશિષ નાથે ॥
પછી સ્વામી કહે રાજી છૈયે, અતિ આનંદ છે ઘણો હૈયે ॥૨૧॥
પણ પ્રશ્ન પૂછું એક સારો, તેનો ઉત્તર તમે ઉચ્ચારો ॥
નવ મોકલ્યો કાંઈ સંદેશ, વળી ખબર ન લીધી લેશ ॥૨૨॥
શીદ દુઃખ સહ્યું તમે તન, પરિશ્રમ કર્યો રાતદન ॥
ત્યારે દાસ બોલ્યા કરભામી, સુણો નાથ મારા બહુનામી ॥૨૩॥
તમને રાજી કરવાનો કેવળ, રાખતો વિચાર પ્રતિપળ ॥
માટે વેઠીને કષ્ટ શરીર, ખરું વચન કર્યું સુધીર ॥૨૪॥
સુણી સ્વામી થયાં પરસન, દેખી દાસની ખરી લગન ॥
હવે કસોટીમાં થયાં પાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુકુંદદાસે મૂળુભાઈનું હળ હાંક્યું એ નામે તેતાલીસમું પ્રકરણમ્ ॥૪૩॥

INDEX

પ્રકરણ : ૪૪

પૂર્વછાયો :

આનંદના ઓઘ છૂટ્યા, રામાનંદને મનમાંય ॥
ઉત્તમ શિષ્ય મળ્યાં, હવે ખામી રહી નવ કાંય ॥૧॥
કસણીએથી પાર થયાં, રહ્યાં નહિ અધૂરાં જરાય ॥
દીક્ષા દેવા પછી દાસને, સ્વામી ઘણું હરખાય ॥૨॥
લખાવી દેશ પ્રદેશમાં, કંકોતરિયુ અનેક ॥
ખબર સુણી સઘ સહુ, નરનારી આવ્યાં વિશેક ॥૩॥

ચોપાઈ :

સંવત અઢારસો જે અનુપ રે, વર્ષ બેતાળીસ સુખરૂપ રે ॥
શુક્લ પક્ષે માઘ માસ મ્હેકે રે, ઋતુરાજ વસંત અતિ લ્હેકે રે ॥૪॥
ભરી ફોરમ કટોરા ફૂલ રે, ચહુ સુગંધી અરપે અતૂલ રે ॥
વૃક્ષ ડાળીએ ઝૂલે વિહંગ રે, રાતી કૂંપળ ફરકે ઉમંગ રે ॥૫॥
વેરી તારલિયા ચહુ વ્યોમ રે, કરે ચંદરવો ઝાઝું જોમ રે ॥
આંબે આંબે ફૂટે મોર કળીઓ રે, ભરબપોરે ભાનુ ઝળહળિયો રે ॥૬॥
ભૃંગ ભમતા કરે આનંદ રે, ફૂલે ડોલર ગુલાબ સ્વચ્છંદ રે ॥
રંગભીનો મહેકે કેસુડો રે, વાતા વાયરે શોભે છે રૂડો રે ॥૭॥
કુંદ કેસર વળી પોયણા રે, ગુલદાવદી ચમેલી ઘણાં રે ॥
જાઈ ડોલર જૂથ સેવતી રે, વાસ સુવાસે શોભે માલતી રે ॥૮॥
મોર ચકોર ઢોલર ઢેલ્ય રે, કુંજી કાબર કરે કિલોલ્ય રે ॥
ગાય કોકિલ નાદ મધુર રે, ઝૂમી ઉઠે લતા વૃક્ષ ઉર રે ॥૯॥
જ્યારે રેણ વ્યાપે રગેરગે રે, મણિ મયંકનો ઝગમગે રે ॥
ખળખળ નદીઓના નીર રે, ગુંજે પવન વનમાં અચિર રે ॥૧૦॥
કરે જન આનંદ વધામણાં રે, લિયે નેહથી સહુ ઓવારણાં રે ॥
ઋતુરાજ તણો વૈભવ રે, આપે ઉરમાં શાંતિ નીરવ રે ॥૧૧॥
એમ વસંત વાયરા વાતા રે, ચરાચર થયાં મદમાતા રે ॥
ત્યાર પછી સહુ નરનારી રે, દેશોદેશથી આવિયાં ભારી રે ॥૧૨॥
વળી દ્વિજ ઉત્તમ બોલાવ્યા રે, ઘણાં રૂડાં મુહૂર્ત કઢાવ્યાં રે ॥
કુંડ બંધાવિયા ચોકમાંય રે, મોટા કોઠારે સીધાં ભરાય રે ॥૧૩॥

INDEX

નાલિ કેળી લવિંગ સોપારી રે, લાવ્યા એલા સ્વાદી શાળ સારી રે ॥
દાળ ઘણાં દળાવિયા ઘઉં રે, ગોળ મિસરી ભરિયા બહુ રે ॥૧૪॥
રચ્યો મંડપ રૂડો પાવન રે, રંગભરી સજિયાં આંગણ રે ॥
છાયા કાજે થાંભલા મંગાવી રે, ઊંચા બાંધ્યા છે બૂંગણ લાવી રે ॥૧૫॥
ગાલમસૂરિયા ને રજાઈ રે, ગાદી તકિયાં પલંગ લાઈ રે ॥
સર્વે સામાન કર્યો તૈયાર રે, જેથી આપતાં લાગે ન વાર રે ॥૧૬॥
મણિ મોતીના તોરણ બાંધી રે, શોભા ઝૂમરની બહુ વાધી રે ॥
સ્થંભ કદળીના મોટા લહી રે, રૂડાં રોપિયા માંડવે સહી રે ॥૧૭॥
કર્યા ઉતારાના શુભ સ્થાન રે, પાકશાળા રચી છે નિદાન રે ॥
વળી હવિષ્યાન્ન જવ તલ રે, લાવ્યા સામગરી તે અવલ રે ॥૧૮॥
પછી સ્વામી રામાનંદે આવી રે, સર્વે તૈયારી પૂર્ણ કરાવી રે ॥
આવ્યો મુહૂર્તનો સમો પાસ રે, ત્યારે મુકુંદે કીધો ઉપવાસ રે ॥૧૯॥
થયો પંચમીનો શુભ દન રે, તેદિ આરંભ કર્યો જગન રે ॥
દાસ મુકુંદ સ્નાન કરીને રે, શુદ્ધ વસ્ત્ર શરીરે ધરીને રે ॥૨૦॥
બેઠા સ્વામીને કરી પ્રણામ રે, દીક્ષા લેવા કાજે અભિરામ રે ॥
મંત્ર ગુંજે છે મંડપમાંઈ રે, થાય આહુતિ ઘૃતની ત્યાંઇ રે ॥૨૧॥
એમ વિધિ થઈ એક પહોર રે, જય જય થયો ચહુકોર રે ॥
પછી સ્વામી રામાનંદે પ્રીત્યે રે, દીધી દીક્ષા તે વિધિ સહિત્યે રે ॥૨૨॥
કીધો કાનમાં પુનિત મંત્ર રે, તર્ત ધરી લીધો તેને અંત્ર રે ॥
નામ ધર્યું રૂડું મુક્તાનંદ રે, મહામુક્ત થયાં જગવંદ રે ॥૨૩॥
રામાનંદજીની તેહ વારે રે, કરી પૂજા ષોડશ ઉપચારે રે ॥
વળી પ્રદક્ષિણા દંડવત્ રે, કર્યા ભાવભરી વિધિવત રે ॥૨૪॥
પૂરો થયો સઘળો પ્રસંગ રે, રાખી હૈયે અતિ ઉછરંગ રે ॥
ચહુ પ્રસરી તેની સુવાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામાનંદ સ્વામીએ મુકુંદદાસને ભાગવતી દીક્ષા આપી એ નામે ચુંમાલીસમું પ્રકરણમ્ ॥૪૪॥

પ્રકરણ : ૪૫

પૂર્વછાયો :

દીક્ષાવિધિ પૂરો થયે, સ્વામી રામાનંદ ઉદાર ॥
શીખ વચન કહેવા લાગ્યા, નિજ શિષ્યને તે વાર ॥૧॥
મુક્તાનંદ મહામતિ, તમે સાંભળજો સાવધાન ॥
ત્યાગી તણાં શુભ ધર્મને, પૂરા પાળજો નિદાન ॥૨॥
વારે વારે વિચારજો, અંતરે કરી તપાસ ॥
રાખી વિશ્વાસ પ્રકટમાં, અન્ય પરહરજો આશ ॥૩॥

ચોપાઈ :

અહં મમતને મારું તારું રે, અન્ય એના જેવું ન નઠારું રે ॥
તેનો નાશ કરી તતકાળ રે, સુખે ભજવા મહાદયાળ રે ॥૪॥
હરિ વિના જાણી બીજું આગ રે, દ્રઢ કરજયો શુદ્ધ વૈરાગ્ય રે ॥
ક્રિયા દશ ઇન્દ્રિયુંની ખરી રે, તેમાં રાચો નહિ કેદિ જરી રે ॥૫॥
ત્રણય લોકની સંપત્તિ મળે રે, તોય મન કેદિ નવ ચળે રે ॥
એમ નિશ્ચય નિર્બંધ થાય રે, ખરો ત્યાગી તેને કહેવાય રે ॥૬॥
નિત્ય પ્રભુ પૂજા તમે કરજો રે, શાસ્ત્ર અધ્યયન આચરજો રે ॥
ભૂમિ ઉપર કરવું આસન રે, જપવું હરિનામ કીર્તન રે ॥૭॥
કેદિ ભક્તિ વિના કોઈ કાળ રે, જવા દેવો ન વૃથા દયાળ રે ॥
રાત્ય પાછલી પહોરે ઉઠવું રે, નિત્ય પોર રાત્ય જાતાં સૂવું રે ॥૮॥
પ્રભુ પ્રસાદીનું અન્ન જેહ રે, પ્રીતે જમવું હંમેશ તેહ રે ॥
હોય ગ્રંથ સાકાર ઉપાસી રે, સદા સુણવા તે સુખરાશી રે ॥૯॥
પંચ વિષયથી ઉતારી પ્રીત રે, કરવી પરમેશ્વરમાં નિત રે ॥
ઈર્ષ્યા અનર્થ છે જમફાંસી રે, લોભ લેવારે લખચોરાશી રે ॥૧૦॥
રસ મધુરો જીતવો સ્વાદ રે, વળી ટાળવો તન પ્રમાદ રે ॥
ગળ્યું ચીકણું તીખું તમતમું રે, હોય ત્યાગીને ઘણું વસમું રે ॥૧૧॥
સુખ દુઃખ માન અપમાન રે, તેથી પર થાવું જ્ઞાનવાન રે ॥
થઈ આપે આતમ સ્વરૂપ રે, ભક્તિ કરવી પ્રભુની અનુપ રે ॥૧૨॥
માતતાત ને ભાઈ ભોજાઇ રે, નિજદારા ભગિની વેવાઈ રે ॥
તોડી પ્રીત તેહની સંગાથ રે, એક જોડવી હરિને હાથ રે ॥૧૩॥

INDEX

થઈ નિરમાની અતિ સંત રે, ભાવે ભજવા શ્રી ભગવંત રે ॥
તજી તન મન સહુ તાન રે, સદા રહેવું હરિમાં ગુલતાન રે ॥૧૪॥
નવ સાંભળવી ગ્રામવાત રે, કથામાંહિ રહેવું રળિયાત રે ॥
મોંઘામૂલા વસ્ત્રા પરિધાન રે, કેદિ કરવા નહિ નિદાન રે ॥૧૫॥
એમ દીધો ઉપદેશ ઘણો રે, સ્વામી રામાનંદે ત્યાગી તણો રે ॥
લીધાં ગુરુ થકી મુક્તાનંદે રે, માળા જોળી પત્તર આનંદે રે ॥૧૬॥
શીખ વચન ગુરુએ કહ્યાં રે, તેહ શિષ્યએ રુદિયામાં ગ્રહ્યા રે ॥
હવે સંત ભેળા રહી સ્વામી રે, રહે ગુરુ વચને કરભામી રે ॥૧૭॥
કેમ જાય છે વાસર વીતી રે, નથી ખબર તેહની રહેતી રે ॥
બ્રાહ્મમુહૂર્તે ઊઠીને નિત્ય રે, સદા હરિને ચિંતવે ચિત્ત રે ॥૧૮॥
પછી સ્નાન કરે ભલી ભાત્ય રે, હજી થયું ન હોય પ્રભાત્ય રે ॥
સ્વચ્છ નિર્મળ પહેરી વસન રે, ભૂમિ પર પાથરે આસન રે ॥૧૯॥
પ્રભુ પધરાવી તેહમાંય રે, પોત્યે પૂજે પ્રેમે હરિરાય રે ॥
ગદગદ ગિરા મુખ બોલે રે, વારે વારે સ્તુતિ કરી ડોલે રે ॥૨૦॥
જાગી સ્નાને સિધાવે મરાળ રે, ત્યારે લાવે તુલસીની માળ રે ॥
કરે સ્વામીની પૂજા તૈયારી રે, મૂકે સ્વામીનાં વસ્ત્રા સંભારી રે ॥૨૧॥
બેસે ગુરુ જ્યારે પૂજામાંય રે, પૂજે રાધાપતિ જદુરાય રે ॥
ત્યારે આવી બેસે જોડી હાથ રે, અતિ નેહથી નીરખે નાથ રે ॥૨૨॥
પ્રભુ પૂજા સહુ થાય પૂરી રે, ત્યારે રહીને પોત્યે હજૂરી રે ॥
લઈ પદરજ સ્વામી તણી રે, શિર ચઢાવે છે અતિ ઘણી રે ॥૨૩॥
એમ વરતે સહજ સ્વભાવે રે, નિત્ય નવીન કીરતન ગાવે રે ॥
શ્રદ્ધા અખંડ માહાત્મ્ય સોતે રે, કરે ભક્તિ પ્રભુની પોતે રે ॥૨૪॥
સદ્‌ગુરુ થયાં પરસન રે, પેખી શિષ્યનું ખરું ભજન રે ॥
ઉર આવ્યો અધિક હુલાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામાનંદ સ્વામીએ સાધુના ધર્મનો ઉપદેશ આપ્યો એ નામે પિસ્તાલીસમું પ્રકરણમ્ ॥૪૫॥

INDEX

પ્રકરણ : ૪૬

પૂર્વછાયો :

સ્વામી રામાનંદજી, સમર્થ સદ્‌ગુરુ સંત ॥
કૈંક જીવ સુખિયા કર્યા, ભેટાડીને ભગવંત ॥૧॥
જેને જોતાં છાતી ઠરે, એવાં સત્સંગી નરનાર ॥
વર્તમાને શૂરા પૂરાં, કર્યાં ત્યાગી ગૃહી અપાર ॥૨॥
દેશપ્રદેશે વિચરી, રૂડો થાપિયો સત્સંગ ॥
સદાવ્રત બહુ બાંધિયા, આણી અંતરમાં ઉમંગ ॥૩॥

ચોપાઈ :

ગામ લોજ તથા પીપલાણું, મોટી જાયગા સ્વામીની જાણું ॥
કચ્છ સોરઠ સુંદર દેશ, તિહાં જાતા સ્વામી સવિશેષ ॥૪॥
માંગરોળ માણાવદ્રમાંઈ, જાતાં કાલવાણી અગત્રાઈ ॥
આખા ફરેણી ને જેતપુર, રહેતા જોડીયે ને મેઘપુર ॥૫॥
ક્યારે ધારી ગોંડળ ગુંદાળે, ક્યારે જમનાવડ પંચાળે ॥
લોઢવા ગણોદ ઉપલેટુ, જામનગર જાળિયા છેટું ॥૬॥
કારિયાણી ગઢડા કેરિયા, રહે દેરડી ને પીપળિયા ॥
મોડા ભાદરા ને શેખપાટ, ભક્ત જુવે સ્વામી તણી વાટ ॥૭॥
મુળી મેથાણ દ્વારકામાંય, ક્યારે કરિયાણા સ્વામી જાય ॥
માનકૂવા ધમડકે સોઈ, કંથકોટ અંજાર આધોઈ ॥૮॥
અમદાવાદ જેતલપુર, કરજીસણ નારદીપુર ॥
ગામડી અસલાલી ઉનાવે, સ્વામી મછિયાવે ઘણું આવે ॥૯॥
દેખી ભક્તનો વિશુદ્ધ ભાવ, જાય દેવા દરશન માવ ॥
ભાઈ રામદાસાદિ જે સંત, વસે મંડળે મહિમાવંત ॥૧૦॥
મયારામ ને પરવતભાઈ, એહાદિ પણ સત્સંગમાઈ ॥
તેમાં મુક્તાનંદજી મહાન, સેવે શ્રદ્ધાથી સ્વામી નિદાન ॥૧૧॥
મુક્તમુનિ છે સ્થંભ સમાન, એમ ભક્તો માને છે નિદાન ॥
શિષ્ય સ્વામી રામાનંદ તણાં, થયા છે પ્રિય સહુને ઘણાં ॥૧૨॥
ધૈર્યવાન સહિષ્ણુ કુશળ, દીસે ભક્તિ હરિની અચળ ॥
મન કર્મ વચને કરીને, ઘણું પ્રસન્ન કર્યા સ્વામીને ॥૧૩॥

INDEX

તેથી સિદ્ધ દશા આવી પંડ, દેખે સ્વામીને પોતે અખંડ ॥
સદા નૈષ્ઠિકવ્રતને ધારી, રહે આજ્ઞામાં પ્રભુ સંભારી ॥૧૪॥
એમ થયાં દ્રઢ જ્યારે સંત, સંસારથી વિરક્ત અત્યંત ॥
ત્યારે બોલાવીને નિજ પાસે, બોલ્યા રામાનંદજી હુલાસે ॥૧૫॥
વધે પુષ્ટિ સંપ્રદાય તણી, થાય વિદ્વાન જો વિદ્યા ભણી ॥
વિદ્યા સર્વનું ભૂષણ જાણો, વિદ્યા શ્રેષ્ઠ સ્વરૂપ પ્રમાણો ॥૧૬॥
વિદ્યા વતે ટકે સંપ્રદાય, વાત ધારો તમે મનમાંય ॥
માટે ઈચ્છા અમારી છે ઘણી, ભલે વિદ્યા હોય તમે ભણી ॥૧૭॥
હજી આગળ ભણવા કાજ, તમે જાઓ ભુજ શહેર આજ ॥
તિયાં વસે છે નૃપતિ જેહ, પાઠશાળા ચલાવે છે તેહ ॥૧૮॥
વિદ્યા ભણવા માટે તે સ્થાન, અતિ ઉત્તમ ખરું નિદાન ॥
સાથે આવે દેવાનંદ સ્વામી, જેની સાધુતામાં નહિ ખામી ॥૧૯॥
દોય ભેળા થઈને સિધાવો, વિદ્યા ભણવામાં ઘણું ફાવો ॥
ગ્રંથ પ્રાકૃત સંસ્કૃત હોય, વળી સૂરીલું સંગીત સોય ॥૨૦॥
છંદ છપય કાવ્ય પિંગળ, ખાંત્યે ભણજો ગુરુ આગળ ॥
ત્યારે મુક્તમુનિ બોલ્યા વાણ, જોડી વિનય સહિત પાણ ॥૨૧॥
આપ અનુવૃત્તિ હોય જેમ, મારે જીવવું જીવન તેમ ॥
મારું સર્વસ્વ આપને હાથ, તમે એક મારા પ્રાણનાથ ॥૨૨॥
છોજી જીવનદોરી દયાળ, કહો તેમ કરીશ કૃપાળ ॥
માટે ભણવા જઈશું અમે, ચિંતા કરજો મા કાંઈ તમે ॥૨૩॥
પછી લીધી વસમી વિદાય, ચાલ્યાં સંત ઘણું નમી પાય ॥
રાજી કરવા સદ્‌ગુરુ રાજ, સ્વામી ચાલિયા ભણવા આજ ॥૨૪॥
પછી ગયાં કેટલાક દન, કરતાં હરિવરનું ભજન ॥
ત્યારે કર્યો ભુજમાંહિ વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ વિદ્યા ભણવા ભુજ આવ્યાં એ નામે છેતાલીસમું પ્રકરણમ્ ॥૪૬॥

INDEX

પ્રકરણ : ૪૭

પૂર્વછાયો :

ચિત્ત દઈ સહુ સાંભળો, સુંદર સારી કથા કહું ॥
અભક્તને નથી કામની, આવે ભક્તને કામ બહુ ॥૧॥
ભુજ શહેર સોયામણું, શોભા તણી શું કહું વાત ॥
મહેલ મંદિર ગઢ જુના, વળી નદીઓની ઘણી ભાત્ય ॥૨॥
વસે ભુજ ભાગોળ્યમાં, ડુંગર ભુજીયો અચળ ॥
શોભે શોભે સુંદર અતિ, હમીરસર નિરમળ ॥૩॥

ચોપાઈ :

મહામુનિ મુક્તાનંદ સ્વામી, દંડી દેવાનંદ પ્રભુગામી ॥
આવ્યાં ભુજ ઓળંગીને ખાડી, વાટે આવી હતી જેહ આડી ॥૪॥
રામવાડી નામે ધર્મશાળા, જિયાં વસે સહુ સાધુ પાળા ॥
આવે બહારથી સંન્યાસી કોઈ, ઉતરે રામવાડીમાં સોઈ ॥૫॥
ઠામ પૂછીને આવિયાં મુનિ, જેહ જગ્યા હતી ઘણી જૂની ॥
આવે ભણવામાં તાલ સારો, એમ વિચારી કર્યો ઉતારો ॥૬॥
વિદ્યા મેળવવા સહુ નર, તેદિ આવતા ભુજનગર ॥
શાસ્ત્રા પિંગળ સંસ્કૃત જ્ઞાન, નિત્ય શીખવતા વિદ્વાન ॥૭॥
રસ છંદ અલંકાર રીતિ, વક્ર ઉક્તિ કાવ્યદોષ યતિ ॥
વ્રજભાષા વળી ગીરવાણ, તેનાં પાઠ લેવા'તા પ્રમાણ ॥૮॥
કચ્છ સોરઠ ને રાજસ્થાન, આવે ત્યાંથી ભણવા નિદાન ॥
પામી પાઠશાળા ઘણી ખ્યાત, વિદ્યા મેળવવા તે સાક્ષાત ॥૯॥
વ્રજ પિંગળ ભણવા કાજ, જાય પાઠશાળે મુનિરાજ ॥
વિદ્યા શીખે છે પરોવી ચિત્ત, ગુરુ પાસે રહી નિત નિત ॥૧૦॥
ભિક્ષા માંગી કરે નિરવાહ, ભર બપોરે આણી ઉછાહ ॥
રહે સરળ ક્રિયામાં સદા, પ્રભુ વિસરતા નથી કદા ॥૧૧॥
વદે કોમળ વાણી વિશેષ, નથી રાખતા ઈર્ષ્યા કલેશ ॥
દ્રઢ સત્યવાદી ક્ષમાધીશ, વિતરાગી રહે અહોનિશ ॥૧૨॥
એવી અનુપમ દેખી રીત, મુનિરાજની અતિ પુનિત ॥
લાગ્યા ભેખ બીજા બહુ બળવા, કર્યા શરૂ ઉત્પાત હળવા ॥૧૩॥

INDEX

ત્યારે મુક્તમુનિએ વિચાર્યું, નક્કી થાય છે હરિનું ધાર્યું ॥
હવે રહેશું ઘડી એક આંહિ, વધશે વિવાદ તો માંહોમાંહિ ॥૧૪॥
તેથી શોધી બીજે સારું સ્થાન, તિયાં જાવું જરૂર નિદાન ॥
એવું વિચારીને પછી ચિત્ત, બોલ્યા દંડી સમક્ષ ખચિત ॥૧૫॥
આંહિ રહેવું નહિ સત્ય જાણું, માટે શોધીએ બીજું ઠેકાણું ॥
ખૂબ વધશે વિવાદ જોર, સહુ મચાવશે બહુ શોર ॥૧૬॥
વળી જન આવે બહુ જાય, કરે રાડ્ય બૂમરાણ હાય ॥
થાય અભ્યાસે ખૂબ ખલેલ, કોઈ વાતે ન આવે ઉકેલ ॥૧૭॥
સુણી બોલ્યા દેવાનંદ એમ, જાશું રામવાડી છોડી કેમ ॥
રહેવા મળે પહેલા બીજી જાગ, ત્યારે કરવો આશ્રમ ત્યાગ ॥૧૮॥
તેથી કાંઈક કરીએ તપાસ, મળે શરણ જો આસપાસ ॥
જેથી ટળે આ પ્રત્યક્ષ તાપ, વળી થાય નિરાંત અમાપ ॥૧૯॥
એમ નક્કી કરી મુનિરાય, જુવે રાહ મળ્યાનો ઉપાય ॥
પછી એક દિવસ નિરાંતે, લેવા ભિક્ષા અન્ન ગયાં સાથે ॥૨૦॥
બેઉ મુનિઓ આવિયાં શહેર, માગે માધુકરી[1] ઠેર ઠેર ॥
હતું દીવાનજી તણું ઘર, તિયાં આવી ઠર્યા મુનિવર ॥૨૧॥
નામ સુંદરભાઈ સુતાર, ખરા દીવાન ભુજ રહેનાર ॥
પુંજીબાઈ નામે તેની વામ, ભલી ભક્તિ કરે આઠું જામ ॥૨૨॥
વળી જયેષ્ઠ છે હીરજી ભ્રાત, ભેગા મળી રહે રળિયાત ॥
તેને અમરાબાઈ છે દારા, ધર્મ પતિવ્રતા પાળનારા ॥૨૩॥
બેઉ બાંધવ લઈ સંભાળ, નિજ જનની સેવે દયાળ ॥
તેનું નામ રૂડું રૂપાબાઈ, સદા રહે પ્રભુમાં પ્રોવાઈ ॥૨૪॥
એવો સુખી ઘણો પરિવાર, રહે એકમેક ધરી પ્યાર ॥
નથી જગતની તેને આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ ભુજમાં વિદ્યાભ્યાસ પ્રારંભ કર્યો એ નામે સુડતાલીસમું પ્રકરણમ્ ॥૪૭॥

૧. ભિક્ષા

પ્રકરણ : ૪૮

પૂર્વછાયો :

એવે સમે પધારિયા, દોય મુનિ દીવાનને ઘેર ॥
ઝોળી ધરી ઘર બારણે, માંગી ભિક્ષા મુદભેર ॥૧॥
તેહ સમે નિજ ઘરમાં, દીવાન નહોતા ઘરમાંય ॥
રાજનું કાજ સંભાળવા, પોત્યે હતાં કચેરીમાંય ॥૨॥
તેથી સારો સાદ સુણી, આવ્યાં માત તેના બાર ॥
કોણ હશે આજ આંગણે, એમ મનમાં કર્યો વિચાર ॥૩॥

ચોપાઈ :

જ્યારે બાર આવી જોયું પોત્યે, ભૂલ્યા ભાન તન મન સોત્યે ॥
દોય મુનિ તણું દીઠું રૂપ, અતિ અલૌકિક ને અનુપ ॥૪॥
અરુણવર્ણ સમ મુખકાંતિ, જોતાં મટે સર્વે મનભ્રાંતિ ॥
અતિ તેજ પ્રતાપી મરાલ, શોભે કેસર તિલક ભાલ ॥૫॥
તપે કરી થઈ કાયા કૃશ, નથી માયા તણો કાંઈ સ્પૃશ ॥
સૌમ્ય વેશ અતિ સુખકંદ, ફૂલ્યા જેમ કુમોદની ચંદ ॥૬॥
દેખી મુનિ થયાં રાજી માત, રોમ પુલકિત પામ્યા સાક્ષાત ॥
હૈયે હરખ રહ્યો ન માંય, વારે વારે દેખીને ફુલાય ॥૭॥
પછી અંતરે કર્યો તપાસ, મહાસંત છે આ કોઈ ખાસ ॥
નથી દીઠા આવા મોર્ય ક્યાંઈ, એવાં આજ દીઠા મુનિરાઈ ॥૮॥
ઘણાં સંતના કર્યા દર્શન, વળી દીધાં ભાવે ભરી અન્ન ॥
પણ આતો ખરેખરા સંત, જાણું આવ્યાં ઘેર ભગવંત ॥૯॥
મહાપુરુષ દિવ્ય વિભૂતિ, સ્થિર જેમની એકાગ્રવૃત્તિ ॥
આવ્યો આનંદ તેમને દેખી, આવી મોજ અંતરે અલેખી ॥૧૦॥
પછી પંચાંગ પ્રણામ કરી, ગયાં ઘરમાં તુરંત ફરી ॥
લઈ ભિક્ષા તણું અન્ન માત, આવ્યાં સંત પાસે રળિયાત ॥૧૧॥
આપ્યું ઝોળીમાં પ્રેમેશું અન્ન, થઈ મનમાં અતિ પ્રસન્ન ॥
મારા ભાગ્ય તણો નહિ પાર, એવો કર્યો મનમાં વિચાર ॥૧૨॥
ધન્ય ધન્ય એ પાવન ઘર, જિયાં આવે આવા મુનિવર ॥
ધન્ય ધન્ય એ જનનાં નેણ, જેણે દેખ્યા સંત સુખદેણ ॥૧૩॥

INDEX

ધન્ય ધન્ય એ જનનું અન્ન, સંત કાજે આવ્યું જેહ દન ॥
ધન્ય ધન્ય એ માત ને તાત, જિયાં પ્રકટ્યા સંત સાક્ષાત ॥૧૪॥
ધન્ય ધન્ય એ સરવે ગામ, જિયાં સંત વસ્યા સુખધામ ॥
ધન્ય ધન્ય એ પુનિત ધરા, જિયાં ચાલિયા સંત સુધીરા ॥૧૫॥
ધન્ય ધન્ય ગઢ મેડી મહોલ, જિયાં સંત રહ્યાં છે અતોલ ॥
ધન્ય ધન્ય નદી કૂપ વાવ, જેમાં સંત નાયા કરી ભાવ ॥૧૬॥
ધન્ય ધન્ય એ સરવે જન, સંત જમાડી કીધાં પ્રસન્ન ॥
ધન્ય ધન્ય જેણે ભાવ ભરી, પૂજા પ્રેમથી સંતની કરી ॥૧૭॥
કોટિ જન્મ તણાં પુણ્ય સહુ, થયાં ઉદય મારા શું કહું ॥
થોડે પુણ્યે મળે નહિ યોગ, સાચા સંત તણો જ સંજોગ ॥૧૮॥
થયું પવિત્ર ભવન મારું, અન્ન થયું પવિત્ર અમારું ॥
મોટા ભાગ્ય તણી આ છે વાત, અહો સંત મળ્યાં જે સાક્ષાત ॥૧૯॥
વારે વારે મનમાં વિચારી, થયાં મુદિત મનમાં ભારી ॥
પછી કરજોડી બેઉ મુનિ, બોલ્યા મૃદુ ધીર વાણી પુનિ ॥૨૦॥
આણી દયા દલ આજ તમે, આલ્યું અન્ન પવિત્ર આ સમે ॥
અતિ કર્યો મોટો ઉપકાર, નહિ ભૂલીએ તે નિરધાર ॥૨૧॥
એવી શ્રવણે સાંભળી વાત, થયાં માજી ઘણું રળિયાત ॥
ઉર ધારે ધીરજ વિશેષ, પરિગ્રહનો નથી જ લેશ ॥૨૨॥
સદા સંતોષી સંત સુજાણ, અતિ સરળ કોમળ વાણ ॥
સદ્‌ગુણ તણો નથી પાર, તોય લાગે નહિ તેનો ભાર ॥૨૩॥
કોઈ સંત જયદેવ જેવા, જડભરત જનક તેવા ॥
વળી નારદ સમ નિદાન, શુકદેવ જેવા જ્ઞાનવાન ॥૨૪॥
એવાં સંત તે આ સુખકારી, કોણ હશે મોટા વ્રતધારી ॥
એમ માડી કરે છે તપાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રૂપાબાઈને મુક્તમુનિનો ગુણ આવ્યો એ નામે અડતાલીસમું પ્રકરણમ્ ॥૪૮॥

પ્રકરણ : ૪૯

પૂર્વછાયો :

પછી પ્રેમે બોલિયા, રૂપાબાઈ સ્નેહે સાક્ષાત ॥
સંત સુધીર સાંભળો, કહું તમને જરૂર વાત ॥૧॥
જે જે જોઈએ માંગજો, તે દેશું અમે સહુ આજ ॥
ધન્ય ભાગ્ય શું આજના, અન્ન આવે જો આપને કાજ ॥૨॥
તેહ સુણી અંતરમાં, થયા રાજી સંત પ્રમાણ ॥
પછી પ્રેમે બોલિયા, મુનિ મુક્તાનંદ સુજાણ ॥૩॥

ચોપાઈ :

અમે આવિયાં ભણવા આંહિ, રહીએ હાલ રામવાડીમાંહિ ॥
પણ છોડી તે હાલ નિવાસ, હવે મૂકવો તિયાંનો ત્રાસ ॥૪॥
વિદ્યા કાજે નથી અનુકૂળ, દ્વેષી કરે અતિ પ્રતિકૂળ ॥
માટે ઓરડો હોય જો ખાલી, રાજી થયાં હો તો મૂકો આલી ॥૫॥
પછી માત બોલ્યા ખરી વાણી, નક્કી વાત લઈશ હું જાણી ॥
દોય સુત મારા આવે જ્યારે, ભલામણ કરીશ હું ત્યારે ॥૬॥
પછી સંત વળ્યા લઈ અન્ન, પણ માત ન ભૂલિયાં મન ॥
જ્યારે પુત્ર આવ્યાં બેઉ ઘેર, ત્યારે વાત કહી રૂડી પેર ॥૭॥
સુણી હીરજી કહે છે માત, તમે અબળા તણી છો જાત ॥
સાચું જાણો નહિ એમાં કાંઈ, વાત ન સમજો તમે માંઈ ॥૮॥
ભેખ ભટકે એવાં હજાર, ભેળા કર્યે ભરાય બજાર ॥
અન્ન ધર્માદાનું ખાઈ ફરે, ભોળા ગરીબનું ધન હરે ॥૯॥
તાણી ટીલાં ટપકાં કપાળ, વળી બોલે મુખે ભૂંડી ગાળ ॥
તન ભગવા પેરીને માડી, આવા થયાં છે બહુ હરાડી ॥૧૦॥
નથી કરતાં પ્રભુની વાત, તેને કેમ રાખો તમે માત ॥
લેવા ધન ને પારકું અન્ન, ઘણાં ફરે મલકમાં જન ॥૧૧॥
ઘણાં ભેખ જોયા છે લફંગા, લઈ ફરતા રામકી સંગા ॥
ગ્રહી હાથે ચીપિયા ત્રિશૂળ, ખરું લજવે પોતાનું કુળ ॥૧૨॥
ત્યારે માત બોલ્યા મુખે એમ, સુત સાંભળ કહું છું જેમ ॥
આ તો સંત સહુથી છે ન્યારા, ધર્મ શુદ્ધ પોતે પાળનારા ॥૧૩॥

INDEX

નથી કપટ વળી ક્લેશ જરી, રહે મસ્ત હરિવર વરી ॥
એવો માત સુતનો સંવાદ, ચાલ્યો ઘરમાં ઘડી એકાદ ॥૧૪॥
બીજે દન બપોરે દીવાન, ઉઠ્યો ભોજન કરી નિદાન ॥
ત્યાં તો આવ્યાં તિહાં બેઉ સંત, અતિ તેજસ્વી મુખ અત્યંત ॥૧૫॥
જોઈ સંત સ્વરૂપ નિરાળું, તેનું ઉઘડ્યું અંતર તાળું ॥
અહો અનુપમ મહાસંત, નિરમાની સરળ અત્યંત ॥૧૬॥
એમ દીવાન વિચારી પોતે, બોલ્યો વિવેક વિનય સોતે ॥
કેમ ભુજ પધાર્યા છો આપ, વળી ક્યાંથી આવો નિષ્પાપ ॥૧૭॥
જેમ હોય તેમ કહો તમે, થશે સહાય તો કરશું અમે ॥
ત્યારે મુક્તાનંદ મહામતિ, વાણી ઉચ્ચર્યા વિનમ્ર અતિ ॥૧૮॥
કૃપાનિધિ જનપ્રતિપાળ, પતિતપાવન પરમ દયાળ ॥
મહાસમર્થ સદ્‌ગુરુ આજ, રામાનંદ સ્વામી મહારાજ ॥૧૯॥
દિયે પ્રકટ દર્શન દાન, દીનબંધુ પવિત્ર નિદાન ॥
કલ્યાણકારી જે સરવે ગુણ, તેથી સ્વામી સદા પરિપૂર્ણ ॥૨૦॥
તેનાં શિષ્ય ખરા અમે ભાઈ, થાતાં આગન્યા આવિયાં આંઇ ॥
વિદ્યાભ્યાસ કરી સારી પેર, પછી વળશું અમે નિજ ઘેર ॥૨૧॥
પણ હેરાન થઈએ હાલ, નથી આવતો ભણવાનો તાલ ॥
માટે રહેવા આપો કોઈ ઠામ, જેથી કરીએ સુખે મુકામ ॥૨૨॥
અન્ય અમને નથી અભિલાષ, કરવો કેવળ વિદ્યા અભ્યાસ ॥
સુણી મુનિ કેરી શુભ વાત, દલ દીવાન થ્યાં રળિયાત ॥૨૩॥
દીઠાં ભેખધારીઓ હજારુ, પણ દેખ્યા ન આવા સુચારુ ॥
નિરમળ નીતરતા નેણ, વળી અમૃત સમાન વેણ ॥૨૪॥
પછી ઓળખીને સંત સાર, દીવાન સુંદરજી સુતાર ॥
થયાં તૈયાર દેવા નિવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ભુજના દીવાનજીએ સ્વામીને રહેવા માટે ઓરડો આપ્યો એ નામે ઓગણપચાસમું પ્રકરણમ્ ॥૪૯॥

પ્રકરણ : ૫૦

પૂર્વછાયો :

ઓળખી અવલ સંતને, આપે ઉતારો દીવાન ॥
પણ મહામોટું હતું, ત્યાં સંકટ એક નિદાન ॥૧॥
માટે સુંદરજી બોલિયા, તમે સાંભળો સાવધાન ॥
વારે વારે વિચારીને, કેડ્યે વાસ કરજો તે સ્થાન ॥૨॥
અતિ વેરાન બિયામણી, છે જાગ્ય અતિ વિકરાળ ॥
રહેવું મહા મુશ્કેલ છે, સદા રાહ જુવે જ્યાં કાળ ॥૩॥

ચોપાઈ :

તેહ સ્થાનમાં છે એક વટ, અતિ વિશાળને ઘણો ઘટ્ટ ॥
રહે તેમાં ભૂતાવળ્ય મળી, કરે પ્રેત કિકિયારી ભળી ॥૪॥
થાય હેરાન પુરના વાસી, તેથી જાય સહુ ત્યાંથી નાસી ॥
આંહિ રહે તે જાય ગુજરી, માટે વિચારજ્યો ફરી ફરી ॥૫॥
માટે રહેવું જો હવે તમારે, કરું ઓરડો ખાલી અત્યારે ॥
ત્યારે મુક્તમુનિ હરખાઈ, બોલ્યા સાંભળો સુંદરભાઈ ॥૬॥
નથી કાળ કે માયાનો ડર, વર્યા જ્યારે અમે હરિવર ॥
ભક્ત હોય જો હરિનો સાચ, તેને આવે નહિ કેદિ આંચ ॥૭॥
નથી પરવા અમને જરી, તમે ચિંતા મ કરો લગરી ॥
માટે રાજી થઈ તમે આજ, આપો ઓરડો રહેવા કાજ ॥૮॥
પછી માણસ મેલી તુરત, આપ્યો નિવાસ રાખી સૂરત ॥
ત્યારે રામવાડીથી નિદાન, લઈ પોતપોતાનો સામાન ॥૯॥
ઓરડે આવિયાં મુનિવર, હતું વડ પાસે જેહ ઘર ॥
પછી ઉતારા કર્યા તે સ્થાન, પ્રેમે પધરાવી ભગવાન ॥૧૦॥
સંધ્યા સમે ઉતારી આરતી, કરી નારાયણ ધૂન્ય અતિ ॥
ખાંત્યે બનાવ્યો મુનિએ થાળ, ભાવે કરી જમાડ્યા દયાળ ॥૧૧॥
પછી પરવારી બેઉ સંત, પાઠ યાદ કરે આણી ખંત ॥
થઈ રાત્ય અતિશય ભારી, ત્યારે શરુ થઈ ચિચિયારી ॥૧૨॥
ધીમે ધીમે વધ્યું અટ્ટહાસ, ચારેકોર થયો બકવાસ ॥
કોઈ કરે શિયાળની લાળી, કોઈ રાડ્ય પાડે દઈ તાળી ॥૧૩॥

કોઈ કાઢે ભયંકર નાદ, બની ખરેખરા ઉનમાદ ॥
મારો મારો કાપો કાપો કહે, એક પણ છાનું નવ રહે ॥૧૪॥
પ્રેત સજજ થયાં તતકાળ, ખૂબ ક્રોધે ભર્યા વિકરાળ ॥
દીસે લોચન કોઈના ઊંડા, વળી રૂપ ભયંકર ભૂંડા ॥૧૫॥
કોઈને કપાટ જેવડા કાન, વળી નાસિકા ગુફા સમાન ॥
મેશ થકી પણ અતિ કાળા, શૂળ સરખા દીસે મુવાળા ॥૧૬॥
રાતા દાંત રુધિરે ભરેલા, કંઠે માનવ આંત ધરેલા ॥
કર આંગળિયુંના જે નોર, દીસે વજ્રથી પણ કઠોર ॥૧૭॥
ભૂતાવળ તણાં ભૂંડા મુખ, ભૂલ્યે દેખી ગયે જાય સુખ ॥
કૈંક ખરમુખા ગજમુખા, કૈંક ઘુડમુખા ગીધમુખા ॥૧૮॥
રાખે મરેલા મૃગને હાથે, કોઈ ફરે હાડ નાખી માથે ॥
કાળા કઢંગા નઠારા જોરે, કરે હાંકલા કરીને હોરે ॥૧૯॥
મુખ ફાટેલ ફરસી હાથે, મેલા ઘુંચાણા કેશ છે માથે ॥
ડોકે વાંકા ને વસમાં ઘણાં, લાગે કદરૂપા બિયામણાં ॥૨૦॥
રીંછ ભીંછ સમ ભૂંડા વાન, લાગે મુખ વરવા નિદાન ॥
લઈ કરમાં સહુ હથિયાર, થયાં છે ભૂત સહુ તૈયાર ॥૨૧॥
રાજી થાય પ્રેત એ મનમાં, મળ્યાં માણસ ઘણાં દનમાં ॥
મારી ખાશું સહુ લેર કરી, પીશું રુધિરને ખોબા ભરી ॥૨૨॥
એમ વિચારી આવિયાં તેહ, જિયાં હતાં મુનિવર એહ ॥
કરી રાડ્ય બુમરાણ ઘણી, પણ વાત કાંઈ નવ બણી ॥૨૩॥
મુનિ ડર્યા નહિ તેથી લેશ, રહ્યાં નિર્ભય બેઉ અશેષ ॥
અતિ તેજસ્વી પ્રભાવશાળી, બેઠા સંભારતા વનમાળી ॥૨૪॥
પ્રેત આશ્ચર્ય પામ્યા અપાર, આવા કોણ હશે નિરધાર ॥
પછી આવિયાં સંતની પાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ભૂતોએ મુનિઓ પાસે આવી કોલાહલ કર્યો એ નામે પચાસમું પ્રકરણમ્ ॥૫૦॥

INDEX

પ્રકરણ : ૫૧

પૂર્વછાયો :

હવે પરચો વરણવું, થયો અતિ અનુપમ એહ ॥
સાંભળો સહુ શ્રવણે, આણી અધિક સ્નેહ ॥૧॥
સરસ સહુથી સંતમાં, મહામુનિ મુક્તાનંદ ॥
કીર્તિ સુણતાં તેહની, આવે અંતરમાં આનંદ ॥૨॥
ભૂતિયું ઘર દીવાનનું, બેઠા સ્વામી તેની બાર ॥
સંગે દંડી દેવાનંદજી, કરતાં હરિભજન અપાર ॥૩॥

ચોપાઈ :

પછી આવી અચાનક પ્રેત, લાગ્યા બોલવા ક્રોધ સમેત ॥
કહો કોણ તમે બેઉ સંત, અમે લાવશું તમારો અંત ॥૪॥
આ છે સ્થાન અમારું નિવાસ, આંહિ કર્યો તમે કેમ વાસ ॥
હમણાં કાળનો કોળિયો કરી, મારી ખાશું તમને પેટ ભરી ॥૫॥
એમ બોલ્યા મુખે કરી વાણ, ત્યારે મુક્તમુનિએ સુજાણ ॥
પ્રેત ઉપર નજર નાખી, અર્ધક્ષણ રહ્યા એમ રાખી ॥૬॥
ત્યાં તો દાઝવા લાગિયા પ્રેત, જરા પણ રહ્યો નહિ વેંત ॥
તન બળે કરે હાય હાય, પાડે ચિચિયારી મુખમાંય ॥૭॥
દીઠો જ્યારે ઉપાય ન કોય, ત્યારે નમિયા સ્વામીને સોય ॥
તમે કહો મુનિવર જેમ, હવે અમારે કરવું તેમ ॥૮॥
અંગ અમારાં રહ્યાં છે દાઝી, લાય મટાડો થઈને રાજી ॥
આવ્યાં શરણે આપને સ્વામી, હવે મેર આણોને અકામી ॥૯॥
એમ સાંભળી પ્રેતની વાત, થયાં મુક્તમુનિ રળિયાત ॥
વણ વાવર્યે સામર્થી સ્વામી, પીડા પ્રેત તણી સહુ વામી ॥૧૦॥
ગયું પીડાનું સરવે દુઃખ, પછી સ્વામી બોલ્યા વળી મુખ ॥
જાઓ ભેગા મળી સહુ તમે, અતિ પાવન બદ્રિકાઆશ્રમે ॥૧૧॥
તપ કરી વાસના ટાળજો, પછી મોહનવર વરજો ॥
એમ કહી કર લઈ જળ, છાંટ્યું પ્રેત ઉપર અમળ ॥૧૨॥
ગયાં પાપી સહુ બદ્રિધામ, પામવાને શ્રી પૂરણકામ ॥
ભાંગ્યું સંકટ હંમેશ માટ, ગઈ ઉઘડી સુખની વાટ ॥૧૩॥

INDEX

વીતી રાત્ય ને થયું સવાર, ગયું તમ નિશાનું અપાર ॥
પછી જાણવા સઘળી વાત, નિશાએ બની જેહ સાક્ષાત ॥૧૪॥
આવ્યાં સુંદરજી તે દીવાન, દસ બાર જણ લઈ સ્થાન ॥
જઈ જોયું જયાં ઓરડામાંઈ, જોતાંવેંત જ લાગી નવાઈ ॥૧૫॥
આણી ઉછાહ ઉમંગ ભેર, લાવી લાલની મનમાં મેર ॥
ધૂન્ય કરતાં'તા બેઉ સંત, થઈ મસ્ત પ્રભુમાં અત્યંત ॥૧૬॥
પછી સુંદરજીભાઈ વાત્ય, પૂછે સ્વામીને શું થયું રાત્ય ॥
મુક્તમુનિ બોલ્યા સાવધાન, થઈ સાંભળો તમે નિદાન ॥૧૭॥
હતાં ભૂત જે વડે રહેનાર, તે મેલ્યા બદ્રિવન મોઝાર ॥
નથી ભય હવે તેનો કાંય, ચિંતા કરશો નહિ જરાય ॥૧૮॥
ત્યારે સર્વે પડ્યાં સ્વામી પાય, ધન્ય ધન્ય અમે મુનિરાય ॥
મળ્યાં મોટાપુરુષ જરૂર, હવે રહ્યું ન કાંઈ અધૂર ॥૧૯॥
કર્યો સ્વામીએ ત્યાં ઉપદેશ, તેથી સંશય રહ્યો ન લેશ ॥
સહુ ભુજ તણાં નરનાર, મન મોદ પામ્યા છે અપાર ॥૨૦॥
એમ ઉદ્ધારિયા જીવ નેક, હતાં પાપી ખરા જે વિશેક ॥
મુક્તમુનિનો પ્રસંગ પામી, દુઃખ સર્વેનું ગયું છે વામી ॥૨૧॥
તેમાં આશ્ચર્ય નથી લગાર, એને પ્રભુમાં છે અતિ પ્યાર ॥
જીવ તારશે કોટાનકોટ્ય, નહિ એ વાતમાં કાંઈ ખોટ્ય ॥૨૨॥
પૂર્વે પામિયા જે ભગવાન, હાલ પામે કરુણાનિધાન ॥
વળી પામશે પછી શ્રીહરિ, એતો સંત સંગે વાત ખરી ॥૨૩॥
સંત વિના શોધી જુવો એક, જેહ પૂરણ પામિયો છેક ॥
શોધ્યે શાસ્ત્રા કે લોકમાં નર, મળે નહિ તે પૃથ્વી ઉપર ॥૨૪॥
માટે સમજો તો સમજો કાંઈ, સંત મોક્ષનું દ્વાર છે ભાઈ ॥
એમાં દ્રઢ રાખો વિશ્વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ ભુજમાં ભૂતોનો મોક્ષ કર્યો એ નામે એકાવનમું પ્રકરણમ્ ॥૫૧॥

પ્રકરણ : ૫૨

પૂર્વછાયો :

પ્રૌઢ પ્રતાપ જણાવિયો, મહામુનિએ ભુજ શહેર ॥
ધન્ય ધન્ય જન થયાં, આવી આનંદની લહેર ॥૧॥
ભય ભાંગ્યો ભૂતનો, થઈ ખોટ્ય ટળીને ખાટ્ય ॥
મુનિવરની મેરથી, ટળી ગયાં સરવે ઉચાટ ॥૨॥
મેલી નઠારી જાગ્ય જે, હતી નગરમાં દુઃખદાય ॥
પુનિત તે થઈ પળમાં, થતાં મુક્તમુનિની કૃપાય ॥૩॥

ચોપાઈ :

પછી દીવાન સુંદરભાઈ, પોતે આવ્યાં પાઠશાળામાંઇ ॥
પ્રેમે પંડિતને લાગી પાય, કહ્યું સુણો તમે વિપ્રરાય ॥૪॥
ભણે સંત જે આપ આગળે, તે અલ્પ પુણ્યે કેદિ ન મળે ॥
તેનો મહિમા જાણી અપાર, સંત ભણાવજો દોય વાર ॥૫॥
ભલામણ કરી રૂડી પેર, પાછા વળિયા દીવાન ઘેર ॥
વળી બોલાવી પાછલે દન, ભુજ શહેરના સહુ જન ॥૬॥
કહ્યું સાંભળો પુરના વાસી, બેઉ મુનિવર સુખરાશી ॥
ગુરુદેવની આગન્યા ધરી, આવ્યાં વિદ્યા મેળવવા ખરી ॥૭॥
માટે તેહનાં દર્શન કાજે, આવવું સહુને સમી સાંજે ॥
સંધ્યા કેડ્યે થાશે સત્સંગ, તેમાં આવજો આણી ઉમંગ ॥૮॥
કહી એટલી વાત દીવાન, પછી ઘેર ગયાં ગુલતાન ॥
ધીમે ધીમે વધ્યો સત્સંગ, ચડ્યો રંગ તેહનો અભંગ ॥૯॥
સભા થાય નિત્ય રૂડી રાતે, કરે મુક્તમુનિ વાત જાત્યે ॥
નિત નિત આવે નવા જન, કથા સાંભળી થાય પ્રસન્ન ॥૧૦॥
ભુજ રહેતા મલ્લ વિખ્યાત, ગંગારામ નામે ભલી ભાત ॥
આવ્યાં એક દિન સ્વામી પાસે, સત્સંગ સુણવાની આશે ॥૧૧॥
દીઠું મુક્તમુનિનું સ્વરૂપ, સુણી વાણી રસાળ અનુપ ॥
પછી ગાંઠ વાળી મનમાંહિ, સાચા સંત મળ્યાં મુને આંહિ ॥૧૨॥
પછી ગંગારામે વ્રતમાન, ગ્રહ્યા સ્વામી પાસેથી નિદાન ॥
બીજા જન હતાં સાથે ચ્યાર, તેને પણ ગ્રહ્યાં તેહ વાર ॥૧૩॥

INDEX

ચોરી જાણજો જનની વેરી, વળી કરવી નહિ અવેરી ॥
મદ્ય માટી છે સર્પની લાળ, કેદિ કરવું નહિ વટાળ ॥૧૪॥
પાંચ વ્રતમાન રાખી ટેક, તમે પાળજયો અતિ વિશેક ॥
એમ ભક્ત કર્યા સમજાવી, મોદ મુનિએ મનમાં લાવી ॥૧૫॥
સહુ પ્રથમ ભુજનગર, સ્વામી મુક્તાનંદે મુદભર ॥
પાયા રોપિયા સત્સંગ કેરા, હરિભક્ત થયાં છે ઘણેરા ॥૧૬॥
તેહ સરવેના કહું નામ, વસે ભુજ તે ભલા તમામ ॥
સુંદરજી હીરજી સુતાર, જેને પ્રભુમાં પ્રેમ અપાર ॥૧૭॥
ભલા ભક્ત ગણપતરામ, ઠક્કર વલ્લભજી જીવરામ ॥
ધનજી કુરજી ને રાઘવ, જેને જક્ત આશ નથી લવ ॥૧૮॥
શિવરામ અને હરિરામ, જાણો હરજી અતિ અકામ ॥
મૂળજી મોરાર રામદાસ, લીલાધર રતનશી ખાસ ॥૧૯॥
હવે કહું બાઈઓનાં નામ, જેને જગત સુખ હરામ ॥
જેઠી જમનાબાઈ ભવાની, સૂર્યપ્રભા સેજુ વળી નાની ॥૨૦॥
લક્ષ્મી લેરખી ને ગોમતિ, બીજા થયા છે ઉત્તમ અતિ ॥
થાય સત્સંગી એમ અનેક, પાળી શિર સાટે સહુ ટેક ॥૨૧॥
અતિ મહિમાવાન અપાર, જેના પ્રેમ તણો નહિ પાર ॥
તન ધન સુખ તુચ્છ કીધાં, સ્વામી વચને નિયમ લીધાં ॥૨૨॥
હરિજન સહુ નરનાર, થયાં એકાંતિક નિરધાર ॥
તે તો મુક્તમુનિ કેરા સંગે, નક્કી જાણજો સહુ ઉમંગે ॥૨૩॥
હોય ખરા જે પ્રભુના મુક્ત, વળી ત્રીશ લક્ષણથી જુક્ત ॥
એકાંતિકના એવાં પ્રસંગે, એકાંતિક જ થાય ઉમંગે ॥૨૪॥
મહામુનિ મુક્તાનંદ સ્વામી, એ મળ્યાં છે જેને સુખધામી ॥
તેનાં અઘ ઓઘ થયાં નાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ સંગે ભુજમાં નરનારીઓ સત્સંગી થયાં એ નામે બાવનમું પ્રકરણમ્ ॥૫૨॥

INDEX

પ્રકરણ : ૫૩

પૂર્વછાયો :

હવે ભાખું હરિભક્તના, સદ્‌ગુણ સર્વે અમાપ ॥
મુક્તમુનિના સંગથી, થયાં સદ્ય નિર્મળ આપ ॥૧॥
વાધ્યો પ્રભુ પ્રકટમાં, પ્રતિદિન હૈયે પ્યાર ॥
મોહ મમતા ઈર્ષ્યા, રહ્યાં નહિ કપટ લગાર ॥૨॥
અતિ ઉદાર મનના, નથી જક્તની જેને મણાં ॥
એવાં હરિજન પ્રેમશું, રાજી કરે સંત ઘણાં ॥૩॥

ચોપાઈ :

અતિ નિર્મળ નિષ્કામી અંગ, થયાં સહુનાં સ્વામીને સંગ ॥
સત્ય અસત્ય વિવેક જાણે, મિથ્યા માન મનમાં ન આણે ॥૪॥
વાધ્યો પ્રકટ પ્રભુમાં પ્યાર, છળ કપટ નહિ લગાર ॥
દેહ ગેહ તણાં સુખ ત્યાગી, ભલા ભક્ત થયાં વિતરાગી ॥૫॥
ધારી ધીરજ અંતરમાંય, ભજે ભૂધર સહુ સદાય ॥
એવાં આશ્રિત ભક્ત અનેક, થયાં ભુજનગર વિશેક ॥૬॥
જાય દન પછી દન એમ, બેઉ મુનિ ભણે છે પાવન ॥
પછી એક દિ' બોલિયા ગુરુ, હવે ભણવાનું થયું પૂરું ॥૭॥
સર્વે સમજી લીધો છે સાર, નવ બાકી રહ્યું નિરધાર ॥
દીધી વિદ્યા અમે મોદ લાવી, પણ તમે દીધી મોક્ષ ચાવી ॥૮॥
નથી તેથી અધિક પ્રાપતિ, વાત જુઠી નહિ એક રતિ ॥
ત્યારે મુનિ બોલ્યા જોડી પાણ, અતિ મૃદુ ઉચ્ચરિયા વાણ ॥૯॥
ખૂબ દયા કરી તમે આજ, અમને ભણાવિયા મહારાજ ॥
એમ કહીને લાગિયા પાય, કેડ્યે વળતી લીધી વિદાય ॥૧૦॥
સંત આવિયાં બેઉ ઉતારે, આજ ઉર ઉછરંગ ભારે ॥
થઈ આગન્યા પૂરણ એમ, સદ્‌ગુરુએ દીધી'તી જેમ ॥૧૧॥
હવે ભુજ છોડી નિરધાર, મુનિ જવા થયાં છે તૈયાર ॥
તિયાં પહોંચિયા હરિભક્ત, જેઓ થયાં'તાં જગ વિરક્ત ॥૧૨॥
જાણ્યું સંત જાય હવે ચાલ્યાં, ત્યારે તે રહે કેમ જ ઝાલ્યા ॥
કહે આવશું અમે સંગાથ, નવ જાશો એકલા હે નાથ ॥૧૩॥

INDEX

સ્વામી રામાનંદના દર્શન, કરવા અમારે પણ પાવન ॥
મોટા થોડા દિ' આંહિ રોકાઈ, જાશું આપણે સરવે ત્યાંઈ ॥૧૪॥
સુણી સ્વામીએ દાસની અરજી, ઈચ્છા જાવા તણી તર્ત ત્યજી ॥
ઘણાં દિવસ કર્યો સત્સંગ, હરિભક્તનો જામિયો રંગ ॥૧૫॥
હતાં અભક્ત કુસંગી જેહ, થયાં ભક્તિવાન સહુ તેહ ॥
ખરેખરી વરતાવી રીત, નો'તી દીઠી પહેલા તે પુનિત ॥૧૬॥
પછી એક દન મુનિમુક્ત, તેને તેડાવિયા સહુ ભક્ત ॥
કહ્યું કાલ વહેલી સવારે, જાશું સંત ભક્ત એકહારે ॥૧૭॥
થયું વળતા દિ'નું પ્રભાત, ત્યારે સહુ થયાં રળિયાત ॥
મોટી ખાડી મારગમાં આવે, તેથી જાવું પડે નક્કી નાવે ॥૧૮॥
પછી ભાતું કરાવી તૈયાર, સહુ ટુણે[1] ગયાં નિરધાર ॥
હીરજી સુંદરજી અભિરામ, મલ્લ વાલજી ને ગંગારામ ॥૧૯॥
ઠક્કર વલ્લભ આદિક જન, હતાં સ્વામી સાથે તેહ દન ॥
બેઠા વહાણમાં જન સહુ, કર્યાં ધૂન કીરતન બહુ ॥૨૦॥
ચાલ્યાં સંત ભક્ત ખૂબ ખાંત્યે, કરતાં ભજન વિવિધ ભાત્યે ॥
આવ્યાં જોડીએ[2] બેસીને નાવ, ત્યારે બોલ્યું કોઈ ધરી ભાવ ॥૨૧॥
હાલ હશે ગુરુદેવ ક્યાંઈ, તેની ખબર છે કોને ભાઈ ॥
માંહોમાંહિ ચાલી તેમ વાત, થયું નક્કી નહિ ભલી ભાત ॥૨૨॥
પછી બોલ્યા મુક્તાનંદ એમ, આવી વાત કરો તમે કેમ ॥
દેખું ધ્યાને હું સ્વામી પ્રકટ, શ્વેત સુંદર પહેર્યા છે પટ ॥૨૩॥
હાલ લોજ છે અંતરજામી, નાથ અનાથના મારા સ્વામી ॥
માટે સદ્ય લઈએ લોજ વાટ, સહુ સ્વામીને મળવા માટ ॥૨૪॥
મુક્તમુનિ કેરી સુણી વાત, સહુ ભક્ત થયાં રળિયાત ॥
પછી લોજમાં લીધો પ્રવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ વિદ્યાભ્યાસ પૂર્ણ કરી લોજ જવા નીકળ્યા એ નામે ત્રેપનમું પ્રકરણમ્ ॥૫૩॥

---

૧. તુણા અથવા ટુણા એ નામનું ગામ ૨. જોડિયા બંદર

INDEX

પ્રકરણ : ૫૪

પૂર્વછાયો :

સુંદર ને સોયામણું, ગામ લોજ અતિ અભિરામ ॥
ભક્ત ભલા ભાવિક છે, ત્યાં નમણાં નર ને વામ ॥૧॥
ધન્ય ધન્ય એ ધરણી, જિયાં પડ્યાં સંત ચરણ ॥
તેનાં પ્રૌઢ પ્રતાપથી, થયાં પુનિત સર્વે કણ ॥૨॥
સ્વયં રામાનંદજી, કરી કૃપા અપરમપાર ॥
બિરાજે છે લોજમાં, સહુ ભક્તની લઈ સાર ॥૩॥

ચોપાઈ :

અતિ પુણ્યવંતી આ ધરતી, જિયાં રહ્યાં'તા લોમશ જતિ ॥
તેણે પ્રભુ કરવા પ્રસન્ન, તપ કર્યું હતું રાતદન ॥૪॥
સંવત અઢારસો આડત્રીસે, વર્ષ હતું પાવન અતિશે ॥
તેહ સમે રામાનંદે પંડ, લોજ આશ્રમ બાંધ્યો અખંડ ॥૫॥
જન જાતરાએ જેહ જાય, સોમનાથ કે દ્વારિકામાંય ॥
તેને વિસામો લેવા નિદાન, લોજ ગામ છે ઉત્તમ સ્થાન ॥૬॥
રહે ભક્ત રામાનંદ તણાં, જીવરાજ ખીમો આદિ ઘણાં ॥
જેઠો ભક્ત વળી અંબારામ, ક્ષત્રિ ભક્ત રહે સગરામ ॥૭॥
વળી જૂઠો કાનો બેઉ નાઈ[1], સદા મોજે રહે ગામમાંઇ ॥
વસે આહિર ભક્ત અપાર, જેને સ્વામી વિષે ઘણો પ્યાર ॥૮॥
આલી અન્ન વસ્ત્ર સારી પેર, દેતા સદાવ્રત મુદભેર ॥
આવે મુમુક્ષુ જન વિશેષ, ત્યારે દેતા સ્વામી ઉપદેશ ॥૯॥
પછી પામતા જન વૈરાગ્ય, તેહ કરતાં ઘરનો ત્યાગ ॥
દીક્ષા લઈ રામાનંદ કને, કરતાં રાજી પ્રભુ ખરે મને ॥૧૦॥
મુક્તમુનિ મુખ્ય તેમાં જાણો, ભાઈરામદાસ પરમાણો ॥
બ્રહ્મચારી મુકુંદ મહાન, સુખાનંદ વસે છે નિદાન ॥૧૧॥
પદ્મનાભાનંદ પૂર્ણાનંદ, દંડી દેવાનંદ સુખકંદ ॥
સંતદાસ ને ગોપાલદાસ, એહ આદિ રહે સ્વામી પાસ ॥૧૨॥
હતાં સાધુ પચાસેક તિયાં, જેણે જગદીશ ઓળખિયા ॥
તપ જપ ધ્યાન આઠો જામ, કરી રીઝવે શ્રી બહુનામ ॥૧૩॥

૧. વાળંદ

INDEX

પછી પહોંચિયા સહુ લોજ, મુક્તમુનિ સંગે કરી મોજ ॥
તેનાં નિર્મળ થયાં છે મન, પામ્યા શુદ્ધ વિચાર પાવન ॥૧૪॥
કર્યો આશ્રમમાંહિ પ્રવેશ, તર્ત આનંદ વાધ્યો વિશેષ ॥
દિવ્ય નિહાળી વાતાવરણ, વળી ટાઢયક અંતઃકરણ ॥૧૫॥
ટળી ગયાં સહુ મન ઘાટ, તપે તપસ્વીઓ જેહ માટ ॥
રામાનંદ બિરાજતા જયાંય, આવ્યાં મુનિ સાથે સહુ ત્યાંય ॥૧૬॥
પેખી પાવનકારી સ્વરૂપ, મનોહર વિમળ અનુપ ॥
તન ભાન ભૂલ્યા ભુજવાસી, ગયો થાક તતક્ષણ નાસી ॥૧૭॥
પૂર્ણ ઈન્દુ સમાન વદન, મંદહાસ શોભાનું સદન ॥
કંઠે બેવડી તુલસીમાળા, બાજુબંધ બાંધ્યા છે રૂપાળા ॥૧૮॥
ધરી ચાંખડી જુગલ ચર્ણે, પુષ્પ શોભી રહ્યા બેઉ કર્ણે ॥
શ્વેત વસ્ત્રા શરીર સોહાય, જાય મૂર્તિએ મન લોભાય ॥૧૯॥
સ્વામી પાસે આવી સહુ જન, પાય લાગિયા પ્રેમ મગન ॥
રૂડી સ્તુતિ કરી તેહ વાર, જોડી જુગલ પાણ અપાર ॥૨૦॥
જય દીનબંધુ સુખકારી, અતિ અજિત સિદ્ધ મોરારી ॥
મહાવીર અક્રોધ અકામ, ભક્તવત્સલ છો અભિરામ ॥૨૧॥
જય જય ધર્મ પ્રતિપાળ, ગુણસાગર શ્યામ દયાળ ॥
સદા પુણ્ય પવિત્ર પ્રતાપ, નિરદોષ વળી નિષ્પાપ ॥૨૨॥
જય અકળબળ છો સ્વામી, અતિ અભેવ અંતરજામી ॥
જય પ્રકટ પૂરણચંદ, આપો નિજજનને આનંદ ॥૨૩॥
ધન્ય ધન્ય સર્વ સુખકારી, દીનજન તણાં દુઃખહારી ॥
સહુ જીવની કરવા સાર, આપે રહ્યાં આ ધામ મોઝાર ॥૨૪॥
જય સુખનિધિ જગદીશ, કાંઈ કૃપા કરજો અધિશ ॥
એમ સ્તુતિ કરી સ્વામી પાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ ભુજના ભક્તો સાથે લોજ પધાર્યા એ નામે ચોપનમું પ્રકરણમ્ ॥૫૪॥

પ્રકરણ : ૫૫

પૂર્વછાયો :

હવે સહુ સાંભળજ્યો, કહું ત્યાર પછીની વાત ॥
રામાનંદ મહામતિ, થયાં રુદિયામાં રળિયાત ॥૧॥
ઊભા થઈ પોતે પછી, ભેટ્યા મુક્તાનંદને તે વાર ॥
ઘણે દને મુનિ મળતા, આનંદ વાધ્યો અપાર ॥૨॥
મુનિએ દંડવત્ કર્યાં, ધરી સ્વામી ચરણે નેહ ॥
ત્યાર પછી સ્વામી બોલિયા, સાંભળજ્યો કહું તેહ ॥૩॥

ચોપાઈ :

ભલે પધાર્યા ભુજના વાસી, તમે દીસો અતિ પ્રેમપ્યાસી ॥
ઘણે દને આવ્યાં તમે ભાઈ, હવે રહેજો વાસ કરી આંહિ ॥૪॥
પડ્યો હશે પરિશ્રમ બહુ, ઠેઠ ભુજથી આવ્યા છો સહુ ॥
માટે કરો વિશ્રામ વિશેષ, પછી કરશું વાતો સવિશેષ ॥૫॥
પછી ભુજના ભાવિક ભક્ત, હતાં ખરા જક્તથી વિરક્ત ॥
તેને રાખ્યા છે આશ્રમમાંય, કરી સ્વામીએ ઘણી કૃપાય ॥૬॥
દિન આઠ લગી કર્યો વાસ, કર્યો સત્સંગ અતિ હુલાસ ॥
નોય સંભારિયુ કેદિ ઘર, દામ વામ સુત ખરેખર ॥૭॥
સુણી સ્વામી તણી શુભ વાણ, મટી ગઈ સંસારની તાણ ॥
દ્રઢ ટેક ધરી નિરધાર, પ્રભુમાંહિ થયાં એકતાર ॥૮॥
બોલ્યા સ્વામી એક દિ' ઉમંગ, દેખી ભક્તનો ભાવ અભંગ ॥
આવ્યાં ભુજથી લોયેજ ગામ, તમે ભક્ત સહુ અભિરામ ॥૯॥
ખાંત્યે કર્યો ખૂબ સત્સંગ, નિત ચડતો થયો તેનો રંગ ॥
હવે મળીને ઘેર સિધાવો, હરિગુણ સુખે તમે ગાવો ॥૧૦॥
ત્યારે સજળ નેણ સહિત, ભુજવાસી બોલ્યા રૂડી રીત ॥
નથી અમારે ઘરની આશ, નિત્ય રહેવું છે તમારી પાસ ॥૧૧॥
માટે જેમ કહેશો હવે તમે, સદા રહેશું આશ્રમમાં અમે ॥
ત્યારે બોલ્યા રામાનંદ ફરી, અતિ સ્નેહ હૃદયમાં ભરી ॥૧૨॥
ભાવ આપનો છે નિરમળ, પણ જાવું તમારે આ પળ ॥
કાં જે તમારે શિર સંસાર, વળી માતપિતા ઘરબાર ॥૧૩॥

તેની સાર લેવી ભલી ભાત્ય, પ્રભુ ભજવા લઈ નિરાંત્ય ॥
માટે મળે જ્યારે નવરાશ, તૈયે આવજો મળીને પાસ ॥૧૪॥
ફરી દાસ બોલ્યા કરગરી, સ્વામી સાંભળો વાત આખરી ॥
ભુજનગર શહેર અમારું, તિયાં આવો જો આપ તો સારું ॥૧૫॥
રહ્યાં મુક્તમુનિ તિયાં ઘણું, મિષ લઈ વિદ્યાભ્યાસ તણું ॥
તેથી સત્સંગ ફૂલ્યો વિશેષ, થયાં ભક્ત ભલા સવિશેષ ॥૧૬॥
ભુજ પધારો આપ દયાળ, નિજ ભક્તની લેવા સંભાળ ॥
ખાંત્યે કરશું સહુ તૈયારી, એટલી અરજ સુણો અમારી ॥૧૭॥
પછી સ્વામી બોલ્યા કરી પ્રીત, તમે નચિંત રહેજો ખચિત ॥
નક્કી આવશું ભુજ શહેર, કરશું સત્સંગ ત્યાં મુદભેર ॥૧૮॥
તમે સંત સેવ્યા ખરી રીત્ય, દીધાં ગૃહ રહેવાને ઉચિત ॥
માટે રાજી છૈયે ઘણું અમે, હવે સિધાવો ભુજમાં તમે ॥૧૯॥
એમ કહી જમાડિયા જન, નિજ હાથે પીરસી મગન ॥
ત્યાર પછી વળાવિયા સહુ, ભરી હૈયામાંહિ હેત બહુ ॥૨૦॥
હવે લોજમાં ઉત્સવ આજ, કરે રામાનંદ મહારાજ ॥
ભુજ વાસ કરી એકધારા, સ્વામી આવ્યાં આંહિ પરબારા ॥૨૧॥
પાયા રોપિયા સત્સંગ કેરા, ભુજ શહેરમાં ઊંડા ઘણેરા ॥
તેથી સ્વામી છે મનમાં રાજી, બોલે મુખે ઘણું ગાજી ગાજી ॥૨૨॥
મારા મુક્તાનંદજી સુજાણ, થયાં વિદ્વાન પૂરાં પ્રમાણ ॥
કરશે અનેક જીવના કાજ, વળી ભેટાડશે મહારાજ ॥૨૩॥
એમ વિચારે મનમાં સ્વામી, હવે રહી નહિ કાંઈ ખામી ॥
પ્રતિદન હવે મહામુનિ, સેવે સદ્‌ગુરુ પુનિ પુનિ ॥૨૪॥
હરિ સમ ગુરુહરિ જાણે, એનો મહિમા પ્રકટ પ્રમાણે ॥
રાજી કરવાની એક છે આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્‌ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામાનંદ સ્વામીએ ભુજના ભક્તોને સત્સંગ કરાવી પાછા વળાવિયા એ નામે પંચાવનમું પ્રકરણમ્‌ ॥૫૫॥

INDEX

પ્રકરણ : ૫૬

પૂર્વછાયો :

હવે પછીની વારતા, સહુ સાંભળજયો દઈ ચિત્ત ॥
કહી ન જાય કોઇથી, અલૌકિક અપરિમિત ॥૧॥
વિદ્વાન થયાં મુનિ, ભણી ભુજ શહેર મોઝાર ॥
જન અનેક ઉદ્ધારિયા, વળી લીધી તેની સાર ॥૨॥
મુક્તાનંદ મહારાજનું, હવે કહું રૂડું ચરિત્ર ॥
સુખરૂપ સત્સંગીને, મતિ સુણતાં થાય પવિત્ર ॥૩॥

ચોપાઈ :

મુક્તમુનિ એક સમાંમાંહિ, આવ્યાં કંથકોટ ગામમાંહિ ॥
ખાંત્યે કરાવિયો સત્સંગ, હરિભક્ત થયાં શુદ્ધ અંગ ॥૪॥
હતો એક અભાગિયો નર, તિયાં રહેતો સદા મદભર ॥
સિંધ દેશે યવન શોધાવી, નિજસુતા તેને પરણાવી ॥૫॥
પણ બની તે વિધવા નાર, પાછી આવી પિયર નિર્ધાર ॥
તિયાં મળ્યો તેને ઘણો ત્રાસ, મટે નહિ કજિયો કંકાસ ॥૬॥
મળી ભોજાઈઓ મારે મેણું, તારું કિયાં જનમનું લેણું ॥
આંહિ આવી કરી શીદ ઘાણી, એમ વૈખરી બોલે છે વાણી ॥૭॥
થયું જીવન જીવવું ઝેર, તેને વરતિયો કાળો કેર ॥
હવે બાઈની મતિ હરેરી, મરવું મનમાં લીધું ઠેરી ॥૮॥
પછી લાવી છે અફીણ ખોળી, ભર્યું તાંસળીમાં ઘણું ઘોળી ॥
મુખે મેલવા જાય જ્યાં બાઈ, તિયાં આવી સખી તેની ધાઈ ॥૯॥
હવે કર્યા ઉતાવળ આજ, મેલ્ય પડતું ઘરનું કાજ ॥
ગામમાંહિ રૂડાં સંત આવ્યાં, જન મન તણે તેહ ભાવ્યા ॥૧૦॥
તેનાં દર્શન કરવા માટ, ચાલ જઈએ બેની લઈ વાટ ॥
એવી સાંભળી સખીની વાત, થઈ નારી અતિ રળિયાત ॥૧૧॥
તેણે વિચારિયું એમ મન, મરી જાવું મારે આજ દન ॥
પણ સંતના દર્શન કરી, પછી ઝેર પી જઈશ મરી ॥૧૨॥
લઈ બે ત્રણ સંગાથે નાર, આવી બાઈ તે સભા મોઝાર ॥
હતાં નરનારી બહુ ત્યાંય, કથા સુણતાં અતિ ઉછાય ॥૧૩॥

INDEX

મહામુનિ મુક્તાનંદ સ્વામી, સત્ય સંકલ્પ અંતરજામી ॥
દેહ દુર્લભપણાની વાત, સ્વામી કરતાં પોત્યે સાક્ષાત ॥૧૪॥
મોંઘો માણસનો અવતાર, ફરી મળે નહિ નિરધાર ॥
આઠ અબજ ચોસઠ ક્રોડ, વર્ષ વીત્યે મળે તે અજોડ ॥૧૫॥
દુઃખ આવે જો કઠણ તોય, કેદિ તન ત્યાગવું ન સોય ॥
જેહ થાય જીવનો ઘાતક, તેને લાગે છે મોટું પાતક ॥૧૬॥
માટે ધીરજ દલમાં ધરી, રાજી કરવા હંમેશ હરિ ॥
ઝેર ખાઈ મરે જન જેહ, યમયાતના ભોગવે તેહ ॥૧૭॥
એવી કથા સાંભળીને બાઈ, તેણે વિચારિયું મનમાંઈ ॥
આ છે પુરુષ અંતરજામી, વાત જાણી ગયાં મારી સ્વામી ॥૧૮॥
હશે નિશ્ચય તે ભગવાન, તેનું શરણ ગ્રહું નિદાન ॥
પછી સભા પૂરી થયે વામ, બોલી સ્વામી આગે કરભામ ॥૧૯॥
મને શરણ આપનું આપો, પાપ મારા સરવે સંતાપો ॥
તેહ સમે હતી એવી રીત, દેશકાળે કરીને ઉચિત ॥૨૦॥
દેતા વનિતાને ઉપદેશ, ક્યારે સભામાંહિ સંત લેશ ॥
પછી સ્વામી બોલ્યા જ્ઞાનવાન, જેને કૈયે અમે ભગવાન ॥૨૧॥
તેહ આવશે પરમ દન, રામાનંદજી સુખસદન ॥
કેડ્યે આવજો તેમની પાસ, દૂર કરશે મનનો ત્રાસ ॥૨૨॥
પછી રામાનંદ મુનિરાજ, આવ્યાં કંથકોટ શિરતાજ ॥
વર્તમાન ધરાવી અચળ, કર્યું જીવન તેનું નિર્મળ ॥૨૩॥
એમ મુક્તમુનિના પ્રતાપે, સતસંગી થઈ નારી આપે ॥
પછી હજારો નર ને નારી, તેનાં શંક મટે એકહારી ॥૨૪॥
અતિ રસાળ સુખની ખાણી, મુનિરાજ તણી મીઠી વાણી ॥
થાય સાંભળ્યે દલ ઉજાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિના ઉપદેશથી આત્મહત્યા કરતી બાઈ સત્સંગી થઈ એ નામે છપ્પનમું પ્રકરણમ્ ॥૫૬॥

INDEX

પ્રકરણ : ૫૭

પૂર્વછાયો :

એટલી લીલા ત્યાં થઈ, પછી રામાનંદ દયાળ ॥
અનંત જીવ ઉદ્ધારવા, હવે વિચરિયા કૃપાળ ॥૧॥
મુક્તમુનિ સાથે લઈ, ચાલ્યાં ફરવા દેશો દેશ ॥
જે જન આવે આગળે, તેને આપે ઉપદેશ ॥૨॥
કરી ચરિત્ર નવલા, દિયે દાસને દરશન ॥
દિન જાયે આનંદમાં, થાય જન મન મગન ॥૩॥

ચોપાઈ :

પહેલા આખા આવી રહ્યાં રાત, પછી પીપલાણે રળિયાત ॥
ભક્ત નૃસિંહ મહેતાને ઘેર, રહ્યાં થોડા દન મુદભેર ॥૪॥
પછી ત્યાંથી ચાલ્યાં સુખકારી, આવ્યાં માણાવદર મોરારી ॥
રહી રાત્ય ને લીધાં ભોજન, મયારામને કીધો પ્રસન્ન ॥૫॥
કરી ધોરાજીએ વિશરામ, આવ્યાં ભાડેર ગામ અકામ ॥
પછી ચાલિયા સંત સહિત, આવ્યાં કારિયાણી કરી પ્રીત ॥૬॥
ત્યાંથી ગોલીડા ને સરધાર, આવ્યાં સ્વામી કરી ઘણું પ્યાર ॥
રાખે મુક્તાનંદ સદા ભેળા, મૂકે અળગા ઘડી ન વેળા ॥૭॥
વળી કરાવે કથા વારતા, પોતે બિરાજતા હોય છતાં ॥
સુણી મુક્તમુનિ કેરી વાણી, સહુ જન કરે છે કમાણી ॥૮॥
ખૂબ મચાવિયો સતસંગ, ચિત્તે ચઢિયો રંગ અભંગ ॥
પછી વળતા આવિયાં લોજ, ખૂબ ભક્તને કરાવી મોજ ॥૯॥
કર્યા સંત ભેળા એક સમે, હતાં શિષ્ય જે સહુ આશ્રમે ॥
બોલ્યા રામાનંદ ગુરુદેવ, સહુ સાંભળો સંત અભેવ ॥૧૦॥
હોય મંડળમાં જેહ શ્રેષ્ઠ, વળી સદ્‌ગુણે પણ જયેષ્ઠ ॥
તેનું કહો મુને તમે નામ, મારે જાણવાની હૈયે હામ ॥૧૧॥
ત્યારે સંત બોલ્યા કરભામી, સાંભળો તમે અંતરજામી ॥
સ્વામી મુક્તાનંદ એ જ એક, નથી એ જેવા અન્ય વિશેક ॥૧૨॥
એવો સુણી સંત અભિપ્રાય, રાજી થયાં સ્વામી દલમાંય ॥
મુજ રુચિ પૂરણ પ્રમાણી, વાત અંતરની તમે જાણી ॥૧૩॥

INDEX

હવે આજ કેડ્યે સંતજન, સહુ માનજો તેનું વચન ॥
સદ્‌ગુણમાં શ્રેષ્ઠ ઘણેરા, તેથી કરીએ છૈયે તે મોટેરા ॥૧૪॥
ભુજ ભણી જાશું અમે આજ, લઈ સંતનો ઘણો સમાજ ॥
વસે ભક્ત જે તિયાં ઉદાર, અમને યાદ કરે છે અપાર ॥૧૫॥
માટે વચન પાળી હંમેશ, તમે ભજજો સદા પરમેશ ॥
સદ્ય સિધાવશું અમે આંહિ, રાજી થઈ રહેજો માંહોમાંહિ ॥૧૬॥
પછી મુક્તાનંદ સામું જોઈ, બોલ્યા વેણ કૃપાનાથ સોઈ ॥
તમને સોંપી છે જવાબદારી, લોજ આશ્રમની ઘણી ભારી ॥૧૭॥
તેથી ચિંતા નથી મુને લેશ, જેહ રહેતી હતી સવિશેષ ॥
ચાલે સદાવ્રત ઠેર ઠેર, તેને સંભાળજો રૂડી પેર ॥૧૮॥
અમ સ્થાને છો આજથી તમે, સત્ય કહીએ છીએ નક્કી અમે ॥
માટે રાખજો સર્વનું ધ્યાન, અતિ જતન કરી નિદાન ॥૧૯॥
એમ કહી ઘણો કરી પ્યાર, લઈ બાથમાં ભેટ્યા તે વાર ॥
થઈ પ્રસન્ન મૂકિયો હાથ, મુક્તાનંદ સ્વામી તણે માથ ॥૨૦॥
પોતે પહેરેલ ગુલાબ હાર, પ્રીત્યે પહેરાવ્યો મુનિને સાર ॥
પછી દયાળુએ લીધી વાટ, ભુજ શહેર પહોંચવા માટ ॥૨૧॥
હતાં આશ્રમમાં સહુ સંત, ભક્ત લોજના મહિમાવંત ॥
ગયાં વળાવવા ગામબાર, ત્યાંથી સ્વામીએ વાળ્યા તે વાર ॥૨૨॥
પછી આશ્રમે આવિયાં મુનિ, લઈ સ્વામીની સ્મૃતિ આગુની ॥
સદ્‌ગુરુની મરજી જાણી, રહ્યાં અલૌકિક મોજ માણી ॥૨૩॥
હવે મુક્તાનંદ સ્વામી વિષે, રાખે ગુરુભાવ સૌ અતિશે ॥
અનુવૃત્તિમાં રહી પૂરણ, ભગવાન ભજે પ્રતિ ક્ષણ ॥૨૪॥
સ્વામી પણ ભેળા કરી સંત, જ્ઞાનદાન દિયે છે અત્યંત ॥
માંહોમાંહિ વાધ્યો વિશ્વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામાનંદ સ્વામીએ મુક્તમુનિને લોજ આશ્રમની જવાબદારી સોંપી એ નામે સત્તાવનમું પ્રકરણમ્ ॥૫૭॥

INDEX

પ્રકરણ : ૫૮

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, ભાખું લીલા નિરધાર ॥
નોતી દીઠી નોતી સાંભળી, અલૌકિક આ વાર ॥૧॥
જ્યારે અધર્મ વ્યાપિયો, ને મોટા થયાં ઉતપાત ॥
નરનારી મદ્યમાંસથી, લોલુપ થયાં સાક્ષાત ॥૨॥
પાપી પરદારા પથી, વ્યસની અઘવંતા વળી ॥
કામી હરામી કુકર્મી, થયાં ભારાડી ભેગા મળી ॥૩॥

ચોપાઈ :

એવે સમે અક્ષરાધિપતિ રે, ભક્તપ્રતિપાળ મુક્તપતિ રે ॥
સદા બ્રહ્મમહોલ નિવાસી રે, સર્વે જીવ તણાં સુખરાશી રે ॥૪॥
સુખસદન પૂરણબ્રહ્મ રે, જગજીવન પુરુષોત્તમ રે ॥
કરી કરુણા કળિમાં ભારી રે, આવ્યાં અવનિએ અવતારી રે ॥૫॥
સંવત અઢારસો સાડત્રીસે રે, સંવત્સર વિરોધિ અતિશે રે ॥
ચૈત્ર સુદી નોમ દન જાણો રે, વળી સોમવાર તે પ્રમાણો રે ॥૬॥
ઉત્તર કોશલ દેશ અવધ્યે રે, રૂડું ગામ છપૈયા તે મધ્યે રે ॥
તિયાં ધર્મ ભક્તિ ઘેર આવી રે , પ્રભુ પ્રકટિયા મોદ લાવી રે ॥૭॥
કોટિ જીવના કલ્યાણ કાજ રે, નાથે નરતનું ધર્યું આજ રે ॥
બાળ ચરિત્ર કરે અપાર રે, જોઈ મોહે સહુ નરનાર રે ॥૮॥
માતપિતાને લાગે છે પ્યારા રે, મૂકે નહિ ઘડી એક ન્યારા રે ॥
ધર્યું નામ રૂડું ઘનશ્યામ રે, સુખ આપે અતિ અભિરામ રે ॥૯॥
કાળી કોટરા ને કાલીદત્ત રે, હતાં અસુર જે ઉન્મત્ત રે, ॥
તેને વરતિયો કાળો કેર રે, તેને સંહારીને કરી મેર રે ॥૧૦॥
દઈ પરચા અનુપ અતિ રે, દુઃખ રહેવા ન દીધું રતિ રે ॥
સેવ્યાં માતપિતા સુજાણ રે, પછી આપ્યું પદ નિરવાણ રે ॥૧૧॥
પૂર્વ દેશે બહુ સુખ ધરી રે, પછી પશ્ચિમે નજર કરી રે ॥
ત્યાર કેડ્યે થયાં તે ઉદાસી રે, આશ ઘરમાં રહ્યાંની નાસી રે ॥૧૨॥
કરી કુટુંબનો સહુ ત્યાગ રે, લીધો તન શુદ્ધ વૈરાગ રે ॥
વર્ષ અગિયારે ઘરબાર રે, મેલી ચાલિયા પ્રાણાધાર રે ॥૧૩॥

INDEX

નિગમ નેતિ નેતિ જેને ગાય રે, પગ ઉઘાડે વનમાં જાય રે ॥
મુંજ મેખલા વાળી કોપિન રે, મૃગાજીન ધર્યું છે નવીન રે ॥૧૪॥
કંઠે ધારીને તુલસીમાલ રે, ચાલ્યાં એકલા ધર્મનો લાલ રે ॥
ગામ નગર ખેતર ખળાં રે, તેને ઉલ્લંઘી જાય વેગળા રે ॥૧૫॥
આવે વિકટ મહાવન જેહ રે, તેમાં રહે મોટા પશુ જેહ રે ॥
સિંહ વ્યાઘ્ર વરાહ મહિષ[૧] રે, અતિ અરણા[૨] પાડે છે ચીસ રે ॥૧૬॥
ટોળાં સેમર[૩] શ્યાળના[૪] ઘણાં રે, ઝુંડ વાનર રોઝડાં તણાં રે ॥
એમાં રહી ઘણુંક મોહન રે, હિમાચલે આવિયાં પાવન રે ॥૧૭॥
વર્ણી નીલકંઠ નામ ધરી રે, આવ્યાં પુલહ આશ્રમ ફરી રે ॥
એક પગે ઊભા રહી તપ રે, દેહભાન ભૂલી કર્યો જપ રે, ॥૧૮॥
પછી ચાલિયા ત્યાંથી દયાળ રે, મળ્યાં વનમાં યોગી ગોપાળ રે ॥
શીખ્યા તેહ પાસે અષ્ટયોગ રે, ટાળ્યા જોગી તણાં ભવરોગ રે ॥૧૯॥
ત્યાંથી આદિ વારાહ વરણી રે, પછી આવ્યાં બંગદેશ ભણી રે ॥
કેડ્યે સિરપુર ઘનશ્યામ રે, આવ્યાં પગપાળા સુખધામ રે ॥૨૦॥
દુઃખ દ્વિજ તણું દૂર કીધું રે, કૈંક જનનું કારજ સીધું રે ॥
મનમોહન પૂરણકામ રે, ત્યાંથી ચાલ્યાં છે સુંદરશ્યામ રે ॥૨૧॥
પછી ગંગાસાગરમાં છેલો રે, જઈ સ્નાન કરે અલબેલો રે ॥
થોડું રહી તિયાં નીલકંઠ રે, આવ્યાં કપિલમુનિને મઠ રે ॥૨૨॥
કર્યા દર્શન ભાવ ભરીને રે, વળી ચાલ્યાં છે થોડું રહીને રે ॥
ફરે જિયાં જિયાં મહારાજ રે, જીવ અનેક ઉદ્ધારે આજ રે ॥૨૩॥
મેઘ સમ શ્યામ સુખકારી રે, લાગે મૂરતિ મનોહર પ્યારી રે ॥
બાળરૂપે શોભે અભિરામ રે, લાજે જોઈને કોટિક કામ રે ॥૨૪॥
એમ ફરતે ફરતે વાલો રે, પુરી પહોંચિયા મતવાલો રે ॥
કર્યા દર્શન ત્યાં અવિનાશે રે, કહ્યું ઘનશ્યામપ્રકાશદાસે રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે પરબ્રહ્મનું પ્રાગટ્ય થયું એ નામે અઠ્ઠાવનમું પ્રકરણમ્ ॥૫૮॥

---

૧. પાડો ૨. હરણ ૩. સાબર ૪. શિયાળ

પ્રકરણ : ૫૯

પૂર્વછાયો :

પુરુષોત્તમપુરી રહી, ઘણાં જન કર્યા પાવન ॥
વળી અસુર અભાગિયા, તેના કર્યા માન મર્દન ॥૧॥
ભૂ ભાર હળવો કર્યો, માંહોમાંહિ ખેલાવી જંગ ॥
થોડે માસ ત્યાં રહી, ચાલ્યાં થાપી ધર્મનો રંગ ॥૨॥
ત્યાં થકી પછી આવિયાં, રૂડું આદિકૂરમ તીર્થ ॥
ત્યાં થકી માનસપુરે, પધારિયા સમરથ ॥૩॥

ચોપાઈ :

પ્રૌઢ પ્રતાપ દેખાડ્યો તિયાં રે, પાપી ભગાડી અસુર ઈયાં રે ॥
કૈંક મુવા અધરમી ઠાર રે, દીધું દૈવીને સુખ અપાર રે ॥૪॥
ત્યાંથી આવ્યાં વેંકટાદ્રિ પ્રભુ રે, પછી વિષ્ણુકાંચી ગયાં વિભુ રે ॥
આવ્યાં શ્રીરંગપુર હુલસી રે, રહ્યાં માસ દોય તિયાં વસી રે ॥૫॥
ત્યાંથી આવ્યાં ચાલી તતપર રે, સેતુબંધ રૂડું રામેશ્વર રે ॥
કરી સમુદ્રમાં સ્નાન વિધિ રે, પ્રેમે દીઠાં શિવ સુખનિધિ રે ॥૬॥
પછી ભૂતપુરી લીધી વાટ રે, રામાનુજનાં દર્શન માટ રે ॥
થોડા દન રહી તેહ સ્થાન રે, આવ્યાં કન્યાકુમારી નિદાન રે ॥૭॥
ત્યાંથી ગયાં પદ્મનાભ વાલો રે, પછી જનાર્દને ધર્મલાલો રે ॥
આદિકેશવનાં કર્યાં દર્શ રે, કરી પામિયા દલમાં હર્ષ રે ॥૮॥
આવ્યાં મળિયાચલ મોરારી રે, દન પાંચ રહ્યાં સુખકારી રે ॥
વળી વનમાં પેઠા દયાળ રે, નથી લેતાં તનની સંભાળ રે ॥૯॥
ક્યારે કેવળ નીર પીવે છે રે, કોઈ સમે ઉપવાસ કરે છે રે ॥
વળી ક્યારેક વાયુ આહાર રે, કરે ખાંતીલો ખાંત્યે ધરાર રે ॥૧૦॥
ગંધ નારી તણો નવ ગમે રે, એકાદશીએ અન્ન ન જમે રે ॥
કેદિ ટાઢમાં અગ્નિ ન તાપે રે, એમ અલબેલો રહે આપે રે ॥૧૧॥
પછી ચાલિયા સુંદરશ્યામ રે, કરવા અનેક જીવનાં કામ રે ॥
નાહી ચંદ્રભાગા નદીમાંઈ રે, આવ્યાં પ્રભુ પંઢરપુરમાંઈ રે ॥૧૨॥
તિયાં વિઠુબાનાં દર્શ કીધાં રે, ઘણાં જનને અભય દીધાં રે ॥
પછી ત્યાં થકી વરણીરાટ રે, લીધી દંડકવનની વાટ રે ॥૧૩॥

INDEX

પોતે પ્રદક્ષિણા તેને કરી રે, આવ્યાં ત્યાંથી ગોદાવરી હરિ રે ॥
ત્યાર પછી નાસિકે વરણી રે, આવી હામ પૂરી જન તણી રે ॥૧૪॥
ત્યાંથી ત્ર્યંબકનાથ નીરખી રે, પછી તાપી પહોંચિયા હરખી રે ॥
ત્યાંથી નર્મદે નાથજી નાહી રે, આવ્યાં મહીસાગરની માંહિ રે ॥૧૫॥
પછી વળતે સાબરમતી રે, કીધું સ્નાન તેમાં મહામતિ રે ॥
ત્યાંથી ચાલિયા જગદાધાર રે, દેવા પદ નિર્વાણ અપાર રે ॥૧૬॥
ભાળી ભીમનાથે ભગવાન રે, થયાં મુદિત સ્વયં નિદાન રે ॥
ગયાં ગોપનાથ ત્યાંથી શ્યામ રે, થોડું રહ્યાં તિયાં અભિરામ રે ॥૧૭॥
ત્યાંથી ચાલિયા કોડીલો કાન રે, આવ્યાં તુલસીશ્યામ નિદાન રે ॥
પછી ગયાં છે ગુપ્તપ્રયાગ રે, કીધો જપ તણો મોટો જાગ રે ॥૧૮॥
રહ્યાં લોઢવે જઈ મોહન રે, લખુબાઈને કીધી પાવન રે ॥
પછી પ્રભાસ તીરથમાંઈ રે, ત્રણ્ય રાત્ય રહ્યાં છે રોકાઈ રે ॥૧૯॥
ચાલ્યાં તિયાંથી રૈવતાચળ રે, જુગો જુગથી શોભે અચળ રે ॥
દત્તાત્રેય સ્વરૂપ નિહાળી રે, મનમોદ પામ્યા વનમાળી રે ॥૨૦॥
પછી ઉતરિયા ગિરનાર રે, ચાલ્યાં તિયાં થકી નિરધાર રે ॥
નીલકંઠ હાટકેશ આવ્યાં રે, દર્શ શિવ તણાં બહુ ભાવ્યા રે ॥૨૧॥
ત્યાંથી નીસરિયા સુખધામ રે, કરવા અનેક જીવના કામ રે ॥
જિયાં જિયાં જાય અવતારી રે, શુદ્ધ મુમુક્ષુ શોધે અપારી રે ॥૨૨॥
પછી તેને ઉપદેશ આપી રે, ટાળે સંશય પોતે પ્રતાપી રે ॥
વળી તીર્થે હતો જે અધર્મ રે, તેને ટાળી સ્થાપ્યો અતિ ધર્મ રે ॥૨૩॥
પછી ત્યાંથી ચાલ્યાં મરમાળા રે, પ્રભુ વર્ણીવેશે પગપાળા રે ॥
આવ્યાં વણથળી મોઝાર રે, નાહ્યા કુંડમાં જગદાધાર રે ॥૨૪॥
તિયાં ભોજન કર્યું વિશેષ રે, સાથે લીધું સદાવ્રત શેષ રે ॥
ત્યાંથી ચાલ્યાં રહી રાતવાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિ વનમાં વિચર્યા એ નામે ઓગણસાઠમું પ્રકરણમ્ ॥૫૯॥

INDEX

પ્રકરણ : ૬૦

પૂર્વછાયો :

ત્યાર પછીની વારતા, સહુ સાંભળજયો સાવધાન ॥
પ્રભાતે ઊઠી પોત્યે, ચાલ્યાં જગજીવન નિદાન ॥૧॥
પીપલાણે પધારિયા, પછી પુરુષોત્તમ પૂરણ ॥
વિપ્ર ઉનેવાળ ઘેરશું, ગયાં ગોવિંદ અઘહરણ ॥૨॥
ભક્ત ભલા ભગવાનના, નરસિંહ મહેતા સુજાણ ॥
ભક્તિ નવધા આચરી, રીઝવે પ્રભુ પ્રમાણ ॥૩॥

ચોપાઈ :

તેને ઘેર આવ્યાં વર્ણીરાજ, નારાયણ હરે કહી આજ ॥
ત્યારે વિપ્ર છોડી ઘરકામ, સ્નાન કરાવતા શાળીગ્રામ ॥૪॥
વળી એહ સમે લઈ ઠામ, જળ ભરવા ગઈતી વામ ॥
હતી સુતા એની તે ભુવન, પુત્ર કલ્યાણજી તેહ દન ॥૫॥
સુણી સાદ આવ્યો પુત્ર બાર, તિયાં જોગી દીઠાં નિરધાર ॥
ભિક્ષા માંગી વર્ણીરાજે થોડી, નમસ્કાર કરી કરજોડી ॥૬॥
કહે કલ્યાણજી તેહ વાર, નથી હાલ રસોઈ તૈયાર ॥
માંહિ આવો તમે મુદભેર, રૂડી રસોઈ કરાવું ઘેર ॥૭॥
ત્યારે વર્ણી બોલ્યા કરી ભાવ, હું તો ઠાલો ખોટી નહિ થાવ ॥
મારે તીર્થે જવાની છે આશ, માટે આપો હોય જેહ પાસ ॥૮॥
ત્યારે સુત બોલ્યો થઈ શાંત, તમે સુણો વર્ણીજી નિતાંત ॥
હોય મોક્ષતણું મહાકાજ, તૈયે દોટચ ન દેશો મહારાજ ॥૯॥
જાઓ આંહિથી લોજ મોઝાર, મોટું તીર્થ છે ત્યાં નિરધાર ॥
વસે તિયાં મુક્તાનંદ સ્વામી, મહાસંત ઉત્તમ અકામી ॥૧૦॥
સહુ સંત શિરોમણિ સાર, તેના નેણમાં નેહ અપાર ॥
વાણી શાણી નિરમળ એવી, જાણું જાહ્નવીના જળ જેવી ॥૧૧॥
અગણિત ઈશ્વર સમાન, સદ્‌ગુણે છે શ્રેષ્ઠ નિદાન ॥
તોય લેશ નથી અભિમાન, રહે દાસ સદા નિરમાન ॥૧૨॥
તેની પાસે પચાસેક સંત, રહે જ્ઞાનવાન અઘવંત ॥
હોય કલ્યાણની ઉર આશ, તૈયે જાજયો તમે તેની પાસ ॥૧૩॥

INDEX

એવી સાંભળી દ્વિજની વાત, થયાં વર્ણી અતિ રળિયાત ॥
જેહ સંતને મળવા માટ, લીધી ઘોર જંગલની વાટ ॥૧૪॥
વળી છાંડી સર્વે ઘરબાર, વન વિચર્યા અનરાધાર ॥
તેહ સંતને પામીશ નક્કી, થાશે જાતરા પૂરણ પકી ॥૧૫॥
એવું વિચારીને જોગીરાજ, ફૂલ્યા અધિક મનમાં આજ ॥
પછી પરચો દઈ દયાળ, ચાલ્યાં તિયાં થકી તતકાળ ॥૧૬॥
આવ્યાં આખા ગામે અવિનાશી, ત્યાંથી મઢડા અક્ષરવાસી ॥
આવ્યાં મોહનજી માંગરોળે, મહા ઉદધિના આજ ખોળે ॥૧૭॥
હતાં શેઠ ગોરધન ઉદાર, તેની ફોઈનો કર્યો ઉદ્ધાર ॥
પછી ચાલિયા કાનકોડીલો, મનમસ્ત થઈ અળવીલો ॥૧૮॥
વર્ષાઋતુ બની મદમાતી, મેઘ મલારના સૂર ગાતી ॥
દશોદિશ ફૂંકાયો સમીર, થયાં અંબર મેઘ અધીર ॥૧૯॥
ધ્રબે ધરણી ધ્રબક ઘોર, દામિની[૧] દમકે કરી શોર ॥
થયો ગગન કાળો ડીબાંગ, મેઘ હરુડે મારી છલાંગ ॥૨૦॥
ઊંચે કંઠ મોર ટહુકારે, ધરતીસુતને[૨] આનંદ ભારે ॥
આવ્યો મેહુલો સાંબેલાધાર, છૂટી નભ થકી પૃથ્વીદ્વાર ॥૨૧॥
બની રજની સજની છેલી, વીજ ઝબકારે અતિ હરખેલી ॥
મન મૂકી દાદુરા ફુલાઈ, ડમકારા કરે મોદ લાઈ ॥૨૨॥
વડ વેલા વળી તરુ પાન, ઘન દેખી ભૂલ્યા સહુ ભાન ॥
નીલકંઠ પ્રભુ અવતારી, આવ્યાં વ્હાલો વરસાદે ભારી ॥૨૩॥
મળશે લોજમાં અનાદિમુક્ત, સર્વે સાધુતા ગુણથી યુક્ત ॥
એમ સંભારતા પળે પળ, આવ્યાં લોજમાં પ્રભુ પ્રબળ ॥૨૪॥
હવે પછીની વાત રસાળ, જાશે સુણતાં જક્ત જંજાળ ॥
ભક્તિ કેરી આવશે ભીનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે કલ્યાણજીએ વર્ણીને મુક્તમુનિ પાસે જવા કહ્યું એ નામે સાઠ્યમું પ્રકરણમ્ ॥૬૦॥

---

૧. વીજળી ૨. ખેડૂત

પ્રકરણ : ૬૧

પૂર્વછાયો :

શુભ સંવત અઢારસે, શ્રાવણ આવ્યો છપ્પન ॥
છઠ આવી કૃષ્ણપક્ષની, લોજ પધાર્યા મોહન ॥૧॥
વસમાં વન પર્વતમાં, ઘાટ ઓઘટ તે નિશદન ॥
વર્ષ સાત વિચરિયા, એક માસ અગિયાર દન ॥૨॥
આનંદ આપી જનને, અઘ ઓઘ ટાળ્યા અપાર ॥
બહુ મુમુક્ષુ જીવને, ઉતારિયા ભવપાર ॥૩॥

ચોપાઈ :

આવી લોજમાં થોભિયા આજ, ઘણે વર્ષે વર્ણી મહારાજ ॥
ગામથી પશ્ચિમ દિશમાંય, દીઠી વાવ અને વડ ત્યાંય ॥૪॥
કર્યું નીલકંઠે તિયાં સ્નાન, પછી વડ તળે ગયાં કાન ॥
મોટી શીલા રૂડી એક ભાળી, તે ઉપર્યે બેઠા વનમાળી ॥૫॥
દીસે મૂર્તિ મનોહર કેવી, સદ્ય જન મન હરે તેવી ॥
જેમ ચમક ખેંચે છે લોહ, તેમ વર્ણી ઉપજાવે મોહ ॥૬॥
જળ ભરવા આવે પનિહારી, દ્રગ જોઈ રહે ધારી ધારી ॥
જોઈ ધર્મકુંવરનું મુખ, બોલે માંહોમાંહિ ઉનમુખ ॥૭॥
કોણ હશે બેની બાળાજોગી, સદા દીસે બ્રહ્મરસ ભોગી ॥
તેની કાયા છે કોમળ અતિ, દેખી લાજે કોટિ રતિપતિ ॥૮॥
ક્યાંથી આવ્યાં હશે કિયાં જાશે, પૂછીએ જઈ તેહની પાસે ॥
પછી સુંદરીએ સહુ મળી, કહી વર્ણીને વાત સઘળી ॥૯॥
પણ વર્ણીએ ધર્યું ન કાન, રહ્યાં મુન્ય પોતે ભગવાન ॥
પછી નગરમાં ચાલી વાત, જોગી આવ્યાં છે કોઈ સાક્ષાત ॥૧૦॥
તેને જોવા આવે નરનારી, બાળ યુવા વૃદ્ધ તનુધારી ॥
દેખી વર્ણી તણું રૂડું રૂપ, પામે દલમાં સુખ અનુપ ॥૧૧॥
તેહ સમે આવ્યાં એક સંત, ભલા શાસ્ત્રા ભણેલા અત્યંત ॥
શિષ્ય રામાનંદ સ્વામી તણાં, જેને નથી જગતની મણાં ॥૧૨॥
તેનું રૂડું સુખાનંદ નામ, આવ્યાં સ્નાન કાજે તેહ ઠામ ॥
દીઠા બાલાજોગી વડ હેઠે, શોભે કોટિ અર્ક ઇન્દુ પેઠે ॥૧૩॥

INDEX

ભૂરા ભલા ચળકતા કેશ, માથે શોભે છે અતિ વિશેષ ॥
ભાલ વિલસે અતિ રસાળ, મંદ હાસ કરે મરમાળ ॥૧૪॥
દીસે નાસિકા નમણી સાર, મુખ ચંદબિંબ નિરધાર ॥
કંઠી માળ કમંડળ દંડ, સોહે તેજસ્વી જોગીનું પંડ ॥૧૫॥
જાણી જોગીન્દ્ર બાલુડે વેશ, પરિપૂર્ણ પ્રભુ પરમેશ ॥
સુખાનંદ ગયાં તેની પાસ, પછી વાણી ઉચ્ચરિયા ખાસ ॥૧૬॥
અતિ મોટા છે ભાગ્ય અમારા, થયા દર્શન અમને તમારા ॥
થોડે પુણ્યે મળે નહિ આવું, નક્કી વાત તમને કહાવું ॥૧૭॥
કહો ક્યાંથી આવ્યાં તમે આંહિ, કિયાં જાઓ તમે મુનિરાઈ ॥
કહો જન્મ તણું શુભ ઠામ, કોણ માતપિતા અભિરામ ॥૧૮॥
કિયાં વસે તમારાં સ્વજન, વળી કોણ કર્યા ગુરુજન ॥
હોય જેમ કહો તેમ વાત, બાળાજોગી સહુ તે સાક્ષાત ॥૧૯॥
ત્યારે જોગીરાજે કહી વાત, નથી ગુરુજન માત તાત ॥
જેથી ભવની ભાવટ જાય, એજ સગાં સત્ય કહેવાય ॥૨૦॥
પછી મુનિ બોલ્યા કરી ખાંત, શાસ્ત્ર તણું છે એજ સિદ્ધાંત ॥
પણ વહેવારની હોય રીત્યે, તેમ પૂછું હું તમને પ્રીત્યે ॥૨૧॥
ત્યારે નીલકંઠે કહ્યું કથી, આવ્યાં અમે ઉત્તર દેશથી ॥
થઈ નિરભે ચાલ્યાં નિઃશંક, જન ઉદ્ધારિયા દઈ ડંક ॥૨૨॥
ફર્યા અમે તીરથ અમાપ, કર્યા મુમુક્ષુ કૈંક નિષ્પાપ ॥
દૈત્ય અસુરાણ પાછા પાડી, સત્ય વાતને કહી દેખાડી ॥૨૩॥
સર્વે તીરથ ફરી સઘન, આંહિ પહોંચિયા આજ દન ॥
અમે કહ્યું વૃત્તાંત અમારું, હવે કહો વૃતાંત તમારું ॥૨૪॥
સુણી શ્રવણે જોગીની વાણ, સુખાનંદ મુનિ તે સુજાણ ॥
પામ્યા અંતર અતિ હુલાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે નીલકંઠ વર્ણી અને સુખાનંદ સ્વામીનો મેળાપ થયો એ નામે એકસઠમું પ્રકરણમ્ ॥૬૧॥

પ્રકરણ : ૬૨

પૂર્વછાયો :

પછી સુખાનંદ બોલિયા, તમે સાંભળો મુનિરાજ ॥
ઉદ્ધવજી પોતે પ્રકટ્યા, રામાનંદ સ્વરૂપે આજ ॥૧॥
આશ્રમ સ્થાપી લોજમાં, કર્યા ભક્ત અપરમપાર ॥
ત્યાગી ધન ત્રિયા તણાં, કર્યા સંત સહુ નિરધાર ॥૨॥
તેમાં મોટેરા કીધાં, મુનિ મુક્તાનંદ સુજાણ ॥
સાધુતાની ભરી મૂરતિ, તેને કેમ કહું વદી વાણ ॥૩॥

ચોપાઈ :

મહાયોગી અરોગી મરાળ, એ છે કરુણાનિધિ કૃપાળ ॥
એ છે સદ્‌ગુણ તણાં ભંડાર, તોય લેશ નથી તેનો ભાર ॥૪॥
ત્રણ્ય ગુણ વળી ત્રણ્ય તાપ, ત્રણ્ય દેહ તણાં જે સંતાપ ॥
ત્રણ્ય અવસ્થા ત્રણ્ય એષણા, તેથી પર રહે પોતે ઘણાં ॥૫॥
શાસ્ત્રા તણાં ખરા અનુભવી, મહાપંડિત ને મહાકવિ ॥
પરમેશ સમ ગુણનિધિ, વળી અનંત ઐશ્વર્યનિધિ ॥૬॥
તેની વાણી ભાસે શ્રુતિ તુલ્ય, અમી ભરેલી અતિ અમૂલ્ય ॥
સુણી શાંતિ સદ્ય ચિત્ત વળે, સર્વે સંશયના શૂળ ગળે ॥૭॥
નિરદંભ ને નિરહંકાર, નિરપેક્ષ નિર્વૈર અપાર ॥
નિર્મત્સર ને નિરદ્વંદ્વ, એવાં ગુરુબંધુ મુક્તાનંદ ॥૮॥
સમદર્શી સદાગ્રહી સદા, ક્ષમા સહનશીલ સર્વદા ॥
નિજજન તણાં સુખદાતા, અશરણશરણ જનત્રાતા ॥૯॥
ધૈર્યશાળી અપ્રમત્ત શાંત, ઋજુભાષી દ્રઢવ્રત દાંત ॥
તપોનિષ્ઠ સ્થિરધી ઉદાર, ભક્તિવાન ભલા સંત સાર ॥૧૦॥
મહાસમર્થ વિભૂતિરાય, તેનો હું કહું શું મહિમાય ॥
મહામતિ તે સંત સુજાણ, પંચવ્રતે વરતે પ્રમાણ ॥૧૧॥
આપ જેવાનું ઈચ્છે છે દર્શ, વળી મળવા કરે છે હર્ષ ॥
અતિ સમર્થ સ્વયં એવાં, દર્શ સહુને કરવા જેવા ॥૧૨॥
તેના હૃદે રહે ભગવાન, સર્વ શાસ્ત્રા કેરું જાણે જ્ઞાન ॥
તેની આગન્યામાં અમે સંત, રૈયે રાજીપે સહુ અત્યંત ॥૧૩॥

માટે કૃપા કરી કૃપાનાથ, આપ આવો અમારી સંગાથ ॥
નહિ પધારો જો મઠમાંહિ, સ્વામી નિશ્ચય આવશે આંહિ ॥૧૪॥
પછી વર્ણી કહે કરી પ્રીત, મુનિ સાંભળો અમારી રીત ॥
ફર્યા ઓઘટ ઘાટ સઘળે, નિત્ય વનવેલી તરુ તળે ॥૧૫॥
વળી શહેર ગામ નગર, રહ્યાં રજવાડે મુદ્દભર ॥
પણ રહ્યાં ન કેના રોકાય, મળ્યાં હતાં ઘણાં મુનિરાય ॥૧૬॥
જન મેળાવડો ને વસતિ, તેમાં રાગ રુચિ નથી રતિ ॥
પણ આવા સંતને મળવા, જાશું જરૂર અમે લળવા ॥૧૭॥
પછી અવતારનો અવતારી, નિજજન તણાં સુખકારી ॥
પરિપૂરણ પુરુષોત્તમ, પરાપાર પ્રભુ પરબ્રહ્મ ॥૧૮॥
થયાં સુધીર અધીર આજ, મુક્તમુનિને મળવા કાજ ॥
હવે રહેતી નથી હૈયે ધીર, ક્યારે મળશે સંત સુધીર ॥૧૯॥
એક સર્વોપરી ભગવાન, સર્વ નિયંતા કૃપાનિધાન ॥
બીજા સર્વોપરી મહાસંત, મુક્ત મુખ્ય અનાદિ અત્યંત ॥૨૦॥
તેનું થાશે મિલન જરૂર, ભારે આવશે હરખ પૂર ॥
કરવા અનેક જીવના કામ, બેઉ આવ્યાં આંહિ સુખધામ ॥૨૧॥
મુક્તમુનિ પણ મનમાંય, ઘણું રહ્યાં આજે હરખાય ॥
જેને કાજ ધર્યો નરદેહ, ખાંત્યે મળશે મોહન તેહ ॥૨૨॥
પછી ઊભા થઈ સદ્ય શ્યામ, સુખાનંદ સાથે અભિરામ ॥
અનંત કોટિ બ્રહ્માંડનો ધણી, આવ્યાં મુક્તાનંદ સ્વામી ભણી ॥૨૩॥
કીધો પ્રવેશ આશ્રમમાંહિ, પુલકિત થયું તન ત્યાંહિ ॥
છાયો ઉરમાં આનંદ અતિ, વરણવી ન થાય વિગતિ ॥૨૪॥
જ્યારે મુક્ત મુક્તપતિ મળ્યાં, ત્યારે આનંદના ઓઘ વળ્યા ॥
સર્વે લીલા હવે તે હુલાસ, કહેશે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુખાનંદ મુનિએ મુક્તાનંદ સ્વામીનો મહિમા કહ્યો એ નામે બાસઠમું પ્રકરણમ્ ॥૬૨॥

પ્રકરણ : ૬૩

પૂર્વછાયો :

સહુ મળી હવે સાંભળો, કહું વાત અતિ અનુપ ॥
પ્રકટ ઉપાસી જનને, ભવભયહારી સુખરૂપ ॥૧॥
ચવું ચરિત્ર પ્રેમથી, પાડી પ્રત્યેકની વિગત્ય ॥
જેથી અહોનિશ અંતરે, થાય શુદ્ધ ને શુભ મત્ય ॥૨॥
શ્રાવણ વદિ છઠ્યને, સંવત અઢાર છપ્પન ॥
તેહ સમે પધારિયા, લોજઆશ્રમ જગજીવન ॥૩॥

ચોપાઈ :

આવ્યાં ધર્મશાળામાં મોરારી, મુક્તમુનિ દીઠા સુખકારી ॥
થયાં થંભિત દોયના દ્રગ, નેહ ઉભરાણો રગોરગ ॥૪॥
રોમાવળી બની ઘણું રાજી, માંડી ફરકવા તન ઝાઝી ॥
ભ્રકુટિયું ભાલમાં વિસ્તરી, આવ્યો નેણશું નેહ નિતરી ॥૫॥
જેમ ઘણે દિને માતતાત, મળે નિજસુતને સાક્ષાત ॥
અતિ વિરહને વળગેલા, જેમ પ્રેમી મળે બેઉ ઘેલા ॥૬॥
જેમ ચંદ ચકોરની પ્રીત, વળી કીટ પાવકની[૧] રીત ॥
પ્રેમ ભૃંગને[૨] ગંધ સંગાથ, વળી કુરંગને[૩] શબ્દ સાથ ॥૭॥
એમ મહારાજને મહામુનિ, પ્રીત બેઉની અતિ આગુની ॥
સ્વામી મુક્તાનંદને તે વાર, નેણે આંસુ આવ્યાં છે ચોધાર ॥૮॥
થયાં ગળગળા પળમાંય, મુખે બોલી શક્યા નવ કાંય ॥
ઘણે વર્ષ વિજોગિયા મળ્યાં, વિરહ દોયના પળમાં ટળ્યા ॥૯॥
પછી વર્ણી આવ્યાં આંગણામાં, સંત દોડ્યા ઉતાવળા સામા ॥
મુક્તમુનિ ત્યાં આવિયાં ચાલી, મળ્યાં વર્ણીને બાથમાં ઘાલી ॥૧૦॥
આકર્ષિત થયાં સહુ મન, તેનું કેમ કરવું વર્ણન ॥
પછી મુક્તાનંદ મીઠી વાણ, બોલ્યા પ્રેમેશું જોડીને પાણ ॥૧૧॥
ધન્ય ધન્ય થયાં સહુ સંત, મળ્યાં આજ આપ ભગવંત ॥
અઢળક ઢળી કરી મેર, આવ્યાં સામા ચાલી અમ ઘેર ॥૧૨॥
એમ હેત વચન ઉચ્ચારી, પછી આપિયું આસન ભારી ॥
સહુ સંત બેઠા ધરી પ્યાર, પણ જોગી ન બેઠા તે વાર ॥૧૩॥

---

૧. અગ્નિ ૨. ભમરો ૩. હરણ

INDEX

છોડી આસન બેઠા ભૂ પર, ત્યારે સ્વામી બોલ્યા જોડી કર ॥
મનમોહન હે વર્ણીરાજ, શીદ આસને બેઠા ન આજ ॥૧૪॥
ત્યારે બોલ્યા વર્ણી ઉપદેશ, પૃથ્વી પાવન સહુથી વિશેષ ॥
તેનો સઘળો છે જેહ વ્યાપ, કોટિ પચાસ જોજન માપ ॥૧૫॥
તેનું આસન કરી વિશેષ, બેસું વિચરું હરહંમેશ ॥
તેહ આસન મેલી મહાન, શીદ બેસવું નાને નિદાન ॥૧૬॥
એમ જોગી તણી દેખી રીત, અલૌકિક અનોખી ખચિત ॥
હતાં સભામાંહિ જે જે સંત, સહુ આશ્ચર્ય પામ્યા અત્યંત ॥૧૭॥
દીઠું તપ તેજ શાંતપણું, જોઈ મન લોભાણું છે ઘણું ॥
કરે માંહોમાંહિ તે વિચાર, નહિ મનુષ્ય આ નિરધાર ॥૧૮॥
હશે શુદ્ધ બુદ્ધ મહાજ્ઞાની, કાં તો હશે તે અંતરજામી ॥
હોય બદ્રિપતિ નરભ્રાત, કાં તો હશે કાર્તિક સાક્ષાત ॥૧૯॥
વૃત્તિ આપણી ક્યાંય ન જાય, આજ જોગીમાં તે પરોવાય ॥
એમ મુનિએ કર્યો વિચાર, ત્યારે સ્વામી બોલ્યા કરી પ્યાર ॥૨૦॥
અણતોળ્યા છે આપણા ભાગ્ય, મળ્યાં મૂરતિમાન વૈરાગ્ય ॥
માટે સેવા કરી તેની ઝાઝી, સદ્‌ગુરુને કરીએ રાજી ॥૨૧॥
દેખી મુક્તમુનિ મતવાલો, પછી બોલિયા ધર્મનો લાલો ॥
જોયા ત્યાગી ઘણાં મઠમાંય, મોટા મંદિર ને વનમાંય ॥૨૨॥
કોઈ દંભી સ્વચ્છંદી કપટી, ગયો કોઈકનો ધર્મ મટી ॥
કોઈ કામી અતિ દારાગામી, અભિમાની નિરાકારી વામી ॥૨૩॥
પણ તમ જેવા નહિ ક્યાંય, જેને દેખી દલ હરખાય ॥
એમ કહીને કર્યાં પ્રણામ, મુક્તમુનિ ચરણે સુખધામ ॥૨૪॥
અનંત કોટિ બ્રહ્માંડનો નાથ, રહ્યાં મુક્તમુનિને સંગાથ ॥
પામી પૂરણ સરવે આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ અને નીલકંઠવર્ણીનું મિલન થયું એ નામે ત્રેસઠમું પ્રકરણમ્ ॥૬૩॥

પ્રકરણ : ૬૪

પૂર્વછાયો :

હરિવર વિચરિયા, દેશ પ્રદેશ અનેક ॥
લોક મથી મથી થાકિયાં, પણ રહ્યાં નહિ વિશેક ॥૧॥
દામ વામ દેખાડીને, કર્યાં કામણ અતિ અપાર ॥
તોય નહિ જે પલળ્યા, તે રહ્યાં લોજ મોઝાર ॥૨॥
નિર્મોહી નિર્બંધ જે, પરબ્રહ્મ તે અલૌકિક ॥
મુક્તમુનિ કેરી સાધુતા, દેખીને ઠરિયા ઠીક ॥૩॥

ચોપાઈ :

પછી નીલકંઠ ભલી રીત્યે, કહે સાંભળો સંત સુપ્રીત્યે ॥
તમે જાણો છો સર્વે સિદ્ધાંત, તેથી પૂછું પ્રશ્ન કરી ખાંત ॥૪॥
ત્યારે મુક્તમુનિ બોલ્યા એમ, પૂછો જે જે પૂછવાનું જેમ ॥
ઉત્તર આપીશું મતિ પ્રમાણે, પણ યથાર્થ તો સ્વામી જાણે ॥૫॥
પછી વર્ણી બોલ્યા જોડી હાથ, જીવ ઈશ્વર માયા સંગાથ ॥
બ્રહ્મ પરબ્રહ્મ કેરા લક્ષણ, પાડી વિગત્ય કહો આ ક્ષણ ॥૬॥
ત્યારે મુક્તાનંદજી નિદાન, હૃદિયામાં ધરી ગુરુધ્યાન ॥
કહે સુણો તમે બ્રહ્મચારી, કહું લક્ષણ સર્વે વિચારી ॥૭॥
પ્રથમ જીવ તણાં ગુણ કહું, નિત્ય નિરંશ અખંડ બહુ ॥
સ્થૂળ સૂક્ષ્મ કારણ દેહ, નખશિખમાં વ્યાપિયો તેહ ॥૮॥
અણું થકી પણ ન્યૂન જાણો, વળી અજન્મા તેહ પ્રમાણો ॥
સદા જ્ઞાનવાન સુખકારી, જીવ લક્ષણ જાણજો ભારી ॥૯॥
ત્યાગે પંચભૂત તન પોતે, જાય કારણ શરીર સોતે ॥
જેમ વહ્નિ રહે કાષ્ઠમાંઈ, તેમ દેહમાં રહે છે પુરાઈ ॥૧૦॥
જીવ તણી છે અનેક કોટિ, હોય મૂરખ તે માને ખોટી ॥
ક્ષેત્ર શરીર છે એમ જાણો, જીવ ક્ષેત્રજ્ઞ જ પરમાણો ॥૧૧॥
નિર્વિકાર વળી જ્ઞાનરુપ, અગોચર ચૈતન્યસ્વરૂપ ॥
નથી જરતો મરતો કેદિ, વળી કેદિ શકાય ન ભેદી ॥૧૨॥
નથી બળતો સડતો ક્યારે, નથી કપાતો ક્યારે લગારે ॥
અંતઃકરણ ઇન્દ્રિયું દ્વારે, કરે ક્રિયા વિવિધ પ્રકારે ॥૧૩॥

INDEX

જ્યોતિરૂપ પ્રકાશક ઘણો, સદા સાથ તેને ભૂત તણો ॥
એમ જાણજો જીવનું રૂપ, હવે કહું ઈશ્વર સ્વરૂપ ॥૧૪॥
જેમ જીવ તણાં ત્રણય દેહ, સ્થૂળ સૂક્ષ્મ ને કારણ તેહ ॥
તેમ ઈશ્વરના ત્રણય તનું, હવે ક્રમથી તેહને ભણું ॥૧૫॥
ચૌદ લોક સહિત વૈરાજ, સ્થૂળ સ્વરૂપે છે મહારાજ ॥
સૂક્ષ્મ શરીર રૂપે અમળ, સૂત્ર આત્મા વ્યાપિયો અચળ ॥૧૬॥
ત્રીજો અવ્યાકૃત દેહ જાણો, કારણ શરીર રૂપ પ્રમાણો ॥
સ્થિતિ ઉત્પત્તિ પ્રલય થાયે, તેહ નક્કી ઈશ્વર ઈચ્છાએ ॥૧૭॥
હરિ ભજે છે જીવ જે પ્રીત્યે, કરી માયાને અળગી નિત્યે ॥
તેહ ઈશ્વર થાય જરૂર, તેહ જાણી લિયો તમે ઉર ॥૧૮॥
જીવ તણો જ ઈશ્વર ભેદ, એમ કહે છે પુરાણ વેદ ॥
આવે ઐશ્વર્ય જ્ઞાન અમાપ, ત્યારે ઈશ્વર કહેવાય આપ ॥૧૯॥
નથી જાતાં તે ચોરાસીમાંહિ, સદા રહે નિજ ધામમાંહિ ॥
એમ કહ્યું ઈશ્વર સ્વરૂપ, હવે સુણજો માયાનું રૂપ ॥૨૦॥
જડચિદાત્મક તેને કહીએ, બીજું નામ અવિદ્યા લહીએ ॥
ક્ષેત્ર છે તન ઉત્પત્તિ તણું, અંધકાર અજ્ઞાન છે ઘણું ॥૨૧॥
સામ્ય અવસ્થા ગુણોની જેહ, તેમાં નિર્વિશેષ રહે તેહ ॥
અહં મમત્વ કરાવનારી, માયા નકટી નારી નઠારી ॥૨૨॥
કરે ભ્રમિત જીવની મત્ય, હરિશરણથી થાય જીત્ય ॥
શક્તિ પુરુષોત્તમની કૈયે, સત્વ-રજ-તમમય લૈયે ॥૨૩॥
રહે પ્રકૃતિ પ્રભુ આધીન, પ્રભુ ધારે તો કરે જ લીન ॥
જ્યારે જીવ કરે ધર્મ ત્યાગ, ત્યારે મળે છે માયાને લાગ ॥૨૪॥
એમ જીવ ઈશ્વર સ્વરૂપ, કીધું માયાનું વિવિધ રૂપ ॥
સુણી મોદ પામ્યા અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ જીવ ઈશ્વર અને માયાનું રૂપ કહ્યું એ નામે ચોસઠમું પ્રકરણમ્ ॥૬૪॥

INDEX

પ્રકરણ : ૬૫

પૂર્વછાયો :

જૂજવા રૂપ દેખાડીને, કરી વિગત્ય વારમવાર ॥
જીવ માયા ઈશ્વરનાં, લક્ષણ કીધાં નિરધાર ॥૧॥
મુક્તમુનિ પછી બોલિયા, હવે સુણો વર્ણીરાજ ॥
લક્ષણ બ્રહ્મ વર્ણવી, કહું મોદ આણી અધિરાજ ॥૨॥
નિવાસ તે પરબ્રહ્મનું, સત્ ચિત્ આનંદધામ ॥
કોટિ શશી સૂરજથી, અધિક તેજે અભિરામ ॥૩॥

ચોપાઈ :

શુદ્ધ નિત્ય વિકાર વિહીન, રહે પરબ્રહ્મશું લેલીન ॥
બેઉ સ્વરૂપે રહે હાજર, મૂર્તિમાન અમૂર્ત અજર ॥૪॥
મૂર્તિમાન થકા અનુપમ, સેવે અખંડ તે પરબ્રહ્મ ॥
વળી નિરાકાર રૂપે રહી, કોટિ મુક્ત ધરી રહે સહી ॥૫॥
તેહ મધ્યે શ્રી પૂરણકામ, સદા વિરાજે આનંદધામ ॥
તેને કહે છે અક્ષરધામ, બ્રહ્મમોલ ચિદાકાશ નામ ॥૬॥
જિયાં તેજ તેજનો અંબાર, સર્વે તેજોમય છે આકાર ॥
તિયાં સુખ સુખના દરિયા, મુક્ત અનંત આનંદે ભરિયા ॥૭॥
જીવ માયા ને ઈશ્વર જેહ, તેનું પ્રકાશક જાણો તેહ ॥
સત્ય જ્ઞાન અનંત અમાપ, તેનો કહેવાતો નથી વ્યાપ ॥૮॥
અવિનાશી અવિકારી અતિ, નથી માયાજન્ય ગુણ રતિ ॥
અધોઉર્ધ્વ પ્રમાણ રહિત, તેજ શીતળ શાંત સહિત ॥૯॥
નથી કાળ કર્મ તણું જોર, નથી દિવસ કે રાત્ય ભોર ॥
અધર્મનો નથી જયાં પ્રવેશ, નથી લોભ મોહ ક્રોધ લેશ ॥૧૦॥
એવું કહ્યું મેં લક્ષણ બ્રહ્મ, હવે વરણવું પરબ્રહ્મ ॥
સર્વ કારણના કારણ કહીએ, આનંદમય પ્રકાશક લહીએ ॥૧૧॥
કાળ કર્મ માયાના નિયંતા, સર્વોપરી સદા ગુણવંતા ॥
અતિ અમાપ ઐશ્વર્ય ઘણું, એક રોમમાંહિ કોટિ ગણું ॥૧૨॥
એહ જેવા તે એક સમર્થ, તેની આગે જાણો સહુ વ્યર્થ ॥
નથી અધિક કે તેથી સમ, સ્વામી સહુના છે પરબ્રહ્મ ॥૧૩॥

INDEX

સહુ જીવના અંતરજામી, વળી ધામ તણાં પોતે ધામી ॥
સર્વે જગતના હિતકારી, સહુ દેવમાં દૈવતકારી ॥૧૪॥
સર્વે સાર તણાં તેહ સાર, સર્વે આધારના જે આધાર ॥
તેનાં ભય થકી વાયુ વાય, રવિ તેથી પ્રકાશિત થાય ॥૧૫॥
વળી તેનાં ડરથી ઉદધિ, મેલે નહિ મરજાદ કદી ॥
રવિ શશી ઉડુગણ નિત, ગતિ કરે હંમેશ ઉચિત ॥૧૬॥
સદા સર્વત્ર તે વ્યાપી રહે, શ્રુતિ કર્મફળદાતા કહે ॥
વસે અન્વયે તૃણમાં છેક, નિજધામમાંહિ વ્યતિરેક ॥૧૭॥
કાળના પણ કાળ અચ્યુત, શોભે અનંત સામર્થ્ય જુક્ત ॥
સર્વેશ્વર તે સહુનાં સ્વામી, સર્વ અવતારી બહુનામી ॥૧૮॥
કોટિ મુક્તે સેવ્યા મહારાજ, બ્રહ્મમોલે વસે શિરતાજ ॥
સત્યસંકલ્પ સર્વજ્ઞ એહ, મૂર્તિમાન નિર્લેપ છે તેહ ॥૧૯॥
ક્ષર અક્ષરથી પર સ્વામી, સદા સ્વતંત્ર અંતરજામી ॥
કાળ માયા પ્રધાન સેવક, પુરુષ પ્રકૃતિના છે પ્રેરક ॥૨૦॥
કર્તા થકા અકર્તા મોરારી, આત્મા તણાં આત્મા અઘહારી ॥
અનંત કોટિ બ્રહ્માંડના ઈશ, રહે તેની આગે નામી શીશ ॥૨૧॥
એમ પરબ્રહ્મ જાણો સદા, ધ્યાન કરવા યોગ્ય તેહ સદા ॥
કીધાં ભેદ અનાદિ સ્વરૂપ, વિક્તિ પાડી તેની તદરૂપ ॥૨૨॥
પણ યથાર્થ તો ગુરુદેવ, જાણે સત્ય સઘળું અભેવ ॥
દેખે હસ્તામલક તે આપ, બીજાને દેખાડે નિષ્પાપ ॥૨૩॥
ઉત્તર સુણી એવા મુનિ મુખ, થયું વરણીને અતિ સુખ ॥
સંત જાણે તત્વને સચોટ, સાધુતામાં નથી કાંઈ ખોટ ॥૨૪॥
વળી શુદ્ધ ભક્તિ કેરી રીત, દીસે સંતમાં અતિ પુનિત ॥
એમ જાણીને કર્યો નિવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ બ્રહ્મ અને પરબ્રહ્મનું સ્વરૂપ કહ્યું એ નામે પાંસઠમું પ્રકરણમ્ ॥૬૫॥

પ્રકરણ : ૬૬

પૂર્વછાયો :

સરળ ચિત્ત સ્વભાવનો, વળી મતિ નિરમળ અંગ ॥
પરસ્પર રહે એકતા, નિત નવલો ચડતો રંગ ॥૧॥
ઉત્તર સાંભળી વરણી, શ્રીમહામુનિના મુખશું ॥
અંતર આનંદ પામિયા, પછી બોલ્યા ધરીને નેહશું ॥૨॥
તમ જેવા દેખ્યા નહિ, સકળ પૃથ્વિ મોઝાર ॥
જથારથ ઉત્તર કર્યા, તે માન્યું અમે નિરધાર ॥૩॥

ચોપાઈ :

અમે વિચર્યા તીર્થ તમામ, જોયા બહુ મોટા મોટા ધામ ॥
વળી જોયા ત્યાગી મઠમાંય, મોટા મંદિર ને વનમાંય ॥૪॥
મળ્યાં સંત મહંત મહાન, જયોતિષી પુરાણી વિદ્વાન ॥
કોઈ દંભી સ્વચ્છંદી પાખંડી, ગયો કોઈકનો ધર્મ મટી ॥૫॥
રાખે ખડગ ચીપિયા ધોકા, કોઈ રાખે અફીણ ને હોકા ॥
વળી કામી અતિ દારાગામી, અભિમાની નિરાકારી વામી ॥૬॥
તેને લાગીને પ્રેમથી પાય, પાંચ ભેદ હું પૂછતો ત્યાંય ॥
કોઈ સાંભળીને શરમાતા, કોઈ ક્રોધે કરી કરમાતા ॥૭॥
કોઈ અવળો ઉત્તર દેતા, કરી મશ્કરી ને મુન્ય રહેતા ॥
મુને છોટી ઉંમરનો જાણી, કરતાં અપમાન ક્રોધ આણી ॥૮॥
મતિ વિદ્વાનની ઘણી જોઈ, પણ આવાં દીઠાં નહિ કોઈ ॥
જોયું સર્વે તીરથમાં જયાંય, પણ તવ તુલ્ય નહિ ક્યાંય ॥૯॥
સાધુતાના જે સરવે ગુણ, દિશે તમ વિશે તે અક્ષુણ્ણ ॥
દેખ્યા બીજે ઘણાં ભેખધારી, પણ ઈયાની રીત છે ન્યારી ॥૧૦॥
દીસે આંહિ જ ઉત્તમ ધર્મ, નથી લેશ કળિ કે અધર્મ ॥
સહુ સંતના નિર્મળ ચિત્ત, નથી પંચવિષયમાં પ્રીત ॥૧૧॥
ભલી ભક્તિ પ્રભુની અતોળ્ય, રહે એમાં સદા ઓળઘોળ્ય ॥
સદાચારી વાણી ને વર્તન, દેખી ચકિત થયો હું મન ॥૧૨॥
સહુ સંકલ્પ થયાં વિરામ, ધન્ય ધન્ય છો બુદ્ધિના ધામ ॥
દીઠો આવો મેં આશ્રમ આજ, દીઠો રૂડો સાધુનો સમાજ ॥૧૩॥

INDEX

નાના મોટા રાખે મરજાદ, નથી લેશ આળસ પ્રમાદ ॥
હશે દૈવી જીવ જગમાંહિ, નક્કી આવશે ખેંચાઈ આંહિ ॥૧૪॥
સહુ પારખી ક્રિયા વર્તન, મુને રહ્યાંનું થાય છે મન ॥
વળી દેખી મુક્તાનંદ સ્વામી, મારી જાતરા પૂરણ પામી ॥૧૫॥
નક્કી હશે પ્રતાપી તમારાં, સદ્‌ગુરુ ભવ તારનારા ॥
એહ વિના બને નહિ વાત, હશે હરિ સમાન સાક્ષાત ॥૧૬॥
અહો ધન્ય ધન્ય ભાગ્ય મારા, પામ્યો દર્શન આજ તમારાં ॥
થયાં સાધન સુફળ આજ, કરવું રહ્યું કાંઈ નવ કાજ ॥૧૭॥
હવે રાખો તેમ હું રહીશ, સર્વે સંતની સેવા કરીશ ॥
માટે કૃપા કરી મુનિરાજ, તમ પાસે રાખો મુને આજ ॥૧૮॥
સુણી વાણી વરણીની તેહ, મુક્તમુનિને ઉભર્યો સ્નેહ ॥
રહે આંહિ જો જગદાધાર, ત્યારે ભાગ્ય તણો નહિ પાર ॥૧૯॥
પછી બોલ્યા નીલકંઠ પ્રતિ, સુણો વર્ણી સુજાણ સુમતિ ॥
અમે જોયા જોગંદર બહુ, બ્રહ્મચારી જટાધારી સહુ ॥૨૦॥
પણ દીઠાં નહિ તમ જેવા, પૂછી ઉત્તર સમજે તેવા ॥
અતિ દુર્લભ દર્શ તમારું, ભાગ્ય ઉદય થયું અમારું ॥૨૧॥
થયું હેત બહુનામી ઘણું, તે હું મુખે કહી કેમ ભણું ॥
માટે કૃપા કરી યોગીરાજ, આપ રોકાઓ હે મહારાજ ॥૨૨॥
અમે શુદ્ધ સેવ્યા ગુરુરાજ, તેથી મળ્યાં તમે વર્ણીરાજ ॥
થોડે પુણ્યે મળવું ન હોય, સત્ય વાત હું સમજુ સોય ॥૨૩॥
એમ કહેતાં થયું મન સ્થિર, આવ્યાં નેણમાં ભરાઈ નીર ॥
હૈયું ઊભરાણુ હેતમાંય, મુનિ બોલી શક્યા નવ કાંય ॥૨૪॥
વાધ્યો પરસ્પર નેહ ઘણો, મુક્તાનંદને મોહન તણો ॥
પછી પ્રભુએ કર્યો છે વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે નીલકંઠ વર્ણી મુક્તમુનિની સાધુતા જોઈ આશ્રમમાં રોકાયા એ નામે છાસઠમું પ્રકરણમ્ ॥૬૬॥

પ્રકરણ : ૬૭

પૂર્વછાયો :

રહ્યાં ન મઠ મંદિરમાં, કે રાજવીઓને મોલ ॥
આવી ઠર્યા તે લોજમાં, દેખી મુક્તમુનિ અણમોલ ॥૧॥
ગુફા ગેહરી ટેકરી, વળી વિચરિયા ઘણું વન ॥
પણ મળી મુક્તાનંદને, થયાં અંતરમાં પરસન ॥૨॥
પછી પ્રભુજી બોલિયા, મુક્તાનંદજી મહારાજ ॥
સંભળાવો હવે નેહથી, થઈ મન મગન આજ ॥૩॥

ચોપાઈ :

આપ છો આટલા નિરમાની, ત્યારે ગુરુ હશે કેવા જ્ઞાની ॥
તેથી મળવું અમારે સદ્ય, કિયાં બિરાજે છે તેહ અદ્ય ॥૪॥
મુક્તમુનિ કહે બ્રહ્મચારી, કહું વાત હવે તેહ સારી ॥
સદ્‌ગુરુ રામાનંદ જેહ, અવતાર ઈશ્વરનો તેહ ॥૫॥
તેનું આખ્યાન કહું અનુપ, જન મનને તે સુખરૂપ ॥
સત્યવાદી અને વિદ્યાવાન, પાપરહિત તે ગુણવાન ॥૬॥
રહે અવધપુરી મોઝાર, અતિ પવિત્ર દ્વિજ ઉદાર ॥
પ્રભુપરાયણ અભિરામ, રૂડું અજય તેહનું નામ ॥૭॥
વળી સુમતિ તેહની નાર, શુદ્ધ પતિવ્રતા પાળનાર ॥
શાખા આશ્વાલયની પુનિત, ઋગવેદ તણી છે ખચિત ॥૮॥
ગોત્ર કશ્યપ તેનું પ્રમાણો, ઊંચા કુળ આચારને જાણો ॥
સંવત સત્તાર પંચાણું વિષે, ગોકુળ આઠમ દન અતિશે ॥૯॥
રૂડો ધર્યો ઉદ્ધવ અવતાર, લઈ મનુષ્ય દેહ આ વાર ॥
ખૂબ વધામણી કરી ઘેર, ગાયા મંગળિયાં મુદભેર ॥૧૦॥
વિપ્ર તેડાવીને નિજધામ, ધાર્યું નામ તેહનું શ્રીરામ ॥
આપ્યા અન્ન ધન દાન સુખ, ભાંગી બ્રાહ્મણની સહુ ભૂખ ॥૧૧॥
નિજ સુતને નીરખી માત, થાય અંતરમાં રળિયાત ॥
લાડ લડાવે હરખી મન, એમ મોટા થયાં થોડે દન ॥૧૨॥
આઠ વર્ષે આપી છે જનોઈ, ભલી યજ્ઞવિધિ કરી સોઈ ॥
પછી પ્રભુમાં લાગિયું મન, ઉદાસીન રહે નિશદન ॥૧૩॥

INDEX

વેદ ભણવાનું મિષ લઈ, યાત્રા કરવાની વાત કહી ॥
મેલી રામ સઘળો સંસાર, આવ્યાં પશ્ચિમે પોત્યે ઉદાર ॥૧૪॥
આવ્યાં તીરથ તળાજે ગામ, કર્યો તિયાં થોડો વિશરામ ॥
વિદ્યા ભણ્યા કાશીરામ પાસે, શાસ્ત્ર શીખવાની અભિલાષે ॥૧૫॥
તિયાં થકી ચાલીને દયાળ, રૈવતાચળ આવ્યાં મરાળ ॥
મળ્યાં તિયાં મુનિ આત્માનંદ, રહે સમાધિએ સુખકંદ ॥૧૬॥
પણ ઉપાસી તે નિરાકાર, જાણી ત્યાગ કર્યો તેહ વાર ॥
ત્યાંથી આવિયાં શ્રીરંગ વિષે, કરતાં ભક્તિ હરિની અતિશે ॥૧૭॥
કરી શાસ્ત્રનો ઘણો અભ્યાસ, કથા કીર્તન કરે હુલાસ ॥
રામાનુજના ચરિત્ર ગાઈ, હૈયે સદા રહે ઉભરાઈ ॥૧૮॥
આવ્યે ચૈત્ર પંચમીને દન, રામાનુજે થઈ પરસન ॥
દીક્ષા દીધી સ્વપને પુનિત, ધન્ય ધન્ય થયાં તે અજિત ॥૧૯॥
પણ આવી ઉપાધિ તે સ્થાન, તેથી આવ્યાં પ્રયાગ નિદાન ॥
તિયાં મતવાદી જીત્યા સહુ, કર્યાં શિષ્ય રૂડાં નિજ બહુ ॥૨૦॥
આવ્યાં તે થકી ગુર્જર દેશ, ઘણાં વિચરિયા પરદેશ ॥
થાપ્યો ઉદ્ધવીય સંપ્રદાય, વાધ્યો ભક્ત તણો સમુદાય ॥૨૧॥
હતો અધર્મ જે જગમાંઈ, વાસ કરી રહ્યો'તો છપાઈ ॥
તેનાં જડમૂળ સૂધા કાપી, રૂડી એકાંતિક રીત્ય સ્થાપી ॥૨૨॥
ગૃહી ત્યાગી અને નરનાર, આજ ઉદ્ધારિયા છે અપાર ॥
એવું સ્વામીનું ચરિત્ર જેહ, કહ્યું પવિત્ર તમને તેહ ॥૨૩॥
હાલ ભુજ વસે કૃપાનાથ, સર્વે સંત ભક્તને સંગાથ ॥
થોડે દન આવશે જરૂર, દેશે અલૌકિક આનંદ ઉર ॥૨૪॥
કીધું રામાનંદનું આખ્યાન, મહામુનિએ એમ નિદાન ॥
હવે પછીની વાત ઉજાશ, કરશે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ રામાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું એ નામે સડસઠમું પ્રકરણમ્ ॥૬૭॥

INDEX

પ્રકરણ : ૬૮

પૂર્વછાયો :

જન સહુ હવે સાંભળો, કહું ત્યાર પછીની વાત ॥
માંહોમાંહિ પ્રેમે મળી, થયાં વર્ણી મુનિ રળિયાત ॥૧॥
પછી સ્નેહે શ્યામળો, વાલપ્યે બોલ્યા વેણ ॥
નીરખી હરખી હાથ જોડી, વચન તે સુખદેણ ॥૨॥
મુને રામાનંદની, થઈ સ્મૃતિ તે સાક્ષાત ॥
માતતાતે બાળપણમાં, જે કહી'તી અનુપ વાત ॥૩॥

ચોપાઈ :

માટે મુક્તમુનિ સુખકારી, હવે એક જ આશ તમારી ॥
બની આપનો દાસાનુદાસ, રહું આજથી આપની પાસ ॥૪॥
નીચી ટેલ્ય મળે નાની મોટી, સર્વે કરીશ તે દોટી દોટી ॥
મેલી આપનો જોગ પવિત્ર, નથી જાવું મારે ક્યાંય ઈત્ર ॥૫॥
પછી બોલ્યા મુક્તમુનિ વાણ, પ્રાણજીવન પ્રતિ સુજાણ ॥
રહો પ્રેમથી જગદાધાર, નિજઘર માની નિરધાર ॥૬॥
સહુ સંત જે આશ્રમવાસી, તવ દર્શન સુખના પ્યાસી ॥
જેમ લોહ ખેંચે કરી તાણ, હોય મોટો જે ચમકપાણ ॥૭॥
તેમ સંતની સઘળી વરતિ, આવી ઠરીને આપ મૂરતિ ॥
થયો આનંદ ઉરમાં ભારી, તવ દર્શનથી સુખકારી ॥૮॥
એમ કોટિ બ્રહ્માંડનો નાથ, વેદ ગાય જેની નેતિ ગાથ ॥
પૂરણબ્રહ્મ જે સર્વાવતારી, નિજજનને આનંદકારી ॥૯॥
પોત્યે પુરુષોત્તમ શ્રીહરિ, આવ્યાં ભૂમંડળે દેહ ધરી ॥
સાત વર્ષ તે વન મોઝાર, સાચા સંત શોધ્યા ઘણી વાર ॥૧૦॥
પણ મળ્યાં મુક્તમુનિ જ્યારે, થયો પૂરણ પ્રવાસ ત્યારે ॥
દેખી સાધુતાની સહુ રીત, સદ્‌ગુણ શ્રેષ્ઠ અગણિત ॥૧૧॥
પછી વર્ણીરાજ થઈ સ્થિર, રહ્યાં લોજ આશ્રમ સુધીર ॥
સુંદર શ્યામળિયો અલબેલ, રાજી થયાં રંગભીનો છેલ ॥૧૨॥
પછી મુક્તમુનિ મોદ લાવી, સાધુ ભંડારમાંથી તેડાવી ॥
કહ્યું વર્ણી છે આજ મહેમાન, તેનું કરીએ ઘણું સન્માન ॥૧૩॥

INDEX

સીધું સામાન સરવે જોઈ, મેલો આંધણ કરવા રસોઈ ॥
કરો શીરો નંખાવી સાકર, નાંખી ઘૃત તેમાં મુદભર ॥૧૪॥
લઈ આગન્યા સ્વામીની શિર, કર્યા વિના વિલંબ લગીર ॥
ફૂલી મનમાં અતિ હરખાતા, કર્યો શીરો પ્રભુ સંભારતા ॥૧૫॥
સહુ રસોઈ પૂરણ થઈ, ત્યારે સ્વામી આવ્યાં વર્ણી લઈ ॥
લેવા ભોજન સર્વે સંગાથ, બેઠા સ્વામી આગે સ્વામીનાથ ॥૧૬॥
હૈયે આનંદ વાધ્યો અપાર, પ્રેમપૂર આવ્યું તેહ વાર ॥
ખૂબ ભાવથી જોગી જમાડ્યા, વળી સંતને મોદ પમાડ્યા ॥૧૭॥
જ્યારે જમ્યા વર્ણી ને મુનીશ, ત્યારે વ્યોમે આવ્યાં સહુ ઈશ ॥
સંત પંગતના દર્શ કીધાં, પછી દલમાં ઉતારી લીધાં ॥૧૮॥
નાનાવિધ પુષ્પ લઈ સહુ, પ્રેમે વધાવે છે પોત્યે બહુ ॥
ધન્ય ધન્ય થયાં મુક્તવૃંદ, પામી અતોલ દિવ્ય આનંદ ॥૧૯॥
એમ જમાડી જગદાધાર, સર્વે રાજી થયાં સંતસાર ॥
પછી સંત સાથે બેસી હરિ, કરે ગોઠડી વિવેકભરી ॥૨૦॥
કરે વાતું વાલો જેમ જેમ, હેત સંતને વાધે છે તેમ ॥
ક્યારે સંતને પૂછે દયાળ, ક્યારે પૂછે વર્ણીને મરાળ ॥૨૧॥
પ્રાકૃત ભાષા તણો પ્રશ્ન હોય, કે વળી ગીર્વાણ જરૂર સોય ॥
માંહોમાંહિ ચાલે તર્ક ઝડી, વીતે એમ તિયાં ઘણી ઘડી ॥૨૨॥
હતાં તેમાં જે શિયાણા[1] સંત, જેને પ્રભુમાં પ્રીત અત્યંત ॥
તે તો વર્ણી તણી રીત જોઈ, કેદિ શંક ન કરતાં કોઈ ॥૨૩॥
નિત્ય થાય કથા જ્યારે જ્યારે, વર્ણી આવે છે સુણવાં ત્યારે ॥
મુક્તમુનિ જે કહે વચન, કરે તેહ પ્રમાણે જીવન ॥૨૪॥
લીધાં નેમ કેદિ નવ મૂકે, ધર્મ નિયમ પણ ન ચૂકે ॥
રાખે સ્વામી વિષે વિશ્વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ નીલકંઠ વર્ણીને શીરો જમાડ્યો એ નામે અડસઠમું પ્રકરણમ્ ॥૬૮॥

---

૧. ડાહ્યા

પ્રકરણ : ૬૯

પૂર્વછાયો :

દાસાનુદાસ થઈ પ્રભુ, ખરે મને સેવે સંત ॥
રહે લેલીન સત્સંગમાં, તપ પરાયણ અત્યંત ॥૧॥
જેમ મિસરી પયમાં, મળતા પળમાં ઓગળે ॥
તેમ મુનિના મન સહુ, જોગી તણાં મનમાં ભળે ॥૨॥
મુક્તમુનિ સંગ નેહશું, બાંધી બાલાજોગીએ પ્રીત્ય ॥
કથા કીર્તન ઓચ્છવે, રહે સ્વામી સંગાથે નિત્ય ॥૩॥

ચોપાઈ :

હવે કહું એક રૂડી વાત, બની લોજપુરે જે સાક્ષાત ॥
એક સમામાંહિ વર્ણીરાજ, બેઠા ધ્યાન કરવાને કાજ ॥૪॥
રાખી દ્રષ્ટિ નાસાગ્રે સ્થિર, બેઠા પદ્માસને મહાધીર ॥
ધરે ધ્યાન બ્રહ્માંડનો નાથ, મેલી જાનું ઉપર બે હાથ ॥૫॥
એવી મૂર્તિ દેખીને ઉદાર, મુક્તમુનિ બોલ્યા તેહ વાર ॥
સુણો જોગીરાજ પરમેશ, જીવ ઈશ્વર તણાં દિનેશ ॥૬॥
કોનું ધ્યાન કરો તમે નિત, શાંત સ્વભાવ ને એકચિત્ત ॥
કૃપા કરી કૃપાનાથ તેહ, સંભળાવો મુને આજ એહ ॥૭॥
ત્યારે જોગી બોલ્યા કરભામી, વાત સાંભળો સઘળી સ્વામી ॥
રાધા રમા આદિના જે વર, કોટિ ઈશ્વરના ઈશ્વર ॥૮॥
અજ ભવ તણાં જેહ દેવ, મોટા મુનિ ઈચ્છે તેની સેવ ॥
સર્વે અવતારના ધરનાર, સદા બ્રહ્મમોલે રહેનાર ॥૯॥
એવાં અનાદિ શ્રીકૃષ્ણદેવ, પરબ્રહ્મ પૂરણ અભેવ ॥
તેનું ધ્યાન કરું આઠો જામ, નિત્ય સમરું પવિત્રા નામ ॥૧૦॥
એહ વિના નથી બીજે મત્ય, નથી જીવોને તે વિના ગત્ય ॥
એમ નિજસ્વરૂપ સમજાવી, કહ્યું સ્વામી પાસે મોદ લાવી ॥૧૧॥
પછી રાજી થઈ મુક્તાનંદ, બોલ્યા સાંભળો હે સુખકંદ ॥
ગુરુ કૃપા થકી અમે આજ, કૃષ્ણ મૂર્તિમાન મહારાજ ॥૧૨॥
દેખીએ છીએ સ્વયં સાક્ષાત, અખંડ અવિનાશી દિનરાત ॥
ગુરુ જાણો તે રામાનંદજી, કૈંક સિદ્ધ થયાં તેને ભજી ॥૧૩॥

એ છે ઉદ્ધવનો અવતાર, મુમુક્ષુ જનને તારનાર ॥
તેની કૃપા થકી સહુ જન, દેખે સમાધિએ ભગવન ॥૧૪॥
નથી ન્યૂન મુજ થકી અણું, મારા આતમા ઉદ્ધવ ગણું ॥
એમ શ્રી ભાગવતે વચન, બોલ્યા સ્વયં મધુસુદન ॥૧૫॥
શ્રી કૃષ્ણ એજ શ્રી રામાનંદ, આવ્યાં ભૂ પર તે જગવંદ ॥
કરવા અનેક જીવના કાજ, વિચરે દયાળુ મહારાજ ॥૧૬॥
તેની કૃપા થકી જોગીરાજ, પામ્યા સાધુતા સંત સમાજ ॥
તેને પ્રભુ પ્રકટ સ્વરૂપ, જાણી સેવીએ છીએ અનુપ ॥૧૭॥
માટે જાણો મોટા અવતાર, સ્વામી રામાનંદ નિરધાર ॥
સુણી મુનિ તણાં શુભ વેણ, થયાં પ્રસન્ન રાજીવનેણ ॥૧૮॥
પછી બોલ્યા બહુનામી એમ, જેમ કહેશો હું કરીશ તેમ ॥
મુને જાણજયો આપનો કરી, સદા રહીશ તમને વરી ॥૧૯॥
સદ્ય સ્વામીને મળવું મારે, રહ્યો ભાવ ઘણો હવે ભારે ॥
માટે તેનાં કરજો ઉપાય, જેથી દર્શન સ્વામીનું થાય ॥૨૦॥
ત્યારે મુક્તમુનિ કહે સારું, થશે સત્ય વચન તમારું ॥
હાલ સ્વામી છે ભુજનગર, ઘણાં સંત સંગે મુદભર ॥૨૧॥
વિચરણ કરી ગામોગામ, સત્સંગ સ્થાપી અભિરામ ॥
આંહિ આવશે દયાળુ જયારે, નક્કી મળશે તમને ત્યારે ॥૨૨॥
માટે જવાનો કરો ન ઘાટ, જુઓ સ્વામી પધાર્યાની વાટ ॥
થોડા સમામાંહિ સ્વામી તણું, થશે દર્શન સહુને ઘણું ॥૨૩॥
એમ આલી હૈયામાંહિ ધીર, બોલ્યા મુક્તમુનિ ગુણવીર ॥
પછી સાંભળી હેત વચન, રહ્યાં લોજમાં વરણી મગન ॥૨૪॥
ઝીલી આગન્યા સ્વામીની સહુ, કરે સેવા સત્સંગ બહુ ॥
નવ થયાં પછી તે ઉદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ વર્ણીને રામાનંદ સ્વામીનો મહિમા કહ્યો એ નામે ઓગણસિત્તેરમું પ્રકરણમ્ ॥૬૯॥

પ્રકરણ : ૭૦

પૂર્વછાયો :

એમ દોય દિન ગયે, આવ્યો ગોકુળ આઠમ દન ॥
દેશોદેશથી જન મળી, આવ્યાં લોજ સહુ મગન ॥૧॥
શેરી ચોક સજાવિયા, બાંધ્યા તરિયા તોરણ દ્વાર ॥
રૂડાં વિધવિધ સ્વાદના, ભોજન કર્યાં અપાર ॥૨॥
ગાયા કીર્તન પ્રેમશું, વાજાં વગડાવી ચહુકોર ॥
હરિ ઝુલાવી હરખે, ઓચ્છવ કર્યો બહુજોર ॥૩॥

ચોપાઈ :

તેહ સમે ગામમાંહિ ખાસ, રૂડો ચાલતો ચાતુરમાસ ॥
તેમાં રામચરિતની કથા, સહુ જનની ટાળતી વ્યથા ॥૪॥
ગ્રામવાસી આગ્રહ કરીને, મુક્તમુનિ ચરણે પડીને ॥
કથા કરાવતા સ્વામી પાસ, મન આણી અધિક હુલાસ ॥૫॥
શેઠ જીવરાજ તણે ડેલે, જન આવતા સુણવા વહેલે ॥
સ્વામી કથા કરતાં નેહથી, બહુ સમાસ થતો તેહથી ॥૬॥
થઈ એક દિવસની વાત, સહુ સાંભળજો રળિયાત ॥
મુક્તમુનિએ થઈ પ્રસન્ન, કહ્યું નીલકંઠને વચન ॥૭॥
આવો કથા સુણવા આ સમે, રૂડી રામચરિતની તમે ॥
પછી પ્રભુ થઈને તૈયાર, ગયાં સ્વામી સંગાથે તે વાર ॥૮॥
સભામાંહિ આવી બેઠા શ્યામ, વાણી સાંભળવા સુખધામ ॥
ધરી દ્રષ્ટિ નાસિકા ઉપર, ફેરે માળા લઈ નિજ કર ॥૯॥
પાડી વિગતિ અતિ સુંદર, વાંચે કથા સ્વામી મુદભર ॥
પણ ભેળા બેસી નરનાર, કથા સાંભળતા નિરધાર ॥૧૦॥
આવી ત્યાગી ગૃહી કેરી રીત્ય, જોગીરાજે દીઠી વિપરીત્ય ॥
તેથી મૂંઝાઈ મનમાં ઘણું, નક્કી કર્યું શીખ દેવા તણું ॥૧૧॥
કથા પૂરી થયે તતકાળ, આવ્યાં આશ્રમમાંહિ ગોપાળ ॥
મીંચી લોચન લઈ એકાંત, બેઠા હૃદે કરે કલ્પાંત ॥૧૨॥
કરે વાત ભેળા મળી સંત, શીદ ઉદાસી છે ભગવંત ॥
રહે પ્રસન્ન જે આઠો જામ, તેનું હાસ ગયું કિયે ઠામ ॥૧૩॥

INDEX

માંહોમાંહિ કરી એવી વાત, આવ્યાં સ્વામી આગળ સાક્ષાત ॥
કરભામી કીધું વરતંત, નીલકંઠ તણું તે અત્યંત ॥૧૪॥
સુણી વાત મરાળની એમ, મુક્તમુનિએ વિચાર્યું તેમ ॥
સુણ્યું શ્રવણે રામચરિત, સાંભરી અવધપુરી પુનિત ॥૧૫॥
તેથી દુઃખી હશે દામોદર, સ્મૃતિ થયું હશે નિજઘર ॥
માતપિતા ને ભાઈ ભોજાઈ, યાદ આવિયાં દલમાં કાંઈ ॥૧૬॥
પણ વળતો કર્યો વિચાર, જેને નથી જગતમાં પ્યાર ॥
તેને સગાં સનેહી ભવન, આવે યાદ કેમ કોઈ દન ॥૧૭॥
માટે જાણવું મારે અવશ્ય, હોય સઘળું જેહ રહસ્ય ॥
એમ વિચારીને પછી સ્વામી, આવી બેઠા જિયાં હતાં ધામી ॥૧૮॥
કરી નમસ્કાર કરજોડી, બોલ્યા વાણી નિરમળ થોડી ॥
કેમ બેઠા વર્ણીરાજ આંય, ત્યાં તો જોગી ઊઠ્યા નમી પાય ॥૧૯॥
મુનિ આવ્યાં જાણીને ભૂધર, તજી આસન બેઠા ભૂ પર ॥
સ્વામી મુક્તાનંદ બોલ્યા એમ, આજ થયાં છો ઉદાસ કેમ ॥૨૦॥
મુખચંદ હસતું સદાય, કેમ દીસે આવું કરમાય ॥
કહો નચિંત થઈને વાત, જેમ હોય તેમ જ સાક્ષાત ॥૨૧॥
કાંઈ કસર જો દેહમાંય, હોય નાની મોટી જો જરાય ॥
તૈયે નાડી દેખી સૂધી સારી, કહી દેખાડું સહુ બીમારી ॥૨૨॥
માટે કહો તમે જોગીરાજ, વાત રહસ્યની તમે આજ ॥
પછી કરીને મૌનનો ભંગ, બોલ્યા શ્યામળો સ્વામીને સંગ ॥૨૩॥
નથી દૈહિક સુખનો ઘાટ, સગાં સ્નેહીનો નથી ઉચાટ ॥
જન્મભૂમિ કેરી સ્મૃતિ પણ, નથી આવી અંતરે આ ક્ષણ ॥૨૪॥
ત્યારે સ્વામી કરે છે વિચાર, તો હશે દુઃખી કેમ મોરાર ॥
ક્યારે આવશે જોગીનું હાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે બાઈ-ભાઈની ભેગી સભા જોઈ નીલકંઠવર્ણી ઉદાસ થયાં એ નામે સિત્તેરમું પ્રકરણમ્ ॥૭૦॥

પ્રકરણ : ૭૧

પૂર્વછાયો :

પછી પ્રભુજી બોલિયા, સ્વામી સાંભળજો નિદાન ॥
પ્રશ્ન રહ્યો મુજ અંતરે, તેનું કરજ્યો સમાધાન ॥૧॥
વ્રત તણો રાજા વડો, કહો કોણ છે જગમાંય ॥
સિદ્ધ થયે તે વ્રતથી, જાણો સાધન થયાં પૂરાય ॥૨॥
મુક્તમુનિ પછી બોલિયા, એવું બ્રહ્મચર્ય તે એક ॥
તેહ સમ વ્રતમાં બીજું, જાણો નથી જરાય વિશેક ॥૩॥

ચોપાઈ :

ઉત્તર સુણી તર્ત મુનિમુખ, થયું વરણીને ઘણું સુખ ॥
સત્ય વાત કીધી સારધાર, નથી અસત્ય એમાં લગાર ॥૪॥
શુદ્ધ બ્રહ્મચર્ય એમ પળે, જ્યારે વાસના મનની ગળે ॥
લાગે નારીસંગની જો આગ, થાય જરૂર વ્રતનો ત્યાગ ॥૫॥
નર પાવક સ્વરૂપ જાણો, નારી ઘૃતરૂપી પરમાણો ॥
થાશે સંયોગ દોયનો જ્યારે, થાશે વ્રતનો વિનાશ ત્યારે ॥૬॥
મીટ માંડી જો નીરખે નારી, વળી સ્પર્શ કરે કોઈ વારી ॥
ત્યારે ચિત્ત વિહ્વળ જ થાય, ભૂંડા ઘાટથી મન ડોળાય ॥૭॥
પીવે મદિરા જો કોઈ જન, મદ માંય નહિ તેને તન ॥
તેમ નારી જો નીરખે નેણે, તેનું ભાન રહે નહિ વેણે ॥૮॥
દવદારૂ ભેળા થયે જેમ, થાય નારી ને નરનું તેમ ॥
લોહ ચળે ચમકને સંગ, તેમ નરનારીનો પ્રસંગ ॥૯॥
વળી નારી નહાવાનું સ્થળ, તિયાં રહેવું નહિ એક પળ ॥
ચિત્ર કાષ્ઠ કેરી જે સુંદરી, તેને જોવી નહિ દ્રગ ભરી ॥૧૦॥
હોય વાટે જો નારી એકલી, તિયાં જાવું નહિ લાજ મેલી ॥
પટ નારીએ પહેરેલા હોય, તેનો સ્પર્શ કરવો નવ સોય ॥૧૧॥
એહ આદિ જે નારી પ્રસંગ, કોઈ રાખશે નર જે અંગ ॥
તેતો થશે જરૂર ખુંવાર, શુદ્ધ રહેશે નહિ કોઈ વાર ॥૧૨॥
જે જે થયાં પૂર્વે સહુ સારા, ખરા કલ્યાણના કરનારા ॥
તેણે રાખ્યું બ્રહ્મચર્ય અંગ, તેથી નવ થયો તેનો ભંગ ॥૧૩॥

INDEX

કામ શત્રુ છે મોટો અજિત, સહુ જનનું ભ્રમાવે ચિત્ત ॥
નરનારી તણું નહોતું ભાન, તેનું પણ ગયું સહુ જ્ઞાન ॥૧૪॥
માટે ખરા જે પ્રભુના દાસ, તેને કામનો કરવો નાશ ॥
તેહ સાધ્યે સધાય છે સહુ, તેહ વિણ વ્યર્થ બીજું બહુ ॥૧૫॥
એમ વાત બહુવિધિ કરી, પછી બોલિયા શ્રીહરિ ફરી ॥
સ્વામી સઘળું જાણો છો આપ, આપ સંત દીસો નિષ્પાપ ॥૧૬॥
શીદ રીતિ ચાલે આંહિ આમ, સુણે ભેગા બેસી નરવામ ॥
જેવું તમારું છે શુદ્ધ મન, નથી એવું બીજાનું પાવન ॥૧૭॥
માટે સભા કરો જુદી જુદી, કરું એટલી હું કાકલૂદી ॥
ત્યારે મુક્તમુનિ બોલ્યા વાણ્ય, તમે સાંભળો હે સુખખાણ ॥૧૮॥
સર્વે વાત કહી સત્ય તમે, કરશું આજ કેડ્યે હવે અમે ॥
નહિ પડે એમાં લવ ફેર, સહુ આચરશે મુદભેર ॥૧૯॥
વળી ગુરુદેવ કૃપા થકી, હું છું અષ્ટધા નૈષ્ઠિક નક્કી ॥
માટે કરશું જો આવી રીત, જન થાશે જરૂર પુનિત ॥૨૦॥
વળી રાજી થાશે રામાનંદ, સદ્‌ગુરુ ખરા સુખકંદ ॥
હવે મૂકો સઘળી ઉદાસી, રહો તનમનમાં હુલાસી ॥૨૧॥
ત્યારે હરિવર હસી ત્યાંય, પડ્યાં મુક્તમુનિ તણે પાય ॥
લીધાં સ્વામીએ વરણી ઝાલી, પછી ભેટિયા બાથમાં ઘાલી ॥૨૨॥
પછી સભામાંહિ બીજે દન, બોલ્યા સ્વામી થઈ પરસન ॥
શીલવ્રત લેજો સહુ સાધી, તે વિના ટળે નહિ ઉપાધિ ॥૨૩॥
આજ છેલ્લા સુણો રામ રામ, ચાલશે નહિ કાલથી આમ ॥
જુદી સભામાંહિ બાઈભાઈ, સહુ આવીને બેસજો આંઈ ॥૨૪॥
એમ રીત રૂડી વરતાવી, મુક્તમુનિએ વાત કહાવી ॥
ત્યારે હરિ થયાં છે હુલાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્‌ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે નીલકંઠવર્ણીએ બાઈ-ભાઈની સભા અલગ કરી એ નામે એકોતેરમું પ્રકરણમ્‌ ॥૭૧॥

પ્રકરણ : ૭૨

પૂર્વછાયો :

અહો અલૌકિક રીતડી, નોતી દીઠી સાંભળી ક્યાંય ॥
પ્રભુએ તેહ પ્રવર્તાવી, પ્રારંભ કરી લોજમાંય ॥૧॥
વળી વાત અતોળ જે, મુક્તમુનિ તણી સાક્ષાત ॥
આવેલ જે આજકાલના, કહે તેમ કરે રળિયાત ॥૨॥
જોગી પણ પોત્યે પ્રભુ, રહે આગન્યામાં અપાર ॥
જેમ જેમ સ્વામી કહે, માને વચન તે ઉદાર ॥૩॥

ચોપાઈ :

હવે સાંભળજો એક વાત, લોજ આશ્રમ તણી વિખ્યાત ॥
જિયાં હતો સાધુનો ભંડારો, રૂડી રસોઈ કરવા સારો ॥૪॥
તેની પાસે હતું એક ઘર, કાના વાળંદ કેરું સુંદર ॥
દોય ઘરની પછીત એક, નોતી જુદી જુદી તે વિશેક ॥૫॥
તિયાં હતો નાનકડો ગોખ, લેવા દેવા ધાન ઘઉં ચોખ ॥
દેતા દીવો કે દેવતા ત્યાંય, હોય જરૂર જો ઘરમાંય ॥૬॥
હોય વધ્યું સદાવ્રતમાંહિ, તેને આલતા સઘળું ત્યાંહિ ॥
એમ ભોળા ભાવે ગોખ જેહ, રાખ્યો હતો આશ્રમમાં તેહ ॥૭॥
વળી સરળ બનતું કામ, નો'તા લેતાં તેમાં કોઈ દામ ॥
વર્ણીરાજે દીઠી એવી રીત, તેથી થયાં એક દિ' થકિત ॥૮॥
મુક્તમુનિને બોલાવી પાસ, વાણી ઉચ્ચરિયા અવિનાશ ॥
તમે સાંભળો સ્વામી સુજાણ, કહું પ્રેમથી જોડીને પાણ ॥૯॥
વસે સંત જતિ આંહિ ઘણાં, ટાળી સંસારની સહુ મણાં ॥
તોય કેમ કરાવ્યો છે ગોખ, મુને કહો તેનો પાડી ચોખ ॥૧૦॥
ત્યારે સ્વામી બોલ્યા સુખકારી, સુણો વાત સઘળી મોરારી ॥
કાનો વાળંદ ઘણો છે સારો, સંત સેવા ઘણી કરનારો ॥૧૧॥
તેથી દેવતા દેવાને કાજ, તિયાં ગોખ રાખ્યો મહારાજ ॥
પછી બોલ્યા પ્રભુ પાય પડી, સ્વામી પુરાવો તેને આ ઘડી ॥૧૨॥
કાં જે ત્યાગી જ્યારે જેહ દિયે, બાઈ ગોખ વાટે તેહ લિયે ॥
અંગ અજાણે ત્યારે જો અડે, પછી ત્યાગી તણો ધર્મ પડે ॥૧૩॥

INDEX

કોઈ રીતે નારી સહવાસ, કરે શીલવ્રતનો વિનાશ ॥
મોક્ષ મારગનું આ તો છિદ્ર, એમ વાત કરે છે વર્ણીન્દ્ર ॥૧૪॥
પછી સદ્ય કડિયો બોલાવી, લીધો સ્વામીએ ગોખ ચણાવી ॥
આમ જ્યારે જ્યારે જોગી કહે, વાત સ્વામી સવળી તે ગ્રહે ॥૧૫॥
વળી સુણો બીજી એક વાત, ચિત્ત દઈ સહુ રળિયાત ॥
હતી વાવ આશ્રમ પાસળે, બાઈભાઈ આવે ત્યાં સઘળે ॥૧૬॥
તેનો મારગ આશ્રમમાંય, હતો ચાલવાનો તે સદાય ॥
તેથી પનિહારી જળભરી, તેહ મારગે આવતી ફરી ॥૧૭॥
આવે જાય અબળા હંમેશ, એમ દેખે ઘણુંક દિનેશ ॥
પછી એક દિ' મુનિ બોલાવી, વાત નિજ અંતરની કહાવી ॥૧૮॥
કરો ભિન્ન આ મારગ આજ, સહુ સ્ત્રીઓને ચાલવા કાજ ॥
નારી સંગ છે બંધનકારી, કોણ રહે કહો અવિકારી ॥૧૯॥
મુનિવર મોટા યોગી હોય, નારી સંબંધે રહ્યાં ન કોય ॥
એવો ભેદ શ્રીહરિએ ભાખી, વાત ત્યાગી તણી કહી દાખી ॥૨૦॥
ત્યારે મુક્તમુનિ જે મરાળ, તેણે મર્મ જાણી તત્કાળ ॥
રસ્તો બાઈનો બંધ કરાવ્યો, હતો આશ્રમમાં જે ઠેરાવ્યો ॥૨૧॥
થયાં રાજી રસિયો અત્યંત, મુક્તમુનિ સાથે સહુ સંત ॥
આ તો વાત છે આશ્ચર્યકારી, કરી શકે ન બીજો લગારી ॥૨૨॥
હતાં મુક્તમુનિ મહારાજ, લોજ મઠના મહંત આજ ॥
તોય જોગીરાજની તમામ, આગન્યામાં રહ્યાં આઠો જામ ॥૨૩॥
વળી સ્વામી કહેતાં જે વચન, તેને પાળતા પ્રભુ મગન ॥
કોઈ જાણે વિરલા વિવેક, સ્નેહ દોયનો કાંઈ વિશેક ॥૨૪॥
સર્વોપરી પ્રભુ અવતારી, મુનિ સર્વોપરી સુખકારી ॥
તેને સંભારતા થાશે હાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે નીલકંઠવર્ણીએ ગોખલો પુરાવ્યો તથા બાઈઓનો ચાલવાનો રસ્તો બંધ કરાવ્યો એ નામે બોતેરમું પ્રકરણમ્ ॥૭૨॥

INDEX

પ્રકરણ : ૭૩

પૂર્વછાયો :

સુંદર કથા સાંભળો, સહુ પ્રેમે પરોવી મન ॥
વિચારીને હું વરણવું, રાજી કરવા શ્રી ભગવન ॥૧॥
રીત્ય પેખી પ્રકટની, વરણી તણી સાક્ષાત ॥
અહોનિશ ઘણું અંતરે, સહુ સંત રહે રળિયાત ॥૨॥
ચરિત્ર સુણતાં શ્યામના, થાય મતિ પરમ પાવન ॥
અઘહારી છે સુખકારી, ભક્તને મનભાવન ॥૩॥

ચોપાઈ :

મુક્તમુનિએ વિચાર્યું મન રે, જ્યારે વીત્યા થોડા ઘણાં દન રે ॥
વર્ણી રહે છે કૌપીનભર રે, અન્ય ઓઢતા નથી અંબર રે ॥૪॥
અતિ વૈરાગ્યવાન વિશેષ રે, અવિકારી સદા પરમેશ રે ॥
પણ વસે છે વસતીમાંય રે, માટે ઓઢાડું અંબર કાંય રે ॥૫॥
એમ મુનિએ મન વિચારી રે, આવ્યાં પ્રભુ પાસે સુખકારી રે ॥
પછી કરજોડી નામી શીશ રે, કહે સાંભળોને વરણીશ રે ॥૬॥
ફર્યા કઠોર નિર્જર વન રે, કાંઈ પેર્યા ન અંગે વસન રે ॥
પણ આશ્રમમાં રહો તમે રે, માટે કરીએ આગન્યા અમે રે ॥૭॥
સહુ સાધુ જેવો ધરો વેશ રે, નાખો ઉતરાવી શિર કેશ રે ॥
પછી આજ્ઞા સ્વામી તણી માની રે, થયાં વર્ણી અતિ નિરમાની રે ॥૮॥
ઉપવીતમાં કેશ ઉતાર્યા રે, ત્યાર પછી જે વાળ વધાર્યા રે ॥
માથે સુંદર જટા સમોહ રે, મેલ્યો મુનિના વચને મોહ રે ॥૯॥
પછી તરત ઉઠિયા નાથ રે, અતિ નમીને પ્રેમ સંગાથ રે ॥
શિર જટા તિયાં ઉતરાવી રે, રૂડો વાળંદ કાનો બોલાવી રે ॥૧૦॥
કર્યું સ્નાન પોત્યે જઈ વાવે રે, મનોહર મોહનજી માવે રે ॥
આવ્યાં નાહી સ્વામીને આસન રે, આજ હરખતા ઘણું મન રે ॥૧૧॥
દીધાં મુક્તમુનિએ શ્વેત રે, ત્રણ વસ્ત્ર કૌપીન સમેત રે ॥
તે કર્યા ધારણ વર્ણીરાજે રે, હેતે હુલસતા મહારાજે રે ॥૧૨॥
દેખી શિખા સહિત મુંડન રે, શ્વેત અંબરે ઢાંકેલ તન રે ॥
પરસન થયાં સ્વામી ઘણું રે, દેખી તેજ નીલકંઠ તણું રે ॥૧૩॥

INDEX

પછી બેસારીને તેહ ઠામ રે, દીધી દીક્ષા અતિ અભિરામ રે ॥
ધર્યું નામ રૂડું સર્જુદાસ રે, રાજી થયાં છે સંત પચાસ રે ॥૧૪॥
એમ મુક્તમુનિ ગુરુ કરી રે, અવતારી ઠીક થયાં ઠરી રે ॥
પછી મુનિને સ્નેહ સહિત રે, કર્યા સર્જુદાસે દંડવત્ રે ॥૧૫॥
વળી સ્વામીશ્રીને લઈ બાથ રે, ભેટ્યા સર્વે જગતનો નાથ રે ॥
બ્રહ્મ અને પરબ્રહ્મ દોય રે, થયાં મુદિત મનમાં સોય રે ॥૧૬॥
ત્યાર કેડ્યે વર્ણીએ સંત રે, પૂજયા ભાવ ભરી અત્યંત રે ॥
વિપ્ર બોલાવી આશ્રમમાંહિ રે, ઘણાં પ્રીત્યે જમાડિયા ત્યાંહિ રે ॥૧૭॥
મુક્તવૃંદ એ આનંદ જાણી રે, ભીડ વ્યોમે વિમાન ભરાણી રે ॥
બોલ્યા ઊંચે જય જય નાદ રે, કર્યો ચંદનનો વરસાદ રે ॥૧૮॥
વળી રીઝ્યો છે સંત સમાજ રે, વાધ્યો આનંદ ઉરમાં ઝાઝ રે ॥
એમ મુક્તાનંદ મહારાજે રે, દીક્ષા પાર્ષદની દીધી આજે રે ॥૧૯॥
નો'તો રુચતો રૂમાલ સંગે રે, તેણે પેહરી અલફી અંગે રે ॥
નો'તા વસતીએ લેતાં વાસ રે, તેણે સંતમધ્યે કર્યો વાસ રે ॥૨૦॥
સદા રહેતા એકાંત્યે આધાર રે, તેહ રહ્યાં આશ્રમ મોઝાર રે ॥
કાંઈ કર્યું ન પોતાનું ધાર્યું રે, નિજ ઈચ્છા કેરું મન માર્યું રે ॥૨૧॥
મુક્તમુનિની આગન્યા માની રે, સહુ મૂકી પ્રકૃતિ પોતાની રે ॥
શિષ્યપણું શોભાવવા કાજે રે, મનધાર્યું મૂક્યું મહારાજે રે ॥૨૨॥
જ્યારે સ્વામી કહે જે વચન રે, તેને પ્રીત્યે પાળે નિશદન રે ॥
નથી રાખતા કાંઈ પ્રમાદ રે, વળી કરતાં નથી વિવાદ રે ॥૨૩॥
સર્વે ધામના ધામી સુજાણ રે, વળી જીવના જીવનપ્રાણ રે ॥
તેણે બાંધી સ્વામી સાથે પ્રીત્ય રે, પ્રેમે ગુરુભાવ ધર્યો નિત્ય રે ॥૨૪॥
એમ મુક્તમુનિને રીઝાવા રે, ગુણ સંતના નિશદિન ગાવા રે ॥
થયાં કટિબદ્ધ સર્જુદાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ નીલકંઠવર્ણીનું 'સર્જુદાસ' નામ પાડ્યું એ નામે તોતેરમું પ્રકરણમ્ ॥૭૩॥

INDEX

પ્રકરણ : ૭૪

પૂર્વછાયો :

એમ દિન વીતી ગયે, આવ્યો ભાદરવો ભરપૂર ॥
નરનારી આવે લોજના, આણી અતિ આનંદ ઉર ॥૧॥
જળ ઝીલાવા શ્યામને, કર્યો એકાદશીને દન ॥
ઉત્તમ ઉત્સવ નેહથી, રાજી કરવા શ્રી ભગવન ॥૨॥
એવે સમે માંગરોળથી, આવ્યાં આણંદજી સંઘેડિયા ॥
રૂડો ઉત્સવ કરવા, દિન દોય ત્યાં પોતે રહ્યાં ॥૩॥

ચોપાઈ :

થયો સુંદર સારો સમૈયો, તેનો આનંદ જાય ના કૈયો ॥
કરી જાગરણ ચ્યાર જામ, રાજી કર્યાં પ્રભુ સુખધામ ॥૪॥
એમ રોકાઈ દોય દિવસ, મુક્તમુનિના ભાવને વશ ॥
ભક્ત આણંદજી નિરધાર, આવ્યાં સ્વામીશ્રી પાસે ઉદાર ॥૫॥
કર્યાં દંડવત્ ભાવ ભરી, પછી બોલિયા વિનંતી કરી ॥
રહી ઉત્સવમાં નહીં ખામી, આપ પ્રતાપથી સહુ સ્વામી ॥૬॥
હવે ભુજ ભણી કાલ્ય જાશું, વાટે ગુણ ગોવિંદના ગાશું ॥
થાશે રામાનંદ સ્વામી તણાં, દર્શ પરમ પાવન ઘણાં ॥૭॥
માટે હોય કાંઈ કામ કાજ, તૈયે કહો મહામુનિરાજ ॥
તેહ સમે શ્રી સરજુદાસ, બેઠા હતાં મુક્તમુનિ પાસ ॥૮॥
તેહ ઊભા થઈ જોડી હાથ, બોલ્યા મુક્તમુનિને સંગાથ ॥
જાય ભુજ આણંદજી ભક્ત, મળવા રામાનંદજી વિરક્ત ॥૯॥
માટે દિયો જો આગન્યા તમે, તેહ ભેળા જઈએ સુખે અમે ॥
મારે દર્શનો છે તલસાટ, ઘણાં દિવસની જોઉં વાટ ॥૧૦॥
દેખી વેદના વરણી તણી, ગુરુ મિલનની ઉર ઘણી ॥
આપી આગન્યા સ્વામીએ જ્યારે, થયાં મુદિત મનમાં ભારે ॥૧૧॥
કરી મુક્તમુનિને પ્રણામ, ચાલ્યાં ભુજનગર મુકામ ॥
પહેલા આવ્યાં માંગરોળ શહેર, ત્યાંથી કાલવાણી મુદભેર ॥૧૨॥
તિયાં ભક્ત વસે ખરા દોય, જેઠો રાજો મેર મળી સોય ॥
તેને લઈ પોતાની સંગાથ, ચાલ્યાં આણંદજી પ્રભુ સાથ ॥૧૩॥

આવ્યાં મેશવાળ શુભ ગામ, તિયાં અલ્પ કર્યો વિશરામ ॥
જમ્યા ભાથું ભેળા થઈ સહુ, માંહોમાંહિ આગ્રહ કરી બહુ ॥૧૪॥
પછી ત્યાંથી થયાં છે તૈયાર, ભુજ પહોંચવા નિરધાર ॥
તિયાં બેઠા રહ્યાં સરજુદાસ, પણ ગયાં નહીં સ્વામી પાસ ॥૧૫॥
કહ્યું ભક્તએ ઘણું મનાવી, વાત ભેળા થઈ સમજાવી ॥
તોય માન્યા નહીં તેહ લેશ, પછી બોલ્યા એમ પરમેશ ॥૧૬॥
જાઓ સુખે તમે સહુ મળી, કરજો સ્વામીનાં દર્શન લળી ॥
પણ ગુરુ આજ્ઞા વિના અમે, નહીં આવીએ જાણજો તમે ॥૧૭॥
માટે આંહિ થકી લોજપુર, પાછા વળશું અમે જરૂર ॥
પછી વર્ણી કેરી માની વાત, સહુ ચાલ્યાં ત્યાંથી સાક્ષાત ॥૧૮॥
આવ્યાં માણાવદ્ર શુભ ગામ, જિયાં ભક્ત વસે મયારામ ॥
તેને સાથે લઈ સહુ જન, ભુજ પહોંચિયા સાત દન ॥૧૯॥
પછી વર્ણી મેશવાળ થકી, આવ્યાં પ્રેમેશું પંચાળે નક્કી ॥
તિયાં થોડા દન કરી મોજ, આવ્યાં પંદર દિવસે લોજ ॥૨૦॥
કરી મુક્તમુનિને પ્રણામ, મોદ પામિયા શ્રી ઘનશ્યામ ॥
દેખી વર્ણીરાજ એકાએક, સ્વામી ઉચ્ચર્યા વાણી વિશેક ॥૨૧॥
મેલી ભક્તોનો સહુ સમાજ, પાછા વળ્યા કેમ મહારાજ ॥
ત્યારે નીલકંઠ મીઠે વયણે, બોલ્યા નેહભરી નીર નયણે ॥૨૨॥
મારા અંતરે એમ જણાયુ, ગુરુ આગન્યા વિના જે થયું ॥
તેમાં રાજી નહીં ગુરુદેવ, તેથી પાછા વળ્યા તતખેવ ॥૨૩॥
પછી સ્વામી કહે ઘણું સારું, એમાં ગમતું પણ અમારું ॥
હવે આંહિ રહો ધરી ધીર, ચિંતા કરો મ કાંઈ લગીર ॥૨૪॥
પછી સ્વામીનું વચન ગ્રહી, રહ્યાં રસિયો આશ્રમમાંહિ ॥
ત્યજી સર્વે નિજ અભિલાષ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સર્જુદાસ ભુજ જતાં અધવચ્ચેથી પાછા વળ્યા એ નામે ચુમોતેરમું પ્રકરણમ્ ॥૭૪॥

INDEX

પ્રકરણ : ૭૫

પૂર્વછાયો :

ભક્ત સહુ ભેળા મળી, ભુજ પહોંચિયા મુદભેર ॥
તિયાં સ્વામી રામાનંદજી, હતાં સુંદરજીને ઘેર ॥૧॥
અલૌકિક દર્શન પામી, થયાં મન તેનાં નિર્મળ ॥
ધન્ય ધન્ય સહુ જનને, આજ દરશ થયું સુફળ ॥૨॥
પાયે પડી રામાનંદને, કર્યાં દંડવત્ પ્રણામ ॥
હરખી નિરખી નયણે, આશિષ લીધાં અભિરામ ॥૩॥

ચોપાઈ :

ભક્ત આણંદજી મયારામ, જેઠાભાઈ રાજાભાઈ નામ ॥
ખરા ભક્ત પ્રભુના ઉદાર, બેઠા સ્વામી પાસે નિરધાર ॥૪॥
વાત વાટની સઘળી કા'વી, જે જે થઈ તેમ સંભળાવી ॥
આવ્યાં આશ્રમમાં એક જોગી, રહે તન મનથી અરોગી ॥૫॥
મુક્તમુનિની સાધુતા જોઈ, રહ્યાં ખરેખરા મનમોઈ ॥
આપ દર્શન કરવા માટ, અમ સાથે આવ્યાં લઈ વાટ ॥૬॥
પણ મારગ અરધો છોડી, પાછા વળિયા મન મરોડી ॥
અમે સમજાવ્યા મળી ઘણું, પણ માન્યું નહિ એક અણું ॥૭॥
એવી સાંભળી ભટ્ટની વાણ્ય, પછી બોલિયા સ્વામી સુજાણ ॥
ભલે સારું થયું કે નઠારું, પણ વચન માનજ્યો મારું ॥૮॥
જઈ લોજમાં સંદેશ દેજ્યો, નીલકંઠને એમ કહેજ્યો ॥
હોય મોક્ષ તણો ખપ જરી, તો રેજ્યો સ્થંભને બાથ ભરી ॥૯॥
તેહ સ્થંભ મુક્તાનંદ જાણો, સાચા સંત નક્કી પરમાણો ॥
તેની અગન્યામાં આઠો જામ, રહેવું મૂકીને મનની હામ ॥૧૦॥
કેજ્યો સ્વામીએ કીધું છે છાનું, નવ કરવું ધાર્યું પોતાનું ॥
એમ ભટ્ટજીને તે સંદેશ, આલ્યો રામાનંદજીએ લેશ ॥૧૧॥
પછી કરી ભલામણ ઘણી, આપી છે આગન્યા જાવા તણી ॥
મયારામ પડી સ્વામી પાય, કરી વંદન થયાં વિદાય ॥૧૨॥
ગણ્યા વિના દિવસને રાત, વાટે વીતાવિયા દિન સાત ॥
ખંભે ખડિયો માળા છે કર, ઓપે થાક ઘણો મુખ પર ॥૧૩॥

INDEX

આંટા ઉખળેલા પાઘ તણાં, એમ આવ્યાં ઉતાવળા ઘણાં ॥
મયારામ અવિરામ રીતે, આવ્યાં લોજની ભાગોળ્યે પ્રીતે ॥૧૪॥
ભાળી ભોળા મયારામ ભટ્ટ, દોડ્યા સહુ સનમુખ ઝટ ॥
દોડ્યા ઉતાવળે મયારામ, મુક્તમુનિને કીધાં પ્રણામ ॥૧૫॥
પછી ભટ્ટને દઈ સન્માન, પ્રેમે કરાવ્યું ભોજન પાન ॥
મયારામજીને કરી પ્રીત્ય, પૂછી વાત વિગત સહિત ॥૧૬॥
સમાચાર સહુ સ્વામી તણાં, સુણી રાજી થયાં સંત ઘણાં ॥
પછી વર્ણી કેરો જે સંદેશ, દીધો સ્વામીએ જે સવિશેષ ॥૧૭॥
તેહ કહેતાં મન અચકાણું, મયારામથી નવ બોલાણું ॥
ઘાટ ઘડે તે મનમાં એવો, કેમ સંદેશ જોગીને કહેવો ॥૧૮॥
કહું નહિ તો લોપાય વેણ, કહું તો ઉપજે દુઃખદેણ ॥
પછી પળવારે નામી શીશ, કહ્યો દુઃખ ઉપજે તતખેણ ॥૧૯॥
કીધું સ્વામીએ તમને એવું, સત્સંગમાં હોય જો રહેવું ॥
મનધાર્યું બધું મૂકી દેજ્યો, બાથ થાંભલાને ભરી રેજ્યો ॥૨૦॥
સુણી વર્ણીએ સ્નેહ સંગાથ, તુર્ત થાંભલાને ભરી બાથ ॥
ત્યારે ભટ્ટ બોલ્યા કરજોડી, દિયો થાંભલાને બાથ છોડી ॥૨૧॥
સ્વામી મુક્તાનંદજી મહારાજ, સ્થંભ જાણો તમે યોગીરાજ ॥
મુક્તમુનિની આજ્ઞામાં રહેવું, ખરું રહસ્ય સ્વામીનું એવું ॥૨૨॥
રહો આગન્યામાં સુખ પામી, જિયાં લગી આવે નહિ સ્વામી ॥
એમ દીધો સ્વામીએ સંદેશ, તેને ગ્રહેજો સવળો દિનેશ ॥૨૩॥
પછી વર્ણીએ માન્યા વચન, રહ્યાં આગન્યામાં નિશદન ॥
જેને રોકી શક્યા નહિ કોઈ, મઠધારી નરપતિ સોઈ ॥૨૪॥
ખરેખરા તે ગયાં બંધાઈ, મુક્તમુનિના વેણે લોભાઈ ॥
હવે લીલા રૂડી જેહ થાશે, ઘનશ્યામપ્રકાશ તે ગાશે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સર્જુદાસ મુક્તમુનિરૂપી સત્સંગના સ્થંભને બાથ ભીડીને રહ્યાં એ નામે પંચોતેરમું પ્રકરણમ્ ॥૭૫॥

પ્રકરણ : ૭૬

પૂર્વછાયો :

સંત સંન્યાસીઓ મળી, સહુ શુભમતિ બ્રહ્મચાર ॥
મુક્તમુનિની આગન્યા, શિર ધરી રહે નિરધાર ॥૧॥
તેમ નીલકંઠ વરણી, ગ્રહે વચન હરહંમેશ ॥
અક્ષરના અધિપતિ, ફેર પાડે નહિ લવલેશ ॥૨॥
જેને અનાદિકાળથી, નમે સુર સુરેશ કોટ્ય ॥
રાજી કરવા સંતને તે, દિયે છે આજે દોટ્ય ॥૩॥

ચોપાઈ :

જ્યારે આગન્યા કરે છે સ્વામી, ત્યારે આવે હરિવર નામી ॥
કહે સ્વામી તમે જઈ વહેલા, લાવો છાણ વીણી સહુ પહેલા ॥૪॥
ત્યારે પ્રભુ કહે કરભામી, નવ રાખું તેમાં કાંઈ ખામી ॥
જાઉં હમણાં લેવાને છાણ, લાવી કરું હું તમને જાણ ॥૫॥
પછી વેલેરે આળસ મોડી, ઊઠી છાણ ભેળું કરે દોડી ॥
વળી વનિતા સહુ ભાગોળ્યે, છાણ લેવા સહુ મળે ટોળ્યે ॥૬॥
પણ વર્ણીનું કૃશ શરીર, તેથી દોડી શકે ન લગીર ॥
પડે પોદળો જે પૃથ્વીમાંય, ત્યારે દારા દોડી લઈ જાય ॥૭॥
પછી પ્રભુએ એમ વિચાર્યું, અબળાને ઉદ્ધારવા ધાર્યું ॥
જ્યારે છાણ ઉપાડે છે નાર, ત્યારે આશ્ચર્ય થાય અપાર ॥૮॥
પેખે પર્વત સાગર સાત, દર્શ બ્રહ્માંડનું ભલીભાત ॥
ચૌદ લોક વિરાટ વિલોકી, તિયાં ભામિનિયું જાય રોકી ॥૯॥
સાધે અષ્ટાંગ યોગ અવશ્ય, તોય દુર્લભ છે આવું દ્રશ્ય ॥
વેદ ભણેલા નવ નિહાળે, ભણ્યા વિનાની ભામિની ભાળે ॥૧૦॥
એમ કૃપા કરી કૃપાનાથે, છાણ મેળવ્યું સુંદરી સાથે ॥
ધન્ય ધન્ય તેનો અવતાર, વિના સાધને પામી એ પાર ॥૧૧॥
સહુ છાણ ભેળું થયે હરિ, આવે આશ્રમમાં ગામ ફરી ॥
રાજી કરવા આજ દીનાનાથ, લઈ છાણા થાપે નિજ હાથ ॥૧૨॥
છાણા થાપવા જાગ્ય વધારે, ત્યારે મુક્તમુનિ જઈ વારે ॥
કાંટા વાગશે ઉઘાડે પાય, પ્રભુ બોલે ત્યારે હેતમાંય ॥૧૩॥

INDEX

છાણા માતા નથી તેહ માટ, વાડો વધારું છું મુનિરાટ ॥
એમ મમત બાંધી અપાર, સેવા કરે છે સર્જનહાર ॥૧૪॥
નથી બેસતા નવરા ક્યારે, રાખે આળસ નહિ લગારે ॥
એઠાં વાસણ જે સંત તણાં, નિત્ય માંજે નીલકંઠ ઘણાં ॥૧૫॥
ધુવે ધોતિયાં રાખી ખટક, એમાં મૂકે નહિ કોઈ તક ॥
રોગી સાધુની કરે છે સેવ, જાણી પ્રત્યક્ષ પ્રકટ દેવ ॥૧૬॥
સર્વે જીવ તણાં પોત્યે પ્રાણી, મુક્તમુનિની આજ્ઞા પ્રમાણી ॥
સેવા કરે ઘણી સ્નેહમાંય, લઈ કાવડ માંગવા જાય ॥૧૭॥
કીધો દૂર્બળ દેહને એવો, નહિ પંડે વળે પરસેવો ॥
કર્યું તન અતિ બળહીન, તોય સેવા કરે રાતદિન ॥૧૮॥
મુક્તમુનિ કહે સમે સમે, થોડી વાર લો વિશ્રામ તમે ॥
પણ વર્ણી કહે મોટા ભાગ્ય, સેવા કર્યાનો મળ્યો છે લાગ ॥૧૯॥
એમ મહિમા કહીને નાથ, અતિ સેવા કરે પ્રાણનાથ ॥
ત્રણ અવસ્થાશું લાગ્યું ધ્યાન, સંત સેવવાનું ખરું તાન ॥૨૦॥
માથા ઉપર રાખીને હેલ, જળ ભરવા જાય અલબેલ ॥
જોયા વિના દિવસ અંધારુ, સેવા કરે પ્રભુ એકધારું ॥૨૧॥
મુક્તમુનિ ને સરજુદાસ, રાખે માંહોમાંહિ ગુરુભાવ ॥
કરે કથા બેઉ સામાસામી, જેથી ઓળખે નિજની ખામી ॥૨૨॥
દેખી મુક્તમુનિનો સ્વભાવ, રાજી થાયે માણીગર માવ ॥
સારી શીખ દિયે જ્યારે જિયાં, થઈ નિરમાની ગ્રહે તિયાં ॥૨૩॥
એમ સ્વામી તથા સહુ સંત, વાધ્યું વર્ણીમાં હેત અત્યંત ॥
થયાં એકમેક સહુ મન, મહાસુખે વીતે રાત દન ॥૨૪॥
થાવું દાસના દાસ જરૂર, મોક્ષ મગે એટલું જરૂર ॥
વાત જાણજયો એટલી ખાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વર્ણીરાજ છાણ વીણવા ગયાં એ નામે છોતેરમું પ્રકરણમ્ ॥૭૬॥

પ્રકરણ : ૭૭

પૂર્વછાયો :

અનુપ આસો માસના, દિન આવિયાં વિશેક ॥
ચહુદિશે લીલા થયાં, ફળ ફૂલ તરુ અનેક ॥૧॥
લોજ પાસે રળિયામણું, શીલગામ રૂડું અભિરામ ॥
તિયાં ભક્ત ખરા વસે, ભજે સદા શ્રી સુખધામ ॥૨॥
વળી એહ પંથકમાં, થાય ચીભડા અપરમપાર ॥
હાટ ભરાયે ગામમાં, તોયે ખૂટે નહિ નિરધાર ॥૩॥

ચોપાઈ :

એવે સમે શીલ ગામ થકી, આવ્યાં ભક્ત બે આહિર નક્કી ॥
કરી મુક્તમુનિને વંદન, પછી બોલ્યા કોમળ વચન ॥૪॥
અમ ખેતરમાં મોટો વાઢ, તેમાં ચીભડા થયાં છે ગાઢ ॥
માટે સાધુ આવે કોઈ લેવા, તો હું આવું ગાડું ભરી દેવા ॥૫॥
કાં જે થોડે સમે રામાનંદ, સ્વામી આવશે આનંદકંદ ॥
મોટો ઉત્સવ થાશે તે વાર, જોઈશે જમણવાર અપાર ॥૬॥
ત્યારે ચીભડા કેરું અથાણું, કરજો ભોજનનું મીઠું ખાણું ॥
એમ રુદિયામાં ઇચ્છા રહી, ખરા ભાવથી આપને કહી ॥૭॥
પછી સુખાનંદને બોલાવી, મુક્તમુનિએ વાત કહાવી ॥
સહુ થાઓ તૈયાર મરાળ, લેવા ચીભડા રાખી સંભાળ ॥૮॥
સુણી વાત એવી સર્જુદાસ, બોલ્યા કરજોડી સ્વામી પાસ ॥
સ્વામી અમે પણ જૈયે સાથે, પાકાં ચીભડા વીણશું હાથે ॥૯॥
ત્યારે મુનિ કહે હરિરાય, અતિ કૃશ છે તમારી કાય ॥
એમ સ્વામીએ વાતને વાળી, જાવા દીધાં નહિ વનમાળી ॥૧૦॥
પણ સંતનો આગ્રહ જોઈ, આપી આગન્યા પ્રભુને સોઈ ॥
પછી દેવા ભક્ત સાથે રાખી, મહામુનિને પ્રણામ દાખી ॥૧૧॥
આવ્યાં ભક્ત સાથે હરિવર, શીલ ગામ પોત્યે મુદભર ॥
ખૂબ ખાંત્યે ચીભડા વીણીને, પછી ભેળા કર્યાં તારવીને ॥૧૨॥
લાવ્યા ગાડું તિયાં એક ભાઈ, જેથી ચીભડા જાય સમાઈ ॥
પણ પ્રભુ કહે તેહ ઠામ, નથી ગાડાં તણું કાંઈ કામ ॥૧૩॥

INDEX

એક લાંબો ચોફાળ મંગાવો, તેનો ગાંસડો મોટો બંધાવો ॥
ભરી ગાંસડો લોજમાં જાશું, વાટે ધૂન કીરતન ગાશું ॥૧૪॥
નીલકંઠની જોઈને હઠ, જણ બાર બોલાવિયા ઝટ ॥
મોટો ચોફાળ મંગાવી તિયાં, મણ સોળ ચીભડા ભરિયાં ॥૧૫॥
પછી ગાંસડો તેનો બંધાવ્યો, બાર જણે મળી ઉપડાવ્યો ॥
લીધો માથા પર તેનો ભાર, ખરી રીતે ઉપાડી તે વાર ॥૧૬॥
પણ થયું અચરજ એમ, ગોવરધન ઉપાડિયો જેમ ॥
પૂરો ગાંસડો રહ્યો અદ્ધર, એમ પરચો પૂર્યો જબર ॥૧૭॥
બાકી રહ્યાં ચીભડા બે મણ, બાંધ્યાં બીજી ગાંસડીએ પણ ॥
તેને મૂકી દેવા ભક્ત માથે, ચાલ્યાં સર્જુદાસજી સંગાથે ॥૧૮॥
ગાઉ એક ચાલ્યાં જ્યારે દોય, ત્યારે દેવો ભક્ત થાક્યા સોય ॥
પછી વર્ણી બોલ્યા સુખકર, મૂકો ગાંસડી ગાંસડા પર ॥૧૯॥
અમે ઉપાડશું એનો ભાર, ચિંતા કરશો નહિ લગાર ॥
મણ અઢાર પૂરાં ઉપાડી, લાવ્યા ચીભડા લોજ તે દાડી ॥૨૦॥
મૂકી ગાંસડી ખડકી બાર, ગયાં અંદર જગદાધાર ॥
કરી સ્વામીને કોઈએ જાણ્ય, તેથી દોડીને આવ્યાં સુજાણ ॥૨૧॥
જ્યારે ગાંસડો જોયો જબર, ત્યારે ચકિત થયાં મુનિવર ॥
પૂછ્યું મહામુનિએ તે સમે, એવું કોણ તે ભાર આ ખમે ॥૨૨॥
થાય મનુષથી નહિ કાજ, પછી કોણ કરે એવું આજ ॥
ત્યારે દેવો ભક્ત બોલ્યા વેણ, એ તો વર્ણીરાજ સુખદેણ ॥૨૩॥
પછી સ્વામીએ જાણ્યું ચરિત્ર, હરિવરનું અતિ પવિત્ર ॥
પુરુષોત્તમ પ્રાણઆધાર, એની લીલા તણો નહિ પાર ॥૨૪॥
પછી બીજા સેવકો બોલાવી, ચીભડાની ગાંસડી છોડાવી ॥
એમ લીલા કરે મુનિ સાથ, ઘનશ્યામપ્રકાશનો નાથ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શીલગામથી ચીભડા લાવ્યા એ નામે સત્યોતેરમું પ્રકરણમ્ ॥૭૭॥

પ્રકરણ : ૭૮

પૂર્વછાયો :

હવે લીલા કહી વર્ણવું, સાંભળજો સહુ શુભમતિ ॥
સુણતાં પાપ પ્રજળશે, આનંદ ઉર વાધે અતિ ॥૧॥
અમૃતસમ સુંદર કથા, જો ચિંતવે કોઈ ચિત્ત ॥
પામે પદ નિરવાણ તે, સહુ જાણજયો ખચિત ॥૨॥
સાધુતા છે સોળવલી, વળી તપ પરાયણ તન ॥
એવાં મુક્તાનંદજી, આવ્યાં માંગરોળે એક દન ॥૩॥

ચોપાઈ :

ભલા ભક્ત ગોવરધન શેઠ, જેની વૃત્તિ પોંચી ગઈ ઠેઠ ॥
તેને ઘેર રોકાયા છે સ્વામી, સંગે સર્જુદાસ છે અકામી ॥૪॥
કર્યો સતસંગ ખૂબ ત્યાંય, હતાં ભક્ત નરનારી જયાંય ॥
વળી તિયાં હકુબાઈ નાર, ફોઈ ગોવર્ધનની ઉદાર ॥૫॥
તેણે કથા પૂરી થયે એમ, કીધું ગોવર્ધન શેઠને તેમ ॥
નાહી આવો જઈ સહુ ભેળા, હવે થઈ રોટલાની વેળા ॥૬॥
પછી મુક્તમુનિ વર્ણીરાજ, સંગે ગોવર્ધન ભક્તરાજ ॥
આવ્યાં નાવા સમુદ્ર કિનારે, જિયાં જળ ભર્યું અતિ ભારે ॥૭॥
ઘણું અથાહ અગાધ જળ, જોતાં સૂઝે નહિ કાંઈ કળ ॥
વસે મત્સ્ય મોટા જળઘોડા, કરે કરચલા માંહિ દોડા ॥૮॥
જળસાપ ને કાતરણિયું, ભયાનક ભારી છે ચિતળ્યું ॥
માંહિ ઘુમરી ભ્રમરી વળે, વળી લોઢ તે મોટા ઉછળે ॥૯॥
એવે સમે ગોવર્ધન ધીર, ઊભા એકલા સમુદ્ર તીર ॥
તિયાં આવિયાં છે સર્જુદાસ, જઈ ઊભા રહ્યાં તેની પાસ ॥૧૦॥
પછી દયાળુએ દીધો ધકો, ત્યારે ઠા રહ્યો નહિ ઠામુકો ॥
પડ્યાં ભક્ત ભોળા લોઢમાંય, તેથી ગયાં તુરંત તણાય ॥૧૧॥
એમ દાસને દરિયે નાખી, ચાલ્યાં દામોદર લીલા દાખી ॥
જોયું સઘળું સ્વામીએ જયારે, થયાં ઉદાસી મનમાં ત્યારે ॥૧૨॥
પછી વર્ણી આવ્યાં દિશા જઈ, કર ધુવે મૃત્તિકાને લઈ ॥
દેખી મુખ સ્વામીનું ઉદાસ, વાણી ઉચ્ચરિયા અવિનાશ ॥૧૩॥

INDEX

શીદ મુખ છે મ્લાન તમારુ, મંદહાસ કિયાં ગયું સારું ॥
ત્યારે સ્વામી કહે સુણો જોગી, નથી અમે અંતરના રોગી ॥૧૪॥
પણ ભક્તને જળમાં નાખી, તમે મોટી ઉપાધિ છે રાખી ॥
જ્યારે જાશું પાછા ઘર ભણી, ત્યારે ખબર પૂછશે ઘણી ॥૧૫॥
કિયે મુખ તે ઉત્તર દેશું, વળી જમવાનું કેમ ગ્રહેશું ॥
ત્યારે વર્ણી બોલ્યા એમ પ્રીત્યે, સ્વામી સાદ કરો ભલી રીત્યે ॥૧૬॥
જરૂર આવશે ભક્ત બહાર, લઈ સમુદ્રજળનો પાર ॥
પછી અંતરથી કર્યો સાદ, તોય આવ્યાં નહિ ત્યારબાદ ॥૧૭॥
મુક્તમુનિ મૂંઝાય છે મન, કેમ કરવું હે ભગવન ॥
ગયાં મધદરિયે તણાઈ, હવે કેમ આવે પાછા આંઈ ॥૧૮॥
વળી બોલ્યા નીલકંઠ એમ, હવે કરો જેમ કહું તેમ ॥
જિયાં શેઠ ઊભેલા તે સ્થાન, ઊંચો સાદ પાડજો નિદાન ॥૧૯॥
તર્ત સ્વામી ગયાં તેહ ઠામ, ત્રણ્ય વાર લીધું તેનું નામ ॥
ત્યાંતો ભક્ત આવ્યાં જળ બહાર, વણ પલળ્યે વસ્ત્રા લગાર ॥૨૦॥
મુક્તમુનિને કહે મહારાજ, તેને પૂછો વરતંત આજ ॥
ક્યાંથી આવ્યાં તમે પાછા આંહિ, વળી દીઠું શું સમુદ્રમાંહિ ॥૨૧॥
પછી સ્વામીએ સઘળી વાત, પૂછી ગોવર્ધનને સાક્ષાત ॥
કીધું ભક્તએ તરત સહુ, દીઠા સાત સમુંદર બહુ ॥૨૨॥
વળી વિવિધ રચના જોઈ, રહ્યો જોઈ તે સરવે મોહી ॥
સુણિ આશ્ચર્ય પામિયા સ્વામી, આના કરતલ અક્ષરધામી ॥૨૩॥
લીલા પ્રભુની અપરમપાર, કોઈ કળી ન શકે લગાર ॥
પછી ભેળા થઈ આવ્યાં ઘેર, જમ્યા ભોજન હરખભેર ॥૨૪॥
એમ લીલા કરી માંગરોળ, ઉડી આનંદની બહુ છોળ્ય ॥
પછી લોજ આવ્યાં અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વર્ણીરાજે ગોવર્ધનશેઠને સમુદ્રમાં નાખી દિવ્ય લીલા કરી એ નામે અઠ્યોતેરમું પ્રકરણમ્ ॥૭૮॥

INDEX

પ્રકરણ : ૭૯

પૂર્વછાયો :

ધન્ય ધન્ય લોજપુરને, વળી ધન્ય તેનાં નરનાર ॥
ધન્ય વન વેલી પશુ, જેને મળ્યાં જગદાધાર ॥૧॥
સંત સહિત શ્યામળો, કરે લીલા લોજ અપાર ॥
જે જન કહે ને સાંભળે, થાય નિર્મોહી આ વાર ॥૨॥
બૃહદ્ ભાગ્યે એ મળે, નહિ હળવે પુણ્યે હોય ॥
પિયુષ જાણી પાન કરે, તેને નથી દોયલું કોય ॥૩॥

ચોપાઈ :

સ્વામી રામાનંદે કૃપા કરી, જેહ થાપ્યો હતો ભાવ ભરી ॥
તેહ આશ્રમ લોયેજ તણો, થયો વિખ્યાત લોકમાં ઘણો ॥૪॥
દેશોદેશથી સાધુ સંન્યાસી, નિત આવે ઘણાં તીર્થવાસી ॥
આવે વિપ્ર ભૂખ્યા નરનાર, સદાવ્રત લેવા વારંવાર ॥૫॥
થાયે રાજી જમી રમી સહુ, દિયે અંતર આશિષ બહુ ॥
સદાવ્રતમાં દેવાને અન્ન, નિત્ય માગવા જતા મોહન ॥૬॥
લઈ કાવડ ફરે છે ગામ, ભેળું અન્ન કરે અભિરામ ॥
ક્યારે મુક્તમુનિ પણ પોત્યે, જાતાં ભિક્ષા કાજે સંત સોત્યે ॥૭॥
પછી જોળી તણું અન્ન જોઈ, લોટ બાંધી કરતાં રસોઈ ॥
મહામુનિ પણ ભલી ભાત્યે, રૂડાં રોટલા ઘડતા ખાંત્યે ॥૮॥
જ્યારે સંધ્યા ટાણું નિત થાય, સર્જુદાસ સ્વામી પાસે જાય ॥
સ્વામી રોટલા શીખવે જેમ, શીખે નીલકંઠ પ્રભુ તેમ ॥૯॥
બેઉ હાથે લોટપીંડ લઈ, રૂડી રીત્યે ગોળાકાર દઈ ॥
ધીમે ધીમે ઘડીને તૈયાર, કરતાં રોટલો સુંદર સાર ॥૧૦॥
પછી જોગીરાજ તેને લઈ, ચૂલે મૂકતા તાવડી મહીં ॥
રૂડાં રોટલા મોહનવર, એમ શીખતા'તા મુદભર ॥૧૧॥
પછી આવે સદાવ્રતી જન, તેને જમાડે જગજીવન ॥
જ્યારે આવે ભક્તની રસોઈ, ત્યારે લાડુ જમાડતા સોઈ ॥૧૨॥
એમ લોજપુરે ભલી ભાત્યે, દેતા સદાવ્રત ખૂબ ખાંત્યે ॥
વળી માંગરોળ શહેરમાંહિ, સદાવ્રત શરૂ હતું ત્યાંહિ ॥૧૩॥

INDEX

તેથી મુક્તમુનિએ વિચારી, તેહ ઠામ મોકલ્યા મોરારી ॥
તિયાં સેવા કરી રૂડી પેર્ય, કરી અનંત જીવને મેર ॥૧૪॥
પાછા વળિયા શ્રી બહુનામ, કર્યો લોજ આવીને મુકામ ॥
સેવા કર્યા વિના એક પળ, કેદિ કાળ ન કરે વિફળ ॥૧૫॥
તપ ત્યાગે કરી વર્ણીરાય, અતિ કૃશ કરી નિજકાય ॥
અતિ વિરક્તપણું છે એનું, રહે નિર્વિકારી મન તેનું ॥૧૬॥
રસકસ વિહીન ભોજન, નીલકંઠ જમે નિશદન ॥
ક્યારે મીંઢી મરચા આવળ, ક્યારે જમે એટલું કેવળ ॥૧૭॥
કાંટા કાંકરા ને વાગે ઠેસ, તોય સંભાળે દેહ ન લેશ ॥
કરે યૌગિક ક્રિયાયું ઘણી, પૂરક રેચક કુંભક તણી ॥૧૮॥
અરધી નિશાએ ઊઠીને ક્યારે, સંભળાવે ઉપદેશ ભારે ॥
વળી સંતને શીખવે યોગ, જેથી તનમાં રહે ન રોગ ॥૧૯॥
પછી દેહને દુર્બળ જાણી, બોલ્યા મુક્તમુનિ એમ વાણી ॥
સુણો સર્જુદાસ મહારાજ, હવે તપ ન કરશો ઝાઝ ॥૨૦॥
તપે કરી કૃશ કર્યું તન, ઘણી સેવા કરી નિશદન ॥
હવે આજ થકી તમ પાસ, રહેશે સેવામાં હાજર દાસ ॥૨૧॥
દેવો જેઠો બેઉ શુભ નામ, ભક્ત પ્રભુના અતિ અકામ ॥
તેહ કરશે તમારી સેવ, જાણી પ્રત્યક્ષ પ્રમાણ દેવ ॥૨૨॥
મેલો તપ કર્યાનો વિચાર, હવે તનની લ્યો કાંઈ સાર ॥
હવે કષ્ટ સહો નહિ તન, અમે કહીએ તે માનો વચન ॥૨૩॥
પછી આગન્યા શિર ચડાવી, મન મોદ વરણીએ લાવી ॥
સંત પાસે રહ્યાં કરભામી, ભલે હતાં બ્રહ્માંડના સ્વામી ॥૨૪॥
માટે મેલી અભિમાન બહુ, ખરી વાત સાંભળજો સહુ ॥
સદા રહેવું દાસનાય દાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ વર્ણીને રોટલા શીખવાડ્યા એ નામે ઓગણએશીમું પ્રકરણમ્ ॥૭૯॥

પ્રકરણ : ૮૦

પૂર્વછાયો :

શુભમતિ હવે સાંભળો, કહું ત્યાર પછીની વાત ॥
ચવું ચરિત્ર પ્રેમથી, જેમ જેમ સાંભરે સાક્ષાત ॥૧॥
સ્વામી મુક્તાનંદજી, કરે લોજ આશ્રમની સેવ ॥
સદાવ્રત દેવા ઘણું, રહે અહોનિશ તતખેવ ॥૨॥
ધર્માદો ઉઘરાવવા, ઘણું ફરતા દેશપ્રદેશ ॥
વળી વિચરણ કરતાં, દેવા મુમુક્ષુને ઉપદેશ ॥૩॥

ચોપાઈ :

પછી એક સમે મુક્તમુનિ, લેવા સંભાળ ભક્ત જનની ॥
સાથે લઈને શ્રી ઘનશ્યામ, કરે વિચરણ ગામોગામ ॥૪॥
ક્યાંક રહે રાત દોય રાત્ય, ક્યાંક સિધાવે છે પરભાત્ય ॥
ક્યાંક કરે છે રૂડી રસોઈ, જમે થાળ શુદ્ધ ભાવ જોઈ ॥૫॥
ક્યાંક ઉત્સવ આદરે વળી, ભેગા કરી ભક્તની મંડળી ॥
ત્યારે જન માને કૃતારથ, જાણે સ્વામી મળ્યે સર્યા અર્થ ॥૬॥
કહે પુણ્ય તણો નથી પાર, મોટા ભાગ્ય અતિશે અપાર ॥
ધન્ય ઘડી ધન્ય આજ વાર, તમે પધાર્યા પ્રાણઆધાર ॥૭॥
પછી પ્રેમે પડે સ્વામી પાય, હૈયું આવે હેતેથી ભરાય ॥
બહુ હેતે જમાડીને સ્વામી, પૂછે અંતર દુઃખ કે ખામી ॥૮॥
સહુ જનનું કરે સમાધાન, યથાયોગ્ય જાણીને નિદાન ॥
આપે શુદ્ધ ઉપદેશ એવો, સદા દલમાં સંઘર્યા જેવો ॥૯॥
તપે તપસી ને જતી જપે, ઋષિ હાડ સમેત જો ખપે ॥
ત્યારે મળતી અમરાવતી, એવી કઠણ મોટી પ્રાપતિ ॥૧૦॥
પણ આજની વાત તો જાણો, થયું સરળ તેહ પ્રમાણો ॥
જન જાય છે બ્રહ્મમહોલ, દીધો સદ્‌ગુરુએ જો કોલ ॥૧૧॥
એવું સોંઘું થયું છે કલ્યાણ, માટે મેલી ઘો મનની તાણ ॥
ખરેખરા થઈ સાવધાન, કરો પ્રેમે ગોવિંદનું ગાન ॥૧૨॥
મોંઘામૂલો મનુષ્યનો દેહ, મળે ફેર ફેર નહિ એહ ॥
એમ આપી રૂડો ઉપદેશ, કરે નિર્મળ ચિત્ત વિશેષ ॥૧૩॥

INDEX

પછી મુક્તમુનિ પીપલાણે, ગયાં ધર્માદો લેવા તે ટાણે ॥
ત્યાંથી આવ્યાં પછી આખા ગામ, સંગે સર્જુદાસ સુખધામ ॥૧૪॥
દ્રવ્ય ધર્માદાનું લઈ સોય, આવ્યાં કાલવાણીમાંહિ દોય ॥
તિયાં સીધું સામગરી ભરી, લાદી પોઠિયા પર પાધરી ॥૧૫॥
એવે સમે આવ્યાં ભક્ત એક, મુક્તમુનિ આગળે વિશેક ॥
કહે પાયે પડીને નિદાન, લોજ મોકલીએ જો સામાન ॥૧૬॥
તો પછી રહે ભાર ન કાંઈ, વળી સગવડ રહે જળવાઈ ॥
ત્યારે સ્વામીએ નાખી નજર, તે પડી વર્ણીરાજ ઉપર ॥૧૭॥
પછી કહ્યું લોજ જવા માટે, લઈ સામાન પોઠિયા વાટે ॥
ત્યારે કહ્યા વિના વેણ કાંય, ગયાં વર્ણીરાજ લોજમાંય ॥૧૮॥
હતું ગૃહસ્થનું એક ઘર, તિયાં સ્વામી રહ્યાં મુદભર ॥
ગયો નિશા પ્રહર જ્યાં પહેલો, ત્યાં તો પાછા વળ્યા રંગરેલો ॥૧૯॥
તર્ત આવી ખખડાવ્યું દ્વાર, ત્યારે સ્વામીએ જોયું જ્યાં બહાર ॥
દીઠાં નીલકંઠ મહારાજ, ઊભા બારણે મળવા કાજ ॥૨૦॥
ત્યારે સ્વામી કહે સર્જુદાસ, કેમ આવ્યાં આંહિ મુજ પાસ ॥
સુણી પ્રીત્યે બોલ્યા ભગવાન, વાત સાંભળો સ્વામી નિદાન ॥૨૧॥
વર્ણી સંત વળી બ્રહ્મચાર, મર સમર્થ હોય અપાર ॥
તોય ગૃહસ્થ તણું જે ઘર, એકલા રહેવું નહિ રાત્યભર ॥૨૨॥
એમ સમજીને આવ્યો પાછો, શુદ્ધ મારગ ચીંધવા સાચો ॥
તેથી તમ સંગાથે આ ઘેર, રહેશું અમે પણ રૂડી પેર ॥૨૩॥
પછી સ્વામી બોલ્યા એમ વાણ, વર્ણી તમે ચતુર સુજાણ ॥
સુખે રહો આંહિ સુખકર, જાશું પ્રભાત્યે લોજનગર ॥૨૪॥
એમ રીત્ય રૂડી શીખવાડી, લોજ આવ્યાં બેઉ બીજે દાડી ॥
કરી લીલા જેહ અવિનાશે, કીધી ઘનશ્યામપ્રકાશદાસે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ ધર્માદો લેવા ગયાં એ નામે એંસીમું પ્રકરણમ્ ॥૮૦॥

INDEX

પ્રકરણ : ૮૧

પૂર્વછાયો :

હવે દર્શન કરવા, ગુરુદેવ રામાનંદના ॥
સર્જુદાસ તણું મન, નિત નિત કરે છે ઝંખના ॥૧॥
થયાં ઉદાસી અંતરે, વાધી વ્યથા અંતરની ઘણી ॥
દિલ દાઝ બુઝે નહિ, સદ્‌ગુરુને મળવા તણી ॥૨॥
પછી સર્જુદાસજી, મુક્તમુનિની પાસ ॥
દલ વલોવી નેહથી, કહી નિજ મન અભિલાષ ॥૩॥

ચોપાઈ :

હવે મુજથી નથી ખમાતું, દુઃખ વિરહનું નથી સહેવાતું ॥
મુને કરાવો એનું દર્શન, સુખપ્રદ ને અતિ પાવન ॥૪॥
ક્યારે ભેટું ભુજ ભરી એને, કરું પાવન દર્શન નેણે ॥
ક્યારે શ્રવણે સાંભળું વેણ, વળી સ્પર્શ કરું સુખદેણ ॥૫॥
જ્યારે મળશે રામાનંદ સ્વામી, ત્યારે જાશે સર્વે દુઃખ વામી ॥
ત્યારે મુક્તમુનિ કહે વાણ, જોગી જાવાની કરો મ તાણ ॥૬॥
થોડા સમામાંહિ ગુરુદેવ, નક્કી આવશે અતિ અભેવ ॥
માટે ધીરજ ધરી ગોપાળ, આંહિ રહો તમે થોડો કાળ ॥૭॥
ત્યારે વળી કહે ભગવાન, મુક્તાનંદ મુનિને નિદાન ॥
ધ્યાન સ્વામીનું હૃદયે ધરો, એટલું કૃપા કરી કાંઈ કરો ॥૮॥
મેલી તમારી વૃત્તિમાં વૃત્તિ, દેખીશ ગુરુદેવની મૂરતિ ॥
પછી મુનિએ આદર્યું ધ્યાન, એમાં ભેગા ભળ્યા ભગવાન ॥૯॥
દીઠી મૂરતિ અતિ રસાળ, રામાનંદ સ્વામીની વિશાળ ॥
શોભા નીરખી સુંદર એવી, સોમ સૂરજની કાંતિ જેવી ॥૧૦॥
શીતળ ઉદરમાંહિ ત્રિવળી, દંત દીસે દાડમની કળી ॥
ઊંડી નાભિ છે ગોળ ગંભીર, ગૌરવાન છબી સુખરૂપ ॥૧૧॥
ગજસૂંઢ સમ બેઉ બાહુ, દીસે દીર્ઘ તે આજાનુબાહુ ॥
દોય કોણિયું ભાસે છે શ્યામ, પોંચા કઠણ છે સુખધામ ॥૧૨॥
નખમંડળિયું ચડિયાતી, તેની શોભા નથી કહેવાતી ॥
રાતી હથેળી સુખનું ધામ, તેમાં રેખા થોડી થોડી શ્યામ ॥૧૩॥

INDEX

કંઠ કંબુ સમાન સોહાય, દેખતાં દુઃખડાં ટળી જાય ॥
શોભે અધર મધુર દોય, તેની હેઠે રોમાવળી જોય ॥૧૪॥
નેણા કમળદળ નિહાળી, ધનુ સમ ભ્રકુટિયું ભાળી ॥
શોભે ભાલ વિશાલે મરાળ, આડચ કેસર તણી રસાળ ॥૧૫॥
શ્વેત ઓઢી મસ્તકે પછેડી, નીલા રંગની હાથમાં છડી ॥
એમ ભુજમાં ભાળ્યા જીવન, બેઠા ગંગારામને સદન ॥૧૬॥
મુક્તમુનિએ ધ્યાનથી જાગી, કહ્યું વર્ણી સુણો વિતરાગી ॥
શિયું દેખ્યું તમે ધ્યાન વિષે, મુને કહો સઘળું અતિશે ॥૧૭॥
ત્યારે વર્ણીએ પ્રત્યક્ષવત, વાત સંભળાવી અવિરત ॥
જેમ દીઠા રામાનંદ સ્વામી, નખશિખ સહિત નિષ્કામી ॥૧૮॥
વળી પહેર્યા જે તન વસન, કીધું તે પણ થઈ મગન ॥
તેને સાંભળી શ્રવણે મુનિ, થયાં મુદિત મનમાં પુનિ ॥૧૯॥
ખરા અંતર્યામી છો તમે, વાત જાણીએ પ્રત્યક્ષ અમે ॥
માટે આંહિ રહો રાજી થઈ, કરશો જાવાનો ઉચાટ નહિ ॥૨૦॥
સુણી વર્ણી કહે દિલગીર, નયણોમાં ભરી ઉનાં નીર ॥
મળશે સ્વામી રામાનંદ જ્યારે, તાપ ટળશે અંતરના ત્યારે ॥૨૧॥
કૃપા કરી તમે સુખકંદ, જ્યારે ભેટાડશો રામાનંદ ॥
ત્યાર કેડચે આપણે બે લળી, ગુરુદેવને પ્રેમથી મળી ॥૨૨॥
લઈ આગન્યા જાશું જંગલ, કરીએ સંકલ્પ એવો અચલ ॥
તમે બેસો જ્યારે ધ્યાનમાંય, અમે ખબર રાખશું ત્યાંય ॥૨૩॥
વળી અમે ધરીએ જ્યારે ધ્યાન, તમે સંભાળ લેજ્યો નિદાન ॥
વનમાં રહેવું અમારે સુકર, રહેવું વસતીમાં અતિ દુષ્કર ॥૨૪॥
એમ ઠરાવ મુનિ સંગાથે, કરી પૂર્ણપુરુષોત્તમ નાથે ॥
નિજ દલની સુણાવી આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વર્ણીરાજે વૃત્તિમાં વૃત્તિ જોડી શ્રી રામાનંદ સ્વામીના દર્શન કર્યા એ નામે એકાશીમું પ્રકરણમ્ ॥૮૧॥

INDEX

પ્રકરણ : ૮૨

પૂર્વછાયો :

વાત અચરજની ઘણી, કહેતાં આવે આનંદ ॥
કથા કારણીક[1] જાણજયો, જે ટાળશે ભવફંદ ॥૧॥
પામશે પરિશ્રમ વિના, વળી તરશે ભવનો પાર ॥
કોડે કોડે કહેશે કથા, તેનાં અર્થ સરશે અપાર ॥૨॥
હવે પછીની વારતા, ખાંત્યે કહું કરીને વખાણ ॥
મુક્તાનંદ મહારાજની, સહુ સાંભળજયો સુજાણ ॥૩॥

ચોપાઈ :

એક દિ' નાવા ગયાં નટવર, એકલા સમુદ્ર તટ ઉપર ॥
નાહી પાછા વળ્યા સર્જુદાસ, આવ્યાં આશ્રમના દ્વાર પાસ ॥૪॥
તિયાં સામા મળ્યાં દોય બાળ, શ્યામ વાને વાંકડિયા વાળ ॥
ક્રીડા કરતાં ફળિયામાંય, એવાં દેખ્યા નીલકંઠે ત્યાંય ॥૫॥
પછી પ્રભુએ કરુણા કરી, બેઉ બાળ ઉપર જબરી ॥
દશા સમાધિ તણી દેખાડી, સર્વે ખેંચીને તનની નાડી ॥૬॥
થયાં જોતજોત્યે પ્રાણ લીન, કર્યું ઓચિંત્યું એમ નવીન ॥
પછી બાળને થઈ ધારણા, જોયા રવિ શશી તિયાં ઘણાં ॥૭॥
નીસરે તેમાંથી તેજ અંબાર, અતિ શીતળ શાંત અપાર ॥
તેહ મધ્યે દીઠા ઘનશ્યામ, કિશોર વયે શોભે સુખધામ ॥૮॥
પટ પીળા પહેર્યા મારા નાથે, નંગજડિત મુકુટ માથે ॥
થયું રૂડું સાક્ષાત્કાર દ્રષ્ણ, નીરખ્યા પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ॥૯॥
વળી અક્ષરધામ અકળ, દીઠું સમાધિમાંહિ અમળ ॥
પછી જુવે જ્યાં આવી મરાળ, દીઠાં પૃથ્વીએ પડેલા બાળ ॥૧૦॥
ત્યારે તેડી ગયાં મઠ વિષે, કર્યો ઈલાજ તિયાં અતિશે ॥
પણ સમાધિ છૂટી ન લેશ, મુવા હોય તેવો રહ્યો વેષ ॥૧૧॥
થયે બપોર જમવા નાવ્યા, વળી વાવડ કોઈ ન આવ્યાં ॥
તેથી માતતાત દુઃખી થઈ, સુત શોધે સહુ ઠામ જઈ ॥૧૨॥
આવ્યાં શોધતા વાવ કિનારે, કોઈ જન બોલ્યું તેહ વારે ॥
કરતાં રમત્ય આપના જાયા, લડથડી ગયાં બેઉ આંયા ॥૧૩॥

---

૧. ચમત્કારી, અનેક કાર્યોની કારણરૂપ

INDEX

તેથી તેડીને આપના બાળ, ગયાં આશ્રમે લઈ મરાળ ॥
સુણી સમાચાર પુત્ર તણાં, સદ્ય આવ્યાં ઉતાવળા ઘણાં ॥૧૪॥
જોયું નાડી તપાસી તે વાર, જાણ્યા મુવા બેઉ નિરધાર ॥
પછી ધીર રહી નહિ જરી, પોક મૂકી છે આક્રંદ કરી ॥૧૫॥
લોઢ શોકના સર્વત્ર વળ્યા, ગ્રામવાસી પણ આવી ભળ્યા ॥
નક્કી હશે આ વર્ણીનું કામ, તેથી આવ્યું માહું પરિણામ ॥૧૬॥
જઈએ ભેળા થઈ તેની પાસ, કરીએ બાળ ઉગર્યાની આશ ॥
નીલકંઠ આગે આવ્યાં સહુ, કહ્યું જને કરગરી બહુ ॥૧૭॥
પણ વર્ણીએ લેશ ન માન્યું, છીએ અજાણ એમ પ્રમાણ્યું ॥
પછી નરનારી દુઃખી મને, આવ્યાં સદ્ય મુક્તમુનિ કને ॥૧૮॥
કહી સ્વામીને સઘળી વાત, દૂર કરો આ બાળની ઘાત ॥
ત્યારે સ્વામી દયા ધરી દલ, ગયાં વરણી પાસે સજળ ॥૧૯॥
ઘણું નેહે કરી કરભામી, બોલ્યા વાણી મુક્તાનંદ સ્વામી ॥
તવ કૃપા થકી વર્ણીરાજ, પઢે વેદ મુકો મુખે આજ ॥૨૦॥
પંગુ પામે પર્વત શિખર, બને રંક રાજા સુખકર ॥
માટે કૃપા કરી સર્જુદાસ, કરો બાળજીવનો ઉજાસ ॥૨૧॥
નહિ ઉગારો મનુષ તમે, કરશે લોક ઉપાધિ આ સમે ॥
એવી મીઠી ટકોરની વાણી, સુણી સરજુદાસે વખાણી ॥૨૨॥
ભાવ રાખ્યો ગુરુદેવ તણો, મુક્તાનંદ સ્વામીમાંહિ ઘણો ॥
તેથી રાખી તેની મરજાદ, વેણ લોપ્યું ન કેદિ એકાદ ॥૨૩॥
પછી કૃપા કરી સુત પર, ઘણું આશ્ચર્ય થયું અવર ॥
બેઠા થયાં આળસડું મોડી, બેઉ ઊભા રહ્યાં કરજોડી ॥૨૪॥
એમ લીલા કરી અલબેલે, લોજમાંહી કર્યાં જન ઘેલે ॥
તેને માણે ખરા હરિદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વર્ણીરાજે બે બાળકોને સમાધિ કરાવી એ નામે બ્યાશીમું પ્રકરણમ્ ॥૮૨॥

પ્રકરણ : ૮૩

પૂર્વછાયો :

વાસ કરી લોજપુરમાં, નીલકંઠવર્ણીએ અત્યંત ॥
લીલા અતિ ઉત્તમ કરી, ઉચ્ચરતા નાવે અંત ॥૧॥
દશેરા જન્માષ્ટમી, વળી જળઝીલણી સાર ॥
પૂર્યા અન્નકૂટ પ્રેમથી, વસંતપંચમી અપાર ॥૨॥
એમ દન ઘણાં ગયે, વાધ્યો વિરહ વરણી તન ॥
દર્શ કરવા ગુરુદેવના, અતિ વ્યાકુળ થયું મન ॥૩॥

ચોપાઈ :

વર્ણીરાજ થયાં છે ઉદાસ, વીત્યા એમ જ્યારે નવ માસ ॥
જાય સ્નાન કરવાને કાજ, દેહભાન ભૂલે મહારાજ ॥૪॥
કાંટા કાંકરા પગમાં વાગે, ચાલે દ્રષ્ટિ મૂકીને મારગે ॥
લેશ રાખે નહિ તન સૂધ, જેમ હોય બાળક અબુધ ॥૫॥
નિત નેણમાં ભરાય નીર, દર્શ વિના થાય દલગીર ॥
મહા વિયોગે નિંદરા નાવે, થયે ટાણું જમવા ન આવે ॥૬॥
એમ વૈશાખ વિરહે ગયો, સ્વામી કેરો મેળાપ ન થયો ॥
ત્યારે આવી મુક્તમુનિ પાસ, બોલ્યા પાયે પડી અવિનાશ ॥૭॥
ઘણાં દિવસના વાણા વહ્યાં, તોય સ્વામી હજી ભુજે રહ્યાં ॥
ક્યારે આવશે દીનદયાળ, મુજ દાસની લેશે સંભાળ ॥૮॥
ક્યારે કૃપા કરી અઢળક, રૂડું દર્શન દેશે બેશક ॥
હવે મુને ઉતાવળ ઘણી, સદ્ય સ્વામીને મળવા તણી ॥૯॥
દિશ સૂઝે નહિ દિનરાત, નથી વળતી પંડે નિરાંત ॥
સ્વામી વિયોગે પળ અલપ, લાગે જુગોજુગ ને કલપ ॥૧૦॥
દરશન વિના વાત પક્કી, પંડ પડશે માહરું નક્કી ॥
ધૈર્ય રહેતું નથી હવે કાંય, વિરહાગ્નિ નવ સહેવાય ॥૧૧॥
પ્રીત મીન તણી જાણો સત્ય, જળ વિયોગે મરે તરત ॥
ચંદ્ર ચકોરની રીત ન્યારી, વણ દીઠે રહે દુઃખી ભારી ॥૧૨॥
પ્રીત્યે પતંગ પાવકમાંય, તન બાળી દિયે પળમાંય ॥
પિયુ પિયુ કહીને પોકાર, મરે ચાતક વિયોગે ઠાર ॥૧૩॥

INDEX

જળમાટીની પણ છે ખ્યાતિ, જળ સુકે ફાટી જાય છાતી ॥
તેમ તલખે મન અમારું, ઘણું મળવા સ્વામીને સારું ॥૧૪॥
એમ સંભળાવી નિજ શોક, મુનિ ચરણમાં મૂકી પોક ॥
આવ્યાં ચોધાર આંસુ લોચન, હાથવગુ રહ્યું નહિ મન ॥૧૫॥
ત્યારે મુક્તમુનિએ અપાર, દીધી સાંત્વના ધરીને પ્યાર ॥
દેખી તમારું દુર્બળ દેહ, અમે કહીએ છીએ સુણો તેહ ॥૧૬॥
ભુજ જાવાનો મેલો નિર્ધાર, તિયાં જાતાં લાગે બહુ વાર ॥
વળી આવે સમુદ્રની ખાડી, રોકે મારગ આવીને આડી ॥૧૭॥
અતિ સ્નેહ ગુરુદેવ સાથ, જાણું તમારો સઘળો નાથ ॥
તેથી વિરહ વધ્યો ઉર અતિ, નથી ચિત્તમાં નિરાંત રતિ ॥૧૮॥
પણ મોટાને મળવા જાય, ત્યારે મનધાર્યું ન કરાય ॥
કર્યે ઉતાવળ પડ્યે અવળું, શાસ્ત્રા કહે છે એમ સઘળું ॥૧૯॥
માટે આગન્યા લોપી લગાર, ભુજ જાશો નહિ નિરધાર ॥
સુખ ઉપજે આગન્યા પાળે, દુઃખ ઉપજે લોપે જે કાળે ॥૨૦॥
ગયાં ભવાની ઉલંઘી વેણ, નહોતું તાતનું યજ્ઞમાં કે'ણ ॥
થયો જગને જંગ અપાર, સતી બળી મુવા તેહ વાર ॥૨૧॥
માટે કહીએ કરગરી ઘણું, હમણાં ટાળો ભુજ જાવા તણું ॥
સુણી મુક્તમુનિ કેરી વાણ્ય, રહ્યાં મુન્ય ચતુર સુજાણ ॥૨૨॥
પછી સ્વામીએ કર્યો વિચાર, દેખી વર્ણીનું દુઃખ અપાર ॥
હવે કરું કંઈક ઉપાય, જેથી વર્ણી રખે નવ જાય ॥૨૩॥
પછી બોલિયા વિનંતી કરી, રહો હમણાં ધીરજ ધરી ॥
લખું સ્વામીને કાગળ આજ, પછી મોકલાવું મહારાજ ॥૨૪॥
જેમ ઉત્તર વળતો આવે, તેમ કરવું તમારે ભાવે ॥
ત્યારે વરણીને વળી હાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે નીલકંઠ વર્ણી રામાનંદ સ્વામીને મળવા ઉદાસ થયાં એ નામે ત્યાશીમું પ્રકરણમ્ ॥૮૩॥

પ્રકરણ : ૮૪

પૂર્વછાયો :

સ્વસ્તિશ્રી ભુજનગરમાં, અતિ શોભે મહાશુભ સ્થાન ॥
તિયાં વિરાજો પ્રેમથી, સદ્‌ગુરુશ્રી કૃષ્ણ સમાન ॥૧॥
ભવજળ ભય રોગનું, દુઃખ દૂર કરનાર છો ॥
શરણ આવ્યે જીવના, તમે તારણહાર છો ॥૨॥
પવિત્ર દર્શન આપનું, ટાળે પાપ તાપ સંતાપ ॥
એવાં પૂજ્ય પરમારથી, છો સદ્‌ગુણોથી અમાપ ॥૩॥

ચોપાઈ :

જય પતિતપાવન નાથ, જય અમૂલ્ય મારી મિરાંથ ॥
જય જીવના અધમોદ્ધાર, તમને કરું છું હું નમસ્કાર ॥૪॥
જય શરણાગતના સ્વામી, જય દયાળુ અંતરજામી ॥
જય મુજના પ્રાણઆધાર, તમને કરું છું હું નમસ્કાર ॥૫॥
જય દયાસિંધુ કૃપાળ, જય નિજજન પ્રતિપાળ ॥
જય મોક્ષકારી અવિકાર, તમને કરું છું હું નમસ્કાર ॥૬॥
સર્વે સિદ્ધિ રહે તવ પાય, સર્વે ભક્ત આપ ગુણ ગાય ॥
તમે નોંધારાના છો આધાર, તમને કરું છું હું નમસ્કાર ॥૭॥
એવાં સદ્‌ગુરુ પ્રૌઢ પ્રતાપ, સ્વામી રામાનંદજી અમાપ ॥
તમે વાંચજો વિનંતી મારી, પૂર્ણકામ સદા સુખકારી ॥૮॥
લિખિતંગ લોજથી આ વાર, મુનિ મુક્તાનંદ નિરધાર ॥
તવ કૃપા થકી સ્વામી સહુ, આંહિ કુશળ વરતે બહુ ॥૯॥
વિશેષ વિનંતી લખું છું જેહ, સ્નેહે સાંભળજો તમે તેહ ॥
કૌશળ દેશથી આવિયાં લોજ, મહાજોગી કરતાં કોઈ ખોજ ॥૧૦॥
તેનું નામ નીલકંઠ જાણો, શિવ સમ વૈરાગી પ્રમાણો ॥
સર્વે નાડી માંસ તપે કરી, કરી કૃશ વનમાં વિચરી ॥૧૧॥
વર્તે બ્રહ્મસ્થિતિએ હંમેશ, દ્રષ્ટિ રાખે સદા અનિમેષ ॥
નથી રાખતા પાસળે કાંય, ત્યાગ તેનો વર્ણવી ન જાય ॥૧૨॥
રૂડાં શોભે માથે ભૂરા કેશ, નથી ધરતા મત્સર લેશ ॥
પહેરે વલ્કલ ને મૃગછાળ, ગ્રહે હાથમાં તુલસી માળ ॥૧૩॥

INDEX

રહે ક્રિયામાં સદા સરળ, ધર્મ શીખવે સહુને અમળ ॥
ગુરુભાવ તે મુજમાં રાખે, વૃત્તિ તમમાં પરોવી રાખે ॥૧૪॥
જમે નિત્ય નીરસ ભોજન, ક્યારેક જમે નહિ ભગવન ॥
ક્યારે અજાચ્યું આવેલ જમે, ક્યારે વાયુપાને દેહ દમે ॥૧૫॥
જમે મરચા મીંઢી આવળ્ય, ક્યારેક ફળ ફૂલ જ કેવળ ॥
રસકસના રાખે નિયમ, પાળે ઉર્ધ્વરેતસ પરમ ॥૧૬॥
દેહધારીથી ન થાય તેવું, તપ કરે નીલકંઠ જેવું ॥
ઉનાળે તાપે છે અગ્નિ અતિ, સહે ધારા ચોમાસે વરસતી ॥૧૭॥
રુચે વસ્તીમાં રહેવું ન જરી, વને રહેવું ગમે ધ્યાન ધરી ॥
વાસ આવે વનિતાની જ્યારે, અન્ન ઉદરે ન રહે ત્યારે ॥૧૮॥
ષટ્ ઊર્મિ જીતી જેણે અંગ, દયા દિલમાં રાખે ઉતંગ ॥
કાળ કર્મ માયા તણો ભય, કર્યો તેની ઉપર્યે વિજય ॥૧૯॥
વળી વરતે શાંત સ્વભાવ, સદા ધ્યાને રહે ગરકાવ ॥
જાણે યોગકળાને કુશળ, તોય સેવા મૂકે નહિ પળ ॥૨૦॥
ત્રણ અવસ્થા ને ત્રણ દેહ, તેથી ઉપર વરતે એહ ॥
આવા દીઠાં ન કોઈ અનુપ, દીસે પરબ્રહ્મનુ સ્વરૂપ ॥૨૧॥
આવ્યાં પ્રભુ સિદ્ધદશા સોત્યે, પુરુષોત્તમ પૂરણ પોત્યે ॥
ગુણ ઐશ્વર્ય સહુ છપાડી, રહે મનુષ્યની રીતે દાડી ॥૨૨॥
કેદિ ધારે નહિ અભિમાન, રાજી કરવાનું રાખે તાન ॥
બોલે મુખથી મધુર વાણ, કરે વાત જોડી બેઉ પાણ ॥૨૩॥
અતિ અલૌકિક એની રીત, કળી શકે ન કોઈ ખચિત ॥
સદ્ગુણ દીસે છે અપાર, તેનો ગણતા ન આવે પાર ॥૨૪॥
સહુ સંભારીને રળિયાત, મુક્તમુનિ લખે એમ વાત ॥
લખતા આવે છે હૈયે હુલાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ રામાનંદ સ્વામીને પત્ર લખ્યો એ નામે ચોર્યાશીમું પ્રકરણમ્ ॥૮૪॥

INDEX

પ્રકરણ : ૮૫

પૂર્વછાયો :

વારે વારે વખાણીને, કહું વર્ણીરાજની વાત ॥
એકાંતિક શુદ્ધ ધર્મને, સમજી રહે સાક્ષાત ॥૧॥
તેનાં જપ તપ તેજથી, ગયું તપ અમારું ઢંકાંઈ ॥
દીવો દિનકર આગળે, એવો ત્યાગ અમારો દેખાય ॥૨॥
સાધ્યા યોગ અષ્ટાંગને, નેતિ ધોતી બસ્તી વમન ॥
તોય શિષ્ય થઈ રહ્યાં, ભલે હોય જો ભગવન ॥૩॥

ચોપાઈ :

સર્વે શાસ્ત્રનું ખરું રહસ્ય, તે તો જાણે છે પોતે અવશ્ય ॥
જ્યારે તર્ક કરે સભામાંઈ, ત્યારે સર્વે રહે છે મૂંઝાઈ ॥૪॥
વળી માંહોમાંહિ થાય વાદ, ત્યારે સંતની રાખી મર્યાદ ॥
સાંખ શાસ્ત્રની સરવે રાખી, દિયે ઉત્તર સઘળા ભાખી ॥૫॥
સહુ મનની વારતા જાણે, વાત એકુકી કહી પ્રમાણે ॥
દુરિજનનાં કડવા વેણ, સહી સાંભળે છે દુઃખદેણ ॥૬॥
એવાં ક્ષમાશીલ મહામતિ, પરપીડે દુઃખી રહે અતિ ॥
સિદ્ધદશા બાળપણાંમાંય, મોર્ય દેખી નથી અમે ક્યાંય ॥૭॥
સર્વે સાધુતાના ગુણ સહુ, તે તો વસી રહ્યાં એમાં બહુ ॥
તમ વિષે દેખ્યા ગુણ જેહ, નથી જોયા અન્ય અમે તેહ ॥૮॥
પેખી ચરિત્ર તેનાં અમાપ, દ્રઢતા જોવા આવ્યાં જાણું આપ ॥
રહે ઉર અધીર મહારાજ, દર્શન તમારાં કરવા કાજ ॥૯॥
નિસ્પૃહી રહે છે સદાય, તેને રોકી રાખ્યા લોજમાંય ॥
અકળાય અંતરમાં ઘણું, થયાં આતુર મળવા તણું ॥૧૦॥
ઈચ્છે દર્શ તમારું પાવન, માટે વહેલા આવો ભગવન ॥
હોય લખવામાં કોઈ ખામી, તો સુધારી લેજ્યો મારા સ્વામી ॥૧૧॥
પત્ર વાંચજ્યો કરુણા કરી, પછી લખાવજ્યો પ્રેમ ભરી ॥
વેલા વળજો નાથ દયાળુ, વાટ જુવે છે સહુ મરાળુ ॥૧૨॥
લળી લળીને કરું પ્રણામ, તવ ચરણમાં અભિરામ ॥
સંવત અઢારસોને છપ્પન, ફાગણ વદી પાંચમને દન ॥૧૩॥

INDEX

લખ્યો મુક્તમુનિએ તે પત્ર, સદ્‌ગુરુનો સુણવા ઉત્ર ॥
તેમાં વેદ પુરણ અઢાર, ભર્યો તેહનો સઘળો સાર ॥૧૪॥
સદ્‌ગુરુ સેવ્યા તણી રીત, કીધી પત્રમાં પાવન પુનિત ॥
વળી ગુરુ એ પ્રભુ સ્વરૂપ, નક્કી માનવું અતિ અનુપ ॥૧૫॥
વાંચી સમજે વર્તે જે નર, તેને કલ્યાણ આવ્યું છે કર ॥
પછી સંતસભા મધ્યે જઈ, વાંચ્યો કાગળ કરમાં લઈ ॥૧૬॥
ત્યારે રાજી થયાં સહુ સંત, સુણી ભાવ મુનિનો અત્યંત ॥
ધન્ય ધન્ય તમે મુક્તમુનિ, લખી વાત પુનિત આગુની ॥૧૭॥
પત્ર વાંચીને ભુજથી સ્વામી, વહેલા આવશે અંતરજામી ॥
પછી મુક્તમુનિ હરખાય, આવ્યાં વર્ણી વિરાજતા જ્યાંય ॥૧૮॥
કરજોડી કહ્યું તેની પાસ, તમે સાંભળો સરજુદાસ ॥
રૂડો પત્ર લખ્યો તમ કાજ, લખો તમે પણ અધિરાજ ॥૧૯॥
સુણી સ્વામી કેરી મીઠી વાણ્ય, મન વિચારે નાથ સુજાણ ॥
સ્વામી રામાનંદ સુખદાય, જાણે અંતર વાત સદાય ॥૨૦॥
દેખે લોક હસ્તામળ સહુ, તેને લખી જણાવી શું કહું ॥
તેની આગે કરવું ડહાપણ, નથી યોગ્ય તેહ કોઈ ક્ષણ ॥૨૧॥
એમ કહીને જગદાધાર, કહે મુક્તમુનિને તે વાર ॥
નથી ઈચ્છા પત્ર લખવાની, લીધું મનમાં એટલું માની ॥૨૨॥
પણ તમે કહો તેહ માટ, હવે પત્ર લખું સ્વામી સાટ ॥
પછી લીધી કલમ કાગળ, વ્હાલો બેઠા એકાંત્યે પ્રબળ ॥૨૩॥
ગ્રહી કરમાં કાગળ પાટી, લખે નિજ અંતર ઉઘાટી ॥
પાડે અક્ષર અક્ષરપતિ, રૂડી રીત્યે કરે તેની વિક્તિ ॥૨૪॥
પત્ર પૂરો કરી ઘણું હેતે, દીધો સ્વામીને સ્નેહ સમેતે ॥
ત્યારે વિરહનો મટ્યો ત્રાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ રામાનંદ સ્વામીને પત્ર લખ્યો એ નામે પંચાશીમું પ્રકરણમ્ ॥૮૫॥

INDEX

પ્રકરણ : ૮૬

પૂર્વછાયો :

મુક્તમુનિએ સ્નેહથી, ગ્રહી કાગળ બેઉ કર ॥
ભટ્ટ તિયાં તેડાવિયા, મયારામજી મુદભર ॥૧॥
વિપ્ર આવી સ્વામી આગળે, લળી લળી પાયે લાગિયા ॥
ભાગ્ય મારા ઉઘડ્યા, મુનિએ મુજને બોલાવિયા ॥૨॥
મહામુનિ પછી પ્રીતથી, બોલ્યા મીઠા મુખથી વાણ ॥
તેહ સુણી મયારામજી, થયાં મન મુદિત સુજાણ ॥૩॥

ચોપાઈ :

વિપ્ર સુણો તમે એક વાત, કરજો સાંભળી તેમ સાક્ષાત ॥
દઉં કાગળ દોય તમને, તેને રાખજયો અતિ જતને ॥૪॥
નથી તમ જેવા વેગવાન, શીઘ્ર મારગે ચાલે નિદાન ॥
છો જી ભક્ત વિશવાસુ ખરા, વળી ચિત્તે પ્રામાણિક વરા ॥૫॥
તેથી તેડાવ્યા તમને આંહિ, જાજયો ઉતાવળે ભુજમાંહિ ॥
દેજયો સ્વામીને ખાંત્યે કાગળ, કરી વંદન એની આગળ ॥૬॥
વળી પૂછે જો પ્રાણઆધાર, કહેજો સર્વે રૂડાં સમાચાર ॥
તવ દર્શ વિના વીત્યા દન, કૃપા કરી પધારો જીવન ॥૭॥
વારે વારે નમસ્કાર કરી, કરજો સ્તુતિ ઘણી ભાવભરી ॥
એવી સાંભળી સરવે વાતું, ભટ્ટ સિધાવ્યા ભરીને ભાતું ॥૮॥
મુક્તમુનિ મહામતિ ધામ, જાણે રીતિની નીતિ તમામ ॥
જેને ઘટે યોગ્ય કામ જેવું, સોંપી જાણે મુનિ તેને તેવું ॥૯॥
જેહ થકી જે કામ ન થાય, તેને સોંપવુ વ્યર્થ કહેવાય ॥
જાણી પાત્ર યોગ્ય મયારામ, તેહ કાજે સોંપ્યુ તેને કામ ॥૧૦॥
પછી ભટ્ટ ચાલ્યાં ભુજ ભણી, ઈચ્છા અંતરમાં એવી ઘણી ॥
આપું સ્વામીને પત્ર પાવન, રાજી થાશે મુંપર જીવન ॥૧૧॥
એમ વિચારતા વિપ્રવર, ચાલે ઉતાવળા મુદભર ॥
પહોંચ્યા સાત દને ભુજપુર, વાધ્યો આનંદ અતિશે ઉર ॥૧૨॥
ગંગારામ ભક્તને ભુવન, બેઠા સભામાંહિ સહુ જન ॥
તેહ મધ્યે ઉડુગણ ચંદ, તેમ દીસે સ્વામી રામાનંદ ॥૧૩॥

INDEX

નિજજનને આપે આનંદ, સુખદાયી સ્વામી સુખકંદ ॥
મેઘસમ ગંભીર છે સ્વર, સુણી આપ વિનાશે સત્વર ॥૧૪॥
અરુણ વર્ણ સમ ચર્ણ દોય, ભક્ત દેખી રહ્યાં સામું જોય ॥
કરે મુખે મંદમંદ હાસ, પ્રફુલ્લિત વદને વિલાસ ॥૧૫॥
એમ ભાળ્યા સ્વામી સુખધામ, કર્યાં વિપ્રએ દંડ પ્રણામ ॥
ત્યારે સ્વામી બોલ્યા હરખાઈ, આવો આવો મયારામ ભાઈ ॥૧૬॥
સુણી વાલપના મીઠા વેણ, છૂટ્યા નેહના આંસુડા નેણ ॥
પછી ચરણે નમાવી માથ, દીધાં પત્ર બેઉ સ્વામી હાથ ॥૧૭॥
સ્વામી રામાનંદે નિજ કર, લીધાં કાગળ પ્રેમ સભર ॥
શિર છાતીએ ચાંપી અપાર, પત્ર ઉઘાડિયો તેહ વાર ॥૧૮॥
છૂટ્યા તેજ સમોહ અગણિત, જોઈ જન થયાં છે ચકિત ॥
પત્ર વાંચી લીધાં કરી પ્રીત, જાણ્યું રહસ્ય લખ્યાંની રીત ॥૧૯॥
ધન્ય ધન્ય દિન વળી વાર, આજ ધન્ય મુજ અવતાર ॥
ઋષિ કરે જો કોટિ સાધન, જેનું પામવા દર્શ પાવન ॥૨૦॥
તોય સ્વપ્નો મળે નહિ જેહ, એવાં અવતારી પ્રભુ તેહ ॥
તેને લોજમાં રોક્યા અતિશે, મુજ પ્રિય મુક્તાનંદ શિષ્યે ॥૨૧॥
એમ વાત કરે સ્વામી અતિ, હૈયું હાથ રહેતું નથી રતિ ॥
વળી કહે છે સાંભળો જન, અમે વાત કહેતાં બહુ દન ॥૨૨॥
છૈયે ડુગડુગી વગાડનાર, વેશધારી આવશે નિરધાર ॥
આજ આવ્યાં તે વરણી વેશ, કરે પ્રશંસા એમ વિશેષ ॥૨૩॥
કથા મધ્યે શ્રીફળ સાકર, વહેંચી વધામણી મુદભર ॥
રાજી થઈ મનમાંહિ ઘણું, સંભારે શિષ્યનું સાધુપણું ॥૨૪॥
પછી રામાનંદજીએ પોત્યે, પ્રત્યુત્તર લખ્યો સ્નેહ સોત્યે ॥
લખી દલની ભાવભીનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મયારામ ભટ્ટ પત્ર લઈ ભુજ આવ્યાં એ નામે છ્યાશીમું પ્રકરણમ્ ॥૮૬॥

INDEX

પ્રકરણ : ૮૭

પૂર્વછાયો :

લિખિતંગ ભુજ શહેરથી, સ્વામી રામાનંદજી આજ ॥
આશિષ ગ્રે'જ્યો ઉરમાં, સહુ મળી સંત સમાજ ॥૧॥
પત્રા પુનિત બેઉ રૂડાં, મળ્યાં મુજને નિરધાર ॥
વાંચી અભિપ્રાય આપનો, જાણ્યા સર્વે સમાચાર ॥૨॥
સુખી છૈયે સંતો અમે, પ્રભુ પ્રકટને પ્રતાપ ॥
વળી સંતો લોજે રહ્યાં, હશો આનંદે સહુ આપ ॥૩॥

ચોપાઈ :

મહામુનિ મુક્તાનંદ સ્વામી રે, વ્હાલા મુજને અતિ અકામી રે ॥
તમે સાંભળજો ધરી પ્રીત રે, બીજા સંત પણ તે પુનિત રે ॥૪॥
પૂર્ણ પુરુષોત્તમ પ્રબળ રે, અતિ અગોચર અકળ રે ॥
સર્વ અવતારના અવતારી રે, નિજ ઈચ્છાએ આવ્યાં મોરારી રે ॥૫॥
જ્યારે આવ્યાં ફરતા સોરઠ રે, દેખી આશ્રમ ને ઘણાં મઠ રે ॥
તિયાં દેખી મુક્તમુનિ આપ રે, ઠર્યા લોજપુરે જગવ્યાપ રે ॥૬॥
જોઈ સાધુતાની રીત ભલી રે, જોઈ તમમાંહિ ગુણાવલી રે ॥
વર્ણી વેશે હરિ તિયાં રહ્યાં રે, અહો ભાગ્ય કેમ જાય કહ્યાં રે ॥૭॥
ધન્ય ધન્ય તમે મુક્તાનંદ રે, મુજ પહેલા મળ્યાં સુખકંદ રે ॥
તેની સેવા કરજ્યો તમે પ્રીત્યે રે, જેમ તેમને રુચે તે રીત્યે રે ॥૮॥
તમે લખ્યાં જે ગુણ વિશેકે રે, તે તો મનુષ્યના નહિ એકે રે ॥
એ છે કોટિ મુક્તો તણાં પતિ રે, લાધી તમને મોટી પ્રાપતિ રે ॥૯॥
બીજા સંત પણ સુણી લેજ્યો રે, વર્ણી તણો ઉપદેશ ગ્રે'જ્યો રે ॥
તેની પાસેથી શીખજ્યો યોગ રે, થાજ્યો તન મનથી અરોગ રે ॥૧૦॥
અષ્ટ ભાત્યે રહેજ્યો ઉર્ધ્વરેત રે, ક્રોધ જીતજ્યો માન સમેત રે ॥
યુક્ત આહાર વિહાર કરવો રે, જક્ત ઉદ્યમને પ્રહરવો રે ॥૧૧॥
ધર્મ વિષે રહેજ્યો સજાગ રે, મોળો પાડશો નહિ વૈરાગ્ય રે ॥
નીલકંઠમાંહિ ગુરુભાવ રે, સહુ રાખજ્યો આણી ઉછાવ રે ॥૧૨॥
માસ વૈશાખ ઉતર્યે જરૂર રે, નક્કી આવશું અમે લોજપુર રે ॥
તિયાં સુધી ધરી ઘણો સ્નેહ રે, તમે રાખજો વર્ણી નિસ્પ્રેહ રે ॥૧૩॥

INDEX

એવ સમાચાર લખ્યાં ઘણાં રે, પછી લખે નીલકંઠ તણાં રે ॥
કોટિ બ્રહ્માંડના તમે પતિ રે, કરું તવ ચરણમાં વિનંતી રે ॥૧૪॥
તપ તીવ્ર છે કોટિક ગણું રે, મુક્તમુનિથી સાંભળ્યું ઘણું રે ॥
ધન્ય ધન્ય વરણી ધીમંત રે, છોટી વયે છો વૈરાગ્યવંત રે ॥૧૫॥
નિજ જન તણાં સુખ કાજ રે, તમો પધાર્યા પૃથ્વીએ આજ રે ॥
અતિ દુર્લભ દર્શ તમારું રે, તે તો સોંઘું થયું ઘણું સારું રે ॥૧૬॥
તપ કરો છો આકરું તન રે, પણ કરજયો કૈંક જતન રે ॥
નવ કરશો વ્રત કઠિન રે, વાત માનજયો મારી નવીન રે ॥૧૭॥
સહુ સંતોનો આદરભાવ રે, તમે રાખજયો સહજ સ્વભાવ રે ॥
ધર્મમાંહિ સદા સાવધાન રે, રાખી લેજયો ખટક નિદાન રે ॥૧૮॥
અમને મળવા તણી જે તાણ રે, સર્વે જાણું છું તેહ સુજાણ રે ॥
પણ આવવું આંહિ ઉચિત રે, નથી જાણજયો ખરું ખચિત રે ॥૧૯॥
ઈચ્છા તમને જેમ અમારી રે, તેમ અમને પણ તમારી રે ॥
પણ આગન્યા વિના ન આવો રે, આવશો તો થાશે પસ્તાવો રે ॥૨૦॥
એમ બહુ ભલામણ કરી રે, પત્ર પૂર્ણ કર્યો ભાવ ભરી રે ॥
પછી વિપ્રને ભુજમાં[1] ઘાલી રે, મળ્યાં ભુજમાં[2] કાગળ આલી રે ॥૨૧॥
વળી કહ્યું એવું ભટ્ટજીને રે, વાટે સહુને કેજયો સમજીને રે ॥
કોઈ આવો મ ભુજ દર્શને રે, જાજયો લોજ પ્રફુલ્લિત મને રે ॥૨૨॥
કીધી વાત રહસ્યની ઘણી રે, પછી આલી આજ્ઞા જાવા તણી રે ॥
મયારામે પડી સ્વામી પાય રે, કરી નમન લીધી વિદાય રે ॥૨૩॥
ચાલ્યાં તિયાં થકી ભટ્ટ જોરે રે, વાટે હરિ ભજે હોરે હોરે રે ॥
જોયા વિના દિવસ ને રાત્ય રે, વિપ્ર આવ્યાં લોજે દિન સાત રે ॥૨૪॥
ચિત્ત પહોંચતા હર્ષિત થયું રે, દુઃખ થાકનું વિસરાઈ ગયું રે ॥
ત્યાર પછીની વાત ઉજાશ રે, કરશે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામાનંદ સ્વામીએ પ્રત્યુત્તર લખ્યો એ નામે સત્યાશીમું પ્રકરણમ્ ॥૮૭॥

---

૧. બાહુ ૨. ભુજ શહેર

પ્રકરણ : ૮૮

પૂર્વછાયો :

પ્રતિ ઉત્તરની વાટડી, જુવે નીલકંઠ નિશદન ॥
શોક વાધ્યો અતિ ચિત્તમાં, કૃશ થયાં તન મન ॥૧॥
વારે વારે મુક્તાનંદને, કહે વર્ણીરાજ વાત ॥
ભટ્ટજી હજી નાવિયાં, ભુજ રહી ગયાં સાક્ષાત ॥૨॥
મેવા મીઠાઈ મળ્યાં હશે, વળી પહેરામણી ભરપૂર ॥
મનવાંછિત સુખ મળતા, તિયાં રહી ગયાં હજૂર ॥૩॥

ચોપાઈ :

સુણી સરજુદાસની વાણી, બોલ્યા સ્વામી મુક્તાનંદ જાણી ॥
નથી ભટ્ટ ભૂલા પડે એવાં, લેવા રહ્યાં નથી કાંઈ મેવા ॥૪॥
મુને દ્રઢ છે તેનો વિશ્વાસ, ખરેખરા તે પ્રભુના દાસ ॥
નથી એ વાતમાં કાંઈ મણાં, આવશે લઈ સંદેશ હમણાં ॥૫॥
એમ સાંત્વન દિયે છે જયાંય, ભટ્ટ આવિયાં આંગણામાંય ॥
પડ્યાં મુક્તમુનિ તણે પાય, ધન્ય થયાં પોત્યે વિપ્રરાય ॥૬॥
પછી દ્વિજે પ્રેમભરી પત્ર, દીધો સ્વામીના હાથમાં તત્ર ॥
કર કાગળ સ્વામીએ લઈ, છાતી સરીસો ચાંપિયો સઈ ॥૭॥
સભામાંહિ ખોલી સંભળાવ્યો, સહુ સંત મન ઘણો ભાવ્યો ॥
સુણી રાજી થયાં વર્ણી ઘણું, દુઃખ દૂર થયું વિરહ તણું ॥૮॥
સ્વામી રામાનંદના આદેશ, ફેર પાડ્યા નહિ લવલેશ ॥
દ્રઢ પાળવા નિયમ શુદ્ધ, સર્જુદાસ થયાં છે પ્રબુદ્ધ ॥૯॥
મુક્તમુનિ કરી ઘણો પ્યાર, પછી બોલ્યા એમ નિરધાર ॥
સુણો નીલકંઠ વર્ણીરાજ, સ્વામીએ લખી મેલ્યું છે આજ ॥૧૦॥
સહુ શીખજો વરણી પાસ, અષ્ટ યોગ કેરો વિદ્યાભ્યાસ ॥
માટે તમારે યોગની રીત, જરૂર સંતને શીખવી ઉચિત ॥૧૧॥
ત્યારે કહે સર્જુદાસ પ્રીત્યે, મારે કરવું છે મોટાની રીત્યે ॥
લખી કાગળમાં જે જે વાત, તેને પાળશું સર્વે સાક્ષાત ॥૧૨॥
પછી આજ્ઞા ધરી નિજ શિર, રહ્યાં નીલકંઠ પોતે સુધીર ॥
નિત્ય શીખવે યોગની કળા, શીખે સંત મળી તે સઘળા ॥૧૩॥

યોગ અષ્ટધા જાણજયો મન, યમ નિયમ તથા આસન ॥
પ્રત્યાહાર તથા પ્રાણાયામ, ધારણા ધ્યાન સમાધિ નામ ॥૧૪॥
યમ દ્વાદશ પ્રકારે જાણો, વળી નિયમ તેટલા પ્રમાણો ॥
ત્રીજું અંગ આસન ગણાય, તેનાં ભેદ ચોરાશી જણાય ॥૧૫॥
પ્રાણાયામને કરવા વશ, કરવું નાડીશોધન અવશ્ય ॥
તેથી સરળ બને છે કામ, રોગ દૂર થાય જો તમામ ॥૧૬॥
નેતિ ધોતી ને બસ્તી પ્રકાર, નોલી ત્રાટક પ્રમાણો સાર ॥
ષષ્ઠ ક્રિયા તે કપાળભાતિ, નાડી શોધન એમ જણાતી ॥૧૭॥
પ્રત્યાહારની છે એમ રીત્ય, મન વશ ન થાવું ખચિત્ય ॥
વિષય થકી વૃત્તિ પરહરિ, સ્થિર અંતઃકરણમાં ધરી ॥૧૮॥
રીત્ય ધારણાની જુદી જાણો, વૃત્તિ હૃદે રહે પરમાણો ॥
વળી ષટ્ચક્રના જે સ્થાન, તિયાં સ્થિર રાખવી નિદાન ॥૧૯॥
મૂળાધાર ને સ્વ અધિષ્ઠાન, મણીપુર અનાહત નિદાન ॥
વિશુદ્ધિ આજ્ઞાચક્ર વિરાજે, એમ ષટ્ચક્ર તન છાજે ॥૨૦॥
યમ નિયમાદિ અષ્ટ અંગ, તેનો પૂરો પમાય પ્રસંગ ॥
ત્યારે મન તેનું શુદ્ધ થાય, ત્યાર પછી ધ્યાનમાં જવાય ॥૨૧॥
ધરવું ધ્યાને પ્રભુનું સ્વરૂપ, સ્નેહે સંભારો લીલા અનુપ ॥
એવું ધ્યાન જયારે યોગી ધારે, બ્રહ્મધામ જરૂર તે પધારે ॥૨૨॥
અંગ અંતિમ ક્લિષ્ટ સમાધિ, થાય સિદ્ધ તેને યોગી સાધી ॥
સંપ્રજ્ઞાત ને અસંપ્રજ્ઞાત, તેના ભેદ બે જાણો સાક્ષાત ॥૨૩॥
એવી રીત્યે યોગકળા સહુ, શીખવી વર્ણીએ સંતને બહુ ॥
સાધી યોગ ધારે મૂર્તિ ધ્યાન, થાય પૂરણકામ નિદાન ॥૨૪॥
એવી રીતે દન પછી દન, સંત કરે છે યોગ પાવન ॥
રહે સ્વામી પધાર્યાની આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વર્ણીરાજે લોજમાં અષ્ટાંગ યોગ શીખવ્યો એ નામે અઠ્યાશીમું પ્રકરણમ્ ॥૮૮॥

INDEX

પ્રકરણ : ૮૯

પૂર્વછાયો :

જેઠે જગજીવનજી, જુવે રાહ લોજ મોઝાર ॥
કેં વારે સ્વામી પધારે, દેવા સુખ અપાર ॥૧॥
એવે સમે શુક્લ પક્ષની, આવી ભીમ એકાદશી ॥
મુક્તમુનિએ પ્રીત્યથી, સમૈયો કર્યો ઘણું હુલસી ॥૨॥
નરનારી ભેળા થઈ, કર્યું જાગરણ પૂરી રાત્ય ॥
લેલીન થઈ ભજનમાં, શુદ્ધ વ્રત કર્યું સાક્ષાત ॥૩॥

ચોપાઈ :

જેઠ માસ વીત્યો અર્ધ જ્યારે, ભુજ વિચાર્યું સ્વામીએ ત્યારે ॥
હવે મારે જાવું પીપલાણે, થયો વાયદો પૂરો પ્રમાણે ॥૪॥
ચાલ્યાં તિયાં થકી તતકાળ, દઈ ભક્તને સુખ દયાળ ॥
શોભે રથ સુવર્ણ સમાન, તેની મધ્યે બેઠાં કૃપાવાન ॥૫॥
ભારે ભક્તોની ભીડ ભરાણી, ઘણું વિનવે જોડી બે પાણિ ॥
શીદ આપો વિયોગનું દુઃખ, આપી આટલા દિવસ સુખ ॥૬॥
એમ બહુ થાય શોકવાન, ત્યારે સ્વામી કહે કરી સાન ॥
કોઈ રડશો નહિ લગીર, ધરો હૈયામાંહિ ઘણી ધીર ॥૭॥
એવી રીતે સૌને સમજાવી, પાછા બિરાજ્યા રથમાં આવી ॥
વળી જન બોલ્યા જોડી હાથ, વહેલા પધારજો સ્વામી નાથ ॥૮॥
ત્યારે સ્વામી કહે સાવધાન, સહુ રેજ્યો ધર્મમાં નિદાન ॥
જરૂર આવશું પાછા પધારી, કેંક ભક્તના કાજ સુધારી ॥૯॥
એમ કહી ચાલ્યાં રામાનંદ, સાથે મંડળ લઈ જગવંદ ॥
મેર કરી આવ્યાં પીપલાણે, જેઠ વદ દશમીને ટાણે ॥૧૦॥
સુણી સ્વામીની વધાઈ ગામે, ભક્તો લેવા આવ્યાં સહુ સામે ॥
હેતે હરખે ગુરુને વધાવી, પ્રેમે પૂજ્યા આસને પધરાવી ॥૧૧॥
પછી સ્વામીએ દઈ વધાઈ, મેલ્યા કુંવરજી લોજમાંહિ ॥
મુક્તમુનિને સંદેશ દેજ્યો, અમો પીપલાણે આવ્યાં કહેજ્યો ॥૧૨॥
આજ્ઞા સુણી કુંવરજી દવે, સદ્ય ચાલ્યાં લોજ ભણી હવે ॥
એવાં સમામાંહિ લોજપુર, રહેતા મુક્તમુનિ ચિંતાતુર ॥૧૩॥

INDEX

દીધી વર્ણીને ધીરજ ઘણી, પણ આવ્યાં નહિ હજી ધણી ॥
થયો કૃશ તેનો ઘણો દેહ, નહિ ટકે જાણે હવે એહ ॥૧૪॥
નહિ આવે સ્વામી જો હમણાં, થાશે અવળું ને મોટી મણાં ॥
એવી ચિંતામાં મુનિ ઘેરાઈ, રાતે સૂતા હતાં શોકમાંઈ ॥૧૫॥
વહેલું પ્રભાત થયું છે જ્યાંય, અંગ જમણાં ફરક્યા ત્યાંય ॥
જાણ્યું મુક્તમુનિએ વિશેષ, સ્વામી પધાર્યા સોરઠ દેશ ॥૧૬॥
આજ કાલ્ય થાશે દર્શન, એમ સૂચવે શુભ શુકન ॥
મહામુનિ થયાં રાજી મન, અતિ પ્રભાતમાંહિ મગન ॥૧૭॥
અતિ ઓઘ આનંદના વળ્યા, દુઃખ શોક તણાં જઈ બળ્યા ॥
હૈયામાંહિ હર્ષ ન સમાય, બેઉ નયણે નેહ ન માંય ॥૧૮॥
વહેલા ઊઠી પછી વર્ણીરાજ, મુક્તમુનિને મળવા કાજ ॥
આવ્યાં કરજોડી સ્વામી પાસ, દીઠો હૈયે સુખનો ઉજાસ ॥૧૯॥
વર્ણી વિચારે છે ઘણું મન, દેખી સ્વામીનું મુખ પ્રસન્ન ॥
ધન્ય આજ ઘડી ધન્ય વાર, કાં જે શોક દૂર થયો ઠાર ॥૨૦॥
પછી મુક્તમુનિ બોલ્યા વાણ, તમે સાંભળો વર્ણી સુજાણ ॥
નક્કી આવશે હમણાં સ્વામી, એહ વાતમાં ન કોઈ ખામી ॥૨૧॥
મને જણાયું શુભ શુકન, જ્યારે આજ ઉદે થયો દન ॥
વળી ફરક્યા જમણાં અંગ, વાધ્યો દલમાં અતિ ઉમંગ ॥૨૨॥
એમ વાત કરે બેઉ જ્યાંય, આવી પહોંચિયા વિપ્ર ત્યાંય ॥
દેખી મોદ તેનો ભરપૂર, જાણી લીધું મુનિએ જરૂર ॥૨૩॥
આવે મનમુદિત આ ટાણે, નક્કી સ્વામી આવ્યાં પીપલાણે ॥
પછી કુરજીએ કરી પ્રણામ, દીધો પત્ર સ્વામીને તે ઠામ ॥૨૪॥
તેમાં લખ્યું દરશન કાજ, આવો પીપલાણે સર્વ સમાજ ॥
સુણી પામ્યા છે સંત હુલાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામાનંદ સ્વામી પીપલાણા પધાર્યા એ નામે નેવ્યાશીમું પ્રકરણમ્ ॥૮૯॥

INDEX

પ્રકરણ : ૯૦

પૂર્વછાયો :

શશીમુખને નીરખી, થાય ચકોર મન પ્રસન્ન ॥
મળે રતન જેમ રાંકને, જેમ ભૂખ્યો પામે ભોજન ॥૧॥
તેથી અધિક અદકેરા, થયાં વર્ણી મનમાંય ॥
મુક્તમુનિ પણ શ્રવણે, સંદેશ સુણી હરખાય ॥૨॥
પોશ ભરી સાકર તણી, કુરજી દવે દ્વિજવરને ॥
દીધી પ્રસાદી પ્રેમથી, મહામુનિએ મગન મને ॥૩॥

ચોપાઈ :

પછી વર્ણી બોલ્યા કરી પ્યાર, સ્વામી વાર મ કરો લગાર ॥
પળ એક કલ્પ સમ જાય, હવે મુજથી ન રહેવાય ॥૪॥
ત્યારે મુક્તમુનિ આણી ધીર, બોલ્યા પ્રેમેશું કોમળ ગિર ॥
થોડીવાર નટવર નાથ, ખમી૯ જાઓ સહુ સંત સાથ ॥૫॥
પછી બોલાવી તિયાં મરાળ, સર્વે સભા કરી તતકાળ ॥
કહો કોણ રહેશે લોજમાંય, કોણ આવશે સંગાથે ત્યાંય ॥૬॥
મુક્તમુનિ ચતુર સુજાણ, કહ્યું સંતમાં એમ પ્રમાણ ॥
કરવું પૂછીને સરવે કામ, એવી જાણતા રીત તમામ ॥૭॥
ત્યાર કેડ્યે સંઘ લઈ સ્વામી, ચાલ્યાં પીપલાણે કરભામી ॥
સાથે વર્ણીરાજ સુખદાઈ, ભલા ભક્ત છે પર્વતભાઇ ॥૮॥
શેઠ ખીમો સોની જીવરાજ, જેઠો ભક્ત વળી અંબારામ ॥
એહ આદિ જન ઉછરંગે, ભેળા ચાલે મુક્તમુનિ સંગે ॥૯॥
એમ કરતાં આવ્યું શુભ ગામ, કાલવાણી રૂડું તેનું નામ ॥
તિયાં કર્યો મુનિએ વિચાર, રહેવું રાત્ય આંહિ નિરધાર ॥૧૦॥
પણ નીલકંઠ આવ્યાં છે ધાઈ, સ્વામી રહેવું ન આપણે આંઇ ॥
ત્યારે સ્વામી કહે સુણો તમે, સહુ જાશું ઈન્દુ ઉગ્યા સમે ॥૧૧॥
કૃષ્ણ પક્ષ છે દશમી દન, તેથી રાત્ય અંધારી સઘન ॥
માટે વેળ્ય મ કરજો જરી, સંત સમૂહને રહો વરી ॥૧૨॥
કેદિ ખોટી ઉતાવળ થકી, શુભ કાજ ન સુધરે નક્કી ॥
વળી વાટે પડશે જો પંડ, દર્શ કોનું કરશો અખંડ ॥૧૩॥

INDEX

ગામમાંહિ રહેનાર જે ભક્ત, સંઘે જોડાશે સૌ અવિરત ॥
માટે તેની જોઈ થોડી વાટ, સહુ ભેળા જાશું વર્ણીરાટ ॥૧૪॥
એમ ઘણું ઘણું સમજાવ્યું, મન જોગીનું તોય ન ભાવ્યું ॥
બોલ્યા અધીરા આતુર વેણ, હવે નહિ ખમાય આ રેણ ॥૧૫॥
મુને શીદ સમજાવો સ્વામી, આપ તો ખરા અંતરજામી ॥
મર આવે જો ક્રોડ વિઘને, પણ જાવું જરૂર દર્શને ॥૧૬॥
લાય લાગી અંતરમાં ઘણી, સ્વામી રામાનંદ મળવા તણી ॥
એમ વાત ચાલી ઘણીવાર, તિયાં ઈન્દુ ઉગ્યો નિર્ધાર ॥૧૭॥
પછી મુક્તમુનિ લઈ સંઘ, તિયાં થકી ચાલિયા અનઘ ॥
પણ આદર્યું ચરિત્ર આજ, બેઠા વાટમાંહિ વર્ણીરાજ ॥૧૮॥
કહે પીડા વાધી મુને પગ, હવે ચાલુ નહિ એક ડગ ॥
એમ કહી કહી હરિવર, કરે માનુષી લીલા મુદભર ॥૧૯॥
પછી મુનિ સહુ ભેળા મળી, પગચંપી કરે વળી વળી ॥
દેખી દયાળુની મનમાની, આવ્યાં સંત ત્યાં હિન્દુસતાની ॥૨૦॥
તેનું નામ જે અયોધ્યાદાસ, બોલ્યા પડકારો દઈ ખાસ ॥
મુજ ભુજમાં બળ વધારે, મણ બાર ઉપાડુ છું ભારે ॥૨૧॥
તન દુબળુ તમારું જોઈ, કરું વિનંતી તમને સોઈ ॥
મારી કાંધ્યે બેસો પ્રતિપાળ, વાટે ચાલીશ લઈ સંભાળ ॥૨૨॥
બેઠા કાંધ્ય પર કિરતાર, સર્વે ભૂતળનો લઈ ભાર ॥
ત્યારે ખમી શક્યા નહિ સંત, બોલ્યા ખભેથી ઉતરો તર્ત ॥૨૩॥
પછી ત્યાંથી ચાલ્યાં સહુ જન, મુક્તમુનિમાં મેળવી મન ॥
થાય ખબર જેને જે ગામ, ચાલે સંઘ સાથે તજી કામ ॥૨૪॥
હતો ચાંદલિયો આસમાન, તેનો તેજ પડતો નિદાન ॥
ગાતા વાતા આવે છે હુલાસે, કહ્યું ઘનશ્યામપ્રકાશદાસે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વર્ણીરાજે પીપલાણા જતા મનુષ્ય ચરિત્ર કર્યું એ નામે નેવુંમું પ્રકરણમ્ ॥૯૦॥

INDEX

પ્રકરણ : ૯૧

પૂર્વછાયો :

પછી મુનિવર ચાલિયા, સહુ જન સાથે મળી ॥
ગુરુવર આજ મળશે, એમ વાત કરે વળી વળી ॥૧॥
ઘણું બોલે મુખથી, અતિ બૃહદ્ ભાગ્ય આપણા ॥
દર્શન થાશે દેવનાં, પછી રહેશે નહિ મણાં ॥૨॥
એવો ઉમંગ આણીને, વાતું કરતાં તૃપ્ત ન થાય ॥
ઓરા ઓરા આવે પીપલાણે, તેમ તેમ ગુણલાં ગાય ॥૩॥

ચોપાઈ :

ઈન્દુ તેજે છાયો ચહુદિશે, હૈયે આનંદ વાધ્યો અતિશે ॥
મુક્તમુનિ કહે તેમ સહુ, ચાલે ઉતાવળે જન બહુ ॥૪॥
ચાલે નીલકંઠ મુનિ આગે, કાંટા કાંકરા ક્યારેક વાગે ॥
હતું કૃશ તેમનું શરીર, તેથી થાકી ગયાં બળવીર ॥૫॥
ત્યાર કેડ્યે મૂર્છા પામી વાટ, પોતે પડી ગયાં વર્ણીરાટ ॥
સદ્ય મુનિએ શોધીને ઠામ, જોગી બેસાડિયા અભિરામ ॥૬॥
પછી સૂધ આવી જ્યારે થોડી, ત્યારે બોલિયા આળસ મોડી ॥
મુજ પંડે પીડા બહુ થાય, વળી કષ્ટ ઘણું પડે પાય ॥૭॥
એમ સાંભળી દીનતા વાણ્ય, પગ દબાવે સંત સુજાણ્ય ॥
ઠીક થયું તેથી કાંઈ તને, ઊભા કર્યા પછી સહુ જને ॥૮॥
દેખી માવની મનુષ્ય લીલા, મુક્તમુનિ બોલ્યા અળવીલા ॥
નટવર નાટકને મેલો, તન કષ્ટ બધું હવે ઠેલો ॥૯॥
કરશો આવું ચરિત આ ટાણે, પછી નહિ પહોંચાય પીપલાણે ॥
મોટી મોટી વાતો યોગ તણી, આમ તો કરો છો દિન ઘણી ॥૧૦॥
વળી સામર્થી દેખાડી શ્યામ, કેંક જન કરો નિષ્કામ ॥
સમે સમે જે કામ ન લાગે, અર્થ સરે નહિ કોઈ આગે ॥૧૧॥
માટે યોગ ધરી અંગોઅંગ, સદ્ય ચાલો મુનિજન સંગ ॥
એમ ચાલશો જરૂર જ્યારે, પીપલાણે પહોંચાશે ત્યારે ॥૧૨॥
સુણી મુક્તમુનિ કેરી વાણી, વર્ણી ઊભા થયાં તન તાણી ॥
નિજ દૃષ્ટિ ફેરવી ચહુકોર, પછી ચાલ્યાં કરી ઘણું જોર ॥૧૩॥

INDEX

જેમ છૂટે ધનુષથી બાણ, થયાં વહાલો વેગીલા સુજાણ ॥
જન રહ્યાં સહુ સામું જોય, ચાલી શક્યું ન સંગાથે કોય ॥૧૪॥
આવ્યાં એમ ઉતાવળે ઝટ, આવી ઊભા સરિતાને તટ ॥
ગંગા ઓઝત છે મદમાતી, વહે ચીરી પાષાણની છાતી ॥૧૫॥
પડે ભ્રમરિયું જળમાંય, તેમાં જાય તે જાય તણાંય ॥
બેઉ કાંઠા વહે છલકાતા, પૂર પાણીનાં નથી સમાતા ॥૧૬॥
નીલકંઠે વિચારિયું એમ, પાછું ન વળવાની છે નેમ ॥
વે'ણ સરયુ આગળ આનું, દીસે સરળ ને ઘણું નાનું ॥૧૭॥
પછી વિચારી સરજુદાસ, ચાલ્યાં તિયાં થકી મંદહાસ ॥
વાયુવેગે ચાલે વારિ પર, રહે જળથી ઘણું અદ્ધર ॥૧૮॥
ઉતર્યા કષ્ટ વિના નદી પાર, રૂડી ઓઝત ગંગા તે વાર ॥
થયાં સંત ચકિત સઘળા, દેખી અતિ અલૌકિક કળા ॥૧૯॥
પછી શાંત થયું જળ જ્યારે, જન કાંઠે આવ્યાં સહુ ત્યારે ॥
સારો તરાપો મંગાવી તિયાં, બેસી તેમાં ઓઝત ઉતરિયા ॥૨૦॥
આવી પહોંચિયા પીપલાણે, ગામમાંહિ પરોઢિયા ટાણે ॥
ઉગ્યો આભે સૂરજ પ્રસન, થયાં પ્રફુલ્લિત જન મન ॥૨૧॥
સંવત અઢારસોને છપ્પને, જેઠ વદી દ્વાદશી દને ॥
રૂડી સ્નાન વિધિ કરી સહુ, આવ્યાં ઉતાવળે મુનિ બહુ ॥૨૨॥
મુક્તમુનિ આવ્યાં મુદભેર, દ્વિજ નરસિંહ મહેતાને ઘેર ॥
આજ સુખના સિંધુ અપાર, લિયે હિલોળા હૈયા મોઝાર ॥૨૩॥
જેની જોઈ ઘણી ઘણી વાટ, લોજ રહ્યાં'તા વરણીરાટ ॥
તેનું મિલન થશે મહાન, મુક્તમુનિને સંગ નિદાન ॥૨૪॥
કેવું દર્શ થયું તેહ વેળા, મુનિ જન મળ્યાં સહુ ભેળા ॥
કહેશે વર્ણવી તે શુભમતિ, ઘનશ્યામપ્રકાશ વિગતિ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ સાથે નીલકંઠ પીપલાણા આવ્યાં એ નામે એકાણુંમું પ્રકરણમ્ ॥૯૧॥

પ્રકરણ : ૯૨

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, કહું ત્યાર પછીની વાત ॥
મુક્તમુનિ તથા વરણી, મળ્યાં સ્વામીને સાક્ષાત ॥૧॥
શોધી વિચારી ઉપમા, પણ જડે નહિ તે માટ ॥
એક મુખે કહી શું ભણું, વરણવું કેમ વિરાટ ॥૨॥
અદભૂત મિલન થયું, ત્રિપુટી તણું રંગરેલ ॥
કોણ શિષ્ય ને કોણ ગુરુ, તેનો ભેદ ઘણો મુશકેલ ॥૩॥

ચોપાઈ :

આવ્યાં મુક્તમુનિ વર્ણીરાજ રે, લઈ વિપ્રને ઘેર સમાજ રે ॥
સ્વામી શોભી રહ્યાં સભામાંય રે, બેઠા પલંગે પૂજેલા ત્યાંય રે ॥૪॥
એવાં દીઠા રામાનંદ સ્વામી રે, દીનદયાળુ અંતરજામી રે ॥
કીધાં દૂરથી દંડ પ્રણામ રે, ગુરુચરણમાં અભિરામ રે ॥૫॥
પેખી મુક્તમુનિ વ્હાલા સંત રે, નીલકંઠ વર્ણી અત્યંત રે ॥
ઊભા થઈ આવ્યાં સામે ચાલી રે, મળ્યાં વર્ણીને બાથમાં ઘાલી રે ॥૬॥
બાંય ગ્રહીને મુક્તમુનિને રે, ખૂબ હેતે મળ્યાં રાજી થઈને રે ॥
તૃપ્ત થતા નથી લોચન રે, મળ્યાં ગુરુવર ઘણે દન રે ॥૭॥
જોઈ સરજુદાસ ને સ્વામી રે, થાય રાજી રામાનંદ સ્વામી રે ॥
આવ્યાં આંખ્યમાં નીર ભરાઇ રે, મુખે બોલી શક્યા નવ કાંઈ રે ॥૮॥
પછી વર્ણીને આપી આસન રે, કહ્યાં મુક્તમુનિને વચન રે ॥
ધન્ય ધન્ય તમે મુક્તાનંદ રે, લોજ રાખ્યા વર્ણી સુખકંદ રે ॥૯॥
કર્યાં શિષ્યોમાં સહુ શિરતાજ રે, ખરું સાર્થક કર્યું તે આજ રે ॥
તમ વિના પ્રભુ અવતારી રે, મળ્યાં હોત નહિ આ વારી રે ॥૧૦॥
એમ આશિષનો શિરપાવ રે, દીધો મુક્તમુનિને ઉછાવ રે ॥
વળી મુનિ પ્રત્યે પૂછે પોત્યે રે, સર્વે સમાચાર સ્નેહ સોત્યે રે ॥૧૧॥
લોજ આવ્યાં ક્યારે નીલકંઠ રે, કહો વરતંત તે સારી પઠ્ય રે ॥
મુક્તમુનિ બોલ્યા સ્નેહ આણી રે, સુણી સ્વામીની અમૃત વાણી રે ॥૧૨॥
કૃષ્ણ પક્ષની શ્રાવણ છઠે રે, આવ્યાં નીલકંઠ પ્રભુ મઠે રે ॥
તપ કર્યું છે કઠણ તન રે, સંત સેવા કરી નિશદન રે ॥૧૩॥

INDEX

તવ દરશ કરવાની આશે રે, રહ્યાં હેત બાંધી અમ પાસે રે ॥
એમ મહામુનિ સર્વે વાત રે, સંભળાવે સ્વામીને સાક્ષાત રે ॥૧૪॥
સુણી શિષ્ય તણી શુભ વાણ્ય રે, થયાં મન મુદિત સુજાણ્ય રે ॥
પછી હેતેથી વરણીરાય રે, મુક્તમુનિને લાગિયા પાય રે ॥૧૫॥
કર્યો મુને કૃતારથ સ્વામી રે, એમ કહે છે અંતરજામી રે ॥
તવ કારણે સ્વામીનું દરશ રે, થયું અતિ અલૌકિક અવશ્ય રે ॥૧૬॥
જેવી સુણી'તી આપની વાણી રે, તેવું દર્શન પામ્યા પ્રમાણી રે ॥
જે જે કીધાં લોજમાં વચન રે, થયાં પ્રત્યક્ષ તે આજ દન રે ॥૧૭॥
એમ સ્વામી મુક્તાનંદ પ્રતિ રે, કરે વાતું મહિમાની છતી રે ॥
લખું લીલા એ સર્વે રસાળ રે, તૈયે ગ્રંથ થાયે વિશાળ રે ॥૧૮॥
પ્રીત મુક્તમુનિ વરણીને રે, વળી સ્વામી રામાનંદજીને રે ॥
ત્રણ્ય ત્રિપુટીને માંહોમાંય રે, રહે અખંડ અતૂટ સદાય રે ॥૧૯॥
પામે વિસ્મય પીપલાણાવાસી રે, આવા દેખ્યા નથી સુખરાશી રે ॥
પછી સહુને સ્વામીએ પોત્યે રે, ફળાહાર દીધું સ્નેહ સોત્યે રે ॥૨૦॥
ખૂબ પ્રેમથી જન જમાડ્યા રે, વળી મોદ અપાર પમાડ્યા રે ॥
તેહ દન હતો દ્વાદશીનો રે, ક્ષય યોગિની એકાદશીનો રે ॥૨૧॥
તેથી સ્વામી રામાનંદ સંગે રે, ચાલ્યાં ઓઝત સહુ ઉમંગે રે ॥
કીધુ ગંગામાંહિ શુભ સ્નાન રે, કોટિ યજ્ઞ ફલદ નિદાન રે ॥૨૨॥
પછી કીર્તન ગાતાં ઉતારે રે, આવ્યાં સંધ્યા સમો થયો જ્યારે રે ॥
કર્યું જાગરણ તેહ નિશી રે, ગાજ્યા ભજન સૂર ચહુ દિશિ રે ॥૨૩॥
ધન્ય ધન્ય પીપલાણા ગામ રે, ધન્ય જન વસે તેહ ઠામ રે ॥
ધન્ય ઓઝત નદીના ઘાટ રે, જેમાં નાયા પોતે વર્ણીરાટ રે ॥૨૪॥
જેમ પ્રયાગે ત્રિવેણી મિલન રે, પીપલાણું જ તેમ પાવન રે ॥
તેનું પાવન ચરિત્ર હુલાસે રે, કીધું ઘનશ્યામપ્રકાશદાસે રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે પીપલાણામાં રામાનંદ સ્વામી અને નીલકંઠવર્ણીનું અદ્‌ભુત મિલન થયું એ નામે બાણુંમું પ્રકરણમ્ ॥૯૨॥

પ્રકરણ : ૯૩

પૂર્વછાયો :

વાત અમૂલખ સાંભળો, હૃદે રાખ્યા જેવી સાક્ષાત ॥
મુક્તમુનિની દ્રઢતા, સહુ શાસ્ત્રમાં વિખ્યાત ॥૧॥
હરિવરને પામવા, રાજી કરશે જે ગુરુવર ॥
તે જન પ્રકટ પ્રીછાણશે, નથી કોઈ ઉપાય અવર ॥૨॥
એમ નિજ ચરિત્રાથી, ઘણું ઘણું શીખવે રહસ્ય ॥
જે જન પાર તે પાડશે, પામશે ધામ અવશ્ય ॥૩॥

ચોપાઈ :

મહામુનિ મુક્તાનંદ સ્વામી, અંતરજામી મહા નિષ્કામી ॥
ગુરુભક્તિ કેરા જગવંદ, હતાં હિમાયતી સુખકંદ ॥૪॥
જાણે ગુરુવર હરિરૂપ, વાત રહસ્ય તણી અનુપ ॥
વેદ પુરાણે એમ જ વાત, આર્ષ જનોએ લખી સાક્ષાત ॥૫॥
મુક્તમુનિને નિશ્ચય ભારી, લેશ ડગે નહિ કોઈ વારી ॥
મર મળે ગમે તેવો ધૂતી, હોય લગાડી તન ભભૂતિ ॥૬॥
ઘણી સામર્થી દેખાડે પોત્યે, ટુણા જંતર મંતર સોતે ॥
પણ નિજ ઈષ્ટ મૂકી એનો, લેશ ભાર પડે નહિ કેનો ॥૭॥
એવી નિશ્ચયે જાણી ન ખામી, રાજી રહેતાં રામાનંદ સ્વામી ॥
તેથી વ્હાલા શિષ્ય તેને જાણી, દેતા વિશેષ રાજીપો આણી ॥૮॥
પછી પીપલાણા પુરમાંય, ધૂન કીર્તન કિલ્લોલ થાય ॥
સ્વામી રામાનંદ રૂડી રીત્યે, ઘણું બોલાવે વર્ણીને પ્રીત્યે ॥૯॥
પછી જાણી તેનો મહિમાય, સ્વામી ગાય મુખે સભામાંય ॥
યોગ સિદ્ધ કર્યો છે અપાર, એવાં છે આ નાના બ્રહ્મચાર ॥૧૦॥
કુમળી વયમાં વૈરાગ્ય પામી, મહાવન ફર્યા સુખધામી ॥
એમ ઓળખ સાન કરીને, દિયે પ્રભુની ફરી ફરીને ॥૧૧॥
સહુ જન તે મહિમા જાણે, જાણી મોદ તેનો મન આણે ॥
સુખે દન વીતે એવાં ઘણાં, કોઈ વાતની રહી ન મણાં ॥૧૨॥
વર્ણીરાજ પણ કરી પ્રીત, સ્વામી ચરણે ચોંટાડે ચિત્ત ॥
રહે સેવામાં પોત્યે સદાય, રહ્યો હરખ અતિ ઊભરાય ॥૧૩॥

INDEX

આવે જન હજારો હજાર, નિત નીરખવાને મોરાર ॥
સમાચાર સુણી સહુ અતિ, આવે ત્યાગી તપસ્વી ને જતિ ॥૧૪॥
એમ પીપલાણે કરી વાસ, વીત્યો આનંદે ચાતુરમાસ ॥
પરિપૂરણ નિયમ કીધાં, જેહ વિશેષે પાળવા લીધાં ॥૧૫॥
જોતજોતે પ્રબોધિની આવી, જન મન અતિ ઘણું ભાવી ॥
દેખી સેવાની રીત સરસ, રામાનંદે વિચાર્યું અવશ્ય ॥૧૬॥
મહાદીક્ષા વરણીને દઉં, સર્વે કાજથી નિવૃત્ત થઉં ॥
કર્યો ગુરુએ વિચાર મન, સાલ અઢારસો સત્તાવન ॥૧૭॥
કારતિક સુદી એકાદશ, થઈ વરણીને સ્નેહ વશ ॥
કરી ઉત્તમ વેદની વિધિ, મહાદીક્ષા શ્રીહરિને દીધી ॥૧૮॥
આપી ત્યાગી તણો શુભ વેશ, રૂડી રીતે દીધો ઉપદેશ ॥
નામ પાડ્યા બેઉ સુખકંદ, નારાયણ મુનિ સહજાનંદ ॥૧૯॥
ખરા નામ તે કલ્યાણકારી, જપી જાપ તરે નરનારી ॥
તેનો મહિમા મોટો નિરધાર, એક મુખે શું ગાઉં અપાર ॥૨૦॥
લાગી રામાનંદ મુનિ પાયે, પ્રેમે પૂજા કરી વર્ણીરાયે ॥
ત્યાર કેડ્યે મુક્તમુનિ પાસે, આવ્યાં પૂજા કરવાની આશે ॥૨૧॥
ચર્ચી ચંદન ભાલે વિશાળ, કંઠે પેરાવી પુષ્પની માળ ॥
કીધાં દંડવત્ પાયે પડી, નેણે આંસુ વહ્યાં તેહ ઘડી ॥૨૨॥
પૂજા કરી સહુ મુનિ તણી, માગે આશિષ પુનિત ઘણી ॥
પછી કરાવી રસોઈ સારી, તૃપ્ત કર્યાં સાધુ બ્રહ્મચારી ॥૨૩॥
દીધાં દાન વિપ્રને અપાર, વર્તી રહ્યો ત્યાં જય જયકાર ॥
એમ વીત્યો ઉત્સવનો દન, કર્યું જાગરણ થઈ પ્રસન ॥૨૪॥
પછી દાસ આવે દરશને, પુર પીપલાણે પ્રસન્ન મને ॥
પામી દર્શન બુઝે છે પ્યાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે નીલકંઠવર્ણીએ મહાદીક્ષા લીધી એ નામે ત્રાણુંમું પ્રકરણમ્ ॥૯૩॥

પ્રકરણ : ૯૪

પૂર્વછાયો :

સ્વામી રામાનંદજી, હવે વિચરે દેશોદેશ ॥
સંગે સ્વામી મુક્તાનંદજી, વળી નારાયણ મુનિવેશ ॥૧॥
સાડા પાંચ માસ લગી, રહ્યાં પીપલાણે મુનિશ ॥
ત્યાર પછી તૈયાર થયાં, જવા ગામોગામ અધિશ ॥૨॥
રથે બેસાડી શ્રીહરિ, પછી બેઠા ઉદ્ધવરૂપ ॥
મુક્તમુનિ મ્યાના વિશે, બેઠા તે સુખસ્વરૂપ ॥૩॥

ચોપાઈ :

સતસંગી સહુ તેહ વાર, આવ્યાં વળાવવા પુર બહાર ॥
આંસુડાંની ધારા વહે નેણ, કેમ છોડી જાઓ સુખદેણ ॥૪॥
દઈ સ્વામીએ ધીરજ ઘણી, લીધી વાટ વિચરણ તણી ॥
પહેલા આખા પધારિયા સ્વામી, તિયાં જન ઊભા કરભામી ॥૫॥
ભલા વિપ્ર ગંગાધર નામ, તિયાં કર્યો મુનિએ મુકામ ॥
હતું આથમણું તેનુ ઘર, ફળિયા વિશે પીપળો સુંદર ॥૬॥
નક્કી સ્વામીનો નિયમ એક, જિયાં જાય ત્યાં પાળે વિશેક ॥
રૂડી સભા કરે સહુ પહેલી, અન્ય કામ પરહરે ઠેલી ॥૭॥
તિયાં રામાનંદ મુનિરાજે, કરી સભા સત્સંગ કાજે ॥
આવ્યાં સભા વિષે હરિજન, કરવા સહુ સંતના દરશન ॥૮॥
ત્યારે મેમણ આવિયો કોઈ, રામાનંદનો પ્રતાપ જોઈ ॥
પણ પ્રભુ જોયા તેણે જયારે, થઈ છે તરત સમાધિ ત્યારે ॥૯॥
દેખી ધામમાં જેવી મૂરત, તેવી આંહિ દેખી અવિરત ॥
કરજોડી બોલ્યો કરગરી, આપ અલ્લા દીસો છો શ્રીહરિ ॥૧૦॥
એમ પરચો પામી પ્રમાણ, ગયો તિયાં થકી જોડી પાણ ॥
થયો સંધ્યાનો સમો અત્યંત, ત્યારે જમ્યા પ્રભુ સાથે સંત ॥૧૧॥
તેહ ટાણે સુણી સમાચાર, અગત્રાઈના ભક્ત અપાર ॥
આવ્યાં સંતને તેડવા કાજ, મન મુદિત લઈ સમાજ ॥૧૨॥
પછી રામાનંદ મુનિ પાસ, સહુ કરે મળી અરદાસ ॥
આવો સ્વામી અમારે ભુવન, તવ ચરણથી કરો પાવન ॥૧૩॥

INDEX

ત્યારે મુનિએ મનમાં ધાર્યું, નિજ લક્ષ્ય તે ઘણું વિચાર્યું ॥
મુક્તમુનિ જો ગામડે જાય, ત્યારે સત્સંગની વૃદ્ધિ થાય ॥૧૪॥
ઘણું વિચારીને રામાનંદે, કહ્યુ ભક્તજનોને આનંદે ॥
મુક્તમુનિ પ્રિય મુને ઘણાં, નથી સાધુતામાં કોઈ મણાં ॥૧૫॥
તેહ આવશે તમારે ગામ, તેની સેવા કરજો તમામ ॥
કથા સાંભળજો તેની પાસ, ઉપદેશ ગ્રહેજ્યો ઉર ખાસ ॥૧૬॥
એમ મુનિ તણો મહિમાય, સ્વામી રામાનંદ પોતે ગાય ॥
પછી મુક્તમુનિને બોલાવી, આગન્યા અગત્રાઈની કહાવી ॥૧૭॥
આજ જાઓ તમે મુનિ સંગ, દેવા સહુ જનને સત્સંગ ॥
અમે આવશું વળતે દિન, નિજ ભક્તને થઈ આધીન ॥૧૮॥
પછી ચાલ્યાં મુક્તાનંદ સ્વામી, ગુરુદેવના આશિષ પામી ॥
વાત જાણી જ્યારે મહારાજે, જાય સ્વામી અગત્રાઇ આજે ॥૧૯॥
ત્યારે મુક્તમુનિ પાસે જઈ, નિજ અંતરની ઈચ્છા કહી ॥
અમે આવશું તમ સંગાથ, નવ છોડી દેશો મારો હાથ ॥૨૦॥
આજ લગી રહ્યાં એક હારે, નોખા પડવું શીદ આ વારે ॥
માટે સાથે લઈ સુખદાય, તમે જાઓ મુનિ અગત્રાય ॥૨૧॥
સુણી શ્રીહરિ તણી વિનંતિ, પછી સાથે લીધાં પ્રાણપતિ ॥
સહુ સ્વામીને વળાવા જાય, દેખી પ્રભુને ચકિત થાય ॥૨૨॥
ત્યારે મુનિ કહે વારમવાર, સહુ પાછા વળો નિરધાર ॥
રહો મન મેળવી સદાય, ગુરુવરની આગન્યામાંય ॥૨૩॥
તેને જાણજો હરિમૂરત, તેમાં રાખજ્યો સૂધી સૂરત ॥
એમ ઘણું કહી પાછા વાળ્યા, જન મન કેરા શોક ટાળ્યા ॥૨૪॥
આવ્યાં મુક્તમુનિ અગતરાઇ, જિયાં ભક્ત રહે ભીમભાઈ ॥
તેને ઘેર કર્યો છે નિવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ અગતરાય આવ્યાં એ નામે ચોરાણુંમું પ્રકરણમ્ ॥૯૪॥

પ્રકરણ : ૯૫

પૂર્વછાયો :

લખ્યું લીલા પછી ત્યારની, જે જે કર્યું પરમ પાવન ॥
આવ્યાં આખેથી અગતરાઇ, સંઘે મળી સહુ જન ॥૧॥
મુક્તમુનિ ઘણું પ્રેમથી, લઈ વર્ણીરાજ સંગાથ ॥
ગામે પધાર્યા ગાજતા, કરતાં ભજન જન સાથ ॥૨॥
વાત જાણી પુરવાસી, આવ્યાં ધાઈ ભાવવિભોર ॥
દર્શન કરવા સંતના, મગન થયાં મન મોર ॥૩॥

ચોપાઈ :

ભલા ભક્ત હતાં ભીમભાઇ, જેની કહ્યાંમાં નાવે મોટાઇ ॥
વળી પવિત્ર પર્વતપ્રાય, રહે હરિ મૂરતે સદાય ॥૪॥
એહ આદિ અગત્રાઈ તણાં, નરનારી ભેળા થઈ ઘણાં ॥
કરવા મુક્તમુનિનું સ્વાગત, આવ્યાં ભાગોળ્યમાં અવિરત ॥૫॥
વાજતે ગાજતે રૂડી પેર, લાવ્યા સામૈયું સામટું ઘેર ॥
ભક્ત ભીમભાઈને ભુવન, કર્યો વાસ મુનિએ પાવન ॥૬॥
પ્રીતે જમાડિયા સહુ સંત, ભાવે આગ્રહ કરી અત્યંત ॥
પછી સંધ્યા સમે નિત્યવિધિ, કરી આરતી પ્રેમેશું કીધી ॥૭॥
નરનારી આવ્યાં સહુ વળી, કરવા સત્સંગ હળી મળી ॥
કરે મુક્તમુનિ શુભ વાત, શંક મટે કૈંકની સાક્ષાત ॥૮॥
બીજે દન સ્વામી રામાનંદ, આવ્યાં આખેથી આનંદકંદ ॥
અગત્રાઈ પ્રેમેશું પધાર્યા, જનને મન મોદ વધાર્યા ॥૯॥
ભાવે ભેટ્યા તિયાં મુક્તમુનિ, ભેટ્યા પ્રેમે પ્રભુ પુનિ પુનિ ॥
ખાંત્યે કરી ખૂબ સત્સંગ, રહ્યાં પાંચ દન આણી રંગ ॥૧૦॥
પછી ત્યાં થકી મઢડે આવી, જેઠા મેરને મોદ જણાવી ॥
મુક્તમુનિ આવ્યાં કાલવાણી, ભક્તજનોની ભક્તિ વખાણી ॥૧૧॥
ધર્મશાળાની જાયગા જિયાં, રામાનંદે કરાવેલ તિયાં ॥
સહુ ઉતર્યા સંત અપાર, સાથે સહજાનંદ નિરધાર ॥૧૨॥
રહ્યાં માગશર અને પોષ, હૈયે રાખી અતિ ઘણી હોંશ ॥
દોય માસ રોકાયા તે પુર, વસંત પંચમી આવી જરૂર ॥૧૩॥

INDEX

કર્યો સુંદર સારો સમૈયો, તેનો આનંદ જાય ન કૈયો ॥
નાખ્યો મંચ વિશાળ સભામાં, બેઠા નરનારી સહુ સામા ॥૧૪॥
સ્વામી રામાનંદ મુદભર, થયાં આરૂઢ આસન પર ॥
પછી થઈ કીર્તનની હેલી, રહ્યો અંતરમાં રંગ રેલી ॥૧૫॥
ગાય વસંતના કીરતન, રાગ ધુમારના તેહ દન ॥
તે તો મુક્તમુનિએ રચેલા, ગુરુકૃપા થકી બહુ પહેલા ॥૧૬॥
કાં જે એના પદોમાં પ્રભાવ, હોય પ્રકટપણાનો ભાવ ॥
તેથી ગદગદ ગિરાએ સ્વામી, ગાય કીર્તન અંતરજામી ॥૧૭॥
વળી ધૂન્ય જામે રમઝટે, તાળી વગાડી મુખથી રટે ॥
ક્યારે ઝાંઝ વગાડે છે એવું, કોઈ વગાડી ન શકે તેવું ॥૧૮॥
પછી આણ્યો સુંદર સમાજ, રંગ કેસર રમવા કાજ ॥
છાંટી રંગ ઉડાડી ગુલાલ, કરી ગરદી ગગને લાલ ॥૧૯॥
જળરંગ ભરી પિચકારી, રંગે રમ્યા ઉમંગે અપારી ॥
રસબસ થયાં નરનાર, ઉડે રંગ સોરંગ અપાર ॥૨૦॥
ખૂબ મચ્યો છે ખેલ અતોળ, સહુ તન થયાં લાલચોળ ॥
આવ્યાં દેખવા નભમાં દેવો, આ તો અલૌકિક આનંદ કેવો ॥૨૧॥
પછી ઉત્સવ પૂરણ કીધો, નરનારીએ લાવ તે લીધો ॥
ગ્રામવાસીને મોદ પમાડ્યા, રૂડી કરી રસોઈ જમાડ્યા ॥૨૨॥
સાલ અઢારને સત્તાવને, શુભ વસંતપંચમી દને ॥
મુક્તમુનિ સંગે ઘનશ્યામ, વાલો રંગે રમ્યા સુખધામ ॥૨૩॥
છબી અલભ અંતર ધરી, નિજ દેશ ગયાં જન ફરી ॥
થોડા દન પ્રભુ પ્રતિપાળ, રહ્યાં ભક્તની લેવા સંભાળ ॥૨૪॥
પછી તિયાં થકી સહુ સંઘ, આવ્યાં માંગરોળ શહેર અનઘ ॥
લીલા તિયાંની અનુપ ખાસ, કહેશે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે કાલવાણીમાં વસંતપંચમી કરી એ નામે પંચાણુંમું પ્રકરણમ્ ॥૯૫॥

INDEX

પ્રકરણ : ૯૬

પૂર્વછાયો :

દેશોદેશ વિચરી, કરી લીલા અપરમપાર ॥
જન કોઈ એક મુખે, ગાઈ પાર ન પામે સાર ॥૧॥
મચ્છર વ્યોમને પામવા, કરે હૈયે હામ અનંત ॥
પણ કોટિ ઉપાય કર્યે, ન આવે વ્યોમનો અંત ॥૨॥
તેમ કોટિ કવિ કથી, ગાય મહામુનિના ગુણ ॥
પણ જથારથ જાણીને, કહે સંપૂરણ કુણ ॥૩॥

ચોપાઈ :

આવ્યાં મુક્તમુનિ માંગરોળે, તિયાં જન મળ્યાં સહુ ટોળે ॥
આણંદજી અને ગોવરધન, ખરા ભક્ત પ્રભુના પાવન ॥૪॥
તેણે સેવા કરી રૂડી પેર્ય, રાખ્યા વર્ણી તથા મુનિ ઘેર્ય ॥
દન પંદર રોકાઈ તિયાં, પાછા લોજમાંહિ પધારિયા ॥૫॥
નિત નિત સ્વામી રામાનંદ, સહુ જનનાં ટાળવા ફંદ ॥
પુણ્ય પવિત્ર કથા હુલાસે, કરાવે છે મહામુનિ પાસે ॥૬॥
તેથી નરનારી રળિયાત, થઈ રહે અંતરે સાક્ષાત ॥
વાધે પ્રગટ પ્રભુમાં પ્રીત, પામે ચિત્ત પુનિત ખચિત ॥૭॥
વળી રામાનંદ ગુરુદેવ, કરતાં વરણીની ઘણી સેવ ॥
અતિ કૃશ થયું હતું તન, તેનું કેમ કરવું વરણન ॥૮॥
માંસ રુધિર નહોતું લગાર, ન વળે પરસેવો નિરધાર ॥
તેથી સ્વામી રહેતા ઉદાસ, રખે છાંડી દિયે નહિ શ્વાસ ॥૯॥
પછી વૈદ્ય કુશળ બોલાવે, પાન મીંઢી આવળ લગાવે ॥
બાંધે પાટા આવળના જાત્યે, આખા શરીરમાં નિત રાતે ॥૧૦॥
મીણ તેલ ચોળાવતા તન, શેક કરાવે અતિ સઘન ॥
પછી પરસેવો વળ્યો કે કેમ, પોતે તપાસ રાખતા તેમ ॥૧૧॥
પણ શ્રીહરિના તનમાંય, વળે પરસેવો નહિ ક્યાંય ॥
તપ કઠણ કરી ઉમંગે, ત્વચા શુષ્ક બની હતી અંગે ॥૧૨॥
પણ મંડળમાં એક ત્રાસ, નામ તેનું રઘુનાથદાસ ॥
વારે વારે કહેતો અવશ્ય, સ્વામી થયાં છે વર્ણીને વશ ॥૧૩॥

INDEX

અકળાય ઘણું મનમાંય, પણ બોલી શકે નહિ કાંય ॥
કહે સ્વામી અબુધ સરળ, નવ જાણી શકે છળ કળ ॥૧૪॥
ગુરુદેવનો સ્વભાવ એવો, નથી રહ્યો હવે પહેલા જેવો ॥
આવી નીલકંઠે વશ કીધાં, ભોળા સ્વામીને ભ્રમાવી દીધાં ॥૧૫॥
તેને અરથે હિંસા કરે છે, વનસ્પતિના પ્રાણ હરે છે ॥
નથી રાખ્યો દયા તણો પાશ, ધર્મ અહિંસાનો કીધો નાશ ॥૧૬॥
ઘણું રાખે મુક્તાનંદ રાજી, વળી કરે છે એ હાજી હાજી ॥
મુને પંડિત આપે સ્વમાન, સર્વે શાસ્ત્ર તણું મુને જ્ઞાન ॥૧૭॥
મુક્તાનંદ તે મારી સમાન, થાય કેદિ નહિ જ્ઞાનવાન ॥
એમ જુગતિ અનેક લાવી, વિષ વાતમાંહિ દેતો વાવી ॥૧૮॥
થાતી ખબર સ્વામીને જ્યારે, દેતા શિખામણ સારી ત્યારે ॥
મુક્તાનંદની સુણજો વાત, રાખજો વિશ્વાસ ભલી ભાત ॥૧૯॥
પણ એની પાસે નવ જાવું, જો જાશો તો જરૂર પસ્તાવું ॥
તેને વ્યાપ્યું અતિ અભિમાન, તેથી જાણ્યા નહિ ભગવાન ॥૨૦॥
કોટિ બ્રહ્માંડના જીવ પ્રાણી, પ્રાણ હરી સહુનાં પ્રમાણી ॥
કરું લેપન વરણી માટ, તોય પાપનો થાય ન ઘાટ ॥૨૧॥
થાય ઉલટું પુણ્ય અપાર, એમાં શંકા નહિ નિરધાર ॥
જાણી શ્રીહરિને અવતારી, એમ ગાતા મહિમા અપારી ॥૨૨॥
રઘુનાથ રાખે બહુ દ્વેષ, સ્વામી વારે છે તેને વિશેષ ॥
ભીનો થાય નહિ કેદિ જાણો, હોય મચ્છુ નદી કેરો પાણો ॥૨૩॥
એમ ઘણો કર્યો સત્સંગ, પણ શઠ ન સુધર્યો અંગ ॥
નક્કી કરશે મોટું વિઘન, ભરમાવી દેશે બહુ જન ॥૨૪॥
પછી રામાનંદ તિયાં થકી, લઈ મુક્તમુનિ સંગે નક્કી ॥
લોજમાંથી નીકળ્યા પ્રવાસે, કહ્યું ઘનશ્યામપ્રકાશદાસે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રઘુનાથદાસે ઈર્ષ્યાએ કરી રામાનંદ સ્વામીનો અભાવ લીધો એ નામે છન્નુંમું પ્રકરણમ્ ॥૯૬॥

પ્રકરણ : ૯૭

પૂર્વછાયો :

લોજપુરથી લાડીલો, આવ્યાં સુંદર શ્રી ઘનશ્યામ ॥
માણાવદરે માવજી, કૈંક જન કરી નિષ્કામ ॥૧॥
ભટ્ટ ભોળા મયારામજી, તેહની શું કરવી વાત ॥
સરળ ચિત્ત સ્વભાવનો, મહાગુણે શોભે સાક્ષાત ॥૨॥
તેને ઘેર પધારિયા, રામાનંદ સંગે મહારાજ ॥
મુક્તમુનિ આદિ સહુ, સંતનો લઈ સમાજ ॥૩॥

ચોપાઈ :

મયારામ ને ગોવિંદરામ, એહ આદિક ભક્ત અકામ ॥
લાભ અલભ્ય સેવાનો લીધો, હુતાશણીનો ઉત્સવ કીધો ॥૪॥
ચાલ્યાં તિયાં થકી સહુ સાથ, ગયાં મેઘપુરે દીનાનાથ ॥
ભક્ત સોની મોટા જીવરાજ, નારાયણ તથા જસરાજ ॥૫॥
વળી ભક્ત ભલા રામભાઈ, તેને ઘેર રહ્યાં સુખદાઈ ॥
રંગપંચમી કરી રૂડી પેર, ત્યાંથી સ્વામી આવિયાં ભાડેર ॥૬॥
પછી ત્યાંથી જમનાવડે આવી, ગયાં ધોરાજી સહુ સધાવી ॥
ત્યાંથી ફણેણિ દુધિવદર, ગામ કંડોરડે મુદભર ॥૭॥
જિયાં જિયાં રામાનંદ મુનિ, તિયાં તિયાં ફરે મુક્તમુનિ ॥
કેદિ વેગળા મૂકે ન રતિ, એવાં વ્હાલા મુક્તમુનિ અતિ ॥૮॥
પછી ચાલિયા સુંદરશ્યામ, ગયાં ગોંડળે પૂરણકામ ॥
બંધિયે ખોખરી ને સાંકળી, આવ્યાં જેતપુરે સહુ મળી ॥૯॥
સત્તાવન તણી સાલ જયાંય, ભીમ એકાદશી કરી ત્યાંય ॥
વળી જેઠી પૂન્યમને દન, જળયાત્રા કાઢી છે પાવન ॥૧૦॥
પછી નિયમની એકાદશી, કરી મુનિએ ભાડેર વસી ॥
ચાલિ તિયાં થકી અલબેલ, કરી ધોરાજીએ રંગરેલ ॥૧૧॥
તિયાં થોડા દન મોદ લાવી, ગયાં ફરેણી સ્વામી સધાવી ॥
આવ્યાં જેતપુર સહુ ફરી, થઈ સાંકળી ભાડેર હરિ ॥૧૨॥
પીપલાણે આખા અવિનાશી, અગત્રાઈ ગયાં સુખરાશી ॥
જન્માષ્ટમી ઉત્સવ અનેરો, અઢાવન સાલનો ઘણેરો ॥૧૩॥

INDEX

કર્યો માંગરોળે મુદભર, આવ્યાં નરનારી અંકભર ॥
વળી ગણેશ ઉત્સવ કરી, લોજપુર પધારિયા હરિ ॥૧૪॥
રહ્યાં શ્રાદ્ધપક્ષ લગી તિયાં, જન ત્યાંના હૈયે હરખિયા ॥
ત્યાંથી આવ્યાં છે માણાવદર, થોડા દન રહ્યાં મુનિવર ॥૧૫॥
પછી ચાલ્યાં ત્યાંથી પીપલાણે, આવ્યાં મેઘપુર તેહ ટાણે ॥
ત્યાર કેડ્યે ભાડેરે વિરામ, સહુ સંતે કીધો સુખધામ ॥૧૬॥
મોટો દશેરા ઉત્સવ કરી, ગયાં ધોરાજીયે પરહરિ ॥
પછી કંડોરડે રામાનંદ, લઈ વરણીને સંતવૃંદ ॥૧૭॥
આવ્યાં બંધિયે ભાવ નિહાળી, સહુ જન જુવે વનમાળી ॥
જાય જિયાં રામાનંદ સ્વામી, ભક્તજન પૂછે કરભામી ॥૧૮॥
પ્રેમે પધારશો ફરી ક્યારે, સ્વામી મર્મમા બોલતા ત્યારે ॥
બહુ દન રહ્યાં તમ ભેળા, કર્યાં સમૈયા ઉત્સવ મેળા ॥૧૯॥
પણ સદા રહેવાય ન સાથ, એહ વાત છે હરિને હાથ ॥
દઉં છેલ્લો ઉપદેશ સારો, તેને કેદિ ન તમે વિસારો ॥૨૦॥
મુક્તાનંદમાંહિ વિશવાસ, સહુ રાખજો અંતરે ખાસ ॥
તેને રાજી કર્યે ભગવાન, રાજી થાશે જરૂર નિદાન ॥૨૧॥
તેની કથા સુણજો અવશ્ય, ગાજયો વરણીના બહુ જશ ॥
એમ અતિ આગ્રહ સહિતે, જન સમજાવતા બહુ પ્રીત્યે ॥૨૨॥
પછી ત્યાંથી મોવઈયે જઈ, આવ્યાં જેતપુર સંત લઈ ॥
ભક્ત ખરા ઉનડ ખુમાણ, તિયાં આવ્યાં ચતુર સુજાણ ॥૨૩॥
આસો સુદી પૂનમને દન, કર્યાં ઉચ્છવ ને કીરતન ॥
સતસંગી થયાં સહુ રાજી, ગયાં વિમુખ સરવે દાજી ॥૨૪॥
હવે ગાદી દેવાનો વિચાર, કર્યો રામાનંદે નિરધાર ॥
તેથી રહેશે ન કોઈ કચાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ સોરઠમાં વિચરણ કર્યું એ નામે સત્તાણુંમું પ્રકરણમ્ ॥૯૭॥

પ્રકરણ : ૯૮

પૂર્વછાયો :

હવે ઘણું રામાનંદજી, રહે આણી ઉદાસી ઉર ॥
ધુરા સોંપી સંપ્રદાયની, તન ત્યાગવું મારે જરૂર ॥૧॥
એમ અતિશે વિચારીને, સહુ બોલાવિયા એક દન ॥
આવ્યાં હતાં ઉચ્છવમાં, દેશોદેશના ભક્તજન ॥૨॥
નિજ વિચાર સુણાવીને, કહી મનની સઘળી વાત ॥
પૂછી અભિપ્રાય સર્વનો, કર્યું કાજ કેડ્યે સાક્ષાત ॥૩॥

ચોપાઈ :

તેમાં તેડાવિયા પટ્ટ શિષ્ય, જાણે તે તો સઘળું રહસ્ય ॥
નાક તનનું ભૂષણ જેમ, સત્સંગનું સ્વામીશ્રી તેમ ॥૪॥
સદા સાધુતા ગુણ સંપન્ને, સાધે સમતા માનાપમાને ॥
એવાં મુક્તાનંદ મહારાજ, આવ્યાં ગુરુવર પાસે આજ ॥૫॥
આવ્યાં તેહ સાથે રામદાસ, સાધુ થયાં પહેલા સ્વામી પાસ ॥
સાથે આવ્યાં ભક્ત મયારામ, ભક્ત માંચો મહાનિષ્કામ ॥૬॥
ભીમભાઈ ને પર્વતભાઈ, રહેતા હરિ મૂરતે સદાઈ ॥
આવ્યાં ભુજેથી હીરજી સુતાર, વળી ગોરધન શેઠ ઉદાર ॥૭॥
સહુ લાગ્યા ગુરુદેવ પાય, તિયાં બોલ્યા રામાનંદ રાય ॥
સુણો મુક્તમુનિ મહાધીર, વાત કરું છું અતિ ગંભીર ॥૮॥
જેહ કાજે ધર્યો નરદેહ, થયું સરવે પૂરણ તેહ ॥
હવે તેનો નથી નિરધાર, તેથી કર્યો મેં મન વિચાર ॥૯॥
નિજ ભક્તને પમાડે ધામ, ત્રોડી માયાના પટ તમામ ॥
તેને ધર્મધુરા અમો દૈયે, મુખે નામ જેનું તમો કૈયે ॥૧૦॥
ત્યારે મુક્તમુનિ કહે દીન, સહુ ભક્ત છે તમારાં મીન ॥
નહિ રહી શકે એક પળ, તમ વિયોગે સંત સકળ ॥૧૧॥
માટે જાવાનો મેલો ઉચાટ, કેદિ ઘડશો મા એવો ઘાટ ॥
પછી સ્વામી ઘણું સમજાવે, નથી છૂટકારો વણ જાવે ॥૧૨॥
રહેશે શશી સૂરજ ન કોઈ, રહ્યાં નર અમર ન સોઈ ॥
ભક્તને તો મરવું છે સહેલ, લેવા આવે હરિ કરી પહેલ ॥૧૩॥

INDEX

જેમ માખણે મુંવાળો જાય, તેમ ભક્ત કેરો જીવ જાય ॥
પામે પૂરણ પ્રભુનું ધામ, જિયાં સુખ સુખ આઠો જામ ॥૧૪॥
થયાં આચારજ જગમાંય, તેનો મોટો હતો મહિમાય ॥
તોય થાપી ઉત્તરાધિકારી, ગયાં ગોલોકે ઘણું વિચારી ॥૧૫॥
માટે મુક્તમુનિ મુજ પ્રાણ, તમે ઉચ્ચરો આ સમે વાણ ॥
કહો કોને સોંપીએ જરૂર, પંથ ઉદ્ધવની મહાધુર ॥૧૬॥
ત્યારે મહામુનિ કહે વળી, વાત જાણો છો તમે સઘળી ॥
ખરા અંતરજામી અમાપ, પ્રભુ હૃદયે આપનો વ્યાપ ॥૧૭॥
જેમ હોય તમે ખૂબ રાજી, તેમ કહો સભામાંહિ ગાજી ॥
પછી કહે રામાનંદ મુનિ, રીત દેખી અમે તો બહુની ॥૧૮॥
પણ ભેટ કરાવી જે તમે, પામ્યા સહજાનંદજી આ સમે ॥
તેને ગાદી તણો બધો ભાર, મુને દેવાનો થયો વિચાર ॥૧૯॥
સુણી બોલ્યા મહામુનિરાઈ, અતિ આનંદમાં હરખાઈ ॥
દ્રષ્ટિ ઠેરવી તમે જે સ્થાન, સ્વામી સહજાનંદશું નિદાન ॥૨૦॥
અમે પણ કેદિનું અંતર, ઘણું વિચારિયું મુદભર ॥
નથી તેની તોલ્યે કોઈ દેવ, ધર્મધુરા સાચવે અભેવ ॥૨૧॥
માટે રાજી થઈ કૃપાનાથ, દિયો ગાદી વરણીને હાથ ॥
સુણી વાત મુક્તમુનિ મુખે, સ્વામી નયણે આંસુડાં લુખે ॥૨૨॥
પછી સમુદાય ભક્ત તણો, તેનો લીધો અભિપ્રાય ઘણો ॥
ત્યારે સહુએ મેળવી મન, કીધું ગુરુદેવને મગન ॥૨૩॥
મુક્તમુનિ કહે જે જે વાત, તેમાં અમો છૈયે રળિયાત ॥
કાં જે તેનાં વચન હંમેશ, હોય આપ ગમતે વિશેષ ॥૨૪॥
સૂર મુક્તમુનિનો પૂરાવી, એમ અંતરવાત કહાવી ॥
ત્યારે સહુ થયાં છે હુલાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામાનંદ સ્વામીએ ગાદી સોંપવા બાબતે મુક્તમુનિની સલાહ લીધી એ નામે અઠ્ઠાણુંમું પ્રકરણમ્ ॥૯૮॥

પ્રકરણ : ૯૯

પૂર્વછાયો :

પછી ગુરુદેવ અંતરે, થઈ રાજી અતિ ઉમંગ ॥
ભેટી પડ્યાં ખૂબ ભાવથી, શ્રી મુક્તમુનિને સંગ ॥૧॥
ધન્ય સમજણ આપની, ધન્ય સાધુતા અપાર ॥
ધન્ય તમારાં માતપિતા, જિયાં જન્મ્યા આપ ઉદાર ॥૨॥
તમ જેવા મુનિરાજથી, થશે નર કોટિ નિષ્કામ ॥
જે જન શરણું પામશે, તે થાશે પૂરણકામ ॥૩॥

ચોપાઈ :

પોતા થકી કોઈ શિષ્ય છોટા, તેને ગુરુ કરે જ્યારે મોટા ॥
ત્યારે થાય જરૂર કંકાસ, વાધે માંહોમાંહિ કડવાશ ॥૪॥
પણ દેખી તમારું જીવન, શુદ્ધ નિર્મળ ને મોટું મન ॥
રહ્યું દલ મારું હરખાય, નોય તમ જેવા જગમાંય ॥૫॥
કાં જે આપ ખરા અધિકારી, ઉદ્ધવ ગાદી તણાં અવિકારી ॥
રહ્યાં આગન્યા શિર ચડાવી, ગુરુ વચનમાં મોદ લાવી ॥૬॥
માટે જશ તમારો ગવાશે, રૂડી પવિત્ર ગાથા લખાશે ॥
થાશો શ્રીહરિને વાલા સંત, થાશો સદ્‌ગુરુ શ્રેષ્ઠ અત્યંત ॥૭॥
સર્વે સદ્‌ગુણ સંપદ મળી, રહેશે તમારે વિષે સઘળી ॥
જિયાં લગી રવિ અવિરમ, કરશે દૂર પૃથ્વી તણું તમ ॥૮॥
તિયાં લગી તવ મહિમાય, રહેશે અખંડ બ્રહ્માંડમાંય ॥
મોદ પામ્યા એમ ગુરુહરિ, આતો લખ્યું છે તેમાંથી જરી ॥૯॥
પછી આગન્યા દીધી તે વાર, કરો વિલંબ નહિ લગાર ॥
હવે કરો તૈયારી જરૂર, જન આવે સહુ જેતપુર ॥૧૦॥
તેહ માટે રૂડી કંકોતરી, લખાવો દેશપ્રદેશે ફરી ॥
વળી મંડપ સારો બંધાવી, સીધું સામાન લિયો મંગાવી ॥૧૧॥
થશે જગન મોટો વિશેક, થશે પ્રભુનો પટ્ટાભિષેક ॥
ગામોગામથી આવશે સંઘ, તેને રાખશું કેમ અનઘ ॥૧૨॥
માટે માંગું તમારી સલાહ, તેનો દેખાડો કંઈક રાહ ॥
ત્યારે મુક્તમુનિ કહે સ્વામી, કહું છું એટલું કરભામી ॥૧૩॥

INDEX

હોય ભક્ત વફાદાર ઘણાં, જેને માન તણી નહિ મણાં ॥
ધનધામ કુટુંબ સમેત, મન અર્પી રહે રાખી હેત ॥૧૪॥
સત્ય ધર્મવાળા ને વિશ્વાસી, જેના ગયાં છે પ્રમાદ નાસી ॥
વ્યવહાર કુશળ ને ડાહ્યા, લોકમાં પ્રામાણિક ગણાયા ॥૧૫॥
સેવા સંકટે આપે અતુલ્ય, કોઈ જનની ખોળે ન ભૂલ્ય ॥
પરદોષને ઢાંકી વરતે, ધર્મ ચૂકે ન કોઈ શરતે ॥૧૬॥
એવાં જન શોધાવી જરૂર, કરો આંહિ અગાઉ હજૂર ॥
સુણી મુક્તમુનિ કેરી વાણી, કહે રામાનંદ હેત આણી ॥૧૭॥
ધન્ય ધન્ય છે તમારી મત્ય, પહોંચે વહેવારે ઘણી સૂરત્ય ॥
તમ જેવા નહિ કોઈ શાણા, જોયા આજ લગી બહુ મા'ણા ॥૧૮॥
તેહ માટે કર્યા છે તમને, સંતમાંહિ મોટેરા પ્રસન્ને ॥
પછી ભટ્ટ મયારામ પાસ, લીધી સલાહ સ્વામીએ ખાસ ॥૧૯॥
વળી પરવતભાઈ સુજાણ, તેનું રાખ્યું વચન પ્રમાણ ॥
ભીમભાઈએ કહ્યું ઘણું ભાવે, લીધું તે પણ મનમાં માવે ॥૨૦॥
શેઠ ગોવરધને અભિરામ, વાત સીધાની કીધી તમામ ॥
હતાં ભુજેથી ભલા સુતાર, રાજરીતિ વાળા નિરધાર ॥૨૧॥
તેણે રીતિ નીતિ કહી દાખી, વાત સ્વામીએ તે પણ રાખી ॥
એમ પૂછીને સરવે કાજ, કરે રામાનંદ મુનિરાજ ॥૨૨॥
પણ વણપૂછ્યે ધરીને માન, કરે કામ જે નર નિદાન ॥
તેને આવે ઉત્પાત ભરપૂર, જાય સુખ સમૃદ્ધિ જરૂર ॥૨૩॥
માટે જ્ઞાન ને ધર્મથી વૃદ્ધ, હોય મતિ જેની અતિ શુદ્ધ ॥
તેવા જનને પૂછીને કામ, કરવું વિવેકીને અભિરામ ॥૨૪॥
જેમાં હોય ન જે પરવીણો, તેને તે થકી રાખવો હીણો ॥
એ જ રીતિ નીતિ જાણો ખાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામાનંદ સ્વામીએ મુક્તમુનિના ગુણાનુવાદ કર્યા એ નામે નવ્વાણુંમું પ્રકરણમ્ ॥૯૯॥

પ્રકરણ : ૧૦૦

પૂર્વછાયો :

અધિપતિ અક્ષરના, અવતારી નિયંતા નાથ ॥
ઉદ્ધવ સંપ્રદાયની, પામ્યા ધર્મધુરા નિજ હાથ ॥૧॥
તેની કથા હવે વર્ણવું, સહુ સાંભળજો નરનાર ॥
દેશોદેશથી જન મળી, આવે જેતપુર મોઝાર ॥૨॥
શોભા ઘણી કરાવીને, કર્યા શમિયાણા ભલી ભાત્ય ॥
સીધા સામગ્રી મંગાવિયાં, જેની કહ્યાંમાં નાવે વાત ॥૩॥

ચોપાઈ :

કુંડ મંડપ કરવા કાજે રે, કારીગર બોલાવ્યા મહારાજે રે ॥
શોધી ભૂમિ અતિશે વિશાળ રે, જેથી સહુની થાય સંભાળ રે ॥૪॥
ખાંત્યે કર્યા ઉતારા અપાર રે, રાવટી દેરા તંબુ તૈયાર રે ॥
ભર્યા કોઠાર અન્નથી ઘણાં રે, રાખી રસોયે કાંઈ ન મણાં રે ॥૫॥
રામાનંદ મુનિ હરખાય રે, જોવા ઠામોઠામ પોતે જાય રે ॥
પછી મુક્તમુનિને બોલાવી રે, નિજ દલની વાત જણાવી રે ॥૬॥
તમ થકી થયો છું નચિંત રે, પણ કહું તે સાંભળો સંત રે ॥
યજ્ઞવિધિ પવિત્ર યોજાશે રે, મારે હાજર રહેવું જણાશે રે ॥૭॥
તેથી આવે જે સંઘ તમામ રે, તેને સાચવજ્યો અભિરામ રે ॥
જે જે જોઈએ તે તે દેવા કાજ રે, ખામી નહિ રાખતા મુનિરાજ રે ॥૮॥
દેજ્યો સત્સંગીને ઉપદેશ રે, જેથી સમજણ રહે વિશેષ રે ॥
ધામોધામથી આવે જે સંત રે, તેનું કરજ્યો જતન અત્યંત રે ॥૯॥
જાણી મહિમા તેનો અપાર રે, સેવા કરી લેજ્યો ધરી પ્યાર રે ॥
ત્યારે સ્વામી કહે ગુરુદેવ રે, આપ રહેજો સદાય અભેવ રે ॥૧૦॥
કોઈ વાતે ન રહેશે કચાશ રે, સેવા કરશું થઈ હરિદાસ રે ॥
એમ આપી હિંમત અતિશે રે, તૈયારીઓ થઈ ચહુ દિશે રે ॥૧૧॥
જ્યારે સંવત અઢારસોય રે, સાલ અઠ્ઠાવને શુભ હોય રે ॥
રૂડો આવ્યો પ્રબોધિની દન રે, સહુ જન થયાં પરસન રે ॥૧૨॥
રામાનંદ સંગે ઘનશ્યામ રે, વળી મુક્તમુનિ અભિરામ રે ॥
સહુ નાવા ભદ્રાવતી આવ્યાં રે, ત્યાંથી નાહી મંદિર સિધાવ્યા રે ॥૧૩॥

INDEX

કોઈ ઢોલ દોકડ બજાવે રે, કોઈ ઉમંગે કીર્તન ગાવે રે ॥
છડીદાર કરે જેજેકાર રે, ટોળે મળ્યાં છે જન અપાર રે ॥૧૪॥
પછી યજ્ઞશાળામાં મોરાર રે, પ્રીત્યે બેઠા આસને તે વાર રે ॥
હોમી જવ તલ ફળ ફૂલ રે, મધ સમિધ ઘૃત અતુલ રે ॥૧૫॥
દ્વિજ વેદના મંત્ર ઉચ્ચારે રે, વિધ વિધ દ્રવ્ય ઉપચારે રે ॥
જ્યારે વિધિ પૂરણ પ્રમાણી રે, ત્યારે રામાનંદે મોદ આણી રે ॥૧૬॥
હરિ હાથ ઝાલી નિજ હાથ રે, સિંહાસને બેસાડિયા નાથ રે ॥
ચહુદિશ થયો જેજેકાર રે, વાગ્યા વાજિંત્ર બહુ પ્રકાર રે ॥૧૭॥
નભે છાયા સુર સુરનારી રે, મળી પુષ્પ વૃષ્ટિ કરે સારી રે ॥
બેઠા ગાદીએ સહજાનંદ રે, પુરુષોત્તમ પૂરણચંદ રે ॥૧૮॥
પછી રામાનંદ સભામાંય રે, બોલ્યા વેણ અતિ હરખાય રે ॥
હવે પૂજજ્યો વરણીરાજ રે, મુજ ઠેકાણે સર્વ સમાજ રે ॥૧૯॥
તેની આજ્ઞા વિષે સહુ રહેજ્યો રે, છેલ્લી આજ્ઞા એ જ સુણી લેજ્યો રે ॥
શિર ચડાવી સ્વામી વચન રે, સહુએ કર્યું પ્રભુનું પૂજન રે ॥૨૦॥
ભેટ સોગાદ ભાવ સમેત રે, અર્પી હૈયામાંહિ આણી હેત રે ॥
હર્ષ ઘેલા થયાં સહુ જન રે, કીધો પૂરણ એમ જગન રે ॥૨૧॥
વિપ્રવર સહુ તૃપ્ત કીધાં રે, ભારે ભેટ ભરી ઘણાં દીધાં રે ॥
પ્રેમે ભોજન જમાડ્યા સહુ રે, કીધાં પ્રસન્ન અતિથિ સહુ રે ॥૨૨॥
પછી ઉચ્છવમાં જન આવ્યાં રે, નિજઘેર તે સહુ સધાવ્યા રે ॥
જેતપુરે રહી ઘનશ્યામ રે, દિયે સુખ અતિ આઠું જામ રે ॥૨૩॥
થોડા દન કરી સતસંગ રે, ત્યાંથી ચાલ્યાં મુનિ ઉછરંગ રે ॥
આવ્યાં ફરેણીએ રામાનંદ રે, મુક્તમુનિ સંગે સુખકંદ રે ॥૨૪॥
તિયાં તન તજવા વિચાર રે, કર્યો મનમાંહિ નિરધાર રે ॥
એહ વાતનો કરું પ્રકાશ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે જેતપુરમાં ધર્મધુરા સોંપી એ નામે સોમું પ્રકરણમ્ ॥૧૦૦॥

INDEX

પ્રકરણ : ૧૦૧

પૂર્વછાયો :

શુભ સંવત અઢારસે, માગશર સુદી તેરશ ॥
તેહ સમે રામાનંદજી, દેહ મેલવા થયાં વિવશ ॥૧॥
જવર વ્યાપ્યો તનમાં, ત્યજયું જળ અને ભોજન ॥
મુખ થયું છે વામણું, ઘણું રહેતું જે પ્રસન્ન ॥૨॥
શિથિલ તન દેખી ઘણું, જન મન થયાં ઉદાસ ॥
પંડ રહેશે નહિ સ્વામીનું, એમ જાણી આવે સહુ પાસ ॥૩॥

ચોપાઈ :

દન આવ્યો ત્રયોદશી તણો, લાવ્યો શોક સહુનાં હૈયે ઘણો ॥
સ્વામી જાગી વહેલા પરભાત્ય, ગયાં સ્નાન કરવા સાક્ષાત ॥૪॥
નાહી આવ્યાં ભદ્રાવતી વિશે, બેઠા કિનારે શાંત અતિશે ॥
વાળી પદ્માસન એક ચિત્તે, ધ્યાને વિરાજિયાં રૂડી રીત્યે ॥૫॥
સર્વે વૃત્તિ પ્રભુ સંગ સાધી, ત્યજી તનની સહુ ઉપાધિ ॥
ચાલ્યાં સ્વતંત્ર થકે ઉદ્ધવ, તન કષ્ટ રહ્યું નહિ લવ ॥૬॥
ગુરુદેવ ગયાં ધામમાંહિ, જાણ્યું શિષ્યએ સરવે ત્યાંહિ ॥
વહી નેણે આંસુડાની ધાર, કરે રુદન શોક અપાર ॥૭॥
મુક્તમુનિને પંડ લગીર, વિયોગે રહી લેશ ન ધીર ॥
કહે સુના શિષ્ય મુને મેલી, ચાલ્યાં એકલા કેમ ધકેલી ॥૮॥
ખૂબ લાડ લડાવી અમોને, ચાલ્યાં જવું ન ઘટે તમોને ॥
આવી આપત્તિ અમને ભારી, કેમ ગયાં અમને વિસારી ॥૯॥
પછી ધીર ધરી દલમાંય, છાના રાખ્યાં સહુ જન ત્યાંય ॥
શાસ્ત્રવિધિ આચરી નિદાન, કર્યાં વિમાને વિરાજમાન ॥૧૦॥
ભદ્રા કાંઠે ભૂમિ દેખી સારી, તિયાં જઈ પાલખી ઉતારી ॥
અગ્નિદાહ દીધો હરિવરે, વિરહ આંસુ સહુ નેણ ઝરે ॥૧૧॥
બાળ યુવાન વૃદ્ધ સઘન, કરે મુનિ પોકારી રુદન ॥
નાહ્યા નદીશું વિધિ સહિત, પછી આવ્યાં પુરમાં ખચિત ॥૧૨॥
મુક્તમુનિ તો ધીરજ ધારી, લુવે ભક્ત લોચનના વારિ ॥
કર્યું સ્વામીનું કારજ સારું, પછી જમાડ્યા જન હજારું ॥૧૩॥

જ્યારે આવ્યો ચૌદમો દિવસ, સભા કરી મહારાજે અવશ્ય ॥
સાંત્વન દઈ ઘણી ઉર, વિરહ પીડ કરે પ્રભુ દૂર ॥૧૪॥
તેહ સમામાં પૃથ્વી મોઝાર, કૃપા વરસાવી અનરાધાર ॥
શુભ સ્વામિનારાયણ નામે, શક્કો બેસાર્યો સુંદરશ્યામે ॥૧૫॥
કરી ધર્મ ઉપદેશ તિયાં, પછી જન સહુ વળાવિયા ॥
નિજ પાસ મુક્તમુનિ રાખી, વાત અંતરની કહી દાખી ॥૧૬॥
સંત મંડળ સંગ હે સ્વામી !, તમે ભુજ સધાવો અકામી ॥
હેતવાળા સહુ હરિભક્ત, હતાં સ્વામી વિશે જે આસક્ત ॥૧૭॥
સ્વામી ગયે થયાં છે ઉદાસી, હૈયે ભાંગી થયાં છે નિરાશી ॥
તેને ધીરજ દેવાને કાજ, જાઓ મુક્તમુનિ મહારાજ ॥૧૮॥
સુણી હરિની આગન્યા એમ, બોલ્યા કરજોડી મુનિ તેમ ॥
પાળી પૂરું વચન તમારું, જૈશું ભુજનગર આ વારુ ॥૧૯॥
પણ વાત કહું એક મોટી, તેને કેદિ મ સમજો છોટી ॥
રઘુનાથ જે સ્વામીનો શિષ્ય, ભર્યો ઈર્ષ્યા થકી તે અવશ્ય ॥૨૦॥
નહિ ટકે જરૂર સંતમાં, જરૂર જાણજયો એમ અંતરમાં ॥
કરશે દ્રોહ ભક્ત જન તણો, માંહોમાંહિ લડાવશે ઘણો ॥૨૧॥
પણ નિભાવી લેજયો જરૂર, મર થાય મોટો મગરૂર ॥
માની ગમતું તેનું વચન, રાખજયો કરી ઘણું જતન ॥૨૨॥
કરે ઉપદ્રવ જો આખરે, તૈયે મોકલજો શ્રીનગરે ॥
એમ ભલામણ બહુ કીધી, સર્વે શ્રીહરિએ સુણી લીધી ॥૨૩॥
પછી મુક્તમુનિ મુદભર, પાયે પડ્યાં પ્રેમે હરિવર ॥
ચાલ્યાં તિયાં થકી ભુજ ભણી, દેવા જનને ધીરજ ઘણી ॥૨૪॥
વળી રામદાસને વિશેષ, મેલ્યા પ્રભુએ ગુર્જર દેશ ॥
થોડા સાધુ રોક્યા નિજ પાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામાનંદ સ્વામીએ દેહત્યાગ કર્યો એ નામે એકસો ને એકમું પ્રકરણમ્ ॥૧૦૧॥

પ્રકરણ : ૧૦૨

પૂર્વછાયો :

સુંદર કથા સાંભળો, સતસંગીને સુખરૂપ ॥
સોરઠ દેશે શ્રીહરિ, લીલા કરે અનુપ ॥૧॥
મુક્તમુનિ ઘણું પ્રીતથી, સધાવિયા કચ્છ દેશ ॥
સ્વામી શ્રી રામદાસજી, ગયાં ગુજરાતે વિશેષ ॥૨॥
જેને પ્રભુમાં પ્રીતડી, તેને કરવું સઘળું સહેલ ॥
પણ આસુરી જનને, માન મૂકવું છે મુશ્કેલ ॥૩॥

ચોપાઈ :

એવો ખળ રઘુનાથ વડો, નો'તો સતસંગે કાંઈ ધડો ॥
મુક્તમુનિ ગયાં કચ્છ દેશ, પછી બીક રહી નવ લેશ ॥૪॥
તેણે મચાવિયો ઉતપાત, કાન ભંભેરે દિવસ રાત ॥
વિદ્યા ભણી થયો'તો વિદ્વાન, તેથી અંગે ઘણું અભિમાન ॥૫॥
જ્યારે સ્વામી સિધાવિયા ધામ, ત્યારે શોક પામ્યા નરવામ ॥
પણ આંસુ પડ્યું નહિ નેણે, લોકલાજ ધરી નહિ તેણે ॥૬॥
હસી હસી વાતો કરે મુખે, ગાય પોતાનું માહાત્મ્ય સુખે ॥
એવો ઈર્ષ્યા ભરેલો ગુમાની, જૂઠી વાતો કરે છાની છાની ॥૭॥
કર્યો ઉપદ્રવ મોટો તેને, દલ સુખ રહ્યું નહિ કેને ॥
ત્યારે મુક્તમુનિ કેરી વાત, આવી યાદ પ્રભુને સાક્ષાત ॥૮॥
રઘુનાથ મચાવે તોફાન, તો મેલો શ્રીનગરે નિદાન ॥
પછી સ્વામીની વાત સંભારી, નિજ પાસે બોલાવે મોરારી ॥૯॥
આપી મહારાજે ઘણું માન, બોલ્યા વાણી અતિ નિરમાન ॥
તમે વિદ્વાન છો ઘણાં મોટા, આપ થકી અમે બહુ છોટા ॥૧૦॥
મુક્તમુનિ ગયાં કચ્છ દેશ, વિરહ દુઃખ ટાળવા વિશેષ ॥
તેથી જાઓ તમે કર્ણાવતી, જન સંભાળજયો અમ વતી ॥૧૧॥
તમ જેવા ન કોઈ મંડળે, શ્રેષ્ઠ કામ કરી જાણે કળે ॥
એમ ભાખી શ્રીહરિએ વાણ, ત્યારે બોલ્યો કરી બૂમરાણ ॥૧૨॥
એવો એક જ હું મહાસંત, કરી શકું એકલો અત્યંત ॥
મુક્તાનંદ ભોળા દલમાંય, છળ કળ જાણે નહિ કાંય ॥૧૩॥

INDEX

શુંય કરશે ભુજમાં જઈ, પાછા આવશે વિફળ થઈ ॥
પણ હું તો કરી એવી વાત, વશ્ય કરું આખું ગુજરાત ॥૧૪॥
કરી એમ ઘણી અવળાઈ, પછી ગયો શ્રીનગરમાંઈ ॥
ત્યારે મહામુનિ ભુજ વિશે, હરિ મહિમા ભાખે અતિશે ॥૧૫॥
પ્રકટ ભક્તિના પોત્યે ઉપાસી, કરે પ્રત્યક્ષ વાત ઉજાસી ॥
શાસ્ત્ર વિરુદ્ધ કેદિ વચન, મુનિ ઉચ્ચરે ન કોઈ દન ॥૧૬॥
કોઈ જાદુ ટુણા કરનાર, વાદ વિવાદમાં પડનાર ॥
આવે અન્ય મતપંથી બહુ, તેનું માન મરોડે છે સહુ ॥૧૭॥
તેને આપી ઉપદેશ વરો, કરે સતસંગી ખરેખરો ॥
એમ જન અનેક ઉદ્ધારી, મુક્તમુનિ ફરે અવિકારી ॥૧૮॥
હરિવર વળી દિનરાત, જન કાજ વિચરે સાક્ષાત ॥
વળી ઐશ્વર્ય જણાવ્યું એવું, પેલા દીઠું નો'તું કેદિ તેવું ॥૧૯॥
હોય અભણ કે વિદ્વાન, વળી બાળ અબળા યુવાન ॥
દેખ્યા વિના કોઈ નાતજાત, સહુ જનને સમાધિ થાત ॥૨૦॥
રામ ઉપાસી જનને રામ, ભક્ત મારુતિને હનુમાન ॥
ભાવે કૃષ્ણ કેરા કૃષ્ણ દેખે, શિવ ઉપાસી શિવને પેખે ॥૨૧॥
જૈન દેખે છે તીરથંકર, યવનો દેખે છે પયગંબર ॥
દેખે પીરને પીર ઉપાસી, દેખે સૂર્યના સૂર્ય પ્રકાશી ॥૨૨॥
હોય જન જો કોઈ અધમ, દેખે સમાધિએ મોટા જમ ॥
દેવી તણાં ઉપાસક કોઈ, તેને દેખે વરતિ પરોઈ ॥૨૩॥
કોઈ દેખે સ્વર્ગ ને કૈલાસ, સત્ય ગોલોક વૈકુંઠવાસ ॥
કોઈ શારદા શેષ ગણેશ, દેખે ધ્યાનમાંહિ પરમેશ ॥૨૪॥
એમ દેખાડ્યો મોટો પ્રતાપ, માંગરોળે સમાધિનો વ્યાપ ॥
તેથી તૂટ્યા અનેકના પાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રઘુનાથદાસે ઈર્ષ્યા કરી એ નામે એકસો ને બીજું પ્રકરણમ્ ॥૧૦૨॥

પ્રકરણ : ૧૦૩

પૂર્વછાયો :

લીલા કરી માંગરોળમાં, અવિનાશીએ અપાર ॥
સામરથી સમાધિએ, કરી દેખાડી નિરધાર ॥૧॥
સુણી તે પ્રતાપને, મયારામ ગયાં માંગરોળ ॥
પારખું કરવું પ્રેમથી, લેવા આનંદ ઉર અતોળ ॥૨॥
પણ ઘેડ્ય બેઠી નહિ, હરિવરની લીલામાંય ॥
પછી ઘેર પધારિયા, મૂંઝાઈ ઘણું મનમાંય ॥૩॥

ચોપાઈ :

પછી જવા કર્યું નક્કી આજ, મળવા મુક્તમુનિ મહારાજ ॥
ભાતા બંધાવી ભટ્ટ તૈયાર, થયાં ભુજ જવા નિરધાર ॥૪॥
થોડે દન પહોંચિયા ત્યાંય, મળ્યાં મહામુનિ હરખાય ॥
સર્વે વાત સમાધિની કા'વી, નવી રીત્ય સઘળી બતાવી ॥૫॥
કહે સ્વામીની પ્રથા બગાડી, નવી વર્ણીએ વકલ પાડી ॥
નથી સ્વામી સંભારતા કોય, ભજન કરાવે પોતાનું સોય ॥૬॥
આંહિ કથા કરી ખૂબ દાખો, પણ વાત આવી કેમ સાંખો ॥
સતસંગમાં આપ છો મોટા, એ તો આપથી ઘણાંય છોટા ॥૭॥
માટે તેનો કરજો ઉપાય, સમાધિનું સમાધાન થાય ॥
એમ બોલ્યા મયારામ વાણી, મુક્તમુનિમાં ભરોસો જાણી ॥૮॥
સહુ જન જાણજયો સાક્ષાત, કહું રહસ્યની હવે વાત ॥
જ્યારે આવે અવનિએ શ્યામ, સંગે સંત લાવે અભિરામ ॥૯॥
પછી જન્મ ધરી વસુંધરે, બહુવિધ લીલા બેઉ કરે ॥
જેવી રીત્ય બ્રહ્માંડની હોય, તેવી રીત્ય આચરે છે દોય ॥૧૦॥
પણ ઉલંઘી તેહની ગતિ, કેદિ શક્તિ કરે નવ છતી ॥
વળી દેહ મનુષ્યનો ધરી, કરે માનુષી ચરિત્ર હરિ ॥૧૧॥
તેમ સંતની રીત છે ન્યારી, પ્રભુ મરજી લોપે ન લગારી ॥
કરે તેહ મનુષ્યની લીલા, શીખ દેવા નર હોય ઢીલા ॥૧૨॥
તેમાં ગ્રે'શે જે સંશય કોઈ, સુખી થશે નહિ જન સોઈ ॥
કાં જે સંશયે આતમ નાશ, એમ કહે પોત્યે અવિનાશ ॥૧૩॥

એ ચરિત્ર પ્રભુએ આદર્યું, મુક્તમુનિએ પણ તે ધર્યું ॥
કોટિ જીવોના કલ્યાણ કાજ, હવે લીલા કરે મુનિરાજ ॥૧૪॥
સુણી ભટ્ટની વાત તમામ, કર્યો મુનિએ વિચાર આમ ॥
એકવાર સોરઠમાં જાવું, સહુ જન મન સમજાવું ॥૧૫॥
મહાદુર્લભ સમાધિ એહ, કેમ થાય જેને તેને તેહ ॥
આ તો સ્વામી તણો સતસંગ, ચડ્યો કેમ બીજો તેને રંગ ॥૧૬॥
સદ્ય શ્રીહરિને મળી વાત, હિતની કરું લઈ એકાંત ॥
તેહ સમે માંગરોળ થકી, પ્રભુ આવ્યાં મેઘપુર નકી ॥૧૭॥
સામા આવ્યાં સતસંગી લેવા, નામ જાણજ્યો તેહના કેવા ॥
જીવો રામજી ને નારાયણ, સોની ભક્ત સેવાપરાયણ ॥૧૮॥
જીવરાજ ભાણજી રવજી, નંદુ કરશન રણછોડજી ॥
ભક્ત ભાટ અમરસિંહભાઈ, તેની સુતા છે લાડકીબાઈ ॥૧૯॥
રૂડી સેવા કરી સહુ જને, રાજી કર્યાં પ્રભુ પરસને ॥
મળ્યાં મુક્તમુનિને એંધાણ, મેઘપુરમાંહિ છે સુજાણ ॥૨૦॥
તર્ત વાટ લીધી તેહ ગામ, વેગે ચાલિયા અંતરજામ ॥
લેતાં દેશ પ્રદેશ વિરામ, આવ્યાં મુનિ મેઘપુર ગામ ॥૨૧॥
તેહ સમે પ્રભુ હર્ષભેર, રાજે સોની નારાયણને ઘેર ॥
અગણિત શિષ્ય વૃંદ સંગે, બેઠા પૂરણકામ પલંગે ॥૨૨॥
દેખી માવનું મુખકમળ, રહે ચિત્ત પરોવી અમળ ॥
ત્યારે મુક્તમુનિ સદ્ગુરુ, જેને જ્ઞાનમાં નથી અધૂરું ॥૨૩॥
આવ્યાં પ્રભુ પાસે તેહ ઘડી, હતી હાથમાં રંગેલ છડી ॥
દેવો ઠપકો હરિને ધરાર, તેવો મનમાં ઘણો ઉચ્ચાર ॥૨૪॥
વર્ણી જાણે શું સ્વામીની રીત, આ છે અણધારી ને અનુચિત ॥
એમ કરતાં આવ્યાં પ્રભુ પાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ ભુજથી મેઘપુર આવ્યાં એ નામે એકસો ને ત્રીજું પ્રકરણમ્ ॥૧૦૩॥

પ્રકરણ : ૧૦૪

પૂર્વછાયો :

મુક્તાનંદ મહારાજને, દેખી સહજાનંદ સુખદાય ॥
દોટ્ય દઈ સન્મુખ ગયાં, પડ્યાં મહામુનિને પાય ॥૧॥
વારે વારે દંડવત્ કરી, લળી લળી કર્યાં પ્રણામ ॥
પછી મુનિએ કર ગ્રહી, ઊભા કર્યાં અભિરામ ॥૨॥
માંહોમાંહિ પ્રેમે મળ્યાં, ભાવે ભેટી ધરી પ્યાર ॥
સુખ કેરા દોર છૂટ્યા, તે કહ્યું ન જાય લગાર ॥૩॥

ચોપાઈ :

જેને માનતા પોતે સદૈવ, પૂર્વકાળ થકી ગુરુદેવ ॥
એવાં મુક્તમુનિ દેખી તિયાં, હરિ ઘણું મને હરખિયા ॥૪॥
કરગરી કરે હાજી હાજી, સ્વામી આવ્યાં ઘણાં દને ગાજી ॥
ગાતા ગાતા સામૈયે પધરાવી, પછી ગયાં ઉતારે સધાવી ॥૫॥
તિયાં બેઠા બહુનામી હેઠે, જાણે દાસ હોય એની પેઠે ॥
પ્રીત્યે પધરાવ્યા અતિ રંગે, મુક્તમુનિને રૂડાં પલંગે ॥૬॥
સ્રજ સુગંધી દ્રવ્ય ચંદન, અગર અક્ષતે પૂજયા પ્રસન્ન ॥
ઘણું ઘણું આપીને સન્માન, રસિયો થયાં રાજી નિદાન ॥૭॥
પછી પંગત ટાણે ઉદાર, આવ્યાં વર્ણી મુકુંદ બ્રહ્મચાર ॥
ઊઠ્યા જમવા દીનદયાળ, લઈ સંગાથે સરવે મરાળ ॥૮॥
રૂડો બાજોઠ બેસવા માટે, દીધો નિજ તણો સ્વામી સાટે ॥
પછી પહેલા પીરસાવીને સ્વામી, બેઠા બીજા બાજોઠે અકામી ॥૯॥
પ્રીત્યે બોલ્યા પ્રભુ તેહ સમે, તમને જમાડી જમશું અમે ॥
આપ સદ્ગુરુ ઘણાં મોટા, તમ પાસે અમે બાળ છોટા ॥૧૦॥
તેથી આપને જમાડી પ્રીત્યે, કેડ્યે જમાડશું રૂડી રીત્યે ॥
સદાચાર તણી એ જ રીત, જગમાં પણ છે પ્રચલિત ॥૧૧॥
ત્યારે સ્વામી કહે ગિરધર, સાથે જમીએ જો મુદભર ॥
થાશે આનંદ અંતરમાંહિ, મેલો જગતની રીત્ય આંહિ ॥૧૨॥
પછી મુક્તમુનિ સંગ હરિ, જમ્યા રસોઈયું ભાવ ભરી ॥
જમતા જમતા શ્રીહરિ વાત, પૂછે કચ્છ દેશની સાક્ષાત ॥૧૩॥

કેવા ભક્ત ભાવિક છે ત્યાંય, સમાચાર કહો તેનાં કાંય ॥
નરનારી છે સર્વે કુશળ, અંગે છે કે નહિ તે અચળ ॥૧૪॥
પછી સ્વામીએ વાત વિસ્તારી, કીધી ભક્તના સુખની સારી ॥
હીરજી સુંદરજી ગંગારામ, આદિ ભક્તના કીધાં પ્રણામ ॥૧૫॥
એક એકને સંભારી મન, આપે યાદી ઘણું પરસન ॥
હતાં જેના જેવા જેવા અંગ, કીધાં તેવાના તેવા પ્રસંગ ॥૧૬॥
ભક્ત ભુજના ભલા ઉદાર, તેનાં ગુણ ગાતા નાવે પાર ॥
કેડ્યે ચળું કર્યું તૃપ્ત થઈ, બેઠા આસને મુખવાસ ગ્રહી ॥૧૭॥
લાવ્યા ભેટ ભુજેથી અપાર, ધરી નાથ આગે કરી પ્યાર ॥
વાતું કરી ઈયાં ઘણી ઘણી, સહુ આવિયાં ઉતારા ભણી ॥૧૮॥
હવે મુક્તમુનિએ વિચાર, કર્યો મનમાંહિ નિરધાર ॥
વાટે વે'તી થઈ જે સમાધિ, તેતો સાચી નહિ જૂઠી વ્યાધિ ॥૧૯॥
તેને મૂળથી મેલાવા માટ, કર્યો મુનિએ મનમાં ઘાટ ॥
પછી સ્નાન કરવાને બહાને, લીધાં શ્રીહરિવરને સાને ॥૨૦॥
સહુ સંતને આગન્યા આલી, પ્રભુ સાથે પધારજો ચાલી ॥
પણ આવવાં કીધી મનાઈ, હરિભક્ત હતાં જેહ ત્યાંઈ ॥૨૧॥
તેથી ભક્ત કરે છે વિચાર, વાત જુદી પ્રમાણો આ વાર ॥
મુક્તમુનિ મેલી સહુ ભક્ત, જાય સંત સંગાથે વિરક્ત ॥૨૨॥
પછી સંતદાસ આદિ સાથ, લઈ ચાલ્યાં સ્વામી દીનાનાથ ॥
પૂર્વ દિશે ગામ થકી રૂડી, વહે મેઘવતી નદી ઊંડી ॥૨૩॥
તિયાં મુક્તમુનિ ગુણધામ, પ્રભુને બેસારી એક ઠામ ॥
દિયે ઠપકો મીઠો મધુર, તેની કથા રસે ભરપૂર ॥૨૪॥
જે જે કીધાં મુનિએ વચન, હરિવરને પ્રેમે તે દન ॥
તેની વાતું વિસ્તારીને ગાશે, ઘનશ્યામપ્રકાશ હુલાસે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ શ્રીહરિને મેઘપુરમાં મળ્યાં એ નામે એકસો ને ચોથું પ્રકરણમ્ ॥૧૦૪॥

પ્રકરણ : ૧૦૫

પૂર્વછાયો :

મુક્તમુનિ કહે પ્રેમથી, તમે સાંભળો વર્ણીશ ॥
સત્ય વાત પ્રમાણજો, લેશ લાવશો નૈ રીસ ॥૧॥
સ્વામી રામાનંદજી, તેનો અતિ મહિમાય ॥
પણ એથી અતિ અધિક, રાખ્યો તમે હરિરાય ॥૨॥
થાવું અધિક ગુરુ થકી, ન ઘટે આપને એહ ॥
માટે મેલો ઉદ્યમને, જે આચરો છો તેહ ॥૩॥

ચોપાઈ :

કળજુગ વધ્યો વિકરાળ, ત્યારે પ્રકટ્યા દીન દયાળ ॥
સ્થાપિયો ઉદ્ધવ સંપ્રદાય, એથી મટી મુમુક્ષુની હાય ॥૪॥
તેનું સોંપ્યું સુકાન તમોને, સ્વામીએ પૂછી બહુ જનોને ॥
થયું હવે કર્તવ્ય તમારું, ચલાવો સંપ્રદાય સુચારુ ॥૫॥
જેહ પંથમાં પાખંડ થાશે, તેનું સત્વ અંતમાં હણાશે ॥
વાત જાણો છો આપ તે સૂધી, માટે કહું છું તમને સુબુદ્ધિ ॥૬॥
સાંભળ્યું છે મેં શ્રવણ વિશે, સમાધિ કરાવો છો અતિશે ॥
એ વાત મુને કેમ મનાય, જેવા તેવાને તે કેમ થાય ॥૭॥
સદ્‌ગુરુ રામાનંદ જેવા, બીજા બ્રહ્માંડે મળે ન એવાં ॥
તોય તેણે કર્યું આવું કાજ, નથી સાંભળ્યું મેં મહારાજ ॥૮॥
જન બહુ મુવા મુવા જગે, કોઈ ફાવ્યું નહિ આજ લગે ॥
અન્ય રીતે લેશ નહિ ફાવો, માટે મેલી દ્યો ફોગટ દાવો ॥૯॥
નથી થાતી સમાધિ એ સોંઘી, જોગી જતિને પણ છે મોંઘી ॥
એતો આપે ભેદભાવ વિન, કેમ કરો સમાધિએ લીન ॥૧૦॥
માટે હરિ હાંકો છો પાખંડ, ઠેર ઠેર ફેલાવી પ્રચંડ ॥
તેને મેલી દિયો મહારાજ, નથી કરવા તણું એહ કાજ ॥૧૧॥
મર લાગે અત્યારે એ સારું, પણ અંતે છવાશે અંધારું ॥
માટે સ્વામીએ રીત્ય દેખાડી, ચાલો તેહ મગે તમે દાડી ॥૧૨॥
સદ્‌ગુરુએ સોંપેલ રીત્ય, અંતે એમાં મુમુક્ષુની જીત ॥
રહેશે ભૂલ એમાં જો જરૂર, ઉડી જાશે ઉડે જેમ તૂર ॥૧૩॥

તેથી સરળ રહો સતસંગે, જેવું રાખ્યું રામાનંદે અંગે ॥
સુજ્ઞને શું કહેવું વધારે, અલ્પ વેણ સમજી રહે ભારે ॥૧૪॥
કહેતાં સ્વામીની છાતી ભરાણી, વહ્યાં આંખ્યુમાં અપાર પાણી ॥
હતી ગુરુભક્તિ શિર સાટ, તેથી કહ્યું શીખવવા માટ ॥૧૫॥
એને આવે શું અણું અભાવ, કહ્યું સ્નેહે સહજ સ્વભાવ ॥
પછી પ્રભુ કહે હાથ જોડી, મુજમાં બાળ બુદ્ધિ છે થોડી ॥૧૬॥
વાત પ્રકટ પ્રમાણો આપ, આ છે સ્વામી તણો પરતાપ ॥
સઘળું થાય છે સ્વામી ઇચ્છાયે, મુજમાં નથી ઐશ્વર્ય કાંયે ॥૧૭॥
આપ સરળ છો મુનિરાજ, કહ્યું હશે મારા હિત કાજ ॥
સ્વામી થકી ન અધિક થાઉં, હું તો સદ્‌ગુરુના ગુણ ગાઉં ॥૧૮॥
આવે જન જે પાત્ર કુપાત્ર, સંભાર્યે નામ સ્વામીનું માત્ર ॥
સદ્ય સધાવી જાય સમાધિ, મું થકી કેમ રહેવાય બાધિ ॥૧૯॥
જે જે જક્તમાં છે બુદ્ધિવંત, એ સહુમાં છો આપ ધીમંત ॥
જાણો સાર અસાર વિવેક, આપ જેવા ન મળે અનેક ॥૨૦॥
આપમાંહિ મુને ઘણો ભાવ, આપ દીસો સરળ સ્વભાવ ॥
તેથી રહ્યાં અમે આંહિ ટકી, નહિ તો બીજે રહ્યાં હોત નક્કી ॥૨૧॥
આપ આજ્ઞા એ જીવન મારું, આપ વિના છે બીજું અંધારૂં ॥
કહેશો જેમ હું એમ કરીશ, આપને અનુસરી રહીશ ॥૨૨॥
એમાં ફેર પડે લવલેશ, તો કહેજયો મુને વેણ વિશેષ ॥
તવ અપરાધે રહું છું ડરી, કૃપા રાખજયો મું પર જરી ॥૨૩॥
ધામ ઐશ્વર્ય એ તો સુલભ, આપ કૃપા છે અતિ દુર્લભ ॥
માટે મિથ્યા કહું નહિ કાંય, સ્વામી કૃપાએ સમાધિ થાય ॥૨૪॥
સત્ય જાણે તેને સહુ જન, રહે સમાધિએ પરસન ॥
સુણી આવ્યાં મુનિ સભામાંય, ઘનશ્યામપ્રકાશદાસ તે ગાય ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિને ઠપકો દીધો એ નામે એકસો ને પાંચમું પ્રકરણમ્ ॥૧૦૫॥

પ્રકરણ : ૧૦૬

પૂર્વછાયો :

મુક્તમુનિને મનમાં, ઘોળી રહ્યો વિચાર ॥
પાખંડ પ્રસરે પંથમાં, તે પંથનો નૈ નિર્ધાર ॥૧॥
પાપી પાખંડી પૂરાં, તેને થાય સમાધિ લેશ ॥
તો શ્રુતિનાં વચનો, મિથ્યા ઠરે વિશેષ ॥૨॥
દલ હવે દુભાય છે, છે ઠામ ઠરવા એક ॥
તે પણ જાતાં વણસી, આવે ઉપાધિ અનેક ॥૩॥

ચોપાઈ :

જન કરે જે દર્શન ભાવે, સદ્ય સમાધિમાં તેહ જાવે ॥
કહું ત્યાર પછી વાત એહ, હદો મેર જેઠો મેર જેહ ॥૪॥
સંતદાસ ને માધવદાસ, સ્વામીને ચારેનો વિશવાસ ॥
બેસાર્યા તેને ધારણામાંઈ, નાડી પ્રાણ રહ્યાં નહિ કાંઈ ॥૫॥
કહે મહામુનિને દયાળ, જગાડી જુવો મુનિ તત્કાળ ॥
જુવો હાથ ને પગની નાડી, જો જાગે તો ઉઠાડો જગાડી ॥૬॥
ત્યારે સ્વામી કરે છે વિચાર, જૂઠી વાત નહિ નિરધાર ॥
પછી જગાડ્યા સમાધિ થકી, ચારે જણે કરી વાત નક્કી ॥૭॥
અમે અક્ષરધામે અપાર, દીઠા મુક્તના વૃંદ આ વાર ॥
સુખ સુખ અતિ જિયાં સુખ, મુક્ત ઊભા હરિ સનમુખ ॥૮॥
તિયાં દીઠા રામાનંદ સ્વામી, જોઈ ઊભા અમે કરભામી ॥
જક્તમાંહિ અમે ધન્યભાગી, પામ્યા દર્શ અતિ અનુરાગી ॥૯॥
સુણી મન મૂંઝાણું છે અતિ, મુનિને થઈ વિભ્રાંત મતિ ॥
કેડ્યે સંત સતસંગી સાથ, પોતે નાવા પધારિયા નાથ ॥૧૦॥
તિયાં આવિયાં બાળ બે સારા, નામ વાલો ને લક્ષ્મણ પ્યારા ॥
તેહ ગયાં સમાધિ મોઝાર, નાખે નજર જયાં કિરતાર ॥૧૧॥
ત્યારે નાથ કહે દેખો સ્વામી, નાડી ચાલે છે કે ગઈ વામી ॥
પછી સ્વામી ઊઠ્યા એહવાર, નીરખી નાડી સહુ એકતાર ॥૧૨॥
પણ ચાલે નહિ એકે નાડી, જોયા બાળને બેઉ જગાડી ॥
ત્યારે તેના અચેતન તન, લઈને ચાલિયા પ્રાણજીવન ॥૧૩॥

INDEX

રાખ્યા ડુબાડી જળ મોઝાર, પછી બોલિયા વિશ્વવિહાર ॥
જ્યારે મરજી આપની હોય, ત્યારે બાળ જગાવજો દોય ॥૧૪॥
એમ કહી સધાવિયા શ્યામ, પછી અદ્રશ્ય થયાં અભિરામ ॥
પછી વીત્યો ઘણો એમ કાળ, તોય નાવ્યા જ્યારે પ્રતિપાળ ॥૧૫॥
બાળ કાઢ્યા જળ થકી બાર, કરી મુનિએ મહેનત અપાર ॥
કર્યું સ્મરણ સ્વામીનું ઘણું, પણ બાળ ઊઠ્યા નહિ અણું ॥૧૬॥
કર્યો શ્રવણે નામ પુકાર, તોય જાગે નહિ નિરધાર ॥
પછી પધારિયા સુખધામ, મુક્તાનંદને કહે કરભામ ॥૧૭॥
આપો આગન્યા સ્વામી અમને, આણું ચેતના બાળક તને ॥
સ્વામી કૃપા થકી સહુ થાય, બીજા થકી ન થાય જરાય ॥૧૮॥
એમ કહી સામું જુવે હરિ, ત્યાં તો બેઠા થયાં બાળ ફરી ॥
જાગ્યો વાલજી સમાધિમાંથી, જગાડ્યો બીજાને કહેવાથી ॥૧૯॥
પછી પૂછ્યું પ્રભુજીએ એને, સત્ય વાત તું બાળક કેને ॥
મુક્તમુનિએ જગાડ્યા જ્યારે, શીદ જાગ્યા લગાર ન ત્યારે ॥૨૦॥
સુણી બાળ કહે બહુનામી, નો'તા આવ્યાં મુક્તાનંદ સ્વામી ॥
હતાં બ્રહ્મમોલે અમે બાળ, તિયાં દીઠા તમને દયાળ ॥૨૧॥
સુણી સ્વામી તો વિસ્મિત થાય, લવલેશ ન સંશય જાય ॥
ત્યાંથી ખાખરવને સધાવ્યા, દૂર દિશ જૈ વળતે આવ્યાં ॥૨૨॥
મન થયું ઉદ્વિગ્ન અમળ, પછી બેઠા દેખી તરૂ તળ ॥
દોય નેણુંમાં વહ્યાં છે નીર, દિયે સ્વામી વિના કોણ ધીર ॥૨૩॥
ઘણું ઘણું સ્વામીને સંભારે, ક્યારે આવે હવે મુજ વારે ॥
દલમાં ધરે સ્વામીનું ધ્યાન, થયાં ધીમે ધીમે એકતાન ॥૨૪॥
તિયાં દર્શન દીધાં દયાળે, આવ્યાં રામાનંદજી તે કાળે ॥
મુક્તાનંદજી પામ્યા હુલાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સંતદાસજી આદિકને સમાધિ કરાવી એ નામે એકસો ને છઠ્ઠું પ્રકરણમ્ ॥૧૦૬॥

પ્રકરણ : ૧૦૭

પૂર્વછાયો :

જાગ્યા ઝબૂકી ધ્યાનથી, દીઠા સદ્‌ગુરુ દયાળ ॥
આણી ઉમંગ અંગમાં, દંડવત્ કીધાં તત્કાળ ॥૧॥
વારિ વહ્યાં લોચનમાં, ભાવે ભેટી સદ્‌ગુરુરાય ॥
પીડ પળમાં પરહરિ, સુખ આવ્યું અંતરમાંય ॥૨॥
પછી બેસારી પાસમાં, નિજ શિષ્યને ગુરુદેવ ॥
ટાળી ઉચાટ ઉરના, કહે રહસ્ય તતખેવ ॥૩॥

ચોપાઈ :

મેલી મુક્તમુનિ શિર હાથ રે, બોલ્યા હેતમાંહિ દીનાનાથ રે ॥
કહી રાખ્યું'તું તમને ઘણું રે, તમ ટાળવા અધર્મ તણું રે ॥૪॥
ખરો ખેલ ભજાવા ભૂધર રે, અવનિ આવશે મુદભર રે ॥
અમે છૈયે ડુગડુગી વાળા રે, પણ શ્રીહરિ કરશે સુખાળા રે ॥૫॥
જે મળ્યાં તમને હરિરાય રે, એ છે જીવતણાં સુખદાય રે ॥
કેની વાત ન ધરશો કાન રે, એ તો સર્વોપરી ભગવાન રે ॥૬॥
જેવી નિષ્ઠા રાખો મુજમાંહિ રે, રાખો કોટિ ગણી પ્રભુમાંઈ રે ॥
એવાં સુણી ગુરુમુખ વેણ રે, ભરાયા મુનિને નીર નેણ રે ॥૭॥
બોલ્યા દીનતાએ ઘણું નમી રે, દયાળુ આજ ઉપાધિ શમી રે ॥
આવ્યાં હોત ન જો આંહિ આપ રે, મન કેરો ન મટે સંતાપ રે ॥૮॥
એમ કહી રહસ્યનો સાર રે, પોતે અદ્રશ્ય થયાં એ વાર રે ॥
પછી મુનિ વળ્યા વનમાંથી રે, હસતાં હસતાં ચાલ્યાં ત્યાંથી રે ॥૯॥
રવિ ઉગતા રજની જાય રે, ખીલે કુમુદ જયું જળમાંય રે ॥
એમ સદ્‌ગુરુ દરશન રે, પામી રોમ થયાં છે પ્રસન્ન રે ॥૧૦॥
હશે જન અજ્ઞાની ઉલૂક રે, તેને મટે નહિ કેદિ ચૂંક રે ॥
કહેશે નો'તો સ્વામીને નિશ્ચય રે, તેને જમતેડું જાણો તય રે ॥૧૧॥
મેરૂ સમ મુક્તમુનિરાય રે, મુખ્ય સંપ્રદાયના કહેવાય રે ॥
વણ કર્યે પરીક્ષણ કેનું રે, શીશ નમે જિયાં તિયાં જેનું રે ॥૧૨॥
નહિ પ્રવીણ એ છે ગમાર રે, તેહ નરનો નૈ નિરધાર રે ॥
જન પાપી જક્તમાં જે હશે રે, તે તો મિથ્યા મુખથી બકશે રે ॥૧૩॥

હશે હરિના લેશે તે સવળું રે, મૂઢ માની લેશે અવળું રે ॥
સ્વયં બોલિયા શ્રી ભગવાન રે, વચનામૃત ગ્રંથે મહાન રે ॥૧૪॥
ધન દોલત પુત્ર વનિતા રે, એથી ડગે નહિ મન મીતા રે ॥
આસ્થા જેને બીજે ન બંધાય રે, એવાં હોય થોડા બહુમાંય રે ॥૧૫॥
વળી એમાં મુક્તમુનિ એક રે, બીજા તે સમ દીસે ન છેક રે ॥
જંત્ર મંત્ર ટુણા ચમત્કાર રે, એવાંનો તો આવે નહિ ભાર રે ॥૧૬॥
દીઠું નાથનું સામર્થ્ય ઘણું રે, તોય ડગ્યા નહિ એમાં અણું રે ॥
સદ્‌ગુરુદેવે કહ્યું જ્યારે રે, વાત મુનિને મનાણી ત્યારે રે ॥૧૭॥
માટે નિષ્ઠા જોઈએ શિર સાટ રે, એ વિના ન ચાલે મોક્ષ વાટ રે ॥
કેડ્યે શું થયું તે કહું ભાખી રે, કર્યું સ્નાન ઉતાવળ રાખી રે ॥૧૮॥
મહામુનિના હરખમાંય રે, ગર્યા પર્વતભાઈ ભીંજાય રે ॥
પૂછ્યું પર્વતભાઈએ પ્રીત્યે રે, ત્યારે કીધું વિસ્તાર સહિત્યે રે ॥૧૯॥
પછી કાલવાણી મોઝાર રે, આવી કર્યો પૂજાપો તૈયાર રે ॥
આણી કર્યા સુમન સ્રજ સારા રે, લાવ્યા ધૂપ દીપ અપારા રે ॥૨૦॥
ગુરુગાદી બિછાવી શોભિત રે, પોતે ચંદન ઉતાર્યું ખચિત રે ॥
પૂરી આરતી ઘૃત સભર રે, પ્રીત્યે પોંખવા મોહનવર રે ॥૨૧॥
ચારુ ચાંખડિયું સ્વામી કેરી રે, અતિ શોભે સુભગ અનેરી રે ॥
તે તો ગ્રહી ઊભા મુનિ બહાર રે, કહ્યું પહેરી પધારો મોરાર રે ॥૨૨॥
થાઓ ગોવિંદ ગાદી આસીન રે, જન હર્ષ વધારો નવીન રે ॥
ત્યારે બોલિયા કૃપાનિધાન રે, આ તો શિર ચઢાવ્યા સમાન રે ॥૨૩॥
ગુરુ પાદુકા હું નવ ધરું રે, ગુરુગાદી પણ પરહરુ રે ॥
સુણી મુનિ કહે તતકાળ રે, હવે મેલો નૃનાટ દયાળ રે ॥૨૪॥
એમ કહી ઝાલ્યા નિજ હાથ રે, પ્રીત્યે પધરાવ્યા દીનાનાથ રે ॥
પામી પૂરણ સૌ અભિલાષ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામાનંદ સ્વામીએ દર્શન દીધાં એ નામે એકસો ને સાતમું પ્રકરણમ્ ॥૧૦૭॥

પ્રકરણ : ૧૦૮

પૂર્વછાયો :

વાજિંતર બહુ વાગિયાં, જયકાર થયો ચહુકોર ॥
ભેરી ભૂંગળ શરણાઈયું, વાગ્યા પડઘમ નોબત ઘોર ॥૧॥
હોંશ હુલસે અંગમાં, હૈયું રહે નહિ હાથ ॥
આનંદ આદિત્ય ઉદિયો, દીનબંધુ કૃપાનાથ ॥૨॥
અઢાર ઓગણસાઠને, સુદ કાર્તિકી એકાદશી ॥
દીપ જ્યોતિ ઝળહળી, હરિજન રહ્યાં હુલસી ॥૩॥

ચોપાઈ :

શોભે શોભે સોનેરી પલંગ રે, શોભે ગાદી તકિયાં સુરંગ રે ॥
માંહિ શોભે ઓછાડ અનેરા રે, કોર સોનેરી કાપડ કેરા રે ॥૪॥
તે ઉપર્ય બેસાર્યા દયાળ રે, ઘેર્યા ઘણે ઘરેણે કૃપાળ રે ॥
હાર હેમકડા બાંયે બાજુ રે, વેઢ વીંટી કુંડળિયા કાજુ રે ॥૫॥
જરી જામો સુંદર સુરવાળ રે, સારો સોનેરી છેડે ચોફાળ રે ॥
મોતીમાળા કંઠમાં આરોપી રે, સોના સાંકળા ઉતરી ઓપી રે ॥૬॥
હૈયે હાર અપાર ફૂલના રે, પેર્યા મહારાજે મોંઘા મૂલના રે ॥
શિરપેચ ને સુવર્ણ તોરો રે, કટિમાંહિ કસ્યો છે કંદોરો રે ॥૭॥
પ્રભુને પલંગે પધરાવ્યા રે, પુષ્પ ચંદન સામગ્રી લાવ્યા રે ॥
પહેલા ચંદન ચરચ્યું ભાલ રે, કર્યો કંકુએ ચાંદલો લાલ રે ॥૮॥
પ્રીત્યે પોંખી પહેરાવ્યા હાર રે, પછી ઉતારી આરતી અપાર રે ॥
શંખ ધ્વનિ ફૂંકાયો અમિત રે, થયો ગગન સઘન ખચિત રે ॥૯॥
પ્રકટી અંતરે આરતી અતિ રે, રચે મુક્તમુનિ કરી નતિ રે ॥
જય જય સદ્‌ગુરુ સ્વામી રે, સહજાનંદ અંતરજામી રે ॥૧૦॥
તવ જુગલ ચરણમાંય રે, વંદુ કરજોડી હું સદાય રે ॥
આજ અવસર કરુણા કીધી રે, કરી સુગમ સરવે સીધી રે ॥૧૧॥
મુક્તાનંદ કહે કરભામી રે, જય જય સહજાનંદ સ્વામી રે ॥
ઘણું હેતે કર્યાં દંડવત્ રે, ત્યારે ઊઠ્યા પ્રભુજી તુરંત રે ॥૧૨॥
મળ્યાં બાથમાં ઘાલી મોહન રે, સ્વામી મુક્તાનંદને પ્રસન્ન રે ॥
મળ્યાં બીજા સતસંગી સહુ રે, થયાં આનંદ ઉચ્છવ બહુ રે ॥૧૩॥

પછી મુક્તમુનિ લળી પાય રે, કરે વિનંતી હે હરિરાય રે ॥
એટલી અરજ કહું છું આજ રે, તમે સાંભળજો મહારાજ રે ॥૧૪॥
થયાં મું થકી અપરાધ જેહ રે, જાણ્યે અજાણ્યમાં સહુ તેહ રે ॥
ભક્તવત્સલ તે ક્ષમાનિધિ રે, કરજયો ક્ષમા તમે ભલીવિધિ રે ॥૧૫॥
ઉચ્ચ સ્વરે કર્યું અપમાન રે, જાણ્યે અજાણ્યે કૃપાનિધાન રે ॥
દોષ દેખતા નહિ દયાળ રે, ભૂલી સઘળું લેજ્યો સંભાળ રે ॥૧૬॥
કહી વળી નમ્યા પ્રભુ પાય રે, નહિ નેણુંયે નીર સમાય રે ॥
પછી મુનિ બેસાડિયા પાસ રે, વાણી ઉચ્ચરિયા અવિનાશ રે ॥૧૭॥
આવું મ બોલશો તમે ફરી રે, ગિરા એવી ગમે નહિ જરી રે ॥
હું તો છઉં ઘણો તવ દાસ રે, સદા રહીશ હું તમ પાસ રે ॥૧૮॥
આપ પ્રથમથી બહુ મોટા રે, નથી જ્ઞાન વૈરાગ્યમાં છોટા રે ॥
નથી આપ જેવા ગુણવાન રે, સર્વ સંસારમાંહિ મહાન રે ॥૧૯॥
એમ કહી લાગ્યા સ્વામી પાય રે, જેમ લાગતા પોતે સદાય રે ॥
હરિજન લીલા જોઈ આજ રે, કહે ધન્ય મુનિ મહારાજ રે ॥૨૦॥
રચી મુક્તમુનિએ આરતી રે, ખ્યાતિ પામી સંપ્રદાયે અતિ રે ॥
ઘરોઘર મહોલ મંદિર રે, જન ગાય ગાશે બહુ ચિર રે ॥૨૧॥
વળી સ્વામી સહજાનંદ તમે રે, આપ પ્રગટ્યા ન હોત આ સમે રે ॥
પ્રાણી પામત નહિ ભવપાર રે, એવાં કર્યાં કીર્તન અપાર રે ॥૨૨॥
કર્યું મુક્તાનંદજીએ કેમ રે, કોઈ શંકા ન કરશો એમ રે ॥
નરતનું ધર્યું મહારાજે રે, પોતે પધાર્યા સંત સમાજે રે ॥૨૩॥
થાય અનંત જીવનું હિત રે, કર્યાં મુક્તમુનિને નિમિત્ત રે ॥
સદ્‌ગુરુ મહિમા સમજાવા રે, કર્યાં પ્રભુએ ચરિત્ર આવા રે ॥૨૪॥
ગાશે ચરિત્ર આ ધરી પ્યાર રે, નર ઉતરશે ભવપાર રે ॥
અંતે આવશે શ્રી અવિનાશ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ કાલવાણીમાં સૌપ્રથમ આરતી ઉતારી એ નામે એકસો ને આઠમું પ્રકરણમ્ ॥૧૦૮॥

INDEX

પ્રકરણ : ૧૦૯

પૂર્વછાયો :

પ્રીત્ય પ્રેમે પરબ્રહ્મશું, જેણે કરી નિરમળ અંગ ॥
અચળ પ્રભુનો આશરો, તેને ચડે ન જક્ત રંગ ॥૧॥
ગ્રહી વચન ગોવિંદનું, સત્સંગ કરે સુખદાય ॥
આણે ખુમારી તનમાં, જન મો'બત નહિ જરાય ॥૨॥
એવાં સદ્‌ગુરુ શ્રેષ્ઠ જે, મુક્તાનંદજી મહારાજ ॥
પુરુષોત્તમ પણ પ્રેમથી, તેને પૂછી કરે સહુ કાજ ॥૩॥

ચોપાઈ :

એક સમે કાલવાણી વિશે, નરનારી આવ્યાં છે અતિશે ॥
પ્રભુ બેઠા લીંબવૃક્ષ તળે, મોટી સભા ભરાઈ તે પળે ॥૪॥
આવી દારા દોય તેહ ઠામ, હરબાઈ વાલબાઈ નામ ॥
સ્વામી આત્માનંદજીની ચેલી, મેલી સંસાર શિષ્યા થયેલી ॥૫॥
ગયાં આત્માનંદ તજી દેહ, રહી રામાનંદ પાસે તેહ ॥
પણ મેલ્યું નહિ અભિમાન, ત્યાગી તણું રહ્યું નહિ ભાન ॥૬॥
જઈ નર મધ્યે ઉપદેશ કરે, તન ત્રિયા તણું તોય ફરે ॥
ઘણું રાખ્યું અભિમાન અંગ, ચિત્તે ચડ્યો નહિ સતસંગ ॥૭॥
એવી ગુમાને ભરેલ બાઈ, સંતસભા વિશે આવી ધાઈ ॥
દીઠી નારી સભામાંહિ જ્યાંય, સંત છાંડી ગયાં ઠામ ત્યાંય ॥૮॥
પછી પ્રભુને કરી પ્રણામ, ચડી ગાદીએ બેઠી તે વામ ॥
ત્યારે શ્રીહરિ બોલિયા એમ, તમારી રીત્ય જૂજવી કેમ ॥૯॥
તન ત્યાગી તણો ધરો વેષ, કેમ ધર્મ ધરો નહિ લેશ ॥
તમે રાખો નરનો પ્રસંગ, તેહ કરશે શિયળનો ભંગ ॥૧૦॥
મર હોય જો મુક્ત અચળ, નારી સંગે ન રહે અમળ ॥
મુક્તાનંદાદિ સહુ મરાળ, તેણે કામને કીધો બેહાલ ॥૧૧॥
તોય આગન્યા અમારી ધારી, અષ્ટ પ્રકારે ત્યજે છે નારી ॥
માટે માની વચન અમારું, મેલો મનગમતું તમારું ॥૧૨॥
ત્યારે બાઈએ હાંકી બડાઈ, નથી અમને થનાર કાંઈ ॥
નરનારી તો એક સમાન, મેદમાંસે ભરેલા નિદાન ॥૧૩॥

INDEX

બાળપણથી છૈયે બ્રહ્મચારી, ચળ્યા જુવાનીએ ન લગારી ॥
તૈયે આજ ચિત્ત ભંગ થાય, જુઠી વાત એ નહિ મનાય ॥૧૪॥
વારે વારે પ્રભુએ કહાવ્યું, તોય દારાને મનમાં નાવ્યું ॥
પછી પ્રભુએ કર્યાં વિચાર, નક્કી કરવું નિદાન આ વાર ॥૧૫॥
તેહ કાજ સદ્‌ગુરુ શ્રેષ્ઠ, સ્વામી મુક્તાનંદજી છે જયેષ્ઠ ॥
તેને પૂછી કરવો નિર્ણય, પછી રહેશે નહિ કેનો ભય ॥૧૬॥
મુક્તમુનિ પણ મનમાંય, જાણે રુચિ પ્રભુની સદાય ॥
વળી જાણે સતસંગ રીત્ય, એવું જાણે ન કોઈ ખચિત ॥૧૭॥
પછી તર્ત એકાંતે બોલાવી, મુક્તમુનિને વાત કહાવી ॥
કહો બાઈનું કરવું કેમ, વરવું વરતે છે ફાવે તેમ ॥૧૮॥
ત્યારે મુનિ બોલ્યા નિરમળ, નથી બાઇનો પાયો અચળ ॥
ફરી માનમાં તે મગરૂર, જાશે સત્સંગમાંથી જરૂર ॥૧૯॥
હતાં સ્વામી રામાનંદ જ્યારે, ઘણો કરતી કુસંગ ત્યારે ॥
આંહિ રહેશે રીત્ય ધરી આવી, કૈંક જન દેશે ભરમાવી ॥૨૦॥
માટે સંપ્રદાય થકી આજ, કરો વિમુખ તેને મહારાજ ॥
સુણી સ્વામી તણો અભિપ્રાય, બન્યા મોરારી મક્કમ ત્યાંય ॥૨૧॥
આવ્યાં સભા વિશે ફરી શ્યામ, વળી સમજાવી દોય વામ ॥
પણ માન્યું નહિ લવલેશ, કેડ્યે કીધી વિમુખ વિશેષ ॥૨૨॥
ચાલી નીસરિયું દોય દારા, લઈ શિષ્ય સંગાથે નઠારા ॥
વસી ત્રંબા ગામે પછી પોત્યે, નવો પંથ કર્યો જોતજોત્યે ॥૨૩॥
કર્યાં શિષ્ય ઘણાં ભરમાવી, નિજ મોટપને સમજાવી ॥
પણ તે પંથનો અંત થયો, હાલ ધરા વિશે નથી રહ્યો ॥૨૪॥
તજી વેદનો મારગ જન, મનમુખી થશે જેહ દન ॥
તેનાં અસ્તિત્વનો થશે નાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્‌ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે હરબાઈ વાલબાઈને વિમુખ કર્યાં એ નામે એકસો ને નવમું પ્રકરણમ્‌ ॥૧૦૯॥

INDEX

પ્રકરણ : ૧૧૦

પૂર્વછાયો :

કાલવાણી કરુણા કરી, પ્રબોધિની પૂરી કરી ॥
ગયાં માંગરોળ માવજી, મુક્તમુનિ સંગાથે શ્રીહરિ ॥૧॥
તિયાં કહે પોતે પ્રભુ, સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદને ॥
થાશે સમાધિ જીવને, આજ પછી તમારાં વચને ॥૨॥
પછી સ્વામીના પ્રતાપથી, પામે જીવ સમાધિ અનેક ॥
અનંત એના પરચા, કહું એક મુખે શું વિશેક ॥૩॥

ચોપાઈ :

પછી પ્રભુએ આગન્યા આલી, લોજપુર જાઓ સ્વામી ચાલી ॥
ખાંત્યે કરાવજો સત્સંગ, ધારી હૃદયમાં ઉછરંગ ॥૪॥
સુણી ભક્તવત્સલનાં વેણ, મુક્તમુનિએ ઢાળિયાં નેણ ॥
નાથ ચરણે મસ્તક મૂક્યાં, મૂકી ચાલ્યાં ત્યાં પ્રભુએ રોક્યા ॥૫॥
પાછા વળો સ્વામી સુખકારી, સુણો વિનંતી એક અમારી ॥
નખ લેવાનું જાણો છો સારું, બીજા જાણે ન એવું સુચારું ॥૬॥
કરચરણના નખ તમે, લેતાં જાઓને આપ આ સમે ॥
વેણ વાલાનાં સાંભળી કાન, પાછા વળિયા સુખનિધાન ॥૭॥
આવ્યાં નાથ આગે નેહ ધરી, પૂજા કેરી ધાબળી પાથરી ॥
પ્રભુ બેસાડિયા રૂડી પેર્ય, લીધાં ચરણ વસ્ત્રા ઉપર્ય ॥૮॥
પછી ઝોળીથી નરેણી કાઢી, લીધાં નખ હરિના તે દાડી ॥
અતિ ભાવે ભેળા કરી નખ, બાંધ્યા ખેસ છેડે અમૂલખ ॥૯॥
વળી સાંષ્ટાંગ કરી પ્રણામ, પાછા વળ્યા સ્વામી સુખધામ ॥
લીધી લોજની વાટ પુનિત, ચાલી નીસર્યા ત્યાંથી ખચિત ॥૧૦॥
તેહ સમે સભામાંય ભક્ત, બેઠા આણંદજી આદિ વિરક્ત ॥
તેનાં મનમાં ઉપજ્યો ઘાટ, લાગ્યો મુનિને મનમાં કાટ ॥૧૧॥
દીઠા મુક્તમુનિ નખ લેતાં, રામાનંદના સ્નેહ સમેતા ॥
પણ તેહ થકી આજ ભણું, કેમ હેત કર્યું કોટિ ગણું ॥૧૨॥
નક્કી સ્વામીનો નિશ્ચય ડગ્યો, કે પછી મુનિએ દીધો છે દગો ॥
લેવા પારખું એમ તે વારી, ગયાં પ્રભુ પાસે અવિચારી ॥૧૩॥

INDEX

કહ્યું અમે પણ જૈયે લોજ, સતસંગમાં કરવા મોજ ॥
પછી દીધી પ્રભુએ વિદાય, સહુ ભક્ત ગયાં લોજમાંય ॥૧૪॥
આવ્યાં લોજના સીમાડે સહુ, ત્યારે સાદ કર્યો પોતે બહુ ॥
મુક્તમુનિ ઊભા રહો પળ, આવવું આપ સંગે અમળ ॥૧૫॥
સુણી મુનિ ઊભા તતખેવ, કેડ્યે ચાલ્યાં સંગમાં અભેવ ॥
આવી લોજમાં કર્યો ઉતારો, પછી પ્રશ્ન પૂછ્યો પરબારો ॥૧૬॥
આપ મેરૂ પર્વત સમાન, તોય ભૂલા પડ્યાં છો નિદાન ॥
તમ જેવા ડગ્યા દિલદાર, ત્યારે અન્યનો શો રહે ભાર ॥૧૭॥
રામાનંદ થકી કોટિ ગણું, હેત શ્રીહરિમાં રાખ્યું ઘણું ॥
માટે છેલ્લા સુણો રામ રામ, નહિ મળીએ હવે સુખધામ ॥૧૮॥
ત્યારે મુનિ બોલ્યા મીઠી વાણ્ય, છેલ્લા નવ કહો જે'નારાણ ॥
એ છે પ્રભુ અક્ષરના પતિ, કોટિ મુક્ત કરે જેને નતિ ॥૧૯॥
રહ્યાં અષ્ટ આવરણ ભેદી, નથી આવ્યાં ને આવશે કેદિ ॥
એવાં સર્વોપરી અવતારી, થયાં સુલભ સૌને આ વારી ॥૨૦॥
વળી રામાનંદ મહારાજે, વાત કીધી મુને પ્રેમપાજે ॥
માટે ઉર ધરીને નિશ્ચય, ભજો શ્રીહરિ થઈ નિર્ભય ॥૨૧॥
જૂઠી વાત જો હોય અમાપ, મને બ્રહ્માંડ ભાંગ્યાનું પાપ ॥
એમ વાત અચળ સાંભળી, પાયે પડ્યાં ભક્ત લળી લળી ॥૨૨॥
કહે આપ જેવા સદ્ગુરુ, પછી હોય ન એમાં અધૂરું ॥
કાં જે આપની વાણ્ય અમળ, કેદિ સત ચૂકે નહિ પળ ॥૨૩॥
પછી દ્રઢ વર્યા વનમાળી, કર્યો નિશ્ચય કસર ટાળી ॥
એમ લોજમાં જીવ અનેક, ઓળખાવ્યા શ્રીહરિ વિશેક ॥૨૪॥
હીરે કરીને હીરો વેંધાય, નિશ્ચય વડે નિશ્ચય પમાય ॥
એવો કીધો સ્વામીએ સમાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિના નખ લીધાં એ નામે એકસો ને દસમું પ્રકરણમ્ ॥૧૧૦॥

પ્રકરણ : ૧૧૧

પૂર્વછાયો :

લાલચ લાગી લખવા, આદિ સદ્‌ગુરુ દેવ ચરિત્ર ॥
જે જન શ્રવણે સુણશે, તે થશે અતિ પવિત્ર ॥૧॥
પ્રબોધિની મોડે કરી, આવ્યાં અલૈયે અવિનાશી ॥
તિયાં અઢારસો સાઠની, કરી કાર્તિકી પૂરણમાસી ॥૨॥
હરિજન સુખ પામિયા, ભેટી સુંદર શ્રી ઘનશ્યામ ॥
પકવાન રૂડાં કરી, સંત જમાડિયા અભિરામ ॥૩॥

ચોપાઈ :

હવે તે સમાની કહું વાત, શુદ્ધ ચિત્તે સુણજો સાક્ષાત ॥
મોટા સંત જેહ રામદાસ, તેણે કર્યો શ્રીનગરે વાસ ॥૪॥
ત્યાંથી પત્ર લખી મોકલાવ્યો, ભક્ત ગણપતરામ તે લાવ્યો ॥
આવી અલૈયે પ્રભુને પત્ર, દીધો પ્રેમથી હાથમાં તત્ર ॥૫॥
પત્ર વાંચી રહ્યાં પ્રભુ જ્યારે, હસ્યા મંદમંદ મુખ ત્યારે ॥
દેખી હસતાં હરિને તેમ, સ્વામી મુક્તાનંદે પૂછ્યું એમ ॥૬॥
એવો લખ્યો શો પત્રમાં મર્મ, ઉપજે વાંચીને હસવું પર્મ ॥
ત્યારે બોલિયા શ્યામ સુંદર, વાંચી પત્રની વાત અવર ॥૭॥
પત્ર આવ્યો રામદાસ તણો, લખ્યો છે એમાં ઉચાટ ઘણો ॥
રઘુનાથે શ્રીનગરમાંય, મોટી ઉપાધિ આદરી ત્યાંય ॥૮॥
રામાનંદની રીત્ય વિરુદ્ધ, જન ભ્રમાવિયા છે અબુદ્ધ ॥
નિજનો મહિમા કહી દાખે, ઉપદેશ અવળો દઈ નાખે ॥૯॥
ફરે ગુમાનમાં દિનરાત, હું જ છું રામાનંદ સાક્ષાત ॥
મહાગાદીના વારસ અમે, સર્વે સતસંગ મુજને નમે ॥૧૦॥
મુક્તાનંદ ને વરણી દોય, મુજ થકી છોટા જાણો સોય ॥
સેવ્યા અમે રામાનંદ સ્વામી, તેની શક્તિ સર્વે પૂર્ણ પામી ॥૧૧॥
આવી વાત લખી રામદાસે, અમને તેડાવિયા તેહ પાસે ॥
ત્યારે મુક્તમુનિએ વિચાર્યું, થશે ગોવિંદનું મનધાર્યું ॥૧૨॥
પણ કરશે જો આમ ઉપાધિ, તૈયે સતસંગમાં થશે વ્યાધિ ॥
પછી કરજોડી કહે વેણ, સુણો શ્રીહરિવર સુખદેણ ॥૧૩॥

INDEX

એ તો દીસે અતિ અભિમાની, જાણે પોતાને પંડિત જ્ઞાની ॥
જાવું આપણે અમદાવાદ, બંધ કરવો તેનો વિખવાદ ॥૧૪॥
ત્યારે હરિ બોલ્યા કરગરી, જાશું શ્રીનગરે કચ્છ ફરી ॥
જન ભુજના ભાવિક ઈયાં, વાટ જુવે છે અમારી તિયાં ॥૧૫॥
વળી બોલ્યા મુક્તમુનિ વાણ, સાંભળો સહજાનંદ સુજાણ ॥
પહેલા જાઓ શ્રીનગર ગામ, નિજ ભક્તની પૂરવા હામ ॥૧૬॥
નહિ જાઓ તો સતસંગમાંય, રહેશે મોટો વિક્ષેપ સદાય ॥
થાપ્યો સ્વામીએ જે શુદ્ધ ધર્મ, નહિ રહે જરૂર તે પર્મ ॥૧૭॥
પછી મુનિની મરજી જાણી, બોલ્યા શ્રીહરિ કોમળ વાણી ॥
મુક્તમુનિની આગન્યા ગ્રહી, જાશું ગુજરાતે સંઘ લઈ ॥૧૮॥
પછી સંતમંડળ લઈ સાથ, ગયાં ગુજરાતે દીનાનાથ ॥
કરી દેશપ્રદેશ વિરામ, આવ્યાં જેતલપુર સુખધામ ॥૧૯॥
તિયાં થકી આવ્યાં અલબેલ, અમદાવાદે કરી રંગરેલ ॥
નિજ જનને પમાડી શાંત, કર્યાં ભક્ત ભયથી નિરાંત ॥૨૦॥
જિયાં કર્યો'તો પ્રભુએ વાસ, તિયાં આવ્યો રઘુનાથદાસ ॥
ત્યારે શ્યામે સમજાવ્યું ઘણું, પણ તેણે માન્યું નહિ અણું ॥૨૧॥
તેણે આદરી અડબંગાઈ, એલફેલ બોલે મુખમાંઈ ॥
પછી પ્રભુએ પરચો દીધો, અસુરાણે મારી કર્યો સીધો ॥૨૨॥
મૂકી સતસંગની મરજાદ, કરે ધર્મમાંહિ વિખવાદ ॥
વળી ગાદીની લાલચ કાજ, ભ્રષ્ટ આચરશે દગાબાજ ॥૨૩॥
તેનું અસ્તિત્વ વિલય થાશે, લાજ પોતાની ઠામુકી જાશે ॥
એમ બોલ્યા વાણી પ્રભુ મુખ, રઘુનાથ આજથી વિમુખ ॥૨૪॥
કાગળ લખાવી દેશ પ્રદેશ, વેહતો કર્યો ભક્તમાં વિશેષ ॥
નિજ જન કેરો ટાળ્યો ત્રાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રઘુનાથદાસને વિમુખ કર્યો એ નામે એકસો ને અગિયારમું પ્રકરણમ્ ॥૧૧૧॥

INDEX

પ્રકરણ : ૧૧૨

પૂર્વછાયો :

મુક્તમુનિ સંગે પ્રભુ, પછી પધારિયા કચ્છ દેશ ॥
દીનબંધુ દયાળજી, દેવા દર્શન દાન વિશેષ ॥૧॥
અઢારસો ને સાઠ્યમાં, મહા સુદ સાતમે રસાળ ॥
પહેલા વહેલા પધારિયા, નિજ સંગે લઈ મરાળ ॥૨॥
ઉત્સવ કર્યા પ્રીતથી, ભેળા કરી નરનાર ॥
નોતા દીઠા ને સાંભળ્યા, એવા પરચા દીધાં અપાર ॥૩॥

ચોપાઈ :

સહુ ભક્ત દરશન કાજ, મેલી ઘર ધંધો લોકલાજ ॥
નિત્ય આવે કરવા હરિ દર્શ, નીરખી પામે છે હૈયામાં હર્ષ ॥૪॥
બડભાગી માને ભક્ત જન, કહે ભલે આવ્યાં ભગવન ॥
કિયાં સોરઠ ક્યાં કચ્છ દેશ, વસે વાટમાં ખળ મલેશ ॥૫॥
તોય ત્યાંથી પધાર્યા પરમેશ, અહો દીનદયાળુ વિશેષ ॥
એમ રાજી થાય સહુ જન, કૃતારથ માન્યા નિજ મન ॥૬॥
તિયાં વસે અતિ બુદ્ધિમાન, સુતાર સુંદરજી ધૈર્યવાન ॥
હીરજી ભગવાનજી દેવરામ, રાઘવ પ્રાગજી ને જીવરામ ॥૭॥
નારાયણ પ્રાગજી હરજી, વલ્લભ શિવરામ રહે પ્રભુ ભજી ॥
પુંજીબેન સુરજબા ત્યાંઈ, લહરી અમરી ને લાધીબાઈ ॥૮॥
એહ આદિ નરનારી બહુ, સ્નેહ ભાવે સેવા કરે સહુ ॥
પછી એક સમે ઘનશ્યામ, બેઠા સભા વિશે અભિરામ ॥૯॥
તિયાં ભક્ત ભગવાનજીભાઈ, આવી બેઠા પોત્યે સભામાંઈ ॥
ત્યારે દીઠું હરિનું સ્વરૂપ, અતિ પ્રકાશે જુક્ત અનુપ ॥૧૦॥
તેજ તેજનો દીઠો અંબાર, સદા શીતળ શાંત અપાર ॥
પછી મનમાં થયો વિચાર, ભગવાનજીને તેહ વાર ॥૧૧॥
સ્વામી મુક્તાનંદજીને આજ, કેવા દેખાતા હશે મહારાજ ॥
જેમ મુને થયાં દરશન, એમ હશે તેમને પાવન ! ॥૧૨॥
એવું વિચારીને મનમાંઈ, કહે મુનિને ભગવાનભાઈ ॥
મુક્તમુનિ સુણો એક વાત, પૂછું પ્રશ્ન એક રળિયાત ॥૧૩॥

INDEX

કહો શ્રીહરિ તણો પ્રતાપ, આજ દેખો છો કે નહિ આપ ॥
પછી મુક્તમુનિ કહે પ્રીત્યે, ભક્ત સાંભળો વિધિ સહિતે ॥૧૪॥
પ્રભુ તણું ઐશ્વર્ય અનંત, હું તો દેખું છું નિત્ય અત્યંત ॥
સત ચિત આનંદ સ્વરૂપ, હરિમૂર્તિનું સુખ અનુપ ॥૧૫॥
અક્ષર આદિના સર્વ નિયંતા, દિવ્ય દ્વિભુજ છે ગુણવંતા ॥
એ છે અવતારના અવતારી, સત્ય સ્વતંત્ર ને અવિકારી ॥૧૬॥
પરાપાર જે પૂરણબ્રહ્મ, જેને નેતિ નેતિ કહે નિગમ ॥
તે જ સુખદાય સહજાનંદ, જગજીવન જે જગવંદ ॥૧૭॥
એ છે સર્વે કારણના કારણ, તેણે કર્યું છે તન ધારણ ॥
એ છે સર્વે ધામના ધામી, જાણો તેજ સહજાનંદ સ્વામી ॥૧૮॥
એ છે આત્માના આત્મા પરમ, ચારુ ચેતન કેરા ચેતન ॥
રહે અષ્ટ આવરણથી દૂર, ધામ તેનું જાણો બ્રહ્મપુર ॥૧૯॥
જેનો અણું સરીખો પ્રદેશે, કોટિ રવિ શશીથી વિશેષ ॥
અનંત અખંડ ધામ મોઝારે, નવ નીરદ શ્યામ કુમાર ॥૨૦॥
સ્વયંપ્રકાશ તે ભગવાન, રાજે અક્ષરધામે નિદાન ॥
વળી શીતળ તેજથી જુક્ત, સંગે બિરાજે છે બહુ મુક્ત ॥૨૧॥
સુણી મુક્તમુનિ કેરી વાણી, ભગવાનજીએ મોજ માણી ॥
અહો ધન્ય ધન્ય ભાગ્ય મારા, મળ્યાં શ્રીહરિ ધર્મદુલારા ॥૨૨॥
પછી તેડાવિયા નિજ ઘેર, પ્રભુ જમાડવા રૂડી પેર ॥
કરી ચોંપશું રસોઈ સારી, ભાવે જમાડિયા ગિરધારી ॥૨૩॥
પછી જમાડીને ઘનશ્યામ, બેઠા ચાકળે પૂરણકામ ॥
ભગવાનજીએ ભાલમાંહિ, કરી અર્ચા ચંદનની ત્યાંહિ ॥૨૪॥
અંગેઅંગમાં વસ્ત્ર ધરાવી, અલંકાર ધર્યા મોદ લાવી ॥
કરી અંતરની અરદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ભગવાનભાઈનો સંકલ્પ પૂરો કર્યો એ નામે એકસો ને બારમું પ્રકરણ ॥૧૧૨॥

પ્રકરણ : ૧૧૩

પૂર્વછાયો :

શુભમતિ હવે સાંભળો, ચરિત્ર પ્રેમે રસાળ ॥
અલૌકિક અનુપ છે, તે કહું રાખી સંભાળ ॥૧॥
સ્વામી રામાનંદના, ટેકવાળા શિષ્ય નિદાન ॥
હાથે દેખાડે શ્યામને, તોય માને નહિ ભગવાન ॥૨॥
એવાં જનને દલમાં, કીધો સર્વોપરી નિશ્ચય ॥
વાત તેની માંડી કરું, સુણજો તે ધ્યાન દઈ ॥૩॥

ચોપાઈ :

મુક્તમુનિ મહાદશા ગ્રહી, પ્રભુ સંગાથે વિશેષે રહી ॥
ગામેગામ વિચરિયા ઘણું, સતસંગ સમજાવા તણું ॥૪॥
આવ્યાં એમ જેતપુર ગામે, જિયાં ભક્ત મૂળુભાઈ નામે ॥
સ્વામી રામાનંદના તે શિષ્ય, માને સ્વામીને એક જ ઈશ ॥૫॥
સમાચાર સુણી મૂળુભાઈ, ગયાં તેડવા પ્રભુને ધાઈ ॥
વિધવિધના વાજાં વગાડી, લાવ્યા સામૈયું રંગ ઉડાડી ॥૬॥
મુજ ઘેર આવ્યાં સહજાનંદ, સાથે મુક્ત શ્રેષ્ઠ મુક્તાનંદ ॥
ઘણે દને થયું આવું દર્શ, થયો પુનિત ચરણ સ્પર્શ ॥૭॥
સ્વામી સધાવિયા પછી આજ, ગુરુ સ્થાને બિરાજો મહારાજ ॥
એમ સ્તુતિ કરી ચિત્ત પ્રોઈ, કીધી ચાલતી રૂડી રસોઈ ॥૮॥
પછી પ્રીત્યે જમાડ્યા જીવન, થયાં ભક્ત અતિ ધન્ય ધન્ય ॥
પછી જેતપુરના મહિપતિ, કરે પ્રભુને નેહે વિનંતિ ॥૯॥
આંહિ રોકાઓ દોય દિવસ, કરો સમાધિએ સહુ વશ ॥
ઘણો સાંભળ્યો આપ પ્રતાપ, સમાધિ કરાવો છો અમાપ ॥૧૦॥
ત્યારે પ્રભુ બોલ્યા કરી પ્રીત, નથી વાત નવી તે ખચિત ॥
ગુરુદેવના પ્રૌઢ પ્રતાપે, સુખે સમાધિ થાય છે આપે ॥૧૧॥
ગુરુ ઈચ્છા વિણ નવ થાય, કેદિ જીવમાં સુખ જરાય ॥
એવાં પરમગુરુ અપાર, તેને ધારીએ છૈયે અપાર ॥૧૨॥
જેમ જીવ ને જીવનો દેહ, ભેળા રહે કરી ઘણો સ્નેહ ॥
તેમ અમે ને અપર રૂપ, નથી નોખું નોખું તે અનુપ ॥૧૩॥

INDEX

તત્વજ્ઞાને કરી એવી વાત, ત્યારે બોલ્યા મૂળુભા સાક્ષાત ॥
ઘેડ્ય બેઠી નહિ જીવમાંય, કાંઈ સમજ્યો નહિ અભિપ્રાય ॥૧૪॥
માટે સૂક્ષ્મ સિદ્ધાંતને મેલી, વાત સમજાવી કરો સહેલી ॥
પછી પ્રભુ બોલ્યા તે સમૈયે, હજી સરળ કેટલું કૈયે ॥૧૫॥
જાઓ મુક્તમુનિ પાસે તમે, જરૂર સમજશો વાત સમે ॥
પછી મુનિ પાસે પડી પાય, આવી બેઠા પ્રેમે મૂળુભાય ॥૧૬॥
સ્વામી સમજાવે લઈ સંભાળ, જેમ જનની સંભાળે બાળ ॥
સુણો જેતપુરના નૃપતિ, કરું દ્રષ્ટાંતથી વાત છતી ॥૧૭॥
જેમ ઘટ છે દોય પ્રકાર, માટીનો ધાતુનો નિરધાર ॥
તેમ જીવના દોય સ્વરૂપ, આસુરી ને દૈવી સુખરૂપ ॥૧૮॥
તેમાં ઘટ ધાતુનો છે દૈવી, માટી તણો છે ઘણો અદૈવી ॥
એમ સ્વામી સમજાવે જયાંય, દઈ દ્રષ્ટાંત સર્વે ત્યાંય ॥૧૯॥
મૂળુભા એમાં સંશય આણી, બોલ્યા મુનિ પ્રત્યે એમ વાણી ॥
હતાં બલિ પ્રહ્લાદ અસુર, તેનું ચિત્ત થયું નહીં ચૂર ॥૨૦॥
તેનું કેમ સમજવું સ્વામી, પૂછું શંકા એટલી કરભામી ॥
ત્યારે બોલ્યા મુક્તમુનિ પ્રીત્યે, હતાં અસુર તે ભલી ભાત્યે ॥૨૧॥
ભલે હોય દૈવી કે અદૈવી, જાતિ દોયની જૂજવી જેવી ॥
પણ બીજ રૂપ અનુસાર, ફળ ઉદ્ભવે છે નિરધાર ॥૨૨॥
જેમ ક્ષેત્ર વિશે ધાન પડે, તેમાં પુષ્ટ બીજ નભે ચડે ॥
તેમ બીજ રૂપ રૂડો ધર્મ, પામે જીવ તે થાય છે પર્મ ॥૨૩॥
બલિ પ્રહ્લાદને પણ ઘણાં, એવાં સંસ્કાર છે ધર્મ તણાં ॥
તેથી રહ્યાં તેનાં અંગ શુદ્ધ, અસુરાણે થયાં તે પ્રબુદ્ધ ॥૨૪॥
સમજાવી એવું સીધું સટ, મિશ લઈ જુદા જુદા ઘટ્ટ ॥
કીધો ભક્તનો સંશય નાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મૂળુભાઈને સત્સંગ કરાવ્યો એ નામે એકસો ને તેરમું પ્રકરણમ્ ॥૧૧૩॥

INDEX

પ્રકરણ : ૧૧૪

પૂર્વછાયો :

સંત વિના જગતમાં, કહે કોણ સાચી વાત ॥
જેમ નીરોગી રાખવા, માતા પાયે કડવા ક્વાથ ॥૧॥
વળી સંત સાચા મળ્યે, કરવું રહે નવ કાંય ॥
સંત પૂરણ પ્રતાપથી, પામે પૂરણપદ ક્ષણમાંય ॥૨॥
શુદ્ધ ભાવે દલમાં, જો તેનો કરે વિશ્વાસ ॥
શંક કુશંક સહુ ટળે, પામે પ્રભુચરણે વાસ ॥૩॥

ચોપાઈ :

મુક્તમુનિ સંભારીને હરિ, મૂળુભાને સમજાવે ફરી ॥
કેદિ ફૂટે જો ધાતુનો ઘટ, તૈયે રેણ થાય તેમાં ઝટ ॥૪॥
પણ માટીના ઘટમાં રેણ, કેદિ થાય નહિ સુખદેણ ॥
તેમ દૈવી જીવ ભીડમાંય, મહાદુઃખે જો મન મૂંઝાય ॥૫॥
વળી આવે અવગુણ મોટો, સત્સંગ સમજાય ખોટો ॥
એવાં દૈવીને મળે જો સંત, ત્યારે થાય ફરી બળવંત ॥૬॥
પણ આસુરી જીવ જે હોય, તે તો ન સુધરે દન કોય ॥
એ તો ઘટ માટી કેરો જાણો, કોઈ સાંધી શકે નહિ કાણો ॥૭॥
નિત નિત કરે અધોગતિ, સત્ય વાત ન સમજે છતી ॥
એમ ઘટ જુદા જુદા કહી, પાડી વિગતિ જીવની સહી ॥૮॥
વળી બોલ્યા મુનિવર મુખ, જીવ જાય જો ગુરુ સન્મુખ ॥
ત્યારે તેનાં હૃદામાં પ્રકટ, આવે પ્રભુ પૂરણ અમટ ॥૯॥
પછી આવે પાતિવ્રત્ય પાકું, તેની વિગત કેટલી આંકુ ॥
જેમ પડે ભક્તને સરળ, તેમ સમજાવે સ્વામી તે પળ ॥૧૦॥
મુનિમુક્તની સાંભળી વાણી, મૂળુભાઈએ જોડિયા પાણિ ॥
હું તો શિષ્ય છું આપનો છોટો, આપનો મહિમા ઘણો મોટો ॥૧૧॥
મુજ શંકા દૂર કીધી તમે, પણ એટલું પૂછીએ અમે ॥
કીધો આપણે કેવો ઠેરાવ, મર મળે ગમે તેવો માવ ॥૧૨॥
પણ સ્વામી પરહરિ એક, ચિત્ત પ્રોવું ન અન્ય વિશેક ॥
તેમાં મુખ્ય હતાં મુનિ આપ, નિષ્ઠાવાન અતિશે અમાપ ॥૧૩॥

INDEX

પણ દેખી ઘણો ચમત્કાર, કેમ કર્યો બીજે નમસ્કાર ॥
ત્યારે સ્વામી કહે સુણો શિષ્ય, નથી હરિ વિના બીજો ઈશ ॥૧૪॥
મર્યા પછી છે પામવા જેહ, દેહ છતે જ મળ્યાં છે એહ ॥
રહેશે સમજવે કોઈ ખામી, તૈયે તરસ્યો ગંગાને પામી ॥૧૫॥
તેહ વિના બીજો ભગવાન, નથી સુણી લિયો ખોલી કાન ॥
કહેતાં ગુરુદેવ પોતાપણું, અમે ડુગ્ગી વગાડીએ ઘણું ॥૧૬॥
આ જે આવ્યાં છે સહજાનંદ, જાણો શ્રીહરિ પૂરણચંદ ॥
માટે છાંડી દ્યો સંશય શોક, નહિ મળે આવો ફરી મોક ॥૧૭॥
સુણી વાત ને ટળી ઉપાધિ, તર્ત મુનિએ કરાવી સમાધિ ॥
તિયાં બેઠા સભામાંહિ ભક્ત, તેનાં પ્રાણ ભેદાયા વિરક્ત ॥૧૮॥
ગયાં બ્રહ્મમોલ ને ગોલોક, કોઈ ગયાં બ્રહ્માજીને લોક ॥
કોઈ વૈકુંઠ કોઈ કૈલાસ, કોઈએ શ્વેતદ્વિપે કીધો વાસ ॥૧૯॥
કોઈ બદ્રિકાશ્રમમાં ગયાં, કોઈ ક્ષીરસમુદ્રમાં રહ્યાં ॥
કોઈએ પાતાળે પેખિયા શેષ, દેખ્યા રવિ શશી અનિમેષ ॥૨૦॥
કોયે દીઠા સ્વામી રામાનંદ, કોટિ મુક્ત તણાં સહુ વૃંદ ॥
શીશ નામી સહુ કરે સેવ, મોટા મોટા જે દેવાધિદેવ ॥૨૧॥
પછી સમાધિથી સદ્ય જાગી, મૂળુભાઈ થયાં અનુરાગી ॥
બેઉ પાણ જોડી બોલ્યા વાણ, ધન્ય મુક્તમુનિ છો સુજાણ ॥૨૨॥
મળ્યાં હોત નહિ આજ આપ, ખામી ભાંગત નહિ અમાપ ॥
મુજ જીવ બન્યો બડભાગ, દૂર કર્યો કુશંકનો ડાઘ ॥૨૩॥
પછી નિશ્ચય નૃપતિએ કર્યો, કર્યો તે કોઈ કાળે ન ફર્યો ॥
થયાં મોહ મમતથી પરા, અણિશુદ્ધ સત્સંગમાં ખરા ॥૨૪॥
એમ વાત રહસ્યની ઝાઝી, કરી સુધારી જીવની બાઝી ॥
રહેવા દીધો નહિ માયાપાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મૂળુભાઈને સમાધિ કરાવી એ નામે એકસો ને ચૌદમું પ્રકરણમ્ ॥૧૧૪॥

INDEX

પ્રકરણ : ૧૧૫

પૂર્વછાયો :

જેતપુર લીલા કરી, ગયાં મુક્તમુનિ ગોંડળ ॥
તિયાં ભક્ત ભગવાનના, વસે હઠીભાઈ અમળ ॥૧॥
શિષ્ય ખરા સ્વામી તણાં, જરી જક્તની નહિ મણાં ॥
શ્રીહરિ સંતને લાવિયા, આણી રથ વેલ્ય પુરમાં ઘણાં ॥૨॥
તેની વિગતિ વરણવું, કહું સાંભળજો નરનાર ॥
શ્રવણે જે સાંભળશે, પામશે તે ભવપાર ॥૩॥

ચોપાઈ :

પછી પુર પધાર્યા મોરારી, શોભે ચિત્ર વિચિત્ર સવારી ॥
ગિરધર કાજે ગજ લાવ્યા, પ્રભુ અંબાડીએ પધરાવ્યા ॥૪॥
મુક્તમુનિ બેઠા સુખપાલ, વળી રથે બેસાડ્યા મરાલ ॥
જેજેકાર કરે છડીદાર, ટોળે વળ્યા સહુ નરનાર ॥૫॥
ગજ અશ્વ ને રથ મહાન, ચહુ વાંજિત્ર વાજે નિદાન ॥
ઢોલ મૃદંગ કોઈ બજાવે, કોઈ ધોળ ને ગરબી ગાવે ॥૬॥
શણગાર સજી અતિ સાર, બેઠી અબળા મળી અપાર ॥
તેણે આનંદ ઉર ન માંય, ગૌરી મંગળિયા ગીત ગાય ॥૭॥
જરીતાર ઝીણા બહુ સાંધી, બહુ ભાત્યે ચંદરવો બાંધી ॥
શુભ સજિયાં હેમ થાંભલા, મોટા તખતા ધર્યા છે ભલા ॥૮॥
પચરંગી બાંધ્યા છે વાવટા, શુભ છાજે મનોહર છટા ॥
મણિ મોતી તોરણ કરિયા, બહુ ઝૂમર તો ઝૂમી રહ્યાં ॥૯॥
આવી ભયહર શૂરવંકા, ખૂબ વગાડે નોબત્યું ડંકા ॥
અશ્વ કરે છે હણહણાટી, ગજ નાદ કરે છે ઉચાટી ॥૧૦॥
ગીત ગગનશું રહ્યાં ગાજી, સુણી મુક્ત થયાં સહુ રાજી ॥
જોવા ઉલટિયું આખું ગામ, મન મોદ પામ્યા અભિરામ ॥૧૧॥
પછી હઠીભાઈ પરસન, લાવ્યા સામૈયું નિજભુવન ॥
સિંહાસને પ્રભુ પધરાવી, પૂજા કેસર ચંદને કહાવી ॥૧૨॥
મુક્તમુનિને માનતા ગુરુ, લવલેશ ન તેમાં અધુરું ॥
માટે તેનો પ્રતાપ વિચારી, પૂજા કરી સ્વામીની અપારી ॥૧૩॥

INDEX

પૂજા પૂરી થયે ભલીવિધિ, ગુરુદેવને અરજ કીધી ॥
ધન્ય ભાગ્ય અમારા અપાર, ઘણે દન મળ્યાં નિરધાર ॥૧૪॥
પછી રસોઈ કરી જમાડ્યા, સંત શ્રીહરિ મોદ પમાડ્યા ॥
ત્યાર કેડ્યે બોલ્યા વનમાળી, ગાઓ કીર્તન દઈને તાળી ॥૧૫॥
જે જે જાણે વાજિંત્રા વિવિધ, તે તે વગાડો રાગ પ્રસિદ્ધ ॥
ત્યારે મુક્તાનંદ દેવાનંદ, વળી પ્રેમાનંદ જ્ઞાનાનંદ ॥૧૬॥
લઈ સરોદ દુકડ સિતાર, મૂર્તિ ધારી ગાય નિરધાર ॥
તેમાં મુક્તમુનિએ પ્રથમ, રાગ કલ્યાણ ગાયો ઉત્તમ ॥૧૭॥
નૈન ભરી દેખું કિરતારે, પદ પાંચ બોલિયા સિતારે ॥
સુણી રાજી થયાં અલબેલ, પછી બોલ્યા મુખે કરી ગેલ ॥૧૮॥
પ્રિય મુને છે આપના પદ, સુણી વળે હૃદામાંહિ હદ ॥
માટે વિવિધ રાગ ઉચ્ચારી, કીર્તન કરજયો તમે સુખકારી ॥૧૯॥
લગન લગી મૂર્તિ માધુરીસે, આગ ઉરકી બૂઝી અતિશે ॥
પછી તેનાં ગાયા પદ ચ્યાર, તિયાં થઈ રહ્યો જેજેકાર ॥૨૦॥
રાગ કાફીના પદ સાંભળી, થયાં રાજી વાલો ઘણું ઢળી ॥
મેઘપુર વિષે પણ પહેલા, પદ સુણાવી કર્યાં'તા ઘેલા ॥૨૧॥
મુક્તમુનિના કવિત વિષે, મરજાદ મૂકેલી ન દીસે ॥
વળી વાણી કેદિ નવ ચળે, મિથ્યા વેણ ભાખે નહિ ખળે ॥૨૨॥
ક્યારે સરોદ ક્યારે સિતાર, ક્યારે યુગન મુગન સાર ॥
ક્યારે વગાડે મૃદંગ અભંગી, ક્યારે સૂર મધુર સારંગી ॥૨૩॥
જાણે રાગના જૂજવા રૂપ, તાન આલાપ તાલ સ્વરૂપ ॥
વીણા વગાડે વાલપે મીઠી, એવી બીજે ન માધુરી દીઠી ॥૨૪॥
જ્યારે સ્વામી કીરતન ભણે, નવ થાય ત્રપતિ શ્રવણે ॥
તેનાં વેણે મધુરી મીઠાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગોંડળમાં હઠીભાઈના દરબારગઢમાં પધાર્યા એ નામે એકસો ને પંદરમું પ્રકરણમ્ ॥૧૧૫॥

પ્રકરણ : ૧૧૬

પૂર્વછાયો :

પૂરણપદને પામવા, ભક્તિ પ્રભુની પ્રકટ ॥
તેહ વિના જન કોઈનું, નવ નિર્મળ થાય ઘટ ॥૧॥
એમ વાત વિચારીને, ક્ષત્રિ હઠીભાઈ ભક્તને ॥
આપ્યો ઉપદેશ ગોંડળે, મુક્તમુનિએ પ્રસન્ન મને ॥૨॥
પ્રકટ પ્રભુની પ્રાપતિ, પ્રકટ મળે કલ્યાણ ॥
પ્રકટ પ્રમાણ સદ્‌ગુરુ, મળ્યે રહે નહિ જગતાણ ॥૩॥

ચોપાઈ :

નથી ઉધારાની કોઈ વાત રે, મળ્યો સત્સંગ પ્રકટ સાક્ષાત રે ॥
કોઈ દેખાડે નાથ નિરાકાર રે, જન એવાં પણ છે અપાર રે ॥૪॥
વળી જ્ઞાન વિના મોક્ષ થાય રે, નથી તથ્ય તે વાતે જરાય રે ॥
પ્રકટ પ્રભુ ને સંત નિતાંત રે, ખરા કલ્યાણનું છે સિદ્ધાંત રે ॥૫॥
જન ઢૂંસા ધોકાવે જે પળે રે, પણ અન્ન તેમાં નવ મળે રે ॥
તેમ પ્રકટ પ્રીછાણ્યા વિન રે, નહિ પ્રભુપ્રીતિ કોઈ દિન રે ॥૬॥
ભર્યું ભૂ પર વારિ વિશાળે રે, પણ પ્યાસ ન તનની ટાળે રે ॥
જ્યારે પ્રકટ પાણી પ્રમાણે રે, તૃષ્ટિ તનની ત્યારે જ માણે રે ॥૭॥
રવિ શશી કલમે ચિતરે રે, તેથી તમ કેદિ ન પ્રહરે રે ॥
મ્યાન બિના અસિ નહિ શોભે રે, પ્રકટ જ્ઞાન વિના મન ક્ષોભે રે ॥૮॥
મળે બત્રીસ ભાત્યે વ્યંજન રે, વિધવિધ ભોજન સુપન રે ॥
નહિ રહે તે પાક અખંડ રે, તેથી ક્ષુધા ટળે નહિ પંડ રે, રે ॥૯॥
અમૃત કેતા કેતા કોઈ નર રે, નથી થતો કેદિ તે અમર રે ॥
ધન ધન બોલ્યે ધનપતિ રે, બને નહિ ભલે મરે મથી રે ॥૧૦॥
જિહ્વા પવિત્ર ત્યારે જ થાય રે, જ્યારે ગુણ પ્રકટના ગાય રે ॥
ચરણ પવિત્ર થાવા કોઈ કરે રે, તો પ્રકટ સામા પગ ભરે રે ॥૧૧॥
માટે જેને પ્રકટમાં પ્રીત રે, તેને અંતરે આનંદ નિત રે ॥
હોય પ્રકટ સરવે ચરિત્ર રે, તેને ગાવા સુણવા પવિત્ર રે ॥૧૨॥
મળે પોત્યે પ્રકટ ભગવાન રે, કાં તો પ્રકટ સંત નિદાન રે ॥
તેને મળવે પદ નિરવાણ રે, પામે જન સહુ પ્રમાણ રે ॥૧૩॥

INDEX

એવી સાંભળી પ્રકટ વાત રે, હઠીભાઈ થયાં રળિયાત રે ॥
પ્રકટ ઓળખિયા અવિનાશી રે, મૂર્તિ અંતરમાં પરકાશી રે ॥૧૪॥
કેડ્યે સમજાણું મનમાંય રે, રહ્યો ભય હવે નહિ કાંય રે ॥
મર આવે કરોડ વિઘન રે, પણ બીજે જશે નહિ મન રે ॥૧૫॥
સર્વે અંતર વાસના તૂટી રે, વાત જાણી જેવી જડીબુટ્ટી રે ॥
કોટિ જપ તપ કરી ગળે રે, પણ સંત સાચા નવ મળે રે ॥૧૬॥
તિયાં લગી પ્રકટ પ્રમાણે રે, પૂરાં જ્ઞાને પ્રભુ ન પ્રીછાણે રે ॥
શુક નારદ સદ્‌ગુરુ થકી રે, શીખ્યા પ્રકટ વાતને પકી રે ॥૧૭॥
પછી શ્રીહરિને પડ્યાં પાય રે, આંખ્યમાંહિ આંસુ ન સમાય રે ॥
સાચા સદ્‌ગુરુને પ્રતાપે રે, ટળી અવિદ્યા અંતર આપે રે ॥૧૮॥
હોત પામ્યો નહિ મુક્તાનંદ રે, તો શું ટળે મારા ભવફંદ રે ॥
ત્યાર પછી બોલ્યા અવિનાશી રે, આજ થકી ન થાજ્યો ઉદાસી રે ॥૧૯॥
કરી મુક્તમુનિએ જે વાત રે, તેને હૃદે રાખજયો સાક્ષાત રે ॥
એ છે સંત પ્રભુ ધરનારા રે, પ્રકટ કલ્યાણના કરનારા રે ॥૨૦॥
થાશે તમારો તે થકી મોક્ષ રે, તેને સમજો કેદિ ન પ્રોક્ષ રે ॥
અતિ દ્રઢ પ્રીત તેમાં કરજ્યો રે, શુદ્ધ ઉપદેશ ઉર ગ્રે'જ્યો રે ॥૨૧॥
નહિ મળે એવાં અન્ય બીજે રે, માટે સમજીને કારજ સીજે રે ॥
એમ આગન્યા આલી દયાળ રે, નિજ જનની લીધી સંભાળ રે ॥૨૨॥
પછી ગોંડળે લઈ વિદાય રે, ગયાં બંધિયે મોહનરાય રે ॥
તિયાં થકી પીપળીયે જઈ રે, મનુષ દેહ દુર્લભતા કઈ રે ॥૨૩॥
કરી અનેક જીવના કાજ રે, ચાલ્યાં મુનિ સંગે મહારાજ રે ॥
વાટે જમી જમાડી જીવન રે, મોદ પમાડે જન સઘન રે ॥૨૪॥
પછી આવ્યાં સરધાર ગામે રે, સ્વામી રહ્યાં'તા મુકુંદ નામે રે ॥
હવે કરું તેનો પરકાશ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે હઠીભાઈને પ્રકટપણાની વાતો કરી એ નામે એકસો ને સોળમું પ્રકરણમ્ ॥૧૧૬॥

પ્રકરણ : ૧૧૭

પૂર્વછાયો :

લીલા હવે સરધારની, કહું મુજ મતિ અનુસાર ॥
અનંત મહિમા આજનો, નિશ્ચય જાણો નિરધાર ॥૧॥
ચ્યાર ઘડી રાત્ય ગયે, મુક્તમુનિ સંગે ઘનશ્યામ ॥
પ્રેમે પધાર્યા પાદરે, સરોવર જિયાં અભિરામ ॥૨॥
નૈમિષારણ્ય તુલ્ય તે, જાણી ઉતર્યા તટ ઉપર ॥
ત્યારે પુરથી પધારિયા, સહુ જન સામા મુદભર ॥૩॥

ચોપાઈ :

તેહ પુરના નૃપ સુજાણ, તોંગાજી ને વેરાજી પ્રમાણ ॥
આવ્યાં અસવારી લઈ તળાવ, સંગે અમીર ને ઉમરાવ ॥૪॥
પ્રેમાભાઈ ને વીરમભાઈ, હકાભાઈ ગોવરધનભાઈ ॥
ખોજા અભરામ વશરામ, ભીમજી ને કમળશી નામ ॥૫॥
વસે વિપ્ર ભલો દેવરામ, લાડકીબાઈ અતિ અકામ ॥
અગરબાઈ ને આનંદીબાઈ, એહ આદિ આવ્યાં સહુ ધાઈ ॥૬॥
કહે તોંગાજી જોડીને હાથ, મારે ઘેર પધારો હે નાથ ॥
સારી પેર કર્યો છે ઉતારો, રૂડો સામાન રાખીને સારો ॥૭॥
આપ આવિયાં જ્યારથી આંહિ, સહુ મોદ પામ્યા મનમાંહિ ॥
સ્વામી રામાનંદનું આ ગામ, અતિ રૂડું અને અભિરામ ॥૮॥
ત્યારે દીનબંધુ કહે વાત, આજ રહેશું અમે આંહિ રાત ॥
આવશું પુરમાં પરભાત્યે, સંગે સંત લઈ ભલી ભાત્યે ॥૯॥
પછી રહ્યાં રંગભર ત્યાંય, સારી રાત શ્રી મોહનરાય ॥
એમ કરતાં થયું છે સવાર, પોઢી જાગિયા પ્રાણઆધાર ॥૧૦॥
મુક્તમુનિ કહે પ્રભુ પાસ, સુણો અરજ હે અવિનાશ ॥
દયાસિંધો ગરીબ નવાઝ, સરધાર થયું તીર્થ આજ ॥૧૧॥
અતિ પવિત્ર સર મોઝાર, ગુરુદેવ નાહ્યા ઘણીવાર ॥
તેથી તીર્થનો મહિમા જાણી, ન્હાવો સરોવરે મોદ આણી ॥૧૨॥
અમે પણ ઘણીવાર આંહિ, નાહ્યા છીએ તેનાં જળમાંહિ ॥
વળી ગુરુદેવનો મેળાપ, પ્રથમ કર્યો મેં આંહિ અમાપ ॥૧૩॥

INDEX

તેથી તીર્થને તીર્થત્વ આલી, પછી જઈએ પુરમાંહિ ચાલી ॥
સુણી મુક્તમુનિની વિનંતિ, નાથ નાહ્યા સંત સાથે અતિ ॥૧૪॥
પછી સામૈયે ધર્મકુમાર, ગયાં તોંગાજીને દરબાર ॥
સતસંગી સહુ સામા આવ્યાં, પાયે લાગી પ્રભુ પધરાવ્યા ॥૧૫॥
પછી ચાલતી કરી રસોઈ, હરિ જમ્યા તેનો ભાવ જોઈ ॥
ત્યાર કેડ્યે જમાડ્યા છે જન, એમ આનંદે વીત્યો એ દન ॥૧૬॥
પછી વીતી જયારે મધરાત, વાલે કરી વિધવિધ વાત ॥
પછી પોઢિયા પ્રાણજીવન, સહુ ગયાં સહુને આસન ॥૧૭॥
પરભાતે ઊઠી સહુ પહેલા, મુક્તમુનિ મનમાંહિ ઘેલા ॥
ગાવે ગંભીર ભૈરવ રાગ, કર ગ્રહી સરોદ અથાગ ॥૧૮॥
ભૈરવ સુણીને ભક્તવત્સલ, ઊઠી પર્યકમાંથી અવલ ॥
ઘડી ચ્યાર રહી હજી તોય, પ્રભુ શ્રવણે સાંભળે સોય ॥૧૯॥
પેખી મુનિનો ખરો ઈશક, થયાં રસિયો રાજી બેશક ॥
અનંત અપાર શ્રદ્ધા નિહાળી, વારે વારે વખાણે વનમાળી ॥૨૦॥
કહે મુક્તાનંદને મોહન, તમે કીર્તન કર્યાં પાવન ॥
તેને સુણતાં થાય આનંદ, જે જે સુણે તેનાં ટળે ફંદ ॥૨૧॥
જક્તમાંહિ બે કવિ મહાન, શશી સૂરજ સમ નિદાન ॥
સૂરદાસ ને તુલસીદાસ, જેણે ભક્તિનો કર્યો ઉજાસ ॥૨૨॥
ઘણાં ઉત્તમ તે પરમાણો, પણ વાત નિશ્ચે તમે જાણો ॥
નહોતો એમને યોગ પ્રકટ, જે મળ્યો છે તમને અમટ ॥૨૩॥
માટે આપ છો એથી મહાન, કાં જે પામ્યા પ્રકટ ભગવાન ॥
એમ પ્રશંસા કરી અપાર, બળવંત બોલ્યા બહુવાર ॥૨૪॥
પછી રાગ કલ્યાણના પદ, મુખે ગાય સ્વામી મુક્તાનંદ ॥
એમાં તાલ દિયે અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિ સંગે મુક્તમુનિ સરધાર પધાર્યા એ નામે એકસો ને સત્તરમું પ્રકરણમ્ ॥૧૧૭॥

પ્રકરણ : ૧૧૮

પૂર્વછાયો :

ત્યાર પછી એક સમે, બેઠા સભા ભરી ભૂધર ॥
નરનારીઓ ત્યાં મળી, લિયે લાભ ઘણો મુદભર ॥૧॥
હરિ કહે હરિભક્તને, આવ્યો માગશર પાવન ॥
અવશ્ય આપણે કરવો, ઉત્સવ ત્રયોદશી દન ॥૨॥
ગુરુદેવ રામાનંદની, છે પુણ્યતિથી પુનિત ॥
તેહની વર્ષી વાળીને, જન જમાડીએ ખચિત ॥૩॥

ચોપાઈ :

પછી કંકોતરિયું લખાવી, ગામોગામ પ્રીત્યે મોકલાવી ॥
કહ્યું વહેલા આવો સરધાર, લેવા દર્શન લાભ અપાર ॥૪॥
પછી નાવા ગયાં વનમાળી, ગાતાં વાતાં ધૂન્ય દઈ તાળી ॥
આવ્યાં સરોવરે સુખધામ, સંગે સંત મુનિ નર વામ ॥૫॥
કર્યું સરમાં સુભગ સ્નાન, જળે ડૂબકી દઈ નિદાન ॥
વળી વારિ મધ્યે તન ચત્તુ, કરી દેખાડે ઐશ્વર્ય છતું ॥૬॥
ક્યારે જળમાં તન ઝબોળી, તળે જાય જેમ જાય ગોળી ॥
ક્રીડા કરી શકે નવ કોય, જેવી કરે શ્યામળિયો સોય ॥૭॥
પોર એક સુધી એમ નાહી, રંગભીનો રમ્યા જળમાંહિ ॥
મુક્તમુનિ પણ પ્રભુ સંગે, નાહ્યા જળમાં ઘણું ઉમંગે ॥૮॥
પછી સ્વામી આવ્યાં નાહી તટે, જળક્રીડા કરીને છેવટે ॥
તેથી રાખી મરજાદ ઘણી, પ્રભુ પણ આવ્યાં તટ ભણી ॥૯॥
નાહી નીસર્યા નાથ નિદાન, પછી અંગે પહેર્યા પરિધાન ॥
તિયાં સભા સજી ઘનશ્યામ, બોલ્યા વેણ અતિ અભિરામ ॥૧૦॥
આજ ધન્ય બન્યું સરોવર, જેમાં સંત નાયા મુદભર ॥
વળી નાયા રામાનંદ સ્વામી, માટે ભાગ્યમાં ન રહી ખામી ॥૧૧॥
અન્ય જગે નહિ આવું સ્થાન, ન્હાવા કેરું અમળ નિદાન ॥
માટે આંહિ વરસો વરસ, કરવો સમૈયો અતિ સરસ ॥૧૨॥
તેથી થાય ભક્તોને સમાસ, દુઃખ દાસના પામે વિનાશ ॥
એમ બોલી રહ્યાં હરિ જ્યારે, મુક્તમુનિ બોલ્યા તેહ વારે ॥૧૩॥

INDEX

દેશકાળ વિપરીત સમે, શીદ વિચારો છો આવું તમે ॥
જેમ સરળ પડે જનને, તેમ વિચાર કરવો મને ॥૧૪॥
ભૂંડો વર્તે હજી ઘણો કાળ, અસુરાણો આદરે જંજાળ ॥
ભેખ કરે છે ક્રિયાઓ મેલી, નૃપ પીડે છે લશ્કર ખેલી ॥૧૫॥
માટે સુખનો નૈ નિરધાર, એમાં કરો છો આવો વિચાર ॥
ત્યાર પછી બોલ્યા બહુનામી, સુણો વાત મુક્તાનંદ સ્વામી ॥૧૬॥
દેશકાળ રહેશે નહિ ચિર, દુઃખ દારિદ્ર્ય પણ લગીર ॥
જનને સુખ દેવાને કાજે, ધર્યો પ્રભુએ અવતાર આજે ॥૧૭॥
ધાર્યું હરિનું સઘળું થાશે, મેલી મુરાદ બીજાની જાશે ॥
સર્વ કર્તા ને કારણ એક, છૈયે અવતારી અમે વિશેક ॥૧૮॥
માટે નિજજન હિત હોય, એમ કરવું અમારે સોય ॥
રહેજ્યો નચિંત આપ હંમેશ, એમ બોલ્યા મુખે પરમેશ ॥૧૯॥
પછી જામો જરિયાની પહેરી, વાલો આવ્યાં પુરમાંહિ ફેરી ॥
થોડા ઘણાં વીત્યા કાંઈ દન, સુદ તેરશ આવી પાવન ॥૨૦॥
આવ્યાં જન સરધારે બહુ, આવી મોદ પામ્યા મન સહુ ॥
દિયે દર્શન પ્રસન્ન નાથ, જન સુખ લિયે સહુ સાથ ॥૨૧॥
કોઈ ચોળે છે અત્તર અંગ, કોઈ પહેરાવે પોશાક ઉમંગ ॥
કોઈ ગજરા ગુલાબ ફૂલના, હાર પહેરાવે મોંઘા મૂલના ॥૨૨॥
ત્યાર કેડ્યે કહે પ્રભુ સોઈ, કરો આજ ઉત્તમ રસોઈ ॥
પછી વિધવિધ પાક બનાવ્યા, જન જુગતે ઘણું જમાડ્યા ॥૨૩॥
દીધાં પંડિત વિપ્રને દાન, અન્નાર્થીને આપ્યું ઘણું ધાન ॥
એવી લીલા કરે કિરતાર, દિયે દરશ સ્પર્શ અપાર ॥૨૪॥
સુખ લીધું સર્વે જને જોઈ, રહ્યાં મૂરત મનમાં મોઈ ॥
થયો પૂર્ણ પ્રસંગ હુલાસે, કીધું ઘનશ્યામપ્રકાશદાસે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સરધારમાં જળક્રીડા કરી એ નામે એકસો ને અઢારમું પ્રકરણમ્ ॥૧૧૮॥

INDEX

પ્રકરણ : ૧૧૯

પૂર્વછાયો :

સુંદર શહેર સરધારનાં, સત્સંગી સર્વે અભંગ ॥
દર્શન કરી દયાળનાં, ચડી ગયો ચિત્તે રંગ ॥૧॥
અતિ ઉમંગે પુરમાં, ગુરુદેવની વર્ષી કરી ॥
પછી જે જે આવિયાં, પાછા વળ્યા પ્રેમે કરી ॥૨॥
ત્યારે સહુ પધારિયા, જિયાં હતાં શ્રીહરિરાય ॥
નાથ નિજ ઘેર તેડવા, ઇચ્છા કરી મનમાંય ॥૩॥

ચોપાઈ :

પણ શ્રીહરિને વાત કહેતાં, તેહ ભક્ત ઘણું મન બીતા ॥
તેથી સહુએ વિચાર્યું સાક્ષાત, પહેલા સંતને પૂછીએ વાત ॥૪॥
એવાં એક દીસે મુક્તમુનિ, વાત સાંભળે અમ સહુની ॥
પછી જઈ મુક્તમુનિ પાસ, નિજ ઇચ્છાનો કર્યો પ્રકાશ ॥૫॥
જે જે જન ગયાં સ્વામી કને, નામ તેનાં કહું પરસને ॥
આવ્યાં લોયેથી સુરોખાચર, મહા નિષ્કામી ભક્તપ્રવર ॥૬॥
કારિયાણીથી ખટવાંગ રાજા, સાથે આવ્યાં હતાં જન ઝાઝાં ॥
ભક્ત ખાચર બોટાદે સોમલો, વળી ભક્ત હમીરજી ભલો ॥૭॥
ઝીંઝાવદ્રેથી આવ્યાં અલૈયો, સાથે એના કુટુંબીના ભૈયો ॥
એહ આદિ સહુ દરબાર, ગામધણી મોટા નિરધાર ॥૮॥
આવ્યાં સ્વામી પાસે લળી લળી, કહે વાત અંતરની મળી ॥
આપ હરિનું કહેવાઓ મન, સદ્‌ગુરુ દયાળુ પાવન ॥૯॥
કૃપા કરીને અમારી વાત, સંભળાવો હરિને સાક્ષાત ॥
કાં જે તમે કીધેલી જે વાણી, કેદિ ઉથાપે નહિ પ્રમાણી ॥૧૦॥
સર્વે કુટુંબી અમારા કા'વે, રાત દિન પ્રભુ ગુણ ગાવે ॥
વાટ જુવે તે ક્યારના ઘણી, ક્યારે આવે અમ ઘેર ધણી ॥૧૧॥
સતસંગી થાવા સૌ તૈયાર, નરનારી થયાં નિરધાર ॥
નહિ કરે કુસંગીનો સંગ, રાખશે હરિજનનો સંગ ॥૧૨॥
છાંડી દેશે મન તન પાપ, સંત સેવશે અચળ નિષ્પાપ ॥
વળી ધર્મ નેમ પાળી રહેશે, નિશ્ચય હરિનું શરણ ગ્રે'શે ॥૧૩॥

INDEX

માટે અમ વતી આપ મુનિ, કહો વાત અમારા સહુની ॥
પછી દયા આણી ઉરમાંય, કહે શ્રીહરિને મુનિરાય ॥૧૪॥
વાત એકાંત્યે સર્વે સુણાવી, તે તો શ્રીહરિને મન ભાવી ॥
પછી પ્રીત્યે બોલ્યા પરમેશ, સુણો વાત કહું સવિશેષ ॥૧૫॥
છીએ ધર્મ તણાં અમે લાલ, વળી વાલા અમને મરાલ ॥
તેથી ધર્મ રાખે જિયાં લગ, ગ્રહે શરણ હરિનું અડગ ॥૧૬॥
રહીએ તિયાં કરીને નિવાસ, જાણી અંતર કેરો વિશ્વાસ ॥
જન વિશ્વાસુ છે મુને વહાલા, દગાબાજ તો લાગે નમાલા ॥૧૭॥
મારો ભક્ત જ છે મારો પ્રાણ, ભક્ત આધીન છૈયે પ્રમાણ ॥
મુજ સંગ વાધે જેની પ્રીત, કોટિ ગણી રાખું કરી નિત ॥૧૮॥
માટે પાળશે શુદ્ધ જો ધર્મ, માની આજ્ઞા અમારી પરમ ॥
ત્યારે જાશું અમે તેને ઘેર, કરી જન ઉપર્ય મોટી મેર ॥૧૯॥
શબ્દ સુણી પ્રભુના પાવન, ભક્ત કાઠી થયાં પરસન ॥
કેડ્યે મનમાં કર્યો વિચાર, રહેવું હરિ મરજીમાં અપાર ॥૨૦॥
મનધાર્યું સહુ મેલી દેવું, સત્ય વચન ઉરમાં ગ્રહેવું ॥
તન મન પ્રાણ કુરબાન, કરવા ગોવિંદશુ એકતાન ॥૨૧॥
ત્યાર પછી કઈ છાની વાત, પ્રભુ સંગ રાખવી સાક્ષાત ॥
તેની ઈચ્છા તે પ્રારબ્ધ થાય, દ્રઢ ધારી લેવું મનમાંય ॥૨૨॥
મુક્તમુનિએ વાત એ ધારી, પદ આઠ રચ્યા સુખકારી ॥
ઐસી ભક્તિ કરો મનમીતા, મતિ થાય જેહથી પુનિતા ॥૨૩॥
તેને ગાશે જે નર સુજાણ, ભક્તિ પામશે પ્રકટ પ્રમાણ ॥
એવા મુક્તમુનિનાં કીર્તન, સુણી આવ્યાં સભામાં પ્રસન્ન ॥૨૪॥
પછી જને કરી છે આરતી, જય જય શબ્દ થયાં અતિ ॥
ભક્ત પ્રેમે કરે અરદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સરધારના દરબારોએ મુક્તમુનિને પ્રાર્થના કરી એ નામે એકસો ને ઓગણીસમું પ્રકરણમ્ ॥૧૧૯॥

પ્રકરણ : ૧૨૦

પૂર્વછાયો :

ચરિત્ર કહેવા અંતરે, મુજ હૃદયમાં રહી હામ ॥
જેમ જેમ સાંભરે, તેમ તેમ કહું અભિરામ ॥૧॥
ભાગ્યવંતી સરધારની, ભૂમિ અતિ અમૂલ ॥
ભેટ્યા રામાનંદજી, જિયાં મુક્તમુનિ અતુલ્ય ॥૨॥
તેનો વિચારી મહિમા, સંત સભામાં અવિનાશ ॥
કરે પ્રશંસા સંતની, વારે વારે કરી અરદાસ ॥૩॥

ચોપાઈ :

પ્રભુ વિણ પેખે જેહ સુખ, તેહ જાણે સર્વે મૂળ દુઃખ ॥
તેનું કહું હવે વરતંત, મુક્તમુનિ સમ હોય સંત ॥૪॥
ઈષ્ટદેવ વિના બીજે રાગ, રાખે નહિ ને રહે સજાગ ॥
તેનાં હૃદે વસે ભગવંત, મુક્તમુનિ સમ હોય સંત ॥૫॥
વણ કર્યે હરિમૂર્તિ સ્મર્ણ, વ્યર્થ વિસારે નહિ એક ક્ષણ ॥
એવાં વિવેકી વિચારવંત, મુક્તમુનિ સમ હોય સંત ॥૬॥
અવગુણ કુલક્ષણ છોડી, સતસંગે રહે મન મોડી ॥
એવાં જન ખરા ગુણવંત, મુક્તમુનિ સમ હોય સંત ॥૭॥
જેના મન પાપથી ભરેલા, મોહમાયા હૃદયે વરેલા ॥
તેને શુદ્ધ કરે બળવંત, મુક્તમુનિ સમ હોય સંત ॥૮॥
જેનું ચિત્ત હરિમાં ઠેરાણું, જક્ત સુખ કેદિ ન વખાણ્યું ॥
જગે નહિ ઝાઝાં એવાં જંત, મુક્તમુનિ સમ હોય સંત ॥૯॥
જેના અંગમાં છે ભગવાન, જેણે જાણ્યું છે પ્રકટ જ્ઞાન ॥
સુખ અર્પે અલૌકી અનંત, મુક્તમુનિ સમ હોય સંત ॥૧૦॥
અહોનિશ અંતરે આનંદ, ધરી રહે ધ્યાને સુખકંદ ॥
સમજણે વિશેષ ધીમંત, મુક્તમુનિ સમ હોય સંત ॥૧૧॥
ચૌદ લોક વિરાટે સહિતે, નથી વાલુ બીજું ભલી રીતે ॥
મુને વાલા છે એવાં અત્યંત, મુક્તમુનિ સમ હોય સંત ॥૧૨॥
તેનાં દર્શ સ્પર્શનો પ્રતાપ, જાણ્યો વેદ પુરાણે અમાપ ॥
એવાં દેવ છે મોટા મહંત, મુક્તમુનિ સમ હોય સંત ॥૧૩॥

INDEX

અમે ચર્ણરજ લૈયે માથ, મહામૂલી સમજી મિરાંથ ॥
તોય ન્યૂન રહે આણી ખંત, મુક્તમુનિ સમ હોય સંત ॥૧૪॥
મુને રાધા રમા સેવે સહુ, કરે લક્ષ્મી પરિચર્યા બહુ ॥
પણ ઉરમાં તો વસ્યા વસંત, મુક્તમુનિ સમ હોય સંત ॥૧૫॥
કામ ક્રોધ ને લોભ કુમતિ, તેમાં વ્યાપે નહિ કેદિ રતિ ॥
જક્તત્રાસથી રહે નચિંત, મુક્તમુનિ સમ હોય સંત ॥૧૬॥
જડ ચેતન સર્વે પ્રમાણી, શુદ્ધ બોધે રહે સદા વાણી ॥
કરે વાતું જેનું વરતંત, મુક્તમુનિ સમ હોય સંત ॥૧૭॥
બ્રહ્મ થકી સ્તંબ નિરધાર, જાણે કાળ ચવિણુ અપાર ॥
જાણે પ્રભુ અચળ અનંત, મુક્તમુનિ સમ હોય સંત ॥૧૮॥
સર્વે ગુણથી પરિપૂરણ, અતિ વિવેકી સુખકરણ ॥
જાણે મહિમા પ્રભુનો અત્યંત, મુક્તમુનિ સમ હોય સંત ॥૧૯॥
શુદ્ધ સત્વ અક્ષર સમાન, નિજરૂપ જાણે અભિરામ ॥
તે થકી મળે મોક્ષ નચિંત, મુક્તમુનિ સમ હોય સંત ॥૨૦॥
જેવા પ્રભુ છે કલ્યાણકારી, તેવા ને તેવા સંત સુખકારી ॥
માટે સેવો તેને આણી ખંત, મુક્તમુનિ સમ હોય સંત ॥૨૧॥
એમ બોલ્યા અવિનાશી વાણ, ગામ સરધારે પ્રકટ પ્રમાણ ॥
પછી સ્વામીશ્રીએ નિરધાર, રૂડાં પદ કર્યાં તેનાં ચ્યાર ॥૨૨॥
મેરે સંત સે અધિક નોય, કહું નારદ મમ ઉર સોય ॥
સંત જન સોઈ સદા ભાવે, એવાં પદ મુક્તમુનિ ગાવે ॥૨૩॥
ઠર્યા પદ જક્તમાં મહાન, કહે છે મુનિ ગુણાતીત જ્ઞાન ॥
ચાર વેદ પુરાણ અઢાર, ષટ્શાસ્ત્રા સરવે સુજાણ ॥૨૪॥
આમાં સમાયું એનું રહસ્ય, ચમત્કારી અપાર અવશ્ય ॥
વાંચી વિચારવા હૃદે ખાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિનો મહિમા કહ્યો એ નામે એકસો ને વીસમું પ્રકરણમ્ ॥૧૨૦॥

પ્રકરણ : ૧૨૧

પૂર્વછાયો :

ધરા પુનિત પાંચાળમાં, કાજુ કારિયાણી ગામ છે ॥
મહાનિષ્કામી ભક્ત ત્યાં, ખટવાંગ ભૂપ રહેનાર છે ॥૧॥
તિથિ કરવા ગુરુદેવની, આવ્યાં હતાં સરધાર ॥
તેણે પ્રેમે તેડાવિયા, કારિયાણીમાંહિ કિરતાર ॥૨॥
ભાવ દેખી નિજ ભક્તનો, ચાલ્યાં ત્યાં થકી મહારાજ ॥
કારિયાણી પધારિયા, કરવા અનેક જીવના કાજ ॥૩॥

ચોપાઈ :

ભક્ત માંચા નામે ખટવાંગ, તેને હર્ષ વાધ્યો સાંગોપાંગ ॥
પ્રભુ પધારિયા તેને ઘેર, સહુ સેવા કરી રૂડી પેર ॥૪॥
સોંપી દીધાં નિજ દરબાર, શોભે ઉત્તર પૂરવ દ્વાર ॥
ઊંચા ઓરડા ઓસરીવાળા, ચોક શોભે વિશાળ રૂપાળા ॥૫॥
ખૂબ ખાંત્યે જમાડ્યાં ભોજન, પધરાવ્યા ભુવન ભુવન ॥
પછી માંચા ભક્તે લખી પત્ર, નિજ પુર તેડાવિયા મિત્ર ॥૬॥
એ છે એભલ નામે દરબાર, તેનો સુરપ્રભા સોમાદે નાર ॥
જયા લલિતા પાંચુ ને નાની, ચ્યારે સુતા તે સુરપ્રભાની ॥૭॥
બીજી પત્ની સોમાદેવી સિદ્ધ, તેનાં પુત્રનું નામ પ્રસિદ્ધ ॥
દાદોખાચર ઉત્તમરાય, દાદુભા બાપુથી ઓળખાય ॥૮॥
એહ આદિ કુટુંબ સહિત્યે, સહુ આવ્યાં કારિયાણી પ્રીત્યે ॥
તિયાં રાજીપો રળ્યા અપાર, કર્યાં ઉત્સવ તેહ મોઝાર ॥૯॥
પછી એક દિ' વિનંતી કરી, બોલ્યા એભલ નૃપ કરગરી ॥
કૃતારથ કર્યાં ઘણું આજ, પણ વિનંતી સુણો મહારાજ ॥૧૦॥
જ્યારે પધારશો ગઢપુર, હરખ પામશું ત્યારે જરૂર ॥
તેથી આવ્યો છું તેડવા કાજ, પધારો લઈ સંત સમાજ ॥૧૧॥
એમ સુણી બોલ્યા ભગવન, અમો આપીએ છૈયે વચન ॥
રૂડી વસંત પંચમી થાશે, ત્યાર કેડ્યે અમથી અવાશે ॥૧૨॥
કરશું ગઢપુરે ફૂલદોલ, એવો આપ્યો અભયને કોલ ॥
પછી થોડે દને કારિયાણી, સહુ મનુષનાં દુઃખ જાણી ॥૧૩॥

INDEX

ત્યાં તડાગ ગળાવિયું સારું, મોદ પામ્યા મનુષ હજારું ॥
ત્યાર પછી વસંત પંચમી, કરી કારિયાણીએ વિરમી ॥૧૪॥
જ્યારે આવી દશમીની રાત્ય, ત્યારે ચાલ્યાં જમીને નિરાંત્ય ॥
આવી પહોંચિયા ગઢપુર, એકાદશી પ્રભાતે જરૂર ॥૧૫॥
છડીદાર બોલ્યા છડી જયાંય, પડ્યાં પડછંદા પુરમાંય ॥
ઘરકામ ત્યજીને તમામ, સહુ સામા દોડ્યા નરવામ ॥૧૬॥
કર્યું સામૈયું શોભિત સારું, જન જોવા મળ્યાં છે હજારુ ॥
હસ્તિ ઉપર બેઠા છે હરિ, જન નીરખે સહુ નેહ ધરી ॥૧૭॥
સ્વામી મુક્તાનંદ બેઠા વાંસે, ઢોળે ચામર હરિને હુલાસે ॥
દોય બેઠા એક હસ્તિ પર, મુક્તમુનિ ને મોહનવર ॥૧૮॥
તેને દેખી થયા જન ધન્ય, આજ થયો છે સુફળ દન ॥
પ્રેમે ગઢપુરે પરમેશ, તેડી લાવ્યા એભલ નરેશ ॥૧૯॥
તિયાં રહ્યાં ઘણું કરી વાસ, નિજ ઘર માની અવિનાશ ॥
કર્યો ફૂલદોલનો સમૈયો, તેનો આનંદ જાય ન કૈયો ॥૨૦॥
અતિ ઉડાડ્યો વાલે ગુલાલ, સર્વે સખા કર્યા રંગે લાલ ॥
વળી મુક્તમુનિ તેહ સમે, પ્રભુ સંગે રંગડાથી રમે ॥૨૧॥
રંગ સોરેંગે ભરેલા માટ, હરિ માથે રેડે જોઈ વાટ ॥
નાખે ગુલાલ ગોટાની મૂઠ્ય, એવી થઈ રમવાની છૂટ્ય ॥૨૨॥
વળી શ્રીહરિ તાંસળા ભરી, રંગ નાખે મુનિ પર ફરી ॥
મુખે જય જય જન બોલે, અબીર ગુલાલ ઉડ્યો અતોલે ॥૨૩॥
આવી અનુપ લીલાના દર્શ, જેહ જને કીધાં ધરી હર્ષ ॥
તેનાં ભાગ્ય તણો નહિ પાર, એક મુખે શું કરું ઉચ્ચાર ॥૨૪॥
પછી સંધ્યા સમે ધૂન્ય કરી, જન જમાડિયા ભાવ ભરી ॥
છીપાઈ બહુ દનની પ્યાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગઢપુરમાં ફૂલદોલ ઉત્સવ કર્યો એ નામે એકસો ને એકવીસમું પ્રકરણમ્ ॥૧૨૧॥

પ્રકરણ : ૧૨૨

પૂર્વછાયો :

ગઢપુર ગામ સોયામણું, મીઠી લીંબતરૂની છાંય ॥
ભક્તની હામુ પુરવા, આવી વસ્યા શ્રીહરિરાય ॥૧॥
ધન્ય એભલ ભૂપને, ધન્ય ધન્ય ઓરડા દ્વાર ॥
સુંદર ચોક વિશાળમાં, શોભે લીંબતરુ રસાળ ॥૨॥
પરમહંસ પાંચસે, નિત કરી રહ્યાં નિવાસ ॥
તેહ ભૂમિના ભાગ્યની, કહું વાત કરી પ્રકાશ ॥૩॥

ચોપાઈ :

રમા રાધિકા તુલ્ય ગણાય, બેન જીવુબા ને લાડુબાય ॥
આણી દલમાં અતિ ઉમંગ, કરે ભક્તિ પ્રભુની અભંગ ॥૪॥
ભક્ત પ્રહ્લાદે ગુણ સમાન, શોભે ઉત્તમરાય નિદાન ॥
અતિ સરળ ભોળા સ્વભાવે, પ્રભુ રાજી કરે શુદ્ધ ભાવે ॥૫॥
અનુવૃત્તિમાં રહી અપાર, હરિ રીઝવે છે ધરી પ્યાર ॥
સભા સંતની નિત ભરાયે, લીંબતરુની શીતળ છાંયે ॥૬॥
શોભે તારા મધ્યે જેમ ચંદ, સંત મધ્યે તેમ સહજાનંદ ॥
સર્વે શાસ્ત્રના સંવાદ થાય, ધૂન્ય કીર્તન રસ રેલાય ॥૭॥
રૂડી એકસઠ્યની છે સાલ, સંત સાથે રહ્યાં વૃષલાલ ॥
પછી આવિયો ચૈતર માસ, શુક્લ પક્ષનો લાવ્યો ઉજાસ ॥૮॥
તેહ સમા વિષે પહેલીવાર, મુક્તમુનિએ કર્યો વિચાર ॥
થાય પ્રાગટ્ય ઉત્સવ ઘણાં, અન્ય અવતારો ને સંત તણાં ॥૯॥
પણ આ વારના અવતારી, એની રીત્ય જગતથી ન્યારી ॥
માટે તેનાં પ્રાગટ્યનો દિન, ખાંત્યે ઉજવવો છે નવીન ॥૧૦॥
પછી રહેશે પ્રથા સતસંગે, જન સમૈયો કરશે ઉમંગે ॥
મુક્તમુનિએ એમ વિચારી, ભૂપ તેડાવ્યા એભલ ભારી ॥૧૧॥
પછી કીધાં છે રૂડાં વચન, સુણો નૃપ થઈ મન મગન ॥
આવે ચૈત્ર સુદી નોમ રૂડી, હરિજયંતી આપણી મૂડી ॥૧૨॥
તેદિ પ્રગટ્યા પૃથ્વીએ નાથ, નિજ જનનો ઝાલવા હાથ ॥
માટે તેનો ઉત્સવ તમારે, કરવો રંગે ચંગે અતિ ભારે ॥૧૩॥

INDEX

તેથી ભક્તો થાયે પરસન, મોટો મહિમા વધે પ્રતિદન ॥
મુક્તમુનિની સાંભળી વાણ, બોલ્યા નૃપ અભય સુજાણ ॥૧૪॥
જેમ આપની મરજી સ્વામી, તેમ કરવું મારે કરભામી ॥
ચૈતર માસની અંજવાળી નોમે, કરશું સુંદર સમૈયો જોમે ॥૧૫॥
પછી પ્રભુની આગન્યા લીધી, સર્વે ઉત્સવ તૈયારી કીધી ॥
સતસંગી તેડાવ્યા તમામ, એહ આવિયાં ગઢડે ગામ ॥૧૬॥
ચૈત્ર સુદી નવમીને દન, નૃપ એભલે વિચારી મન ॥
પ્રભુ જન્મ કેરો દન જાણી, કર્યો ઉત્સવ ઉમંગ આણી ॥૧૭॥
ઘણી પૂજા કરી ઉછરંગે, વસ્ત્રા ઘરેણાં પહેરાવ્યા અંગે ॥
ધૂન્ય આરતી કરી અપાર, ગાયા કીર્તન રાગ મલાર ॥૧૮॥
તિયાં દિઠો મહાતેજ પુંજ, થયો નાદ અલૌકિક ગુંજ ॥
એમાં દીઠા માણીગર માવ, શિર મુગટ નંગ જડાવ ॥૧૯॥
આભૂષણ અંગેઅંગ શોભે, જોઈ મૂરતિને મન લોભે ॥
એમ પેખી પવિત્ર સ્વરૂપ, જન પામ્યા આશ્ચર્ય અનુપ ॥૨૦॥
એમ કરતાં થયું સવાર, રૂડા ભોજન કર્યા તૈયાર ॥
પીરસે પંગતમાં પ્રભુ પોત્યે, જન જમાડે છે સ્નેહ સોત્યે ॥૨૧॥
ખાંતીલો ખૂબ ખાંત્યે ખવારે, સંતોને સિંહનાદ કરાવે ॥
ફર્યા પંગત્યમાં પંચવાર, એવી શ્રદ્ધા હરિની અપાર ॥૨૨॥
એમ આપ્યું અલૌકિક સુખ, તેહ કહ્યું જાય નહિ મુખ ॥
એમ હરિજયંતી પાવન, કીધી પ્રારંભ મન મગન ॥૨૩॥
તેનો મહિમા મોટો પ્રમાણી, નિત નોમ અંજવાળી જાણી ॥
આજ પણ રૂડાં લોયાધામ, ઉત્સવ થાય અતિ અભિરામ ॥૨૪॥
દેશોદેશથી આવે છે ભક્ત, કથા સુણવા થાય આસક્ત ॥
હરિમૂર્તિ ભાળી પામે હાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિનો પ્રાગટ્ય પર્વ થયો એ નામે એકસો ને બાવીસમું પ્રકરણમ્ ॥૧૨૨॥

પ્રકરણ : ૧૨૩

પૂર્વછાયો :

ધન્ય ધન્ય એ સંતને, જેનો જશ જગે અત્યંત ॥
નાથ વિણ નેહ નહિ, ધન્ય ધન્ય વૈરાગ્યવંત ॥૧॥
કોટિ કવિગણ તણી, બોલે બુદ્ધિ શું નાદાન ॥
મહિમા અનંત એવો, ચામજીભ કરે શું ગાન ॥૨॥
નથી એવાં જગમાં થયાં, નવ થાય નક્કી લગાર ॥
એવાં શ્રી મુક્તાનંદજી, તેની વાત કહું અપાર ॥૩॥

ચોપાઈ :

એક દન શ્રી અમરાપર, કોઈ સત્સંગી ભક્ત નિરમળ ॥
તેણે આનંદરામને ઘેર, જઈ કહ્યું એમ રૂડી પેર ॥૪॥
પુત્ર આપના મુકુંદદાસ, લઈ બેઠા છે ગઢપુર વાસ ॥
સંત સહુમાં વર્તે મોટેરા, હરિજન ચાહે છે ઘણેરા ॥૫॥
તિયાં તનયા તે વિપ્ર તણી, સ્નેહ સ્વભાવથી ભોળી ઘણી ॥
તેણે સાંભળી ભ્રાતની વાત, ઘણું મનમાં થૈ રળિયાત ॥૬॥
પછી મળવા કાજે કરી આશ, માંગી રજા માતતાત પાસ ॥
તેનું નામ રૂડું ધનબાઈ, આવી પૂછતાં ગઢપુરમાંઈ ॥૭॥
પ્રાણજીવનનાં કરી દર્શ, વાધ્યો અંતરમાં ઘણો હર્ષ ॥
તેને દીધાં પ્રભુએ ઉતારા, મોટીબાને કહી બહુ સારા ॥૮॥
એવાંમાંહિ બની એક વાત, ત્રિયાની સભામાં ભલી ભાત્ય ॥
ધનબાઈ રૂડો સ્વર સાધી, રામાયણ ગાય રામ આરાધિ ॥૯॥
મુક્તમુનિને સૂર તે કાન, પડ્યો પાવનકારી નિદાન ॥
તેથી પાર્ષદ મેલી તુરત, ખરી વાત જાણી ઈતિ અથ ॥૧૦॥
કહ્યું પાર્ષદે અમરાપર, નામ આનંદે છે વિપ્રવર ॥
તેની સુતા રૂડી ધનબાઈ, રીઝવે આંહિ સહુને ગાઈ ॥૧૧॥
ત્યારે સ્વામી થયા છે ઉદાસ, સૂર સ્નેહ તણાં કરી નાશ ॥
જેને જગજીવન સંગાથ, સત્ય પ્રેમ જડાયો અગાધ ॥૧૨॥
તેને દેહસંબંધીશું પ્રીત્ય, કેદિ ઉદે ન થાય ખચિત ॥
હતો ભગિનીને ઘણો પ્યાર, પણ ભ્રાતને નહિ લગાર ॥૧૩॥

INDEX

પછી તો ધનબાઇ ઉદાસી, આવી પાયે પડી અવિનાશી ॥
મુને ખપ છે કલ્યાણ કેરો, છેલ્લો કરવો હવે આ ફેરો ॥૧૪॥
માટે ભ્રાત મારા વસે જેહ, મુક્તાનંદ નામે રહે તેહ ॥
તેનાં શ્રીમુખની શુભ વાણ, સાંભળી થાઉં ધન્ય સુજાણ ॥૧૫॥
દિયે શુદ્ધ મુને ઉપદેશ, એ જ ઉત્કંઠા ઉર વિશેષ ॥
ત્યારે પ્રભુ કહે સુણ્ય બાઈ, એ તો નારી ન દેખે જરાઇ ॥૧૬॥
પણ ખપ દેખી બહુ તારો, તેનો કરીશું ઉપાય સારો ॥
પછી બીજે દન હરિરાય, કહે સ્વામીશ્રીને સુખદાય ॥૧૭॥
બેન પૂર્વાશ્રમનાં તમારાં, માંગે મળવા આંહિ ઉદારા ॥
તેને દેજયો તમે ઉપદેશ, એટલી ઇચ્છા રહી તેને શેષ ॥૧૮॥
બોલ્યા મુક્તમુનિ ત્યારે મર્મ, પ્રભુ સાધુનો એ નહિ ધર્મ ॥
થાશે વચન માન્યે અકાજ, માટે રહેવા દ્યોને મહારાજ ॥૧૯॥
સુણી સ્વામી તણાં શુભ વેણ, અલ્પ ઉદાસ થ્યાં સુખદેણ ॥
બોલ્યા આપ રુચે મન જેમ, કરો તમેય આજથી તેમ ॥૨૦॥
ત્યારે સ્વામી કે' મેલતા હઠ, તમને કેદિયે આવડ્યું નથ ॥
પછી હસીને હરિ આગળ, બેઠા હાથમાં લઈ કાગળ ॥૨૧॥
રૂડાં પદ લખ્યાં જેહ ચ્યાર, થયાં જક્ત પ્રસિદ્ધ અપાર ॥
સુણ્ય બેની રીત્ય રીઝ તણી, વેર વાલાને માનથી ઘણી ॥૨૨॥
પદ લખી દીધાં હરિ હાથ, કીધું મેલાવો પદ આ નાથ ॥
વાંચી કાગળ થયાં પ્રસન્ન, પછી બોલ્યા વાલાજી વચન ॥૨૩॥
ધન્ય જેને દરશ તમારું, તેને નૈ લાગે જમનું લારું ॥
જેણે જોયા છે આપ ચરિત, તેની આ લોકમાં થઈ જીત ॥૨૪॥
એમ કહીને તેહ કાગળ, ધનબાઈને ધર્યો અમળ ॥
વાંચી બાઈને થૈ ઘણી હાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ધનબાઈને ચાર પદ લખ્યાં એ નામે એકસો ને ત્રેવીસમું પ્રકરણમ્ ॥૧૨૩॥

INDEX

પ્રકરણ : ૧૨૪

પૂર્વછાયો :

શુભમતિ હવે સાંભળો, એક સમે શ્રી પરમેશ ॥
સરધારપુર પધારિયા, રાજી કરવા જન વિશેષ ॥૧॥
રહ્યાં રજની વાલમો, સહુ નિજજન સંગાથ ॥
બીજે દન પ્રભાતમાં, ગયાં નાવા સરોવર નાથ ॥૨॥
નાહી જીવન આવિયાં, પહેર્યાં વસ્ત્ર અમૂલખ અંગ ॥
જમ્યા દૂધ કંસાર ને, દૂધ ભાત આણી ઉમંગ ॥૩॥

ચોપાઈ :

પછી સભા ભરી જગતાત, કરે નિષ્કામ ધર્મની વાત ॥
શીલવ્રત ન સાચવે જેહ, સત્સંગથી બાહેર છે તેહ ॥૪॥
મુવા કેડ્યે તે રાક્ષસ થાશે, લખ ચોરાશીમાં ભટકાશે ॥
છાનું રાખશે પાપ જરાય, તેની નહિ કરીએ અમે સહાય ॥૫॥
એવાંમાં બોદો કમાનગર, જેનું સરધારમાંહિ છે ઘર ॥
દાસ સ્વામી રામાનંદ તણો, સ્વામીનો દિલે ગુણ છે ઘણો ॥૬॥
તેણે સાંભળી પ્રભુની વાત, મનમાં પામ્યો અતિ ઉત્પાત ॥
હતો પુરમાં પ્રતિષ્ઠિત બહુ, કહેતાં શેઠ તેને જન સહુ ॥૭॥
રામાનંદ ગયાં પછી શેષ, નિષ્કામી વ્રત રાખ્યું ન લેશ ॥
પણ સાંભળી વાતો જે વાર, પામ્યો પછતાવો મન અપાર ॥૮॥
પૂછી મુક્તમુનિને એકાંત, પ્રાયશ્ચિત તણી સહુ વાત ॥
ભારી ભૂલ્ય થઈ મુજ થકી, સ્વચ્છંદ ફર્યો છું બહુ છકી ॥૯॥
નિષ્કામીપણું ગયું છે મારું, થયું જીવન અતિ નઠારું ॥
પણ ખપ રહ્યો બહુ મને, તેથી કરજોડી કહું તમને ॥૧૦॥
કહેશો આપ કઠિન ઉપાય, તે હું પાળીશ હે મુનિરાય ॥
સુણી સ્વામી ગયાં પ્રભુ પાસ, એના વતી કરી અરદાસ ॥૧૧॥
બોદો છે બહુ પ્રતિષ્ઠાવાન, વળી શિષ્ય સ્વામીનો નિદાન ॥
ગયું છે સત્વ શીલપણાનું, તેનું દેજયો પ્રાયશ્ચિત છાનું ॥૧૨॥
ત્યારે બોલ્યા મુખે મહારાજ, હશે ખરેખરો ખપ આજ ॥
તો પ્રાયશ્ચિત પૂરણ થાશે, દાસ સ્વામીનો સત્ય કહેવાશે ॥૧૩॥

હોય પ્રતિષ્ઠિત ભલિવિધ, તેનું પાપ કરીએ પ્રસિદ્ધ ॥
તો બીજાને એવું નહિ સૂઝે, પાપ કરતાં થર થર ધ્રૂજે ॥૧૪॥
એવું દીસે અમારી દ્રષ્ટિએ, પછી આપ કહો તેમ કરીએ ॥
સુણી બોલ્યા મુક્તાનંદ સ્વામી, પ્રભુ આપ વચને નથી ખામી ॥૧૫॥
આપ છો સર્વ શાસ્ત્રનું મૂળ, આપ છો મહાધર્મનું કુળ ॥
તમારાં વચનો શુભ ધર્મ, નથી એથી અધિક બીજું પર્મ ॥૧૬॥
એવાં સાંભળી વિનય વચન, થયાં પ્રભુ અતિ પરસન ॥
પછી તિયાં બોદાને તેડાવી, પ્રાયશ્ચિતની રીત બતાવી ॥૧૭॥
કહ્યું તન દિગંબર થઈ, બેસો ઉકરડા વિશે જઈ ॥
દોય આંખ્યુંને રાખી ઉઘાડી, કરો ભજન તાળિયું પાડી ॥૧૮॥
હતો બોદો તો આબરૂદાર, વળી મોટો તેનો પરિવાર ॥
પણ પ્રભુને રીઝાવા કાજ, બોદે મેલી બધી લોકલાજ ॥૧૯॥
કાઢ્યાં વસ્ત્રા સાંભળીને વેણ, લોકે નિંદા કરી તતખેણ ॥
હતું બોદામાં પાપ જે બહુ, ગયું નિંદક જનોમાં સહુ ॥૨૦॥
દિગંબર થઈ દીધી દોટ, ત્યાં તો પાપ નાઠું ચડી ચોટ ॥
બોદો ઉકરડા પર બેઠો, પછી પ્રભુએ ઉતાર્યો હેઠો ॥૨૧॥
પળવારમાં પાવન કિદ્ધ, સર્વોપરીપણું કર્યું સિદ્ધ ॥
નિજ ભક્તની ટળાવી ખોટ, રંગભીનો આવ્યાં રાજકોટ ॥૨૨॥
માટે સુણી લેજયો સહુ જન, શીલ વ્રતનું કરજો જતન ॥
તેમાંથી પડ્યાં છે બહુ મોટા, તો સમજી લેજયો સહુ છોટા ॥૨૩॥
નાથને વાલો ભક્ત નિષ્કામી, માટે એમાં ન રાખજો ખામી ॥
એમાં છિદ્ર રહ્યું કેદિ લેશ, તો પ્રસિદ્ધ થશે તે વિશેષ ॥૨૪॥
માટે સાવધ રહેજયો સુપેર, મન સંગાથે બાંધજો વેર ॥
થાશે પ્રભુ પાસે તેહ પાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે બોદા કમાનગરને પ્રાયશ્ચિત કરાવ્યું એ નામે એકસો ને ચોવીસમું પ્રકરણમ્ ॥૧૨૪॥

પ્રકરણ : ૧૨૫

પૂર્વછાયો :

એક અનુપમ વારતા, સુણજયો સુંદર સાર ॥
મહામુનિ મુક્તાનંદની, કહું કરી વિસ્તાર ॥૧॥
સદ્‌ગુરુ શિરોમણિ, વિચરે સોરઠ દેશ ॥
એમ કરતાં આવિયાં, બાબરા ગામ વિશેષ ॥૨॥
શ્રીહરિ છે સાથમાં, વળી સખા સંત અધિક ॥
પ્રેમે પુર પધારિયા, નિજજન કરવા નચિંત ॥૩॥

ચોપાઈ :

બાબરામાં દ્વિજ ગંગારામ, એહાદિ જન રહે અભિરામ ॥
જૂઠાભાઈ છે વણિકમાંય, જેને જક્ત ન રુચે જરાય ॥૪॥
ત્યાંના ગામધણી છે મહાન, જેને મોક્ષ તણું ઘણું જ્ઞાન ॥
રૂડું નામ જેઠસુરવાળા, બીજા બંધુઓ છે બળવાળા ॥૫॥
શુદ્ધ મતિ વિવેક વિશેષ, અભિમાન અણું નહિ શેષ ॥
એવાં ભક્ત બાબરા મોઝાર, બીજા પણ છે જન અપાર ॥૬॥
તિયાં પધારિયાં અવિનાશ, સંત પાળા વીંટાયા છે પાસ ॥
ખળખળે નદી તણાં નીર, ઘીચ ઘાટી તરુની રુચિર ॥૭॥
વાટે દીઠી વાટિકા વિશાળ, બેઠા ત્યાં બહુનામી દયાળ ॥
સુણી ઉમટ્યા જન અધિક, નેણે નીરખવા નાથ ખચિત ॥૮॥
લાવ્યા હાર પૂજા બહુ પેર્ય, આવ્યાં જન જેમ સિંધુલેર્ય ॥
સુંદર શ્રીફળ સુમન હાર, પેરાવ્યા પ્રભુને કરી પ્યાર ॥૯॥
જુગ કરજોડી જેઠસુર, મળ્યાં ભૂધરને ભરપૂર ॥
પછી જોયું જયાં મરાળ ભણી, ત્યાં ઠરી તેની નજર ઘણી ॥૧૦॥
દેખી મુખ્ય મુક્તાનંદ સ્વામી, લળી પાય લાગ્યા કરભામી ॥
ઉઘડ્યો અંતરમાં ઉભરાટ, અહો સ્વામી આવ્યાં મુજ વાટ ॥૧૧॥
હૈયું ઝાલ્યું રહ્યું નવ હાથ, જાણે વણતોળી મળી મિરાંથ ॥
મોદ છાયો ઘણો મુખ પર, પછી બોલિયા ભક્ત પ્રવર ॥૧૨॥
મુક્તાનંદજી સમ નિદાન, નથી સંત જક્તમાં મહાન ॥
સહુ સંતમાં એહ વિશેષ, આહું જામ જપે પરમેશ ॥૧૩॥

INDEX

શ્રેષ્ઠ સદ્‌ગુરુ ભેટવા સાર, મેલી મોટી જાયગા અપાર ॥
મેલ્યા મો'બત જક્ત વિલાસ, ખાનપાન તજ્યા સહુ ખાસ ॥૧૪॥
મોટા મહિપતિ જે કહેવાય, તે તો પડતા સ્વામીને પાય ॥
એમાં બંધાયા નહિ વિશેક, હૃદે રાખ્યા સદ્‌ગુરુ એક ॥૧૫॥
જાયગાઉ મેલી પરસિદ્ધ, પરમહંસ થયાં ભલીવિદ્ધ ॥
વેદ ચ્યાર પુરાણ અઢાર, શ્રુતિ સ્મૃતિ તણો સહુ સાર ॥૧૬॥
તેનું જાણે છે જ્ઞાન વિશાળ, કરે ઉત્તર તેનાં તતકાળ ॥
આવ્યાં અવનિ ઉપર મહાન, ભિન્ન અવતારે ભગવાન ॥૧૭॥
તેનું રહસ્ય ને પ્રયોજન, જાણે મુક્તાનંદજી મગન ॥
આચારજ થયાં જગમાંય, તેનાં સિદ્ધાંત જે જે ગણાય ॥૧૮॥
સાર તે સહુનો રૂડી રીત્ય, સિદ્ધ કર્યો મુનિએ ઉચિત ॥
વળી તીર્થ જે વસુધા વિશે, અતિ વિખ્યાત પામેલ દીસે ॥૧૯॥
તે સહુ તીર્થ જાતરા પોતે, મુનિએ કરી છે સ્નેહ સોતે ॥
બાળપણા થકી શુદ્ધ મતિ, શાણા સુશીલ પ્રભુમાં રતિ ॥૨૦॥
થાય ગાન વિશે ગરકાવ, હૃદે રાખે છે પ્રત્યક્ષ ભાવ ॥
એવાં સમર્થ સદ્‌ગુરુ એક, જેને પ્રભુ પ્રકટની ટેક ॥૨૧॥
રહે સત્સંગમાં ધરી પ્યાર, જાણી જક્ત અવિદ્યા અસાર ॥
નેણે નીરખી એવાં મહાસંત, અમને ભાર પડે છે અત્યંત ॥૨૨॥
ધન્ય ધન્ય ભાગ્ય આજ મારા, એવાં સદ્‌ગુરુ મળ્યાં દુલારા ॥
એમ ક્ષત્રિભક્ત જેઠસુર, ગુણ ગાઈ રહ્યાં ભરપૂર ॥૨૩॥
માન્યું પોતાને પૂરણકામ, મળી સંત મહાસુખધામ ॥
એવી સમજણની સુણી વાણ્ય, થયાં પ્રસન્ન પ્રભુ સુજાણ ॥૨૪॥
દીધો પહેરેલ પ્રસાદી હાર, જેઠસુર ભક્તને તે વાર ॥
ધન્ય ધન્ય એવાં હરિદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે જેઠસુર વાળાએ સ્વામીશ્રીના ગુણ ગાયા એ નામે એકસો ને પચ્ચીસમું પ્રકરણમ્ ॥૧૨૫॥

INDEX

પ્રકરણ : ૧૨૬

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, વરણવું વાત પુનિત ॥
ભૂધર ભુજનગરમાં, દિયે પૂરણ પરચા નિત ॥૧॥
એક સમે સુંદરજીને, ઘેર બેઠા મહારાજ ॥
સુખ દિયે દરશનનું, વાલોજી નટવર રાજ ॥૨॥
પછી પ્રભુજી બોલિયા, સુણો મુક્તમુનિ સુજાણ ॥
જેમ કહીએ આજથી, તેમ કરવું તમારે પ્રમાણ ॥૩॥

ચોપાઈ :

પછી બોલ્યા શ્રીહરિ પાવન, આપો એકાંત્યે મુને આસન ॥
વર્તે કસર મુને લગીરે, જવર જડાયો ઘણો શરીરે ॥૪॥
સુણી શ્રીહરિની એમ વાત, રૂડું શોધિયું ઠામ એકાંત ॥
દ્વાર થકી પૂર્વદિશમાંહિ, ઓસરી ઓરડાની છે જ્યાંહિ ॥૫॥
તિયાં ઢળાવી ઢોલિયો સારો, રૂડો કીધો પ્રભુનો ઉતારો ॥
કહે મુક્તમુનિને મોરારી, વાત સાંભળો સ્વામી અમારી ॥૬॥
તીખાં તમતમાં શેર ચ્યાર, રાતાં મરચાં આણો અપાર ॥
ત્રણ્ય દનનું ખાટું જે દહીં, પાંચ શેર લાવો તમે અહીં ॥૭॥
એવું આલો અમને ભોજન, જમાડું એ જ કેવળ આ દન ॥
પછી પ્રભુની વિનંતી ખરી, મુક્તમુનિએ ઉરમાં ધરી ॥૮॥
સુંદરજીને ઘેરથી તમામ, લાવ્યાં સીધુ સરવે તે ઠામ ॥
તેને દેખી તુરંત શ્રીહરિ, થયાં બેઠા પલંગ પરહરિ ॥૯॥
રાતાં મરચાં ઝીણાં વટાવ્યાં, બાજરીના રોટલા કરાવ્યાં ॥
પછી જમ્યા જીવન રળિયાત, દધિ મરચાં રોટલા સાક્ષાત ॥૧૦॥
વાંસે વધ્યું નહિ લવલેશ, એવી લીલા કરી પરમેશ ॥
ત્યાર કેડ્યે બોલ્યા બહુનામી, હવે જવરની વેદના વામી ॥૧૧॥
આવી તનમાં શાંતિ અપાર, છાંડી કસર સઘળી બહાર ॥
એમ સુણી શ્રીજીનાં વચન, બોલ્યા સુતાર આશ્ચર્ય મન ॥૧૨॥
આપ અક્ષરના અધિપતિ, કૃપાનાથ છો દયાળુ અતિ ॥
અન્ય નર જો આ રીત્યે જમે, પ્રાણ પળમાં તેનાં વિરમે ॥૧૩॥

આપ સ્વયં છો ભગવાન, કેદિ કાંઈ ન તમને થાય ॥
પછી પ્રભુએ નિજ સ્વરૂપ, સમજાવિયું અતિ અનુપ ॥૧૪॥
દ્રઢ નિશ્ચય તેને પમાડી, પછી આવ્યાં અંજાર તે દાડી ॥
ગામબાર આથમણી દિશે, એક સુંદર પીપળો દીસે ॥૧૫॥
તિયાં પાટ ઢાળી એક ખાસ, તે ઉપર બેઠા અવિનાશ ॥
તિયાં ભક્ત આવ્યાં એક ખરા, કાળા તળાવના રહેનારા ॥૧૬॥
તેહનું રૂડું હરભમ નામ, જ્ઞાતિ સુતાર તે અભિરામ ॥
કરી શ્રીહરિનાં દર્શન, પછી બેઠા સભામાં પ્રસન્ન ॥૧૭॥
ઘણી વેળા વહી એમ જયારે, આવ્યો મનમાં વિચાર ત્યારે ॥
પરગામથી આવ્યો હું આજ, તોય સામું ભાળે નહિ રાજ ॥૧૮॥
ત્યારે સંકલ્પ શ્રીજીએ જાણી, કહ્યું મુક્તમુનિને પ્રમાણી ॥
કહો ક્યાંથી આવ્યાં અમે સ્વામી, સઘળું બતાવો અંતરજામી ॥૧૯॥
ત્યારે મુનિ બોલ્યા એહ વાર, મણ લાખ લોઢું ગોળાકાર ॥
વ્યોમ થકી જો પડતું મૂકે, વાયુ લેરખે આવી અટકે ॥૨૦॥
થાય રજ ભેળો જયારે રજ, દૂર દેશ એટલો અચરજ ॥
ત્યાંથી આવિયાં આપ અમાપ, દીસે આપનો પ્રૌઢ પ્રતાપ ॥૨૧॥
ત્યારે પ્રભુ કહે તોય જન, કરે સંકલ્પ મન સઘન ॥
અમે આવ્યાં દૂર થકી તોય, નથી બોલાવતા પ્રભુ સોય ॥૨૨॥
એમ વાત કરી સ્વામી સાથ, બોલ્યો હરભમ ત્યાં સાક્ષાત ॥
હે દયાસિંધુ છેલ છબીલા, મુજ ઘાટ ટળ્યા મનમેલા ॥૨૩॥
પૂરાં પ્રીછાણ્યા અંતરજામી, પુરૂષોત્તમ છો બહુનામી ॥
પછી પ્રભુએ સમાધિમાંય, બ્રહ્મમોલ દેખાડિયું ત્યાંય ॥૨૪॥
તેજ તેજનો અતિ અંબાર, વળી શીતળ શાંત અપાર ॥
દીઠા તેમાં પ્રભુ અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ભુજમાં અલૌકિક લીલા કરી એ નામે એકસો ને છવીસમું પ્રકરણમ્ ॥૧૨૬॥

પ્રકરણ : ૧૨૭

પૂર્વછાયો :

નિત નિત ભુજપુરમાં, મુક્તમુનિ સંગે સુખધામ ॥
લીલા કરે અચરજભરી, ભક્ત કાજે અભિરામ ॥૧॥
ઘણું વિચરણ કરતાં, તેરા પધારિયા અવિનાશ ॥
ભક્ત મોંઘાજી સુથારને, ઘેર કર્યો શુભ નિવાસ ॥૨॥
કર્યાં ઉતારા પ્રેમથી, સંગે હતાં સંત બ્રહ્મચાર ॥
પછી પ્રભુને પૂજિયાં, લઈ વિધવિધ ઉપચાર ॥૩॥

ચોપાઈ :

માધવજી મોંઘાજી નાગજી, રહે તેરા ગામે પ્રભુ ભજી ॥
વરધાજી સિંધજી આદિ જન, કરે સેવા હરિની મગન ॥૪॥
માની મેના પ્રેમા અભિરામા, કુંવર જમના આદિક વામા ॥
તેની અખંડ ભક્તિને વશ, ઘણું રોકાયા પ્રભુ અવશ્ય ॥૫॥
પછી એક સમે મધરાતે, ચાલી નીસર્યા હરિ એકાંત્યે ॥
સાથે લીધાં ડુંગરજી એક, બીજા કોઈ ન રાખ્યા વિશેક ॥૬॥
આવ્યાં ભાગોળ્યના દરવાજે, તિયાં તાળું તોડી મહારાજે ॥
લીધી કાળા તળાવની વાટ, નિજ ભક્તને મળવા માટ ॥૭॥
દીઠી મારગે વાડી રૂપાળી, તિયાં સૂતા ઘડી વનમાળી ॥
કરી દાસને નિંદરાધીન, પ્રભુ ચાલ્યાં તિયાં થકી લીન ॥૮॥
લીલા આદરી એવી અકળ, સર્વે વસ્ત્રા ઉતાર્યાં અમળ ॥
ધારી કૌપીન એક જ અંગે, પ્રભુ ચાલ્યાં તિયાંથી ઉમંગે ॥૯॥
કોયે ઓળખિયા નહિ લેશ, આવ્યાં ઉતાવળા પરમેશ ॥
વાટે ઉદધિ આવ્યો અપાર, તેમાં પેઠા હરિ નિરધાર ॥૧૦॥
ઊઠી પ્રભુની માયાથી ભોરે, જુવે ડુંગરજી ચહુકોરે ॥
પણ દીઠા નહિ હરિ ક્યાંય, તેથી મનમાં ઘણું મૂંઝાય ॥૧૧॥
પછી આવ્યાં ઉતાવળે ત્યાંથી, જેમ તીર છૂટ્યું ધનુમાંથી ॥
તિયાં સુત ભીમજીના સોય, હરભમ ને મનજી દોય ॥૧૨॥
તેને મળી પૂછ્યા સમાચાર, પ્રભુ આવ્યાં કે નહિ આ વાર ॥
હોય આપને ઘેર જો હરિ, કહેજો એટલું વિનંતી કરી ॥૧૩॥

હવે તિયાં જ રહેજો હુલાસે, અમે રહેશું મુક્તમુનિ પાસે ॥
પણ પ્રભુ નહોતા એહ ઠામ, એમ બોલ્યા બેઉ અભિરામ ॥૧૪॥
કેડ્યે શોધ્યા ઘણું ઘનશ્યામ, તોય મળ્યાં નહિ કોય ઠામ ॥
પછી આણી ઉદાસી અપાર, તેરા ગામે ગયાં નિરધાર ॥૧૫॥
જેમ પ્રભુ ગયાં પોત્યે ભાગી, એકાએકી બનીને વૈરાગી ॥
ડુંગરજીએ તે સઘળી વાત, મુક્તમુનિને કીધી સાક્ષાત ॥૧૬॥
સુણી દાસની વાત અધીર, દુઃખી થયાં મનમાં લગીર ॥
પણ ભક્તને પોષવા કાજ, દુઃખ જણાવા દીધું ન ઝાઝ ॥૧૭॥
હરિચરિત્ર કહી વિશેષ, શોક ટાળ્યો ત્રણેયનો શેષ ॥
ગ્રહી વાત અતિ સુખકારી, પાછા વળ્યા તે ધીરજ ધારી ॥૧૮॥
પછી લીલા કરી સમંદરે, નાહી નિસર્યા પ્રભુ આખરે ॥
ચાલ્યાં તિયાં થકી ભીને વાન, આવ્યાં કાળા તળાવે નિદાન ॥૧૯॥
ભક્તાધીન ભગવાન પોત્યે, લીલા પૂરી કરી સ્નેહ સોત્યે ॥
પછી ભીમજીને ઘેર પધાર્યા, સહુ જનને મોદ વધાર્યા ॥૨૦॥
શ્વેત વસ્ત્રો ધરી અવિનાશ, બેઠા સભા ભરી નિજદાસ ॥
પછી દૂત તેરે મોકલિયાં, ત્યાંથી મુક્તમુનિ તેડાવિયા ॥૨૧॥
સહુ મુનિ આવ્યાં દરશને, કાળા તળાવે મન પ્રસન્ને ॥
મુક્તમુનિએ કર્યાં પ્રણામ, બોલ્યા પ્રભુ પ્રત્યે અભિરામ ॥૨૨॥
દીનાનાથ દરિયેથી આવ્યાં, નિજ ભક્તને મનમાં ભાવ્યા ॥
જેમ રવિ મટાડે છે તમ, એમ તમને દેખી થયાં અમ ॥૨૩॥
ખાવું પીવું બેસવું કે સૂવુ, બોલવું કે વળી ચાલ્યાં જવું ॥
સર્વે લીલાયું આપની રૂડી, મોક્ષકાજે અમારી છે મૂડી ॥૨૪॥
એવી ભક્તિ ને પ્રભુ પ્રતાપ, મુનિએ સમજાવ્યો અમાપ ॥
ત્યારે દુઃખ થયું સર્વે નાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે હરભમ, મનજી અને ડુંગરજીનું દુઃખ દૂર કર્યું એ એકસો ને સત્તાવીસમું નામે પ્રકરણમ્ ॥૧૨૭॥

પ્રકરણ : ૧૨૮

પૂર્વછાયો :

હવે હરિજન સાંભળો, કહું વાત એક રસાળ ॥
સુણી સહુ જન દલમાં, રાજી થશો તતકાળ ॥૧॥
પુરુષોત્તમ પરબ્રહ્મને, મહામુનિ મુક્તાનંદ સંગ ॥
પ્રીત પારાવાર દીસે, તે સંભાર્યે આવે ઉમંગ ॥૨॥
સહજાનંદના સંગમાં, અહોનિશ દેશ પ્રદેશ ॥
વિચરે છે મુક્તાનંદજી, જન રાજી કરવા વિશેષ ॥૩॥

ચોપાઈ :

પછી વિચરતા ઘણું ફરી, મુક્તમુનિ સંગાથે શ્રીહરિ ॥
આવ્યાં ધોરાજીયે પરમેશ, ફૂલદોળ કરવા વિશેષ ॥૪॥
આવી ઉતર્યા ગામથી બાર, જિયાં વડ ઘણો ઘટાદાર ॥
બાઈ ભાઈ તથા હરિજન, તિયાં કર્યા સર્વએ આસન ॥૫॥
પછી ભાનુ આથમિયો જ્યારે, ગયાં ખેતરમાં પ્રભુ ત્યારે ॥
થઈ આરતીની ઘણી વેળા, નરનારી આવ્યાં સહુ ભેળા ॥૬॥
ત્રણ્ય માળની રૂડી આરતી, કરી નિષ્કુળાનંદે ઓપતી ॥
તેને થાળી મધ્યે મૂકી સ્થિર, મુક્તમુનિને દીધી તે ધીર ॥૭॥
બેઠા પલંગશું ગિરધારી, પછી આરતી પ્રેમે ઉતારી ॥
જોત જોતાંમાં વધ્યો પ્રકાશ, જામી જવાળા આરતીની ખાસ ॥૮॥
ત્યારે પ્રભુ હસી ઘણું હેતે, કહે સ્વામીને કરી સંકેતે ॥
તમે રહેવા દિયો સ્વામી એહ, નક્કી દાઝશો હાથમાં તેહ ॥૯॥
તોય આરતી પૂરણ કીધી, પછી સ્વામીએ તે મેલી દીધી ॥
એમ લીલા કરી તેહ દન, વળતે દન કરાવ્યાં ભોજન ॥૧૦॥
પછી તિયાં વાળી રંગરેલ, કર્યો ફૂલદોલ અલબેલ ॥
પછી એક સમે ઘનશ્યામ, આવ્યાં સારંગપુર મુકામ ॥૧૧॥
તિયાં પ્રભુ રહ્યાં દોય રાત, મુક્તમુનિને કહ્યું સાક્ષાત ॥
જાઓ મંડળ લઈ તમારું, દેશ ઝાલાવાડ્યે પરબારું ॥૧૨॥
પછી ફરજો દંઢાવ્ય દેશ, ચરોતરે દેજ્યો ઉપદેશ ॥
દીસો ઈશ્વર મૂરતિ સદા, નથી ભિન્ન મુંથી આપે કદા ॥૧૩॥

INDEX

તેથી સત્સંગનું દઈ સુખ, નિજજનનાં વિદારો દુઃખ ॥
ત્યારે મુક્તમુનિ બોલ્યા વાણ, તમે ધર્મકુમાર સુજાણ ॥૧૪॥
જે જે આજ્ઞા કરો દીનાનાથ, તેને પાળવી સ્નેહ સંગાથ ॥
વળી હૈયે રહે ઘણી હામ, આલે આજ્ઞા ક્યારે અભિરામ ॥૧૫॥
માટે સંતમંડળ સહિત્ય, જાશું ઝાલાવાડે ધરી પ્રીત્ય ॥
એમ કહી પ્રણમી અપાર, ચાલ્યાં મુક્તમુનિ નિરધાર ॥૧૬॥
પછી વળાવાને ગયાં નાથ, સહુ ભક્ત ગયા છે સંગાથ ॥
આવ્યાં ગામને પાદર સહુ, તિયાં વાલો આનંદિયા બહુ ॥૧૭॥
નિજગુરુ મુક્તમુનિ વિશે, સ્નેહ ઉભર્યો પ્રભુને અતિશે ॥
તિયાં આવી અશ્વથી ઉતરી, પૂરી પાંચ પ્રદક્ષિણા કરી ॥૧૮॥
કરે દંડવત્ જગદાધાર, મહામુનિ ચરણે અપાર ॥
ત્યારે સ્વામીશ્રીએ હાથ ઝાલી, મળ્યાં હરિને બાથમાં ઘાલી ॥૧૯॥
ત્યારે બોલિયા પ્રાણઆધાર, દંડવત્ કરવા ઘોને ચ્યાર ॥
આપ સદ્ગુરુ સંત કેવા, નથી બ્રહ્માંડમાં તમ જેવા ॥૨૦॥
સર્વે મરજી અમારી જાણી, પાળો આગન્યા સૂધી પ્રમાણી ॥
મુજ અર્થે સહો તન ત્રાસ, વિત્ત વામથી રહો ઉદાસ ॥૨૧॥
નિરમાન તપસ્વી છો ભારે, આપ વંદન યોગ્ય અમારે ॥
એમ કાલાવાલા હરિરાય, ગુરુદેવ આગે કરે કાંય ॥૨૨॥
પછી મુનિએ નમાવી શીશ, હૃદે ધારી છબી અનિમેષ ॥
ચાલ્યાં પ્રભુ પદે લળી લળી, સર્વ સંતની લઈ મંડળી ॥૨૩॥
ઝાલાવાડ પ્રતિ પરિયાણ, પછી કીધું મુનિએ પ્રમાણ ॥
રાજી કરવા તણું ઘણું તાન, એક રાખી હૃદયે નિદાન ॥૨૪॥
આવ્યાં ધ્રાંગધરે મુક્તમુનિ, સંગે લેતાં સંભાળ સહુની ॥
ત્યાર પછીની લીલા હુલાસે, ઘનશ્યામપ્રકાશ તે ગાશે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ધોરાજીમાં ફૂલદોલ ઉત્સવ કર્યો ને મુક્તમુનિને ઝાલાવાડમાં વિચરવાની આજ્ઞા કરી એ નામે એકસો ને અઠ્ઠાવીસમું પ્રકરણ ॥૧૨૮॥

પ્રકરણ : ૧૨૯

પૂર્વછાયો :

મહામુનિ મુક્તાનંદજી, જેના સામર્થ્યનો નહિ પાર ॥
સર્વે સિદ્ધિઓ મળી, કરજોડી રહે નિરધાર ॥૧॥
કાળ માયા કંપી રહે, ડોલે દશે દિગપાળ ॥
અનંત ઓઘ જન્મના, પળમાં મટાડે દયાળ ॥૨॥
એવાં સદ્‌ગુરુ દેવ જે, પરમ ઐશ્વર્યવાન ॥
ઝરણા કરે તુચ્છ જીવની, ક્ષમાનિધિ મહાન ॥૩॥

ચોપાઈ :

પછી સંતમંડળને લઈ, કર્યો વાસ ધ્રાંગધરે જઈ ॥
તિયાં ઉતર્યા ગામથી બાર, સંત સમૂહ સંગે ઉદાર ॥૪॥
પુરવાસી આવે દરશને, નિત કથા સુણવા પ્રસન્ને ॥
એમ વાધ્યો સતસંગ ત્યાંય, જન મોદ પામ્યા મનમાંય ॥૫॥
હતાં નરનારી સહુ ઘેલાં, જૂઠાં ભેખમાં અંધ થયેલાં ॥
તેને સવળી સમજાણી વાત, છાંડી અધર્મીઓની જમાત ॥૬॥
ત્યારે બળી મુવા સહુ ભેખ, જાણ્યું માર્યો જીવનમાં મેખ ॥
પછી પરિયાણિયા તેહ મળી, હાંકી મેલો આ સાધુ મંડળી ॥૭॥
મારી કરો તેને લોટપોટ, એમાં રાખો કાંઈ નવ ખોટ ॥
એમ વિચારીને સહુ દુષ્ટ, આવ્યાં સંતને દેવા જ કષ્ટ ॥૮॥
કોયે ખડગ લીધી ધારદાર, કોયે ચીપિયા ચમકદાર ॥
કોયે બંદૂક તમશા[1] રાખી, કોયે ફરશી કરમાં દાખી ॥૯॥
ભૂંડા અસુરાણ્યો લઈ ભાલા, દુઃખ દેવા આવિયાં નમાલા ॥
સંતને નો'તી એની પ્રીછાણ, તેથી ફાવ્યા એ તો અસુરાણ ॥૧૦॥
આવી ઝાલિયા સંત વિશેકે, ઝાલ્યા પછી તે શીદને મૂકે ॥
પીઠ પાછળ કરી પ્રહાર, દીધું સંતને કષ્ટ અપાર ॥૧૧॥
કર્યા તન સહુ લાલચોળ, રક્તમાંહિ કર્યા તરબોળ ॥
મૂર્તિ પૂજવાની હતી જેહ, કરી ખંડિત ઝૂંટવી તેહ ॥૧૨॥
માળા કંઠિયું તિલક તોડી, દીધાં તુંબડા પત્તર ફોડી ॥
હાહાકાર મચ્યો ચહુદિશ, મુનિઓ પાડે કારમી ચીસ ॥૧૩॥

૧. એક જાતનું હથિયાર

INDEX

પછી મુક્તમુનિ કરભામી, કહે ભેખને સાંભળો સ્વામી ॥
ભૂલ્યે ભૂમિ પર હથિયાર, મેલતા નહિ તમે લગાર ॥૧૪॥
કાં જે અમારે વિષે છે સંત, તેમાં કોઈનું છે ઉષ્ણ રક્ત ॥
ઘણાં પટ્ટા રમનારા હશે, તેનું લોહી જો ઉકળી જશે ॥૧૫॥
ત્યારે વાળશે સઘળો દાટ, માટે કહું છુ હિતને માટ ॥
પછી અસુરોએ ખેલ કરી, પીડ્યા સંત વણવાંકે ફરી ॥૧૬॥
મુનિ કપિલેશ્વરને તે સમે, ધાર બરછીની સ્પરશી તને ॥
ત્યારે બોલ્યા મુનિ વેણ એવાં, કરું કટકા આના રાઈ જેવા ॥૧૭॥
લાડુ જમાડું હું પાંચ મણ, તો વાંસે ન વધે એકે કણ ॥
એવું સામર્થ્ય રાખું છપાડી, આ તો આવે છે આગન્યા આડી ॥૧૮॥
વળી અદ્વૈતાનંદ જે સ્વામી, તેનાં જંત્ર મંત્રે નહિ ખામી ॥
દેવીવાળા એહ મગનીરામ, પૂર્વે નામ જેનું અભિરામ ॥૧૯॥
તેણે આડા ફરી ઘણીવાર, ન દેવા દીધો સ્વામીને માર ॥
પણ હદ વાળી અસુરાણે, ત્યારે સ્વામીને વદિયા વાણ્યે ॥૨૦॥
આપો આગન્યા જો ગુરુદેવ, કરું ભેખની સઘળી સેવ ॥
લઈ પથ્થર હાથમાં દોય, મંત્ર ભણી ભેળા કરું સોય ॥૨૧॥
શિર પછાડીને સામસામે, મુવા થાશે જરૂર આ ઠામે ॥
નથી જોવાતી મુજથી પીડા, ઘણાં વેઠ્યા અસુરના ભીડા ॥૨૨॥
માટે આપો જો આગન્યા સ્વામી, રહેવા દઉં નહિ કાંઈ ખામી ॥
પણ સ્વામીએ ધીરજ ધારી, દીધી નહિ આગન્યા લગારી ॥૨૩॥
પછી કરવા તેહનો ન્યાય, સહુ સંત ગયાં ગામમાંય ॥
જાણ્યું નૃપ તણો એ છે ધર્મ, પક્ષપાતે ન કરે અધર્મ ॥૨૪॥
પણ દુષ્ટએ દીધેલી લાંચુ, તેથી ભૂપ બોલ્યા નવ સાચું ॥
કર્યો ન્યાય નહિ કોઈ ખાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ધ્રાંગધ્રામાં ભેખધારીઓનો માર સહન કર્યો એ નામે એકસો ને ઓગણત્રીસમું પ્રકરણમ્ ॥૧૨૯॥

પ્રકરણ : ૧૩૦

પૂર્વછાયો :

અસુરાણે દુઃખ આપિયું, વણ વાંકે સહ્યા તન પીડ ॥
નૃપે ન્યાય કર્યો નહિ, વેઠી ભેખની બહુ ભીડ ॥૧॥
ત્યાર પછી મુક્તાનંદજી, દિયે સંતને ઉપદેશ ॥
તે સુણી સહુ સંતને, હૈયે શોક રહ્યો નહિ લેશ ॥૨॥
તેહ સુણાવું શ્રવણે, સહુ સાંભળજો ધરી કાન ॥
ક્ષમા ભૂષણ સંતનું, કહું તેની વિગત નિદાન ॥૩॥

ચોપાઈ :

જડભરતની જાણો રીત્ય રે, સદા ફરવું માન રહિત્ય રે ॥
વણવાંકે મારે કેદિ માર રે, તોય ક્રોધ ન કરવો લગાર રે ॥૪॥
થાય વણવાંકે અપમાન રે, તોય ક્ષમા ગ્રે'જ્યો સાવધાન રે ॥
નિરમાની ખરા આપે સંત રે, ક્ષમા દેનારા સદ્‌ગુણવંત રે ॥૫॥
જગે તરુની કેવી ક્ષમાય રે, પર કાજે હંમેશ પીડાય રે ॥
આવે નિજને ઉછેરનારો રે, કે વળી કુહાડે કાપનારો રે ॥૬॥
અરિપણું મિત્રપણું ત્યાગી રે, દિયે છાયા શીતળ અનુરાગી રે ॥
વળી પથ્થર મારે કદાપિ રે, તરુ ફળ દિયે છે તથાપિ રે ॥૭॥
તેમ દુષ્ટ જન દિયે ગાળ રે, વણવાંકે નાખે શિર આળ રે ॥
એવાં મોટા મોટા દુઃખ આવે રે, તોય ક્ષમા સંતની ન જાવે રે ॥૮॥
જપ તપ તીરથ પૂજન રે, વ્રત દાન ને જોગ જગન રે ॥
એહ આદિ અનેક પ્રકાર રે, મર સિદ્ધ કર્યાં તે અપાર રે ॥૯॥
પણ ક્રોધ જો આવશે અણું રે, પુણ્ય જાશે તે સાધન તણું રે ॥
જેમ મધુ સમોહ અપાર રે, કરે નાશ તે અલ્પ અંગાર રે ॥૧૦॥
ક્રોધે કઠોર વાણી બોલાય રે, ક્રોધે સ્મૃતિનો વિનાશ થાય રે ॥
ક્રોધે વિનાશે સઘળું જ્ઞાન રે, કરે ક્રોધ ગુરુનું અપમાન રે ॥૧૧॥
આવે ક્રોધ જ્યારે જેને અંગ રે, તેનો તર્ત તજી દેવો સંગ રે ॥
વાઘ આવે તો ભાગો કરી માગ રે, તેમ જાણી કરવો ક્રોધ ત્યાગ રે ॥૧૨॥
ક્ષમા ક્રોધનું ઔષધ જાણો રે, એ જ સંતની શોભા પ્રમાણો રે ॥
સર્વે દુઃખ સહી તન મને રે, કરો માફ અજ્ઞાની જનને રે ॥૧૩॥

ક્ષમારુપી યજ્ઞ જ્યારે થાય રે, માન તણી આહુતિ અપાય રે ॥
ત્યારે રાજી રહે અવિનાશ રે, થાય સાધુતાનો પરકાશ રે ॥૧૪॥
ક્ષમા વિણ ભલે સર્વ હોય રે, એ તો વર વિણ જાન સોય રે ॥
ક્ષમારુપી પરિપૂર્ણ જળ રે, કરે સંતનાં મન નિરમળ રે ॥૧૫॥
ક્ષમા તોલે ન કોઈ સાધન રે, ક્ષમા જાણજ્યો તપ પાવન રે ॥
સર્વે વ્રતમાં મોટું છે વ્રત રે, એવો સર્વે આગમનો મત રે ॥૧૬॥
ક્ષમા સર્વથી શ્રેષ્ઠ ધરમ રે, સર્વ દાનમાં ક્ષમા પરમ રે ॥
માટે વિચારી ઉરમાં સંત રે, ક્ષમા રાખજો સર્વે અત્યંત રે ॥૧૭॥
વળી પ્રાર્થના કરો સારી રે, જેને શ્યામ સુણે સુખકારી રે ॥
આપે અજ્ઞાનીજનને મતિ રે, તેનું રૂડું થવા કાજે અતિ રે ॥૧૮॥
સહુ શોક તજી સંત રહેજ્યો રે, એટલું મનમાં જાણી લેજ્યો રે ॥
થયું ગમતું ગોવિંદ તણું રે, જ્ઞાને ગયું ન કાંઈ આપણું રે ॥૧૯॥
એમ સ્વામીનાં રૂડાં વચન રે, સુણી સંત થયાં પરસન રે ॥
પછી જોડ્યા મરાળે બે પાણ રે, કહે તમે ચતુર સુજાણ રે ॥૨૦॥
ધન્ય ધન્ય આપે ક્ષમાવાન રે, નથી તમ જેવા કોઈ મહાન રે ॥
નથી દીઠાં આવા અન્ય બીજે રે, જેથી રાજીવલોચન રીઝે રે ॥૨૧॥
દેખી આપની ધીર અપાર રે, અમને હોંશ રહે નિરધાર રે ॥
રહીએ આનંદમાં ભલીભાત્ય રે, હૃદે સંભારી પ્રભુ સાક્ષાત રે ॥૨૨॥
એમ મુક્તમુનિ ગુરુદેવ રે, ઉપદેશ બોલ્યા છે અભેવ રે ॥
પછી તિયાં થકી પરિયાણી રે, સંત આવ્યાં કરજીસણ ભણી રે ॥૨૩॥
તિયાં વિરાજતા હરિરાય રે, સંત ભક્ત સમોહે ઉછાય રે ॥
તેનાં કીધાં પ્રેમે દરશન રે, દંડવત્ પ્રણામ પ્રસન્ન રે ॥૨૪॥
મળ્યાં બાથમાં સહુ મરાળ રે, આલી રાજીપો ત્યાં તત્કાળ રે ॥
ત્યારે સંત થયાં છે હુલાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ક્ષમાનો ઉપદેશ દીધો એ નામે એકસો ને ત્રીસમું પ્રકરણમ્ ॥૧૩૦॥

પ્રકરણ : ૧૩૧

પૂર્વછાયો :

ત્યાર પછીની વારતા, સહુ સાંભળજ્યો દઈ ચિત્ત ॥
મુક્તમુનિ લઈ મંડળી, આવ્યાં કરજીસણે ખચિત ॥૧॥
સામસામા દંડવત્ કર્યાં, હરિ હરિજને વળી સંતને ॥
ભેખધારીએ દુઃખ દીધા, તે સુણાવિયું ઘનશ્યામને ॥૨॥
વળી સંતપણે રહી, ધરી ક્ષમા ધીર અપાર ॥
તે સુણી અવિનાશજી, થયાં રાજી ઘણું નિરધાર ॥૩॥

ચોપાઈ :

પછી સંત સંગે ઘનશ્યામ, રહ્યાં ગોવિંદ ભક્તને ઠામ ॥
તિયાં જમી જમાડ્યા મરાળ, નિજ ભક્તની લઈ સંભાળ ॥૪॥
બીજે દન શ્રીહરિએ પોત્યે, સંત જુદા કરી નેહ સોત્યે ॥
મુક્તમુનિ સુખાનંદ સોય, તેનાં મંડળ બાંધિયા દોય ॥૫॥
પછી મુક્તમુનિનું મંડળ, મેલ્યું અમદાવાદે અમળ ॥
સંત સુખાનંદને સુજાણ, નિજ પાસે રાખ્યા છે પ્રમાણ ॥૬॥
ત્યાંથી આવ્યાં ડાંગરવે નાથ, સર્વે સંતનો લઈ સંગાથ ॥
વેણીદાસ પટેલ ત્યાં નામે, તેને ઘેર જમાડિયા શ્યામે ॥૭॥
પછી સધાવિયા તિયાં થકી, સુખાનંદ મુનિને ત્યાં મૂકી ॥
આવ્યાં અમદાવાદે દિનેશ, રહ્યાં રંગભર સવિશેષ ॥૮॥
ભટ્ટ નથુરામને સદન, જમ્યા ભૂધરજી દશ દન ॥
ત્યાંથી આવિયાં જેતલપુર, જન મોદ પામ્યા અતિ ઉર ॥૯॥
વિપ્ર આશારામને ઉતારે, સંત જમાડિયા એકહારે ॥
પછી તિયાં થકી પરિયાણી, આવ્યાં ચોસરમાં મોજ માણી ॥૧૦॥
તિયાં ભક્ત શ્રીહરિના ખાસ, તેનું નામ છે ભવાનીદાસ ॥
તેનાં ઘેર કરીને ઉતારા, સહુ ચાલ્યાં ત્યાંથી પરબારા ॥૧૧॥
આવ્યાં ગોવિંદ ગામડી ગામ, બાપુભાઈ ભક્તને મુકામ ॥
રઘુનાથ તથા કાકુભાઈ, તેને ઘેર જમ્યા સુખદાઈ ॥૧૨॥
પછી પધાર્યા કણભે નાથ, સત્સંગીનો લઈ સંગાથ ॥
તિયાં નાથ ભક્તને ભુવન, જન જમાડિયા તેહ દન ॥૧૩॥

INDEX

તિયાં ખબર જાણી પ્રભુએ, મુક્તમુનિ છે ભુવાલડીએ ॥
માટે ચાલ્યાં ત્યાં થકી મોહન, આવ્યાં ભુવાલડી બીજે દન ॥૧૪॥
મળ્યાં મુક્તમુનિને સાક્ષાત, એહ ગામે રહ્યાં સહુ રાત્ય ॥
રસ રોટલી જમ્યા રસોઈ, પછી ચાલ્યાં ત્યાંથી સહુ કોઈ ॥૧૫॥
કહે મુક્તમુનિને મહારાજ, અમે વહેલાલ જઈશું આજ ॥
તમે આવજો પ્રભાતમાંય, મળશું આનંદે સહુને ત્યાંય ॥૧૬॥
પછી વાલો પધાર્યા વહેલાલ, સંગે નરનારી ને મરાળ ॥
ભક્ત અમીન જેસંગભાઈ, તેને ઘેર રહ્યાં સુખદાઈ ॥૧૭॥
બીજે દન સભા રચી સાર, રૂડાં ઉપવને નિરધાર ॥
બોલ્યા શ્રીહરિ સભામાં વેણ, આજ થકી માનો મારું કે'ણ ॥૧૮॥
ઘણું કષ્ટ દિયે અસુરાણ, માટે અમે વિચાર્યું પ્રમાણ ॥
મૂર્તિ માળા તિલકને છોડી, રહેજો અલક્ષ્યપણે અજોડી ॥૧૯॥
સનકાદિક શુકદેવ તણી, રીત કરી શ્રીહરિએ ઘણી ॥
સંવત અઢાર બાસઠ વર્ષે, કર્યાં સંત પરમહંસ હર્ષે ॥૨૦॥
ફાગણ વદિ પાંચમને દને, રીત જૂજવી પાડી મોહને ॥
મુખ્ય કીધાં એમાં મુક્તાનંદ, ત્યાર કેડ્યે કર્યાં બ્રહ્માનંદ ॥૨૧॥
પછી કીધાં મુનિ નિત્યાનંદ, અદ્વૈતાનંદ ચૈતન્યાનંદ ॥
સંત દીક્ષાને મેલી મરાળે, ગ્રહી ભાગવતી તેહ કાળે ॥૨૨॥
ગ્રહી વચન હરિનું સહુ, પાળ્યું મુનિએ પ્રેમેથી બહુ ॥
એમ વહેલાલમાં લીલા કરી, તે તો કીધી ઘણો પ્યાર કરી ॥૨૩॥
દાસ તજી રૂડાં નંદ નામ, સંતને ધરાવિયા તે ઠામ ॥
પછી ચાલ્યાં ત્યાંથી સુખધામ, કરવા અનેક જીવના કામ ॥૨૪॥
ધન્ય ધન્ય શ્રીહરિ ને સંત, રૂડી લીલા કરે છે અત્યંત ॥
દેશોદેશ ફરે કરી વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે પરમહંસ દીક્ષા ગ્રહણ કરી એ નામે એકસો ને એકત્રીસમું પ્રકરણમ્ ॥૧૩૧॥

પ્રકરણ : ૧૩૨

પૂર્વછાયો :

એક સમે સુંદરજી, લઈ ભુજ કુંવરની જાન ॥
સજી સામૈયા વેલ્યનાં, જાય હાલાર દેશ નિદાન ॥૧॥
વાટે સરધાર આવતાં, લીધો ભાગોળ્યમાં વિશરામ ॥
તેહ સમે તોંગાજીને, ઘેર બિરાજતા ઘનશ્યામ ॥૨॥
વાત જાણી વધાઈની, ઘણું હરખિયા સુંદરજી ॥
પછી મનમાં વિચારિયું, જાવું દરશને અન્ય તજી ॥૩॥

ચોપાઈ :

પછી સમજાવ્યા સાથી તમામ, મારે પડ્યું અવશ્યનું કામ ॥
તમે જાઓ હું આવું છું વાંસે, એમ કહી આવ્યાં પ્રભુ પાસે ॥૪॥
પ્રીત્યે પેખિયા પૂરણકામ, કીર્યા સાષ્ટાંગ દંડ પ્રણામ ॥
ત્યારે વેણ બોલ્યા અવિનાશ, કહો કોણ આવ્યું અમ પાસ ॥૫॥
આવ્યો દાસ આ પ્રભુ તમારો, એમ દીધો હળવેથી નારો ॥
પૂછ્યું પ્રભુએ ફરીને નામ, દાસ દાસ કહે કરભામ ॥૬॥
પછી દાસનું લક્ષણ હરિ, ભક્ત સુંદરજીને પૂછે ફરી ॥
જેમ સ્વામી કહે તેમ કરે, એ જ લક્ષણ દાસનું ઠરે ॥૭॥
એમ કહીને જોડિયા હાથ, હરિવરને સ્નેહ સંગાથ ॥
ત્યારે કસોટી કરવા કીધું, નાથે મનમાં વિચારી લીધું ॥૮॥
કર્યો હુકમ હરિએ આવો, મોટી મૂછ ને દાઢી મૂંડાવો ॥
પહેરી ભગવા ઉઘાડે પાય, જઈ કાશીએ વળજો આંય ॥૯॥
સુણી વચન ઉર વિશેષ, દાઢી મૂછના મુંડાવી કેશ ॥
રંગ્યા વસન માટી મંગાવી, ચાલ્યાં કાશીએ ઉમંગ લાવી ॥૧૦॥
પછી આવી મુક્તમુનિ પાસ, વાણી ઉચ્ચરિયા અવિનાશ ॥
કેવું કર્યું અમે રૂડું કાજ, તે અમોને કહો ગુરુરાજ ॥૧૧॥
કહે મુક્તમુનિ તેહ સમે, એનો મર્મ શું જાણીએ અમે ॥
પણ ભેખ આ દેશ મોઝાર, જ્યારે ઉપાધિ કરતાં અપાર ॥૧૨॥
ત્યારે સહુ જાતાં કચ્છ દેશ, તિયાં દુઃખ નો'તુ લવલેશ ॥
કાં જે સુંદરજી સુથાર જેહ, મહારાજાના દીવાન તેહ ॥૧૩॥

અન્ય ભેખધારી દુષ્ટ સહુ, તેનાથી ડરતા રહેતા બહુ ॥
પણ સાધુ કર્યાં તમે આંઈ, હવે કચ્છમાં નહિ જવાઈ ॥૧૪॥
બહુ અસુરાણો રાખી વેર, મહાદુઃખે મચાવશે કે'ર ॥
એક એક શોધીને મરાળુ, દેશે દુઃખ આલી ભૂંડી ગાળ્યું ॥૧૫॥
તન ઝરણા કરી અપારા, સર્વોપરી ઓળખાવનારા ॥
જગમાંહિ છે એક જ સંત, નથી અન્ય કોઈ ભગવંત ॥૧૬॥
નિત નિત જો એહ રોળાશે, તૈયે સત્સંગનું શુંયે થાશે ॥
માટે કરું વિનંતી મહારાજ, એમ કરવું ઘટે નહિ આજ ॥૧૭॥
સુણી વાત વાલાજીએ જયાંય, ઊંડા ઉતર્યા અંતરમાંય ॥
કીધી ભૂલ્ય પ્રભુએ કબૂલ, થયાં મનમાં ઘણાં વ્યાકુળ ॥૧૮॥
પછી બોલ્યા તિયાં બહુનામી, અમે પૂછીએ તમને સ્વામી ॥
હવે કરવું ઘટે આનું જેમ, કરવું અમારે જરૂર તેમ ॥૧૯॥
ધોળા પહેરાવી તેને આ વાર, પાછા મોકલો સુખે સંસાર ॥
એમ બોલિયા પ્રીત્યે મરાળ, સુણી હસ્યા લગાર દયાળ ॥૨૦॥
પાછા બોલાવિયા સુંદરજી, નહોતા પહોંચિયા દૂર હજી ॥
પૂછ્યું દાસનું લક્ષણ ફરી, કહ્યું કરવું જેમ કહે હરિ ॥૨૧॥
પ્રભુ બોલિયા ભેખ ઉતારો, ખરો હોય જો દાસ અમારો ॥
સજી સુંદર શરીરે સ્વાંગ, ધારો તન ભૂષણ પોષાગ ॥૨૨॥
લઈ આગન્યા હરિની સાને, પહેરી વસન આવિયાં જાને ॥
ત્યારે જનૈયે આશ્ચર્ય લાવી, પૂછ્યું શીદ આ મૂછ મૂંડાવી ॥૨૩॥
બાધા માની'તી મન મગન, થઈ પૂરણ તે નિરવિઘન ॥
એમ કહ્યું સુંદરજી દાસે, ત્યારે જન થયાં છે હુલાસે ॥૨૪॥
માન્યું મુક્તમુનિનું વચન, વનમાળીએ અતિ પ્રસન્ન ॥
રાખ્યા સંસારે સુંદરદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુંદરજી સુતારની પરીક્ષા કરી એ નામે એકસો ને બત્રીસમું પ્રકરણમ્ ॥૧૩૨॥

પ્રકરણ : ૧૩૩

પૂર્વછાયો :

અસિધારાએ ચાલવું, તેથી સંત થાવું કઠણ ॥
એવા સંત મળ્યાં થકી, ન રહે જન્મમરણ ॥૧॥
સતી શૂરાને સહજ છે, બે ઘડીનું કામ ॥
પણ સંત થયાં પછી, જીવનભર સંગ્રામ ॥૨॥
તેની અનુપમ વારતા, કહું સાંભળજો નરનાર ॥
પછી મનમાં માનજયો, વિવેક વિષય સાર ॥૩॥

ચોપાઈ :

જ્યારે આવ્યાં સુંદરજી દાસ રે, ઉર ધરી દર્શનની આશ રે ॥
તેને સાધુ કર્યા મહારાજે રે, કેવળ પરીક્ષા કરવા કાજે રે ॥૪॥
તેમાં ખરેખરા તે ઉતર્યા રે, પ્રભુ આગન્યાને ઘણું વર્યા રે ॥
પણ મનમાં વાત એ રહી રે, મુજ જેવો બીજો કોઈ નહિ રે ॥૫॥
ગયાં દન પછી એમ દન રે, ભાદરા પધાર્યા જગજીવન રે ॥
નિજ ભક્તના મનનો ઘાટ રે, પારખી ગયાં છે પ્રભુરાટ રે ॥૬॥
પછી માન તેહનું હણવા રે, બેઠા બળવંત પત્ર લખવા રે ॥
લખ્યું પ્રભુએ કાગળમાંય રે, તે તો પ્રસિદ્ધ છે શાસ્ત્રમાંય રે ॥૭॥
માંચા સુરા સોમલા અલૈયા રે, મૂળુ નાજા માતરા મામૈયા રે ॥
અજા જીવા વીરદાસ વળી રે, લાધા કાળા કમળશી મળી રે ॥૮॥
એહ સર્વે તજી ઘરબાર રે, થાજયો પરમહંસ નિરધાર રે ॥
જેમ મોટા મોટા ઘર મેલી રે, ભજ્યા હરિ તજી જગ ઠેલી રે ॥૯॥
માટે માનજ્યો આજ્ઞા અમારી રે, મૂકજ્યો સહુ મનમાં વિચારી રે ॥
એમાં વેળ્ય મ કરશો કોય રે, પત્ર મળ્યે નીસરજો સોય રે ॥૧૦॥
પછી સૌ મળી જેતલપુર રે, આવી ભગવા પેર્યા જરૂર રે ॥
ત્યાંથી રામદાસજી સંગાથ રે, ચાલ્યાં ભુજ નીરખવા નાથ રે ॥૧૧॥
એમાં કુંડળના રાયબાઈ રે, તેનો સુત મામૈયો ગણાય રે ॥
ભુજ જાતાં તેની ધીર ખૂટી રે, ઈચ્છા સંસારની મન ફુટી રે ॥૧૨॥
તેથી પાછો વળ્યો નિજ ઘેર રે, દ્વારે આવી ઊભો રૂડી પેર રે ॥
કીધો માતાને એમ સંદેશ રે, આવ્યો ઉતારી હું સાધુ વેશ રે ॥૧૩॥

INDEX

ત્યારે માંએ પૂછાવિયું એમ રે, અરે પાછો વળ્યો કહે કેમ રે ॥
સુણી સુત કહે હું તો માંઇ રે, મુજ ઈચ્છાથી આવ્યો છું આંહિ રે ॥૧૪॥
ત્યારે હાથિયો જે એથી નાનો રે, આવી બોલિયો માં મારું માનો રે ॥
લઈએ હાથે ઢાલ તલવાર રે, લઉં સાંબેલું હું નિરધાર રે ॥૧૫॥
ઘર થકી કાઢી બાર એને રે, હાંકી મેલો બીજે ઠામ એને રે ॥
જેણે લોપ્યું પ્રભુનું વચન રે, તેને રાખશું નહિ ભવન રે ॥૧૬॥
ઘણી કરી મામૈયે આજીજી રે, પણ માત એની નવ રીઝી રે ॥
તેથી ત્યાંથી સિધાવી મામૈયો રે, આવી તુરખામાં જઈ રહ્યો રે ॥૧૭॥
એમ વિત્યા જ્યારે બહુ દન રે, જાણી વાત પોત્યે ભગવન રે ॥
પછી મુક્તમુનિને બોલાવી રે, ઘણું નાથે કહ્યું સમજાવી રે ॥૧૮॥
સ્વામી સિધાવો કુંડળ આપ રે, ત્યાં છે રાઈબામાં નિષ્પાપ રે ॥
વળી હાથિયો જે સુત તેનો રે, દુરાગ્રહ મેલાવો એ બેનો રે ॥૧૯॥
સુણી સ્વામી તિયાંથી સિધાવ્યા રે, રાઈબા તણે કુંડળ આવ્યાં રે ॥
પછી દઈ ઘણો ઉપદેશ રે, રાઈબાને મેલાવ્યો સંદેશ રે ॥૨૦॥
મેલો રોષ હવે તમે દોય રે, હઠ હૈયે ન રાખશો કોય રે ॥
રાખો મામૈયાને હવે ઘેર રે, તેહ સંગે રાખો નહિ વેર રે ॥૨૧॥
એ તો ભક્ત પ્રભુના મહાન રે, સર્વોપરી જાણે ભગવાન રે ॥
જે થયું તે પ્રભુની ઈચ્છાય રે, તેનું રાખો નહિ મનમાંય રે ॥૨૨॥
એમ ઘણું ઘણું સમજાવ્યું રે, માતપુત્રને તે મન ભાવ્યું રે ॥
મુક્તમુનિની આગન્યા થાતા રે, મામૈયાને તેડ્યો હરખાતાં રે ॥૨૩॥
આવ્યો તુરખેથી નિજગામ રે, કેડ્યે મોદ પામ્યાં છે તમામ રે ॥
ધન્ય ધન્ય મહામુનિરાય રે, જેના વચને સંપ સધાય રે ॥૨૪॥
સ્વામી સર્વ તણાં ઉપકારી રે, તેનાં ચરણની બલિહારી રે ॥
નથી કળિનો ત્યાં અવકાશ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મામૈયાને પાછો ઘેર રાખ્યો એકસો ને તેત્રીસમું પ્રકરણમ્ ॥૧૩૩॥

INDEX

પ્રકરણ : ૧૩૪

પૂર્વછાયો :

એક સમે મુક્તાનંદજી, આવ્યાં ભૂજથી કાળેતળાવ ॥
તિયાં વિરાજે વાલમો, નિજજન સંગે દયાળ ॥૧॥
મુનિ મળ્યાં ઘણું પ્રેમથી, ખબર પૂછી સતસંગની ॥
પછી શ્રીહરિ બોલિયા, કરું વાત હવે મુજ અંગની ॥૨॥
કેને માન્યું વચનને, કેને માન્યું નહિ લવલેશ ॥
તોલ તેનો જેમ કરવો, તે સાંભળજો વિશેષ ॥૩॥

ચોપાઈ :

હોય રાતને કહીએ દન, કૈયે દનને રાત સઘન ॥
એહ વચન માને અમારાં, એ જ ખરા વેણ પાળનારા ॥૪॥
વળી મનાય નહિ જો આમ, પરબારા જાજયો બીજે ગામ ॥
કરો રાત્ય લગણ વિચાર, કહેજયો પ્રભાતમાં નિરધાર ॥૫॥
પછી સંત સર્વે મળી રહ્યાં, કેશવજીની ઓરડીએ ગયાં ॥
વીતી રાત ને આવ્યાં પ્રભાતે, મળ્યાં શ્રીહરિને સહુ ખાંત્યે ॥૬॥
હસી બોલે હરિવર એમ, કહો કર્યો નિરધાર જેમ ॥
ત્યારે મુક્તમુનિ કહે વાણ, કર્યો વિચાર એમ સુજાણ ॥૭॥
જે જે કીધાં છે આપે વચન, તે તો મનાય અંતર મન ॥
પણ બહાર દીસે છે ભેદ, તેહ પળે નહિ તેનો ખેદ ॥૮॥
ત્યારે મંદમંદ હસિ હરિ, બોલ્યા મુનિજન પ્રત્યે ફરી ॥
જેહ મનાય અંતરે સાચું, બહાર ભેદ જણાય તે કાચું ॥૯॥
તેને સુણી રાજી થયાં સહુ, ભેટ્યા એકેકને પ્રભુ બહુ ॥
દ્રઢ શીખવી આજ્ઞા પાલન, ગયાં ગઢપુર થોડ્યે દન ॥૧૦॥
તિયાં પરીક્ષા કરવાને કાજે, વ્રતમાન ફેરવ્યું મહારાજે ॥
કહ્યું આજ કેડ્યે મુનિવર, પહેરો શરીરે ટાટ અંબર ॥૧૧॥
ત્યારે સ્વામીશ્રીએ કરી પહેલ, ઘણું રાજી કરવા અલબેલ ॥
પેર્યું પ્રથમ ટાટ શરીર, નવ તોડ્યું વચન લગીર ॥૧૨॥
પછી આવી બીજા સંત પાસ, કીધી આગન્યા પ્રભુની ખાસ ॥
રાજી કરવા ઘણું પ્રતિપાળ, અંગે ધારજો ટાટ મરાળ ॥૧૩॥

INDEX

એમ કરતાં અંધારી રાત્ય, વીતી ગયે થયું પરભાત્ય ॥
કરી કથા શ્રીહરિએ ભોરે, ઓરડા જે આથમણી કોરે ॥૧૪॥
બોલ્યા મુખે માણિગર તિયાં, ટાટ પહેરેલા રહેજો ઈયાં ॥
ટાટ પેર્યા નહિ જેણે તન, તેને નહિ દૈયે દરશન ॥૧૫॥
એમ આગન્યા આપી મોહને, સંત સુણી રહ્યાં પરસને ॥
જેણે પેર્યા નો'તા અંગે ટાટ, તેણે માંગિયા પહેરવા માટ ॥૧૬॥
પછી મહારાજને મળ્યાં સંત, ભાવથી ભેટ્યા સહુ અત્યંત ॥
એમ આગન્યા વચન કેદિ, કોઈ સંત રહ્યાં નહિ ભેદી ॥૧૭॥
ત્યાર કેડ્યે બોલ્યા ભક્તજન, સુરો સોમલો આદિ પાવન ॥
વ્રતમાન ઠેરાવ્યું તે ઠીક, પણ રહેશે હવે ઘણી બીક ॥૧૮॥
ઝોળી માટે જ્યારે સંત જાશે, ટાટ કૂતરાં કરડી ખાશે ॥
વળી પેર્યા થકી થાશે ચળ્ય[1], માટે મૂકો પ્રકરણ આ પળ ॥૧૯॥
પછી પ્રભુએ ટાટ મૂકાવી, પટ ભગવા દીધાં પેરાવી ॥
એમ શ્રીહરિએ ગઢપુર, સંતને ઘણું તાવ્યા જરૂર ॥૨૦॥
જ્યારે જ્યારે પ્રભુ વ્રતમાન, કરે ભિન્ન સંતમાં નિદાન ॥
ત્યારે ત્યારે નિજ ગુરુદેવ, મુક્તમુનિને પૂછે અભેવ ॥૨૧॥
એકવાર બોટાદ નગર, આજ્ઞા આપી'તી મુનિને શિર ॥
અમ કાજે લાવે કોઈ વસ્ત્રા, તે તો ગ્રહેવા તમારે જ તત્ર ॥૨૨॥
તેની અલફી રૂડી કરાવી, દેવી સંતને પ્રસાદી કરાવી ॥
પછી આગન્યા ચડાવી માથે, કર્યું જેમ કીધું મુનિનાથે ॥૨૩॥
ક્યારે શિષ્ય થાય ગુરુ પોત્યે, ગુરુ બને શિષ્ય સ્નેહ સોત્યે ॥
એવો અરસપરસ જે પ્રેમ, તેને જાણી શકે જગ કેમ ॥૨૪॥
નથી જોઈ જોડી જગમાંય, મુક્ત મુક્તપતિ કેરી ક્યાંય ॥
તેને સંભારતા થાય હાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ ટાટ પહેર્યું એ નામે એકસો ને ચોત્રીસમું પ્રકરણમ્ ॥૧૩૪॥

---

૧. ખંજવાળ

પ્રકરણ : ૧૩૫

પૂર્વછાયો :

સુણે કથા જે શ્રવણે, તે પામે પૂરણ વાંછના ॥
વળી કલ્મષ કળજુગે, થાય વેગળા અધક્ષણમાં ॥૧॥
ભક્તપતિ ભગવાનનાં, ચરિત્ર સર્વે મોક્ષદા ॥
તેમ ભક્ત ભગવાનના, ચરિત્ર સઘળાં સર્વદા ॥૨॥
દુરમતિ જન જક્તના, માને નહિ આ વાત ॥
પણ પ્રભુના ભક્તને, તે સમ ન કોઈ મિરાંથ ॥૩॥

ચોપાઈ :

એક સમામાંહિ મહારાજે, કીધી આજ્ઞા મહામુનિ કાજે ॥
સુખે સધાવો અમદાવાદ, જૈ કરજો સતસંગનો નાદ ॥૪॥
ત્યારે બોલ્યા મુક્તાનંદ સ્વામી, પહેલા જાતાં જ્યારે બહુનામી ॥
દશ જણનું પૂરતું અન્ન, નોતું ભેળું થતું તેહ દન ॥૫॥
ત્યારે બોલ્યા પ્રભુ સુખધામ, તૈયે જાજ્યો પચાસ તે ગામ ॥
કહે સ્વામી સુણો દીનાનાથ, કેમ રાખું પચાસ સંગાથ ॥૬॥
નથી દશનું પૂરણ થાતું, તમે કરો પચાસની વાતું ॥
ત્યારે બોલ્યા હરિ હઠ લઈ, હવે સંત જાઓ શત લઈ ॥૭॥
વળી કહે મુક્તાનંદ સ્વામી, દયા લાવોને અંતરજામી ॥
ત્યારે બોલ્યા પ્રભુ આણી અંત, જાજ્યો ભેળા થઈ બસ્સે સંત ॥૮॥
પછી વેણ કહ્યાં વિણ કાંય, લીધાં સંત સંગે સહુ ત્યાંય ॥
કરી શ્રીહરિને દંડવત્, પછી ચાલ્યાં તિયાં થકી તર્ત ॥૯॥
જાતાં જાતાં કહ્યું મહારાજે, સૌને ઉતારા કરવા કાજે ॥
દરિયાખાનનો ઘુમ્મટ જિયાં, સંત રહેજ્યો તમે સહુ તિયાં ॥૧૦॥
એવી આગન્યા ચડાવી શિર, આવ્યાં મુક્તમુનિ શ્રીનગર ॥
કર્યો ઘુમ્મટમાંહિ નિવાસ, ધરી અંતરમાં અવિનાશ ॥૧૧॥
તેહ સમાની આશ્ચર્ય વાત, સંભળાવું સનેહે સાક્ષાત ॥
શેઠ રહેતો જે શહેર મોઝાર, તેનો દેહ પડ્યો નિરધાર ॥૧૨॥
તેની કરવા અંતિમ ક્રિયા, સહુ જન મસાણે આવિયાં ॥
બેસી ચિત્તા પાસળે નચિંત, કરે વાતું બ્રહ્મની ખચિત ॥૧૩॥

એવાં બેઠેલા બ્રહ્મ કુદાળ, તેને દેખીને બોલ્યા મરાળ ॥
બ્રહ્મરૂપ થવું છતે દેહ, ઘણું વરતે છે કઠણ તેહ ॥૧૪॥
ત્યારે જન કહે સુણો સ્વામી, નથી અમારે અંતર ખામી ॥
અમે છૈયે ખરા કેવળીક, બુદ્ધિ બ્રહ્મ વિશે પોંચે ઠીક ॥૧૫॥
એવું સાંભળી મુનિએ ત્યાંય, અલ્પ વેણ બોલ્યા નહિ કાંય ॥
સહુ બેઠા સંતની સમક્ષ, હતું આંબલીનું જિયાં વૃક્ષ ॥૧૬॥
ધર્યું ધ્યાન મરાળે અનુપ, તેમાં દીઠું શ્રીહરિ સ્વરૂપ ॥
તેહ સમે પડ્યો તરુ થકી, કાળો સર્પ પૃથ્વીએ નકી ॥૧૭॥
આવી ચડ્યો તે સંત શરીર, તોય ધ્યાને રહ્યાં સંત સ્થિર ॥
કોઈના કરમાં સળવળ્યો, કોઈના પગમાં જઈ વળ્યો ॥૧૮॥
કોઈને ચડ્યો શિર ઉપર, વળી કોઈકને છાતી પર ॥
કોઈના વાંસામાં જઈ ફર્યો, એવો ખેલ ઉરગે આદર્યો ॥૧૯॥
મુક્તમુનિ તો ધીર ગંભીર, રહ્યાં ધ્યાન વિશે સદા સ્થિર ॥
દેખી સંત તણી એવી રીત્ય, સહુ જન થયાં છે ચકિત ॥૨૦॥
પછી સર્પ ગયે સહુ દોડી, આવ્યાં સ્વામી પાસે કરજોડી ॥
કરો ક્ષમા દયાળુ આ સમે, ખરા સંત કેવળીક તમે ॥૨૧॥
જક્ત જેવા તમને પરમાણ્યા, હતાં જેવા એવા નવ જાણ્યા ॥
પણ આપ છો બ્રહ્મ સદેહ, એહ વાતમાં નહિ સંદેહ ॥૨૨॥
લ્યો રસોઈ અમારી મહારાજ, કરો પાવન અમને આજ ॥
પછી ભક્ત કેરા ભાવ જોઈ, રૂડી રીત્યની કરી રસોઇ ॥૨૩॥
એમ ઘણાં દન લગી તિયાં, જન દેવા રસોયું આવિયાં ॥
મુક્તાનંદજીની સુણી વાત, સતસંગી થયાં રળિયાત ॥૨૪॥
દીધો પરચો એવો મરાળે, જન છૂટ્યા કુસંગની જાળે ॥
જન સત્સંગ પામ્યા હુલાસે, કહ્યું ઘનશ્યામપ્રકાશદાસે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે દરિયાખાનના ઘુમ્મટમાં પધાર્યા એ નામે એકસો ને પાંત્રીસમું પ્રકરણમ્ ॥૧૩૫॥

પ્રકરણ : ૧૩૬

પૂર્વછાયો :

દરિયાખાન ઘુમ્મટમાં, સહુ સંત રહ્યાં સંગાથ ॥
નિશદન રહે કેફમાં, સદા સમરે દીનાનાથ ॥૧॥
જે જન આવે શરણે, તેને ઓળખાવે સુખધામ ॥
પ્રેમે પ્રભુ ભજાવવા, રહે હૈયે કેવળ હામ ॥૨॥
ગણી નહિ નાતજાતને, જેમ મેઘ ન જુવે સ્થળ ॥
તેમ અતિ કરુણા કરી, ભક્તિ કરાવે અમળ ॥૩॥

ચોપાઈ :

એમ આઠે પહોર આનંદમાં, રહે સંત સહુ ઘુમ્મટમાં ॥
હતું ઠામ તે નિર્જન ઘણું, છતે દન ભાસે બિયામણું ॥૪॥
તરુ આંબલિયુંના અપાર, અતિ વેરાન વગડા મોઝાર ॥
તેહ વાંસે મોટું શમશાન, તેથી જન વસે નૈ નિદાન ॥૫॥
પણ પ્રભુએ આગન્યા કરી, તેથી સંત રહ્યાં તિયાં ઠરી ॥
કરે ધૂન્ય કીરતન કથા, ટાળે શરણાગતની વ્યથા ॥૬॥
ભિક્ષા અન્ન માંગી નિત જમે, ક્યારે ઉપવાસે દેહ દમે ॥
આવે કાંકરા અન્નમાં જયારે, જાય સાબરમતીયે ત્યારે ॥૭॥
તિયાં જળે કરે શુદ્ધ અન્ન, પછી પાશેર જમે તે દન ॥
ક્યારે પીવે છે સંત કેવળ, પંડ રાખવાને અલ્પ જળ ॥૮॥
વળી બન્યું એક સમામાંય, સંત ચાલતા ઉઘાડે પાય ॥
તેથી મુક્તમુનિ આદિ સહુ, દાઝ્યા પગમાંહિ જયારે બહુ ॥૯॥
હરિ રહ્યાં હતાં ભૂજે જઈ, તેને પગે બળતરા થઈ ॥
એમ પોતે ને પોતાના સંત, તેનું ઐક્ય દેખાડ્યું અત્યંત ॥૧૦॥
પછી અમદાવાદ મોઝાર, થયું આશ્ચર્ય અતિ અપાર ॥
એક દન સંધ્યા સમે કહુ, થયાં ઘુમ્મટે કડાકા બહુ ॥૧૧॥
ભાત ભાત્યના ભૂંડા અવાજ, સંભળાય આંબલિયે આજ ॥
જેમ જેમ વહી છે રજની, તેમ તેમ વાધી ક્રૂર ધ્વનિ ॥૧૨॥
પછી મુક્તાનંદે મન જાણ્યું, પ્રેત હશે એમ પરમાણ્યું ॥
એવાંમાં કડાકો ભયંકર, સહુને જણાણો પળભર ॥૧૩॥

પછી સ્વામીએ મંગાવી વારિ, ચાલ્યાં ઘુમ્મટમાં પ્રભુ ધારી ॥
ત્યારે સંત બોલ્યા કરભામી, નવ જાશો ઈયાં આપ સ્વામી ॥૧૪॥
પણ કરવા જીવનો ઉદ્ધાર, સ્વામીએ વિચાર્યું નિરધાર ॥
દેહ ધર્યો છે કલ્યાણ કાજ, તે તો કરવું સાર્થક આજ ॥૧૫॥
એમ વિચારી આવિયાં માંહિ, લીધી જળની અંજલી જ્યાંહિ ॥
લીધું સ્વામિનારાયણ નામ, છાંટ્યુ જળ પવિત્રા તે ઠામ ॥૧૬॥
ત્યાં તો ભૂત હજારો હજાર, સહુ મળી આવ્યાં તેહવાર ॥
માંડ્યા આળોટવા સ્વામી પાય, મુખે કહેવા લાગ્યા નિજ હાય ॥૧૭॥
ઘણાં ઘણાં કર્યાં અમે પાપ, જૂઠા શાસ્ત્ર સમજી અમાપ ॥
કર્યો દેહ મનુષ્યનો વ્યર્થ, તેથી નવ સર્યું કાંઈ અર્થ ॥૧૮॥
ભૂંડી વાસના મનમાં રહી, મુવા કેડ્યે આવી દશા ગ્રહી ॥
અતિ દુઃખદાયી આ શરીર, કષ્ટ સહ્યું છે અમે અધીર ॥૧૯॥
માટે દયા આણી દલમાંય, અમને ઉગારો હે મુનિરાય ॥
એમ બોલ્યા સહુ પ્રેત ઘણું, તેથી દિલ દ્રવ્યું સ્વામી તણું ॥૨૦॥
પછી કરમાં લઈને જળ, છાંટ્યું તેહ ઉપર અમળ ॥
પ્રેત મટી દિવ્ય દેહધારી, સહુ થયાં સદ્ય એકહારી ॥૨૧॥
પછી બોલ્યા મહામુક્ત રાજ, હરિ કૃપા થકી તમે આજ ॥
છૂટ્યા પ્રેત યોનિમાંથી બહાર, દુઃખ ટળ્યા અમારા અપાર ॥૨૨॥
હવે બદ્રિકાશ્રમે સધાવી, તન તપ કરો ધીર લાવી ॥
પૂર્ણ ઉપશમ સ્થિતિ પામી, જાજ્યો બ્રહ્મમોલે ભાંગી ખામી ॥૨૩॥
સુણી વાણી અતિ સુખધામ, ગયાં પ્રેત સહુ બદ્રિધામ ॥
કર્યાં ભૂતના એમ ઉદ્ધાર, પળવારમાંહિ નિરધાર ॥૨૪॥
આવી સામર્થી બીજે ન હોય, હોય જો હરિ મળેલ કોય ॥
તેને મળ્યે મળ્યા અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે અમદાવાદમાં ભૂતોનો ઉદ્ધાર કર્યો એ નામે એકસો ને છત્રીસમું પ્રકરણમ્ ॥૧૩૬॥

INDEX

પ્રકરણ : ૧૩૭

પૂર્વછાયો :

એક સમે અમદાવાદમાં, મુક્તમુનિએ ધરી પ્યાર ॥
આગન્યા કરી સંતને, રૂડી વિદ્યા ભણવા સાર ॥૧॥
પછી મેલ્યા પાઠશાળામાં, પાઠ લેવા કાજે મરાળ ॥
તેથી જઈને પુરમાં, કરે અભ્યાસ લઈ સંભાળ ॥૨॥
મુક્તમુનિ પણ ખંતથી, સહુ સંતની રાખે તપાસ ॥
એમ કરતાં પૂરો થયો, વિદ્યા ભણવામાં એક માસ ॥૩॥

ચોપાઈ :

ત્યાર પછી થઈ જેહ વાત, સંભળાવું તે સ્નેહે સાક્ષાત ॥
જે જે પાઠ ગુરુ પાસે લેતાં, વળી ગુરુ જે જે પાઠ દેતા ॥૪॥
તેહ ગુરુ આવતા ઉતારે, નિત્ય સંધ્યા સમે એકધારે ॥
આવી પૂછતા સહુને એમ, આજનો પાઠ કર્યો કે કેમ ॥૫॥
હોય પાઠમાં જો મુશ્કેલી, તેને પૂછો તો દઉં ઉકેલી ॥
માટે ચિંતા મ કરજો કાંઈ, ફરી ફરી સમજાવું આંઇ ॥૬॥
એમ ચાલ્યો સુંદર અભ્યાસ, સ્વામીને પણ થાય સમાસ ॥
એક દિવસ પાઠશાળાએ, પ્રશ્ન પૂછ્યો આચારજે કાંયે ॥૭॥
ત્યારે વળતો કર્યો ઉત્તર, સુણી રાજી થયાં ગુરુવર ॥
ત્યારે ગુરુ બોલ્યા એમ વાણી, તમે સદ્ય લિયો કેમ જાણી ॥૮॥
દિયો સચોટ ઉત્તર એવાં, શંકા પામે નહિ કોઈ રહેવા ॥
ત્યારે સંત કહે નિત્ય આપ, શીખવવા આવો છો અમાપ ॥૯॥
તેથી પાઠ સઘળો સમજાય, હોય શંક તે સરવે જાય ॥
સુણી પંડિત ઘણું વિચારે, નથી જાતો હું સંધ્યાએ ક્યારે ॥૧૦॥
ત્યારે શીદ બને આવી વાત, પછી વિચારી બોલ્યા સાક્ષાત ॥
મોટા શાસ્ત્રી હતાં વિદ્વાન, તે તો મરણ પામ્યા નિદાન ॥૧૧॥
પણ ભણવાની ઈચ્છા હતી, તેથી તેની થઈ અધોગતિ ॥
માટે મુજ તણું ધરી રૂપ, આવે તમને ભણાવા અનુપ ॥૧૨॥
એમ વાત સુણી સહુ સંત, આવ્યાં ઉતારા વિશે અત્યંત ॥
આવ્યાં સંધ્યા સમે ગુરુ જ્યારે, પૂછ્યું સઘળું વૃત્તાંત ત્યારે ॥૧૩॥

INDEX

પછી પંડિત બોલિયા સાચું, હવે કહું નહિ કાંઈ કાચું ॥
જાણી આપને પવિત્ર સંત, નિત ભણાવા આવું અત્યંત ॥૧૪॥
મારા જીવનો કરો ઉદ્ધાર, મુને કાઢો આ તનથી બાર ॥
વાણી સાંભળી એવી ગુરુની, તેને ભેટાડિયા મુક્તમુનિ ॥૧૫॥
રૂડાં વ્રતમાન તેને દઈ, સ્વામીએ મોકલ્યા બદ્રિમંઈ ॥
એમ શાસ્ત્રીનો કર્યો ઉદ્ધાર, વાત પ્રસરી તે પુર મોઝાર ॥૧૬॥
તેને સુણી સારા વિદ્વાન, દિયે સંતને સરવે માન ॥
નિત્ય મુક્તમુનિ પાસે આવી, કથા સાંભળે ઉમંગ લાવી ॥૧૭॥
પછી સ્વામીને એક દિ' વાત, કરે શાસ્ત્રીઓ મળી સાક્ષાત ॥
તમે કરો ભાગવત કથા, તેથી મટે મનુષ્યની વ્યથા ॥૧૮॥
જીવ પામે પદ નિરવાણ, એ છે પ્રત્યક્ષ ને પરમાણ ॥
અમે પણ કથા કહીએ નિત, પણ જીવ ન તરે ક્વચિત ॥૧૯॥
શું હશે તેનું કારણ સ્વામી, ત્યારે બોલ્યા મુક્તાનંદ સ્વામી ॥
લિયો અવળું નહિ જો લેશ, તો હું સંભળાવું સવિશેષ ॥૨૦॥
પછી મુનિ બોલ્યા નિરધાર, દલ તમારે ભર્યો વિકાર ॥
જે જે શબ્દ સરે આપ મુખ, તેથી કેદિ ન ઉપજે સુખ ॥૨૧॥
વાવો શેકેલું અન્ન ધરાયે, તેથી ઉગે શું અન્ન જરાયે ॥
એમ તમારાં મુખની વાત, સ્વાર્થ ભરી સઘળી સાક્ષાત ॥૨૨॥
લૂક લાગેલું પ્રાણી ઉતાપે, પડે ગંગાના જળમાં આપે ॥
ત્યારે વાધે અંગોઅંગ શીત, પછી તાપ રહે ન ખચિત ॥૨૩॥
નિજ દલમાં મૂરતિ ધારી, સામા દલમાં હૈયે ઉતારી ॥
અમો કરીએ છૈયે જે કથા, તે જ ટાળે છે જીવની વ્યથા ॥૨૪॥
પછી શાસ્ત્રી સર્વે મનમાંય, વાણી સુણી રહ્યાં હરખાય ॥
પામી શંકા તેની સહુ નાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે પ્રેત થયેલા શાસ્ત્રીનો ઉદ્ધાર કર્યો એ નામે એકસો ને સાડત્રીસમું પ્રકરણમ્ ॥૧૩૭॥

INDEX

પ્રકરણ : ૧૩૮

પૂર્વછાયો :

સુંદર કથા સાંભળો, ઘણું વિચરતા ઘનશ્યામ ॥
એક સમે અલબેલડો, આવ્યાં જેતલપુર અકામ ॥૧॥
અલૌકિક આનંદ અર્પી, પૂરે જન હામ દિનેશ ॥
જીવ અનેક જગતના, કીધાં સતસંગી વિશેષ ॥૨॥
પછી આપી આગન્યા, મુક્તમુનિને સુજાણ ॥
જાઓ વડતાલ આંહિથી, કોટિ જનનાં કરવા કલ્યાણ ॥૩॥

ચોપાઈ :

દૈવી જીવ વસે તિયાં ઘણાં, અતિ પ્યાસી છે સતસંગ તણાં ॥
કૈંક જન આપે સમજાવ્યા, તેહ સત્સંગમાં ખૂબ ફાવ્યા ॥૪॥
માટે તમે દિયો ઉપદેશ, તેથી આવશે જન વિશેષ ॥
લઈ આગન્યા પ્રભુની તિયાં, મુક્તમુનિ વડતાલે રહ્યાં ॥૫॥
આવ્યાં કુબેરદાસને ઘેર, કર્યો ઉતારો આણીને મેર ॥
કથા ધૂન્યનો કીધો અખાડો, જન આવે હજારુ તે દાડો ॥૬॥
એક નારાયણ બાવા નિત, આવે કથા સુણવા ખચિત ॥
તેને લાગ્યો સતસંગ રંગ, કીધો સ્વામીનો પુનિત સંગ ॥૭॥
ગ્રહી કંઠી ધર્યા વ્રતમાન, ખરા સત્સંગી થયાં નિદાન ॥
કર્યાં બાવાએ ગુરુ અમળ, જેહ પહોંચાડે ધામ અચળ ॥૮॥
એમ સત્સંગ કરતે કાંય, આવ્યું સાધુપણું દલમાંય ॥
પછી મુક્તમુનિ પાસે જઈ, કરજોડીને વિનંતી કહી ॥૯॥
મઠ વડેઉ માતાનો સારો, તિયાં આપ જો કરો ઉતારો ॥
દઉં જાયગા મોટી એકાંત્યે, જન બેસે સભામાં નિરાંતે ॥૧૦॥
ત્યારે સ્વામીએ સુણી વિનંતી, કર્યો ઉતારો પ્રેમેશું અતિ ॥
કથા કીરતન ધૂન્ય વેળા, નરનારી થાય સહુ ભેળા ॥૧૧॥
ધીમે ધીમે વાધ્યો સત્સંગ, ચડ્યો મુમુક્ષુને બહુ રંગ ॥
આવ્યો છે એમાં એક દિવસ, મહાચોર લૂંટારો અવશ્ય ॥૧૨॥
જાણો નામ છે જોબન પગી, હાંક વાગતી મુંબઈ લગી ॥
દ્વારકા થકી પંઢરપુર, બહારવટુ આચરતો ક્રૂર ॥૧૩॥

INDEX

સહુ કહેતાં જોબન વડતાલો, રાખે અસિ ધનુષને ભાલો ॥
જાય જે જે પરગણામાંય, નાના છોરુ રડે નહિ ત્યાંય ॥૧૪॥
નામ સાંભળી તેનું જરૂર, બહુ મૂંઝે મોટા બહાદૂર ॥
ધ્રૂજે ધરણી તેહની ધાકે, કોઈ નજરે નજર ન તાકે ॥૧૫॥
એ તો ભાયા તણો ભડવીર, તેથી ડરે નૃપના અમીર ॥
તેને જીતે એવો જગમાંય, બીજો શૂરો નહિ તેદિ ક્યાંય ॥૧૬॥
એવો જોબન આવ્યો સભામાં, તેને શાતા વળી છે હૃદામાં ॥
સુણી મુક્તમુનિ કેરી વાત, પરિવર્તન પામ્યો સાક્ષાત ॥૧૭॥
જે જે પાપ કર્યાં નિજપંડ, પામ્યો પશ્ચાતાપ તે પ્રચંડ ॥
નિજપાપનો કર્યો પોકાર, મુક્તમુનિ ચરણે નિરધાર ॥૧૮॥
કહે આપ ચરણે મુજને, રાખો આજથી પ્રસન્ન મને ॥
આજ થકી પાપ આચરણ, મેલી કરીશ પ્રભુ રટણ ॥૧૯॥
ત્યાર પછી મુનિએ કરી મેર, વ્રતમાન દીધાં રૂડી પેર ॥
કંઠી બાંધી કર્યાં સતસંગી, કર્યાં અધર્મ થકી અસંગી ॥૨૦॥
ત્યારે જોબને પ્રણામ કરી, મુક્તમુનિ કર્યાં ગુરુહરિ ॥
પછી દીધી સ્વામીએ પ્રસાદી, હતાં ભક્ત જે જોબન આદિ ॥૨૧॥
જે જે ભક્ત થયાં સ્વામી સંગે, નામ તેનાં સુણાવું ઉમંગે ॥
વાસણ સુતાર ને વાલાભાઈ, પ્રભુદાસ વ્રજલાલભાઈ ॥૨૨॥
ગોર વનમાળી જોબન પગી, બામરોલી ગામે તખા પગી ॥
વસનભાઈ ને રાયજીભાઈ, દાદાભાઈ વળી દાજીભાઈ ॥૨૩॥
એહ આદિ મુક્તમુનિ વિશે, ગુરુભાવે રહ્યાં છે અતિશે ॥
એમ ચરોતરે સતસંગ, ઉદે થયો પ્રથમ અભંગ ॥૨૪॥
ધન્ય ધન્ય મુક્તાનંદ સ્વામી, જેને ભાંગી છે ભક્તની ખામી ॥
તમ જેવા નહિ જગમાંય, ઘનશ્યામપ્રકાશ તે ગાય ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે જોબન પગીને વર્તમાન ધરાવ્યા એ નામે એકસો ને આડત્રીસમું પ્રકરણમ્ ॥૧૩૮॥

પ્રકરણ : ૧૩૯

પૂર્વછાયો :

જેતલપુરની જાગ્યમાં, કર્યો જગજીવને જગન ॥
દ્વિજ તેડાવ્યા દેશથી, વિધિ કરવા નિરવિઘન ॥૧॥
મહોલ પાસે મેદાનમાં, કર્યો યજ્ઞકુંડ વિશાળ ॥
હવન કાજે હેતથી, સીધા મંગાવિયાં તતકાળ ॥૨॥
ઘઉં ચોખા તુવેર ચણા, ઘૃત સાકર આદિ અપાર ॥
ગાડાં ભરી ગોળ લાવિયા, વળી વ્યંજનનો નહિ પાર ॥૩॥

ચોપાઈ :

પછી બેસીને ગાડાં ઉપર, ઘેરોઘેર ફરે હરિવર ॥
સહુ વનિતાનાં લઈ નામ, કહે પડ્યું છે આપનું કામ ॥૪॥
દળી ઘો ઘઉં શ્રદ્ધા પ્રમાણે, લાભ અલભ્ય લઈ લો ટાણે ॥
ઘેરો સાંભળી શ્રીજીનો સાદ, વર્ષે હર્ષ તણો વરસાદ ॥૫॥
મુખોમુખ પ્રભુને બોલાવે, ઘઉં લેવા મોટા ઠામ લાવે ॥
પછી સુંદરવર શ્રીહરિ, ઘઉંના ઠામ દિયે છે ભરી ॥૬॥
કેડ્યે કછોટો વાળીને નાથ, ઠામ ચડાવે બાઈને માથ ॥
શ્રમબિંદુ મોતી સમ સોહે, જોઈ માનુનીનાં મન મોહે ॥૭॥
અતિ ઉમંગે દળે છે દારા, વીતે રાત એમાં તો અપારા ॥
ગાય કીર્તન ધોળ અવાજે, સુણી વ્રજ તણી નાર લાજે ॥૮॥
તેહ જાણ્યું એક ગણિકાયે, તેણે વિચારિયું મનમાંયે ॥
મહાપાતકે પડ્યું આ પંડ, તેને અંતે દેશે જમદંડ ॥૯॥
એવું પાપ પ્રજાળવા કાજ, અવસર મળ્યો મુને આજ ॥
અધમ ઉદ્ધારણ દીનાનાથ, તેહ પાસે જોડુ જઈ હાથ ॥૧૦॥
અન્ન દળવા ચાહું મહારાજ, દેશે કૃપા કરી એ તો આજ ॥
એવું વિચારીને સભામાંહિ, આવી પ્રવેશ કરી તે જ્યાંહિ ॥૧૧॥
દેખી દારાને થયો દેકારો, અરે અરે આ વામને વારો ॥
શીદ આવી અભાગણી આંઈ, જેને રતિ છે અધર્મમાંઈ ॥૧૨॥
બાઈ પાતકી છે ઘણી આતો, ન કરાય તેની સાથે વાતો ॥
તેનાં હાથે દળેલું જો ખાય, તેહ નિશ્ચે નરકમાં જાય ॥૧૩॥

INDEX

ત્યારે બોલિયા સુંદરશ્યામ, શીદ વારો છો એને તમામ ॥
પછી કહ્યું એમ ભગવાને, આવ્યો અધમ ઉદ્ધારવાને ॥૧૪॥
કહી ઠામ ભર્યું નિજ હાથે, ઉપડાવ્યું એ બાઈને માથે ॥
જન પામ્યા વિસ્મય જોનારા, ધન્ય અધમ ઉદ્ધારનારા ॥૧૫॥
પડ્યો સહુને મનમાં વ્હેમ, ગણિકા ઘઉં દળશે કેમ ॥
કર ફૂલ ગુલાબના જાણો, કેમ દળી શકે એક દાણો ॥૧૬॥
પણ વામને મોદ ન માંય, બેઠી દળવા ઘેર ઉછાય ॥
જપે નામ હરિનું અખંડ, પલળ્યું પરસેવા થકી પંડ ॥૧૭॥
પડ્યાં ફોડલા ટપકે લોય, દળે પાટા બાંધી ઘઉં તોય ॥
થતાં મોંસૂઝણું હરખાઈ, બાઈ આવી પ્રભુ પાસે ધાઈ ॥૧૮॥
પેખી આશ્ચર્ય પામિયા સહુ, કહે ધન્ય આની શ્રદ્ધા બહુ ॥
ત્યારે પ્રભુ બોલ્યા સુણ્ય બાઈ, કહે ઈચ્છા હોય તારી કાંઈ ॥૧૯॥
બોલી પ્રભુ પધારોને ઘેર, કરો મુને કૃતાર્થ આ વેર ॥
પછી બપોર કેડ્યે દયાળ, આવ્યાં સંગે લઈને મરાળ ॥૨૦॥
બ્રહ્મમુનિ મુક્તાનંદ સ્વામી, તેને ઘેર આવ્યાં નિષ્કામી ॥
દેખી શ્રીહરિને સંગે સંત, થઈ બાવરી બાઈ અત્યંત ॥૨૧॥
પછી નાથ ગયાં છે એકલા, રહ્યાં બાર સંત બેઉ ભલા ॥
નેણે નીરખ્યું આવું ચરિત, તોય ઘાટ ન ઉપજ્યો ચિત ॥૨૨॥
ધન્ય ધન્ય એ કેવી સમજ, આમાં ભૂલાય પડ્યાં જો અજ ॥
જેમ કુબજાને ઘેર કાન, ગયાં ઓધવ સંગે મહાન ॥૨૩॥
તેની પેર્યે સ્વામીને જરાય, રંચ સંશે થયો નહિ કાંય ॥
તે ઉપર રૂડું કીરતન, રચ્યું મુક્તમુનિએ પ્રસન્ન ॥૨૪॥
સજની કોડે આનંદ ઘેર, શ્રીજી પધારિયા કરી મેર ॥
તેહ ગાતા થાશે કામ નાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગણિકાનો ઉદ્ધાર કર્યો એ નામે એકસો ને ઓગણચાલીસમું પ્રકરણમ્ ॥૧૩૯॥

પ્રકરણ : ૧૪૦

પૂર્વછાયો :

પ્રૌઢ પ્રતાપ જણાવીને, જેતલપુરે પરમેશ ॥
નરનારી ભેળા કરી, કર્યો મહાયજ્ઞ વિશેષ ॥૧॥
દ્વૈપાયનની રીતને, સદા અનુસરે અવિનાશ ॥
તે મૂકી કદી વેગળી, અન્ય રીત્ય ન રાખે ખાસ ॥૨॥
ત્યાર પછી જગજીવને, કર્યો ખોખરામાં જગન ॥
તે લીલા હવે વર્ણવું, સાંભળજો સહુ મગન ॥૩॥

ચોપાઈ :

જન આવિયાં ખોખરાવાસી, જક્ત થકી તે ખરા ઉદાસી ॥
કરી આગ્રહ પ્રભુને અતિ, હેતે સુણાવી નિજ વિનંતિ ॥૪॥
જેવો જગન જેતલપુરે, થયો તેવો આદરો ખોખરે ॥
ત્યારે જનનો આગ્રહ જોય, પ્રભુ કે મુને વાંધો શું હોય ॥૫॥
જાણી શક્યા ન નાથ મરજી, ભક્ત રહ્યાં ન આગ્રહ તજી ॥
કહ્યું મુક્તમુનિને તે ઠામ, સ્વામી પત્ર લખો ગામોગામ ॥૬॥
પછી પત્ર લખે મુક્તાનંદ, વાંચી આવે સહુ ભક્તવૃંદ ॥
ભક્ત ક્ષત્રિ હતાં જેહ સારા, તેને પત્ર લખ્યાં પરબારા ॥૭॥
ડાંગરવે ડાભી અમરાજી, સંગે શૂરવીર અગરાજી ॥
દયાળજી વસે ગામ સલકી, જાણે જુદ્ધની કળાયું પકી ॥૮॥
બીજા ભીલ ઘણાં બહાદૂર, બાણાવાળી બોલાવ્યા જરૂર ॥
હથિયારબંધ સહુ ક્ષત્રિ, આવ્યાં તર્ત સાંભળીને પત્રી ॥૯॥
બોલ્યા વાલો સભામાં વચન, થાય કે નવ થાય જગન ॥
પણ નરમેધ નક્કી થાશે, થયાં કેડ્યે સહુને જણાશે ॥૧૦॥
એવાં મર્મ વચન ઉચ્ચારી, ચાલ્યાં જેતલપુરથી મોરારી ॥
પ્રીત્યે પધાર્યા ખોખરા ગામ, જન આવ્યાં મળીને તમામ ॥૧૧॥
ઉતર્યા નથું ભટ્ટને ઘેર, કરી ભક્ત ઉપર ઘણી મેર ॥
સંતો કાંકરિયા સરમાંય, રહ્યાં પ્રભુ સંભારી ઉછાય ॥૧૨॥
પોતે શ્રીહરિ સખા સહિત, નાવા આવે કાંકરિયે નિત ॥
હરિભક્ત જે દર્શને આવે, મેવા મીઠાઇ પ્રસાદ લાવે ॥૧૩॥

ભેખધારીએ જ્યારે તે જાણ્યું, ત્યારે વિઘ્ન કરવા પરમાણ્યું ॥
હતાં ભેખ એ ચ્યાર હજાર, તેના દીસે મુકામ અપાર ॥૧૪॥
તેમાં દ્વેષી એક દુષ્ટ રહેતો, જાયગાનો મહંત છે એતો ॥
રાખે ઘોડા અને ઊંટ સ્વારો, બહુ બંદૂક ને તલવારો ॥૧૫॥
વળી શહેરનો સૂબો છે જેહ, ભળ્યો ભેખના પક્ષમાં એહ ॥
અતિ કરે અનિતિ અપાર, તેનો કહેતાં ન આવે પાર ॥૧૬॥
દુષ્ટ કહે છે કરીએ ઉપાય, જેથી મૂળ આ પંથનું જાય ॥
પછી જગન કરશે કેમ, એવાં સમામાંહિ બન્યું એમ ॥૧૭॥
દેખી સંતને આવતા એણે, ઝોળી ઝૂંટવી લીધી છે તેણે ॥
ઘણે દન મળ્યો મોટો લાગ, મારો સંતને માર અથાગ ॥૧૮॥
ભૂંડી ગાળ્યું બોલી બહુ વાર, લાવ્યા મારતા મુનિ અપાર ॥
માર્યા બેઉ હાથ બાંધી બહુ, જોડા ચીપિયા ફટકારે સહુ ॥૧૯॥
આવ્યું વાંસે રુધિર ભરાય, શ્રવણ નાસિકાથી વહ્યું જાય ॥
જ્યારે મૂર્છા પામ્યા સંત અંગે, ત્યારે વારે આવ્યાં મહાજંગે ॥૨૦॥
લાલદાસ ગોરા તેનું નામ, હરિભક્ત ખરા અભિરામ ॥
તેને કળ કરી તિયાં ઠાલી, સંત મેલાવી નિસર્યા ચાલી ॥૨૧॥
ધન્ય ધન્ય એ બુદ્ધિના ધામ, સંત છોડાવ્યા જેણે તમામ ॥
તેમાં સંત મોટા જેહ ચાર, કહું નામ તેનાં નિરધાર ॥૨૨॥
અરિહંતાનંદ યોગાનંદ, કલ્યાણાનંદ ચિદ્રૂપાનંદ ॥
છોડ્યા કસાઈ કરથી સંત, રક્ષા કરી તેહની અત્યંત ॥૨૩॥
વાંસામાંહિથી ટપકે લોહી, જન થાય અચેતન જોઈ ॥
અંગોઅંગમાં વેદના થાતી, આવે સબાકા ઉછળે છાતી ॥૨૪॥
તોય વેણ બોલ્યા વિણ કાંય, ગયાં પ્રભુને મળવા ધાય ॥
હાથ જોડી આવ્યાં હરિ પાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ખોખરામાં નરમેધ આરંભ થયો એ નામે એકસો ને ચાલીસમું પ્રકરણમ્ ॥૧૪૦॥

પ્રકરણ : ૧૪૧

પૂર્વછાયો :

રુઠ્યા રસિયો ક્રોધમાં, ભાળી પીડા સંત તણી ॥
ભ્રુકુટિયું વાંકી થઈ, રોમાવલી ઊભી ઘણી ॥૧॥
પછી પ્રભુજી બોલિયા, અતિ અધમી ત્યાંનો નરેશ ॥
પળ હવે રહેવું નહિ, સહુ સિધાવો સુરત દેશ ॥૨॥
સંત સઘળા ચારસે, પછી મેલ્યા તે તતખેવ ॥
મુક્તમુનિ રામદાસ જે, નિજ પાસે રાખ્યા અભેવ ॥૩॥

ચોપાઈ :

કર્યું હરિએ એમ જ હાથે, રાખ્યા શૂરવીર સહુ સાથે ॥
નરબંકા સિંહસમ વીર, હતાં મહારથી રણધીર ॥૪॥
અસિ ઢાલ ને ભાલા જરૂર, તેને જાણનારા બહાદૂર ॥
સહુ અશ્વે થઈ અસવાર, ભરી બંદૂકે રહેતા તૈયાર ॥૫॥
ચહુદિશથી ભેખના જોટા, બહુ મેલી મુરાદના ખોટા ॥
દોટ્યું દિયે મોટી દાઢીવાળા, જમ જેવા ને લાંબી કોટાળા[1] ॥૬॥
વૈશાખ વદિ ચૌદશીને દન, જ્યારે વીત્યો પહોર પ્રસન્ન ॥
હરિ હતાં સરોવર પાળે, નથું ભટ્ટ આવ્યાં ઉતાવળે ॥૭॥
કહે વેળા થઈ જમવાની, કરી રસોયું ત્યાર મજાની ॥
પછી પધારિયા છે દયાળ, ભલા ભટ્ટને ત્યાં તતકાળ ॥૮॥
મુક્તમુનિને આગન્યા કરી, આંહિ કથા કરો તમે ખરી ॥
પછી સ્વામી ભાગવત તણી, પાટે બેસી કથા કરે ઘણી ॥૯॥
જન સહુ તે સાંભળે કાન, નિજ દેહ તણું ભૂલી ભાન ॥
મોકો દેખી એવો એકહારી, દોડ્યા સાગમટે ભેખધારી ॥૧૦॥
ક્રૂર કાળા તથા ક્રોધવાળા, કેશ વરવા ને વિકરાળા ॥
મોટી જટાળા ને કોઈ ઊંચા, એકબીજાથી લાગે છે લુચ્ચા ॥૧૧॥
લીધી કરમાં કોઈએ ફરસી, કોઈએ તો ગ્રહી તીખી અસિ ॥
લીધી કોઈએ ધાર બરછી, કોયે તીર લીધાં ઠસી ઠસી ॥૧૨॥
કોઈ મદમાં મૂછો મરડે, કોઈ ઘેલા થઈ કાંડા કરડે ॥
કોઈ પાણા મોટા ગ્રહી દોડે, કોઈ આવે છે મારતા ઘોડે ॥૧૩॥

૧. લાંબી ડોકવાળા

કોયે કરમાં ચીપિયા ઝાલ્યા, કોયે લીધાં કટારને ભાલા ॥
કોઈ આવિયાં ભરી બંદૂકે, મુદગર લીધાં છે અમુકે ॥૧૪॥
એમ દોડે જ્યાં હિંસક મેળાં, તિયાં આવિયાં છે ભેખ ભોળા ॥
સૌને રોક્યાનો પ્રયાસ કરી, કહે ઠાલા જાશો સહુ મરી ॥૧૫॥
સ્વામિનારાયણ તો ઈશ્વર, કળજુગે આવ્યાં ભૂમિ પર ॥
કરે છે કોટિ જીવના કાજ, એમાં શું આવી તમને દાઝ ॥૧૬॥
તેનાં સામા પડી માર ખાશો, જીવ છાંડી જમપુરી જાશો ॥
કોડ કીટ ભલે આડા આવે, તોય રવિનું તેજ શું જાવે ॥૧૭॥
તેમ ધર્મ ઉપર અધર્મ, નાશ કર્યાનો કરે ઉદ્યમ ॥
પણ નાશ અધર્મનો નક્કી, વાત શાસ્ત્ર તણી એહ પકી ॥૧૮॥
એમ બોલ્યો ભેખ એક જ્ઞાની, પણ વાત તેની નવ માની ॥
હોય હડકાયું જેમ શ્વાન, દોડ્યા ચાર હજાર નિદાન ॥૧૯॥
સુણી તેહના ભૂંડા અવાજ, મુક્તમુનિને કહે સમાજ ॥
ભાગો સદ્ય તમે ત્યાંથી સ્વામી, નહીં તો મારશે આવીને વામી ॥૨૦॥
પછી સદ્ય સંભારીને શ્યામ, ભાગી નીકળ્યા મુનિ અકામ ॥
પણ દુષ્ટ દેખી ગયા સહુ, તેથી બળ્યા છે દલમાં બહુ ॥૨૧॥
પડ્યાં પાછળ તે દસ જણ, આવ્યાં મારવાને તતક્ષણ ॥
ફોડે બંદૂકની ગોળી ત્યાંથી, જિયાં જેવો મળે લાગ જ્યાંથી ॥૨૨॥
મુક્તમુનિના બચાવવા પ્રાણ, ભક્ત આવ્યાં છે ઘણાં જોરાણ ॥
પણ જેણે ભેખધારી વાર્યા, ત્યારે ભેખે મળી તેને માર્યા ॥૨૩॥
ખરેખરું ખેલાણું છે જુદ્ધ, જેણે જોયું તેની ગઈ સૂદ્ધ ॥
થાય હાકોટા ને ભણકારા, કાપો કાપોના કર્યા દેકારા ॥૨૪॥
મુક્તમુનિ દોડતા બજાર, દેખી દોડે છે ભેખ અપાર ॥
મુખે કરતાં જાય છે હાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે અસુરોએ યુદ્ધ આદર્યું એ નામે એકસો ને એકતાલીસમું પ્રકરણમ્ ॥૧૪૧॥

પ્રકરણ : ૧૪૨

પૂર્વછાયો :

ત્યાર પછી જે જે થયું, તેની કહું વિસ્તારી વાત ॥
દુષ્ટ તે પાછળ પડ્યાં, લેવા પ્રાણ મુનિના સાક્ષાત ॥૧॥
મર્દ સર્વે લડ્યા, પણ તેથી ન ઉપજ્યું કાંઈ ॥
ત્યાર પછી તે ગામની, દારા વિચારે મનમાંય ॥૨॥
મોટા સંત મોહનના, તેનાં બચાવીએ જો પ્રાણ ॥
પામે તે બ્રહ્મમોલને, વણ સાધને થાય કલ્યાણ ॥૩॥

ચોપાઈ :

એવું વિચારીને આવી વામ, મુક્તમુનિ પાસે અભિરામ ॥
રોકી મારગ સ્વામીનો તિયાં, કીધાં વચન જલદી ઈયાં ॥૪॥
પેસી જાઓ આ ઘરમાં તમે, બાર ઊભા છૈયે સહુ અમે ॥
મુનિરાજ વિચારો ન કાંય, આ તો ધર્મ આપત કહેવાય ॥૫॥
પછી સંભારી અંતરજામી, પેઠા વિપ્રના ઘરમાં સ્વામી ॥
તિયાં ભેખધારી તર્ત આવી, બોલ્યા બડાઈમાં મદ લાવી ॥૬॥
મર્દ થકી સર્યું નહીં કાંઈ, ત્યારે કરશે શું અબળા બાઈ ॥
એમ બોલી દોડ્યા વિપ્ર ઘેર, મારો મારો મચાવિયો કેર ॥૭॥
સહુ બાઈઓ તે સમે પણ, ચડી ઘર પર તતક્ષણ ॥
ત્યાંથી માથામાં નાખે નળિયાં, જિયાં ઊભા છે ભેખ બળિયા ॥૮॥
કેટલાક ઘવાયા છે અંગ, તોય છોડે નહીં કોઈ જંગ ॥
જિયાં ઘરમાં જાવાનું ધારે, તિયાં મળે છે શિર પ્રહારે ॥૯॥
વાઘણ જેવી થઈ વિકરાળી, વામે લીધાં છે સ્વામી સંભાળી ॥
પરમાનંદ નામે અત્યંત, હતાં ક્ષત્રિ ગરાસિયા સંત ॥૧૦॥
તે તો સ્વામીની સેવામાં રહેતા, પળે પળે ખબરને લેતાં ॥
તેને જાણ્યું જે સ્વામી ફસાયા, તર્ત અસી ગ્રહી તિયાં આવ્યાં ॥૧૧॥
કંઈક ભેખના ત્રોડિયા હાથ, કંઈક સંગે ભીડી ભારે બાથ ॥
વળી અગરાજી અમરાજી, આવ્યાં હિંમત્ય ભરીને ઝાઝી ॥૧૨॥
જેહ ભેખ પડ્યો તો પાછળે, મુક્તમુનિને મારવા બળે ॥
તેનો પગ કાપી કર્યો ઠાર, બીજા પણ હણ્યા નિરધાર ॥૧૩॥

દોય દુષ્ટ ભેખધારી દોડી, પેઠા ભુવનમાં છત તોડી ॥
એવાં મળ્યાં જયારે સમાચાર, નથું ભટ્ટ ઘેર નિરધાર ॥૧૪॥
પ્રભુ ભોજન કરતાં અમળ, સુણી ગ્રાસ મૂક્યો તેહ પળ ॥
કરી હાંકલ જોરથી ત્યાંય, આવું ભેખ થકી કેમ થાય ॥૧૫॥
પળવારે પાળાને બોલાવ્યા, ખેલ ખરાખરીના કરાવ્યાં ॥
કહે કર ગ્રહો હથિયાર, પોંચો જલદી કરો મ વાર ॥૧૬॥
ત્રાડ પાડતા મુખથી જોરે, દોડ્યા દુષ્ટ હતાં જેહ કોરે ॥
ખળ સ્વામીને મારવા જાય, ત્યાં તો પહોંચિયા ભગુજી ત્યાંય ॥૧૭॥
કૂદે કેસરી છલાંગે જેમ, કુદ્યા ભેખધારી પર એમ ॥
મોટા મહંત ખરા જે ચ્યાર, પાડ્યા પળમાં ચોક મોઝાર ॥૧૮॥
કૈંક મરાણા ને ઘવરાણા, કૈંકના નાક કાન કપાણા ॥
ભેખ ભાગિયા કાછડો વાળી, ભાગે શિયાળિયા સિંહ ભાળી ॥૧૯॥
નરમેધ થયો એહ દન, ઠર્યું સત્ય વાલાનું વચન ॥
મુક્તમુનિ શરીરે ઘવાયા, એમ જુવે જયારે હરિરાયા ॥૨૦॥
થઈ આંખો અતિ વિકરાળ, લાલ લોચને વરસી જ્વાળ ॥
વાળી જમણાં હાથની મુઠ્ઠી, મારી લાત જમી પર રુઠી ॥૨૧॥
મુજ પ્રાણ સમા મુક્તમુનિ, જેણે દુભવિયા તે સહુની ॥
નાડી પ્રાણ ખેંચુ હું વિફરી, બોળું બ્રહ્માંડ ઈશારે કરી ॥૨૨॥
ત્યારે મુક્તમુનિ પડી પાય, કહે શાંત થાઓ પ્રભુરાય ॥
એ તો જન સરવે અજ્ઞાની, તે ઉપર કરો મહેરબાની ॥૨૩॥
સર્વે ભૂલી જઈ દીનાનાથ, દંડ દેશો નહિ તેને માથ ॥
જેહ કાજે ધર્યો નરદેહ, પ્રાણજીવન વિચારો તેહ ॥૨૪॥
બોલ્યા એમ તે મુનિ ઉદાર, ધરી ઝરણા અપરંપાર ॥
તેનો જય ચહુદિશ રહે, ઘનશ્યામપ્રકાશ શું કહે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે પાર્ષદોએ મુક્તમુનિની રક્ષા કરી એ નામે એકસો ને બેતાલીસમું પ્રકરણમ્ ॥૧૪૨॥

પ્રકરણ : ૧૪૩

પૂર્વછાયો :

હવે લીલા ડભાણની, જિયાં થયો યજ્ઞ વિશાળ ॥
તે સંભારી સ્નેહથી, સર્વે વરણવું રસાળ ॥૧॥
કચ્છ પ્રદેશ વિરાજતા, નિજ ભક્ત સમોહે નાથ ॥
મોડી માન અસુરના, શુદ્ધ કરતાં સંત સંગાથ ॥૨॥
પછી પ્રભુએ આગન્યા, દેવા તેડ્યા બેઉ મરાળ ॥
મુક્તમુનિ ને બ્રહ્મમુનિ, સુણી આવિયાં તતકાળ ॥૩॥

ચોપાઈ :

બોલ્યા પ્રભુ પછી કૃપાવંત, તમે જાઓ ડભાણ બે સંત ॥
કરવો યજ્ઞ અમારે વિશાળ, તેની આગુની લિયો સંભાળ ॥૪॥
સીધું સામગરી જે જે જોઈ, સર્વે ભેળું કરો આપે સોઈ ॥
જે જે આવશે જન ડભાણ, તેને જમાડશું કરી તાણ્ય ॥૫॥
પછી કરી પ્રભુને પ્રણામ, સદ્‌ગુરુ ચાલ્યાં સુખધામ ॥
તેરા ગામથી પંદર દન, પહોંચ્યા ગામ ડભાણ પાવન ॥૬॥
ગામોગામથી સીધા મંગાવ્યા, તેનાં ગંજ કરી ખડકાવ્યા ॥
અન્ય સીધું લેવા પુંજાભાઈ, તેને મેલ્યા છે ખંભાતમાંઇ ॥૭॥
ગાડાં જોડી આવ્યાં એ તો હાટે, માલ ઉધાર લેવાને માટે ॥
ફર્યા સાંજ લગી ઘણું તોય, સીધું મળ્યું નહિ જરી સોય ॥૮॥
વળ્યા ઘેર વેપારીઓ જ્યારે, થઈ બંધ દુકાનું બજારે ॥
થયાં નિરાશ મનમાં જયાંય, મોટો શેઠ આવિયો છે ત્યાંય ॥૯॥
કહે ક્યાંથી જન તમે આવ્યાં, શીદ ગાડાં આટલા જોડાવ્યા ॥
ત્યારે ભક્ત બોલ્યા શેઠ પ્રતિ, કહું વાત સાંભળો સુમતિ ॥૧૦॥
પ્રભુ સ્વામિનારાયણ જે છે, તે તો ડભાણે યજ્ઞ કરે છે ॥
સીધું લેવા આવ્યાં ગાડાં જોડી, જગને જમાડવા જન કોડી ॥૧૧॥
ત્યારે શેઠે વખાર ઉઘાડી, માંહિ આવ્યાં ભક્ત તેહ દાડી ॥
કહે શેઠ તે ભક્તને આમ, તમે ભરી લ્યો ધાન તમામ ॥૧૨॥
લખવો નથી જોખવો કાંય, ભરી લ્યો માલ જેટલો માંય ॥
ગોળ સાકર ઘૃત ને ઘઉં, દાળભાત ને હવેજ સહુ ॥૧૩॥

INDEX

પછી ગાડા ભરી તે મોઝાર, પુંજા ભક્ત બોલ્યા તેહવાર ॥
કરો હિસાબ સીધાનો આપ, ત્યારે શેઠ દિયે છે જવાબ ॥૧૪॥
સ્વામિનારાયણ બહુ સારા, એ તો જૂના દલાલ અમારા ॥
માટે આંકડો કરવો નથી, જે જે જોઈએ તે લિયો પ્રેમથી ॥૧૫॥
અમે છૈયે તેનાં વિશવાસે, સમજી લેશું પછી બધું વાંસે ॥
તમે જાઓ ગાડાં લઈ ઘેર, કરો તૈયારીયું રૂડી પેર ॥૧૬॥
પછી ભક્ત આવ્યાં વળી જ્યારે, વાત સ્વામીને સુણાવી ત્યારે ॥
મુક્તમુનિ બોલ્યા સુણી વાત, એ તો આવ્યાં શ્રીહરિ સાક્ષાત ॥૧૭॥
શેઠ રૂપે દીધી સામગરી, કરવા જગન કરુણા કરી ॥
ભક્ત થયાં છે સુણી હર્ષિત, અહો પ્રભુની અનુપ રીત ॥૧૮॥
ત્યાર કેડ્યે પધાર્યા શ્રીહરિ, ગામ ડભાણે વિચરણ કરી ॥
દઈ દાસને દર્શન દાન, કર્યાં સુખી સહુને નિદાન ॥૧૯॥
પછી સહુની લેવા સંભાળ, રૂડી ચોકી કરે રખવાળ ॥
ક્યારે આવે પાકશાળામાંય, રાખે તપાસ સઘળી ત્યાંય ॥૨૦॥
પૂછે મુક્તમુનિને શ્રીહરિ, સર્વે સીધું લીધું છે ને ભરી ? ॥
ત્યારે સ્વામી કહે પ્રતિપાળ, તમે લિયો છો સહુ સંભાળ ॥૨૧॥
શેઠ રૂપે સામગરી આલી, એવી કૃપા કરી સામે ચાલી ॥
નથી સીધા સામાનની ખોટ, નહિ આવે જગનમાં ઓટ ॥૨૨॥
આવે વિપ્ર હજારો હજાર, મહાયજ્ઞ કાજે નિરધાર ॥
શાળ દાળ ને દળાવ્યા ઘઉં, લીધાં ઘી ગોળ મીસરી બહુ ॥૨૩॥
ખટરસના કોઠાર ભર્યા, યજ્ઞકુંડ ને મંડપ કર્યા ॥
મહાયજ્ઞ આદર્યો ડભાણ, જેથી જન પામે નિરવાણ ॥૨૪॥
એમ સ્વામી કહે સારી વાત, સુણી પ્રભુ થાય રળિયાત ॥
ત્યાર કેડ્યની લીલા ઉજાશ, કરશે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિને ડભાણ યજ્ઞની તૈયારી માટે મોકલ્યા એ નામે એકસો ને તેત્તાલીસમું પ્રકરણમ્ ॥૧૪૩॥

પ્રકરણ : ૧૪૪

પૂર્વછાયો :

વેદવિધિ મહાશાસ્ત્રની, વળી વિધિ નિષેધ વિચાર ॥
પૂરણ પાળી શ્રીહરિએ, ધર્મ થાપ્યો અપાર ॥૧॥
તે કાજે જગનો કર્યા, ભેળા કરી વિપ્ર વિશેષ ॥
રૂડાં શાસ્ત્ર રચાવિયા, જેથી ખામી રહે નવ લેશ ॥૨॥
યજ્ઞ કર્યો ડભાણમાં, વિધવિધ લીલાયું આચરી ॥
તેહ લીલાને કહું કથી, સાંભળજો નેહ ધરી ॥૩॥

ચોપાઈ :

દેશો દેશના આવિયાં દાસ, સહુ ઉતર્યા સીમની પાસ ॥
વળી સંતના મંડળ ત્યાંયે, આવી ઉતર્યા આંબાની છાંયે ॥૪॥
જેમ જનની જાળવે બાળ, એમ શ્રીહરિ લેતાં સંભાળ ॥
જ્યારે સૂવે જન સહુ રાતે, ઘોડે બેસીને ઘૂમતા જાતે ॥૫॥
બેસી મંડપે દ્વિજ હજાર, કરે વેદનો મુખે ઉચ્ચાર ॥
હોમે હવિષ્યાન્ન જવતલ, નાલી કેલી સોપારી અવલ ॥૬॥
મંત્ર ભણી આહુતિઓ દિયે, વહે પરનાળા અખંડ ઘીએ ॥
વિધવિધ લઈને સામગરી, હોમે છે વેદ વિધિએ કરી ॥૭॥
ઘૃત ઘાલી ઘણું પાકશાળે, શેર શેરના લાડુઓ વાળે ॥
ગાડાં ભરી પંગત્યે પીરસે, તેહ વિપ્રવર કેવા હશે ॥૮॥
તેમાં વીસ પચીશ જે ખાતા, તેનાં વખાણ ખૂબ જ થાતાં ॥
તેથી જમે જો લાડુ વિશેષ, તેને હાર પેરાવે પરમેશ ॥૯॥
એમ વિપ્ર જમાડ્યા સુંદર, દન દશ સુધી મુદભર ॥
તિયાં અસુરે કર્યો પ્રવેશ, વળી આદર્યો જગને દ્વેષ ॥૧૦॥
કરવા યજ્ઞમાં ભંગાણ ભારી, આદરી ખળતાઈ અપારી ॥
પણ તેનું કાંઈ નવ ચાલ્યું, ભલે મૂળ ખળતાનું ઝાલ્યું ॥૧૧॥
અઢારસોને છાસઠ વર્ષે, પોષ સુદી પુન્યમે હર્ષે ॥
નિર્વિઘ્ન કરાવ્યો જગન, જય જય બોલ્યા સહુ જન ॥૧૨॥
એહ સમે ખેડા થકી ચ્યાર, આવ્યાં અંગ્રેજ અમલદાર ॥
તેણે શ્રીહરિને શીશ નામી, રહ્યાં અંતરમાં મોદ પામી ॥૧૩॥

ત્યારે પ્રભુ કહે ઉત્પાત, થયો જગનમાંહિ સાક્ષાત ॥
સુણી વેણ શ્રીહરિના ત્યાંય, કહે લશ્કર મોકલું આંય ॥૧૪॥
ત્યારે રાજી થઈ અલબેલ, સાહેબને પ્રસાદ દીધેલ ॥
બોલ્યા મુખ થકી ત્યારે વેણ, સાંભળવા જેવું સુખદેણ ॥૧૫॥
મુક્તમુનિને હેત છે જેવું, મુજમાંહિ અસામાન્ય તેવું ॥
ચ્યાર સાહેબને પણ અતિ, મુજ વિશે દીસે એવી મતિ ॥૧૬॥
પછી સાહેબ સહુ સિધાવ્યા, આવ્યાં જન તે સરવે ફાવ્યા ॥
જશ વ્યાપ્યો ઘણો જગમાંય, વાધ્યો શ્રીહરિનો મહિમાય ॥૧૭॥
વરતાલના બાપુ પટેલ, બીજા જન યજ્ઞમાં આવેલ ॥
પગી જોબન વાસણ સુથાર, નારાયણગર બાવો ઉદાર ॥૧૮॥
સહુ ગયાં પ્રભુ પાસે મળી, કરે કરજોડી લળી લળી ॥
હવે વરતાલ પધારો નાથ, નિજજનને કરો સનાથ ॥૧૯॥
પછી તિયાં થકી અવિનાશી, ગયાં વરતાલ વિશે હુલાસી ॥
થોડા દન રહ્યાં વનમાળી, ભાવ વરતાલવાસીનો ભાળી ॥૨૦॥
આસપાસ બીજા સહુ ગામે, મુનિ મુક્તાનંદે અભિરામે ॥
ખાંત્યે કરાવ્યો'તો સતસંગ, આવ્યાં જન તે આણી ઉમંગ ॥૨૧॥
કહે મુનિને વિનંતી કરી, આવે ગામ જો અમારે હરિ ॥
ત્યારે થૈયે અમે રળિયાત, એમ ઈચ્છા અમારી સાક્ષાત ॥૨૨॥
સદ્ય સુણી જનની વિનતિ, કરી વાત પ્રભુ આગે છતી ॥
તેથી સંતમંડળને સાથ, લઈ ચાલ્યાં પોત્યે દીનાનાથ ॥૨૩॥
બામણોલી ઉમરેઠ ગયાં, પણોસરે પીપલગે રહ્યાં ॥
નરસંડા તથા ઉંટવાળ, લીધી જનની બહુ સંભાળ ॥૨૪॥
પછી તિયાં થકી આવ્યાં ભાલ, કર્યાં ભક્ત બહુ તિયાં ન્યાલ ॥
ગયાં ગઢપુરે અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ડભાણનો યજ્ઞ પૂરો કર્યો એ નામે એકસો ને ચુંમાલીસમું પ્રકરણમ્ ॥૧૪૪॥

INDEX

પ્રકરણ : ૧૪૫

પૂર્વછાયો :

વિચર્યા વાજતે ગાજતે, સંત ભેળા શ્રી ભગવાન ॥
પૂરે હામું ભક્તની, આડો આંક વાળી નિદાન ॥૧॥
એક સમે કૃપાનિધિ, અન્નકૂટ ઉત્સવ કરવા ॥
સંઘ લઈ બુધેજમાં, દયા કરી જતા હવા ॥૨॥
દીનબંધુ દિવાળીએ, આવ્યાં ગામ બુધેજ પ્રમાણ ॥
સામૈયું કરી તેડાવિયા, પુરમાંહિ જને સુજાણ ॥૩॥

ચોપાઈ :

આવી બુધેજમાં રૂડી પેર, ઉતર્યા ખોડાભાઈને ઘેર ॥
પરગામ થકી ભક્ત આવ્યાં, કરી દર્શ ઘણું મન ભાવ્યા ॥૪॥
રૂડું ગુડેલ ગોરાડ ગામ, આખોલ તામસા શુભ નામ ॥
વળી પાનડ ઝીણજ જાણો, ગામ આંબલિયાળું પ્રમાણો ॥૫॥
પાદરૂ ઉંટવાળું ખાખસર, ભક્ત વસે તિયાં મુદભર ॥
પછી સુરતનો સંઘ આવ્યો, મેવા મીઠાઈ સંગાથ લાવ્યો ॥૬॥
કર્યો દિવાળીને શુભ દન, સારો અન્નકૂટ મન મગન ॥
રૂડાં બુધેજના બુદ્ધિવાન, સુણો ભક્તનાં નામ નિદાન ॥૭॥
ખોડાભાઈ અને હઠીભાઈ, જીજીભાઈ રહે મૂર્તિમાંઈ ॥
કલાભાઈ પિતાંબરભાઈ, સતસંગ કરે સુખદાઈ ॥૮॥
સૌએ ભેળા થઈ પકવાન, કર્યાં ઉત્સવ કાજે નિદાન ॥
તેમાં બોલાવિયા ગંગામાત, જેતલપુર તણાં રળિયાત ॥૯॥
જમનાબાઈ વસોના નિવાસી, રૂડી રસોઈ તણાં અભ્યાસી ॥
મેમદાવાદ ને ઉમરેઠ, ત્યાંથી પણ બોલાવિયા ઠેઠ ॥૧૦॥
ભલા ભાત શાક પાક નેક, કર્યાં મેવા મીઠાઈ વિશેક ॥
પૂરી પાપડ અથાણાં આદિ, અણકોટની કરી પ્રસાદી ॥૧૧॥
હેતે જમ્યા શ્રીહરિ અત્યંત, જમ્યા સંત સત્સંગી અનંત ॥
હરખભેર પર્વ પૂરો થયો, સૌને દલમાં આનંદ રહ્યો ॥૧૨॥
પછી આવી પ્રબોધિની જ્યારે, કર્યો ઉત્સવ અતિશે ત્યારે ॥
સહુ બુધેજનાં પુરવાસી, તેણે રાજી કર્યાં સુખરાશિ ॥૧૩॥

INDEX

ત્યાંથી કાર્તિક પૂનમ કાજે, લીધી વૌઠાની વાટ મહારાજે ॥
આવ્યાં આમલિયા ગામે હરિ, ત્યાંથી ગયાં છે ગામ મૈયારી ॥૧૪॥
પછી ઈંદણજ ને હાડેવા, ગયાં હરિવર થોડું રહેવા ॥
સાથે સાથે બુધેજના જન, ચાલે સેવા સારું નિશદન ॥૧૫॥
જોઈ વાટમાં વાંક તળાવે, અવિનાશ બેઠા તેની પાળે ॥
અતિ ભક્તનો ભાવ નિહાળી, ઘણું વખાણે છે વનમાળી ॥૧૬॥
જન બુધેજનાં અતિ પ્યારા, સંત સેવા ઘણી કરનારા ॥
ત્યારે કહે મુક્તમુનિ પ્રીત્યે, સત્ય કીધું પ્રભુ રૂડી રીત્યે ॥૧૭॥
અન્નકૂટ ઉત્સવે અપાર, ઘણી સેવા કરી નિરધાર ॥
ખડે પગે રહ્યાં દિન રાત, જન સેવા સજી ભલી ભાત્ય ॥૧૮॥
નીંદ લીધી નહિ સુખચેને, સુખે ખાધુ પીધું નહિ કેને ॥
છોડી ગામ રહ્યાં આપ સંગે, તોય રહ્યાં છે શ્રદ્ધા ઉમંગે ॥૧૯॥
આપમાંહિ રાખ્યા દેહ ગેહ, આપ વિશે અપાર સનેહ ॥
માટે ધન્ય ધન્ય તેહ જન, પ્રભુભક્તિ તેહની અનન્ય ॥૨૦॥
એમ મુક્તમુનિ ગુણવાને, ગુણ ગાયા જનોના તે સ્થાને ॥
હતાં સદ્‌ગુરુ મોટા બહુ, તોય ભક્ત ગુણ ગાયા સહુ ॥૨૧॥
પછી બુધેજના સહુ દાસ, લાવી સીધું મેલ્યું પ્રભુ પાસ ॥
વર્ણી મુકુંદે ઘીમાં ઝબોળી, તિયાં બાટી બનાવી અતોળી ॥૨૨॥
જમ્યા શ્રીહરિ ને સહુ સંત, રહ્યાં રાત તળાવે અત્યંત ॥
પછી ચાલ્યાં પ્રભુ પરભાત્યે, સંઘ સંગાથે સાબરમત્યે ॥૨૩॥
વહાલો વઉઠે આવીને ઠર્યા, તિયાં જન લાખુ ભેળા કર્યા ॥
કીધો ઉચ્છવ કાર્તિક પુન્યમે, સંવત અઢાર અડસઠ સમે ॥૨૪॥
પ્રભુ દર્શ થયું જન જેણે, કૃત જન્મ અર્થ કર્યો તેણે ॥
તે તો બ્રહ્મમોલે લેશે વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે બુધેજમાં અન્નકૂટ કર્યો એ નામે એકસો ને પિસ્તાલીસમું પ્રકરણમ્ ॥૧૪૫॥

પ્રકરણ : ૧૪૬

પૂર્વછાયો :

સમૈયો વઉઠે કર્યો, વૃષસુતે ઘણો નિરધાર ॥
જન જોવા બહુ આવિયાં, વરતી રહ્યો જયકાર ॥૧॥
ઉચ્છવ એમ આનંદે, પૂરો કરી પરમાણ ॥
આવ્યાં ઉતારે ચાલતા, સંત સંગે જીવન પ્રાણ ॥૨॥
તિયાં કહે ગુરુદેવને, અવિનાશી અનુપ વાત ॥
આજ થકી વચન મારું, સહુ માનજો રળિયાત ॥૩॥

ચોપાઈ :

મારે નિયમ દેવા ખટરસ, સૌએ પાળવા તેહ અવશ્ય ॥
કરો આગન્યા પત્ર તૈયાર, કરશો એમાં કાંઈ મ વાર ॥૪॥
પછી મુક્તાનંદે તર્ત પત્ર, કીધાં ત્યાર લખાવીને તત્ર ॥
દેખાડી હરિને સર્વે ત્યાંય, મેલ્યા સંત રહેતાં સહુ જ્યાંય ॥૫॥
ત્યાંથી ડભાણે ગયાં જીવન, ત્યાંથી વરતાલે મનમોહન ॥
પછી સાધુ સર્વે ભણનારા, મુક્તમુનિ પાસે રહેનારા ॥૬॥
બાંધી મંડળ મેલ્યા અભેવ, મંડળધારી કર્યાં ગુરુદેવ ॥
સરસવણી સહુ સિધાવ્યા, સ્વામી સંગે તે સરવે ફાવ્યા ॥૭॥
પછી ચાલિયા ત્યાંથી મોરાર, ગયાં ડભાસે ધર્મકુમાર ॥
ત્યાંથી આમળામાં ગિરધારી, ત્યાંથી સરસવણી સુખકારી ॥૮॥
ત્યાંના ભક્ત જે હરિના દાસ, નામ તેનું છે અંબાઈદાસ ॥
તેને ઘેર રહ્યાં ઘનશ્યામ, મુક્તમુનિ હતાં તેહ ગામ ॥૯॥
પછી જમીને જગજીવને, રાતે સભા રચી પરસને ॥
ગાયકવાડી દીવાન ગણાય, નામ કાનોબા તેનું કહેવાય ॥૧૦॥
રહેતા હાલ તે પાદરામાંય, તેનો આવ્યો છડીદાર ત્યાંય ॥
હરિવરને કહ્યું તેહ સમે, તમને તેડવા આવિયાં અમે ॥૧૧॥
કાનોબાએ કીધાં છે પ્રણામ, તમને બોલાવે પાદરા ગામ ॥
નહિ આવો પ્રભુ તમે ત્યાંહિ, નક્કી આવશે દીવાન આંહિ ॥૧૨॥
સુણી વાત છડીદાર કેરી, તર્ત ઉતારે ગયાં રંગલહેરી ॥
મુક્તમુનિ બોલાવી એકાંત્યે, પૂછી વાત સઘળી નિરાંત્યે ॥૧૩॥

પાદરે જાઉં મારે ઉચિત, છે કે નહિ તે કહો ખચિત ॥
ત્યારે કહે મુક્તાનંદ સ્વામી, પ્રભુ આપ છો અંતરજામી ॥૧૪॥
કાનોબા તણાં મનનો ભાવ, જાણો છો તેનો ભૂંડો ઠરાવ ॥
ત્યારે પ્રભુ કહે પાદરા ગામ, નથી દૂર આંહિ થકી ઠામ ॥૧૫॥
વળી તાણ છે કાનોબા તણી, તેથી જાવું જોશે તેહ ભણી ॥
કહે મુક્તમુનિ તેહ સમે, ઠીક પડે કરો એવું તમે ॥૧૬॥
પછી છડીદાર કહી મેલ્યા, કાલ્ય આવશું પાદરે વેલા ॥
ગયો ત્યાંથી તે પાદરા ગામ, જમ્યા બીજે દન ઘનશ્યામ ॥૧૭॥
ત્યાર કેડ્યે મુક્તમુનિ સંગે, બેસી વેલ્ય મોઝાર ઉમંગે ॥
ગયાં ગોરિયાદે ગિરધારી, ત્યાંથી પાદરા આવ્યાં મોરારી ॥૧૮॥
રૂડાં વણિક કેરા નિવાસે, જળપાન કર્યું અવિનાશે ॥
તિયાં કપટી કાનોબા આવ્યો, ચાંદી રૂપૈયો શ્રીફળ લાવ્યો ॥૧૯॥
કહે પ્રભુની વિનંતી કરી, કચેરીમાં પધારો શ્રીહરિ ॥
કાનોબાએ કળ કરી તિયાં, વાદ શાસ્ત્ર કેરા કરાવિયાં ॥૨૦॥
અર્ધરાત્ય ગઈ એમ વીતી, કાનોબા તો શક્યો નવ જીતી ॥
ત્યારે શ્રીહરિને કહે વેણ, કાલ આંહિ રહેજો સુખદેણ ॥૨૧॥
મારે છે તમારું રૂડું કામ, માટે જાશો મ છાંડી આ ગામ ॥
પછી બંદી બનાવાનું ધાર્યું, રૂપૈયા પડાવાનું વિચાર્યું ॥૨૨॥
પણ પ્રભુએ તે પરમાણી, વાત લીધી સહુ તેની જાણી ॥
બીજે દન વહેલા પરભાત્યે, ચાલી નીસર્યા એકલા ખાંતે ॥૨૩॥
મળ્યાં સ્વામીને જ્યાં સમાચાર, કાનોબા પાસે ગયાં ધરાર ॥
તેને હેત આણી સમજાવ્યો, તોય ગુણ પ્રભુનો ન આવ્યો ॥૨૪॥
પછી સરસવણી ગયાં સ્વામી, મુખે સંભારતા બહુનામી ॥
રહ્યાં ભણનારા સહુ પાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે પાદરામાં કાનોબાએ છળ કર્યું એ નામે એકસો ને છેતાલીસમું પ્રકરણમ્ ॥૧૪૬॥

પ્રકરણ : ૧૪૭

પૂર્વછાયો :

સંવત વર્ષ અઢારસે, શુભ અડસઠ અનુપ ॥
તેહ સમે પધારિયા, નાગડકે સુખસ્વરૂપ ॥૧॥
મહા નિષ્કામી ભક્ત જે, સુરા ખાચર જેનું નામ છે ॥
હરિ વિના સહુ જક્તમાં, તેને સુખ સર્વે હરામ છે ॥૨॥
રહી તેનાં દરબારમાં, કીધો વસંત ઉત્સવ સાર ॥
ત્યાર પછીની વારતા, કહું કરીને વિસ્તાર ॥૩॥

ચોપાઈ :

બોલ્યા એક દન સભામાંય, સર્વે જન પ્રતિ હરિરાય ॥
પડશે કાળ મહા વિકરાળ, સહુ લેજયો પોતાની સંભાળ ॥૪॥
સતસંગીઓ શક્તિ પ્રમાણે, અન્ન સાચવજો સહુ ટાણે ॥
જિયાં જન મળે જેહ ઠામ, તેને વાત કહેજયો તમામ ॥૫॥
એમ વાત કહી અવિનાશે, માળા રૂદ્રાક્ષ મંગાવી પાસે ॥
એક પારો બાંધ્યો તેનો ગળે, પછી દીધો સભાને સઘળે ॥૬॥
સાધુ પાળા તથા બ્રહ્મચારી, સહુ થયાં છે રૂદ્રાક્ષધારી ॥
હરિજને પણ હેતે કરી, બાંધ્યો રૂદ્રાક્ષ આગન્યા ધરી ॥૭॥
મર્મ રૂદ્રાક્ષનો પ્રભુ જાણે, બીજા તો મન સંશય આણે ॥
કિયાં કામ કેના થકી થાય, એવી કળા દેખી ન કળાય ॥૮॥
પછી બોલ્યા પ્રીત્યે ધર્મરાય, હવે સંકટ રહેશે ન કાંય ॥
સહુએ રૂદ્રાક્ષનું ચિહ્ન લીધું, મહાકાળ દુઃખ દૂર કીધું ॥૯॥
એવાં સમે આવ્યાં નિત્યાનંદ, પરગામ થકી સુખકંદ ॥
કર્યાં દંડવત્ શ્રીહરિને, પછી બેઠા બે હાથ જોડીને ॥૧૦॥
કહે મુનિ પ્રત્યે મુનિનાથ, ભાગવતની સુણાવો ગાથ ॥
વિશ્વ ઉપર્યે કોપ્યો છે કાળ, માટે કથા કરો તતકાળ ॥૧૧॥
સભા લીંબડા તળે ભરાણી, નિત્યાનંદે કથા પરમાણી ॥
કથા સાંભળે શ્રીહરિ પોત્યે, સર્વે સંત હરિજન સોત્યે ॥૧૨॥
મુક્તાનંદ સ્વામી તેહ વાર, રહ્યાં હતાં આમોદ મોઝાર ॥
તિયાં ભક્ત વસે દીનાનાથ, વળી દ્વિજ છે લક્ષ્મીનાથ ॥૧૩॥

INDEX

કાશીનાથ ને ગણપતરામ, વણિક હરજીવન શુભનામ ॥
જયાનંદ આદિ ભક્ત બહુ, રહે આમોદ આનંદે સહુ ॥૧૪॥
તેને રૂડો કરાવી સત્સંગ, આવ્યાં નાગડકે ઉછરંગ ॥
વળી આવ્યાં છે સ્વરૂપાનંદ, જીવ પ્રાણીના ટાળતા ફંદ ॥૧૫॥
પૂછ્યા દેશાંતરના સમાચાર, સ્વરૂપાનંદ બોલ્યા તે વાર ॥
દેશો દેશ ફર્યા સુખદાય, પણ માણસ દીઠા ન ક્યાંય ॥૧૬॥
બેઠા આ લીંબડી તળે જેહ, દીઠા એટલાં મનુષ્ય તેહ ॥
એવી વાત સુણી મહારાજ, કહે મુક્તમુનિને શિરતાજ ॥૧૭॥
ગામોગામ ફરવા સિધાવો, મુજ સંદેશ સૌને સુણાવો ॥
અન્ન સંગ્રહ કરજો ઘણું, દુઃખ આવશે દુકાળ તણું ॥૧૮॥
મહાદયાળુ સંત છો તમે, માટે તમને કહીએ છીએ અમે ॥
પછી જાજયો જેતલપુરમાંય, મળશે મા'નુભાવાનંદ ત્યાંય ॥૧૯॥
તેને મેલજો અમારું કે'ણ, સારંગપુર આવો સુખદેણ ॥
ફૂલદોલનો સામાન સહુ, ત્યાર કરાવજો તમે બહુ ॥૨૦॥
પછી તમે પણ ગુરુદેવ, સારંગપુરે પધારો અભેવ ॥
અમે પણ કથા પૂરી થાતા, સંઘ સાથે જાશું ગાતા વાતા ॥૨૧॥
એમ આજ્ઞા આપી સુખદાય, કીધાં મુક્તમુનિને વિદાય ॥
ચાલ્યાં તિયાં થકી ગામોગામ, જન ચેતવવા સહુ ઠામ ॥૨૨॥
જેતલપુરે મળ્યાં મુનિ સાર, કર્યો સામાન સર્વે ત્યાર ॥
ત્યાંથી સારંગપુર સધાવી, રહ્યાં મુક્તમુનિ મોદ લાવી ॥૨૩॥
ફૂલદોલનો સારો સમૈયો, તેનો આનંદ જાય ન કૈયો ॥
કર્યો સારંગપુર સોરંગે, જન જમાડિયા ઉછરંગે ॥૨૪॥
પછી ત્યાંથી ગઢડે મોરારી, આવ્યાં સંત સંગે સુખકારી ॥
કીધો ઉત્તમ ઘેર નિવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિને દુષ્કાળ અંગે સમાચાર આપવા મોકલ્યા એ નામે એકસો ને સુડતાલીસમું પ્રકરણમ્ ॥૧૪૭॥

પ્રકરણ : ૧૪૮

પૂર્વછાયો :

ભલું ભરૂચ શહેર છે, જયાં નદી નર્મદા નામ ॥
તટ તેનો રળિયામણો, ત્યાં વસે તવરા ગામ ॥૧॥
વર્ષ જે વૈશાખમાં, આવે અધિકો માસ ॥
તેહ સમે જનમેદની, જામે તિયાં હુલ્લાસ ॥૨॥
નાહી નિરમળ જળમાં, જે માને પોતાને ધન્ય ॥
સઘ પાતક ત્રોડવા નહિ, એ સમ જાગ્ય અન્ય ॥૩॥

ચોપાઈ :

એમ તીર્થનો જાણી પ્રતાપ, આવે જન એ માસે અમાપ ॥
મોટો મહેરામણ ઉભરાય, એકાદશીથી આરંભ થાય ॥૪॥
આવે શ્રીમંત દેવાને દાન, નર્મદામાં કરે સહુ સ્નાન ॥
બહુ વર્ષે આવે જોગ એવો, ભાવ ભરી જમાડે ભૂદેવો ॥૫॥
એમ આવિયો જયારે સમૈયો, જનને મનમાં મોદ રૈયો ॥
સહુ મળી આવી પ્રભુ પાસ, હરિને સુણાવે અરદાસ ॥૬॥
દેવા દર્શન દાન પધારો, આવી જનનાં હરખ વધારો ॥
ઘણે સમે આવ્યો અવસર, આવો અવિનાશી અંકભર ॥૭॥
ત્યાર પછી કહે મહારાજ, ભલે આવશું લઈ સમાજ ॥
ખાંત્યે કરો જઈને તૈયારી, હૃદે શ્યામસુંદર સંભારી ॥૮॥
એમ કહીને હસિયા હરિ, મનમાં કાંઈ વિચારે જરી ॥
કેડ્યે ભક્ત ગયાં નિજ ગામ, લેતાં મુખમાંહિ હરિનામ ॥૯॥
પંડે જાણતા પોતે દયાળ, પડશે એ જ વરસે દુષ્કાળ ॥
ક્રૂર કાળ અતિ દુઃખદાય, લાખુ જનની પાડશે કાય ॥૧૦॥
તેથી ચેતવવા નિજજન, પોત્યે વિચરે પ્રાણજીવન ॥
કહે દામ વેચી લિયો અન્ન, માનજો સત્ય મારું વચન ॥૧૧॥
આગે આવશે મોટો દુકાળ, હશે અન્ન તો રહેશો સુખાળ ॥
સહુને સમજાવે દયાળ, જે છે કાળ તણાં પણ કાળ ॥૧૨॥
વળી તવરા તણો સમૈયો, સમો થોડા દિવસનો રહ્યો ॥
પછી વિચારિયું અવિનાશે, હવે તવરા કેમ જવાશે ॥૧૩॥

તેથી બોલાવિયા તતકાળ, મુનિ મુક્તાનંદજી દયાળ ॥
કહ્યું સુણો ગુરુદેવ આપ, હું તો વિચરું હાલ અમાપ ॥૧૪॥
મુંથી દેખાયના કોઈ દુઃખી, તેથી કરું હું જનને સુખી ॥
પડશે ભારે ભયંકર કાળ, તેમાં ભક્તની લેવા સંભાળ ॥૧૫॥
ફરવું પડશે પંડ અમારે, નહિ તો દુઃખી થાશે જન ભારે ॥
વળી આવ્યો છે માથે સમૈયો, મોદ જનનો જાય ન કહ્યો ॥૧૬॥
તેથી જો ન જવાયું અમથી, રહેશે દુઃખી સહુ ઘણું મથી ॥
પણું મું થકી નૈ નીકળાય, મારે જાવું છે સોરઠમાંય ॥૧૭॥
માટે તિયાં પધારીને આપ, કરો જન મુદિત અમાપ ॥
ગયે આપ થશે સહુ સુખી, નક્કી રહેશે નહિ કોઈ દુઃખી ॥૧૮॥
આવે તીર્થમાં તીર્થત્વ ત્યારે, તિયાં સંત પધારે જો ભારે ॥
માટે આપ જઈ ગુરુદેવ, કરો સમૈયો અતિ અભેવ ॥૧૯॥
જે જે કરશે આપ દરશ, વળી પામશે ચરણ સ્પર્શ ॥
રૂડી સુણશે મુખની વાણ્ય, ભાવે જમાડશે કરી તાણ્ય ॥૨૦॥
પ્રીત્યે પહેરાવી સુમન હાર, કરશે ચંદન ચરચી પ્યાર ॥
દેશે વસ્તુ જે જોઈતી હોય, સોંઘુ મોંઘુ જોયા વિણ કોય ॥૨૧॥
અરે જોડશે કેવળ હાથ, આવી તમને નામશે માથ ॥
તેને કરવું રહેશે નહિ કાંય, અંતે જાશે બ્રહ્મમોલમાંય ॥૨૨॥
માટે કૃપા કરી ગુરુદેવ, સેવા સ્વીકારજો તતખેવ ॥
જેમ થાય છે પૂજા અમારી, તેમ કરશે જન તમારી ॥૨૩॥
દેજ્યો પૂજવા તમે દયાળ, લેવા સહુ જનની સંભાળ ॥
એમાં નહિ આવે તમને દોષ, તમે રહેશો અંતરે અદોષ ॥૨૪॥
જનો જમાડે અમને જેમ, સેવા પૂજા સ્વીકારજો તેમ ॥
એમ કહે છે હરિ હુલાસ, ગાય ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે તવરે જવાની આજ્ઞા કરી એ નામે એકસો ને અડતાલીસમું પ્રકરણમ્ ॥૧૪૮॥

પ્રકરણ : ૧૪૯

પૂર્વછાયો :

વડા વચન વાલમના, તેમાં રહે નરનાર ॥
નિઃશંક થઈને વરતે, તે ભાગ્યવાન અપાર ॥૧॥
તેની પ્રવૃત્તિ પ્રમાણિયે, નિવૃત્તિ સમ નિદાન ॥
વણ વચને નિવૃત્તિ, નર જાણો પ્રવૃત્તિવાન ॥૨॥
માટે વચનમાં વર્તતા, વણતોળી મોટપ મળે ॥
મેલે વચન વાલા તણાં, તો ત્રિવિધ તાપે તે બળે ॥૩॥

ચોપાઈ :

વાત સુણી તવરે જવાની, મુખે બોલ્યા મહામુનિ જ્ઞાની ॥
ત્યાગી થાય ઘરબાર છોડી, પૂજા થાય જ્યારે તેની થોડી ॥૪॥
ત્યારે આવે અભિમાન અંગ, પછી શું રહે સતસંગ રંગ ॥
માટે ભક્ત પ્રભુના નિદાન, એનો અરિ જાણો મોટો માન ॥૫॥
જોગી જતિ વળી શઠ હોય, માન થકી તે વંચિત નોય ॥
નિર્માનીતાનું પણ છે માન, એવો માન છે મોટો મહાન ॥૬॥
માટે આવે ન માન લગાર, દિયો આશિષ એવા અપાર ॥
દાસના થઈ દાસ રહેવાય, નાથ માંગું હું દેજયો સદાય ॥૭॥
ત્યારે બોલિયા શ્રીહરિ એમ, સાંભળો સ્વામી કહું છે જેમ ॥
તવ નામ થકી દોષ ભાગે, તવ સંગે સદ્‌ગુણ જાગે ॥૮॥
કર જોડે કેવળ તમને, તેહ વ્હાલો થાય અતિ મને ॥
નહિ નડે તેને દોષ ક્યારે, મર હોય ગમે તેવા ભારે ॥૯॥
લઈ તમારાં ચરણની રજ, શિર ચઢાવે વાર એક જ ॥
થાય અક્ષરનો અધિકારી, એમાં ચાલે ન ટેક અમારી ॥૧૦॥
કામ ક્રોધ માન મોટા અરિ, આપ આગે ટકે નહિ જરી ॥
એવો મોટો તમારો પ્રતાપ, કેમ જાણો નહિ સ્વામી આપ ॥૧૧॥
તોય રાખી તમારું વચન, આપું આગન્યા મન મગન ॥
જ્યારે જન પૂજા કરી જાય, તિયાં પદરજ તેની થાય ॥૧૨॥
પ્રેમે ચઢાવજો તેને માથ, સમજી મહામૂલી તે મિરાંથ ॥
એમ રહેશો અદોષ અકામી, હવે સદ્ય સધાવોને સ્વામી ॥૧૩॥

પછી ભુજ ભરી ભેટ્યા નાથ, મુક્તમુનિને પ્રેમ સંગાથ ॥
ત્યાંથી પ્રયાણિયા પરભાત્ય, ગયાં તવરાએ રળિયાત ॥૧૪॥
આવ્યો અધિક વૈશાખ માસ, દન એકાદશીનો હુલાસ ॥
આવ્યાં જન હજારો હજાર, કરવા સમૈયો સુંદર સાર ॥૧૫॥
જ્યારે જાણિયું મનમાં જને, આજ સ્વામી આવ્યાં છે પ્રસન્ને ॥
થયાં મુદિત તે નરનાર, મળ્યો લાભ અલભ્ય આ વાર ॥૧૬॥
લાવ્યા પૂજા સામગરી જન, તેણે કર્યું મુનિનું પૂજન ॥
વધાવીને લીએ છે વારણાં, નીરખી મન હરખે જન તણાં ॥૧૭॥
ચર્ચી ચંદન હાર પહેરાવે, ગૂંથી ગજરા તોરા ધરાવે ॥
શ્રીફળ અક્ષત સારી સોપારી, કાજુ કુમકુમ કેસર ઉતારી ॥૧૮॥
ષટ્દશ પૂજાના પ્રકાર, તેણે પૂજિયાં પ્રાણઆધાર ॥
નીરખી તૃપ્ત ન થાય લોચન, વહાલું લાગે મુનિનું વદન ॥૧૯॥
કરી પ્રદક્ષિણા દંડવત્, પછી પૂજયા છે સંત સમસ્ત ॥
પછી હાથ જોડી ઊભા આગે, કરે સ્તુતિ અતિ અનુરાગે ॥૨૦॥
મહાપ્રભુને જમાડે જેમ, મુક્તમુનિને જમાડ્યા તેમ ॥
અંતરાય રાખ્યો નહિ અણું, એવું જાણ્યું માહાત્મ્ય ઘણું ॥૨૧॥
રાખ્યો વચનમાં વિશવાસ, થયાં કૃતારથ સહુ દાસ ॥
હતાં બસ્સે મરાળ સંગાથ, તેને જાણ્યું જે થયાં સનાથ ॥૨૨॥
મુક્તાનંદને પૂજિયાં ઘણું, એમાં દ્વેષ આણ્યો નહિ અણું ॥
સ્વામી કાજે હરિજન નિત્ય, કરી લાવે રસોઈ ઉચિત ॥૨૩॥
એમાંથી જમે મુનિ બે ગ્રાસે, બીજું સંતને દિયે હુલાસે ॥
પછી મુનિએ મહિમા સાથે, પદરજ ચડાવી છે માથે ॥૨૪॥
નિરમાનીને માન શું હોય, પાળ્યું વાલાનું વચન તોય ॥
સ્વામી થકા થઈ જાણે દાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે તવરાના મેળામાં મુક્તાનંદ સ્વામીની પૂજા કરી એ નામે એકસો ને ઓગણપચાસમું પ્રકરણમ્ ॥૧૪૯॥

INDEX

પ્રકરણ : ૧૫૦

પૂર્વછાયો :

હવે પછીની વારતા, સહુ સાંભળજ્યો દઈ કાન ॥
કરી સમાગમ સ્વામીનો, જન પામ્યા સુખ નિદાન ॥૧॥
વાણી નિરમળ છે ઘણી, જાણે હોય જાહ્નવી જળ ॥
નર સુણે જે શ્રવણે, થાય સુણી સદ્ય અમળ ॥૨॥
એવાં પ્રતાપ અમાપને, સંભળાવું કરી હું પ્યાર ॥
શ્રવણ કર્યે ઉપજે, સુખ દલમાંહિ અપાર ॥૩॥

ચોપાઈ :

એક સમે સુરત શહેર, મુક્તમુનિ ગયાં મુદભેર ॥
ખાંત્યે કર્યો કરાવ્યો સત્સંગ, ચઢ્યો જનને જીવમાં રંગ ॥૪॥
તેમાં મુનિબાવા એક મોટા, હતાં એની આગે સહુ છોટા ॥
તેનું આખ્યાન અનુપ કહું, જેથી આનંદ ઉપજે બહુ ॥૫॥
મુનિ બાવા મોટા વિદ્વાન, તેને નમે મોટા જ્ઞાનવાન ॥
મોટા શેઠ અને શાહુકાર, આપે આદર તેને અપાર ॥૬॥
તેનાં શિષ્ય ઘણાં બાઈ ભાઈ, સેવા સજે એની સુખદાઈ ॥
બેઉ પગમાં પહેરે મોજડી, શત રૂપૈયાની એતો પડી ॥૭॥
જિયાં જિયાં મુનિબાવા ફરે, તિયાં તિયાં શિષ્ય છત્ર ધરે ॥
નિત નવરાવે ખવરાવે, આઠો જામ સેવા તે કરાવે ॥૮॥
મૂળ કહેવાતા ગૌડ બ્રાહ્મણ, નામ એનું તો દિલ્લી લગણ ॥
મોટા રાજા મુઘલ નવાબ, બાવા આગે ન કરે રુઆબ ॥૯॥
વર્ષ ત્રીશ થયાં પૂર્ણ જયારે, પરમહંસ બન્યા પોતે ત્યારે ॥
બાર વર્ષ સુધી મૌન રાખ્યું, એવું તપ કઠણ કરી દાખ્યું ॥૧૦॥
લોટ બાજરીનો એકવારે, પીવે છાશે પલાળી સવારે ॥
કેદિ નારી પ્રસંગ ન રાખે, જેહ રાખે તેને છાંડી નાખે ॥૧૧॥
કામી લંપટ સાધુ જણાય, તેનો ભાવ ન રાખે જરાય ॥
તન તાપે છે તપથી ઘણું, તેથી આવ્યું એમાં કૃશપણું ॥૧૨॥
મુક્તમુનિ આવ્યાં શહેરમાંહિ, ઉતર્યા નવાબની વાડીમાંહિ ॥
નિત કતારગામને દ્વાર, કરે સભા આણી ઉર પ્યાર ॥૧૩॥

INDEX

તેહ જાણ્યું જ્યારે મુનિબાવે, તેથી આવ્યાં તિયાં બહુ ભાવે ॥
સુણી મુક્તમુનિ કેરી વાત, દલ થયું અતિ રળિયાત ॥૧૪॥
દીઠી રીત્ય અલૌકિક એવી, અન્ય ભેખમાં દીઠી ન તેવી ॥
ખટ દર્શન ખોળ્યા મેં બહુ, પણ આવું દીઠું નહિ ચહુ ॥૧૫॥
મુનિબાવા બની એકતાર, એમ કરે છે મન વિચાર ॥
પ્રભુ પ્રકટ પ્રતાપ કેરો, આજ મહિમા જાણ્યો ઘણેરો ॥૧૬॥
ધર્મ ભક્તિ વૈરાગ્ય ને જ્ઞાન, થયું તેહનું સઘળું ભાન ॥
શુભ આચરણ સંતનું જોઈ, મુનિબાવા બેઠા દલ ખોઈ ॥૧૭॥
નિજ મોટ્યપને તુચ્છ જાણી, મોટ્યપ સંતની ખરી પ્રમાણી ॥
મુક્તમુનિને કર્યાં દંડવત્, ત્યારે સ્વામીએ ઉઠાડ્યા તર્ત ॥૧૮॥
આપી આસન બેસાર્યા પ્રીત્યે, સનમાન દીધું રૂડી રીત્યે ॥
પછી બોલ્યા મુનિબાવા વેણ, તમે મુક્તમુનિ સુખદેણ ॥૧૯॥
કંઠી પહેરાવી સત્સંગી કરો, વળી વ્રતમાન મુને ધરો ॥
આજ થકી થાવું હરિદાસ, એટલી સુણો મુજ અરદાસ ॥૨૦॥
ત્યારે સ્વામીએ જળ મંગાવી, વ્રતમાન ધર્યા મોદ લાવી ॥
કંઠી બાંધી કર્યા સતસંગી, થયાં જક્તથી ખરા અસંગી ॥૨૧॥
મુક્તમુનિ સંગે હેત વાધ્યું, બ્રહ્મમુનિ સંગે પણ સાધ્યું ॥
મેલી દીધું પોતાનું ગુમાન, માન્યા શ્રીહરિને ભગવાન ॥૨૨॥
ખરી વાત સહુ સમજાણી, ગુરુદેવનું જીવન જાણી ॥
પછી જેતલપુર જગદીશે, છત્ર પછાડ્યું જ્યારે અતિશે ॥૨૩॥
એહ ઉપર કર્યા કીર્તન, મુક્તમુનિએ મન મગન ॥
તેનાં દર્શન તો મુનિબાવે, કર્યા'તા અલૌકિક ઉછાવે ॥૨૪॥
ત્યારથી લઈ આજ લગણ, હરિ ભૂલે નહિ એક ક્ષણ ॥
ખરા થયાં પછી પ્રભુદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુનિબાવાને સત્સંગી કર્યા એ નામે એકસો ને પચાસમું પ્રકરણમ્ ॥૧૫૦॥

પ્રકરણ : ૧૫૧

પૂર્વછાયો :

ઓગણતેરા કાળમાં, કેને ખાવા ન રહ્યું ધાન ॥
અષાઢ આખો વીતિયો, તોય નીર ન વરસ્યું નિદાન ॥૧॥
શ્રાવણ પણ સઘળો ગયો, ગયો ભાદરવો ભેંકાર ॥
વારિ વિણ ભર્તખંડમાં, દુઃખ કાળનું વ્યાપ્યું અપાર ॥૨॥
તેહ સમે હરિવરજી, છાના રહ્યાં ગઢપુરમાં ॥
દર્શ ન દિયે કોઈને, દાદા તણાં દરબારમાં ॥૩॥

ચોપાઈ :

વેષ તપસ્વીનો તન ધરી, રહે અંતર ઉદાસ હરિ ॥
વળી વધાર્યા નખ ને કેશ, કચ્છી ટોપી ધારી સવિશેષ ॥૪॥
કોઈ કચ્છે કહે રળિયાત, કોઈ કહે ગયાં ગુજરાત ॥
પણ સત્ય જાણે નવ કોઈ, જાણે દાદા ને સંબંધી સોઈ ॥૫॥
એવે સમે મુક્તાનંદ સ્વામી, હતાં ગુર્જરે અંતરજામી ॥
એતો આવ્યાં ગઢડાની વાટે, ઉતર્યા પ્રેમજી ઠક્કર હાટે ॥૬॥
પૂછે મુનિને ગઢડાવાસી, ક્યાંથી આવ્યાં તમે સુખરાશિ ॥
ગુજરાત્યથી આવિયાં આજ, જાશું કચ્છ મળવા મહારાજ ॥૭॥
એમ કહે મુનિ મોદ આણી, સહુ સાંભળે જન પ્રમાણી ॥
નાજા જોગિયાએ જાણી વાત, આવ્યાં પ્રભુ પાસે રળિયાત ॥૮॥
મુક્તાનંદજી આવ્યાં છે આંહિ, જાશે દરશને કચ્છમાંહિ ॥
એવાં શ્રીહરિને સમાચાર, કરજોડી કહ્યાં નિરધાર ॥૯॥
પછી બોલાવિયા મોટીબાઈ, વાત સંભળાવી સુખદાઈ ॥
કહેજો એભલ બાપુને તમે, મુક્તમુનિ આવ્યાં છે આ સમે ॥૧૦॥
મારા ઠાકોરજી કેરી મૂરતિ, તેને માથે કલગી શોભતી ॥
તેહ તૂટી મારાથી અજાણે, સ્વામી ઠીક કર્યાનું તે જાણે ॥૧૧॥
માટે મુનિને માંહિ બોલાવી, ઠીક કરાવો કલગી આંહિ ॥
પછી જીવુબા તાતની પાસ, વાણી ઉચ્ચરિયા એમ ખાસ ॥૧૨॥
સુણી સુતાની વાત સત્વર, આવ્યાં મુનિ પાસે મુદભર ॥
ઠીક કલગી કરવાનું કહ્યું, વેણ મુક્તમુનિએ તે ગ્રહ્યું ॥૧૩॥

INDEX

નાજા જોગિયા સંગે મરાળ, આવ્યાં દરબારમાંહિ દયાળ ॥
દેખી મુક્તમુનિને મહારાજે, કર્યાં દંડવત્ ભૂમિએ આજે ॥૧૪॥
દેખ્યા પ્રભુને દંડવત્ સોત્યે, કર્યાં દંડવત્ મુનિએ પોત્યે ॥
પછી પ્રભુએ મુનિ ઉપાડી, ભેટ્યા છાતીમાં લઈ તે દાડી ॥૧૫॥
અતિ પ્રીત્યે ચાકળો પાથરી, તે પર બેસારિયા નેહ ધરી ॥
સહુ ભક્ત તણાં સમાચાર, પૂછે કેવા છે સૌના વહેવાર ॥૧૬॥
ત્યારે સ્વામી થઈ સાવધાન, વરતંત સુણાવે નિદાન ॥
ઘણું મોંઘુ થયું હાટે અન્ન, પડે કઠણ કાઢવો દન ॥૧૭॥
તોય ભક્ત સરવે ઉદાર, પંડે ભૂખ્યા રહી નિરધાર ॥
અન્ન ભેળું કરી તેહ આજ, દિયે સંતને જમવા કાજ ॥૧૮॥
સહુ સેવા કરે રૂડી પેર્ય, તેની કરજો કાંઈક મેર ॥
સંત મહિમા સમજે નિત, તેમાં રાખે છે પૂરણ પ્રીત ॥૧૯॥
એવું સાંભળી ધર્મકિશોર, થયાં હૃદયે ભાવવિભોર ॥
અહો ગુર્જરના ભલા ભક્ત, થયાં સતસંગમાં આસક્ત ॥૨૦॥
એમ વાત પૂરી થયે થાળ, લાવ્યા મુકુંદ વર્ણી રસાળ ॥
પ્રભુ જમે સ્વામીને જમાડે, પોત્યે પીરસે છે ઘણું લાડે ॥૨૧॥
મુક્તમુનિ જમી તૃપ્ત થાય, તોય પીરસે છે પ્રભુરાય ॥
ઘણે દને મળી આપ સેવ, ઘણું જમાડો હે ગુરુદેવ ॥૨૨॥
એક પ્રહર એમ જમાડ્યા, વાતું કરીને મોદ પમાડ્યા ॥
પછી મુનિ કહે પરમેશ, આવી કૃપા કરજો હંમેશ ॥૨૩॥
પછી કલગી ઠીક કરીને, ગયાં ડેલીએ હરખ ભરીને ॥
કહે નૃપ લાગી ઘણી વાર, ત્યારે સ્વામી કહે ધરી પ્યાર ॥૨૪॥
દીધી કલગી તૈયાર કરી, તેથી વેળ્ય થઈ એમાં જરી ॥
એમ કહી ગુજરાત્યે જાય, ઘનશ્યામપ્રકાશ તે ગાય ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ ગુપ્તવાસમાં રહેલા શ્રીહરિને મળ્યાં એ નામે એકસો ને એકાવનમું પ્રકરણમ્ ॥૧૫૧॥

INDEX

પ્રકરણ : ૧૫૨

પૂર્વછાયો :

ચરિત્ર સર્વે ચિંતવી, કહું કહું કરીને ઉચ્ચાર ॥
કેંક કહ્યાં ને કેંક કહીશ, તોય આવે નહિ તેનો પાર ॥૧॥
જેમ જેમ કહું પ્રેમથી, તેમ હરખે મનડું માહરુ ॥
કોટિ કાળ લગી કહું, તોય આવે નહિ તેનું સરુ ॥૨॥
મહામુનિ મુક્તાનંદજી, વિચરણ કરતાં ઉદાર ॥
ચોકડી ગામે ફરતા, આવી પહોંચિયા સુખધામ ॥૩॥

ચોપાઈ :

તિયાં ભક્ત વસે માનસંગ, આઠો જામ કરે સત્સંગ ॥
તેને ઘેર રહ્યાં મુનિરાજ, ભક્ત રાજી કર્યાં અતિ ઝાઝ ॥૪॥
આવ્યાં અદ્‌ભુતાનંદ એ ટાણે, મળ્યાં મુક્તમુનિને ઠેકાણે ॥
રુદિયામાં રાજી થયાં સહુ, થયું સ્વામીનું દરશ બહુ ॥૫॥
રૂડી ખીચડી રાંધી તે ઠામ, સંત જમાડિયા સુખધામ ॥
પરભાત્યે ઊઠી તતકાળ, થયાં ચાલતા ત્યાંથી મરાળ ॥૬॥
પણ મુનિ અદ્‌ભુતાનંદ, તેથી ચાલી શકાયું ન ચંદ ॥
કાં જે વાળો થયો પગ વિશે, એ તો પીડા કરતો અતિશે ॥૭॥
એવી દેખી દયનીય દશ, બોલ્યા મુક્તમુનિ સ્નેહ વશ ॥
સ્વામી આંહિ રહો તમે સુખે, અમ સંગે ન ચાલશો દુઃખે ॥૮॥
ભક્ત માનસંગ છે ઉદાર, કરશું વાત તેને નિરધાર ॥
સંત સંગે રોકાઈને રહો, ઠાલું દુઃખ શરીરે ન સહો ॥૯॥
ત્યારે મુખથી કહે મરાલ, શીદ તનની લેવી સંભાળ ॥
રૂડી સોટી દિયો કૃપા કરી, તો હું ચાલું તમ સંગે ફરી ॥૧૦॥
હરિ દર્શ કરવા અતુલ, થાય મનડું મારું વ્યાકુલ ॥
માટે મુંથી આંહિ ન રહેવાય, આપ સંગે ચાલીશ સદાય ॥૧૧॥
પછી સ્વામીએ સોટી મંગાવી, મુનિને કરમાંહિ અપાવી ॥
ચાલ્યાં તિયાં થકી પછી સંત, આવ્યાં કુંડળે કરુણાવંત ॥૧૨॥
તિયાં ભક્ત વસે ગામમાંઈ, નામ રૂડું તેનું રાયબાઈ ॥
તેણે સંતને લાડુ જમાડી, નિજ ઘેર રોક્યા તેહ દાડી ॥૧૩॥

ચાલ્યાં રાત રહી તિયાં સંત, ગઢપુર પહોંચવા અત્યંત ॥
તિયાં માંદા પડ્યા મુક્તાનંદ, જ્વર પડવા પામે ન મંદ ॥૧૪॥
એમ જાણી રાયબાએ વાત, ગાડું જોડી મેલ્યું સાક્ષાત ॥
તેમાં બેઠા બે મોટા મરાલ, બીજા ચાલી ગયાં તત્કાળ ॥૧૫॥
જાણ્યું ગઢપુર મહારાજે, આવે મુક્તાનંદ સ્વામી આજે ॥
તર્ત માણકી મંગાવી તિયાં, હરિ હરખી સામા ચાલિયા ॥૧૬॥
એક ગાઉ ગયાં એમ જ્યારે, સંતવૃંદ મળ્યાં સહુ ત્યારે ॥
સંત સમૂહને ઘોડી ફેરી, ઊભા રહ્યાં આનંદમાં લહેરી ॥૧૭॥
મુક્તાનંદ ને અદ્‌ભુતાનંદ, મળ્યાં શ્રીહરિવરને સુખકંદ ॥
થયાં રસિયોજી રાજી મન, અહો ! મળિયા મુનિ મગન ॥૧૮॥
પછી મુનિને કહે શ્રીહરિ, ગાડાંમાંહિ બેસો નેહ ધરી ॥
ત્યારે મુનિ કહે સુણો સ્વામી, સત્ય વાત એ અંતરજામી ॥૧૯॥
પણ બેસું ગાડામાંહિ જ્યારે, પછી વાત કરો આપ ત્યારે ॥
સંભળાય ન શ્રવણે લેશ, માટે ચાલીને આવું હું શેષ ॥૨૦॥
ત્યારે પ્રભુ કહે સ્વામી તમે, ગાડું હાંકો જો આજ આ સમે ॥
અમે ગાડાં જોડે ઘોડી રાખી, સહુ વાત સુણાવશું દાખી ॥૨૧॥
પછી સ્વામીએ ગાડું ચલાવ્યું, દેખી પ્રભુને મન તે ભાવ્યું ॥
પછી પ્રભુ કહે નિરધાર, જેને હોય પ્રભુમાં જ પ્યાર ॥૨૨॥
તેનાં લક્ષણ કેમ જણાય, અમને કહો સર્વે મુનિરાય ॥
ત્યારે અદ્‌ભુતાનંદની વાત, સ્વામીએ કહી સર્વે સાક્ષાત ॥૨૩॥
પછી સ્વામી બોલ્યા મુદભર, એવાં લક્ષણે હોય જે નર ॥
તેને ખરો પ્રભુમાં અપાર, પ્રેમ પાંગર્યો દલે ઉદાર ॥૨૪॥
એમ વાતું કરી ઘણી વાટ, આવ્યાં મુનિ અને મુનિરાટ ॥
સંત જમાડ્યા અતિ હુલાસે, કહ્યું ઘનશ્યામપ્રકાશદાસે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ ગાડું ચલાવ્યું એ નામે એ નામે એકસો ને બાવનમું પ્રકરણમ્ ॥૧૫૨॥

પ્રકરણ : ૧૫૩

પૂર્વછાયો :

સ્નેહ સમ નહિ જક્તમાં, કોઈ મોટો ગુણ મહાન ॥
તેણે કરી વશ થાય છે, ભક્તપતિ ભગવાન ॥૧॥
માટે સહુ જન સાંભળો, આ પ્રેમકથા પવિત્ર ॥
જોતાં એવી જડશે નહિ, જુવો જગમાં શોધી ઇત્ર ॥૨॥
શઠ સંશય કરશે, મોદ પામશે હરિજન ॥
વાત છે બહુ શાસ્ત્રમાં, પણ આ સમ નહિ પાવન ॥૩॥

ચોપાઈ :

એક સમામાંહિ અવિનાશે, આપી આજ્ઞા સંતને હુલાસે ॥
મંડળિયું લઈ ગામોગામ, જાઓ વિચરવા સુખધામ ॥૪॥
અમને પૂછ્યા વિણ પાછું નાવું, ખટરસ અન્ન નવ ખાવું ॥
રાખશો નહિ દરશની આશ, કરો જઈ એકાંત્યે નિવાસ ॥૫॥
સુણી એવું વાલાનું વચન, સંત સિધાવિયા છે મગન ॥
મુક્તમુનિ પણ સંત સંગે, ચાલ્યાં ગઢપુરથી ઉછરંગે ॥૬॥
ખાંત્યે કરાવ્યો સતસંગ ભારી, નિજ હૈયે હરિને સંભારી ॥
તેણે કરી હરિજન મન, થયાં પ્રફુલ્લિત ને પાવન ॥૭॥
એમ દિન વિત્યા છે વિશેષ, પ્રભુ દર્શ થયાં નહિ લેશ ॥
પછી વાધી અગ્નિ વિરહ તણી, થાવા લાગી પીડા અંગે ઘણી ॥૮॥
સ્વામીને એકએક ક્રિયાયે, સાંભરી આવે નાથ સદાયે ॥
ઉઠે નાવા ત્યારે મહામુનિ, સંભારે જળક્રીડા પ્રભુની ॥૯॥
જળ વિયોગમાં જેમ મીન, સ્વામી થયાં એમ ગમગીન ॥
જ્યારે પૂજે છે બાળમુકુંદ, ત્યારે સંભારીને સુખવૃંદ ॥૧૦॥
કહે ક્યારે દેશો તમે સુખ, આવડાં કેમ દિયો છો દુઃખ ॥
ક્યારે જમે ને ન જમે અન્ન, વિરહે બહુ વીતે છે દન ॥૧૧॥
વેણ બોલે મુખ થકી એમ, દૂર થયાં દીનબંધુ કેમ ॥
દયા આણો તમે દલમાંય, દુઃખ હૈયે રહે ન સમાય ॥૧૨॥
આડસોડે નાખી તમે ખેસ, કેવા શોભતા શ્રી પરમેશ ॥
ખાંત્યે કરીને જમાડનાર, ક્યાં ગયાં તમે ધર્મકુમાર ॥૧૩॥

INDEX

પ્રેમે પધારો પીરસવાને, વાર લગાડો છો બહુ શાને ॥
પળ એક હવે ન ખમાય, કહી કેટલું કહું હરિરાય ॥૧૪॥
નથી નથી મને હવે ધીર, હવે થાઓને નાથ અચિર ॥
પળે પળે આવો યાદ આપ, તમ વિના લાગે મુને તાપ ॥૧૫॥
હરિ હરિ હરો મારું દુઃખ, મારે તો નિત્યનું ગયું સુખ ॥
ઝુરું ઝુરું હું તમ વિયોગે, કષ્ટ પામું છું વિરહ રોગે ॥૧૬॥
પિયું પિયું હું પામું તમને, એવી રઢ લાગી હવે મને ॥
નથી નથી બીજાનો આશરો, માટે પીડ તમે પ્રભુ હરો ॥૧૭॥
થયું થયું અધીર મળવા, તમ સંગ મારું મન રમવા ॥
કરો કરો હવે કાંઈ દયા, વિરહમાં દન બહુ વહ્યાં ॥૧૮॥
અહો અહો તમે દયાસિંધુ, ભક્તને ઉતારો ભવસિંધુ ॥
વારે વારે કહું તેથી આજ, નમેરી ન થાશો મહારાજ ॥૧૯॥
રાખો રાખો હવે બહુ થયું, નિત્ય દર્શ તણું સુખ ગયું ॥
મેલો મેલો નિયમ તમારાં, હવે દર્શન દિયો ઉદારા ॥૨૦॥
તડપી તડપી રહ્યું તન મારું, લેશ લાગે નહિ ક્યાંય સારુ ॥
સુણો સુણો તમે બળવંત, હવે મળવું તમને અત્યંત ॥૨૧॥
વહાલા વહાલા કરું કાલાવાલા, બહાના કાઢશો મા કોઈ ઠાલા ॥
ભેટું ભેટું તમને અવિનાશ, બસ એજ રહી મુને આશ ॥૨૨॥
એમ મુક્તાનંદ મહારાજ, અતિ આક્રંદ કરે છે આજ ॥
અતિ વિયોગે ભૂલ્યા છે ભાન, વિરહે સંભારી ભગવાન ॥૨૩॥
પ્રેમમાંહિ બન્યા ગરકાવ, સંભારી સંભારી હૈયે માવ ॥
રોઈ રોઈ આંખ્યું થઈ રાતી, પંડમાં પીડા નથી સમાતી ॥૨૪॥
વિરહાષ્ટક આ કોઈ જન, પ્રેમે ગાશે જો થઈ મગન ॥
તેની સાર લેશે અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિનો વિરહ કહ્યો એ નામે એકસો ને ત્રેપનમું પ્રકરણમ્ ॥૧૫૩॥

INDEX

પ્રકરણ : ૧૫૪

પૂર્વછાયો :

વટી સીમા વિરહની, જ્યારે મુક્તમુનિને દલ ॥
પછી મનમાં વિચારિયું, જાઉં મળવા નાથ અવલ ॥૧॥
લઈ સંગે સંતને, ચાલ્યાં નીરખવાને નાથ ॥
મુક્તાનંદ મહારાજને, હવે હૈયું રહે નહિ હાથ ॥૨॥
તેહ સમે ગઢપુરમાં, ગુપ્તવાસે રહ્યાંતા દયાળ ॥
વળી વસુધા ઉપર્યે, દુષ્ટ પડ્યો તો દુકાળ ॥૩॥

ચોપાઈ :

નાથે વધારિયા નખકેશ રે, કોઈ ઓળખી શકે ન લેશ રે ॥
છાના રહ્યાં અક્ષર ઓરડી રે, કેને ખબર તેની ન પડી રે ॥૪॥
વળી દીધો કઠોર આદેશ રે, રહેશું એકલા અમે વિશેષ રે ॥
કરવા નહિ અમારા દર્શન રે, રાખવું તમારે તે જતન રે ॥૫॥
પછી ભગુજી ત્યાં દિન રાત રે, બેસી કરે સહુને એજ વાત રે ॥
વાલો ગયાં છે ગુર્જર દેશ રે, કાં તો કચ્છમાં હશે વિશેષ રે ॥૬॥
એવે સમે આવ્યાં તિયાં સ્વામી રે, હૈયે સંભારતા બહુનામી રે ॥
સહુ થયાં જોતજોતે ભેળા રે, અહો આવ્યાં ગુરુ આવી વેળા રે ॥૭॥
પણ દેખી સ્વામી તણી દશા રે, કેને હોંશ રહ્યાં નહિ કશા રે ॥
નથી ચાલતી કેની હિંમત રે, કહે વાત પાડીને વિગત્ય રે ॥૮॥
પછી ભગુજીને તેડી પાસ રે, સ્વામીએ સુણાવી નિજ આશ રે ॥
કહો શ્રીહરિને જઈ તમે રે, મુક્તમુનિ આવ્યાં છે આ સમે રે ॥૯॥
મન મળવા બહુ હરખાય રે, માટે દર્શન દ્યો સુખદાય રે ॥
એવો સંદેશ નાથને કાવો રે, પછી આવી મુજને બોલાવો રે ॥૧૦॥
સુણી ભક્તે કહ્યું પ્રભુ આગે રે, પ્રભુ મુક્તમુનિ આવું માગે રે ॥
ત્યારે લાલે કરી આંખ લાલ રે, બોલ્યા મુખ થકી મેલી વ્હાલ રે ॥૧૧॥
ભલે આવ્યાં મુક્તાનંદ હોય રે, કે વળી આવિયાં અન્ય કોય રે ॥
નહિ દૈયે દરશન અમે રે, હવે ફેર મા આવશો તમે રે ॥૧૨॥
સુણી ભગુજી પ્રભુ વચન રે, બીજું વણ વિચારિયે મન રે ॥
રોતા રોતા આવ્યાં સ્વામી પાસે રે, કહ્યું ના પાડી છે અવિનાશે રે ॥૧૩॥

INDEX

ત્યારે સ્વામી થયાં સાવધાન રે, કેડ્યે બોલ્યા મુખથી મહાન રે ॥
નથી ઠેકાણું નાથનું કાંય રે, ક્યારે રીઝે ને ક્યારે રીસાય રે ॥૧૪॥
એતો ઘરથી ઘણો ધૂતારો રે, પ્રેમ માંડી મેલે પરબારો રે ॥
એ શું જાણે વિરહની પીર રે, મોટો થઈ બેઠો બળવીર રે ॥૧૫॥
હતો સ્વારથ જ્યાં લગી તને રે, બહુ બોલાવતો હતો મને રે ॥
નિત નિત ફરતો મુજ પાસ રે, થઈ દાસ તણો પણ દાસ રે ॥૧૬॥
સ્વાર્થ સરી રહ્યો હવે શેષ રે, તેથી પળમાં બદલ્યો વેષ રે ॥
અમને છેતરિયા છકી બહુ રે, આવું ધાર્યું નોતું શું હું કહું રે ॥૧૭॥
અરે કરે પશુપંખી પ્રેમ રે, તોય તે પણ નિભાવે નેમ રે ॥
થયો તેથી પણ તું ઉતરતો રે, તોય શ્રેષ્ઠ પોતાને ગણતો રે ॥૧૮॥
પણ હશે મારા ભાગ્ય અતિ રે, તેથી મળ્યાં તમે મુક્તપતિ રે ॥
ભલે ફેરી લિયો તમે મુખ રે, પણ તમે જ છો એક સુખ રે ॥૧૯॥
તમ વિના વ્હાલું નથી કોય રે, અક્ષર પર્યંત લગી જે હોય રે ॥
હવે મેલીશ આમ જ પ્રાણ રે, સુખે રહો તમે ત્યાં સુજાણ રે ॥૨૦॥
જિયાં બોલ્યા મુક્તમુનિ આમ રે, ત્યાં તો દોડિયા છે સુખધામ રે ॥
આવી કર્યાં બહુ દંડવત્ રે, કહે માફ કરો આ વખત રે ॥૨૧॥
એમ કહી ભેટ્યા ભુજ ભરી રે, હૈયે પ્રેમ સરવાણી સરી રે ॥
સ્વામીએ પણ ભીડી છે બાથ રે, ઘણે દને મળ્યાં દીનાનાથ રે ॥૨૨॥
પછી પ્રભુ કહે સુણો સ્વામી રે, સહુ સ્તુતિ કરે શીશ નામી રે ॥
પણ આવું કહે નહિ કોય રે, તેથી એવું ઈચ્છ્યું અમે સોય રે ॥૨૩॥
સુણી તમારાં મુખે ઠપકો રે, હું હરખાયો છું ઠાવકો રે ॥
આવું કહેતાં રહેજ્યો કરી યાદ રે, એમાં રાખશો મા મરજાદ રે ॥૨૪॥
એમ નાથે કહ્યું મોદ લાવી રે, તેહ લીલા તમને સુણાવી રે ॥
તેને સાંભળી થાશે ઉલ્લાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ શ્રીહરિને ઠપકો આપ્યો એ નામે એકસો ને ચોપનમું પ્રકરણમ્ ॥૧૫૪॥

પ્રકરણ : ૧૫૫

પૂર્વછાયો :

સંવત વર્ષ સિત્તેરમાં, જાણિયે જગજીવન ॥
પૂરણ પ્રેમે પધારિયા, હીરાભાઈને ઘેર મગન ॥૧॥
તિયાં આણ્યો તનમાં, મંદવાડ અતિ દુઃખદાય ॥
લીલા કરી અવિનાશીએ, ભલભલા મન મૂંઝાય ॥૨॥
રહ્યાં એકાંત્યે ઘરમાં, હતું ઉત્તર દિશનું જેહ, ॥
ઢાળી ઢોલિયો શ્રીહરિ, હવે કહું કર્યું તેહ ॥૩॥

ચોપાઈ :

નાજા જોગિયા ને મુકુંદ વર્ણી, સેવા સજે છે ભગુજી ઘણી ॥
કરે અકળ માનુષી લીલા, અંગે જવર ગ્રહી અળવીલા ॥૪॥
હરિભક્ત જાણે વાત જ્યારે, આવે દેખવા દૂરથી ત્યારે ॥
વળી સંત સમાજ અપાર, આવે નીરખવા નિરધાર ॥૫॥
પછી મોહને મોજમાં આવી, લીલા કીધી એવી મનભાવી ॥
જે જે જન આવે દરશને, તેનાં ઘાટ કહે પરસને ॥૬॥
સારા નરસા સંકલ્પ જેહ, કહી દેખાડે દયાળ તેહ ॥
તેહ સ્વામીશ્રીએ મન જાણ્યું, અનુચિત ઘણું પરમાણ્યું ॥૭॥
પછી મુક્તમુનિ જોડી હાથ, કહે સુણો પ્રભુ દીનાનાથ ॥
કહેશો સહુનાં સંકલ્પ ઘાટ, પછી રહેશે નહિ સારા વાટ ॥૮॥
રાખો મનની વાત છપાડી, કરશો મા તેહને ઉઘાડી ॥
મન વાનર સરીખું હોય, સારા નરસા ઘાટે રહે પ્રોય ॥૯॥
માટે મનનો કરશો ઉજાશ, ત્યારે થાશે તેનો ઉપહાસ ॥
પછી સત્સંગમાં કોઈ જન, કેદિ આવશે નહિ પ્રસન્ન ॥૧૦॥
સુણી વાત હરિએ વિચારી, ઘાટ કહ્યાંની વાત વિસારી ॥
પછી જવર વાધ્યો તનમાંય, પ્રભુ અંગે થયાં અસહાય ॥૧૧॥
અન્ન જમ્યા નહિ કિરતાર, થયાં ઉપવાસ તો અગિયાર ॥
લળી લળી કહે જન વેણ, પ્રભુ જમો થોડું સુખદેણ ॥૧૨॥
પણ ભોજન જમે ન કાંઈ, અલમસ્ત રહે મનમાંઈ ॥
એકવાર તો કરમાં અસિ, ગ્રહી વીંઝવા લાગિયા ધસી ॥૧૩॥

INDEX

નાજા ભગુજીએ ઘણું વાર્યું, પણ તેથી તે કાંઈ ન સર્યું ॥
ત્યારે મહામુનિ તિયાં આવી, પ્રભુને કહે છે સમજાવી ॥૧૪॥
આપ અહિંસાના ઉપદેશી, આજ કાઢો શીદ આવી દેશી ॥
અસિ શોભે નહિ તવ કર, માટે મૂકો હવે હરિવર ॥૧૫॥
ત્યાં તો તાડુકીને તપોનિધિ, કહે કરી તલવાર સીધી ॥
એ તો સત્સંગ રક્ષવા કાજ, લીધી જનની રાખવા લાજ ॥૧૬॥
એવી લીલા પ્રભુની અકળ, જાણી બોલ્યા નહિ તેહ પળ ॥
પછી દન અગિયાર લગણ, થઈ લાલને પૂરી લાંઘણ ॥૧૭॥
ત્યારે સ્વામી સમજાવે અતિ, પ્રભુ અન્ન ગ્રહો તમે રતિ ॥
આપ અંગે છો પૂરણકામ, તોય ભક્તની પૂરવી હામ ॥૧૮॥
અરધી નિશાએ જમવા તણું, કીધું તે સમે પ્રભુએ ઘણું ॥
પેંડા બરફી રૂડી મંગાવો, જાળીદાર જલેબી જો લાવો ॥૧૯॥
ત્યારે જમીશું અમે અપાર, એમ બોલિયા જગદાધાર ॥
એવું સુણી ચાલ્યાં બેઉ વીર, હીરા ઠક્કર નગો આહિર ॥૨૦॥
ભાયાવદરે હાટ ખોલાવી, આવ્યાં મીઠાઈ જાળીયે લાવી ॥
ત્યારે હરિ જમ્યા થોડા ગ્રાસ, તેથી રાજી થયાં સહુ દાસ ॥૨૧॥
પછી ઊઠી કહે પરભાત્યે, વેણું નદીમાંહિ પહોંચે ના'તે[1] ॥
વારિ મંગાવો એટલું આંહિ, નાયા કેડ્યે રહેશે જવર નાહીં ॥૨૨॥
ત્યાર કેડ્યે નાયા સુખદાય, પાત્ર ભરી લાવ્યા જળ ત્યાંય ॥
રેલો વેણુમહીં ભળ્યો જ્યારે, જવર ગયો હરિ કહે ત્યારે ॥૨૩॥
દેખી લીલા માનુષી અપાર, પણ સંશે થયો ન લગાર ॥
સેવામાં સજી રહ્યાં જરૂર, એક ઘડી થયાં નહિ દૂર ॥૨૪॥
ધન્ય ધન્ય એ જાળિયાવાસી, જેણે રાજી કર્યાં અવિનાશી ॥
તેનો અક્ષરમાં થયો વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે જાળિયામાં મંદવાડ ગ્રહણ કર્યો એ નામે એ નામે એકસો ને પંચાવનમું પ્રકરણમ્ ॥૧૫૫॥

---

૧. નહાતાં નહાતાં

INDEX

પ્રકરણ : ૧૫૬

પૂર્વછાયો :

આણી કસર અંગમાં, લીલા કરે ઘનશ્યામ ॥
મુક્તમુનિ પછી બોલિયા, વાણી અતિ અભિરામ ॥૧॥
કસર આણી અંગમાં, કહો કેમ વિશ્વવિહાર ॥
ત્યારે પ્રભુજી બોલિયા, સુણો મહામુનિ નિરધાર ॥૨॥
સંત વાલા મુને બહુ, તપ કરે તન સઘન ॥
તેને પૂજી પધરાવવા, અમે વિચારિયું બહુ મન ॥૩॥

ચોપાઈ :

માટે ધામ જોવા ગયાં એથી રે, ભૂલ્યો દેહ સ્મૃતિ હું તેથી રે ॥
આણી અંગમાં જવરની જાળ રે, તન વર્તી કસર તતકાળ રે ॥૪॥
પહેલા ગયાં એક ધામમાંઈ રે, દીઠા નરનારાયણ ત્યાંઈ રે ॥
પછી પૂજા આરતી અમારી રે, સ્તુતિ કરી નરભ્રાતે સારી રે ॥૫॥
તિયાં અમે કહ્યાં રૂડા વેણ રે, મુજ સંત તપે દિન રેણ રે ॥
તેહ સારું આવ્યાં જોવા ધામ રે, સંત રહેવા તણું શુભ ઠામ રે ॥૬॥
ત્યારે બોલિયા નરનારાયણ રે, આ છે ધામ તમારું રમણ રે ॥
પણ મન માન્યું નહિ મારું રે, ત્યાંથી ચાલ્યાં અમે પરબારું રે ॥૭॥
બીજા ધામે ગયાં પછી અમે રે, વાસુદેવ દીઠા તેહ સમે રે ॥
તિયાં પણ ન સરળ પડ્યું રે, સંત રહેવા તણું નવ જડ્યું રે ॥૮॥
ત્યાંથી ત્રીજા લોકમાં સધાવ્યાં રે, તિયાં પણ લેશ નહિ ફાવ્યા રે ॥
પછી ગયા અમે અન્ય ધામ રે, તેહ પણ ગમ્યું નહિ ઠામ રે ॥૯॥
હરિ વિના જે હોય પ્રધાન રે, તિયાં રુચે ન લેશ નિદાન રે ॥
માટે તિયાં થકી અમે ચાલ્યાં રે, પુરુષપ્રકૃતિ લોકશું મા'લ્યા રે ॥૧૦॥
તિયાં પુરુષનો શ્યામ વાન રે, દેખી રહસ્ય પૂછ્યું તે સ્થાન રે ॥
ત્યારે માયા કહે મુજ સંગે રે, જન જોડાણો જ્યારે ઉમંગે રે ॥૧૧॥
મુજ કાળ્યપ એમાં પ્રસરી રે, તેથી તે રહ્યો શ્યામ વાન ધરી રે ॥
એમ જાણ્યું જ્યારે બહુનામે રે, ત્યારે રહ્યાં નહિ તેહ ઠામે રે ॥૧૨॥
સાધુ રાખવા આંહિ અમારે રે, નથી સ્થાન આ રૂડું લગારે રે ॥
કાં જે માયા કેરા કાળપાશે રે, સર્વે સાધુતા સાધુની નાશે રે ॥૧૩॥

INDEX

બહુ ફર્યા અમે સુણો સ્વામી રે, પણ જાગ્ય જોવા નહિ પામી રે ॥
ધણી જે જે ધામે રહેનાર રે, કહ્યું અમને વારમવાર રે ॥૧૪॥
સંત રાખો સુખે અવતારી રે, ધામ તમારું છે સુખકારી રે ॥
પણ દીઠું નહિ શુભ સ્થાન રે, તેથી રહ્યાં નહિ ત્યાં નિદાન રે ॥૧૫॥
એમ ફરતા મન મગન રે, આવ્યાં અક્ષરધામે પ્રસન્ન રે ॥
તિયાં ભાવ થકી કરી સારી રે, મુક્ત અનંતે પૂજા અમારી રે ॥૧૬॥
પછી કહ્યું અમે હેત આણી રે, સંત વસે પૃથ્વીએ પ્રમાણી રે ॥
મુને પ્રેમે કરીને પ્રસન્ન રે, તેને તપ કર્યું તન મન રે ॥૧૭॥
માટે તેને રહેવા તણું ઠામ રે, આવ્યાં દેખવાને અભિરામ રે ॥
જોયા વિધવિધ ધામ અપાર રે, બીજા લોક દીઠાં નિરધાર રે ॥૧૮॥
પણ તિયાં છે ઘણી ઉપાધિ રે, રૂડી જાગ્ય તિયાં નવ લાધી રે ॥
બોલ્યા અક્ષરના મુક્ત ત્યારે રે, આ છે ધામ રહેવાનું તમારે રે ॥૧૯॥
તમે અક્ષરના અધિપતિ રે, તવ દાસ છૈયે અમે અતિ રે ॥
માટે સાધુ સરવે બોલાવી રે, મૂર્તિ સુખ દિયો મોદ લાવી રે ॥૨૦॥
પછી બ્રહ્મમોલથી અવનિ રે, આવી સાર લીધી સહુની રે ॥
અમે સંતને રહસ્ય કીધું રે, તેણે તે સહુ મનમાં લીધું રે ॥૨૧॥
અક્ષર મુક્તની પંક્તિએ રહેવું રે, તુચ્છ માયિક સુખ ન લેવું રે ॥
સર્વ અવતારના અવતારી રે, પૂર્ણ પુરુષોતમ સુખકારી રે ॥૨૨॥
તેનો નિશ્ચય દ્રઢ અચળ રે, કરવો જીવમાં અખંડ અટળ રે ॥
ભક્તિ એકાંતિકી નિરંત્ર રે, કરી પામવા પ્રભુ સ્વતંત્ર રે ॥૨૩॥
મુક્તમુનિ આગે એમ ઘણી રે, વાત કીધી બ્રહ્મમોલ તણી રે ॥
પછી મુનિ બોલ્યા પ્રભુ એહ રે, ધામ વિસ્તારે સુણાવો તેહ રે ॥૨૪॥
ત્યારે હરિએ અક્ષરધામ રે, વરણવી કહ્યું સુખધામ રે ॥
પાડી વિગતિ તેની હુલાસ રે, કહેશે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સંતોને રહેવાનું ધામ જોવા ગયાં એ નામે એકસો ને છપ્પનમું પ્રકરણમ્ ॥૧૫૬॥

પ્રકરણ : ૧૫૭

પૂર્વછાયો :

અનાદિ દિવ્ય અચળ છે, અતિ અનુપ અક્ષરધામ ॥
નિત્ય નિરંજન અનંત, બ્રહ્મમોલ ગણો બીજું નામ ॥૧॥
કોટાન કોટિ રવિ શશી, તેનો પ્રકાશ જે થાય ॥
અક્ષરધામ આગળ્યે, ખદ્યોત સમ તે ગણાય ॥૨॥
કાળ માયા કર્મ તણું, જ્યાં જોર ચાલે નહિ લેશ ॥
કામ ક્રોધાદિ સ્વભાવનો, ત્યાં નથી નથી પરવેશ ॥૩॥

ચોપાઈ :

અષ્ટ આવરણ થકી બહાર રે, શોભે સચ્ચિદાનંદ અપાર રે ॥
મન વાણી થકી અગોચર રે, નેતિ કહે નિગમ નિરંતર ર ॥૪॥
સર્વે ધામના ભૂષણરૂપ રે, ચૈતન્યાત્મક અતિ અનુપ રે ॥
આદિ અંત રહિત પ્રશાંત રે, શુભ સત્ય સ્વરૂપ નિતાંત રે ॥૫॥
બીજા લોક બ્રહ્મમોલ આગે રે, નર્ક તુલ્ય નક્કી તેહ લાગે રે ॥
ત્રણ ગુણ થકી પર તેહ રે, સર્વ શોકરહિત છે એહ રે ॥૬॥
આધિ વ્યાધિ અને ઉપાધિ રે તિયાં કેદિ શકે નવ બાધિ રે ॥
એ ધામથી પાછું ન અવાય રે, આવે તે ઈશ્વરની ઇચ્છાય રે ॥૭॥
મુક્ત જેવું મનમાંહિ ધારે રે, પામે નિજ તનું તેવું ત્યારે રે ॥
જિયાં જડ જેવું નથી કાંય રે, સર્વ ચૈતન્યમય સદાય રે ॥૮॥
સર્વે મુક્તો સમર્થ તે કેવા રે, કોટિ બ્રહ્માંડ નીપજાવે એવાં રે ॥
અતિ ઐશ્વર્ય દીસે અપાર રે, કવિ કહે શું તે સારધાર રે ॥૯॥
જિયાં સુખ સુખના દરિયા રે, મુક્ત અનંત આનંદે ભરિયા રે ॥
ઘણે મુક્તે શોભે છે સદન રે, કહેતાં પાર નાવે કોય દન રે ॥૧૦॥
તેજ તેજ તણો છે સમોહ રે, જેને જોતાં પામે મન મોહ રે ॥
નરવામ તણો ભેદ નોય રે, બ્રહ્મદેહ ધરી રહે સોય રે ॥૧૧॥
વળી સહુનાં તન કિશોર રે, જરા જન્મ નહિ એની કોર રે ॥
ધામ મધ્યે સિંહાસન એક રે, શોભે ચિત્ર વિચિત્ર વિશેક રે ॥૧૨॥
મણિસ્તંભ વળી ફૂલમાળ રે, ચહુ દિશ શોભે છે વિશાળ રે ॥
એવું રૂડું શોભે સિંહાસન રે, તે પર બેઠા પોતે ભગવન રે ॥૧૩॥

INDEX

મંદહાસ ને શિર મુગટ રે, જોઈ મુક્ત હરખે અમટ રે ॥
કાને કુંડળિયા બહુ શોભે રે, નંગ જડ્યા કડા કર ઉભે રે ॥૧૪॥
ચરણ અરુણ નખ રક્ત શ્યામ રે, કર આંગળિયું શોભાધામ રે ॥
ઘનશ્યામ ને વય કિશોર રે, મુક્ત દેખી રહ્યાં ચહુકોર રે ॥૧૫॥
ભુજ ચરણ શ્રવણ દોય રે, નથી સંદેહ એમાં કોય રે ॥
સમજે સાકાર જન જે સદા રે, પામે વાસ પાસ અતિ મુદા રે ॥૧૬॥
તેવું સ્વરૂપ હરિનું જોઈ રે, અક્ષરમુક્ત વંદે મળી સોઈ રે ॥
કોઈ કરે પ્રભુનું પૂજન રે, કોઈ સ્તુતિ કરે પરસન રે ॥૧૭॥
કોઈ મુક્ત પ્રભુને નિહાળે રે, કોઈ પ્રભુના ચરણ પખાળે રે ॥
ચાર વેદ થઈ મૂર્તિમાન રે, કરે પુરુષોત્તમનું ગાન રે ॥૧૮॥
અતિ શીતળ શાંત પ્રકાશ રે, મુક્ત સંગે વસે અવિનાશ રે ॥
નથી દ્વંદ્વ કે માયા વિકાર રે, નર્યો આનંદ છે જો અપાર રે ॥૧૯॥
બ્રહ્મમોલમાંહિ વસનાર રે, જીવ પ્રાણી તણાં આધાર રે ॥
સ્વયંપ્રકાશ ને ગુણવંતા રે, સર્વોપરી ને સર્વ નિયંતા રે ॥૨૦॥
સર્વ અવતારના ધરનાર રે, સદા કર્મ ફળના દેનાર રે ॥
તેને રહેવા તણું શુભધામ રે, એ જ અક્ષરધામ અકામ રે ॥૨૧॥
બ્રહ્મરૂપ માની નિજ આત્મ રે, ભજે અખંડ જે પરમાત્મ રે ॥
એવાં એકાંતિક ભક્ત હોય રે, પામે અક્ષરધામ તે સોય રે ॥૨૨॥
રહે લેલીન મુક્ત સદાય રે, સુખ લિયે હરિ મૂર્તિમાંય રે ॥
નથી વાત સરખી એ વાત રે, જાણે સંત મોટા તે સાક્ષાત રે ॥૨૩॥
અચળ અનાદિ દિવ્ય અપાર રે, બ્રહ્મમોલ તણી નિરધાર રે ॥
એમ વાત કીધી બહુ વહાલે રે, મુક્તાનંદજીને ધર્મલાલે રે ॥૨૪॥
તેને સર્વે થકી પર લૈયે રે, એક જીભે શું મોટપ કૈયે રે ॥
થાય શ્રવણે સુણી હુલાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે અક્ષરધામ વર્ણન એ નામે એકસો ને સત્તાવનમું પ્રકરણમ્ ॥૧૫૭॥

પ્રકરણ : ૧૫૮

પૂર્વછાયો :

એક સમે ગઢપુરમાં, ધરી શ્રીહરિએ પ્રીત ॥
સંત સહુ તેડાવિયા, દેશ પ્રદેશથી રૂડી રીત ॥૧॥
ઉચ્છવ કપિલા છઠ્ઠનો, ગઢડે કરવો જરૂર ॥
એમ શ્રી સુંદરવરને, હૈયે હામ રહી ભરપૂર ॥૨॥
સંત શિરોમણિ આવિયાં, જિયાં વિરાજે ઘનશ્યામ ॥
કરી દરશન નાથનાં, સહુ થયાં પૂરણકામ ॥૩॥

ચોપાઈ :

પછી મુક્તમુનિ પૂછે પ્રશ્ન, કહો કેવું કરીએ સાધન ॥
જે જે નાથ ગમતું તમારે, પ્રીત્યે કરવું એ જ અમારે ॥૪॥
ત્યાર કેડ્યે બોલ્યા ભગવન, પામ્યા પ્રભુ તમે જેહ દન ॥
તેદિ સાધન સરવે પૂરાં, થયાં રહ્યાં ન કાંઈ અધૂરા ॥૫॥
સાધન પૂરાં થયાં પછી જેહ, જે જે કરવું ઘટે કહું તેહ ॥
ગુરુહરિ ભજવા અખંડ, સ્વયં શ્રીહરિ સાક્ષાત પંડ ॥૬॥
મન બુદ્ધિ ચિત્ત અહંકાર, તેથી જીવ જૂજવો અપાર ॥
માયા કાળ દેવ ને ઈશ્વર, તેથી પર છે પરમેશ્વર ॥૭॥
સંત અસંતની જુદી રીત, વિવેકે પારખવી ઉચિત ॥
તેને જાણે જે નર નિદાન, શુદ્ધ અંગે થાય જ્ઞાનવાન ॥૮॥
જે જે દિવ્ય લીલા અમે કરી, પુર શહેર નગરમાં ફરી ॥
તે તે હૃદે સંભારવી સદા, તેની સ્મૃતિ ન ભૂલવી કદા ॥૯॥
અંત સમે મારા જન માટે, આવી પહોંચાડુ અક્ષર વાટે ॥
મિથ્યા ન થાય મારું બિરુદ, સર્વે સાંભળો સંત સુહૃદ ॥૧૦॥
પણ દાસપણે સતસંગે, જન રહેશે અચળ ઉમંગે ॥
તેની ભક્તિ ભલી જાણી સાચી, રહીશ તેનાં હું રંગમાં રાચી ॥૧૧॥
મારા લોક ભોગ મુક્ત સહુ, સત્ય દિવ્ય નિરગુણ બહુ ॥
તેને જૂઠાં જાણે જે ગમાર, તે તો નાસ્તિક નર અપાર ॥૧૨॥
મારી મરજી વિના કોઈ થકી, તૃણ તૂટે નહિ વાત પકી ॥
નિજ ઈચ્છાએ ભૂ પર પધારી, કેંક જનને દઉં ઉદ્ધારી ॥૧૩॥

INDEX

એમ મુક્તમુનિને પ્રશને, દીધો ઉત્તર પ્રભુ પ્રસન્ને ॥
સુણી શ્રીહરિની સહુ વાત, જન થયાં ઘણું રળિયાત ॥૧૪॥
પછી ભાદરવા વદિ છઠ, જન જમાડિયા સારી પઠચ ॥
ધોળા ભાત દૂધ બહુ બોળા, કર્યા વૃંતાકના ઘણાં ઓળા ॥૧૫॥
કઢી વડી પૂરી ને રોટલી, ઘૃત સાકર બીરંજ ભલી ॥
આદા કેરી લીંબુના આથણાં, સેવ સુંવાળી મિષ્ટાન ઘણાં ॥૧૬॥
જગજીવન હાથે જમાડે, નાના પાડે જે ઠામ સંતાડે ॥
તેને દિયે પરાણે ભોજન, રેડે રસિયો માથે પ્રસન ॥૧૭॥
એમ જનને જોરે જમાડી, ઘણું તૃપ્ત કીધાં તેહ દાડી ॥
આપી એલા લવિંગ સોપારી, મુખવાસ દીધાં સુખકારી ॥૧૮॥
પછી સંધ્યા સમે ધૂન્ય કરી, બેઠા પ્રભુ સભા રૂડી ભરી ॥
આપી સંતને આજ્ઞા જરૂર, ગાઓ હલિસપદ[1] મધુર ॥૧૯॥
અતિ રમવા રાસ હુલાસે, પટ પેર્યા રૂડાં અવિનાશે ॥
બહુ રૂપાળી પાઘ પેચાળી, જન મોહે નવરંગી ભાળી ॥૨૦॥
ફર્યા ફરતે ફેર ફૂદડી, તેની શોભા બની બહુ રૂડી ॥
ગાતા વાતા વીતે છે રજની, લખી લીલા મેં તેહ દનની ॥૨૧॥
જુગતે જન જમાડ્યા ઘણાં, લેશ રાખી નહિ કોઈ મણાં ॥
દીધાં શ્રીહરિએ દરશન, નિજ જનને અતિ પ્રસન્ન ॥૨૨॥
એમ ભાદરવે ભરપૂર, કપિલા છઠ દને જરૂર ॥
કર્યો સુંદર સારો સમૈયો, જન મને તેનો મોદ રહ્યો ॥૨૩॥
પછી મુક્તમુનિને ડભાણે, મેલ્યા સુંદરવર સુજાણે ॥
કહ્યું થોડા દિવસની માંહ્ય, જરૂર આવશું જાણજ્યો ત્યાંય ॥૨૪॥
આપી આગન્યા એમ દયાળે, ચાલ્યાં મુક્તમુનિ તતકાળે ॥
કર્યો ડભાણમાંહિ નિવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગઢડે કપિલા છઠ કરી એ નામે એકસો ને અઠ્ઠાવનમું પ્રકરણમ્ ॥૧૫૮॥

---

૧. હોળીના પદ

INDEX

પ્રકરણ : ૧૫૯

પૂર્વછાયો :

ત્યાર પછીની વારતા, સહુ સાંભળજયો સાક્ષાત ॥
આગન્યા લઈ અવિનાશની, આવ્યાં ડભાણે રળિયાત ॥૧॥
જન જાણી મોદ પામિયા, કર્યું સામૈયું રૂડી પેર ॥
પછી પ્રીત્યે પધરાવિયા, નિજ પુરમાંહિ મુદભેર ॥૨॥
સત્સંગ વાધ્યો અતિ, ઘણો મુક્તમુનિને પ્રસંગ ॥
આસુરી દૈવી થયાં, ચિત્તે ચડ્યો અલૌકિક રંગ ॥૩॥

ચોપાઈ :

બહુ દન રહ્યાં મુક્તમુનિ, લીધી સાર સહુનાં જીવની ॥
પછી સંતમંડળે જાણિયું, પ્રભુએ જવાનું પરિયાણ્યું ॥૪॥
મુક્તમુનિને મળવા શ્યામ, જાશે જરૂર ડભાણ ગામ ॥
તેહ લીલા પેખવા પ્રસન, જાવું પડશે આપણે મગન ॥૫॥
એમ વિચારી સહુ મરાળ, લાગ્યા આવવા ડભાણે તે કાળ ॥
પછી ભાદરવો ગયો જ્યારે, દન દિવાળીના આવ્યાં ત્યારે ॥૬॥
સંત વિચારે છે ઘણું મન, ક્યારે આવે આંહિ ભગવન ॥
આજ કાલ કરતાં નાવિયા, દર્શ વિના દન બહુ ગિયા ॥૭॥
પછી એક સમયની વાત, સૂધે સાંભળજો રળિયાત ॥
અરધી રાત વીતી એક જ્યારે, આવ્યાં નિષ્કુળાનંદજી ત્યારે ॥૮॥
મુક્તમુનિને કરી પ્રણામ, સમાચાર પૂછે અભિરામ ॥
આંહિ આવ્યાં નહિ પ્રભુ શાથી, એ તો સિધાવિયા ગઢડાથી ॥૯॥
વાટ વિશે રહ્યાં હશે ક્યાંય, કાં તો ગયાં બીજે હરિરાય ॥
ત્યારે સ્વામી બોલ્યા સુખકારી, દિવાળી તો વીતી બહુ ભારી ॥૧૦॥
પરિયાણ બીજું કાંઈ કીધું, સમૈયાનું તો આળસ[1] દીધું ॥
નહિ આવે હવે પ્રભુ આંહિ, એમ શોચ કરે મનમાંહિ ॥૧૧॥
પોર રાત વીતી એમ જ્યારે, વાલો આવિયાં વરતાલ ત્યારે ॥
કહે મુક્તમુનિ રાજે કિયાં, તેને મળવા અમે હરખિયા ॥૧૨॥
ત્યારે જન કહે મહારાજ, મુનિ ડભાણે રહ્યાં છે આજ ॥
વાટ તમારી જોઈને રહ્યાં, પણ આપે તિયાં નવ ગયાં ॥૧૩॥

---

૧. રદ કરવું, બંધ કરવું

INDEX

પછી પ્રભુજી પ્રસન્ન થઈ, મેલ્યો માણસ તેડવા સઈ ॥
દૂતે આવી ડભાણ મોઝાર, દીધાં સ્વામીને સૌ સમાચાર ॥૧૪॥
તેથી રાજી થઈ મનમાંય, સ્વામી સધાવ્યા વરતાલમાંય ॥
વાટે સ્વામિનારાયણ નામ, લેતાં લેતાં આવ્યાં અભિરામ ॥૧૫॥
આવી પેઠા જ્યાં ધરમશાળે, દીઠા પાટે પ્રભુ તતકાળે ॥
રૂડો ખેસ પહેરિયો શ્વેત, નીરખી ઉપજે અંતરે હેત ॥૧૬॥
પાઘ પેચાળી છોગું લટકે, છબી જોતાં તે મનડું અટકે ॥
એવા દીઠાં પ્રેમે હરિરાય, મુનિ લાગ્યા લળી લળી પાય ॥૧૭॥
મુક્તમુનિ થયાં રળિયાત, પામી દર્શન પ્રકટ સાક્ષાત ॥
પછી નાવા ગયાં વનમાળી, મેલ્યા નીર નાવા કાજે ગાળી ॥૧૮॥
નાહી અંબર ધર્યા દયાળે, રૂડો થાળ થયો તતકાળે ॥
ચારેકોર બેઠા સહુ સંત, વચમાંહિ જમે ભગવંત ॥૧૯॥
પછી ચળુ કરી અવિનાશ, ગ્રહે મોહનજી મુખવાસ ॥
પછી મુક્તમુનિએ તે દન, કરી પૂજા પ્રભુની પ્રસન્ન ॥૨૦॥
ચર્ચી ચંદન ભાલ વિશાળ, કર્યો કુંકુંમ ચાંદલો લાલ ॥
બેઉ ભુજાએ ચંદન ચર્ચી, શોભા શ્રીહરિને ઘણી રચી ॥૨૧॥
ગૌર છાતી વિશે નિરધાર, હેતે ચંદન ચરચ્યું અપાર ॥
જુગલ ચરણ ચંદને બોળ્યા, નિજ કર વડે ઘણું ચોળ્યા ॥૨૨॥
પછી પ્રેમે આરતી ઉતારી, ઘણું હરખિયા ગિરધારી ॥
મહામુનિ મુક્તાનંદ સંત, તેણે લ્હાવ લીધો છે અત્યંત ॥૨૩॥
અલબેલોજી અઢળ ઢળ્યા, સંત સર્વે ભેટીને મળ્યાં ॥
એહ સમાની વાત જે જાણે, દીઠી હોય તે વેણે વખાણે ॥૨૪॥
તેદિ લીલા કરી વરતાલ, સહુ જનને કર્યાં નિહાલ ॥
મહામુનિને મોદ ન માંય, ઘનશ્યામપ્રકાશ તે ગાય ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ડભાણથી ગઢપુર આવ્યાં એ નામે એકસો ને ઓગણસાઠમું પ્રકરણમ્ ॥૧૫૯॥

પ્રકરણ : ૧૬૦

પૂર્વછાયો :

શુભમતિ સહુ શ્રવણે, સાંભળજો દઈ ધ્યાન ॥
અવનિ ઉપર અવતરે, મુક્ત મુક્તપતિ નિદાન ॥૧॥
કરે ચરિત્ર મનુષ્યના, તેમાં સંશયવત જે થાય ॥
મર હોય મતિવાન પણ, સઘળો મૂળથી જાય ॥૨॥
માટે સાવધ થઈને, લીલા સાંભળજો સુખધામ ॥
ગ્રે'જો સવળુ અંતરે, કહું વારેવારે કરભામ ॥૩॥

ચોપાઈ :

બ્રહ્મમુનિ સંત જ્ઞાનવાન, તેનાં શિષ્ય લહિયા નિદાન ॥
નામ તેનું વાસુદેવાનંદ, પોતે સ્વભાવે અલ્પ સ્વચ્છંદ ॥૪॥
ઘણું મનધાર્યું કરી નાખે, કીધું સ્વામીનું પણ ન રાખે ॥
એક વાર કર્યું કાંઈ એવું, પડ્યું સ્વામીને વધારે કહેવું ॥૫॥
તે તો નિજને લાગ્યું નઠારુ, જાણ્યું થયું અપમાન મારુ ॥
પછી બ્રહ્મમુનિ ગુરુવર, તેને મેલીને ચાલ્યાં સત્વર ॥૬॥
જાણી મુક્તમુનિએ તે વાત, થયા દલમાં દુઃખી સાક્ષાત ॥
રૂડો સાધુ જો કરવો હોય, એમાં વર્ષ વીતે ઘણાં સોય ॥૭॥
સતસંગ તણી શોભા સંત, તેહ વિના અંધારુ અત્યંત ॥
સાધુ ત્યજે ત્યાગી તણો વેષ, ત્યારે ધર્મ રહે નહિ લેશ ॥૮॥
પછી મનમાં કર્યો વિચાર, મુજ પાસે રાખું ધરી પ્યાર ॥
નહિ રાખું તો એ અકળાશે, સતસંગથી મૂળગો જાશે ॥૯॥
કેડ્યે સ્વામીએ તેને બોલાવી, વાત ઘણી ઘણી સમજાવી ॥
બ્રહ્મમુનિ સમ કોઈ સંત, નહિ મળે જગમાં અત્યંત ॥૧૦॥
નિજ તુચ્છ સ્વભાવને માટ, શીદ મેલો છો સંત વિરાટ ॥
સતસંગ ત્યજી થશો જ્યારે, કરશો કહો શું કમાણી ભારે ॥૧૧॥
સંત કરશે અંતે સહાય, બીજાનું તો ચાલે નહિ કાંય ॥
એમ સ્વામીએ કરીને તાણ્ય, સમજાવિયા સંત સુજાણ ॥૧૨॥
જેમ જેમ મુનિ સમજાવે, તેમ ઉદાસી અંતર લાવે ॥
પણ પ્રકૃતિ પોતાની જેહ, મેલી શક્યા નહિ સંત તેહ ॥૧૩॥

INDEX

ત્યારે બોલિયા તે સંત ખાસ, નહિ રહું બ્રહ્મમુનિ પાસ ॥
કહો તો રહું આપ ચરણ, અતિ પવિત્ર ભયહરણ ॥૧૪॥
ત્યારે સ્વામીએ વિચાર્યું મન, ભલે રહે અમારે આસન ॥
કથા વારતા સત્સંગ પાય, ફરી મોકલીશું રહેતાં જયાંય ॥૧૫॥
ત્યાર કેડ્યે વાસુદેવાનંદ, રહ્યાં સ્વામીશ્રી પાસે આનંદ ॥
બ્રહ્મમુનિને ખબર થઈ, ત્યારે સમજાવિયા પોતે જઈ ॥૧૬॥
પાસે રાખવા કર્યા ઉપાય, પણ સર્યું નહિ તેથી કાંય ॥
તેથી બુહ્મમુનિ કરે ઘાટ, રાખી મનમાં અપાર ઉચાટ ॥૧૭॥
મુક્તાનંદે ચેલો ફોસલાવી, પોતા તણો કર્યો લોભ લાવી ॥
પછી મુનિએ અબોલા ગ્રહ્યા, દન સાત રિસાઈને રહ્યાં ॥૧૮॥
મુક્તમુનિના દરશન કાજ, ગયાં નહિ કેદિ મુનિરાજ ॥
જાણી રતનજીએ તે વાત, સંભળાવી શ્રીજીને સાક્ષાત ॥૧૯॥
પછી સંધ્યા સમે સભા કરી, તેડ્યા નિત્યમુનિ નેહ ધરી ॥
સ્કંધ પંચમની કથા જેહ, હેતે કરાવી હરિએ તેહ ॥૨૦॥
તિયાં બ્રહ્મમુનિને તેડાવી, કહ્યું લાડીલાએ હેત લાવી ॥
મહામુનિ મુક્તાનંદ સાથે, શીદ લીધાં છે અબોલા હાથે ॥૨૧॥
મુનિ મુક્તાનંદજીને સહુ, ગુરુદેવ સ્વીકારો છો બહુ ॥
ઈર્ષ્યા અહંકાર રાગ દ્વેષ, નથી મુક્તાનંદજીમાં લેશ ॥૨૨॥
પણ સાત વીત્યા દન તોય, તમે કર્યા ન પ્રણામ કોય ॥
એવડો શિયો જણાયો દોષ, ગુરુદેવ વિષે રાખ્યો રોષ ॥૨૩॥
મુક્તમુનિને થાય ન ક્ષોભ, રતિ લાવે નહિ કેદિ લોભ ॥
સાધુતાના જે સરવે ગુણ, એમાં વસે સહેજે અક્ષુણ્ણ ॥૨૪॥
એમ શ્રીહરિ સાંખ પુરાવે, મુક્તમુનિના ગુણલાં ગાવે ॥
ગાતાં થાકે નહિ અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે બ્રહ્મમુનિએ અબોલા લીધાં એ નામે એકસો ને સાઠમું પ્રકરણમ્ ॥૧૬૦॥

INDEX

પ્રકરણ : ૧૬૧

પૂર્વછાયો :

બ્રહ્મમુનિને વરણવી, કહે પ્રભુ સઘળી વાત ॥
પારકા દોષ ન પેખવા, તો સુખે રૈયે રળિયાત ॥૧॥
મોટા સંતને દૂભવી, જો પરઠિયો અવગુણ ॥
તો મહાદુઃખ પામશે, પછી સુખી રહે કહો કુણ ॥૨॥
માટે સંતની આગળ્યે, રહીએ દાસના દાસ સદાય ॥
નમે નહિ જે નેહથી, માન રાખે મોટ્યપ જાય ॥૩॥

ચોપાઈ :

મોટાની રીત્યે આપણી રીત્ય, એ થકી નહિ અન્ય ઉચિત ॥
મારું તારું કેદિ લવલેશ, રાખવો નહિ રાગ કે દ્વેષ ॥૪॥
તમે સંત રૂડાં જ્ઞાનવાન, કાવ્ય કળા તણું જાણો જ્ઞાન ॥
તન ત્યાગી બહુ બડભાગી, તવ તુલ્ય છે કોણ વિરાગી ॥૫॥
પણ આશ્ચર્ય ઉપજયું આજ, તમને માયા પેઠી મનમાંજ ॥
મુક્તમુનિ સંગે મુનિરાયા, એક શિષ્ય કારણે રિસાયા ॥૬॥
મુક્તાનંદજી ગુરુ અમારા, એમ ગુરુ છે પણ તમારાં ॥
જીવનું રૂડું કરવા આશ, ચેલો રાખ્યો છે પોતાની પાસ ॥૭॥
જાશે સતસંગ ત્યજી બારે, તેથી ખોટો શું સંતની હારે ॥
એમ વાત થઈ સભામાંય, બોલ્યા સાંભળીને મોટીબાય ॥૮॥
સંતમાં પણ શિષ્યને કાજ, પારકું પોતાનું થાય આજ ॥
હસ્યા વ્યંગ કરી એમ રતિ, સભામાંહિ કરી વાત છતી ॥૯॥
પછી બોલ્યા બ્રહ્મમુનિ વેણ, આપે શ્રીહરિ છો સુખદેણ ॥
આપ એક જ સત્ય સ્વરૂપ, આપ જેવા ન કોઈ અનુપ ॥૧૦॥
મુક્ત પણ ધરી નર દેહ, જ્યારે અવનિએ નિઃસંદેહ ॥
કરે માયાનો જો વિશવાસ, ત્યારે લાગે તેનો ગુણ પાશ ॥૧૧॥
માટે દોષ નથી મારો જરી, તમે જાણો સઘળું શ્રીહરિ ॥
દેહ માંદો પડ્યો મારો જ્યારે, આલી આવરદા સૌએ ત્યારે ॥૧૨॥
એમાં હશે કોઈ વઢકણી, ડોશી ભારે સ્વભાવની ઘણી ॥
એની આયુષના દન સાત, આ મેં ભોગવિયા છે સાક્ષાત ॥૧૩॥

INDEX

માટે બુદ્ધિમાં આવ્યો બગાડ, આવી ઈરષા અંગે લબાડ ॥
હવે આયુષ્ય ગયું તે સારું, થશે નહિ એવું કોઈ વારું ॥૧૪॥
મુક્તમુનિ સમ કોય સંત, જોયા નથી મહાન અત્યંત ॥
એમ કહી આવ્યાં સ્વામી પાસે, કીધાં દંડવત્ અતિ હુલાસે ॥૧૫॥
આવ્યાં નયણે નીર ભરાઈ, પછી બોલ્યા બ્રહ્મમુનિ ત્યાંઈ ॥
મુક્તમુનિ ગુરુદેવ તમે, શિષ્ય તમારાં કહેવાય અમે ॥૧૬॥
આપ છો માતપિતાને સ્થાન, અમે બાળક છૈયે નિદાન ॥
દેખી પુત્ર કેરા કોઈ દોષ, માતપિતા કરે નવ રોષ ॥૧૭॥
માટે બાળ જાણીને તમારો, કરો ક્ષમા અપરાધ મારો ॥
રહેતો દાસ થઈને સદાય, પણ માયા આવી અંગમાય ॥૧૮॥
અંગે દોષ આવ્યો તેહ થકી, નમ્યો નહિ હું આપને નક્કી ॥
માટે સ્વામી કરો કાંઈ લેર, મુજ ઉપર્ય રાખીને મેર ॥૧૯॥
બોલ્યા મુક્તાનંદ મુખે ત્યારે, ઈર્ષા કરી નથી તમે ક્યારે ॥
મુજનું નથી દુભાણું દલ, હેત હજી છે મુને અચળ ॥૨૦॥
કહી બ્રહ્મમુનિ રહ્યાં ભેટી, બલા અબોલાની તિયાં મેટી ॥
બેઉ મુનિ તણાં મન મળ્યાં, જેમ પય સાકરમાં ભળ્યાં ॥૨૧॥
પછી શીખ સૌએ ઉર લીધી, રાગ ઈર્ષ્યા મન ત્યજી દીધી ॥
માટે આંટી જો મન બંધાય, ત્યારે જળ લીટો જેમ થાય ॥૨૨॥
તેમ પડતું પોતાનું મેલી, રહેવું સત્સંગમાં સુખે રેલી ॥
વારે વારે કરું સાવધાન, સર્વે ભક્ત પ્રભુના નિદાન ॥૨૩॥
આવી માનુષી લીલાને દેખી, પૂર્વાગ્રહ ન બાંધવો લેખી ॥
એ તો અનાદિ અક્ષર મુક્ત, માયા વિશે ન થાય આસક્ત ॥૨૪॥
જુગે જુગે મુમુક્ષુ જે આવે, તેની શીખ કાજે લીલા કાવે ॥
પણ એમાં શું હોય કચાશ ?, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે બ્રહ્મમુનિએ અબોલા મૂક્યાં એ નામે એકસો ને એકસઠમું પ્રકરણમ્ ॥૧૬૧॥

પ્રકરણ : ૧૬૨

પૂર્વછાયો :

ગઢપુરે ગોવિંદજી, ઉચ્છવ કર્યો ફૂલદોળ ॥
રંગ સોરંગ ઉડાડીને, આપ્યો આનંદ અતોળ ॥૧॥
શ્રીજી સંત ઉપર્યે, રંગ ઢોળે કરી પ્યાર ॥
એમ માહોમાંહિ રંગમાં, ગુલતાન થયાં નિરધાર ॥૨॥
સંવત એકોતેરશું, ફૂલદોળ કીધો ફાંટુ ભરી ॥
જન આવ્યાં નિરખવા, લાવો લીધો ભાવ ભરી ॥૩॥

ચોપાઈ :

પછી ઘેલે ગયાં ઘનશ્યામ, સંગે સંત વળી નરવામ ॥
ત્યાંથી સહસ્ત્રા ધરે પધાર્યા, જનને મન મોદ વધાર્યા ॥૪॥
જળક્રીડા કરી વિધવિધ, સર્વે શાસ્ત્રામાં છે પરસિદ્ધ ॥
એમ નાતા ગયો ઘણો કાળ, તોય બહાર નાવે શ્રી ગોપાળ ॥૫॥
મુક્તમુનિએ કર્યો વિચાર, નહિ નીસરે જો જગદાધાર ॥
તન થાકી જશે જળમાંય, માટે વિનવું શ્રીહરિરાય ॥૬॥
કહ્યું મુનિએ જોડીને હાથ, હવે બહાર નીસરોને નાથ ॥
ઘણું નાહ્યા ઘેલા જળ વિશે, પુર પધારો પ્રેમે અતિશે ॥૭॥
પછી અવિનાશી સંત સંગે, આવ્યાં દરબારમાંહિ ઉમંગે ॥
રૂડો થાળ જમ્યા સુખદાય, જન જમાડિયા હરખાય ॥૮॥
પોઢ્યા પાતળિયો અલબેલ, વાળી રંગડાની ઘણી રેલ ॥
જાગી સ્નાન કરી સભામાંય, બેઠા મોહનજી મોદમાંય ॥૯॥
એવે સમે સિદ્ધાનંદ સંત, વળી સચ્ચિદાનંદ મહંત ॥
દોય રહેતા ઘણું રાધાવાવે, ખેતી મંદિર કાજે કરાવે ॥૧૦॥
ફળ ફૂલ શાક વળી અન્ન, દેતા પ્રભુને લાવી પ્રસન્ન ॥
મુનિ સિદ્ધાનંદ એકવાર, આવ્યાં સભામાંહિ નિરધાર ॥૧૧॥
હતું હાથમાં કેળનું પાન, એમાં બોર અંજીર નિદાન ॥
મેલ્યા મહારાજ આગળે દોય, કહે અંજીર લાવિયો સોય ॥૧૨॥
ગ્રહી એમાંથી અંજીર એક, જમ્યા જગજીવન વિશેક ॥
બીજું અંજીર કરમાં લીધું, અરધું પણ તે જમી દીધું ॥૧૩॥

વાંસે વધ્યું અરધું અંજીર, દીધું મુક્તમુનિને સુધીર ॥
જમો જમો પ્રસાદીનું ફળ, અમે આપીએ છૈયે અમળ ॥૧૪॥
ત્યારે સ્વામી કહે મહારાજ, મુને અંજીર નડશે આજ ॥
તનમાંહિ છે કસર ઘણી, તાણ્ય કરો મ જમવા તણી ॥૧૫॥
સુણી બોલ્યા નટવર નાવ, સ્વામી એવો નહિ મુને ભાવ ॥
નડે એવાં આ અંજીર નથી, નક્કી કહું છું તમને કથી ॥૧૬॥
કેડ્યે અરધું અંજીર જમ્યા, મન મોહનને ઘણું ગમ્યા ॥
એવી લીલા કરી તેહ દન, સુણી થાય મન પરસન ॥૧૭॥
પછી સંધ્યા ટાણું થયું જ્યારે, ઉમંગે કરી આરતી ત્યારે ॥
રાત્ય સમે સભા કરી પોત્યે, સંત તેડાવિયા સ્નેહ સોત્યે ॥૧૮॥
મુક્તાનંદ બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ યોગાનંદ સ્વામી ॥
એહ આદિક ગવૈયા સંત, બેઠા પ્રભુ આગળે અત્યંત ॥૧૯॥
હરિ બોલ્યા હોળી પદ ગાઓ, રસબસ કીર્તનમાં થાઓ ॥
પછી કીર્તનની થઈ ઝડી, ગાય એક કેડ્યે એક કડી ॥૨૦॥
લીંબતરુને ફરતે સહુ, સંત ગાવા લાગ્યા એમ બહુ ॥
તેને દેખી હરિ હરખાયા, પોત્યે પણ ગાવા લલચાયા ॥૨૧॥
નવ રે'વાણું તનમાં જ્યારે, સંત ફરતા પ્રભુ ગાય ત્યારે ॥
એમ અરધી નિશા લગી પોત્યે, સંત સંગે રમ્યા સ્નેહ સોત્યે ॥૨૨॥
કહે મુક્તમુનિ કરી સાનું, હવે રાખો પ્રભુ રમવાનું ॥
ઘણો લાગશે થાક શરીર, માટે પોઢોને હવે સુધીર ॥૨૩॥
પછી સંતને આગન્યા આલી, ગયાં પોઢવા ગોવિંદ ચાલી ॥
સુરાખાચરે આપી રસોઈ, બીજે દન જમાડિયા સોઈ ॥૨૪॥
કરી પંગત્યમાં બહુ તાણ, પ્રભુ પોત્યે પીરસે સુજાણ ॥
તેનો આનંદ ઉર ન માંય, ઘનશ્યામપ્રકાશ તે ગાય ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ અંજીર જમાડ્યા એ નામે એકસો ને બાસઠમું પ્રકરણમ્ ॥૧૬૨॥

INDEX

પ્રકરણ : ૧૬૩

પૂર્વછાયો :

ધન્ય ધન્ય ધર્મકુંવરને, ધન્ય સતસંગી વિશેષ ॥
સંત સહિત જ્યાં વિચર્યા, તે પુનિત સરવે દેશ ॥૧॥
અલૌકિક લીલા કરે, ઉપજાવી ઘણું વહાલ ॥
નિત નિત નિજ જનને, અતિ કરે નિહાલ ॥૨॥
મુજ મતિ પોંચે નહિ, પામવા તે ચરિત્ર ॥
અંતરમાં સુખ માણવા, સ્નેહે સંભળાવું પવિત્ર ॥૩॥

ચોપાઈ :

પછી મુક્તાનંદ મુનિરાય, વિચરે પ્રભુ સંગે સદાય ॥
પણ ઘણું રહે ગઢપુર, જગજીવન જોડ્યે જરૂર ॥૪॥
તિયાં વાળે રંગડાની રેલ, જન મુદિત કરે અલબેલ ॥
એમ કરતાં શ્રી મોહનવર, આવ્યાં એક દિ' ઝિંઝાવદર ॥૫॥
ભક્ત ત્યાંના ઘણાં પ્રભુ પ્યાસી, તેને પ્રેમે મળ્યાં સુખરાશી ॥
રહી શ્રીહરિ ત્યાં એક રાત્ય, ગયાં કારિયાણી પરભાત્ય ॥૬॥
પાટ ઢાળી પાદરમાં બેઠા, સહુ જને મૂંઝાયેલ દીઠા ॥
પછી સંત પ્રતિ કહે શ્યામ, સુણો સંત સહુ સુખધામ ॥૭॥
જાશું ગુજરાત્યે અમે આજ, સર્વે ભક્તનો લઈ સમાજ ॥
પણ તમે કર્યો ન તપાસ, સહુ ચાલ્યાં આવ્યાં મુજ વાંસ ॥૮॥
ગઢડે તો રહ્યું નહિ કોય, કોણ સાર લેશે તિયાં સોય ॥
ઘણું ઘણું ખીજાયા શ્રીહરિ, સંતને વેણ કહે ફરી ફરી ॥૯॥
ત્યારે અંતર કર્યો તપાસ, એવાં કોણ મુનિ મુજ પાસ ॥
આગન્યા થકી ગઢડે જાશે, તોય મુખ નવ કરમાશે ॥૧૦॥
પછી નજર ઠરી છે ઠીક, મુક્તમુનિ પર નિરભિક ॥
કહ્યું જાઓ તમે ગુરુદેવ, ગઢડે આંહિથી તતખેવ ॥૧૧॥
થોડે દન રહી તેહ ઠામ, સતસંગ કરી અભિરામ ॥
વહેલા આવજો વરતાલ દેશ, તિયાં મળજો અમને વિશેષ ॥૧૨॥
મુક્તમુનિ ગયાં ગઢપુર, ચાલ્યા પ્રભુ તિયાંથી જરૂર ॥
આવ્યાં કોડીલો કુંડળ ગામ, ત્યાંથી ચોકડીએ અભિરામ ॥૧૩॥

INDEX

ગયાં આકરું ખરડમાંય, પછી પચ્છમના રણમાંય ॥
ગયો બે ત્રણ માસનો કાળ, પછી વાલો આવ્યાં વરતાલ ॥૧૪॥
જોબનપગીને ફળિયે વાલો, રહ્યાં રાત્ય મનોહર લાલો ॥
તિયાં મુક્તમુનિ લઈ સંઘ, આવી પહોંચિયા અતિ અનઘ ॥૧૫॥
પ્રીત્યે ઉતારા આલિયા ત્યાંય, હરિ રહ્યાં ઘણું હરખાય ॥
પછી આરતીની થઈ વેળા, ધૂન્ય કરવા થયાં સહુ ભેળા ॥૧૬॥
ત્યાર કેડચે ધરી ઉર ભાવ, મેડે ચડ્યા મનોહર માવ ॥
મુક્તમુનિને આગન્યા આલી, ગાઓ કીર્તન દઈને તાળી ॥૧૭॥
વળી બ્રહ્મમુનિ પણ મુખે, ગાઓ તમારું કવિત સુખે ॥
પછી બારીએ બેઠા શ્રીહરિ, કીરતન સુણે નેહ ધરી ॥૧૮॥
નવ ગરબી બોલાવી નાથે, તાળી પાડે જોરે નિજ હાથે ॥
મુક્તમુનિ બ્રહ્મમુનિ બેઉ, ગાય જન ઝીલે તેહ સોઉ ॥૧૯॥
તૃપ્તિ સાંભળતા નવ થઈ, ઘણી તાણ્ય સુણવાની રઈ ॥
હજી ગાઓ એકેક કીર્તન, પ્રભુ કહે અતિ પરસન ॥૨૦॥
પછી તો પાટે ઊભા થઈને, ઝીલે પ્રભુ પોતે તાળી દઈને ॥
રૂડી મૂર્તિ મનોહર શોભે, જોઈ મુનિ તણાં મન લોભે ॥૨૧॥
એમ પદ પંદર હુલાસે, ગાયા બેઉ મુનિએ ઉજાસે ॥
આવ્યાં ઉમંગમાં બહુ જયારે, ઉતર્યા મેડે થકી માવ ત્યારે ॥૨૨॥
થયાં રાજી અલબેલો ઘણાં, લિયે સંત સહુ ઓવારણાં ॥
એમ વીતી અરધી રજની, ભીડ જામી છે ભક્તજનની ॥૨૩॥
સુણી આનંદ પામિયા જન, ઘેર જાવા કરે નહિ મન ॥
પછી આગન્યા આપી તે વાર, ચાલ્યાં પોઢવા પોત્યે મોરાર ॥૨૪॥
સંત સધાવિયા હરખાય, મન રહ્યું છે મૂરતિમાંય ॥
કીધી લીલા સરવે હુલાસે, ઘણું ઘનશ્યામપ્રકાશદાસે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગઢડે કોઈ ન રહ્યું તેથી મુક્તમુનિને ત્યાં મોકલ્યા એ નામે એકસો ને ત્રેસઠમું પ્રકરણમ્ ॥૧૬૩॥

પ્રકરણ : ૧૬૪

પૂર્વછાયો :

હવે પછીની વારતા, સહુ સાંભળજો નિદાન ॥
સમરતાં સુખ ઉપજે, ચરિત્ર સરવે મહાન ॥૧॥
એક સમે વરતાલમાં, હતા શ્રીહરિ ચિત્તચોર ॥
કીર્તન કરતાં નેહથી, વીતી રાત્ય જ્યારે દોઢ પોર ॥૨॥
પછી પ્રભુજી પ્રેમથી, કહે મુક્તમુનિને વાત ॥
સંત મંડળે કોણ એવું, જાણે નૃત્ય વિધવિધ ભાત્ય ॥૩॥

ચોપાઈ :

નૃત્ય કરશે કોઈ આ સમે રે, તેને પ્રસન્નતા દેશું અમે રે ॥
ત્યારે મુક્તમુનિ બોલ્યા વાણ રે, થાઓ રાજી જો આપ સુજાણ રે ॥૪॥
નૃત્ય કરું મેલી લોકલાજ રે, આપો આગન્યા હે મહારાજ રે ॥
પછી ઘુંઘરુ બાંધ્યા ચરણે રે, ઘમકે છે ઘૂઘરિયું ઘણે રે ॥૫॥
દેખી એવું સ્વામીનું સ્વરૂપ રે, નવ રહી શક્યા સુખરૂપ રે ॥
તર્ત ઊભા થયાં જગદીશ રે, આવ્યાં મુનિ પાસે અનિમેષ રે ॥૬॥
હતો રેંટો જરિયાની માથે રે, તેતો મુનિને ઓઢાડ્યો નાથે રે ॥
વળી ગળે ગુલાબના હાર રે, તેહ પણ પહેરાવ્યા અપાર રે ॥૭॥
બાજુબંધ બાંધે પ્રભુ પોત્યે રે, તોરા ધરાવે છે સ્નેહ સોત્યે રે ॥
અહો શોભા તે સમાની ભણું રે, જીહ્વા કહે શું બિચારી અણું રે ॥૮॥
સ્વયં અવતારી મહારાજ રે, બાંધી અંતરમાં પ્રેમપાજ રે ॥
અલંકાર ધરાવે અનેક રે, મુક્તાનંદ સ્વામીને વિશેક રે ॥૯॥
પછી કરમાં લઈ કરતાલ રે, સૂર સંગીતના સહુ તાલ રે ॥
નૃત્ય આરંભ કર્યું સુંદર રે, ભેદ તેનાં દેખાડ્યા અવર રે ॥૧૦॥
ખનનન ખનન ઘૂઘરી રે, રૂડી વાગે લિયે મન હરી રે ॥
ઠનનન ઠનન ધરણી રે, ધ્રૂજે નૃત્યના તાલે ઘણી રે ॥૧૧॥
ફરર્ર ફરર પટ ગેરુ રે, ફરકી શોભા વધારે અનેરું રે ॥
ઝરર્ર ઝરર ફૂલહાર રે, ધ્વનિ ઉપજાવે નિરધાર રે ॥૧૨॥
ઠરર્ર ઠરર અવાજે રે, બાજુબંધે મોતી ખૂબ ગાજે રે ॥
તનનન તનન ત્રોડે તાન રે, રાગ રાગિણી ગાવે નિદાન રે ॥૧૩॥

INDEX

જય જય મુખથી ઉચ્ચાર રે, કરે સ્વયં જગદાધાર રે ॥
નૃત્ય સંગીત કીધું અમિત રે, દેખી જન થયાં મૂરછિત રે ॥૧૪॥
સુર ગગનમંડળે આવી રે, કરે પૂજન પુષ્પ વધાવી રે ॥
વસે મુક્ત બીજા ધામમાંય રે, આવ્યા તે પણ દેખવા ત્યાંય રે ॥૧૫॥
તેહ પણ વ્યોમે દિવ્ય દેહે રે, બેસી દેખે વિમાનમાં નેહે રે ॥
એ તો જાણે અમ જેવું કોય રે, નૃત્ય જાણે નહિ જન સોય રે ॥૧૬॥
પણ દેખી મુનિનું સ્વરૂપ રે, અતિ અદ્‌ભુત ને અનુપ રે ॥
મૂરછિત થયાં પળમાંય રે, સૂધ રહી ન તનની ત્યાંય રે ॥૧૭॥
આવ્યાં દેખવાને મુક્ત બહુ રે, નિજધામને મેલી તે સહુ રે ॥
તેને આવિયું વિસ્મિતપણું રે, જોઈ ઐશ્વર્ય અનેક ગણું રે ॥૧૮॥
વ્યોમે રહી સુરવૃંદ નારી રે, કરે વૃષ્ટિ કુસુમની સારી રે ॥
નર બેઠેલા વસુધા વિષે રે, વળી નભે અમર અતિશે રે ॥૧૯॥
નૃત્ય મુનિ તણું સહુ જોઈ રે, જડ જેવા થયાં સ્થિર સોઈ રે ॥
તાલ જૂજવા નૃત્યના કરી રે, ઘણું રાજી કર્યા શ્રીહરિ રે ॥૨૦॥
પછી મુક્તમુનિ પ્રભુ પાસે રે, ગયાં આશિષ લેવાની આશે રે ॥
દેખ્યા મુનિ આવતા નિહાળી રે, ઊભા થયાં તર્ત વનમાળી રે ॥૨૧॥
ધન્ય ધન્ય મુક્તાનંદ સ્વામી રે, રાખી નૃત્યમાં કાંઈ ન ખામી રે ॥
તમ જેવા નહિ જગમાંય રે, રહ્યો આનંદ અતિશે છાય રે ॥૨૨॥
એમ કહીને બાથમાં લીધાં રે, ભાવે ભેટી વાલે સુખ દીધાં રે ॥
મુક્તમુનિને મોદ ન માંય રે, હરિ હૈયા થકી હરખાય રે ॥૨૩॥
ત્યાર પછીની વાત રસાળ રે, સહુ સુણજો રાખી સંભાળ રે ॥
મુક્તમુનિએ માંગ્યા છે વર રે, દીધાં હરિએ તે મુદભર રે ॥૨૪॥
નિત નિત સંભારીને જેહ રે, ગાશે મહિમા જાણીને તેહ રે ॥
તેને હૃદે લેશે હરિ વાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્‌ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ વરતાલમાં નૃત્ય કર્યું એ નામે એકસો ને ચોસઠમું પ્રકરણમ્‌ ॥૧૬૪॥

પ્રકરણ : ૧૬૫

પૂર્વછાયો :

મહામુનિ મુક્તાનંદજી, નટવર રીઝાવા વિશેષ ॥
નર્તક થઈને નાચિયા, જન મન હર્યા અશેષ ॥૧॥
રાજી રસિયો થઈને, કહે મુનિને નિર્ધાર ॥
મોજ વછૂટે મુજને, માટે માગો મોજ અપાર ॥૨॥
જે જે મુખથી માંગશો, તે દેશું અમે પ્રસન્ન ॥
માટે દુર્લભ હોય જે, સુખે માંગજો સઘન ॥૩॥

ચોપાઈ :

પછી બોલ્યા મુક્તાનંદ સંત રે, મોજ માંગુ હું આજ અત્યંત રે ॥
દેજ્યો કૃપા કરી અવિનાશ રે, થયાં હોય જો આપે હુલાસ રે ॥૪॥
જેવી મૂરતિ દેખું નિજ પંડ રે, એવી રેજ્યો અંતરે અખંડ રે ॥
મૂર્તિ મેલીને ઘાટ ન થાય રે, એહ મોજ માંગુ પ્રભુરાય રે ॥૫॥
મૂરતિ તમારી જે સુખકારી રે, વળી વચન આપના ભારી રે ॥
અનાદર ન થાય જરાય રે, એહ મોજ માંગુ પ્રભુરાય રે ॥૬॥
ધાર્યું મનનું કેદિ ન સરે રે, મન ધાર્યું જ આપનું કરે રે ॥
રહે એમ હૈયામાં સદાય રે, એહ મોજ માંગુ પ્રભુરાય રે ॥૭॥
દેહ ઈન્દ્રિ અંતઃકરણ સંગે રે, જીવ બંધાણો અતિ ઉમંગે રે ॥
માટે જીવ તેમાં ન જડાય રે, એહ મોજ માંગુ પ્રભુરાય રે ॥૮॥
સર્વે જન દેહ ગેહ તણાં રે, પરમ શત્રુ પરમાણુ ઘણાં રે ॥
સતસંગીના ગુણ ગવાય રે, એહ મોજ માંગુ પ્રભુરાય રે ॥૯॥
તવ આશ્રિત જન અપાર રે, મોટા છોટા હોય નિરધાર રે ॥
સંગ દેજ્યો તેહનો સદાય રે, એહ મોજ માંગુ પ્રભુરાય રે ॥૧૦॥
જેહ સ્વામિનારાયણ નામ રે, મુખમાંહિ ઉચ્ચારે અકામ રે ॥
એવાં ભક્તની ભેળે રહાય રે, એહ મોજ માંગુ પ્રભુરાય રે ॥૧૧॥
સંત સેવાનો આદર કરું રે, નિજ દેહભાવ પરહરુ રે ॥
સંત સેવાનો લાભ પમાય રે, એહ મોજ માંગુ પ્રભુરાય રે ॥૧૨॥
નિજ સેવા કરવાને કાજ રે, સંત વિષે ન ઉપજે દાઝ રે ॥
તેથી મન જુદું નવ થાય રે, એહ મોજ માંગુ પ્રભુરાય રે ॥૧૩॥

INDEX

જેના સંગે ઉપજે અભાવ રે, સંત ભક્ત કે નટવર નાવ રે ॥
એહ ઉપર્યે ભાવ ન થાય રે, એહ મોજ માંગુ પ્રભુરાય રે ॥૧૪॥
વારે વારે કરજોડી કહું રે, ઈચ્છા એટલી હૃદયે લહું રે ॥
દેજયો વર એટલો સદાય રે, બીજું ન માંગીયે હરિરાય રે ॥૧૫॥
તમે દેવા છો સમર્થ એવાં રે, જગે હોય બીજા કુણ એવાં રે ॥
એમ વર માંગ્યા પ્રભુ પાસ રે, તેતો દીધાં પ્રભુએ હુલાસે રે ॥૧૬॥
પછી બોલ્યા માણીગર વાણ રે, સુણો મુક્તાનંદજી સુજાણ રે ॥
અમે રાજી થયાં સુણી ગાન રે, આપ્યો વર તમને નિદાન રે ॥૧૭॥
દલ ભક્તનું થાય અમળ રે, ત્યારે મોજ દૈયે તેહ પળ રે ॥
તે વિના લિયે જન્મ કરોડે રે, વણ સમજયે મરને દોડે રે ॥૧૮॥
તોય વર આવો નવ દૈયે રે, સત્ય વાત દેખાડીને કૈયે રે ॥
મોટા મોટા ઈચ્છે આવી મોજ રે, તેને અર્થે કરે ઘણી ખોજ રે ॥૧૯॥
તોય ન આપીએ કોઈ વાતે રે, દીધી તમને તે રળિયાતે રે ॥
ધન્ય ધન્ય છે તમને સ્વામી રે, રાખી નૃત્યમાં ન કોઈ ખામી રે ॥૨૦॥
એમ કહીને ઊઠ્યા દયાળ રે, ભેટ્યા બાથમાં લઈ તત્કાળ રે ॥
બીજા બેઠા સભામાંહિ સંત રે, મળ્યાં ભાવે તેને ભગવંત રે ॥૨૧॥
નયણાં ભરીને નીરખે જન રે, જોઈ જીવન થયાં મગન રે ॥
જય જય કહે નિજદાસ રે, શોભે સ્વામી સંગે અવિનાશ રે ॥૨૨॥
પછી સહુને શીખ જ કરી રે, પ્રીતે પોઢવા પધાર્યા હરિ રે ॥
એવી લીલા કરી વરતાલ રે, ઘણું સંભાર્યે ઉપજે વ્હાલ રે ॥૨૩॥
કરે લીલા મુનિ નિરધાર રે, કોણ જન પામે તેનો પાર રે ॥
મારા જાણ્યામાં જેટલી આવી રે, મેં તો સંક્ષેપે કહી સંભળાવી રે ॥૨૪॥
પછી એકેક દન રોકાઈ રે, આસપાસ ગામે પ્રભુ જાઈ રે ॥
આવ્યાં ગઢપુરે અવિનાશ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ વરદાન માંગ્યા એ નામે એકસો ને પાંસઠમું પ્રકરણમ્ ॥૧૬૫॥

INDEX

પ્રકરણ : ૧૬૬

પૂર્વછાયો :

લીલા લખવા અંતરે, વાધે વારમવાર હુલાસ ॥
જેમ જેમ સાંભરે, તેમ તેનો કરું પ્રકાશ ॥૧॥
હવે કહું ધર્મપુરની, જે વાત ઘણી વિખ્યાત ॥
અતિ અનુપમ રસભરી, સંભળાવું સાક્ષાત ॥૨॥
ધરમપુરનો ભૂપતિ, સોમદેવ જેનું નામ છે ॥
મહારાણી તે નૃપનાં, નામે કુશળકુંવરબાઈ છે ॥૩॥

ચોપાઈ :

તેને પૂર્વ તણું થયું જ્ઞાન, ઈચ્છા ઉપજી હૃદે નિદાન ॥
ભેટું ભગવન આ જનમે, જેથી અંતર તાપ વિરમે ॥૪॥
પછી જાણ્યું જગદીશ આજ, હાલ વિરાજે ગઢપુરમાં જ ॥
તિયાં કે'ણ મોકલ્યું તુરત, મારે મો'લ આવો સમરથ ॥૫॥
સુણી બાઈ કેરા સમાચાર, દીધી આજ્ઞા પ્રભુએ તે વાર ॥
સાધુ પરમચૈતન્યાનંદ, જાઓ ધર્મપુરે સુખકંદ ॥૬॥
તિયાં વસીને ચાતુરમાસુ, મુજ જ્ઞાન પીરસજ્યો ખાસું ॥
ધરી આગન્યા પ્રભુની શિર, ધર્મપુરે ગયાં મુનિ ધીર ॥૭॥
તિયાં દેખીને ત્યાગ વૈરાગ, જન દર્શને આવ્યાં અથાગ ॥
સતસંગનો વાધિયો વ્યાપ, તે તો પ્રભુ પ્રકટ પ્રતાપ ॥૮॥
સુણી કથા મુનિની પ્રસન્ન, પુરવાસી પામ્યા મોદ મન ॥
મોટા મો'લે વસ્યા છે મરાળ, મળ્યાં માન બહુ તત્કાળ ॥૯॥
ગજે બેસી મુનિ દરશને, જાય મંદિરે મન મગને ॥
પોતે થાળ કરી મહારાણી, દિયે રસોયું સંત પ્રમાણી ॥૧૦॥
નિત નિત મહિમાની વાત, બાઈ સુણે શ્રવણે સાક્ષાત ॥
બેઠા ગઢડે શ્રીહરિરાય, તેને જાણી આ વાત જરાય ॥૧૧॥
તેથી મોકલ્યા દોય મરાળ, કહેજો તમને બોલાવે ગોપાળ ॥
મુનિ આવ્યાં તે ધરમપુર, કીધી વાત પ્રભુની જરૂર ॥૧૨॥
ત્યારે પરમચૈતન્યાનંદ, બોલ્યા મુખથી આનંદકંદ ॥
નથી આવવું મારે ગઢડે, મુને ઠીક ઘણું આંહિ પડે ॥૧૩॥

INDEX

સુખે કરું પ્રભુનું ભજન, વીતે આનંદમાં રાતદન ॥
એવી વાત મરાળની સુણી, વળ્યા સંત તે ગઢડા ભણી ॥૧૪॥
વિધિસર કીધાં સમાચાર, જેમ વાત બની નિરધાર ॥
પછી વાલે વિચાર્યો ઉપાય, સર્વે સંત બોલાવિયા ત્યાંય ॥૧૫॥
ખરો ખુંત્યો હાથી નિજ બળે, જાય હાથી તો હાથી નીકળે ॥
મુક્તાનંદ એક મહાસંત, કરી શકે તે કાજ અત્યંત ॥૧૬॥
કહે મુક્તમુનિને મહારાજ, ધર્મપુર સિધાવજો આજ ॥
મુનિ ચૈતન્યાનંદને લઈ, પાછા વળજો તિયાં થોડું રહી ॥૧૭॥
મહારાણીને કથા કરજયો, વચમાંહિ પડદો રાખજયો ॥
સુણી વાલાનાં વચન ત્યાંય, મુક્તમુનિ લળી પ્રભુ પાય ॥૧૮॥
પછી સંત પંચવીશ લીધાં, ભાવનગરની વાટે સિધા ॥
બેઠા વહાણમાં ત્યાંથી મરાળ, આવી ઉતર્યા વલસાડી ખાળ્ય ॥૧૯॥
ત્રીજો પો'ર પૂરો થયો જયારે, ધર્મપુર પહોંચિયા ત્યારે ॥
તે સમે ચૈતન્યાનંદ સંત, દીઠા ગજ ઉપર્યે અત્યંત ॥૨૦॥
જાતાં રાજકુંવરને સંગે, હનુમાનગઢીએ ઉમંગે ॥
ભાળી મહામુનિ તેહ ઠામ, મહાવતને બોલિયા આમ ॥૨૧॥
સદ્ય ગજ તારો થોભી રાખ, ગજને માથ અંકુશ નાખ ॥
સામા આવે મુજ ગુરુદેવ, મુંથી કેમ બેસાય અભેવ ॥૨૨॥
પછી ગજ રોકી તર્ત સ્વામી, હેઠા ઊતરી દોડ્યા અકામી ॥
મેલ્યું પડતું પૃથવીમાંય, દંડવત્ કર્યા હરખાય ॥૨૩॥
મુક્તમુનિએ તરત ઝાલી, લીધાં હરખે બાથમાં ઘાલી ॥
નેણે આંસુડાની વહી ધાર, પરમ ચૈતન્યાનંદને અપાર ॥૨૪॥
ઘણો મોદ ઉર ઊભરાયો, મુનિ મહિમા મુખથી ગાયો ॥
ત્યાર પછીનો કરું પ્રકાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિને ધરમપુર મોકલ્યા એ નામે એકસો ને છાસઠમું પ્રકરણમ્ ॥૧૬૬॥

પ્રકરણ : ૧૬૭

પૂર્વછાયો :

સંત સહુ પરમેશના, અવિકારી અનઘ અચળ ॥
નીરખતાં છાતી ઠરે, જેનાં મન અતિ નિરમળ ॥૧॥
એવાં સંત સંસારમાં, શોધ્યે પણ નવ જડે ॥
તે મળ્યાં છે સહેલમાં, પામવા પ્રભુ તે વડે ॥૨॥
અકળ લીલાયું કરી, નિજજનને દિયે ઉપદેશ ॥
શુદ્ધ કરવા અંતરે, કરે ચરિત્ર વિશેષ ॥૩॥

ચોપાઈ :

મુનિ પરમ ચૈતન્યાનંદ, બોલ્યા ગુરુ પ્રતિ સુખકંદ ॥
ભૂલ્યો ભૂલ્યો હું મારગ સ્વામી, હવે ભાંગો મુજ કેરી ખામી ॥૪॥
મુને મેલ્યો પ્રભુએ હુલાસે, સતસંગ કરાવાની આશે ॥
પણ માન રહ્યું મનમાંય, આવ્યો એકલમડ હું આંય ॥૫॥
મહારાણીને મહોલ બંધાયો, સ્વાદ માન તણો મન ભાયો ॥
માટે આવ્યાં ન હોત જો આપ, શુંયે થાત મારું નિષ્પાપ ॥૬॥
એમ વમળ વેદના કેરા, મુખ ઉચ્ચરે મુનિ ઘણેરા ॥
પછી આશ્વાસન દૈ અપાર, બોલ્યા મુક્તમુનિ આણી પ્યાર ॥૭॥
તમ જેવાને શોક ન શોભે, રહ્યાં સતસંગે બની મોભે ॥
રહો નચિંત દલમાં ઘણું, સુણો વાત હવે હું જે ભણું ॥૮॥
વાલો વિરાજે ગઢડે હાલ, સહુ જનને કરે નિહાલ ॥
પોત્યે શ્રીહરિ પૂરણકામ, તમને સંભારે છે આઠોજામ ॥૯॥
મુનિ મોદ પામ્યા સુણી વાત, મુને શ્રીજી સંભારે સાક્ષાત ॥
પછી મુક્તમુનિ સંત સંગે, ધર્મશાળે ઉતર્યા ઉમંગે ॥૧૦॥
ચૈતન્યાનંદ તો દરબારે, ગયાં રાણીને મળવા ત્યારે ॥
કહે ધન્ય છે ભાગ્ય તમારાં, આંહિ આવ્યાં ગુરુદેવ મારા ॥૧૧॥
એ છે સંત શ્રીહરિ સ્વરૂપ, જેનો મહિમા અતિ અનુપ ॥
તન તરછટ ત્યાગને ગ્રહી, જેદિ આવ્યાં અમે લોજમહીં ॥૧૨॥
તિયાં દીઠા મુનિ મુક્તાનંદ, પછી ત્યાં રહ્યાં અમે આનંદ ॥
તેનાં મુખ થકી સુણી વાત, થયાં સંત શ્રીજીના સાક્ષાત ॥૧૩॥

એવાં મહાસમર્થ મુનેશ, જેના હૃદે વસે પરમેશ ॥
તે તો રહેશે આંહિ એક માસ, તેનો લાભ લેજ્યો સહુ ખાસ ॥૧૪॥
એમ કીધો મહિમા અપાર, મુક્તમુનિનો અપરમપાર ॥
સુણી રાજી થયાં મહારાણી, દલ ઈચ્છા દરશની આણી ॥૧૫॥
મુક્તમુનિ બોલાવિયા મો'લ, ભાવે અન્ન જમાડ્યા અતોલ ॥
દીધો દરબાર મધ્યે નિવાસ, સંત સેવા તણી ઉર આશ ॥૧૬॥
પછી મુનિ પાસે મેલ્યું કે'ણ, કથા સંભળાવો સુખદેણ ॥
ત્યારે સ્વામીએ શરત રાખી, કીધું કથા કહેશું અમે ભાખી ॥૧૭॥
પડદા પાર બેસે તેહ વામ, મેલે રેતઘડી એહ ઠામ ॥
એમ સવા બે ઘડી અચળ, નિત કથા સુણાવું અમળ ॥૧૮॥
પછી કુશળકુંવરબાયે, કર્યું એ જ પ્રમાણ ઉછાયે ॥
એક માસ લગી નિરંતર, કરે કથા મુનિ મુદભર ॥૧૯॥
સુણી સ્વામીની વાત અમાપ, સર્વોપરી જાણ્યા પ્રભુ આપ ॥
ચિત્ત ચાનક પ્રભુની લાગી, પ્રભુ મળવાની હામ જાગી ॥૨૦॥
કૈ વારે ભેટું ભગવાન, શામું અંતરતાપ નિદાન ॥
પછી સ્વામીને વાત કહાવી, દિયો શ્રીહરિ આંહિ તેડાવી ॥૨૧॥
ત્યારે સ્વામી બોલ્યા મુખે વાણ, પરમ ચૈતન્યાનંદ સુજાણ ॥
લખી કાગળ ગઢડે મેલો, ગઢડે થકી આવશે છેલો ॥૨૨॥
દેખી ભાવ ભરપૂર તમારો, ઈયાં આવશે ધર્મ દુલારો ॥
પછી મેલ્યો કાગળ જરૂર, ધર્મસુત આવે ધર્મપુર ॥૨૩॥
પછી પરમ ચૈતન્યાનંદ, સાથે મુક્તમુનિ સુખકંદ ॥
આવ્યાં ગઢડે ગોવિંદ લેવા, કર્યાં મુનિએ કારજ કેવા ॥૨૪॥
માન મોભના બંધન તોડી, સંત ભેટાડિયા જીવ જોડી ॥
મળ્યાં હરિને અતિ હુલાસે, કીધું ઘનશ્યામપ્રકાશદાસે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ધરમપુરમાં એક માસ કથા કરી એ નામે એકસો ને સડસઠમું પ્રકરણમ્ ॥૧૬૭॥

પ્રકરણ : ૧૬૮

પૂર્વછાયો :

પરિપૂરણ કાજ કર્યું, જે સોંપ્યુ હરિએ હાથ ॥
પછી મુનિ પધારિયા, ગઢડે મળવા નાથ ॥૧॥
દેખ્યા મુનિને આવતા, ઊઠ્યા મરમાળો તતકાળ ॥
પ્રેમે મળ્યાં બેઉ બાથમાં, ભક્તવત્સલ તે પ્રતિપાળ ॥૨॥
પછી પ્રભુએ પૂછિયું, ધર્મપુર તણું વ્રતંત ॥
તે વાત સહુ વર્ણવી, કહી મહામુનિએ અત્યંત ॥૩॥

ચોપાઈ :

મુક્તમુનિ ઉચ્ચર્યા ઉમંગે, રાણી રંગાયા સત્સંગ રંગે ॥
રહે આતુર દર્શને નિત, દિયો દર્શન તેને અમિત ॥૪॥
સુણી રાજી થયાં મહારાજ, ઈચ્છ્યા દર્શન આપવા કાજ ॥
એક જીવને સુખ દેવાને, નક્કી નિશ્ચય કર્યો જવાને ॥૫॥
પછી પરિયાણ્યા પ્રભુ પોતે, ગઢપુરથી સંઘ સમોતે ॥
લેતાં વચલે ગામ વિરામ, વરતાલ આવ્યાં સુખધામ ॥૬॥
મુક્તમુનિ તો ગયાં ગોંડળ, સતસંગ કરાવા પ્રબળ ॥
વરતાલથી વાલો સધાવ્યા, સંઘ સાથે બોચાસણ આવ્યાં ॥૭॥
ત્યાંથી ગાજણા ગામ મોરારી, ગયાં ત્યાં થકી નાથ ચોકારી ॥
આવ્યાં ગોવિંદ ગવાસદ ગામ, ત્યાંથી સાંખડે શ્રી અભિરામ ॥૮॥
પછી માતરમાં મતવાલો, ગયાં દોરા ગામે મારો વાલો ॥
તિયાં થકી આવ્યાં ટંકારિયા, જન રાજી કર્યાં ઘણાં તિયાં ॥૯॥
ગયાં હળદરે હરજીવન, ઝાડેશ્વર પધાર્યા જીવન ॥
બેઠા વહાણમાં સંઘ સંગાથ, નદી નર્મદા ઉતર્યા નાથ ॥૧૦॥
રાત રહ્યાં મીણપુર ગામ, આવ્યાં ત્યાંથી કીમ ચોકી ગામ ॥
ત્યાંથી કાન કોડીલે કાહોર, જનના હર્યા છે મનમોર ॥૧૧॥
તાપી નદી ઉતરિયા ત્યાંય, આવ્યાં સુરત સમીપમાંય ॥
બુરાનપુરી ભાગોળે થઈ, ઉધના ગામે ઉતર્યા જઈ ॥૧૨॥
મોદ આલી મોહન અપાર, ચાલ્યાં ચીખલીએ કિરતાર ॥
તિયાં સંઘ સોત્યે રહ્યાં રાત્ય, આવ્યાં પણજ ગામ પ્રભાત્ય ॥૧૩॥

INDEX

થઈ જાણ જ્યાં ધરમપુર, વાધ્યો ઉમંગ સહુને ઉર ॥
મહાસવારી સજી તે વાર, સામા આવિયાં વિજયકુમાર ॥૧૪॥
કહ્યું કર્યા કૃતારથ આજ, ભલે પધાર્યા હે મહારાજ ॥
ગદગદ થયાં મુખ વેણ, હર્ષ આંસુ વહ્યાં દોય નેણ ॥૧૫॥
પછી વહાલાને વિનંતી કરી, ગજ માથે વિરાજો શ્રીહરિ ॥
પુરજનોની ભીડ છે બહુ, કરે સુખેથી દર્શન સહુ ॥૧૬॥
પછી હરિ બેઠા હાથી પર્ય, જન જુવે સહુ મુદભર્ય ॥
વાગ્યા વિવિધ વાજાંઓ ચહુ, પુરનારી વધાવતી બહુ ॥૧૭॥
એમ આવિયાં રાજભવન, સહકુટુંબે કર્યું સ્તવન ॥
પણ કુશળકુંવરબાઈ, તે તો રહ્યાં'તા વાંસદામાંઈ ॥૧૮॥
તેને સુણ્યાં સમાચાર જ્યાંય, મ્યાને બેસી આવ્યાં પો'રમાંય ॥
લળી લાગ્યા પ્રભુજીને પાય, હેત હૈયાનું આંખે ન માય ॥૧૯॥
નખશિખ નિહાળ્યા છે નેણે, પછી સ્તુતિ ઉચ્ચારી છે વેણે ॥
પરબ્રહ્મ પરાત્પર પોતે, જેને વેદની શ્રુતિયું ગોતે ॥૨૦॥
તેવા મહાપ્રભુ કરી મેર, સામા ચાલી આવ્યાં મુજ ઘેર ॥
ભવબૂડતા ઝાલી છે બાંય, એમ સ્તુતિ કરે સ્નેહમાંય ॥૨૧॥
અતિ હરખે વરસ્યા આંસુ, પગ પલાળે જેમ ચોમાસું ॥
વૃત્તિ પ્રતિલોમે કરી માંય, અંગોઅંગ નીરખે પ્રભુરાય ॥૨૨॥
પછી પ્રભુ તિયાં ઘણું રહ્યાં, દુઃખ બાઈના સરવે ગયાં ॥
નિત નિત નવીન રસોઈ, પ્રભુ જમે તેનો ભાવ જોઈ ॥૨૩॥
વારિપાન કરે મુખ જેમ, મીટે મૂરતિ ઉતારે તેમ ॥
રોમેરોમ વિષે રસબસ, થયાં સમાધિએ સ્નેહવશ ॥૨૪॥
અનુવૃત્તિ જાણી કરી સેવ, તેથી રીઝ્યા પ્રભુ તતખેવ ॥
અતિ સુખ મળ્યું અનાયાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિ ધરમપુર પધાર્યા એ નામે એકસો ને અડસઠમું પ્રકરણમ્ ॥૧૬૮॥

પ્રકરણ : ૧૬૯

પૂર્વછાયો :

ધર્મ ધુરંધર શ્રીહરિ, લીલા કરે ધર્મપુર ॥
મનોરથ મહારાણીના, પૂરણ કર્યા જરૂર ॥૧॥
હવે કહું એક વારતા, સુણજો ધરી વિશવાસ ॥
હરિ ભરોસે જે જીવે, તેની સાર લિયે અવિનાશ ॥૨॥
સહાય શ્રીહરિએ કરી, મહામુનિ મુક્તાનંદની ॥
નથી કપોળ એ કલ્પના, કહું સત્ય વાત જે બની ॥૩॥

ચોપાઈ :

જે જે મોટા હતાં મુનિરાજ, ધર્મપુર તેડાવાને કાજ ॥
કરુણા કરી સુંદરવરે, મેલ્યા ભગુજીને ગઢપુરે ॥૪॥
ભક્ત ભગુજી ગઢડે આવ્યાં, સમાચાર સહુને સુણાવ્યા ॥
નો'તા સંત જે જે ગઢપુર, તેને પણ કહાવ્યું જરૂર ॥૫॥
મુનિ મુક્તાનંદ તેહ સમે, ગોંડલ વિચરતા અવિરમે ॥
સુણી સંદેશ શ્રીહરિ તણાં, ગઢડે ગયાં ઉતાવળા ઘણાં ॥૬॥
દેવાનંદ વળી પ્રેમાનંદ, બીજા સંત લીધાં સુખકંદ ॥
સહુ મંડળને લઈ આજ, ચાલ્યાં મુક્તમુનિ મહારાજ ॥૭॥
બેઠા તળાજેથી વહાણમાંય, આવી ઉતર્યા નવસારીમાંય ॥
વન પર્વત જંગલ ઝાડી, ચાલે ઓળંગી ક્યારેક ખાડી ॥૮॥
ત્રણ્ય વિપ્ર હતાં નિજ સંગ, તેનો સતસંગે ચડતો રંગ ॥
પંડિત પ્રાગજી એકનું નામ, બીજા બેચર બે અભિરામ ॥૯॥
વાટ વાંસદાની લઈ જાવું, સહુએ નક્કી કર્યું છે આવું ॥
ઘોર જંગલ છે ચહુદિશે, ઘીચ ઘાટીયું આવે અતિશે ॥૧૦॥
ચાલતે ચાલતે વનમાંય, આવ્યો વિકટ મારગ ત્યાંય ॥
ભેખધારી આવિયો ભારાડી, તેણે સંત ઝાલ્યા ત્રાડ્ય પાડી ॥૧૧॥
પાના પુસ્તક ઝોળી તુંબડી, સર્વે ઝૂંટી પાડ્યા લડથડી ॥
લઈ ગયો મરાળને ઢસી, બાંધ્યા દોરડે સહુને કસી ॥૧૨॥
કર અસિ ગ્રહી બીવરાવે, ભૂંડી ગાળ્યો મુખે બહુ લાવે ॥
કહે ઉતારું દલની દાઝ, જોઉં કોણ આવે વારે આજ ॥૧૩॥

મારી નાખશું તમને અમે, માટે ઈષ્ટ સંભારો આ સમે ॥
ત્યારે મુક્તમુનિ કહે વાણ, આપ દીસો ચતુર સુજાણ ॥૧૪॥
જીવ જાય જો ભેખને કાજ, તૈયે બડભાગી અમે આજ ॥
ત્યારે બોલ્યો અસુર તાડુકી, ઉપદેશ દિયો તમે મૂકી ॥૧૫॥
નહિ લાગે મુને વાણી પાશ, કરું તમારાં પંડનો નાશ ॥
એમ ઓરડે પૂરિયા સહુ, બોલી બીવરાવે દુષ્ટ બહુ ॥૧૬॥
પછી વિપ્ર બોલ્યા જોડી કર, કાંઈ દયા આણો અમ પર ॥
વાંસે નદી વહે નિરમળ, કંઠ સુકાય પીવું છે જળ ॥૧૭॥
ત્યારે દુષ્ટને ઉપજી દયા, દીધો ઘટ પિત્તળનો પીવા ॥
એકને મેલ્યો ભરવા માટે, કરે વિલંબ નહિ જો વાટે ॥૧૮॥
પછી બેચરજી નદી પાસે, આવી ઘડો ઉટકે ઉદાસે ॥
તિયાં દીઠા બેઉ અસવાર, તન પુષ્ટ છે તેનું અપાર ॥૧૯॥
હાથ મધ્યે વિરાજે તોમર, બાંધી બંદૂક કેડ્ય ઉપર ॥
અશ્વ લઈ મૂછે મરડાતા, વિપ્ર ભણી આવ્યાં મદમાતા ॥૨૦॥
બોલ્યો બેચર દીનવચન, કહો ક્યાંથી આવો બેઉ જન ॥
આપે દીસો છો ક્ષત્રિ મહાન, રાજપુરષ સમ નિદાન ॥૨૧॥
ત્યારે બોલ્યા દોય અસવાર, અમે વાંસદાના રહેનાર ॥
નરપતિના સૈનિક છૈયે, હોય જરૂર તો કાંઈ કૈયે ॥૨૨॥
કહે ભક્ત બેચરજી મર્મ, શૂરવીર તણો એ જ ધર્મ ॥
દુઃખી દ્વિજ ગાય વળી સંત, રક્ષા કરે તેહની અત્યંત ॥૨૩॥
માટે વેળ્ય મ કરજો આપ, દૂર કરો સંકટ અમાપ ॥
નહિ તો જાશે પળમાંહિ પ્રાણ, કરું અરજી જોડીને પાણ ॥૨૪॥
અસવારે સુણી એમ વાત, થયાં શૂરા શરીરે સાક્ષાત ॥
જાણ્યું દુષ્ટનો કરશે વિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ધરમપુર જતાં મુક્તમુનિને કેદ કર્યા એ નામે એકસો ને ઓગણોસિત્તેરમું પ્રકરણમ્ ॥૧૬૯॥

પ્રકરણ : ૧૭૦

પૂર્વછાયો :

ઘણું વિચારે વાલ્યમો, મુક્તાનંદજી કેમ નાવિયા ॥
આજ કાલ કરતાં, મળ્યાં વિના દન બહુ ગિયા ॥૧॥
વારે વારે પૂછે સંતને, કહો ક્યારે આવે મરાળ ॥
ધરમપુરે ધર્મસુતને, હૈયે પડી હવે ફાળ ॥૨॥
પછી શૂરા બે બોલિયા, શિયું આવ્યું તમને સંકટ ॥
સંત વિપ્રને રક્ષવા, પળવારે કરશું પલટ ॥૩॥

ચોપાઈ :

પછી બેચર બોલિયો વાત, જેમ આપ વીતી સાક્ષાત ॥
સર્વ સદ્‌ગુણ થકી સંપન્ન, હરિમૂર્તિમાં રહે મગન ॥૪॥
એવાં મુક્તમુનિ મહાસંત, એનો આણવા સમૂળો અંત ॥
દ્વેષી અસુરે છળથી ઝાલ્યા, બાંધી દોરડે ઓરડે ઘાલ્યા ॥૫॥
વળી જાવું અમારે જરૂર, પ્રભુ દર્શને ધરમપુર ॥
પણ દનુજે દીધી છે દાટી, પંડ કરશે પળમાં માટી ॥૬॥
સુણી બોલ્યા બેઉ અસવાર, તો તો વેળ્ય મ કરો લગાર ॥
આવ્યાં સંતને બાંધિયા જ્યાંય, દેખી બોલિયા બળિયા ત્યાંય ॥૭॥
અરે દુષ્ટો આવો આજ સામા, પંડે ન હોય જો તમે વામા ॥
કરું પળમાં તનની ખાલ, બાંધ્યા કેમ દયાળુ મરાળ ॥૮॥
પછી ખેંચી ખડગ તે વાર, પાડી રાડ્ય મુખથી અપાર ॥
ધાયા સામા ખરા શૂરવીર, તિયાં છૂટી છે દુષ્ટની ધીર ॥૯॥
નાઠા પોતડી પકડી કહું, જાણ્યું મોત દીઠું પાસે બહુ ॥
ભારે ભગાડિયા એમ દુષ્ટ, અસવારે મટાડિયું કષ્ટ ॥૧૦॥
પછી સંત સહુને છોડાવ્યા, ધર્મપુર લગી મૂકી આવ્યાં ॥
મુક્તમુનિ મંડળે સહિત, પુરમાંહિ પધાર્યા ખચિત ॥૧૧॥
તર્ત ઉઠિયા દીનદયાળ, મળ્યાં રાજીપે સહુ મરાળ ॥
પ્રેમે જમાડિયા પકવાન, દીધાં સંતને સુખ નિદાન ॥૧૨॥
સુણી વાત શ્રીહરિએ સહુ, ક્ષત્રિ ઉપર્ય રીઝિયા બહુ ॥
દીધાં વસન સુમન હાર, અંત સમે લીધાં ભવપાર ॥૧૩॥

વીત્યા થોડા દન પછી જ્યારે, સંઘ આવે ભક્તના અપારે ॥
જ્ઞાનવાર્તા પવિત્ર કરે છે, પ્રભુ જનનાં સંશે હરે છે ॥૧૪॥
મુક્તમુનિ આદિ સંત એહ, રહ્યાં શ્રીહરિ સમીપે તેહ ॥
ધર્મકુંવરે ધર્મને ધારી, કરી લીલા ધર્મપુરે ભારી ॥૧૫॥
પછી એક સમે મુજ માવે, પૂછ્યું મુક્તાનંદજીને ભાવે ॥
વસે ભક્ત દેશોદેશ મારા, કહો તેનાં સમાચાર સારા ॥૧૬॥
સુણી બોલિયા શ્રી મુનિરાજ, આપ કૃપાએ સુખી સમાજ ॥
ભક્તિ નવધા હરખે દાખે, સત્સંગ શિર સાટે રાખે ॥૧૭॥
કા'વે ભક્ત તમારાં સકળ, સર્વે વ્યવહારે થયાં કુશળ ॥
મેલી લોકલાજ તણી માયા, રહે ભક્તિએ સદા સવાયા ॥૧૮॥
વળી સંત સરવે સુજાણ, પ્રભુ ભજાવે પ્રકટ પ્રમાણ ॥
સતસંગ વાધ્યો ચહુદિશે, મળ્યાં મુમુક્ષુ જન અતિશે ॥૧૯॥
મહાનુભાવાનંદ નામે સંત, ઘણું ભેટાડે છે ભગવંત ॥
કોટિ જન કર્યા સતસંગી, માન થકી રહ્યાં તે અસંગી ॥૨૦॥
દેશોદેશના ભક્ત ગણાય, તેને કંઠે તે સર્વે જણાય ॥
એક એક જન તણું નામ, જાણે ગામ ને ઠામ તમામ ॥૨૧॥
એમ અહોનિશ વિચરીને, જન સતસંગી કર્યા નવીને ॥
ધન્ય ધન્ય મહાનુભાવાનંદ, જેણે રાજી કર્યા સુખકંદ ॥૨૨॥
એમ મુક્તમુનિ હરખાય, ગાય સંત ગુણ સુખદાય ॥
સુણી રાજી થયાં હરિરાય, મુનિ માંહોમાંહિ ગુણ ગાય ॥૨૩॥
પરસ્પર જ્યાં પ્રીતડી વાધે, તિયાં માયા મન શુંયે લાધે ? ॥
જિયાં રાગ ઈર્ષ્યા નહિ લેશ, તિયાં વાસ કરે પરમેશ ॥૨૪॥
એવો જાણે સંત મહિમાય, તેનું કાળ બગાડે શું કાંય ॥
તેને હૈયે કરે હરિ વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વાંસદાથી ધરમપુર પહોંચ્યા એ નામે એકસો ને સિત્તેરમું પ્રકરણમ્ ॥૧૭૦॥

પ્રકરણ : ૧૭૧

પૂર્વછાયો :

એક સમે મુક્તાનંદજી, કહે વિજયદેવની પાસ ॥
શ્રીજી ચડે અસવારીએ, એવાં દરશની મુને આશ ॥૧॥
પેલા પધાર્યા પુરમાં, જ્યારે પ્રભુ પૂરણકામ ॥
નેણે નો'તુ નિહાળિયું, તે દન અમે અભિરામ ॥૨॥
માટે ગજ સજાવીને, કરો સામૈયું પુરમાંય ॥
પ્રેમે નીરખીએ નાથને, હૈયું રહે હરખાય ॥૩॥

ચોપાઈ :

ધર્મપુર તણો ધરપતિ, સોમદેવ નામે શુભમતિ ॥
અમરાવતી એહ સધાવ્યા, પુત્ર રૂપદેવ ગાદીએ આવ્યાં ॥૪॥
પામ્યા તે પણ પદ અભેવ, કેડ્યે આવિયાં વિજયદેવ ॥
વય છોટી ને મતિ છે મોટી, કરે રાજનું કારજ દોટી ॥૫॥
એવાં વિજયદેવ કુંવર, તે તો પાય પડી હરિવર ॥
કહે શણગાર્યો બહુ સાજ, બેસો અંબાડીએ મહારાજ ॥૬॥
નોતા હાજર તે દિન જેહ, ઇચ્છે દર્શન કરવા એહ ॥
વાણી સાંભળી એમ દયાળ, થયાં તૈયાર ત્યાં તતકાળ ॥૭॥
તન પેર્યા શુભ શણગાર, વેઢ વીંટી સુમનના હાર ॥
પહેરી વૈજંતિ સુંદર માળા, તેણે લાગે છે અતિ રૂપાળા ॥૮॥
કંઠે કૌસ્તુભ મણિનો હાર, બાજુ કાજુ ને સાંકળા સાર ॥
મોર મુગટ જડ્યો મણિએ, મકરાકૃત કુંડળ ગણિએ ॥૯॥
બેઉ ચરણે શોભે નુપૂર, તોરા ગજરા ઓપે જરૂર ॥
કોટિ કોટિ ઇન્દુનો ઉજાસ, અંગોઅંગે રહ્યો પરકાશ ॥૧૦॥
એવાં ધરી અંગે શણગાર, થયાં ગજ ઉપર્ય સવાર ॥
કરગ્રહી ચામર કુંવર, બેઠા પ્રભુ પાસે મુદભર ॥૧૧॥
દીધું તે સમે તોપોનું માન, બંદૂકોથી ગાજ્યું આસમાન ॥
વાગ્યા વિવિધ વાજાંઓ બહુ, પુરનારી વધાવે છે સહુ ॥૧૨॥
જેવી પ્રથમ થઈ સવારી, તેથી અધિક થઈ આ ભારી ॥
મહામુનિને દર્શન લાધ્યું, ઘણું મોદ મનમાંહિ વાધ્યું ॥૧૩॥

INDEX

કર્યા દર્શન લોક અનંતે, વળી વર્ણી પાળા સહુ સંતે ॥
ગાતા વાતા શેરીએ ફરિયા, આવી સાંજે ઉતારે ઉતરિયા ॥૧૪॥
પછી સભા રચી સુખધામ, નરનારી આવ્યાં તેહ ઠામ ॥
મુક્તમુનિ આદિ સહુ સંત, કરે સંગીત ગાન અત્યંત ॥૧૫॥
તે સમે ગઢડે થકી પત્ર, આવ્યો શ્રીહરિ પાસ વિચિત્ર ॥
લખ્યાં કાગળમાંહિ વચન, નિર્વિકલ્પાનંદે અસહન ॥૧૬॥
મોદકાનંદ અનાત્માનંદ, દોય દ્વેષી છે મારા સ્વચ્છંદ ॥
દિયે ત્રાસ મુને પારાવાર, રક્ષજયો તમે તારણહાર ॥૧૭॥
સુણી પ્રભુ કહે કોણ છેય, પત્રમાંહિ લખ્યાં નામ બેય ॥
નથી સંત આવા નામે કોઈ, સંતમંડળ આપણે સોઈ ॥૧૮॥
ત્યારે કર્યા વિના વઢવેડચ, મુનિ આત્માનંદે પાડી ઘેડચ ॥
ગુરુદેવ સહુનાં સુજાણ, મુક્તમુનિ પ્રકટ પ્રમાણ ॥૧૯॥
તેને કહે તે મોદકાનંદ, અમને કહે છે અનાત્માનંદ ॥
કરીએ ખંડન વિષય તણું, તે થકી ન સહેવાય અણું ॥૨૦॥
તેથી દ્વેષે ભરેલો સ્વચ્છંદ, મનમુખી નિર્વિકલ્પાનંદ ॥
તેને સૂઝી આડી અવળાઈ, મિથ્યા માન ધરે મનમાંઈ ॥૨૧॥
એમ વાણી શ્રવણે સાંભળી, પ્રભુ ઊઠ્યા પોતે ખળભળી ॥
પત્ર ફાડી નાખ્યો પળવારે, થયાં ક્રોધિત શ્રીહરિ ત્યારે ॥૨૨॥
એવાં નરને ધિક્ અપાર, જેણે દુભવિયા સંત સાર ॥
અતિ ઈર્ષ્યા રહી જેને અંગ, તેનો કેદિ ન કરવો સંગ ॥૨૩॥
દેખે દોષ બીજાનો હંમેશ, પણ પ્રીછે ન પંડનો લેશ ॥
એવાં જન જે જગમાં બહુ, તેથી ડરી રહેજયો દૂર સહુ ॥૨૪॥
કહી એમ ઉતારે પધાર્યા, નિજજનનાં કાજ સુધાર્યા ॥
કર્યો ભક્તએ તેનો તપાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ધરમપુરમાં ધર્મકુંવરની અસવારી એ નામે એકસો ને એકોતેરમું પ્રકરણમ્ ॥૧૭૧॥

પ્રકરણ : ૧૭૨

પૂર્વછાયો :

શુભ સંવત અઢારસે, બોંતેર અનુપ વરસે ॥
ધર્મપુર અવિનાશીએ, લીલા કરી અતિ હરષે ॥૧॥
કુશળબાઈને કારણે, કર્યો ઉચ્છવ વાલે વસંત ॥
સતસંગી વળી સંતને, રંગે રમાડ્યા અત્યંત ॥૨॥
જન મન મોદ કારણે, રહ્યું રાજકુટુંબ મગન ॥
દોડી દોડી સેવા કરી, જિયાં લગી રહ્યાં જીવન ॥૩॥

ચોપાઈ :

પછી કુશળકુંવરબા પાસે, માંગી વિદાય શ્રી અવિનાશે ॥
કહે માસ રહ્યાં દોય આંહિ, કાલ્ય સધાવશું પ્રોઢમાંહિ[૧] ॥૪॥
ત્યારે બાઈ બોલ્યા જોડી હાથ, રહેજો નયણુંની આગળ નાથ ॥
નવ થાશે વિયોગ સહન, કહેતાં તન થયું અચેતન ॥૫॥
આવી તનમાંહિ સૂધ જયારે, પાય લાગિયા પ્રભુને ત્યારે ॥
વ્હાલા તેડવા આવજો વહેલા, ચાલ્યાં વિરહે આંસુના રેલા ॥૬॥
એમ વિરહે વિનંતી કીધી, ધારી ધીરજ વિદાય દીધી ॥
આવ્યાં પ્રેમે વળાવા પ્રભુને, હેત એવું થયેલું સહુને ॥૭॥
સદા સ્નેહને વશ્ય શ્રીહરિ, ચાલ્યાં તિયાં થકી કાજ કરી ॥
સંત પાળા ને સુરતી જન, તેહ સંગે ચાલ્યાં ભગવન ॥૮॥
પછી રાત રહ્યાં કોઈ ઠામ, કર્યો સંઘ સહિત મુકામ ॥
શ્વેત શેલા ત્યા સુંદરવરે, સહુ સંતને દીધાં મુદભરે ॥૯॥
મુક્તાનંદ ને ચૈતન્યાનંદ, નિત્યાનંદ ને આત્માનંદ ॥
વળી સ્વયંપ્રકાશાનંદ, સંગે રહે જે આનંદાનંદ ॥૧૦॥
પરમ ચૈતન્યાનંદ જે સ્વામી, એ જે સાત મરાળ અકામી ॥
એક એકને પાસ બોલાવી, શ્રીજી શેલું દિયે મોદ લાવી ॥૧૧॥
મોટા મોટા સદ્‌ગુરુ તેહ, પામ્યા પરમ પ્રસાદી એહ ॥
પછી દન બીજે દીનાનાથ, ચાલ્યાં સંતનો લઈ સંગાથ ॥૧૨॥
તાપી ગંગાનો તટ નિહાળી, ઘણું નાહ્યા એમાં વનમાળી ॥
આવ્યાં તિયાં થકી કીમ ગામ, તિયાં અલ્પ કર્યો વિશરામ ॥૧૩॥

એમ કરતાં આગળ જાય, રેવાજીનો કિનારો છે જ્યાંય ॥
તિયાં દેખીને અમળ સ્થાન, શ્રીહરિએ કર્યું શુભ સ્નાન ॥૧૪॥
પછી ધ્યાને બેઠા કિરતાર, વેળા વીતી એમ બહુ વાર ॥
ત્યારે મુક્તમુનિ નામી શિર, કરે પ્રાર્થના ધરીને ધીર ॥૧૫॥
પુરુષ પ્રકૃતિ સરવે એહ, તવ ધ્યાન ધરે નિત્ય એહ ॥
તમે ભક્તપતિ ભગવાન, કોનું ધરો છો દલમાં ધ્યાન ॥૧૬॥
બહુવાર બેઠા બહુનામી, ધ્યાનમાંહિ રહ્યાં સુખધામી ॥
હવે ટીમણ[1] કરોને જાગી, લીલા અનુપ આપની ત્યાગી ॥૧૭॥
ઊઠ્યા ધ્યાનથી દીનદયાળ, પછી બોલ્યા મુખે તતકાળ ॥
સ્વામી ટીમણ તો પછી થાશે, પણ વાત આ ક્યારે કરાશે ॥૧૮॥
પ્રેમભર્યા કહે વાલો વેણ, પછી બોલ્યા વળી સુખદેણ ॥
બ્રહ્મમોલે જે મુક્ત વસે છે, તે આ મૂર્તિને નીરખે છે ॥૧૯॥
સુણી વાત શ્રીહરિની સારી, બોલ્યા મુક્તાનંદ સુખકારી ॥
એવાં કોણ જગતમાં હશે, જેને એ મૂર્તિ દલમાં વસે ॥૨૦॥
ત્યારે નાથ કહે તમને થાય, નથી બીજાને દર્શન ક્યાંય ॥
અન્ય ધામના મુક્તને નોય, અન્ય લોકમાં તો ક્યાંથી હોય ॥૨૧॥
પહેલા વહેલા આ બ્રહ્માંડમાંહિ, આવી આ મૂરતિ આજ આંહિ ॥
નથી આવ્યાં ને આવશું ક્યાંથી, કહ્યું હરિવરે હેતમાંથી ॥૨૨॥
એમ વાત કરી રળિયાત, રૂડી રહસ્યની સાક્ષાત ॥
પછી જમ્યા છે સંત સહિત, ચાલ્યાં ત્યાંથી સહુ ભલી રીત ॥૨૩॥
વહાણે બેસી ઉતરિયા રેવા, આવ્યાં ભક્ત સામા સહુ લેવા ॥
પ્રીત્યે પધારિયા શુભ ગામ, રૂડું તેનું ઝાડેશ્વર નામ ॥૨૪॥
ભલા વિપ્ર વસે પુરમાંય, તેને ઘેર રહ્યાં હરિરાય ॥
અલ્પ કીધો વિરામ પ્રવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ધરમપુરથી નર્મદા પધાર્યા એ નામે એકસો ને બોતેરમું પ્રકરણમ્ ॥૧૭૨॥

INDEX

પ્રકરણ : ૧૭૩

પૂર્વછાયો :

હવે સુણજો સહુ મળી, હરિજન નર ને નાર ॥
રૂડી સંભળાવું કથા, જે માંગી લિયે વિચાર ॥૧॥
પ્રકટ પ્રભુનો આશરો, વળી એક પ્રકટનું તાન ॥
પ્રકટના પ્રતાપથી, વશ્ય રહે પ્રકટ ભગવાન ॥૨॥
અતિ ઉદાર નિઃસ્પૃહી, મુક્તમુનિ વિવેકવાન ॥
વાત સુણાવું શ્રવણે, સાંભળજો દઈ ધ્યાન ॥૩॥

ચોપાઈ :

ઝાડેશ્વરમાં જગજીવન, રહ્યાં વિપ્રને ઘેર પ્રસન્ન ॥
વસે ગામમાંહિ પાટીદાર, ખરા ભક્ત પ્રભુના અપાર ॥૪॥
આવી સરવે શ્રીહરિ પાસે, સુણે શ્રવણે વાત હુલાસે ॥
ઘણે દને દેખી ઘનશ્યામ, થયાં મુદિત નર ને વામ ॥૫॥
તેહ સમે ગ્રહી વેષ ખોટા, આવ્યાં ભેખ બે ઝોળીએ મોટા ॥
ભિક્ષા માંગી ભૂધરજી પાસ, જેમ માંગતા પ્રભુના દાસ ॥૬॥
દેખી આશ્ચર્ય નાથ અત્યંત, કહે કોના કહેવાઓ છો સંત ॥
કહો નામ તમારાં ઉચિત, વસો ક્યારથી આંહિ પુનિત ॥૭॥
ત્યારે ભેખ બોલ્યા તેહ ઠામ, મુક્તાનંદ બ્રહ્માનંદ નામ ॥
ષટ્ માસથી નાખિયા ધામા, ઝોળી માંગી રૈયે અભિરામા ॥૮॥
સ્વામી સહજાનંદ સુજાણ, તેનાં શિષ્ય છૈયે પરમાણ ॥
સુણી પ્રભુએ પૂછ્યું છે આમ, નામ ઠામ ને રુપ તમામ ॥૯॥
પંડે કેવા દીસે સહજાનંદ, કિયે ગામ વસે સુખકંદ ॥
શિયો ધર્મ છે તમારો જાણું, પછી વાત તમારી પ્રમાણું ॥૧૦॥
સુણી વાત વાલમની મુખે, ભેખ બોલ્યો મરડાતો દુઃખે ॥
હમણાં જઈએ છીએ લઈ ઝોળી, લેવા ભોજન સરવે ચોળી ॥૧૧॥
વળતા આવશું જ્યારે મહારાજ, દેશું ઉત્તર સરવે યાંજ ॥
એમ પેખી પરિણામ માઠાં, મિષ જૂઠું લઈ બેઉ નાઠા ॥૧૨॥
પછી બોલ્યા શ્રીહરિ સાક્ષાત, પુરવાસી સુણો મુજ વાત ॥
ધર્યો હતો તેણે મિથ્યા વેષ, જન ઠગી ફરતા વિશેષ ॥૧૩॥

INDEX

મુક્તાનંદ નામે સંત એક, નથી અન્ય અમારે વિશેક ॥
જેને જાણ્યા ગુરુદેવ અંગે, હાલ વિચરે છે મુજ સંગે ॥૧૪॥
બ્રહ્માનંદ નામે પણ નોય, સંતમાંહિ બીજા અન્ય કોય ॥
એ તો વિચરે કચ્છ મોઝાર, સતસંગ વધારે અપાર ॥૧૫॥
નથી સંત આ દ્વેષી અમારા, મનમુખી ફરે પરબારા ॥
ત્યારે જન બોલ્યા પુરવાસી, ભલી વાત કીધી સુખરાશિ ॥૧૬॥
સત્ય વાત ન જો હોત જાણી, જૂઠાં ભેખ થકી થાત ઘાણી ॥
તેનો કરશું નહિ વિશવાસ, રાખશું નહિ તેનો સહવાસ ॥૧૭॥
પછી પાટીદારોએ તમામ, શોધ્યા ભેખધારી આખે ગામ ॥
પણ એકે મળ્યાં નહિ ક્યાંય, પુર છાંડી ગયાં પળમાંય ॥૧૮॥
એમ મુક્તાનંદ શુભ નામે, ખરો ખળ રહેતો એહ ગામે ॥
તેની સત્ય વાતને ઉઘાડી, જન સુખી કર્યાં તેહ દાડી ॥૧૯॥
પછી ત્યાં થકી શ્યામ સધાવી, રહ્યાં રાત ટંકારિયે આવી ॥
રણુ ડભાસે એકલબારે, જન સુખી કર્યાં કિરતારે ॥૨૦॥
કરી કાનમમાં વિચરણ, આવ્યાં વરતાલે સુખકરણ ॥
તિયાં વાસણ સુતાર ઘેર, છેલો છાના રહ્યાં મુદભેર ॥૨૧॥
ત્યાંથી સધાવિયા અવિનાશ, જઈ કર્યો વસોયે નિવાસ ॥
ત્યાંથી વિચરતા વટામણ, ભાવ પૂરતા ભયહરણ ॥૨૨॥
આવ્યાં કમિયાળે અવિનાશી, તિયાં રાજી કર્યાં પુરવાસી ॥
પછી ત્યાં થકી ચાલિયા નાથ, આવ્યાં કારિયાણી સંઘ સાથ ॥૨૩॥
કેડ્યે પ્રભુ સિધાવિયા ઘેર, ગઢપુર વળ્યા મુદભેર ॥
લળી લળી લાગે સહુ પાય, ઘણે દન આવ્યાં પ્રભુરાય ॥૨૪॥
પ્રભુ પ્રકટ દર્શન પામી, સૌને વિરહ વેદના વામી ॥
કરી દર્શન થયાં હુલાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ઝાડેશ્વરમાં દ્વેષીઓની પોલ ખુલ્લી પાડી એ નામે એકસો ને તોતેરમું પ્રકરણમ્ ॥૧૭૩॥

પ્રકરણ : ૧૭૪

પૂર્વછાયો :

વડો ઉત્સવ વરતાલમાં, ફૂલદોળ કરવા કાજ ॥
ગિરધારી ગઢપુરથી, લઈ ચાલ્યાં સંત સમાજ ॥૧॥
હિંડોળો બાર દ્વારનો, રચ્યો નિષ્કુળાનંદે સુંદર ॥
શોભા થઈ જ્ઞાનબાગમાં, આંબા તળે મનહર ॥૨॥
લીલા રૂડી ત્યાં થઈ, તેની કહું હવે વાત ॥
સંત સંગે પધારિયા, ફૂલવાડી પ્રભુ સાક્ષાત ॥૩॥

ચોપાઈ :

હેમ સાંકળે બાંધ્યો હિંડોળ રે, માંહિ રૂપકડા છે અતોળ રે ॥
શોભે સોના કેરી ફુદડિયું રે, વળી સુંદર જડેલી કડિયું રે ॥૪॥
રૂડાં કમાન કરેલા દ્વાર રે, માંહિ મઢેલ આભલા સાર રે ॥
તેની તોલે અન્ય નહિ આવે રે, મુક્તમુનિ હરખે ઝૂલાવે રે ॥૫॥
જેમ ભાનુ દીપે ઘણું વ્યોમ રે, તેમ ઝળકે હિંડોળો ભોમ રે ॥
બાર બારણે રૂડો સોહાય રે, રચી તેમાં જુદી રચનાય રે ॥૬॥
મુનિ લઈને તાલ મૃદંગ રે, ગાય કીર્તન આણી ઉમંગ રે ॥
રેશમ દોરી લઈ અતિ ભાવે રે, મુક્તમુનિ હરખે ઝૂલાવે રે ॥૭॥
જામા ધર્યા જગદીશે મૂલા રે, દેખી દેવ લાજી પડે ભૂલા રે ॥
શિર મુકુટ ધરિયો એહ રે, ધર્મપુરે ધર્યો હતો જેહ રે ॥૮॥
કેડે રેંટો કસુંબલ શોભે રે, મન દેખવાને ઘણું લોભે રે ॥
બાંયે પેર્યા બાજુબંધ માવે રે, મુક્તમુનિ હરખે ઝૂલાવે રે ॥૯॥
કડા કનક કેરા બે હાથે રે, સોના સાંકળા પેર્યા છે નાથે રે ॥
સોટી શોભે છે ફૂમકાવાળી રે, માળા મોતીડાની ઉર ભાળી રે ॥૧૦॥
સુરવાળમાં નાડી હીર કેરી રે, કાન કુંડળ શોભા ઘણેરી રે ॥
વેઢ વીંટિયું રત્ન જડાવે રે, મુક્તમુનિ હરખે ઝૂલાવે રે ॥૧૧॥
ગુચ્છ ગુલાબી લળકે કાન રે, ફૂલ તોરા લટકે નિદાન રે ॥
વસ્ત્ર પહેર્યા અમૂલખ અંગ રે, કોટિ લાજે તે દેખી અનંગ રે ॥૧૨॥
વાલે વેશ ધર્યો વરણાગી રે, નરનારી થયાં અનુરાગી રે ॥
તેની શોભા નવ કહી જાવે રે, મુક્તમુનિ હરખે ઝૂલાવે રે ॥૧૩॥

INDEX

હાલે હિંડોળો જયાં અણનમ રે, ગાજે ઘૂઘરિયું ઘમઘમ રે ॥
વાતા વાયુ ફરે છે ફૂમતા રે, ફરર ફરર કરે ભમતા રે ॥૧૪॥
જોઈ ઝૂલાની જુક્તિ જીવન રે, થયાં મનમાં અતિ પ્રસન્ન રે ॥
જન ભેટ સામગરી લાવે રે, મુક્તમુનિ હરખે ઝૂલાવે રે ॥૧૫॥
ગ્રહી કરમાં સુમન હાર રે, આવે દાસ દરશને અપાર રે ॥
બારે દ્વાર થકી પોતે હરિ રે, હાર ગ્રહી લિયે ભાવ ભરી રે ॥૧૬॥
નભે આવ્યાં બીજા મુક્ત બહુ રે, પુષ્પવૃષ્ટિ કરે પ્રેમે સહુ રે ॥
દર્શ દિવ્ય તે સહુને ભાવે રે, મુક્તમુનિ હરખે ઝૂલાવે રે ॥૧૭॥
થયાં ગોવિંદમાં ગુલતાન રે, ભૂલ્યા તન મન સૂધ સાન રે ॥
તેહ સમાની શું કહું વાત રે, વીત્યો દન ઘણો રળિયાત રે ॥૧૮॥
સદ્‌ગુરુ હતાં મોટા જેહ રે, પ્રભુ પૂજવાને આવ્યાં તેહ રે ॥
મુક્તાનંદ વળી નિત્યાનંદ રે, આવ્યાં સ્વામી આનંદાનંદ રે ॥૧૯॥
ચારુ ચંદન પુષ્પ ચડાવી રે, ધૂપ દીપ નૈવેદ્ય ધરાવી રે ॥
પૂજયા પૂર્ણ પુરુષોત્તમ રાય રે, જન મન વારી વારી જાય રે ॥૨૦॥
પછી આરતી આનંદ સ્વામી રે, હરખે હરિની ઉતારે નામી રે ॥
સહુ મુનિ મળી ગાય હોરે રે, પદ હોરી તણાં બહુ જોરે રે ॥૨૧॥
નિશા ઢળી થઈ બહુવાર રે, પછી ચાલ્યાં ત્યાંથી કિરતાર રે ॥
આવી ઉતારે ભોજનપાન રે, કર્યું કાન કોડીલે નિદાન રે ॥૨૨॥
એવી લીલા અતિ અનુપમ રે, જગજીવને કીધી સુગમ રે ॥
તેનાં પદ વીશ વળી દોય[1] રે, રૂડાં રચે મુક્તમુનિ સોય રે ॥૨૩॥
રીઝ્યા દલમાં લહેરી લાલ રે, પામ્યાં મોદ મનમાં મરાલ રે ॥
ધન્ય ધન્ય આંબા તરુ એહ રે, જેને નિહાળ્યું દર્શન તેહ રે ॥૨૪॥
હરિ હિંચ્યા હરખે હિંડોળ રે, દીધાં જનને સુખ અતોળ રે ॥
થયો નરનારીને સમાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્‌ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વડતાલમા હિંડોળે ઝૂલાવ્યા એ નામે એકસો ને ચુંમોતેરમું પ્રકરણમ્‌ ॥૧૭૪॥

---

૧. બાવીસ ચરણનું કીર્તન 'ફૂલન હિંડોરે રે સો ઝૂલે ખ્યાર'

INDEX

પ્રકરણ : ૧૭૫

પૂર્વછાયો :

પગી જોબનની મેડીએ, આવી થાળ જમ્યા જીવન ॥
બહુનામી પછી બારીએ, બેઠા પરમ પ્રસન્ન ॥૧॥
સંત સહુ પરવારીને, મળ્યાં સામટાં ચોગાનમાં ॥
કીર્તન ગાવાં નાથનાં, થયાં મુદિત પૂરણ મનમાં ॥૨॥
આણી ઉમંગ ઉરમાં, રમ્યા રાસમંડળની રીત્ય ॥
ઉચ્ચ સ્વરે મધુર તાલે, ત્રોડી ત્રુગટી તાન ખચિત ॥૩॥

ચોપાઈ :

જામ્યો રાસ મંડળમાં અતિ, ખબર ટાણાની રહી ન રતિ ॥
પછી સ્વામી કહે રળિયાત, સુણો શ્રવણે સહુ મુનિ વાત ॥૪॥
ખાંત્યે ખેલ કર્યો વરતાલે, જન ન્યાલ કર્યા મતવાલે ॥
હરખે હિંડોળે ઝૂલી અપાર, દીધાં દર્શ રચી બાર દ્વાર ॥૫॥
તેથી થકિત થયાં છે જીવન, વહ્યો ઉત્સવમાં પૂરો દન ॥
વળી ગાતા વાતા વીતી રેણ, મેલો જાગરણ સુખદેણ ॥૬॥
સુખે પોઢવા ઘો ઘનશ્યામ, કાલ્ય રંગ રમ્યા તણું કામ ॥
સુણી મુક્તમુનિનો સંદેશ, કર્યાં વિના વિલંબ વિશેષ ॥૭॥
રૂડાં ગરબીનાં ત્યજી ગાન, ગયાં પોઢવા સમજી સાન ॥
પ્રભુ પણ પર્યંક ઉપર, પછી પ્રેમે પોઢ્યા મુદભર ॥૮॥
ભાનું ઉદિત થયો ગગન, મોદ માંય નહિ સહુ મન ॥
દન ચડ્યો જ્યારે ઘડી ચ્યાર, કર્યો સામાન સર્વે તૈયાર ॥૯॥
ફૂલદોળ રમવા અતોળ, રંગ કરાવિયા કરી ઘોળ્ય ॥
રૂડાં રચાવિયા હોજ દોય, જળ રંગે ભર્યા ઘણું સોય ॥૧૦॥
કર્યાં ગંજ ગુલાલના ઘણાં, પિચકારીએ રાખી ન મણાં ॥
સતસંગી સહુ મળી આવ્યાં, વાજાં વિવિધ પ્રકારે લાવ્યા ॥૧૧॥
માણકીએ થઈ અસવાર, માણીગર પધાર્યા તે વાર ॥
પુષ્પહાર પહેરાવ્યા પવિત્રા, જગદીશને કંઠ વિચિત્રા ॥૧૨॥
રૂડી હેમજડિત પિચકારી, દીધી હરિને હાથમાં સારી ॥
પછી મુક્તાનંદ મહારાજે, ધૂપ દીપ કર્યાં બહુ સાજે ॥૧૩॥

ધર્યું નૈવેદ્ય પ્રભુ ચરણે, સ્તુતિ ઉચ્ચર્યા ભાવથી ઘણે ॥
આર્તનાદે ઉતારી આરતી, ચરચ્યું ચંદન નાથને અતિ ॥૧૪॥
ફૂલડોળે ઝૂલાવી જીવન, ખેલ પ્રારંભ કર્યો પાવન ॥
સજજ થયાં શ્રીહરિને સંત, સંગે આવ્યાં હરિજન અત્યંત ॥૧૫॥
ખેલે સંત સંતપતિ હોરી, સામાસામી કરે જોરાજોરી ॥
છોળ્યું ઉછળી અમાપ એવી, જાણે મેઘધારા હોય તેવી ॥૧૬॥
થયો ગગન સઘન લાલ, રંગ સોરંગે ઉડ્યો ગુલાલ ॥
ખાંતે ખેલ મચ્યો છે અપાર, જન ઉચ્ચરે જયજયકાર ॥૧૭॥
પછી જૂથ બે કીધાં જીવને, બે બે જોડ્યે રમે પરસને ॥
રમવા તણી ઉત્તમ રીત્યે, રમ્યા સંત સહુ ઘણી પ્રીત્યે ॥૧૮॥
મુક્તમુનિ રંગ લઈ હાથે, રમે આનંદાનંદ સંગાથે ॥
નિત્યાનંદ સંગે બ્રહ્માનંદ, ગોપાળાનંદ ને શુકાનંદ ॥૧૯॥
ઘણી ભક્તની ભીડ ભરાઈ, નરનારી ન સ્પરશે ક્યાંઈ ॥
રમે નર તે નર વિભાગે, ત્રિયા તેની જગે અનુરાગે ॥૨૦॥
એવી અનુપ રીત્ય નિહાળી, નભે દેવો દિયે ઘણી તાળી ॥
દેખી બાઈની ઉત્તમ રીત, ટળે ગર્વ ગોપીનો ખચિત ॥૨૧॥
સહુનાં મન મૂરત્યે પ્રોવાય, અન્ય ઘાટ ન દલમાં થાય ॥
દોષહીણ છે એહની દ્રષ્ટિ, જાણે સંસારથી ભિન્ન સૃષ્ટિ ॥૨૨॥
એવો રંગનો ખેલ મચાવ્યો, ઘણું મોહનને મન ભાવ્યો ॥
પછી નાવા ગયાં ગિરધારી, પાછા વળ્યા પુરમાં પધારી ॥૨૩॥
પોતે જમિયા જીવનપ્રાણ, સંત જમાડિયા કરી તાણ્ય ॥
દીધું સુખ એમ બહુવિધિ, પછી સંતને શીખ જ દીધી ॥૨૪॥
કર્યો ઉત્સવ જગજીવને, ફાગણ સુદી પૂન્યમને દને ॥
સહુ જન પામિયા હુલાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વડતાલમાં રંગે રમ્યા એ નામે એકસો ને પંચોતેરમું પ્રકરણમ્ ॥૧૭૫॥

પ્રકરણ : ૧૭૬

પૂર્વછાયો :

ચારુ ચરોતર દેશમાં, સોહે ગામ રૂડું વરતાલ ॥
અનંત લીલા ત્યાં કરી, નિજ જન કર્યા નિહાલ ॥૧॥
કર્યો અતિ ફૂલદોળનો, સમૈયો સુંદર સાર ॥
બહુ ઝુલ્યા બાર બારણે, અવિનાશી કરી પ્યાર ॥૨॥
દીધાં મહાસુખ દાસને, સહુ નિરખી થયાં નિષ્પાપ ॥
તેણે ખુમારી તનમાં, રહે આઠે પોર અમાપ ॥૩॥

ચોપાઈ :

ભાગ્ય આપણાં અતિ અતોલ, ત્રિલોકે નહિ આપણી તોલ ॥
મહામોટું થયું છે આશ્ચર્ય, આપણું તે શુંયે તપશ્ચર્ય ॥૪॥
આ તો મહેર કરી મહારાજે, દયા કરી તે આપણે કાજે ॥
એમ બોલે પરસ્પર દાસ, હૃદયે ધરી રહે ઉલ્લાસ ॥૫॥
પછી સંધ્યા સમે નરવામ, બેઠા પ્રભુને કરી પ્રણામ ॥
કહે સંત પ્રત્યે સંતપતિ, કરો વાતું હવે મુજ વતી ॥૬॥
દેશાવરથી આવિયાં ભક્ત, જક્તમાંહિ થયાં અનાસક્ત ॥
મોટા મોટા હો તે કરો કથા, જેથી જાય અંતરની વ્યથા ॥૭॥
કહી એમ બેસારિયા પાટે, મુક્તાનંદજીને કથા માટે ॥
તિયાં પ્રકટપણાની વાત, કરી સ્વામીશ્રીએ રળિયાત ॥૮॥
થયાં રાજી સુણી નરનારી, થયાં રાજી પ્રભુ સુખકારી ॥
પછી અન્ય મોટા સંત કને, વાલે કથા કરાવી પ્રસને ॥૯॥
એમ થઈ સુણતાં મધરાત, તોય બંધ કીધી નહિ વાત ॥
પ્રભુ પોત્યે પણ બહુવાર, ઉપદેશ દિયે કરી પ્યાર ॥૧૦॥
એમ રેણ વીતી ઘણી ત્યાંય, આવી નીંદ સહુને પંડમાંય ॥
લાગ્યો'તો રંગે રમતા થાક, એમાં જન તણો શુંયે વાંક ॥૧૧॥
ધીમે ધીમે એક કેડ્યે એક, ગાઢ ઊંઘે ઘેરાણા વિશેક ॥
સંત કેવળ જાગતા વીસ, ન ડોલતા હજી જેના શીશ ॥૧૨॥
દ્રશ્ય દેખીને ધર્મકુંવર, મુક્તમુનિને કહે મુદભર ॥
સત્ય કહો સાચો શેમાં માલ, ઊંઘમાં કે મુજમાં મરાલ ॥૧૩॥

INDEX

ત્યારે મુક્તમુનિ જોડી પાણ, કહે સુણો શ્રીહરિ સુજાણ ॥
કિયાં આપ ને ક્યાં એ નઠારી, ભક્તને ભજને નડનારી ॥૧૪॥
દર્શ તમારું પામવા માટ, મોટા ભૂપ લિયે વનવાટ ॥
ઋષિ સંન્યાસી મુક્ત મરજાદી, કરે જપ તપ વ્રત આદિ ॥૧૫॥
તોય પામે નહિ મહામોંઘુ, એ તો અમને થયું છે સોંઘુ ॥
તેનું કારણ અકારણ કરુણા, નથી સાધન કે કાંઈ ટુણા[1] ॥૧૬॥
પણ ભૂંડી આ ભારે નિંદડી, આજ લગી એ સહુને નડી ॥
ખરા ટાણે જ લિયે ભરડો, તેમાં રહેતો નથી કેનો ધડો ॥૧૭॥
ત્યારે શ્રીજી કહે છે તમારી, સ્વામી વાત ન જૂઠી લગારી ॥
પણ કરવો કાંઈક ઉપાય, જેથી નીંદ નેણે ન ભરાય ॥૧૮॥
ત્યારે સ્વામી બોલ્યા શુભ વાણ, કહો તો કહું વાત પ્રમાણ ॥
આપ રમાડો ક્યારેક રંગે, વળી જમાડો અતિ ઉમંગે ॥૧૯॥
નથી તેની રહી હવે તાણ, મુને સૂઝે છે એમ સુજાણ ॥
માટે માનતા હો મારું નાથ, તો મળો સંતને ભરી બાથ ॥૨૦॥
જન જાગે સભામાંહિ જેહ, ભાવે ભેટો ભુજ ભરી તેહ ॥
જે જે જાણશે વળતે દન, એ તો પછતાશે ઘણું મન ॥૨૧॥
આમ નહિ ઊંઘે કહું કોય, જોશે વેલા આવી વાટ સોય ॥
બોલ્યા બહુનામી તતખેવ, પહેલા ભેટો મુને ગુરુદેવ ॥૨૨॥
એમ ઈચ્છા અંતરની મારી, સ્વામી લાગે મુને સુખકારી ॥
કેડ્યે મુક્તમુનિ ઊભા થઈ, ભેટ્યા ભૂધર બાથમાં લઈ ॥૨૩॥
સામાસામાં ઠર્યા બેઉ તન, અતિ અમળ થયું મિલન ॥
પછી ભેટ્યા એકેકને માવ, ધરી ઉરમાં ઉમંગ ભાવ ॥૨૪॥
મળ્યાં સંત વળી સંતપતિ, વાધ્યો આનંદ સહુને અતિ ॥
ગયો નઠારી નિદ્રાનો ત્રાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સંતોએ નિદ્રા જીતી એ નામે એકસો ને છોતેરમું પ્રકરણમ્ ॥૧૭૬॥

પ્રકરણ : ૧૭૭

પૂર્વછાયો :

વિધવિધ પ્રકારની, લીલા વરણવી અપાર ॥
કીધી કથા મેં ખાંત્યથી, જાણી મોટો મહિમા સાર ॥૧॥
હવે કથા કહું નેહથી, ભોજન લીલા રસાળ ॥
સુણતાં સુખડુ ઉપજે, તે વરણવું તતકાળ ॥૨॥
જિયાં જમ્યાં મુક્તાનંદજી, જિયાં જમાડિયા જગદીશ ॥
જિયાં પીરસ્યું પંગત્યે, સઘળું હવે કહીશ ॥૩॥

ચોપાઈ :

ગામ ગઢડે ઉત્તમ નૃપ રે, તિયાં વસી ઘણું સુખરૂપ રે ॥
અતિ મોટો અન્નકૂટ નાથે રે, જેદિ આદર્યો સ્નેહ સંગાથે રે ॥૪॥
ચહું દિશ મેલ્યા દૂત સારા રે, સઘ સંદેશ પહોંચાડનારા રે ॥
ધાયા ગામોગામ જઈ ઘેલા રે, દીધાં નોતરાં આવજો વેલા રે ॥૫॥
પછી આવે નરનારી બહુ રે, બીજા લોક આવ્યાં તિયાં સહુ રે ॥
જે જે મુનિને મળે સંદેશ રે, તે તો વણ રોકાયે નિમેષ રે ॥૬॥
ઝોળી કંથા પુસ્તકને ભૂલી રે, માંડે ચાલવા ત્યાં થકી ફૂલી રે ॥
મળે ન મળે મારગે અન્ન રે, તેનું રાખે નહિ કાંઈ મન રે ॥૭॥
જાણે સાગરમાં મનુવાર રે, આવે મહા મોટી કોઈ વાર રે ॥
એમ ગઢડે સંત મંડળ રે, પૂરજોશે આવે છે અમળ રે ॥૮॥
બેઉ બેન જયા ને લલિતા રે, અન્ય પુરદારા અગણિતા રે ॥
શાળ દાળ ઘઉં જે જે ધાન રે, દળી તૈયાર કર્યાં નિદાન રે ॥૯॥
દક્ષ દારા હોય પાકમાંય રે, તેણે મેલ્યા છે આંધણ ત્યાંય રે ॥
સેવ પાપડ ને વડા વડી રે, ગાંઠિયા ફાફડા ફૂલવડી રે ॥૧૦॥
માલપૂડા ને પૂરણપોળી રે, પૂરી જલેબીયું ઘીમાં બોળી રે ॥
મગદળ ને મેસુબ રૂડાં રે, વળી પૂડલા ને દહીંવડા રે ॥૧૧॥
મોદક મોતૈયા અતિ રસાળા રે, હલવો ને મુરબો રૂપાળા રે ॥
કહેતાં આવે નહિ તેનો પાર રે, એવાં પાક રચ્યા છે અપાર રે ॥૧૨॥
પ્રભુ પધારીને પાકશાળે રે, રૂડી સેવા સહુની નિહાળે રે ॥
વાલો રાજી થઈ મનમાંય રે, દિયે આશિષ જનને ત્યાંય રે ॥૧૩॥

INDEX

એમ કરતે ઉત્સવ દન રે, આવ્યો જોતજોત્યામાં પાવન રે ॥
અન્નકૂટ કર્યો શુભ સાર રે, જોવા ઉમટિયાં નરનાર રે ॥૧૪॥
જોઈ મોહી રહે સહુ જન રે, આવું દીઠું નહિ કોઈ દન રે ॥
પછી ભોજન જમવા નાથ રે, પ્રભુ પધારિયા સંત સાથ રે ॥૧૫॥
કરી વારમવાર વખાણ રે, જમે પ્રભુ પ્રકટ પ્રમાણ રે ॥
ઘણું હેતે જમ્યા હરિરાય રે, પછી તેડાવિયા મુનિ ત્યાંય રે ॥૧૬॥
બેઠા પંગત્ય પાડી મરાળ રે, જેમ જેમ આવે તતકાળ રે ॥
મુક્તમુનિ યથાક્રમે સંત રે, ગોઠવીને બેસારે પંગત્ય રે ॥૧૭॥
ભર્યા તુંબડા સહુનાં જળે રે, મેલ્યા પત્રાવળા આગળે રે ॥
પછી મોદક લઈ મહારાજ રે, આવ્યાં પ્રભુ પીરસવા કાજ રે ॥૧૮॥
ખૂબ ખાંત્યે જમાડે જીવન રે, બહુ ભાત્યના લાવી ભોજન રે ॥
ના ના પાડે જે ઠામ સંતાડે રે, તોય પીરસે પરાણે લાડે રે ॥૧૯॥
બાંધી ભેટ્ય કેડે નિરધાર રે, પીરસે મુક્તમુનિ કરી પ્યાર રે ॥
નથી અભ્યાસ સ્વામીને ખાસ રે, તોય પીરસે આણી હુલાસ રે ॥૨૦॥
હોય અતિ નિપુણ અભ્યાસી રે, જન જમાડવા સુખરાશી રે ॥
તેની પેર્ય પીરસે પંગત્યે રે, નામ પાકનાં લઈ વિગત્યે રે ॥૨૧॥
જુક્તે કરી જમાડિયા સંત રે, જમી તૃપ્ત થયાં છે અત્યંત રે ॥
તોય જમાડે જોરે મરાળું રે, રિક્ત રાખે નહિ પતરાળું રે ॥૨૨॥
પછી કરે સિંહનાદ જયારે રે, તેને રાખે પીરસ્યાનું ત્યારે રે ॥
એમ સંત અનંત જમાડ્યા રે, ચળું કરાવી મોદ પમાડ્યા રે ॥૨૩॥
એવી લીલા કીધી ગઢપુર રે, સહુ સંભારજ્યો તે જરૂર રે ॥
કીધો અન્નકૂટ પૂર્ણકામ રે, પછી જન સધાવિયા ગામ રે ॥૨૪॥
હવે રહી લીલા અવશેષ રે, તે હું સંભળાવું સવિશેષ રે ॥
હૃદે રાખજો અતિ ઉલ્લાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગઢપુરમાં અન્નકૂટ લીલા કરી એ નામે એકસો ને સિત્તોતેરમું પ્રકરણમ્ ॥૧૭૭॥

પ્રકરણ : ૧૭૮

પૂર્વછાયો :

વળી કહું ગઢપુરમાં, કર્યો અન્નકૂટ રસાળ ॥
જોઈ વિશાળ જાયગા, રૂડી રચી પાકશાળ ॥૧॥
નરનારી દેશોદેશનાં, મળી આવ્યાં હજારો હજાર ॥
સાધુ પાળા વરણી, આવ્યાં અન્નકૂટે અપાર ॥૨॥
જમી જમાડ્યા પ્રેમથી, જગજીવને પીરસી હાથ ॥
નિત્ય નવી લીલા કરી, નિત નિત સુખ દૈ નાથ ॥૩॥

ચોપાઈ :

વીત્યા દન પછી એમ દન રે, આવી અષ્ટમી શુક્લ પાવન રે ॥
સંધ્યા આરતી કેડ્યે શ્રીહરિ રે, બેઠા સિંહાસને સ્નેહ ધરી રે ॥૪॥
તિયાં સભા ભરાઈ વિરાટ રે, બેઠા એમાં મુક્તમુનિરાટ રે ॥
નિશ્ચય જનને દ્રઢ કરાવા રે, કોટિ જીવ મોક્ષ મગે લાવા રે ॥૫॥
પછી બોલ્યા જોડી દોય હાથ રે, પ્રશ્ન સુણો કહું કૃપાનાથ રે ॥
ચરણે ચરણે શ્રુતિ સ્મૃતિમાંય રે, પ્રભુ સ્વરૂપ જેહ ગવાય રે ॥૬॥
કહો તેને વરણવી સુખે રે, ઇચ્છું સાંભળવા તવ મુખે રે ॥
કહીએ કેમ પ્રભુ નિરગુણ રે, વળી કેમ જણાય સગુણ રે ॥૭॥
કહીએ કેમ તેહને સાકાર રે, કેમ કહેવાય તે નિરાકાર રે ॥
કહીએ કેમ કર્તા ને હર્તા રે, કેમ રહે પોત્યે અકર્તા રે ॥૮॥
નિજ ધામે સદા વસનાર રે, તોય આંહિ દર્શન દેનાર રે ॥
તેને જાણવું જોઈએ ભિન્ન રે, કે પછી તે તો રહે અભિન્ન રે ॥૯॥
બેઠા સભામાંહિ જેહ જન રે, નરનારી તણાં સહુ મન રે ॥
પ્રશ્ન રમી રહ્યો છે કઠણ રે, તેને નાથ નિવારો આ ક્ષણ રે ॥૧૦॥
પછી બોલિયા દીનદયાળ રે, કરી કરુણા ત્યાં તતકાળ ર ॥
કહું શાસ્ત્ર તણું સિદ્ધાંત રે, તે તો ભાંગશે મનની ભ્રાંત રે ॥૧૧॥
પુરુષોત્તમ જે પરાત્પર રે, નથી એથી ઉપર અવર રે ॥
સ્વયંપ્રકાશ તે ભગવાન રે, શ્રુતિ સ્મૃતિ કરે જેનું ગાન રે ॥૧૨॥
આત્માના પણ આત્મા પરમ રે, ચારુ ચેતન કેરા ચેતન રે ॥
પુરુષ પ્રકૃતિ ને કાળ તણાં રે, નિત્ય નિયંતા સ્વતંત્ર ઘણાં રે ॥૧૩॥

રહે અષ્ટ આવરણથી દૂર રે, ધામ તેનું જાણો બ્રહ્મપુર રે ॥
જેનો અણું સરીખો પ્રદેશ રે, કોટિ રવિ શશીથી વિશેષ રે ॥૧૪॥
અનંત અખંડ ધામ મોઝાર રે, નવ નીરદ શ્યામ કુમાર રે ॥
શાંત શીતળ તેજથી જુક્ત રે, પ્રભુ સંગ રાજે બહુ મુક્ત રે ॥૧૫॥
અંગોઅંગ ધરાવી વસન રે, સહુ મુક્ત પૂજે છે પ્રસન્ન રે ॥
સિદ્ધિ ઐશ્વર્ય કહેવાય જેહ રે, પદામ્બુજ પૂજે સહુ તેહ રે ॥૧૬॥
રાજે દ્વિભુજે શ્રીહરિ સદા રે, ચર્તુર્ભુજ રૂપે થાય કદા રે ॥
પણ ગુણ પ્રકૃતિના નથી રે, માટે નિર્ગુણ કહીએ તે કથી રે ॥૧૭॥
ધર્મ જ્ઞાન વૈરાગ્ય સહિત રે, ભાવે ભક્તિ કરે તેની નિત રે ॥
તેહ પામે દરશ અવશ્ય રે, જેને શ્રુતિ કહે છે જ રસ રે ॥૧૮॥
પણ નર ભક્તિએ હીણ રે, મર હોય કળાએ પ્રવીણ રે ॥
એવાં બ્રહ્મકુદાળ કેવળ રે, નવ મૂર્તિ દેખે નિર્મળ રે ॥૧૯॥
તેજ તેજ તણો જ્યાં અંબાર રે, દિવ્ય વિગ્રહે નાથ નિર્ધાર રે ॥
તે તો દેખે ન અશુભમત રે, દિવાકરને ઉલૂકવત રે ॥૨૦॥
પછી કેશે પ્રભુ નિરાકાર રે, પણ સત્ય સદા તે સાકાર રે ॥
વળી સ્થિત એકદેશમાંય રે, સૂર્યવત પ્રકાશે સદાય રે ॥૨૧॥
સર્જવાને બ્રહ્માંડ અનેક રે, અનિરૂદ્ધ સ્વરૂપથી છેક રે ॥
માયાના ગુણ રજને પોતે રે, કરે અધિષ્ઠાન પ્રેમ સોતે રે ॥૨૨॥
કોટિ બ્રહ્માંડ તેથી સંભવે રે, પણ સાંભળજો વાત હવે રે ॥
પોતાના ગુણનું અધિષ્ઠાન રે, કેદિ કરે નહિ ભગવાન રે ॥૨૩॥
એવાં પરબ્રહ્મ પરમેશ રે, કહે વર્ણવી વાત વિશેષ રે ॥
તત્વ થકી સમજવું જ્ઞાન રે, સર્વ શાસ્ત્રે લખ્યું નિદાન રે ॥૨૪॥
એક એકની વિક્તિ જણાવી રે, કહું મનમાંહિ મોદ લાવી રે ॥
ભાખે જ્ઞાન એવું અવિનાશ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સ્વરૂપાદ્વૈત મત સમજાવ્યો એ નામે એકસો ને અઠ્યોતેરમું પ્રકરણમ્ ॥૧૭૮॥

પ્રકરણ : ૧૭૯

પૂર્વછાયો :

પછી પ્રભુજી બોલિયા, નૈમિત્તિ પ્રલયમાંય ॥
અનિરૂદ્ધ સગુણ રૂપ, રાખે ત્રિલોક ઉદરમાંય ॥૧॥
એમ કરતાં પંડથી, તે સૂવે અર્ણવ જળે ॥
અજ થૈ સૃષ્ટિ કરે, જ્યારે આવે સૃજવાની પળે ॥૨॥
પછી પ્રદ્યુમ્ન રૂપે, ધરે વિષ્ણુ સ્વરૂપ ॥
કરે રક્ષા લોકની, તેને કૈયે વૈરાજ રૂપ ॥૩॥

ચોપાઈ :

પછી સંકર્ષણે પ્રાદુર્ભાવ રે, પામી શિવ સંજ્ઞા ધરે માવ રે ॥
જાણો તેહ સ્વરૂપ અતોળ રે, શેષ રૂપે રહે છે ભૂગોળ રે ॥૪॥
શિવ રૂપે કરે છે સંહાર રે, સકળ સૃષ્ટિ તણો નિરધાર રે ॥
ષટ્ ઈશ્વર કીધું સ્વરૂપ રે, વળી કાર્ય સહુનું અનુપ રે ॥૫॥
કરે ઉપાધિનો ત્યાગ જ્યારે રે, સ્વરૂપ નિર્ગુણ કહેવાય ત્યારે રે ॥
હવે સુણો દઈ સહુ ધ્યાન રે, ત્યાર કેડ્યની વાત મહાન રે ॥૬॥
પરાત્પર પુરષોત્તમ પોત્યે રે, આવે અવનિએ તન સોત્યે રે ॥
ધામ ધરાએ મૂર્તિ વિશેષ રે, તેમાં ને આમાં ફેર ન લેશ રે ॥૭॥
જન્મ કર્મ તેનાં સહુ દિવ્ય રે, જન જાણો જરૂર સુધિય રે ॥
વળી ચરિત્ર તેનાં છે કૈંક રે, એમાં કેદિ ન કરવી શંક રે ॥૮॥
આવી ભૂ પર પ્રાકૃત રૂપ રે, ધરી પડે તે કર્મને કૂપ રે ॥
એમ કહે જે મુખે જરૂર રે, તેને જાણવો નક્કી અસુર રે ॥૯॥
કાળ માયા કર્મ એહ આદિ રે, હરિ ઈચ્છાએ રહે મરજાદી રે ॥
માટે તેમાં કૈયે કર્તાપણું રે, સત્ય વાત સર્વે હું ભણું રે ॥૧૦॥
સ્વતંત્રપણે રહી સ્વરાટ રે, કરાવે છે ક્રિયા તેહ માટ રે ॥
તેથી અકર્તા તેને કહીએ રે, નિરંજન નિષ્ક્રિય લહીએ રે ॥૧૧॥
કાળ માયા કર્માદિ વિન્ય રે, સૃષ્ટિ કરી શકે છે નવીન્ય રે ॥
એવું સામર્થ્ય એ માંહિ દીસે રે, તોય દ્રષ્ટા રહે છે અતિશે રે ॥૧૨॥
જક્તમાંહિ ચિંતામણિ જાણો રે, કામદુઘા વળી પરમાણો રે ॥
તેથી અનંત ગણી મહાન રે, હરિમૂર્તિ અભિષ્ટ નિદાન રે ॥૧૩॥

જડ થકી ન ઉપજે સુખ રે, મળે કાળક્રમે ઘણું દુઃખ રે ॥
જ્યારે મળે શ્રીહરિ સુજાણ રે, દિયે પદ પ્રકટ નિર્વાણ રે ॥૧૪॥
જન્મ અરુ તિરોધાન લીલા રે, જે જે વાલો કરે અળવીલા રે ॥
તેમાં ભક્ત મોહે નહિ કદા રે, એ તો મન મગન રહે સદા રે ॥૧૫॥
ખેલ માને નટલીલા જેમ રે, તેમાં કહોને મોહાય કેમ રે ॥
જ્યારે નટ આવી નૃપ પાસ રે, નિજદારા મૂકે તિયાં ખાસ રે ॥૧૬॥
જાય ગગને લડવા પોત્યે રે, શૂરવીર અસ્ત્રા શસ્ત્રા સોતે રે ॥
પળવારમાં કટકા થઈ રે, પડે હેઠે તે અબળા લઈ રે ॥૧૭॥
બળે રોતી રોતી પતિ સંગે રે, તિયાં નટ આવે ઉછરંગે રે ॥
આવી દારા માંગે નિજ તણી રે, માંગે મોજ નૃપ પાસ ઘણી રે ॥૧૮॥
રહે સરવે એમાં મૂંઝાઈ રે, કિયાં આ ને વળી કિયાં બાઈ રે ॥
કળા કારીગરી ન જણાય રે, તેમ લીલા કરે પ્રભુરાય રે ॥૧૯॥
પ્રભુ ભક્ત ન મોહે લગાર રે, એ તો સમજે સર્વથી પાર રે ॥
જેહ ઈશ્વર વિશ્વ આધાર રે, મળ્યાં એ જ મુને નિરધાર રે ॥૨૦॥
એમ કર્તા ને અકર્તાપણું રે, સાકાર નિરાકાર સહુ ભણું રે ॥
વિક્તિ પાડી કીધાં સહુ સ્પષ્ટ રે, જાણ્યા કેડ્યે રહે નહિ કષ્ટ રે ॥૨૧॥
માટે ધરજો અંતરે અભય રે, અતિ શુદ્ધ સ્વરૂપ નિર્ણય રે ॥
દીધું શ્રીહરિએ નિજ જ્ઞાન રે, મુક્તમુનિને મિષે મહાન રે ॥૨૨॥
પછી રાજી થયાં નરનારી રે, માન્યા મોહનને અવતારી રે ॥
માટે રહસ્ય સમજો સહુ રે, નહિ તો શાસ્ત્રા મૂંઝવશે બહુ રે ॥૨૩॥
જેહ જીવમાંહિ જ્ઞાન ગ્રે'શે રે, તે તો બ્રહ્મમોલે વાસ લેશે રે ॥
રહેશે એમાં જો અણું કાચપ રે, નહિ ભાંગે કર્યે કોટિ તપ રે ॥૨૪॥
એમ કાર્તિક સુદી પાવન રે, કીધી વાત અષ્ટમીને દન રે ॥
મેટી સંશય કીધો ઉજાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સ્વરૂપાદ્વૈત મત સમજાવ્યો એ નામે એકસો ને ઓગણાએંસીમું પ્રકરણમ્ ॥૧૭૯॥

INDEX

પ્રકરણ : ૧૮૦

પૂર્વછાયો :

લખી લખી કેટલા લખું, નહિ લખતાં આવે અંત ॥
મુક્તાનંદ મહારાજના, સર્વે ચરિત્ર અત્યંત ॥૧॥
અકળ ને અમાપ છે, સુણતાં ઉપજે પ્રીત ॥
જેમ જેમ કહું નેહથી, તેમ ઉપજે ઉમંગ નિત ॥૨॥
એક સમે અલબેલડો, થયાં ગઢડામાં ઉદાસ ॥
રહ્યાં એકાંત્યે ઓરડે, કોઈ આવે નૈ પ્રભુ પાસ ॥૩॥

ચોપાઈ :

પછી સેવક લઈ સંઘાતે, સુખપુર ગયાં અર્ધરાતે ॥
તિયાં ભક્ત ખરા હેતવાન, તેને ઘેર ગયાં ભગવાન ॥૪॥
રહ્યાં ઉદાસી ટાળવા માટ, પણ વાધી ઉદાસી અફાટ ॥
તેનું કારણ જાણજયો એમ, કહું નંદ સંતે કીધું જેમ ॥૫॥
તેહ ભક્તના પાડોશમાંય, રહેતું કણબી કુટુંબ ત્યાંય ॥
તેને ઘેર મંગળ વિવાહે, જન આવી રહ્યાં ઉત્સાહે ॥૬॥
ગાઈ ગાણાં ફટાણાંના સહુ, ભૂંડા શબ્દ બોલે મુખે બહુ ॥
ચડ્યો ચિત્તમાં કેફ નિદાન, લાજ તણુંયે ન રહ્યું ભાન ॥૭॥
મતિ વિવેકી રહી ન કાંય, સુણી સુજ્ઞજનો શરમાય ॥
મસ્ત થઈ વિવાહને માણે, સુણ્યું શ્રીહરિએ તેહ ટાણે ॥૮॥
ત્યારે ઉદાસી થયાં અપાર, પળ રોકાયા નહિ તે વાર ॥
ભક્તો જોડે કરગરી હાથ, કહે પાછા વળો મારા નાથ ॥૯॥
લેશ લાજ શરમ ન જાણે, પશું સમાન કીધાં પુરાણે ॥
આ તો છે સહુ વિષયી લોક, એનો ન કરવો ઘટે શોક ॥૧૦॥
ત્યાર પછી બોલ્યા અવિનાશ, રુચે નહિ વસતીએ વાસ ॥
રહેશું વન નિર્જન મોઝાર, આવશું ભીડ્યમાં કોઈ વાર ॥૧૧॥
પછી વળાવિયા સહુ જન, ગઢપુરે આવ્યાં ભગવન ॥
તિયાં મુક્તમુનિને તેડાવી, જે જે વાત બની તે કહાવી ॥૧૨॥
ચડે વિવાહ તણું અભિમાન, ત્યારે નથી રહેતું નિજ ભાન ॥
આવે ઉન્મત્તપણું અપાર, મરજાદ રહે નહિ લગાર ॥૧૩॥

INDEX

મર હોય જો પ્રભુના જન, જાય વિવાહમાં કોઈ દન ॥
મતિ ખોઈ કરે ભેળું ગાન, ત્યારે ભૂલે નક્કી ભગવાન ॥૧૪॥
તેહ સારુ ઉપજયો વિચાર, રહીએ નિર્જન વન મોઝાર ॥
મેલી અનંત ધામનાં સુખ, કેમ થાતા હશે નર લુખ[1] ॥૧૫॥
ત્યારે મુક્તમુનિ જોડી હાથ, ઘણું વિનવે જોડીને નાથ ॥
વળી બોલિયા શ્રીહરિ વાણ્ય, મુક્તાનંદજી આપ સુજાણ ॥૧૬॥
રૂડાં કીર્તન રચો જરૂર, ગાઈ શકે વિવાહે મધુર ॥
કર્મજોગી જો વિવાહે જાય, પ્રભુ સંબંધી કીર્તન ગાય ॥૧૭॥
જેમ જાદવકુળની જાન, માધવપુરે માંડવો નિદાન ॥
મંગળ વિવાહ રૂક્મણિ કેરા, થયાં કૃષ્ણ સંગાથે ઘણેરા ॥૧૮॥
તેનું મિષ લઈ કરો ગીત, જેથી ચળે ન પ્રભુથી ચિત્ત ॥
પછી મુક્તાનંદજી મહંતે, રચ્યાં ગીત વિવાહના ખંતે ॥૧૯॥
રાજી થયાં હરિજનો બહુ, પછી શું થયું તે વાત કહું ॥
બાઈ ભાઈ સત્સંગી તમામ, તેને પત્રો લખાવ્યા છે આમ ॥૨૦॥
ભાંડ ભવૈયા જોવાથી જેમ, ચડે કેફ વિવાહથી તેમ ॥
માટે સતસંગી બાઈ ભાઈ, કેદિ વિવાહે ન જાવું ક્યાંઈ ॥૨૧॥
વળી જાવું પડે જો વિવાહે, ભૂંડા ગીત ગાવા નવ ચાહે ॥
મુક્તમુનિએ રચેલાં ગીત, એ જ ગાવા વિવાહે ઉચિત ॥૨૨॥
એમ કાગળ લખી તમામ, ખાંત્યે મોકલાવ્યા ગામો ગામ ॥
જનો વાંચી બોલ્યા જયજય, કર્યો વિવાહ મંગળમય ॥૨૩॥
આ વારનો અવતાર જેહ, થયો અતિ અલૌકિક તેહ ॥
નોતી સુણી દીઠી નોતી દ્રગે, એવી રીત દેખાડી આ જગે ॥૨૪॥
સહુ જળકમળવત જન, રાખ્યા જક્ત વિરક્ત મગન ॥
તેને મટ્યો માયા તણો ત્રાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રુક્મિણી વિવાહનાં પદ કર્યાં એ નામે એકસો ને એંસીમું પ્રકરણમ્ ॥૧૮૦॥

---

૧. શુષ્ક, લુખ્ખા

INDEX

પ્રકરણ : ૧૮૧

પૂર્વછાયો :

એક સમે ગઢપુરમાં, ઘણું રીસે ચડ્યા હરિરાય ॥
આણી ઉદાસી અંતરે, હતું વાતમાં તો નહિ કાંય ॥૧॥
બહુ બહાના બનાવિયા, પછી લટકાળે લીધું વેન ॥
ધ્યાન મારું રાખે નહિ, લાડુબા જીવુબા બેન ॥૨॥
વળી અમારે જોઈએ, અતિ પવિત્ર આહાર ॥
તેનું નથી મન કોઈને, ધ્યાન રાખ્યા તણું લગાર ॥૩॥

ચોપાઈ :

તેથી હવે થઈને સંન્યાસી રે, ફરશું જઈ મથુરા કાશી રે ॥
તિયાં દ્વિજ તણાં બહુ ઘર રે, ત્યાંથી માંગી ભરશું ઉદર રે ॥૪॥
એવાં સુણી વ્હાલાનાં વચન રે, થયાં વ્યાકુળ સહુનાં મન રે ॥
બેઉ બેન તણાં દલ બળે રે, લાગી લાય જો વડવાનળે રે ॥૫॥
પ્રભુ જાય છાંડી ગઢપુર રે, તો તો પ્રાણ રહે ન જરૂર રે ॥
તેથી સંત નેણે ભરી નીર રે, સમજાવે શ્રીહરિને પીર રે ॥૬॥
તોય પ્રભુ કહે લાવો દંડ રે, માળા રુદ્રાક્ષ તુંબડી અખંડ રે ॥
વસ્ત્ર કાષાય આણો આ વાર રે, હવે નથી રહેવા નિરધાર રે ॥૭॥
એમ બોલ્યા પ્રભુ લાવી ખીજ રે, પણ કોઈએ દીધી નહિ ચીજ રે ॥
જ્યારે કોઈ ન થયું તૈયાર રે, મુનિમુક્તને તો તેહવાર રે ॥૮॥
બોલ્યા મોહન શ્રી મહામુનિ રે, આપોને એક પોતડી જૂની રે ॥
માનો છો વચન મારું તમે રે, તેથી તમને કહીએ છીએ અમે રે ॥૯॥
ત્યારે સ્વામીએ લાવી વસન રે, દીધાં વ્હાલાને હેતે નૂતન રે ॥
વળી દીધાં છે તુંબડી દંડ રે, માળા રૂદ્રાક્ષ તણી અખંડ રે ॥૧૦॥
એવું દેખી વિચારે સહુ આજ રે, સ્વામી કેમ કરે આવું કાજ રે ॥
જાવા તૈયાર થયાં છે નાથ રે, તોય કેમ દિયે તેનો સાથ રે ॥૧૧॥
નાથ આમ તો કેમ રોકાશે રે, આ તો ખરેખરી આજ થાશે રે ॥
તેથી દેખી રહ્યાં સંત સહુ રે, મનમાં અકળાઈને બહુ રે ॥૧૨॥
પણ વિચારે બેઉ બેનડી રે, દૂર ઊભા થકા તતઘડી રે ॥
મુક્તમુનિ કરે જેહ કાજ રે, તેમાં રાજી હશે મહારાજ રે ॥૧૩॥

INDEX

પછી નાથે જ્યાં કર્યો વિચાર રે, હવે મેલું અભય પરિવાર રે ॥
ત્યારે સ્વામી કહે પ્રભુ થોભો રે, આવા દર્શનમાં બહુ શોભો રે ॥૧૪॥
એમ કહી દાદાને બોલાવ્યા રે, શું કરવાનું છે તે સમજાવ્યા રે ॥
મુક્તમુનિએ રચી એક યુક્તિ રે, થાશે તેથી દુઃખ તણી મુક્તિ રે ॥૧૫॥
દાદાને કહી દેખાડી રીત રે, તે તો દીઠું દાદાએ ઉચિત રે ॥
જઈ કીધું છે બેનને બહુ રે, જેવું કહ્યું'તું સ્વામીએ સહુ રે ॥૧૬॥
પછી સ્વામી કહે સુખદેણ રે, તમે નહિ માનો મારું કે'ણ રે ॥
પણ બહેનોને દર્શન આલી રે, પછી ભલે નીકળજો ચાલી રે ॥૧૭॥
ત્યારે શ્રીહરિ કહે બહુ સારું રે, એટલું તો માનીશ તમારું રે ॥
એમ કહીને ચાલ્યાં દયાળ રે, આવ્યાં બેન પાસે તતકાળ રે ॥૧૮॥
ત્યારે બેન કહે બહુનામી રે, તમને કહીએ છીએ કરભામી રે ॥
રૂડું જાવા તણું કર્યું કાજ રે, પણ સાંભળજો મહારાજ રે ॥૧૯॥
હવે પાવકથી રહેશો દૂર રે, નહિ સંગ્રહો પાત્ર જરૂર રે ॥
માટે ઘણું ઘરોઘર ફરી રે, તમે કરશો અતિ માધુકરી રે ॥૨૦॥
ત્યાં શું નાહી ધોઈ થઈ ચોખા રે, પાક બનાવશે નારી નોખા રે ? ॥
વળી ઘેર હશે બાળ નાના રે, તેનાં હશે વિધવિધ વાનાં રે ॥૨૧॥
એ તો બગાડશે જ્યારે બાળ રે, પાડી મૂત્ર પુરીષને લાળ રે ॥
તેને રોટલા ઘડતાં બાઈ રે, કરશે સાફ જઈને ધાઈ રે ॥૨૨॥
કરી સાફ એજ હાથે નાર રે, કરશે રસોઈ તે નિરધાર રે ॥
પછી એજ દેશે ભિક્ષામાંહિ રે, એવી શુદ્ધિ હશે હરિ ત્યાંહિ રે ॥૨૩॥
એવું સુણી ફેંક્યો નાથે દંડ રે, કહ્યું તો રહેશું આંહિ અખંડ રે ॥
પછી વસ્ત્ર પહેર્યા જરિયાની રે, બેઉ બેન તણી વાત માની રે ॥૨૪॥
મુક્તાનંદને કર્યા પ્રણામ રે, મેલી જાવાનું કર્યું નકામ રે ॥
તેથી જન પામ્યા છે ઉલ્લાસ રે, કહે ઘનશ્યામપ્રકાશ દાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રિસાયેલા શ્રીહરિને મનાવ્યા એ નામે એકસો ને એકાશીમું પ્રકરણમ્ ॥૧૮૧॥

INDEX

પ્રકરણ : ૧૮૨

પૂર્વછાયો :

અતિ અધર્મ આદરે, સુબો શ્રીપુરનો દુરમત્ય ॥
અંત એનો આવિયો, શાસન મટ્યું અસત્ય ॥૧॥
રાજ ગયું પેશવાઈનું, ઈંગરેજ આવ્યો રાય ॥
જન મન ત્રાસિત જે, થયાં તેહ સુખદાય ॥૨॥
વિગતિ તેની વરણવું, કહું કથા વિસ્તાર ॥
સાંભળજો સહુ નેહથી, શ્રદ્ધા ધરી નરનાર ॥૩॥

ચોપાઈ :

હતી સત્તા શ્રીપુર સુબાની, ત્યારે કરી તેણે મનમાની ॥
પ્રભુને મારી નાખવા કાજ, કપટે કર્યો કેવો ઈલાજ ॥૪॥
ભદ્રમાં નાથ તેડાવા એણે, આપ્યું આમંત્રાણ બહુ તેણે ॥
માંહિ દ્વેષ ને ઉપર્યું પ્રેમ, જન જાણી શકે નહિ જેમ ॥૫॥
હતું તેલનું ટાંકુ ભરેલ, માથે પ્રભુ આસન મૂકેલ ॥
આવ્યાં ભદ્રમાં શ્રી ભગવાન, સામાં આવી કર્યું સનમાન ॥૬॥
સંગે મુનિ મુક્તાનંદ મોટા, બીજા પણ સંગે મુનિ છોટા ॥
વળી બીજા કાઠી દરબાર, એ સહુને રાખ્યા કોટ બાર ॥૭॥
તોય દંડી દેવાનંદ ટાણે, એણે કર્યો પ્રવેશ પરાણે ॥
હતાં હંમેશ રક્ષણવાળા, સાથે જઈ શક્યા નહિ પાળા ॥૮॥
પછી સુબાએ વિચાર્યું મન, થશે ધાર્યું હવે આજ દન ॥
કહે ગાદી પ્રસાદીની તમે, કરો પછી ત્યાં બેસશું અમે ॥૯॥
દ્વેષીએ કરી વિનંતી ખોટી, ત્યારે પ્રભુએ અડાડી સોટી ॥
ત્યાં તો પડ્યું ટાંકામાં બિછાનું, ન રહ્યું એનું કપટ છાનું ॥૧૦॥
દેખી સુબો થયો મુખે શ્યામ, પછી બોલ્યો ક્રોધ કરી આમ ॥
જન ભ્રમાવો છો તમે બહુ, આંહિ નવ રહેવું આપે કહું ॥૧૧॥
રહેશો તો પૂરશું કેદમાંય, નહિ ચાલે તમારી વડાય ॥
જ્યાં લગી ચાલે રાજ અમારે, ત્યાં લગી ન આવવું તમારે ॥૧૨॥
પછી પ્રભુજી સંગ મરાળ, પુર બહાર કાઢ્યા તતકાળ ॥
બહાર આવી બેઠા ભગવન, નરનારી કરે છે રુદન ॥૧૩॥

INDEX

મુક્તમુનિ થયાં છે ઉદાસ, દલ દુઃખી દીસે બહુ દાસ ॥
પછી બોલ્યા એમ બહુનામી, છાના રહો મુક્તાનંદ સ્વામી ॥૧૪॥
સુખદુઃખ માન અપમાન, પ્રમાણો મેઘ છાયા સમાન ॥
અસ્ત થયેલો ઊગે છે જેમ, અંતે આથમશે ઊગ્યો જેમ ॥૧૫॥
નથી કેનું અવિચળ રાજ, તમે સુણી લિયો મહારાજ ॥
તમ રક્ષા કરનારો રાય, જુવો આવી રહ્યો હમણાં આંય ॥૧૬॥
એમ નાથે ચપટી વજાડી, ત્રણવાર બોલ્યા તેહ દાડી ॥
પછી સધાવિયા સંત સંગે, પ્રભુ ચાલ્યાં ત્યાંથી ઉછરંગે ॥૧૭॥
જેણે દુભવ્યા શ્રી મહારાજ, જોતજોતાં ગયું એનું રાજ ॥
અંગરેજે ત્યાં ચડાઈ કીધી, સત્તા સુબાની આંચકી લીધી ॥૧૮॥
પેશવાઈનો આવિયો અંત, થયું શ્રીપુર સુખી અત્યંત ॥
રાય એરણ સંગે દુલાપ, આવ્યાં અધિકારી નિષ્પાપ ॥૧૯॥
તેણે પ્રભુ પ્રતાપને જાણ્યો, જન મુખે સાંભળી વખાણ્યો ॥
પછી પત્ર લખી ગઢપુર, તેડ્યા સુંદરશ્યામ શ્રીપુર ॥૨૦॥
હવે સુબા તણું નથી રાજ, પ્રેમે પધારો શ્રી મહારાજ ॥
વાંચી પ્રભુ થયાં પરસન, મોર્ય મેલ્યા મરાળ મગન ॥૨૧॥
મુક્તાનંદ આદિ મુનિ ચ્યાર, મેલ્યા મંડળ મોટા ઉદાર ॥
કેડ્યે પધાર્યા શ્રીપુર શહેર, આણી નિજજન પર મેર ॥૨૨॥
આવ્યાં દર્શને જન હજારુ, પડી શેરી સાંકડી બજારુ ॥
પુરનારી અટારી ને ગોખે, ત્યાંથી પ્રભુજીને પ્રેમે પોંખે ॥૨૩॥
સુણી જન દિયે છે વધાઈ, દોડે દરશને બાઈ ભાઈ ॥
મોદ માતો નથી મનમાંય, આજ મળશે મોહનરાય ॥૨૪॥
થયું દર્શન કેવું સરળ, કહું વિસ્તારી વાત અમળ ॥
સુણી અંતર થાશે ઉજાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીનગરમાં અંગ્રેજનું રાજ આવ્યું એ નામે એકસો ને બ્યાસીમું પ્રકરણમ્ ॥૧૮૨॥

INDEX

પ્રકરણ : ૧૮૩

પૂર્વછાયો :

સુખ દેતા ઘણું દાસને, ભક્તરંજન જીવનપ્રાણ ॥
શ્રીનગર શહેર આવિયાં, પ્રભુ પ્રકટ પ્રમાણ ॥૧॥
હવે તેને વરણવું, લીલા કરી વિસ્તાર ॥
સાંભળજો જન જુગત્યે, ધરી દલમાં નેહ અપાર ॥૨॥
શોભા અદ્‌ભુત શહેરની, નરનારી નિર્મળ મન ॥
તજી સુખ નિજતનનાં, રહે મૂરતિમાં મગન ॥૩॥

ચોપાઈ :

સોહે શ્રીનગર સુખકંદ રે, કેતાં સુણતાં થાય આનંદ રે ॥
ચહુ દિશ ગઢ નિરધાર રે, શોભે દરવાજા દશ ચ્યાર રે ॥૪॥
વન વેલી શોભે તરૂ બાગ રે, જોઈ ઉપજે મન અનુરાગ રે ॥
રાજ મારગ પ્રૌઢ વિરાજે રે, ઘનઘોર ઘટા ઘર છાજે રે ॥૫॥
શોભે પશ્ચિમ દિશ ઉમંગ રે, ગુણસાગર સાબર ગંગ રે ॥
વહે નિર્મળ જળ વિશાળ રે, અતિ સ્વાદુ સુભગ રસાળ રે ॥૬॥
ધ્વજ તરિયા તોરણ દ્વાર રે, શોભા પુર તણી છે અપાર રે ॥
વાજે વાજાં અનંત અમાપ રે, જોવા આવ્યાં પુરજન આપ રે ॥૭॥
સ્વર શરણાયે બહુ ગાજે રે, નોબત ઢોલ નગારા વાજે રે ॥
ભેરી ભૂંગળ ને તૂરી વળી રે, ત્રાંસાં કાંસા ને વાગે વાંસળી રે ॥૮॥
છડીદાર બકે છકી સાદ રે, હોંશે વિપ્ર કરે વેદ વાદ રે ॥
ફૂટે વ્યોમે બંદૂક અપાર રે, જન કરે જયજયકાર રે ॥૯॥
જન લાવ્યા રથ હેમ તણો રે, શણગાર્યો સાજ થકી ઘણો રે ॥
તેમાં બેઠા પોતે બહુનામી રે, સંગે બેઠા મુક્તાનંદ સ્વામી રે ॥૧૦॥
ઘણા પાળા ઘણા અસવાર રે, હાથમાંહિ ધર્યા હથિયાર રે ॥
ચાલે રથ ને ધરણી ધમકે રે, માંહિ બાંધી ઘૂઘરિયું ઘમકે રે ॥૧૧॥
અસવારી શ્રીપુર પધારી રે, થયાં દર્શનાતુર નરનારી રે ॥
તજ્યા સુંદરીએ ઘરકામ રે, નીસરી નીરખવા ઘનશ્યામ રે ॥૧૨॥
કોય મેલી રોતાં નિજ બાળ રે, ચાલી નીરખવા પ્રતિપાળ રે ॥
કોઈ ચાલી શિશુ પય પાતી રે, કોઈ ચાલી મન હરખાતી રે ॥૧૩॥

INDEX

અવળા ધરી કોઈ પરિધાન રે, ચાલી દેખવા સુખ નિધાન રે ॥
કોઈ જોવા અગાશીએ ચડી રે, જોઈ મોહી રહે જાણે જડી રે ॥૧૪॥
વામવૃંદ દેખી જગવંદ રે, માંહોમાંહિ કે'છે સુખકંદ રે ॥
જુવો નેણાં ભરી જગ સ્વામી રે, પુરુષોત્તમ અંતરજામી રે ॥૧૫॥
દયા કરી વિદારવા દુઃખ રે, દેવા આપણ જેવાને સુખ રે ॥
એ જ આવિયાં છે પોતે હરિ રે, આવ્યાં સઘળા તીર્થ ફરી રે ॥૧૬॥
ભરી લોચન દલમાં ધારો રે, વિષયવાસના સર્વે વિસારો રે ॥
એમ વદે વનિતા વધાઈ રે, હરિ સામું જોઈ હરખાઇ રે ॥૧૭॥
સંતમાંહિ શોભે સુખકંદ રે, જેમ શોભે તારામાંહિ ચંદ રે ॥
જન જૂથ શોભે સહુ પાસ રે, વાંસે ગાવે છે નારી હુલાસ રે ॥૧૮॥
ચારુ ચંદને જન વધાવે રે, જનવૃંદ જય જય ગાવે રે ॥
એમ ફરી શહેરમાં શ્યામ રે, આવ્યાં મંદિર શ્રી ઘનશ્યામ રે ॥૧૯॥
ઉતર્યા રથ થકી શિરતાજ રે, મુક્તમુનિ સંગે મહારાજ રે ॥
નિજજનની પુરીને હામ રે, અલબેલે કર્યો વિશરામ રે ॥૨૦॥
બેઠા ઢોલિયે શ્રી બળવંત રે, સામા બેઠા મરાળ અત્યંત રે ॥
મુક્તાનંદ સ્વામી રામદાસ રે, વ્રજાનંદ સુખાનંદ ખાસ રે ॥૨૧॥
સાધુ બ્રાહ્મણ ને બ્રહ્મચારી રે, બેઠાં ચારે વર્ણના નરનારી રે ॥
દર્શ કરે સહુ જન આવી રે, દિયે સુખ શ્રીહરિ બોલાવી રે ॥૨૨॥
લાવે ફૂલના હાર ફૂલેલ રે, પ્રીત્યે પેરે અંગે અલબેલ રે ॥
શોભા મનોહર મરમાળી રે, જને ભાવથી તેણે નિહાળી રે ॥૨૩॥
રાજી થયાં શ્રીપુર મોઝાર રે, જન જોઈને જગદાધાર રે ॥
ધન્ય ધન્ય કહે સહુ જન રે, પામ્યા પુરુષોત્તમ પ્રસન્ન રે ॥૨૪॥
પછી પરચો થયો સભામાંય રે, તે હું ભાખું હવે હરખાય રે ॥
લખ્યો શાસ્ત્રમાંહિ ઈતિહાસ રે, કહેશે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીનગરમાં શ્રીહરિની સવારીનું વર્ણન એ નામે એકસો ને ત્યાસીમું પ્રકરણમ્ ॥૧૮૩॥

INDEX

પ્રકરણ : ૧૮૪

પૂર્વછાયો :

પછી પ્રેમે શ્રીપુરમાં, અવિનાશીએ ધરી પ્યાર ॥
મુક્તાનંદ મહારાજને, આલી આગન્યા ઉદાર ॥૧॥
કરો કથા ભગવંતની, જેથી જન સહુ હરખાય ॥
વાણી સુધા સમ આપની, સુણવા મન લલચાય ॥૨॥
શાણા જન શ્રીપુરના, બેઠા સભામાંહિ મગન ॥
સાધુ પાળા ને વરણી, બેઠા સદ્‌ગુરુ પરસન ॥૩॥

ચોપાઈ :

ધરી આગન્યા પ્રભુની માથ રે, માંડી ધ્યાન તણી રૂડી ગાથ રે ॥
મુનિ કહે સુણો નરનારી રે, રાખો હરિવર ઉર ધારી રે ॥૪॥
એ છે નિયંતા અંતરજામી રે, સ્વયંપ્રકાશ સહુનાં સ્વામી રે ॥
પોતે પુરુષોત્તમ નારાયણ રે, ભક્તજનનાં ભયહરણ રે ॥૫॥
અનંત કોટિ મુક્તો રહ્યાં લળી રે, બ્રહ્મરૂપ સદા સહુ મળી રે ॥
સર્વકારણ કારણ કૈયે રે, પરબ્રહ્મ પરમેશ્વર લૈયે રે ॥૬॥
નિર્જરેશ દયાળુ દિનેશ રે, મુક્તો નીરખી રહે અનિમેષ રે ॥
પુરુષ પ્રકૃતિ કાળ પ્રધાન રે, તેથી પર છે પોતે મહાન રે ॥૭॥
પ્રકટ્યા મૂર્તિ ધર્મ થકી આજ રે, સંગે લાવિયા મુક્ત સમાજ રે ॥
સૃષ્ટિકર્તા વળી મદહર્તા રે, કર્તા થકા રહ્યાં છે અકર્તા રે ॥૮॥
સર્વજ્ઞાતા શ્રુતિશિરખ્યાતા રે, શરણાગતના છે સુખદાતા રે ॥
દિવ્યાકાર મદનમદહાર રે, વિશ્વાધાર ને પ્રલયકાર રે ॥૯॥
સહજાનંદ સકલ સુખકંદ રે, નખશિખ છે આનંદકંદ રે ॥
અંગે પેર્યા પીતાંબર નાથે રે, મોર મુકુટ ધર્યો છે માથે રે ॥૧૦॥
કમળદળ સમ નેણ દોય રે, શોભે શશી સમ મુખ સોય રે ॥
વાંકી ભ્રકુટિ ને મંદહાસ રે, પ્રસન્ન વદને કરે વિલાસ રે ॥૧૧॥
એમ ધ્યાન ધરી દલમાંય રે, અહોનિશ રહેવું મોદમાંય રે ॥
સુણી વાત સ્વામીની રસાળ રે, જન ચકિત થ્યાં તતકાળ રે ॥૧૨॥
જક્ત વિસ્મૃતિ પામિયા સહુ રે, ગયાં સમાધિયે જન બહુ રે ॥
બેઠા પદ્માસને રાખી પ્રાણ રે, થયાં તન જોઈ લ્યો પાષાણ રે ॥૧૩॥

INDEX

રામ ઉપાસી દેખે શ્રી રામ રે, દેખે કૃષ્ણના કૃષ્ણ અકામ રે ॥
શિવ ઉપાસી દેખે શિવને રે, થયા દર્શન બહુ જીવને રે ॥૧૪॥
સૂર્ય ઉપાસી સૂર્ય નિહાળે રે, મારુતિના મારુતિ ભાળે રે ॥
કોઈ જન દેખે છે ગણેશ રે, વળી દેખે કોઈ મહાશેષ રે ॥૧૫॥
કોઈ દેખે સ્વર્ગ ને કૈલાસ રે, કોઈ ગોલોક વૈકુંઠ વાસ રે ॥
કોયે નરનારાયણ ઋષિ રે, દેખી વિશાલાને થયાં ખુશી રે ॥૧૬॥
કોયે દીઠા પુરુષ અભેવ રે, શ્વેતદીપ મુક્ત વાસુદેવ રે ॥
કોયે દીઠું જેવું નિજ આત્મ રે, વળી એમાં દીઠા પરમાત્મ રે ॥૧૭॥
કોયે દીઠું બ્રહ્મમોલ હેતે રે, દીઠા શ્રીહરિ મુક્ત સમેતે રે ॥
ષટ્ ઉર્મિ ચક્ર ભેદી કોઈ રે, નિજ આત્મ દર્શ કરે સોઈ રે ॥૧૮॥
પછી ધ્યાન થકી સહુ જાગી રે, થાય મુક્તમુનિ અનુરાગી રે ॥
કહે સ્વામી જોયા મેં જીવન રે, કહે આતમ દીઠું પાવન રે ॥૧૯॥
વળી હતાં બીજા ગુણગ્રાહી રે, થયાં જન તે આશ્રિત ત્યાંહિ રે ॥
નાખ્યા શ્રીપુર સ્વામીએ પાયા રે, આજ લગી અચળ જણાયા રે ॥૨૦॥
ઘડ્યા એવાં હરિજન સારા રે, જેને પ્રભુ પ્રાણ થકી પ્યારા રે ॥
હતાં ભૂપ તિયાં રહેનાર રે, બિંદુ નામે ખરા નિરધાર રે ॥૨૧॥
સુણી સ્વામી કેરી શુભ વાત રે, થયો અંતરમાં રળિયાત રે ॥
મ્લાન અંતઃકરણ પામ્યો શુદ્ધ રે, પ્રભુપદ પામી થયો બુદ્ધ રે ॥૨૨॥
મહાસિદ્ધ એવાં મુક્તમુનિ રે, કરે મતિ પ્રબુદ્ધ સહુની રે ॥
કહું છું વાત શાસ્ત્રની સારી રે, નવ ભાખું લેશ અવિચારી રે ॥૨૩॥
જેમ છે તેમ કહ્યું મેં જન રે, સત્ય માનજ્યો મારું વચન રે ॥
થાય ગ્રંથ વિશાળ અપાર રે, તેથી સંક્ષેપે સુણાવ્યો સાર રે ॥૨૪॥
દુષ્ટ દંભી હશે જન જેહ રે, ખોળી ખાંચ્યુ દેખાડશે તેહ રે ॥
સત્યવાદી સુણી હરખાશે રે, કીધું ઘનશ્યામપ્રકાશદાસે રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીનગરમાં સમાધિ કરાવી એ નામે એકસો ને ચોર્યાસીમું પ્રકરણમ્ ॥૧૮૪॥

INDEX

પ્રકરણ : ૧૮૫

પૂર્વછાયો :

શુભમતિ હવે સાંભળો, લીલા લલિત રસાળ ॥
સધાવિયા શ્રીપુરથી, મુક્તાનંદજી મરાળ ॥૧॥
ઘણમૂલે ઘોડે ચડી, સખા સંગે શ્રી ઘનશ્યામ ॥
પ્રેમે ગઢડે પધારિયા, મોદ પમાડ્યા નરવામ ॥૨॥
વિરહ વ્યાધિ દૂર થૈ, નૃપ ઉત્તમને ઉરમાંય ॥
જયા લલિતાદિકને, ઉર આનંદ ન સમાય ॥૩॥

ચોપાઈ :

હવે કહું તે સમાની વાત, સહુ સાંભળજો રળિયાત ॥
થોડે દને આવ્યાં ભલા ભક્ત, જેને જીવમાં ન પેઠું જક્ત ॥૪॥
શહેર શ્રીનગરે વસનાર, દામોદર દલના ઉદાર ॥
હરિ દર્શનની હૈયે હામ, આવ્યાં ઉતાવળે અભિરામ ॥૫॥
અશ્વશાળા ઉત્તમની જયાંય, તેની બાર ઓટો એક ત્યાંય ॥
તે ઉપર્ય બેઠા વનમાળી, દીસે શ્વેત મૂર્તિ મરમાળી ॥૬॥
શ્વેત ગાદી ને તકિયાં શ્વેત, શ્વેત રૂજ પહેર્યા છે સમેત ॥
પ્રભુજી બેઠા પૂર્વાભિમુખ, સંત જન લિયે સહુ સુખ ॥૭॥
ભગુજી રતનજી આદિ પાળા, ઊભા પડખે બંદૂક વાળા ॥
તિયાં આવી રહ્યાં દામોદર, દંડવત્ કર્યા મુદભર ॥૮॥
લાગે પાય ઘણું લળી લળી, પામ્યા અતિશે આનંદ મળી ॥
તેહ સમે વિચારે છે નાથ, ભક્ત ભેટ લાવ્યા કાંઈ હાથ ॥૯॥
તેથી પૂછે પ્રેમે સુખધામા, લાવ્યા શું કાંઈ કરંડિયામાં ॥
સુણી ભક્ત બોલ્યા ધરી પ્યાર, લાવ્યો યંત્ર ઘટિકાનાં ચ્યાર ॥૧૦॥
રૂડી રેતી ભરેલા નિદાન, દિયે ઘડી તણું નિશ્ચે જ્ઞાન ॥
એક કહી મેલ્યા પ્રભુ આગે, દેખી નાથ ઘણું અનુરાગે ॥૧૧॥
થયાં રાજી એવાં હરિરાય, દેવા ભક્તને મોજ ન માંય ॥
અષ્ટકોણ ઉર્ધ્વરેખવાળા, પ્રભુ ચરણારવિંદ સુખાળા ॥૧૨॥
દીધાં ભક્તને છાતીએ છાપી, એવું નાથ રહ્યાં સુખ આપી ॥
પછી તિયાં તેડાવ્યા મરાળ, મુનિ મુક્તાનંદજી દયાળ ॥૧૩॥

INDEX

કહે મુનિ પ્રતિ પરમેશ, ગ્રહો યંત્ર આમાંથી વિશેષ ॥
રાખી યંત્ર રૂડું એક આપ, ધરજો ધ્યાન ને કરજો જાપ ॥૧૪॥
રહે સંત સર્વે તમ સંગે, કરે ધ્યાન તે પણ ઉમંગે ॥
મળી મધ્યાહ્ન કેરે મરાળ, બેસવું ભજને તતકાળ ॥૧૫॥
ઘડી ચ્યાર લગી ધરી પ્યાર, ભાવે ભજવા જગદાધાર ॥
જ્યારે પામે પૂરી ઘડી એક, સંત બોલે પૂરી થઈ એક ॥૧૬॥
એમ ચાર ઘડી પૂરી થાય, ત્યાં લગી બેસવું ધ્યાનમાંય ॥
ત્યાર કેડ્યે પોતાને આસન, સહુ સહુ સધાવે પ્રસન્ન ॥૧૭॥
પણ પૂરી થયાં વિણ ઘડી, બીજે જાવું નહિ ચાળે ચડી ॥
માટે મુજ સમક્ષ નિયમ, ગ્રહો મુનિ સર્વે અવિરમ ॥૧૮॥
વણ કર્યે ખંડિત દિવસ, લેજ્યો નિયમ સંત અવશ્ય ॥
સુણી શ્રવણે શ્રીહરિ વાણ્ય, આવ્યાં મુક્તાનંદજી સુજાણ ॥૧૯॥
નેમ લીધું પ્રભુ પાય લાગી, મહામુનિ પ્રભુ અનુરાગી ॥
ત્યાર કેડ્યે આવ્યાં સંત મળી, લીધાં નિયમ લાલને ળળી ॥૨૦॥
દેખી રાજી થયાં હરિરાય, સહુ સંતને ભેટવા ચહાય ॥
એક એક બોલાવી મરાળ, ભાવે ભેટ્યા ભક્ત પ્રતિપાળ ॥૨૧॥
તૃપ્ત થયાં નહિ તેહ થકી, પછી ચરણ આપ્યા છે નક્કી ॥
મુક્તમુનિ આદિ સહુ સંત, છાતી ચરણ છાપ્યા અત્યંત ॥૨૨॥
મળી મોજ અમૂલખ આજ, ધન્ય થયાં મુનિ મુનિરાજ ॥
પછી વાંસે વધ્યા યંત્ર જેહ, પ્રભુએ દીધાં પાળાને તેહ ॥૨૩॥
વળી દીધાં જયા લલિતાને, અન્ય પણ દીધાં છે દારાને ॥
પછી શ્વેતાંબર પ્રભુરાય, પહેરી ચાંખડી ચરણમાંય ॥૨૪॥
સહુ જનને દર્શન આલી, નિજ નિવાસે પધાર્યા ચાલી ॥
એવી લીલા કરી અવિનાશે, કીધી ઘનશ્યામપ્રકાશદાસે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ધ્યાન કરવા ઘટિકા યંત્ર આપ્યાં એ નામે એકસો ને પંચાસીમું પ્રકરણમ્ ॥૧૮૫॥

INDEX

પ્રકરણ : ૧૮૬

પૂર્વછાયો :

વેદાંતાચાર્ય વ્રતપુરે, મળ્યાં શ્રીહરિને જે રીત્ય ॥
ભાખું વ્રતાંત તેહનું, સાંભળજો સ્નેહ સહિત ॥૧॥
ખ્યાતિ સુણી ગઢપુરમાં, પંડિત આવ્યાં કોઈવાર ॥
તેને ઉતારા આપિયા, જીવાબાપુને દરબાર ॥૨॥
જગદીશે જ્યારે જાણિયું, કોઈ આવ્યાં છે વિદ્વાન ॥
ત્યારે સંત સંગે લઈ, આવ્યાં નીરખવા નિદાન ॥૩॥

ચોપાઈ :

ભરી સભા ભૂધરે તે સ્થાન, આપ્યું વેદાંતાચાર્યને માન ॥
આલી ભેટ ઘણી તેહ ઠામ, હરિહરાચાર્ય એનું નામ ॥૪॥
પછી આચાર્ય ગયા સધાવી, રહ્યાં નડિયાદમાં ઘણું આવી ॥
ત્યાંથી ગયા પોતે શ્રીનગર, તિયાં પણ રહ્યાં મુદભર ॥૫॥
હતાં તે સ્થાનમાં ભેખધારી, તેનાં અંગમાં ઈર્ષ્યા છે ભારી ॥
તેણે આચાર્ય દીધાં ભ્રમાવી, તેથી અંતરે અવિદ્યા આવી ॥૬॥
ભલા ભક્ત ભટ્ટ નથુભાઈ, જે રહે શ્રીનગર સુખદાઈ ॥
કહ્યું તેને ઘણું સ્નેહ સોત્યે, પ્રભુ હોય જો ગઢડે પોત્યે ॥૭॥
આંહિ તેડાવજો ધરી પ્યાર, અમારે તો મળવું અપાર ॥
પંડે છે તે કેવા વિદ્વાન, તેનું થાય મુને પણ ભાન ॥૮॥
પછી લખ્યું છે કાગળમાંઈ, આવો ચર્ચા કરવા તમે આંઈ ॥
કરો મત તમારો પ્રમાણ, એમ પહોંચાડ્યું છે લખાણ ॥૯॥
પછી વિપ્ર તેડાવી જરૂર, પત્ર દેવા મેલ્યો ગઢપુર ॥
મળ્યો દીનાનાથને કાગળ, વાંચી થયાં ઉદાસ તે પળ ॥૧૦॥
કર્યાં સખાને તૈયાર વાલે, પોતે વેગે ચાલ્યાં વરતાલે ॥
સમો જોઈ ત્યાં જગદાધારે, મુક્તમુનિને કહ્યું તે વારે ॥૧૧॥
જઈ શ્રીનગર સ્વામી હાલ, આચારજ લાવો વરતાલ ॥
એમ કહી મેલ્યા ચાર પાળા, સ્વામી સંગે તે બંદૂકવાળા ॥૧૨॥
વળી દીધાં છે પાંચ મરાળ, સહુ તૈયાર થ્યાં તતકાળ ॥
આણી રથ રૂડો શ્વેત તિયાં, મુક્તમુનિ એમાં બેસાડિયા ॥૧૩॥

INDEX

આવ્યાં શ્રીનગર શહેર સહુ, તિયાં મળ્યાં ભક્તજન બહુ ॥
મળી વેદાંતાચાર્યને પોતે, સમાચાર દીધાં સ્નેહ સોતે ॥૧૪॥
પ્રભુએ આંહિ મેલ્યા અમોને, વરતાલે તેડાવ્યા તમોને ॥
માટે ચાલો હવે મુજ સાથ, વાટુ જુવે ત્યાં આપની નાથ ॥૧૫॥
એમ ઘણું ઘણું સમજાવ્યું, પણ આચાર્યને નવ ફાવ્યું ॥
ભેખધારીએ કાન ભંભેરી, મતિ નાખી'તી અવળી ફેરી ॥૧૬॥
એથી આચાર્ય આળસી ગયાં, મુક્તાનંદજી નિરાશ થયાં ॥
ઘણું સમજાવ્યા કહી એમ, તો પછી તમે તેડાવ્યા કેમ ॥૧૭॥
સુણી આવી શરમ એ વારે, મુનિ સંગાથે ચાલ્યાં સવારે ॥
આવી રહ્યાં ડભાણમાં રાત, રહી રાત ચાલ્યાં રળિયાત ॥૧૮॥
તિયાં થકી બામરોલી ગયાં, પછી વરતાલે આવી રહ્યાં ॥
કર્યું સામૈયું સ્વાગત માટે, હાર પહેરાવી બેસાર્યા પાટે ॥૧૯॥
સરભરા કરી બહુ વિધિ, સભા ભરાવી ચરચા કીધી ॥
અવિનાશી બોલ્યા એહ સમે, તમો પૂછો કાં પૂછીએ અમે ॥૨૦॥
ત્યારે બોલ્યા આચારજ બહુ, જાણું છું વેદ પુરાણ બહુ ॥
નથી અણું અજાણ્યું અમારે, સુણી બોલ્યા પ્રભુ તેહ વારે ॥૨૧॥
મહાવાક્ય જે વેદના બાર, અર્થ ઈતિ સમજાવો સાર ॥
તિયાં વાળ્યા આચારજે ગોટા, દીધા ઉત્તર તે પડ્યાં ખોટા ॥૨૨॥
વળી વેદ ઉત્પત્તિની રીત, પૂછી પરમેશ્વરે ખચિત ॥
સુણી એની મૂંઝાણી છે મતિ, કુમતિ થઈ પળમાં છતી ॥૨૩॥
પોતે ભણ્યા'તા વેદ પુરાણ, તોય આપી શક્યા ન પ્રમાણ ॥
રોક્યા પ્રભુજીએ ત્રણ દન, બસ્સે રૂપૈયા દીધાં પ્રસન્ન ॥૨૪॥
કીધાં વિદાય રાજી કરીને, તોય કર્યો વિરોધ ફરીને ॥
પ્રતિશોધ તણી રાખી આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વેદાંતાચાર્ય વરતાલ આવ્યાં એ નામે એકસો ને છ્યાસીમું પ્રકરણમ્ ॥૧૮૬॥

INDEX

પ્રકરણ : ૧૮૭

પૂર્વછાયો :

પછી પ્રભુજી પધારિયા, વિચરતા ગઢડે ગામ ॥
દાસ દેશપ્રદેશના, કૈંક કીધાં પૂરણકામ ॥૧॥
રહી ગોવિંદ ગઢડે, ઉચ્છવ કરે અમાપ ॥
દુઃખિયા જીવ સુખિયા થયાં, પ્રભુ પ્રકટને પ્રતાપ ॥૨॥
પછી સુંદર શ્રાવણે, આવી છે જન્માષ્ટમી ॥
હેતે હરિજન તેડિયા, કોઈ વાતે નવ રાખી કમી ॥૩॥

ચોપાઈ :

શુભ સંવત અઢારસો વર્ષે, બીજા પૂરાં પંચોતેર હર્ષે ॥
કર્યો ઉત્સવ અતિ આનંદે, સુખ લીધું સહુ જન વૃંદે ॥૪॥
આવ્યાં છે ગામોગામથી દાસ, તેણે નીરખિયા અવિનાશ ॥
પંચાજીરી પ્રસાદી પાવન, લીધી નરનારીએ પ્રસન્ન ॥૫॥
અતિ અઢળ ઢળ્યા અવિનાશી, શ્યામ સુંદરવર સુખરાશી ॥
જોઈ જન થયાં છે મગન, એમ વીત્યો અષ્ટમીનો દન ॥૬॥
કર્યો ઉત્સવ પૂરો મહારાજે, જનને સુખ આપવા કાજે ॥
આવ્યાં સંત હરિવર પાસે, મળ્યા હેત કરીને હુલાસે ॥૭॥
પછી અલબેલે આગન્યા કીધી, સર્વે સંતને શીખ જ દીધી ॥
રહેજ્યો ભણનારા સંત તમામ, મુક્તમુનિ સંગે અભિરામ ॥૮॥
નિત્યાનંદ ને ચૈતન્યાનંદ, તમે પણ સધાવો સુખકંદ ॥
મુક્તાનંદની આગન્યામાંય, રહેજ્યો સંત સહુ સુખદાય ॥૯॥
એમ કહી ભેટ્યા ભગવાન, પછી સંત ચાલ્યાં નિરમાન ॥
આવી રહ્યાં બોટાદ મરાળ, સહુ જનની લીધી સંભાળ ॥૧૦॥
ત્યાર પછી વડોદરા વિશે, ઉત્પાત વાધ્યો છે અતિશે ॥
મતપંથી મહંત વિદ્વાન, ભૂલ્યા સત્ય અસત્યનું ભાન ॥૧૧॥
ભેળા કરી જન ભરમાવ્યા, ફેલ ફતૂરમાંહિ ફસાવ્યા ॥
કહે આ તો સંપ્રદાય ખોટો, એને થાવા દૈયે નવ મોટો ॥૧૨॥
વળી વડોદરાનો દીવાન, તેનાં પણ ભંભેર્યા છે કાન ॥
તેથી તેણે ધર્યો દલ દ્વેષ, પાછું વાળી જોયું નવ લેશ ॥૧૩॥

હતો હરિહરાચાર્ય હાર્યો, તેહ પણ રહ્યો નહિ વાર્યો ॥
મુખે બકી એણે બહુ ગાળ્યું, જન મન દ્વેષે બહુ બાળ્યું ॥૧૪॥
હતો વિદ્યા ભણેલ અમાપ, પણ મિથ્યા કરતો પ્રલાપ ॥
શાસ્ત્રવિધિ જાણે નવ કાંય, ફરે ફૂલ્યો ફોગટ મનમાંય ॥૧૫॥
એમ સુણી શ્રવણે નિદાન, દુઃખી થયાં ઘણું ભગવાન ॥
પછી કરવા એનો ઉપાય, ધાર્યું નાથે એવું મનમાંય ॥૧૬॥
લખી કાગળ મેલ્યો બોટાદ, મુક્તાનંદજીને કરી યાદ ॥
પત્રમાંહિ લખ્યું રૂડી પેર, સ્વામી જાજયો વડોદરે શહેર ॥૧૭॥
વડા વેદાંતાચારજ આવી, તિયાં રહ્યાં વિષમતા લાવી ॥
એ તો ભણ્યાં છે શાસ્ત્ર અપાર, પણ વિવેક નહિ લગાર ॥૧૮॥
આપ આવ્યાં છો વટપત્તન, એવું સાંભળશે જેહ દન ॥
ઘણું ડરી રહેશે મનમાંય, નહિ ચાલે પછી એનું કાંય ॥૧૯॥
વળી લખે છે દીનદયાળ, બીજા રહ્યાં જે સંગે મરાળ ॥
બ્રહ્માનંદ નિત્યાનંદ સ્વામી, સંગે ચૈતન્યાનંદ અકામી ॥૨૦॥
જાજયો જેતલપુર મોઝાર, એમ આપી આગન્યા તે વાર ॥
ભણજો ગ્રંથ સિદ્ધાંતના તમે, એમાં રાજી છૈયે ઘણું અમે ॥૨૧॥
કરશું દિવાળી ઉત્સવ જિયાં, લેશું તેડાવી તમને તિયાં ॥
એમ લખ્યું પત્રમાંહિ નાથે, સુણી ચડાવ્યો મુનિએ માથે ॥૨૨॥
બ્રહ્માનંદ આદિ સંત સાર, ચાલ્યાં જેતલપુર મોઝાર ॥
મુક્તાનંદજી મંડળ સંગે, ચાલ્યાં વડોદરે ઉછરંગે ॥૨૩॥
એમ કરતાં કલાલી ગામ, આવી રહ્યાં સંત અભિરામ ॥
ભાળી ભક્તનો ભાવ ભરપૂર, ભક્ત રાજી કર્યાં છે જરૂર ॥૨૪॥
દન પાંચ રહી તેહ સ્થાન, ચાલ્યાં ત્યાં થકી સુખનિધાન ॥
કર્યો વડોદરાએ નિવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિને વડોદરા મોકલ્યા એ નામે એકસો ને સત્યાસીમું પ્રકરણમ્ ॥૧૮૭॥

INDEX

પ્રકરણ : ૧૮૮

પૂર્વછાયો :

પ્રેમ થકી પધારિયા, વડોદરે મુનિમુક્ત ॥
સુણી હરિજન સૌ થયાં, અતિશય પ્રેમે જુક્ત ॥૧॥
હવે નથી દુઃખ દલમાં, કે કોઈનો ડર લેશ ॥
શરણ પામ્યા સમર્થનું, જેના હૃદે રહ્યાં પરમેશ ॥૨॥
જેને સિંહનો આશરો, તે બીવે શું શિયાળથી ॥
એમ સહુ હરિજનને, હવે ડર મન રહ્યો નથી ॥૩॥

ચોપાઈ :

કલાલીથી કરુણાનિધાન રે, આવ્યાં વડોદરામાં નિદાન રે ॥
સુણી દોડી આવ્યાં નરનાર રે, હરખ વાધ્યો સહુને અપાર રે ॥૪॥
કહે સ્વામી આવ્યાં આજ ઘેર રે, સજી સામૈયા લાવો સુપેર રે ॥
બહુ દન જોઈ રહ્યાં વાટ રે, સ્વામી મળ્યે ટળ્યા છે ઉચાટ રે ॥૫॥
પછી રથ લાવ્યા શણગારી રે, સર્વે કીધી સામૈયે તૈયારી રે ॥
દ્રવ્ય સુગંધી સરવે સાજ રે, આણ્યો એ સમે પૂજવા કાજ રે ॥૬॥
પછી રથ આરુઢ થયા સ્વામી રે, જોઈ જન રહ્યાં શીશ નામી રે ॥
રથ ફરતે શોભે છે મરાળ રે, પછી સહુ ચાલ્યાં તતકાળ રે ॥૭॥
હરિજનને મોદ ન માંય રે, મુખે ધૂન્ય તાળી દઈ ગાય રે ॥
ઝાંઝ મૃદંગ બજાવે બહુ રે, રાજબજારે ચાલ્યાં છે સહુ રે ॥૮॥
વહેતી વાત થઈ પુરમાંય રે, આવ્યાં મુક્તમુનિ સુખદાય રે ॥
તેને નીરખવા પુરવાસી રે, આવ્યાં સહુ મળીને હુલાસી રે ॥૯॥
જેમ વ્યોમે વિમાનની હાર રે, એમ ઊંચા ચડ્યા નરનાર રે ॥
હાથ જોડી બોલે મુખે જન રે, સ્વામી મુક્તાનંદ ધન્ય ધન્ય રે ॥૧૦॥
પછી લાવ્યા'છે હાર અપાર રે, વટપુરવાસી કરી પ્યાર રે ॥
તે તો પહેરાવિયા ઘણું પ્રીત્યે રે, મહામુનિને વિધિ સહિત્યે રે ॥૧૧॥
એમ કરતાં સવારી સુંદર રે, પછી પૂરણ થઈ મુદભર રે ॥
શહેર થકી આથમણી દિશે રે, એક જાયગા રૂડી અતિશે રે ॥૧૨॥
તિયાં આવી ઉતરિયા સ્વામી રે, સંગે આવ્યાં સંત અનુગામી રે ॥
હરખ્યા જન મન અતિ ઘણું રે, હવે શોક રહ્યો નહિ અણું રે ॥૧૩॥

INDEX

જય જય બોલ્યા સહુ દાસ રે, હુવો હરિજનને હુલાસ રે ॥
પછી જન લાવ્યા છે મીઠાઈ રે, રાખી સેવામાં ખામી ન કાંઈ રે ॥૧૪॥
નિત નિત રસોયું નવીન રે, જન દિયે ઘણું થઈ દીન રે ॥
તેહ જમે છે સંત પ્રસન્ન રે, નયણા ભરીને નીરખે જન રે ॥૧૫॥
વળી શહેર થકી ચહુદિશ રે, ગામોગામ રહ્યાં'તા મુનીશ રે ॥
તેહ સુણી સમાચાર સારા રે, આવ્યાં સ્વામી પાસે પરબારા રે ॥૧૬॥
દર્શ કરી અતિ સુખકારી રે, થયાં હૈયે મુદિત અપારી રે ॥
પછી જામ્યો સતસંગ બહુ રે, નિત આવે નરનારી સહુ રે ॥૧૭॥
થાય ધૂન્ય કથા કીરતન રે, તેથી રહે છે જન મગન રે ॥
પ્રભુ વિનાની વાત લગાર રે, કોઈ કહેતાં નહિ નિરધાર રે ॥૧૮॥
જાણ્યું માહાત્મ્ય મોહન તણું રે, જાણ્યું સંત કેરું પણ ઘણું રે ॥
પછી જન બીજા પુરવાસી રે, તેને ભક્ત કહે છે હુલાસી રે ॥૧૯॥
સાચા સંત ઓળખી અવલ રે, કરો સંગ તેનો નિરમલ રે ॥
નહિ મળે આવા સંત બીજે રે, તેને સેવ્યા થકી પ્રભુ રીજે રે ॥૨૦॥
રાખે બ્રહ્મચર્ય અષ્ટ અંગ રે, અતિ તજે ત્રિયાનો પ્રસંગ રે ॥
ધન રાખે રખાવે ન લેશ રે, રહે દ્રવ્યથી દૂર વિશેષ રે ॥૨૧॥
સ્વાદ રહિત જમે છે અન્ન રે, કેફી દ્રવ્ય ન પીવે કોઈ દન રે ॥
મિથ્યા ન કરે મુખ પ્રલાપ રે, આહું જામ જપે હરિ જાપ રે ॥૨૨॥
દમે દેહ ઇન્દ્રિય અપાર રે, ચળે નિયમ થકી ન લગાર રે ॥
વર્તે સરળ ચિત્ત સુજાણ રે, એમ સંતની પાડી પ્રીછાણ રે ॥૨૩॥
સુણી વાત હરિજન તણી રે, પામ્યા શુદ્ધ મતિ જન ઘણી રે ॥
સાચા સંત ઓળખિયા સહુ રે, મિથ્યા પણ જાણ્યા પછી બહુ રે ॥૨૪॥
દ્વેષી દલ હતાં એહ સ્થાન રે, અંગોઅંગ ભરેલા ગુમાન રે ॥
તેને ઉપજ્યો દલમાં ત્રાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સાચા સંતના લક્ષણ કહ્યાં એ નામે એકસો ને અઠ્યાસીમું પ્રકરણમ્ ॥૧૮૮॥

પ્રકરણ : ૧૮૯

પૂર્વછાયો :

મહામુનિ મુક્તાનંદજી, જયારે આવિયાં વટપુરમાં ॥
ખબર થાતા ખળને, દાજી ઊઠ્યા ઘણું દલમાં ॥૧॥
માંહોમાંહિ સહુ મળિયા, કરે મનસુબો મનમાંય ॥
મૂળ થકી ઉખેડવો, ઉદ્ધવીય સંપ્રદાય ॥૨॥
મૂછ મરડે કાંડા કરડે, ખડગ ખાંડા હાથ ॥
ભેખધારી સહુ આવિયાં, ભોળાને ભીડવા બાથ ॥૩॥

ચોપાઈ :

હતાં દનુજ દશ સહસ્ત્રા, ધારી રાખ્યા છે હાથમાં શસ્ત્રા ॥
ભૂંડી ભાખે મુખ થકી ગાળ્ય, જમ જેવા ભાસે વિકરાળ ॥૪॥
પીતા ગાંજો ને ભાંગ્ય અવશ્ય, ભેખ ભેળા થઈ મણ દશ ॥
ક્રોધમાંહિ રહેતા મગરૂર, પંડે ચોળે ભભૂતિ જરૂર ॥૫॥
જે જે રહ્યાં વડોદરે ભેખ, તેની થાતી ઘણી દેખરેખ ॥
શાહુકાર તથા સરકાર, દોય કરતાં તેની દરકાર ॥૬॥
તેહ સમે બીજા ભેખ વળી, આવી રહ્યાં વડોદરે મળી ॥
બીજા પણ પંથના જે સંત, સંગે આવ્યાં છે અન્ય મહંત ॥૭॥
એમાં વડો વીસનગર કેરો, થયો મહંત મુખ્ય ઘણેરો ॥
સૌને શ્રીહરિ ઉપર રીસ, એવામાં આવ્યાં મુક્તમુનીશ ॥૮॥
તેનો સાંભળી જશ નિદાન, ભેખ ભેળા થયાં એક સ્થાન ॥
કહે સ્વામીનો ધર્મ છે ખોટો, બખેડો એણે આદર્યો મોટો ॥૯॥
માટે મૂળ થકી તે મિટાવો, નહિ મળે ફરી આવો લાવો ॥
આવીને વસ્યા છે પુરમાંય, મોટા મુક્તાનંદ જે કહેવાય ॥૧૦॥
થઈ ભેળા ભેખ સહુ આજ, અંત આણી કરો તેનું કાજ ॥
સરકારને જઈ સમજાવો, રાજ્યની હદ પાર કરાવો ॥૧૧॥
કરવી રાય પાસે જઈ રાવ, સભા ભરવા દિયે ઠરાવ ॥
પછી સભામાંહિ પૂછી સહુ, કરશું ઉઘાડું અસત્ય બહુ ॥૧૨॥
આપણામાં છે મોટા પંડિત, થાશે અવશ્ય આપણી જીત ॥
માટે સભામાં બોલાવો એને, પ્રશ્ન પૂછી હરાવી દો તેને ॥૧૩॥

INDEX

પણ જાણી લેજ્યો મનમાંય, પૂછવું નહિ શાસ્ત્રાનું કાંય ॥
મુક્તાનંદ જે જગપ્રસિદ્ધ, સર્વે શાસ્ત્ર જાણે ભલી વિધ ॥૧૪॥
મહા સમર્થ મહા વિદ્વાન, શ્રુતિ સ્મૃતિ તણું તેને જ્ઞાન ॥
પુરાણે છે પંડિત પ્રવીણ, વેણ બોલે ન પ્રમાણ વિણ ॥૧૫॥
પ્રશ્ન પૂછે કઠણ પંડિત, તેનાં દે છે ઉત્તર ઉચિત ॥
સુણી શાસ્ત્રા માન્ય તે વચન, થાય પંડિત સહુ પ્રસન્ન ॥૧૬॥
એવા મુક્તમુનિ છે વિદ્વાન, જાણે શાસ્ત્રા રહસ્ય મહાન ॥
માટે ભૂલ્યે મ પૂછજ્યો એવું, જે લખ્યું હોય શાસ્ત્રમાં જેવું ॥૧૭॥
માટે પૂછવું પુરાણ બારું, એટલું માનજ્યો સહુ મારું ॥
એમ કહીને સહુ સિધાવ્યા, સયાજી પાસે દનુજ આવ્યાં ॥૧૮॥
કહ્યું સભા બોલાવો નરેશ, વાદ કરી જીતીશું વિશેષ ॥
તેહ સુણી બોલ્યા મહિપાળ, આપ દીસો છો બુદ્ધિએ બાળ ॥૧૯॥
હોય એવો જો વટ તમારો, વાદમાંહિ વિદ્વાન ઉતારો ॥
ભાઉ પુરાણી તટસ્થ રહેશે, ખરું ખોટું જણાવી તે કહેશે ॥૨૦॥
કરો સંવાદ જે શાસ્ત્રા રીતિ, નહિ ચાલે જરાય અનીતિ ॥
જૂઠો કરશો ઝઘડો તમે, બંધ કરશું આજીવિકા અમે ॥૨૧॥
એવો હુકમ કઠણ કીધો, સભા ભરવા ઠરાવ દીધો ॥
દીધો ઢંઢેરો પુરમાં આમ, સુણો ભેખ પંડિત તમામ ॥૨૨॥
પંથ પ્રભુએ ચલાવ્યો એમાં, હોય શંકા કુશંકા જો તેમાં ॥
થાશે ખુલાસો સર્વ પ્રકારે, સભા સજી એવી સરકારે ॥૨૩॥
શાસ્ત્રા પ્રમાણ સંવાદ થાશે, પંડિતોથી પ્રવેશ કરાશે ॥
લાવે શસ્ત્રા જો કોઈ પ્રકાર, તેને બાંધી દેશે સરકાર ॥૨૪॥
નહિ સુણે પછી કેની રાવ, એમ જાહેર કર્યો ઠરાવ ॥
થઈ પુરમાં વાત પ્રસિદ્ધિ, ઘનશ્યામપ્રકાશે તે કીધી ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શાસ્ત્રાર્થ કરવાનો ઠરાવ કર્યો એ નામે એકસો ને નેવ્યાસીમું પ્રકરણમ્ ॥૧૮૯॥

પ્રકરણ : ૧૯૦

પૂર્વછાયો :

મુક્તાનંદ મહારાજને, કરી સયાજીરાવે જાણ ॥
વિઠુબાના મંદિરમાં, કરજો મત તમારો પ્રમાણ ॥૧॥
ભેખ મળી સહુ આવશે, પ્રશ્ન પૂછવા કાજ ॥
મધ્યસ્થ રહેશે વાદમાં, ભાઉ પુરાણી મહારાજ ॥૨॥
સ્વધર્મ સાચવું આપનો, એવો આશય મારે ઉર ॥
સત્ય પક્ષ લેશું અમે, નહિ થાય અન્યાય જરૂર ॥૩॥

ચોપાઈ :

ષટ્ શાસ્ત્રા પુરાણ અઢાર, ઉપનિષદ્ વેદ વળી ચાર ॥
એહ આદિક શાસ્ત્રા અનેક, એમાં અજાણ્યું રહે ન એક ॥૪॥
જેમ હોય હથેળીમાં જળ, તેમ શાસ્ત્રાના શ્લોક સકળ ॥
નજરે નિહાળે મહામુનિ, તોય માને દયા એ પ્રભુની ॥૫॥
પછી ભેખે મળીને વિચાર્યું, મુક્તમુનિને મારવા ધાર્યું ॥
પહેલો અંત આણીએ જો એનો, કેડ્યે ત્રાસ રહે નહિ કેનો ॥૬॥
વીસનગર તણો મહંત, જેને મનમાં વેર અત્યંત ॥
ભેખનો કરી ભેળો સમાજ, આવ્યો મુનિને મળવા કાજ ॥૭॥
મુક્તમુનિએ આદર દીધો, આપી આસન વિવેક કીધો ॥
ભેખ ધરી ભજે પ્રભુ જેહ, અલ્પ પુણ્યે ન પમાય તેહ ॥૮॥
અતિ દયા કરી મુજ માથ, એમ કહીને જોડિયા હાથ ॥
સુણી ભેખ બોલ્યો કરી ક્રોધ, અમારે છે તમારો વિરોધ ॥૯॥
રક્ત નેણ કરી દુઃખ દેણ, કીધાં કટાક્ષમાં કટુ વેણ ॥
સુણી મુનિ બોલ્યા નવ કાંય, ધૈર્ય ધરી રહ્યાં મનમાંય ॥૧૦॥
હતાં હાજર ત્યાં પુરજન, તે તો કરી શક્યા ન સહન ॥
સહુએ વાર્યો તે દુષ્ટને ઘણો, રાખી પક્ષ મુક્તમુનિ તણો ॥૧૧॥
કહે આ તો છે નિર્માની બહુ, તમે તો અડબંગી છો સહુ ॥
જાણતા અમે તમને સંત, પણ આપ છો દુષ્ટ અત્યંત ॥૧૨॥
સુણી બોલિયા ભેખ તે સમે, તમ થકી ડરતા નથી અમે ॥
સત્ય ધર્મ તમે તરછોડી, મિથ્યા પંથ વિશે પ્રીત જોડી ॥૧૩॥

નહિ પંથનું પાખંડ ચાલે, તેનો ઉત્તર વાળશું કાલે ॥
ભૂંડા હાલે થશો હદપાર, માટે મેલો તેનો સંગ ઠાર ॥૧૪॥
જે જે કરો છો તેહની સહાય, જ્યારે આવશો સહુ સભામાંય ॥
જો જો નાસી ન જાય આ મુનિ, કહો એમાં બાંહેધરી કુની ॥૧૫॥
કરી હાંકલ હાથ પછાડી, ડારો દીધો અસુરે તે દાડી ॥
પછી ત્યાંથી સધાવિયા સહુ, બૂમરાડ મચાવીને બહુ ॥૧૬॥
દ્રશ્ય જોયું જે જનોએ નેણે, જઈ ભૂપાળને કીધું તેણે ॥
મુક્તમુનિ છે સંત મહાન, ભેખધારીને તો નથી ભાન ॥૧૭॥
સુણી નૃપે એવો ઉતપાત, સોંપ્યા ચાર મોટા ચોકિયાત ॥
એને કરી ભલામણ ખાસ, ભેખનો ન કરો વિશવાસ ॥૧૮॥
કરજો સંતની રક્ષા તમામ, દેજયો પહેરો તમે આહું જામ ॥
એમ કહી મેલ્યા મુનિ પાસ, દુષ્ટનો દૂર કરવા ત્રાસ ॥૧૯॥
વળી અંગ્રેજના પ્રતિનિધિ, રહેતા વિપ્ર એક ભલીવિધિ ॥
ધાકજીભાઈ તેહનું નામ, કરતાં વહીવટ પોતે તમામ ॥૨૦॥
તેને પુરવાસી થકી વાત, સુણી મુક્તાનંદની સાક્ષાત ॥
પછી મેલ્યા સિપાઈ ત્યાં ચાર, લેવા સ્વામીની સરવે સાર ॥૨૧॥
એમ રક્ષણ મળ્યું અપાર, બેઉ પક્ષ થકી નિરધાર ॥
ભેખ ભૂલ્યથી જાતાં ન કોઈ, જાતાં તે પાછા વળતા સોઈ ॥૨૨॥
વળી વિચરે સંત મંડળી, આસપાસ ગામે સહુ મળી ॥
આવ્યાં સભા સુણી વટપુર, થયાં શાસ્ત્રાર્થ જોવા આતુર ॥૨૩॥
વળી વાકળ કાનમ કેરા, હરિજન આવ્યાં છે ઘણેરા ॥
હૈયે હર્ષ કેને નથી માતો, માંહોમાંહિ કરે સહુ વાતો ॥૨૪॥
રાખી પ્રભુ પ્રકટનો સંગ, હરિજન રહ્યાં છે અભંગ ॥
તેને દુષ્ટ દિયે શુંયે ત્રાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વડોદરામાં ભેખધારી મુક્તમુનિને મળવા આવ્યાં એ નામે એકસો ને નેવુંમું પ્રકરણમ્ ॥૧૯૦॥

INDEX

પ્રકરણ : ૧૯૧

પૂર્વછાયો :

નિશા મંડાણી મેઘલી, ને આવ્યાં શ્રી મહારાજ ॥
દયા કરી દર્શન દીધાં, કોડ પૂરાં કરવા કાજ ॥૧॥
મહામુનિ મુક્તાનંદને, કહે પ્રીત્યે શ્રી પરમેશ ॥
હૈયે હિંમત ધારજયો, ચિંતા કરશો ન લેશ ॥૨॥
ધાર્યું અમારું થાય છે, અન્ય થકી ન થાય જરાય ॥
માટે મૂંઝવણ અળગી, કરી રહેજયો મનમાંય ॥૩॥

ચોપાઈ :

આવે સમૂહ મળી શિયાળ, તોય ડરે ન કેસરી બાળ ॥
એમ હૈયામાં હિંમત આલી, મહાપ્રભુજી નિસર્યા ચાલી ॥૪॥
થયાં અદ્રશ્ય શ્રી પ્રભુરાય, ઉર સ્વામીને હર્ષ ન માંય ॥
પડ્યું સુંદર સારું પ્રભાત, કહું ત્યાર પછીની હું વાત ॥૫॥
થયો અરુણ ઉદિત જયાંય, સભાની થઈ તૈયારી ત્યાંય ॥
મુક્તમુનિને તેડવા આવ્યાં, મુનિ સંતો સહિત સિધાવ્યા ॥૬॥
સતસંગી ચાલે સહુ પાસ, સિપાઈ ઘણું રાખે તપાસ ॥
જ્યારે ભેળા ચાલે કોઈ ભેખ, બાર્ય કાઢી રાખે દેખરેખ ॥૭॥
રાજબજારે આવે છે સ્વામી, નરનારી ઊભા શીશ નામી ॥
પછી મુક્તમુનિ આણી હેત, ગાય કીર્તન સંત સમેત ॥૮॥
વાલા રમઝમ કરતાં આવો, હરિ હેતે હસીને બોલાવો ॥
કરજો પૂરણ કોડ અમારા, કહેતાં આંસુની વરખી ધારા ॥૯॥
હરિજન ઝીલે પદ હુલસી, જાણે મૂરતિ અંતરમાં વસી ॥
એમ કીર્તન બોલતા જાતાં, સહુ ઝીલણિયા પદ ગાતાં ॥૧૦॥
એમાં સ્વામીને મારવા માટે, મોટા ભેખ આવ્યાં આડા વાટે ॥
માંડવી ચોકમાં નહિ માંય, એટલાં આવ્યાં ભેખ ભરાય ॥૧૧॥
કેને ગ્રહી છે સમશા હાથ, કેને અસિ છે પોતાની સાથ ॥
નશામાંહિ થઈ ગરકાવ, પટ્ટાબાજી ખેલે કરી દાવ ॥૧૨॥
તે જોઈ નૃપની ધીર છૂટી, આ તો પડશે હાલ વછૂટી ॥
શહેર લૂંટશે બળમાં બહુ, પળમાં દુઃખિયા થશે સહુ ॥૧૩॥

INDEX

ત્યાં તો ખબર થાતાં સહેજ, આવ્યાં ટોપીવાળા અંગરેજ ॥
પાકી પલટણ કરી તૈયાર, તોપ ફોડી કર્યો લલકાર ॥૧૪॥
ચારે દરવાજે મૂકાવી તોપ, ટોપીવાળાએ મચાવ્યો કોપ ॥
કીધાં કબજે ભેખ ધરાર, કેનું ચાલ્યું નહિ કોઈવાર ॥૧૫॥
શસ્ત્રધારીને પકડી લીધાં, રાજ બજારમાં બંદી કીધાં ॥
સિંહ આગે થાય શ્વાન દીન, તેમ ભેખ થયાં બળહીન ॥૧૬॥
મદ ઉતર્યો એનો વિશેષ, જોર ચાલ્યું નહિ લવલેશ ॥
પછી આવ્યાં શાહુકાર જ્યારે, થઈ જામીન છોડ્યા એ વારે ॥૧૭॥
સાચાને આંચ આવી ન કોય, જેના પક્ષમાં શ્રીહરિ હોય ॥
રીત્ય સાધુતાની અંગરેજે, દેખી મુક્તાનંદમાં સહેજે ॥૧૮॥
પછી ચાલ્યાં ત્યાંથી સહુ સંત, ગાતા કીર્તન હરખે અત્યંત ॥
નિર્વિઘ્ને સભામાંહિ આવ્યાં, પુરજનોએ પુષ્પે વધાવ્યા ॥૧૯॥
કર્યાં દેવનાં દર્શન આવી, બેઠા સભામાં શીશ નમાવી ॥
પુરજનો પરસ્પર બોલે, ભેખ નાવે આ સંતની તોલે ॥૨૦॥
મુક્તાનંદના પ્રતાપે કરી, મતવાદી ગયાં સહુ ડરી ॥
સભા ભરાવી ભેખ સમાજે, છતાં સભામાં આવ્યાં ન આજે ॥૨૧॥
પછી તેહ સમે ગયાં બાઈ, ગાયકવાડના માત ગણાઈ ॥
તેહ સંતનાં દર્શન કાજ, લાવ્યા પૂજા સામગરી સાજ ॥૨૨॥
સોના થાળ કટોરા ને હાર, કેસરચંદન અત્તર અપાર ॥
દસબાર છે દાસી સંગાથ, કર્યાં દર્શન જોડીને હાથ ॥૨૩॥
મોટો માળ છે મંદિર તણો, તિયાં ગોખ રૂડો શોભે ઘણો ॥
બેઠા રાજમાતા એહ ઠામ, દર્શન કરવા સંત સુખધામ ॥૨૪॥
હવે સાંભળજો દઈ ચિત્ત, કહું સંત પ્રતાપ અમિત ॥
સુણી થાશે અંતરમાં ઉલ્લાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ શાસ્ત્રાર્થ માટે વિઠુબાના મંદિરમાં પધાર્યા એ નામે એકસો ને એકાણુંમું પ્રકરણમ્ ॥૧૯૧॥

INDEX

પ્રકરણ : ૧૯૨

પૂર્વછાયો :

નેણે નીરખી સંતને, થયો માતાને મોદ અપાર ॥
પછી કહે નિજ દાસીને, આવા દીઠા પ્રથમવાર ॥૧॥
તેનાં અંગોઅંગમાં, વસી રહ્યાં ભગવાન ॥
વાણી વિકાર નવ દીસે, નહિ અંતરમાં અજ્ઞાન ॥૨॥
ધન્ય ધન્ય આવા સંતને, પ્રભુ વિણ ન પેખે કાંય ॥
ધન્ય ધન્ય આ જાગ્યને, જ્યાં બેઠા મહામુનિરાય ॥૩॥

ચોપાઈ :

મળે ધન જક્તમાં અપાર, મળે વૈભવ અપરમપાર ॥
મળે ત્રિલોકી રાજ અમાપ, એ તો દાન પુણ્યને પ્રતાપ ॥૪॥
પણ સંત દર્શન વિશેષ, અલ્પ પુણ્યે મળે નહિ લેશ ॥
એમ મહિમા મુખે રાજમાતા, સમજાવી કહે હરખાતાં ॥૫॥
પછી ભેખ હતાં જે ભારાડી, આવ્યાં નહિ સભામાં તે દાડી ॥
આવ્યાં સભામાં ભાઉ પુરાણી, નમ્યા સંતોને પૂજ્ય પ્રમાણી ॥૬॥
મુખ્ય મહંત દીઠો ન જ્યારે, મેલી જાસૂદ બોલાવ્યો ત્યારે ॥
પણ મળ્યાં ન એકે પુરમાં, સર્વે દ્વેષી સંતાયા ડરમાં ॥૭॥
મુખ્ય વીસનગરનો મહંત, લાગ્યો છે તેને ભય અત્યંત ॥
થયાં ઝાડા તેને પંડ ભારે, આવી સંતાણો નદી કિનારે ॥૮॥
ભેખે જઈને ઠપકો દીધો, શીદ સભાનો આરંભ કીધો ॥
તે તો લીધી છે અમારી લાજ, એમ ભાખે છે ભેખ સમાજ ॥૯॥
પછી મનમાં થઈ ઉદાસ, આવ્યાં વેદાંતાચાર્યની પાસ ॥
કહ્યું આવો સભામાંહિ આપ, ઘો દેખાડી તમારો પ્રતાપ ॥૧૦॥
તમ વિના નથી હવે આરો, આવી આફતમાંથી ઉગારો ॥
ત્યારે તેણે કરી આનાકાની, પણ અંતે રહ્યાં વાત માની ॥૧૧॥
મ્યાનો મંગાવી ત્યાં નિરધાર, ચાલ્યાં વેદાંતાચાર્ય એ વાર ॥
ડર વ્યાપી રહ્યો અતિ મન, જવર વાધી રહ્યો ઘણો તન ॥૧૨॥
પહોર રહ્યો છે પાછલો બાકી, ત્યારે આવ્યાં છે આચાર્ય થાકી ॥
ભાઉ પુરાણી બોલ્યા વિશેષ, નથી દૈવત ભેખમાં લેશ ॥૧૩॥

શ્રીહરિના સંપ્રદાય વિશે, મિથ્યા વાદ ચલાવ્યો અતિશે ॥
નહોતી હૈયામાં હિંમત એમ, માંગ્યો સભાનો ઠરાવ કેમ ॥૧૪॥
સુણી બોલિયા આચાર્ય બળે, સભા આદરો હવે આ પળે ॥
વળી કહ્યું છે પુરાણી કને, પહેલા પૂછે મુક્તાનંદ મને ॥૧૫॥
દઉં યથાર્થ ઉત્તર બહુ, પછી પૂછીશ તેને હું સહુ ॥
ત્યાં પુરાણી બોલ્યા રોષ લાવી, નથી સાધુએ સભા બોલાવી ॥૧૬॥
એણે ધર્મ ચલાવ્યો છે શુદ્ધ, તમે ચલાવ્યો વેદ વિરુદ્ધ ॥
તમે રાયને કીધી'તી રાવ, ત્યારે દીધો સભાનો ઠરાવ ॥૧૭॥
હવે પ્રશ્ન પૂછીને આ વાર, કરો ખુલાસો સભા મોઝાર ॥
જો ન પ્રશ્ન પૂછો તમે કાંય, તો દેશું એક તરફી ન્યાય ॥૧૮॥
ભેખને તો છે શસ્ત્રનું જોર, પણ પ્રભુ છે સત્યની કોર ॥
સભા રચાવી મારવા કાજે, અમે જોયું તે નજરે આજે ॥૧૯॥
જેના પક્ષમાં શ્રી પરમેશ, તેને આંચ આવે નહિ લેશ ॥
દોયનું સાંભળી સરકાર, નહિ કરે અન્યાય લગાર ॥૨૦॥
પછી હૈયામાં હિંમત ધારી, લખ્યાં આચાર્યે પ્રશ્ન વિચારી ॥
લખી સોંપ્યા પુરાણીને હાથ, સહુ ભેખને રાખી સંગાથ ॥૨૧॥
હતાં પ્રશ્ન તેનાં બાળબુદ્ધિ, જોતાં જણાણી છે મતિ ઉંધી ॥
પછી પંડે જાણાયું ન ઠીક, પ્રશ્ન પૂછવામાં લાગી બીક ॥૨૨॥
ત્યારે વિષ્ણુદાસ એવે નામે, આવ્યો ભેખધારી સહુ સામે ॥
પ્રશ્ન પૂછીશ હું ભેખ વતી, એમ કહ્યું છે કરી વિનંતી ॥૨૩॥
પછી તેડાવિયા મુક્તાનંદ, સભામાંહિ મહાસુખકંદ ॥
ભાઉ પુરાણીએ ધરી પ્યાર, કર્યું પૂજન પ્રેમે અપાર ॥૨૪॥
શીશ નમાવી કર્યું વંદન, આપ્યું બેસવા ઉચ્ચ આસન ॥
બેઠા મુનિ ત્યાં ધરી હુલાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શાસ્ત્રાર્થનો પ્રારંભ કર્યો એ નામે એકસો ને બાણુંમું પ્રકરણમ્ ॥૧૯૨॥

પ્રકરણ : ૧૯૩

પૂર્વછાયો :

શુભમતિ હવે સાંભળો, શાસ્ત્રાર્થની સહુ વાત ॥
વાદ પ્રતિવાદો થયાં, તે હવે કહું સાક્ષાત ॥૧॥
ભાઉ પુરાણી મધ્યમાં, રહી કરે સાર્થક ન્યાય ॥
ભેખધારી જે જે પૂછે, તે કહે મહામુનિરાય ॥૨॥
તેની વિગતિ વર્ણવું, કહી એકેક પ્રશ્ન પ્રમાણ ॥
નરનારી સહુ નેહથી, તે સાંભળજો સુજાણ ॥૩॥

ચોપાઈ :

જે જે પ્રશ્ન લખાવ્યા કાગળ રે, પૂછ્યા મુક્તાનંદજી આગળ રે ॥
પહેલું પૂછ્યું વિષ્ણુદાસે એમ રે, ભેખ નિંદા કરો તમે કેમ રે ॥૪॥
બીજા મત કાજે છો કુવાડા રે, ભેખ મારગે આવો છો આડા રે ॥
તેનું કારણ શું કહો સ્વામી રે, પૂછું કરજોડી શીશ નામી રે ॥૫॥
સંપ્રદાય વિશે આપ મોટા રે, બીજા બહુ છે આપથી છોટા રે ॥
શ્રેષ્ઠ જ્ઞાન છે આપમાં ઘણું રે, ઉદ્ધવીય સંપ્રદાય તણું રે ॥૬॥
મુખ્ય માને સહજાનંદ તમને રે, એટલું તો જણાયું છે અમને રે ॥
માટે પ્રથમ ઉત્તર દીજે રે, પછી પ્રશ્ન પૂછીશ હું બીજે રે ॥૭॥
સુણી મુક્તમુનિએ જરૂર રે, કર્યાં સંશય સર્વના દૂર રે ॥
હેતે બોલ્યા હિંમત સહિત રે, સુણો ઉત્તર સુજ્ઞ પંડિત રે ॥૮॥
નથી કરતાં નિંદા અમે કેની રે, પણ રીત સુણાવીએ તેની રે ॥
બકહંસ રહે ભેળા દાડી રે, તેની પુરાણે વિગત્ય પાડી રે ॥૯॥
અંગરંગથી તે ન કળાય રે, ચારો ચર્યા થકી પરખાય રે ॥
એમ સંત અસંત સમાન રે, નથી થયાં ન થાશે નિદાન રે ॥૧૦॥
જે જે ભેખધારી છે અસંત રે, તેમાં રહ્યો અધર્મ અત્યંત રે ॥
કૂડ કપટ ને દગા ઘાત રે, એહ વિના અન્ય નહિ વાત રે ॥૧૧॥
રાખે વિત્ત વનિતા જરૂર રે, રહે વ્યસનમાં ભરપૂર રે ॥
તેને શાસ્ત્ર અને લોક સહુ રે, કહે કુમતિ પાખંડી બહુ રે ॥૧૨॥
જ્યારે સંત અમારા ઉદાર રે, ધન ત્રિયા ન રાખે લગાર રે ॥
દામ પોતાનું કરી ન રાખે રે, મુખે ગાળ કેદિ નવ ભાખે રે ॥૧૩॥

INDEX

માટે નિયમ પાળવે કરી રે, એટલી તો વાત સત્ય ઠરી રે ॥
સંત અમારા અસંત કાજ રે, કહ્યાં છે કુવાડા સમ આજ રે ॥૧૪॥
એમાં નિંદા કરી નથી કેની રે, છતી વાત છે જગમાં તેની રે ॥
વળી સાંભળો એક દૃષ્ટાંત રે, સુણી સમજશો પૂરી વાત રે ॥૧૫॥
સમ રેખા દોરી હોય જેમ રે, તે તો નાની મોટી કહો કેમ રે ॥
તેમાં ખેંચી કરો એક લાંબી રે, તેને બીજી શકે નહિ આંબી રે ॥૧૬॥
એમ સંત અસંત વિગતિ રે, જાણો તટસ્થપણે સુમતિ રે ॥
માટે નિંદા કરીએ નહિ લેશ રે, નિમ પાળ્યાથી છૈયે વિશેષ રે ॥૧૭॥
સુણી બોલિયા ભાઉ પુરાણી રે, સત્ય વાત કીધી છે પ્રમાણી રે ॥
જય જય બોલ્યા સહુ જન રે, જયનાદે ગુંજાવ્યું ગગન રે ॥૧૮॥
પ્રશ્ન પ્રથમ ઉત્તર આપ્યો રે, ભેખધારીનો સંશય કાપ્યો રે ॥
પછી વિષ્ણુદાસે કરી પ્યાર રે, પૂછ્યો પ્રશ્ન બીજો નિરધાર રે ॥૧૯॥
જે જે રહ્યાં આપ સંપ્રદાય રે, આશ્રિત ગૃહસ્થ જે કહેવાય રે ॥
તેહ ન જુવે નજરે વામ રે, શીદ નારી તજાવો છો આમ રે ॥૨૦॥
બોલ્યા મુક્તાનંદજી ઉદાર રે, વણ કર્યે લાંબો વિસ્તાર રે ॥
નથી તજાવતા અમે નારી રે, આપ બોલો મિથ્યા અવિચારી રે ॥૨૧॥
આંહિ બેઠા હરિજન બહુ રે, પૂછી જુવો તેને તમે સહુ રે ॥
નથી ત્યજી તેણે નિજ નાર રે, સહુ સુખે રહે છે સંસાર રે ॥૨૨॥
પણ જેને ઉપજે વૈરાગ રે, એજ કરે છે સંસાર ત્યાગ રે ॥
અષ્ટભાતે ત્રિયા તજે એહ રે, વિષય સુખ ઇચ્છે નહિ તેહ રે ॥૨૩॥
જોને ચિત્રકેતુએ કરોડ રે, ત્યજી ત્રિયા મેલી અન્ય કોડ રે ॥
નિજ ઇચ્છા થકી સહુ જન રે, વેષ ગ્રહે ત્યાગી કેરો તન રે ॥૨૪॥
ત્યારે ભળ્યો પુરાણીનો સુર રે, કહે ઉત્તર ઝાલા જરૂર રે ॥
પામ્યા સંશય સહુનાં નાશ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શાસ્ત્રાર્થમાં પ્રથમ બે પ્રશ્નના ઉત્તર કર્યા એ નામે એકસો ને ત્રાણુંમું પ્રકરણમ્ ॥૧૯૩॥

પ્રકરણ : ૧૯૪

પૂર્વછાયો :

જેમ જેમ ઉત્તર થયાં, શાસ્ત્રાર્થ સભામાંય ॥
તેમ જન સહુ હરખ્યા, જય જય શબ્દ ગાય ॥૧॥
મુનિ મુક્તાનંદજી, વ્યાસ સિદ્ધાંત સહિત ॥
હૃદે ધરી હરિ મૂરતિ, ઉત્તર આપે ઉચિત ॥૨॥
પછી પ્રશ્ન પૂછિયા, ભરી ભેખધારીએ હામ ॥
ભાઉ પુરાણી ભાવથી, સાંભળે પ્રશ્ન તમામ ॥૩॥

ચોપાઈ :

પછી ભેખ બોલ્યા પ્રશ્ન ત્રીજો રે, મુનિ તેનો ઉત્તર તમે કીજો રે ॥
તુલસી પત્ર અતિ પાવન રે, તેહ સમ નથી કોઈ અન્ય રે ॥૪॥
તેનું કેમ કરે અપમાન રે, સહજાનંદ જે ભગવાન રે ॥
નિજ ચરણે ચડાવે તુલસી રે, વેદ રીતિ જાણે નહિ કશી રે ॥૫॥
સુણી બોલ્યા મુક્તાનંદ સ્વામી રે, તમારાં જ્ઞાનમાં ઘણી ખામી રે ॥
તુલસી ધરે નહિ પ્રભુ પગે રે, જોઈ જોઈ જોયું અમે દ્રગે રે ॥૬॥
પૂછો વેદાંતાચાર્યને તમે રે, વરતાલ રહ્યાં'તા જે સમે રે ॥
તુલસી ચરણે ધરે પ્રભુરાય રે, નેણે દીઠું એવું તમે ક્યાંય રે ॥૭॥
ત્યારે બોલ્યા આચાર્ય તે વાર રે, નથી દીઠું એવું મેં લગાર રે ॥
આ તો જે જે સાંભળ્યું મેં કાન રે, તમને લખી પૂછાવ્યું નિદાન રે ॥૮॥
સુણી બોલિયા પુરાણી વાણ રે, ઉત્તર થયો મુનિનો પ્રમાણ રે ॥
નથી સંશે રહ્યો એમાં કાંઈ રે, પૂછો પ્રશ્ન ચોથો સભામાંહિ રે ॥૯॥
પછી ભેખધારી કહે તેહ રે, વિપ્ર વસે સંપ્રદાયે જેહ રે ॥
તેને દેવસેવા કરવા કાજે રે, કેમ બંધી કરી મહારાજે રે ॥૧૦॥
કહો તથ્ય તેનું સભામાંય રે, ચાલશે નહિ જૂઠું જરાય રે ॥
બોલ્યા મુક્તાનંદ મોદ લાવી રે, નથી દેવસેવાને તજાવી રે ॥૧૧॥
કરો દ્વિજને ઘેર તપાસ રે, દેવસેવા કરે સહુ દાસ રે ॥
પછી તિયાં બેઠા વિપ્રજન રે, બોલ્યા તે પણ મુખે પ્રસન્ન રે ॥૧૨॥
સેવા કરીએ અમે સહુ નિત્ય રે, વિધવિધ ઉપચાર સહિત રે ॥
પણ તમે સહુ ભેખધારી રે, કેમ પ્રશ્ન પૂછો અવિચારી રે ॥૧૩॥

INDEX

બેઠા મધ્યસ્થ ભાઉ પુરાણી રે, ઉત્તર સાંભળી બોલિયા વાણી રે ॥
કર્યો ઉત્તર આપી વિગતિ રે, નથી એમાં અસત્ય રતિ રે ॥૧૪॥
પછી પંચમ પ્રશ્ન પૂછાવ્યો રે, તે તો અલ્પબુદ્ધિએ લખાવ્યો રે ॥
માથે પહેરે મુગટ શ્રીહરિ રે, કહો એ વાત કેટલી ખરી રે ॥૧૫॥
સુણી બોલ્યા મહામુનિરાય રે, એમાં નથી સંદેહ જરાય રે ॥
એ તો પ્રકટ છે પરમેશ રે, માટે પહેરે મુગટ વિશેષ રે ॥૧૬॥
પોતે પ્રભુ છે પૂરણકામ રે, નિજજનની પૂરે છે હામ રે ॥
પ્રેમી ભક્ત મુગટ કરાવે રે, પછી પ્રભુને શીશ ધરાવે રે ॥૧૭॥
શિરછત્ર શિરોમણિ એને રે, અધિકાર મુગટનો તેને રે ॥
ઉપનિષદે ન ગણ્યો બાધ રે, તમે કેમ ગણ્યો અપરાધ રે ॥૧૮॥
પછી પુરાણીએ અનુરોધ રે, કર્યો એમાં તો નથી વિરોધ રે ॥
પ્રશ્ન પૂછો હવે તમે છેલ્લો રે, જે છે કાગળમાંહિ લખેલો રે ॥૧૯॥
બોલ્યો વિષ્ણુદાસ અવિચારી રે, સહજાનંદ તો છે બ્રહ્મચારી રે ॥
પરદારા સંગે રમી રાસ રે, કેમ કર્યો ધર્મનો વિનાશ રે ॥૨૦॥
ત્યારે કહે મુક્તાનંદ સ્વામી રે, છે એ વાતમાંહિ પણ ખામી રે ॥
રીત્ય સંપ્રદાયની તો જેવી રે, જક્તમાંહિ મળે નહિ એવી રે ॥૨૧॥
હોય દિવાળી આદિક દન રે, ત્યારે મળી હરિ હરિજન રે ॥
ગાય ગરબી તાળી વજાડી રે, દુકડ સરોદ લઈ તે દાડી રે ॥૨૨॥
રમે ગોળાકારે હરિજન રે, તેહ મધ્યે બેસે છે મોહન રે ॥
ભેળા રમે નહિ નરનાર રે, આમાંસામું જુવે ન લગાર રે ॥૨૩॥
એમ રાસ રમ્યા તણી રીત રે, કીધી સત્ય સહુને ઉચિત રે ॥
બોલ્યા ભાઉ પુરાણી ત્યાં આમ રે, ઠર્યા સાચા ઉત્તર તમામ રે ॥૨૪॥
સંપ્રદાય છે વેદ પ્રમાણે રે, લખી દીધો ઠરાવ તે ટાણે રે ॥
હરિજનને હુવો હુલાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ શાસ્ત્રાર્થમાં સર્વે પ્રશ્નોના ઉત્તર આપ્યા એ નામે એકસો ને ચોરાણુંમું પ્રકરણમ્ ॥૧૯૪॥

INDEX

પ્રકરણ : ૧૯૫

પૂર્વછાયો :

મતવાદીનો મૂળથી, કર્યો મુક્તમુનિએ ઉચ્છેદ ॥
ઉત્તર કીધાં શાસ્ત્રના, ખૂલ્યો ભેખધારીનો ભેદ ॥૧॥
મ્લાન થયાં સહુ મનમાં, ગુમાવિયું સ્વમાન ॥
ક્લેશ કર્યો તેને ઘણો, પણ ચાલ્યું નહિ નિદાન ॥૨॥
જય જય જન બોલિયા, આ સત્ય છે સંપ્રદાય ॥
ધન્ય ધન્ય મુક્તાનંદને, જેને સહજાનંદ સહાય ॥૩॥

ચોપાઈ :

રાજમાતા ગયાબાઈ જેહ રે, ઝરૂખામાં બેઠા હતાં એહ રે ॥
ત્યાંથી સુણતાં સ્વામીની વાત રે, થયાં રાજી અતિ રળિયાત રે ॥૪॥
ભાઉ પુરાણીને ઘણું કહાવી રે, પોતે સ્વામીની પૂજા કરાવી રે ॥
કાજુ કુમકુમને કેસર રે, ચંદન ચરચ્યું છે મુદભર રે ॥૫॥
વળી દૂરથી કર્યાં પ્રણામ રે, કહ્યું ભાઉ પુરાણીને આમ રે ॥
આપણા પુરની હદમાંય રે, હોય સ્વામીના આશ્રિત જ્યાંય રે ॥૬॥
તેને ન દુભવે દુરિજન રે, સારી પેઠ્યે કરજયો જતન રે ॥
ઉદ્ધવીય મતના જે સંત રે, તેની સમજણ શ્રેષ્ઠ અત્યંત રે ॥૭॥
સત્ય સંપ્રદાય સ્વામી તણો રે, બીજા ભેખે કર્યો ક્લેશ ઘણો રે ॥
માટે મોક્ષ રહ્યો સંતમાંય રે, અમે ધાર્યું એવું મનમાંય રે ॥૮॥
એમ કહી ચાલ્યાં રાજમાત રે, સહુ જનને સુણાવી વાત રે ॥
મુક્તમુનિને બેસવા કાજ રે, મ્યાનો મેલ્યો કરી ઘણો સાજ રે ॥૯॥
ત્યારે સ્વામી કહે ચાલી આવ્યાં રે, જાશું ચાલી હરખે સધાવ્યા રે ॥
પુંડરીકના મંદિર બહાર રે, સંત નીસરિયા નિરધાર રે ॥૧૦॥
ઊભા રહી ઝરૂખે જરૂર રે, રાય દર્શ કરે ભરપૂર રે ॥
પહોંચ્યા માંડવી ચોક મરાળ રે, તિયાં લગી લીધી છે સંભાળ રે ॥૧૧॥
સ્વામી આવ્યાં'તા કીર્તન ગાતા રે, કર્યો એમ જ ઉચ્છવ જાતાં રે ॥
જાતાં વળતાં પુરના જન રે, સુણી કીર્તન થાય પ્રસન્ન રે ॥૧૨॥
વાટે ઊભા હતાં અધિકારી રે, ફૂલછાબ લઈ બહુ ભારી રે ॥
તેણે સંતને હાર પહેરાવ્યા રે, વળી ફૂલથી હેતે વધાવ્યા રે ॥૧૩॥

INDEX

સ્તુતિ કરી ઘણી ધરી પ્યાર રે, કર્યાં વંદન વારમવાર રે ॥
ત્યાંથી સ્વામી ઉતારે પધાર્યા રે, હરિભક્તને હર્ષ વધાર્યા રે ॥૧૪॥
દીધી સાકર સહુને પ્રસન્ન રે, પછી સિધાવિયા સહુ જન રે ॥
પછી મુક્તાનંદે નિજ હાથે રે, પત્ર લખી મેલ્યો પ્રભુ માથે રે ॥૧૫॥
તખો વખતો જુસાજી જેહ રે, વરતાલથી આવેલ એહ રે ॥
સ્નેહે સોંપી જુસાજીને સેવા રે, મેલ્યા ગઢડે કાગળ દેવા રે ॥૧૬॥
પત્ર પહોંચાડ્યો પાંચમે દન રે, થયાં બહુનામી બહુ પ્રસન્ન રે ॥
ત્રણ વાર મળ્યાં સ્નેહ સોતે રે, દીધો રેંટો પ્રસાદીનો પોતે રે ॥૧૭॥
જુસાજીએ કર્યા છે પ્રણામ રે, સમાચાર આપ્યા છે તમામ રે ॥
તેથી શ્રીહરિ થઈ મુદભર રે, દીધી ખોબા ભરીને સાકર રે ॥૧૮॥
જીવાખાચર ઉત્તમ નૃપ રે, સુણી વધામણી સુખરૂપ રે ॥
કર્યો મુનિએ જયજયકાર રે, તેની સાકર વહેંચી તે વાર રે ॥૧૯॥
ભર સભામાં શ્યામ સુજાણ રે, કરે મુક્તમુનિનાં વખાણ રે ॥
કહે મુક્તાનંદ મહારાજ રે, વિના કોણ કરે આવું કાજ રે ॥૨૦॥
ગુરુપણું શોભાવ્યું એમને રે, તેનો મોદ માતો નથી મને રે ॥
પ્રભુ બોલ્યા પ્રસન્નતા લાવી રે, પણ ઈર્ષ્યા કોઈને આવી રે ॥૨૧॥
ભૂલ્યા વિવેક મનમાં લેશ રે, કહે એમાં શું કર્યું વિશેષ રે ॥
અમે હોત સભામાં એ સમે રે, પંડિતોને હરાવત અમે રે ॥૨૨॥
એમ રાખી પોતાની વડાઈ રે, પણ પ્રભુ બોલ્યા નહિ કાંઈ રે ॥
થયાં ઉદાસ શ્રી પરમેશ રે, પણ કેને જણાવ્યું ન લેશ રે ॥૨૩॥
વાત સઘળી વિસારી દીધી રે, ત્યાંથી રાજીપે વિદાય લીધી રે ॥
અન્નકોટના ઉચ્છવ માટ રે, લીધી દંઢાવ્ય દેશની વાટ રે ॥૨૪॥
સંત વર્ણીને પાર્ષદ સંગે રે, ચાલ્યાં કાઠી સખા ઉછરંગે રે ॥
ત્યાર પછી ચરિત્રવિલાસ રે, ગાશે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગઢડે શાસ્ત્રાર્થ વિજયનો કાગળ લખ્યો એ નામે એકસો ને પંચાણુંમું પ્રકરણમ્ ॥૧૯૫॥

INDEX

પ્રકરણ : ૧૯૬

પૂર્વછાયો :

પછી પ્રભુજી ચાલિયા, ગઢપુરથી લઈ સંઘ ॥
ઝીંઝાવદરે જઈ રહ્યાં, અલૈયાને મળ્યાં અનઘ ॥૧॥
લઈ તેને સંગાથમાં, કારિયાણી પધાર્યા નાથ ॥
વસતા વેલા માતરાને, લીધાં પ્રભુએ સંગાથ ॥૨॥
વળી ત્યાંથી ચાલિયા, આવ્યાં કુંડળમાં જગતાત ॥
મામૈયા પટગીરને, ઘેર રહ્યાં રસિયો રાત ॥૩॥

ચોપાઈ :

પછી મુક્તમુનિને સંભારી, પત્ર લખાવે છે ગિરધારી ॥
તમે ઈશ્વર ઇચ્છાનુસાર, કર્યો વિજય સભા મોઝાર ॥૪॥
મળ્યો તમારો કાગળ ત્યાંથી, વાંચી ચિંતા ટળી ચિત્તમાંથી ॥
રાખી લાજ પ્રભુએ તમારી, નહિ તો ભેખ નખાવત મારી ॥૫॥
હવે દંઢાવ્યમાં અમે જાશું, કરજીસણ ગામ રોકાશું ॥
આદરજે અન્નકૂટ થાશે, ત્યાં આવજો તમે અમ પાસે ॥૬॥
જ્યારે દેખશું મુખ તમારું, ત્યારે આવશે હાસ અમારું ॥
લખ્યો પત્ર એવો મુનિ માથે, દીધો નિષ્કામાનંદને હાથે ॥૭॥
નાથે કરી ભલામણ આમ, સદ્ય જાજ્યો વડોદરે ગામ ॥
જેમ પહોંચે વહેલો કાગળ, તેમ ચાલજો મુનિ મંડળ ॥૮॥
કેને આવે જો કસર તનમાં, તો તેને રાખી સત્સંગી ઘરમાં ॥
એકલા ચાલજો ત્યાંથી શેષ, એમાં તમને બાધ નહિ લેશ ॥૯॥
રાખજ્યો વચને વિશવાસ, તેમાં તમને નહિ લાગે ત્રાસ ॥
એમ કહી પોઢ્યા ભગવંત, અર્ધ નિશાએ ચાલ્યાં છે સંત ॥૧૦॥
સહુ ચાલ્યાં પકડીને વાટ, વહેલું જાવા વડોદરા માટ ॥
ઊઠ્યા પ્રભુજી પ્રભાતકાળ, થઈ રસોઈ જમ્યા દયાળ ॥૧૧॥
સખા જમાડ્યા શ્યામ સુજાણે, પછી સિધાવ્યા સુંદરિયાણે ॥
તિયાં વનાશાનું કરી કામ, આવ્યાં લીંબડીએ સુખધામ ॥૧૨॥
ત્યાંથી ભલગામડા શિયાણી, દેવળિયા દદુકા વખાણી ॥
ચાલ્યાં ત્યાંથી આવ્યાં મછિયાવ, ત્યાંથી કરજીસણે રહ્યાં માવ ॥૧૩॥

INDEX

તિયાં રહસ્યની કરી વાત, શ્રીહરિએ થઈ રળિયાત ॥
તેને સુણજો સહુ નરનાર, સુણી મોદ થાશે પારાવાર ॥૧૪॥
એક પલંગ ચોકમાં ઢાળી, તે ઉપર્ય બેઠા વનમાળી ॥
નિત્યાનંદ બ્રહ્માનંદ આવ્યાં, ફૂલહારે પ્રભુને વધાવ્યા ॥૧૫॥
પછી પૂછ્યા સંતને કુશળ, કેડ્યે વાત કહી છે અકળ ॥
હવે રહેશું અમે નહિ ટકી, જાશું વન પહાડોમાં નક્કી ॥૧૬॥
અહોનિશ રહું છું ઉદાસ, વસતીમાં ગમે નહિ વાસ ॥
સુણી બોલ્યા બ્રહ્માનંદ સ્વામી, નહિ જાવા દૈયે બહુનામી ॥૧૭॥
મુક્તમુનિ આંહિ આવે જ્યારે, વિચારીને રજા દેશું ત્યારે ॥
અમ સહુનાં મોટા છે અભેવ, તમારાં તો એ છે ગુરુદેવ ॥૧૮॥
તમે જાણો ગુરુ શિષ્ય ઘણું, એમાં શું જાણિયે અમે અણું ॥
માટે મુક્તમુનિ આવે આંઈ, તેને પૂછીને લેજો વિદાઈ ॥૧૯॥
પછી બોલ્યા પ્રીત્યે બહુનામી, સત્ય વાત તમારી છે સ્વામી ॥
વણ પૂછ્યે મુક્તાનંદજીને, નથી જાવું તમને મૂકીને ॥૨૦॥
કહેશે મુનિ મુક્તાનંદ જેમ, કરવું અમારે સઘળું એમ ॥
લોપી આજ્ઞા એમની લગાર, કેદિ વર્તવું નહિ નિરધાર ॥૨૧॥
મુને મુક્તમુનિનો વિશ્વાસ, તેની પાસે રહ્યાંની છે આશ ॥
જિયાં લગી કરશું એનું ધાર્યું, તિયાં લગી રહેશે મન વાર્યું ॥૨૨॥
મુક્તમુનિનો એક જ રંગ, કેદિ થાય નહિ તેનો ભંગ ॥
તે જોઈને કર્યાં ગુરુદેવ, તેની કરીએ શ્રદ્ધા થકી સેવ ॥૨૩॥
જે જે સતસંગના ગુણ કહ્યાં, તે સહુ તેમાં આવીને રહ્યાં ॥
બીજાને આપવા સદ્‌ગુણ, મુક્તમુનિ અતિ છે નિપુણ ॥૨૪॥
એમ વાત સુણી સહુ સંત, હૃદયે થયાં રાજી અત્યંત ॥
ધન્ય સ્વામી ધન્ય અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ સત્સંગ મેલીને જવા વિચાર કર્યો એ નામે એકસો ને છન્નુંમું પ્રકરણમ્ ॥૧૯૬॥

પ્રકરણ : ૧૯૭

પૂર્વછાયો :

મુક્તમુનિને મહાપ્રભુ, મળ્યાં આદરજ મોઝાર ॥
ઉચ્છવ કર્યો અન્નકૂટનો, તે કથા સુણાવું સાર ॥૧॥
ભક્ત ભલા આદરજના, રતુ ખાંટ જેનું નામ ॥
લખ્યો કાગળ કરજીસણે, સદ્ય આવો સુખધામ ॥૨॥
કરી દિવાળી દયાનિધિ, કરો કોડ પૂરાં મહારાજ ॥
કૃપા કરીને પધારજો, છે તૈયાર સર્વ સમાજ ॥૩॥

ચોપાઈ :

પત્ર વાંચી પ્રભુજી સધાવી, વડુ ગામે ગયાં મોદ લાવી ॥
ત્યાંથી કાળી ચૌદશને દન, આવ્યાં આદરજે જગજીવન ॥૪॥
રતુ ખાંટ ત્યાં સામૈયું લાવ્યા, હરિજન મન ઘણું ભાવ્યા ॥
લાવ્યા ભાવથી નિજ ભુવન, પછી કર્યું પ્રભુનું પૂજન ॥૫॥
જોઈ ચોક વિશાળ ત્યાં સારો, કર્યો સંત સહિત ઉતારો ॥
બેઠા પલંગે શ્રી ભગવન, મુનિ ગાય મુખે કીરતન ॥૬॥
એમ ગાતા રહ્યાં સહુ સંત, પછી પોઢી ગયાં ભગવંત ॥
પ્રાતઃ સમે ઊઠ્યા મહારાજ, જાણ્યું દન દિવાળીનો આજ ॥૭॥
મુક્તમુનિની જુવે છે વાટ, વારે વારે કરીને ઉચાટ ॥
દિન ચઢ્યો દોઢ પોર જ્યારે, જને આપી વધામણી ત્યારે ॥૮॥
આવી રહ્યાં છે આદરજ ગામ, મુક્તમુનિ મહાસુખધામ ॥
સુણી દોડ્યા દયાનિધિ ત્યાંય, ઉર આનંદ રહ્યો ન માંય ॥૯॥
હતાં સંત પાળા હરિજન, સામા ચાલ્યાં સહુ પરસન ॥
દિશ દક્ષિણમાં એક ગામ, જેનું ખેરપુર શુભ નામ ॥૧૦॥
ત્યાંથી ચાલ્યાં આવે ગુરુદેવ, મુખમુદ્રા છે અતિ અભેવ ॥
કંથા બેવડી મસ્તક ધારી, તન કાંતિ શોભે અતિ સારી ॥૧૧॥
દેખ્યા દૂર થકી મુક્તાનંદ, પ્રભુને ઉભરાયો આનંદ ॥
સામા ચાલી કર્યાં દંડવત્, અવિનાશી થયાં પ્રેમરત ॥૧૨॥
હતાં સંત હરિજન બહુ, દંડવત્ હેતે કરે સહુ ॥
એમ દેખ્યું જ્યારે મુનિરાયે, આવી પડ્યાં છે પ્રભુને પાયે ॥૧૩॥

INDEX

તેડી લીધાં અતિ સ્નેહ સોતે, પછી કીધાં દંડવત્ પોતે ॥
બેઉ મળ્યાં ઘણું બાથમાંય, વરણન તેનું કેમ થાય ॥૧૪॥
મુક્તમુનિ મંડળ સમાજે, આવ્યાં વડોદરા થકી આજે ॥
પૂછી વહાલાએ વિગતે વાત, કીધું સ્વામીએ સર્વ વૃત્તાંત ॥૧૫॥
તમારાં પ્રતાપે મહારાજ, થયો સભામાં વિજય આજ ॥
હું તો અલ્પ નિમિત્ત છું નાથ, એમ કહીને જોડ્યા છે હાથ ॥૧૬॥
પછી પ્રભુ બોલ્યા તેહ પળ, મળ્યો તમારો લખ્યો કાગળ ॥
વાંચી જાણવા મળ્યું અમને, ઘણાં વિઘન આવ્યાં તમને ॥૧૭॥
લેશ વિઘ્ન જો તમને આવે, સર્વ સત્સંગને દુઃખ થાવે ॥
ચિંતા રહેતી મુને દિનરાત, તમને નિહાળી થઈ છે નિરાંત ॥૧૮॥
ત્યારે સ્વામી કહે સુણો નાથ, બધું ધાર્યું છે આપને હાથ ॥
આજ ઉદ્ધવ મતની પાસે, સમસ્ત મત નિસ્તેજ ભાસે ॥૧૯॥
સુણી પ્રભુજી થયાં પ્રસન્ન, રાજી થયાં ઘણું હરિજન ॥
રતુ ખાંટ બોલ્યા જોડી હાથ, હવે જમવા પધારોને નાથ ॥૨૦॥
આવ્યાં જમવા દીનદયાળ, સંગે આવ્યાં છે સહુ મરાળ ॥
રૂડો ચોક વિશાળ છે જ્યાંય, રચાવી રૂડી રંગોળી ત્યાંય ॥૨૧॥
પાટ ઉપર બાજોઠ ઢાળી, બીજા બાજોઠે પીરસી થાળી ॥
બેઠા જમવા શ્રી મહારાજ, કરે દર્શન સર્વ સમાજ ॥૨૨॥
વિધવિધના ભોજન ભાળી, પ્રભુ કહે દીપાવી દિવાળી ॥
જમ્યા થાળ રસાળ દયાળ, મુક્તમુનિને આપ્યો એ થાળ ॥૨૩॥
પંગતે બેઠા સખા ને સંત, આવ્યાં પીરસવા ભગવંત ॥
તાણ્ય કરી જમાડિયા જન, મોદ પમાડ્યા સહુને મન ॥૨૪॥
તે સમાની હવે કહું વાત, સુણી થશો સહુ રળિયાત ॥
વળી થાશે હૈયે હળવાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિ અને મુક્તમુનિ આદરજમાં મળ્યાં એ નામે એકસો ને સત્તાણુંમું પ્રકરણમ્ ॥૧૯૭॥

પ્રકરણ : ૧૯૮

પૂર્વછાયો :

દીપાવલિને દિવસે, ગામ આદરજ મોઝાર ॥
મુક્તાનંદ મહારાજને, આપ્યો ગુરુ તણો અધિકાર ॥૧॥
તેની વિગતિ વરણવી, હવે કથા કહું સુખદાય ॥
સાંભળજો સહુ શ્રવણે, તો થશો મુદા મનમાંય ॥૨॥
પાવન ત્રીજા પહોરમાં, આવી બેઠા સહુ નરનાર ॥
સંત બેઠા સહુ સામટા, નેણે નીરખવા કિરતાર ॥૩॥

ચોપાઈ :

લાવ્યા ગાદું ત્યાં આણી ઉમંગ રે, તે ઉપર ઢાળ્યો છે પલંગ રે ॥
તે ઉપર બેઠા વનમાળી રે, જન જુવે છે ભૂધર ભાળી રે ॥૪॥
કર્યું મુનિએ સંગીત સારું રે, હરિજન આવ્યાં છે હજારુ રે ॥
રતુ ખાંટે સહ પરિવાર રે, પૂજયા પ્રભુજીને કરી પ્યાર રે ॥૫॥
ભાત ભાતના ભૂષણ જેહ રે, કર્યા નાથને અર્પણ તેહ રે ॥
કહે આપે કૃતારથ કીધો રે, પાપ પ્રજાળી શરણે લીધો રે ॥૬॥
કીધું આંગણું પાવન આજ રે, ધન્ય ધન્ય હો શ્રી મહારાજ રે ॥
એમ સ્તુતિ કરી છે અપાર રે, હેતે પહેરાવ્યો હરિને હાર રે ॥૭॥
પછી જન આવી પ્રભુ પાસે રે, પૂજે ભેટ ધરીને હુલાસે રે ॥
વનિતાએ પણ હેત આણી રે, પૂજયા પ્રભુ પ્રકટ પ્રમાણી રે ॥૮॥
સંધ્યા સમો થયો તેહ કાળ રે, પ્રેમે પ્રગટાવી દીપમાળ રે ॥
થયાં આરતી ધૂન્ય આનંદે રે, લ્હાવ લીધો સહુ જનવૃંદે રે ॥૯॥
પછી પ્રભુ બોલ્યા પરસન રે, તમે સાંભળજો સહુ જન રે ॥
જેને માન્યા અમે ગુરુદેવ રે, તે સહુને માનવા સદેવ રે ॥૧૦॥
મોટા સંતની મોટાઈ દેખી રે, એમાં કરે જે કોઈ અદેખી રે ॥
વળી સહી શકે ન જરાય રે, તેને ઉપમા કેવી દેવાય રે ॥૧૧॥
સહુ કહેજ્યો નિખાલસ સંત રે, એમ બોલ્યા મુખે ભગવંત રે ॥
સુણી બોલ્યા મુક્તાનંદ સ્વામી રે, આપ સ્વતંત્ર છો બહુનામી રે ॥૧૨॥
મનમાં નથી રાખવું માન રે, રાખું તમને રીઝાવાનું તાન રે ॥
જેવી રીતે રાજી રહો તમે રે, નમ્ર ભાવે સૌ વર્તશું અમે રે ॥૧૩॥

INDEX

જેને આપશો આપ મોટાઈ રે, સદા રહેશું એની આજ્ઞામાંઈ રે ॥
આપ રહો પ્રસન્ન દયાળ રે, રહેશું એમ અમે બહુ કાળ રે ॥૧૪॥
પછી તિયાં બેઠા બીજા સંત રે, કહ્યું સહુએ પોતાનું વરતંત રે ॥
જેને દેશો મોટાઈ મહારાજ રે, તેને માનશે સંત સમાજ રે ॥૧૫॥
એમ બોલ્યા મુનિ જોડી હાથ રે, નહિ વચન લોપીએ નાથ રે ॥
પછી એકેક ઊઠી મરાળ રે, પ્રભુ પાય પડ્યાં તતકાળ રે ॥૧૬॥
ત્યારે પ્રભુ ઊઠ્યા સ્નેહ સોતે રે, મુક્તમુનિને બોલાવ્યા પોતે રે ॥
જે ઢોલિયે બેઠા મહારાજ રે, મુક્તમુનિ બેસાડ્યા ત્યાં આજ રે ॥૧૭॥
પોતે બેઠા પ્રભુ સભામાંય રે, આજ નાથને મોદ ન માંય રે ॥
મુક્તાનંદની આરતી પ્રીત્યે રે, નાથે ઉતારી વિધિ સહિતે રે ॥૧૮॥
સદ્‌ગુરુ કરી તેહ કાળે રે, કર્યું જાહેર દીનદયાળે રે ॥
પછી નિત્યાનંદ બ્રહ્માનંદ રે, સ્વામી શામળિયા ચૈતન્યાનંદ રે ॥૧૯॥
મળ્યાં ચારેને બાથમાં ઘાલી રે, સદ્‌ગુરુની પદવી આલી રે ॥
રેશમકોરી ધોતી પહેરાવી રે, ચારુ ચંદન અર્ચા કરાવી રે ॥૨૦॥
સ્રજ સુગંધી કંઠ પહેરાવ્યા રે, સદ્‌ગુરુને શ્રીફળ ધરાવ્યા રે ॥
મેલ્યા સાકર થાળ આગળ રે, મેવા મીઠાઈ દીધાં વિમળ રે ॥૨૧॥
દંડવત્ કરી સ્નેહ સાથ રે, બેઠા સંતોની સભામાં નાથ રે ॥
સંત સતસંગી જે તમામ રે, તેણે કર્યાં પૂજન પ્રણામ રે ॥૨૨॥
પછી સભામાં શ્રીહરિરાય રે, કહે સદ્‌ગુરુ મહિમાય રે ॥
સદ્‌ગુરુને પૂજવા પહેલાં રે, પછી પૂજવા સાથે આવેલા રે ॥૨૩॥
એનું વચન લોપો ન લેશ રે, સમજાવ્યું રહસ્ય વિશેષ રે ॥
પછી પૂજ્યા ને પૂજા કરાવી રે, સર્વે સેવાની રીત શીખાવી રે ॥૨૪॥
દીવાળી દીપાવી બહુવિધિ રે, સદ્‌ગુરુની સ્થાપના કીધી રે ॥
પછી મોદ પામ્યા અવિનાશ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિને સદ્‌ગુરુ જાહેર કર્યાં અને આરતી ઉતારી એ નામે એકસો ને અઠ્ઠાણુંમું પ્રકરણમ્ ॥૧૯૮॥

INDEX

પ્રકરણ : ૧૯૯

પૂર્વછાયો :

આદરજે અન્નકૂટ કરી, સદ્‌ગુરુ થાપ્યા ચાર ॥
સ્થંભ સમાન મહાન જે, સતસંગના આધાર ॥૧॥
હેલી થૈ આનંદની, ધાન થાય દુકાળે જેમ ॥
એમ અતિ અંતરમાં, જન મન પામ્યા પ્રેમ ॥૨॥
પછી પ્રભુ પરવારીને, લઈ સંતજનને સાથ ॥
દર્શન દેવા દાસને, ઘણું વિચરિયા કૃપાનાથ ॥૩॥

ચોપાઈ :

સંઘ સાબદો કરી સુજાણ, બેઠા અશ્વે માંડીને પલાણ ॥
મુક્તમુનિને બેસવા કાજે, રૂડી ગાડી મંગાવી મહારાજે ॥૪॥
વળી ક્ષત્રિય રવાજી નામે, પાળા રાખ્યા સેવામાં તે ઠામે ॥
રાખ્યા ભડવીર ભગુજી પાળા, રક્ષા સ્વામીની કરવા વાળા ॥૫॥
પછી મુક્તમુનિ બેસી ગાડે, ચાલ્યાં રવાજી સાથે તે દાડે ॥
આવ્યાં કોલવડે કૃપાનાથ, ઉનાવે પધાર્યા સંઘ સાથ ॥૬॥
ખોરજ માણસે વિહાર થૈને, આવ્યાં બામણવા ગેરીતા જૈને ॥
ભલા ભક્ત ભૂખણ ભાવસાર, તેણે ભાવે દેખ્યા કિરતાર ॥૭॥
રહ્યાં રજની એહ મુકામ, રહ્યા સંત સહુ તેહ ઠામ ॥
તિયાં સહજાનંદ સુજાણ, હેતે બોલ્યા હેત વિષે વાણ ॥૮॥
જેને હેત જે ઉપર્યુ જેવું, જરૂર જણાશે તેવું ને તેવું ॥
હેત રહ્યું છે જેમાં વિશેષ, તે તો છાનું રહે નવ લેશ ॥૯॥
મર હોય જો કઠણ કામ, પણ હેત રહ્યું તેહ ઠામ ॥
ત્યારે તેને તે સુલભ થયું, નોય કઠણ કામ તે રહ્યું ॥૧૦॥
જેમ ખાતર પાડે છે ચોર, તેને દુઃખ નથી એણી કોર ॥
કાં જે સુખ મનાણું તે વિશે, તે તો મેલે નહિ કોઈ મિશે ॥૧૧॥
એવાં સુણી હેતનાં વચન, મુનિ મુક્તાનંદજી પ્રસન્ન ॥
બોલ્યા મુખથી વાત અનુપ, જાણી પ્રમાણી વાત સ્વરૂપ ॥૧૨॥
સુધા સમાન આપની વાણી, ત્યાં ન પહોંચે પંડિત પુરાણી ॥
વાણી ભાખો છે મુખે પ્રમાણી, વાત પ્રત્યેક દ્રષ્ટાંત આણી ॥૧૩॥

INDEX

અતિ હેતે ભરી હોઠ ધરી, રૂડી વાત કરો છો શ્રીહરિ ॥
રસનાયે ભરી એવી વાણી, રાખે ચિત્તની વૃત્તિ લોભાણી ॥૧૪॥
વાણી મુખની મંગળકારી, અચળ અચિર ને અવિકારી ॥
જન સુણી શ્રવણે રસાળ, થાય પુલકિત તતકાળ ॥૧૫॥
વળી વાણી થકી દીસો આપ, અતિ અગોચર ને અમાપ ॥
સત્વ રજ તમ તેથી પર, વાણી આપની અતિ અવર ॥૧૬॥
સ્વયં વેદ કહે નેતિ નેતિ, કોઈ પાર લિયે નૈ અથેતિ ॥
એવાં સર્વોપરી ભગવાન, આપે પ્રકટ થયાં નિદાન ॥૧૭॥
જન પ્રભુના મર્મ તે જાણે, બીજા લોકડિયા શું પ્રમાણે ॥
એમ પ્રભુ પરાવાણી રૂપ, મુક્તમુનિએ કીધું અનુપ ॥૧૮॥
તિયાં નિશા વીતી ગઈ ઘણી, સહુ આવિયાં ઉતારા ભણી ॥
રહી રાત્યને ચાલતા થયાં, પછી લાલ લાંઘણોજ ગયાં ॥૧૯॥
તિયાં ભક્ત ગંગાદાસ આવ્યા, સંગે પાત્ર પચાસેક લાવ્યા ॥
મેલ્યા પાત્ર પ્રભુ આગે સહુ, થયાં પ્રસન્ન તે પર બહુ ॥૨૦॥
પછી પાત્ર શોધી તેમાં સાર, એકીકોરે તારવ્યા તે વાર ॥
ગુરુદેવને બોલાવી તિયાં, પાત્ર દઈને પ્રભુ હરખિયા ॥૨૧॥
પાત્ર રાખજો આપની પાસે, અમે દૈયે તમને હુલાસે ॥
એમ સ્વામીને પ્રસન્ન કીધાં, બીજા મરાળને પણ દીધાં ॥૨૨॥
અલ્પ વાસ કરી એહ ઠામ, ચાલ્યાં સંઘ સાથે સુખધામ ॥
ડાંગરવા વડુ પાનસર, આવ્યાં ઓળે કલોલે ભૂધર ॥૨૩॥
ત્યાંથી અડાલજે અવિનાશી, રહ્યાં રંગભર ઘણું નિશી ॥
સંત સભામાં ઠપકો દીધો, વિવેક વ્યવહારે ઘણો કીધો ॥૨૪॥
કહું વાત સઘળી નિરાંત્યે, કરી લીલા પ્રભુએ તે રાત્યે ॥
જેમ જેમ આવે મનમાંય, ઘનશ્યામપ્રકાશ તે ગાય ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ઉત્તર ગુજરાતમાં વિચર્યા એ નામે એકસો ને નવ્વાણુંમું પ્રકરણમ્ ॥૧૯૯॥

INDEX

પ્રકરણ : ૨૦૦

પૂર્વછાયો :

જેદિ ચાલ્યાં કલોલથી, ને આવ્યાં અડાલજ ગામ ॥
એ દિન આવી મારગે, નેળ ખુરાસાની તે ઠામ ॥૧॥
ચાલે સવારી નાથની, સંગે ચાલે ઘણાં નરનાર ॥
સંત પાળા વરણીઓ, તેની ઓપે હાર અપાર ॥૨॥
ભૂલ્ય થૈ ત્યાં સંતથી, જે જે હતાં નાના નવા ॥
ક્ષણભર મરજાદને, મેલી વર્તતા હવા ॥૩॥

ચોપાઈ :

તેહ સમે સવારીને છોડી, કૈંક સંત ચાલ્યાં આગે દોડી ॥
જોયું ન જોયું પાછું વળીને, ચાલ્યાં ઉતાવળા હરખીને ॥૪॥
ઘણું વાર્યા પ્રભુજીએ પોત્યે, તોય વળ્યા નહિ જોતજોત્યે ॥
કર્યો મનમુખી વરતાવ, તેથી દુઃખી થયા ઘણું માવ ॥૫॥
પછી અડાલજે અવિનાશી, સંત સભામાં વાત પ્રકાશી ॥
ઘર મેલી આવ્યાં અમ પાસે, રાજી કરવા અમને હુલાસે ॥૬॥
પણ મેલી મર્યાદા મોટાની, કેમ વાટે કરી મનમાની ॥
રૂડા દર્શન મેલી અમારા, કેમ આગે દોડ્યા પરબારા ॥૭॥
રહીએ મોટા ભેળા જિયાં લગી, મનધાર્યું ન કરવું છગી ॥
મનધાર્યું કરે જેહ લેશ, તેની મોટપ રહે ન શેષ ॥૮॥
મોટાનું ધાર્યું કરવું સદાય, સાધુતા એમાં સદ્ય પમાય ॥
એમ ઠપકો દીધો અપાર, વિશ્વવિહારીએ તેહ વાર ॥૯॥
તેહ સુણી મુક્તાનંદ સ્વામી, કહે શ્રીહરિને કરભામી ॥
કરો ક્ષમા દીનાનાથ આપ, સર્વે સંત તો છે નિષ્પાપ ॥૧૦॥
અલ્પ ગાફલ થયા તે આજ, તેથી ભૂલ્ય થઈ મહારાજ ॥
પણ જોશો નહિ તેના વાંક, એતો વર્તે થઈ સહુ રાંક ॥૧૧॥
તમે દોષ દેખાડ્યો વિશેક, હવે નહિ ચૂકે તે વિવેક ॥
એમ સ્વામીએ વિનંતી કરી, ધર્મકુમારે હૈયામાં ધરી ॥૧૨॥
એમ કરતાં વિવેકની વાત, તિયાં વીતી રહી મધ્યરાત ॥
પછી વાંકમાં હતા મરાળ, તે તો સૂવા ચાલ્યા તતકાળ ॥૧૩॥

તેને દેખી બોલ્યા બળવંત, કહો મુક્તમુનિ કૃપાવંત ॥
તમે પક્ષ લીધો જેનો અતિ, તેને કેમ સૂઝી આવી મતિ ॥૧૪॥
મેલી દર્શન આંહિ અમારા, સૂતા શીદને જૈ પરબારા ॥
પૂછો એકેક સંતને આપ, શીદ ગાફલ રહ્યાં નિષ્પાપ ॥૧૫॥
પછી મુનિ ગયાં સંત પાસ, કીધી વાત શ્રીહરિની ખાસ ॥
પણ ઉચ્ચર્યા ન કોઈ વેણ, જાણ્યું રુઠ્યા આ તો સુખદેણ ॥૧૬॥
પછી પ્રભુએ કર્યો વિચાર, દંડ દેવો સંતને અપાર ॥
દેવો દંડ સત્ય વાત જાણી, ન દેવો વાત જાણી અજાણી ॥૧૭॥
પછી દંડ કર્યો દીનાનાથે, સંત ભેળા કરી એકસાથે ॥
પૂરી રાત જાગી સંઘ કેરો, કરો સંત સહુ ચોકી પહેરો ॥૧૮॥
ત્યાર કેડ્યે બોલ્યા ગુરુદેવ, સુણી વાત વાલાની અભેવ ॥
ધન્ય ધન્ય પ્રભુ તમે આપ, ધન્ય ધન્ય સંત નિષ્પાપ ॥૧૯॥
પ્રીત્ય દોયની જક્તશું ન્યારી, સમજે જન શું તેહ લગારી ॥
ખરા હોય હરિના જે જન, તેને વઢવે નથી વિઘન ॥૨૦॥
પછી દંડ જે સંતને દીધાં, તેણે આદેશ ઉરમાં લીધાં ॥
કરી ચોકી સંઘની સામટી, મુખે સ્મરણ હરિનું રટી ॥૨૧॥
થયો અરુણ ઉદિત જ્યારે, આવ્યાં સંત નાવા સહુ ત્યારે ॥
અડાલજની વાવ પ્રસિદ્ધ, કીધું સ્નાન એમાં ભલીવિદ્ધ ॥૨૨॥
પછી શ્રીહરિએ લીધો સંઘ, સંગે મુક્તમુનિ છે અનઘ ॥
ચાલ્યાં સાબરમતી ઉતરીને, ગયાં શ્રીપુર સ્નેહ ધરીને ॥૨૩॥
દરિયાપરે દરવાજે થૈને, નવાવાસમાં ઉતર્યા જૈને ॥
તિયાં પધરામણી બહુ થાય, સભા શોભિત નિત્ય ભરાય ॥૨૪॥
સુખ સત્સંગીને બહુ આપ્યું, અતિ વિરહનું કષ્ટ કાપ્યું ॥
હવે પછીનો ચરિત્ર વિલાસ, લખે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે દંડ અન વિવેકની વાત કરી એ નામે બસ્સોમું પ્રકરણમ્ ॥૨૦૦॥

પ્રકરણ : ૨૦૧

પૂર્વછાયો :

અઢાર પંચોતેરની, સુદી દશમી કાર્તિક દન ॥
શ્રીહરિ શ્રીપુરમાં, પોતે પધારિયા પ્રસન્ન ॥૧॥
મુક્તમુનિ સંગે પ્રભુ, નવેવાસ રહ્યાં હરખાય ॥
જન મન મોદ પામિયા, મળી સંત સંગે પ્રભુરાય ॥૨॥
રાજ તણાં અધિકારીઓ, રૂડી દેખી સત્સંગ રીત ॥
પામ્યા અચરજ મનમાં, ઉર ગુણ વાધ્યો ખચિત ॥૩॥

ચોપાઈ :

ઊઠી પ્રભાતે પ્રાણજીવન, બેઠા મંડળ મધ્યે મોહન ॥
શ્વેત વસ્ત્રા પહેરી બહુનામી, પ્રબોધિની દન મારો સ્વામી ॥૪॥
આગે વાજે અનુપમ વાજાં, જોવા નરનારી મળ્યાં ઝાઝાં ॥
જન્મ ઉત્સવ ધર્મ પિતાનો, રૂડી રીતે કર્યો તે સમાનો ॥૫॥
પછી વિધિ પૂરો થયે હરિ, આવ્યાં પૂર્વ દિશે ઘણું ફરી ॥
દીઠી જાગ્ય અનુપ એ ઠામે, તે લેવાનું ધાર્યું સુખધામે ॥૬॥
કુબેરસિંહ નાનાભાઈ દોય, તેને કહ્યું શ્રીહરિએ સોય ॥
ધર્મશાળા પવિત્રા બંધાવી, લેખ પાકો કરાવજો આવી ॥૭॥
ત્યાર કેડ્યે માંડશું મંડાણ, કરવું મંદિર અમારે પ્રમાણ ॥
એમ આશિષ આપી અપાર, પ્રભુ આવ્યાં ઉતારે તે વાર ॥૮॥
વડો અંગ્રેજ અમલદાર, પોત્યે એરણ નામે ઉદાર ॥
તેનું આવ્યું હેતભર્યું કે'ણ, રાજદ્વારે આવો સુખદેણ ॥૯॥
તેનાં ભુવને ભૂધર ગયાં, સહુ સંતનાં સામૈયા થયાં ॥
ઊભો એરણ ઉમંગ પામી, મુક્તમુનિ પાસે કરભામી ॥૧૦॥
પહેલા પ્રભુને પૂજ્યા અપાર, પછી પહેરાવ્યો સ્વામીને હાર ॥
સ્વામીને રૂડી શાલ ઓઢાડી, એવી એરણે પ્રીત્ય દેખાડી ॥૧૧॥
તિયાં કરી શ્રીજીએ સુવાણય, બોલ્યા ધર્મ અધર્મની વાણય ॥
દેખી શ્રીહરિનું એવું તેજ, ઘણું રાજી થયો અંગરેજ ॥૧૨॥
પછી મોહન મધ્યાહ્નમાંય, ચાલ્યાં સંત સંગે સુખદાય ॥
ગયાં જેતલપુરે ભૂધર, ત્યાંથી ટીંબા ગામે મુદભર ॥૧૩॥

INDEX

મુક્તમુનિ વળી બીજા ચ્યાર, મોટા સદ્‌ગુરુ જે ઉદાર ॥
ગાડીમાંહિ બેસી ચાલ્યાં આવે, અન્ય સંત પગપાળા જાવે ॥૧૪॥
સાબરમતી સિધાવિયા જ્યારે, પાંચ આવ્યાં અશ્વારોહી ત્યારે ॥
મુક્તાનંદજીની ગાડી રોકી, ભૂંડી ગાળ્યું મુખે ઘણી ઓકી ॥૧૫॥
જોરાજોર મચાવી છે રાડ્ય, જાણે પાડશે હમણાં ધાડ્ય ॥
ત્યાં તો હરિએ હાંકલ મારી, અસિ ખેંચી મ્યાનેથી દોધારી ॥૧૬॥
હતાં ચોર તેમાંહિ ઘેરાણા, મનોમન મૂંઝાઈ લજાણા ॥
જાણ્યું મોત આવ્યું આજ આપે, થશે હાલ ભૂંડા કોઈ પાપે ॥૧૭॥
લીધાં પાળાએ પાંચેય ઝાલી, પ્રભુ લાવિયા ધોળકે ચાલી ॥
અધિકારીને હવાલે કરી, ઉતર્યા ધોળકાની હદે હરિ ॥૧૮॥
રૂડાં ચોકે ત્યાં ઢોલિયો ઢાળી, બેસી વાતું કરે વનમાળી ॥
હવે જાશું અમે ગઢપુર, એવી ઈચ્છા રહે મારે ઉર ॥૧૯॥
મુક્તમુનિ શુકમુનિ દોય, બ્રહ્માનંદ નિત્યાનંદ સોય ॥
જાજ્યો વડોદરે સત્સંગ કાજ, મુમુક્ષુ જન ઘણાં છે ત્યાંજ ॥૨૦॥
જન સંગાથે રહી નિષ્પાપ, પૂરજો જનની હામ અમાપ ॥
જાજ્યો કાનમ દેશ દયાળુ, મુક્તાનંદજી આપ કૃપાળુ ॥૨૧॥
જ્યારે મોકલશું અમે કે'ણ, વળજો પાછા પછી સુખદેણ ॥
કીધી આગન્યા એમ વિશેષ, મહામુનિને વિચરવા પ્રદેશ ॥૨૨॥
સુણી સદ્‌ગુરુ સહુ સધાવ્યા, ગાતા વાતા વડોદરે આવ્યાં ॥
મુક્તાનંદની આગન્યા વિશે, માગશર રહ્યાં સંત અતિશે ॥૨૩॥
પછી ધોળકેથી ધર્મકુમાર, ગયાં ગઢપુર આણી પ્યાર ॥
લખી લીલા મેં સંક્ષેપ માત્ર, સુણી પવિત્ર થાશે સુપાત્ર ॥૨૪॥
ફર્યા કમનીય કાનમ દેશ, મુક્તમુનિ દઈ ઉપદેશ ॥
તે સુણી જન થયાં પ્રભુદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્‌ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સાબરમતીએ લૂંટારાઓએ ગાડી રોકી એ નામે બસ્સો ને એકમું પ્રકરણમ્‌ ॥૨૦૧॥

પ્રકરણ : ૨૦૨

પૂર્વછાયો :

ફાગણ ફોરમ લાવિયો, મોદ વ્યાપ્યો સહુને ઉર ॥
કંકોતરિયું લખાવીને, જન તેડાવિયાં ગઢપુર ॥૧॥
સંત મંડળ ફરવા ગયાં, તેને મળ્યે શુભ સંદેશ ॥
વળતે ગઢડે આવિયાં, સંઘ સમેત વિશેષ ॥૨॥
મહામુનિ મુક્તાનંદજી, વટપત્તાન વિચરે જેહ ॥
ગઢપુર તે પધારિયા, સુણી ધરી મનમાં નેહ ॥૩॥

ચોપાઈ :

મળ્યાં મહારાજને મુનિરાય રે, ઘણું હરખિયા હૈયામાંય રે ॥
પૂછી પ્રભુએ સઘળી વાત રે, સંભળાવી મુનિએ સાક્ષાત રે ॥૪॥
મહામુનિનો એવો સ્વભાવ રે, કેદિ કરે નહિ કેની રાવ રે ॥
સમો જોયા વિણ નવ ભાખે રે, જે જે પૂછે એ જ કહી દાખે રે ॥૫॥
પછી બોલિયા શ્રી બળવંત રે, તમ જેવા દીઠા નહિ સંત રે ॥
સેવે તમ જેવા સંત કોય રે, પુણ્ય ફળ પામે નર સોય રે ॥૬॥
દિયે વસ્ત્ર કોઈ જન જેદિ રે, તે ન રહે વસ્ત્ર વિણ કેદિ રે ॥
એવાં સંત સેવ્યે સેવ્યા નાથ રે, મળ્યે સંત હુવા હરિ સાથ રે ॥૭॥
સુણ્યાં શબ્દ સંતના શ્રવણ રે, સુણ્યાં ભૂધર ભયહરણ રે ॥
સંત નીરખે જે નિષ્પાપ રે, તેણે નાથ નિહાળ્યા અમાપ રે ॥૮॥
સંત કૃપા થકી મળે શ્યામ રે, એ વિના બીજું લાગે ન કામ રે ॥
જન બેસાડે વાહને જેવા રે, પામે સાધન તેવા ને તેવા રે ॥૯॥
આલે અન્ન જે ઝોળીએ જન રે, તેની વાત શું કહું પ્રસન્ન રે ॥
તવ દર્શને પુણ્ય પમાય રે, યજ્ઞ કર્યા થકી જેહ થાય રે ॥૧૦॥
જે જે તીર્થ જગમાંહિ કાવે રે, એ તો આપ ચરણે સમાવે રે ॥
એમ કીધું હરિએ હુલાસે રે, પછી બોલ્યા મહામુનિ વાંસે રે ॥૧૧॥
વાત આપની છે પરસિદ્ધ રે, વેદે વખાણી પુરાણે કિદ્ધ રે ॥
સાચા સંત સેવે જન કોય રે, તેને જમ તેડું કેદિ નોય રે ॥૧૨॥
જપ તપ તીર્થ વ્રત વળી રે, મર સાધન આવે જો મળી રે ॥
તોય સંત તોલે નવ થાય રે, એવો મત મોટાનો સદાય રે ॥૧૩॥

INDEX

એમ સુણીને સાંખ પુરાવી રે, નિત્યમુનિ બ્રહ્મમુનિ આવી રે ॥
જે જે વાત બોલ્યા ગુરુદેવ રે, એ છે સત્ય અચળ અભેવ રે ॥૧૪॥
કેડચે લીધાં દોકડ સરોદ રે, કરે મુનિ કીર્તન વિનોદ રે ॥
પંગત્ય ટાણે પ્રભુએ પીરસી રે, સંત જમાડિયા ઘણું હસી રે ॥૧૫॥
ફાગણ સુદી એકાદશી કરી રે, ગયાં બોટાદે સંત શ્રીહરિ રે ॥
ફૂલદોળ કરી બહુ ખાંત્યે રે, પાછા વળ્યા ગઢડે નિરાંત્યે રે ॥૧૬॥
ત્યાર પછીની વાત અનુપ રે, જન સુણજો સહુ સુખરૂપ રે ॥
સુંદર શ્રીનગર શહેરમાંય રે, હતાં એરણ નામે જે રાય રે ॥૧૭॥
તેણે દીધી'તી જાગ્ય હરિને રે, અતિ ઉરમાં નેહ ધરીને રે ॥
તિયાં પ્રભુની આગન્યા થકી રે, જયાનંદ બ્રહ્મચારે નક્કી રે ॥૧૮॥
રૂડી બાંધી એક ધર્મશાળ રે, જેમાં રહે સરવે મરાળ રે ॥
કરજીસણ કેરા નાનાભાઇ રે, તેણે સેવા કરી સુખદાઈ રે ॥૧૯॥
કામ પૂરું થયે કરભામી રે, કીધું વાત સુણો તમે સ્વામી રે ॥
તમે બ્રહ્મચારી બહુ સારા રે, પ્રભુ આગન્યાને પાળનારા રે ॥૨૦॥
હવે રજા આલો ગામ જવા રે, બહુ દન આંહિ આવ્યે હવા રે ॥
એક ઇચ્છા રહી કહું તમને રે, તમે કહેજ્યો પ્રભુને પ્રસન્ને રે ॥૨૧॥
મુક્તાનંદજી જો ચારમાસ રે, રહે કરીને આંહિ નિવાસ રે ॥
વળી સુણાવે શ્રી ભાગવત રે, તો જાણું સાર્થક મહેનત રે ॥૨૨॥
એવાં સંત રહ્યે રહ્યાં શ્યામ રે, થાય ઠામ તે અક્ષરધામ રે ॥
વળી વાત સુણી સ્વામી તણી રે, ફેલ મેલશે કુસંગી ઘણી રે ॥૨૩॥
માટે દેજ્યો સંદેશ સુંદર રે, સ્વામી આવે શ્રીપુર મુદભર રે ॥
એમ કહી કર્યાં છે પ્રણામ રે, પછી સધાવિયા નિજગામ રે ॥૨૪॥
નાનાભાઈ તણાં સમાચાર રે, લઈ ચાલ્યાં પછી બ્રહ્મચાર રે ॥
લીધો ગઢડા કેરો પ્રવાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે જયાનંદ બ્રહ્મચારી મુક્તમુનિને શ્રીનગર લઇ જવા આવ્યાં એ નામે બસ્સો ને બીજું પ્રકરણમ્ ॥૨૦૨॥

પ્રકરણ : ૨૦૩

પૂર્વછાયો :

જેને સદ્‌ગુરુદેવની, નહિ જાણી જરી મોટાઈ ॥
નર મૂરખ તે થાકશે, પછી હાથ નૈ આવે કાંઈ ॥૧॥
જેણે સંતનો આશરો, કરી જીવ જડ્યો ધરી પ્રીત ॥
તેને ચિંતા નથી મોક્ષની, પદ પામ્યો પૂર્ણ ખચિત ॥૨॥
એવાં સંતને સાંભળ્યે, બળે શ્રવણના સૌ પાપ ॥
સંભારે સુખ ઉપજયે, ટળે ઉચાટ અમાપ ॥૩॥

ચોપાઈ :

પછી જયાનંદ બ્રહ્મચારી, આવ્યાં ગઢપુરે સુખકારી ॥
કરી દર્શન પ્રભુનાં પ્રીત્યે, કીધી વાત સહુ ભલી રીત્યે ॥૪॥
સુણી બોલિયા શ્રી અવિનાશ, બોલાવો સ્વામીને મુજ પાસ ॥
સુણી આવ્યાં સભામાંહિ સ્વામી, કરે આગન્યા અંતરજામી ॥૫॥
સ્વામી સધાવજયો શ્રીનગર, જન સંભારે ત્યાં મુદભર ॥
રહી ચાતુરમાસ તે ઠામ, કથા કરજયો અતિ અભિરામ ॥૬॥
ત્યારે મુનિ કહે મહારાજ, જાશું આપ આગન્યાએ આજ ॥
એમ કહી જયાં નમવા જાય, ત્યાં લીધાં હરિએ બાથમાંય ॥૭॥
અતિ હેતથી મળિયા માવ, કહે હવે ભલે તમે જાવ ॥
પછી મુનિ મંડળને સંગે, ચાલ્યાં ત્યાં થકી સ્વામી ઉમંગે ॥૮॥
આવી ઉતર્યા શ્રીપુર શહેર, જન ઉપર્ય કરવા મેર ॥
ભણનારા મરાળ જે કહ્યાં, તે તો મુનિ સંગે સહુ રહ્યાં ॥૯॥
પછી સમૈયો વડથલ વિશે, ભીમ એકાદશીનો અતિશે ॥
ખાંત્યે કરવો જન તેડાવી, એવી ઈચ્છા હરિએ કહાવી ॥૧૦॥
તેથી વાલો થયાં છે તૈયાર, દન પાંચમે લઈ અસવાર ॥
પણ વંટોળ આવિયો પથે, જાવા આગળ તો ઘણું મથે ॥૧૧॥
ઊડી આંધી એવી અચાનક, વાયુ વંઠી થયો ભયાનક ॥
અશ્વ માંડે નહિ એક ડગ, ખોલી શકે નવ એકે દ્રગ ॥૧૨॥
ચડી નભમાં ધૂળ્ય અમિત, જડ્યો મારગ ન કોઈ રીત્ય ॥
ભાંગ્યો દલનો સહુ ઉમંગ, પડ્યો ચાલવા સંઘમાં ભંગ ॥૧૩॥

એવું પ્રીછાણીને વળ્યા પાછા, હરિવર હરિજન સાચા ॥
આવ્યાં ગઢપુરે ગિરધારી, સહુ જન સંગે સુખકારી ॥૧૪॥
પછી પત્ર લખાવિયો પ્રીત્યે, મેલ્યો ગામોગામ ભલી રીત્યે ॥
પત્રમાંહિ લખે એમ લાલ, વાત જાણજયો સરવે હાલ ॥૧૫॥
ભીમ એકાદશીનો સમૈયો, કરવા વડથલ તે ઠેરાવિયો ॥
પણ વિઘ્ન વંટોળનું ભાળ્યું, પછી જાવા તણું અમે ટાળ્યું ॥૧૬॥
માટે નૈ આવીએ હવે અમે, પણ ચિંતા ન રાખજયો તમે ॥
મુજ વતી મુક્તાનંદ સ્વામી, આવી ભાંગશે સહુની ખામી ॥૧૭॥
ગુરુદેવને પૂજજયો એમ, સહુ પૂજો છો અમને જેમ ॥
વૃથા મેલીને તર્ક વિતર્ક, મુજ આશયે જાણજયો અર્ક ॥૧૮॥
ડોળ બુદ્ધિનો વાવરી જેહ, નહિ પૂજે શ્રી સ્વામીને તેહ ॥
દુઃખી થાશે તે દનુજ બુદ્ધિ, સૌ મળી માનજયો એમ સુધી[૧] ॥૧૯॥
તેહ પત્ર લઈ જયાનંદ, ચાલ્યાં મળવાને મુક્તાનંદ ॥
ત્યારે કથા કર્યાના ઈરાદે, હતાં મહામુનિ મેમદાવાદે ॥૨૦॥
ગામ બાર મંદિર રૂપાળું, તિયાં રાત રહ્યાં'તા દયાળુ ॥
મળ્યાં મુક્તમુનિને વરણી, કીધી વાત જે સરવે બણી ॥૨૧॥
સહુ જનને સંદેશ દીધો, પત્રમાંહિ પ્રભુએ જે કીધો ॥
સુણી જન થયાં રળિયાત, કેને થયો નહિ ઉત્પાત ॥૨૨॥
જાણ્યું આજ ઉઘડિયાં ભાગ્ય, મળશે સ્વામી સેવા કેરો લાગ ॥
નહિ આવે જો સમૈયે તાત, એમાં દુઃખ તણી શું'ય વાત ॥૨૩॥
હજી માત બેઠી છે હેતાળી, તૈયે શીદ રહેવું શોક ભાળી ॥
પ્રેમે પૂજશું સ્વામીને સહુ, જેમ પૂજીએ પ્રભુને બહુ ॥૨૪॥
એમ હૈયે ઘણું હરખાય, જન આવિયાં વડથલમાંય ॥
મળવા મુક્તમુનિ રહી આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વડથલ પધાર્યા એ નામે બસ્સો ને ત્રીજું પ્રકરણમ્ ॥૨૦૩॥

---

૧. બુદ્ધિમાન

પ્રકરણ : ૨૦૪

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, સારી કથા સુખરૂપ ॥
હરિ સમા હરિજનની, પાવનકારી અનુપ ॥૧॥
આ કથા જે સાંભળે, તે જન થાય અભેવ ॥
અહોનિશ મોક્ષમાર્ગે, પામે બળ તતખેવ ॥૨॥
સુજ્ઞ હશે સમજશે, રૂડી કથાનો મર્મ ॥
અન્ય ઉલૂક અજ્ઞાનિયા, સાંભળી થાશે ગરમ ॥૩॥

ચોપાઈ :

પછી ભીમ એકાદશી કેરો રે, કીધો ઉત્સવ રૂડો ઘણેરો રે ॥
બાંધ્યો વડે સુંદર હિંડોળો રે, અતિ સુશોભિત નહિ મોળો રે ॥૪॥
લાવ્યા પૂજાપાની સામગરી રે, તૈયારી ઉત્સવની આદરી રે ॥
પછી સહુ બોલ્યા શુભમતિ રે, મુક્તમુનિ દિયો અનુમતિ રે ॥૫॥
અમને પ્રભુની આગન્યા એવી રે, કરજ્યો પૂજા જગદીશ જેવી રે ॥
માટે દેજ્યો કરવા પૂજન રે, એમ કહી ગ્રહ્યા છે ચરણ રે ॥૬॥
દીધી આજ્ઞા જાણી અનુમતિ રે, નથી મન પૂજાવાનું રતિ રે ॥
પછી પધરાવ્યા કરી પ્રીત્ય રે, હેતે હિંડોળામાં રૂડી રીત્ય રે ॥૭॥
પૂજા કરી વિવિધ પ્રકાર રે, અંગે ધર્યા આભૂષણ સાર રે ॥
પછી હાર સુમન પહેરાવ્યા રે, બાંધ્યા બાજુબંધ જેહ લાવ્યા રે ॥૮॥
માથે પહેરાવી ફૂલની ટોપી રે, તે તો ખરેખરી તિયાં ઓપી રે ॥
અતિ પ્રેમે ઉતારી આરતી રે, પડી પાયે કરી છે વિનતિ રે ॥૯॥
બહુ પૂજ્યા પ્રેમે મહામુનિ રે, માની આગન્યા મહાપ્રભુની રે ॥
તિયાં રહ્યાં અન્ય જે મરાળ રે, મુનિ કેરા મંડળે દયાળ રે ॥૧૦॥
તેણે ગ્રહીને ઝાંઝ પખાજ રે, ગાયા કીર્તન હુલસી આજ રે ॥
જન નાચે ગુલતાન થઈ રે, એમ એકાદશી વીતી ગઈ રે ॥૧૧॥
હતાં ભક્ત ત્યાં સમાધિવાન રે, તેણે દીઠા ત્યાં કૃપાનિધાન રે ॥
જેવી રીતે પૂજ્યા મહામુનિ રે, એવી દીઠી મૂરતિ પ્રભુની રે ॥૧૨॥
મન મોદ પામ્યા થઈ ઘેલા રે, ધન્ય ધન્ય માની એહ વેળા રે ॥
મુક્તમુનિએ સુણાવી વાત રે, સુણી સહુ થયાં રળિયાત રે ॥૧૩॥

INDEX

બીજે દન ભક્ત કાળીદાસ રે, પ્રભુ પ્રસન્ન કરવા આશ રે ॥
તેણે દીધી લાડુની રસોઈ રે, ખરેખરો સમો એણે જોઈ રે ॥૧૪॥
વળી સ્વામીશ્રીને ફરી ફરી રે, પૂજ્યા અંતરમાં ભાવ ભરી રે ॥
દીધાં વસ્ત્ર ઘણાં અલંકાર રે, મહામૂલ્યવાળા તેહવાર રે ॥૧૫॥
આપ્યો અશ્વ રૂડો શણગારી રે, હરિ અર્થે સારો સંભારી રે ॥
મુનિએ તે વસ્ત્ર અલંકાર રે, વળી અશ્વ કરેલ તૈયાર રે ॥૧૬॥
દઈ પાર્ષદને કીધું એમ રે, સદ્ય પહોંચાય તમથી જેમ રે ॥
જઈ ગઢડે ગોવિંદ પાસ રે, ધરજો ભેટ અણમૂલી ખાસ રે ॥૧૭॥
કહી આલી એમને વિદાય રે, ચાલ્યાં પાળા લાગી મુનિપાય રે ॥
કેડ્યે બેઠો છે માસ અષાઢ રે, ઘન જામ્યા ગગનશું ગાઢ રે ॥૧૮॥
પછી સધાવિયા મુદભર રે, ત્યાંથી મહામુનિ શ્રીનગર રે ॥
ઉતર્યા ધર્મશાળા મોઝાર રે, સંગે સંત ઘણાં નિરધાર રે ॥૧૯॥
હરખ્યા હરિજન મન મેલી રે, એમ આનંદની થૈ હેલી રે ॥
તેની વાત નવ જાય કહ્યે રે, દન આનંદમાં જાય વહ્યે રે ॥૨૦॥
થયો ચાલુ જ્યાં ચાતુરમાસ રે, જન સહુ તજીને કંકાસ રે ॥
આવે સાંભળવા મીઠી વાણ્ય રે, જાણી શ્રીહરિ સમ સુજાણ્ય રે ॥૨૧॥
રૂડો દિયે મહામુનિ બોધ રે, કેદિ કરે ન કેનો વિરોધ રે ॥
તેથી જન સારાં ને નઠારાં રે, કહે મુક્તમુનિ છે અમારા રે ॥૨૨॥
એમ રહ્યાં છે સુખકરણ રે, તિયાં આવિયો માસ શ્રાવણ રે ॥
જિયાં જિયાં મુક્તમુનિ ફરે રે, તિયાં પાવન પૃથ્વી કરે રે ॥૨૩॥
મહાસંત જન સુખકારી રે, અતિ પુનિત પર ઉપકારી રે ॥
જેને દર્શન તેહનું થયું રે, તેને ભવ ભટકણ ગયું રે ॥૨૪॥
જેને સેવી લીધાં ધરી પ્યાર રે, તેનાં ભાગ્ય તણો નહિ પાર રે ॥
અંતે લેશે તે અક્ષરવાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વડથલમાં પૂજા કરી એ નામે બસ્સો ને ચોથું પ્રકરણમ્ ॥૨૦૪॥

પ્રકરણ : ૨૦૫

પૂર્વછાયો :

જેના ભ્રકુટિ વિલાસમાં, થાય કોટિ બ્રહ્માંડ વિનાશ ॥
તોય સહે તુચ્છ જીવને, ખરા થઈ દાસાનુદાસ ॥૧॥
રૂડો સત્સંગ શોભિયો, તેથી દ્વેષી બળ્યા મનમાંય ॥
એણે ઉપાધિ આદરી, ભૂંડુ કરવા ભક્તનું કાંય ॥૨॥
ભેખ અસુર ભેળા થયાં, મનસૂબો કર્યો મારવા ॥
મોટેરા મુક્તાનંદજી, તેને આવિયાં સંહારવા ॥૩॥

ચોપાઈ :

હરિ સમ સંત હિતકારી, તેની વાત કહું હવે ન્યારી ॥
આવે સુણતાં આંખ્યમાં પાણી, કરી દુષ્ટએ એવી કહાણી ॥૪॥
મુક્તમુનિએ શ્રીનગર વિશે, ગોકુળ આઠમ કરી અતિશે ॥
સહુએ કેસર ચંદને કરી, પૂજયા સ્વામી પૂજે જેમ હરિ ॥૫॥
બાંધ્યા બાજુબંધ બેઉ હાથે, ફૂલ ટોપી પહેરાવી છે માથે ॥
ફૂલડે કર્યાં મુનિ ગરકાવ, લીધો સહુ જને અતિ લ્હાવ ॥૬॥
થયો ઉત્સવ પૂરણ જ્યારે, નિજ ગામ ગયાં જન ત્યારે ॥
હતી આગન્યા હરિની એમ, શાલીગ્રામનું રાખજયો નેમ ॥૭॥
તેથી નિત્ય ઊઠી પરવારી, ભાવે પૂજતા મુનિ મોરારી ॥
રૂડું ગોપીચંદન તિલક, કરતાં દર્પણ વિના બેશક ॥૮॥
આગન્યા એમ પાળીને દૃઢ, રાજી કરવાની રાખતા રૂઢ ॥
પછી ભક્ત ભલા દામોદર, લૈ પડીકાંઓને નિજ કર ॥૯॥
ભેળા કરે સુંદર ગોઠવી, તિયાં વાત બની એક નવી ॥
તેમાં મોરથૂથા તણું એક, મળ્યું પૂજામાં વિષ વિશેક ॥૧૦॥
તે તો આવિયું ભક્તને હાથે, જાણ્યું આ તો જણાવિયું નાથે ॥
પછી સદ્ય દોડી દાટ્યું ખાળે, જેમ જન કોઈ નવ ભાળે ॥૧૧॥
પાછા કરવા લાગ્યા નિજ કામ, હૃદે સંભારી સુંદર શ્યામ ॥
ત્યાં તો મોરસ સમ સફેદ, મળ્યું અબીર જેવું અભેદ ॥૧૨॥
સત્ય પ્રમાણીને તે અબીર, દીધું રવાજીને કર અચિર ॥
રહેતા સેવામાં રવાજી જેહ, ઘસતા ચંદન પૂજામાં એહ ॥૧૩॥

---

૧. એક ઝેરી દ્રવ્ય

પછી દામોદરે લઈ આપ્યું, રવાજીએ તે ઠેકાણે સ્થાપ્યું ॥
બીજે દન ઘસતા ચંદન, જાણી અબીર તેહને મન ॥૧૪॥
ભેળું કીધું તે ચંદન વિશે, તે થકી પૂજયા મુનિ અતિશે ॥
ત્યાર કેડ્યે થઈ રૂડી કથા, હતી જેમ હંમેશની પ્રથા ॥૧૫॥
જોતજોત્યે ચંદન સુકાયું, મહામુનિ થકી ન રહેવાયું ॥
ભીનો માંગ્યો રૂમાલ મરાલે, લૂછ્યું ચંદન ચરચ્યું જે ભાલે ॥૧૬॥
અસહ્ય વેદના તો ઉપડી, ત્વચા ભાલ તણી છે તતડી ॥
તોય સ્થિર રહ્યાં મુનિ ત્યાંય, કેને ખબર થઈ ન કાંય ॥૧૭॥
કથા પૂરી થયે સૌ સિધાવ્યા, મુક્તમુનિ સ્વઆસને આવ્યાં ॥
તિયાં તર્ત તેડાવ્યા રવાજી, આવી ઊભા તે તો કહી હાજી ॥૧૮॥
પૂછ્યું સ્વામીએ પળમાં એમ, આજ ચંદન ચરચ્યું કેમ ॥
શું નાખિયું તું આજ અબીરે, વાધે છે વેદના ધીરે ધીરે ॥૧૯॥
આણી આંહિ મુજને દેખાડો, આવું દીઠું નહિ કોઈ દાડો ॥
તર્ત લાવ્યા રવાજી અબીર, સંત જોવા મળ્યાં સહુ ધીર ॥૨૦॥
પછી એકે સૂંઘ્યુ જિયાં લેશ, ત્યાં ચઢિયું છે માથું વિશેષ ॥
બોલ્યા મુનિ કર્યાં વિણ દેર, દિયો દાટી આ કાતિલ ઝેર ॥૨૧॥
અતિ આકરું વિષ છે એહ, સ્પર્શે રહે નહિ કેનું દેહ ॥
પછી રવાજીએ શીઘ્ર જઈ, આવ્યાં ઊંડું તેને દાટી દઈ ॥૨૨॥
જેણે દ્રગે દીઠું વિષ એ જ, નષ્ટ થયું તેનું નેણ તેજ ॥
તોય મુનિ બોલ્યા મુખ વેણ, રૂડું કરજયો એનું સુખદેણ ॥૨૩॥
એમ કહી કરાવી છે માળા, ફેરવે સંત વરણી ને પાળા ॥
એવાં અજોડ ક્ષમા મૂરતિ, તેથી તો વહાલા હરિને અતિ ॥૨૪॥
દર્શ દઈ અતિ સુખકારી, લીધા પ્રભુએ સ્વામી ઉગારી ॥
કરી શ્રીહરિએ ઘણી સહાય, ઘનશ્યામપ્રકાશ તે ગાય ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીનગરમાં મુક્તમુનિને ઝેર આપ્યું એ નામે બસ્સો ને પાંચમું પ્રકરણમ્ ॥૨૦૫॥

પ્રકરણ : ૨૦૬

પૂર્વછાયો :

ત્યાર પછી મુક્તાનંદજી, રહી શ્રીનગર મોઝાર ॥
દુઃખિયા જીવ સુખિયા કર્યા, દૈ સત્સંગ સુખ અપાર ॥૧॥
ભક્ત ભલા શ્રીપુરના, શુભ બેચર મણકી નામ ॥
મહામુનિના સંગથી, થયાં પોત્યે પૂરણકામ ॥૨॥
ભટ્ટ નથુ ભગવાનના, મેલ્યું તે સંગાથે કે'ણ ॥
દેજ્યો સંદેશ સ્વામીને, મુજ ઘેર પધારો રેણ ॥૩॥

ચોપાઈ :

પછી ભટ્ટ આવ્યાં સ્વામી પાસ, બહુ બેચરની કીધી આશ ॥
મ્યાના ઘોડાગાડી સુખપાલ, કર્યાં હાજર ત્યાં તત્કાળ ॥૪॥
ત્યારે મુનિ કહે વાત પર્મ, નથી ત્યાગી તણો એહ ધર્મ ॥
નિજ ઈચ્છા રાખી ઘણું મન, નવ બેસવું કેદિ વાહન ॥૫॥
એમ કહીને ચાલ્યાં મરાળ, આવ્યાં ભક્ત ભવને દયાળ ॥
સુણીને સામા આવિયાં શેઠ, સામૈયું કરી લાવિયા ઠેઠ ॥૬॥
નિજ ભવને પ્રેમથી પોંખી, પૂજા કરી દ્રવ્ય વડે નોખી ॥
કર મુક્તમુનિ કેરો ઝાલી, પ્રીત્યે બેસાર્યા ગાદીએ ચાલી ॥૭॥
પછી ગદગદ ગિરાએ સ્તુતિ, કરે ભાવભરી કર જૂતી ॥
થયો તમને મળવે સનાથ, નમું નમું મહામુનિ નાથ ॥૮॥
પડ્યાં પુનિત પગલાં આપ, થયું ભુવન પાવન અમાપ ॥
ગાય આગમો તમારી ગાથ, નમું નમું મહામુનિ નાથ ॥૯॥
ગંગા જમના નદી ગોદાવરી, પામે તીર્થત્વ આપને વરી ॥
એવી શક્તિ આપની સંગાથ, નમું નમું મહામુનિ નાથ ॥૧૦॥
તવ ચરણમાં તીર્થ રમે, એમ શાસ્ત્રા કહેતાં ન વિરમે ॥
મહાસમર્થ મોટી મિરાંથ્ય, નમું નમું મહામુનિ નાથ ॥૧૧॥
આપ જેવાનો ગુણ જો લીધો, તેને કલ્યાણ મારગ સીધો ॥
એને જમપુરી નહિ માથ, નમું નમું મહામુનિ નાથ ॥૧૨॥
પક્ષ લીધો જો શિરને સાટ, તવ રક્ષણ કાજ અફાટ ॥
તેનો જગજીવન ઝાલે હાથ, નમું નમું મહામુનિ નાથ ॥૧૩॥

INDEX

જન જેહ જમાડે તમને, પૂજે ઉપચારે પરસને ॥
તેને બળવંત ગ્રહેશે બાથ, નમું નમું મહામુનિ નાથ ॥૧૪॥
હશે પામર જે જગમાંય, તે શું જાણે મહિમા જરાય ॥
નહિ વાત આવે તેને હાથ, નમું નમું મહામુનિ નાથ ॥૧૫॥
મળ્યો મનુષ્ય દેહ અમૂલ્ય, તોય ઠાલો ફરે થઈ ફૂલ્ય ॥
રહું માન સ્વાભિમાન કાઢી, દોષ સરવે મૂળથી વાઢી ॥૧૬॥
વાધે હરિમાં હેત અપાર, કરો કૃપા મું પર લગાર ॥
સુણી શેઠ બેચરની વાણ્ય, કેડે મુનિ બોલિયા સુજાણ્ય ॥૧૭॥
સંત સમાગમ પરતાપે, જીવ પામે બ્રહ્મમોલ આપે ॥
માટે સંત સેવો શુદ્ધ ભાવે, તેહ વિના નહિ કોઈ ફાવે ॥૧૮॥
એમ વાત અનેક પ્રકાર, કીધી મહિમા તણી બહુવાર ॥
સુણી રાજી થયાં શેઠ ઘણું, કેડ્યે રહ્યું નહિ કહેવા તણું ॥૧૯॥
પછી કેસર ચંદન તણી, સુંદર અરચા કરી ભાલે ઘણી ॥
કોર સોનેરી વાળું વિશાળ, વસ્ત્રા દાન દીધું તતકાળ ॥૨૦॥
એમ રાજી કરી જન એક, મુનિ આવ્યાં ઉતારે વિશેક ॥
રૂડો દશેરા ઉત્સવ કરી, ગયાં વહેલાલ ઘણું વિચરી ॥૨૧॥
જેસંગભાઈની મેડીએ ખાંત્યે, સંત સંગે ઉતર્યા નિરાંત્યે ॥
કર્યાં રાજી હરિજન તિયાં, દન દશ રહી હરખિયા ॥૨૨॥
વળતા આવિયાં શ્રીપુર શહેર, ગાતા વાતા મુનિ મુદભેર ॥
પછી આવ્યો ઉત્સવ અણકોટ, એહ અર્થે રાખી નહિ ખોટ ॥૨૩॥
કરી દરશન નર ને નાર, મુખે બોલ્યા જયજયકાર ॥
પછી મુનિએ જન જમાડ્યા, પોતે પીરસી મોદ પમાડ્યા ॥૨૪॥
સહુ જનને સુખ જ દીધાં, નરનારી કૃતારથ કીધાં ॥
વાધી સ્વામીશ્રી કેરી સુવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે બેચર મણકીએ મુક્તમુનિની સ્તુતિ કરી એ નામે બસ્સો ને છઠ્ઠું પ્રકરણમ્ ॥૨૦૬॥

INDEX

પ્રકરણ : ૨૦૭

પૂર્વછાયો :

મરજીમાં મહારાજની, રહી અહોનિશ અપાર ॥
મુક્તમુનિએ શ્રીપુરમાં, અન્નકૂટ કર્યો નિરધાર ॥૧॥
તેહ સમે પોતે પ્રભુ, રહ્યાં હતાં ગઢડામાંય ॥
તિયાં પણ અવિનાશીએ, અન્નકૂટ કર્યો સુખદાય ॥૨॥
પછી પ્રભુજી ચાલિયા, સુદી આઠમ કાર્તિક દન ॥
સંઘ સહિત આવિયાં, જેતલપુરે જીવન ॥૩॥

ચોપાઈ :

સહુ જન તણે મન ભાવ્યા, હેતે હરિને સામૈયે લાવ્યા ॥
સખા સહિત જમાડ્યા સંત, પછી પોતે જમ્યા ભગવંત ॥૪॥
બાળ જોબન ને વૃદ્ધ જેહ, નિરખી થાય કૃતારથ તેહ ॥
પછી પધાર્યા જનને ભવન, રહ્યાં રાત્ય પ્રસન્ન મોહન ॥૫॥
તિયાં સંત સહુ તેડાવિયા, સમાચાર સુણી તે આવિયાં ॥
મુનિમુખ્ય મુક્તાનંદ મોટા, એહ આગળ્યે સરવે છોટા ॥૬॥
એ તો ચાલ્યાં શ્રીનગર થકી, જાવા જેતલપુરમાં નક્કી ॥
અસલાલી રહી અલ્પ રાત્ય, પછી ચાલ્યાં ત્યાંથી પરભાત્ય ॥૭॥
નડ્યું મારગે કીચડ ઘણું, તોય મેલ્યું નહિ જાવા તણું ॥
પુર દૂર રહ્યું થોડુ જયાંય, થઈ ખબર નાથને ત્યાંય ॥૮॥
તર્ત બેઠા થયાં સુખકારી, સામા જાવાની કીધી તૈયારી ॥
સંત સામટા સહુ બોલાવી, કર્યા સાબદા હરખ લાવી ॥૯॥
કહે સંતો આજે સહુ મા'લી, જાશું સ્વામીને મળવા ચાલી ॥
હવે તૈયાર થાઓ તતકાળ, હમણાં પહોંચશે આંહિ મરાળ ॥૧૦॥
પછી સરોવરે સંત સંગે, આવ્યાં શ્રીહરિ અતિ ઉમંગે ॥
ત્યાંથી ચાલિયા જ્યાં થોડુ ઘણું, થયું દર્શ તિયાં સ્વામી તણું ॥૧૧॥
મળ્યા બ્રહ્મ સંગે પરબ્રહ્મ, ભાવે ભેટી પડ્યાં અવિરમ ॥
દ્રગે દેખી રહ્યાં દોય સામું, ઘણે દન પૂરી થઈ હામું ॥૧૨॥
પછી ત્યાં થકી પુર પધાર્યા, જનને મન મોદ વધાર્યા ॥
આવી બેઠા ઓસરીયે શ્યામ, ઢળાવી ઢોલિયો અભિરામ ॥૧૩॥

INDEX

શોભે સમોહ સંતનો એવો, તે તો મુખ થકી કેમ કહેવો ॥
રૂડી રસોયું મરાળ કાજે, ખાંત્યે કરાવી શ્રી મહારાજે ॥૧૪॥
પીરસે પંગતમાં હરિ હાથે, કૈંક સંતને રેડે છે માથે ॥
જેમ જેમ જમે બહુ સંત, તેમ તેમ રાજી ભગવંત ॥૧૫॥
દઈ સંતને મોદ સાક્ષાત, જન મન કર્યાં રળિયાત ॥
પછી ત્યાંથી ચાલ્યાં હરિરાય, સંગે મુક્તાનંદ મુનિરાય ॥૧૬॥
વાટે દેગામ દર્શન દઈ, રહ્યાં રજની ડભાણે જઈ ॥
ત્યાંથી સાત દન વરતાલ, ઘણું વસી રહ્યાં ધર્મલાલ ॥૧૭॥
પછી બળવંત બુધેજ ગયાં, ગામ ગોરાડમાં પણ રહ્યાં ॥
આવ્યાં પચ્છમ ઝીંઝર ગામ, ત્યાંથી કુંડળમાં સુખધામ ॥૧૮॥
એમ વાલમ ફરતા ફરતા, આવ્યાં ગઢપુરે મનહરતા ॥
માગશર સુદી ચોથ દને, પ્રભુ પધારિયા પરસને ॥૧૯॥
સર્વ દાસને દરશન દીધાં, જનનાં મન મગન કીધાં ॥
નરનારી રહ્યાં સામું જોઈ, મીટે મટકું ન ભરે કોઈ ॥૨૦॥
જેમ ચંદને જુવે ચકોર, મેઘને જેમ જુવે છે મોર ॥
પછી બોલિયા જગજીવન, સર્વે સુખી છો કે નહિ જન ॥૨૧॥
ત્યારે બોલ્યા નરનારી સહુ, તમને નિરખી સુખી છૈયે બહુ ॥
પછી રૂડી રસોયું કરાવી, જન જમાડિયા મોદ લાવી ॥૨૨॥
સંધ્યાકાળ પૂરો થયાં પછી, જ્યારે નીકળ્યો નભમાં શશી ॥
રહી રજની વ્યાપિયું તમ, માંડ્યા તમરાં બોલવા ત્રમ ॥૨૩॥
કરી શ્રીહરિના દરશન, ગયાં પોઢવાને સહુ જન ॥
પોત્યે અક્ષર ઓરડીમાંય, પોઢવા પધાર્યા પ્રભુરાય ॥૨૪॥
ત્યાર પછીની સઘળી વાત, સંપ્રદાયમાં અતિ વિખ્યાત ॥
તેનો પાથરી કરું પ્રકાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે જેતલપુરમાં શ્રીહરિ સામા ચાલી મળવા ગયા એ નામે બસ્સો ને સાતમું પ્રકરણમ્ ॥૨૦૭॥

પ્રકરણ : ૨૦૮

પૂર્વછાયો :

પંડ પડે છે પળમાં, થયે શ્વાસ પૂરાં નિદાન ॥
તેમ હરિના જનને, હરિ મૂરતિ શ્વાસ સમાન ॥૧॥
અખંડ મૂરતિ અંગમાં, ધારી રહે સદાય ॥
એવાં જન જક્તમાં, ઝાઝાં નહિ સુખદાય ॥૨॥
અંગ આદિ ગુરુદેવનું, કેવું ધ્યાન તણું વિશેષ ॥
ક્ષણ પળ વળી જામની, રહેતી નહિ સૂધ લેશ ॥૩॥

ચોપાઈ :

એવાંમાંહિ બની વાત એક, જરૂર જાણવા જેવી વિશેક ॥
પોઢ્યા અક્ષર ઓરડે શ્યામ, સૂતા સંત સહુ અભિરામ ॥૪॥
પછી પચ્છમ ગામના જન, જેનું દેવજી નામ પાવન ॥
આવ્યાં પ્રભુની કરવા સેવા, ખરી તકે રાજી કરી લેવાં ॥૫॥
પગચંપી કરે હળવે હાથ, રખે ઊઠી જાયે નહિ નાથ ॥
નરનારી હતાં નિદ્રાધીન, ચહુ દિશ થયો રવ લીન ॥૬॥
વીતી રજની ત્યાં દોઢ પહોર, ત્યારે મુક્તમુનિ ભાવભોર ॥
કર ગ્રહી સરોદ સોરંગે, ગાય રાગ બિહાગ ઉમંગે ॥૭॥
થયાં મૂરતિમાં ગુલતાન, નિજ તન કેરું ભૂલી ભાન ॥
ઉચ્ચ સ્વરે ગાય કીરતન, રાજીવનેણ રીઝાવા મગન ॥૮॥
નિત્ય નિયમ સ્વામીનું એવું, હોય વાલુ વાલમને જેવું ॥
ગાવાં કીરતન પ્રસન્ન મન, તે ભૂલે ન નેમ કોઈ દન ॥૯॥
ગાતા થાતાં ગરકાવ જ્યારે, સૂધ રહેતી નહિ લેશ ત્યારે ॥
પછી મૂર્તિમાં પ્રવેશ કરી, એક ચિત્તે સંભારતા હરિ ॥૧૦॥
ઝાંઝ કરતાલ સરોદ સતાર, જે જે વાજિંત્ર શ્રેષ્ઠ અપાર ॥
તેહ મધ્યે સર્વોપરી સ્વામી, નોય રંચભર એમાં ખામી ॥૧૧॥
જિયાં લગી મહામુનિ ગાય, તૃપ્તિ સાંભળવે નવ થાય ॥
સૂધ ભૂલી શ્રોતાઓ સાંભળે, ચડે રંગ નવો પળે પળે ॥૧૨॥
એમ ગાતા પ્રેમે કીરતન, મુક્તાનંદજી મન મગન ॥
પછી વીત્યો સમો અલ્પ ત્યાંય, ત્યારે અક્ષર ઓરડીમાંય ॥૧૩॥

INDEX

સુણ્યો શ્રીહરિએ સુમધુર, ધીમો ધ્વનિ સુરીલો જરૂર ॥
થઈ બેઠા ને બોલિયા એમ, કોઈ બોલાવે છે મુને કેમ ॥૧૪॥
ત્યારે પાળા હતાં દસ બાર, હરિના ઢોલિયે નિરધાર ॥
તે તો બોલિયા મુખથી આમ, નથી નથી કોઈ પોઢો શ્યામ ॥૧૫॥
સુણી પ્રભુ બોલ્યા કેમ નથી, કોઈ ગાઈ બોલાવે મુખથી ॥
સુણો ધ્યાન થકી ધ્વનિ સહુ, શ્રવણે સંભળાય છે બહુ ॥૧૬॥
તિયાં પાળા બોલ્યા અટકળે, બ્રહ્મમુનિ ગાય છે આ પળે ॥
સુણી સંતોષ થયો ન લેશ, કેડ્યે કહ્યું દેવજીને શેષ ॥૧૭॥
સત્ય વાત જાણો જઈ તમે, કોણ ગાય કીર્તન આ સમે ॥
પછી ધર્મશાળે ગયાં દાસ, દ્રશ્ય દેખીને પામ્યા હુલાસ ॥૧૮॥
મહામુનિ મુક્તાનંદ સ્વામી, સંગે આધારાનંદ અનુગામી ॥
ગુરુ શિષ્ય મળી દોય સાથે, ગાય કીર્તન ભાવ સંગાથે ॥૧૯॥
કીધાં દૂરથી તેને પ્રણામ, પછી વિચાર્યું મનમાં આમ ॥
મુક્તાનંદજી તો મહામુનિ, એને ઉપમા આપવી કુની ॥૨૦॥
વીતી છે ઘણી રજની તોય, ગાવે સંભારી શ્રીહરિ સોય ॥
પછી ઉપજ્યો એમ વિચાર, તિયાં બેસું જઈ ઘણીવાર ॥૨૧॥
પણ સુણાવા શ્યામને વાત, આવ્યાં ઓરડીએ રળિયાત ॥
પૂછ્યું પ્રભુએ સઘળું જ્યારે, માંડી વાત સંભળાવી ત્યારે ॥૨૨॥
ગુરુદેવ મુક્તાનંદ સ્વામી, સંગે આધારાનંદ અકામી ॥
ગાય છે અતિ પ્રેમે કીર્તન, મોદ પામે સાંભળતાં મન ॥૨૩॥
આવું નિહાળી પુનિત દર્શ, મુને વાધ્યો અંતરમાં હર્ષ ॥
હવે સમજ્યાં રહસ્ય અમે, કેમ ગુરુ માનો તેને તમે ॥૨૪॥
દીનાનાથ આગે એમ ખરી, ભક્ત દેવજીએ વાત કરી ॥
નેણે દીઠો મુનિનો ઉલ્લાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ મધ્યરાત્રિએ સરોદ લઈ કીર્તન ગાયાં એ નામે બસ્સો ને આઠમું પ્રકરણમ્ ॥૨૦૮॥

પ્રકરણ : ૨૦૯

પૂર્વછાયો :

પ્રભુ પર્યંક પરથી, રૂડી રજાઈ પરહરિ ॥
ગુરુ દર્શન પામવા, ગયાં ધર્મશાળે શ્રીહરિ ॥૧॥
દૂર ઊભા રહી નેહથી, દીઠા મુક્તાનંદ મરાળ ॥
પ્રેમે ગાય કીર્તનને, રાખી હૃદયે દીનદયાળ ॥૨॥
રસિયાને રોમાવલી, થઈ સાંભળતા પુલકિત ॥
સુંદર શ્રી ઘનશ્યામને, ઉપજ્યો પ્રેમ અમિત ॥૩॥

ચોપાઈ :

એમ વીતી જિયાં અલ્પ રેણ, ગુરુદેવે ખોલ્યાં નિજ નેણ ॥
ત્યાં તો દીઠા છે શ્યામસુંદર, સદ્ય ઊભા થયાં મુદભર ॥૪॥
કહે કેમ કષ્ટ ગ્રહ્યું આજ, મુજ આસને આવ્યા મહારાજ ॥
કહી મેલ્યું જો હોત મુજને, કરું ગાન આવી આપ કને ॥૫॥
કરો ક્ષમા અપરાધ મારો, ખ્યાલ રહ્યો ન લેશ તમારો ॥
ત્યારે બોલિયા છે બહુનામી, હું શું કહું તમને હે સ્વામી ॥૬॥
આપના દલનો શુદ્ધ ભાવ, મર હોય અમે કોટિ ગાવ ॥
તોય લાવે ખેંચીને નિકટ, એમાં ચાલે ન અમારી હઠ ॥૭॥
આપે ધારી અખંડ મૂરતિ, આઠું જામ કરો પ્રભુભક્તિ ॥
છે એ કામ ખરું ભક્ત કેરું, બીજું મેલવું કાજ ઘણેરું ॥૮॥
પછી વાત વહેતી થઈ જયાંય, સુણી સંત આવ્યાં સહુ ત્યાંય ॥
સંવત અઢારસોને છોત્તેર, મુખ્ય માગશર રૂડી પેર ॥૯॥
સુદ ચોથી રઢિયાળી રાત, તેદિ સભા થઈ ભલી ભાત્ય ॥
પછી શ્યામે કર્યો જે સંવાદ, મુનિ સંગે ત્યજીને પ્રમાદ ॥૧૦॥
લીધો લખી કાગળ અક્ષરે, જેથી કાજ અનેકનાં સરે ॥
તેહ દિન થકી શરૂઆત, વચનામૃતની થૈ સાક્ષાત ॥૧૧॥
તેનાં કેન્દ્રબિંદુ મુક્તાનંદ, અહો સદ્‌ગુરુ શ્રેષ્ઠ સુવંદ્ય ॥
રવિ ચંદ રહેશે જિયાં લગે, નરનારી સંભારશે જગે ॥૧૨॥
વચનામૃત ગ્રંથ અજોડ, તેની વાત કહું રાખી કોડ ॥
સર્વપ્રથમ શ્રીમહારાજે, કીધી આગન્યા સ્વામીને કાજે ॥૧૩॥

INDEX

જે જે વાત કહીએ અમે જ્યારે, તે તે લખાવી રાખવી ત્યારે ॥
તે દન થકી શ્રી ગુરુદેવ, આગન્યા ગ્રહી શિર અભેવ ॥૧૪॥
મુખે બોલે શ્રીહરિ જે વાત, સુખે સાંભળીને રળિયાત ॥
એક એક સંતને બોલાવી, વાતું વાલાની હેતે લખાવી ॥૧૫॥
એમાં શુકાનંદ શાંતાનંદ, આધારાનંદ ને દહરાનંદ ॥
રહી સ્વામીની પાસ હજૂર, શ્રદ્ધા રાખી લખતાં જરૂર ॥૧૬॥
સંત કીધાં લહિયા ધીમંત, હવે કહું સંપાદક સંત ॥
તેમાં મુખ્ય મુક્તમુનિ જાણો, ગ્રંથમાંહિ આદિ તે પ્રમાણો ॥૧૭॥
યોગીવર્ય શ્રી ગોપાળાનંદ, સંગે નિત્યાનંદ શુકાનંદ ॥
ચ્યાર સદ્‌ગુરુ શ્રેષ્ઠ અપાર, કીધો ગ્રંથ સંપાદિત સાર ॥૧૮॥
શત દોય ને બીજા બાસઠ્ય, થયાં વચનામૃત સારી પઠ્ય ॥
ક્યાંક પ્રશ્ન પૂછાયા અપાર, ક્યાંક કીધાં કૃપાવાક્ય સાર ॥૧૯॥
પ્રશ્ન મુક્તમુનિના વધારે, એ તો મુમુક્ષુનાં મન ઠારે ॥
દીનતા ધરીને દલમાંજ, કહી આરંભે હે મહારાજ ॥૨૦॥
વળી વચનામૃત મોઝાર, આપી આગન્યા સ્વામીને સાર ॥
સંપ્રદાય સંબંધી જે ગ્રંથ, રૂડાં કરજો તમે મહિમાવંત ॥૨૧॥
દેહ પર્યંત લખો ચરિત્રા, નિજ ઈષ્ટદેવનાં પવિત્રા ॥
જેથી પુષ્ટિ થાય નિજ કેરી, અન્ય વડે ન વાધે ઘણેરી ॥૨૨॥
ધન્ય ધર્મપુત્ર ભગવાન, એ જેવા ન બીજા પ્રેમવાન ॥
ધન્ય ધન્ય મુક્તમુનિ સંત, જેના પ્રેમવશ ભગવંત ॥૨૩॥
ધન્ય નર જે ગાશે ચરિત, સુણશે શ્રવણે દઈ ચિત્ત ॥
તેનું અંતર તિમિર જાશે, જ્ઞાનદીપ અંતર ઉજાશે ॥૨૪॥
તે સહુને ન આવવું ફરી, લિયો નિશ્ચે મન પાકું કરી ॥
તેમાં રહેશે ન કોઈ કચાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વચનામૃતનો ઉદ્‌ભવ થયો એ નામે બસ્સો ને નવમું પ્રકરણમ્ ॥૨૦૯॥

INDEX

પ્રકરણ : ૨૧૦

પૂર્વછાયો :

કૃપાસિંધુ કૃપા કરી, નિત્ય નવી કરે વારતા ॥
નરનારી સુણી શ્રવણે, આઠે પહોર સંભારતાં ॥૧॥
પ્રશ્ન ઉત્તર અતિ ઘણાં, માંહોમાંહિ મળી કરે ॥
ક્યારે પૂછે છે વાલ્યમો, ક્યારે સંત શ્રીજી આગે ધરે ॥૨॥
એના ઉત્તર અલૌકિક, સુણ્યાં નહિ કેદિ શ્રવણે ॥
તે સુણી જન મોદ પામે, ધન્ય ધન્ય સહુ ભણે ॥૩॥

ચોપાઈ :

પ્રશ્ન ઉત્તરની બહુ ઝડી, વરસે સભામાં ઘડી બે ઘડી ॥
હરિ સંત વળી હરિજન, કરે વાત રસાળ અનંત ॥૪॥
એમાં શંકા પરસ્પર થાય, વડા વિલંબે વિરામે ક્યાંય ॥
તેને મહામુનિ દઈ ધ્યાન, ભેળું કરી લખાવે નિદાન ॥૫॥
એકઠા તે ખરડાઓ કરી, દેતા દેખાડી શ્યામને ધરી ॥
પ્રભુ કરતાં તેને પ્રમાણ, હોય ભૂલ્ય તો કહેતાં સુજાણ ॥૬॥
કહ્યું મુક્તાનંદજીને એમ, અમે બેઠા હોય જિયાં જેમ ॥
સાધુ પાળા તથા સતસંગી, જે જે પ્રશ્ન પૂછે નિજ અંગી ॥૭॥
પક્ષ માસ તિથિ વળી વર્ષ, તે લખજો અનુક્રમે હર્ષ ॥
જેથી પૂરો પ્રામાણિક ગ્રંથ, રહે સર્વોત્તમ અકબંધ ॥૮॥
આજ્ઞા પ્રભુની શિર ચડાવી, સ્વામી સઘળું લેતાં લખાવી ॥
માટે આદ્ય સંપાદક સ્વામી, વચનામૃતના છે અનુગામી ॥૯॥
શાસ્ત્રવેત્તા વળી જ્ઞાનવાન, મોટા મેધાવી પંડિત નિદાન ॥
ગ્રંથ વચનામૃત મોઝાર, શોભે સંત અનેક ઉદાર ॥૧૦॥
મુક્તમુનિ કેરી નામાવલી, વારે વારે દીસે માંહિ ભલી ॥
જેની શ્રદ્ધા માહાત્મ્ય સંગાથે, કીધું સારંગપુરમાં નાથે ॥૧૧॥
જેને સ્મર્યે ભૂંડા ઘાટ ટળે, લાલ બોલ્યા લોયાધામ બળે ॥
લઈ નારાયણ નિરધાર, મુક્તમુનિ સદ્‌ગુરુ સાર ॥૧૨॥
એ છે સ્વયં શ્રી ભગવાન, કીધું લોયે લાડીલે નિદાન ॥
જે જે ધામ પ્રભુના ગણાય, તિયાં કીર્તન જે જે ગવાય ॥૧૩॥

INDEX

એ છે મુક્તાનંદના રચેલ, બોલ્યા ગઢડે છબીલો છેલ ॥
નિશ્રય માહાત્મ્ય સહિત અંગે, કીધાં સંતમાં એક ઉમંગે ॥૧૪॥
પડે ફેર ન સુમતિ લેશ, મર દેખે જંતર વિશેષ ॥
એવાં એક મુક્તાનંદ સ્વામી, બોલ્યા શ્રીમુખ અંતરજામી ॥૧૫॥
ત્રુટિ રાખે નહિ કેદિ કેમાં, જે જે હાથ ધરે સેવા એમાં ॥
લૈયા ગવૈયા ને ભણનારા, સહુ સંત કેવાય છે સારા ॥૧૬॥
તે તો ઝાઝું રહેતા પ્રભુ પાસે, કાં તો મુક્તાનંદજીની વાંસે ॥
એક સમે શ્રી સારંગપુર, ભણે ભણનારા ભરપૂર ॥૧૭॥
ગ્રંથ જ્ઞાનામૃત હરિગીતા, રૂડાં અક્ષરે લખે અધીતા ॥
પછી આપ્યો તે હરિને હાથ, દેખી રાજી થયાં દીનાનાથ ॥૧૮॥
કેડ્યે કહે પ્રભુ એક પણ, ભૂલ્ય કાઢે જે આમાંથી વર્ણ ॥
તેને દેશું અમે હેતે થાળ, માટે આગળ્ય આવો મરાળ ॥૧૯॥
ત્યારે સ્વામી જોવા માંડ્યા ગ્રંથ, જાણે વ્યાકર્ણનો સહુ પંથ ॥
પછી ત્રુટિ અનુસ્વાર તણી, દીનાનાથને દેખાડી ભણી ॥૨૦॥
તૈયે રાજી થઈ અવિનાશે, દીધો સ્વામીને થાળ હુલાસે ॥
એવાં પ્રકાંડ પંડિત પૂરાં, એની આગળ્ય સર્વે અધૂરા ॥૨૧॥
બ્રહ્મસૂત્ર વળી ગીતાભાષ્ય, જાણે સઘળાં એનાં રહસ્ય ॥
નિજ હાથે લખ્યાં સાત કાંડ, રૂડી રામાયણના પ્રકાંડ ॥૨૨॥
ગૂઢ ઉપનિષદના અર્ક, જાણે અથેતિ તર્ક વિતર્ક ॥
રચ્યું બ્રહ્મસૂત્ર ભાષ્ય જયારે, પુષ્ટિ કરવા પ્રભુની ત્યારે ॥૨૩॥
મુનિગોપાળ માધવદાસ, તેણે સહાય કરી'તી હુલાસે ॥
માટે ધન્ય એ દોય મરાળ, સમે સેવા કરી લૈ સંભાળ ॥૨૪॥
મુક્તાનંદજી મહાવિદ્વાન, તોય પ્રભુમાં છે એકતાન ॥
રહ્યાં શ્રીહરિના થઈ શ્વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિની વિદ્વત્તા કહી એ નામે બસ્સો ને દસમું પ્રકરણમ્ ॥૨૧૦॥

પ્રકરણ : ૨૧૧

પૂર્વછાયો :

લખું લીલા હવે લાડચથી, જે કરી મુનિએ ખાસ ॥
સંભાર્યે સુખ ઉપજે, થાય અંતરમાંહિ ઉજાસ ॥૧॥
સંવત્ત છોત્તેર સાલમાં, શુભ વસંત પંચમી દન ॥
સખા સહિતે શ્યામળો, રમ્યા રંગ ગઢડે પ્રસન ॥૨॥
વિધવિધ વ્યંજન કરી, જમી જમાડિયા નરનાર ॥
દીધાં દર્શન દાસને, જોઈ હરખે મન અપાર ॥૩॥

ચોપાઈ :

પછી વળાવિયા જન ઘેર રે, જેણે લાવ લીધો રૂડી પેર રે ॥
સતસંગી પ્રભુ પાસ આવી રે, પાયે લાગી ગયાં છે સધાવી રે ॥૪॥
તેહ સમે બોલાવીને સ્વામી રે, કરે આગન્યા અંતરજામી રે ॥
આજ થકી તમે મહામુનિ રે, લેવા ખબર સહુ જનની રે ॥૫॥
સુખે સધાવો શ્રીપુર શહેર રે, કરજ્યો હરિકથા મુદભેર રે ॥
સમુદાય શ્રીનગર તણો રે, તેને ભાવ છે આપમાં ઘણો રે ॥૬॥
જેવો આપમાં પ્રેમ વિશેષ રે, બીજા ઉપર તે નથી લેશ રે ॥
વળી વાત તમારી સાંભળી રે, આવે આંસું આંખ્યુમાંહિ ઝળી રે ॥૭॥
બહુ પત્ર લખે મુજ પર રે, મેલો મુક્તમુનિ શ્રીનગર રે ॥
માટે ભક્તની પૂરવા હામ રે, જાજ્યો પ્રેમ થકી સુખધામ રે ॥૮॥
પછી પ્રભુનું ગ્રહી વચન રે, ચાલ્યાં મહામુનિ દૂજે દન રે ॥
જાતાં મોર્ય મળ્યાં રામદાસ રે, સર્વે વાતનો કર્યો પ્રકાશ રે ॥૯॥
એહ સમે બોલ્યા ભાઈ મુખે રે, સ્વામી જાઓ શ્રીનગર સુખે રે ॥
મુજ દેહ તણો નિરધાર રે, નથી રહ્યો હવે તો લગાર રે ॥૧૦॥
ફરી મળાય કે ન મળાય રે, નથી આશ એની હવે કાંય રે ॥
સર્વે વાત છે હરિને હાથ રે, એ છે જગતના પ્રાણનાથ રે ॥૧૧॥
હરિ મરજીમાં રહેવું હજૂર રે, તેથી ઘડીએ ન થાવું દૂર રે ॥
જેને ઉર વસે એવી વાત રે, પામ્યા સત્સંગ એ જ સાક્ષાત રે ॥૧૨॥
વળી તમ જેવા મહાસંત રે, વસો સત્સંગમાંહિ અત્યંત રે ॥
તિયાં લગી રહેશે તે પવિત્ર રે, નહિ આપ જેવા જડે ઇત્ર રે ॥૧૩॥

INDEX

સુણી સ્વામી બોલ્યા એમ વાણ્ય રે, સહજાનંદ એક સુખખાણ રે ॥
નથી એવો અન્યનો પ્રતાપ રે, અનંત ઐશ્વર્ય શક્તિ અમાપ રે ॥૧૪॥
મુનિ આત્માનંદે રૂડો દેશ રે, દેખી વાવિયાં બીજ સવિશેષ રે ॥
પછી સ્વામી રામાનંદે જળ રે, પાઇ સત્સંગ કર્યો અમળ રે ॥૧૫॥
એમાં આવ્યાં સહજાનંદ સ્વામી રે, શોધી શોધી ટાળી સહુ ખામી રે ॥
કલ્પવૃક્ષ સમ સતસંગ રે, કર્યો બાંધી નિયમ અભંગ રે ॥૧૬॥
નર તોડે જે નેમની વાડ્ય રે, મર હશે મોટાઈનો તાડ રે ॥
તેની નક્કી મોટાઈ જવાની રે, હશે તે પણ નહિ રહેવાની રે ॥૧૭॥
રહેશે નર જે નિયમમાંહિ રે, તેની વધશે મોટ્યપ આંહિ રે ॥
માટે મોક્ષરૂપી ફળ કાવે રે, નક્કી નિયમમાંહિ રહાવે રે ॥૧૮॥
એવાં આપ નિયમે મહાન રે, તવ તુલ્ય ન કોઈ નિદાન રે ॥
આપ જેવા મરાળ સમર્થ રે, તેને સેવ્યે સરે સહુ અર્થ રે ॥૧૯॥
એમ કર્યો સ્વામીએ સંવાદ રે, સંગે રામદાસ મરજાદ રે ॥
શિષ્ય રામાનંદ મુનિ તણાં રે, વય જ્ઞાને વૃદ્ધ થયાં ઘણાં રે ॥૨૦॥
તન મેલવા વિચારે મન રે, ક્યારે આવે ઘડી શુભ દન રે ॥
વૃત્તિ રાખી સર્વ પ્રભુમાંય રે, આઠે પોર રહે મોદમાંય રે ॥૨૧॥
પછી માઘ માસે મુક્તાનંદ રે, છઠ્ય અંજવાળી સુખકંદ રે ॥
તેદિ પ્રયાણિયા પ્રેમ થકી રે, ગ્રહી વાટ શ્રીનગર નકી રે ॥૨૨॥
વાટ જુવે તિયાં નરનારી રે, કરે મુનિ આવ્યાંની તૈયારી રે ॥
જનને મન મોદ છે ઘણો રે, પૂરો થશે સંકલ્પ આપણો રે ॥૨૩॥
પછી જે જે આવ્યાં વાટે ગામ રે, ભક્ત રાજી કર્યા અભિરામ રે ॥
દિયે દર્શન પ્રસન્ન ઘણું રે, મન છે શ્રીપુર જાવા તણું રે ॥૨૪॥
એમ કરતાં પધારિયા પ્રીત્યે રે, કોડ્યે કર્ણાવતી ભલી રીતે રે ॥
હરિજન પામ્યા હળવાશ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામદાસ સ્વામી સાથે નિયમ સંબંધી ચર્ચા કરી એ નામે બસ્સો ને અગિયારમું પ્રકરણમ્ ॥૨૧૧॥

પ્રકરણ : ૨૧૨

પૂર્વછાયો :

પછી પધાર્યા પ્રેમથી, શ્રીનગરમાં મુનિરાય ॥
ભક્ત સહુ ભાવિક ભલા, તે સંગ રહ્યાં સુખદાય ॥૧॥
શિશુ દેખી જનની, હરખી રહે તતકાળ ॥
તેમ જન હરખિયા, મળી મુક્તમુનિ મરાળ ॥૨॥
નિત નિત સતસંગનો, વાધ્યો રંગ અમાપ ॥
પ્રસંગ પામી સંતનો, નરનારી થયાં નિષ્પાપ ॥૩॥

ચોપાઈ :

ગઢપુરે કરી ઘણો વાસ, પછી ચાલ્યાં ત્યાંથી અવિનાશ ॥
નક્કી જાવું મારે મછિયાવે, એમ કર્યો નિરધાર માવે ॥૪॥
આવ્યાં નિંગાળા ને ઉગામેડી, ત્યાંથી ઝિંઝાવદ્ર સંઘ તેડી ॥
કાજુ કારિયાણી સારંગપુર, ત્યાંથી ગુંદા જાળીલે જરૂર ॥૫॥
સુંદરિયાણા અણિયાળી ગામ, અડવાળ બળોલ મુકામ ॥
ઘણું ઘૃત જમાડ્યા દયાળે, નિજજનને ગામ શિયાળે ॥૬॥
પછી મછિયાવ પુરમાંય, પ્રેમે પધાર્યા મોહનરાય ॥
ઘણું હરખી હૈયે હુલાસ, આવ્યાં દરશને બહુ દાસ ॥૭॥
હાર પૂજા લાવ્યા બહુ પેર, જન આવ્યાં જેમ સિંધુ લેર ॥
પૂજા કરી લાગે સહુ પાય, કહે આવા રહેજો ઉરમાંય ॥૮॥
વારે વારે કહે સહુ જન, ભલે ભલે આવ્યાં ભગવન ॥
આજ અમ પર અઢળ ઢળ્યા, ઘણાં દનના વાયદા વળ્યા ॥૯॥
સુણી દાસની સઘળી વાણી, હેતે બોલાવ્યા પોતાના જાણી ॥
પછી રૂડાં કરાવ્યાં ભોજન, જમ્યા ભાવ જોઈ ભગવન ॥૧૦॥
એમ કરતાં આવી અંજવાળી, ફાગણ એકાદશી મરમાળી ॥
તેદિ મુક્તમુનિ લઈ સંઘ, આવ્યાં મછિયાવપુરે અનઘ ॥૧૧॥
દન એક પોર ચઢ્યો જયારે, આવી પહોંચિયા ગામ દ્વારે ॥
સુણ્યાં શ્રીહરિએ સમાચાર, તર્ત સામા ચાલ્યાં તેહવાર ॥૧૨॥
દૂર થકી દીઠા ગુરુદેવ, તેહ ઘડી દોડ્યા તતખેવ ॥
મુનિએ પણ નીરખી નાથ, ચાલ્યાં ઉતાવળે સંઘ સાથ ॥૧૩॥

આમાંસામાં ભેળા થયાં જયારે, પડ્યાં પૃથ્વીએ બેઉ ત્યારે ॥
દંડવત્ કરે દીનાનાથ, મુનિ સામા કરે જોડી હાથ ॥૧૪॥
પછી ભેટ્યા ભાવે ભુજ ગ્રહી, વાત વર્ણવી જાય ન કહી ॥
અન્ય મુનિજન આણી ભેટ, મળ્યાં પ્રભુને પ્રેમ સમેત ॥૧૫॥
લઈ મુક્તમુનિ નિજ સંગે, ચાલ્યાં પ્રભુ પુરમાં ઉછરંગે ॥
રૂડાં દ્વિજને ઘેર ઉતારો, દીધો મુક્તાનંદજીને સારો ॥૧૬॥
બીજા બાઈભાઈ સંઘવાસી, તેને દીધાં ઉતારા તપાસી ॥
ખજૂર ખારેક દ્રાક્ષ રસાળ, દીધાં સંતને એના ફરાળ ॥૧૭॥
રહ્યો દનનો પાછલો પહોર, ભક્ત ભેળા થયાં ચહુકોર ॥
સભા કરી બેઠા અવિનાશ, દ્રગે દર્શ કરે સહુ દાસ ॥૧૮॥
મુક્તમુનિ સંગે સંઘમાંય, આવ્યાં ભલા નથુ ભટ્ટ ત્યાંય ॥
તેહ લાવ્યા શ્રીહરિને કાજે, છીંટ ડગલી સુરવાળ આજે ॥૧૯॥
તે તો પ્રભુને પહેરાવા હેતે, દીધાં સ્વામીને સ્નેહ સમેતે ॥
ભટ્ટ પાસેથી વસન લઈ, પ્રીત્યે પ્રભુને પહેરાવ્યાં જઈ ॥૨૦॥
રૂડી ડગલી ભાળી રૂપાળી, થયાં રાજી ઘણું વનમાળી ॥
વળી રૂએ ભર્યો સુરવાળ, તેને બહુ વખાણે દયાળ ॥૨૧॥
મુક્તમુનિને હાથે પહેરેલા, પેર્યાં વસ્ત્રા જે રુએ ભરેલાં ॥
તેતો બહુ દિન લગી અંગે, ધાર્યા શ્રીહરિએ ઉછરંગે ॥૨૨॥
પછી સભા કરી સુખધામ, ગયાં પોઢવા શ્રી ઘનશ્યામ ॥
જાગ્યા પ્રભુજી પ્રભાતકાળે, કર્યો નિત્યવિધિ ત્યાં દયાળે ॥૨૩॥
પછી ચોતરે પાટ ઢળાવી, તેહ ઉપર બેઠા છે આવી ॥
દેખે અમૃત દ્રષ્ટિએ આપ, હરે જન મન તન તાપ ॥૨૪॥
દેશદેશના સંઘ જે આવે, પૂજા સામગરી ઘણી લાવે ॥
લળી પાય કરે અરદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મછિયાવમાં લીલા કરી એ નામે બસ્સો ને બારમું પ્રકરણમ્ ॥૨૧૨॥

INDEX

પ્રકરણ : ૨૧૩

પૂર્વછાયો :

ત્યાર પછી મછિયાવમાં, દેશદેશના તેડાવી જન ॥
સમૈયો ફૂલદોળનો, કર્યો રંગભર પાવન ॥૧॥
સંત સંગે શ્યામળો, રંગે રમ્યા અપાર ॥
જન સૌ રસબસ થયાં, તેનો કહેતાં ન આવે પાર ॥૨॥
પછી પંગતમાં પીરસી, હેતે જમાડ્યા દાસ ॥
અલબેલે કરુણા કરી, પૂર્યા જન મન હુલાસ ॥૩॥

ચોપાઈ :

વળતે દન આવી સંઘ સહુ, કરે વિનંતી પ્રભુને બહુ ॥
સંતમંડળ સત્સંગ કાજ, મેલો દેશ અમારે મહારાજ ॥૪॥
સતસંગનું મૂળ જ સંત, નથી જગમાંહિ એવા જંત ॥
સંત ભેટાડે પૂરણબ્રહ્મ, મર હોય પાપી કે અધમ ॥૫॥
વળી સંત વિણ પ્રભુમાંય, કુણ પ્રીત કરાવે સદાય ॥
એવો સંતમાં ગુણ છે ભારી, અનઘ અવિચળ અવિકારી ॥૬॥
એવાં સંત સંગે સતસંગ, તેનો ચઢતો દીસે અંગે રંગ ॥
માટે સંતનો સંગ જ દેજયો, અસંત થકી ઉગારી લેજયો ॥૭॥
બીજું ન માંગિયે અમે કાંય, તમે સુણી લેજયો હરિરાય ॥
પછી બોલિયા શ્યામસુંદર, દેશું સંત સમાજ અવર ॥૮॥
પછી મંડળિયું રચી માવે, સંત ભેળા કરી મછિયાવે ॥
કોઈ મંડળ કચ્છમાં ગયાં, કોઈ તો વળી સોરઠે રહ્યાં ॥૯॥
કોઈ સિધાવ્યા દંઢાવ્ય દેશ, કોઈ બુરાનપુર વિશેષ ॥
કોઈ ચરોતર ને કાનમે, ઝાલાવાડે મેલ્યા છે વાલમે ॥૧૦॥
પછી પ્રીત્યે બોલાવી મરાળ, મહામુક્તાનંદજી દયાળ ॥
આલી આગન્યા બાંધી મંડળ, શહેર સુરત જાવા સજળ ॥૧૧॥
દન દોય રહી હરિ પાસ, મુનિએ પણ કર્યો પ્રવાસ ॥
મુક્તમુનિ સંગે મહારાજે, રૂડાં સંત મેલ્યા અન્ય ઝાઝે ॥૧૨॥
બ્રહ્માનંદ ગુણાતીતાનંદ, પૂર્ણાનંદ ને માધવાનંદ ॥
જ્ઞાનાનંદ તત્વાનંદ એહ, બીજા પણ મોટા મુનિ તેહ ॥૧૩॥

INDEX

એમ સંત જે પૂરાં પચાસે, મેલ્યા સુરતમાં અવિનાશે ॥
શીશ નામી સહુ સિધાવિયા, સદ્‌ગુરુ સુરત આવિયાં ॥૧૪॥
પછી સંતની મંડળી સાથ, ત્યાંથી પરિયાણ્યા કૃપાનાથ ॥
મછિયાવે બહુ મોજ માણી, આવ્યાં ગઢડે સારંગપાણિ ॥૧૫॥
તિયાં આવ્યો રામનવમી દન, આવ્યાં ઉત્સવ પર બહુ જન ॥
દયાળે ઘણું દરશન દીધાં, કરી વાતું ને સુખિયા કીધાં ॥૧૬॥
વળી વાલા છે પોતાને સંત, તેને આપિયા સુખ અત્યંત ॥
કીધાં બીજા બહુ મોટા કામ, નિજ સામર્થી દેખાડી શ્યામ ॥૧૭॥
પછી સુરત મેલ્યા જે સંત, તેને શાસ્ત્ર ભણાવા અત્યંત ॥
નાથે પત્ર લખી સુખકંદ, મોકલ્યા છે મુનિ નિત્યાનંદ ॥૧૮॥
તે આવી ઉતર્યા સુરત શહેર, તિયાં ભેટ્યા મુનિ મુદભેર ॥
પામી દરશન સંતના ઘણાં, દલ હરખિયા કોટિ ગણા ॥૧૯॥
મુક્તમુનિએ પંગત્ય પીરસી, કીધાં તૃપ્ત મરાળ હુલસી ॥
પછી સભા કરી બેઠા સહુ, નરનારી આવ્યાં તિયાં બહુ ॥૨૦॥
હતો પ્રભુએ લખેલ પત્ર, મહામુનિને આપિયો તર્ત ॥
મુનિએ તેહ શિર ચડાવી, ઘણું હરખિયા હેત લાવી ॥૨૧॥
પહેલા વાંચી પોતે ધરી પ્યાર, કેડ્યે સહુને સમજાવ્યો સાર ॥
એમ સુરતના સહુ જન, સંત મળ્યાં થકી થ્યાં મગન ॥૨૨॥
પછી ગીતા ભણ્યા ભાષ્ય યુક્ત, મુનિ બ્રહ્માનંદ મુનિમુક્ત ॥
નિત્ય પૂજા નિત્યાનંદ તણી, પ્રેમે કરતાં મુક્તમુનિ ઘણી ॥૨૩॥
પોતે હતા પ્રકાંડ પંડિત, તોય ભાષ્ય ભણ્યા રૂડી રીત ॥
બાળપણાથી એ છે પ્રબુદ્ધ, મહાકવિ મહામતિ શુદ્ધ ॥૨૪॥
તેને ભણવું ભણાવવું નોય, માત્ર કથન સમજો સોય ॥
એ તો જ્ઞાન સમ્રાટ કહાવે, ઘનશ્યામપ્રકાશ શું ગાવે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્‌ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મછિયાવથી સુરત આવ્યાં ને વિદ્યાભ્યાસ કર્યો એ નામે બસ્સો ને તેરમું પ્રકરણમ્‌ ॥૨૧૩॥

પ્રકરણ : ૨૧૪

પૂર્વછાયો :

સુંદર શહેર સુરતના, અતિ હોંશિલા હરિજન ॥
સંત સેવ્યા અતિ હેતશું, અર્પી તન મન ધન ॥૧॥
પટ પહેરાવી પ્રેમશું, પૂજયા ચંદન ભાલ વિશાળ ॥
દઈ રસોયું નેહથી, કર્યા તૃપ્ત જમાડી મરાળ ॥૨॥
રથ વેલ્ય અશ્વો ઘણાં, જેમ વર્ષે મેઘ અપાર ॥
રાખ્યા તેમ હજૂરિયા, સુરતી જને કરી પ્યાર ॥૩॥

ચોપાઈ :

પછી ખોયા દિના ખંગ વાળી, જન રાજી કર્યા હદ વાળી ॥
થયાં ભક્ત પ્રકટ ઉપાસી, નવ રહી કેને જમ ફાંસી ॥૪॥
એમ મહામુનિ આણી મેર, જીવ સુખી કર્યા રૂડી પેર ॥
જામ્યો સુરતનો સતસંગ, એ તો મુક્તમુનિને પ્રસંગ ॥૫॥
તિયાં ગઢડેથી પત્ર લઈ, આવ્યાં સંત બે સુરતમંઈ ॥
એક જયાનંદ બ્રહ્મચારી, સંગે સચ્ચિદાનંદ સુખકારી ॥૬॥
આપ્યો પત્ર શ્રીહરિનો બીડ્યો, લઈ મુક્તાનંદજીએ તે ભીડ્યો ॥
રૂડો કાગળ વાંચી સુખકંદ, મુનિ પામિયા પરમ આનંદ ॥૭॥
પછી બોલિયા બેઉ મરાળ, સુણો મુક્તાનંદજી દયાળ ॥
દેશ કાનમે થૈ ઉમરેઠ, પછી વળજો ગઢપુર ઠેઠ ॥૮॥
એમ આગન્યા શ્રીહરિ તણી, માટે જાજયો હવે તેહ ભણી ॥
ત્યારે મરજી જાણી ભલી રીતે, સ્વામી ચાલ્યા છે સંઘ સહિતે ॥૯॥
સંત પંદર ને સાત પાળા, લીધાં સંગે મુનિએ સુખાળા ॥
ભક્ત સુરતના અવિકારી, મોટી ગાડી લાવ્યા સજી સારી ॥૧૦॥
તેમાં પ્રેમે પૂજી પધરાવ્યા, પછી અશ્વિનીકુમાર આવ્યાં ॥
જે જે મળે વાટમાંહિ જન, લાવે સુંગધી હાર સુમન ॥૧૧॥
વળી બરફીની બહુ માટ્યું, ઘણે હેતે ધરે સ્વામી સાટું ॥
સમાચાર સુણે નરવામ, મુક્તમુનિ સિધાવે છે ગામ ॥૧૨॥
ત્યારે આવી ઊભા છે બજારે, લેખું ન થાય લાખ હજારે ॥
કોઈ ચડ્યા અટારી ઝરૂખે, કોઈ ગઢ ઘર વળી ગોખે ॥૧૩॥

INDEX

કોઈ બેઠા અગાશિએ આપ, નિરખે મુક્તાનંદ નિષ્પાપ ॥
જે જે લાવતા જન મીઠાઈ, મુનિ દેતાં પાછી હરખાઈ ॥૧૪॥
પછી હેત આણી જન પર, બોલ્યા મહામુનિ મુદભર ॥
ધર્મસુતને વહાલો છે ધર્મ, સહુ જાણજ્યો સાનમાં મર્મ ॥૧૫॥
નથી તેની તોલ્યે બીજું કાંઈ, વ્યર્થ ગુમાવો નહિ જરાઈ ॥
અંગે પરહરિ પ્રમાદપણું, ધર્મે રાખો સદા જાણપણું ॥૧૬॥
ધર્મ વિષે રહ્યાં નહિ જન, તેને નક્કી છે મોટું વિઘન ॥
સહુ સુરત શહેરના વાસી, દીસો અંતરે પ્રભુ પિયાસી ॥૧૭॥
માટે આજ કેડ્યે એક વાત, દ્રઢ રાખજો મન સાક્ષાત ॥
નાથને વહાલું નિયમ એવું, પ્રભુ દરશન હંમેશ ગ્રે'વું ॥૧૮॥
દનમાંહિ તેથી એકવાર, જાવું મંદિરમાં ધરી પ્યાર ॥
કરવું કામ ન નિયમ ઠેલી, જાવું મંદિર સઘળું મેલી ॥૧૯॥
મર મળે જો લાભ કરોડ, છાંડી નિયમ દેવી ન દોડ્ય ॥
માટે આવશે મંદિર જન, રહેશે ધર્મ એનો જ સઘન ॥૨૦॥
બીજાની તો વાત રહી જાશે, એની કોરે ન કાંઈ કહેવાશે ॥
એમ નિયમ સત્સંગ કેરા, મહામુનિએ દીધાં ઘણેરા ॥૨૧॥
પાળે પળાવશે નરનાર, તે તો નક્કી થાશે ભવપાર ॥
સુણી મુનિ તણી શુભ વાત, જન થયાં સહુ રળિયાત ॥૨૨॥
આવી એકેક મુનિ ચરણે, લિયે નિયમ હરખી વયણે ॥
પછી પ્રસાદીના ફૂલહાર, તિયાં ભક્તને આલ્યા અપાર ॥૨૩॥
ચાલ્યાં વળાવવા સહુ મળી, ગાતાં વાતાં જન બહુ વળી ॥
ધીરે ધીરે દેતા દરશન, આવ્યાં પુરબાર મુનિજન ॥૨૪॥
ત્યાંથી તાપી ઉતરિયા સ્વામી, તિયાં પણ ભીડ બહુ જામી ॥
પછી બેઠા ત્યાંથી ગાડીમાંય, ઘનશ્યામપ્રકાશ તે ગાય ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરતમાં સત્સંગ કરાવી કાનમ દેશ પધાર્યા એ નામે બસ્સો ને ચૌદમું પ્રકરણમ્ ॥૨૧૪॥

પ્રકરણ : ૨૧૫

પૂર્વછાયો :

મહામુનિ મુક્તાનંદજી, આવ્યાં ચોંપશું ચોકી ગામ ॥
તિયાં રહીને રજની, રેવા તટ ગયાં સુખધામ ॥૧॥
બેસી તિયાં થકી નાવમાં, આવ્યાં ભરુચે ભાવથી ॥
ત્યાર પછી જિયાં જિયાં, વિચર્યા તે કહું કથી ॥૨॥
કમનીય કાનમ વિશે, રૂડું કેલોદ ગામ પુનિત ॥
તિયાં વસે ભગવાનના, જાંબુ વિપ્ર ખરા ખચિત ॥૩॥

ચોપાઈ :

આવી કેલોદ ગામે કૃપાળુ, ઉતર્યા દ્વિજને ઘેર દયાળુ ॥
વસે વસતો ને હરિભાઈ, ભલા ભક્ત શેખ વલીભાઈ ॥૪॥
શિર સાટે રાખે સતસંગ, ત્રોડી નાત્ય જાત્યનો કુસંગ ॥
તિયાં રહ્યાં મુનિ એક રાત્ય, ત્યાંથી પધારિયા પરભાત્ય ॥૫॥
દોરા ગામે ગયાં ગુણધામ, વસે વિપ્ર તિયાં કાશીરામ ॥
વળી ભક્ત મોટા જીજીભાઈ, તેને ભવને રહ્યાં હરખાઈ ॥૬॥
શેખ ભક્ત શૂરવીર ઘણાં, જેને નાતની ન રહી મણા ॥
દ્રઢ સતસંગ કરવા કાજ, તેણે મેલી સહુ લોક લાજ ॥૭॥
તેતો હતાં પહેલા પાટીદાર, કેડ્યે શેખ થયાં નિરધાર ॥
મુક્તમુનિએ સઘળી વાત, જાણી રહસ્યની તે સાક્ષાત ॥૮॥
જે જે ભક્ત થયાં શેખ સહુ, તેનાં નામ રૂડાં હવે કહું ॥
વછનાદ ગામે મોરારજી, કુરાઈએ ભીખાજી દલાજી ॥૯॥
ભગવાનજી ને અમથાલાલ, જેને વાલા સંગે ઘણું વાલ ॥
રહે કરજણમાં લીંબાભાઈ, અંતોલીએ તો ભગવાનભાઈ ॥૧૦॥
ઢોલાવતે નાગર શંકર, કાનોભાઈ ભક્ત મુદભર ॥
મુખ્ય નામ તે ભક્તના કીદ્ધ, બીજા પણ ઘણાં છે પ્રસિદ્ધ ॥૧૧॥
જેવા ભક્ત પુરૂષ છે શૂરા, નથી દારા એમાંયે અધૂરા ॥
એક એકથી અધિક અંગે, ભક્ત બાઈયું થઈ ઉમંગે ॥૧૨॥
ધન્ય ધન્ય તે જન અજિત, જેણે જોડી પ્રભુમાં જ પ્રીત ॥
નવ ગણ્યું જક્ત અપમાન, ભાવે ભજ્યા તેણે ભગવાન ॥૧૩॥

INDEX

એવાં ભક્ત ભાળી શૂરવીર, બોલ્યા મુક્તમુનિ મુખે ગિર ॥
અતિ મોટો પ્રભુનો પ્રતાપ, થયાં સત્સંગી સર્વે નિષ્પાપ ॥૧૪॥
નથી નાત્ય જાત્ય તણો મેળ, વાધ્યો સત્સંગ રંગ સુમેળ ॥
સગાંસંબંધીઓ પરહરિ, રાખ્યા ઉર વિશે એક હરિ ॥૧૫॥
પણ હશે જે કુસંગી જન, તેને માથે છે મોટું વિઘન ॥
મુવા કેડ્યે જમપુરી જાશે, માર જમડાનો ઘણો ખાશે ॥૧૬॥
પડશે નરક કુંડમાં તેહ, પછી નહિ મળે માનવ દેહ ॥
શાસ્ત્ર બહાર વર્તે જન જેહ, દેહ પામે છે વરવા તેહ ॥૧૭॥
સત્સંગ વિણ સઘળી વાત, ભારરૂપ માનો તે સાક્ષાત ॥
સતસંગ વિણ બીજે દોટ્યે, તેનો ભવ ગયો ખરો ખોટ્યે ॥૧૮॥
સતસંગ વિણ જરૂર જાણો, સાધન સરવે નિષ્ફળ પ્રમાણો ॥
મેલી ડહાપણ આપણું દૂર, રહેવું સત્સંગમાંહિ હજૂર ॥૧૯॥
જાણો સો વાતની એક વાત, સતસંગ ન મેલો સાક્ષાત ॥
એમ સત્સંગનો ખરો મર્મ, મહામુનિએ સમજાવ્યો પરમ ॥૨૦॥
પછી દોરા ગામે દન રહી, આવ્યાં સ્વામી વેમારડીમહીં ॥
કીધાં ઉતારા તળાવ આરે, સુણી ભક્ત આવ્યાં એક હારે ॥૨૧॥
ભક્તિભાઈ રામભાઇ આદિ, તુલજારામ વિપ્ર મરજાદી ॥
મુક્તમુનિને દેખી તે દન, ખરેખરા થયાં પ્રસન્ન ॥૨૨॥
માન્યો મનખો પોતાનો સફળ, મળ્યાં સદ્‌ગુરુ અતિ અમળ ॥
એવાં ભક્ત ગુરુમુખી સહુ, મન આનંદિયા બહુ બહુ ॥૨૩॥
રીત્ય રૂડી પાળે ને પળાવે, સંશય શોકના ખાતા વળાવે ॥
મળે સદ્‌ગુરુ જો જગમાંય, કેડ્યે રહે તેને નવ કાંય ॥૨૪॥
આપ સ્વારથ કેદિ ન સારે, પરલોક પમાડવા ધારે ॥
એવાં મળ્યે મળ્યાં અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે કાનમપ્રદેશમાં વિચરણ એ નામે બસ્સો ને પંદરમું પ્રકરણમ્ ॥૨૧૫॥

INDEX

પ્રકરણ : ૨૧૬

પૂર્વછાયો :

ભાવ વિન્યાની ભગતિ, ભાવે ભૂધરને નહિ કાંય ॥
ભાવ સહિત જે ભજે, અર્થ તેનાં સરે સદાય ॥૧॥
જેમ વંડીએ તૃણ ઉગે, તેમાં આવે ન કેદિ કણ ॥
તેમ ભક્તિ ભગવાનની, ભાવ વિણ ન શોભે ક્ષણ ॥૨॥
સેવા સમાગમ સંતનો, વળી જપ તપ સાધન ॥
રાખી રુચિ પોતા તણી, સહુ નર કરે નિશદન ॥૩॥

ચોપાઈ :

માટે જ્યાં લગી સુમતિ રહેશે, ભાવ અલૌકિક અંતર ગ્રેશે ॥
થાશે કુમતિ જનની જ્યારે, પડશે નક્કી સત્સંગથી ત્યારે ॥૪॥
સોની ઘાટ ઘડે એકધારો, જાણી માલિકનો ભાવ સારો ॥
પણ ભેળે જો ભાવ પોતાનો, રાખે માલિક તે પછી શાનો ॥૫॥
તેમ સંત સોની સમ જાણો, હરિભક્ત સોનું તે પ્રમાણો ॥
મરજી મોહનની સંત ભેદી, દિયે ભક્તને જ્ઞાન ન કેદિ ॥૬॥
રાજી રહે જન પ્રતિપાળ, તેહ રીત્યને રાખે મરાળ ॥
શાસ્ત્ર વિનાની વાત ન ભાખે, હોય પ્રસિદ્ધ તે કહી દાખે ॥૭॥
એવાં સંત શ્રીહરિ સમાન, સેવો ભાવે સહિત્ય નિદાન ॥
મુક્તમુનિ દેતા ઉપદેશ, એમ આવિયાં કંડારી દેશ ॥૮॥
તિયાં ભક્ત છે અમીન સારા, વળી હેતે હરિ ભજે દારા ॥
ભલા ભક્ત ગિરધર ત્રિકમ, માધો અમથો પુરષોત્તમ ॥૯॥
કર્યા દર્શ સ્વામીના હુલાસે, પ્રીત્યે પૂજિયાં સહુ મળી દાસે ॥
ત્યાંથી આવ્યાં ઈટોલે મરાળ, કર્યો મંદિરે પ્રભુનો થાળ ॥૧૦॥
એવે સમે ગઢડેથી આવી, દીધો સંદેશ અસવારે લાવી ॥
જેઠ સુદી એકાદશી દન, ભાઈ રામદાસજી પાવન ॥૧૧॥
દેહ મેલી ગયાં બ્રહ્મધામ, જેને ભાઈ કહેતા ઘનશ્યામ ॥
એમ સુણ્યાં સમાચાર જ્યારે, થયાં ઉદાસી અંતર ત્યારે ॥૧૨॥
પછી સભા કરી તેહ ઠામ, બોલ્યા મુક્તમુનિ સુખધામ ॥
રામદાસજી સંત મહાન, દ્રઢ સત્સંગ સ્તંભ સમાન ॥૧૩॥

ધર્મ નિયમને ધારનાર, લોપે આજ્ઞા કેદિ ન લગાર ॥
સર્વે સત્સંગીની મરજાદ, રાખી રખાવતા કરી યાદ ॥૧૪॥
મરજાદ રહ્યો સહુ રહે, તેહ ગયે કાંઈ નવ લહે ॥
મરજાદ છે નાક સમાન, ખોયા કેડ્યે ન રહે સ્વમાન ॥૧૫॥
વળી મરજાદ મોટાની મૂકે, મોક્ષ મહામૂલો તેહ ચૂકે ॥
ફળ પામે પછી લોખ્યા તણું, સુખ રહે નહિ એને અણું ॥૧૬॥
માટે પાળે પળાવે વચન, હેત બાંધે હરિમાં સઘન ॥
રાખે માયાનો કેદિ ન પાશ, એવાં સંતના થઈ રહેવું દાસ ॥૧૭॥
ભાખી ભાઈ સ્વામીની મોટાઈ, કીધો મહિમા મોટો સભામાંઈ ॥
તિયાં થકી પછી બીજે દન, ચાલ્યાં જનને દૈ દરશન ॥૧૮॥
ગયાં ઈટોલેથી સરસવણી, ત્યાંથી આવ્યાં અટલાદરા ભણી ॥
ત્યાંથી બારૈયે રજની રહ્યાં, ભક્ત ગોપાલ સત્સંગી કર્યાં ॥૧૯॥
પછી ઉમરેઠમાંહિ ઉદાર, ગયાં સુખ દેવાને અપાર ॥
અલ્પકાળ રહી તેહ ઠામ, જન રાજી કર્યાં અભિરામ ॥૨૦॥
ચાલ્યાં મુક્તમુનિ તિયાં થકી, પછી આવિયાં વરતાલે નક્કી ॥
તિયાં જમી જમાડિયા જન, કરી શાક રસાળ પાવન ॥૨૧॥
પછી જને પૂજિયાં મરાળ, તકે સેવા કરી લૈ સંભાળ ॥
થયાં ઘણાં ઉત્તર ને પ્રશ્ન, કર્યાં સંતે પછી કીરતન ॥૨૨॥
સુણી રાજી થયાં નરનાર, હર્ષ વાધ્યો સહુને અપાર ॥
જમી સવારે સાબદા થઈ, ચાલ્યાં સ્વામીશ્રી મંડળ લઈ ॥૨૩॥
એમ દિવસ પાંચમે સોય, ઘડી બાકી રહી જ્યારે દોય ॥
તેદિ આવિયાં સુરત જઈ, જન બહુને અભયદાન દઈ ॥૨૪॥
કૈંક જીવ કર્યાં પ્રભુગામી, તેની ઉપાધિયું સર્વે વામી ॥
જનને મેલાવ્યો જમત્રાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ઈટોલામાં રામદાસ સ્વામીને યાદ કર્યાં એ નામે બસ્સો ને સોળમું પ્રકરણમ્ ॥૨૧૬॥

પ્રકરણ : ૨૧૭

પૂર્વછાયો :

વાલો વિરાજે ગઢડે, નૃપ ઉત્તમને દરબાર ॥
તિયાં પધાર્યા પ્રેમથી, મુનિ મુક્તાનંદજી ઉદાર ॥૧॥
પેખ્યા પ્રભુએ સ્વામીને, સદ્ય બેઠા થયાં તે પળ ॥
ભેટી પડ્યાં અતિ ભાવથી, થયાં દ્રગ દોયના સજળ ॥૨॥
ધન્ય ધન્ય મુક્તાનંદજી, ધન્ય ધન્ય ધર્મકુમાર ॥
અરસપરસ પ્રીતડી, તેને જક્ત શું જાણે લગાર ॥૩॥

ચોપાઈ :

મળ્યાં મહારાજને મુનિરાયા, તિયાં ગગને મેઘ છવાયા ॥
દમકી દામિનીયું ઘનઘોર, ટહુકી મોરલિયા કરે શોર ॥૪॥
કુહૂ કુહૂ કોયલડી ગાય, વુઠ્યો મેઘ ઘણો હરખાય ॥
થયું દ્રશ્ય દ્રગે દીઠાં જેવું, એકમુખે શું વર્ણન કહેવું ॥૫॥
કંઠે માળા પહેરી ફૂલ તણી, શ્વેત વસ્ત્ર અંગે શોભા ઘણી ॥
તોરા ગજરા ફૂલના બાજુ, કરે કંકણ ફૂલના કાજુ ॥૬॥
શિરપેચ શિર મન લોભે, કંઠી કનકની બહુ શોભે ॥
વેઢ વીંટી કુંડળિયા કાજુ, હાર હેમકડા બાંયે બાજુ ॥૭॥
માથે બાંધી છે પાઘ સોનેરી, કમર કસી કેસર રેટા કેરી ॥
ઝગે ઝરકસી જામો વિશાળ, સારો સુંદર પેર્યો સુરવાળ ॥૮॥
એવી શોભાએ શોભે મોહન, કરે જન કેરા મન પ્રસન્ન ॥
પછી અંગથી હાર ઉતારી, દીધાં મુક્તાનંદને તે વારી ॥૯॥
બીજા સુમન સંતને આલ્યા, એમ રાજી કરી ઘણું માલ્યા ॥
પછી પ્રભુએ સુરત કેરું, ભાવથી પૂછ્યું વૃતાંત ઘણું ॥૧૦॥
ત્યારે સ્નેહ થકી કરભામી, સંભળાવે મુક્તાનંદ સ્વામી ॥
જે જે ગામે ગયાં મહામુનિ, તેની વાત્યું પ્રકાશી આગુની ॥૧૧॥
વળી જન થયાં જે સત્સંગી, તેનાં નામ કીધાં નવરંગી ॥
કહ્યું મુક્તાનંદે વરતંત, સુણી રાજી થયાં ભગવંત ॥૧૨॥
પછી બેઠા રહી ત્યાં પલંગે, નાથે થાળ મંગાવ્યાં ઉમંગે ॥
સંત બેસાડિયા નિજ પાસ, પછી જમાડ્યા અતિ હુલાસ ॥૧૩॥

INDEX

મુનિ કાજે કર્યા'તા મોતૈયા, કાજુ સેવ સુંવાળી સેવૈયા ॥
કઢી વડી ફૂલવડી ફેરે, લઈ મોદક મનવાર્ય કરે ॥૧૪॥
ગરમર કેરડા કેરા અથાણાં, પીરસ્યા ઘી ઘાલી ગોળના ભાણા ॥
પૂરી પાપડ બહુ જમાડી, સંત તૃપ્ત કીધાં તેહ દાડી ॥૧૫॥
એવાં દયાળુ દર્શન દિયે, નીરખી મુનિ મન સુખ લિયે ॥
એમ કરતાં સુખ વિલાસ, રૂડો આવ્યો છે અષાઢ માસ ॥૧૬॥
જ્ઞાન વૈરાગ્ય સત્ય અહિંસ, બ્રહ્મચર્ય આદિ ધર્મવંશ ॥
તેહ જીવોના હૃદયમાંય, સત્ય થાપવા દ્રઢ સદાય ॥૧૭॥
ભક્તિમાર્ગ પ્રવર્તન કાજે, તેડ્યા મુક્તમુનિ મહારાજે ॥
આપી આગન્યા ગ્રંથ રચવા, દોહા છંદ ચોપાઈયું નવા ॥૧૮॥
હરિજનને વર્તવા રીતિ, પાડી ધર્મ અધર્મની વિક્તિ ॥
ગ્રંથમાં ગૂંથજો તમે બહુ, જેથી શુદ્ધ મતિ પામે સહુ ॥૧૯॥
ધરજો તેનું અનુપમ નામ, રૂડું 'વેદ રહસ્ય' અભિરામ ॥
એમ શ્રીહરિની સુણી વાત, થયા તૈયાર સ્વામી સાક્ષાત ॥૨૦॥
બેસી તે દિનથી પ્રભુ પાસે, માંડ્યા ગ્રંથ રચવા હુલાસે ॥
બોલે છંદ છપઈ જે રીત્યે, લખે સિદ્ધાનંદ તેહ પ્રીત્યે ॥૨૧॥
એવો ગ્રંથ અનુપમ અતિ, જેમાં ધર્મ તણી રીત છતી ॥
તેહ પૂરો થયો જોતજોત્યે, મળે જગમાં નહિ એવો ગોત્યે ॥૨૨॥
સહુ જીવના કલ્યાણ કાજે, રૂડો ગ્રંથ રચાવ્યો મહારાજે ॥
ધર્મ શુદ્ધ જેહ સનાતન, તેનું કર્યું અતિશે સ્થાપન ॥૨૩॥
કૌલાર્ણવાદિ મિથ્યા જે ગ્રંથ, નથી કહ્યાં એ મોક્ષને અર્થ ॥
હતો કળિમાં અધર્મ બળે, સતશાસ્ત્ર રચી કાઢ્યો કળે ॥૨૪॥
ગ્રંથ થકી જ પંથ વિસ્તરે, એ વિના તો ભફાકિયાં ઠરે ॥
કર્યા ગ્રંથ ઉત્તમ ઉજાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વેદ રહસ્ય ગ્રંથની રચના કરી એ નામે બસ્સો ને સત્તરમું પ્રકરણમ્ ॥૨૧૭॥

પ્રકરણ : ૨૧૮

પૂર્વછાયો :

વળી કહું એક વારતા, સહુ સાંભળજો સાવધાન ॥
મુનિ મોટા મહારાજના, રહે મન મગન મસ્તાન ॥૧॥
હરખ શોકની હેડકી, જેને ચડે ન જરાય ॥
માનાપમાને સમતા, સાધી રહે સદાય ॥૨॥
તેની વાત વિચારીને, હવે વરણવું કરી પ્યાર ॥
સૂરત્ય રાખી ચિત્તમાં, સુણજો સહુ નરનાર ॥૩॥

ચોપાઈ :

સંવત અષ્ટાદશ સિત્તોતેર, તે સમે પ્રભુએ રૂડી પેર ॥
શ્રાવણ વદી આઠમ સમૈયો, રૂડો કરવા સંકલ્પ થૈયો ॥૪॥
જોઈ શોધી રૂપાળું મુકામ, રૂડું ઠેરાવ્યું ગઢડું ગામ ॥
જાણી જગદાધારની વાત, જન આવ્યાં સહુ રળિયાત ॥૫॥
પણ જાણ્યું જ્યારે નિજ કાને, ભાવનગર કેરા દીવાને ॥
ત્યારે દ્વેષી દયા નહિ લેશ, બળી મુવો દલમાં વિશેષ ॥૬॥
તેણે રાજપુરુષ મેલાવી, અપમાન કીધું રોષ લાવી ॥
કરી જુવો સમૈયો આ વેર, દેખાડું તમને ખરી ખેર ॥૭॥
પછી મહાપ્રભુએ તે દને, નૃપ ઉત્તમ આદિ જનને ॥
કહ્યું કહો શું હવે કરવું, વડું વિઘન ઉચ્છવે હવું ॥૮॥
ત્યારે બોલ્યા ક્ષત્રિ ભક્ત એમ, અવિનાશી મૂંઝાઓ છો કેમ ॥
શિયો ભાર છે દીવાન તણો, કરી શકે તે ભંગ આપણો ॥૯॥
આપ સર્વથી પર ઈશ્વર, ભૂંડુ કરશે શું કોય નર ॥
પડ્યે જરૂર મેલશું માથ, અરિ સંગ ભીડી બહુ બાથ ॥૧૦॥
ત્યારે હરિ બોલ્યા હસી વાણ્ય, અમારે ન ઘટે એવી હાણ ॥
નિરમાની સ્વભાવ અમારો, કોઈ નરને ન દૈયે ડારો ॥૧૧॥
કહી એમ ગુરુદેવ ભણી, જોઈને પછી બોલિયા ધણી ॥
સ્વામી સધાવો આપ ઉમંગે, ભાવનગર શહેર સંત સંગે ॥૧૨॥
શોધી સમજાવો સારી પઠ્ય, મેલે દિવાન જો એની હઠ ॥
પછી કહે જો કરવાનું આંઈ, તો પછી કરશું ગઢડામાંઈ ॥૧૩॥

ન માને જો દ્વેષી વાત ઉર, કરશું ઉચ્છવ સારંગપુર ॥
એટલું કહીને મેલ્યા સ્વામી, સ્નેહે શ્રીહરિએ કરભામી ॥૧૪॥
બ્રહ્માનંદ ને ચૈતન્યાનંદ, આદિ સંત મેલ્યા સુખકંદ ॥
સહુ આવી રહ્યાં પુરમાંય, મળ્યાં દીવાનને મુનિ ત્યાંય ॥૧૫॥
કરી વાત સમૈયાની જ્યારે, પણ માન્યો નહિ લેશ ત્યારે ॥
કીધાં વેણ ન કહેવાનાં ખોટા, દઈ ડારો ને માર્યા હાકોટા ॥૧૬॥
મદ સત્તા કેરો મનમાંય, તેથી ગાંઠે ન કેને જરાય ॥
ગામ ગઢડું ને બીજે ઠામ, ધાર્યું થાતું તેનું સહુ કામ ॥૧૭॥
મુક્તમુનિ તણું અપમાન, કર્યું તેણે ભૂલી પંડ ભાન ॥
હતાં સ્વામી તો સામર્થ્યવાન, તોય ઝીરવી જાણ્યું અપમાન ॥૧૮॥
છાંડે ખળ નહિ ખળતાઈ, મેલે સંત શીદ સાધુતાઈ ॥
કરે સમર્થ થકા ઝરણા, એવાં જગે નહિ બહુ જણા ॥૧૯॥
પછી મહામુનિ સંત સાથ, આવી ગઢડે મળિયા નાથ ॥
કહી દેખાડ્યું સર્વે વ્રતંત, ત્યારે બોલ્યા પ્રભુ આણી ખંત ॥૨૦॥
હવે મેલી આંહિનો ઉચાટ, લઈશું સારંગપુરની વાટ ॥
તિયાં સમૈયો કરશું સારો, હવે એમાં બીજું મ વિચારો ॥૨૧॥
ત્યાર પછી પ્રભુ રૂડી પેર, આવ્યાં સારંગપુર મુદભેર ॥
તિયાં જમી જમાડ્યા છે જન, ખાંત્યે કીધાં મરાળ પ્રસન્ન ॥૨૨॥
પછી સભામાંહિ અવિનાશે, સિંધુડા ગવરાવ્યા ઉલ્લાસે ॥
તે તો મુક્તમુનિના રચેલ, સુણી રાજી થયાં રંગછેલ ॥૨૩॥
એમ અષ્ટમી ઉત્સવ કીધો, જને લાવ અલૌકિક લીધો ॥
તેણે કરી હર્યા જન તાપ, કર્યાં સુખી અલબેલે આપ ॥૨૪॥
જોઈ જન થયાં છે મગન, એમ વીત્યો અષ્ટમીનો દન ॥
થયો દાસને ઘણો સમાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે અમાત્યએ અપમાન કર્યું એ નામે બસ્સો ને અઢારમું પ્રકરણમ્ ॥૨૧૮॥

પ્રકરણ : ૨૧૯

પૂર્વછાયો :

પ્રભુ પધાર્યા પ્રેમથી, સારંગપુરે લઈ સંત ॥
સખા બીજા સહુ સાથમાં, મોદ મનમાં છે અત્યંત ॥૧॥
ઓરડા ઉત્તર બારના, તેનાં ચોક વિશાળ અપાર ॥
એ ભુવનના અધિપતિ, નૃપ જીવા ભક્ત ઉદાર ॥૨॥
તિયાં રહી અલબેલડે, કરી લીલા અલૌકિક નિત્ય ॥
રસ અનંત રેલાવિયો, કર્યા જીવના નિર્મળ ચિત્ત ॥૩॥

ચોપાઈ :

નિત્ય સભા કરી પરમેશ, દેતા જ્ઞાન તણો ઉપદેશ ॥
પ્રશ્ન ને ઉત્તર અણમોલ, થાય સંતમાં બ્રહ્મ કિલોલ ॥૪॥
એમ વચનામૃત અઢાર, સારંગપુર તણાં સારધાર ॥
પૂરાં થયે કારિયાણી ગામ, મુનિ સંગે આવ્યાં સુખધામ ॥૫॥
દશેરા દીવાળી આદિ દન, કર્યા ઉત્સવ મનભાવન ॥
હરિમુખની અમૃતવાણી, તિયાં છૂટી તેની સરવાણી ॥૬॥
પછી આવ્યો દશમીનો દન, સુણો ત્યારની વાત પાવન ॥
નૃપ વસતાને દરબાર, ઓરડી જે ઉગમણે દ્વાર ॥૭॥
તિયાં બિરાજતા બહુનામી, સભા બેઠી હતી મુખ સામી ॥
ઝીણો જ્વર શ્રીહરિને દીસે, જોર ટાઢ્યનું વધ્યું અતિશે ॥૮॥
તેથી સગડી મેલી આગળ, પ્રભુ અંગ તાપે તેહ પળ ॥
પછી મુક્તમુનિ પ્રતિ નાથ, બોલ્યા દેખાડીને નિજ હાથ ॥૯॥
દેખી જુવોને નાડ્ય અમારી, કાંઈક કસર વરતે નઠારી ॥
સુણી વાલાનું વચન સ્વામી, આવ્યાં પ્રભુ પાસે કરભામી ॥૧૦॥
લઈ હાથમાં હરિનો હાથ, નાડ્ય તપાસે પ્રેમ સંગાથ ॥
અલ્પ વારે ચકાસી સઘળું, બોલ્યા મુખ કરીને શ્યામળું ॥૧૧॥
આપના અંગમાં મહારાજ, ઘણી કસર વરતે આજ ॥
માટે સતસંગી જે કહાવે, તેને કઠણ કાળ જ આવે ॥૧૨॥
હવે સુખ તણી થશે હાણ, કાં જે આપ છો જીવનપ્રાણ ॥
પછી શ્રીમુખથી અવિનાશે, કીધી તપની વાત હુલાસે ॥૧૩॥

એ છે વચનામૃત દશમે, કાજુ કારિયાણીએ ઉત્તમે ॥
પૂરો પૂન્યમ સમૈયો કરી, તિયાં થકી સધાવિયા હરિ ॥૧૪॥
બહુ સતસંગી બોટાદમાંય, તેને મોદ ઘણો મનમાંય ॥
ક્યારે આવે પ્રભુ મારે ગામ, એમ રહેતી હૈયે ઘણી હામ ॥૧૫॥
સહુ જનની મરજી જાણી, આવ્યાં બોટાદે સારંગપાણિ ॥
સુણી સતસંગી સહુ આવ્યાં, પાયે લાગી ઘેર પધરાવ્યા ॥૧૬॥
પછી રૂડી કરાવી રસોઈ, જમ્યા જીવન ને જન સોઈ ॥
થયાં પ્રભુજી ઘણું પ્રસન્ન, આવી બેઠા પોતાને આસન ॥૧૭॥
પૂછે પ્રશ્ન સભામાંહિ શ્યામ, સુણો સંત સહુ અભિરામ ॥
પંડે પ્રાણ જિયાં લગી રહેશે, ગાડીમાંહિ તો એ નવ બેસે ॥૧૮॥
વળી કીધાં વિના કેદિ ગાડે, બેસી જાશે નહિ કોઈ દાડે ॥
એવાં સંત જે હો ટેકવાળા, કહો મુજને આંહિ દયાળા ॥૧૯॥
ત્યારે મુક્તમુનિ જોડી પાણ્ય, બોલ્યા સભામાંહિ એમ વાણ્ય ॥
અમે ત્યાગી તણી લીધી વાટ, નથી ગાડે બેસવાને માટ ॥૨૦॥
રહીએ આપ વચને વળગી, કરી અવિદ્યા સર્વે અળગી ॥
માની આપ વચને મોટાઈ, અન્ય પરહર્યું મનમાંઈ ॥૨૧॥
વર્તે વચનમાં નહિ નર, મર હોય તે નર અમર ॥
તેહની જાશે પળમાં લાજ, તેથી નીપજશે નહિ કાજ ॥૨૨॥
માટે ગાડીએ બેસવા કાજ, નથી સાધુ થયાં મહારાજ ॥
વાત સુણી સ્વામીની તમામ, મારી મહોર બોલ્યા સુખધામ ॥૨૩॥
મુક્તાનંદ મુનિ મહારાજ, વર્તે વચનમાં શિરતાજ ॥
એણે વાત જે જે કહી દાખી, લેજ્યો અંતરમાં સહુ રાખી ॥૨૪॥
એવી લીલા કરી તેહ ઠામ, પછી ત્યાંથી ચાલ્યાં સુખધામ ॥
લોયાધામે આવ્યાં લેવા વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે બોટાદમાં ભગવાનના વચનની મહત્તા કહી એ નામે બસ્સો ને ઓગણીસમું પ્રકરણમ્ ॥૨૧૯॥

પ્રકરણ : ૨૨૦

પૂર્વછાયો :

ધન્ય ધન્ય સુરા ભક્તને, ધન્ય ધન્ય લોયાધામ ॥
અવનિશું અદ્‌ભુત અતિ, સાક્ષાત અક્ષરધામ ॥૧॥
લીલા લોયાધામની, હવે કહી કરું ઉચ્ચાર ॥
હરખ મારે અંતરે, નથી માતો હવે નિરધાર ॥૨॥
શુભમતિ હવે સાંભળો, કહું અતિ અનુપમ વાત ॥
સાંભળતાં સુખ ઉપજે, વળી થાય હૃદે રળિયાત ॥૩॥

ચોપાઈ :

પુનિત પાંચાળ ધરણી ધીર રે, જેના નર મહાશૂરવીર રે ॥
જોગી જતિને ઠર્યાનું ઠામ રે, વ્હાલું વાલાને છે લોયાધામ રે ॥૪॥
અવનિએ અવતારી આવી રે, રૂડી લીલા બહુવિધ કાવી રે ॥
કીધી આંહિ એમાં અભિરામ રે, વ્હાલું વાલાને છે લોયાધામ રે ॥૫॥
વચનામૃત આંહિ અઢાર રે, ગૂઢ મર્મ ભરેલા ભંડાર રે ॥
સંત ભણતા આંહિ અકામ રે, વ્હાલું વાલાને છે લોયાધામ રે ॥૬॥
સામાસામે ગાતા શુભ શ્લોક રે, વરસે જ્ઞાન ઝડી અતિ થોક રે ॥
પઠન પાઠન કેરું શુભધામ રે, વ્હાલું વાલાને છે લોયાધામ રે ॥૭॥
પરમહંસ મધ્યે શિરોમણિ રે, નિશ્ચય સ્વામીશ્રીનો શુદ્ધ ભણી રે ॥
કર્યું પ્રમાણ પ્રભુએ નામ રે, વ્હાલું વાલાને છે લોયાધામ રે ॥૮॥
જિયાં ભૂધર થ્યાં ભથવારી રે, હેતબાના હેતે જઈ વારી રે ॥
કર્યાં ભક્તને પૂરણકામ રે, વ્હાલું વાલાને છે લોયાધામ રે ॥૯॥
સ્વયં શ્યામળિયે સોળે થઈ રે, પૂજ્યા રાધાકૃષ્ણ દેવ સઈ રે ॥
કરી સેવા હુલાસે તમામ રે, વ્હાલું વાલાને છે લોયાધામ રે ॥૧૦॥
ગાદી સંપ્રદાય તણી નાથે રે, સ્થાપી આંહિ પહેલા નિજ હાથે રે ॥
માટે સર્વોપરી તીર્થધામ રે, વ્હાલું વાલાને છે લોયાધામ રે ॥૧૧॥
રૂડો તિલક ચાંદલો ભાલે રે, શુભ આરંભ કરાવ્યો વાલે રે ॥
સભા ચંદ્રગ્રહણનું ઠામ રે, વ્હાલું વાલાને છે લોયાધામ રે ॥૧૨॥
જિયાં ઊંચા મંડાણની વાડી રે, દીનાનાથે દીધી'તી દેખાડી રે ॥
થાશે ઊંચા મંડાણ અકામ રે, વ્હાલું વાલાને છે લોયાધામ રે ॥૧૩॥

ઠર્યું સાર્થક વેણ તે આજ રે, શ્વેત મંદિર થયું શિરતાજ રે ॥
ભક્ત લેશે આવીને વિરામ રે, વ્હાલું વાલાને છે લોયાધામ રે ॥૧૪॥
રાજે કૂપ પાતાળિયો કેવો રે, જેનું વારિ પીવા ચાહે દેવો રે ॥
બેઉ બાંધવને મળ્યાં શ્યામ રે, વ્હાલું વાલાને છે લોયાધામ રે ॥૧૫॥
સુરા ભક્તનો જ્યાં દરબાર રે, લીલા કીધી ત્યાં અપરંપાર રે ॥
પ્રેમવશ થ્યાં પૂરણકામ રે, વ્હાલું વાલાને છે લોયાધામ રે ॥૧૬॥
સાંખ પડી સંપ્રદાય વિશે રે, થાય ઉત્સવ એક અતિશે રે ॥
નામ તેનું શાકોત્સવ જાણો રે, પ્રચલિત તે આજ પ્રમાણો રે ॥૧૭॥
તે તો કર્યો'તો આંહિ જ પેલા રે, નરનારી કરી ઘણું ઘેલા રે ॥
આવ્યાં ગાડાં ભરીને વૈતાંક રે, કર્યાં તેનાં સમારીને શાક રે ॥૧૮॥
ઘણું ઘણું ઘાલી ઘૃતમાંય રે, નિજ હાથે વઘારે હરિરાય રે ॥
પછી પંગત્યે પીરસી નાથ રે, જોરાણ્યે જમાડ્યા સંત સાથ રે ॥૧૯॥
એમ ચાલતી કરી રસોયું રે, દેતા પાછું વાળી નવ જોયું રે ॥
ઈતિહાસ અમર લખાયો રે, શાકોત્સવ મહિમા ગવાયો રે ॥૨૦॥
અદ્ય પર્યંત ઉત્સવ થાય રે, નરનારી ટોળે મળી જાય રે ॥
મહા સુદી સાતમને દન રે, વણ નોતર્યે આવે છે જન રે ॥૨૧॥
આંહિ વસંત ઉત્સવ લાલે રે, કીધો ફાંટમાં ભરી ગુલાલે રે ॥
નાખ્યો નાથે હાથે જન માથે રે, લીધો લ્હાવો તેનો સહુ સાથે રે ॥૨૨॥
રવિ તુલ્ય તારા નહિ આવે રે, મેરુ સમ ગિરિ નહિ આવે રે ॥
એમ ભૂ પરના તીર્થ સોય રે, લોયાધામ તુલ્યે નહિ કોય રે ॥૨૩॥
પરમહંસ પાંચસો પ્રમાણ રે, પ્રભુ પોત્યે શ્રીહરિ સુજાણ રે ॥
તેનાં પુનિત પદરજ થકી રે, થઈ પૃથ્વી પાવન નક્કી રે ॥૨૪॥
કણ કણમાં ગુંજિત નાદ રે, આજ દન દિયે પ્રતિસાદ રે ॥
એવો અમર છે ઈતિહાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે લોયાધામનો મહિમા કહ્યો એ નામે બસ્સો ને વીસમું પ્રકરણમ્ ॥૨૨૦॥

INDEX

પ્રકરણ : ૨૨૧

પૂર્વછાયો :

લીલા લોયાધામમાં, કરી મુનિએ બહુ ભાત્ય ॥
હવે પુનિત કથા કહું, જે દન મળ્યાં હરિભ્રાત ॥૧॥
ઘણું મનાવી નાથને, નિજ સંબંધી તેડાવવા ॥
સંત મેલ્યા'તા કૌશલે, અવધ્યવાસી બોલાવવા ॥૨॥
માયાજીતાનંદ સંતની, સુણી શ્રવણે વાત ઉદાર ॥
ભ્રાત ભૂધરના આવિયાં, ચાલી ગુજરાત મોઝાર ॥૩॥

ચોપાઈ :

ફરતા ફરતા બહુ ગામ, પહેલા અનુજ શ્રી ઈચ્છારામ ॥
આવિયાં લોયાધામ મોઝાર, દેખી ગામ હરખ્યા અપાર ॥૪॥
થયું હાશ હવે નથી દૂર, ભ્રાત મળશે મારા જરૂર ॥
આવી પહોંચિયા પ્રભુ પાસે, તિયાં પંક્તિ ચાલતી હુલાસે ॥૫॥
ખરા જાણી કોયે સમાચાર, દીધાં મુક્તમુનિને તે વાર ॥
અયોધ્યાથી શ્રીહરિના ભાઈ, આવિયાં છે દરબારમાંય ॥૬॥
સુણી રાજી થયાં સ્વામી મન, તુર્ત મેલી પડતું ભોજન ॥
જિયાં ભ્રાત હતાં શુભમતિ, કર્યો આદર ત્યાં જઈ અતિ ॥૭॥
પછી ઝાલી અનુજનો હાથ, પ્રેમે મળાવિયા દીનાનાથ ॥
શીશ શ્રીહરિવરને નામી, મુખે બોલ્યા મુક્તાનંદ સ્વામી ॥૮॥
જુઓ નાથ આવ્યું છે આ કોણ, મહેનત ફળી મારી ઓણ ॥
આવ્યાં ભ્રાત આપના ઉદાર, ચાલી અવધથી નિરધાર ॥૯॥
ત્યારે દષ્ટિ કરી મુખ પર, એમ બોલ્યા પોત્યે હરિવર ॥
નથી ઓળખતા અમે આને, લઈ આવ્યાં આંહિ આપ શાને ॥૧૦॥
ઈચ્છારામને ઉર છે આશ, મુજ સામું જુવે અવિનાશ ॥
પણ નાથે ન જોયું લગાર, તેથી દુઃખી થયાં પારાવાર ॥૧૧॥
કહે સ્વામી ન કાઢશો બાનાં, સગાં ભાઈ છે આપથી નાના ॥
તવ દરશ અર્થે નક્કી, છેક આવ્યાં છે અવધ થકી ॥૧૨॥
જોઈ આશ્ચર્ય પામિયા જન, પણ મૌન રહ્યાં તે મગન ॥
પછી ગામ ઠામ વળી વેદ, પૂછ્યા ભ્રાતને સરવે ભેદ ॥૧૩॥

INDEX

જ્યારે સાચે સાચા તે કહિયાં, ત્યારે હરિ ગાલમાં હસિયા ॥
પછી ઊઠી મળ્યાં બેઉ હેતે, બેસાર્યા પાસ નેહ સમેતે ॥૧૪॥
વળી વિચારે સ્વામીશ્રી એમ, મોડા પડ્યાં મોટાભાઈ કેમ ॥
પછી વીત્યા જ્યારે દન પાંચ, ત્યારે આવ્યાં સમાચાર સાચ ॥૧૫॥
જ્યેષ્ઠ રામપ્રતાપ મહારાજ, આવે છે આંહિ લોયામાં આજ ॥
ત્યારે મુક્તાનંદજી પ્રસન્ન, કહે શ્યામને સુણો પાવન ॥૧૬॥
સંત ભક્તને મોકલો સામા, વાત માનો મારી સુખધામા ॥
ત્યારે કહ્યું છે સર્વને જાઓ, મોટાભાઈને જૈ લઈ આવો ॥૧૭॥
પછી મહામુનિ થઈ તૈયાર, લીધાં સૈન્ય વાહન અપાર ॥
નૃપ સુરો આદિ સહુ સંગે, સામા ચાલ્યાં તેડવા ઉમંગે ॥૧૮॥
સાંગણપરના પાદરમાંય, સાતકોશી વાવ હતી જ્યાંય ॥
તિયાં મળ્યા છે રામપ્રતાપ, મળી મગન થયાં અમાપ ॥૧૯॥
સુરાબાપુએ શીશ નમાવી, ધર્યું શ્રીફળ હાર પહેરાવી ॥
પછી મુક્તમુનિ જોડી પાણ, કહે રામપ્રતાપને વાણ ॥૨૦॥
અશ્વ ઉપર બિરાજો ભાઈ, ઘણું થાક્યા હશો આંહિ ધાઈ ॥
ત્યારે ભાઈ કે ઘોડે ન બેસું, અમે તો આપ સંગાથે રહેશું ॥૨૧॥
આપ સદ્ગુરુ છો મહાન, અતિ વ્હાલા હરિને નિદાન ॥
પૂજવા યોગ્ય સહુને સારા, આપ મળ્યે ખૂલ્યા ભાગ્ય મારા ॥૨૨॥
એવાં આપ ચાલો સંત સાથે, તો હું કેમ બેસું અશ્વ માથે ॥
પછી ભ્રાતનો પકડી કર, પ્રેમે ચાલ્યા મુક્ત મુનિવર ॥૨૩॥
વાજતે ગાજતે લાવ્યા ગામે, કર્યાં સ્વાગત સુંદર શ્યામે ॥
વૃંદના વૃંદ કરે કિલોલ, લિયે મન સહુનાં હિલોળ ॥૨૪॥
એમ મુક્તમુનિનાં વચને, ધર્મકુળ આવિયું પ્રસન્ને ॥
જનને થયો ઘણો સમાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સૌપ્રથમ ધર્મકુળ લોયામાં આવ્યું એ નામે બસ્સો ને એકવીસમું પ્રકરણમ્ ॥૨૨૧॥

પ્રકરણ : ૨૨૨

પૂર્વછાયો :

સંત વચન સુધા સમ, જીવ તારે પળમાં કોટ્ય ॥
નિજ સમ કરે અન્યને, ન દિયે રહેવા ખોટ્ય ॥૧॥
લેશ રોષ વણ કર્યે, દોષ દેખાડવાની જબરી ॥
હતી એવી હથરોટી, મુક્તમુનિ વિશે ખરી ॥૨॥
મુમુક્ષુને મીઠી નજરે, પમાડે પુરુષોત્તમ ॥
ઝાઝાં મળે નહિ જગમાં, એવાં સંત શ્રીહરિ સમ ॥૩॥

ચોપાઈ :

એના વિશેની વાતું છે ખાસ્સી, પણ કહું એકાદ પ્રકાશી ॥
રૂડો શાકોત્સવ જેહવાર, કર્યો લાડીલે લોયા મોઝાર ॥૪॥
સુરા ભક્તે ઘણું હેત ધરી, લખી દેશોદેશ કંકોતરી ॥
તેને વાંચી સહુ પ્રેમીજન, ઘણાં આવિયાં પ્રસન્ન મન ॥૫॥
એમાં બુવા તણાં કાનદાસ, પ્રભુ દર્શન કરવા આશ ॥
સંઘ દોઢસો જણનો ભારે, લઈ આવ્યાં ભક્ત જન હારે ॥૬॥
જ્યારે પહોંચિયા લોયાધામ, તેહ સમે શ્રી સુંદરશ્યામ ॥
શાકમાંહિ નાખતા મસાલો, પરસેવે ભીંજાયા'તા વાલો ॥૭॥
વળી હળદીવાળા જે હાથ, નિજ ધોતિયે લૂછતા નાથ ॥
જળ નાસાએ ટપકે અતિ, તેને હાથે લૂછે પ્રાણપતિ ॥૮॥
ત્યારે આવ્યો માનુષીભાવ નક્કી, નથી ઈશ્વર તે વાત પક્કી ॥
નેણે જોઈ લીલા પ્રભુ તણી, તેની મતિ ઘૂંચવાણી ઘણી ॥૯॥
દીસે રસોયો નર નિદાન, કેમ માનું આને ભગવાન ॥
નથી વાત વિવેકની લેશ, તોય કહે છે સહુ પરમેશ ॥૧૦॥
ભોળી પ્રજા સોરઠની ઘણી, જેને રોજ મળે આવા ધણી ॥
એમ વિચારીને મનમાંહિ, પગે ન રહ્યાં લાગવા ત્યાંહિ ॥૧૧॥
પછતાઈ ઘણું પારાવાર, ચાલ્યાં તિયાં થકી નિરધાર ॥
વાત અંતરજામીએ જાણી, કહી મુક્તાનંદજીને વાણી ॥૧૨॥
કહો સ્વામી વિચારીને આપ, જાહ્નવી તટમાં ચૂપચાપ ॥
જઈ પાછો વળે પ્યાસો કોય, નર કેવો તે જાણવો જોય ॥૧૩॥

ત્યારે બોલ્યા મુક્તાનંદ સ્વામી, એ તો મૂરખ છે બહુનામી ॥
વળી પ્રભુ કહે કાનદાસ, તેને તૂટ્યો દલે વિશવાસ ॥૧૪॥
ભાળ્યો ભૂધરમાં અવગુણ, કરે ઠીક હવે તેને કુણ ॥
એવાં તમે જ છો એક આપ, સમજાવી લાવો નિષ્પાપ ॥૧૫॥
એમ કહ્યું શ્રી જગદાધારે, પછી મુક્તમુનિ ગયાં વારે ॥
જઈ પટેલને સમજાવ્યા, આ તો ઠેઠ અક્ષરેથી આવ્યાં ॥૧૬॥
ભક્તવત્સલ પૂરણકામ, હરિજનની પૂરવા હામ ॥
કરે ચરિત્ર આવા અનેક, તેમાં મોહે મૂરખ વિશેક ॥૧૭॥
સુજ્ઞ વિચારીને મનમાંય, ગ્રહે સવળું એમાં સદાય ॥
તો તર્યો છે તે ભવસાગર, એમાં નથી જૂઠું રતિભર ॥૧૮॥
રૂડી રીતે એમ સમજાવ્યું, પટેલને તો મનમાં ભાવ્યું ॥
કર ઝાલી લાવ્યા જોરે સ્વામી, ત્રોડી મન તણી સહુ ખામી ॥૧૯॥
કાનદાસ આવ્યાં પ્રભુ પાસ, ત્યાંતો દીઠો પૂરણ પ્રકાશ ॥
દેખ્યું સમાધિયે શુદ્ધ રૂપ, તેમાં દીઠું શ્રીહરિ સ્વરૂપ ॥૨૦॥
કોટિ કંદર્પ લજાવનારું, એક નજરે લાગે છે પ્યારુ ॥
ધર્યા પીત રેશમી અંબર, માથે મોર મુકુટ સુંદર ॥૨૧॥
પછી જાગ્યા સમાધિથી જ્યારે, દીઠું પ્રત્યક્ષ એવું તે વારે ॥
પડ્યાં પ્રેમથી પ્રભુને પાય, કહે માફ કરો હરિરાય ॥૨૨॥
થયો ભ્રમિત ભૂલ્યમાં આજ, જાત બગડી પળમાં કાજ ॥
મુક્તમુનિ મળ્યાં ગુરુદેવ, શંક ત્રોડીને કર્યો અભેવ ॥૨૩॥
હું તો અલ્પમતિ છું ગમાર, મુનિ મહાજ્ઞાની નિરધાર ॥
એ તો વડવાનળ સમાન, મું જેવાને કરે જ્ઞાનવાન ॥૨૪॥
પછી સેવ્યા મહામુનિરાય, કર્યો નિશ્ચય પર્વતપ્રાય ॥
થયો કૃતારથ કાનદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે બુવાના કાનદાસને નિશ્ચય કરાવ્યો એ નામે બસ્સો ને બાવીસમું પ્રકરણમ્ ॥૨૨૨॥

INDEX

પ્રકરણ : ૨૨૩

પૂર્વછાયો :

આવે દુઃખ અતિ અંગમાં, મોટાની મરજી મૂકતાં ॥
મટે મૂળગા મૂળથી, વચન વડાના ચૂકતાં ॥૧॥
શીશ સાટે ભક્તિ કરે, હરિ મરજીમાં લેલીન ॥
એવાં જનને જોઈને, થાય અવિનાશી આધીન ॥૨॥
માટે શીખવા સહુને, કહું રૂડું ચરિત્ર સોય ॥
સવળું લેજ્યો સારને, મ લેશો અવળું કોય ॥૩॥

ચોપાઈ :

ધન્ય ધન્ય શ્રી પંચાળા ગામ, તિયાં ભક્ત ભલા નિષ્કામ ॥
શુભ નામ જેનું ઝીણાભાઈ, મોભી ગણાય સત્સંગમાંઈ ॥૪॥
સંત ભક્ત આવે તેને ઘેર, કરે સેવા તેની રૂડી પેર ॥
જે જે ભક્ત શ્રીહરિના સાચા, એ જ સગાં જાણ્યા બીજા કાચા ॥૫॥
મોટો નવાબ જીર્ણદુર્ગનો, રાખે ભરોસો ઝીણાભાઈનો ॥
પોતા પડખેનું જે આસન, તિયાં બેસારતા પરસન ॥૬॥
જ્યારે પડી પંચાળામાં ધાડ્ય, કરી અસુરોએ બૂમરાડ્ય ॥
ત્યારે મોર્યથી શ્રી મહારાજે, રક્ષા ભક્તની કરવા કાજે ॥૭॥
ધન ઘરેણાં લીધાં મંગાવી, નિજ ભુવન રિક્ત કરાવી ॥
વળી મેલ્યા ઘણાં અસવાર, પાળા પચીસ બરકમદાર ॥૮॥
ભક્તને આંચ આવી ન લેશ, રક્ષા કરી પ્રભુએ વિશેષ ॥
એવાં વાલા ઘણાં ઝીણાભાઈ, સ્વયં શ્રીહરિને દલમાંઈ ॥૯॥
મુક્તમુનિનો પ્રસંગ પામી, તેને અંગે રહી નહિ ખામી ॥
હતું સ્વામી વિશે હેત ઘણું, એમાં રાખતા ભગવદ્‌પણું ॥૧૦॥
તેથી ગઢપુરે એક વાર, દ્રઢ કરી મને નિરધાર ॥
આવ્યાં સાધુ થવા સ્વામી પાસ, કહે કરગરી કરો દાસ ॥૧૧॥
નથી સંસારે રહ્યાંનું કાંય, વાધે ઉદાસી વ્યવહારમાંય ॥
માટે પરમહંસ થઈ પૂરાં, રહેવું દાસ હરિના હજૂરા ॥૧૨॥
ઝીણાભાઈની જરૂર જાણી, બોલ્યા મુક્તમુનિ એમ વાણી ॥
સંસારમાં રહ્યાં થકા આપ, પરમહંસ જ છો નિષ્પાપ ॥૧૩॥

INDEX

માટે તાણ્ય મેલો સાધુ થાવા, રહો ગૃહે પ્રભુને રીઝાવા ॥
એવું સ્વામી અને ઝીણાભાઈ, તેને હેત ઘણું સુખદાઈ ॥૧૪॥
હોય હરિભક્ત કોઈ દુઃખી, તો એ પંડે રહે નહિ સુખી ॥
વળી મેલી મોટાની મરજી, કરે કાજ કેદિ નવ સજી ॥૧૫॥
પણ એક સમાની જે વાત, હવે સાંભળજો રળિયાત ॥
કારિયાણીએ કોડીલે કાને, કીધું'તું ઝીણાભાઈને સાને ॥૧૬॥
રૂડા ઉત્સવ કાજે પંચાળા, આવશું લઈને સંત પાળા ॥
પણ આવ્યાં નહિ હજુ લગ, તેથી માંડ્યા લોયા ભણી પગ ॥૧૭॥
સુરાબાપુ તણાં દરબાર, પહેલા મળ્યાં સ્વામીનો અપાર ॥
કરજોડીને બોલ્યા વચન, વાલા વિના છે વસમાં દન ॥૧૮॥
વાયદાની વાટ પૂરી થઈ, તોય પંચાળે પધાર્યા નહિ ॥
પ્રભુ આવે નહિ મારે ઘેર, ત્યારે ઘેર રહેવું કઈ પેર ॥૧૯॥
માટે મેર કરી મું ઉપર, મુજ વતી કહેજો મુદભર ॥
પ્રભુ પંચાળા પુર પધારો, દુઃખ વિયોગ તણું ઉતારો ॥૨૦॥
પછી મુક્તમુનિ પ્રભુ પાસ, આવી વાતનો કરે પ્રકાશ ॥
જેમ ભક્ત થયાં દિલગીર, કીધું એમ ઉચ્ચરીને ગિર ॥૨૧॥
ત્યારે નાથ કહે સુણો સ્વામી, એ જ તો હરિભક્તની ખામી ॥
પ્રભુ આવે કે ન આવે ઘેર, તોય રાજી રહેવું રૂડી પેર ॥૨૨॥
શોક કર્યાનો જેનો સ્વભાવ, તે ઉપર રીઝે નહિ માવ ॥
નિજનું ગમતું નવ થાય, તોય મન મૂંઝે ન જરાય ॥૨૩॥
જાણો એ જ ખરા હરિજન, રહે આઠો પહોર પ્રસન્ન ॥
એમ વાત સિત્તોતેર વર્ષે, કીધી કાર્તિક વદ ચૌદશે ॥૨૪॥
પંચાળે પધારી તમ ઘેર, કરશું હુતાશણી મુદભેર ॥
એવો કોલ દીધો અવિનાશે, કહ્યું ઘનશ્યામપ્રકાશદાસે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે પંચાળામાં રંગોત્સવ કરવાનો કોલ આપ્યો એ નામે બસ્સો ને ત્રેવીસમું પ્રકરણમ્ ॥૨૨૩॥

પ્રકરણ : ૨૨૪

પૂર્વછાયો :

લીલા લોયાધામશું, કરી પધારિયા સોરઠ ॥
આવ્યાં પંચાળા પુરમાં, જોઈ ઝીણાભાઈની હઠ ॥૧॥
સુણી હેમંત હરખિયા, પ્રભુ આવે અમારે ગામ ॥
સામાં સામૈયાં લાવિયા, નરનારી મળી તમામ ॥૨॥
શ્રીહરિ સર્વોપરી, વળી મુક્તમુનિ ઉદાર ॥
બેઉ પુર પધારિયા, સંત ભક્ત સંગે નિરધાર ॥૩॥

ચોપાઈ :

ઝીણાભાઇ વળી એના ભ્રાત, ગગાભાઈ નામે છે વિખ્યાત ॥
કરે સ્તુતિ સ્નેહે કરજોડી, અમ જેવા છે આપને ક્રોડી ॥૪॥
અમે જોતાં અહોનિશ વાટ, તમે આવ્યાં ને ટળ્યા ઉચાટ ॥
કરો ઉચ્છવ પંચાળા ગામ, સતસંગી તેડાવો તમામ ॥૫॥
ધન સેવામાં જે વપરાશે, ધન સાર્થક એજ ગણાશે ॥
પછી સ્તુતિ સુણી હરિરાય, તેડાવ્યા હરિભક્તને ત્યાંય ॥૬॥
પત્ર લખાવિયા અવિનાશે, હુતાશણીનો ઉત્સવ થાશે ॥
ત્યજી ઘરનાં કાજ તમામ, સહુ આવજો પંચાળે ગામ ॥૭॥
કીધી આજ્ઞા કરો રંગ ત્યાર, ક્રીડા કરશું બહુ આ વાર ॥
પછી આવી મરાળને મોજ, સામસામાં કરાવિયા હોજ ॥૮॥
તિયાં ઉકાળીને બહુ વાર, રૂડાં રંગ કર્યાં છે તૈયાર ॥
રાખ્યા ઠરવા તે એક ઠામ, ઠર્યા કેડચે રમવાની હામ ॥૯॥
ઝીણાભાઈનું દલ ઉદાર, પિચકારિયું કરી અપાર ॥
વાધ્યો ઉચ્છવનો ઉછરંગ, ગાડાં ભરી મંગાવ્યા છે રંગ ॥૧૦॥
આવ્યો હુતાશણી શુભ દન, હરિ બેઠા'તા ભક્ત ભુવન ॥
પછી આવ્યાં ઝીણાભાઇ પોતે, રંગ ભરેલ તુંબડી સોત્યે ॥૧૧॥
કહ્યું નિત્યાનંદ મુનિ પાસ, રંગ ઢોળી રંગો અવિનાશ ॥
રસબસ કરો પરબારું, થાય પવિત્ર ઘર અમારું ॥૧૨॥
ત્યારે નિત્યમુનિ લઈ રંગ, ઢોળ્યો શ્રીહરિ પર સોરંગ ॥
પણ ઉષ્ણ હતો રંગ અલ્પ, નોતી કોઈને તેહની કલ્પ ॥૧૩॥

તન દાઝ્યું દયાળુનું ત્યાંહિ, કહ્યું દગો કર્યો તમે આંહિ ॥
હવે રંગે ન રમીએ ઠાર, રુઠ્યા રસિયો એમ અપાર ॥૧૪॥
પછી ઊભા થઈ સુખધામ, ઉતારે પધાર્યા પૂર્ણકામ ॥
મુનિઓ માંહોમાંહિ વિચારે, નોતું ધાર્યું આ તો થયું ભારે ॥૧૫॥
કોયે કરી સ્વામીશ્રીને જાણ, રંગમાં પડ્યું મોટું ભંગાણ ॥
તુર્ત બોલાવી સર્વે મરાળ, દિયે ઠપકો મુનિ દયાળ ॥૧૬॥
વણ પૂછ્યે લઈ રંગ હાથે, શીદ ઢોળ્યો હરિવર માથે ॥
ભાળ્યા વિના ઉષ્ણ છે કે શીત, ભૂધર ભીંજવિયા અનુચિત ॥૧૭॥
જે છે આપણી જીવનદોરી, તેહ સંગ ખેલ્યા ખોટી હોરી ॥
એ તો બેઠા રિસાઈ ઉતારે, રમે કુણ હવે તેની હારે ॥૧૮॥
સુણી સ્વામીનાં શિક્ષા વચન, સંત દુઃખી થયાં સહુ મન ॥
પશ્ચાતાપ કરે પારાવાર, થઈ ભૂલ્ય અમારી આ વાર ॥૧૯॥
પછી હેમંતે હિંમત ધરી, વિનવે વાલાને કરગરી ॥
હવે ઉદાસી આપની છાંડી, રંગ રેલાવો રમત્ય માંડી ॥૨૦॥
આજ ઉત્સવનો શુભ દન, મેલો મુખ મ્લાનું ભગવન ॥
ત્યારે તાડુકી બોલ્યા શ્રીહરિ, તમે લીધું છે મનમાં ધરી ॥૨૧॥
મુજ એકનું સાધી નિશાન, રંગ ઢોળી રમવું નિદાન ॥
માટે વસમું લાગ્યું છે ઘણું, કાં જે તન ધર્યું નર તણું ॥૨૨॥
વળી બોલ્યા હેંમતસિંહ હોંશે, હવે નહિ આવે કેનો દોષે ॥
થાઉ જામીન હું અંકભર, નહિ રંગ ઢોળે તમ પર ॥૨૩॥
પછી કહે મહારાજ વિશ્વાસ, કેદિ આવે ન આપનો ખાસ ॥
ગુરુદેવ અમારા જે કાવે, તેનો એક વિશ્વાસ જ આવે ॥૨૪॥
સુણી સહુએ કર્યો છે વિચાર, હવે એક ઉપાય જ સાર ॥
જઈએ મુક્તાનંદજીની પાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિ પંચાળા રંગોત્સવમાં રિસાયા એ નામે બસ્સો ને ચોવીસમું પ્રકરણમ્ ॥૨૨૪॥

INDEX

પ્રકરણ : ૨૨૫

પૂર્વછાયો :

સંત સહુ ભેળા મળી, ગયાં મુક્તાનંદજી પાસ ॥
લળી લળીને વિનવે, કરજોડી કરે અરદાસ ॥૧॥
બીજા ઉપાયે બગડ્યું, હવે બાજી તમારે હાથ ॥
તમ વિના મહારાજને, કોણ સમજાવે હે માત ॥૨॥
માટે મોહન મનાવવા, એક આપ સામર્થ્યવાન ॥
અવિનાશી આગળ્યે, સુખદ કરો સમાધાન ॥૩॥

ચોપાઈ :

સુણી વાત મુક્તાનંદ સ્વામી રે, આવ્યાં બેઠા'તા જ્યાં બહુનામી રે ॥
વાણી કોમળ ઉચ્ચારી આમ રે, સુણજો તમે સુંદર શ્યામ રે ॥૪॥
સુણી શ્રવણે ગોપીની ગાળ્ય રે, ગોકુળ મેલી ગયાં ન ગોપાળ રે ॥
માટે ધન્ય એ વ્રજની નાર રે, જેને પ્રેમે બંધાયા મોરાર રે ॥૫॥
પ્રેમમાં કોઈ નેમ ન બાધે રે, પ્રાણ પ્રીતમશું જેના વાધે રે ॥
જોને રાઘવે શબરી બોર રે, ખાધા નેહથી ભાવવિભોર રે ॥૬॥
માટે પ્રેમી તણાં પિતુ માત રે, સખા સારથિ છો રળિયાત રે ॥
જે કહો તે બસ આપ એક રે, નથી પ્રેમીને એથી વિશેક રે ॥૭॥
છાંડી તમને શ્રી મહારાજ રે, કિયાં જાશે સહુ કહો આજ રે ॥
તેથી લાડ લડાવે જે જન રે, તે તો સુખે સહો ભગવન રે ॥૮॥
સુણ્યાં એમ જ્યાં સ્વામીનાં વેણ રે, ઊઠ્યાં રુઠેલા રાજીવનેણ રે ॥
ઘણું હેતે હસ્યા અવિનાશી રે, ચાલો રંગે રમીશું હુલાસી રે ॥૯॥
કીધાં જૂથ બે રમવા કાજ રે, સામસામા તૈયાર છે સાજ રે ॥
એક કોરે બ્રહ્માનંદ રહ્યાં રે, બીજી કોરે નિત્યાનંદ થયાં રે ॥૧૦॥
ત્રાંસા ઢોલ મૂરફાની ઠોર રે, તીખી શરણાયું કરે જોર રે ॥
શૂરાતને ચડ્યા સહુ સંત રે, રૂડાં વાજાં વગાડ્યા અત્યંત રે ॥૧૧॥
ભેરી ભૂંગળને રણશીંગા રે, ડફ તૂરઈયું કરે ધીંગા રે ॥
રવાજ કાંસિયા દુદુંભી નાદ રે, ગાજે સૂર મેલી મરજાદ રે ॥૧૨॥
રાગ મારું સિંધુડા ગવાયા રે, પુરંદર આદિ નભે છાયા રે ॥
પિચકારી ભરી હરિ હાથ રે, સહુ સંતને રંગે છે નાથ રે ॥૧૩॥

INDEX

ચાલે માંહોમાંહિ પિચકારી રે, ઉડે રંગ સોરંગના વારિ રે ॥
જાણું આવિયો મેઘ અષાડે રે, ચાલ્યાં પૂર ભર્યા નીર ખાડે રે ॥૧૪॥
રૂડો રંગ લઈ અલબેલે રે, છાંટ્યો સહુને ઉપર્ય છેલે રે ॥
પછી ભરી ગુલાલની ઝોળી રે, નાખી હાથે રંગી સંત ટોળી રે ॥૧૫॥
દોય જૂથે વહેંચાઈને સંત રે, રમ્યા રંગનો ખેલ અત્યંત રે ॥
પછી મંચે આવ્યાં અવિનાશ રે, મુક્તમુનિ બેસાડિયા પાસ રે ॥૧૬॥
પ્રભુ કહે સ્વામીને ઉમંગે રે, ખેલે સંત કેવા આજ રંગે રે ॥
નિજ જૂથ જીતાડવા સારુ રે, ઘણું દાવ રમે પરબારું રે ॥૧૭॥
ત્યાં તો ખેલમાં પડી ખલેલ રે, ખૂટ્યા રંગના હોજ ભરેલ રે ॥
પછી કર્દમના પિંડ વાળી રે, નાખે પંડ ઉપર ઉછાળી રે ॥૧૮॥
હરિ હસે ઘણું દેખી હાલ રે, કેવા રમવા થયાં સહુ ન્યાલ રે ॥
ત્રણ પહોર એમ રંગ હોળી રે, માંહોમાંહિ રમ્યા બેઉ ટોળી રે ॥૧૯॥
કેડ્યે મુક્તમુનિ જોડી હાથ રે, કહે રાખો રમવાનું નાથ રે ॥
હળીમળી રમ્યા ઘણું સંત રે, આપી આજ્ઞા આણો હવે અંત રે ॥૨૦॥
આપી આગન્યા પ્રભુએ જ્યારે રે, મુક્તમુનિએ વાર્યા છે ત્યારે રે ॥
રાખો રાખો હવે રમવાનું રે, થાય મોડું ઘણું જમવાનું રે ॥૨૧॥
પ્રભુ પીરસશે નિજ હાથ રે, તેથી નાવા પધારો સંગાથ રે ॥
સુણી નહાવા પધારિયા નદી રે, તિયાં જળક્રીડા કરી કૂદી રે ॥૨૨॥
ત્યાંથી આવ્યાં ઉતારે જીવન રે, ઘડી પોઢીને જમ્યા જીવન રે ॥
મુનિ કાજે મોદક મોતૈયા રે, કરી રાખ્યા'તા સારા સેવૈયા રે ॥૨૩॥
તે પીરસ્યા પંગતમાં નાથે રે, જન જમાડિયા નિજ હાથે રે ॥
અતિ આનંદે જમિયા જન રે, તોય ખાતા ખૂટ્યું નહિ અન્ન રે ॥૨૪॥
એમ લીલા કરી અલબેલે રે, સહુ જનને આનંદ રેલે રે ॥
આવ્યાં દાસ તે પામ્યા ઉલ્લાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે પંચાળામાં અદ્‌ભુત રંગોત્સવ કર્યો એ નામે બસ્સો ને પચ્ચીસમું પ્રકરણમ્ ॥૨૨૫॥

પ્રકરણ : ૨૨૬

પૂર્વછાયો :

એટલી લીલા ત્યાં કરી, પુર પંચાળે વિશેષ ॥
પછી પ્રભુએ ભ્રાતને, વળાવિયા નિજદેશ ॥૧॥
ભ્રાત બેઉ ભૂધરના, પાયે પડે હરિવરને ॥
નીર નીતરતાં નયણે, ચાલ્યાં લઈ વિદાયને ॥૨॥
ત્યાર કેડ્યે અવિનાશીએ, આણ્યો અંગમાં મંદવાડ ॥
થયાં ઉદાસી અંતરે, તન શિથિલ થઈ નાડ્ય ॥૩॥

ચોપાઈ :

મોટા મોટા મરાળ કહેવાય, તેને ધારણાયું ધરી કાંય ॥
સિધાવ્યા સંબંધી નિજદેશ, મેલી મોહનવરને શેષ ॥૪॥
તેથી આણી ઉદાસી ઉરમાં, ગ્રહ્યો પ્રભુએ જવર પંડમાં ॥
એમ વાત બણી નિરધાર, વાલો વિયોગે દુઃખી અપાર ॥૫॥
ઘણું ઘણું વિચારી એ વાત, મુક્તમુનિ પાસે રળિયાત ॥
મોટા સંત મળી પડી પાય, પૂછે સ્વામી તણો અભિપ્રાય ॥૬॥
ત્યારે સ્વામી કહે સુણો સંત, કેમ દીસો અજ્ઞાની મહંત ॥
ઘાટ ઘડશ્યો મ કોઈ આવા, દીઠા માનુષી ભાવે શું માવા ? ॥૭॥
વિતરાગી છે શ્રી પરમેશ, સ્નેહ સંબંધીમાં નથી લેશ ॥
મુક્તપતિ જો મમત્વ બાંધે, ત્યારે જીવ શું કોટિક સાંધે ? ॥૮॥
મુને કહેતાં સ્વામી રામાનંદ, વર્ણી આવ્યાં છે જે સુખકંદ ॥
એના આવશે સંબંધી જ્યારે, થાશે ઉદાસી દલમાં ત્યારે ॥૯॥
એમ વાત સુણી સહુ સંત, આણ્યો શોક હૃદયે અત્યંત ॥
વાધ્યો તાવ શ્રીહરિને તન, જમે ન જમે ક્યારેક અન્ન ॥૧૦॥
ઝીણાભાઈનું ભુવન જ્યાંય, વાંસે વાડો મોટો એક ત્યાંય ॥
શમિયાણો બંધાવી વિશેષ, રહેતા ત્યાંજ ઘણું પરમેશ ॥૧૧॥
મુક્તમુનિ મન દુઃખી થાય, નિજ દ્રગથી દેખ્યું ન જાય ॥
પછી સર્વે લઈને મરાળ, આવ્યાં પ્રભુ પાસે તતકાળ ॥૧૨॥
દીઠાં સૂતાં ધર્મસુત ત્યાંય, છૂટે ધ્રૂજારિયું તનમાંય ॥
સ્વામીશ્રીએ ગ્રહ્યો ધીરે કર, જોયું નાડીમાંહિ જામ્યો જવર ॥૧૩॥

INDEX

હૈયામાંહિ રહી નવ ધીર, રોકી શક્યા નહિ નેણે નીર ॥
પ્રભુ પોઢેલા પલંગમાંય, એના ગાલે પડ્યું આંસુ જ્યાંય ॥૧૪॥
જાગ્યા ઝબકી જગદાધાર, ત્યાં તો સ્વામી દીઠાં નિરધાર ॥
કહે સ્વામી રડો શીદ આપ, નીર વહ્યાં શાને નિષ્પાપ ॥૧૫॥
આંખ્યું લૂછતાં બોલિયા સ્વામી, તમને શું કહિયે અંતરજામી ॥
દેખી ઉદાસી આપની સહુ, થયાં ઉદાસી દલમાં બહુ ॥૧૬॥
જોઈ જ્વર તમારે શરીર, નથી રહેતી હૈયામાંહિ ધીર ॥
પરાત્પર પુરુષોત્તમ પોત્યે, આવ્યાં અવનિએ મુક્ત સોત્યે ॥૧૭॥
થાપ્યો ધર્મ એકાંતિક શુદ્ધ, કર્યા પરમહંસ પ્રબુદ્ધ ॥
હવે થશો ઉદાસી દયાળુ, તૈયે મોક્ષમગે દેશો તાળું ॥૧૮॥
સુણી બોલ્યા પ્રભુ તતખેવ, ત્યારે શું કરીએ ગુરુદેવ ॥
કહો આગન્યા શી છે તમારી, કરવું એમ અમારે આ વારી ॥૧૯॥
શુભ સત્સંગનું જેમ દીસે, એમ કરવું અમારે અતિશે ॥
સારપ્ય મોટાની સારપ્યમાંય, રીત્ય સંપ્રદાયની સદાય ॥૨૦॥
ત્યારે મુક્તમુનિ જોડી પાણ, બોલ્યા શ્રીહરિ પ્રતિ સુજાણ ॥
ટાળો ઉદાસી તનમાં આજ, માંદાપણું મૂકો મહારાજ ॥૨૧॥
હવે રાખો તમારી આ લીલા, થાઓ મનમુદા અળવીલા ॥
ત્યારે વેણ ગ્રહી મુનિ તણું, આવ્યાં આનંદમાં હરિ ઘણું ॥૨૨॥
આણી દલમાં મોદ અપાર, ઊઠ્યા પર્યંકથી કિરતાર ॥
સહુ સંતને પ્રેમેશું ભેટ્યા, સર્વે ઉદાસીનાં દુઃખ મેટ્યા ॥૨૩॥
થયાં રાજી સહુ નરવામ, દેખી રાજી ઘણું ઘનશ્યામ ॥
મહામુનિ કેરા શુભ વેણ, અમળ કોમળ છે સુખદેણ ॥૨૪॥
પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિ, પ્રભુ પણ ઉથાપે ન જરી ॥
એવાં મુક્તમુનિ સુખધામી, ઘનશ્યામપ્રકાશના સ્વામી ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે પંચાળામાં શ્રીહરિએ ઉદાસી ગ્રહણ કરી એ નામે બસ્સો ને છવીસમું પ્રકરણમ્ ॥૨૨૬॥

પ્રકરણ : ૨૨૭

પૂર્વછાયો :

કણ કણ ધરતી તણાં, વનપાત[૧] ગાતરોમાવલી[૨] ॥
મેઘ ઝણ્ય જળકણ, ઊંચી ઉડુગણ આવલી[૩] ॥૧॥
એ તો સર્વે અનંત છે, તોય તેનો અંત કોઈ લહે ॥
મુક્તમુનિ મહારાજના, સદ્‌ગુણ કોઈ શું કહે ॥૨॥
પણ મારે હામ હૈયે, અલ્પ ન ઓછી થાય ॥
જેમ ચરિત્ર સાંભરે, તેમ કહેતાં મન હરખાય ॥૩॥

ચોપાઈ :

પુર પંચાળે પૂરણ પ્રીત્યે, કરી રંગોત્સવ રૂડી રીત્યે ॥
પછી મુક્તમુનિ પ્રભુ સંગે, ઘણે ગામ ગયાં ઉછરંગે ॥૪॥
બહુવિધ વિચરીને ઠામ, આવ્યાં ગઢપુરે અભિરામ ॥
આદર્યો અન્નકૂટ વિશાળ, જમાડ્યા જન લઈ સંભાળ ॥૫॥
પછી પ્રતિષ્ઠા કરવા કાજે, કંકોતરી લખાવી મહારાજે ॥
નરનારાયણ શ્રીનગરે, પધરાવશું રૂડાં અવસરે ॥૬॥
માટે સધાવજયો અમદાવાદ, મેલી લોકલાજ મરજાદ ॥
પંડે અમે પણ તિયાં આવી, કરશું ચોરાશી દ્વિજ બોલાવી ॥૭॥
એવો કાગળ દેશ પ્રદેશ, શ્રીહરિએ લખાવ્યો વિશેષ ॥
વળી મોર્યથી તૈયારી કાજ, મેલ્યા'તા મુનિ આનંદ ત્યાં જ ॥૮॥
લખ્યો કાગળ એણે ગઢડે, વાત પ્રભુને માલૂમ પડે ॥
સદ્‌ગુરુ મુક્તમુનિ જેવા, આંહિ મોકલજો તમે રહેવા ॥૯॥
રૂડું મંદિર થયું તૈયાર, જન આવે હજારૂ હજાર ॥
ફાગણ સુદિ તૃતિયાને દન, મેળ મૂહૂર્તનો છે પાવન ॥૧૦॥
એવો પ્રભુએ વાંચી કાગળ, સદ્‌ગુરુ બોલાવ્યા અમળ ॥
મુખ્ય કરી મુક્તાનંદ સ્વામી, મેલ્યા બ્રહ્મમુનિ અનુગામી ॥૧૧॥
રૂડી ગાડી લાવી તતખેવ, બેઉ મુનિ બેસાર્યા અભેવ ॥
કૃષ્ણપક્ષ કેરા માઘ માસે, થતા આરંભ એનો હુલાસે ॥૧૨॥
ચાલ્યાં ગઢડેથી મુક્તમુનિ, લેવા સાર શ્રીપુર ભક્તની ॥
થોડા દને પહોંચિયા સ્વામી, મળ્યાં આનંદમુનિ અકામી ॥૧૩॥

---

૧. જંગલના વૃક્ષોના પાંદડા ૨. શરીરના અંગો પરના વાળ ૩. હાર, કતાર

INDEX

ઉત્સવ તણી જે જે સહુ ત્યારી, ખાંત્યે પૂરી કરાવી છે સારી ॥
આવ્યો દશમી દન જરૂર, પ્રભુ પણ પધાર્યા જરૂર ॥૧૪॥
બાળ જોબન ને વૃદ્ધ વળી, મળ્યાં નરનારી હળીમળી ॥
કર્યા કાંકરિયાએ ઉતારા, જન મળી કરે જયકારા ॥૧૫॥
પછી આવ્યો મુહૂર્ત દિવસ, વેદ વિધિ આચરી અવશ્ય ॥
નરવીર પધરાવ્યા પ્રીત્યે, આરતી ઉતારી રૂડી રીત્યે ॥૧૬॥
દન વળતે દ્વિજ ચોરાસી, કરી જન જમાડ્યા હુલાસી ॥
અનંત લીલા આચરી ગોપાળ, વળતા આવિયાં દેશ પાંચાળ ॥૧૭॥
વાસ કરી રહ્યાં ગઢપુર, મુક્તમુનિ રહ્યાં શ્રીનગર ॥
ઉત્સવ પૂરો થયો ભલીવિધિ, કેડ્યે સેવા સંકેલાની કીધી ॥૧૮॥
ગોળ ઘૃતના સીધા અપાર, લાવ્યા ગાડે મંદિર મોઝાર ॥
વસ્તુ જે જે વધેલી જગને, યથાયોગ્ય મૂકાવી સદને ॥૧૯॥
મહિમા પ્રભુનો ભક્તને ભાખી, સેવા છેવટ્યની સહુ દાખી ॥
ચાલ્યાં મુક્તાનંદ મહારાજ, આવ્યાં ગઢપુરે શિરતાજ ॥૨૦॥
કરી સાષ્ટાંગ સ્નેહ સહિત્યે, મળ્યાં બાથમાં બળવંત પ્રીત્યે ॥
પછી પ્રતિષ્ઠાના સમાચાર, પૂછ્યા શ્રીહરિએ કરી પ્યાર ॥૨૧॥
ત્યારે સ્વામી કહે ધન્ય ધન્ય, આવો ઉત્સવ ન થયો અન્ય ॥
પામી પ્રતિષ્ઠા પૂરણ વિધિ, વણ વિઘને ચોરાસી કીધી ॥૨૨॥
વાત્યું ચાલી છે લોકમાં અતિ, અહો ન ભૂતો ન ભવિષ્યતિ ॥
જેને સહજાનંદ છે સહાય, તેણે વિઘન કેદિ ન થાય ॥૨૩॥
દૈત્ય દનુજ તો બળી મુવા, ફૂલી ફોગટ દુઃખિત હુવા ॥
હતાં જન જે સમાધિવાન, દર્શ પામ્યા તે દિવ્ય નિદાન ॥૨૪॥
જય જય થયો ચહુકોર, જામ્યો સત્સંગનો દીર્ઘ દોર ॥
સુણી રાજી થયાં અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીનગરમાં નરનારાયણદેવ પધરાવ્યા એ નામે બસ્સો ને સત્તાવીસમું પ્રકરણમ્ ॥૨૨૭॥

INDEX

પ્રકરણ : ૨૨૮

પૂર્વછાયો :

કલુષિત કળજુગમાં, ભક્તિ ભલી ઉપજાવવા ॥
નાખી પાયા પરમેશ્વરે, માંડ્યા મંદિર સજાવવા ॥૧॥
મંદિર મોક્ષમાર્ગનું, અંગ અભિન્ન ગણાય ॥
સુંદરતા સંપ્રદાયની, વધે તે થકી જગમાંય ॥૨॥
એમ ઘણું વિચારીને, કરાવ્યું મંદિર કામ ॥
પ્રથમ તે શ્રીપુરમાં, પૂરણ કીધું અભિરામ ॥૩॥

ચોપાઈ :

અમદાવાદે આનંદસ્વામી, રહ્યાં મંદિરમાં અનુગામી ॥
નિત આવે છે જન હજારુ, પ્રત્યક્ષ મૂરતિ દેખે સુચારુ ॥૪॥
વાધ્યો જનનો પ્રેમ અપાર, જામ્યો સત્સંગ નિરધાર ॥
એવે સમે મુનિએ કાગળ, લખી મેલ્યો શ્રીહરિ આગળ ॥૫॥
સદ્‌ગુરુઓ આવજો આંહિ, અમે આવશું ગઢડામાંહિ ॥
એવો પત્ર મળ્યો ગઢપુર, વાંચ્યો સદ્‌ગુરુએ જરૂર ॥૬॥
પણ તિયાં જાવા મનહાર્યું, પછી મનમાં સહુએ વિચાર્યું ॥
આવે જન્માષ્ટમી શુભ જ્યારે, જાશે સદ્‌ગુરુ કોઈ ત્યારે ॥૭॥
પછી આવશે વળતા પ્રીત્યે, મુનિ આનંદ મંડળ સહિત્યે ॥
માટે હમણાં જાવું નહિ ત્યાંય, જાવા તણું કાજ નથી કાંય ॥૮॥
એમ વળતો પત્ર લખાવ્યો, સ્વામી આનંદને તે ઠેરાવ્યો ॥
પત્ર આવ્યો શ્રીનગર શહેર, વાંચ્યો આનંદાનંદે સુપેર ॥૯॥
પત્ર વાંચી મતિ છે ઘૂંચાણી, કેડ્યે ઉદાસી મનમાં આણી ॥
તેથી પત્ર લખી વળી સારો, મેલ્યો પ્રભુ પાસે પરબારો ॥૧૦॥
મળ્યો મોહનવરને કાગળ, વાંચી રુઠ્યા મનમાં અકળ ॥
ઘણું ઘાંઘા થયાં ગિરધારી, દીધો સંતને ઠપકો ડારી ॥૧૧॥
બે બે કાગળ આવ્યાં વિશેષ, તોય અમને કહ્યું નહિ લેશ ॥
છાના મૂંઝાયા શાને મરાળ, શ્રીનગર જાવા તતકાળ ॥૧૨॥
હજી આદર્યું મંદિર એક, ત્યાં તો થયાં થકિત વિશેક ॥
તો તો દ્વિજને મંદિર આલી, પાછા ફરવા જાઓ સહુ ચાલી ॥૧૩॥

એમ કાઢે છે વાલો વરાળુ, તિયાં ઊભા થયાં છે દયાળુ ॥
મુક્તમુનિ જોડી બેઉ હાથ, બોલ્યા વિનંતી કરી હે નાથ ॥૧૪॥
ક્ષમાસાગર આપ અમાપ, નિજજન કરો નિષ્પાપ ॥
ભલે ભૂલ્ય થઈ આજ ભારી, કરો માફ હવે તો મોરારી ॥૧૫॥
સુણી ગિરા ગુરુદેવ કેરી, કેડ્યે શાંત થયાં રંગલેરી ॥
વળી સ્વામી બોલ્યા ધરી નેહ, મંદિર શ્રીપુરનું થયું જેહ ॥૧૬॥
લેશું તેહ મંદિરની સંભાળ, પંડે રાખી ખબર તતકાળ ॥
હવે ચિંતા મ કરશો કાંય, રહો પ્રસન્ન શ્રી પ્રભુરાય ॥૧૭॥
પછી રાજી થયાં અલબેલ, વાળી આનંદની રંગરેલ ॥
પછી મુક્તમુનિએ વિચાર્યું, આનંદ સ્વામીને તેડવા ધાર્યું ॥૧૮॥
તે માટે કર્યો એવો ઉપાય, શ્રીહરિ ને સંત રાજી થાય ॥
ભજનાનંદ નામે મરાળ, વિચરે મંડળ સંગે દયાળ ॥૧૯॥
મુક્તાનંદજીએ મુદભર્ય, લખી મેલ્યો પત્ર તે ઉપર્ય ॥
હાલ રહ્યાં જે સ્થાનમાં આપ, ત્યાંથી સધાવજ્યો નિષ્પાપ ॥૨૦॥
વિશાલાવાસી વિરાજે જ્યાંય, સંત ભેળા રહેજ્યો તમે ત્યાંય ॥
પછી ત્યાંથી આનંદ સ્વામીને, મેલજ્યો ગઢડે વિનવીને ॥૨૧॥
પછી પાછા વળે મુનિ ત્યાંહિ, તમે સુખે પધારજ્યો આંહિ ॥
એમ લખીને મેલ્યો કાગળ, ભજનાનંદને તેહ પળ ॥૨૨॥
પછી સભા પૂરી થયે શ્યામ, આવ્યાં જમવા પૂરણકામ ॥
બેઠા જમવા મોહનરાય, સદ્‌ગુરુ બોલાવિયા ત્યાંય ॥૨૩॥
મુક્તાનંદ બ્રહ્માનંદ સંગે, આવ્યાં નિત્યાનંદ ઉછરંગે ॥
તે ઉપર થયાં રાજી દયાળ, પછી દીધો પ્રસાદીનો થાળ ॥૨૪॥
પામ્યા પ્રસાદી પ્રભુજી તણી, આવી સંતને હિંમત ઘણી ॥
એવી લીલા કરી સુખદાય, ઘનશ્યામપ્રકાશ તે ગાય ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીનગરમાં સંતોની ફેરબદલી કરી એ નામે બસ્સો ને અઠ્ઠાવીસમું પ્રકરણમ્ ॥૨૨૮॥

INDEX

પ્રકરણ : ૨૨૯

પૂર્વછાયો :

સર્વે નિયમ સતસંગના, પાળવા તે પૂરાં વળી ॥
દ્રઢ રહે નિયમ થકી, ધર્મ જ્ઞાનાદિ ગુણો મળી ॥૧॥
ખાવું પીવું સૂવું બેસવું, નિયમથી જમે રમે ॥
ભક્તિ ભલી ભગવાનની, તે પણ કરવી નિયમે ॥૨॥
માટે નેમ નક્કી કરી, રાખવા હૃદયમાંય ॥
એમાં વિશેષ વાલ્યમો, રાજી રહે સદાય ॥૩॥

ચોપાઈ :

સૂધી વાત નિયમની સારી રે, હવે સંભળાવું અવિકારી રે ॥
લખ્યું શિક્ષાપત્રીમાંહિ આપે રે, મહાપ્રભુએ પૂર્ણ પ્રતાપે રે ॥૪॥
સતસંગી અમારા કહાવે રે, તેને ચાતુરમાસ જે આવે રે ॥
લેવા નેમ વિશેષ પ્રકાર રે, નિજ સામરથી અનુસાર રે ॥૫॥
ખરા હોય જે હરિના જન રે, પાળી નિયમ કરે પ્રસન્ન રે ॥
મુનિ મુક્તાનંદ પ્રતિ વર્ષે રે, લિયે નેમ અધિકા હર્ષે રે ॥૬॥
પ્રકટ લીલા સંભારવી પ્રીત્યે રે, રચવા ગ્રંથ રૂડાં જન હિતે રે ॥
એમ અનેકવિધ પ્રમાણ રે, ગ્રહે નિયમ સ્વામી સુજાણ રે ॥૭॥
તેની વિસ્તારીને એક વાત રે, કહું સાંભળજો રળિયાત રે ॥
આવી દેવપોઢી એકાદશી રે, ત્યારે બોલ્યા બહુનામી હસી રે ॥૮॥
શોભે સહુનું રૂડું નિયમે રે, એમાં રાજી થૈયે ઘણું અમે રે ॥
માટે મોટા મોટા જે મરાળ રે, ગ્રહો નેમ સહુ તતકાળ રે ॥૯॥
કોઈ કે કરું પાંચસે માળા રે, જાવું જાતરાયે પગપાળા રે ॥
કોઈ કે કરું હું પ્રદક્ષણા રે, પૂરી પાંચસે રાખું ન મણાં રે ॥૧૦॥
કોઈ કે કરું હું દંડવત્ રે, ત્રણશે વળી કોઈ કે શત રે ॥
કોઈ કે કરું સ્તોત્રનો પાઠ રે, અષ્ટોતરશત વાળી ગાંઠ રે ॥૧૧॥
કોઈ કહે ગ્રહું નહિ અન્ન રે, કોઈ કહે છાંડું એક દન રે ॥
કોઈ કે ધરું ધ્યાન બે જામ રે, કોઈ કહે રટુ નિત્ય નામ રે ॥૧૨॥
મહામોટા નેમ ભલી ભાત્યે રે, સંત લિયે છે સરવે ખાંત્યે રે ॥
પણ મુક્તમુનિ બોલ્યા વિણ રે, બેઠા માળા ફેરવતા પ્રવિણ રે ॥૧૩॥

તિયાં ઉપજ્યો કોયને મન રે, એવો એક સંકલ્પ તે દન રે ॥
મોટાને તો જોયે નિમ મોટા રે, જેથી બળમાં રહે બહુ છોટા રે ॥૧૪॥
જાણી એવો વિચાર મહારાજ રે, કહે મુક્તમુનિ સુણો આજ રે ॥
નિમી એકાદશીએ નિયમ રે, કાંઈ ગ્રહો આપ અનુપમ રે ॥૧૫॥
ત્યારે સ્વામીશ્રીએ જોડ્યા હાથ રે, કહે માળા પચાસ હું નાથ રે ॥
નિત ફેરવાનું નિમ ગ્રહું રે, સહુ સાંભળજો સત્ય કહું રે ॥૧૬॥
સુણી સંત થયાં છે ચકિત રે, માળા એટલી કેવળ નિત રે ॥
મુક્તમુનિ આગે સહુ બાળ રે, પણ એ તો છે મોટા મરાળ રે ॥૧૭॥
માળા પચાસે કાંયે ન થાય રે, જોયે નિયમ મોટું જરાય રે ॥
ત્યારે પ્રભુ થકી ક્ષણ એક રે, નવ રહી શકાયું વિશેક રે ॥૧૮॥
સહુને સમજાવા સત્ય વાત રે, પૂછ્યું સ્વામીશ્રીને રળિયાત રે ॥
કહો માળા કરો કેવી રીતે રે, સંભળાવો તે અમને પ્રીત્યે રે ॥૧૯॥
કર્યો સ્વામીએ પછી ઉચ્ચાર રે, ફેરુ માળા પચાસ નિર્ધાર રે ॥
એમાં માળા ફેરવતાં અલ્પ રે, થાય નહિ જગત સંકલ્પ રે ॥૨૦॥
મૂર્તિ મેલી કરે મન ઘાટ રે, વળી કરે જો અન્ય ઉચાટ રે ॥
માળા ફેરવવી ફરીવાર રે, એમાં રાખું પ્રમાદ ન લગાર રે ॥૨૧॥
આપ મૂર્તિ તણાં સર્વ અંગ રે, દલે ધરું એકેક અભંગ રે ॥
માળા કરું છું એમ પચાસ રે, સુખે સંભારીને અવિનાશ રે ॥૨૨॥
રીત્ય સુણી ગુરુદેવ તણી રે, સત્ય સમજાણી વાત ઘણી રે ॥
માળા મુક્તમુનિની પચાસ રે, તેહ આગે બીજાની કચાશ રે ॥૨૩॥
નામ સમરો નામી સંગાથ રે, તેથી ઓરા આવી રહે નાથ રે ॥
વણ સ્મૃતિએ સમરે કોય રે, તેનું જપ પુણ્ય રહે નોય રે ॥૨૪॥
માટે મોટાની રીતે જ રીત રે, સહુ જનને રાખવી નિત રે ॥
અન્ય ઉદ્યમ કરવા નાશ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ ચાતુર્માસમાં નિયમ પચાસ માળાનો લીધો એ નામે બસ્સો ને ઓગણત્રીસમું પ્રકરણમ્ ॥૨૨૯॥

પ્રકરણ : ૨૩૦

પૂર્વછાયો :

હવે હરિવર સાંભળો, વિધિ વરણવું પુનિત ॥
અંગોઅંગ ઉર ધરી, ફેરું માળા પચાસ નિત ॥૧॥
પ્રથમ બેસી આસને, અંતર કરું વિચાર ॥
બદ્ધ નહિ હું બ્રહ્મ છું, નથી સુખદુઃખ નિરધાર ॥૨॥
એમ ચિંતવી ચિત્તમાં, વૃત્તિ રાખી હરિમાંય ॥
અંગ એકેક નાથનું, ધરી માળા ફેરું સદાય ॥૩॥

ચોપાઈ :

પ્રથમ જપું જુગલ શુભચરણ રે, સુખકારી સદા ભયહરણ રે ॥
રોમયુક્ત આંગળિયું દશ રે, દશ માળા તેહની અવશ્ય રે ॥૪॥
જુગલ ફણાની જુગલ જાણો રે, બે બે પાની ગુલ્ફની પ્રમાણો રે ॥
જંઘા જુગલને જુગ જાનું રે, ચ્યાર માળા તેની કરી માનું રે ॥૫॥
ઉરુ વિશે આનંદે અધિક રે, માળા જુગલ જાણો ખચિત રે ॥
વારે વારે મન હરનારી રે, રંગચોળ સદા કરનારી રે ॥૬॥
નાભિ નૌતમ વર્તુળ સમ રે, નેહે નીરખું છું અવિરમ રે ॥
તિયાં વૃત્તિ કરી ઠરી ઠામ રે, કરું માળા એક અભિરામ રે ॥૭॥
સુંદર શોભે શશી સમ શીત રે, ઉદર ત્રિવળી જુક્ત શોભિત રે ॥
આણી મોદ મનમાંહિ મસ્ત રે, કરું માળા તિયાં થઈ વ્યસ્ત રે ॥૮॥
લાજે કામ કોટિક તમામ રે, દેખી સ્તન બે શ્યામના શ્યામ રે ॥
રાખી ઉરમાં એની સંભાળ રે, દ્વય માળા ફેરું છું રસાળ રે ॥૯॥
ભલા ભુજ શોભે બેઉ ભારે રે, દોય માળા કરું એકહારે રે ॥
કરમાંહિ આંગળિયું દશ રે, હું તો સુખે ગાંઉ તેનો જશ રે ॥૧૦॥
એક એક આંગળી સંભારી રે, દશ માળા ફેરુ અવિકારી રે ॥
પછી શુભ કંબુ કંઠ જોઉ રે, નીરખી અંતરમાં અતિ મોંઉ રે ॥૧૧॥
લઈ સ્વામિનારાયણ નામ રે, કરું માળા એક અભિરામ રે ॥
ચંચળ ચિબુકમાં ચિત્ત રાખું રે, અવિલોકી મન મસ્ત દાખું રે ॥૧૨॥
કરું માળા એક મુજ રીત્યે રે, કેડ્યે જાઉ આગળ હું પ્રીત્યે રે ॥
વળી લાલ જે ગાલ શોભિત રે, શોભે એમાંહિ નાસા પુનિત રે ॥૧૩॥

એક માળા તેની હેતે ફેરું રે, સુખ શ્રીહરિનું બહુ હેરું રે ॥
ગૌર વર્ણ ને મુખડું શોભે રે, જોવા વારે વારે મન લોભે રે ॥૧૪॥
ચિરકાળ ચિંતવી ચિત્તમાંય રે, એક માળા ફેરું સુખદાય રે ॥
ચારુ ચક્ષુ ચપળ નિરાંત્યે રે, નેણે નિહાળું નેહથી ખાંત્યે રે ॥૧૫॥
તેની માળા ઉભય પરમાણું રે, ઘડી ઘડી સુખ તેનું માણું રે ॥
શ્રવણ શોભી રહ્યાં બેઉ બાજુ રે, દ્વય માળા કરું એની કાજુ રે ॥૧૬॥
ધનુ સમ ભ્રકુટિ વિશાળ રે, ભલી ભગવંત કેરી રસાળ રે ॥
મનમસ્ત બની એક તાર રે, દ્વય માળા કરું નિરધાર રે ॥૧૭॥
ભાલ ઉપડતું શોભે સારું રે, તેમાં તિલક સોહે સુચારું રે ॥
ઘણું સંભારતા મનમાંય રે, ફેરું એક માળા હરખાય રે ॥૧૮॥
ઝૂલે તોરા ને પાઘ પેચાળી રે, દેખી દલમાંહિ હદ વાળી રે ॥
તેણે સહિત શીશ સુંદર રે, એક માળા કરું મુદભર રે ॥૧૯॥
એક એક મણકે અવિકારી રે, સ્વામિનારાયણ નામ ઉચ્ચારી રે ॥
પૂરી કીધી માલિકા પચાસ રે, કરે જન્મ મરણનો નાશ રે ॥૨૦॥
એવા વેણ સુણી સ્વામી તણાં રે, હેતે બોલ્યા બહુનામી ઘણાં રે ॥
મુનિ મુક્તાનંદ ધન્ય ધન્ય રે, આવાં નેમ તોલ્યે નહિ અન્ય રે ॥૨૧॥
સુણો સંત હરિજન પાળા રે, વળી જન કર્મયોગ વાળા રે ॥
રીત્ય સ્વામીની છે નિરધાર રે, સહુ રાખજો તે કરી પ્યાર રે ॥૨૨॥
લેવું નામ સદા નામી સાથ રે, તો રીઝે ખરા નટવર નાથ રે ॥
જે જે નેમ લીધાં જેણે જેવાં રે, નિત્ય રાખજો તેવા ને તેવા રે ॥૨૩॥
હોરે હોરે લીધાં નેમ હેતે રે પૂર્ણ પાળવા સ્નેહ સમેતે રે ॥
વણ પાળ્યે છે લાંછન મોટું રે, માટે કરશો મા કોઈ ખોટું રે ॥૨૪॥
એમ કહી રહ્યાં ધરી પ્યાર રે, સભામાંહિ શ્રી જગદાધાર રે ॥
વાત રાખજો એટલી ઉર રે, ઘનશ્યામપ્રકાશ જરૂર રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ પચાસ માળાની રીત વર્ણવી એ નામે બસ્સો ને ત્રીસમું પ્રકરણમ્ ॥૨૩૦॥

INDEX

પ્રકરણ : ૨૩૧

પૂર્વછાયો :

પરમહંસ પાંચસે, પાળા બ્રહ્મચારી વિશેષ ॥
મુખ્યા તેમાં મુક્તાનંદજી, શ્રીમુખે કહે પરમેશ ॥૧॥
પ્રીત છે પરસ્પરને, તે છૂટે નહિ કોઈ કાળ ॥
અનાદિ તે સંબધને, કોઈ સમજે શું તતકાળ ॥૨॥
અતિ રહસ્ય એકાંતની, કે વળી હોય દલ તણી ॥
વાતું સર્વે નેહથી, પ્રભુ કહે મુનિને ઘણી ॥૩॥

ચોપાઈ :

તેની કથા પ્રમાણ છે જેહ, સંભળાવું રૂડી રીત્ય એહ ॥
થઈ સાવધ સુણજો સહુ, તો થશે મોદ મનમાં બહું ॥૪॥
એક સમે ગઢપુરમાંય, રૂડી અક્ષરઓરડીમાંય ॥
પોત્યે પોઢેલા પ્રાણઆધાર, હતા હાજર ભગુજી બાર ॥૫॥
મધરાત વીતી એમ જ્યારે, જગજીવન જાગ્યા છે ત્યારે ॥
કહે હોય જો હાજર કોય, સદ્ય આવે મુજ પાસે સોય ॥૬॥
સુણી ભગુજી કહે તતકાળ, કહો શી આગન્યા છે દયાળ ॥
રહું હાજર હરહંમેશ, એમાં ખામી રાખું નવ લેશ ॥૭॥
પછી સ્નેહે શ્રીહરિ બોલિયા, મુક્તમુનિ પોઢ્યા હશે કિયાં ॥
કરો તપાસ તેની સઘળે, મળવું'તું અમારે આ પળે ॥૮॥
બોલ્યા ભગુજી ત્યાં મુદભેર, સ્વામી છે જીવાબાપુને ઘેર ॥
સંત કાજે કરી ધર્મશાળા, તેમાં મુનિ સૂતાં છે સુખાળા ॥૯॥
કહો તો આંહિ બોલાવું હાલ, આપો આગન્યા જો તતકાળ ॥
ત્યારે ભૂધર કે નહિ નહિ, એવી ભૂલ્ય ન કરવી અંહિ ॥૧૦॥
તેમને નવ બોલાવી લૈયે, આ સમે તો સામા ચાલી જૈયે ॥
એમ કહીને થયા ચાલતાં, ચાંખડીએ ચાલી ચટકંતા ॥૧૧॥
આવ્યા ધરમશાળા મોઝાર, મળ્યા મુનિને પ્રાણઆધાર ॥
તિયાં ધ્યાનમાં બેઠા'તા સ્વામી, તેણે આવ્યા જાણી બહુનામી ॥૧૨॥
દીધું ઉભા થઈને આસન, બેઠા તે પર શ્રી ભગવન ॥
પછી બોલિયા ધર્મકુમાર, સાંભળો ગુરુદેવ ઉદાર ॥૧૩॥

INDEX

સ્વપ્ન દીઠું અમે મધરાતે, તેને આવ્યો સુણાવા હું ખાંત્યે ॥
આપો આજ્ઞા તો ઉચ્ચરે દાસ, એટલી દલમાં અરદાસ ॥૧૪॥
ત્યારે સ્વામી બોલ્યા જોડી કર, શીદ શરમાવો સુખકર ॥
અહો ભાગ્ય અમારા અમાપ, રૂડી રજનીએ આવિયા આપ ॥૧૫॥
સંભળાવો સ્વપન સ્વમુખે, સર્વે સાંભળશું અમે સુખે ॥
પછી માંડ્યું કહેવા સ્વપન, જેહ આવ્યું પ્રભુને પાવન ॥૧૬॥
પ્રથમ ભેગા મળી સહુ દેવ, આવ્યાં મુજ સ્વપ્ને તતખેવ ॥
પૂછ્યું કેમ આવ્યા આજ તમે, વણ યાદ કર્યે જ આ સમે ॥૧૭॥
પછી બોલિયા તે મળી સહુ, તમે રચશો મંદિર બહુ ॥
તે વિશે અમને પધરાવો, દલમાંહિ દયા એમ લાવો ॥૧૮॥
એવું દીઠું અમે સ્વપ્નમાંય, ત્યારે સ્વામીશ્રી બોલિયા ત્યાંય ॥
ફળીભૂત થાશે સ્વપ્ન સારું, કર્તાપણું છે એમાં તમારું ॥૧૯॥
વળી નાથ બોલ્યા કરભામી, ન ગયું તે એટલે વિરામી ॥
આવ્યા પૃથ્વીના તીર્થ તમામ, ત્યારે પૂછ્યું અમે તેહ ઠામ ॥૨૦॥
શીદ આવ્યા તમે સહુ મળી, ત્યારે તે કહે વ્યાપિયો કળિ ॥
જન દુષ્ટ અને દુરાચારી, ચોર પાપી વ્યસની વિકારી ॥૨૧॥
પરાદારા પથિ પાપે પૂરા, એક અધર્મ વિશે જ શૂરા ॥
જ્ઞાન વૈરાગ્યની શું વિસાત, ભ્રષ્ટ ભક્તિ ભરેલા કજાત્ય ॥૨૨॥
એવા ભેગા મળીને અસુર, અમને દિયે છે ત્રાસ જરૂર ॥
કિયાં જૈયે અમે હરિવર, દયા આણોને અમ ઉપર ॥૨૩॥
રાખો આપ શરણ સદાય, નથી આશ અન્ય હવે કાંય ॥
એમ તીર્થએ વિનંતી કરી, શ્રીહરિએ તે ઉરમાં ધરી ॥૨૪॥
પછી તીર્થ તે સરવે કહ્યા, હરખીને ભેળા થઈ રહ્યા ॥
હવે લીલા હેતથી હુલાસે, ઘનશ્યામપ્રકાશ તે ગાશે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળ સેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ અરધી રાત્રે મુક્તમુનિને સ્વપ્ન કહ્યું એ નામે બસ્સો ને એકત્રીસમું પ્રકરણમ્ ॥૨૩૧॥

INDEX

પ્રકરણ : ૨૩૨

પૂર્વછાયો :

પછી પ્રભુએ વિચારિયું, કરવું તીર્થનું જતન ॥
અન્યથા અનર્થથી, પાતક વધે નિશદન ॥૧॥
ઘણું ઘણું વિચારીને, કેડ્યે બોલ્યા શ્રી અવિનાશ ॥
પવિત્ર ઉન્મત્તગંગમાં, સહુ મળી કરો નિવાસ ॥૨॥
માટે પૂછો જઈ ગંગને, પરવાનો વસવા માટ ॥
આપે સહમતિ સર્વને, તો રહેજો મેલી ઉચાટ ॥૩॥

ચોપાઈ :

એમ પુરુષોત્તમ શ્રીહરિ રે, મુક્તાનંદજીને હેત કરી રે ॥
નિજ સ્વપ્ન સુણાવે રસાળ રે, તેહ સાંભળે પ્રીત્યે મરાળ રે ॥૪॥
આવ્યાં તીર્થ તે ઉન્મત્તગંગે રે, વાસ કરવાની આશ ઉમંગે રે ॥
ભાળી રૂપ તેનું ઉન્મત્ત રે, સર્વે તીર્થ થયાં મનહૃત રે ॥૫॥
નીર નિર્મળ નિર્ઝર તણું રે, તેનું સૌંદર્ય છે અતિ ઘણું રે ॥
રૌદ્ર રુપ ક્યારે તન ધરે રે, મંદ મંદ ગતિ ક્યારે કરે રે ॥૬॥
ઉભય તીરે શોભે ઉપવન રે, ફૂલ તરુ ઘાટી છે સઘન રે ॥
ઘૂઘવાટા કરે જળ એનું રે, પંડ સાગર સુધી છે તેનું રે ॥૭॥
ક્યારે ઊંડા ને છીછરા જળ રે, પણ જળ છે અતિ અમળ રે ॥
જીવજંતુને આપે જીવન રે, તેનું વારિ પીવે સહુ જન રે ॥૮॥
મુનિજન મળી તિયાં આવે રે, તીરે બેસીને ધ્યાન લગાવે રે ॥
અતિ પાવનકારી સરિત રે, મન થાય નિહાળી મુદિત રે ॥૯॥
એમ ઉન્મત્તગંગા સ્વરૂપ રે, સહુ જીવને છે સુખરૂપ રે ॥
તેને ઘેલો કહે સહુ જન રે, નાચતા નીર જોઈ પ્રસન્ન રે ॥૧૦॥
કરી ઘેલા નદીને પ્રણામ રે, સંભળાવી સૌએ નિજ હામ રે ॥
ત્યારે ઘેલાજી બોલિયા જેમ રે, કહું તમને જેમ છે તેમ રે ॥૧૧॥
મુને તો નથી ખપ તમારો રે, સત્ય વાત સહુ મન ધારો રે ॥
ભાગ્યવાન અમે બહુવિધ રે, લોકમાં ભલે આપ પ્રસિદ્ધ રે ॥૧૨॥
મુજ વારિ મધ્યે અલબેલ રે, નિત્ય સ્નાન કરે રંગરેલ રે ॥
મુનિઓ સંગ રમે રમાડે રે, જળ ખેલી આનંદ પમાડે રે ॥૧૩॥

ઘણીવાર દઈને ડૂબકી રે, પગ પકડી દાસના નક્કી રે ॥
લઈ જઈ ઊંડા જળમાંય રે, દેખાડે નિજ ઐશ્વર્ય ત્યાંય રે ॥૧૪॥
જ્યારે નાવા આવે નાથ આંહિ રે, ત્યારે હરખીને મનમાંહિ રે ॥
નાચું ઉમંગે આણી વિચારો રે, નક્કી આવશે ધર્મદુલારો રે ॥૧૫॥
પછી ગાતાં વાતાં ગિરધર રે, આવે ભક્ત સંગે મુદભર રે ॥
આવી કરે આલિંગન મને રે, તેથી રંગાઉ હું આખા તને રે ॥૧૬॥
તે સમાનું કેવું સુખ હોય રે, તે તો મળે કવિ ક્રોડ તોય રે ॥
નવ શકે જ વર્ણવી સાચું રે, શ્યામને સંગ એમ હું રાચું રે ॥૧૭॥
વળી તમને મળ્યાં અવતાર રે, તેહ પણ એકાદ બે વાર રે ॥
પણ મુને મળ્યાં અવતારી રે, નિત્ય નાય મુજમાં અપારી રે ॥૧૮॥
સર્વે કારણનું જે કારણ રે, સર્વ નિયંતા ભયહરણ રે ॥
નોતા નથી વળી નહિ હોય રે, જેથી પર કેદિ કોઈ સોય રે ॥૧૯॥
નથી આવ્યાં કેદિ ન આવશે રે, તેથી મું વિણ કોણ ફાવશે રે ॥
તેથી હોય ગરજ સો વાર રે, તો કરો વાસ સહુ નિર્ધાર રે ॥૨૦॥
નહિ તો હું રહું પરસને રે, નથી બીજા તણી આશ મને રે ॥
એમ ગંગ ઉન્મત્તો હુલાસે રે, વાત સંભળાવી તીર્થ પાસે રે ॥૨૧॥
પછી બોલ્યા હરિવર ખાંત્યે રે, એમ સ્વપ્ન લાધ્યું મધરાતે રે ॥
સુણી સ્વામી કહે ધન્ય ધન્ય રે, અમ જેવા બીજા નહિ અન્ય રે ॥૨૨॥
પૂર્ણ પ્રતાપી પુરુષોત્તમ રે, તેહ પામ્યા પ્રત્યક્ષ ઉત્તમ રે ॥
નથી ઉધારાની કોઈ વાત રે, આ તો પામ્યા પ્રકટ સાક્ષાત રે ॥૨૩॥
એમ અરધી રજનીએ નાથે રે, મુક્તમુનિને સ્નેહ સંગાથે રે ॥
નિજ સ્વપ્ન કીધું હેત આણી રે, ખરા જ્ઞાન અધિકારી જાણી રે ॥૨૪॥
હશે સદ્ગુરુ અન્ય ત્યાંય રે, તોય સ્વપ્ન કીધું નહિ ક્યાંય રે ॥
એવાં એક મુક્તમુનિરાય રે, ઘનશ્યામપ્રકાશ તે ગાય રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળ સેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સર્વે તીર્થ ઉન્મત્તગંગામાં આવીને રહ્યા એ નામે બસ્સો ને બત્રીસમું પ્રકરણમ્ ॥૨૩૨॥

INDEX

પ્રકરણ : ૨૩૩

પૂર્વછાયો :

શુભમતિ હવે સાંભળો, કહું વાત અતિ સુખરૂપ ॥
દુઃખ દઈ નિજદાસને, પ્રભુ અર્પે સુખ અનુપ ॥૧॥
આણી મોજ અવિનાશી, રમે જમે હરે ફરે ॥
લડે વળી ક્યારે રડે, ક્યારે દિલ દયા ધરે ॥૨॥
દેખી દુષ્ટ તે દલમાં, લાવશે શંકા અપાર ॥
પણ પ્રભુના જનને, એ જ આનંદ અનરાધાર ॥૩॥

ચોપાઈ :

એક સમામાંહિ હરિરાય, ઘણું વિરાજે ગઢડામાંય ॥
રૂડો ચાલે ભાદરવો માસ, એમાં વદ પક્ષ વળી ખાસ ॥૪॥
જગમાંહિ ચાલે એવી રીત, દામ ખરચી જન ખચિત ॥
શ્રાદ્ધ કરાવે સંબંધી કેરા, નરનારી જમાડે ઘણેરા ॥૫॥
પછી પ્રભુ બોલ્યા લઈ બાધ, અમારે પણ કરવું શ્રાદ્ધ ॥
નિજ માતાનું શ્રાદ્ધ નખાવી, વિપ્ર જમાડશું મોદ લાવી ॥૬॥
ત્યારે લાડુબાને જીવુબાય, સાથે બોલિયા ઉત્તમરાય ॥
તમે ચિંતા મ કરો શ્રીહરિ, નહિ રાખીએ કસર જરી ॥૭॥
શાસ્ત્રવિધિ અનુસાર શ્યામ, શ્રાદ્ધ કરશું પૂરણકામ ॥
કહો કરવું શું રસોઈમાંય, ઇચ્છા આપની જે મનમાંય ॥૮॥
ત્યારે બોલ્યા શ્રીહરિ સ્વમુખે, દૂધપાક રૂડો કરો સુખે ॥
સહુ જન જમાડવા મારે, સ્વાદુ રચાવો વ્યંજન ભારે ॥૯॥
પછી પય લાવ્યા પચ્ચી મણ, ભેળું કરી ગામથી તે ક્ષણ ॥
રૂડો કર્યો તેનો દૂધપાક, બીજા પાક તે આગળ રાંક ॥૧૦॥
વળી વિદ્યાર્થી સંતોએ ઘડી, રૂડી રોટલિયું સાતપડી ॥
થઈ રસોયું સર્વે તૈયાર, ત્યારે બોલિયા ધર્મકુમાર ॥૧૧॥
વિપ્ર શોધી લાવો કોઈ સારો, અખંડ ઈશ્વરને ધરનારો ॥
તેને જમાડીને પછી અમે, ખાંત્યે જમીશું અન્ન આ સમે ॥૧૨॥
ત્યારે બોલ્યા મુક્તાનંદ સ્વામી, એવાં એક છે વિપ્ર અકામી ॥
પવિત્ર મૂળજી બ્રહ્મચાર, નથી અન્ય એવાં નિરધાર ॥૧૩॥

INDEX

પછી પ્રભુ કહે વર્ણી આજ, તમે પહેલા જમો શિરતાજ ॥
કેડ્યે જમીશું અમે રસોઈ, તમને જમતાં મુદિત જોઈ ॥૧૪॥
સુણી બોલ્યા બ્રહ્મચારી એમ, આપ જમ્યા વિણ જમું કેમ ॥
એમ કર્યે નિયમે શું અર્થ, આજ દિ' લગીનું થાય વ્યર્થ ॥૧૫॥
વાલો વળી વળી વારે ઘણું, આજ શ્રાદ્ધ મુજ માત તણું ॥
માટે જમો પહેલા મોદ પામી, નહિ આવે નિયમમાં ખામી ॥૧૬॥
ત્યાં તો અકળાયા બ્રહ્મચારી, બોલ્યા વેણ મુખથી ઉચ્ચારી ॥
ભલે પશ્ચિમ ઉગશે સૂર, તોય જમું નહિ હું જરૂર ॥૧૭॥
પહેલા જમે જો જગદાધાર, ત્યાર કેડ્યે હું જમું ધરાર ॥
પછી નાથે પણ હઠ લીધી, ન જમે તો નહિ થાય વિધિ ॥૧૮॥
કોઈ કેનું મૂકે નહિ વેણ, પછી મેલ્યું સ્વામીશ્રીને કે'ણ ॥
હવે એક જ સ્વામી સમર્થ, તેહ વિણ પ્રયત્ન છે વ્યર્થ ॥૧૯॥
શ્રાદ્ધ માતાનું છે માટે માત, સમજાવે વરણીને વાત ॥
થઈ વેળા જમવાની જ્યાંય, લાવ્યા તપેલા દૂધના ત્યાંય ॥૨૦॥
હતી રોટી ઘીમાંહિ ઝબોળી, તેની ચોકીયું ચોકમાં ઢાળી ॥
આજ પોત્યે પીરસે ભગવંત, એમ સમજીને આવિયાં સંત ॥૨૧॥
બેઠા કરીને સંત પંગતિ, બોલે ધૂન્ય જોરાજોરે અતિ ॥
જાણે બેઠી છે હંસની હાર, એમ શોભે મરાળ અપાર ॥૨૨॥
ત્યારે વિચારે છે મુક્તમુનિ, જે છે મરજી આજ પ્રભુની ॥
સમજાવું તે બ્રહ્મચારીને, વળે હાશ જેથી શ્રીહરિને ॥૨૩॥
એમ વિચારીને મનમાંય, આવ્યાં બ્રહ્મચારી હતાં જ્યાંય ॥
મુખ વામણું કરી એકાંતે, વર્ણી બેઠા એકલા નિરાંતે ॥૨૪॥
મુક્તમુનિ પડ્યાં તેને પાયે, લળી વિનંતી કરી જીભાયે ॥
તેનો કરી વિસ્તાર હુલાસે, ઘનશ્યામપ્રકાશ તે ગાશે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મૂળજી બ્રહ્મચારી શ્રીહરિને જમાડ્યા વિના ન જમ્યા એ નામે બસ્સો ને તેત્રીસમું પ્રકરણમ્ ॥૨૩૩॥

INDEX

પ્રકરણ : ૨૩૪

પૂર્વછાયો :

લળી લળી વિનતિ કરે, મુક્તાનંદજી મહારાજ ॥
પ્રણ મેલી બ્રહ્મચારીજી, પહેલું અન્ન જમોને આજ ॥૧॥
સુણી કહે મુકુંદજી, અમે છીએ હરિના દાસ ॥
માટે માલિક જમી રહે, કેડ્યે જમવું મારે ખાસ ॥૨॥
પછી વર્ણી સમજાવવા, મુક્તમુનિએ સવિશેષ ॥
ઉત્તમ વિગત્ય પાડીને, અતિ અલ્પ દીધો ઉપદેશ ॥૩॥

ચોપાઈ :

તમે રાખ્યું છે નિયમ એવું, નાથ જમાડીને અન્ન લેવું ॥
એ તો દાસપણું છે તમારું, પણ વચન સાંભળો મારું ॥૪॥
જાણો એ જ ખરા હરિદાસ, નિજ સ્વામીની સમજે આશ ॥
ઈચ્છા સ્વામીની એટલી આજ, સહુ પહેલા જમે વર્ણીરાજ ॥૫॥
તૈયે એમાં શું તમને બાધ, થોભ્યું તમ સાટુ આંહિ શ્રાદ્ધ ॥
નેમ વ્હેમ મેલો સહુ આજ, હરિ ઈચ્છા ગણો શિરતાજ ॥૬॥
પછી વરણી શિર પકડી, કહે આજ ભારે થઈ પડી ॥
પ્રભુ પૂરબિયો ભગવાન, કેડો મેલશે નહિ નિદાન ॥૭॥
સમે શ્રાદ્ધ જો નહિ નખાય, ભૂખ્યા જાશે મરાળ બધાય ॥
હવે ભીસાણો હું ખરેખર, નથી રહ્યો ઉપાય અવર ॥૮॥
લાવ્ય વૈકુંઠ[1] પત્તર આંહિ, કહી તેડાવ્યો સેવક ત્યાંહિ ॥
પછી જમ્યા લઈ દોય ગ્રાસ, જોઈ રાજી થયાં સહુ દાસ ॥૯॥
સુણ્યાં શ્રીહરિએ સમાચાર, બ્રહ્મચારી માન્યા છે ધરાર ॥
પછી હાથમાં લઈ પાતર, દૂધપાક રેડ્યો મુદભર ॥૧૦॥
ચોળી રોટલિયું નિજ હાથે, પછી વાશ નાખી દીનાનાથે ॥
ખાંત્યે ખૂબ નાખી એમ વાશ, દેખી રાજી થયાં બહુ દાસ ॥૧૧॥
આવ્યાં હાથ ધોઈ હરિરાય, પ્રેમે પીરસવા પંક્તિમાંય ॥
પૂછ્યું સ્વામીશ્રીને કરભામી, હવે તો નથી રહેતીને ખામી ॥૧૨॥
ત્યારે બોલ્યા સ્વામી જોડી પાણ, સર્વે શ્રાદ્ધ તો થયું સુજાણ ॥
પણ ખોટ્ય રહી એક વાતે, શોધી ટાળવી આપને ખાંત્યે ॥૧૩॥

૧. વૈકુંઠાનંદ બ્રહ્મચારી

INDEX

જેમ ચોરાશી વિપ્રની થાય, તેમાં વિપ્ર ભૂખ્યો રહી જાય ॥
તો શું પૂર્ણ ચોરાશી ગણાય, ફળ પૂરું ન પામે જરાય ॥૧૪॥
એમ શ્રાદ્ધ તો પૂરું પ્રમાણ્યું, પણ શેષ રહ્યું એક જાણ્યું ॥
જિયાં ગંગ ઉન્મત્તાનો કાંઠો, તિયાં તાપ દીસે ઘણો માઠો ॥૧૫॥
મુનિ સચ્ચિદાનંદ તે સહી, બેઠા ત્રણ્ય દિનથી ત્યાં રહી ॥
કાઢી મેલ્યા છે તમે જ્યારથી, અન્ન જળ ન લીધું ત્યારથી ॥૧૬॥
માટે કૃપા કરી એને લાવો, નિજ હાથે જમાડી હસાવો ॥
ત્યારે શ્રાદ્ધ સંપૂરણ થાશે, કેડ્યે ખામી ન રહી જણાશે ॥૧૭॥
સુણી વાણ ગુરુદેવ તણી, હોંશ પામ્યા મહાપ્રભુ ઘણી ॥
માત વિણ જે આવી મમતા, લાવી શકે ન કોઈ સમતા ॥૧૮॥
એમ બોલી ભેટ્યા ગુરુદેવ, ધન્ય ધન્ય છો આપ અભેવ ॥
પછી મોકલ્યા માનજી ભક્ત, સચ્ચિદાનંદ તેડવા તર્ત ॥૧૯॥
પ્રભુ સંભારે છે એવું કાન, સાંભળતા ભૂલ્યા તન ભાન ॥
ઘેલા કાંઠા થકી દોટ્ય દીધી, લીધી વાટ દરબારે સીધી ॥૨૦॥
આવી ભેટિયા ધર્મકુમાર, વહ્યાં નયણે આંસુ ચોધાર ॥
પછી પ્રેમે પલવટ વાળી, આવ્યાં પીરસવા વનમાળી ॥૨૧॥
બેઠી પરમહંસ પંગતિ, જોરે જમાડે જીવન અતિ ॥
ના ના પાડે જે ઠામ સંતાડે, તેને માથે રેડે દૂધ લાડે ॥૨૨॥
મનુવાર્ય કરી વારમવાર, કીધાં તૃપ્ત મરાળ અપાર ॥
એમ જમી રહ્યાં સહુ સંત, પછી બોલ્યા સ્વામીશ્રી અત્યંત ॥૨૩॥
હવે ચોરાશી પૂરણ પામી, કેડ્યે નવ રહી કોઈ ખામી ॥
એવું પાવનકારી ચરિત, રૂડું કર્યું ગઢડે અમિત ॥૨૪॥
ગાય સુણે સુણાવે ઉમંગે, મસ્તી ચઢશે એહને અંગે ॥
જૂઠી જણાશે જગ મીઠાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મૂળજી બ્રહ્મચારી શ્રાદ્ધ જમ્યા એ નામે બસ્સો ને ચોત્રીસમું પ્રકરણમ્ ॥૨૩૪॥

પ્રકરણ : ૨૩૫

પૂર્વછાયો :

કથી કથી કેટલા કહું, ચરિત્ર સર્વે નિદાન ॥
હૃદે એકાદ જો સાંભરે, તે પામે અભયદાન ॥૧॥
મુક્તાનંદ મહારાજના, એક એક ચરિત્ર ઉદાર ॥
પતિત જીવને પણ પદ, કલ્યાણનું દેનાર ॥૨॥
ખરો ખપ વિશ્વાસ બે, મોક્ષ મગે સમજો પાંખ ॥
તેહ વિના કેમ ઉડશે, મર કરે ઉપાય જો લાખ ॥૩॥

ચોપાઈ :

કહું સામર્થી સ્વામીની હવે, ચડે ખુમારી જેને સાંભળવે ॥
એક સમે ગઢપુરમાંય, મુક્તાનંદમુનિ સુખદાય ॥૪॥
મધરાતે બેઠા ધ્યાનમાંય, ચ્યાર પદ સરોદશું ગાય ॥
કરે દર્શન દયાળુ તણું, તેથી હર્ષિત થયા છે ઘણું ॥૫॥
પછી યોગનિદ્રામાંહિ સ્થિર, થયાં મૂર્તિ સંભારી સુધીર ॥
તિયાં આવ્યો મહાવિકરાળ, ધરી વેષ ભયંકર કાળ ॥૬॥
અતિ કાળો કુરુપ જટાળો, રાતી આંખ્યો ને ભૂંડા મુખાળો ॥
જમદૂતથી જરી ન લેશ, વરવો તન ધરિયો વેષ ॥૭॥
આવી ઊભો રહ્યો સ્વામી આગે, પેટ પછાડે જમવા માગે ॥
નિજ મુખે કહે એનું દુઃખ, મુને લાગી ભયંકર ભૂખ ॥૮॥
આપો આગન્યા ભક્ષણ કરવા, પ્રાણ અનેક જીવના હરવા ॥
મુજ ક્ષુધા થાશે એમ શાંત, વળશે ઉદરે અતિ નિરાંત્ય ॥૯॥
હરિ સાથે છો આપ હૈયાત, માટે મારે હાથે નહિ વાત ॥
નહિ તો પળમાં મનુષ તણો, કરું સંહાર અનેક ગણો ॥૧૦॥
પણ આગન્યા દિયો ન આપ, તો હું અતિ અસમર્થ અમાપ ॥
માટે આવિયો આપની પાસ, વશ આપને છે અવિનાશ ॥૧૧॥
પછી સ્વામીએ વિચાર્યું મન, દેતાં આગન્યા અનેક જન ॥
તેનાં જાશે પીડાઈને પ્રાણ, જક્તમાંહિ થશે મોટી હાણ ॥૧૨॥
કાળ ઓગણતેરે અપાર, જીવ દુઃખી થયાં નિરધાર ॥
હજી પડશે કાળ જો આંઈ, તો પછી એમાં કોની ભલાઈ ॥૧૩॥

INDEX

વળી કાળ ભૂખ્યો તન અતિ, તેનું પણ વિચારવું રતિ ॥
દેવું ભૂખ્યાને કાંઈ ભોજન, તેહ વિના ટકે નહિ તન ॥૧૪॥
એમ વિચારિયું મનમાંહિ, કર્યો સંકલ્પ સ્વામીએ ત્યાંહિ ॥
રૂડાં વ્યંજનનો કરી થાળ, પ્રેમે જમાડીશું પ્રતિપાળ ॥૧૫॥
વળી હેતે જમાડીશું સંત, કરી રસોયું પાક અત્યંત ॥
ઘણું પ્રીત્યે રૂડાં બ્રહ્મચારી, તે પણ જમાડીશું અવિકારી ॥૧૬॥
કેડ્યે દેશું ગાયો કેરાં દાન, નથી જે થકી દાન મહાન ॥
પછી છાંડશે કાળની ભૂખ, તન તાપ મટી થશે સુખ ॥૧૭॥
એમ વિચારી સ્વામીએ મન, પાછો વાળ્યો કાળ તેહ દન ॥
સહુ જક્તના જીવ રક્ષણ, મુક્તમુનિએ કીધાં તે ક્ષણ ॥૧૮॥
સ્વામી પાયે પડ્યો કાળ ફાવ્યો, થતો રાજી મનમાં સધાવ્યો ॥
પછી પ્રભાત લગી અપાર, માળા ફેરી મુનિએ ઉદાર ॥૧૯॥
બીજે દન બ્રાહ્મમુહૂર્તમાંય, બેઠા પૂજા કરવા સુખદાય ॥
એવાંમાં મુકુંદ બ્રહ્મચાર, સ્વામી દર્શને આવ્યાં તે વાર ॥૨૦॥
પછી સારો સમો જોઈ તિયાં, બ્રહ્મચારીને પ્રીતે પૂજિયા ॥
તુળસી ચંદન પુષ્પ ને ધૂપ, લાવ્યા હાર સુગંધી અનુપ ॥૨૧॥
આણી ઓઢાડી છે એક ધોતી, નવી નકોર તે પ્રેમ સોતી ॥
સ્નેહે સાકર પડો આપીને, મુક્તમુનિ બોલ્યા હરખીને ॥૨૨॥
તમે થાળ કરજો રસાળ, પછી જમાડજો પ્રતિપાળ ॥
સંગાથે પણ જમજો તમે, કહીએ એટલું તમને અમે ॥૨૩॥
થયાં મુદિત વરણી ઘણું, સુણી વચન સ્વામીશ્રી તણું ॥
પછી બ્રહ્મચારી ગાતાં વાતાં, ગયાં પ્રભુ પાસે હરખાતા ॥૨૪॥
ખાંતે કરીને સુંદર થાળ, હરિને જમાડું તતકાળ ॥
મનમાં છે એવી અભિલાષ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ કાળને પાછો વાળ્યો એ નામે બસ્સો ને પાંત્રીસમું પ્રકરણમ્ ॥૨૩૫॥

INDEX

પ્રકરણ : ૨૩૬

પૂર્વછાયો :

હેતે ઘણું હરખાઈને, બ્રહ્મચારી મુંકુદ સુજાણ ॥
મળી નટવર નાથને, ઊભા જોડી બે પાણ ॥૧॥
પ્રભુ કહે બ્રહ્મચારીને, કહો કિયાં પૂજાઈ આવિયાં ॥
મુખ દીસે મુદા બહુ, જાણે મૂડી અમૂલખ પામિયા ॥૨॥
પછી પ્રીત્યે મુકુંદજી, આણી મોદ અપાર ॥
હરિ પ્રતિ હસી બોલિયા, તે સંભાળવું કરી પ્યાર ॥૩॥

ચોપાઈ :

ધન્ય થયો હું આજ વિશેષ, ફળ્યો સુફળ દન અશેષ ॥
સદ્‌ગુરુ જે સર્વને ભાવે, મહામુનિ મુક્તાનંદ કા'વે ॥૪॥
સાધુ પાળા વળી બ્રહ્મચાર, બાળ વૃદ્ધ યુવા નરનાર ॥
સર્વે જનનાં એ ગુરુદેવ, એમ આપ જ કહો અભેવ ॥૫॥
તેણે પહેરાવી છે મુને માળ, વહેલા પ્રભાતમાંહિ દયાળ ॥
નિજ હાથે ચરચી ચંદન, મુને ચાદર દીધી પ્રસન્ન ॥૬॥
વળી કહ્યું મુને થાળ કરી, ઘણું હેતે જમાડજો હરિ ॥
તમે પણ જમજો સંગાથે, રૂડાં ભોજન વિવિધ ભાત્યે ॥૭॥
ત્યારે હસીને સુંદર શ્યામ, કહે જુઠું બોલો શીદ આમ ॥
મુજ સાથે ન જમ્યાનું કીધું, એ તો પધરાવ્યું તમે સીધું ॥૮॥
સુણી બોલ્યા બ્રહ્મચારી મુખે, આપ સંગે જમીશ હું સુખે ॥
મુને યાદ રહ્યું જેવું મન, કીધું એવું આપને વચન ॥૯॥
તમારે તો ટીકાયું ટીખળ, વારે વારે કરવી અમળ ॥
એમ રમૂજ કરી તે ઠામ, પછી સભા બોલાવી અકામ ॥૧૦॥
ઢાળી ઢોલિયો બેઠા શ્રીહરિ, કહી વાત રહસ્યની ખરી ॥
મધરાત વીત કાલ્ય જ્યારે, કાળ દેખાયો સ્વામીને ત્યારે ॥૧૧॥
આવ્યો'તો લેવા પ્રાણ અનેક, પણ પાછો વળ્યો તે વિશેક ॥
તેથી સ્વામીએ સંકલ્પ મન, એમ કર્યો છે અતિ મગન ॥૧૨॥
કરવી ગળમાણાની[1] રસોઈ, દેવી સંત બ્રાહ્મણને સોઈ ॥
પાંચ રૂપૈયાનું ગાય દાન, કરી પૂજવા વિપ્ર મહાન ॥૧૩॥

---

૧. ઘઉંના લોટને શેકી તેમાં ગળ્યું પાણી નાંખી ઉકાળીને બનાવેલી એક વાનગી

INDEX

એવું સુણી બોલ્યા મોટીબાઈ, નહિ ચાલે પ્રભુ એ જરાઈ ॥
મુક્તમુનિ કાજે મહામોંઘી, હોય રસોય ન રાખો સોંઘી ॥૧૪॥
સુણી પ્રભુ બોલ્યા હરખાઈ, સત્ય વાત કીધી તમે બાઈ ॥
મુક્તમુનિ છે ગુરુ અમારા, માટે ગુરુ સર્વના તમારાં ॥૧૫॥
માટે નહિ લઈએ આજ હાંકી, કરવી જોશે રસોઈયું પાકી ॥
પછી સ્વામીશ્રીને જોડી પાણ, બળવંત બોલ્યા એમ વાણ ॥૧૬॥
મુને પ્રીત્ય છે તમ ઉપર, એવી નથી અત્યંત અવર ॥
વળી આપ ગુરુદેવ મારા, શિષ્ય અમે તો છૈયે તમારાં ॥૧૭॥
મુજ પર ક્રોડ ઉપકાર, કૃપા કરી કર્યાં છે અપાર ॥
પ્રેમ આપી અપાર મુજને, રાખ્યો સત્સંગમાં પરસને ॥૧૮॥
માટે સંકલ્પ આપનો આજ, કરશું પૂરણ ગુરુ મહારાજ ॥
મોતૈયા ને જલેબી રૂપાળી, કરશું રસોયું તે રસવાળી ॥૧૯॥
પછી લખું કંદોઈ બોલાવી, સીધા સામગ્રી સહુ મંગાવી ॥
મેલ્યા વીસ મરાળ સંગાથે, કીધી આરંભ રસોઈ નાથે ॥૨૦॥
જાળીદાર જલેબીયું બણી, થતા થઈ છે મહેનત ઘણી ॥
પછી બનાવી મોતૈયા લાડુ, તેહનું તો ભર્યું મોટું ગાડું ॥૨૧॥
કરતાં રસોઈ વીતી છે રાત, સર્વ સંતોએ વિચારી વાત ॥
લાડુ જલેબી મેલીએ ઊંચે, જિયાં જંતું ન કોઈ પહુંચે ॥૨૨॥
રૂડાં પાક મેલ્યા એમ ખાંત્યે, પછી બીજે દન પરભાતે ॥
સ્વાદુ તળિયા ભજીયાં ભારે, મરચા પાપડ પણ એકહારે ॥૨૩॥
તિયાં જોવા પધાર્યા ભૂધર, કેવાં પાક કર્યાં મુદભર ॥
દેખી પ્રસન્ન થયાં શ્રીહરિ, ખરી જાણે સંત કારીગરી ॥૨૪॥
પછી થઈ જમવાની વેળા, વર્ણી સંત પાળા થયાં ભેળા ॥
સહુ આવી બેઠા છે હુલાસે, કીધું ઘનશ્યામપ્રકાશદાસે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે કાળને પાછો વાળતા શ્રીહરિએ રસોઈ આપી એ નામે બસ્સો ને છત્રીસમું પ્રકરણમ્ ॥૨૩૬॥

પ્રકરણ : ૨૩૭

પૂર્વછાયો :

મુક્તાનંદ મહારાજને, સંકલ્પ થ્યો મનમાંય ॥
પૂરણ કરવા તેહને, શ્રીહરિ ઘણું હરખાય ॥૧॥
પાક રૂડાં તૈયાર કરી, બેઠા સભામાંહિ મરાળ ॥
મહામુનિ પછી લાવિયા, પૂજા સામગરી તતકાળ ॥૨॥
કરી વાલાને વિનતિ, પૂજા કરવી મારે અનુપ ॥
સુણી પછી બહુનામીએ, આપી આજ્ઞા સુખ સ્વરૂપ ॥૩॥

ચોપાઈ :

ઘેરી છાંય શીત લીંબ તણી, શોભે સભા સંત જને ઘણી ॥
ચારુ ચંદન ઘસી તે વાર, કર્યું લેપણ રૂડું તૈયાર ॥૪॥
મુક્તમુનિ તો પ્રેમેશું હાથ, ગ્રહી ચંદન ચરચે નાથ ॥
ચરચ્યા ચરણ મસ્તક છાતી, તેની શોભા કહી નથી જાતી ॥૫॥
કંઠ નાસિકા કપોળ કર, ચરચ્યું ચંદન અતિ મનોહર ॥
વાંસો પડખામાં વળી બહુ, ચરચ્યું ચંદન સુખેથી સહુ ॥૬॥
કોમળ જંઘા જાનું પર સારુ, ચરચ્યું ચંદન ત્યાં ઘણું ન્યારું ॥
સ્કંધ વક્ષ વળી હાથમાંય, ચરચ્યું ચંદન છે સુખદાય ॥૭॥
ચરચ્યું ચંદન તન ઉપર, મુક્તાનંદજીએ મુદભર ॥
કર્યો ચાંદલો કુમકુમ તણો, ભાલ મધ્યે લાગે સોયામણો ॥૮॥
છાતી ઉપડતી ગોરા ગાલ, કંઠ ચિબુક કર્યાં છે લાલ ॥
નખશિખ ચંદનમય જોઈ, રહ્યાં મુક્તમુનિ મન મોહી ॥૯॥
માથે પહેરાવી ફૂલની ટોપી, તેમાં તોરા રહ્યાં ઘણું ઓપી ॥
ગુચ્છ ગજરા ગુલાબી હાર, બાંયે બાંધ્યા બાજુબંધ હાર ॥૧૦॥
પછી ધૂપદીપને આરતી, કરી ધૂન્ય કરી વળી સ્તુતિ ॥
તિયાં વર્તિયો જય જયકાર, જોઈ જન હરખ્યા અપાર ॥૧૧॥
પછી ધર્મકુળ પૂજયા પ્રીત્યે, કેડ્યે વરણી વિધિ સહિત્યે ॥
સહુ સંત પૂજિયાં ઉમંગે, પૂજયા પાળા ઘણું ઉછરંગે ॥૧૨॥
પ્રકટ જ્ઞાનના મેરુ સમાન, મુક્તાનંદજી ખરા મહાન ॥
તેણે મોટ્યપ સહુની જાણી, પૂજયા પ્રેમે પ્રકટ પ્રમાણી ॥૧૩॥

થયો સંકલ્પ પૂરણ એક, બાકી રહ્યો છે બીજો વિશેક ॥
વસ્ત્ર ઘરેણાંથી ઝૂલ્ય ઢાળી, રૂડી શણગારી ગાય સુખાળી ॥૧૪॥
કહે ગુરુવરને ગોવિંદ, ઇચ્છા હોય ત્યાં દ્યો જગવંદ ॥
આપે તો પાંચ રૂપૈયે ગાય, ધાર્યું'તું દેવાનું મનમાંય ॥૧૫॥
પણ આ છે ગોરહર નામે, જે ન મળે કેદિ અલ્પ દામે ॥
પય પીધું છે અમે પ્રસન્ને, માટે દેજ્યો જ્યાં રુચે તમને ॥૧૬॥
એમ કહી મુક્તમુનિ પાસે, તેની પૂજા કરાવી હુલાસે ॥
વિપ્ર લાલજીભાઈએ પણ, કરી વેદોક્ત પૂજા તે ક્ષણ ॥૧૭॥
પછી મહામુનિએ તે વાર, તેડ્યા સીતારામજી ઉદાર ॥
ધર્મકુળનો મહિમા જાણી, દીધી ગોરહર ગાય વખાણી ॥૧૮॥
નંદરામજીને પણ દૂઝી, દીધી ગાય રૂડી એક પૂજી ॥
ત્યાર કેડ્યે રૂપૈયા બારસે, પ્રભુએ મંગાવ્યા તે દિવસે ॥૧૯॥
હરજી ઠક્કર જઈ તતકાળ, લાવ્યા રૂપૈયા ભરીને થાળ ॥
મુક્તમુનિ પાસે તેહ દાન, દીધું દોય ને વહેંચી નિદાન ॥૨૦॥
એમ શ્રીહરિએ બહુવિધ, કીધો સ્વામીનો સંકલ્પ સિદ્ધ ॥
પછી તો ભેટ વાળી ભૂધર, આવ્યાં પીરસવા મુદભર ॥૨૧॥
ખૂબ તાણ્ય કરીને જમાડ્યા, મુનિજનને મોદ પમાડ્યા ॥
ત્યારે કાળ થયો તન ત્રપ્ત, જે થયો'તો ક્ષુધા થકી તપ્ત ॥૨૨॥
માટે માત ક્રોડ ભેળી થાય, તેની મમતા ભેળી કરાય ॥
તોય તેથી અધિક મહાન, મુક્તાનંદજી મમતવાન ॥૨૩॥
વિશ્વ રક્ષા થઈ તેહ થકી, નહિ તો આવિયો તો કાળ નકી ॥
કરુણા કરી છે અકારણ, એ વિના નથી ભવતારણ ॥૨૪॥
ન મળ્યાં જેને સંત દુલાર, એ તો અભાગિયા નરનાર ॥
જેને મળ્યાં તે પામ્યા સમાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિની ચંદન ચર્ચી પૂજા કરી એ નામે બસ્સો ને સાડત્રીસમું પ્રકરણમ્ ॥૨૩૭॥

પ્રકરણ : ૨૩૮

પૂર્વછાયો :

એક સમે ગઢપુરમાં, આવ્યાં અવધ્યવાસી આપ ॥
તેને આપી આગન્યા, લિયો દ્વારાવતી જૈ છાપ ॥૧॥
વળી પ્રભુજી બોલિયા, ગાઈ મહિમા તીર્થ તણો ॥
જાતરાએ જવું જનને, આણી ઉછાહ અંગે ઘણો ॥૨॥
અવધ્ય તો આંહિ થકી, રહ્યું કૌશળમાં બહુ દૂર ॥
માટે સહુ જનને, જાવું દ્વારાવતી જરૂર ॥૩॥

ચોપાઈ :

ભલા ભ્રાત ભૂધરના જેહ, રામપ્રતાપ નામે છે તેહ ॥
મોર્ય ગયાં'તા દ્વારિકા આપ, સહુ પહેલા પોતે નિષ્પાપ ॥૪॥
તેથી નંદરામ ને ગોપાળ, વળી મંછારામ જે દયાળ ॥
એહ આદિ જે અવધ્યવાસી, મેલ્યા દ્વારિકા એતો હુલાસી ॥૫॥
આવી પહોંચિયા માઘ વદે, કૃષ્ણપક્ષ તિથિ પ્રતિપદે ॥
દામ દીધું ને નાહ્યા ગોમતી, તેનો આનંદ રહ્યો છે અતિ ॥૬॥
ત્યાંથી આવ્યાં આરંભડે જન, ગ્રહી છાપું દઈ દામ તે દન ॥
વાણે બેસી ગયાં બેટમાંઈ, કર્યાં પૂજા ને દર્શન ત્યાંઈ ॥૭॥
રહી પાંચ દન તેહ ઠામ, વળી આવિયાં ગોમતીધામ ॥
પછી ત્યાં થકી સહુ સધાવી, ગઢડે રહ્યાં તે જન આવી ॥૮॥
ત્યાર કેડ્યની સુણજો વાત, સુણ્યાં થકી થશો રળિયાત ॥
ભરી સભા પ્રભુ એકવાર, નૃપ ઉત્તમને દરબાર ॥૯॥
બેઠા મરાળ સંગે માયાળુ, દિયે દર્શન નાથ કૃપાળુ ॥
સામા બેઠા છે અવધ્યવાસી, બીજા પણ બેઠા જન પ્યાસી ॥૧૦॥
કરે કોડિલો વાત રસાળ, જાણી અમૃત કેરો તે થાળ ॥
માણે સ્વાદ સહુ નરનાર, તોય થાય ન તૃપ્ત લગાર ॥૧૧॥
એવે સમે શ્રી રામપ્રતાપ, તેણે દીઠો પ્રતાપ અમાપ ॥
દીઠું'તું જેવું દ્વારિકે રૂપ, દીઠું તેવું ને તેવું સ્વરૂપ ॥૧૨॥
તેજ તણી છૂટે બહુ છોળ્યું, એમાં ભ્રાતનું છે મન ઘોળ્યું ॥
મોટા ઈશ્વર જે સુખદાય, દીઠા હરિ પાસે હરખાય ॥૧૩॥

નેણે નીરખ્યું આશ્ચર્ય કેવું, તનભાન ભૂલ્યા ક્ષણ એવું ॥
હુવો અંતરે અતિ હુલાસ, સંશે પામિયા સરવે નાશ ॥૧૪॥
માન્યું મનમાં દ્રઢ નિદાન, મુજ ભ્રાત મોટા ભગવાન ॥
એજ અવતારના અવતારી, વાત હૈયામાં એટલી ધારી ॥૧૫॥
રોમ રોમ પામ્યા પુલકિત, હૈયે મોદ ન માંય અમિત ॥
કેડ્યે કર્યો છે સંકલ્પ મન, મુજ ભ્રાત કહાવે ભગવન ॥૧૬॥
તેણે કંઠ ધર્યા ફૂલહાર, તે જો આલે મુને કરી પ્યાર ॥
થાઉં ધન્ય તો હું પળમાંય, મારું મંગળ પરમ થાય ॥૧૭॥
એમ કરે જ્યાં સંકલ્પ ભ્રાત, હવે સાંભળજ્યો સહુ વાત ॥
ભ્રાત સંકલ્પ ભૂધરે જાણી, ઈયાં લીલા અચરજ આણી ॥૧૮॥
પહેરાવો હતો બંધુને હાર, તોય મુદિત થઈ મોરાર ॥
નિજ કંઠથી ઋજ ઉતારી, નાખ્યો મુક્તમુનિ પર ધારી ॥૧૯॥
હશે હરિને હેત એ કેવું, છાનું રાખ્યું રહે નહિ તેવું ॥
પ્રીત પરમેશ્વરને પાકી, તેને કોણ શકે અન્ય આંકી ॥૨૦॥
ભલે હતાં શ્રી રામપ્રતાપ, ભલા ભાઈ પ્રભુના અમાપ ॥
તોય હાર દેવા તેને હાથે, દીધો સ્વામીશ્રીને દીનાનાથે ॥૨૧॥
ત્યાર કેડ્યે આવ્યા ભાઈ જાત્યે, મળ્યાં મુક્તાનંદજીને ખાંત્યે ॥
લીધો હાર પ્રસાદીનો પોત્યે, ધાર્યો કંઠમાં હરખ સોત્યે ॥૨૨॥
જાણો તો જાણો મર્મને જાણો, જાણે તેને જ જાણવો શાણો ॥
ચર્ણે ચર્ણે ચવું છું ચરિત્ર, સુખદાયક પરમ પવિત્ર ॥૨૩॥
કહી કહીને કેવું છે એમ, શ્રીહરિ સહુથી પર જેમ ॥
મુક્તાનંદ મુનિ મહારાજ, સર્વે મુક્તમાં છે શિરતાજ ॥૨૪॥
હાથ આવિયો જેને આ માલ, તેનો મનખો માનજ્યો ન્યાલ ॥
તેને કરવું રહ્યું નહિ વાંસે, કીધું ઘનશ્યામપ્રકાશદાસે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામપ્રતાપજીને હાર પહેરાવ્યો એ નામે બસ્સો ને આડત્રીસમું પ્રકરણમ્ ॥૨૩૮॥

પ્રકરણ : ૨૩૯

પૂર્વછાયો :

જેમ રસોયું જુગતે, જગજીવન કાજે થાય ॥
એમ રસોયું નેહથી, મહામુનિ માટ સદાય ॥૧॥
પ્રાણજીવન પ્રેમે જમે, નિત શાક પાક પકવાન ॥
દિયે તે મુક્તાનંદને, વણભૂલ્યે વાલો નિદાન ॥૨॥
નથી નથી દન આવિયો, જેદિ દીધો નહિ થાળ ॥
એવી અદ્‌ભુત એકતા, રાખી લિયે પ્રભુ સંભાળ ॥૩॥

ચોપાઈ :

એક સમે કંથારિયે નાથ, આવ્યાં લઈને સંત સંગાથ ॥
ઢાળ્યો ઢોલિયો તડાગ તટે, તિયાં જન અપાર ઉમટે ॥૪॥
નાથ નીરખવા નરનારી, આવી બેઠા નિરાંત્યે અપારી ॥
શ્રમ થયો છે શ્રીજીને બહુ, જણાયું એમ જનને સહુ ॥૫॥
વળી મુક્તમુનિ મહારાજ, વયે વૃદ્ધ દીસે ઘણું આજ ॥
તેને થાક હશે બહુ તન, એમ જને વિચારિયું મન ॥૬॥
પછી સંત દોય સુખકંદ, સર્વેશ્વરાનંદ ભૂમાનંદ ॥
મહામુનિ જમાડવા માટ, અલ્પ વેળ્ય જોયા વિન વાટ ॥૭॥
રૂડી રસોઈ કરવા મરાળ, ત્યાંથી સધાવિયા તતકાળ ॥
કર્યો શીરો સારો પાઈ પય, કર્યાં શાક પુરી ઘૃતમય ॥૮॥
એમ ચાલતી થઈ રસોયું, તિયાં હરિજને આવી જોયું ॥
કહ્યું રૂડી કરી છે રસોઈ, મુક્તમુનિ કાજે આપે સોઈ ॥૯॥
લાવિયે છૈયે સીધું વધારે, કરો એની રસોઈ અત્યારે ॥
દેજ્યો મહારાજને મુજ વતી, ભાવે જમવા કરી વિનતિ ॥૧૦॥
પછી ભક્ત લાવ્યા સામગરી, વળી થાળ કર્યો તેનો ફરી ॥
ત્યારે પ્રેમેશું દોય મરાળ, આવ્યાં સ્વામી પાસે તતકાળ ॥૧૧॥
રૂડો થયો છે થાળ તમારો, પ્રભુ કાજે કર્યો પણ સારો ॥
કહો જો હવે નાથને આપ, તો જમવા આવે આંહિ અમાપ ॥૧૨॥
સુણી સંતની વાત ઉદાર, મુનિ મુક્તાનંદ નિરધાર ॥
આવ્યાં પ્રભુ પાસે લળી પાય, કેડ્યે સ્વામી બોલ્યા સુખદાય ॥૧૩॥

INDEX

રૂડો થાળ કરી મુનિ દોય, મુજ કારણ લાવિયા સોય ॥
ભેળો આપનો થાળ ભૂધર, કરી લાવ્યા એહ મુદભર ॥૧૪॥
માટે જમોને જગદાધાર, ધરી સંત કેરો બહુ પ્યાર ॥
વાંસે વધે પ્રસાદીનું અન્ન, તે હું જમીશ પ્રભુ પ્રસન્ન ॥૧૫॥
ત્યારે રાજી થઈ નાથ ત્યાંઈ, કહે ભલે લાવ્યા થાળ આંહિ ॥
જમશું આપનો ભાવ જોઈ, રૂડી રાંધી જે સંતે રસોઈ ॥૧૬॥
પછી ગોવિંદ ગાડાં ઉપર, બેઠા થાળ જમવા સુંદર ॥
જમ્યા પ્રાણજીવન અપાર, કેડ્યે દીધી પ્રસાદી નિરધાર ॥૧૭॥
એમ વાલાને વાલ છે ઘણું, મહામુનિ પ્રતિ કોટિ ગણું ॥
લાવ્યા'તા મુનિ કાજે રસોઈ, જમ્યા સુંદરવર તે સોઈ ॥૧૮॥
વળી લાવે કોઈ નરનારી, પ્રભુ કાજે રસોઈ બહુ સારી ॥
તે તો જમી પોતે જગદીશ, દેતા મુનિવરને અહોનિશ ॥૧૯॥
ગુરુ શિષ્યની જોડ્ય અનુપ, આમાસામાં રહે સુખરૂપ ॥
આવી પ્રીત્ય ન અન્ય મરાળે, નવ જોવા મળે કોઈ કાળે ॥૨૦॥
વળી નિશ્ચય નાથને ભારી, વઢી શકે મુનિને અપારી ॥
વળી દિયે નહિ વઢી થાળ, એવાં એક જ મુનિ મરાળ ॥૨૧॥
બીજાને તો ખીજી પરસાદ, દેવો પડે ઘણું કરી યાદ ॥
ત્યારે સમું રહે એની કોર, પછી મૂંઝે નહિ મનમોર ॥૨૨॥
હોય ગ્રામ કે પુર પ્રવાસે, પ્રભુ સીમ કે ખેતર પાસે ॥
જ્યારે જ્યારે જમે જે ભોજન, ભાળી જનનો ભાવ મગન ॥૨૩॥
તેહ થાળ તણો પરસાદ, પોત્યે રાખી પ્રભુ ઘણું યાદ ॥
સ્નેહે સંભારી શ્રી મુનિવરને, દેવા ભૂલે નહિ પ્રતિદને ॥૨૪॥
ધન્ય ધન્ય ધન્ય પરબ્રહ્મ, ધન્ય ધન્ય અનાદિ તે બ્રહ્મ ॥
એવી જોડ્ય દીઠી નહિ ક્યાંય, ઘનશ્યામપ્રકાશ શું ગાય ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિનો થાળ શ્રીહરિ જમ્યા એ નામે બસ્સો ને ઓગણચાલીસમું પ્રકરણમ્ ॥૨૩૯॥

પ્રકરણ : ૨૪૦

પૂર્વછાયો :

ગ્રીષ્મ આવી ગઢડે, ફૂલ્યા ફૂલ તરુ નિરધાર ॥
રૂપાળી રસાળિયું, કાજુ કેરી આવી અપાર ॥૧॥
નિત નિત દરબારમાં, રસ રોટલીના રસાળ ॥
થાળ થાયે ઉમંગમાં, જમે સંત દીનદયાળ ॥૨॥
તે સમાની વાતડી, કહું હૈયે હરખી એહ ॥
સાંભળજો સહુ પ્યારમાં, મન મુદિત કરશે તેહ ॥૩॥

ચોપાઈ :

એક સમે પ્રભુ પરભાત્યે, નિત્યવિધિ આચરી નિરાંત્યે ॥
શાસ્ત્ર કથા કરાવતા સારી, સભામાંહિ બેઠા નરનારી ॥૪॥
સુણતાં સુણતાં કથા અવશ્ય, ઘોળી કાઢે કેરી તણો રસ ॥
રસ કેરી તણો રસદાર, કથારસ એથી કસદાર ॥૫॥
થઈ સભા સંપૂરણ જ્યારે, આવ્યાં નાથ જમવાને ત્યારે ॥
જમી ચળું કરી બેઠા પાટે, મુખવાસ ગ્રહ્યો નરનાટે ॥૬॥
પછી મુક્તાનંદને ભૂધર, કહે આવો ઓરા મુનિવર ॥
બેસો આંહિ જમવાને કાજ, રસ ચાખો ગુરુ મહારાજ ॥૭॥
આજ લગી ગુજરાત્ય તણી, જમ્યા છો કેરીયું બહુ ઘણી ॥
હવે વરતેજના વન કેરી, જમો કેરીયું આપ અનેરી ॥૮॥
કેડ્યે કહો મુને મુનિરાટ, શેમાં મીઠ્યપ ને શેમાં ખાટ્ય ॥
કહી કટોરો રસનો ભરી, દીધો સ્વામીને વિનંતી કરી ॥૯॥
લીધો કટોરો તે મુનિરાજે, પીધો પ્રેમ થકી રસ ઝાઝે ॥
પછી બોલ્યા મુક્તાનંદ સ્વામી, બેઉ રસનું પારખું પામી ॥૧૦॥
ગુજરાતની કેરીનો રસ, વર્તે વાંસેથી મોળો અવશ્ય ॥
ગોલવાડના રસમાં ખાસ, જમ્યા કેડ્યે આવે છે મીઠાશ ॥૧૧॥
એવો ભેદ ભાસે મુને રસે, તમે જથારથ જાણ્યું હશે ॥
ત્યારે હરિ બોલ્યા હસી વાણ્ય, જાણ્યું મેં પણ એ જ સુજાણ ॥૧૨॥
પછી રસ પીરસી અપાર, મુનિ જમાડિયા કરી પ્યાર ॥
એમ લીલા કરી અવિનાશે, કીધી યથામતિ મેં હુલાસે ॥૧૩॥

લક્ષ્મીબાગે ગઢપુર ગામે, એક આંબો છે 'કાળિયો' નામે ॥
તે ઉપર પડી સારી સાખું, સુગંધિત થયું ગામ આખું ॥૧૪॥
મેલ્યા પ્રભુએ ભક્ત કરીમ, દઈ રખેવાળા તણું નીમ ॥
માટે વસી વાડીએ હંમેશ, રખેવાળું કરે છે વિશેષ ॥૧૫॥
કેરીયું ડાળિયુંમાંહિ હીસે, મન મૂકીને મોર વિલસે ॥
પછી એક દિ' કરીમે ચ્યાર, કેરીઓ ઉતારી કરી પ્યાર ॥૧૬॥
દીધી મુક્તાનંદજીને હાથ, પ્રીત્યે જમાડવા દીનાનાથ ॥
લઈ કેરીઓ તે કરમાંય, આવ્યાં મુનિ આસને હરખાય ॥૧૭॥
દીધો દાબો તેનો રૂડી રીત્ય, કેરી પકવી વિધિ સહિત ॥
પછી ઘોળી કાઢી રૂડો રસ, રોટલી કરી પોતે અવશ્ય ॥૧૮॥
તેનો થાળ લઈ પ્રભુ પાસે, આવ્યાં મહામુનિજી હુલાસે ॥
પ્રેમે પીરસીને પ્રભુરાય, મુનિએ જમાડ્યા સુખદાય ॥૧૯॥
વળી એક સમે ગઢપુર, ઘેલો ધાધલ આદિ જરૂર ॥
જન લાવ્યા'તા રૂડી મકાઈ, દીધી હરિને તે હરખાઈ ॥૨૦॥
પ્રભુએ આપી મુક્તમુનિને, કહ્યું નાખો મસાલા શેકીને ॥
ડોડા જમીશું આપે કરેલા, એમ બોલ્યા હેતે અલબેલા ॥૨૧॥
પછી પાડ્યા મુનિએ અંગાર, શેક્યા ડોડા ક્ષણમાં અપાર ॥
દાણે દાણે ચઢાવ્યો મસાલો, બેઠા જમવાને ધર્મ લાલો ॥૨૨॥
મુક્તમુનિ કરે બહુ તાણ્ય, જમી વાલો કરે છે વખાણ્ય ॥
નિજ હાથે પીરસી મરાળ, પ્રેમે જમાડે દીનદયાળ ॥૨૩॥
ગાતા ગાતા ચરિત્ર અવલ, હૈયું હાથ રહે નહિ પળ ॥
હશે કેવું તે સમાનું દ્રશ્ય, મુજ લોચને રમે અવશ્ય ॥૨૪॥
લીલા એવી અમળ અનેક, મુનિ મુક્તાનંદની વિશેક ॥
સુરનર અનંત વખાણે, ઘનશ્યામપ્રકાશ તે માણે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ શ્રીહરિને કેરીનો રસ અને મકાઈના ડોડા જમાડ્યા એ નામે બસ્સો ને ચાલીસમું પ્રકરણમ્ ॥૨૪૦॥

પ્રકરણ : ૨૪૧

પૂર્વછાયો :

પ્રથમ મિલન પામિયો, હું મુજ ગુરુ સંગાથ ॥
ધન્ય ધરા સુરતની, તેની વરણવું હવે ગાથ ॥૧॥
આદિ ગુરુદેવ સ્વામીશ્રી, વળી મુજ વાલા ગુરુદેવ ॥
દોય મહામુક્તો ખરા, જિયાં વસી રહ્યા અભેવ ॥૨॥
એવાં સુરત શહેરની, કહું લીલા રહી અવશેષ ॥
પાયા રોપ્યા સતસંગના, ત્યાં મહામુનિએ વિશેષ ॥૩॥

ચોપાઈ :

સંત ચારસે સામટા થઈ, રહ્યાં'તા સહુ સુરત જઈ ॥
કરી મુક્તાનંદજી મહંત, મેલ્યા'તા મહારાજે અત્યંત ॥૪॥
સંત સૈયદપુરે ઉછાય, રહ્યાં નવાબની વાડીમાંય ॥
નિત ઊઠી સતસંગ માટ, સંત મંડળી લઈ જુદી વાટ ॥૫॥
ભિક્ષાવૃત્તિ આચરે મરાળ, જનને ઓળખાવે દયાળ ॥
એવે સમે બની એક વાત, સહુ સાંભળજો રળિયાત ॥૬॥
શેઠ જાદવજી તણો સુત, જેને રુચે ન સત્સંગ તૂત ॥
નામ તેનું ભાલચંદ શેઠ, ખરો વર્તે કુસંગીની પેઠ ॥૭॥
ભડકે ભાલમાં તિલક જોઈ, કેદિ કંઠી માળા ગમે નોઈ ॥
બેઠો તો એહ તાતની હાટે, હતા તાત બીજે કામ માટે ॥૮॥
તિયાં ઝોળી લઈને મરાળ, આવ્યાં ભિક્ષા લેવા તતકાળ ॥
દેખી સંતને શેઠ ક્રોધમાં, લાલચોળ થયાં પળભરમાં ॥૯॥
કીધો ઘા ફેરવી સોટી તણો, ફણફણતો આવિયો ઘણો ॥
શેઠ ચૂક્યો નિશાન જ લેશ, નહિ તો રક્ત વછૂટે વિશેષ ॥૧૦॥
ભાગ્યા ભયના માર્યા મરાળ, જાણે આવ્યો શેઠ રૂપે કાળ ॥
વળી બીજે ત્રીજે દન સંત, ગયાં સંભારીને ભગવંત ॥૧૧॥
ત્યારે તો જાણે થૈ અસુરાણ્ય, વધુ કરવા લાગ્યો હેરાણ ॥
પછી સંત વિનંતી કરીને, બોલ્યા મુક્તમુનિને નમીને ॥૧૨॥
હવે ભાલચંદ તણી હાટે, ઝોળી કાજે ન જાવું તે વાટે ॥
ઝોળી ગ્રે'વાનું તો રહ્યું પરું, સામું માંડે છે ધીંગાણું ખરું ॥૧૩॥

INDEX

ત્યારે સ્વામી સમજાવે વાત, છૈયે દાસ પ્રભુના સાક્ષાત ॥
જીવ શુદ્ધ કરવાને કાજે, મેલ્યાં આપણને મહારાજે ॥૧૪॥
માટે સહી મુંગે મુખ સહુ, શ્રેય પ્રેય કરો એનું બહુ ॥
કાલ્ય આવીશ હું તમ સાથ, મોર્ય ચાલીશ સહુ સંગાથ ॥૧૫॥
એમ કહી બીજે દન સ્વામી, આવ્યાં શેઠની હાટ અકામી ॥
વાટ જોઈ બેઠો ભાલચંદ, આવે આજ તો કાઢું નિકંદ ॥૧૬॥
પછી સંત દેખ્યા જયારે એણે, જોયો લાગ ખરેખરો તેણે ॥
ડાળખાં ભાજી કેરા વધેલાં, કરી ભેળા ગાંસડે ભરેલાં ॥૧૭॥
કર્યો ઘા એનો સંત ઉપર, પણ વાગ્યું નહિ રતિભર ॥
વીણી ડાળખાં ઝોળીએ નાખી, આવ્યાં ઉતારે મરાળ સાંખી ॥૧૮॥
કહે મુક્તમુનિ બહુ સારું, મળ્યું ભિક્ષાએ અન્ન સુચારું ॥
હવે ડાળખા જળથી ધોઈ, કરો શ્રીહરિ કાજ રસોઈ ॥૧૯॥
ત્યારે મુનિએ શાક બનાવી, રૂડો થાળ કર્યો મોદ લાવી ॥
અવિનાશી સંભારી અથાક, મુક્તમુનિએ જમાડ્યું શાક ॥૨૦॥
કરી પ્રભુને એમ વિનતિ, દેજયો શેઠને અતિ સુમતિ ॥
જમ્યા ભાજી એ જયારે મરાળ, શેઠ શાંતિ પામ્યો તતકાળ ॥૨૧॥
પ્રગટ્યો વિવેકદીપ દલડે, પશ્ચાતાપ ઉપજ્યો મનડે ॥
અરે સંત આ નિર્દોષ કેવા, ભૂલ્યે જાણ્યા મેં જક્તના જેવા ॥૨૨॥
વણ વાંકે કર્યું અપમાન, તોય સહી રહ્યાં નિરમાન ॥
નોય દીઠા જગે આવા સંત, આ તો અલૌકિક છે અત્યંત ॥૨૩॥
પછી લાગ્યા વિચારવા મન, આવે જો કાલ સંત પ્રસન્ન ॥
સામું ચાલી હુંય મેલું દોટ્ય, ક્ષમા જાચી ભાંગુ મારી ખોટ્ય ॥૨૪॥
ભરું ઝોળી ભિક્ષાથી ભરપૂર, રળું રાજીપો ખરો જરૂર ॥
શેઠને રહી એટલી આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ભાલચંદ શેઠને કુમતિ ઉપજી એ નામે બસ્સો ને એકતાલીસમું પ્રકરણમ્ ॥૨૪૧॥

પ્રકરણ : ૨૪૨

પૂર્વછાયો :

પછી દિવસ વળતે, પરિવ્રાજ[૧] સરવે મરાળ ॥
ચાલ્યાં આવે શહેરમાં, સ્નેહે સંભારી દયાળ ॥૧॥
સાદ પાડે શેરીએ, નારાયણ હરે નિરધાર ॥
અન્ન દૈ જન ઝોળીએ, માને પૂરણકામ અપાર ॥૨॥
ત્યાર પછી ભાલચંદની, આવ્યાં હાટડીએ સહુ સંત ॥
જોયું જાશે જે જે થશે, જેમ કરશે બળવંત ॥૩॥

ચોપાઈ :

દેખી સંતને દોટ્યો છે શેઠ રે, ગ્રે'વા સંત ચરણ સારી પેઠ રે ॥
ત્યારે સંતે વિચારિયું મન રે, હવે ખરું આવ્યું છે વિઘન રે ॥૪॥
નિત બેઠો થકો શેઠ સોટી રે, હાથે ફંગોળી મારતો મોટી રે ॥
પણ આજ આવે દોડી સામો રે, નક્કી કરશે દેહ નકામો રે ॥૫॥
એમ વિચારી દોડ્યા મરાળ રે, કેડે શેઠ દોડ્યો તતકાળ રે ॥
દેખ્યું સંતે પાછું વળી જ્યારે રે, ભાળ્યો ભાલચંદ દીન ત્યારે રે ॥૬॥
ધીર ધરી ઊભા રહ્યાં સંત રે, પડ્યો શેઠ ચરણે અત્યંત રે ॥
તમ જેવા ન દીઠાં દયાળુ રે, અહો જીવન જેનું નિરાળું રે ॥૭॥
દંભ કપટ કે રંગરાગ રે, આપે રહેવા પામે નહિ માગ રે ॥
પછી મુક્તાનંદ મહારાજે રે, દીધો ઉપદેશ જેવો છાજે રે ॥૮॥
સુણી શેઠ થયાં પરસન રે, જાણ્યું મળ્યાં મુને ભગવન રે ॥
દીધાં સ્વામીશ્રીએ વ્રતમાન રે, ખરા થ્યાં સતસંગી નિદાન રે ॥૯॥
નિત આવે જાવે સ્વામી પાસે રે, કથા સુણે શ્રવણે હુલાસે રે ॥
શિર સાટે રાખ્યો સતસંગ રે, નાતજાત્યનો ચડ્યો ન રંગ રે ॥૧૦॥
આવ્યાં વિઘ્ન વસમાં અપાર રે, તોય ડગ્યા ન તેથી લગાર રે ॥
હતો શેઠને એક વીરલો રે, ગોવિંદ નામે ગુમાસ્તો ભલો રે ॥૧૧॥
તેને પણ ચડ્યો રંગ ઘણો રે, કરે સંગ મુક્તમુનિ તણો રે ॥
સંતમંડળને એક સમે રે, શેઠે દીધી રસોઈ જે ગમે રે ॥૧૨॥
શેઠે ગોવિંદને શાક લેવા રે, કહ્યું રુચે મરાળને જેવા રે ॥
પછી હાટે બેસતો બકાલી રે, ગયો ગોવિંદ ત્યાં સામે ચાલી રે ॥૧૩॥

૧. વિચરણ કરતા સંત

પૂછ્યા પાપડી પરવર દામ રે, દિયે અર્ધ રૂપૈયે અભિરામ રે ॥
તે વિના બીજું શાક સુંદર રે, નોતું હાટમાંહિ રુચિકર રે ॥૧૪॥
માટે માગ્યું છે સઘળું જ્યારે રે, આવ્યો એક દ્વેષી જન ત્યારે રે ॥
કહ્યું આપીશ પૂરો રૂપૈયો રે, માટે શાક સહુ મુને દૈયો રે ॥૧૫॥
કર્યા ગોવિંદે રૂપૈયા દોય રે, લઉં શાક હું સરવે સોય રે ॥
દ્વેષી કહે આલું હું તો ચ્યાર રે, ભક્ત કે દઉં આઠ નિર્ધાર રે ॥૧૬॥
એમ વાદે ચડ્યા જન બેઉ રે, કરે હુંસાતુંસી હું તો લેઉ રે ॥
દ્વેષીએ સોળ દીધાંનું કીધું રે, ભક્તે બત્રીસમાં માંગી લીધું રે ॥૧૭॥
બળ્યો દ્વેષી ને માંડી કંકાસ રે, હવે તો દઉં પૂરાં પચાસ રે ॥
પછી ભક્ત બોલ્યો મુસકાંઈ રે, મુજ શેઠ મોટો શહેરમાંઈ રે ॥૧૮॥
વળી ઈશ્વર સરીખા સંત રે, જમે જણસ રૂડી અત્યંત રે ॥
તેથી વાત ન અન્ય મહાન રે, કહી દીધાં સો રૂપિયા નિદાન રે ॥૧૯॥
દ્વેષીને ન પોષાયું લગારુ રે, હાટ છાંડી ગયો પરબારું રે ॥
આવ્યો ગોવિંદ શેઠની પાસ રે, ક્ષમા જાચી કીધી વાત ખાસ રે ॥૨૦॥
વણ પૂછ્યે મેં રૂપૈયા દીધાં રે, વટમાંહિ શત ગણા કીધાં રે ॥
ત્યારે ભાલચંદ હરખાઈ રે, કહે મુજ છાતી તે ફુલાઈ રે ॥૨૧॥
ઘેર આપણે સંત મહાન રે, જમે જણસ મોંઘી નિદાન રે ॥
એટલું જ ફળદાયી જાણ્યું રે, અન્ય વ્યર્થ ધન પરમાણ્યું રે ॥૨૨॥
નથી સંતથી અધિક કાંય રે, જાણું જરૂર હું મનમાંય રે ॥
તેહ અર્થે આવ્યું જેહ ધન રે, માનું સાર્થક તે પરસન રે ॥૨૩॥
અન્ન ધન સંત કાજે નાવે રે, તે તો પાષણ તુલ્ય કહાવે રે ॥
પછી રૂડી કરાવી રસોઈ રે, ખાંત્યે જમાડિયા સંત સોઈ રે ॥૨૪॥
ચંદન પુષ્પે અર્ચા કરી પ્રીત્યે રે, પૂજ્યા મુક્તમુનિ ભલી રીત્યે રે ॥
શેઠ પામ્યા અંગોઅંગ હાશ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ભાલચંદ સત્સંગી થયાં અને સંત જમાડ્યા એ નામે બસ્સો ને બેતાલીસમું પ્રકરણમ્ ॥૨૪૨॥

પ્રકરણ : ૨૪૩

પૂર્વછાયો :

ધન્ય ધન્ય એ સર્વને, જેણે સેવ્યા સદ્‌ગુરુ સંત ॥
દેહ છતાં દુઃખિયા નહિ, અઘ ઓઘનો આણ્યો અંત ॥૧॥
જાણ્યે અજાણ્યે જમાડિયા, જેણે સ્નેહે સદ્‌ગુરુ સોય ॥
તેણે જીવન જમાડિયા, એમાં નહિ સંદેહ કોય ॥૨॥
સ્વામી આવ્યાં બહુ લેરમાં, બહુ મેર કરી આ વાર ॥
સુરતના સહુ જનને, આવ્યું સુખ અપરંપાર ॥૩॥

ચોપાઈ :

પછી પ્રકરણ એમ ચલાવ્યું, સર્વે જન તણે મન ભાવ્યું ॥
સ્વામી મુક્તાનંદને વચને, થાય સમાધિ બહુ જનને ॥૪॥
આવે દર્શને મનુષ્ય કોય, તેને દેખાડે શ્રીહરિ સોય ॥
થાય સમાધિ ન રહે નાડી, પછી ઉઠાડે સ્વામી જગાડી ॥૫॥
જન મળી કરે જેજેકાર, મળ્યાં સંત પ્રકટ આ વાર ॥
તેથી હવે રહી નવ ખામી, જાશું પુરુષોત્તમને પામી ॥૬॥
શહેર વાત પ્રસરી ચોમેર, આવ્યાં છે કોઈ ઓલિયા ઘેર ॥
એ છે પ્રકટ સદ્‌ગુરુ સંત, ભાવે ભેટાડે શ્રી ભગવંત ॥૭॥
એમ સાંભળીને સહુ જન, આવી મળે મુનિને મગન ॥
બીજા આવ્યાં નરનારી બહુ, પામ્યા સમાધિયે સુખ સહુ ॥૮॥
એવાંમાંહિ સુરત મોઝાર, હતાં રાજ્યના મંત્રી ઉદાર ॥
અંગ્રેજ તણાં શાસન વિશે, પદવી એની મોટી અતિશે ॥૯॥
નામ તેનું અરદેશર જાણો, કુળ પવિત્ર પારસી પ્રમાણો ॥
તેણે વાત સુણી જન પાસે, કોય દેખાડે હરિ હુલાસે ॥૧૦॥
પછી કૌતુક પામી અપાર, સંગે લીધાં ઘણાં શાહુકાર ॥
આવ્યાં મુક્તમુનિને મળવા, દેખે પરચો તો પછી લળવા ॥૧૧॥
મળ્યાં સ્વામીશ્રીને આણી હેત, પામ્યા આશ્ચર્ય જન સમેત ॥
નોતા દીઠા કેદિ આવા સંત, આ છે જક્ત પૃથક અત્યંત ॥૧૨॥
પછી પ્રીત્યે પરબ્રહ્મરુપ, શ્રેષ્ઠ સદ્‌ગુરુ કેરું સ્વરૂપ ॥
અતિ સ્નેહથી શાસ્ત્ર પ્રમાણે, કીધું મહામુનિએ તે ટાણે ॥૧૩॥

INDEX

તોય અરદેશરને મને, મટે શંક ન કોઈ વચને ॥
ત્યારે સ્વામીએ નેણું ઈશારે, મેલ્યા સમાધિશું એકહારે ॥૧૪॥
તિયાં દીઠો દશોદિશ રસ, બ્રહ્મતેજ શીતળ સરસ ॥
તેહ તેજ મધ્યે સિંહાસન, જિયાં બેઠા દીઠા ભગવન ॥૧૫॥
કોટિ મુક્ત છે આનંદે ભરિયા, જિયાં સુખ સુખના દરિયા ॥
એવાં દીઠા સમાધિયે હરિ, પાયે પડી જયાં વિનંતી કરી ॥૧૬॥
તિયાં દીઠું ગઢપુર ગામ, જોયા લીંબવૃક્ષ અભિરામ ॥
બેઠા તે હેઠે મોહનરાય, જેવા દીઠા બ્રહ્મમોલમાંય ॥૧૭॥
પછી આશ્ચર્ય પામિયા જન, પ્રેમે કર્યાં પ્રભુને વંદન ॥
મુક્તમુનિએ જન જગાડી, કર્યાં ચેતન પ્રાણ ને નાડી ॥૧૮॥
જાગી સમાધિથી સહુ જન, કહે સ્વામી તમે ધન્ય ધન્ય ॥
બોલ્યો અરદેશર આણી હેત, તવ કૃપાએ મુક્ત સમેત ॥૧૯॥
દીઠાં બ્રહ્મમોલે અવિનાશ, હુવો હૃદયે અતિ હુલાસ ॥
જેવા જોયા'તા ધામે શ્રીહરિ, દીઠા તેવા જ ગઢડે ફરી ॥૨૦॥
પેખ્યા નિજ નેણ થકી દોય, હવે સંશે રહ્યો નવ કોય ॥
પ્રકટ પ્રત્યક્ષ પુરુષોત્તમ, પામ્યા આ સમે શ્રી પરબ્રહ્મ ॥૨૧॥
માટે આશ્રિત હું છું તમારો, થયો મનખો સુફળ મારો ॥
એમ કહી લીધાં વ્રતમાન, બન્યા ભક્ત એકાંતિક મહાન ॥૨૨॥
પછી સહુને વાત સત્ય લાગી, થયાં સત્સંગી સ્વમત ત્યાગી ॥
પુરમાં પછી પ્રસરી વાત, સુણી જન આવે ભલી ભાત ॥૨૩॥
તેને સમાધિએ ઘનશ્યામ, દેખાડી કરે ભક્ત અકામ ॥
એમ પરચા પ્રકટ પ્રમાણ, પૂરે છે મુનિમુક્ત સુજાણ ॥૨૪॥
કીધી સુરત શહેરની વાત, સુણી થાજયો સહુ રળિયાત ॥
શાસ્ત્રમાંહિ લખ્યો ઈતિહાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે અરદેશરને સમાધિ કરાવી એ નામે બસ્સો ને તેત્તાલીસમું પ્રકરણમ્ ॥૨૪૩॥

પ્રકરણ : ૨૪૪

પૂર્વછાયો :

મુક્તમુનિ આવ્યાં મેરમાં, જન સુરતી ઉપર ખાસ ॥
લાડ લડાવે ભક્તને, પૂરે જન મન આશ ॥૧॥
જન જગતના તારવા, ભાવે ભેટાડવા ભગવંત ॥
ભાવ રહે ભીતરમાં, બસ એ જ મુનિને અત્યંત ॥૨॥
જોયા નહિ જન દોષને, જોયા અલ્પગુણ હંમેશ ॥
તેથી આ વારે તર્યા, જીવ જક્તમાંહિ વિશેષ ॥૩॥

ચોપાઈ :

હવે સુરત્ય શહેર મોઝાર, જન સત્સંગી થાય અપાર ॥
જૂઠાં મનના ભ્રમ ઉલાટી, જાય સ્વામીશ્રીને મળી ખાટી ॥૪॥
તેમાં શેઠ એક જનવંદ, ભાલચંદ તણો ભાઈબંધ ॥
બેઠા બેઠા તે ગોઠિયા નિત, કરે વાતું વ્યવહારુ ઉચિત ॥૫॥
નામ તેનું છે ભિખારીદાસ, વાધ્યો અંતરમાં તેને ત્રાસ ॥
કળજુગે હોય ભગવાન, કે વળી હોય નવ નિદાન ॥૬॥
વિચારી એમ મન મૂંઝાય, પણ સૂઝે ન કોઈ ઉપાય ॥
પછી એક સમે તેણે વાત, કીધી ભાલચંદને સાક્ષાત ॥૭॥
સુણી ભાલચંદ કહે ભાઈ, તું મૂંઝાઈશ ન મનમાંઈ ॥
મુજ ગુરુદેવ મુક્તમુનિ, લિયે સંભાળ સહુ જીવની ॥૮॥
દેશે જથાર્થ ઉત્તર તુને, થયા ખરા અનુભવ મુને ॥
એટલાં બોલી વેણ હુલાસે, શેઠ લાવ્યા તેને સ્વામી પાસે ॥૯॥
દેખી સ્વામીએ નિર્મળ દલ, કીધી વાત પ્રભુની અવલ ॥
પ્રકટ પ્રત્યક્ષ પુરુષોત્તમ, જેને નેતિ કહે છે નિગમ ॥૧૦॥
એ જ અવતારી સ્વયં અતિશે, હાલ વિચરે વસુધા વિશે ॥
એમ વાત દેખાડી પ્રત્યક્ષ, સુણી શેઠની ઉઘડી અક્ષ ॥૧૧॥
તેદિ મુનિ મુક્તાનંદ પાસે, કંઠી ધારી છે ભિખારીદાસે ॥
તેની સુતા જે જમુનાબાઈ, સતસંગે તે પણ રંગાઈ ॥૧૨॥
બીજા જન જે સુરતવાસી, તેહ પણ થયાં પ્રભુપ્યાસી ॥
હુવો સત્સંગ શહેરમાં બહુ, મન મોદ પામ્યા ભક્ત સહુ ॥૧૩॥

પછી મુક્તમુનિ નિરધાર, થયાં ગઢડે જાવા તૈયાર ॥
ત્રણ શત રૂપૈયા કોથળી, જનોએ દીધાં મુનિને મળી ॥૧૪॥
ત્યારે સ્વામી કહે સંત સેવ, તકે કરી તમે તતખેવ ॥
માટે હવે શું આની જરૂર, વળી હું તો રહું એથી દૂર ॥૧૫॥
પણ ભક્તનો આગ્રહ જોઈ, લીધાં સ્વામીએ રૂપૈયા સોઈ ॥
દીધાં હમીરજીને હુલાસે, કહ્યું મેલજો પ્રભુની પાસે ॥૧૬॥
પછી જન તણો લઈ સંઘ, આવ્યાં મુનિ ગઢડે અનઘ ॥
ગુરુદેવને ભાળી ગોપાળ, સામા ચાલ્યાં હોંશે તતકાળ ॥૧૭॥
આમાસામા કીધાં દંડવત્, ભાવે કરી ભેટ્યા અવિરત ॥
કર ઝાલી લાવ્યા સભામાંય, ઢોલિયે બેસાડ્યા મુનિરાય ॥૧૮॥
એકુકા ભક્ત નામ સંભારી, સમાચાર પૂછ્યા બહુ વારી ॥
એના કીધાં મુનિએ કુશળ, જેવો સત્સંગ વાધ્યો પ્રબળ ॥૧૯॥
પછી મુક્તાનંદજી મહાન, કરી દ્રષ્ટિ તણી અલ્પ સાન ॥
કીધું હમીરજીને નયણે, ભેટ મેલો ભૂધર ચરણે ॥૨૦॥
ત્યારે ભેટ ધરી પ્રભુ પાયે, જે દીધી પ્રેમીજને ઉછાયે ॥
બોલ્યા મહારાજ મુખથી એમ, સ્વામી તમેય બગડ્યા કેમ ॥૨૧॥
શહેર સુરત દેખીને સારું, ધન ભેળું કીધું પરબારું ॥
ત્યારે સ્વામી કહે મહારાજ, નથી લાવ્યો રૂપૈયા મું કાજ ॥૨૨॥
ભાળી ભક્તનો ભાવ સઘન, લીધું તમ અર્થે સહુ ધન ॥
માટે ગ્રહી તે રૂપૈયા સહુ, રહો રાજી બળવંત બહુ ॥૨૩॥
પછી હસે છે સુંદરશ્યામ, જાણી મર્મ સર્વ અભિરામ ॥
ધન દોલત દંશ ન હોય, એવાં સત્સંગે ઝાઝાં નોય ॥૨૪॥
એવાં એક મુક્તાનંદ સંત, જક્તમાં એ જેવા નહિ જંત ॥
બોલ્યા વચનામૃતે અવિનાશ, ગાય ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ભિખારીદાસને સત્સંગી કર્યાં એ નામે બસ્સો ને ચુંમાલીસમું પ્રકરણમ્ ॥૨૪૪॥

પ્રકરણ : ૨૪૫

પૂર્વછાયો :

સુથાર સુરત શહેરનો, એક સંપત્તિવાન અપાર ॥
બાંધી તેણે બહુમૂલી, હવેલી ચિત્ત હરનાર ॥૧॥
સગાંસંબંધી સરવે, હળીમળી રહે તે ઠામ ॥
દુ:ખ નહિ લવલેશ જયાં, ખૂટે ન ખરચે દામ ॥૨॥
તેને ઘેર આવિયો, રૂડો વિવાહ પ્રસંગ ॥
તેથી સહુ સિધાવિયા, શહેર મુંબૈયે ઉછરંગ ॥૩॥

ચોપાઈ :

જાન જોડી ગયાં સહુ જન, લાડે કોડે કરવા લગન ॥
કરી પ્રસંગ પૂરણ ખાંત્યે, વળ્યા પાછા તે વાટે નિરાંત્યે ॥૪॥
તિયાં ભૂલ્યો છે ભાન મેરાણ, મધદરિયે કીધાં હેરાણ ॥
વસમું વારિએ ચડ્યું તોફાન, માંડ્યું બૂડવા જા'જ નિદાન ॥૫॥
પળવારમાં પડી ઉપાધિ, લીધી જાનૈયે જળસમાધિ ॥
એહ જન પામ્યા અસદ્ગતિ, નોતા ભજયા કેદિ ભક્તપતિ ॥૬॥
ભયાનક બન્યા ભૂતપ્રેત, રાખ્યું'તું સંસારમાંહિ હેત ॥
પછી કર્યો હવેલીએ વાસ, દિયે દિન પ્રતિદિન ત્રાસ ॥૭॥
પશુપંખી કેરા બિયામણાં, મુખથી કરે છે નાદ ઘણાં ॥
ભૂલ્યે તે ભવને કોઈ દન, કેદિ જાય નહિ કોઈ જન ॥૮॥
જાય તેનાં જાય નક્કી પ્રાણ, હતી જનને વાત પ્રમાણ ॥
એવું ભારે ભયાનક સ્થાન, અતિ ઉજજડ પડ્યું વેરાણ ॥૯॥
તેથી ઈંગરેજ સરકારે, કીધી ખબર શહેરમાં ભારે ॥
કોઈ કાઢે જો ભૂતને બારે, વણતોળી વિપત ઉગારે ॥૧૦॥
રવિ શશીની રાખી અવધિ, તેને દેશું તેહ જાગ્ય બધી ॥
પણ થયાં ન કોઈ તૈયાર, જે ગયા તે મર્યા સહુ ઠાર ॥૧૧॥
કોઈએ મેલીવિદ્યા પરકાશી, તોય લટકિયાં લઈ ફાંસી ॥
કેનું ચાલ્યું નહિ લવલેશ, સામો વાધ્યો વિશેષ ક્લેશ ॥૧૨॥
ત્યારે સતસંગી સહુ જને, લખી કાગળ મેલ્યો પ્રસને ॥
તેહ પત્ર લઈ અસવાર, ગયો ગઢપુરે નિરધાર ॥૧૩॥

INDEX

મેલ્યો કાગળ પ્રભુ ચરણે, પછી વંચાવિયો પ્રેમે ઘણે ॥
પત્રમાં લખેલો ભાવ જેવો, વાંચ્યો શુકાનંદજીએ તેવો ॥૧૪॥
સ્વસ્તિ શ્રી ગઢપુર મોઝાર, વસો કરુણાનિધિ ઉદાર ॥
કરીએ વિનંતી આપને લળી, અમે સુરતના જન મળી ॥૧૫॥
આંહિ સંભારે આપને સહુ, આપ કૃપાએ સુખી છે બહુ ॥
બીજું લખવા કારણ સ્વામી, તમે સાંભળો અંતરજામી ॥૧૬॥
પછી ભૂતિયાં મહોલની વાત, સંક્ષેપે સંભળાવી સાક્ષાત ॥
કેડ્યે કહ્યું સહુ પરેશાન, અતિ છે જાણજયો ભગવાન ॥૧૭॥
માટે ઉત્તમ સંત જે હોય, મોકલો પ્રભુ સુરત સોય ॥
હવે વેળ્ય મ કરો લગાર, ઝાઝું શું લખીએ કિરતાર ॥૧૮॥
વાંચી પત્રની સર્વ વિગત, કહ્યું પ્રભુએ ગ્રહી તે ખત ॥
બોલાવો ગુરુદેવને આંહિ, તે વિના કામ કેનું ન ત્યાંહિ ॥૧૯॥
પછી આવિયાં સુણીને સ્વામી, બેઠા ચરણમાં શીશ નામી ॥
બોલ્યા ગોવિંદ હે ગુરુદેવ, શહેર સુરત સધાવો અભેવ ॥૨૦॥
તિયાં જન થયા બહુ દુઃખી, કરો કૃપા કરી તેને સુખી ॥
પ્રેતથી થાય સહુ હેરાન, તેનું કરજયો કાંઈ નિદાન ॥૨૧॥
નથી આ સમે સમર્થ કોય, આપ જેવા આ સંસારે સોય ॥
તમારે હૃદે રહ્યાં ભગવાન, માટે આપ ઈશ્વર સમાન ॥૨૨॥
કરજયો કથા તમે દન સાત, રૂડી ભાગવતની સાક્ષાત ॥
તેથી પ્રેત પામશે કલ્યાણ, પછી રહેશે નહિ કોઈ હાણ ॥૨૩॥
સુણી હાથ જોડી કહે સ્વામી, જેવી આગન્યા હે બહુનામી ॥
અમારે તો વરતવું વચને, તેહ વિના ઘાટ નહિ મને ॥૨૪॥
એમ કહી થયાં છે તૈયાર, મુક્તાનંદજી તારણહાર ॥
માંડ્યો સુરત કેરો પ્રવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરતમાં વાસનિકો ભૂત થયાં એ નામે બસ્સો ને પિસ્તાળીસમું પ્રકરણમ્ ॥૨૪૫॥

INDEX

પ્રકરણ : ૨૪૬

પૂર્વછાયો :

આગન્યા લઈ અવિનાશની, પછી સંત મંડળને સાથ ॥
મુક્તમુનિ પધારિયા, માની વચન મોટી મિરાંથ ॥૧॥
ચોંપે ચાલી આવિયાં, સામા સુરતનાં સહુ જન ॥
વાજતે ગાજતે વધાવિયા, પ્રીતે પોખી મન મગન ॥૨॥
નરનારીને અંગમાં, હરખ રહ્યો ઉભરાય ॥
વેળા વસમી આળસી, વધ્યો મોદ હવે મનમાંય ॥૩॥

ચોપાઈ :

પછી હવેલીએ હરિજન, લાવ્યા સ્વામીશ્રીને તેહ દન ॥
કર્યો ઉતારો ત્યાં જઈ પોત્યે, સંત મંડળ સમસ્ત સોત્યે ॥૪॥
લાવ્યા સામૈયું સારુ સુપેર, આવ્યાં જન જેમ સિંધુ લેર ॥
કરી પૂજા લાગે સહુ પાય, સ્વામી આવા રહેજયો ઉરમાંય ॥૫॥
એમ સ્તુતિ કરે બહુ જન, કહે ભલે આવ્યાં મુનિજન ॥
આજ અમ પર અઢળ ઢળ્યા, બહુ દનના વાયદા વળ્યા ॥૬॥
પછી થઈ સંધ્યા વીત્યો દન, કરી આરતી સંધ્યા વદન ॥
ધીમે ધીમે વીતી મધરાત, સંત સૂતાં સહુ રળિયાત ॥૭॥
તિયાં તમ છાયું ચહુકોર, થયા કડાકા અતિ કઠોર ॥
ભૂતપ્રેત મળી સહુ સાથે, ગ્રહી ચીપિયા ખડગ હાથે ॥૮॥
આવી પોઢ્યા હતાં જિયાં સ્વામી, પાડે છે કિકિયારી નકામી ॥
પછી કર્યો કોલાહલ ભારે, ઊઠ્યા મુક્તાનંદજી તે વારે ॥૯॥
સામા દીઠા દનુજ ને પ્રેત, સહુ સગાંસંબંધી સમેત ॥
દેખી સ્વામીને ઉપજી દયા, છૂટશે આ અધમો તો કિયાં ॥૧૦॥
વણ વિચાર્યે મન અમાપ, કરે છે નિત નવલા પાપ ॥
પછી અંતરથી કરી સાન, આવ્યું ભૂતને પંડમાં ભાન ॥૧૧॥
બોલ્યા દીન થઈ પ્રેત સહુ, દુઃખ વેઠ્યા છે તનમાં બહુ ॥
છૂટવું ઘણું અમારે સ્વામી, ઝાઝું શું કહીએ કરભામી ॥૧૨॥
સુણી મુનિએ મંગાવ્યું જળ, નાખ્યું પ્રેત ઉપર અમળ ॥
કહ્યું જાજયો બદરિકાશ્રમે, દૈયે છીએ તે આદેશ અમે ॥૧૩॥

INDEX

પામશો તેથી અક્ષરધામ, થાશો ખરેખરા નિષ્કામ ॥
એમ કહી મેલ્યા તતકાળ, એવાં મુક્તાનંદજી દયાળ ॥૧૪॥
થયો પ્રેતથી બંગલો છૂટો, જન મેરાણ જોવા વછૂટ્યો ॥
પછી હતાં જે ત્યાંના હાકેમ, તેને જાણિયું મનમાં એમ ॥૧૫॥
આ તો પુરુષ છે કોઈ મોટા, એ આગે સહુ જગમાં છોટા ॥
તેનાં કરમાં કલ્યાણ વાત, નક્કી વાત પ્રમાણો સાક્ષાત ॥૧૬॥
એમ વિચારી જાયગા જેહ, હતી હવેલીની રૂડી તેહ ॥
દીધી મંદિર કરવા જાગ્ય, દેખી સંત પ્રતાપ અથાગ ॥૧૭॥
આપ્યો લેખ લખાવી સત્વર, રહેજયો સંત આંહિ મુદભર ॥
કર્યું સાર્થક સ્વામીએ કાજ, શોભે મંદિર મોટું ત્યાં આજ ॥૧૮॥
પછી તેહ સર્વે સમાચાર, મળ્યા પ્રભુને ગઢડા મોઝાર ॥
તેથી તેડવા શ્રી ગુરુરાય, મેલ્યો લક્ષ્મીરામ વિપ્ર ત્યાંય ॥૧૯॥
તેણે કહ્યું આવી શીશ નામી, ગઢડે બોલાવે બહુનામી ॥
પછી સ્વામી થયા છે તૈયાર, પ્રેમે ચાલ્યા ગઢડા મોઝાર ॥૨૦॥
આવ્યા દાદાના દરબારમાંય, ત્યાં તો નાથ દોડ્યા સામા ત્યાંય ॥
પ્રભુ થકી રહેવાયું ન લેશ, હેત ઉભર્યું હૈયે વિશેષ ॥૨૧॥
કર્યા દયાળુએ દંડવત, મુક્તાનંદજીને શિષ્યવત ॥
સામા કરે છે દંડવત સ્વામી, હરિવરને ઘણું કરભામી ॥૨૨॥
ત્યારે નાથ કહે સ્વામી આપ, ગુરુદેવ મારા છો નિષ્પાપ ॥
રહીએ તમને સદા શીશ નામી, પ્રેમે પૂજી રહીએ કરભામી ॥૨૩॥
સહુ જન માને છે અમને, અમે તો માનીએ છીએ તમને ॥
એમ કહી જમાડ્યા તે દન, પ્રભુએ સ્વામીશ્રીને પ્રસન્ન ॥૨૪॥
પછી સુરત શહેરની વાત, સંભળાવી મુનિએ સાક્ષાત ॥
સુણી રાજી થયાં અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરતમાં ભૂતોનો ઉદ્ધાર કર્યો એ નામે બસ્સો ને છેતાલીસમું પ્રકરણમ્ ॥૨૪૬॥

પ્રકરણ : ૨૪૭

પૂર્વછાયો :

વળી કહું એક વારતા, સુંદર છે અતિ સાર ॥
શ્રવણ દઈ સહુ સાંભળો, કેડ્યે કરજો કાંઈ વિચાર ॥૧॥
મરજી મોટાની મૂકતાં, મૂળગા મૂળમાંથી મટે ॥
દુઃખ એમાંથી ઉપજે, વળી સત્સંગ તેનો ઘટે ॥૨॥
માટે શીશ સાટે રહેવું, મરજીમાંહિ હંમેશ ॥
એવાં જન જોઈ પ્રભુ, સદા રાજી રહે વિશેષ ॥૩॥

ચોપાઈ :

અતિ ઐશ્વર્યવાન મહાન, મુક્તમુનિ મરાળ નિદાન ॥
એક સમે સુરત શહેર મોઝાર, સતસંગ વધાર્યો અપાર ॥૪॥
હરિભક્તની પૂરે છે હામ, નિત આવે નવા નરવામ ॥
સુણી સ્વામીશ્રીનાં શુદ્ધ વેણ, સૌનાં હરખે હૈયાં ને નેણ ॥૫॥
એવાં સમામાંહિ એકવાર, મળી ભક્ત પ્રેમી નિરધાર ॥
મુક્તમુનિને કરી વિનતિ, કરી હૈયા તણી વાત છતી ॥૬॥
કહે મુક્તાનંદજી સુજાણ, આપ વિચરો પ્રકટ પ્રમાણ ॥
તેથી જન થયાં સતસંગી, ઘણું રહે જક્તથી અસંગી ॥૭॥
તેને ઉપજ્યો એમ વિચાર, કરીએ અથાણું જો રસદાર ॥
તે મોકલીએ મોહન માટે, જન મેલી ગઢપુર વાટે ॥૮॥
તેથી જમે શ્રીહરિ હંમેશ, આદા કેરી અથાણાં વિશેષ ॥
તેથી થૈયે અમે બડભાગી, માટે કૃપા કરો અનુરાગી ॥૯॥
ત્યારે સ્વામી કહે બહુ સારું, એમાં ગમતું ઘણું અમારું ॥
આણો અથાણાં કરીને ત્યાર, અમે મોકલશું ધરી પ્યાર ॥૧૦॥
વળી ગ્રંથ કર્યો છે પૂરણ, સતીગીતા નામે સુખકરણ ॥
કરવું પ્રસાદીનું તે અમારે, તેથી મોકલશું એકહારે ॥૧૧॥
કેડ્યે અથાણા કરી તૈયાર, સહુ જન લાવ્યા નિરધાર ॥
બાંધી બરણીમાં ભરપૂર, મેલ્યાં સ્વામી ચરણે જરૂર ॥૧૨॥
ત્યાર પછી બોલ્યા મુનિરાટ, કહો કોણ જાશે લઈ વાટ ॥
ત્યારે બોલ્યા તેહ સમે સંત, ગુણાતીતાનંદ મહિમાવંત ॥૧૩॥

INDEX

સ્વામી આપો જો આગન્યા આપ, તો હું જાઉં ગઢડે નિષ્પાપ ॥
સુણી સ્વામી બોલ્યા છે જરૂર, તમે સિધાવજો ગઢપુર ॥૧૪॥
ત્યારે ગોદડીયા શાતાનંદ, નામે સંત હતા સ્વચ્છંદ ॥
બોલ્યા કહો કે ન કહો ભલે, નહિ સાંભળું કોઈનું દલે ॥૧૫॥
દેશો આગન્યા તોય હું જાઉં, નહિ દ્યો તોય ચાલતો થાઉં ॥
એવી સાધુની જડતા દેખી, મુનિ બોલ્યા નહિ કાંય લેખી ॥૧૬॥
દલે દુભાયા ઘણું મરાળ, તોય મુન્ય રહ્યાં તતકાળ ॥
થયાં તૈયાર ચાલવા દોય, મુક્તાનંદજીને મળી સોય ॥૧૭॥
આવ્યાં ગઢડે ગોવિંદ પાસે, મળ્યાં હેતથી મુનિ હુલાસે ॥
બોલ્યા મુનિ ગુણાતીત નાથ, લાવ્યા છૈયે અથાણાં સંગાથ ॥૧૮॥
વળી મહામુનિ મુક્તાનંદ, તેણે ગ્રંથ લખ્યો જગવંદ ॥
પ્રભુ કરો તે પ્રસાદી તણો, અમને પણ એમાં મોદ ઘણો ॥૧૯॥
પછી દેખી દીનાનાથ એહ, ઘણું રાજી થયાં મળી તેહ ॥
ભેટ્યા બાવીસ વાર ભૂધર, મુનિ ગુણાતીત મુદભર ॥૨૦॥
ભાળ્યો શ્યામનો રાજીપો જ્યારે, બોલ્યા ગુણાતીતાનંદ ત્યારે ॥
ભેટો શાંતાનંદને આ વારે, તેહ પણ આવ્યાં મુજ હારે ॥૨૧॥
ત્યારે પ્રભુ કહે લોપી વચન, આવ્યાં મળવા મુને પ્રસન ॥
કેમ ભેટું તેને ધરી ભાવ, જેનો મનમુખી વરતાવ ॥૨૨॥
વણ આગન્યા લઈ જે આવે, તેહ સંગે અમોને શું ફાવે ॥
પછી મુનિ પામ્યા પછતાવો, ખોયો રાજી કર્યા તણો લ્હાવો ॥૨૩॥
તોય કૃપા કરી હરિરાય, ભૂલી ભૂલ્ય મરાળની કાંય ॥
ભેટ્યા શાંતાનંદને તે દન, પણ રાજી રહ્યાં નહિ મન ॥૨૪॥
માટે મોટાનાં વચન મેલી, સતસંગમાં થાવું ન ફેલી ॥
વચન લોપ્યે નાસે વિશવાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સતીગીતા નામે ગ્રંથ લખ્યો એ નામે બસ્સો ને સુડતાલીસમું પ્રકરણમ્ ॥૨૪૭॥

પ્રકરણ : ૨૪૮

પૂર્વછાયો :

કાજુ કાનમ દેશમાં, વડુ વેમારડી ગામ ॥
મુનિ અદભુતાનંદજી, ત્યાં વિચરિયા અભિરામ ॥૧॥
ઘણું રહી તે સ્થાનમાં, કર્યાં કથા કીરતન ॥
જન હતાં જે ફેલમાં, તે થયાં સહુ પાવન ॥૨॥
ચઢ્યો સતસંગ શિરનો, મટ્યો જક્ત સુખ આભાસ ॥
દુઃખ દળ્યું સંસારનું, જાગી પ્રભુમિલનની આશ ॥૩॥

ચોપાઈ :

ભલા ભક્ત છે ભાઈજીભાઈ, સુખે રહે વેમારડીમાંઈ ॥
તેણે કહ્યું વિનંતી કરીને, મુનિ અદ્‌ભુતાનંદજીને ॥૪॥
હવે આપ જઈ ગઢપુર, તેડો નાથને આંહિ જરૂર ॥
ત્યારે સ્વામી થયાં પરસન, કીધું આવશે પ્રાણજીવન ॥૫॥
પછી મુનિ તિયાંથી સધાવ્યા, થોડા દને ગઢપુર આવ્યાં ॥
આવી પ્રભુને લાગિયા પાય, ભેટ્યા ભૂધર લૈ બાથમાંય ॥૬॥
પૂછ્યા ક્ષેમકુશળ અપાર, સર્વે જન સંભારી તે વાર ॥
આપે ઉત્તર એના મરાળ, જે જે પૂછે પ્રભુ તતકાળ ॥૭॥
કહે મુનિ કાનમનાં વાસી, થયાં વ્યાકુળ ને પ્રભુ પ્યાસી ॥
માટે તિયાં પધારો મહારાજ, જન મુદિત કરવાને કાજ ॥૮॥
ત્યારે નાથ કહે મુનિરાય, હમણાં મું થકી નહિ અવાય ॥
મુક્તમુનિને મેલશું સંગે, કરજયો પૂજન સહુ ઉમંગે ॥૯॥
જેમ પ્રેમથી પૂજો અમને, પૂજો સ્વામીને તેમ પ્રસન્ને ॥
એમાં ફેર ન રાખજયો લેશ, માનજયો અમે પૂજયા પરમેશ ॥૧૦॥
ત્યારે મુનિએ જોડિયા હાથ, જેવી તમારી મરજી નાથ ॥
પછી શ્રી ગુરુદેવ તેડાવી, કહ્યું વાત બની છે જો આવી ॥૧૧॥
જન પૂજશે તમને સહુ, દેજયો પૂજવા પ્રેમથી બહુ ॥
આવી મરજી આજે અમારી, નહિ ચાલે એમાં તો તમારી ॥૧૨॥
ત્યારે સ્વામી કહે ભલે નાથ, રાજી રહેજો સદા મુજ સાથ ॥
એમ કહીને લાગિયા પાય, ત્યારે ભેટ્યા ભાવે હરિરાય ॥૧૩॥

INDEX

પછી મુક્તાનંદ મહારાજ, આવ્યાં ગામ વેમારડી આજ ॥
હરિજન હરખિયા બહુ, વાત તેની મુખથી શું કહું ॥૧૪॥
જાણ્યું આવ્યાં પોતે ભગવાન, એમ જન નિહાળે નિદાન ॥
તિયાં ખરેખરો જોઈ સમો, કહે પેલા અમો પેલા અમો ॥૧૫॥
થઈ ભક્તની ભીડ અપાર, પછી કર્યો એમ નિરધાર ॥
પુરબાર જે વડ વિશાળ, બાંધ્યો હિંડોળો ત્યાં તતકાળ ॥૧૬॥
રૂડો શણગાર્યો બહુવિધ, કેડ્યે સ્વામીને પ્રાર્થના કિદ્ધ ॥
ત્યારે સ્વામીશ્રીએ થઈ રાજી, દીધાં દર્શન એમાં બિરાજી ॥૧૭॥
બની શોભા અદ્‌ભુત સાર, હરિજન પૂજે ધરી પ્યાર ॥
લાવે ભૂષણ વસન ભારી, પહેરાવે સજ હાર અપારી ॥૧૮॥
વળી પેર્યા તોડા બાજુબંધ, તેની વિસ્તરી ચહુ સુગંધ ॥
નરનારી ભૂલ્યાં સહુ ભાન, ઘણું થયાં મન ગુલતાન ॥૧૯॥
વાજે મૃદંગને બહુ ઝાંઝ, આજ સુખનો મળ્યો સમાજ ॥
ગાય સંત ઈયાં કીરતન, ઝીલે સહુ મળી હરિજન ॥૨૦॥
આવ્યાં અમીન ત્યાં મરજાદી, ત્રિકમજી પાટીદાર આદિ ॥
તે તો કંડારીના રહેનાર, પામ્યા દર્શ પુનિત અપાર ॥૨૧॥
લીધો અલભ્ય લાભ નિહાળી, મુદા થઈ દિયે સહુ તાળી ॥
એમ દન અઢાર અતોલ, જને મુનિ ઝૂલાવ્યા અમોલ ॥૨૨॥
પહેરી હેમ આભૂષણ અંગે, કર્યાં રાજી હરિજન સંગે ॥
હિંડોળો ગ્રહી અતિ હુલાસે, હેતે હિંચકાવ્યા સહુ દાસે ॥૨૩॥
કર્યો ઉત્સવ એટલાં દન, મુક્તમુનિ જમાડ્યા પ્રસન્ન ॥
ધન્ય ધન્ય વેમારડીવાસી, જેણે રાજી કર્યાં સુખરાશિ ॥૨૪॥
તેનાં ભાગ્ય તણો નહિ પાર, મળ્યાં મહામુનિ નિરધાર ॥
સ્વામી મળ્યે મળ્યાં અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વેમારડીમાં હિંડોળે ઝૂલ્યા એ નામે બસ્સો ને અડતાલીસમું પ્રકરણમ્ ॥૨૪૮॥

INDEX

પ્રકરણ : ૨૪૯

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, લીલા કહું કરી હેત ॥
સાંભળતા સુખ ઉપજે, વળી તરે કુટુંબ સમેત ॥૧॥
સંત સંપ્રદાયે ઘણાં, અતિ સમર્થ બુદ્ધિવંત ॥
પણ તોલ્યે નાવે અણું, મુક્તમુનિ સમ મહંત ॥૨॥
તેનાં માતૃત્વ તણી, છે કથા અપરંપાર ॥
લખી લખી લખું કેટલી, લખતાં ન આવે પાર ॥૩॥

ચોપાઈ :

જે જે સંત ભલા ભણનારા, ભણી પ્રભુ રાજી કરનારા ॥
તેને રાખતા શ્રી અવિનાશ, ભણવા મુક્તાનંદજીની પાસ ॥૪॥
મુનિ પણ ઘણું હેત કરી, લિયે સંભાળ સહુની ખરી ॥
મન મૂંઝાય ના કોઈ દન, એવું સ્વામી કરતાં જતન ॥૫॥
ભણાવતા પોતે બહુ સારું, જેમ લાગે સંતને સુચારુ ॥
એવો મુક્તમુનિ દલમાંય, ધરી રાખે છે ગુણ સદાય ॥૬॥
ભણાવવા ઉદ્યમ તો કરે, પણ ભીતરે પ્રભુને ધરે ॥
માટે સંત સંગાથે જે રહે, સ્વામી સંગે રહી સુખ લહે ॥૭॥
તે સંતને લઈ એકવાર, વરતાલ વિશે નિરધાર ॥
પધાર્યા મુક્તાનંદ પાવન, સામા આવિયાં છે હરિજન ॥૮॥
વાજતે ગાજતે પધરાવ્યા, ઉતારા બહુ રૂડાં કરાવ્યાં ॥
વહેતી થઈ અનુપમ ગંગ, સહુ જનને ચડ્યો અતિ રંગ ॥૯॥
સંત કરે છે વિદ્યા અભ્યાસ, ખરેખરા થઈ હરિદાસ ॥
એમ વીતે છે આનંદે દન, થયાં પ્રસન્ન સહુનાં મન ॥૧૦॥
એક સમે સ્વાધ્યાય મોઝાર, લાગી સંતને તો બહુવાર ॥
તેથી જમવાનું ગયું ટાણું, અસ્તાચળ થયાં છે જો ભાનુ ॥૧૧॥
પછી પૂર્ણ કર્યાં જ્યાં નિયમ, ક્ષુધા લાગી સહુને વિષમ ॥
પંડે તો ઘણી છોટી ઉંમર, પણ ક્ષુધા છે અતિ ઉદર ॥૧૨॥
તેથી ભેળા થયાં દસબાર, મધ્યરાતે મરાળ નિરધાર ॥
કેને રહી નહિ મન ધીર, પેઠા રસોડામાંહિ અચિર ॥૧૩॥

જયાં આવી રહ્યાં રસોડામાંય, ત્યારે મુક્તમુનિ સુખદાય ॥
નીંદમાંથી ઊઠ્યા અચાનક, દીઠા સંતના રિક્ત સ્થાનક ॥૧૪॥
શોધતા આવિયા જયાં રસોડે, ત્યાં તો સંત સહુ કોડે કોડે ॥
હાથમાં લઈ રોટલા રાતે, જમવા તૈયારી કરે ખાંતે ॥૧૫॥
સામા દીઠા સ્વામી તતકાળ, મનમાં બહુ બિયા મરાળ ॥
પછી કરે છે એમ વિચાર, આપણે કર્યો જૂઠો નિરધાર ॥૧૬॥
હવે થાશે સ્વામીશ્રી નારાજ, વળી જાણશે જયારે મહારાજ ॥
ત્યારે શું થાશે આપણું ભાઈ, તે વિચારો હવે મનમાંઈ ॥૧૭॥
એવી દીઠી મુનિ મુખાકૃતિ, મુક્તમુનિને તો વાત ખૂંતી ॥
અરે ક્યાં હું તો આવિયો અહીં, હવે સાધુઓ જમશે નહિ ॥૧૮॥
વય તો છે ઘણી હજી છોટી, આવ્યાં છે મેલી સાયબી મોટી ॥
કરે છે વિદ્યાભ્યાસ કઠણ, રાજી કરવા શ્રીહરિ પૂરણ ॥૧૯॥
પછી બોલ્યા વિચારીને એમ, મુજ સામું જોઈ બેઠા કેમ ॥
ભૂખ લાગી ઘણી તનમાંહિ, તેથી આવિયો શોધતો આંહિ ॥૨૦॥
માટે આપો હવે જમવાનું, જે વધ્યું હોય તે હાલ વાનું ॥
એવાં સુણી સ્વામીનાં વચન, સહુ સંતના હરખ્યા મન ॥૨૧॥
આપ્યું છે અતિ પ્રેમે આસન, પધરાવ્યા તે પર પાવન ॥
પછી જમાડિયા રૂડી રીતે, પણ સ્વામી જમ્યા થોડું પ્રીતે ॥૨૨॥
જમતા જમતા સ્વામી કહે એમ, જમીએ અમે એકલા કેમ ॥
જો તમે સંત સંગાથે જમો, તો અમને અતિ મન ગમો ॥૨૩॥
સુણી બેઠા જમવાને સંત, જમી થયાં છે તૃપ્ત અત્યંત ॥
એમ જનની સમ વરતીને, કર્યાં સંત પ્રસન્ન જમીને ॥૨૪॥
માટે સમજી સમય સંજોગ, શીખવો સારો વિવેકયોગ ॥
તેનો કરતાં રહેવો તપાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે નાના સંતોને રોટલા જમાડ્યા એ નામે બસ્સો ને ઓગણપચાસમું પ્રકરણમ્ ॥૨૪૯॥

પ્રકરણ : ૨૫૦

પૂર્વછાયો :

સત્પુરુષ ચિંતામણિ, પારસમણિ સમાન ॥
જે જન જેવું ચિંતવે, પામે પળમાં તે નિદાન ॥૧॥
સંત સદ્‌ગુણના ભર્યા, માયા તણો નહિ લેશ ॥
વૃત્તિ વાળી અંતરે, ભજે અહોનિશ પરમેશ ॥૨॥
પરહરિ કુમતિ અતિ, રહેવું ગુણગ્રાહી સદાય ॥
તે વિસ્તારી વાતને, ભાખું હવે હરખાય ॥૩॥

ચોપાઈ :

હતાં મુનિ કોઈ મતિમંદ, રહેતા સત્સંગમાંહિ સ્વચ્છંદ ॥
દેખી એનો અટંટ સ્વભાવ, કહે મુક્તાનંદજીને માવ ॥૪॥
કેવા દીસે છે સ્વામી આ સંત, વળી કહો તેનું વરતંત ॥
એ તો જાય છે ફરવા દેશ, કહો એની કોર્યનું વિશેષ ॥૫॥
ત્યારે મુક્તમુનિ કહે નાથ, એવાં મુનિ છે મોટી મિરાંથ ॥
દામ વામે પડે નહિ ફેર, એમ સંતમાં રહ્યાં સુપેર ॥૬॥
એવો ગુણ ગ્રહ્યો મુનિરાયે, પણ બોલ્યા નહિ અન્ય કાંયે ॥
સુણી રાજી થયાં ગિરધારી, ગયાં મુક્તમુનિ પર વારી ॥૭॥
ગુણગ્રાહી એવાં ગુરુદેવ, ગુણ ગાઉં તેનાં હું અભેવ ॥
જેવું ચિંતવે સંતમાં જ્યારે, થાય નિજ તણું તેવું ત્યારે ॥૮॥
પણ પરઠે કેદિ અવગુણ, રૂડું કરે કહો તેનું કુણ ॥
કહું વિસ્તારીને હવે તેહ, સવળું લેજ્યો સમજીનો એહ ॥૯॥
એક સમે મુનિ મુક્તાનંદ, ઘણું વિચરતા જગવંદ ॥
આવ્યાં એક સમે કોઈ ગામ, સંગે સંત ઘણા અભિરામ ॥૧૦॥
રહ્યાં છે ધર્મશાળા મોઝાર, ઝોળી માંગી જમે નિરધાર ॥
કરી અન્ન ભેળું સહુ સંત, વાળે ગોળો નીરસ અત્યંત ॥૧૧॥
પછી નદી તણાં જળમાંય, તે જબોળી જમે મુનિરાય ॥
એવાંમાંહિ બની વાત એક, તેહ જાણજો જન વિશેક ॥૧૨॥
આવી ઝોળીમાં સેવ સુંવાળી, બીજું અન્ન મળ્યું ઘણું ચાળી ॥
તે ભેળવી કર્યું છે નીરસ, તેનો કર્યો મોદક અવશ્ય ॥૧૩॥

INDEX

પછી જળમાં જબોળી બહુ, જમવા બેઠા મરાળ સહુ ॥
જિયાં જમતાં સહુ મરાળ, જન આવ્યો તિયાં તતકાળ ॥૧૪॥
પછી બેઠો શોધી એક ઠામે, જુવે જમતાં સંતની સામે ॥
તેણે દ્રગે દીઠું છે વિચિત્ર, મુનિ જમે છે કેમ વિચિત્ર ॥૧૫॥
સેવ લાવ્યા સંત ઝોળીમાંઈ, તે તો ગોળા ઉપર્ય દેખાઈ ॥
તેથી જનને આવ્યો વિચાર, જીવડાં જમે મુનિ અપાર ॥૧૬॥
સત્ય દીઠું ન દીઠું અશેષ, કેડ્યે અવગુણ ગ્રહ્યો વિશેષ ॥
પછી જન સધાવિયો ઘેર, ત્યાં બેઠો જમવા મુદભેર ॥૧૭॥
તિયાં દીઠું તેણે અન્ન વિશે, કીટ કૃમિ ભોજને અતિશે ॥
તેથી નાખ્યું પળમાં તે અન્ન, લીધું પાત્રમાં બીજું ભોજન ॥૧૮॥
તેમાંયે કીટ દીઠા અપાર, તેથી જમી શક્યો ન લગાર ॥
એમ જમ્યા વિણ પંચદશ, વીત્યા દન જનને અવશ્ય ॥૧૯॥
કેડ્યે સમજાણી ભૂલ્ય જરૂર, પછતાયો પંડે ભરપૂર ॥
અવગુણ ગ્રહ્યો મુનિ તણો, તેથી દુઃખી થયો તન ઘણો ॥૨૦॥
પછી તૃણ ગ્રહી મુખમાંઈ, આવ્યો મુક્તમુનિ પાસે ધાઈ ॥
કહે સ્વામી ઉગારોને આપ, મુજ થકી થયું મહાપાપ ॥૨૧॥
જેવો ગ્રહ્યો અવગુણ મન, તેવું થયું છે મારે ભોજન ॥
જમવા બેસું છું જયારે કાંય, ત્યારે ભાળું કૃમિ પાત્રમાંય ॥૨૨॥
એમ વીત્યા છે દન પંદર, જમ્યા વિણ છે ક્ષીણ ઉદર ॥
આણો દયા તમે મુનિરાય, ક્ષમા કરો સ્વામી સુખદાય ॥૨૩॥
તે સુણી સ્વામીએ કૃપા કરી, જન સુખી કર્યો તેહ ફરી ॥
જમ્યો અન્ન મુખમાંહિ જયારે, થયું સુખ શરીરનું ત્યારે ॥૨૪॥
માટે સંત ચિંતામણિ જાણો, જેવું પરઠો તેવું પ્રમાણો ॥
એમાંથી ગુણ લેજયો સદાય, ઘનશ્યામપ્રકાશ તે ગાય ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સંતને ચિંતામણિરૂપ કહ્યાં એ નામે બસ્સો ને પચાસમું પ્રકરણમ્ ॥૨૫૦॥

INDEX

પ્રકરણ : ૨૫૧

પૂર્વછાયો :

સર્વે સંપત સુખની, વસી રહે વૈરાગ્યમાંય ॥
બડ ભાગ્યે આવી મળે, તો રહે ન કસર કાંય ॥૧॥
વિધિએ વૈરાગ્ય વિણ, આણી ઇચ્છા સુતા સ્પર્શની ॥
પુરંદર ઋષિઘરમાં, પેઠો ભૂલી સૂધ મનની ॥૨॥
પણ જેમ જળકાતરણી, મીન ફસે નહિ કોઈ કાળ ॥
એમ પ્રસંગમાં આવતા, સંત મેલાવે માયાજાળ ॥૩॥

ચોપાઈ :

તેની સંભળાવું એક વાત, સહુ સાંભળજો રળિયાત ॥
એક સમે ગઢપુરમાંય, વાલો વિરાજતા સુખદાય ॥૪॥
એહ સમે આત્માનંદ મુનિ, કરમાં ગ્રહી તુંબડી જૂની ॥
પ્રભુ પાસેથી નીકળ્યા જ્યારે, બોલ્યા બહુનામી તેહ વારે ॥૫॥
ઇયાં આવો તમે સદ્ય ભાઈ, તવ તુંબડી જોવી જરાઇ ॥
સુણી ભાઈ આત્માનંદ આવ્યાં, દીધી તુંબડી હરિ હસાવ્યા ॥૬॥
પૂછ્યું પ્રભુએ સ્વામીને એમ, તુંબડી છે વાંકુચૂકી કેમ ॥
ત્યારે સ્વામી બોલ્યા કરજોડી, ધારમાં તો ખામી રહી થોડી ॥૭॥
પણ જળ પીવા કેરું કાજ, તે તો સુખે સરે મહારાજ ॥
માટે રાખું છું સાથમાં એને, રંગવાની જરૂર નવ તેને ॥૮॥
પછી ઘણું વિચારીને મન, એમ બોલિયા જગજીવન ॥
તમે સુણો મુક્તાનંદ સ્વામી, છો ઘણું આપ અંતરજામી ॥૯॥
માટે સાધુ કરી સહુ ભેળા, તેની તુંબડી લાવો આ વેળા ॥
તેથી સ્વામીએ તેડ્યા મરાળ, ત્યાં તુંબડી લઈ તતકાળ ॥૧૦॥
પણ લાવ્યું નહિ કોઈ સંત, મનમાં ડર્યા છે સહુ અત્યંત ॥
ત્યારે નિજ મંડળના મરાળ, તેડ્યા પ્રભુ પાસે તતકાળ ॥૧૧॥
તે આવ્યાં તુંબડી લઈ સાથે, પછી આવિયાં બીજા સંગાથે ॥
કોઈએ સપેતા[૧] ચંદ્રસે[૨] ઘણી, કોઈએ રંગેલી હિંગળુંક[૩] તણી ॥૧૨॥
કોઈએ રંગેલ રંગથી સારી, કોઈએ વળી ઉતારેલ ભારી ॥
કોઈ કરે અતિ ચળકાટ, કોઈ શોધી જડે નહિ હાટ ॥૧૩॥

૧. સફેદ રંગ વિશેષ ૨. એક પ્રકારના કઠણ ગુંદર જેવું તેલ ૩. પારા અને ગંધકનું મિશ્રણ

INDEX

પછી તુંબડિયું તેહવારે, મૂકી ગોઠવી ગોળ આકારે ॥
મધ્યે આત્માનંદ સ્વામી કેરી, મૂકી તુંબડી વાંકી ઘણેરી ॥૧૪॥
સહુ મનમાં એમ વિચારે, નાથને ગમશે કોની ભારે ॥
પણ મર્મ જાણે મુક્તમુનિ, તેથી જુવે આકૃતિ સહુની ॥૧૫॥
પછી અંતરે થઈ ઉદાસ, નાથ બોલ્યા મુક્તમુનિ પાસ ॥
આમાં તો ભર્યો છે નર્યો રાગ, જે છે સંત જીવનમાં ડાગ ॥૧૬॥
સંતમાં જ્યારે રાગ પ્રવેશે, ત્યારે તેની સાધુતા શું રહેશે ॥
એમ કહી બેઠા દૂર ત્યાંય, નીર વહ્યાં ઘણાં નેણમાંય ॥૧૭॥
ત્યારે બોલ્યા સ્વામી ધરી પ્યાર, નાથ માફ કરો એકવાર ॥
નહિ થાય હવે ભૂલ્ય ભારી, દિયો હૈયેથી નાથ વિસારી ॥૧૮॥
પછી બોલિયા દીનદયાળ, લાવો ધોકો એક તતકાળ ॥
તુંબડી સહુ ફોડશું આજ, ત્યારે સુધરશે તમ કાજ ॥૧૯॥
આવો રાખવો તો રંગ રાગ, તો કર્યો શીદને મોટો ત્યાગ ॥
શીદ તાવ્યું તમે ઘણું તન, તે વિચારી રાખ્યું જોઈએ મન ॥૨૦॥
શીદ પટ પહેર્યા છે ભગવા, ઉતારી પટ તનથી નવા ॥
પંચવિષયનો કર્યો ત્યાગ, તોય રાખો આવો કેમ રાગ ॥૨૧॥
સુણી રહ્યાં તેહ સહુ સંત, બની ભાવવિભોર અત્યંત ॥
અતિ લોચનમાં વહે વારિ, નવ થાશે હવે ભૂલ્ય ભારી ॥૨૨॥
એમ લીલા એ અદ્‌ભુત થઈ, સહુ જનને અંતરે રહી ॥
ગાશે સુણશે પ્રીત્યે જે જન, તેની ઈચ્છા પુરશે જીવન ॥૨૩॥
પણ ખોટ્યું દેખાડશે ખોળી, તેને આફત છે વણતોળી ॥
માટે સમજીને લેજ્યો સવળું, ભૂલ્યે લેશો મા કોઈ અવળું ॥૨૪॥
જે કર્યાં ચરિત્ર મહારાજે, તે કર્યાં શીખ દેવાને કાજે ॥
માયાનો નહિ એમાં અવકાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સંતોની તુંબડીઓ ફોડી એ નામે બસ્સો ને એકાવનમું પ્રકરણમ્ ॥૨૫૧॥

પ્રકરણ : ૨૫૨

પૂર્વછાયો :

કોટિ જીવને તારવા, સહી અપમાનો અનંત ॥
દેશ પ્રદેશ વિચરે, સંત ક્ષમાશીલ અત્યંત ॥૧॥
વચને પ્રવૃત્તિ વચને નિવૃત્તિ, રાખી હૃદામાં વિશેષ ॥
રંગભીનો રાજી કરવા, નવ ધારે પ્રમાદ લેશ ॥૨॥
મળે સુખ કે દુઃખ જો, નથી તેની કેદિ પરવાહ ॥
જીવ પ્રભુમાં જોડવા, સદા રહે અંતર ઉત્સાહ ॥૩॥

ચોપાઈ :

મથે રજનીથી ઘણું દિ'એ, વળી દિ'થી ઘણું રજનીએ ॥
તેથી નરનારી પ્રતિદન, આવે સત્સંગમાં પરસન ॥૪॥
મોટું લક્ષ્ય ધરી ઉર વિશે, મુક્તમુનિ વિચરે અતિશે ॥
તેમાંહિ ફરતા એક ગામે, મોટા સંત બ્રહ્માનંદ નામે ॥૫॥
તેને મળ્યાં મુનિ કોઈ વાર, મળી મોદ પામ્યા છે અપાર ॥
ઉતારા ધર્મશાળા મોઝાર, કર્યાં મુનિમંડળે નિરધાર ॥૬॥
સંધ્યા આરતી કરી પ્રણામ, સંત સુતા સંભારીને શ્યામ ॥
પછી વેલા ઊઠી પરભાત્યે, કરી સ્નાન પૂજા ભલી ભાત્યે ॥૭॥
મુક્તાનંદજી આગે મરાળ, સહુ બેઠા મળી તતકાળ ॥
પછી બોલ્યા મહામુનિ તમે, જાઓ ભિક્ષા લેવાને આ સમે ॥૮॥
સુણી બ્રહ્મમુનિ કહે સુજાણ, મુને સાંભરે પ્રભુની વાણ ॥
સૌ ભજે હરિ તજી પ્રમાદ, તો લાડુનો કરું વરસાદ ॥૯॥
માટે આજ તો કસોટી કાજે, કરીએ ભજન ઉમંગ ઝાઝે ॥
જોશું મોદક કેમ તે મળે, વાલાનું વચન કેમ પળે ॥૧૦॥
ત્યારે સ્વામી બોલ્યા હસી એમ, થાશે વચન ખોટું તે કેમ ॥
મનમાંહિ દ્રઢ વિશવાસ, હોય તો પૂરે દયાળુ આશ ॥૧૧॥
છે દ્રઢતા નામે ગુણ એવો, જેથી વશ રહે સદૈવ દેવો ॥
ઘૃત ચુરમે જો ન નખાય, પછી તે શું કેદિ વખણાય ॥૧૨॥
રાખી ટેક ખરી શબરીએ, રામ આવ્યાં તેની ઝુંપડીએ ॥
ધરી રહ્યાં પ્રહલાદ જો ટેક, નરસિંહે ઉગારિયા છેક ॥૧૩॥

ટેકધારી જે પૂર્વે થયાં છે, તેનાં જશ પુરાણે લખ્યાં છે ॥
માટે કહું છું ઘણું વિચારી, હશે દ્રઢ વિશ્વાસ જો ભારી ॥૧૪॥
શ્યામ કરશે આવી સહાય, રેજયો નચિંત આપ સદાય ॥
કહી એટલું હરિ ભજન, આદર્યું સૌએ મન મગન ॥૧૫॥
એમ વીતી ઘડી જ્યાં એકાદ, ત્યાં તો દ્વાર થકી આવ્યો નાદ ॥
ભલા વિપ્ર તિયાં ત્રણ ચાર, રૂડાં ભોજન લાવ્યા અપાર ॥૧૬॥
પડી મુક્તાનંદજીને પાય, બોલ્યા વાણી અતિ હરખાય ॥
શેઠ ગામનો જે રહેનાર, તેને રાખ્યું છે જમણવાર ॥૧૭॥
તૃપ્ત કરવા સંત સમાજ, ખાંત્યે જમાડશે સહુ આજ ॥
પડી શેઠને ખબર સોય, ધર્મશાળે આવ્યાં સંત કોય ॥૧૮॥
તેથી મોકલ્યા છે લઈ થાળ, સંત જમાડવા તતકાળ ॥
માટે જમો જો મન મુદિત, ધન્ય ભાગ્ય અમારા પુનિત ॥૧૯॥
સુણી સ્વામીએ પંક્તિ કરાવી, વિપ્ર પાસે ઘણું પીરસાવી ॥
લચપચતા લાડુ ભજિયા, મરચા તેલમાં બહુ તળિયા ॥૨૦॥
વિપ્રે કરી અતિશય તાણ, સંત જમાડિયા છે સુજાણ ॥
જ્યારે જમી રહ્યાં સંત જન, પછી ત્યાંથી ચાલ્યાં વિપ્રજન ॥૨૧॥
સંત સહુ મળી પરસન, ચાલ્યાં તિયાં થકી બીજે દન ॥
એમાં આવી છે શેઠની હાટ, તિયાં બોલ્યા બ્રહ્મમુનિરાટ ॥૨૨॥
એવાં કોણ છે શેઠ ઉદાર, જેણે સંત જમાડ્યા અપાર ॥
તે સુણી બોલ્યો શેઠ ધીમંત, એવાં તો નથી આંહિ શ્રીમંત ॥૨૩॥
ત્યારે હસી બોલ્યા મુક્તાનંદ, એ શેઠ શ્રીહરિ જગવંદ ॥
આવી ગયાં સંતને જમાડી, એવી લીલા આપણને દેખાડી ॥૨૪॥
સહુએ માન્યો પરચો પ્રમાણ, ધન્ય ધન્ય શ્રીહરિ સુજાણ ॥
તમ જેવા નહિ જગમાંય, ઘનશ્યામપ્રકાશ તે ગાય ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિ વિપ્ર વેષે લાડુ જમાડી ગયાં એ નામે બસ્સો ને બાવનમું પ્રકરણમ્ ॥૨૫૨॥

INDEX

પ્રકરણ : ૨૫૩

પૂર્વછાયો :

અહો અહો રહે અંતરે, હું શું કરું વરણન ॥
લીલા સંભારું દલમાં, થાય મનડું મારું પ્રસન્ન ॥૧॥
નથી ચૌદ ભુવનમાં, મુનિમુક્ત સમ મરાળ ॥
દીનબંધું જન સર્વના, ક્ષમાનિધિ પરમકૃપાળ ॥૨॥
પરદુઃખે આણે દયા, સાધે સમતયોગ સદાય ॥
એવાં સદ્‌ગુરુ શ્રેષ્ઠની, વાત કેવા મન લલચાય ॥૩॥

ચોપાઈ :

અલબેલોજી આનંદકારી, ઉત્સવ કરે અતિ સુખકારી ॥
સર્વે દાસને દર્શન દે છે, વળી જનનાં મન હરે છે ॥૪॥
એક સમે ગઢડે ગોવિંદ, ભેળા કરી નરનારી વૃંદ ॥
રૂડો ઓચ્છવ કીધો પૂરણ, અતિ મંગળ સુખકરણ ॥૫॥
તેદિ આવ્યાં'તા મુનિઓ મળી, દેશોદેશ જે હતી મંડળી ॥
મીઠી વાણીએ સૌને બોલાવે, વાત વાલાની સહુને ભાવે ॥૬॥
પછી સંતને શીખ જ દીધી, વિચરવાની આગન્યા કીધી ॥
કહ્યું ફરવા જાઓ સહુ મળી, કૈયે તો આવજયો તમે વળી ॥૭॥
અણતેડ્યે ન આવતા કોઈ, લોપી વચન અમારું સોઈ ॥
આવે આગન્યા વિના હેતથી, તેમાં રાજી અમે નહિ રતિ ॥૮॥
વળી બોલિયા દીનદયાળ, જે જે રહેતા આંહિ મરાળ ॥
તેને રહેવું જ આંહિ હુલાસે, નવ જાવું બીજે કોઈ આશે ॥૯॥
પછી સંતે પહેરાવ્યા હાર, કર્યો પુષ્પ શોભિત શણગાર ॥
પડ્યાં શ્રીહરિ ચરણે સંત, કીધાં દંડ પ્રણામ અત્યંત ॥૧૦॥
તિયાં હેતે બોલી બેઉ બાઈ, જીવુબાઈ વળી લાડુબાઈ ॥
રૂડી રસોઈ કેરો સામાન, ભેળો કર્યો છે આણી તમામ ॥૧૧॥
માટે સંત જમાડજો નાથ, એટલું કહીએ જોડી હાથ ॥
વળી લાધો ને હરજી દોય, તેણે કીધું રસોઈનું સોય ॥૧૨॥
બોલી અમૂલા અમરા પણ, કરજો રસોઈ સુખકરણ ॥
ત્યારે બોલ્યા મુક્તાનંદ સ્વામી, એવું કરશો મા બહુનામી ॥૧૩॥

સમૈયે જન આવ્યાં છે સહુ, હરિજનને ખર્ચ છે બહુ ॥
માટે રાખો હમણાં રસોઈ, જમવાનું ન કરશો કોઈ ॥૧૪॥
એમ દયા દાખી મુક્તમુનિ, બોલ્યા સંભાળ લેવા સહુની ॥
પછી આગ્રહ કર્યો અપાર, હરિજને મળી બહુવાર ॥૧૫॥
પ્રભુ કરો અમારી રસોઈ, તમે ચિંતા મ કરશો કોઈ ॥
સંત જમાડવા છે અપાર, એમાં તાણ્ય ન રાખો લગાર ॥૧૬॥
પછી બોલ્યા પ્રીત્યે મહારાજ, સ્વામી કરવા દ્યો રસોઈ આજ ॥
જેને હશે શ્રદ્ધા ખપ બહુ, તે મળી દેશે રસોઈ સહુ ॥૧૭॥
એમ કહીને પહેરાવ્યો હાર, મુક્તમુનિને કંઠ મોઝાર ॥
બીજે દન ઊઠી પરભાત્યે, રૂડી કરાવી રસોઈ ખાંત્યે ॥૧૮॥
વિધવિધના કર્યાં વ્યંજન, જે જે ભાવે મરાળને મન ॥
પછી પ્રભુ બેઠા છે પલંગે, સામા બેઠા છે સંત ઉમંગે ॥૧૯॥
મીઠી કેરી જમે કિરતાર, પછી દિયે સંતને ઉદાર ॥
પછી પીરસવા પ્રભુરાય, પધારિયા સંત પંક્તિમાંય ॥૨૦॥
જોરે જોરે કરીને જમાડ્યા, મુનિને મન મોદ પમાડ્યા ॥
હવે સાંભળો જન સુજાણ, કહું રહસ્ય વાત પ્રમાણ ॥૨૧॥
જમ્યા કે ન જમ્યા સહુ સંત, એ નથી મુખ્ય સાર અત્યંત ॥
પણ સ્વામીનો કેવો વિચાર, દુઃખી રહે ન જન લગાર ॥૨૨॥
ખર્ચ થયું સમૈયામાં સારું, માટે તેને હું શીદ વધારું ॥
ભીંસ પડે ભક્તને લગારે, એવું કરવું વ્યવહારે ન ક્યારે ॥૨૩॥
એવી સ્થિતિ જોઈને વિચાર્યું, રસોઈ કરવા ઘણું વાર્યું ॥
ખરા પર ઉપકારી સદાય, મુક્તાનંદ મહામુનિરાય ॥૨૪॥
ધન્ય ધન્ય સ્વામીની સમજ, બીજા સમજી શકે શું રજ ॥
કુમતિને ન થાય આભાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સ્વામીશ્રીની વ્યાવહારિકતા કહી એ નામે બસ્સો ને ત્રેપનમું પ્રકરણમ્ ॥૨૫૩॥

પ્રકરણ : ૨૫૪

પૂર્વછાયો :

મહામુનિ મુક્તાનંદજી, સદ્‌ગુણ તણાં ભંડાર ॥
તત્વવેત્તા ત્રિકાળદર્શી, પ્રીત્ય પ્રભુમાં અપાર ॥૧॥
વડવાનળ જેવા વડા, નહિ જગતની જેને મણાં ॥
મુજ આદિગુરુ દેવના, હું કોટિ લઉં ઓવારણાં ॥૨॥
જેવા રાજી રસિયો, મહામુનિ પર ભરપૂર ॥
તેહ તોલે સંતમાં, નથી નથી વાત જરૂર ॥૩॥

ચોપાઈ :

તેની વર્ણવીને કહું વાત, સહુ સાંભળજયો રળિયાત ॥
વાલો રહ્યાં'તા ગઢડામાંઇ, સ્વામી વિચરતા મોદમાંઇ ॥૪॥
મુનિ દેશ પ્રદેશ ફરે છે, સહુ જીવના અઘ હરે છે ॥
એમ વિચરતા બહુવાર, સ્વામી આવ્યાં ગઢડા મોઝાર ॥૫॥
જિયાં આવી જુવે મુનિરાય, જોયા જમતા શ્રી હરિરાય ॥
ઘોડશાળની ઓસરી પર, બેઠા બહુનામી મુદભર ॥૬॥
લળી લળી લાગ્યા ઘણું પાય, મહામુનિ અતિ સુખદાય ॥
દેખી સ્વામીને દીનદયાળ, મનમોદ પામ્યા તતકાળ ॥૭॥
હરિ કહે રાખો હવે સ્વામી, કહું છું તમને કરભામી ॥
ત્યારે મુનિ બેઠા પ્રભુ પાસ, જિયાં જમતાં પ્રભુ અન્ન ગ્રાસ ॥૮॥
પૂછ્યા શ્રીહરિએ સમાચાર, સર્વે જન તણાં નિરધાર ॥
ત્યારે મુનિ કહે છે સંદેશ, જન કુશળ છે સહુ દેશ ॥૯॥
એમ હરિ વળી ગુરુહરિ, કરે વાતું ઘણી ભાવ ભરી ॥
પછી પ્રભુ કહે ગુરુદેવ, ઘણું વિચર્યા આપ અભેવ ॥૧૦॥
બહુ દને પધારિયા તમે, માટે આગ્રહ કરીએ અમે ॥
જમવું જોશે આંહિ તમારે, નહિ ચાલે તમારું આ વારે ॥૧૧॥
કહી એમ પ્રીત્યે નિજ થાળ, દીધો મહામુનિને રસાળ ॥
પેખી પુરુષોત્તમનો પ્યાર, બેઠા મુનિ જમવા તે વાર ॥૧૨॥
નાના ગ્રાસ મૂકે સ્વામી મુખે, દેખે મનમોહન તે સુખે ॥
એમ નિરખતા ગિરધારી, વાતું કરતાં જાય અપારી ॥૧૩॥

ઘણી વેળ્ય વહી એમ ત્યાંય, કેડ્યે બોલિયા મોહનરાય ॥
દેખી આપને જમતા ઘણું, ભૂલ્યો ભાન હું તો દેહ તણું ॥૧૪॥
રહ્યું જમવા મારે અધૂરું, આપમાં મન પ્રોવાણું પૂરું ॥
હજી ક્ષુધા ઉદર મારે વસી, એમ કહી આવ્યાં ઓરા ખસી ॥૧૫॥
માંડ્યા સ્વામીની ભેળા જમવા, એ તો અલૌકિક દર્શન હવા ॥
પરબ્રહ્મ શ્રી પુરુષોત્તમ, વળી મુખ્ય અનાદિ જે બ્રહ્મ ॥૧૬॥
ભાવે જમ્યા બહુ બેઉ ભેળા, એવી દીઠી નહિ બીજે વેળા ॥
એક ગ્રાસ જમે જગદીશ, એક ગ્રાસ જમે છે મુનિશ ॥૧૭॥
જમતા જાય પ્યારમાં બેઉ, તેની વાત શું વર્ણવી કેઉ ॥
અહો અહો તે સમાની વાત, સુણી દલ થાય રળિયાત ॥૧૮॥
એવી લીલા છે અન્ય અપાર, તેનો કહેતાં આવે નહિ પાર ॥
જ્યારે જ્યારે જમે અન્ન જળ, પ્રભુ પ્રસન્ન થઈ તે પળ ॥૧૯॥
દિયે પ્રેમ થકી તે પ્રસાદી, મુક્તાનંદજીની કરી યાદી ॥
નિત્ય થાળ દેવા તણું નેમ, એવો અતિ છે પ્રભુનો પ્રેમ ॥૨૦॥
તેની વાત કહું બીજી એક, તે સાંભળજો સહુ વિશેક ॥
બાહુ બળિયા પાળાઓ દીસે, તેણે મહેનત કરી અતિશે ॥૨૧॥
ગાળ્યો ગંગાજળિયો ગઢપુર, એમાં શ્રમ પડ્યો ભરપૂર ॥
ષટ્ દને આવ્યું એમાં જળ, જળ તો તેનું અતિ અમળ ॥૨૨॥
પીધું પ્રભુએ જળ તે મીઠું, પીતાં અમૃતસમ જ દીઠું ॥
પછી વારિ કૂવા તણું જેહ, જગજીવને પ્રેમથી તેહ ॥૨૩॥
સીંચી લાવ્યા ભરી ઘણું પોત્યે, દીધું સ્વામીશ્રીને સ્નેહ સોત્યે ॥
પછી પાયું પ્રસાદીનું જળ, ધન્ય ધન્ય ઘડી ધન્ય પળ ॥૨૪॥
એ લીલા જ્યારે સંભારું મન, ત્યારે થાઉં છું અતિ પ્રસન્ન ॥
અહો કેવા મળ્યાં મુનિરાય, ઘનશ્યામપ્રકાશ શું ગાય ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિ અને સ્વામીશ્રી સાથે જમ્યા એ નામે બસ્સો ને ચોપનમું પ્રકરણમ્ ॥૨૫૪॥

પ્રકરણ : ૨૫૫

પૂર્વછાયો :

માન અરિ મહાન છે, જે કરે નર ખુંવાર ॥
મટે મૂળગા મૂળથી, જો તેમાં રહે બહુ પ્યાર ॥૧॥
માટે આ સતસંગમાં, સમજી રહેવું જન ॥
ક્ષણભંગુર જીવનને, જાતાં ઝાઝાં લાગે નહિ દન ॥૨॥
થોડે ઝાઝું બગાડવું, એ તો મૂરખનું છે કામ ॥
ધિક્ એના જીવિતવ્યને, એનો ફેરો થયો નકામ ॥૩॥

ચોપાઈ :

કહું ગઢપુરની એક ગાથ, નીંબવૃક્ષ તળે બેઠા નાથ ॥
તિયાં આવિયાં દર્શને સ્વામી, દીઠા મોજે બહુ બહુનામી ॥૪॥
બોલ્યા મુક્તમુનિ જોડી પાણ, સુણો વિનંતી એક સુજાણ ॥
ગવૈયા સંતને ઘણું તાન, તવ આગે કરવું છે ગાન ॥૫॥
માટે દિયો જો આગન્યા આપ, આવે સંત આંહિ નિષ્પાપ ॥
ત્યારે બોલ્યા પ્રભુ સુખકારી, જાઓ એમાં છે મરજી અમારી ॥૬॥
પછી સ્વામીએ તેડાવ્યા સંત, કહ્યું રાજી છે નાથ અત્યંત ॥
સુણી આનંદિયા સંત સહુ, લાવ્યા સાજ સજાવીને બહુ ॥૭॥
પાય લાગી બેઠા પ્રભુ પાસ, તેનાં સુણી લેજ્યો નામ ખાસ ॥
મુક્તમુનિ વળી પ્રેમસખી બ્રહ્મમુનિ આવિયાં હરખી ॥૮॥
દેવાનંદ તથા જોગાનંદ, વળી આવ્યાં છે આધારાનંદ ॥
નાના પ્રજ્ઞાનંદ જ્ઞાનાનંદ, રીઝાવવાને આનંદકંદ ॥૯॥
આવિયાં એહ આદિક મળી, લેવા પ્રભુનો રાજીપો રળી ॥
ગાવા લાગ્યા એક પછી એક, રાગ રાગિણી તાન વિશેક ॥૧૦॥
મુક્તાનંદ લઈ નિજ કર, સારંગી બજાવે રૂડે સ્વર ॥
દેવાનંદ દુકડ બજાવે, તેની તોલે બીજા નવ આવે ॥૧૧॥
એવાંમાંહિ બની એક વાત, સહુ સાંભળજો રળિયાત ॥
ભવાનાનંદ નામે મરાળ, આવિયાં એહ ત્યાં તતકાળ ॥૧૨॥
હાથમાં શોભે સારંગી સારી, દૂર ઊભા છે એમ વિચારી ॥
હું તો જાણું સંગીત સમસ્ત, મુજ આગે થાય બીજા ધ્વસ્ત ॥૧૩॥

INDEX

રહે છે આંહિ જેટલા સંત, એમાં હું છું મધુર અત્યંત ॥
અતિ કોમળ છે કંઠ મારો, મું આગે બીજાનો દીસે ખારો ॥૧૪॥
વળી ભણ્યો છું સંગીત સારું, ગાવણું કરું જેવું હું ધારું ॥
માટે સભામાંહિ મારું સ્થાન, રાખ્યું હશે સર્વથી મહાન ॥૧૫॥
એમ વિચારીને મનમાંય, આવ્યાં સંત ગવૈયા છે જ્યાંય ॥
તેમને તો દીઠાં મહારાજે, પણ દીઠા ન સંત સમાજે ॥૧૬॥
ત્યારે મુક્તમુનિ પ્રતિ કાન, કહે સ્વામી જોયું તમે માન ? ॥
સુણી બોલ્યા મુક્તાનંદ સ્વામી, નથી જોયું હે અંતરજામી ॥૧૭॥
ત્યારે નાથ કહે ઊભું પીછે, અમારાથી જે સન્માન ઈચ્છે ॥
એક તો નથી ઠેકાણું કાંય, તોય ગર્વ ધરે છે સમાય ॥૧૮॥
એટલું જ સુણ્યું જ્યારે કાન, ત્યારે જાણ્યું થયું અપમાન ॥
ભવાનાનંદ ચાલ્યાં તુરંત, સુણવાની રહી ન હિંમત્ય ॥૧૯॥
ત્યારે મુક્તમુનિ મુજ માત, જઈ સમજાવી એકાંત્યે વાત ॥
તેડી લાવિયા પ્રભુજી પાસ, તોય તેણે કર્યો ત્યાં કંકાસ ॥૨૦॥
હું તો છું શ્રેષ્ઠ સંગીતકાર, નથી મુજ તોલે નરનાર ॥
મોટા મોટા નૃપતિ ડોલાવું, તો તમે કહ્યું શીદને આવું ॥૨૧॥
માટે જાઉં છું હું આંહિ થકી, જક્તમાં ખ્યાતિ પામીશ નક્કી ॥
ત્યારે બોલ્યા તિયાં ગુરુદેવ, શીદ જાઓ મેલી પ્રભુ સેવ ॥૨૨॥
પ્રભુ કૃપાથી પામ્યા છો ગુણ, તેનું છાંડી ચાલ્યાં કેમ ઋણ ॥
જક્તમાં ભટકી ભારે ઘણું, જાશે પળમાં પ્રસિદ્ધિપણું ॥૨૩॥
તોય સમજ્યા નહિ તે સંત, ચાલ્યાં મોઢું બગાડી અત્યંત ॥
પછી ફળ પામ્યા તેનું ચિર, પેઠો પત્તાનો રોગ શરીર ॥૨૪॥
કેડ્યે પછતાઈ બહુ દન, મેલ્યું દુઃખમાંહિ નિજ તન ॥
માટે માનની મેલજો આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ભવાનાનંદનું માન ઉતાર્યું એ નામે બસ્સો ને પંચાવનમું પ્રકરણમ્ ॥૨૫૫॥

પ્રકરણ : ૨૫૬

પૂર્વછાયો :

પરમહંસ પાંચસો, જે સહુથી મુખ્ય ગણાય ॥
એમાં પણ વળી મુખ્ય છે, મુક્તાનંદ મુનિરાય ॥૧॥
વળી હરિને હેત છે, જેવું મુનિમાંહિ વિશેષ ॥
એવું નથી કોઈ સંતમાં, શ્રી સહજાનંદને શેષ ॥૨॥
તેની કહું હવે વારતા, થૈ સાવધ સુણજો દાસ ॥
જેને એક હરિ વિના, નથી અંતરે બીજી આશ ॥૩॥

ચોપાઈ :

એક સમામાંહિ મહારાજ, કરવા સત્સંગનું ઘણું કાજ ॥
મેલ્યા સ્વામીને સોરઠ દેશ, ભક્ત પ્યાસી છે ત્યાંના વિશેષ ॥૪॥
મુક્તમુનિ તો લઈ મંડળ, ચાલ્યાં શીશ નમાવી તે પળ ॥
ઘણું વિચર્યા વિવિધ ગામ, તેનાં સુણી લિયો સહુ નામ ॥૫॥
જુનાગઢ વળી પીપલાણા, પંચાળા જીણાભાઈ જ્યાં શાણા ॥
લોજ વંથલી ને માંગરોલ, જેતપુરમાં ભક્ત અતોલ ॥૬॥
ફરેણી ધોરાજી કાલવાણી, રહ્યા ભક્તનો પ્રેમ પ્રમાણી ॥
એ આદિ ફર્યા અનેક ગામ, સંગે સંતો લઈ અભિરામ ॥૭॥
પછી જન થયાં ઘણું રાજી, વળી વસ્તુઓ દીધી છે ઝાઝી ॥
આપી કહ્યું છે મુનિરાજને, દેજ્યો ભેટ શ્રી મહારાજને ॥૮॥
વળી કરી ગાડાંની વ્યવસ્થા, દેખી મુનિવરની અવસ્થા ॥
પછી પૂરું કરી વિચરણ, ચાલ્યાં ગઢડે ભયહરણ ॥૯॥
ઘણે દન દુર્ગપુર પાસ, આવી કર્યો મુનિએ નિવાસ ॥
હવે ગઢડું તો નથી દૂર, પળમાં પહોંચશે ત્યાં જરૂર ॥૧૦॥
પછી પાળાએ ગઢડે જઈ, વાત પ્રભુને સર્વે કહી ॥
આજ તો હૈયે હોંશ છે ઘણી, સ્વામી આવે છે ગઢડા ભણી ॥૧૧॥
સુણી રાજી થયાં તતકાળ, પછી બોલિયા દીનદયાળ ॥
કેટલે દૂર છે ગુરુદેવ, કોણ કરે છે અત્યારે સેવ ॥૧૨॥
તમે તો ચાલ્યાં આવિયા આંહિ, પાળા રહ્યાં નહિ એકે ત્યાંહિ ॥
પછી પાળા બોલ્યા કરભામી, વીસ ગાઉ છેટે રહ્યાં સ્વામી ॥૧૩॥

મોર્ય આવ્યાં છૈયે મહારાજ, તમને ખબર દેવાને કાજ ॥
ત્યાં તો ઊભા થયા બળવંત, પછી બોલ્યા વચન અત્યંત ॥૧૪॥
મુક્તાનંદજી કેવા મહાન, જેને સદ્‌ગુણનું નહિ માન ॥
સર્વે સત્સંગની મરજાદ, પાળે પળાવે રાખીને યાદ ॥૧૫॥
એ તો અમારા છે ગુરુદેવ, તેની કરવી સહુને સેવ ॥
સર્વે સત્સંગના આત્મારૂપ, મુક્તમુનિ છે સુખ સ્વરૂપ ॥૧૬॥
હૈયામાંહિ વાલા મુને બહુ, તેની વાત શું તમને કહું ॥
થાય ચિંતા અમને આ પળ, મુનિ આવે આંહિ સકુશળ ॥૧૭॥
વાટમાં તો આવે ભૂંડા ગામ, જયાં વસે આતતાયી હરામ ॥
સતસંગના દ્રોહી જો હશે, તો મિથ્યા ક્લેશ તેહ કરશે ॥૧૮॥
માટે આવ્યાં તમે આંહિ ભેળા, ખોટું થયું ઘણું તે આ વેળા ॥
રાખ્યા વિના સંતની મર્યાદ, કોઈ દુષ્ટ કરશે વિવાદ ॥૧૯॥
માટે જન થઈ કોઈ ત્યાર, જાય સ્વામી આગળ આ વાર ॥
લાવે સ્વામીને કુશળ આંહિ, વણ કર્યે ક્લેશ બીજો કાંઈ ॥૨૦॥
પણ જાશો નહિ શસ્ત્રધારી, તેથી તો થાશે ઉપાધિ ભારી ॥
માટે મોકલીએ દ્વિજ કોઈ, તેથી જુદ્ધે ચડે નહિ જોઈ ॥૨૧॥
કોણ છો એવાં જાવા તૈયાર, મુનિને તેડી લાવે આ વાર ॥
ત્યારે બોલ્યો દ્વિજ લક્ષ્મીરામ, પ્રભુ જાઈશ હું ધરી હામ ॥૨૨॥
પણ પંડે જાતાં લાગે બીક, તેથી સાથી હોય તો પડે ઠીક ॥
ત્યારે નાથ કહે એવું કોઈ, આવે તો લઈ જાજયે તું જોઈ ॥૨૩॥
સુણી દ્વિજ કહે એવો એક, લાલજી ગોર જાણું વિશેક ॥
પણ આવશે તે શું આ ટાણે, એ તો એ જ એકલો એ જાણે ॥૨૪॥
ત્યારે નાથ કહે મારું નામ, દઈ તેડી જાજયો તેહ ઠામ ॥
સુણી દ્વિજને થયો ઉલ્લાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્‌ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ સોરઠથી ગઢડે પધાર્યા એ નામે બસ્સો ને છપ્પનમું પ્રકરણમ્‌ ॥૨૫૬॥

પ્રકરણ : ૨૫૭

પૂર્વછાયો :

પછી આલી આગન્યા, દોય દ્વિજને જાવા તણી ॥
સદ્ય મળાય સ્વામીને, એવી નાથને ઈચ્છા ઘણી ॥૧॥
ચરણ દીધાં છાતીએ, તે બેઉને કરી પ્યાર ॥
વળી ભૂધર ભેટિયા, પછી જાવા કર્યાં તૈયાર ॥૨॥
રાત વીતી દોઢ પહોરની, ઝીણો વરસે મેઘ ગગન ॥
અતિ અંધારી રાત્યમાં, બેઉ ચાલ્યાં ઉમંગે જન ॥૩॥

ચોપાઈ :

વિપ્ર ચાલતા જાય છે દોય, નથી સંગે બીજા જન કોય ॥
મુખમાંહિ રટે હરિનામ, એમ કરતાં વીત્યો ઘણો જામ ॥૪॥
પછી નિશા થઈ મહાઘોર, તમ છાયું તેનું ચહુકોર ॥
તેમાંહિ ભૂલ્યા મારગ તેહ, જે હતો મુનિ મળવા એહ ॥૫॥
તિયાં વાટમાંહિ આવ્યું ગામ, જિયાં જન સૂતા છે તમામ ॥
તેહ ગામના મારગ વિશે, સૂતેલો કોઈ ખેડૂત દીસે ॥૬॥
તે તો રાત્યમાં દેખાણું નહિ, પડ્યાં વિપ્ર તે ઉપર જઈ ॥
બોલ્યો ખેડૂત ભયથી ત્યારે, અરે કોણ આવ્યાં છો અંધારે ॥૭॥
સુણી દ્વિજ બોલ્યા એહ સમે, સત્ય માર્ગ ભૂલ્યા છૈયે અમે ॥
પંડે વિપ્ર અમે તો નિષ્પાપ, દેખાડો અમને મારગ આપ ॥૮॥
પછી તેણે મારગ દેખાડી, વિપ્ર ચાલતા કર્યાં તે દાડી ॥
આવી પહોંચ્યા છે સ્વામી પાસ, જ્યારે નભે થયો છે ઉજાસ ॥૯॥
દેખી વિપ્રને આવેલ સ્વામી, બોલ્યા મુખથી અંતરજામી ॥
કહો ભૂદેવ આટલા વહેલા, આવિયાં છો કોના મોકલેલા ॥૧૦॥
ત્યારે વિપ્રે કહી સહુ વાત, સુણી સ્વામી થયાં રળિયાત ॥
પછી સ્વામી પૂછે સમાચાર, કહો કેમ છે પ્રાણઆધાર ॥૧૧॥
કેવું વસ્ત્ર પહેરે ને જમે છે, કિયાં ઘોડે ચડીને રમે છે ॥
શેની કથા કરાવે દયાળ, સઘળું સુણાવોને તતકાળ ॥૧૨॥
પછી વિપ્રએ વર્ણવી કીધું, તે મુનિએ મન ધારી લીધું ॥
વળી બોલ્યા બેઉ કરભામી, અતિ દયાળુ છો તમે સ્વામી ॥૧૩॥

INDEX

તમે પ્રિય છો પ્રભુને બહુ, વળી પ્રિય છો ભક્તને સહુ ॥
અમ ઉપર્ય રાજી છો આપ, એ જ સુખ અમારું અમાપ ॥૧૪॥
એમ વાતું કરતાં મગન, ગઢપુર પહોંચ્યા પાવન ॥
જ્યારે નાથે સુણ્યાં સમાચાર, સ્વામી આવી રહ્યાં છે આ વાર ॥૧૫॥
દોટ્ય દીધી છે ઉઘાડા પગે, સામા જઈને મળ્યાં મારગે ॥
કર્યાં સઘ મળી દંડવત્, ધૂળમાંહિ થઈ શિષ્યવત ॥૧૬॥
બહુ દને મળ્યાં દેહ પ્રાણ, એવું બોલ્યા જોનાર સુજાણ ॥
પછી સ્વામીની પકડી બાંહ્ય, નાથ આવિયાં દરબારમાંય ॥૧૭॥
તિયાં બેસાડી બોલ્યા દયાળુ, સ્વામી કરવા ચાલોને વાળું ॥
ત્યારે ભોજન કરવા સાથ, બેઠા મુક્તમુનિ સંગે નાથ ॥૧૮॥
અતિ ભાવથી કર્યું ભોજન, પીરસે પોતે જગજીવન ॥
પૂછ્યા સોરઠના સમાચાર, હરિભક્ત વસે જ્યાં અપાર ॥૧૯॥
તેહ સર્વે જનનાં કુશળ, કહ્યાં મુક્તમુનિએ તે પળ ॥
પછી મુનિ બોલ્યા છે ભાવથી, ભેટ આવી ઘણી સોરઠથી ॥૨૦॥
તે હું લાવ્યો આપવા અત્યારે, વળી પૂજા કરવી છે મારે ॥
એમ કહીને આલી છે ભેટ, પછી પૂજયા પ્રભુ સારી પેઠ ॥૨૧॥
કેસર ચંદન પુષ્પ અપાર, દ્રવ્ય સુગંધીનો નહિ પાર ॥
પ્રેમે પૂજે છે સહુ મરાળ, ધરે ચરણે ભેટ તે કાળ ॥૨૨॥
પછી ખોલી વાંચી નામ ઠામ, સ્વીકારે ભેટ સુંદર શ્યામ ॥
થયાં રાજી બહુ બળવંત, તેથી રાજી થયાં સહુ સંત ॥૨૩॥
પછી પ્રભુની કરી આરતી, થયો જનને આનંદ અતિ ॥
કેડ્યે છાતીએ ચાંપ્યા ચરણ, સહુ સંતને સુખકરણ ॥૨૪॥
મનમાં ફૂલ્યા મોહન બહુ, તેથી મોદ પામ્યા સંત સહુ ॥
અતિ પાવન લીલાપ્રકાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિની વિકટ માર્ગમાં રક્ષા કરી એ નામે બસ્સો ને સત્તાવનમું પ્રકરણમ્ ॥૨૫૭॥

પ્રકરણ : ૨૫૮

પૂર્વછાયો :

શુભમતિ હવે સાંભળો, કહું ચરિત્ર અતિ મહાન ॥
સુણતાં સંશય કાપશે, આવશે અંતર જ્ઞાન ॥૧॥
હરિ વળી હરિજનનાં, હોય માનુષી ચરિત્ર ॥
તેને સમજવા સર્વદા, કલ્યાણકારી પવિત્ર ॥૨॥
સંતનું શરણું ગ્રહી, તે સમજવું વિશેષ ॥
તે વિના વ્યર્થ બધું, જેમ રવિ વિના તમ શેષ ॥૩॥

ચોપાઈ :

ગુરુદેવ મુક્તાનંદ સ્વામી, ધન્ય થાતાં તેને સહુ પામી ॥
તેમાં નાના મોટાનો નિયમ, કેદિ સાંભળ્યો નથી વિષમ ॥૪॥
જેમ સામો કરે નહિ રોષ, તેમ દેખાડી જનને દોષ ॥
સમજાવતાં સ્વામી સવળું, એમાં લેતાં ન કોઈ અવળું ॥૫॥
અતિ વિનય સભર વાણી, જીવની વૃત્તિ લિયે છે તાણી ॥
સામાં જીવને નિજ સમાન, કરવાનું રહે એક તાન ॥૬॥
તેની કહું સંભારીને વાત, સહુ સાંભળજો રળિયાત ॥
એક અમે ગઢપુરમાંય, હતાં મુક્તમુનિ સુખદાય ॥૭॥
રાત દિવસ કરે ભજન, બીજું ચિંતવે નહિ જ મન ॥
સ્વામિનારાયણ નામ તણી, લગાડી હૈયે રટના ઘણી ॥૮॥
નિત્ય આવી બેસે જન બહુ, રૂડી કથા સુણવાને સહુ ॥
સુણી મુક્તમુનિ મુખ વાણ, મટે જનને જક્તની તાણ ॥૯॥
એવાં સમામાંહિ એકવાર, દોય આવ્યાં મરાળ તે વાર ॥
સોમપ્રકાશાનંદ છે એક, દ્રષ્ટપ્રકાશાનંદ વિશેક ॥૧૦॥
બેઉ બેઠા સુણે સ્વામી પાસ, રહ્યો અંતરે અધિક હુલાસ ॥
હેતે વાતો કરી હિત કેરી, તે હું તમને સુણાવું છું ફેરી ॥૧૧॥
વહેલા ઊઠી પોતે પરભાત્યે, કરીએ ધ્યાન ભજન બહુ ખાંત્યે ॥
એ છે વ્હાલું વાલમને ઘણું, એમાં રાજી પ્રભુ કોટિ ગણું ॥૧૨॥
પણ તે સમે સૂતાં જે સંત, તે દેખી જે વિચારે અત્યંત ॥
આ તો ભેળા થયાં પેટભરા, આગન્યામાં રહ્યાં નથી જરા ॥૧૩॥

હું છું શ્રેષ્ઠ એક સંત વિશે, વહેલા ઊઠી ભજું છું અતિશે ॥
બીજા તો સહુ સૂતાં મરાળ, તે શું રાજી કરશે દયાળ ॥૧૪॥
એમ લેવો નહિ અવગુણ, જો લિયે તો બચાવશે કુણ ॥
એમ લેતાં અવગુણ અપાર, થાશે પાપી પોતે નિરધાર ॥૧૫॥
પોતામાં ગુણ પરઠી રાખે, બીજામાં બહુ અવગુણ દાખે ॥
એ જ થાશે અવગુણે ભર્યો, દોષ દેખીને દાઝશે નર્યો ॥૧૬॥
માટે હોય જે પ્રભુના જન, તેણે એમ વિચારવું મન ॥
જે જે સંત સૂતાં દીઠા આજ, તેનું પૂરણ થયું છે કાજ ॥૧૭॥
ધ્યાન ભજન આવ્યાં છે કરી, મારે બાકી છે ભજવા હરિ ॥
માટે એ સંત છે બહુ મોટા, એની આગળ તો અમે છોટા ॥૧૮॥
એમ ગુણ ગ્રહેવો વિશેષ, જૂઠી શંકા ન કરવી લેશ ॥
તેથી તે સંતના ગુણ સહુ, આવે નિજ હૃદયમાં બહુ ॥૧૯॥
એવું સુણી સ્વામી કેરું જ્ઞાન, થયાં સંત બેઉ બળવાન ॥
શીખ્યા વિવેક વિચાર અતિ, દોય મોદ પામ્યા શુભમતિ ॥૨૦॥
માટે સંતને શરણે રહેવું, મિથ્યા ડહાપણ ત્યાં મેલી દેવું ॥
અવગુણ જો ગ્રહ્યો ન લેશ, તો જન તર્યો જાણો વિશેષ ॥૨૧॥
ગ્રહે ગુણ સંતમાં પાવન, પામે શુદ્ધ મતિ તેહ જન ॥
પણ લીધો જો અવગુણ જરી, એવાં મૂરખ તો જાશે મરી ॥૨૨॥
સંત વિના સમજવું જ્ઞાન, સત્શાસ્ત્ર વળી ભગવાન ॥
એતો અશક્ય છે બહુ વાત, એમાં કેદિ ન પામો નિરાંત ॥૨૩॥
વચનામૃતમાં બહુવાર, વાલે કરી છે વાત આ સાર ॥
ગુણ અવગુણ તણો વિવેક, શુદ્ધ ભાવે સમજો વિશેક ॥૨૪॥
એમાં રહેજયો ખરા સાવધાન, મિથ્યા રાખશો નહિ ગુમાન ॥
તે વિના નહિ નાશે કંકાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગુણ લેવાની દ્રષ્ટિ શીખવી એ નામે બસ્સો ને અઠ્ઠાવનમું પ્રકરણમ્ ॥૨૫૮॥

પ્રકરણ : ૨૫૯

પૂર્વછાયો :

એક સમાની વારતા, સહુ સાંભળજો વિશેષ ॥
જેમ જેમ સત્સંગ વધ્યો, અસુરાણે આદર્યો દ્વેષ ॥૧॥
વીંછી વ્યાળ ઝેરીલા, છોડે છંછેડતાં વિષ ॥
એથી ભૂંડા ભેખધારીએ, ચહુકોર જમાવી રીસ ॥૨॥
હવે તેનો પરચો, કહું વરણવી હું તેહ ॥
મુક્તમુનિ મહારાજના, જશ કહેતા વાધે સ્નેહ ॥૩॥

ચોપાઈ :

એક સમામાંહિ પ્રભુ સોય, મુક્તમુનિ બ્રહ્મમુનિ દોય ॥
સદ્‌ગુરુ તેડાવ્યા સાક્ષાત, આપી છે આગન્યા રળિયાત ॥૪॥
દોય જાજયો ઝાલાવાડ દેશ, દેજો દૈવીને ત્યાં ઉપદેશ ॥
પછી સંત ચાલ્યાં નમી પાય, મન રાખી હરિમૂર્તિમાંય ॥૫॥
ગામોગામ વિચરે અમાપ, સદ્ય જન કરે નિષ્પાપ ॥
નથી જેના દલે રાગદ્વેષ, નહિ પારકો પોતાનો લેશ ॥૬॥
સરળ વેષ સત્ય ઉપદેશ, હૃદયે રહે હર્ષ હંમેશ ॥
લેતાં મુખે શ્રીહરિનું નામ, જાતાં એક થકી બીજે ગામ ॥૭॥
એવાંમાં આવ્યું ગામ કારેલી, ત્યાંના ભેખની બુદ્ધિ ફરેલી ॥
તોય રાખી મરાળે વિશ્વાસ, કર્યો ભાગોળમાંહિ નિવાસ ॥૮॥
જળ થકી જવાસો સુકાય, રવિ પ્રકાશે રજની જાય ॥
એમ તે ગામનો ભેખધારી, દેખી સાધુને દાઝ્યો અપારી ॥૯॥
ચઢ્યો પંડમાં ક્રોધ અપાર, જાણે તપ્યો કાષ્ઠમાં અંગાર ॥
ભૂંડી ભયંકર કાળી કાય, હૃષ્ટપુષ્ટ છે તન સમાય ॥૧૦॥
પંડ ધ્રૂજે ને હોઠ ફરુકે, ક્રોધ લોચને બહુ ભડુકે ॥
મદમત્ત થઈ આવ્યો દોડી, જેમ વછૂટે ઉન્મત્ત ઘોડી ॥૧૧॥
ભૂંડી ગાળ્યું ભાંડે એવી મુખ, સ્વામિનારાયણે ટાળ્યું સુખ ॥
જન થાય જે તેહનો ચેલો, કેડ્યે પાછળ ભમે થૈ ઘેલો ॥૧૨॥
પછી દિયે નૈ ગાંજો અફીણ, મર દેતાં પેલા કરી ઋણ ॥
ઠાલા જન ભોળા ભરમાવી, દુષ્ટતાઈ દાખી તેણે આવી ॥૧૩॥

INDEX

માંડ મળ્યાં છે તેહના સંત, ખો ભૂલાવી આણું હવે અંત ॥
બાર્યે કાઢું એની મસતાઈ, રાખું કસર એમાં ન કાંઈ ॥૧૪॥
રહેશે એ સંત જો ગામમાંય, નવ રહે મારો મહિમાય ॥
માટે પકડીને લાવું ઘેર, નાક કાન કાપી લઉં વેર ॥૧૫॥
એમ બકતો મુખથી ગાળ, મુનિ પાસે આવ્યો તતકાળ ॥
નહોતી સંતને ખબર લેશ, એતો સંભારતા પરમેશ ॥૧૬॥
મુનિ વિચારે મનમાં કાંય, ત્યાં તો દુષ્ટે ઝાલી જોરે બાંય ॥
બાંધી હાથ બેઉના સબળ, તાણીને ચાલિયો મહાખળ ॥૧૭॥
સંત સંભારીને દીનાનાથ, લાગ્યા ચાલવા તેહ સંગાથ ॥
લાવી ઓરડે પૂર્યા મરાળ, બન્યો ભેખ વધુ વિકરાળ ॥૧૮॥
બાંધ્યા થંભશું મુનિ નિર્બળ, કીધી ઓરડે બંધ સાંકળ ॥
પછી ભૂંડુ બોલે મુખ આમ, તમે કૈંક બગાડ્યા છે ગામ ॥૧૯॥
બહુ વંઠીને ફાટ્યા ફરો છો, ભેખધારીના ચેલા હરો છો ॥
અમને કાવો છો જૂઠાં વ્યસની, હવે કાઢું તમારી કસણી ॥૨૦॥
નહિ મેલું હું આજ તમને, હાથ આવ્યાં છો માંડ અમને ॥
વેર વાળું ભણાવીને પાઠ, તેથી રહે ન તમારો ઠાઠ ॥૨૧॥
એમ બોલી ગ્રહી કર છરી, દલ દયા આણી નહિ જરી ॥
છરી ઘસે ને ભસે છે ગાળ, આજ આવિયો દોયનો કાળ ॥૨૨॥
પણ સંતોનાં નિર્મળ મન, જેને નહિ સ્નેહી દુશ્મન ॥
દુઃખ દેનારનું કરે હિત, દુઃખ દેખી ન થાય થકિત ॥૨૩॥
જેનાં દલમાં ન કોઈ દગા, સર્વદા સહુ જીવના સગાં ॥
મર નાખે જો ક્રોડ વિઘન, તોય સુખે કરે તે સહન ॥૨૪॥
ખળ ન મૂકે જો ખળતાઈ, સંત મૂકે શું સાધુતા કાંઈ ॥
એ તો શબ્દ સમજે આકાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે કારેલી ગામમાં ભેખધારીએ સંતોને પકડ્યા એ નામે બસ્સો ને ઓગણસાઠમું પ્રકરણમ્ ॥૨૫૯॥

પ્રકરણ : ૨૬૦

પૂર્વછાયો :

ઝેર પશુને પાછલે, રહે પાવમાંહિ અપાર ॥
કીટક જે ઊડતા ફરે, તેને શીશ રહે નિરધાર ॥૧॥
વિષ વ્યાળની દાઢ્યમાં, વીંછીને પૂંછ જરૂર ॥
પણ અસુર જે જગમાં, તેને અંગોઅંગ ભરપૂર ॥૨॥
હળાહળ વ્યાપી રહ્યું, જેના રોમે વિષનો પાશ ॥
તે જનનો કરવો નહિ, જક્તમાંહિ વિશ્વાસ ॥૩॥

ચોપાઈ :

ભેખ બોલે છે મુખથી એવું, સંત શું કરે લાચાર બેઉ ॥
પછી બ્રહ્મમુનિ કહે આજ, મુક્તમુનિને દલની હામ ॥૪॥
નક્કી કાપશે નાક આ વાર, શું મુખ લઈ જાશું નિરધાર ॥
આનાથી શિર કાપે તો સારું, તિયાં મુક્તમુનિએ વિચાર્યું ॥૫॥
આવી પડે જો વિપત્ય કાંય, તેમાં ભક્ત ન કેદિ મૂંઝાય ॥
જેમ પાંપણ પાળે લોચન, સુત સેવે જનની પ્રસન્ન ॥૬॥
તેમ નિજજનની સહાય, સદા કરે છે મોહનરાય ॥
માટે નચિંત રહેજયો તમે, હરિદાસ જ હરિને ગમે ॥૭॥
વળી કપાય જો નાક કાન, તોય પણ રહેશું ગુલતાન ॥
આના જેવો સમો નહિ કોય, ક્ષમા વડે પ્રભુ રાજી હોય ॥૮॥
આ તો પુરુષોત્તમને કાજ, એમાં શું જાશે આપણી લાજ ॥
મર હાંસી થશે ચહુ દિશ, પણ રાજી થશે પરમેશ ॥૯॥
એમ કીધાં મુનિએ વચન, પણ ભેખ ક્રોધમાં મગન ॥
ગાળ્યું મુખથી ભાખતો જાય, ઝટ બેઉનાં નાક કપાય ॥૧૦॥
પછી રાઘવજી નામે જત, જેણે રાખ્યો સદા સાચો મત ॥
આવ્યો દુષ્ટની ઓરડી પાસ, તિયાં સાંભળ્યો ગાળનો ત્રાસ ॥૧૧॥
ભૂંડા શબ્દને સાંભળી એની, ઊભી થઈ રોમાવલી તેની ॥
દિયે કેસરી છલાંગ જેમ, છત ઠેકી પડ્યો માંહિ તેમ ॥૧૨॥
દીઠાં સાધુ બે બાંધેલા જ્યાંય, રક્ત ઉકળ્યું તનનું ત્યાંય ॥
દુષ્ટને પકડ્યો તેહ વાર, છરો ઝૂંટવી માર્યો છે માર ॥૧૩॥

કહે નામ જો લીધું ફરીથી, માથું મૂકીશ તારું છરીથી ॥
એમ કહીને ખૂબ ધોકાવ્યો, સંતે વચમાં પડી મૂકાવ્યો ॥૧૪॥
પછી જત કહે મારી સાથ, હવે ચાલો સંભારતા નાથ ॥
સીમ સુધી વળાવિયા સંત, થયાં રાજી મરાળ અત્યંત ॥૧૫॥
પછી મુક્તમુનિ બોલ્યા મુખ, દેશું તમને અનંત સુખ ॥
અંતે આવશું તેડવા અમે, દીધો કલ્યાણ કોલ એ સમે ॥૧૬॥
ત્યાંથી સંતે કર્યું છે પ્રયાણ, વાટે સંભાર્યા જીવનપ્રાણ ॥
કરી સહાય શ્રીહરિએ આજ, નહિ તો આપણું હતું અકાજ ॥૧૭॥
જ્યારે જતનો આવ્યો અંતકાળ, ત્યારે તેડવા આવ્યાં મરાળ ॥
આવી ઊભા મુક્તાનંદ સ્વામી, બ્રહ્મમુનિ સંગાથે અકામી ॥૧૮॥
જત બોલ્યો મુખથી વિશેષ, કેમ તેડવા આવ્યાં મુનેશ ॥
તપ વ્રત તીરથને છાપ, નથી લીધાં મેં પ્રભુના જાપ ॥૧૯॥
નથી પાપની ગણતી મારી, ધર્મ પાળ્યો ન કેદિ લગારી ॥
ત્યારે મુક્તમુનિ કહે એમ, તમે ભેખના પાશથી જેમ ॥૨૦॥
વણતેડ્યે આવીને મૂકાવ્યા, એવી રીતે અમે આજ આવ્યાં ॥
જમદૂતથી મેલાવા માટ, દેવા બ્રહ્મમહોલની વાટ ॥૨૧॥
પછી જતે સંબંધીને જાણ, કીધી આગળ્યની ઓળખાણ ॥
સંત છોડાવિયા મેં જે દન, તે જ આવિયાં આજ પ્રસન્ન ॥૨૨॥
તેહ સંગે હું જાઉં છું ધામ, સુખે સંભારો સ્વામીનું નામ ॥
એમ કહી તજ્યા એણે પ્રાણ, કીધું અક્ષર પ્રતિ પ્રયાણ ॥૨૩॥
માટે મોક્ષની રીત અકળ, કેને પડે નહિ તેમાં કળ ॥
દૈવી હોય તે ઓળખે સંત, સંત પમાડે શ્રી ભગવંત ॥૨૪॥
કરી લીધું જતે તકે કામ, સંત કૃપા થકી પામ્યો ધામ ॥
વણ મળ્યે મળ્યાં અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રાઘવજી જતે સંતોને છોડાવ્યા એ નામે બસ્સો ને સાઠમું પ્રકરણમ્ ॥૨૬૦॥

INDEX

પ્રકરણ : ૨૬૧

પૂર્વછાયો :

એક સમે અસલાલીએ, આવ્યાં અવિનાશી અંકભર ॥
સંગે સંઘ મરાળનો, જન સખા વળી મુદભર ॥૧॥
કર્યાં ઉતારા નેહથી, હરિજન હરખ્યા અપાર ॥
વારે વારે વિનતિ કરી, બહુ મેર કરી કિરતાર ॥૨॥
રાજ પછી રાજી થઈ, થોડા દન રહ્યાં તે ઠામ ॥
ત્યાર પછીની વારતા, સહુ સાંભળજો અભિરામ ॥૩॥

ચોપાઈ :

એક દન પાદરમાં સ્વામી, ઢોલિયો ઢળાવી બહુનામી ॥
જન મધ્યે બેઠા સુખદાય, આવ્યાં સદ્‌ગુરુ ચાર ત્યાંય ॥૪॥
મુક્તમુનિ મુનિ નિત્યાનંદ, બ્રહ્માનંદ ને ચૈતન્યાનંદ ॥
આવી કર્યાં પ્રેમે દંડવત્, કેડ્યે બેઠા સભામાંહિ તર્ત ॥૫॥
ત્યારે પ્રભુ કહે સુણો સંત, કહું વાત તમને અત્યંત ॥
રૂડાં રચાવિયા મોટા ધામ, કોટિ જીવનાં કરવા કામ ॥૬॥
કર્યાં એમાં પ્રતિષ્ઠિત દેવ, ધરવા ધ્યાન ને કરવા સેવ ॥
જેથી જીવનું થાય કલ્યાણ, માટે આજ કેડ્યે સૌ સુજાણ ॥૭॥
ધ્યાન લક્ષ્મીનારાયણ તણું, નરનારાયણ કેરું ઘણું ॥
ધરો એકાગ્ર ચિત્તાશું બહુ, સત્ય વાત હું તમને કહું ॥૮॥
ત્યારે બોલ્યા મુક્તમુનિ એમ, ધ્યાન ધરીએ બીજાનું કેમ ॥
નથી અમને પરોક્ષે પ્રીતિ, પ્રકટ પ્રત્યક્ષમાં છે પ્રતિતી ॥૯॥
ધરશું અમે ધ્યાન તમારું, નથી એના જેવું અન્ય સારું ॥
ત્યારે શ્રીહરિ કહે સુજાણ, ઇચ્છતા જો હોય નિરવાણ ॥૧૦॥
કરો જેમ કીધું મેં વિચાર્યું, નહિ તો કરો મનનું ધાર્યું ॥
પછી નહિ નાખતા મુજ માથ, કરો કલ્યાણ હે દીનાનાથ ॥૧૧॥
શુદ્ધ મારગ જે મોક્ષ કેરો, સ્પષ્ટ કરી કીધો મેં ઘણેરો ॥
ત્યારે મુક્તમુનિ જોડી પાણ, કહે સાંભળો નાથ સુજાણ ॥૧૨॥
સ્વામિનારાયણ મેં ઉપાસી, અન્યથી રહું અતિ ઉદાસી ॥
પર સર્વથી પુરુષોત્તમ, સત્ય સુખ તણું એ સદન ॥૧૩॥

સર્વ દેવ તથા સર્વ ધામ, સર્વ તીરથ હોય અકામ ॥
તેહ શ્રીહરિ ચરણે જાણ્યા, અન્ય કેદિ ન વેણે વખાણ્યા ॥૧૪॥
ધર્યા થકી જો અન્યનું ધ્યાન, થાય પળમાં મોક્ષ નિદાન ॥
કેદિ તે નથી ઇચ્છવું મારે, મર હોય ગમે તેવું ભારે ॥૧૫॥
ધ્યાન ધરશું આપનું એક, નવ ફરે તે કેદિ વિશેક ॥
સુણી નાથ બોલ્યા અકળાઈ, નથી માનતા તમે તો કાંઈ ॥૧૬॥
હોય કરવું એમ તમારે, તો પછી નથી સંબંધ મારે ॥
સભામાંહિ ઊભા થઈ સિધાવો, વાત મનાય તો પાછા આવો ॥૧૭॥
પછી ઊભા થઈ ચ્યારે સંત, બેઠા આંબા તળે જૈ અત્યંત ॥
એવાંમાં ગામથી વેણીભાઈ, આવ્યાં દરશને હરખાઈ ॥૧૮॥
દીઠું દ્રષ્ણ આ સઘળું નયણે, પછી કીધું પ્રભુને વયણે ॥
મોટા સદ્‌ગુરુ શીદ ચાર, નોખા બેસાડિયા નિરધાર ॥૧૯॥
ત્યારે નાથ કહે રળિયાત, નથી માનતા અમારી વાત ॥
એમ કહી સંભળાવ્યું બહુ, જે જે થયું તે સમામાં સહુ ॥૨૦॥
પછી બોલ્યા તિયાં વેણીભાઈ, સુણો સુંદર શ્યામ સુજાણ ॥
આ તો દિયો છો સાચાને દંડ, જરા જુવોને વિચારી પંડ ॥૨૧॥
સુણી પ્રભુ કહે તો બોલાવો, જઈ ભક્તે કહ્યું સંત આવો ॥
પ્રભુ ભેટ્યા ભુજ ભરી દોય, અતિ દ્રઢતા સંતની જોય ॥૨૨॥
ધન્ય ધન્ય એ સંત સુજાણ, જેની ભક્તિ પ્રકટ પ્રમાણ ॥
હરિના ડોલાવ્યા નવ ડોલે, એ તો કેમ આવે અન્ય તોલે ॥૨૩॥
દેખાદેખી થકી ઉપરની, કહે સ્વામીને નિશ્ચય નથી ॥
એવાં જન જે બોલે છે દાડી, જાશે નરકે ઢોલ વગાડી ॥૨૪॥
કહી કહીને કેટલું કીધું, સર્વ શાસ્ત્રમાં લખ્યું છે સીધું ॥
તેનો કરવો સહુએ તપાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિનો નિશ્ચય કહ્યો એ નામે બસ્સો ને એકસઠમું પ્રકરણમ્ ॥૨૬૧॥

પ્રકરણ : ૨૬૨

પૂર્વછાયો :

શુભમતિ હવે સાંભળો, કહું કથા કરી વિસ્તાર ॥
આ જેવી નથી જગમાં, પુનિત અપરંપાર ॥૧॥
પ્રકટ જેને પ્રાપતિ, વળી પ્રકટ જેને આશરો ॥
જન ઉપાસી પ્રકટને, રહે અંતરે આનંદ ખરો ॥૨॥
એવાં જનની આ કથા, બળ અંતરે પૂરનાર ॥
માટે સુણો સાવધ થૈ, સતસંગી ધરી પ્યાર ॥૩॥

ચોપાઈ :

પ્રકટ ભક્તિ ઉપાસના કેવી, જેવી મુક્તાનંદજીને એવી ॥
ચઢે દન પ્રતિદન રંગ, અંગ થાય તે નવ અભંગ ॥૪॥
દીઠા લોજથી અમે સ્વામીને, ત્યારથી માંડીને પ્રતિદિને ॥
મુનિનો ચઢતો દીસે રંગ, એમાં દીઠો નહિ ક્યારે ભંગ ॥૫॥
એમ વચનામૃત મોઝાર, બોલ્યા બહુનામી કરી પ્યાર ॥
તેનું સુણાવું એક ચરિત, જેથી થાય સહુ જન હિત ॥૬॥
એક સમે મહામુનિ ખાંત્યે, ગામ ગઢપુરે પરભાત્યે ॥
પૂજા કરતાં પ્રભુની સારી, પ્રેમે મૂરતિ અંતરે ધારી ॥૭॥
તિયાં દર્શ કરવા તતકાળ, આવ્યાં ચૈતન્યાનંદ મરાળ ॥
લાગી પાય ને બેઠા છે પાસે, પૂજા નીરખે અતિ હુલાસે ॥૮॥
એમાં દીઠો વસ્ત્રખંડ એક, તર્ત આશ્ચર્ય પામિયા છેક ॥
પૂછ્યું સ્વામી કહો શેનું વસ્ત્ર, શીદ રાખ્યું છે પૂજામાં અત્ર ॥૯॥
ત્યારે સ્વામીએ આંખે અડાડી, કીધી વાત તે વિગત્ય પાડી ॥
આડબંધ હતો ગુરુ તણો, તેનો ટુકડો આ એક ગણો ॥૧૦॥
રાખ્યો છે ગુરુપ્રસાદી જાણી, તેને જોડું છું હું નિત પાણિ ॥
માટે તમે પણ કરો દર્શ, થાઓ ધન્ય પામી તેનો સ્પર્શ ॥૧૧॥
ત્યારે તો ચૈતન્યાનંદ સ્વામી, બોલ્યા વિનિત થૈ કરભામી ॥
માફ કરજો હે મુનિરાજ, નહિ બને મુંથી એહ કાજ ॥૧૨॥
ભક્તિ પતિવ્રતા તણી મારે, નવ ડગે મુજથી લગારે ॥
એમ કહીને લાગિયા પાય, પછી મુનિ જ્યાં ચાલવા જ્યાંય ॥૧૩॥

દેખી મુક્તમુનિએ સગડી, મેલ્યું વસ્ત્રા તેમાં તે જ ઘડી ॥
ભડભડ બળ્યો વસ્ત્રા ખંડ, જોઈ રહ્યાં તે ચૈતન્યાનંદ ॥૧૪॥
પછી બોલ્યા સ્વામી સુણો સંત, જેના પ્રતાપથી હું અત્યંત ॥
રહું સદા સર્વદા નિષ્કામી, એવાં ગુરુ રામાનંદ સ્વામી ॥૧૫॥
તેને સંભાર્યે સાંભરે શ્રીહરિ, નક્કી વાત મેં મનમાં ધરી ॥
તેની સ્મૃતિ અરથે વસન, રાખ્યું'તુ આજ લગી પાવન ॥૧૬॥
પણ સુણો દઈને શ્રવણ, શીશ મારું જો આ કોઈ દન ॥
નમે શ્રીહરિ વિના બીજાને, તો કાટો તીખી અસિથી આને ॥૧૭॥
મેલી શ્રવણ શ્રીહરિ કથા, સુણે ધ્યાનથી જો અન્ય વ્યથા ॥
રેડી શીશું કરો તેનો નાશ, એવાંની નથી મનમાં આશ ॥૧૮॥
મુખ મેલી શ્રીહરિની વાત, કેદિ કરે બીજો બકવાત ॥
કાપો જીભા સો વાર કટારે, નથી તેનું કાંઈ મન મારે ॥૧૯॥
મેલી સર્વોપરી ભગવાન, અન્ય દેવનું કરું જો ધ્યાન ॥
મુજ છાતી નાખજો વિદારી, એમાં આણો નૈ દયા લગારી ॥૨૦॥
લોકની લાજ મનમાં ધરી, જો ન કરું ભક્તિ ખરેખરી ॥
તન મારું પ્રજાળો પાવકે, ચઢાઈ વારમવાર ધક્કે ॥૨૧॥
માટે મુનિ મારું મન ક્યાંથી, ન ચળે કેદિ તે કોઈનાથી ॥
કહું કેમ હરિવર કેરી, કૃપા છે મુજ પર ઘણેરી ॥૨૨॥
એમ મુક્તમુનિએ પ્રથમ, પાડી પ્રથા એવી અણનમ ॥
આજ લગી સંપ્રદાયે સહુ, મોટા મોટા મંદિરશું બહુ ॥૨૩॥
વસ્તુ શ્રીહરિ તણી અપાર, નંદસંત કેરી પણ સાર ॥
સંગ્રહાલયે દિયે છે દર્શ, જન દેખીને પામે છે હર્ષ ॥૨૪॥
અંત સમે થાય તેની સ્મૃતિ, તેથી સાંભરે પ્રભુની મૂર્તિ ॥
અંતે એથી જ અક્ષરવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે પૂજામાં આડબંધ રાખ્યો એ નામે બસ્સો ને બાસઠમું પ્રકરણમ્ ॥૨૬૨॥

INDEX

પ્રકરણ : ૨૬૩

પૂર્વછાયો :

ઉદ્ધવીય સંપ્રદાયનો, અતિ કઠિન આરંભકાળ ॥
વણ વાંકે દુઃખ આવિયાં, સહી જગતની જંજાળ ॥૧॥
દામ વામથી દૂર રહ્યાં, મુનિ રસ ત્યજી સ્વાદુ ઘણો ॥
દુષ્ટ દેખી દાજિયાં, દ્વેષ માંડ્યો કોટિ ગણો ॥૨॥
જુલમી જોરે સંતને, સંતાપિયા અસુરે ભળી ॥
તોય કદરજની પેર્યે, સહ્યા કષ્ટ મુનિએ મળી ॥૩॥

ચોપાઈ :

હતું દુષ્ટને મનમાં એમ, પીડશું સંતને જેમ જેમ ॥
નક્કી ઉતરશે તેનું નૂર, નહિ રહે જગમાં જરૂર ॥૪॥
તેથી નિત કરે અપમાન, ભૂંડું કર્યાં તણું એક તાન ॥
સંત સહે તે પ્રભુ સંભારી, ચળે નહિ એમાંથી લગારી ॥૫॥
એમાં એક દિવસની વાત, સહુ સાંભળજો રળિયાત ॥
મહામુનિ મુક્તાનંદ સ્વામી, નિજ મંડળ સંગે અકામી ॥૬॥
ફરતા ફરતા ગુજરાત્યે, સારંગપુર પધારિયા ખાંત્યે ॥
બાર્ય બેઠા છે નદી કિનારે, સંગે જન દીસે બહુ ભારે ॥૭॥
વળી શોભે મરાળ ત્યાં સાઠ્ય, અતિ અલૌકિક વરતે ઠાઠ ॥
એવાંમાંહિ તિયાં તેહ પળ, નીસર્યા છે રાઠોડ ધાધલ ॥૮॥
તેણે દ્રગે દીઠા ગુરુદેવ, કીધાં પ્રણામ ત્યાં તતખેવ ॥
દેખી ભક્તને કરતાં નમન, મુક્તમુનિ થયાં છે પ્રસન્ન ॥૯॥
પછી પૂછિયું ભક્તને તિયાં, કહો બિરાજે શ્રીહરિ કિયાં ॥
ત્યારે ધાધલ કે' સુણો સ્વામી, ગામમાંહિ રાજે બહુનામી ॥૧૦॥
થયા મન મુદિત તે જાણી, સારંગપુર છે સારંગપાણિ ॥
તેથી સ્વામી બોલ્યા હેત લાવી, હરિવરને કહેજ્યો સુણાવી ॥૧૧॥
અમારે દીસે દર્શની આશ, આપે આજ્ઞા તો આવીએ પાસ ॥
ત્યારે ભક્ત બોલ્યા કરભામી, કહું કેમ હું તમને સ્વામી ॥૧૨॥
ગુપ્ત વેશે રહી ગિરધારી, નથી મળતા જનને લગારી ॥
કે'ણ મેલ્યું છે સત્સંગમાંહિ, દર્શન કાજે ન આવવું આંહિ ॥૧૩॥

INDEX

સુણી સ્વામી કહે પણ તમે, જૈ કહો આવિયાં છૈયે અમે ॥
ઘણાં દિ'થી હતાં ગુજરાત, કરતાં વિચરણ ભલીભાત્ય ॥૧૪॥
નથી દર્શ થયાં બહુ દિ'થી, માટે જાઓ તમે જલદીથી ॥
પૂછી ઉત્તર લાવો જલદી, અમે બેઠા છીએ આંહિ નદી ॥૧૫॥
સુણી સ્વામી કેરા મુખ વેણ, નવ કહી શક્યા કાંઈ વેણ ॥
ભરી હૈયામાં હિંમત ભારી, આવ્યાં વિરાજતા જ્યાં મુરારી ॥૧૬॥
લળી લળીને કર્યાં પ્રણામ, કહે મુક્તાનંદજી અકામ ॥
આવી બેઠા છે નદી કિનારે, દર્શ આશા છે ઉરમાં ભારે ॥૧૭॥
કૈંક વીત્યા વિચરતા દન, નથી થયાં પ્રભુ દરશન ॥
આપો આજ્ઞા તો આંહિ પધારે, વિરહાગ્નિમાં બળે છે ભારે ॥૧૮॥
ત્યારે શ્રીહરિ થઈને ઉદાસ, બોલ્યા રાઠોડ ધાધલ પાસ ॥
નથી જાણતા આગન્યા તમે, ગુપ્તવાસે રહ્યાં છીએ અમે ॥૧૯॥
શીદ આવો છો લઈ સંદેશ, નિત નવા જન હરહંમેશ ॥
જઈને કે'જો મુક્તાનંદજીને, નથી દેતા દર્શન કોઈને ॥૨૦॥
હોય વિચાર્યું જ્યાં વિચરવા, તે ગામે નીસરો હવે જવા ॥
દેશું નહિ દર્શન લગાર, નહિ મળીએ મરાળ આ વાર ॥૨૧॥
હવે ના લાવશો આવી વાત, તમે સાંભળજો ભલી ભાત ॥
સદ્ય સિધાવો હવે અહીંથી, જઈને કહો કહ્યું જે મેં કથી ॥૨૨॥
આણી ઉદાસી મનમાં અતિ, કરી શ્રીહરિ ચરણે વિનતિ ॥
આવ્યાં ધાધલ લઈ સંદેશ, સ્વામીશ્રીને સુણાવા વિશેષ ॥૨૩॥
બેઠા સંત મળી સહુ જ્યાંય, ભક્ત મળિયા સહુને ત્યાંય ॥
દેખી ભક્તનું વદન મ્લાન, લીધું પારખી સ્વામીએ જ્ઞાન ॥૨૪॥
કરી'તી નિજ દલની અરજી, પછી સુંદરવરની મરજી ॥
કરે મનમાં એમ તપાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સારંગપુરમાં દર્શને આવવાની ના કહી એ નામે બસ્સો ને ત્રેસઠમું પ્રકરણમ્ ॥૨૬૩॥

INDEX

પ્રકરણ : ૨૬૪

પૂર્વછાયો :

સારંગપુરમાં શ્રીહરિ, કરે લીલા અલૌકિક આજ ॥
રતિ રાજી થયાં નહિ, દરશન દેવા કાજ ॥૧॥
ગુપ્ત રહ્યાંનો અંચળો, ઓઢી અવિનાશીએ અંગ ॥
પ્રાણથી પ્યારા સંતનો, ઉમંગ કર્યો છે ભંગ ॥૨॥
રાઠોડ ધાધલ વળતે, આવ્યાં સંત સમૂહ પાસ ॥
કીધો સંદેશ શ્રીહરિએ, તેનો કરવા પ્રકાશ ॥૩॥

ચોપાઈ :

પછી મુક્તમુનિ મહારાજે, પૂછ્યું શું કહ્યું ગરીબનિવાજે ॥
કીધી આગન્યા દર્શન કેરી, કે પછી પ્રભુ થયાં નમેરી ॥૪॥
ત્યારે ધાધલે માથું ધુણાવી, કહી ના એમ વાત કહાવી ॥
સુણી એવું વિષમ વચન, વહ્યાં નીર સંતને નયન ॥૫॥
મુક્તમુનિ પણ હૈયામાંય, ઘણું થયાં છે ઉદાસી ત્યાંય ॥
પણ ધીર ધરી પંડ વિશે, છાના રાખ્યા મરાળ અતિશે ॥૬॥
કહે સુણો સહુ સાધુરામ, ન કરો હવે રુદન આમ ॥
નિજ ભક્તને આપવા સુખ, અવિનાશી તો છે અભિમુખ ॥૭॥
આજ નહિ તો બે દિન વાંસે, દેશે દર્શન નાથ હુલાસે ॥
માટે મરજી જાણી વિશેષ, રહેવું આનંદે હરહંમેશ ॥૮॥
પણ પ્રભુની ઇચ્છા વિનાય, જાશું આપણે સહુ જો ત્યાંય ॥
નહિ આવે દર્શનનું સુખ, ઉલટું આવશે બહુ દુઃખ ॥૯॥
મનોહરની મરજી એ જ, સત્ય સુખ એ આપણું છે જ ॥
માટે રાખો ધીરજ હૈયામાં, નથી રૂડું અત્યારે જવામાં ॥૧૦॥
સહુ સંત હવે કારિયાણી, આંહિ થકી જાશું પરિયાણી ॥
એમ કહી સાઠ્ય સંત સંગે, ચાલ્યાં મુક્તાનંદજી ઉમંગે ॥૧૧॥
ભક્ત ધાધલે સઘળું જોઈ, ધીર ધરી શક્યા નહિ સોઈ ॥
પૂરપાટ દોડી પળમાંય, મળ્યાં મહારાજને લળી પાય ॥૧૨॥
કીધી વાત નાથ આગે તેમ, જોયું'તું નિજ નેણુંથી જેમ ॥
સુણી નાથને આવિયાં આંસું, જાણો આવિયું નેણે ચોમાસું ॥૧૩॥

વાલો રોકી શક્યા નહિ વહાલ, સદ્ય બેઠા થયા તતકાળ ॥
દોડી થૈ ઘોડીએ અસવાર, ચાલ્યાં ત્યાંથી શ્રી ધર્મકુમાર ॥૧૪॥
વાયુ ઝપાટે માણકી દોડે, નવ દોડે કોઈ તેની જોડે ॥
પળમાંહિ હોળીધારે આવી, મુનિ ફરતે માણકી ફેરાવી ॥૧૫॥
કરી પ્રદક્ષિણા ઘણીવાર, સંત મંડળ ફરતે અપાર ॥
ઉતર્યા ઘોડી થકી ઘનશ્યામ, લાગ્યા કરવા દંડ પ્રણામ ॥૧૬॥
દેખી હરખ્યા સંત અપાર, આંખે વહી આંસુડાંની ધાર ॥
મુક્તમુનિએ દોડીને ત્યાંય, લીધાં શ્રીહરિને બાથમાંય ॥૧૭॥
થયું દ્રશ્ય અનુપ અનેરું, કરું વર્ણન શું તેહ કેરું ॥
પછી ચાદર પાથરી પ્રીત્યે, પ્રભુ બેસાડિયા ભલી રીત્યે ॥૧૮॥
સંત જુવે શ્રીહરિની સામું, શ્રીહરિ પૂરે સંતની હામું ॥
ત્યાર કેડ્યે બોલ્યા બહુનામી, સત્ય વાત કહું હવે સ્વામી ॥૧૯॥
મુજ આગન્યા શિરને સાટે, રાખી વિચરો છો બહુ વાટે ॥
ગાળ્યો અપમાનો મૂઢમાર, સહી જીવ સુધારો અપાર ॥૨૦॥
નિજતન સુખ સહુ ત્યાગી, મુજ ગુણે થાઓ અનુરાગી ॥
દિન દિન પ્રતિ થઈ દીન, સાધુતા રાખો સુધી નવીન ॥૨૧॥
માટે સત્ય કહું આજ સ્વામી, લવલેશ એમાં નહિ ખામી ॥
ઉજળા આપથી અમે સદાય, ઋણી છૈયે અમે ગુરુરાય ॥૨૨॥
એટલું બોલતા દીનાનાથ, નેણે આંસુ સર્યા સ્નેહ સાથ ॥
અહો પ્રીત છે કેવી અનેરી, શ્રીહરિ અને સ્વામીશ્રી કેરી ॥૨૩॥
તન બેઉનાં ભિન્ન વિશેક, પણ આતમ થયાં એકમેક ॥
પછી પ્રભુજીએ બહુ તાણ્યે, સંતો રોકીને રાખ્યા પરાણ્યે ॥૨૪॥
પ્રીતે પીરસી સહુ જમાડ્યા, સંતને મન મોદ પમાડ્યા ॥
એમ લીલા કરી અવિનાશે, કીધું ઘનશ્યામપ્રકાશદાસે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિ હોળીધારે દર્શન દેવા પધાર્યા એ નામે બસ્સો ને ચોસઠમું પ્રકરણમ્ ॥૨૬૪॥

પ્રકરણ : ૨૬૫

પૂર્વછાયો :

સરુ લેવું તે શૂન્યનું, પામવો ઉત્તર પાર ॥
નભે ઉડુગણ ગણવા, નથી સરળ તે લગાર ॥૧॥
એમ સ્વામીના જશને, કહેવાં સામર્થી મારી નથી ॥
જેમ ઉપજે ઉરમાં, તેમ કહું ચરિત્ર કથી કથી ॥૨॥
અનુક્રમ આવે ન આવે, તેનો નહિ નિરધાર ॥
ખોટ્ય મ એવી ખોળજ્યો, સહુ સાંભળજો કરી પ્યાર ॥૩॥

ચોપાઈ :

ગવૈયા ગ્વાલિયરના ભણેલા, ગર્વમાં ગરકાવ થયેલા ॥
આવી ગુર્જર દેશ વિશેક, ભાવનગર જેવા અનેક ॥૪॥
ફર્યા રાજવી શહેર મોઝાર, શિરપાવ જીત્યા કૈંકવાર ॥
પછી આવિયાં જામનગરે, જામ સાહેબ જ્યાં રાજ કરે ॥૫॥
કર્યું ગાન તેહની સમક્ષ, રાગરાગિણી તાન સુદક્ષ ॥
પછી કરી ગવૈયે બડાઈ, અમ જેવા નથી જગમાંઇ ॥૬॥
ગાન વાદને પ્રવીણ પૂરાં, અમ આગે સરવે અધૂરા ॥
ત્યારે સુણી બોલ્યા સરકાર, કરો કાંઈ મનમાં વિચાર ॥૭॥
મુજ આગે કરો અભિમાન, ફૂલ્યા ફોગટ આપે નિદાન ॥
અમે તો સુણ્યું એવું શ્રવણ, ભગવાન સ્વામિનારાયણ ॥૮॥
તેહ પાસે છે ગવૈયા જેવા, ન મળે ત્રિભુવનમાં એવાં ॥
માટે હોય જો હિંમત કાંઈ, તે આગળ તમારી સિદ્ધાઇ ॥૯॥
સદ્ય સિદ્ધ કરો જઈ આપ, દેશું મોં માંગ્યું ધન અમાપ ॥
ત્યારે દેતા મૂછે ઘણો તાવ, લેવા સધાવિયા શિરપાવ ॥૧૦॥
આવ્યાં ગઢડે ગોવિંદ પાસ, લાગ્યા હાંકવા નિજ બડાશ ॥
અમે સાંભળ્યું છે ઘણું લોકે, તમારાં સંત જેવું ત્રિલોકે ॥૧૧॥
નથી સંગીતમાં શિરતાજ, થાય ખરી ખબર તેની આજ ॥
માટે તેડાવો આપના સંત, ગાન કરાવો શ્રી ભગવંત ॥૧૨॥
સુણી હસિ બોલિયા દયાળ, એ શું જાણે બિચારા મરાળ ॥
તોય તમારાં આગ્રહ થકી, આંહિ સંત બોલાવિયે નક્કી ॥૧૩॥

INDEX

એમ કહીને કર્યાં તૈયાર, સંત સંગીતના જાણકાર ॥
કરી આગન્યા ભૈરવ રાગ, ગાજો ત્રોડીને તાન અથાગ ॥૧૪॥
લીધી પ્રેમસખીએ સારંગી, દેવાનંદે દુકડ અભંગી ॥
તાનપુરો બ્રહ્મમુનિ તાણી, હરિમૂર્તિ અંતરમાં માણી ॥૧૫॥
મુક્તમુનિને કહે મહારાજ, સ્વામી નૃત્ય કરો તમે આજ ॥
ત્યારે સ્વામી કહે બહુ સારું, કરશું ગમતું સહુ તમારું ॥૧૬॥
પછી આરંભ થયું છે ગાન, પ્રેમસખી કરે ત્રોડી તાન ॥
અવિરત છૂટે સરગમ, લય સૂર સાધે અનુપમ ॥૧૭॥
એમાં પણ લઈ કરતાલ, નૃત્ય કરતાં મુનિ મરાળ ॥
દીઠાં સંગીતકારોએ જ્યારે, અભિમાન ઓસરિયું ત્યારે ॥૧૮॥
મેલે ચરણ પૃથ્વીએ સ્વામી, તેની છાપ ઘટાદાર જામી ॥
એવી આવી અંગોઅંગ મસ્તી, જોતજોતાંમાં ચિતર્યો હસ્તિ ॥૧૯॥
જાણે પાટી પૃથ્વીની કરી, દોર્યો પદ અંગુષ્ઠથી કરિ[૧] ॥
જામ્યો રંગ અભંગ ભૈરવ, પામી પ્રકૃતિ વિકૃતિ લવ ॥૨૦॥
હતી નિશા તિયાં રળિયાત, પણ ઊગ્યું જાણે પરભાત ॥
બોલ્યા કુકુટ કાગ ને મોર, બ્રાહ્મમુહૂર્તની થઈ ભોર ॥૨૧॥
નિશાનાં ચિહ્ન ગયાં ભૂંસાઈ, પ્રભાતની મધુરતા છાઈ ॥
દેખી સઘળું સ્તબ્ધ ગાયક, થયાં ગ્વાલિયરના બેશક ॥૨૨॥
કર જોડી બોલ્યા તતકાળ, વામ્યો દર્પ[૨] અમારો દયાળ ॥
ગાનવિદ્યા છે સંતની જેવી, અમ પાસે પણ નહિ એવી ॥૨૩॥
એમાં શ્રેષ્ઠ તો શ્રી મુક્તાનંદ, અહો ધન્ય ધન્ય જગવંદ ॥
ગાન વાદન નૃત્ય ત્રિવિધ, સર્વશ્રેષ્ઠ એહ બહુવિધ ॥૨૪॥
એમ સંત આગે તે ગવૈયા, ગર્વ તેનાં કાંઈ નવ રહ્યાં ॥
નિજ દેશ વળ્યા થૈ નિરાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગ્વાલિયરના ગવૈયાને પરાસ્ત કર્યાં એ નામે બસ્સો ને પાંસઠમું પ્રકરણમ્ ॥૨૬૫॥

---

૧. હાથી ૨. અહંકાર

પ્રકરણ : ૨૬૬

પૂર્વછાયો :

સુરત શહેર સોયામણું, વસે ભક્ત ઈયાં ભાવિક ॥
તેનાં મનોરથ પૂરવા, રહ્યાં મુક્તમુનિ ત્યાં ઠીક ॥૧॥
સામરથી ઘણી વાવરી, તેનો કહેતાં નાવે પાર ॥
અધમ જીવ ઉદ્ધારિયા, કર્યાં સતસંગી નરનાર ॥૨॥
આગન્યા શ્રી મહારાજની, રાખી શિર સાટે ગ્રહી ટેક ॥
વ્રતમાને પૂરાં રહી, ધર્મ રાખ્યો રખાવ્યો વિશેક ॥૩॥

ચોપાઈ :

રૂડો સુરતનો સતસંગ, સ્વામી થકી થયો શુદ્ધ અંગ ॥
મેલી મન મત્ત અભિમાન, કૈંક જન થયાં જ્ઞાનવાન ॥૪॥
કરે ચર્ચા પરસ્પર જ્યારે, થાય કેફ ભરી વાત ત્યારે ॥
થયું પ્રકટ જાણે કલ્યાણ, નહિ ઉધારી વાતની વાણ ॥૫॥
પછી ચાલતી થઈ રસોયું, જને પાછું વાળી નવ જોયું ॥
મુક્તમુનિને સંત મંડળે, દિયે પાકી રસોયું સઘળે ॥૬॥
જમે સંત સહુ જન અન્ન, દેખી જન થાય પરસન્ન ॥
સંતમાં રહી જમે છે શ્યામ, એમ જાણે છે ભક્ત તમામ ॥૭॥
નિત નિત પેખી રૂડાં થાળ, પછી મુક્તાનંદજી મરાળ ॥
હેતે બોલાવી હરિભક્તને, આપી આગન્યા મન મગને ॥૮॥
આજ થકી રસોઈ વિશેષ, પાકી દેવી ન હરહંમેંશ ॥
એક દિ' પાકી ને એક દિ' કાચી, એમ રીત્ય રાખો હવે સાચી ॥૯॥
સુણી સ્વામીશ્રીએ કીધું જેમ, પછી થાળ લાવે જન તેમ ॥
પણ હતાં જે સંતમાં એવાં, આગન્યામાં નહિ કાંઈ લેવા ॥૧૦॥
તે તો દાજી ઊઠ્યા દલમાંય, રીત્ય નવી ન સહી જરાય ॥
હતાં વાલમજી વરતાલે, તિયાં કાગળ મેલ્યો મરાલે ॥૧૧॥
લખ્યું કાગળમાં કરી શોર, મુક્તાનંદ તો થયાં છે કઠોર ॥
બંધી કીધી છે જમવા કાજે, ટાળી રસોયું આવતી ઝાઝે ॥૧૨॥
દયા રાખે ન દલમાં કાંય, કાચા સીધા મંગાવે સદાય ॥
માટે મેર કરો મહારાજ, મુક્તમુનિ છે આકરા આજ ॥૧૩॥

એમ કાગળમાં લખી રાવ, મેલ્યો વરતાલે પ્રતિ માવ ॥
પછી સુરત શહેર મોઝાર, થોડા દન રહી નિરધાર ॥૧૪॥
મુક્તમુનિ મંડળ સહિત્ય, વળ્યા વરતાલે ભલી રીત્ય ॥
દેખી મહારાજને મુનિરાય, મોદ પામ્યા ઘણો મનમાંય ॥૧૫॥
કેડ્યે સભામાંહિ ઘનશ્યામ, પૂછે સ્વામીશ્રીને અભિરામ ॥
કેવો થયો સુરતે સત્સંગ, ચડ્યો કે નહિ ભક્તિનો રંગ ॥૧૬॥
સીધા પાણીનું ચાલતું કેવું, કહો વૃતાંત સઘળું એવું ॥
ત્યારે મુક્તમુનિ પડી પાય, કહે સાંભળો શ્રીહરિરાય ॥૧૭॥
લેતાં કાચી એક દિ' રસોઈ, લાવે જન જે સામગરી જોઈ ॥
બીજે દન રસોયું રસાળી, જમતાં ભક્તનો ભાવ નિહાળી ॥૧૮॥
પછી બોલ્યા પ્રભુ તતકાળ, જ્યારે લેતાં રસોયું મરાળ ॥
ત્યારે અંતરમાંહિ વિચાર, કેવો રાખતા આપ ઉદાર ॥૧૯॥
સુણી સ્વામી કહે વનમાળી, જ્યારે લેતાં રસોયું રસાળી ॥
ત્યારે અમે વિચારતા મન, આવા સંત જમે જેનું અન્ન ॥૨૦॥
તેનાં કલ્યાણમાં નહિ કાચું, આગમે પણ કીધું છે સાચું ॥
વળી કાચા સીધા લૈયે જ્યારે, એમ વિચારતા અમે ત્યારે ॥૨૧॥
નિત નિત જો પાકી રસોઈ, સંત કાજે લેશું ભાવ જોઈ ॥
ત્યારે વધશે પૂરાં પ્રમાદ, સેવા ભજન નૈ આવે યાદ ॥૨૨॥
પછી સુખ સ્મરણનું જાશે, સંત તે સંત કેમ કહેવાશે ॥
એવું સુણી બોલ્યા બહુનામી, ધન્ય ધન્ય મુક્તાનંદ સ્વામી ॥૨૩॥
કિયાં કાગળનો લખનારો, વળી કેવા એના છે વિચારો ॥
કિયાં શુદ્ધ સમજ તમારી, હોય સુજ્ઞ તે સમજે સારી ॥૨૪॥
એમ કહી થયાં પરસન, મુક્તમુનિ ઉપર મગન ॥
દલનો દિયે રાજીપો નાથ, ગાય ઘનશ્યામપ્રકાશ ગાથ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરતમાં કાચી પાકી રસોઈ જમ્યા એ નામે બસ્સો ને છાસઠમું પ્રકરણમ્ ॥૨૬૬॥

પ્રકરણ : ૨૬૭

પૂર્વછાયો :

અતિ ઘણાં અવિનાશીએ, પ્રકરણ ફેર્યાં સંતના ॥
તેને જથારથ પાળીને, વસ્યા મનમાંહિ ભગવંતના ॥૧॥
રંગભીનો રાજી રહે, દેખી સંતની સુદ્રઢતા ॥
જેમ જેમ પાળે આગન્યા, રહે એક એકથી ચઢતા ॥૨॥
હવે કહું તે વારતા, મહામુનિ શ્રી મુક્તાનંદની ॥
સાંભળતાં સુખ ઉપજે, અતિ અનુપ જગવંદની ॥૩॥

ચોપાઈ :

કરી આગન્યા એક દિ' નાથે, સહુ સંતને એક સંગાથે ॥
ગ્રહો રસકસના નિયમ, ખટરસે થાઓ સહુ સમ ॥૪॥
જિયાં લગી ન કહિએ અમે, ગળ્યું ચીકણું જમો ન તમે ॥
ત્યારે જોડી મરાળ બે પાણ, કહે સુંદરવર સુજાણ ॥૫॥
રહીશું આપ વચને સદાય, થૈયે મનમુખી ન કદાય ॥
નવ પડે તેમાં કેદિ ફેર, મર પડે જો તન આ વેર ॥૬॥
પછી બોલ્યા પ્રીતે બહુનામ, હવે ફરો જૈ પ્રત્યેક ગામ ॥
દઈ જનને રૂડો ઉપદેશ, સુખે ભજાવો શ્રી પરમેશ ॥૭॥
ભિક્ષા માંગી મુદા મન રહેજ્યો, હરિભક્તને હિંમત દેજ્યો ॥
કહી મળ્યાં છે બાથમાં ઘાલી, સૌને વળાવ્યા હિંમત આલી ॥૮॥
સંગે લઈ પચાસેક સંત, મુક્તમુનિ અતિ બુદ્ધિવંત ॥
મારવાડે પધાર્યા ફરતા, હૈયે હરિનામ સંભારતા ॥૯॥
પછી સંત વિચરે છે જ્યાંય, સતસંગ વધાર્યો છે ત્યાંય ॥
વેઠી કસોટી એમાં અપાર, તેનો કહેતાં આવે નહિ પાર ॥૧૦॥
ક્ષુધા તૃષાનું થાય ન પૂરું, માન અપમાને નહિ અધુરું ॥
એવા સમામાંહિ ત્રણ દન, જમ્યા વિના સહ્યા છે સઘન ॥૧૧॥
થયો મધ્યાહ્ન ચોથે દિવસ, બેઠા સંત સઘળે અવશ્ય ॥
કરે માનસ પૂજા મરાળ, દલે સંભારી દીનદયાળ ॥૧૨॥
તિયાં ભક્ત ભલો દ્વિજ એક, આવી નેણે નીરખે વિશેક ॥
અહો આવા દીઠાં નહિ સંત, મુખ દીસે તેજસ્વી અત્યંત ॥૧૩॥

INDEX

હુવો અંતર આનંદ ભારે, પૂછી વાત સહુ વિસ્તારે ॥
ત્યારે વીતી જણાવે મરાળ, વિપ્ર દુઃખી થયો તેહ કાળ ॥૧૪॥
દ્વિજને દલ આવી છે દયા, આવા સંત ભૂખ્યા કેમ રહ્યાં ॥
કહ્યું હેતે આવો મુજ ઘેર, રાંધી જમાડું હું રૂડી પેર ॥૧૫॥
તમ જેવા સંત જમે અન્ન, થાય પાવન મુજ સદન ॥
મુજ ઘેર ભૂખ્યા જાઓ આપ, તો તો લાગે મુને મહાપાપ ॥૧૬॥
પછી બોલ્યા મુક્તાનંદ સ્વામી, દ્રષ્ટિ કરી તે દ્વિજની સામી ॥
ભલે કરજો રસોઈ સારી, પણ વાત લેજો ઉર ધારી ॥૧૭॥
આગન્યા અમ પ્રભુની એવી, રસોઈ રસ વિનાની લેવી ॥
તેથી ઘૃત દહીં દૂધ કાંય, ન નાખશો રસોયે જરાય ॥૧૮॥
કેડ્યે વિપ્ર ગયો તતકાળ, ઘેર જઈ કર્યો રૂડો થાળ ॥
ચોખા દાળે સીઝાવી ખીચડી, વાર લાગી નહિ ઝાઝી ઘડી ॥૧૯॥
ધર્યો થાળ પ્રભુને તે વાર, સંત જમવા કર્યા તૈયાર ॥
પાથર્યા પૃથ્વીએ આસન, તે ઉપર બેસાર્યા પ્રસન્ન ॥૨૦॥
પછી થઈ નારાયણ ધૂન્ય, તેનો આવ્યો છે વિપ્રને ગુણ ॥
કેડ્યે પીરસ્યું પંગતમાંઈ, તેમાં રાખી ન ખામી જરાઈ ॥૨૧॥
લગ લાગઠ્ય લાંઘણ ચ્યાર, સંતને થયાં છે નિરધાર ॥
તેનાં પારણાં કરવા કાજ, રૂડો લાભ મળ્યો તેને આજ ॥૨૨॥
વિપ્રને મન મોદ ન માંય, દેખી મરાળને હરખાય ॥
સંત જમે જમ્યા જગદીશ, એમ આગમ કહે અહોનિશ ॥૨૩॥
અણચિંતવ્યું આવિયું સુખ, બોલે વિપ્ર વારે વારે મુખ ॥
પણ વાધ્યો જે ઉર ઉમંગ, પળવારે પડ્યો તેમાં ભંગ ॥૨૪॥
તેની વાત કરીને વિસ્તાર, હવે સંભળાવું ધરી પ્યાર ॥
કેડ્યે કરજો ઉર તપાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મારવાડમાં વિચરણ કર્યું એ નામે બસ્સો ને સડસઠમું પ્રકરણમ્ ॥૨૬૭॥

INDEX

પ્રકરણ : ૨૬૮

પૂર્વછાયો :

પંગત્યમાં પીરસી રહ્યાં, વિપ્ર કરી બહુ તાણ્ય ॥
જમવાની વેળા થયે, જળ અંજળી નાખી ત્રાણ્ય ॥૧॥
પછી ધૂન્ય પૂરી કરી, થયાં હરે હરે ઉચ્ચાર ॥
તિયાં પીરસેલ પત્તરે, ઘૃત ગંધ સ્ફૂરી લગાર ॥૨॥
તર્ત ઊભા થઈ આસને, ભાઈ આત્માનંદ જે સંત ॥
અચળ આજ્ઞા રાખવા, કહ્યાં વેણ સહુને અત્યંત ॥૩॥

ચોપાઈ :

સ્વામી આત્માનંદ સમો જોઈ, કહે સંતો ન જમશો કોઈ ॥
રસકસનું નિયમ તજાશે, મહાપ્રભુની આજ્ઞા લોપાશે ॥૪॥
ઘૃત નાખ્યું છે ખીચડી વિશે, તેની આવે સુગંધી અતિશે ॥
માટે જુઓ તપાસી સઘન, જો જમ્યા તો લોપાશે વચન ॥૫॥
ત્યારે દ્વિજ બોલ્યો થઈ દીન, સ્વામી રસોઈ છે ઘૃત હીન ॥
પણ ઠાકોરજી તણે થાળ, ઘૃત નાખ્યું છે અલ્પ દયાળ ॥૬॥
પછી અન્ન તે પ્રસાદી તણું, સર્વે થાળમાંહિ નાખ્યું અણું ॥
આવે વાસ તેમાં તેહ માટ, જમો સુખે તમે મુનિરાટ ॥૭॥
ત્યારે આત્માનંદજી સુજાણ, સુણી બોલ્યા વિપ્ર કેરી વાણ ॥
નવ મેલું હું આગન્યા લેશ, નહિ જમું રસોઈ વિશેષ ॥૮॥
એમ કહીને લીધી વિદાય, પણ લીધું ન અન્ન જરાય ॥
આવી વિપ્રને ઘણી વિપત, મુક્તમુનિએ વિચાર્યું તર્ત ॥૯॥
નહિ જમે રસોઈ જો સંત, અન્ન બગડે વિપ્રનું અત્યંત ॥
વળી ચ્યાર ઉપાસ મરાળે, કર્યા કઠિન કપરા કાળે ॥૧૦॥
એહ વાતનો કરી વિચાર, પછી મુનિ બોલ્યા તેહ વાર ॥
નથી બ્રાહ્મણનો એમાં દોષ, તેને તો દલમાં હતી હોંશ ॥૧૧॥
માટે સુખે જમો સહુ સંત, હૃદે સંભારીને ભગવંત ॥
માનશે કોઈ નિયમ ભંગ, તો હું વાત કરી હરિ સંગ ॥૧૨॥
ભોગવીશ એકલો જ દંડ, ભલે આપે પ્રભુજી પ્રચંડ ॥
કહી મુક્તમુનિ જમ્યા જ્યારે, વાંસે સંત જમ્યા સુખે ત્યારે ॥૧૩॥

રાખ્યો વિપ્રનો ભાવ જીવંત, આવ્યો ગુણ તેહને અત્યંત ॥
વીત્યા દન ઉપર સાત દન, આત્માનંદે લીધું નહિ અન્ન ॥૧૪॥
પાળી પ્રભુ વચન જરૂર, આવ્યાં સંત સહુ ગઢપુર ॥
પછી આવ્યાંની સુણી વધાઈ, ઘણું રાજી થયાં સુખદાઈ ॥૧૫॥
કર્યા નાથને લળી પ્રણામ, ભેટ્યા સર્વને સુંદરશ્યામ ॥
પછી દીન થઈ પ્રભુ પાસ, મુક્તમુનિ તો થયાં ઉદાસ ॥૧૬॥
માંગી ક્ષમા કરજોડી તરત, હેતે સુણાવી સૌ હકીકત ॥
આત્માનંદજીને મનમાંય, મુનિને ખીજશે હરિરાય ॥૧૭॥
પ્રભુ પહેરાવશે મુને હાર, એવું જાણી આવ્યાં તેહવાર ॥
ત્યાં તો આપે ઠપકો દયાળ, તમે ન ઓળખ્યા દેશકાળ ॥૧૮॥
કીધાં'તા મોટેરા મુક્તમુનિ, તેણે લીધી સંભાળ સહુની ॥
સંત મારા છે જીવનપ્રાણ, તમે કરત એને હેરાણ ॥૧૯॥
પાળે જે જન મારું વચન, થાઉં તેહ ઉપર્ય પ્રસન ॥
પણ નિર્ણય કરી વિચાર, લેવો વિવેકે સહુથી સાર ॥૨૦॥
પછી નાથ ઊભા થઈ ત્યાંય, ઝાલ્યા મુક્તાનંદજીના પાય ॥
નિજ મુખ થકી બોલ્યા એમ, સત્ય ઠર્યુ છે આપનું નેમ ॥૨૧॥
હોય સુતને શરીરે દુઃખ, તેથી માતને રહે ન સુખ ॥
સદ્ય ઉપાય સરવે માંડે, જેથી દુઃખ પુત્રા તણું છાંડે ॥૨૨॥
જેમ જનની બાળ સંભાળે, તેમાં ચૂકે નહિ કોઈ કાળે ॥
તેમ નક્કી તો એટલી વાત, સતસંગની આપ છો માત ॥૨૩॥
એમ વેણ કહી પ્રભુ સાચા, વળી સ્વામીશ્રીને મળ્યાં પાછા ॥
દીધું બિરુદ હરિએ પ્રીત્યે, સત્સંગ માત કેરું ભલી રીત્યે ॥૨૪॥
અહો ધન્ય મુજ ગુરુદેવ, ધન્ય પરંપરા તે અભેવ ॥
તેમાં મળ્યો છે મુજને વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે 'સતસંગની માં' નું બિરુદ મળ્યું એ નામે બસ્સો ને અડસઠમું પ્રકરણમ્ ॥૨૬૮॥

પ્રકરણ : ૨૬૯

પૂર્વછાયો :

હવે કહું એક વારતા, સહુ સાંભળજો મગન ॥
આશ્ચર્ય વાત અતિ ઘણી, કહેતાં મન થાયે પરસન ॥૧॥
સામર્થી સહજાનંદની, જોઈ આવે ખુમારી અંગ ॥
નરનારી નિર્ભય રહે, નિત વાધે ઉર ઉમંગ ॥૨॥
મુવા કેડ્યે બ્રહ્મમોલશું, જાશું એ વાતમાં નહિ માલ ॥
દેહ છતાં તે પામિયા, મળ્યાં પ્રકટ પ્રભુ મરાલ ॥૩॥

ચોપાઈ :

ભાવે ભાખું તેનો મહિમાય રે, મન દઈ સુણજો ઉછાય રે ॥
ગઢડે રહી ગોવિંદ બહુ રે, નિજજન રાજી કરે સહુ રે ॥૪॥
જન સંભારી લાલની વાત રે, ઘણું રાજી રહે રળિયાત રે ॥
પછી એક દને પરસન રે, ખળખળીયે ગયાં જીવન રે ॥૫॥
ઘણમૂલે થ્યાં ઘોડેસવાર રે, સંગે લીધાં મરાળ અપાર રે ॥
નાવા નીરમાં બેઠા છે નાથ રે, સહુ નાહ્યા છે શ્યામને સાથ રે ॥૬॥
તિયાં આશ્ચર્ય ઉપજ્યું ઘણું રે, આવ્યું જનને વિસ્મિતપણું રે ॥
તેજપુંજનો દીઠો અંબાર રે, કોટિ રવિ તુલ્ય નિરધાર રે ॥૭॥
નાથ નાહીને નીસર્યા બારે રે, કર્યો કુંકુમ ચાંદલો ત્યારે રે ॥
પછી અશ્વે થઈ અસવાર રે, આવ્યાં ગોવિંદ ગામ મોઝાર રે ॥૮॥
તિયાં ઉગમણાં ઓરડાય રે, નૃપ ઉત્તમના ગૃહમાંય રે ॥
ભરી સભા ભૂધરજી પ્રીત્યે રે, બેઠા નરનારી ભલી રીત્યે રે ॥૯॥
પછી મુક્તમુનિ મહાધીર રે, પૂછે પ્રશ્ન પ્રભુને લગીર રે ॥
નાતા નાતા નિર્મળ જળમાં રે, તેજ છાયું'તું શાનું પળમાં રે ॥૧૦॥
ત્યારે કથી કહ્યું મહરાજે રે, એ તો આવિયાં જાહ્નવી આજે રે ॥
અમને કીધી ઘણી અરદાસ રે, દિયો આપ ચરણમાં વાસ રે ॥૧૧॥
પછી અમે કહ્યું એક રૂપે રે, રહો ખળખળીયે સુખરૂપે રે ॥
વસો સાબરમતીયે જઈ રે, બીજે સ્વરૂપે પ્રસન્ન થઈ રે ॥૧૨॥
તેહ સુણી બોલ્યા ગુરુદેવ રે, સહુ સાંભળજ્યો તતખેવ રે ॥
સાંભળીને ઉતારશે ઉર રે, તેને જમ તેડું નહિ જરૂર રે ॥૧૩॥

INDEX

ધન્ય ધન્ય એ તીર્થ અમિત રે, હરિ ચરણે થયાં અંકિત રે ॥
વળી બીજા પણ બહુ સ્થાન રે, જિયાં રમ્યા જમ્યા ભગવાન રે ॥૧૪॥
ગામ ગઢડે ઉન્મત્તગંગ રે, નાહ્યા નટવર અતિ ઉમંગ રે ॥
વરતાલે ગોમતી તળાવ રે, તિયાં નાથ નાયા ધરી ભાવ રે ॥૧૫॥
શ્રીનગરશું સાબરમતી રે, સંત સંગે નાહ્યા પ્રભુ અતિ રે ॥
રૂડું હમીરસર નિહાળી રે, ઘણું ભુજે નાહ્યા વનમાળી રે ॥૧૬॥
વાલું વાલાને છે લોયાધામ રે, તિયાં રહી ઘણું ઘનશ્યામ રે ॥
કૂપ પાતાળિયામાં અપાર રે, બહુ નાહ્યા છે પ્રાણઆધાર રે ॥૧૭॥
સુખભાદરે સુંદરવર રે, નાહ્યા નાથ વળી મુદભર રે ॥
ભારે ભાગ્ય છે એ ભૂમિ તણાં રે, જિયાં રાજે રાખી નહિ મણાં રે ॥૧૮॥
જે જે જન તે જોશે જાયગા રે, તેનાં પાપ પ્રજળશે મૂળગા રે ॥
નિર્ગુણ સંગે જાણો જડ ચિત રે, એ તો નિર્ગુણ થાય ખચિત રે ॥૧૯॥
માટે નાથ નાહ્યા જેહ ઠામ રે, સંત સંગે લઈ અભિરામ રે ॥
સર્વે જાણજો તીર્થ પવિત્ર રે, તેહ સમ નહિ કોઈ ઈત્ર રે ॥૨૦॥
જેહ નાશે નરનારી એમાં રે, તેનાં કલ્મષ બળશે તેમાં રે ॥
વળી તરશે પરિયા[1] એકોતેર રે, એવો મહિમા મોટો આ વેર રે ॥૨૧॥
પછી અંતે જાશે બ્રહ્મમોલ રે, નવ રહે એમાં કાંયે પોલ રે ॥
તે તો પુરુષોત્તમ પ્રતાપે રે, જીવ ઉદ્ધારે અનંત આપે રે ॥૨૨॥
માટે વિચારજો નરનાર રે, પ્રકટ મહિમા અપરંપાર રે ॥
એવી વાત સભામાંહિ પ્રીત્યે રે, કીધી સ્વામીશ્રીએ ભલી રીત્યે રે ॥૨૩॥
પછી પ્રભુ જમાડીને જન રે, જમ્યા વ્યંજન થઈ પ્રસન્ન રે ॥
એમ આપે છે જનને આનંદ રે, ઘણું હેતે શ્રી સહજાનંદ રે ॥૨૪॥
કીધી મુક્તમુનિએ જે વાણી રે, સહુ જને ઉરમાં પ્રમાણી રે ॥
નિત્યે કરતાં તેનો તપાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે પ્રસાદીભૂત તીર્થનો મહિમા કહ્યો એ નામે બસ્સો ને ઓગણોસિત્તેરમું પ્રકરણમ્ ॥૨૬૯॥

---

૧. સંતતિ, વંશજો

પ્રકરણ : ૨૭૦

પૂર્વછાયો :

મુક્તમુનિ ચરિતને, જીભા બિચારી શું ચવે ॥
બુદ્ધિ બેઠી હિંમત હારી, સદ્‌ગુણ મુખે શું લવે ॥૧॥
પણ રહેશે પ્રાણ તનમાં, ત્યાં સુધી મેલી લોકલાજ ॥
હરખે ગાઈશ ગુણલાં, મહામુનિ તણાં શિરતાજ ॥૨॥
ચરિત ગાતા એહનાં, વાધે હેત હૈયે અપાર ॥
જાણે તે માણે ખરા, નહિ ગમ બીજાને ઠાર ॥૩॥

ચોપાઈ :

પ્રભુ પ્રકટ વિચરે જ્યારે, દિવ્યભાવ દુર્લભ છે ત્યારે ॥
રહ્યાં સંત સદા પ્રભુ ભેળા, ભાળ્યા ચરિત્ર અનેક વેળા ॥૪॥
તોય અણું ન આવ્યો અભાવ, રહ્યો પ્રત્યક્ષ પ્રભુનો ભાવ ॥
ધન્ય ધન્ય એ સંત સુજાણ, હરખે વર્તે વચન પ્રમાણ ॥૫॥
કરી આકરી કસોટી અતિ, પાછો પગ મેલે નહિ રતિ ॥
મરજાદ બીજાની ન મૂકે, કેદિ વહાલાનું વેણ ન ચૂકે ॥૬॥
પછી ગઢડેથી ગુણવંત, ગામેગામ મોકલ્યા છે સંત ॥
ભિક્ષા માંગીને કરજો ભોજન, આપી આગન્યા એમ મગન ॥૭॥
મુક્તમુનિ મહંત ઉદાર, ચાલ્યાં ઉમંગ આણી અપાર ॥
વેણ વાલાનું શિર ચડાવી, ભિક્ષા માંગતા ગામમાં આવી ॥૮॥
કોઈ દિયે કે ન દિયે અન્ન, સ્વામી રહેતાં સદા પરસન ॥
પછી એક દને વિપ્ર ઘરે, હેતે કહ્યું નારાયણ હરે ॥૯॥
આવે પુરુષ ઘરની બહાર, તે પહેલા આવી કોઈ નાર ॥
અતિ આસુરી બુદ્ધિની ડોશી, એવી હતી વિપ્રની પાડોશી ॥૧૦॥
ધોળ દિયે છે પછીતમાંઈ, વેણ સુણ્યાં તેને શ્રવણમાંઈ ॥
પડી ખબર આવ્યાં છે સંત, ખરેખરી ખીજાણી અત્યંત ॥૧૧॥
લેવા દેવા નહિ કાંઈ લેશ, તેનું અંતર કાળું જ મેશ ॥
નાખી નજર પાસમાં જ્યારે, દીઠું પોતું જર્જરિત ત્યારે ॥૧૨॥
પછી પોતું તે હાથમાં લીધું, ફેંક્યું તેણે ફંગોળીને સીધું ॥
રૂડા સંતનું માહાત્મ્ય નો'તું, તેથી માર્યું છે ધોળનું પોતું ॥૧૩॥

તે તો પડ્યું મુનિ મુખ પર, તેથી ચોંક્યા પોતે પળભર ॥
મુખ ફેરવી જોયું જ્યાં ત્યાંઈ, દીઠી ઊભી વૃદ્ધા એક બાઈ ॥૧૪॥
તુર્ત નેણ નીચાં કરી સ્વામી, હૃદે સંભાર્યા અંતરજામી ॥
વામ હસે છે વદન પેખી, મુખે શબ્દ ઉચ્ચારે અલેખી ॥૧૫॥
પછી પોતું મેલ્યું ઝોળીમાંય, માન્યું ભિક્ષા મળી સુખદાય ॥
ત્યાંથી આવ્યાં ઉતારે ઉદાર, લેશ ઉદ્વેગ નહિ નિરધાર ॥૧૬॥
એ જ મસ્તી ને એ જ આનંદ, તેને જાણે શું મૂરખચંદ ॥
પછી સરોવરે જઈ હાથે, ધોયું પોતું તે પ્રેમ સંગાથે ॥૧૭॥
સુકાણા કેડ્યે આવ્યાં આસન, છૂટા કર્યાં તંતુઓ સઘન ॥
વળ ખોલી પછી વાળી વાટ, પ્રભુ આરતી કરવા માટ ॥૧૮॥
સંધ્યા સમે સ્વામીશ્રીએ હેતે, કરી આરતી ભાવ સમેતે ॥
કરો અવિનાશી રૂડું આનું, નવ કાઢો કાંઈ નાથ બાનું ॥૧૯॥
નથી આવડતું દેતાં એને, પણ જુવો એ દિયે છે કેને ॥
ગુન્હા માફ કરો એના સહુ, એમ વિનંતી કરે છે બહુ ॥૨૦॥
ત્યારે પ્રભુએ પાડ્યો પ્રકાશ, થયો વૃદ્ધાને ઉર ઉજાશ ॥
સદ્ય મતિ તેની પલટાણી, ડોશી પૂરેપૂરી પછતાણી ॥૨૧॥
અફસોસ કર્યો ઉરમાંઈ, અરેરે હું અભાગણી બાઈ ॥
પછી સતસંગી થઈ તેહ, પરિવાર સંગે બાઈ એહ ॥૨૨॥
અન્ય થકી આવું શીદ થાય, જુવો વિચારીને મનમાંય ॥
વણ દેખે નિજ અપમાન, રાખે જીવ તારવાનું તાન ॥૨૩॥
એવાં મુક્તમુનિ મહાસંત, તેનો મહિમા શું કહું અત્યંત ॥
જેને સ્તુતિ ને નિંદા સમાન, નવ ગણે માન અપમાન ॥૨૪॥
સહુ જીવનું શ્રેય સધાય, ધરે સંકલ્પ એમ સદાય ॥
એટલી જ એને ઉર આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ડોશીએ કરેલા અપકારનો ઉપકાર કર્યો એ નામે બસ્સો ને સિત્તેરમું પ્રકરણમ્ ॥૨૭૦॥

INDEX

પ્રકરણ : ૨૭૧

પૂર્વછાયો :

શુભમતિ હવે સાંભળો, કહું વાત એક અનુપ ॥
સ્નેહ સ્વરૂપ સમજવા, હરિભક્તને છે સુખરૂપ ॥૧॥
વચનામૃતના પૃષ્ઠમાં, નામ અમર એનું સદાય ॥
વસ્યા વાલાને હૃદયે, સુત એભલ ઉત્તમરાય ॥૨॥
વાત કરું તે વરણવી, છે પ્રભુમાં અતિ પ્યાર ॥
તેને હેત ઘણું રહ્યું, મહામુનિ સંગ અપાર ॥૩॥

ચોપાઈ :

ભલા ભક્ત છે દાદખાચર, દીનાનાથ રાજી તે ઉપર ॥
જક્ત કુસંગ તેમાં ન જરી, ભજે પ્રભુ વિષય પરહરિ ॥૪॥
એક સમે ઉત્તમને તન, જોર કરિયું જવરે સઘન ॥
હાહાકાર હુવો દરબારે, દુઃખી થયાં સહુ જન ભારે ॥૫॥
ચ્યાર બેન તથા બેઉ માત, સોમાબા નામે ફોઈ વિખ્યાત ॥
ઉર ઉદાસ થઈ અપાર, પ્રભુ પાસે કરે છે પોકાર ॥૬॥
કહે ઉત્તમ એક અમારે, અમો જીવું છું એના આધારે ॥
એના લીધે આંહિ સહુ જન, સુખે આપનું કરીએ ભજન ॥૭॥
કહેતાં આવિયાં આંસુ વિશેષ, સુણી બોલ્યા પછી પરમેશ ॥
જેમ એનો આધાર તમારે, અમે છીએ એના જ આધારે ॥૮॥
સહુ ચિંતા મ કરશો આમ, આવી જાશે દાદાને આરામ ॥
કહી આવ્યાં નિજ ઓરડીયે, સૂતાં પલંગે ઉદાસી હૈયે ॥૯॥
વીતી અડધી અંધારી રાત્ય, વુઠો અતિ ઘણો વરસાત ॥
ગાજવીજ બહુ ચમકારા, દિયે વાદળ નભે હોંકારા ॥૧૦॥
વળી વારિ તણી બહુ રેલ, પછી મેઘે માંડ્યો બહુ ગેલ ॥
ત્યારે નાથ ઊભા થઈ પોત્યે, હાથે છત્રી લઈ જોતજોત્યે ॥૧૧॥
આવિયાં ધર્મશાળા મોઝાર, મુક્તમુનિને મળવા નિર્ધાર ॥
તેહ સમે શિવાનંદ આદિ, મુનિ ભણતા વ્યાકરણાદિ ॥૧૨॥
ભાળી ભૂધરને મધરાતે, નિજ ઉતારે આવી એકાંત્યે ॥
બેઠા પાયે લાગીને મરાળ, નેણે નીરખે પ્રસન દયાળ ॥૧૩॥

તિયાં આવ્યાં મુક્તાનંદ સ્વામી, તેને દેખી બોલ્યા બહુનામી ॥
ચિંતા ઉપજી મુને આ વારે, દાદાને તન તાવ છે ભારે ॥૧૪॥
માટે આપ કહો ગુરુદેવ, હવે શું કરીએ તતખેવ ॥
કહે મહામુનિ મહારાજ, જાશું ખબર લેવાને આજ ॥૧૫॥
એટલું કહી વરસાત વિશે, મુનિ સંગે શ્રીહરિ અતિશે ॥
ગયાં મળવાને ઉત્તમ નૃપ, જેની ભક્તિ જક્તમાં અનુપ ॥૧૬॥
મુક્તાનંદજીએ મુદભર, દાદાનો કરમાં લીધો કર ॥
જોયું નાડી તપાસી નિદાન, જવર જણાયો ન કોઈ સ્થાન ॥૧૭॥
પછી સ્વામી પૂછે અન્ન લેશો, દાદો કહે હમણાં ન કહેશો ॥
અન્ન ભાવે નહિ મુને કાંય, મધરાતે લઉં ન જરાય ॥૧૮॥
સુણી બોલ્યા પછી પરમેશ, નહિ માંદાને નિયમ લેશ ॥
રાબ રચાવી દાદાને કાજે, પ્રીત્યે જમાડી શ્રી મહારાજે ॥૧૯॥
હતું દાદાને હેત અપાર, મુક્તમુનિ સંગે નિરધાર ॥
માની શ્રેષ્ઠ સદ્‌ગુરુ પોતે, કરતાં સતસંગ સ્નેહ સોત્યે ॥૨૦॥
બેસે બીજા સંત પાસે થોડું, ઊભા થવામાં કરે ન મોડું ॥
પણ બેસે ગુરુદેવ પાસે, તો સમયનું ભાન ન ભાસે ॥૨૧॥
એવો નિશ્ચય સ્વામીશ્રી તણો, હતો દાદાને જીવમાં ઘણો ॥
એના મુખ થકી સુણી વાત, રહે અંતરમાં રળિયાત ॥૨૨॥
જુઓ મુક્તાનંદ મહારાજે, કૃપા કરી તે ઉપર ઝાઝે ॥
વિશ્વપ્રસિદ્ધ સાગર ગ્રંથ, પ્રીત્યે સંભળાવ્યો આદિ અંત ॥૨૩॥
ધન્ય ધન્ય ઉત્તમના ભાગ્ય, જેમાં હેત મુનિને અથાગ ॥
મધરાતે લેવાને સંભાળ, ગયાં મેઘ વરસતે દયાળ ॥૨૪॥
વ્હાલે કર્યું જતન એ વાર, થયાં પ્રસન્ન સૌ પરિવાર ॥
આવ્યો એભલકુળે હુલાસ, કહે ઘનશ્યામપ્રકાસદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે દાદાખાચરની ખબર લેવા ગયાં એ નામે બસ્સો ને એકોતેરમું પ્રકરણમ્ ॥૨૭૧॥

પ્રકરણ : ૨૭૨

પૂર્વછાયો :

કહું વળી એક પરચો, દીધો દીનબંધુએ જેહ ॥
સહાય કરવા સ્વામીની, આવ્યાં શ્રીહરિ સદેહ ॥૧॥
જેને ભરોસો જીવમાં, અંગ અચળ વિશ્વાસ ॥
તેની વારે છે વાલ્યમો, ટાળે તન મન ત્રાસ ॥૨॥
પણ મલકના માંદણા, હોય ભીતરમાં ભરેલ ॥
કહો એવાં જનની, સહાય શું કરે અલબેલ ॥૩॥

ચોપાઈ :

પછી મુક્તમુનિ મહારાટ, ચાલ્યાં એક સમે લઈ વાટ ॥
નથી સંગે કોઈ સાધુજન, હેતે સંભારે શ્રી ભગવન ॥૪॥
આવ્યું વાટમાં જંગલ મોટું, દિયે વાઘ વરુ એમાં દોટ્યું ॥
રીંછ ભીંછ સામસામા હુંકે, માંહિ કેસરી સિંહ તાહુકે ॥૫॥
ન મળે કોઈ મનુષ્ય જેમાં, ચાલ્યાં સ્વામી એકાએક તેમાં ॥
કાંટા કાંકરા ભૂમિ પથરાળ, તે ઉપર્ય ફરે છે મરાળ ॥૬॥
પછી ચાલતા ભૂલ્યા છે વાટ, મેલી મારગ ચાલ્યાં ઉવાટ ॥
આવી વન તણી બહુ ઘાટી, ઉપજે ઉર જોતાં અરેરાટી ॥૭॥
ખરો ખોળવો તેમાંથી માગ, છે જો કઠણ અતિ અથાગ ॥
તિયાં અસ્ત પામિયો છે દન, વ્યાપ્યું વનમાં તમ સઘન ॥૮॥
દ્રષ્ટિ કીધી ચહું દિશ જ્યારે, દીઠી દૂર થકી નદી ત્યારે ॥
દોય કાંઠે વહે નીર જેના, જળઝુંડ ઘુઘવાટે તેનાં ॥૯॥
પછી વાયુ ઘણો વન વાયો, લાગી પ્યાસ ને કંઠ સુકાયો ॥
હતું નીર નદીનું ઉષર, નવ પી શકે તે કોઈ નર ॥૧૦॥
વળી પેલે પાર ન જવાણું, રાત્ય થવાનું થયું છે ટાણું ॥
મુનિ રહે આ કાંઠે રોકાય, તો વરુ વાઘ પળમાં ખાય ॥૧૧॥
એમ વિચારીને વૃક્ષવટે, બેઠા મુક્તમુનિ જઈ તટે ॥
હેતે સંભારી પરમ દયાળ, કરે આરત્ય નાદે ઉચ્ચાર ॥૧૨॥
નર ધારે મથી મથી બહુ, જાણે બાહુ બળે તરી લઉં ॥
તોય ધાર્યું ન થાય વિશેષ, હરિ કરે સો હોય હંમેંશ ॥૧૩॥

કર્યું કરું હું કરીશ આગે, જેને વ્હેમ એવો અનુરાગે ॥
તેહ થકી સરે નહિ લેશ, હરિ કરે સો હોય હંમેશ ॥૧૪॥
પ્રભુ કર્તા અકર્તા કહેવાય, અકર્તા થકા કર્તા તે થાય ॥
એવો છે વનમાળીનો વેષ, હરિ કરે સો હોય હંમેશ ॥૧૫॥
એમ વિચારીને મનજીત, રહ્યાં મુક્તાનંદજી નચિંત ॥
તિયાં વિપ્ર તણું રૂપ ધરી, આવ્યાં સહાયે વનમાં હરિ ॥૧૬॥
કહે વિપ્ર જોડી બેઉ પાણ, આંહિ કરો શું આપ સુજાણ ॥
ત્યારે સ્વામી કહે મુસકાઈ, કોણ છો ક્યાંથી આવિયાં આંઈ ॥૧૭॥
મારે જાવું છે સામે જરૂર, પૂર પેહું નદીએ ભરપૂર ॥
તેથી બેઠો હું પ્રભુ સંભારી, જાશું પ્રભાતમાં પેલે પારી ॥૧૮॥
ત્યારે બ્રાહ્મણ બોલિયા એમ, આંહિ નિર્ભય રહેવું કેમ ॥
વરુ વાઘ દીપડા સાક્ષાત, કરે મનુષની ઘણી ઘાત ॥૧૯॥
માટે મું સંગે ચાલો મરાળ, સામે પાર ઉતારું તત્કાળ ॥
એમ કહી દ્વિજે નદી પાર, મેલ્યા મુક્તમુનિ નિરધાર ॥૨૦॥
ચોંપે ચાલ્યાં થોડું મુનિ જ્યારે, બોલ્યા બ્રાહ્મણ શ્રીમુખ ત્યારે ॥
હવે તમે સધાવો આગળ્યે, કેડ્યે આવું છું હું એક પળે ॥૨૧॥
પછી મુક્તાનંદ જાય ચાલ્યાં, મનમોહન ભજને માલ્યા ॥
કૈંકવાર પાછું વળી પેખ્યું, પણ વિપ્ર સ્વરૂપ ન દેખ્યું ॥૨૨॥
મહામુનિએ વાત પ્રમાણી, મહાપ્રભુજીએ મેર આણી ॥
આવ્યું'તું આજ કષ્ટ અપાર, લીધી શ્રીહરિએ તેમાં સાર ॥૨૩॥
નિજ સેવકની કરવા સહાય, વિપ્ર વેશે આવ્યાં હરિરાય ॥
દીધો પરચો એમ દયાળે, દીનબંધુ જન પ્રતિપાળે ॥૨૪॥
નથી કપોળ કલ્પિત વાત, છે પ્રત્યક્ષ પ્રકટ સાક્ષાત ॥
રાજી થાશે જે ગાશે આ ગાથ, ઘનશ્યામપ્રકાશનો નાથ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે નદી પાર કરાવી રક્ષા કરી એ નામે બસ્સો ને બોતેરમું પ્રકરણમ્ ॥૨૭૨॥

પ્રકરણ : ૨૭૩

પૂર્વછાયો :

એક સમે અલબેલડો, વાલો વિરાજે ગઢપુર ॥
નરનારી દર્શ સ્પર્શનું, સુખ લિયે જરૂર ॥૧॥
પછી નાથે વિચારિયું, છે મુક્તમુનિ કેરી મતિ ॥
તે દેખાડું સંતને, જેથી શીખે સૌ સુમતિ ॥૨॥
એમ વિચારી વાલમો, બેઠા અક્ષરઓરડીમાંય ॥
સભા ભરાઈ સંતની, તિયાં પ્રશ્ન ઉત્તર થાય ॥૩॥

ચોપાઈ :

પછી સભા મધ્યે નિરધાર, આવ્યાં મુક્તમુનિ તેહવાર ॥
કરી ભાવે સાષ્ટાંગ પ્રણામ, બેઠા પ્રભુ આગળ અકામ ॥૪॥
પછી વાલે કરી વાત વહેતી, સહુ સુણે રાખી સાવચેતી ॥
વાત મધ્યે અચાનક વાલે, કહ્યું એમ ઘણું ધર્મલાલે ॥૫॥
પહેલા સાંભળી પ્રશ્ન સુંદર, દેજયો મુક્તાનંદજી ઉત્તર ॥
ચોખા રાંધીએ જો એક શેર, જમે જણ કેટલા સુપેર ॥૬॥
ત્યારે સ્વામી કહે તતકાળ, સુણો શરણાગત પ્રતિપાળ ॥
ભલે ચોખા છે શેર જેટલા, પણ જમે તમે કો તેટલા ॥૭॥
પછી નાથ બોલ્યા જણ પાંચ, શેર ચોખે જમે કહું સાચ ॥
સુણી સ્વામી કહે વાત પક્કી, જમે શેર ચોખે પાંચ નક્કી ॥૮॥
વળી પ્રભુ કે મનુષ્ય દસ, પામે ત્રપતિ એમાં અવશ્ય ॥
વળી સ્વામી કહે દસ જમે, પછી બોલ્યા પ્રભુ તેહ સમે ॥૯॥
સ્વામી જમે તેમાં શત નર, કહે સ્વામી જમે મુદભર ॥
પછી તો હરિએ હદ વાળી, બોલ્યા મુક્તમુનિ સામું ભાળી ॥૧૦॥
જમે પાંચસે નર કે નહિ, વાળજો તેનો ઉત્તર સહી ॥
ત્યારે સ્વામી કહે હા કૃપાળ, જમે સુખે પાંચસે મરાળ ॥૧૧॥
વળી હસી બોલ્યા મહારાજ, હા માં હા દિયો છો કેમ આજ ॥
શેર ચોખાએ પાંચસે જણ, કહો કેમ જમે કોઈ દન ॥૧૨॥
ત્યારે મુક્તમુનિ શીશ નામી, કહે સાંભળો અંતરજામી ॥
થાય તૃપતિ કણ અનેકે, વળી થાય તે તો કણ એકે ॥૧૩॥

INDEX

તેહ વાત છે આપને હાથ, નથી આપ વિના કોઈ નાથ ॥
ત્યારે રાજી થયાં બળવંત, બોલ્યા સંતસભામાં અત્યંત ॥૧૪॥
મુક્તમુનિ ગુરુભક્ત ખરા, જેના નિશ્ચયે પોલ ન જરા ॥
વળી બીજે દન પરભાત્યે, બેઠા સંત મળી સહુ ખાંત્યે ॥૧૫॥
કરે મુખથી શ્રીહરિ વાત, સુણે સંત સહુ રળિયાત ॥
પછી રૂમાલને ગ્રહી કર, બળવંત બોલ્યા મુદભર ॥૧૬॥
મુજ હાથમાં દેખો શું સ્વામી, કહો ઉત્તર તે ખરો પામી ॥
બોલ્યા મુનિ મુખ હે કૃપાલ, આપ હાથમાં દીસે રૂમાલ ॥૧૭॥
ત્યારે હસી કહે કિરતાર, નથી રૂમાલ છે તરવાર ॥
વળી સ્વામી કહે મહારાજ, અસિ ગ્રહી છે હા પ્રભુ આજ ॥૧૮॥
વળતા બોલિયા શ્રી વનમાળી, કેમ દિયો તમે ઠાલી તાળી ॥
શિર આ થકી કપાય શાને, તોય અસિ કહો કેમ આને ॥૧૯॥
પછી સ્વામી કહે સુખધામ, તમે દેનારા છો દોય નામ ॥
કરવો રૂમાલ કે તરવાર, એના કરતલ આપ કિરતાર ॥૨૦॥
આપ છો કાળના પણ કાળ, આપ ભક્ત તણાં પ્રતિપાળ ॥
નથી નથી કોઈ આપ તોલે, આપ વિના તૃણ નવ ડોલે ॥૨૧॥
આપ અનંત ધામના ધામી, આપ સહુથી પર છો સ્વામી ॥
એટલું કહી લાગિયા પાય, ત્યારે બેઠા થયાં પ્રભુરાય ॥૨૨॥
ભેટી પડીયા લઈને બાથ, પછી બોલિયા ગ્રહીને હાથ ॥
મતિ મુક્તમુનિ તણી જેવી, સહુ જનને કરવી તેવી ॥૨૩॥
તેહ વિના નહિ ભાંગે ખામી, ભલે થયાં હશો નિષ્કામી ॥
સુણી શ્રીહરિવરની વાણ્ય, મોદ પામિયા સંત સુજાણ ॥૨૪॥
નિશ્ચય મહાત્મ્યજ્ઞાને સહિત, જેવો મુક્તમુનિને ખચિત ॥
તેનો સૌએ કીધો નિદિધ્યાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિનો નિશ્ચય કહ્યો એ નામે બસ્સો ને તોતેરમું પ્રકરણમ્ ॥૨૭૩॥

INDEX

પ્રકરણ : ૨૭૪

પૂર્વછાયો :

મોટાને મળવા થકી, સુખ પામ્યા જન વિશેષ ॥
મોટાને પામ્યા પછી, કેંક પામ્યા દુઃખ અશેષ ॥૧॥
જાણી મોટાની મરજી, વરતિયાં વચનમાંય ॥
તેને અહોનિશ અંગમાં, સુખ રહ્યું સદાય ॥૨॥
પણ મોટા ભેળે રહ્યો, જો જાણી રુચિ ન લગાર ॥
તે તો રહ્યો પણ નવ રહ્યો, એવાં પણ નરનાર ॥૩॥

ચોપાઈ :

નાના મોટા લહિયા ભણનારા, સર્વે સંત હરિ ભજનારા ॥
રહેતાં મુક્તમુનિ સંગે એહ, મુનિ સાથે છે સહુને સ્નેહ ॥૪॥
કોઈ વ્યાકરણ વિધિ સહિત, કોઈ ભણે વેદાંત ઉચિત ॥
કોઈ ન્યાય શીખે જ્ઞાનવાન, લખે લહિયા શાસ્ત્રા નિદાન ॥૫॥
બીજા રહ્યાં જે સંગે મરાળ, રાખે સેવામાં સહુ સંભાળ ॥
તેમાં શિષ્ય એક સ્વામી કેરા, ભણવા જેને કોડ ઘણેરા ॥૬॥
મુનિ કાજે કરતાં રસોઈ, પણ મન રાખે નહિ પ્રોઈ ॥
અન્ન જોયું ન જોયું લગારે, કરે થાળ પછી અલ્પવારે ॥૭॥
કાચું પાકુ ખારું મોળું જેવું, દિયે જમવા સ્વામીને તેવું ॥
પણ મુક્તમુનિ મુખમાંય, કેદિ વેણ ન ઉચ્ચરે કાંય ॥૮॥
પછી પ્રભુ તણો પરસાદ, જાણી જમે ન કરે વિવાદ ॥
એમ ચાલ્યું ઘણે દન લગી, મુનિ તણી ધીરજ ન ડગી ॥૯॥
એમ કરતાં એક દિવસ, જમતા ખીચડી સ્વામી નિરસ ॥
જમી રહ્યાં મુક્તમુનિ જ્યારે, ઉપડી ઉદરે વેદના ભારે ॥૧૦॥
આફરો ચડ્યો પંડ અપાર, થયું દર્દ અસહ્ય તે વાર ॥
પછી સુતા જૈ આસન વિશે, પેટે પીડા વધે છે અતિશે ॥૧૧॥
સદ્ય વાત ચાલી સંતમાંહિ, પામે પીડા મુક્તમુનિ આંહિ ॥
સુણી દોડિયા સહુ મરાળ, આવ્યાં મુનિ પાસે તતકાળ ॥૧૨॥
ગોપાળાનંદ ને નિત્યાનંદ, ધાઈ આવ્યાં બેઉ જગવંદ ॥
સૂતાં દીઠા ઢોલિયે સુમતિ, ઉદરે ચડ્યો આફરો અતિ ॥૧૩॥

INDEX

પછી પામી ગયાં વરતંત, એવાં કોણ હશે આંહિ સંત ॥
તિયાં તેડાવિયા તે મરાળ, કરતાં સ્વામી તણો જેહ થાળ ॥૧૪॥
દોય મુનિએ ઠપકો દીધો, સત્ય વિવેક સેવાનો કીધો ॥
રાંધો રોટલો ખીચડી જેહ, શુદ્ધ કરી સંવારવું તેહ ॥૧૫॥
એમાં ગાફલ રહેશો લગાર, થાશે વિકૃત અન્ન અપાર ॥
જમે અન્ન જો સ્વામી તે મુખ, પછી પંડે રહે કેમ સુખ ॥૧૬॥
વિષ્ટ[૧] મૂષકવાળું[૨] અનાજ, વણદેખે રાંધ્યું તમે આજ ॥
પછી દીધું સ્વામીને જમવા, તે થકી પીડા પામતા હવા ॥૧૭॥
બોલ્યો સેવક ત્યાં મરડાઈ, આવ્યો છઉં હું ભણવા આંઈ ॥
રાંધુ અન્ન સમારી જો નિત, બેસું લખવા ક્યારે ખચિત ॥૧૮॥
મેલી ભણવાનું પરબારુ, નવ કાજ કરું કોઈ સારું ॥
માટે મું થકી જેટલું થાય, કરું સેવા સંતની સદાય ॥૧૯॥
સુણી ગોપાળમુનિએ વાણ્ય, કરી લીધું એનું પરમાણ ॥
આગે કહેવા રહ્યું નથી કાંય, એમ સમજી રાખ્યું મનમાંય ॥૨૦॥
પછી સંત ખરા એહ ઠામ, મુનિ અનુપમાનંદ નામ ॥
રૂડો રોટલો ખીચડી સોઈ, પોતે જાણતા શુદ્ધ રસોઈ ॥૨૧॥
તિયાં તેડાવિયા તતકાળે, કીધી આગન્યા મુનિ ગોપાળે ॥
હવે તમે જમાડજો સ્વામી, રાખતા નહિ રસોયે ખામી ॥૨૨॥
ધરી આગન્યા મુનિ તે માથે, સ્વામીશ્રીને જમાડતા હાથે ॥
એમ રાજીપો રળ્યા અનંત, મોટા ભેળે રહીને અત્યંત ॥૨૩॥
માન મોટ્યપ ને મનધાર્યું, કરવું જેણે મન વિચાર્યું ॥
મોટા ભેળે રહ્યે થશે ખોટો, અન્ય આગળ્ય ગણાશે છોટો ॥૨૪॥
માટે મોટા આગે મેલી કોડ, ઠેલી મન ઈચ્છાયું કરોડ ॥
રહેવું શુદ્ધ સેવા તણી આશે, કીધું ઘનશ્યામપ્રકાશદાસે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મોટાની સેવાનો વિવેક કહ્યો એ નામે બસ્સો ને ચુંમોતેરમું પ્રકરણમ્ ॥૨૭૪॥

---

૧. અહીં 'વિષ્ટા' ૨. ઉંદર

પ્રકરણ : ૨૭૫

પૂર્વછાયો :

વળી જન સહુ સાંભળો અતિ પાવનકારી ચરિત ॥
નરનારીને જાણવું, છે અવશ્ય ને ઉચિત ॥૧॥
વાણી મીઠી વદતાં, મોટા અરિ પણ વશ થાય ॥
વાણી કડવી બોલતાં, હોય નિજ કેરા પણ જાય ॥૨॥
માટે હરિના જનને, રહે જીહ્વાએ મધુવેણ ॥
તો પછી સંસારમાં, તેને રહે ન જગનું કે'ણ ॥૩॥

ચોપાઈ :

એક સમે સુણો અવિનાશ, રહ્યાં છે કરી ગઢડે વાસ ॥
દઈ જનને દર્શન દાન, રહે રાજી ઘણું ભગવાન ॥૪॥
તિયાં જેતલપુરનાં વાસી, આવ્યા ભક્ત અતિ પ્રભુ પ્યાસી ॥
કહે પ્રભુને પ્રાણજીવન, થયાં ગામ આવ્યે બહુ દન ॥૫॥
માટે મોલ પધારો શ્રીહરિ, અમ સામું જુવો પ્રભુ જરી ॥
ત્યારે બોલિયા સુંદરશ્યામ, પૂરશું અમે સહુની હામ ॥૬॥
હમણાં નહિ અવાય અમથી, પણ કહું છું એટલું કથી ॥
મહામુનિ મુક્તાનંદ સ્વામી, આવી ભાંગશે સહુની ખામી ॥૭॥
એમ કહીને આગન્યા દીધી, મહામુનિએ તો ગ્રહી લીધી ॥
થયાં સાબદા મુનિ તૈયાર, જાવા જેતલપુર મોઝાર ॥૮॥
સંગે લઈ વીસેક મરાળ, જેતલપુરે ગયાં તતકાળ ॥
વાંસજીભાઈ પટેલ જેહ, તેને મેડે આવી રહ્યાં તેહ ॥૯॥
તિયાં ચાલ્યો ઘણો સતસંગ, ચઢ્યો જનને શ્રીહરિરંગ ॥
થયાં જીવ અતિ બળવાન, અહોનિશ સંભારે ભગવાન ॥૧૦॥
એવે સમે અવધથી એક, આવી દ્વેષી જમાત વિશેક ॥
તેણે જાણિયું છે મનમાંય, આંહિ જીવનમુક્તા છે ક્યાંય ॥૧૧॥
કહે પંથ આ ધરોડી જેમ, ફૂલેફાલે છે જગમાં કેમ ॥
નવ રોકીએ જો સહુ એને, જીવવા નહિ દિયે તે કેને ॥૧૨॥
એમ ભર્યો છે મનમાં રોષ, આવ્યાં પુરમાંહિ કાળા મેશ ॥
નથી વસ્ત્રા એકેયને તન, ચીપિયા બોલાવે છન છન ॥૧૩॥

INDEX

કોયે માળા રૂદ્રાક્ષ ધરેલી, કોયે તન ભભૂત ચોળેલી ॥
કોયે કરી ગુચ્છ જેવી દાઢી, કોયે કરી તે નાખેલ કાઢી ॥૧૪॥
જેમ હોય જમ કેરા દૂત, એમ આવી કરે હુતાહુત ॥
પછી પૂછિયું જનને ત્યાંય, બોલો જીવનમુક્તા છે ક્યાંય ॥૧૫॥
ત્યારે બોલ્યું કોઈ જાતાં કેડે, એ છે વાંસજીભાઈને મેડે ॥
તેથી ફોજ થઈને તૈયાર, આવી મેડા પાસે નિરધાર ॥૧૬॥
જાણ્યું સ્વામીએ આવ્યાં છે દ્વેષી, આંહિ કરશે આવી એસી તેસી ॥
તેથી કહ્યું સંતને બોલાવી, મેલો શ્રીફળ સાકર લાવી ॥૧૭॥
વળી રાખ્યું છે રૂડું આસન, તિયાં આવી ચડ્યા એહ જન ॥
ત્યારે ઊભા થઈ સ્વામી પોતે, બોલ્યા વેણ મીઠા નેહ સોતે ॥૧૮॥
આવો આવો પધારોને સંત, કરો મહોલ પુનિત અત્યંત ॥
વૈકુંઠપતિના પાર્ષદ જેવા, આપ આવ્યાં છો દરશ દેવા ॥૧૯॥
એમ કહીને પહેરાવ્યો હાર, સાકર શ્રીફળ દીધાં તે વાર ॥
સુણી સ્વામીનાં વચન એમ, દ્વેષી બોલિયો મુખથી એમ ॥૨૦॥
હમકું સબને ભરમાયા, જૂઠી બાત સહુ સમજાયા ॥
પણ આપ તો સંત મહાન, મીઠે મુખ વચન નિદાન ॥૨૧॥
એટલું કહી કરી પ્રણામ, ગામ બાર ગયાં છે તમામ ॥
પછી જિયાં જિયાં જઈ ફર્યા, ખોટા બોલતાને બંધ કર્યા ॥૨૨॥
તે તો મુક્તમુનિનો પ્રતાપ, મીઠી વાણી રસાળ અમાપ ॥
જેવી જેતલપુરની કહી, વાત વરતાલે પણ થઈ ॥૨૩॥
સુખ દુઃખ તણું મૂળ વાણી, જન ચતુરને લેવું જાણી ॥
ઉચ્ચરે નર વેણ મધુર, તો રહે સુખ તેને જરૂર ॥૨૪॥
માટે જન જે પ્રભુના હોયે, તેને મુખ મીઠા વેણ સોયે ॥
કટુ વેણ નોતરે વિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વાણી માધુર્યતાથી દ્વેષીઓનાં દિલ જીત્યાં એ નામે બસ્સો ને પંચોતેરમું પ્રકરણમ્ ॥૨૭૫॥

પ્રકરણ : ૨૭૬

પૂર્વછાયો :

ભાગ્યવંતી ભોમકા, જ્યાં અવતરે ભગવંત ॥
વળી ધન્ય ધન્ય ધરા, જિયાં પ્રગટે સદ્‌ગુરુ સંત ॥૧॥
શબ્દ સુણતા શ્રવણે, જેના પાપ દૂર પલાય ॥
એવા સદ્‌ગુરુદેવની, સુણજો સહુ કથાય ॥૨॥
દેહ ગેહ ધન ધામને, હરિ હરિજનને કાજ ॥
કરી રાખે જે નેહથી, તે ભક્ત ખરા શિરતાજ ॥૩॥

ચોપાઈ :

રૂડા જેતલપુર મોઝાર, ભલા ભક્ત વસે છે ઉદાર ॥
કણબી કુળમાં જીવણદાસ, રહે જક્ત સુખથી ઉદાસ ॥૪॥
ભજે સહજાનંદ સુખકારી, દ્રઢ નિશ્ચય દલમાં ધારી ॥
ખરા ભક્ત જક્ત નહિ જેને, પ્રભુ વિણ માને નહિ કેને ॥૫॥
હવે એક દિવસની વાત, સુખે સાંભળજો રળિયાત ॥
ગાડુ ડાંગરનું ભરપૂર, ભરી ભક્ત ગયા શ્રીપુર ॥૬॥
એવે સમે જેતલપુરમાંય, મુક્તમુનિ પધારિયાં ત્યાંય ॥
જોઈ જીવણદાસનું ઘર, જાવાનું વિચાર્યું મુદભર ॥૭॥
પણ ભક્ત ભાળ્યા નહિ તિયાં, ઘરદારા દોડી આવી ઈયાં ॥
સહુ સંતને કે'ણ મેલાવ્યું, ઘર અમારુ જ હાથ આવ્યું ॥૮॥
ઘરધણી નથી ઘરમાંય, ત્યારે શું કરશો તમે આંય ॥
હોય જો જમવા તણું કામ, તૈયે શોધી લેજયો બીજું ઠામ ॥૯॥
એવા સુણી સમાચાર સ્વામી, તિયાં થકી ચાલ્યા કરભામી ॥
અન્ય ભક્ત જે જેતલપુર, ગયા તેને ભુવન જરૂર ॥૧૦॥
ત્યાં કરાવ્યા હરિજને થાળ, તે તો જમિયા સરવે મરાળ ॥
જમી બેઠા મુનિ સહુ મળી, સારી શોભે છે સંત મંડળી ॥૧૧॥
પછી સ્વામી કહે આંહિ થકી, હવે જાશું શ્રીનગર નક્કી ॥
તિયાં વાટ જુવે ભક્ત ઘણાં, જેણે નથી સંસારની મણાં ॥૧૨॥
એમ કહી આવ્યાં શ્રીનગર, ગાતાં વાતાં ધૂન્ય મુદભર ॥
તિયાં મળ્યા છે જીવણદાસ, જાણી વાતને થયા ઉદાસ ॥૧૩॥

કરે વિનંતી વારમવાર, મુક્તમુનિ ચરણે અપાર ॥
આણે અંતરમાં અફસોસ, નિજનો સમજી મહાદોષ ॥૧૪॥
હવે સંસાર મારે હરામ, નથી આવ્યો જો સંતને કામ ॥
મુક્તમુનિ સદ્‌ગુરુ મોટા, એની આગળ છે સહુ છોટા ॥૧૫॥
જમ્યા વિણ રહ્યા મુજ ઘેર, મુજ માથે વરત્યો એ કેર ॥
એમ કરગરે ઘણું ઘણું, મુક્તમુનિનું ગ્રહી શરણું ॥૧૬॥
પછી સ્વામીએ ધીરજ દીધી, મળી ભક્તને વિદાય લીધી ॥
પણ જીવણદાસનું મન, શોકસાગરે ડૂબ્યું સઘન ॥૧૭॥
ગાડુ ડાંગર ને બળદિયા, સર્વે વેચીને રૂપૈયા લીધાં ॥
તિયાં થકી ચાલ્યા આવે પોતે, મળવા મોહનને સ્નેહ સોતે ॥૧૮॥
હતા અવિનાશી અગતરાયે, તિયાં આવ્યાં છે દાસ ઉછાયે ॥
ઢોલિયા પર બેઠા'તા હરિ, રૂપૈયા દીધા ઢગલા કરી ॥૧૯॥
કહે સાધુ કરો મહારાજ, ઘડી રહું નહિ ઘેર આજ ॥
મોટા સદ્‌ગુરુ તણી સેવ, એતો ઈચ્છે મોટા મોટા દેવ ॥૨૦॥
એવી ટેલ્ય જો મુંથી ન થાય, તો તો વેઠ કરી ઘરમાંય ॥
મુક્તાનંદ સ્વામી મહારાજ, મુજ ઘેર આવ્યાં શિરતાજ ॥૨૧॥
પણ રહી મારે બહુ ખામી, જમ્યા વિણ સધાવિયા સ્વામી ॥
એવું સાંભળી સરવે જન, ઘણું આશ્ચર્ય પામિયા મન ॥૨૨॥
બોલે માંહોમાંહિ એમ મળી, આવી વાત ન દીઠી સાંભળી ॥
સર્વે શાસ્ત્રમાં વાત સાંભળી, આજના જેવી ક્યાંઈ ન મળી ॥૨૩॥
જેણે સેવ્યા સદ્‌ગુરુ ભાવે, તેની તોલે ત્રિલોકે ન આવે ॥
કાં જે સંતમાં શ્રીહરિ રહ્યા, સર્વ શાસ્ત્રએ વચન કહ્યા ॥૨૪॥
માટે શુદ્ધ સદ્‌ગુરુ સેવો, અન્ય ઉચાટ પરહરિ દેવો ॥
ત્યારે રાજી થાશે અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે જેતલપુરના જીવણદાસ સાધુ થવાં આવ્યાં એ નામે બસ્સો ને છોતેરમું પ્રકરણમ્ ॥૨૭૬॥

પ્રકરણ : ૨૭૭

પૂર્વછાયો :

અલૌકિક લીળા કરી, જેતલપુર મોઝાર ॥
હોંશ ઘણી હૃદે ભરી, તે કરું કથાનો ઉચ્ચાર ॥૧॥
જન જેતલપુરના, જેણે રાજી કર્યાં મહારાજ ॥
ભાવ થકી ભક્તિ કરી, થયાં સત્સંગમાં શિરતાજ ॥૨॥
ગંગાદાસ ને આસજી, આદિ ભક્ત રહે ભાઈ ॥
પુત્ર પ્રભુને માનતા, એવા વસે ગંગામાંઈ ॥૩॥

ચોપાઈ :

એવા જન પરમ પાવન રે, ભાવે ભજે શ્રી જગજીવન રે ॥
તિયાં વાલાએ વીસ મરાળ રે, મેલ્યા'તા ભણવાને દયાળ રે ॥૪॥
સહુમાં મોખરે મુક્તમુનિ રે, રાખ્યા લેવા સંભાળ સહુની રે ॥
ભણે ને ભણાવે સ્વામી પોત્યે રે, સંતો સાચવે છે સ્નેહ સોત્યે રે ॥૫॥
એવા સમે શ્રી સુંદરશ્યામ રે, ફરતા ફરતા બહુ ગામ રે ॥
હેતે જેતલપુર પધાર્યા રે, જનને મન મોદ વધાર્યા રે ॥૬॥
તિયાં આવ્યા મુનિજન મળી રે, કરે દર્શન નાથના લળી રે ॥
ગાય કીર્તન થાય કિલોળ રે, થયો હરિજનમાં હિલોળ રે ॥૭॥
પછી ઘોડે ચડી ઘનશ્યામ રે, આવ્યા પુરમાં પૂરણકામ રે ॥
બેઠા મહોલમાંહિ વનમાળી રે, ઓટા ઉપર ઢોલિયો ઢાળી રે ॥૮॥
પાઘમાં તોરા લટકે ઉદાર રે, પાઘ દેખી ઉપજે છે પ્યાર રે ॥
સોનેરી શેલે કમર કસી રે, બાજુબંધ રહ્યા છે વિલસી રે ॥૯॥
રંગભીનો લાગે અતિ પ્યારા રે, શ્વેત ઝીણા વાઘે બહુ સારા રે ॥
પછી અમૃત સમ રસાળ રે, બોલ્યા વાણી જન પ્રતિપાળ રે ॥૧૦॥
સુણો સાધુ સર્વ સુખકારી રે, કહુ વાત રહસ્યની સારી રે ॥
સ્થાનભૂત સાધુગુણ જેહ રે, વળી શાંત મન અતિ તેહ રે ॥૧૧॥
જીવ પ્રાણીનું હિત કરનારા રે, મુક્તમુનિ સહુ થકી ન્યારા રે ॥
જિયાં જિયાં વિચરે છે આપ રે, જન કોટિ કરે નિષ્પાપ રે ॥૧૨॥
જે જે જીવ જોડે મોક્ષમગે રે, તે તો કલ્યાણ થકી ન ડગે રે ॥
પ્રિય સત્ય ને કોમળ વાણ રે, જણ સુણે જે તેની પ્રમાણ રે ॥૧૩॥

અરિ મટીને થાય છે મિત્ર રે, થાય આતમ એનો પવિત્ર રે ॥
જે જે ઈશ્વર સુર કહાવે રે, મુખે સંતગુણ બહુ ગાવે રે ॥૧૪॥
માટે એથી અધિક આ સંત રે, સત્ય માનજો વાત અમળ રે ॥
પછી પ્રભુ બોલ્યા મોદ લાઈ રે, મુક્તમુનિ પ્રતિ મલકાઈ રે ॥૧૫॥
શી છે સ્વામી તમારી સામર્થી રે, દેખી અન્ય જગે એવી નથી રે ॥
અમે જે જે જઈએ ધામ વિશે રે, આપ ગુણ ગવાય અતિશે રે ॥૧૬॥
જેહ શાસ્ત્રમાં ગુણ કહ્યા છે રે, તેહ આપમાં વસી રહ્યા છે રે ॥
ત્યારે સ્વામી કહે સુણો નાથ રે, નથી વાત મારે એવી હાથ રે ॥૧૭॥
ભાંગી તુંબડી કરવા સાજી રે, હું તે જાણું નહિ કોઈ બાજી રે ॥
વળી કહો ઈશ્વરથી અધિક રે, નવ લાગે તે મુને ઉચિત રે ॥૧૮॥
માટે તેનું કરો સમાધાન રે, એવા આપ જ એક નિદાન રે ॥
નથી એ વિના સમર્થ કોય રે, સુણી બોલિયા શ્રીહરિ સોય રે ॥૧૯॥
પૃથ્વી થકી દશગણું જળ રે, તેથી તેજ એટલું અમળ રે ॥
તેથી વાયુ દશ ગણો જાણો રે, આકાશ તેથી તેટલો પ્રમાણો રે ॥૨૦॥
એથી દશગણો અહંકાર રે, તેથી મહતત્ત્વ નિરધાર રે ॥
તેથી પ્રધાન પ્રકૃતિ મોટા રે, તે તો અક્ષર આગે જ છોટા રે ॥૨૧॥
તેને રહેવા તણું બ્રહ્મધામ રે, જિયાં પહોંચે ન માયા લગાર રે ॥
પણ તમે તુચ્છ જીવ તણું રે, કાંડુ ઝાલી ફેંકો દૂર ઘણું રે ॥૨૨॥
તે તો પાર પહોંચે બ્રહ્મમોલ રે, પામે પદ અભય અતોલ રે ॥
કાળ માયાથી ખાય ન થાપ રે, એવો અનંત આપ પ્રતાપ રે ॥૨૩॥
આપ તોલે ત્રિલોકે ન કોય રે, પ્રિય આપ થકી નહિ મોય રે ॥
માટે સુર ઈશ્વર નિદાન રે, તેથી આપ અધિક મહાન રે ॥૨૪॥
એવો સ્વામી કેરો મહિમાય રે, પ્રભુ થાકે ન કહેતાં જરાય રે ॥
ત્યાર કેડ્યની વાત ઉલ્લાસે રે, ઘનશ્યામપ્રકાશ તે ગાશે રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે જેતલપુરમાં મુક્તમુનિનો મહિમા કહ્યો એ નામે બસ્સો ને સિત્તોતેરમું પ્રકરણમ્ ॥૨૭૭॥

પ્રકરણ : ૨૭૮

પૂર્વછાયો :

જેતલપુરની જાગ્યના, અતિ ભાગ્ય ઉઘડ્યા આજ ॥
મુક્તમુનિનો મહિમાં, મુખોમુખ કહે મહારાજ ॥૧॥
લેરી આવ્યા ઘણું લેરમાં, હૈડે હરખ ન માંય ॥
ગુણ કહેતાં ગુરુદેવના, હદ વાળી હરિએ ત્યાંય ॥૨॥
ત્યાર પછી સભામાંહિ, વિશ્વચૈતન્યાનંદ સંત ॥
વેણ કહ્યા હરિરાયને, શંક ઉપજાવી અત્યંત ॥૩॥

ચોપાઈ :

દયાનિધિ છો આપ ઉદાર, કરુણા રસે ભર્યા અપાર ॥
મુક્તમુનિનો મહિમા ગાઈ, તમને મોદ રહ્યો છલકાઈ ॥૪॥
તેનું કર્યું છે મંડન બહું, તેહ જાણિયું મુનિએ સહું ॥
તેથી મુક્તમુનિ વિશે એક, જન રાખશે ભાવ વિશેક ॥૫॥
સહુ જન માનશે તેમને, નહિ માને નર કોઈ અમને ॥
એવું સુણી બોલ્યા બહુનામી, એટલી આપને રહી ખામી ॥૬॥
મુક્તમુનિ જ એક છે માન્ય, બીજા સંત બધા અવમાન્ય ॥
નથી એવો મેં લખ્યો કાગળ, સતસંગી વિશે કોઈ પળ ॥૭॥
કે નથી મેલી આગન્યા એવી, સાર મુક્તાનંદની જ લેવી ॥
તોય સદ્‌ગુરુ શ્રેષ્ઠ તે જાણી, સદ્‌ગુણની ખાણ પ્રમાણી ॥૮॥
સતસંગીજનો સવિશેષ, માને ગુરુદેવને હંમેશ ॥
માટે જાણી લેજયો મનમાંથી, મળે સંત સુલભ તે ક્યાંથી ॥૯॥
ઓપે સદ્‌ગુણે સંત જેહ, તેને સેવો સહુ ધરી નેહ ॥
સાધુતા કેરુ ગૌરવ મોટુ, મળે નહિ કાઢે મર દોટુ ॥૧૦॥
જેમ રજ સુંઘે સુગંધીના, ફરી ફરી મધુપ નવીના ॥
ખગ સેવે તરુ ફળદાર, તેમ જન સેવે સંત સાર ॥૧૧॥
મોટા સંતને જયારે જમાડે, કોટિ યજ્ઞનું પુણ્ય પમાડે ॥
એવા એ જેવા એક જ સ્વામી, મુક્તમુનિ મહાસુખધામી ॥૧૨॥
તેના પાવન જુગલ ચરણ, શરણાગત કાજે ભયહરણ ॥
તેના દર્શ સ્પર્શ કરે કોય, અઘ ઓઘ નાશે એના સોય ॥૧૩॥

કરે અર્પણ વસન અંગ, તેને મેલાવે માયાનો જંગ ॥
એવા એ જેવા એક જ સ્વામી, મુક્તમુનિ મહાસુખધામી ॥૧૪॥
તેહ નાયા જે નદી તળાવે, સરોવર સમુંદરે ભાવે ॥
થયા તીર્થ પળમાં તે ઠામ, એવા કોણ બીજા સુખધામ ॥૧૫॥
તેના શરણે બેઠા જે આપ, તેના ટાળ્યા પોતે ત્રય તાપ ॥
એવા એ જેવા એક જ સ્વામી, મુક્તમુનિ મહાસુખધામી ॥૧૬॥
જેણે દીઠાં ભાવે કરી દ્રગે, તેને દોયલું નથી મોક્ષમગે ॥
પ્રણિપાત કીધા કરી પ્યાર, તે તો કોટિ ગયા ધામ ચ્યાર ॥૧૭॥
જેણે પૂજવે થકી પ્રસન્ન, પૂજાયા પ્રેમે જગજીવન ॥
એવા એ જેવા એક જ સ્વામી, મુક્તમુનિ મહાસુખધામી ॥૧૮॥
જેણે સુણી એ સંતની વાત, ધર્યા નિયમ થઈ રળિયાત ॥
તે તો પૂરણ પ્રાપતિ પામ્યો, જક્ત પાશ જૂઠો સહુ વામ્યો ॥૧૯॥
જેની ક્રિયામાં રહ્યા છે કાન, ભક્તિ વિણ જેને નહિ તાન ॥
એવા એ જેવા એક જ સ્વામી, મુક્તમુનિ મહાસુખધામી ॥૨૦॥
સર્વે પર જે પુરુષોત્તમ, કારણના કારણ અનુપમ ॥
તેને ધરી રહે હૃદામાંય, જક્ત સુખ ઈચ્છે નહિ કાંય ॥૨૧॥
દ્રઢ નિશ્ચય એવો છે મારો, એમાં આવે ન ઓટને વારો ॥
એવા એ જેવા એક જ સ્વામી, મુક્તમુનિ મહાસુખધામી ॥૨૨॥
ધાર્યું અમારું સરવે થાય, અનંત કોટિ બ્રહ્માંડની માંય ॥
તેમ અમારે પ્રતાપ થકી, થાય ધાર્યું તેનું સહુ નક્કી ॥૨૩॥
એમ સુંદરશ્યામ સુજાણ, વદે અમળ મધુર વાણ્ય ॥
મુક્તકંઠે મહામુનિ તણો, જનને કીધો મહિમાં ઘણો ॥૨૪॥
તેને ગાશે જે નર સુમતિ, તેના રહેશે નહિ પાપ રતિ ॥
અંતે થાશે અક્ષરમાં વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે જેતલપુરમાં મુક્તમુનિનો મહિમા કહ્યો એ નામે બસ્સો ને અઠ્યોતેરમું પ્રકરણમ્ ॥૨૭૮॥

પ્રકરણ : ૨૭૯

પૂર્વછાયો :

હરિવર રીઝાવવા, મહામુનિ મુક્તાનંદજી ॥
ગાન કરે મસતાઈમાં, વિધવિધ વાજાઓ સજી ॥૧॥
ભાન ભૂલે નિજતનનું, થાય મૂરતિમાં ગરકાવ ॥
સ્મૃતિ રહે નહિ લોકની, હૃદયે ધરી રહે માવ ॥૨॥
તેહ વાતને વરણવું, સાંભળજો નરનાર ॥
મહામુનિના ગુણલાં, ગાવા તૃપ્તિ ન થાય લગાર ॥૩॥

ચોપાઈ :

થઈ મૂરતિમાં મસતાન, જ્યારે મુક્તમુનિ કરે ગાન ॥
ત્યારે રાજી થઈ હરિરાય, દેતા મોજ મુનિને સદાય ॥૪॥
ક્યારે મળતા બાથમાં ઘાલી, ક્યારે હાર દેતા સામાં ચાલી ॥
ક્યારે છાતીએ ચાંપ્યા ચરણ, અતિ પુનિત ભયહરણ ॥૫॥
ક્યારે વસ્ત્ર દીધાં ધોળા પાંચ, ક્યારે થાળ દીધાં કહું સાચ ॥
ક્યારે દિયે સુમનના હાર, રાજી થઈને ધર્મકુમાર ॥૬॥
મુક્તમુનિનું ગાન છે એવું, નથી જોયું જક્તમાં એ જેવું ॥
જ્યારે ગાય કંઠે જે જે રાગ, સુણી વાધે એમાં અનુરાગ ॥૭॥
જ્યારે રાગ વસંતનો ગાય, ત્યારે રાગ મૂર્તિમાન થાય ॥
એવું સંગીત સ્વામીનું સારું, વારે વારે હું મુખે ઉચ્ચારુ ॥૮॥
વળી એક સમે વરતાલ, પ્રેમે સંભારીને પ્રતિપાલ ॥
મુક્તમુનિએ વીણા વગાડી, ગાઈ ષટ્પદી તેહ દાડી ॥૯॥
ત્યારે સ્વામીનો ભાવ નિહાળી, પ્રભુ તાલમાં દિયે છે તાળી ॥
એવું દેખી સ્વરૂપ અવશ્ય, થયા છે જન સમાધિવશ ॥૧૦॥
કરગ્રહી જ્યારે કરતાલ, મુનિ નૃત્ય કરે દઈ તાલ ॥
બાંધી ઘુંઘરુ પગમાં પ્રીત્યે, પ્રભુ રીઝાવે વિવિધ રીત્યે ॥૧૧॥
જાતાં બામણોલી બળવંત, લઈ તખા પગી ઘેર સંત ॥
ચાલ્યાં આવે હરિજન સહુ, ગાતાં વાતાં કીરતન બહુ ॥૧૨॥
તિયાં મુક્તાનંદ મુનિરાયે, કરતાલ ગ્રહી કરમાંયે ॥
કીધું નૃત્ય નવીન હુલાસે, આવ્યાં સુર જોવા તણી આશે ॥૧૩॥

INDEX

બેઠા માણકીએ બહુનામી, મોર્ય ચાલે પાછા પગે સ્વામી ॥
પગે બાંધી ઘૂઘરિયું ઘેરી, રૂડી રણકે બહુ અનેરી ॥૧૪॥
માંડે પાવ સ્વામી કરી ભાવ, માંડે માણકી એટલો પાવ ॥
દેખી સ્થિર થયાં સુખધામ, મેલી કરથી માવે લગામ ॥૧૫॥
મુખ થકી કરે મુનિ ગાન, નાદ નીસરે ઘુંઘરે નિદાન ॥
વળી ધ્વનિ ગાજે કરતાલે, ત્રણે ચાલે જાણે એક તાલે ॥૧૬॥
દેખી નૃત્ય મુનિનું અનુપ, જન થયાં છે ચિત્ર સ્વરૂપ ॥
એમ કેંકવાર મુનિરાય, નૃત્ય કરી રીઝ્યા હરિરાય ॥૧૭॥
મુનિ ગાનમાં થાય મસ્તાન, તેને સુણે જે નર નિદાન ॥
ભાંગે સંશય સરવે તેનાં, સતસંગી થાય મન એનાં ॥૧૮॥
વળી વસો કર્યો જ્યારે વાસ, રહે કાછિયો ત્યાં હરિદાસ ॥
તેની ઓરડીએ રહી સ્વામી, ગાતા રીઝાવા અંતરજામી ॥૧૯॥
જન ગામના વાંસજીભાઈ, તુલસીભાઇ ને દાદોભાઈ ॥
તેણે કર્યો તો મન વિચાર, મળે નહિ જો જગદાધાર ॥૨૦॥
જઈ પંડ પાડવું હિમાળે, પણ ન રહેવું સંસાર જાળે ॥
પણ સાંભળ્યું સ્વામીનું ગાન, થયાં શુદ્ધ અંગમાં નિદાન ॥૨૧॥
વ્રતમાન લીધાં મુનિ હાથ, એવી અનંત પ્રકટ ગાથ ॥
ગાનમાંહિ રહ્યું એવું જ્ઞાન, જન થાય સુણી મતિવાન ॥૨૨॥
અષ્ટકવિ કહેવાય જે સંત, તેમાં મુક્તમુનિ છે મહંત ॥
મીઠી વાણ્ય ને ગાન મધુર, સુણી સંતાપ નાસે જરૂર ॥૨૩॥
ગાન વાદન નર્તન સહુ, એમાં પ્રવીણ છે પોતે બહુ ॥
એક સ્વામી જેવા સ્વામી એક, બીજા નથી જ એથી વિશેક ॥૨૪॥
અહો અહો ધન્ય ભાગ્ય મારા, કેવા મળ્યાં છે પાલનહારા ॥
તેને સંભાર્યે થાય ઉલ્લાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિનું સંગીત વર્ણવ્યું એ નામે બસ્સો ને ઓગણાએંસીમું પ્રકરણમ્ ॥૨૭૯॥

પ્રકરણ : ૨૮૦

પૂર્વછાયો :

વળી કહું હું હેતથી, મુનિના ચરિત્ર હુલાસ ॥
જેમ સંભારું સ્નેહથી, તેથી અંતર થાય ઉજાસ ॥૧॥
મુનિ સકળ શિરોમણિ, અતિ મતિ રતિ હરિમાંય ॥
સુખ દુઃખ સમ વરતે, જાણે હરિ સદા સુખદાય ॥૨॥
નથી નથી તેને મનમાં, જક્ત સુખની એષણા ॥
આઠું જામ ભજનમાં, રાખે નહિ કાંઈ મણાં ॥૩॥

ચોપાઈ :

ધન્ય ધન્ય છે ગુર્જર દેશ, તેમાં ધન્ય વાકળ પ્રદેશ ॥
તિયાં ગામ કરાલિયે વાસ, કરે અમીન રણછોડદાસ ॥૪॥
પોતે ભક્ત પ્રભુના ભાવિક, પણ કરે પડે મન ઠીક ॥
તેણે પરણાવ્યા સુત ચ્યાર, કર્યો લોક તણો વ્યવહાર ॥૫॥
ચારના ઘર ચાર બનાવ્યા, રૂડાં રંગ રોગાન કરાવ્યાં ॥
મણાં રાખી ન ભુવનમાંય, રૂડી પેર સજાવ્યા સમાય ॥૬॥
પછી એક સમે અવિનાશે, કીધી આગન્યા એમ હુલાસે ॥
જાઓ મુક્તમુનિ લઈ સંત, વિચરો વાકળ દેશ અત્યંત ॥૭॥
તેથી મુનિ ચાલ્યાં કરભામી, લીધાં મુનિ વીશ અનુગામી ॥
આવ્યાં કરાલી ગામ કૃપાળ, કરી ભક્તની બહુ સંભાળ ॥૮॥
દાસ રણછોડ અમીન જેહ, તેને ઘેર રહ્યાં મુનિ તેહ ॥
કર્યાં કથા કીરતન ધૂન્ય, પણ દાસ રહે મુખે મુન્ય ॥૯॥
દાસ તો રહે મન મગન, રાખે ખબર ન કોઈ દન ॥
અન્ન વસ્ત્ર સામગરી તણું, કાંઈ પૂછે ન મુનિને અણું ॥૧૦॥
તોય મુનિ રહ્યાં દોઢ માસ, કીધાં જનને મોદ હુલાસ ॥
પછી ત્યાં થકી ચાલિયા સ્વામી, આવ્યાં અટલાદરે અકામી ॥૧૧॥
ત્યાંથી પાદરે પધારી મુનિ, લીધી સાર ત્યાં જન સહુની ॥
પછી ત્યાંથી સધાવી અનેક, ફર્યા ગામ સ્વામીશ્રી વિશેક ॥૧૨॥
ચરોતરે ગયાં ત્યાંથી ચાલી, તિયાં જનને સુખ જ આલી ॥
આવ્યાં ગઢપુરે મુનિરાય, મળ્યાં મહારાજને સુખદાય ॥૧૩॥

INDEX

હતી પૂન્યમ માણેકઠારી, આવ્યાં અનેક ત્યાં નરનારી ॥
આવ્યાં રણછોડદાસ અમીન, રાખી ભાવ હૃદામાં નવીન ॥૧૪॥
તિયાં સભા કરી ઘનશ્યામ, બેઠા ઢોલિયે પૂરણકામ ॥
પછી સ્વામીને પૂછે શ્રીહરિ, સ્વામી આવ્યાં તમે બહુ ફરી ॥૧૫॥
કહો કેટલું રહ્યાં કરાલી, ત્યાંથી ગયાં તમે કિયાં ચાલી ॥
ત્યારે સ્વામી કહે અવિનાશ, રહ્યાં કરાલીએ દોઢ માસ ॥૧૬॥
ભલા ભક્ત અમીન રણછોડે, કર્યાં નૂતન ભુવન કોડે ॥
તિયાં રહ્યાં અમે હરખાય, થયાં સતસંગી જન ત્યાંય ॥૧૭॥
ત્યારે બોલિયો ભક્ત વચન, તમે ન આવ્યાં મારે ભુવન ॥
ભાળો એક જ દાદાનું ઘર, બીજું ભાળો ન તમે ભૂધર ॥૧૮॥
એવાં મર્મ વચન સાંભળી, ઊઠી બોલ્યા બહુનામી વળી ॥
પુત્ર કાજે કીધાં ઘર તમે, પછી ત્યાં આવીએ શીદ અમે ॥૧૯॥
મુક્તમુનિ રહ્યાં દોઢ માસ, કેદિ પૂછિયું શું જઈ પાસ ॥
અન્ન વસ્ત્રનું કાંઈ ન કીધું, જે જે જોઈએ તે સીધું ન દીધું ॥૨૦॥
તો પછી શીદ આવીએ અમે, સુત સંગે રહો સુખે તમે ॥
નૃપ ઉત્તમને દરબાર, રહે પરમહંસ ઉદાર ॥૨૧॥
સુખ સંપત ને ધનધામ, રાખ્યું મુજ અર્થે આહું જામ ॥
માટે રહ્યાં છીએ તેને ઘેર, અઢળક ઢળી કરી મેર ॥૨૨॥
ત્યારે દાસ બોલ્યા જોડી હાથ, ભૂલ્ય માફ કરો મારા નાથ ॥
રહ્યાં સંત અમારે ભુવન, પણ હું રહ્યો મન મગન ॥૨૩॥
ભૂલ્યો સેવા તણી રૂડી રીત્ય, સંત સેવ્યા નહિ મેં ઉચિત્ય ॥
એમ લળી લળી લાગે પાય, વેણે વિનવે શ્રીહરિરાય ॥૨૪॥
પછી દયાળુએ કરી દયા, દાસને ક્ષમાવચન કહ્યાં ॥
ત્યાર કેડ્યે વળી તેને હાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રણછોડ ભક્તની ભૂલ સુધારી એ નામે બસ્સો ને એંસીમું પ્રકરણમ્ ॥૨૮૦॥

INDEX

પ્રકરણ : ૨૮૧

પૂર્વછાયો :

સંત ચરિત સુણતાં, મન પામે પળ વિરામ ॥
સંભારતાં સુખ ઉપજે, એવા સંત છે સુખધામ ॥૧॥
કોટિ જન્મના પુણ્યથી, વાધે હરિકથામાં હેત ॥
શ્રવણ જોને માંગિયા, ભૂપ પૃથુએ ભાવ સમેત ॥૨॥
માટે લીલા હું વરણવું, વારે વારે કરીને પ્યાર ॥
મેલી આળસ પ્રમાદને, સહુ સાંભળજો નરનાર ॥૩॥

ચોપાઈ :

જેનું નામ લીધે મુખે જન રે, થાય નિર્મળ મન પાવન રે ॥
શાંત સ્વભાવ પર ઉપકારી રે, શરણાગતવત્સલ ભારી રે ॥૪॥
નર હોય જો ક્રોધી કરુર રે, કરે પળમાં શાંત જરૂર રે ॥
એવાં મહામુનિ મુક્તાનંદ રે, કહું વાત તેની સુખકંદ રે ॥૫॥
પોતે વિરાજે ગઢડે ગામ રે, સંત પાળા છે વર્ણી તમામ રે ॥
બેઠા સભા કરી બળવંત રે, સામા બેઠા મળી સહુ સંત રે ॥૬॥
પછી બોલિયા પ્રાણઆધાર રે, પરમહંસ થાઓ કોઈ ત્યાર રે ॥
ક્રોધ જીતવાનું બીડું ગ્રહો રે, હોય એવાં જો કોઈ તો કહો રે ॥૭॥
ત્યારે મુક્તમુનિ જોડી હાથ રે, કહે ઝાલીશ બીડું હું નાથ રે ॥
સુણી રાજી થયાં ભગવન રે, મુનિ ઉપર્યે થયાં પરસન રે ॥૮॥
તિયાં ક્રોધ મૂર્તિમાન બણી રે, દોડી આવ્યો મહામુનિ ભણી રે ॥
કહે સ્વામી કૃપા કરો કાંય રે, રાખો આપ શરણે સદાય રે ॥૯॥
હવે સંત કેદિ ન સંતાપું રે, નક્કી વચન એટલું આપું રે ॥
રાખો મું પર મેર્ય લગાર રે, હરિજનમાં રહું ન ઠાર રે ॥૧૦॥
સુણી વાત ક્રોધ કેરી સ્વામી રે, કહે શ્રીહરિને કરભામી રે ॥
ક્રોધ આવિયો મુજ શરણ રે, તમે કરો તેહનું રક્ષણ રે ॥૧૧॥
વાત સાંભળી સ્વામીની જ્યારે રે, દીધી પ્રસાદી ક્રોધને ત્યારે રે ॥
પછી નાથે મેલ્યો માથે હાથ રે, ક્રોધે જાણિયું મળી મિરાંથ રે ॥૧૨॥
કરી પ્રભુ પ્રદક્ષિણા પોત્યે રે, લાગ્યો પાય લળી સ્નેહ સોત્યે રે ॥
પછી ત્યાંથી ગયો તે સધાવી રે, રહ્યો રાધાવાવે પછી આવી રે ॥૧૩॥

INDEX

નાહી નીસર્યો જઈ ગગન રે, મુખે બોલતો જય મગન રે ॥
ના'શે રાધાવાવે જે અસુર રે, કે વળી ઉન્મત્તગંગે જરૂર રે ॥૧૪॥
નહિ પામે તે અસુરપણું રે, છાંડી દેશે પાપાચાર ઘણું રે ॥
વળી મુક્તમુનિ મહાસંત રે, ગ્રે'શે શરણ એનું અત્યંત રે ॥૧૫॥
પછી અદૈવી દૈવી તે થાશે રે, દૈત્યપણું તેનું સહુ જાશે રે ॥
તેને તેડવા આવશે નાથ રે, અંત સમે લેશે હરિ હાથ રે ॥૧૬॥
એમ કહી સધાવિયો ક્રોધ રે, ગયો દઈ જનને સુબોધ રે ॥
ત્યારે રાજી થયાં બહુનામી રે, કહે ધન્ય મુક્તાનંદ સ્વામી રે ॥૧૭॥
કર્યો ક્રોધને આપે નિહાલ રે, માટે ઉપજ્યું અમને વહાલ રે ॥
કરશું પૂજા પરાણે તમારી રે, સુણી લેજ્યો તે ઇચ્છા અમારી રે ॥૧૮॥
નહિ ચાલે કોઈ આનાકાની રે, કહી દીધાં વસ્ત્ર ઝરિયાની રે ॥
પછી ભેટ્યા ભુજ ભરી નાથ રે, લીધાં મુક્તાનંદજીને બાથ રે ॥૧૯॥
ચારુ ઉપચારુ આણી સોળ રે, પૂજા કરી કીધાં તરબોળ રે ॥
પછી નાથ કહે લિયો માંગી રે, દેશું તમને અમે અનુરાગી રે ॥૨૦॥
ત્યારે સ્વામી રહ્યાં કરભામી રે, પ્રભુ આપ તો અંતરજામી રે ॥
સર્વ જીવની જાણો છો વાત રે, પ્રકટ પુરુષોત્તમ સાક્ષાત રે ॥૨૧॥
આપ આગન્યાએ આહું જામ રે, વરતું વચને પૂરણકામ રે ॥
તવ મૂર્તિમાંહિ મારું મન રે, રહે નિરંતર ભગવન રે ॥૨૨॥
માંગુ છું એટલું જોડી હાથ રે, દેજ્યો દયા કરી દીનાનાથ રે ॥
ત્યારે બોલ્યા હરિ હરખાય રે, એવાં રહ્યાં છો આપ સદાય રે ॥૨૩॥
પછી જમવા ઊઠ્યા દયાળ રે, તેડ્યા મુનિ ભેળા તતકાળ રે ॥
જમ્યા જોડે સ્વામી ને શ્રીહરિ રે, એવી લીલા ગઢપુરે કરી રે ॥૨૪॥
પછી મુક્તમુનિને મંડળ રે, દીધી વધી પ્રસાદી અમળ રે ॥
બીજા સંત જમાડિયા વાંસે રે, કીધું ઘનશ્યામપ્રકાશદાસે રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ક્રોધ સ્વામીને શરણે આવ્યો એ નામે બસ્સો ને એકાશીમું પ્રકરણમ્ ॥૨૮૧॥

પ્રકરણ : ૨૮૨

પૂર્વછાયો :

હવે લીલા ગઢપુરની, કહું એકાદશીની અપાર ॥
સુણતા સુખડું ઉપજે, વાધે પ્રભુમાં પ્યાર ॥૧॥
અવિનાશી અલબેલડો, હતાં અક્ષરઓરડીમાંય ॥
તિયાં સંત પધારિયા, મળ્યાં હરિને હરખાય ॥૨॥
ત્યાર પછી મોહનજી, પૂછે મુક્તમુનિને મગન ॥
આવી તિથી કઈ આજની, તે કહો મુને પ્રસન્ન ॥૩॥

ચોપાઈ :

સુણી બોલ્યા મહામુનિરાજ રે, આવી રૂડી એકાદશી આજ રે ॥
સંત જન થયાં છે તૈયાર રે, કરવા ભજન પ્રેમે અપાર રે ॥૪॥
ત્યારે બોલિયા જગજીવન રે, સુખે કરો હરિનું ભજન રે ॥
ઘણો વીત્યો છે રજનીકાળ રે, જાશું પોઢવા અમે મરાળ રે ॥૫॥
વાત એટલી મુનિને કરી રે, ઘડી દોય બેઠા તોય હરિ રે ॥
પછી સધાવિયા મુક્તાનંદ રે, આવ્યાં સંત ભેળા સુખકંદ રે ॥૬॥
નૃપ ઉત્તમને દરબાર રે, મુનિ ગાન કરે નિરધાર રે ॥
વર્ણી પાળા મરાળ સહિત રે, થયાં જન ત્રણસો ખચિત રે ॥૭॥
બ્રહ્માનંદ મુનિ ઊંચે સાદ રે, ગાય ગરબિયું કરી યાદ રે ॥
એક ઝીલાવે ઝીલે તમામ રે, લિયે રાસ મુનિ અભિરામ રે ॥૮॥
મુનિમંડળી જામી અપાર રે, ચહુ દિશ થયો જેજેકાર રે ॥
મુનિ ગાય ગરબી પ્રસન્ન રે, સુણે સૂતાં સૂતાં ભગવન રે ॥૯॥
પછી ચડ્યું શ્રીહરિને તાન રે, પૂછ્યું કોણ કરે આવું ગાન રે ॥
સુણી બોલ્યા રતનજી વાણ્ય રે, કરે ગાન તે સંત સુજાણ રે ॥૧૦॥
ત્યારે નાથ કહે ધન્ય ધન્ય રે, સુફળ થયો એકાદશી દન રે ॥
કરે ભજન રજનીમાંય રે, ત્યારે પૂરણ ફળ પમાય રે ॥૧૧॥
વળી સંત સહુ ઉપવાસી રે, રમે રાસ મેલીને ઉદાસી રે ॥
માટે મુંથી હવે ન રહેવાય રે, મન જાવા તિયાં હરખાય રે ॥૧૨॥
ચડ્યો ચિત્તે પ્રભુને ઉમંગ રે, અવિનાશી આવ્યાં મુનિસંગ રે ॥
અંગે ધારી અંગરખી લાલ રે, રૂડો પેર્યો પછી સુરવાલ રે ॥૧૩॥

INDEX

ખંભે કસ્યો છે રેશમી ખેસ રે, લટકા કરી આવે પરમેશ રે ॥
કર્યો પ્રવેશ રાસ મોઝાર રે, વાધ્યો સંતને હર્ષ અપાર રે ॥૧૪॥
ઘૂઘરા પગમાંહિ ઘમકે રે, ધ્રમ ધ્રમ ધરણી ધમકે રે ॥
સારો સ્વર જે સખાનો જાણે રે, વ્હાલો વારંવાર વખાણે રે ॥૧૫॥
ઠમકે બેઉ પાવ ઉપાડે રે, તાનમાં તાળી રૂપાળી પાડે રે ॥
પણ રમે એવું અલબેલ રે, તેથી જુદો પડ્યો કાંઈ ખેલ રે ॥૧૬॥
બોલ્યા બ્રહ્મમુનિ દેખી તેહ રે, તમને ફાવે નહિ પ્રભુ એહ રે ॥
જ્યારે મુનિ નમે દઈ તાળી રે, ત્યારે થાવ ઊભા વનમાળી રે ॥૧૭॥
વળી થાય ઊભા સંત જ્યારે રે, નમો તાળી દઈ તમે ત્યારે રે ॥
ત્યારે નાથ કહે એ જ સાચું રે, પણ મુનિ કહે એ છે કાચું રે ॥૧૮॥
ચાલ્યો વાદ તિયાં બહુવાર રે, પછી બોલિયા પ્રાણઆધાર રે ॥
હવે મુક્તમુનિ જે વચન રે, કહેશે માનશું તે પરસન રે ॥૧૯॥
કહો સ્વામી જણાયું તમને રે, કરી સત્ય વચન અમને રે ॥
ત્યારે સ્વામી બોલ્યા જોડી હાથ રે, સર્વ કળાએ સિદ્ધ છો નાથ રે ॥૨૦॥
પણ ભિન્ન દીસો છો ભૂધર રે, રાસ રમવામાં મુદભર રે ॥
માટે કહે છે બ્રહ્મમુનિ ઘણું રે, હવે રાખોને રમવા તણું રે ॥૨૧॥
સુણી વેણ ગુરુદેવ તણું રે, સત્ય માન્યું શ્રીહરિએ ઘણું રે ॥
બેઠા ઢોલિયે ધર્મકુમાર રે, કરે દર્શન સંત અપાર રે ॥૨૨॥
વળી મુનિબાવા જે મહાન રે, તેને સંશે થયો તેહ સ્થાન રે ॥
ગાય ગરબી અવળી નાથ રે, પણ સંત ગાય છે સંગાથ રે ॥૨૩॥
એવો સંશય મનનો જાણી રે, બોલ્યા બહુનામી પછી વાણી રે ॥
સ્વામી ગાઓ કીરતન એહ રે, ભક્ત નરસૈયે ગાયા જેહ રે ॥૨૪॥
પછી ગાઈ રહ્યાં પદ[૧] સ્વામી રે, ગયો સંશય બાવાનો વામી રે ॥
થઈ લીલા એકાદશી તણી રે, ઘનશ્યામપ્રકાશે તે ભણી રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે એકાદશીની લીલા કહી એ નામે બસ્સો ને બ્યાસીમું પ્રકરણમ્ ॥૨૮૨॥

---

૧. બેઠાં બેઠાં ગાય ત્યારે હું ઊભા ઊભા સાંભળું;
ઊભલાને ગાય ત્યારે નાચું કહે નરસૈયો તે પદ સાચું.

INDEX

પ્રકરણ : ૨૮૩

પૂર્વછાયો :

મહામુનિ ગઢપુરમાં, રહી કરે ચરિત્ર ઉદાર ॥
સંભળાવું તે સ્નેહથી, અતિ અનુપ આ વાર ॥૧॥
એક સમે અલબેલડો, પોઢ્યા અક્ષરઓરડીમાંય ॥
વીતી અરધી રજની, કેડ્યે ઊઠ્યા શ્રીહરિરાય ॥૨॥
કહ્યું પછી બ્રહ્મચારીને, આણો જમવાનું તતકાળ ॥
છૈયે ક્ષુધાતુર ક્યારના, લ્યો કાંઈ અમારી સંભાળ ॥૩॥

ચોપાઈ :

સુણી દોડ્યા મુકુંદ વરણી, મોટીબાને કહી વાત ઘણી ॥
કહ્યું ભૂખ્યા છે ભૂધર હાલ, લાવો હોય જે હાજર થાળ ॥૪॥
ત્યારે કહે મોટીબા મૂંઝાઈ, નથી જમવાનું હાલ કાંઈ ॥
કહો તો કરી આણું રસોઈ, ઘડી બેસે વાલો વાટ જોઈ ॥૫॥
પછી પૂછ્યું જઈ લાડુબાને, હોય તો કાંઈ ઘો જમવાને ॥
ત્યારે બા બોલિયા નથી અન્ન, ખમે પળ તો કરું ભોજન ॥૬॥
પછી વર્ણી આવ્યાં તર્ત દોડી, કહ્યું જીવનને કરજોડી ॥
નથી નાથ તૈયાર ભોજન, કહો તો કરાવું મિષ્ટ અન્ન ॥૭॥
સુણી વાલો કહે વધ્યું જેહ, દિયો જમવા મુજને તેહ ॥
રૂડી કરો મ રસોઈ ત્યાર, હોય વધ્યું તે આણો આ વાર ॥૮॥
વળી વર્ણી ગયાં બાઈ પાસ, કીધી દયાળની અરદાસ ॥
ત્યારે ગંગાબા લાવી ઠુંમરો[૧], કહે વર્ણી લ્યો પ્રભુને ધરો ॥૯॥
મોટીબા રાજબા બેઉ બાઈ, ઘૃત ગોરસ લાવિયા ત્યાંઈ ॥
લાવી લાડુબા પાપડ સારા, કહે જમાડો જગદાધારા ॥૧૦॥
પછી વર્ણીએ જમાડ્યા નાથ, ઘૃત ગોરસ ઠુંમરો સાથ ॥
જમી બોલિયા દીનદયાળ, લાવો તાસ ઈયાં તતકાળ ॥૧૧॥
ઠુંમરો વાંસે વધેલો જેહ, દેશું સંતને જમવા તેહ ॥
એમ કહીને તેડિયા સંત, ભણનારા જે શાસ્ત્ર અત્યંત ॥૧૨॥
આવ્યાં મુનિમુખ્ય મુક્તાનંદ, ભજનાનંદ અખંડાનંદ ॥
પ્રેમાનંદ જોગાનંદ મળી, આવ્યાં સોળ મરાળ સાંભળી ॥૧૩॥

---

૧. એક પ્રકારની જમવાની વાનગી

INDEX

નિજ હાથે નાખ્યું ઘૃત નાથે, દીધો જમવા ઠુંમરો સાથે ॥
એક ત્રાંસડે આઠ બેસાડ્યા, બીજે આઠ બેસારી જમાડ્યા ॥૧૪॥
હોંશે જમાડે છે હરિરાય, જમો મુક્તાનંદ મુનિરાય ॥
ત્રાસ ફરતા બેસી મરાળ, જમે સંભારીને શ્રી ગોપાળ ॥૧૫॥
જમ્યા ગ્રાસ પેલા પ્રભુ ચ્યાર, કેડ્યે મુનિ જમ્યા નિરધાર ॥
જમી ઢોલિયે પોઢ્યા જીવન, ઢોળે પવન મુનિ પ્રસન્ન ॥૧૬॥
જ્યારે પોઢ્યા પ્રીત્યે સુખકંદ, ત્યારે મહામુનિ મુક્તાનંદ ॥
આવી બેઠા ઢોલિયે અભેવ, ચરણ ચંપી તણી કરે સેવ ॥૧૭॥
હળવે હાથે દાબે છે ચરણ, અતિ કોમળ ભયહરણ ॥
એમ રજની પૂરણ પામી, તોય દાબે છે ચરણ સ્વામી ॥૧૮॥
જોતજોત્યે થયું પરભાત, ઊઠ્યા રસિયો ત્યાં રળિયાત ॥
બેઠા સ્વામીને ઢોલિયે ભાળી, બોલ્યા બેઠા થઈ વનમાળી ॥૧૯॥
તમે છો ગુરુદેવ અમારા, અમે શિષ્ય સમાન તમારાં ॥
દૈયે દાબવા પગ તમને, લેશ લાગે ન સારુ અમને ॥૨૦॥
એમ કહી ઢોલિયેથી હરિ, આવ્યાં ભૂમિ ઉપર ઉતરી ॥
માંડ્યા દંડવત્ કરવા નાથ, મુક્તમુનિને સ્નેહ સંગાથ ॥૨૧॥
પછી દેખી દયાળુને સ્વામી, કહે રાખોને અંતરજામી ॥
તમને ન ઘટે આમ પ્રણામ, રાખો રાખો હવે ઘનશ્યામ ॥૨૨॥
કહે નાથ મ રોકશો આપ, ગુરુદેવ મારા નિષ્પાપ ॥
અપરાધ થયો મુને ભારે, માટે મૂંઝાવું નહિ તમારે ॥૨૩॥
એમ કહી કર્યાં છે પ્રણામ, પછી ભેટિયા પૂરણ કામ ॥
મળ્યાં બાથમાં લઈ મોહન, ગુરુદેવ કર્યાં પરસન ॥૨૪॥
ગાશે સાંભળશે કોઈ કહેશે, તે તો અંતસમે ધામ લેશે ॥
નથી ઉધારાનું આમાં કાંય, ઘનશ્યામપ્રકાશ તે ગાય ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સંતોને ઠુંમરો જમાડ્યો એ નામે બસ્સો ને ત્યાસીમું પ્રકરણમ્ ॥૨૮૩॥

પ્રકરણ : ૨૮૪

પૂર્વછાયો :

જુગત્યે ઝાલાવાડ્યમાં, મુક્તમુનિ રહ્યાં વિશેષ ॥
મુળી મનોહર ગામ છે, કહું તેની કથા હું શેષ ॥૧॥
તીરવર તરુવર છટા, અનાર અંબ અંજીર ॥
ભોગવતી ગંગા વહે, એના અખૂટ ઉજજવળ નીર ॥૨॥
સુંદર વાવ સોયામણી, શોભા તેની અપાર ॥
પુરપતિ પરમાર જ્ઞાતિ, રહે મૂળી મોઝાર ॥૩॥

ચોપાઈ :

મૂળીમાંહિ શ્રી મોહનરાય રે, આવ્યાં મુનિ સંગે હરખાય રે ॥
આવી ઉતર્યા અલર્ક વાવે રે, પુરવાસી આવ્યાં બહુ ભાવે રે ॥૪॥
રામાભાઈ દાજીભાઈ જને રે, પરિચર્યા કીધી પરસને રે ॥
પછી સભા કરી સુખધામ રે, નિજજન બેઠા અભિરામ રે ॥૫॥
બહુનામી બોલ્યા દઈ ભાર રે, જે જે કહાવો મારા નરનાર રે ॥
કરવી પૂજા માનસી હુલાસ રે, તે વિના જમવો નહિ ગ્રાસ રે ॥૬॥
વણ પૂજા કર્યે જમે અન્ન રે, જમ્યો માટી મદિરા તે જન રે ॥
વિષ્ણુયાગે પામે પુણ્ય જેહ રે, મળે માનસી પૂજાએ તેહ રે ॥૭॥
એમ પ્રભુની સાંભળી વાણ્ય રે, ત્યાગી ગૃહી વિચારે સુજાણ રે ॥
જાણે પૂજા વિધિ વિસ્તાર રે, એવાં એક છે સ્વામી ઉદાર રે ॥૮॥
પછી જન સહુ લાગ્યા પાય રે, ધન્ય ધન્ય તમે મુનિરાય રે ॥
કહો માનસી પૂજા વિભિન્ન રે, પ્રાત સંધ્યા વળી રેણ દિન રે ॥૯॥
પૂજા કરવી તે કયે કાળ રે, ફળ તેથી શું મળે મરાળ રે ॥
ત્યાર પછી મુનિ મુક્તાનંદ રે, પૂજાવિધિ કહે સુખકંદ રે ॥૧૦॥
તે હું સંભળાવું કરી પ્યાર રે, સૂધે સુણજો સહુ નરનાર રે ॥
પ્રથમ ઊઠી બ્રાહ્મમુહૂર્તમાંય રે, સ્નેહે સંભારવા હરિરાય રે ॥૧૧॥
પછી શૌચ સ્નાન વિધિ કરી રે, દોય વસ્ત્ર શ્વેત અંગ ધરી રે ॥
દ્રઢ આસન બેસી ધરાયે રે, દ્રષ્ટિ રાખી સ્થિર નાસાયે રે ॥૧૨॥
સમજો નિજ સ્વરૂપ વિશેક રે, ત્રણ્ય તન થકી વ્યતિરેક રે ॥
માની બ્રહ્મરૂપ નિજ તન રે, પછી કહેવાં પ્રભુને વચન રે ॥૧૩॥

INDEX

વીતી રજની થયું પ્રભાત્ય રે, હવે જાગો પ્રભુ રળિયાત રે ॥
પંખી ગાયે મધુર અવાજ રે, તમે નિદ્રા મેલો મહારાજ રે ॥૧૪॥
સર્વે પાળા સાધુ બ્રહ્મચારી રે, જુવે દર્શને વાટ તમારી રે ॥
નરનારી ઊભા જોડી હાથ રે, તેને દર્શ દિયો દીનાનાથ રે ॥૧૫॥
એમ પ્રણતિ કરવી અપાર રે, પ્રેમે જગાડી જગદાધાર રે ॥
ત્યાર પછી શૌચવિધિ મિષે રે, પ્રભુ જાય જળ લઈ દિશે[1] રે ॥૧૬॥
એવું ધ્યાન ધરો મનમાંય રે, આવે ક્રિયા કરી હરિરાય રે ॥
ધુવે મૃત્તિકાયે નિજ હાથ રે, કેડ્યે પગ ધોઈ રહે નાથ રે ॥૧૭॥
મુખશુદ્ધિ કરે ગ્રહી જળ રે, પછી દાતણ લિયે કોમળ રે ॥
તે તો બાવળ કણજી તણું રે, ચાવી શુદ્ધ કરે મુખ ઘણું રે ॥૧૮॥
પછી કરી કોગળા મોહન રે, નાય શુદ્ધોદકે પરસન રે ॥
અંગોઅંગ ચોળી સ્નેહે સ્નાન રે, હું કરાવું પ્રભુને નિદાન રે ॥૧૯॥
નાહી નિર્મળ જળથી નાથ રે, અંગોઅંગ લૂછે નિજ હાથ રે ॥
પછી પટ પહેરાવા અમૂલ રે, આભૂષણ ધરવા અતુલ રે ॥૨૦॥
શોભે શોભે શ્રીહરિ સ્વરૂપ રે, નેણે નીરખવું તે અનુપ રે ॥
પછી પ્રીત્યે સિંહાસન વિશે રે, બહુનામી બેસારો અતિશે રે ॥૨૧॥
સ્રજ સુગંધી બહુ પ્રકાર રે, પ્રીત્યે પહેરાવો કંઠ મોઝાર રે ॥
દિયે દર્શન દીનદયાળ રે, નીરખે વૃદ્ધ યુવા ને બાળ રે ॥૨૨॥
એમ માનસી પૂજા સનેહ રે, કરવી ધરી બ્રહ્મરૂપ દેહ રે ॥
કીધો સ્વામીશ્રીએ વિધિ જેહ રે, સંભળાવ્યો સંક્ષેપમાં તેહ રે ॥૨૩॥
હવે કહું કરીને વિસ્તાર રે, વિધિ જમાડવા તણી સાર રે ॥
વિધવિધ ઋતુએ ભોજન રે, દેવા જમવા જગજીવન રે ॥૨૪॥
વળી શીત ઉષ્ણ જયારે જેવું રે, કેવું વસ્ત્રા પહેરવા દેવું રે ॥
તેનો સાર સઘળો હુલાસ રે, કહેશે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે માનસી પૂજાનો પ્રારંભિક વિધિ કહ્યો એ નામે બસ્સો ને ચોર્યાસીમું પ્રકરણમ્ ॥૨૮૪॥

---

૧. દિશા

પ્રકરણ : ૨૮૫

પૂર્વછાયો :

પ્રભુ પૂજા પ્રત્યક્ષની, કોઈ કરે લઈ ઉપચાર ॥
પણ ભાવ રહ્યો નહિ, તો ન્યૂન તે નરનાર ॥૧॥
વળી કરે કોઈ માનસી, ગદગદ થઈ દલમાંય ॥
તેણે રાજી રહે વાલ્યમો, ભલે દ્રવ્ય ધર્યું ન કાંય ॥૨॥
પત્ર પુષ્પ ફળને, કે વળી જળ અમળ ॥
નેહે ધરે જે નાથને, થૈ પૂજા તેની સુફળ ॥૩॥

ચોપાઈ :

હવે વિધિ ઋતુ અનુસાર રે, કરું માનસી પૂજા વિસ્તાર રે ॥
જ્યારે થાય જમવાની વેળા રે, ત્યારે નાથ રાખી નિજ ભેળા રે ॥૪॥
શુદ્ધ જળે હરિ નવરાવી રે, સુરવાળ ધરો મોદ લાવી રે ॥
ઋતુ હોય ગ્રીષ્મ કે વસંત રે, ધરી ભાવ દલમાં અનંત રે ॥૫॥
અતિ શીતળ પવિત્ર જળ રે, નાવા નાથને દેવું અમળ રે ॥
પછી ઘાટો ઝીણો શ્વેત ખેસ રે, પ્રીત્યે પહેરે પોતે પરમેશ રે ॥૬॥
એમ ધ્યાન ધરી પરસન રે, જમવાને તેડવા જીવન રે ॥
દીન વચન ભાખી અપાર રે, કહેવું જમવા પધારો મોરાર રે ॥૭॥
પછી પ્રીત્યે બેસાડી દયાળ રે, આણુ સુંદર સુવર્ણ થાળ રે ॥
રાખું ભોજન સર્વે આલી રે, ઢોળું વાયરો વીંઝણો ઝાલી રે ॥૮॥
કરું વિનંતી જમવા કાજ રે, જમો થાળ રૂડો મહારાજ રે ॥
ઘૃત ઘાલી કરી પોચી પુરી રે, નવ રાખજયો દાળ અધૂરી રે ॥૯॥
જમો કેરી તણો રૂડો રસ રે, જમો પાપડ વાલ અવશ્ય રે ॥
ઘૃતથી ભરપૂર કંસાર રે, જમો ઘી કેળા જગદાધાર રે ॥૧૦॥
જમો સુતરફેણી ખીચડી રે, જમો કઢી બીરંજ પાપડી રે ॥
નાખી સાકર જમજયો ભાત રે, ભજીયાં ચટણી રળિયાત રે ॥૧૧॥
કરી આગ્રહ વારમવાર રે, હું જમાડું છું પ્રાણઆધાર રે ॥
એમ અંતરમાં ધરી ધ્યાન રે, તૃપ્ત કરવા સુખનિધાન રે ॥૧૨॥
પછી જળ ભરી લાવું ઝારી રે, જમી ચળું કરે ગિરધારી રે ॥
પ્રીત્યે પાનબીડી મુખવાસ રે, જમે મુખમાં શ્રી અવિનાશ રે ॥૧૩॥

ત્યાંથી લાલ લાવું ફૂલવાડી રે, કરું પૂજા પ્રભુની બેસાડી રે ॥
ચર્ચુ ચંદન ભાલ વિશાળ રે, પછી નીરખું નેણે પ્રતિપાળ રે ॥૧૪॥
કર જંઘા ઉદર હૃદય રે, ચોળી કરું તે ચંદનમય રે ॥
પછી ભુજ ભરી ભેટું નાથ રે, દોય ચરણ લઉં મુજ માથ રે ॥૧૫॥
જૂઈ ચંપો ચમેલી સુંદર રે, માલતી સેંવતી મુદભર રે ॥
ગૂંથી કરું તોરા ટોપી કડા રે, વળી હાર કરું હેતે વડા રે ॥૧૬॥
કુંડળ કર્ણગુચ્છ બાજુબંધ રે, પ્રેમે પહેરાવું અતિ સુગંધ રે ॥
પછી પછેડી પાતળી આલી રે, વળી ભેટુ હરિ ભુજ ઝાલી રે ॥૧૭॥
બહુ હેતે ઉતારું આરતી રે, ફરું પ્રદક્ષિણા ધરી રતિ રે ॥
પછી શય્યા તૈયાર સુંવાળી રે, કરી સુંવાડુ શ્રી વનમાળી રે ॥૧૮॥
ચરણચંપી કરું નિજ હાથ રે, પોઢ્યા પોઢ્યા પ્રીત્યે મારો નાથ રે ॥
એમ ગ્રીષ્મ વસંતની વિધિ રે, સવિસ્તર દેખાડી મેં કીધી રે ॥૧૯॥
વિધિ વર્ષા શરદની કહું રે, જે છે વિશેષ તે જ હું ચહું રે ॥
શાક પાક જે થાય તે સમે રે, વળી ગોવિંદને જેહ ગમે રે ॥૨૦॥
પ્રેમે પીરસી ભોજન નિત રે, તૃપ્ત કરો જમાડી ખચિત રે ॥
વર્ષા વિશે ઘણો મેઘ થાય રે, માટે નાથ નાવા ઘણું જાય રે ॥૨૧॥
નદી વાવ કૂપ સરોવર રે, તિયાં સ્નાન કરે હરિવર રે ॥
નાહી નીસરે જળથી નાથ રે, કોરા વસ્ત્ર દઉં નિજ હાથ રે ॥૨૨॥
પછી પ્રીત્યે પુરમાં પધારી રે, દર્શ દાન દિયે સુખકારી રે ॥
પૂજા કરવી એમ અત્યંત રે, વર્ષા શરદની આણી ખંત રે ॥૨૩॥
હવે હેમંત શિશિર વિશે રે, વિધિ માનસી પૂજા અતિશે રે ॥
સાર સંક્ષેપમાં સંભળાવું રે, સ્નેહે સુણાવી મુદિત થાઉં રે ॥૨૪॥
વશ વાલાને કરવા તણો રે, આ છે ઉપાય ઉત્તમ ઘણો રે ॥
એથી વશ થાશે અવિનાશ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે માનસી પૂજાનો ઋતુ અનુસાર વિધિ કહ્યો એ નામે બસ્સો ને પંચાસીમું પ્રકરણમ્ ॥૨૮૫॥

પ્રકરણ : ૨૮૬

પૂર્વછાયો :

હવે કહું હેમંતની, પૂજા વિધિનો સાર ॥
બેસી એકાંત્ય આસને, ધ્યાને ધરવા જગદાધાર ॥૧॥
ઉષ્ણ જળે નવરાવીને, વસ્ત્ર દેવા શીતહરણ ॥
રૂએ ભરેલી ડગલી, ભારે રેંટો સુખકરણ ॥૨॥
પહેરી સુંદર સુરવાળને, ખેસ ધોળો પહેરે પરમેશ ॥
હીરા મોતી સુવર્ણના, ધરે આભૂષણ વિશેષ ॥૩॥

ચોપાઈ :

સ્વાદુ અન્ન ફળ ફૂલ વારિ રે, ભાવે નિજને વાનગી સારી રે ॥
એ જ પ્રીત્યે સહિત ભોજન રે, ખાંત્યે જમાડો જગજીવન રે ॥૪॥
ધૂપ દીપ આરતી આદિક રે, દેવા ઉપચારુ પણ ઠીક રે ॥
ભિન્ન ભિન્ન ઋતુએ નવીન રે, પૂજા કરવી થૈ લેલીન રે ॥૫॥
પંચવાર આઠ પહોરમાંહિ રે, મસતાન થવું મનમાંય રે ॥
એમ કરતાં વાધે હેત ઘણું રે, આવે પ્રભુમાં પ્રત્યક્ષપણું રે ॥૬॥
વાત વળી કહું બીજી એક રે, ધરી લેજ્યો અંતરે વિશેક રે ॥
જે જે વાત કરી મેં વિસ્તાર રે, તેનો પણ કહું હવે સાર રે ॥૭॥
રહ્યાં નિશ્ચયમાં ત્રણ્ય ભેદ રે, એમ કહે પુરાણને વેદ રે ॥
ઉત્તમ મધ્યમ કનિષ્ઠ હોય રે, તેહ વિણ ભક્ત નહિ કોય રે ॥૮॥
છે જો અતિ કઠણ એ કામ રે, થાવું ભક્ત ઉત્તમ અકામ રે ॥
વીતે શત સહસ્ત્રા જનમ રે, અતિ સાધન કરી અણનમ રે ॥૯॥
તોય ઉત્તમ થાય ન થાય રે, મર કાશી પ્રયાગ તે નાય રે ॥
એવાં જનને તરવા જા'જ રે, દિયે દયા કરી મહારાજ રે ॥૧૦॥
વચનામૃત શ્રી વરતાલે રે, હેત આણી કીધું મતવાલે રે ॥
ક્રમ તેનો પંચમ પુનિત રે, ખરી રહસ્ય વાત ખચિત રે ॥૧૧॥
જેમ પૂજે માનસીએ નાથ રે, ઉપચારુ લઈ નિજ હાથ રે ॥
જે જે ભાવ રહે હરિમાંય રે, વળી હૃદે ધરી હરખાય રે ॥૧૨॥
તેમ ઉત્તમ લક્ષણે સંત રે, પૂજે પ્રભુ ભેળે આણી ખંત રે ॥
ભાવ હરિ તણો એમાં ધરી રે, સેવે સંત પ્રસાદિયે કરી રે ॥૧૩॥

પ્રભુ કાજે કરે પકવાન રે, સંત કાજે કરે ધરી ધ્યાન રે ॥
જેમ જમાડે જગજીવન રે, તેમ જમાડે સંત પ્રસન્ન રે ॥૧૪॥
ખર્ચ કરીને વાવરે દામ રે, પ્રભુ કાજે કરી અભિરામ રે ॥
હોય સંત એવાં જે વિરાટ રે, વિત્ત વાવરવું તેહ માટ રે ॥૧૫॥
એમ શ્રીહરિ ને ગુરુહરિ રે, સમભાવે પૂજે નેહ ધરી રે ॥
જન પુણ્ય અમિત તે લાવે રે, સોંઘે સાધન પ્રાપતિ પાવે રે ॥૧૬॥
જન હોય જો કનિષ્ઠ કોઈ રે, સંત સેવે પ્રભુ સમ સોઈ રે ॥
મર હોય ભૂંડું તેનું ભાગ્ય રે, ભલે પાતક કીધાં અથાગ રે ॥૧૭॥
હોય થવાનો શુદ્ધ બે ચાર રે, જન્મ દશ કે શતે અપાર રે ॥
તે તો આ વાર થાય ઉત્તમ રે, એવાં સંત સેવી હરિ સમ રે ॥૧૮॥
એમ સ્વયં શ્રી ધર્મલાલે રે, કીધું વચનામૃત વરતાલે રે ॥
સરખી સેવા તણું મહાફળ રે, જન પામે જરૂર અચળ રે ॥૧૯॥
માટે શીદને રહેવું કંગાળ રે, બીજે દોડી ભરવા ઉચાળ રે ॥
મળ્યો લાભ બેઠા ઘેર ખરો રે, બીજા સાધન સૌ પરહરો રે ॥૨૦॥
આ છે આદિ અનાદિની રીત્ય રે, વળી વેદ પુરાણે લિખિત રે ॥
હરિ સંગે ગુરુહરિ સેવી રે, સીધી વાટ મોક્ષ તણી લેવી રે ॥૨૧॥
સમજીને સમજવું એ જ રે, દાતા કલ્યાણના એ બે જ રે ॥
એહ વિણ ન અન્ય ઉપાય રે, હજી દીઠો નહિ જક્તમાંય રે ॥૨૨॥
માટે ખોટ્ય મટી થઈ ખાટ્ય રે, મુનિ સંગે મળ્યાં મહારાટ રે ॥
કસર કહેવા રહી નહિ કાંય રે, મળ્યો માલ અમુલખ આંય રે ॥૨૩॥
હવે રહ્યો છે શેનો ઉધારો રે, આવ્યો ભવજળ તરવા વારો રે ॥
માટે માનસીએ મોદ આણી રે, પૂજા ભેળી કરો પરમાણી રે ॥૨૪॥
સાંખ શ્રીજીની કહી દેખાડી રે, લેશ વાત મેં નથી છપાડી રે ॥
એટલો તો રાખો વિશ્વાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે માનસી પૂજાનું ફળ કહ્યું એ નામે બસ્સો ને છ્યાસીમું પ્રકરણમ્ ॥૨૮૬॥

પ્રકરણ : ૨૮૭

પૂર્વછાયો :

હજુ રહી હામ અંતરે, કહેવા સદ્‌ગુરુના ચરિત્ર ॥
તેને સુણતાં પળમાં, થાશે મન પરમ પવિત્ર ॥૧॥
મહામુનિ સંગે રહી, સદ્‌ગુરુ સર્વે સાર ॥
વરતિયાં જે રીત્યશું, તે સાંભળજો નરનાર ॥૨॥
નર હશે હરિમુખના, લેશે આનંદ ભરપૂર ॥
પણ બીજા અભાગિયા, ખોટ્ય જોશે માંહિ જરૂર ॥૩॥

ચોપાઈ :

કહું પ્રથમ આખ્યાન એનું રે, મુનિ ગોપાળાનંદ નામ જેનું રે ॥
બાળપણા થકી પોતે સિદ્ધ રે, જાણે યોગ અષ્ટાંગ વિવિધ રે ॥૪॥
મહાઐશ્વર્યવાન પ્રતાપી રે, જીવ ઉદ્ધારે અનેક પાપી રે ॥
કર કાંડા આચારજ કેરા રે, જેને સોંપ્યા હરિએ અનેરા રે ॥૫॥
સંપ્રદાય સોંપ્યો વળી હાથ રે, જ્યારે ધામે સિધાવિયા નાથ રે ॥
સાધુ વર્ણી પાળા સહુ ખાંત્યે રે, મેલ્યા એની આગન્યામાં જાત્યે રે ॥૬॥
એવાં સદ્‌ગુરુ જ્ઞાનવાન રે, પ્રૌઢ પ્રતાપી ને શક્તિવાન રે ॥
તોય ફેલ સૂતરની હોય રે, તેની પેર રહ્યાં સ્વામી સોય રે ॥૭॥
મુક્તમુનિ સંગે કેવો સ્નેહ રે, તે તો વરણવું હવે એહ રે ॥
હતાં વિપ્ર ખુશાલજી બાળ રે, ત્યારે ભાવે ભજતા ગોપાળ રે ॥૮॥
ખુશી થઈ ખુશાલે સંસાર રે, મેલ્યો વૈરાગ્ય થકી અસાર રે ॥
આવ્યાં આદરજ ગામ હુલાસે રે, મુક્તમુનિ સંગ રહેવા આશે રે ॥૯॥
હતું સ્વામી વિશે હેત ઘણું રે, ગ્રહ્યું ત્યાં એમનું શિષ્યપણું રે ॥
રહ્યાં વિદ્યાર્થી થઈ ખુશાલ રે, સ્વામી સંગે થયાં છે નિહાલ રે ॥૧૦॥
વિદ્યા ભણ્યાનું તો રહ્યું બહાનું રે, રહ્યું તાન ધ્યાન શીખવાનું રે ॥
ગીતા ભાષ્ય ભણ્યા સ્વામી પાસ રે, રૂડી શીખ્યા સાધુતા હુલાસ રે ॥૧૧॥
ભટ્ટ ખુશાલ સંગ ન છોડે રે, સદા રહે મુક્તમુનિ જોડે રે ॥
જે જે સાધુતા શીખવે સ્વામી રે, શીખે ભટ્ટ ભાવે શિર નામી રે ॥૧૨॥
વળી સ્વામીશ્રીની શુદ્ધ ભાવે રે, સેવા સજીને ઘણું રીઝાવે રે ॥
રહે રુચિમાં વિપ્ર સદાય રે, લોપ આગન્યા કરે નહિ ક્યાંય રે ॥૧૩॥

મુક્તમુનિ વિણ અન્ય વિશે રે, રુચિ ખુશાલને નવ દીસે રે ॥
ઇચ્છે મુક્તમુનિ તણો સંગ રે, બીજો રહ્યો ન ઇશક અંગ રે ॥૧૪॥
પછી સ્વામીશ્રીનો મહિમાય રે, ગાઈ રાજી થાતા મનમાંય રે ॥
રહ્યો અખંડ મહિમા દલ રે, તેની વાત સુણાવું અવલ રે ॥૧૫॥
એક વાર વડોદરા શહેર રે, મુનિ ગોપાળ રહ્યાં મુદભેર રે ॥
સરકાર તિયાંના સાક્ષાત રે, તેને કરે સતસંગ વાત રે ॥૧૬॥
વાતમાંહિ બોલાવ્યા કીર્તન રે, મુક્તમુનિ તણાં પરસન રે ॥
ત્યારે સરકારે કહ્યું સામે રે, આ છે કોણ મુક્તાનંદ નામે રે ॥૧૭॥
ત્યારે બોલ્યા જે મુનિ ગોપાળ રે, સહુ સુણજ્યો લઈ સંભાળ રે ॥
કહે સ્વામી મુક્તાનંદ કહાવે રે, તેની તોલે સંત કોઈ નાવે રે ॥૧૮॥
મહાજ્ઞાની મહાવિદ્વાન રે, સંગ કર્યાં જેવા છે મહાન રે ॥
તેની અમળ વાણી રસાળ રે, સુણી મોદ થાય તતકાળ રે ॥૧૯॥
સ્વામી સાધુતાની સીમાય રે, તેને મળવાને સહુ ચહાય રે ॥
અમે સાધુ છૈયે સહુ છોટા રે, અમ આગળ્યે એ બહુ મોટા રે ॥૨૦॥
કરીએ જેમ પ્રભુના દરશ રે, કરવું એમ જ તેનું અવશ રે ॥
જેમ પૂજીએ છૈ પરમેશ રે, તેમ પૂજવા યોગ્ય હંમેશ રે ॥૨૧॥
કોઈ મિષે જો આંહિ આવશે રે, તો તો ફેરો તમારો ફાવશે રે ॥
સુધા સમ સુણી તેની વાત રે, પૂર્ણકામ થશો રળિયાત રે ॥૨૨॥
સર્વે સિદ્ધ થશે અર્થ સારા રે, ભાગ્ય ખૂલશે ત્યારે તમારાં રે ॥
એવો અતિ મોટો મહિમાય રે, કીધો ગોપાળમુનિએ ત્યાંય રે ॥૨૩॥
ધન્ય ધન્ય બેઉ સદ્‌ગુરુ રે, જેની પ્રીતમાં નવ અધૂરું રે ॥
મુનિ ગુણાતીતે દીધું જ્ઞાન રે, આ તો છે બેઉ ગરુડ સમાન રે ॥૨૪॥
એની પાંખે બેઠા નરનારી રે, તેને ચિંતા શું કરવી નઠારી રે ॥
કરશે તે તો અક્ષરે નિવાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગોપાળાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું એ નામે બસ્સો ને સત્યાસીમું પ્રકરણમ્ ॥૨૮૭॥

પ્રકરણ : ૨૮૮

પૂર્વછાયો :

ધન્ય ધન્ય ચારણ કુળને, ધન્ય ધન્ય ગામ ખાણ ॥
ધન્ય શંભુદાન તાતને, માત લાલુબાઈ પ્રમાણ ॥૧॥
પ્રભુ ઈચ્છાથી અવતર્યા, મોટા મુક્ત અનાદિ ત્યાંય ॥
નામ ધર્યું લાડુદાનજી, કીધી ભક્તિ પ્રકટ સદાય ॥૨॥
રંગ લાગ્યો ભૂધર ભાળી, પછી થયાં શ્રી રંગદાસ ॥
અતિ થયાં જગવંદ તે, ધરી નામ બ્રહ્માનંદ ખાસ ॥૩॥

ચોપાઈ :

શીઘ્ર કવિ અતિ જ્ઞાનવાન, જાણે કળા ચોસઠ મહાન ॥
દુહા છંદ છપય પિંગળ, પ્રાકૃત ને સંસ્કૃત અમળ ॥૪॥
સર્વે ભાષા કેરું જ્ઞાન એને, ભલભલા નમે ભૂપ તેને ॥
રહ્યાં સખા થઈ હરિ સાથ, રાજી કરવા એક દીનાનાથ ॥૫॥
સ્થંભ વિશે જો કામ જણાય, બ્રહ્મમુનિને તો ઘાટ થાય ॥
એવાં મહાનિષ્કામી અખંડ, ઈન્દ્રિયજીત રહ્યાં નિજ પંડ ॥૬॥
રાખ્યો ભાવ મુક્તમુનિ સંગે, તે વર્ણવું હવે હું ઉમંગે ॥
મુક્તમુનિ વળી બ્રહ્મમુનિ, બેઉની પ્રીત તો બહુ જૂની ॥૭॥
મળ્યાં સ્વામીશ્રી સહુથી પહેલા, કેડ્યે થઈ રહ્યાં તેનાં ચેલા ॥
પરમગુરુ સ્વરૂપે પ્રમાણ્યા, શ્રેષ્ઠ સદ્‌ગુરુ સ્વામીને જાણ્યા ॥૮॥
વળી શીખ્યા સરોદ સંગીત, મુક્તાનંદજી પાસે અમિત ॥
રહ્યાં સુત સમ બ્રહ્માનંદ, મુક્તમુનિ આગે સુખકંદ ॥૯॥
માંહોમાંહિ દોઉ મહિમાય, જાણે એકબીજાનો સદાય ॥
પૂછે બ્રહ્મમુનિ સ્વામીશ્રીને, સ્વામીશ્રી પૂછે બ્રહ્મમુનિને ॥૧૦॥
વહાલાને કરવું'તું મંદિર, વરતાલે સુંદર અચિર ॥
ત્યારે મોટા સદ્‌ગુરુ રાખી, કીધો વિચાર સહુને દાખી ॥૧૧॥
એમાં મુક્તમુનિ જે સુજાણ, બોલ્યા સહુ પ્રથમ પ્રમાણ ॥
એવાં એક બ્રહ્માનંદ દીસે, કારભાર કર્યો છે અતિશે ॥૧૨॥
ધન ખડકે ઢગલા કરી, એમાં દીસે એવી કારીગરી ॥
અગમ અવનિથી પણ આણે, જન મન રીઝાવે તે ટાણે ॥૧૩॥

એવાં બ્રહ્મમુનિ મતિવાન, નર એવાં ન અન્ય નિદાન ॥
તેથી સોંપો મંદિરનું કાજ, કરશે સુંદર તે શિરતાજ ॥૧૪॥
ગાઈ ગુણ એવું હેત આણી, કર્યાં આગળ મોટેરા જાણી ॥
આવી તો છે લીલાયું અનેક, ઘણી લખી ને લખું વિશેક ॥૧૫॥
મુક્તમુનિ તો માને મગન, બ્રહ્મમુનિ છે સદા પ્રસન્ન ॥
અણું નથી તેથી હરિ દૂર, રહે આતમ વિશે હજૂર ॥૧૬॥
હોય હરિ ભલેને રીસાણા, કે પછી ભક્ત ભીડે ભીંસાણા ॥
મર આણે ઉદાસી તે માઠી, પણ મુનિ થકી જાય નાઠી ॥૧૭॥
સ્વામી દેતા હરિને હસાવી, કહેતાં વાત એવી મનભાવી ॥
માટે બહુનામી નિરધાર, બ્રહ્મમુનિને વશ અપાર ॥૧૮॥
વળી મુક્તાનંદ બ્રહ્માનંદ, એમ જોડ્ય રચી સુખકંદ ॥
દોય સદ્‌ગુરુને બહુવાર, મેલતા વિચરણે ઉદાર ॥૧૯॥
માંહોમાંહિ તેને હેત કેવું, જાણે બંધુ મળ્યાં હોય બેઉ ॥
શીખ કાજે લિયે છે અબોલા, જન હોય જે કાચા ને પોલા ॥૨૦॥
બોલ્યા મુખે શ્રીહરિ સાક્ષાત, વાત મુનિ તણી રળિયાત ॥
સદ્‌ગુરુ આ જાણજો દોય, તેને બંધન કોઈનું નોય ॥૨૧॥
થાય જોગ બંધનનો કેદિ, રહે પળમાં બંધન ભેદી ॥
નિર્બંધ રહે અહોનિશ, એને વશ થઈ રહે ઈશ ॥૨૨॥
એવાં બ્રહ્મમુનિ મહાજ્ઞાની, તેની વાત કરું શીદ છાની ॥
રહ્યાં મુક્તમુનિ સંગે ઘણું, રાખ્યું આજીવન શિષ્યપણું ॥૨૩॥
રાખી સ્વામી વિશે પ્રીત ઘણી, પામ્યા સાધુતા તે કોટિ ગણી ॥
અતિ અદ્‌ભુત લીલા રસાળ, કીધી મતિ રાખી મેં વિશાળ ॥૨૪॥
શેષ સુણાવું હું ધરી નેહ, જન સાંભળજયો સહુ તેહ ॥
બીજે ન મળે આવી મીઠાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્‌ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે બ્રહ્માનંદ સ્વામીનું આખ્યાન કહ્યું એ નામે બસ્સો ને અઠ્યાસીમું પ્રકરણમ્‌ ॥૨૮૮॥

INDEX

પ્રકરણ : ૨૮૯

પૂર્વછાયો :

એક સમે જેતલપુરે, જન તેડ્યા જગજીવને ॥
ભીમ એકાદશીનો વડો, ઉચ્છવ કરવા પરસને ॥૧॥
મહોલથી પશ્ચિમ દિશે, રાજે વડ તરુવર જ્યાંય ॥
બાંધ્યો હિંડોળો હેતથી, સંત હરિજને મળી ત્યાંય ॥૨॥
મુક્તાનંદ બ્રહ્માનંદ, મુનિ ગોપાળ નિર્મળ જેહ ॥
આનંદાનંદ આદિક સંત, બેઠા સહુ મળી તેહ ॥૩॥

ચોપાઈ :

દોરી રેશમની ઝાલી પાણ, શ્રીજીને ઝૂલાવે છે સુજાણ ॥
દુર્બળ દાસ દેખ્યો તિયાં નાથે, કાકડી ચીભડાની છે હાથે ॥૪॥
ભેટ દેવી પ્રભુને ઉદાર, એમ આણ્યો છે એણે વિચાર ॥
વિપ્ર થયો મનમાં ઉદાસ, કેમ કરી જાઉં પ્રભુ પાસ ॥૫॥
જાણ્યું જગદીશે તે જરૂર, દેખી ભક્તિ તેની ભરપૂર ॥
ઉતર્યા હિંડોળેથી હરિવર, માંગી કાકડિયું મુદભર ॥૬॥
પછી એકુકે હાથે પકડી, જમે જગદાધાર તે ઘડી ॥
થયો વિપ્ર અતિશે પ્રસન્ન, પોતાનું ભાગ્ય માન્યું છે ધન્ય ॥૭॥
કેડ્યે બોલ્યા બ્રહ્મમુનિ વાણ્ય, જમો એકલા જીવનપ્રાણ ॥
આપો નૈ જો અમને એકાદ, તો શું જાણીએ કાકડી સ્વાદ ॥૮॥
સુણી વચન એ સુખકારી, દીધી બ્રહ્મમુનિને તે વારી ॥
ત્યારે મુક્તમુનિ થોડું હસી, કહે બ્રહ્મમુનિને હુલસી ॥૯॥
આપ સતસંગના સુખદાય, મોટા સંત કહેવાઓ સદાય ॥
એકલું આમ જમવું તમારે, ન ઘટે કદી સ્વામી લગારે ॥૧૦॥
એવું મર્મનું સુણી વચન, બ્રહ્મમુનિએ વિચાર્યું મન ॥
પછી બેઠા'તા જે જે મરાળ, તેને દીધી પ્રસાદી તે કાળ ॥૧૧॥
ત્યારે મુક્તમુનિ મહારાજ, કહે દ્વિજનું સુધર્યું કાજ ॥
સુણી બોલ્યા શ્રી મોહન ત્યાંય, દ્વિજ જાશે બ્રહ્મમોલમાંય ॥૧૨॥
બીજે દન દ્વાદશીએ વળી, આવ્યો ભક્ત જીવણ ત્યાં લળી ॥
થયું'તું જેવું કાલ્ય ચરિત્ર, ફરી આદર્યું એ જ પવિત્ર ॥૧૩॥

લીલા સુણાવું હજી એકાદ, સહુ સંભારજો કરી યાદ ॥
બ્રહ્મચારી મૂળજી મહાન, સેવા કરે દઈ ઘણું ધ્યાન ॥૧૪॥
લાવ્યા કેરીઓ રૂડી રસાળ, પ્રભુને જમવા ભરી થાળ ॥
હરિ હતાં ગઢપુર વિશે, જમ્યા કેરી સુંદર અતિશે ॥૧૫॥
છોડું કરી કેરીનું અવળું, ચૂસીને કર્યું વાલાએ ચળું ॥
બોલ્યા બ્રહ્માનંદજી વિશેક, પ્રભુ દિયો મુને કેરી એક ॥૧૬॥
ત્યારે નટવર કે નહિ આલું, વેણ મેલો જમવાનું ઠાલું ॥
મુનિ કહે રાજી રહો આપી, કહે નાથ ન આપું કદાપિ ॥૧૭॥
કેરી કાજે થઈ રસાકસી, હરિ જુવે સંત સામું હસી ॥
પછી સ્વામીશ્રીને સહુ પહેલા, દીધી કેરી નાથે થઈ ઘેલા ॥૧૮॥
કેડ્યે આપી છે નિત્યમુનિને, પછી આપી છે સંત સહુને ॥
બ્રહ્માનંદજીને સહુ વાંસે, કેરી દીધી પ્રેમે અવિનાશે ॥૧૯॥
મુક્તાનંદે કેરી નવ માંગી, માટે પેહલા દીધી અનુરાગી ॥
નિત્યમુનિને ઘાટ તો થયો, પણ લેવા વિચાર ન કર્યો ॥૨૦॥
બ્રહ્મમુનિએ માંગી સામેથી, દીધી કેરી છેલ્લે અમે એથી ॥
સુણી વાલા તણી શુભ વાણ, બોલ્યા બ્રહ્માનંદજી સુજાણ ॥૨૧॥
મુક્તાનંદજી સર્વના ગુરુ, એની આગે અમે નાના છોરુ ॥
અમે બાળ જેવા એની આગે, માતતાત તુલ્ય તેહ લાગે ॥૨૨॥
બાળ માંગે માવતર પાસે, એમાં વાંક તેનો શીદ ભાસે ॥
હસી બોલ્યા હરિ મુખમાંથી, શોધી લાવે આવા વેણ ક્યાંથી ॥૨૩॥
ત્યારે મુક્તમુનિ કહે રાજ, એ તો કવિ મોટા શિરતાજ ॥
શબ્દ જાળ ગૂંથવાનું જાણે, માટે સહેજે રહે એવું વાણ્યે ॥૨૪॥
એવી રમૂજની રમઝટી, કેરી કાજે ઘણી ઈયાં ઘટી ॥
રોક્યું રોકાય ન કેનું હાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે બ્રહ્માનંદ સ્વામીએ રમૂજ કરી એ નામે બસ્સો ને નેવ્યાસીમું પ્રકરણમ્ ॥૨૮૯॥

પ્રકરણ : ૨૯૦

પૂર્વછાયો :

શુભમતિ હવે સાંભળો, કહું કથા અતિ અનુપ ॥
શુદ્ધ થાય પળ એકમાં, એવી કથા છે સુખરૂપ ॥૧॥
દયા કરીને દંતિયે, અવતર્યા અનાદિ મુક્ત ॥
દિનમણિ નામ ગ્રહી, રહ્યાં શાસ્ત્ર અભ્યાસ જુક્ત ॥૨॥
મેલી સુખ સુવર્ણના, થયાં વિતરાગી જગવંદ ॥
કહું લીલા હવે તેહની, જેનું નામ નિત્યાનંદ ॥૩॥

ચોપાઈ :

એક સમે ઉમરેઠ આવી, મુક્તમુનિ રહ્યાં મોદ લાવી ॥
હરિજનનાં હુલસ્યાં મન, જેમ ફૂલ્યાં કુમુદના વન ॥૪॥
બાળ જોબન વૃદ્ધ વનિતા, સુખમાં સહુને દિન વીત્યા ॥
મહામુનિએ અતિ અમાપ, કહી દેખાડ્યો પ્રભુ પ્રતાપ ॥૫॥
નિત આવ્યાં તિયાં નરનાર, ભવફંદ થયા તેનાં ઠાર ॥
પામ્યા ભક્તપણું એહ જન, માન્યું ભાગ્ય પોતા તણું ધન્ય ॥૬॥
પછી હરિજને સહુ મળી, કરી વિનંતી સ્વામીને લળી ॥
ભોજન કરવા ઘેર અમારે, આજ આવિયું જોશે તમારે ॥૭॥
રૂડી રાંધી રસોઈ રસાળ, જમો પ્રેમથી સહુ મરાળ ॥
પછી મુક્તમુનિ કૃપાવંત, જમી જમાડિયા સહુ સંત ॥૮॥
એમ દાસને દર્શન દાન, દઈ ન્યાલ કર્યાં છે નિદાન ॥
કેડ્યે જામ્યો કથાનો અખાડો, એમ કરતાં વાળ્યો આંક આડો ॥૯॥
ખટ માસ રહ્યાં તેહ ઠામ, જન રાજી કર્યાં અભિરામ ॥
દ્રઢ નિશ્ચયવાન તે ભક્ત, થયાં પ્રભુભક્તિમાં આસક્ત ॥૧૦॥
પછી ત્યાં થકી સ્વામી સધાવી, આવ્યાં ગઢપુરે મોદ લાવી ॥
વીત્યો થોડો ઘણો તિયાં કાળ, ત્યારે જનની લેવા સંભાળ ॥૧૧॥
હરિ આગન્યા થકી ઉદાર, નિત્યાનંદ મુનિ નિરધાર ॥
ગયાં ઉમરેઠે લઈ સંત, સત્સંગ વિચરણે અત્યંત ॥૧૨॥
જ્ઞાનવારતા કરી ગંભીર, જન મોદ પમાડ્યા રુચિર ॥
સુણી વાત નિત્યાનંદ કેરી, જન બોલ્યા મુનિ સામુ હેરી ॥૧૩॥

મહામુનિ મુક્તાનંદ સ્વામી, અતિ દયાળુ અંતરજામી ॥
એ તો મોટા પુરુષ છે બહુ, એટલું પ્રીછાણ્યું અમે સહુ ॥૧૪॥
આવ્યાં'તા આંહિ સત્સંગ કાજે, મેર કરી અમ પર ઝાઝે ॥
કર્યા જનને મન મગન, જાણ્યું આવ્યાં પોત્યે ભગવન ॥૧૫॥
સુણી બોલ્યા નિત્યાનંદ મુખ, મળ્યું તમને અણતોળ્યું સુખ ॥
ખાટી ગયાં છો સ્વામી મળવે, બીજા થકી ન એવું સંભવે ॥૧૬॥
અષ્ટ આવર્ણની જેહ સૃષ્ટિ, રચી બ્રહ્માજીએ કરી પુષ્ટિ ॥
એમાં એક જેવા સ્વામી એક, એવાં નથી બ્રહ્માંડે વિશેક ॥૧૭॥
ચૌદ લોકમાંહિ જોયું દેખી, નક્કી વાત એટલી મેં લેખી ॥
નથી એ સમ સામર્થ્યવાન, નર સુર ઈશ્વર નિદાન ॥૧૮॥
તેથી ધન્ય છો ઉમરેઠ વાસી, એ મળ્યાં તમને અક્ષરવાસી ॥
સુણી જને જાણ્યા ધન્ય ભાગ્ય, આ તો પામ્યા ખરેખરો લાગ ॥૧૯॥
પછી ભક્ત બોલ્યા હરખાઈ, સુણો નિત્યમુનિ સુખદાઈ ॥
આપે દીસો છો તેહ સમાન, જેવા મુક્તમુનિ છે નિદાન ॥૨૦॥
એવી લીલા થઈ ઉમરેઠચ, મોદ પમાડે તે સારી પેઠચ ॥
આ તો વાત અમૂલખ મોટી, કોઈ ભૂલ્યે મ સમજો ખોટી ॥૨૧॥
નર પ્રાકૃત જાણશે નહિ, જૂઠી છે એમ ફરશે કહી ॥
પણ જે માનશે વાત ખરી, તે નહિ આવે માયામાં ફરી ॥૨૨॥
ભાવ રાખ્યો મુક્તમુનિમાંય, નિત્યમુનિએ જે હરખાય ॥
તેની લીલા રૂડી કહી દાખી, સત્ય વાત આપ આગે રાખી ॥૨૩॥
ગાશે વારંવાર વિસ્તારી, તેનાં પાપ જાશે એક હારી ॥
પામશે દન આનંદ કેરા, ટળશે દુઃખ દુષ્ટ ઘણેરા ॥૨૪॥
જાણે મોટાની મોટ્યપ મોટા, સમજી શકે તે શું કાંઈ છોટા ॥
વાત મર્મે ભરી એવી ખાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે નિત્યાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું એ નામે બસ્સો ને નેવુંમું પ્રકરણમ્ ॥૨૯૦॥

પ્રકરણ : ૨૯૧

પૂર્વછાયો :

ભાગ્યવંત ભૂમિ ભાદરે, અવતર્યા સંત મહાન ॥
નામ ગુણાતીતાનંદને, ધરી રહ્યાં નિદાન ॥૧॥
કરી ઘણી જ્ઞાન વારતા, જનને દઈ ઉપદેશ ॥
વાસ કરીને સોરઠે, સત્સંગ વધાર્યો વિશેષ ॥૨॥
એવાં સદ્‌ગુરુ શ્રેષ્ઠનું, ચરિત્ર અતિ રસાળ ॥
સંભળાવું સ્નેહે કરી, સાંભળજો લૈ સંભાળ ॥૩॥

ચોપાઈ :

પૂર્વાશ્રમનું મૂળજી નામ, દ્વિજ દેહ ધર્યો અભિરામ ॥
મળી મહારાજને મુનિરાય, દીક્ષા ગ્રહી છે ડભાણમાંય ॥૪॥
નામ રાખ્યું છે નિર્ગુણાનંદ, કેડ્યે થયાં ગુણાતીતાનંદ ॥
સાધુ થયાં થકી સહુ પેલે, ઘણું હરખીને અલબેલે ॥૫॥
સ્વામી મુક્તાનંદને મંડળ, મેલ્યા મુનિને પ્રેમે અમળ ॥
આગન્યા થકી પછી મરાળ, રહ્યાં મંડળે લઈ સંભાળ ॥૬॥
જાણી સદ્‌ગુરુ શ્રેષ્ઠ અપાર, સેવા સજે રુચિમાં અપાર ॥
રાજીપો લીધો સ્વામીનો બહુ, જોઈ ચકિત થયાં સંત સહુ ॥૭॥
એમ કરતાં જેતલપુર, જોઈ ભાવ જનનો જરૂર ॥
મુક્તમુનિ આવ્યાં તિયાં હેતે, ઉતર્યા પુરમાં સંત સમેતે ॥૮॥
રૂડાં દેવ સરોવર આરે, રાજે મહોલ રૂડો એક ભારે ॥
તિયાં કર્યાં ઉતારા મરાળે, કરી કથા સરોવર પાળે ॥૯॥
એવાં સમામાંહિ એક વાત, બની તેહ સુણાવું સાક્ષાત ॥
સંધ્યા સમો થઈ રહ્યો જ્યારે, કર્યાં કથા કીરતન ભારે ॥૧૦॥
બની રેણ પછી અંધિયારી, મુનિએ કીધી સૂવાની ત્યારી ॥
હૈયે સંભારીને હરિવર, મુક્તમુનિ સૂતાં ભૂમિ પર ॥૧૧॥
તળ કઠણ તે ભૂમિ તણું, વણ પાથર્યે વાગે છે ઘણું ॥
તોય તપોનિધિ મહાસંત, ત્યાં જ કીધું શયન અત્યંત ॥૧૨॥
વળી મુનિ ગુણાતીતાનંદ, સૂતાં સ્વામી વાંસે સુખકંદ ॥
પછી રહ્યાં જે અન્ય મરાળ, સૂતાં સંભારી દીનદયાળ ॥૧૩॥

INDEX

નીંદ નિર્ગુણાનંદને નાવે, વારે વારે પંડ પડખાવે ॥
એવું દેખી મુનિ તણું દુઃખ, બોલ્યા મહામુનિ એમ મુખ ॥૧૪॥
સાધુરામ સૂતાં આપ ભોંય, એમાં ઊંઘ પૂરી શીદ હોય ॥
ધરા તળ છે આંહિ કઠોર, કાંકરા દીસે છે ચહુકોર ॥૧૫॥
તેમાં નીંદરા નૈ આવે લેશ, કષ્ટ પડશે તન વિશેષ ॥
માટે પાથરી પટ ચટાઈ, સુખે સૂવો તમે સુખદાઈ ॥૧૬॥
સુણી મુક્તમુનિનાં વચન, પછી બોલ્યા તે સંત પ્રસન્ન ॥
સ્વામી આપ મુજ હિતકારી, સત્ય વાત કીધી મુને સારી ॥૧૭॥
પણ આપે ન પાથર્યું કાંઈ, વણ પાથર્યે સૂતા છો આંઈ ॥
તેનું કારણ શું મહારાજ, જણાવો મુને જરૂર આજ ॥૧૮॥
ત્યારે સ્વામી કહે સુણો સંત, આપે છો ઘણાં મહિમાવંત ॥
મારે આગન્યા પ્રભુની માથ, તે હું પાળું છું સ્નેહ સંગાથ ॥૧૯॥
પણ તમે સંત હજી નવા, થયાં શ્રીહરિ રાજી કરવા ॥
તેથી પાથરો જો કાંઈ સારું, વેણ માનો એટલું અમારુ ॥૨૦॥
ત્યારે બોલ્યા ગુણાતીત સ્વામી, જોડી જુગપાણિ શીશ નામી ॥
સ્વામી આપે સદ્‌ગુરુ શ્રેષ્ઠ, નોય આપ થકી કોઈ જયેષ્ઠ ॥૨૧॥
આપ સૂવો જો વણ પાથરે, તો હું સૂવું શીદ પટ ઉપરે ॥
જેમ આગન્યા પાળો છો આપ, એમ પાળવી મારે અમાપ ॥૨૨॥
બોલતા એટલાં અલ્પ વેણ, ભાવે ભીંજાયા મુનિનાં નેણ ॥
ખપ દેખી એવો મુનિ તણો, મોદ મુક્તમુનિને થ્યો ઘણો ॥૨૩॥
દીધો રાજીપો દલનો અતિ, પછી વિચારિયું મહામતિ ॥
થાશે સંત મહાન આ જગે, જીવ જોડી દેશે મોક્ષમગે ॥૨૪॥
ઠર્યાં વચન સાર્થક આજે, કીધા'તા મુક્તમુનિ મહારાજે ॥
જે જાણે તેને થાય આભાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગુણાતીતાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું એ નામે બસ્સો ને એકાણુંમું પ્રકરણમ્ ॥૨૯૧॥

પ્રકરણ : ૨૯૨

પૂર્વછાયો :

વળી વળી હું વરણવું, મહામુનિ તણી શુભ વાત ॥
અતિ અલૌકિક રસભરી, સુણી થાશો રળિયાત ॥૧॥
મુનિ ગુણાતીત નેહથી, મુક્તાનંદને મંડળ ॥
ઘણું રહ્યાં શિષ્ય થઈ, સેવા સજી અચળ ॥૨॥
જિયાં જિયાં વિચરે હવે, મહામુનિ કરી બહુ પ્યાર ॥
તે સંગે ઉમંગમાં, જાય મુનિ ગુણાતીત સાર ॥૩॥

ચોપાઈ :

એક સમે મુક્તાનંદ સ્વામી, રહી ગઢડે અંતરજામી ॥
નાના સંત વિદ્યા ભણનારા, તેને પાઠ શીખવતા સારા ॥૪॥
જે જે મુનિ રહે સ્વામી સંગે, રહે આઠે પહોર ઉમંગે ॥
કથા કીર્તન કરી રસાળ, થઈ રહેતા પ્રસન્ન મરાળ ॥૫॥
પછી એક સમે વરતાલ, સિધાવ્યા મુક્તાનંદ મરાલ ॥
સાઠ્ય સંત ભેળા લઈ સંઘ, ચાલ્યાં મુનિ સરવે અનઘ ॥૬॥
કારિયાણી વટાવિયું જયાંય, આવ્યો વાટમાંહિ ગારો ત્યાંય ॥
કાદવ કીચડ ભરેલો પથ, એમાં ચાલી થયાં લથબથ ॥૭॥
ત્યારે બોલ્યા મુનિ ગુણાતીત, સહુ રહેજ્યો મરાળ નચિંત ॥
તમારાં જોડાઓ મુને આલો, તમે માળા ફેરી સુખે ચાલો ॥૮॥
મુજ પછેડીએ ભેળા કરી, બાંધી ઉપાડી ચાલીશ ફરી ॥
તમને કષ્ટ પડે નહિ લેશ, તેનું રાખું હું ધ્યાન વિશેષ ॥૯॥
પછી આવિયાં સંત એકેક, મેલ્યા જોડા પછેડીએ છેક ॥
કરી ગાંસડો તેનો વિશાળ, ઉપાડ્યો મુનિએ તતકાળ ॥૧૦॥
દ્રશ્ય દેખી મુક્તાનંદ સ્વામી, મનમાંહિ રહ્યાં મોદ પામી ॥
ધન્ય ધન્ય આ સંત સુજાણ, જેને અંગ સેવાનું પ્રમાણ ॥૧૧॥
મહિમા મોટા સંતનો જોઈ, સ્નેહે જોડા લીધાં શિર સોઈ ॥
એવાંને વશ વરતે વાલો, સતસંગ રંગ એનો ફાલ્યો ॥૧૨॥
તન કુમળું ને વય છોટી, તોય રહી સમજણ મોટી ॥
એવું વિચારીને મનમાંય, મુક્તમુનિ ઘણું હરખાય ॥૧૩॥

INDEX

પછી આવ્યાં એમ વરતાલ, જિયાં વિરાજે ધર્મનો લાલ ॥
જૂની મેડીએ જગજીવન, બેઠા છે સભા ભરી પ્રસન્ન ॥૧૪॥
ચારુ ચરણ સ્પર્શી નાથને, દંડવત્ કીધાં બહુ દને ॥
ભાવે ભેટી ઘણું સ્નેહ સાથ, મળ્યા મુક્તાનંદજીને નાથ ॥૧૫॥
પછી બોલ્યા પ્રીત્યે બળવંત, તમે સુખી છો કે નહિ સંત ॥
ત્યારે સ્વામી કહે જોડી હાથ, તમને જોઈ સુખી છૈયે નાથ ॥૧૬॥
સંત સાઠ્યનું લઈ મંડળ, આવ્યા મળવા તમને આ પળ ॥
સંત ધરી રહ્યાં હૃદે હરિ, દેશ પ્રદેશ વિચરે છે ફરી ॥૧૭॥
કરી સેવા જનને રીઝાવે, અભિમાન ઉરમાં ન લાવે ॥
ગ્રહે સમતા મરાળ મગન, આઠું જામ રહે મોદ મન ॥૧૮॥
વળી મુનિ ગુણાતીત સંત, જેને શ્રદ્ધા અંગે છે અત્યંત ॥
વાટમાંહિ આણી ઉર પ્યાર, તેણે સંત સેવ્યા નિરધાર ॥૧૯॥
રાજી થાજ્યો નાથ તે ઉપર, દ્યો આશિષ રૂડાં મુદભર ॥
સુણી રાજી થયાં અવિનાશ, જોઈ શ્રદ્ધા મુનિ કેરી ખાસ ॥૨૦॥
એમ રળ્યા રાજીપો અનંત, એવાં ગુણાતીતાનંદ સંત ॥
મુક્તમુનિ વિશે રાખ્યો ભાવ, તેની આજ્ઞાએ થયાં ગરકાવ ॥૨૧॥
વહેતો મૂક્યો વાતું કેરો દોર, એમાં રાખ્યા સ્વામીશ્રીને મોર્ય ॥
મુક્તમુનિ છે સંત મહાન, કલ્પ પર્યંત સેવે નિદાન ॥૨૨॥
ત્યારે જન જાણે અભિપ્રાય, ખરો પ્રભુ તણો દલમાંય ॥
એમ પ્રતિ પ્રકરણ સંભારી, લખી વાત સ્વામીની સંભારી ॥૨૩॥
હોય બ્રહ્મ તે બ્રહ્મને જાણે, બીજા લોકમુખે શું વખાણે ॥
આ લોક ને પરલોકમાંય, મુક્તમુનિ મોટા છે સદાય ॥૨૪॥
એમ કહ્યું શ્રીહરિએ મુખે, જાણતા સહુ સદ્‌ગુરુ સુખે ॥
તેને સંભારો શ્વાસ ઉચ્છવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગુણાતીતાનંદ સ્વામીએ સંતોની સેવા કરી એ નામે બસ્સો ને બાણુંમું પ્રકરણમ્ ॥૨૯૨॥

પ્રકરણ : ૨૯૩

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, અનુપમ કહું આખ્યાન ॥
મુનિ આધારાનંદજી, સંત શ્રીહરિના મહાન ॥૧॥
ધન્ય મેમકા ગામને, ધન્ય ધન્ય જ્ઞાતિ સુતાર ॥
માત મણિબા ધન્ય છે, હંસરાજ તાત અપાર ॥૨॥
સંવત અઢાર પંચાવને, સુદ અષ્ટમી જેઠ ॥
મુક્ત મેમકે પ્રગટ્યા, આવી અક્ષરધામથી ઠેઠ ॥૩॥

ચોપાઈ :

ખરા ભક્ત વસે એહ ગામ, મૂળજી શેઠ તેનું શુભ નામ ॥
થયાં ખરેખરા સતસંગી, કર્યાં જન અનેક અસંગી ॥૪॥
ભલા ભક્ત હંસરાજ ઉદાર, લાગ્યો સત્સંગ તેને અપાર ॥
શ્યામો કણસાગરો ને અગોલા, તે પણ રંગે રહ્યાં નવ પોલા ॥૫॥
રૂડી સાઠ્ય તણી શુભ સાલે, કારિયાણીએ મોહન મા'લે ॥
એવી થાતા ખબર મૂળજી, તર્ત મળવા ગયાં છે માવજી ॥૬॥
નિજ ગામે પધારવા કાજે, કરી વિનંતી પ્રભુને ઝાઝે ॥
સુણી શ્રીહરિ મનમાં ભાવ્યા, તેથી શેઠ ગામે તેડી લાવ્યા ॥૭॥
સંગે લીધાં મુક્તમુનિ સંત, ગયાં મેમકામાં ભગવંત ॥
પ્રીત્યે પધારિયા પુરમાંય, ભાવ પૂરાં કર્યાં ભક્તનાય ॥૮॥
નયણે નીરખ્યા નેહથી નાથ, જને જાણ્યું આ મોટી મિરાંથ ॥
પ્રકટ પામી પેખી ભગવાન, ભાવે લીધાં સહુએ વ્રતમાન ॥૯॥
પછી બેસી મુક્તમુનિ પાસ, કર્યો સતસંગનો અધ્યાસ ॥
કાં જે સ્વામીની કીરતિ બહુ, ઝાલાવાડ્યમાં જાણતા સહુ ॥૧૦॥
હરિ આગન્યાએ ઠામો ઠામ, ઘણું વિચર્યા'તા આઠો જામ ॥
તેથી સ્વામીની કરી સુવાણ્ય, જને ઓળખ્યા પ્રભુ પ્રમાણ ॥૧૧॥
જીવા પટેલ રામગરીથી, અજા પટેલ મેથાણમાંથી ॥
આવી વસ્યા'તા મેમકે ગામ, પ્રભુ પામવા પૂરણકામ ॥૧૨॥
તે તો બેઠા હતાં મુનિ પાસ, નિશ્ચય નાથનો કરવા આશ ॥
તિયાં પ્રભુ આવ્યાં તતકાળ, દિશા ગયેલાં દીનદયાળ ॥૧૩॥

રૂડી ચાલ દેખી હરિ તણી, ઘેડ્ય બેસી અંતરમાં ઘણી ॥
નથી ચાલ્ય દીઠી આવી સોય, આ છે નાથ નક્કી બીજું નોય ॥૧૪॥
નિશ્ચે થયો પ્રત્યક્ષ પ્રકટ, પામ્યા સત્સંગ રંગ અમટ ॥
એમ ઘણું રહ્યા હરિરાય, પછી ત્યાં થકી લીધી વિદાય ॥૧૫॥
શેઠ મૂળજી શ્રીહરિ સંગે, હંસરાજ સુતાર ઉમંગે ॥
શ્યામો પટેલ અગોલામાંય, કણસાગરો શ્યામો કહેવાય ॥૧૬॥
ભક્ત થવા કાજે સહુ આવ્યાં, ગામ પાદર લગી સધાવ્યા ॥
પછી નાથ કહે સુખદેણ, સહુ માનજ્યો અમારું વેણ ॥૧૭॥
ઉચાળા ભરીને મેમકાથી, વીશ દને ચાલ્યાં જાજો યાંથી ॥
બાબો દિવાન લશ્કર લાવી, કરશે લૂંટ વઢવાણે આવી ॥૧૮॥
બાળી મૂકશે મેમકા ગામ, માટે છાંડી દેજ્યો આ મુકામ ॥
માની વેણ વાલાના અભેવ, કેડ્યે પાછા વળ્યા તતખેવ ॥૧૯॥
શેઠ મૂળજીએ મેલ્યું ગામ, કર્યો લીંબલી ગામે મુકામ ॥
હોંશીલા હંસરાજ સુથાર, ગયાં ખોલડિયાદ મોઝાર ॥૨૦॥
શ્યામાભાઈ પટેલિયા દોય, ચાણપર ગામે રહ્યાં સોય ॥
હજી વીત્યા નહિ દન વીશ, ત્યાં તો બાબો આવ્યો કરી રીસ ॥૨૧॥
સૈન્ય સંગાથે કીધી ચડાઈ, વઢવાણે આદરી લડાઈ ॥
પછી મેમકે વળતા આવી, ઘર ભાંગિયા લૂંટ ચલાવી ॥૨૨॥
બાળી દીધું એ મેમકા ગામ, નિજ આશ્રિત ઉગાર્યા આમ ॥
કીધાં વાલાએ જે જે વચન, ઠર્યા સત્ય જાણે સહુ જન ॥૨૩॥
કહી વાત સઘળી વિશેષ, હવે સંભળાવું સવિશેષ ॥
અનુક્રમે ન પમાય પાર, તેથી સંભળાવું કાંઈ સાર ॥૨૪॥
પછી ભક્ત હંસરાજ સુથાર, સુત દારા લઈ પરિવાર ॥
કર્યો ખોલડિયાદે નિવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે હંસરાજભાઈ ખોલડિયાદમાં આવીને રહ્યાં એ નામે બસ્સો ને ત્રાણુંમું પ્રકરણમ્ ॥૨૯૩॥

પ્રકરણ : ૨૯૪

પૂર્વછાયો :

ધન્ય ધન્ય ઝાલાવાડને, શું કરું એના વખાણ ॥
કચ્છ કાનમ સોરઠના, ભક્ત એવાં આંહિ સુજાણ ॥૧॥
મુક્તાનંદ મુનિ મોખરે, બીજા સંત અનેક ઉદાર ॥
ગામે ગામે વિચરી, સતસંગ વધાર્યો અપાર ॥૨॥
ઝાલા જાડેજા વાણિયા, પાટીદાર પરમાર વિશેક ॥
ભક્ત થયાં એ કુળમાં, નેમ નિશ્ચય વાળા અનેક ॥૩॥

ચોપાઈ :

મેલી મેમકા હંસરાજભાઈ, આવી વસ્યા ખોલડિયાદમાંઈ ॥
દૈવી જીવને સુબોધ દીધો, સતસંગનો સમાસ કીધો ॥૪॥
ત્રણ પુત્ર તેનાં ગુણધામ, મોટાનું વીરજીભાઈ નામ ॥
દિન દિન તેનો સતસંગ, પરિપૂરણ પામ્યો અભંગ ॥૫॥
બાળપણાથી કરે ભજન, જક્ત રીત રુચે નહિ મન ॥
પામ્યા પ્રકટ પ્રભુમાં પ્રીત્ય, ખરી ખુમારી આવી ખચિત્ય ॥૬॥
ગૃહાદિક ગમે નહિ લેશ, રહે ધરી ઉદાસી વિશેષ ॥
નૈષ્ઠિકવ્રત વાલુ અતિ અંગ, કેદિ લાગે ન માયાનો સંગ ॥૭॥
ઝંખે જીવડો મિલન માટ, ક્યારે પામું પંડે હરિરાટ ॥
શૂરવીર થઈ મોક્ષમગે, હરિ રીઝાવવા નહિ ડગે ॥૮॥
પિતા પણ હંસરાજભાઈ, જેને બંધન રહ્યું ન કાંઈ ॥
તાત પુત્રએ પ્રભુ પામ્યાનો, કર્યો સંકલ્પ સાધુ થવાનો ॥૯॥
માતા મણિબાને એક દન, કહે વીરજી એમ વચન ॥
નથી રહેવું અસાર સંસારે, ત્યાગી વેષ ધરવો તન મારે ॥૧૦॥
કરું મનખો મારો અર્પણ, સજી સેવા ને શ્રીજી સ્મરણ ॥
બાળપણા થકી સતસંગ, સમજાવિયો આપે ઉમંગ ॥૧૧॥
વળી ગુરુદેવ જે આપણા, આંહિ રોકાઈને અતિ ઘણાં ॥
મહિમા હરિનો પારાવાર, કીધો સર્વોપરી નિરધાર ॥૧૨॥
માટે આલો અમને આગન્યા, મન શોક લેશ કર્યા વન્યા ॥
જાશું મેલીને જરૂર ઠામ, પ્રેમે પામીશું પૂરણકામ ॥૧૩॥

INDEX

સુણી સુતના વચન સહુ, ફૂલ્યા મનમાં મણિબા બહુ ॥
કરે મનમાં એમ વિચાર, મુજ પુત્ર મેલીને સંસાર ॥૧૪॥
સાધુ થઈને કરશે સેવા, પ્રભુ સંતનો રાજીપો ગ્રે'વા ॥
કરી કરાવી હરિનું જ્ઞાન, કરશે કોટિ જીવોનું કલ્યાણ ॥૧૫॥
પછી સંત થાવા સામા ચાલી, નિજ પુત્રને આગન્યા આલી ॥
વળી કીધાં પરમ વચન, પ્રીત્યે કરજો પ્રભુ પ્રસન્ન ॥૧૬॥
મુક્તમુનિની કરજયો સેવ, વચનમાંહિ વર્તજયો અભેવ ॥
એમ સાંભળી માતની વાત, વીરજી હૃદે થયાં રળિયાત ॥૧૭॥
જેમ મદાલસા મેનાવતી, પૂર્વકાળે થઈ મહાસતી ॥
તેની પેઠે પુત્રને વૈરાગ, પ્રેર્યો માતાએ અતિ અથાગ ॥૧૮॥
ધન્ય ધન્ય માતા મણિબાને, જેને નિજ સુત દીધાં દાને ॥
એવી જગે ન જડે જનની, સો સો વર્ષ જીવજો સંતની ॥૧૯॥
જેની કુખે જન્મે મહાસંત, તેનાં પુણ્ય તણો નહિ અંત ॥
તરે પેઢી એકોતેર તિયાં, તેને સાધન કરવા શું રિયા ॥૨૦॥
એવી માતાને કોડ વંદન, કાપે માયાના મૂળ બંધન ॥
મોક્ષ મારગે પુત્ર ચડાવે, તેનું જગમાં નામ રહાવે ॥૨૧॥
ત્યાર પછી પિતા હંસરાજ, જેને વૈરાગ્ય છે દલમાંજ ॥
તેણે પણ દારા પાસે જઈ, ત્યાગી થાવા તણી વાત કહી ॥૨૨॥
આર્ય દેશ તણી એ સન્નારી, પાતિવ્રત્યમાં પૂરાં અપારી ॥
દીધી સંમતિ સાધુ થવાની, અહો અચરજ વાત સમાની ॥૨૩॥
પતિ પુત્રનું પૂજન કરી, પતિ ચરણે પ્રાર્થના કરી ॥
સુખે સધાવો પ્રભુ મારગે, રહેશે કીરતિ આપની જગે ॥૨૪॥
પછી પિતા પુત્ર મેલી ગામ, આવ્યાં ગઢપુરે સુખધામ ॥
સર્વે પૂર્ણ પામી અભિલાષ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વીરજી ભક્ત સાધુ થવા નીકળ્યા એ નામે બસ્સો ને ચોરાણુંમું પ્રકરણમ્ ॥૨૯૪॥

INDEX

પ્રકરણ : ૨૯૫

પૂર્વછાયો :

વને વને નવ મળે, ચારુ ચંદન કેદિ સુપેર ॥
એમ જનની જક્તમાં, નોય પતિવ્રતા ઘેરઘેર ॥૧॥
ધન્ય ધન્ય તે જનની, જેના ભાગ્યનો નહિ પાર ॥
દાન દીધાં નિજપુત્રના, વળી રાજી કર્યા ભરથાર ॥૨॥
પિતા પુત્ર પ્રેમશું, લઈ આગન્યા વિશેક ॥
ત્યાર કેડે સધાવિયા, થવા ત્યાગી તણી ગ્રહી ટેક ॥૩॥

ચોપાઈ :

સંવત અઢાર તોત્તેર માંય રે, થયો સમૈયો ગઢડામાંય રે ॥
ગોકુળ આઠમને શુભદન રે, આવ્યાં દાદાને શુભ સદન રે ॥૪॥
મળ્યાં વિના પહેલા ભગવાન રે, આવ્યાં સ્વામી પાસે નિરમાન રે ॥
હંસરાજભાઈ બહુ ખાંત્યે રે, મળ્યાં મુક્તમુનિને એકાંત્યે રે ॥૫॥
ઘણું મનમાંહિ મોદ લાવી રે, નિજ અંતરની આશ કાવી રે ॥
વળી વૈરાગ્ય વીરજી કેરો રે, કીધો તે પણ અતિ ઘણેરો રે ॥૬॥
સુણી વાત પિતાની તમામ રે, પછી પુત્ર બોલાવ્યા તે ઠામ રે ॥
બહુ પ્રકારે મન ચકાસી રે, ત્યાગ વૈરાગ્ય તેનો તપાસી રે ॥૭॥
કર્યો નિશ્ચય સ્વામીએ ઉર રે, પુત્ર પ્રમાણિયા છે જરૂર રે ॥
કહ્યું તાતને વિનંતીભેર રે, તમે સુખે રહો નિજ ઘેર રે ॥૮॥
આપો આગન્યા પુત્રને આજ રે, એતો સાધુ થાશે શિરતાજ રે ॥
એમ સમજાવી સમાધાન રે, પિતા પુત્રનું કીધું નિદાન રે ॥૯॥
પછી બેઉને લઈ મરાળ રે, ભાવે ભેટિયા દીનદયાળ રે ॥
વાત વિગત્યે હરિને કીધી રે, સુણી આજ્ઞા શ્રીહરિએ દીધી રે ॥૧૦॥
ગુરુદેવે કહી જે જે વાત રે, કરવું એમ તમારે સાક્ષાત રે ॥
રાખીશું વીરજી અમ પાસ રે, તમે કરો જઈ ગૃહ વાસ રે ॥૧૧॥
કહી એમ છાતીશું ચરણ રે, દીધાં દોયને ભયહરણ રે ॥
સમૈયામાંહિ સુંદરવરે રે, દીધી દીક્ષા રૂડાં અવસરે રે ॥૧૨॥
મુનિ આધારાનંદજી નામ રે, દઈ સંત કર્યા સુખધામ રે ॥
બીજું નામ સિદ્ધાનંદ સંત રે, થયાં પોતે પ્રતાપી અત્યંત રે ॥૧૩॥

મુક્તમુનિના મંડળમાંય રે, શિષ્ય થૈને રહ્યાં તે સદાય રે ॥
જેમ સેવા કીધી પ્રભુ તણી રે, તેમ સ્વામી સેવ્યા શિષ્ય બણી રે ॥૧૪॥
વળી ગ્રંથ અલૌકિક કિદ્ધ રે, સતસંગમાં તેહ પ્રસિદ્ધ રે ॥
હરિચરિત્રામૃત સાગર રે, નામ તેનું રૂડું મનહર રે ॥૧૫॥
મુક્તમુનિની મરજી જાણી રે, અનુવૃત્તિએ રહ્યાં પ્રમાણી રે ॥
વળી સ્વામી પણ તે ઉપર રે, કૃપા વરસાવે અંકભર રે ॥૧૬॥
જે જે ગ્રંથ રચે મહામુનિ રે, શિષ્ય પ્રત લખે તે સહુની રે ॥
મુખે એક એક શબ્દ ભાખે રે, સદ્ય તેહ સર્વે લખી રાખે રે ॥૧૭॥
દેશોદેશના જન જે આવે રે, ફળ ફૂલ મેવા સંગ લાવે રે ॥
તે તો ધરે શ્રીહરિ આગળે રે, તેમ ધરે સ્વામીશ્રી પાસળે રે ॥૧૮॥
પછી રાજી કરવા તેહ જન રે, અલ્પ ગ્રહે છે મુનિ મગન રે ॥
બીજું સઘળું જનને દિયે રે, નિજ તણું રાખી નવ લિયે રે ॥૧૯॥
ક્યારે વધી ઘટી પરસાદી રે, આપે સિદ્ધાનંદને એકાદિ રે ॥
એમ દર્શાવે છે ઘણી પ્રીત રે, નિજ શિષ્ય પ્રીછાણી ઉચિત રે ॥૨૦॥
જેમ લહિયા થઈ શુકાનંદ રે, રહ્યાં શ્રીહરિ સંગે આનંદ રે ॥
તેમ આધારાનંદ અમાપ રે, મુક્તમુનિ પાસે રહ્યાં આપ રે ॥૨૧॥
વળી સ્વામીએ ભાખેલ વાણ રે, થાશે કાવ્યમાં ગતિ પ્રમાણ રે ॥
વેદ શાસ્ત્રા પુરાણ પિંગળ રે, જ્ઞાન પામશે તેનું સકળ રે ॥૨૨॥
થયું સાર્થક તેહ વચન રે, પામ્યા સાધુતા સર્વ સઘન રે ॥
મુક્તાનંદીય પરંપરાયે રે, સંત શ્રેષ્ઠ આવા છે સદાયે રે ॥૨૩॥
નમું નમું આધારાનંદ રે, જેણે રાજી કર્યા સુખકંદ રે ॥
ધન્ય માતા મણિબા અપાર રે, તાત હંસરાજભાઈ સુતાર રે ॥૨૪॥
કીધું આખ્યાન અનુપ એહ રે, જન સાંભળશે કોઈ જેહ રે ॥
તેનાં પાતક પામશે નાશ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે આધારાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું એ નામે બસ્સો ને પંચાણુંમું પ્રકરણમ્ ॥૨૯૫॥

પ્રકરણ : ૨૯૬

પૂર્વછાયો :

ચારુ ચરૂતર દેશમાં, ધન્ય ધન્ય ડભાણ ગામ ॥
ધન્ય ધન્ય દ્વિજ જાતિમાં, ભક્ત અવતર્યા અકામ ॥૧॥
વર્ણીવેષે વાલમે, વટપુર કહ્યાં'તા વેણ ॥
મુક્ત મોટા અવતરશે, માત સદાબાને સુખદેણ ॥૨॥
ધન્ય સદાબા માતને, ધન્ય તાત પ્રભાશંકર ॥
તેને ઘેર અવતર્યા, શુકમુનિ અતિ સુંદર ॥૩॥

ચોપાઈ :

સંવત અઢાર બાવન વિશે, શ્રાવણ સુદ પૂન્યમ અતિશે ॥
મુક્ત પ્રકટ્યા મધ્યાહ્નમાંય, માત મન ઘણું હરખાય ॥૪॥
ધર્યું નામ તેનું જગન્નાથ, મૂકે વેગળા ઘડી ન હાથ ॥
નાનપણાથી રહ્યાં ઉદાસ, એક વ્હાલા હરિ હરિદાસ ॥૫॥
પછી વીત્યા એમ કાંઈ વર્ષ, ત્યારે શ્રીહરિએ કરી હર્ષ ॥
કર્યો ડભાણમાંહિ જગન, આવ્યાં લાખો તિયાં હરિજન ॥૬॥
તેહ કાન સુણી સમાચાર, સદાબા તો થયાં છે તૈયાર ॥
લીધો સુત પણ નિજ સાથ, આવ્યાં ડભાણે પ્રેમ સંગાથ ॥૭॥
જેવા જોયા વડોદરામાંહિ, એવાં દીઠા અવિનાશી આંહિ ॥
નાથ વચન સાંભર્યું ત્યારે, કરવો પુત્ર સમર્પિત મારે ॥૮॥
પછી પુત્રને પાય લગાડી, અર્પણ કીધો તેહ દાડી ॥
હરિ રહ્યાં ઘણું હરખાઈ, ધન્ય ધન્ય તમે સદાબાઈ ॥૯॥
ત્યાંથી ગઢડે ગયાં જગન્નાથ, રાખ્યા શ્રીહરિએ નિજ સાથ ॥
કરે સેવા સંતની સુપેર, ભણે શાસ્ત્ર મોટા મુદભેર ॥૧૦॥
દોડી દોડી સેવા કરે સારી, દેખી મોદ પામે સુખકારી ॥
પોતે ઉદ્યમ કરે છે બહુ, રૂડાં સંત રીઝવવા સહુ ॥૧૧॥
ભણ્યા વિદ્યા વિશેષ ઉલ્લાસે, નાથ રાજી કરવાની આશે ॥
વૃથા કાળ ગાળે નહિ લેશ, અહોનિશ ભજે પરમેશ ॥૧૨॥
વીત્યો અલ્પ સમો એમ જ્યારે, જગન્નાથે વિચાર્યું છે ત્યારે ॥
સંત કેરી દીક્ષા લઉં અંગે, તો સેવી શકું સંત ઉમંગે ॥૧૩॥

એમ વાત શ્રીહરિને કીધી, પ્રભુએ મનમાં તેહ લીધી ॥
આણી દયા પ્રભુએ અપાર, કેડ્યે કર્યો મુખથી ઉચ્ચાર ॥૧૪॥
જાઓ જગન્નાથજી ઉલ્લાસે, મહામુનિ મુક્તાનંદ પાસે ॥
જઈ કરજયો દંડ પ્રણામ, દેશે દીક્ષા તમને અભિરામ ॥૧૫॥
સુણી દાસ આવ્યાં મોદ માંય, ગયાં મુક્તમુનિ પ્રતિ ધાય ॥
સ્વામી બેઠા છે નિજ આસન, ધરી ધ્યાન પ્રભુનું પ્રસન્ન ॥૧૬॥
તિયાં પાયે પડી કીધું દાસે, આપી છે આગન્યા અવિનાશે ॥
દેજયો દીક્ષા મુજને દયાળ, ધરજો નામ રૂડું પ્રતિ પાળ ॥૧૭॥
પછી અઢારસો ને બોત્તેર, રૂડો માઘ માસ મુદભેર ॥
મુનિ મુક્તાનંદજી મરાલે, દીધી દીક્ષા વરણીને વહાલે ॥૧૮॥
ધર્યું નામ રૂડું શુકમુનિ, ઈચ્છા પૂરણ કીધી પ્રભુની ॥
ત્યાર પછી લઈ નિજ સાથ, આવ્યાં જિયાં બિરાજતા નાથ ॥૧૯॥
સદ્ય પૂછ્યું શ્રીહરિએ આમ, કહો સ્વામી શું રાખિયું નામ ॥
કરભામી બોલ્યા પછી સ્વામી, રાખ્યું શુકમુનિ બહુનામી ॥૨૦॥
સુણી રાજી થયાં અલબેલ, ખરો જાણિયો પૂર્વનો ખેલ ॥
એમ શુક થયાં શુકમુનિ, સેવા કરવા મહાપ્રભુની ॥૨૧॥
ચિત્ત ચડ્યો સતસંગ રંગ, એમાં કેદિ પડ્યો નહિ ભંગ ॥
વાત વચનામૃતે છે વિખ્યાત, કારિયાણી ત્રીજે રળિયાત ॥૨૨॥
શુકમુનિ છે સંત મહાન, મહામુનિ સમ સાધુવાન ॥
રહ્યાં જે દિનથી અમ પાસે, ચડ્યો રંગ અધિક હુલાસે ॥૨૩॥
કીધું આખ્યાન સુખ સ્વરૂપ, શુકમુનિનું અતિ અનુપ ॥
તેમાં રહસ્ય ભર્યું છે ભારે, શાણા સમજે સાને અપારે ॥૨૪॥
કુમતિને સૂઝે નહિ લેશ, તેહ કાજે શું કરવો ક્લેશ ॥
શોધી વિચારજયો ઉર ખાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શુકમુનિને મુક્તાનંદ સ્વામીએ દીક્ષા આપી એ નામે બસ્સો ને છન્નુંમું પ્રકરણમ્ ॥૨૯૬॥

પ્રકરણ : ૨૯૭

પૂર્વછાયો :

સ્થંભ સમા જે સદ્‌ગુરુ, સતસંગના ગણાય ॥
કથા તેની વિસ્તારથી, મે કહી અતિ સુખદાય ॥૧॥
હૈયે હજી સાંભરે, તે સુણાવું અવશેષ ॥
કેતાં મુખ મારું ફુલે, મન મુદિત થાય વિશેષ ॥૨॥
ધન્ય સુત્રેજ ગામને, ધન્ય ધન્ય કાનુબા માત ॥
તેને ઘેર પ્રગટ્યા, મુનિ પ્રસાદાનંદ સાક્ષાત ॥૩॥

ચોપાઈ :

પ્રેમજી મટી પ્રસાદાનંદ, જક્ત મેલી થયાં જગવંદ ॥
તેને પ્રેમ ઘણો પારાવાર, મુક્તમુનિ સંગે નિરધાર ॥૪॥
મુનિ કહેવાતા પંડે પુરાણી, લીધી સિદ્ધાંત કૌમુદી જાણી ॥
શાસ્ત્ર પુરાણ કેરા અભ્યાસી, લખતાં લહિયા થઈને હુલાસી ॥૫॥
પૂરાં થાય એકેક પ્રકરણ, કરી કંઠ કઠણ વ્યાકરણ ॥
ત્યારે આવતા પ્રભુ આગળ, કરતાં પૂજા મુદિત તે પળ ॥૬॥
પછી આવ્યાં એક સમે સ્વામી, પ્રભુપૂજા કરી શિર નામી ॥
કેડ્યે આવ્યાં મુક્તમુનિ પાસ, હેતે મળ્યાં આણીને હુલાસ ॥૭॥
કરી પૂજા વિવિધ પ્રકારે, ચરચી ચંદન કુસુમ હારે ॥
લળી લળીને કીધાં પ્રણામ, કરી સ્તુતિ અતિ અભિરામ ॥૮॥
હરખે સુણાવી સ્વામીને વાત, પ્રકરણ પુરુ થયું રળિયાત ॥
શ્રીહરિ વળી સંત કૃપાયે, વિદ્યા ભણું છું શાસ્ત્રની કાંયે ॥૯॥
દેજયો આશિષ સ્વામી મુજને, વિઘ્ન આવે નહિ કોઈ દને ॥
થાય રાજી શ્રીહરિ મુંપર, જાપ જપુ તેનો અંકભર ॥૧૦॥
સુણી સ્વામી થયાં પરસન, મુનિ પ્રસાદાનંદને ધન્ય ॥
રૂડાં આશિષ દીધાં અપાર, એમ લીધી છે સંતની સાર ॥૧૧॥
એક સમામાંહિ વરતાલ, રહ્યાં છે વાલા સંગે મરાલ ॥
મુક્તમુનિ હતાં ગઢપુર, મેલ્યો સંદેશ ત્યાંથી જરૂર ॥૧૨॥
તેહ પાળા લાવ્યાં પ્રભુ પાસ, કરજોડી નામ્યા શીશ દાસ ॥
ગ્રંથ શતાનંદ મુનિ તણો, હેંમતરામને ઘેર છે ઘણો ॥૧૩॥

તે મંગાવે શતાનંદ પોત્યે, લેવા કાજે આવ્યાં સ્નેહ સોત્યે ॥
મેલ્યા મુક્તમુનિએ અમને, તે સુણાવિયો સંદેશ તમને ॥૧૪॥
સુણી શ્રીહરિએ સુખકંદ, પ્રસાદાનંદ ને વજર્યાનંદ ॥
તિયાં બોલાવી દોય મરાળ, ગઢડે જાવા મેલ્યા તે કાળ ॥૧૫॥
પછી દઈ સુમનના હાર, જમવા પધાર્યા કિરતાર ॥
દીધી પ્રસાદી બેઉ સંતને, લીધી તે તો ઘણી પરસને ॥૧૬॥
એમાં પૂરી કાઢી પરબારી, લીધી મુક્તમુનિ કાજે હારી ॥
કેડ્યે ચાલી આવ્યાં ગઢપુર, દીધો ગ્રંથ સ્વામીને જરૂર ॥૧૭॥
વળી પૂરી તણી પરસાદી, દીધી સ્વામીશ્રીને આપી યાદી ॥
મુક્તમુનિ થયાં રાજી બહુ, દેખી ભાવ મરાળનો સહુ ॥૧૮॥
વળી એક સમે વરતાલ, રામનવમી કાજે મરાલ ॥
જાતાં હરિ સંગે હરખાય, મુનિને મન મોદ ન માંય ॥૧૯॥
ત્યારે મુક્તાનંદ સ્વામી તણો, કર દેતો કષ્ટ તન ઘણો ॥
અશ્વ પરથી પડેલા સ્વામી, તેથી ઉપજી છે હાથમાં ખામી ॥૨૦॥
તેથી તે સમે શ્રીહરિરાય, લાવ્યા ડોલી મંગાવી ઉછાય ॥
બેસાડી તેમાં સ્વામીને પ્રીત્યે, વરતાલ તેડી લાવ્યા હિતે ॥૨૧॥
તે તો પ્રસાદાનંદે પ્રેમથી, ડોલી ઉપાડેલી નિજ કરથી ॥
સેવા કરી સ્વામીની અપાર, લીધો'તો રાજીપો પારાવાર ॥૨૨॥
અરે આશ્ચર્યની કહું વાત, સૂધે સાંભળો સહુ સાક્ષાત ॥
જેને મળ્યાં'તા પ્રસાદાનંદ, તેને મળ્યો છું હું સુખકંદ ॥૨૩॥
પ્રસાદાનંદ પ્રસાદી કેરા, આ વધ્યા હવે એક છેલેરા ॥
એવું મિષ પોતા તણું લઈ, કહેતાં નંદ રહ્યાં હવે નહિ ॥૨૪॥
ધન્ય ધન્ય ભાગ્ય મારા બહુ, તેની મોજ શું તમને કહું ॥
થાય કોઈકને તે આભાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે પ્રસાદાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું એ નામે બસ્સો ને સત્તાણુંમું પ્રકરણમ્ ॥૨૯૭॥

INDEX

પ્રકરણ : ૨૯૮

પૂર્વછાયો :

શુભમતિ હવે સાંભળો, પ્રભુ આવ્યાં ધમાસણા ગામ ॥
દર્શન દઈ દાસને, વળી કર્યાં પૂરણકામ ॥૧॥
નયણે નીરખી નાથને, હૈયે હરખ ન માંય ॥
જન મળી જીવનને, વળી લાગે લળી પાય ॥૨॥
વસે પટેલ જે ગામમાં, તેણે રાખ્યા હરિ નિજ ઘેર ॥
ત્રપ્ત કરી સહુ સંતને, સેવા સજી રૂડી પેર ॥૩॥

ચોપાઈ :

કોઈ વાતે રાખી નહિ મણાં, કર્યાં મહારાજને રાજી ઘણાં ॥
પણ આકરા એવાં સ્વભાવે, પુરમાંહિ કેને નવ ભાવે ॥૪॥
તિયાં રહ્યાં ઘણું ઘનશ્યામ, સંત સંગાથે પૂરણકામ ॥
તેથી વાધી પટેલને પ્રીત, પુરુષોત્તમ સંગે ખચિત ॥૫॥
જ્યારે ચાલવા થયાં તૈયાર, ત્યારે બોલ્યો પટેલ તે વાર ॥
પ્રભુ આપ તો દીનદયાળ, કરી સેવા મેં લઈ સંભાળ ॥૬॥
હેતે જમાડી રસોઈ સારી, દીધું ઘર રહેવા સુખકારી ॥
નવ રાખી કોઈ વાતે ખામી, જે હતું તે દીધું બહુનામી ॥૭॥
માટે માંગું હું વચન આજ, તે તમારે દેવું મહારાજ ॥
ત્યારે બોલ્યા વિચારીને છેલ, સારું માંગો જે જોઈએ પટેલ ॥૮॥
પછી બોલ્યો તે થાવું છે સાધુ, જ્યારે શરણ આપનું લાધ્યું ॥
માટે કરો હવે મુને સંત, સુણી બોલિયા શ્રી ભગવંત ॥૯॥
નથી ખાંડા તણો કાંઈ ખેલ, સાધુ થાવું નથી ઘણું સહેલ ॥
ગ્રહો ભગવું તનમાં જ્યારે, આવે સંબંધી વિરોધે ત્યારે ॥૧૦॥
માટે લિયો જો રજા સહુની, તો તમને કરીએ અમે મુનિ ॥
ત્યારે પટેલ કહે હરિવર, મેલો ચિંતા તે મુજ ઉપર ॥૧૧॥
સંબંધી સંગે લઉં લડાઈ, નહિ ચાલે એમાં એનું કાંઈ ॥
પુત્ર આવે શું મુજની પાસ, તેને મારી મટાડું કંકાસ ॥૧૨॥
દીનબંધુ કહે પણ તમે, હશો સંત અંગે એહ સમે ॥
ત્યાં તો પટેલ તાડુક્યો ત્યાંય, એમાં શું મુજ ગુનો જરાય ॥૧૩॥

થાઉં સંત હું જો તો શું થયું, નથી મુજમાં શું પાણી રહ્યું ? ॥
પળમાંહિ ભાંગુ પગ એના,મુજ લગી પોંચે જ્યારે જેના ॥૧૪॥
કરું મુખ મરોડીને ભૂકો, ભૂલ્યે કહો મુને આંહિ રુકો ॥
માંડે મુજ સામે કોઈ નેણ, તેનાં પાડુ હું પળમાં ફેણ ॥૧૫॥
વાધ્યો બબડતા એમ ક્રોધ, જાણે લેશે કોનો પ્રતિશોધ ॥
વળી પ્રભુ કહે થઈ સંત, મૌન પાળવું પડશે અત્યંત ॥૧૬॥
ત્યારે તે કહે વાંક શો મારો, ન બોલવામાં જ મારો વારો ॥
સર્વે સંત તો વાત કરે છે, મૌન મુંપર કેમ ઠરે છે ॥૧૭॥
તેહ સમે બોલ્યા બીજા સંત, આતો આણશે આપણો અંત ॥
ઘણો ક્રોધી સ્વભાવ છે એનો,નહિ જુવે વાંક દોષ કેનો ॥૧૮॥
દેશે સંતને ક્રોધમાં માર, માટે સાધુ કરશો નહિ ધરાર ॥
પછી બોલ્યા હસીને શ્રીહરિ, વિચારોને સહુ સંત જરી ॥૧૯॥
પાડુ ના જો હું હમણાં આને, તોય અમારું તે નહિ માને ॥
માટે ઘણું વિચાર્યું મેં ઉર, કરશું સંત તેમને જરૂર ॥૨૦॥
કહો કોણ થાશે ગુરુ આના, સુણી સંત રહ્યાં સહુ છાના ॥
જ્યારે ન થયું કોઈ તૈયાર, ત્યારે મુક્તમુનિ નિરધાર ॥૨૧॥
કહે શ્રીહરિને જોડી હાથ, ભલે રહે તે મુજ સંગાથ ॥
વણ કર્યે ચિંતા કાંઈ લેશ, પ્રેમે દીક્ષા દિયો સવિશેષ ॥૨૨॥
યત્ન કરીશ એવાં જરૂર, જેથી ક્રોધ રહે નહિ ઉર ॥
પછી દીક્ષા દઈ જગવંદ, કર્યા ગુરુચરણરતાનંદ ॥૨૩॥
સ્વામીશ્રીનો સ્વભાવ છે જેવો, નથી સંતમાં અન્યનો એવો ॥
નર હોય ભલેને ગમાર, કે પછી હોય ક્રોધી અપાર ॥૨૪॥
મુક્તમુનિને મળવે થકી, શુદ્ધ થાય સદ્ય તેહ નક્કી ॥
તેનાં તૂટે ભવ તણાં પાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગુરુચરણરતાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું એ નામે બસ્સો ને અઠ્ઠાણુંમું પ્રકરણમ્ ॥૨૯૮॥

પ્રકરણ : ૨૯૯

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, કહું અનુપ આખ્યાન ॥
રૂડો દેશ મારુ ભલો, જિયાં ભક્ત થયાં નિદાન ॥૧॥
જોધપુરે જુવાનડો, એક જન રહે રળિયાત ॥
વયે થયો બાવીસનો, ત્યારે મેલી ગયાં નિજતાત ॥૨॥
પ્રેમ પારાવાર રહ્યો, તાતને પુત્ર સમેત ॥
તેથી તન તજ્યા પછી, નિજ તાત થયાં છે પ્રેત ॥૩॥

ચોપાઈ :

પછી પુત્ર જાગે સૂવે ખાય, નિજ તાત સ્વપને દેખાય ॥
નિત આવી રુએ સુત આગે, સુતને દીઠું સારું ન લાગે ॥૪॥
તેનાં કર્યાં છે કોટિ ઉપાય, પણ એથી ન ઉપજ્યું કાંય ॥
પછી નિશ્ચય કીધો જુવાને, રહેવું ઘેર હવે મારે શાને ॥૫॥
થાય તાત તણી શુભ ગતિ, યત્ન કરું તે માટ હું રતિ ॥
ગ્રહુ ભગવા મેલી સંસાર, થાવું જાતરે જાવા તૈયાર ॥૬॥
એમ વિચારી નીસર્યો જન, પહેર્યા ભગવા પોતે પ્રસન્ન ॥
લીધાં પાંચસે પૂરાં રૂપૈયા, જઈ તીર્થમાંહિ ઘણું રૈયા ॥૭॥
ગયાં ગોકુળ મથુરા કાશી, નોય ટળી એની ત્યાં ઉદાસી ॥
રહ્યાં પુરી રામેશ્વર ઘણું, કીધું તાતનું ત્યાં સરાવણું ॥૮॥
પછી ત્યાંથી સધાવિયો જન, આવ્યો દ્વારિકાએ બહુ દન ॥
શુભ સ્નાન ગોમતીએ કીધું, દર્શ રણછોડરાયનું લીધું ॥૯॥
ત્યાંથી છાપુ લીધી જઈ બેટે, કર્યાં દર્શ ઊભા રહી છેટે ॥
પછી સુદામાપુરી સધાવી, રહ્યાં પ્રભાસ પાટણ આવી ॥૧૦॥
ગયો જીરણગઢ જુવાન, દેખ્યા દામોદર ભગવાન ॥
વિચર્યા વિવિધ દેશ અપાર, તોય થ્યો ન પિતાનો ઉદ્ધાર ॥૧૧॥
પછી જને વિચારિયું મન, મને શું મળશે ભગવન ॥
હવે પંડ પાડુ ગિરિ થકી, કાં તો લઉં ગળે ફાંસી નક્કી ॥૧૨॥
કાં વળી હાડ ગાળુ હિમાળે, જો ન દીધાં દરશ દયાળે ॥
સૂતો એમ વિચારી અપાર, આવ્યાં ઈશ્વર સ્વપ્ન મોઝાર ॥૧૩॥

INDEX

કહ્યું ગઢડે રહ્યાં છે ગોવિંદ, સંગે રહે મહામુનિ ઈંદ ॥
તુજ તાતનો કરશે ઉદ્ધાર, માટે જા વેળ્ય કર્ય મ લગાર ॥૧૪॥
સાંભળી પ્રભુની શુભ વાણ્ય, ચાલ્યો ત્યાંથી જન તે સુજાણ ॥
આવી ઘેલામાંહિ કર્યું સ્નાન, મનમાં પ્રભુ મળવાનું તાન ॥૧૫॥
પછી નૃપ ઉત્તમને ભુવન, દીઠા મુક્તાનંદજી મગન ॥
ઝાલ્યા ચરણ તે મુનિ તણાં, ભાખે દીન વચન એ ઘણાં ॥૧૬॥
ત્યારે સ્વામી કહે સુણ્ય ભાઈ, શીદ આવિયો દોડીને આંઈ ॥
મુજ ચરણ મેલ્ય સુજાણ, દિયે સઘળી તુજ પ્રીછાણ ॥૧૭॥
પછી કહી દેખાડ્યું વ્રતંત, કહે દેખાડો શ્રી ભગવંત ॥
નવ મળે જો દીનદયાળ, મેલું પ્રાણ મારા તતકાળ ॥૧૮॥
સુણી હઠ મુમુક્ષુની સહુ, દયા આવી સ્વામીશ્રીને બહુ ॥
હતાં કારિયાણી કિરતાર, તે આવ્યાં ગઢડે થૈ સવાર ॥૧૯॥
નાહી જમ્યા ચળું કર્યું નાથે, પછી બેઠા મહામુનિ સાથે ॥
તિયાં જન દીઠો અવિનાશે, કહે કોણ બેઠું મુનિ વાંસે ॥૨૦॥
ત્યારે સ્વામી કહે મહારાજ, એ તો મુમુક્ષુ આવિયો આજ ॥
નિજ તાતનો કરવા ઉદ્ધાર, જક્તમાંહિ ફર્યો બહુવાર ॥૨૧॥
પણ ફેરો ફળ્યો નહિ તેનો, કરો તે પ્રભુ સુફળ એનો ॥
ખરો ખપ રહ્યો દલમાંય, મુને વિનવે પડીને પાય ॥૨૨॥
માટે આણો દયા અવિનાશી, પરહરો સઘળી ઉદાસી ॥
સુણી બોલિયા પ્રાણઆધાર, નાહ્યો જૈ ઘેલામાં જેહવાર ॥૨૩॥
પામ્યા તેહ પળે ગતિ તાત, હવે થાઓ તમે રળિયાત ॥
એમ સુખી થયો તતકાળ, કેડ્યે થયાં મોટા તે મરાળ ॥૨૪॥
શ્વેતવૈકુંઠાનંદજી નામ, ધર્યું નામ અતિ અભિરામ ॥
પછી સંત મધ્યે કર્યો વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે જોધપુરના મુમુક્ષુ સંત થયાં એ નામે બસ્સો ને નવ્વાણુંમું પ્રકરણમ્ ॥૨૯૯॥

INDEX

પ્રકરણ : ૩૦૦

પૂર્વછાયો :

એક સમે અવિનાશીએ, મેલ્યા સુરત દોઢસે સંત ॥
સર્વેમાં મુખ્ય કરી, સ્વામી મુક્તાનંદ મહંત ॥૧॥
પછી સુરત આવિયા, સહુ મળી સ્નેહે મરાળ ॥
રૂડી શોધી જાયગા, રહ્યા વાડીમાંહિ દયાળ ॥૨॥
નેહે સંભારી નાથને, સહુ સુખે કરે ભજન ॥
ભિક્ષાવૃતિ આચરી, નિત કરે છે ભોજન ॥૩॥

ચોપાઈ :

એવે સમે બની એક વાત, વાધ્યો શહેરમાંહિ ઉતપાત ॥
લાધી સહુને ભૂંડી બીમારી, ઉગરે ન કોઈ નરનારી ॥૪॥
એમાં છૂટ્યા છે કૈંકના પ્રાણ, બીજા થયા છે બહુ હેરાણ ॥
હતું સંતનું મંડળ જેહ, ઘણું રોગે ઘેરાયું છે તેહ ॥૫॥
એમાં ત્રણ સંતે તજયા તન, એવી આવી બીમારી સઘન ॥
સર્વે પડ્યા મરાળ બીમાર, પંડે ઉપજી પીડા અપાર ॥૬॥
એક અદ્‌ભુતાનંદ જે સંત, રહ્યા સાજા શરીરે અત્યંત ॥
તેથી રાખે સહુની સંભાળ, જે જે માંદા થયા છે મરાળ ॥૭॥
રાબ રોટલો કરાવી પોતે, સંતને જમાડે સ્નેહ સોતે ॥
વળી ઉષ્ણ જળે કરી સ્નાન, સંતને કરાવે છે નિદાન ॥૮॥
એમાં વળી વરત્યો કાળો કેર, દીધુ ઝોળીમાં દ્વેષીએ ઝેર ॥
પણ રક્ષા કરી હરિરાયે, લીધા સંત ઉગારી એમાંયે ॥૯॥
એ સમે હતા એક સ્વચ્છંદ, જેનું નામ સ્વામી ધ્યાનાનંદ ॥
રહેતા સ્વભાવને ઘણું વશ, વળી આકરું વરતે અવશ્ય ॥૧૦॥
તેથી સતસંગમાંથી નીસરી, પોતે ભજતા પ્રેમથી શ્રીહરિ ॥
હતો નાથનો નિશ્ચય ભારી, નવ માને બીજાને લગારી ॥૧૧॥
એમ એકલમડ બની સંત, વિચરે ગામોગામ અત્યંત ॥
તેહ આવી સુરત મોઝાર, આવ્યા સ્વામી પાસે નિરધાર ॥૧૨॥
બોલ્યા મુક્તમુનિ તેને જોઈ, કેમ આવ્યા સાધુ તમે સોઈ ॥
નથી નાથની આજ્ઞા અમને, રાખીએ અમ ભેળા તમને ॥૧૩॥

ત્યારે સંત કહે સુણો સ્વામી, તમને એટલું કહું કરભામી ॥
ન રાખો મુને આંહિ જો આપ, તો કરો અનુગ્રહ નિષ્પાપ ॥૧૪॥
નિમ્ન વર્ણ ઉભા રહે જિયાં, ઉભો રહેવા દિયો મુને તિયાં ॥
તિયાં રહી તમારા દરશન, નિત કરીશ હું પરસન ॥૧૫॥
સુણી સ્વામી કહે ભલે સારું, એમાં ગમતું ઘણું અમારું ॥
પછી સંત રહી તેહ ઠામ, વાતો કરે એવી આહું જામ ॥૧૬॥
આ તો સંત સુવર્ણ સમાન, હું છું લોહ સરીખો નિદાન ॥
એમ સંતનો મહિમાં બહુ, કહી કર્યા સતસંગી સહુ ॥૧૭॥
એમ વીત્યા ઘણા દન ત્યાંય, વાલો આવિયા વરતાલમાંય ॥
એવું સુણી તે સહુ મરાળ, આવ્યા વરતાલમાં તતકાળ ॥૧૮॥
આવ્યા સંત ધ્યાનાનંદ સાથે, તેને જોયા નેણે દીનાનાથે ॥
પછી સ્વામીશ્રીને હરિરાય, પૂછે તે સંતનો અભિપ્રાય ॥૧૯॥
ત્યારે સ્વામી કહે મહારાજ, એ તો ગરજુ દીસે બહુ આજ ॥
રાખી નિશ્ચય નાથ તમારો, નિત્ય નિષ્ઠાનો કરે છે નારો ॥૨૦॥
દોઢ માસ ઉભા રહી દૂર, સતસંગી કર્યા ધરી નૂર ॥
એવા સુણી સ્વામીના વચન, નાથને દયા ઉપજી મન ॥૨૧॥
કહ્યું સુણો ધ્યાનાનંદ તમે, હવે સંતમાં રહો આ સમે ॥
હવે નહિ નડે તમને દોષ, નહિ ઉપજે અંતરમાં રોષ ॥૨૨॥
પછી રહ્યા તે સતસંગમાંય, ઘણું રાજી કર્યા હરિરાય ॥
કેડ્યે રહ્યા અઢી માસ એહ, પછી તજ્યુ તેણે નિજ દેહ ॥૨૩॥
પામ્યા પ્રાપ્તિ બ્રહ્મમોલ તણી, એવી લીલા પવિત્ર મેં ભણી ॥
દ્રઢ નિશ્ચય જો હોય ઉર, તો કરે પ્રભુ સહાય જરૂર ॥૨૪॥
વળી રાખવું અંગમાં તાન, મારે થઈ રહેવું છે ગરજવાન ॥
તો રાજી થાશે શ્રી અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળ સેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ધ્યાનાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું એ નામે ત્રણસોમું પ્રકરણમ્ ॥૩૦૦॥

INDEX

પ્રકરણ : ૩૦૧

પૂર્વછાયો :

અતિ સમર્થ મુક્ત જે, સદ્‌ગુરુ શિરોમણિ સિદ્ધ ॥
પરહિતે પરમારથી, લવલેશ ક્રોધ ન કિદ્ધ ॥૧॥
કષ્ટ સહે અનંતનાં, હૃદે રાખી ક્ષમા સદાય ॥
વાણી નિરમળ રસભરી, એવાં કોણ બીજા જગમાંય ॥૨॥
લખું લીલા તે મુક્તની, સૂધે સાંભળજો નરનાર ॥
સુણ્યાં પછી ચરિતને, મનમાંહિ કરજો વિચાર ॥૩॥

ચોપાઈ :

એક સમે મહામુનિરાટ, કૈંક જીવના કલ્યાણ માટ ॥
ફરતા ફરતા સંત સંગે, કોઈ ગામે ગયાં ઉછરંગે ॥૪॥
ભાળી જનનો ભાવ તે ઠામ, કર્યો તિયાં મુનિએ મુકામ ॥
બાળ જોબન ને વૃદ્ધ વળી, આવ્યાં સંત પધાર્યા સાંભળી ॥૫॥
કહે કરજોડી સહુ જન, ઘણે દન દીધાં દરશન ॥
એમ કહી ભર્યા નીર નયણે, પછી મુનિ બોલ્યા મીઠે વયણે ॥૬॥
તમે સતસંગી સહુ કાવો, કરીએ સભા જો જન બોલાવો ॥
પછી પુરવાસી તેડાવીને, બેઠા સભામાંહિ હરખીને ॥૭॥
હતી સંગે જે સંતમંડળી, તે તો નાવા ચાલ્યાં સહુ મળી ॥
પછી મુક્તમુનિ કરે વાત, જન સુણી થાય રળિયાત ॥૮॥
એમ કરતાં વીત્યો કાંઈ કાળ, કેડ્યે આવ્યાં નાહીને મરાળ ॥
આવી એકે સહુ મુનિ મોર્ય, પગ ધોયા ઓસરીની કોર્ય ॥૯॥
પછી વારિ વહ્યું જેહ વાંસે, તેણે મોદ પલળીયું પાસે ॥
જોયું મહામુનિએ તે નેણે, જોઈ બોલિયા કાંઈક વેણે ॥૧૦॥
શીદને કરો છો સંત આવું, કહો તો આંહિ તાસ મંગાવું ॥
આવું શોભે ન આપે વ્રતંત, દીસો છો અંગે સુચારુ સંત ॥૧૧॥
એમ કીધાં બે વચન સાને, મુનિને ભૂલ્ય સમજાવાને ॥
પણ વેણ સુણીને મરાળ, થયાં ક્રોધિત તે તતકાળ ॥૧૨॥
મનમાંહિ અનિષ્ટ વિચાર્યું, રાખ્યો રોષ કરવા મનધાર્યું ॥
પછી સભા પૂરી થયે સ્વામી, આવ્યાં ઉતારે અંતરજામી ॥૧૩॥

ગયાં પારખી મુનિનું મન, પણ પોત્યે રહ્યાં પરસન ॥
એમ રહ્યાં તિયાં ઘણું સંત, દેવા જનને સુખ અત્યંત ॥૧૪॥
પણ ક્રુદ્ધ હતાં જે મરાળ, તેણે વિચારી ચાલની જાળ ॥
અંત આણવો સ્વામીનો મારે, જોઉં છું કોણ આવીને વારે ॥૧૫॥
એમ વિચારી એક નિશાએ, કહે સ્વામીને જાઉં દિશાએ ॥
મુજ સંગે આવો મુનિરાય, જાતાં ડરું હું એકલા આંય ॥૧૬॥
ત્યારે મુનિ કહે સુણો સંત, મધરાત્ય છે હાલ અત્યંત ॥
માટે બા'ર ન જાવું તમારે, ચિંતા રહે ઘણી ચિત્ત મારે ॥૧૭॥
આંહિ થકી છે ઢુંકડી જાગ્ય, તિયાં જઈ આવો લઈ માગ ॥
પણ મુનિ માન્યા નહિ લેશ, લીધી વાતની હઠ વિશેષ ॥૧૮॥
જોશે આવવું આપને આજ, એ વિના ચાલે નહિ મહારાજ ॥
પછી એ સમે સ્વામી સુજાણે, રૂડી વાત કરી તેહ ટાણે ॥૧૯॥
ત્યાગી તણાં શુભાશુભ ધર્મ, કહી દેખાડ્યા મુનિને પર્મ ॥
કીધી વાતું શું એવી તે સમે, ઘાટ ઘટના સદ્ય વિરમે ॥૨૦॥
બીજે દન ઉદે થયો ભાનું, આવ્યાં મુનિ કરી મુખ મ્લાનું ॥
પડી મુક્તાનંદજીને પાય, કરે શોક ઘણો દલમાંય ॥૨૧॥
દુઃખી દલે બોલ્યા તેહ મુનિ, સ્વામી મતિ થઈ મારી ધૂનિ ॥
કીધાં કઠણ વચન જેહ, હું તો સહી શક્યો નવ તેહ ॥૨૨॥
તેથી નિશાએ દિશાને મિષ, કૂવે નાખવા ધરી મે રીસ ॥
પણ સમજાવ્યો તમે સાર, તેથી ક્રોધ નાઠો નિરધાર ॥૨૩॥
સુણી આપ મુખે શુભ વાત, ટળી પળમાં અનિષ્ટ ઘાત ॥
તમ વિના અજ્ઞાન અંધારું, કહો કોણ કરે દૂર મારું ॥૨૪॥
યાચી ક્ષમા એવી નિજ મુખે, ક્ષમાસાગરે દીધી છે સુખે ॥
પછી મળિયા બેઉ હુલાસે, કીધું ઘનશ્યામપ્રકાશદાસે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સંતનો સંશય ટાળ્યો એ નામે ત્રણસો ને એકમું પ્રકરણમ્ ॥૩૦૧॥

પ્રકરણ : ૩૦૨

પૂર્વછાયો :

વાળી વરતિ અંતરે, રહે મૂર્તિમાંહિ લીન ॥
જગ પ્રપંચની જાળમાં, મહામુનિ રહે ગમગીન ॥૧॥
આવે નર જે આગળ્યે, શીખવા વાત વિશેષ ॥
વેત વરતિ કાઢીને, તેને દિયે ઉપદેશ ॥૨॥
પછી પૂરણ પેખીને, વાળે વરતિ હાથ સમાન ॥
એવાં મુક્ત મહામુનિ, સદા શીતળ શાંત મહાન ॥૩॥

ચોપાઈ :

એક સમાની સાંભરે વાત, સ્વામી સુરતમાં રળિયાત ॥
કરતાં વિચરણ સંગે સંત, રાજી કરવા શ્રી ભગવંત ॥૪॥
નાના મોટા સહુ મુદભેર, રહેતા રાજીપે સંત સિત્તેર ॥
વયે કરી તેમાંહિ મરાળ, હતાં સાધુ રૂડાં એક બાળ ॥૫॥
નાનપણાથી થયાં સતસંગી, પણ રહ્યાં માંબાપ કુસંગી ॥
દીધી દીક્ષા શ્રી ધર્મને લાલે, પાડ્યું નામ જ્ઞાનાનંદ વહાલે ॥૬॥
તેને ચડી છે જેમ ખુમારી, તેમ જક્ત માયાને વિદારી ॥
હતું મુક્તમુનિ સંગ હેત, એથી રાખ્યા'તા મુનિ સમેત ॥૭॥
પછી રહ્યાં સુરતમાં સ્વામી, લઈ સંત સિત્તેર અકામી ॥
કર્યા ભક્ત રાજી તિયાં ઘણાં, એમાં રાખી નહિ કાંઈ મણાં ॥૮॥
નિત નિત ધર્મશાળામાંય, આવે સીધા સિત્તેર ભરાય ॥
પણ દન એકાંતરો રાખી, કેડ્યે કરતાં રસોઈ આખી ॥૯॥
એમ રાજી કરે જન મન, થાય જન તે જોઈ પ્રસન ॥
પણ મુનિ જ્ઞાનાનંદ જેહ, તેણે સંકલ્પ ઉપજ્યો એહ ॥૧૦॥
લીધો ત્યાગી તણો તન વેષ, મળ્યાં મુનિ સંગે પરમેશ ॥
તેથી પામ્યો છું ધામ હું નક્કી, એ તો પ્રકટ ને વાત પકી ॥૧૧॥
પણ રહ્યાં કુસંગી માંબાપ, થાશે નારકી તે કરી પાપ ॥
માટે જઈ પૂર્વાશ્રમ ઘેર, કરું સતસંગી રૂડી પેર ॥૧૨॥
પછી વળતો આવીશ આંઈ, એમ વિચારિયું મનમાંઈ ॥
વળી થયો છે મન વિચાર, મુને સ્વામી સંગે ઘણો પ્યાર ॥૧૩॥

માટે પૂછું હું સ્વામીને પહેલા, પછી થાશું વહેલા ઘરભેળા ॥
એમ ધારી આવ્યાં મુનિ પાસ, નિજ વાતનો કર્યો પ્રકાશ ॥૧૪॥
સુણી મુક્તમુનિએ તે વાત, કહ્યું સંતને લઈ એકાંત ॥
તમે કર્યો છે સંકલ્પ સારો, પણ મનમાં કાંઈ વિચારો ॥૧૫॥
આંહિ સીધા સિત્તેર ભરાય, આપે જાતાં ઓછા એક થાય ॥
પછી થાશે વાતું ઠેર ઠેર, નક્કી સંત ગયાં કોઈ ઘેર ॥૧૬॥
તેથી હમણાં રહો આંહિ થોડુ, રાખો મળવાનું કાંઈ મોડું ॥
આંહિ થકી સધાવશું જ્યારે, જાજ્યો સુખેથી ગામ તમારે ॥૧૭॥
પછી માંડી છે મુનિએ વાત, જેથી નાત્યની મટે નિરાંત ॥
શુભ ધર્મ વિવેક વ્યવહાર, કહ્યાં સંત અસંત વિચાર ॥૧૮॥
સુણી સંતના સંશય ટળ્યા, દેહ સંબંધી સરવે બળ્યા ॥
જૂઠાં જાણિયા સંસારી લોક, સત્ય જાણી સંત કેરી જોક ॥૧૯॥
એમ મુનિ રહ્યાં'તા સુરત, કરવા જન મુદા અવિરત ॥
પછી વળતી વાટ મરાળે, લીધી સુરતથી તતકાળે ॥૨૦॥
ચાલ્યાં આવે મુક્તમુનિ સંગ, હૈયામાંહિ હુલસે ઉમંગ ॥
આવ્યું ગામ જ્ઞાનાનંદ તણું, તિયાં બોલ્યા મુક્તમુનિ ઘણું ॥૨૧॥
હવે સધાવો આપને ગામ, મુનિ જ્ઞાનાનંદ અભિરામ ॥
ત્યારે સંત બોલ્યા જોડી હાથ, હવે આવું ન કરશો નાથ ॥૨૨॥
કુમતિ કરી આપે સુમતિ, પાછી શીદ કરો અવગતિ ॥
હવે તો કરી સેવ તમારી, ભાવે કરીશ ભક્તિ અપારી ॥૨૩॥
એમ જ્ઞાનાનંદ મતિવાન, પામ્યા સ્વામી સંગે શુદ્ધ જ્ઞાન ॥
અન્ય થયાં અળગા ઉચાટ, ઘેર જાવા તણો મેલ્યો ઘાટ ॥૨૪॥
પછી ગયાં નહિ નિજગામ, રહ્યાં મુનિ સંગે આઠુ જામ ॥
કીધાં મમત્વના સૂર નાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સંતની મમત્વ બુદ્ધિ દૂર કરી એ નામે ત્રણસો ને બીજું પ્રકરણમ્ ॥૩૦૨॥

પ્રકરણ : ૩૦૩

પૂર્વછાયો :

એક સમે પધારિયા, જૂનાગઢ જગજીવન ॥
દેવા દરશન દાસને, કરવા જન પ્રસન્ન ॥૧॥
હરિજન મન હુલસ્યા, જેમ ફૂલ્યાં કમળના ફૂલ ॥
નયણે નીરખી નાથને, મોદ પામ્યા છે અતુલ ॥૨॥
નરપતિ નવાબજી, તે આવ્યો અંબાડીએ ચડી ॥
સારું સામૈયું કરવા, છડીદાર બોલાવ્યા લૈ છડી ॥૩॥

ચોપાઈ :

રૂડો લાવ્યા શણગારી ગજ, જોઈ જન પામ્યા અચરજ ॥
સંગે લાવ્યા સારો સુખપાલ, મ્યાના મંગાવિયા આણી વહાલ ॥૪॥
ગજે બેઠા પોતે ગિરધારી, દેખી નૃપતિનો ભાવ ભારી ॥
સુખપાલે બેઠા મુક્તાનંદ, સંગે રામદાસ સુખકંદ ॥૫॥
બીજા બેઠા મ્યાનામાંહિ સંત, બીજા ચાલ્યા આવ્યા છે ધીમંત ॥
આવી સવારી ગઢની માંય, હરખી નવાબ પહોંચિયો ત્યાંય ॥૬॥
બેઉ બેઠા છે હસ્તિ ઉપર, નૃપતિ ને શ્રી નટનાગર ॥
આમાસામાં મળ્યાં ભલી રીતે, કર્યુ ભૂપાળે સામૈયું પ્રીત્યે ॥૭॥
નરનારીએ નાથ નીરખી, લીધો લાભ અલભ્ય હરખી ॥
જયજય બોલે છડીદાર, નાદ ગગને ગુંજ્યો અપાર ॥૮॥
પછી આવિયા પ્રાણજીવન, ભક્ત દાદાભાઈને ભુવન ॥
દાદાભાઈને ભાવ છે સારો, કર્યો તેને તે ઘેર ઉતારો ॥૯॥
સહુ રાજી થયા નિજજન, કરી પ્રભુજીના દરશન ॥
સુંદર કરાવી સારી રસોઈ, નાથ જમ્યા ભાવ તેનો જોઈ ॥૧૦॥
પછી જમાડિયા સંત સહું, તાણ્ય કરી કૃપાળુએ બહુ ॥
ફર્યા પંગતમાં બહુવાર, હેતે સંત જમાડ્યા અપાર ॥૧૧॥
પછી પોઢિયા દીનદયાળ, બેઠા ધ્યાન કરવા મરાળ ॥
એમ બે ઘડી સૂતાં શ્રીહરિ, કેડ્યે ઉઠ્યા પલંગ પરહરિ ॥૧૨॥
ભરી સભા ફૂલવાડીમાંય, આવી બેઠા સંત ભક્ત ત્યાંય ॥
બેઠા હેમ હિંડોળે દયાળ, સામાં બેઠા છે સહુ મરાળ ॥૧૩॥

પછી દાદાભાઈ ભલી રીત્યે, આવ્યા પ્રભુને પૂજવા પ્રીત્યે ॥
કેસર ચંદન સુમનહાર, પૂજા કરી પહેરાવ્યા અપાર ॥૧૪॥
પછી મોક્ષ રહસ્ય દેખાડી, સત્ય અસત્ય વિગતિ પાડી ॥
કરી પ્રભુએ કથા પુનિત, સુણી મોદ વાધ્યો છે અમિત ॥૧૫॥
સતસંગનો મર્મ રસાળ, કહી દેખાડિયો તતકાળ ॥
ખરો બુદ્ધિવાન જન જેહ, કીધા લક્ષણ સરવે તેહ ॥૧૬॥
જનને મન મોદ ન માંય, સુણી વાત સહુ સુખદાય ॥
સામા બેઠા છે મુક્તાનંદજી, તેણે વાત સુણી સૂધ ત્યજી ॥૧૭॥
અતિ અગમ્ય જેહ સમાધિ, તેની પક્વ દશા અતિ સાધી ॥
હરિ મૂરતિ ચિંતવી મન, બેઠા સ્વામીશ્રી દ્રઢ આસન ॥૧૮॥
કરી સમાધિ મૂરતિમાં રઈ, ત્યારે વિસ્મૃતિ દેહની થઈ ॥
થયા શ્રીહરિ ચરણે લીન, રહ્યા મૂર્તિમાંહિ લેલીન ॥૧૯॥
તેને દેખીને બોલ્યા દયાળ, અહો ધન્ય ધન્ય આ મરાળ ॥
આવી રીતે જે ચિંતવે વાત, તે તો પામે સમાધિ સાક્ષાત ॥૨૦॥
જેમ સ્વામી દેખે મૂર્તિ મારી, એમ દેખે પછી નરનારી ॥
માટે કરજો એવો અભ્યાસ, કેડ્યે થાશે મૂર્તિમાંહિ વાસ ॥૨૧॥
પછી સમાધિથી બહુ પ્રીત્યે, મુનિને જગાડ્યા રૂડી રીત્યે ॥
કૃપા કરી તિયાં ભગવન, બોલ્યા અતિ અમૃત વચન ॥૨૨॥
કરજયો ચરિત્ર ચિંતન નિત, એમાં સુખ રહ્યું છે અમિત ॥
બ્રહ્મસુખથીયે કોટિ ગણું, સુખ ચરિત્રમાં રહ્યું ઘણું ॥૨૩॥
વળી કરજો તેના કીરતન, રૂડા શાસ્ત્ર રચજો પાવન ॥
એમ આપું છું આગન્યા આજ, સુણી લેજયો તે ગુરુ મહારાજ ॥૨૪॥
સુણી મોદ પામ્યા બહુ સ્વામી, આગન્યા ચડાવી શીશ નામી ॥
કર્યા વચન સાર્થક ખાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળ સેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિને સમાધિ થઈ એ નામે ત્રણસો ને ત્રીજું પ્રકરણમ્ ॥૩૦૩॥

પ્રકરણ : ૩૦૪

પૂર્વછાયો :

વળી કહું એક વારતા, સહુ સુણો સુમતિ જન ॥
રહી જીવન જૂનેગઢે, પછી ચાલિયા પ્રસન્ન ॥૧॥
સંગે સંત અધિક છે, વળી પાળાનો નહિ પાર ॥
હેતે ઘણા હરિજનના, મન હુલસી રહ્યા અપાર ॥૨॥
એમ કરતા ચાલિયા, દસ બાર ગાઉ સહુ દાસ ॥
રૂડો દન એકાદશી, તેનો રાખ્યો છે ઉપવાસ ॥૩॥

ચોપાઈ :

ઘણું ચાલી થાક્યા છે મરાળ રે, વળી થાક્યા છે દીન દયાળ રે ॥
પછી બોલિયા શ્રી મહારાજ રે, સંતો ગાઓ ને ગરબી આજ રે ॥૪॥
સુણી સંત થયા સાવધાન રે, રચ્યો રાસ કર્યું બહુ ગાન રે ॥
બેઠા મધ્યે પોતે મહારાજ રે, દેવા દાસને દર્શન કાજ રે ॥૫॥
દેખી જન થયા છે પ્રસન્ન રે, અહો અહો સંત ધન્ય ધન્ય રે ॥
સંત ગાય ગરબી ને રાસ રે, ફરતે ફુદડિયું ફરે દાસ રે ॥૬॥
પછી પોત્યે ઉઠ્યા અલબેલ રે, આવ્યા ખાંતિલો કરવા ખેલ રે ॥
સંત સંગે રમે રાસ હરિ રે, આમાસામાં ફુદડિયે ફરી રે ॥૭॥
એમ પ્રભુએ ખેલ જમાવ્યો રે, સહુ જનને મન અતિ ભાવ્યો રે ॥
સહુ સંતને છે ઉપવાસ રે, તોય હોંશે રમે સહુ રાસ રે ॥૮॥
પણ મુનિ મુક્તાનંદ જેહ રે, સહુ સંતમાં મોટેરા એહ રે ॥
તેને દયા ઉપજી છે અંગ રે, હવે કરવો રમવામાં ભંગ રે ॥૯॥
પંડે ઉપવાસી સહુ સંત રે, તેને થાક જણાશે અત્યંત રે ॥
માટે કરવો એવો ઉપાય રે, જેથી રમવાનું નવ થાય રે ॥૧૦॥
એમ વિચારીને તતકાળ રે, બ્રહ્મમુનિ બોલાવ્યા મરાળ રે ॥
કહ્યું સુણો સ્વામી બ્રહ્માનંદ રે, હવે થયો છે ઘણો આનંદ રે ॥૧૧॥
માટે કરોને ટીખળ કાંય રે, જેથી રમવાનું ટળી જાય રે ॥
તેહ સુણી ચાલ્યા બ્રહ્માનંદ રે, ઊભા દૂર જઈને સ્વચ્છંદ રે ॥૧૨॥
તિયાં રહીને કર્યો પોકાર રે, ભાગો ચોર આવિયા આ વાર રે ॥
સુણી સાદ બ્રહ્મમુનિ તણો રે, પડ્યો રમવામાં રંગ ઘણો રે ॥૧૩॥

INDEX

તેહ સમે બોલ્યા પ્રભુ સોય રે, નથી ચોર આવ્યો આંહિ કોય રે ॥
એ તો ચોર બ્રહ્માનંદ પોતે રે, સહુ રાસ રમો સ્નેહ સોતે રે ॥૧૪॥
સુણી હસ્યા મુનિ મુક્તાનંદ રે, થયો ઉલટો અધિક આનંદ રે ॥
કહ્યું બ્રહ્મમુનિને બોલાવી રે, વિદ્યા તમારી કામ ન આવી રે ॥૧૫॥
પછી સંત થઈ સાવધાન રે, રમે રાસ કરે બહુ ગાન રે ॥
એમ કરતા વીતી બહુ રાત રે, થયું રમવામાં પરભાત રે ॥૧૬॥
ત્યાર પછી કહે ધર્મલાલો રે, સંતો રાસ રમી હવે ચાલો રે ॥
ત્યારે સંત થયા છે તૈયાર રે, વાટે ચાલવાને નિરધાર રે ॥૧૭॥
પણ પંડમાં પીડા છે બહુ રે, રાસ રમી થાક્યા સંત સહુ રે ॥
તેને દેખી બોલ્યા મુક્તાનંદ રે, સુણો શ્રીહરિ આનંદકંદ રે ॥૧૮॥
સહુ સંત થાક્યા રમી રાસ રે, વળી તનમાં છે ઉપવાસ રે ॥
પૂરી રજનીનો ઉજાગરો રે, માટે દિલ દયા તમે ધરો રે ॥૧૯॥
સુણી મુક્તમુનિના વચન રે, થયા પ્રભુ પોતે પ્રસન્ન રે ॥
અહો ધન્ય ધન્ય આવા સંત રે, જેની શ્રદ્ધા અખૂટ અત્યંત રે ॥૨૦॥
પછી એકેક સંતને ભેટ્યા રે, તન થાક સહુના મેટ્યા રે ॥
નાથે કૃપા કરી તતકાળ રે, પામ્યા સ્ફૂર્તિ પંડમાં મરાળ રે ॥૨૧॥
પછી ચાલ્યા ગાઉ પાંચ સાંત રે, ત્યારે બોલ્યા શ્રીહરિ સાક્ષાત રે ॥
આંહિ રોકાવો જમવા સંત રે, સહુ ક્ષુધાતુર છો અત્યંત રે ॥૨૨॥
ત્યારે સંત કહે મહારાજ રે, નથી ભૂખ્યા અમે કોઈ આજ રે ॥
તન થાક ગયો છે વિસરી રે, એવી કૃપા તમે પ્રભુ કરી રે ॥૨૩॥
પછી સંત સંગે પ્રભુરાય રે, ચાલ્યા તિયાં થકી સુખદાય રે ॥
એવી લીલા એકાદશી કરી રે, રહ્યા સંત સરવે હુલસી રે ॥૨૪॥
સંત અને શ્રીહરિને દલ રે, અરસપરસ પ્રીત છે અવલ રે ॥
ખાંતે ખેલવ્યો પુનિત રાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળ સેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે એકાદશીએ રાસે રમાડ્યા એ નામે ત્રણસો ને ચોથું પ્રકરણમ્ ॥૩૦૪॥

પ્રકરણ : ૩૦૫

પૂર્વછાયો :

મહામોટો પ્રભુ મહિમા, તેનું કરવું શું વરણન ॥
કહી કહી થાકે જીભા, થાકે મનન કરતા મન ॥૧॥
પાર તેનો પામે નહિ, સુરનર મુનિવર કોય ॥
એવા ગુણગણથી ભર્યા, શ્રી સહજાનંદ પ્રભુ સોય ॥૨॥
માટે શીખવો મહિમા, નરનારીને દિનરાત ॥
તેની વિગતિ વર્ણવું, સહુ સાંભળજો સાક્ષાત ॥૩॥

ચોપાઈ :

એક સમામાંહિ મુનિરાય, સ્વામી મુક્તાનંદ સુખદાય ॥
દાસ અર્થે ફર્યા સર્વે દેશ, પછી કર્યો ગઢડે પ્રવેશ ॥૪॥
આવ્યા ઉત્તમને દરબાર, પ્રેમે મળવા પ્રાણઆધાર ॥
પણ પ્રભુ બેઠા સંત સંગે, અક્ષર ઓરડીમાંહિ ઉમંગે ॥૫॥
સ્વામી આવી ઉભા ચોકમાંય, વાટ દર્શનની જુવે ત્યાંય ॥
એવે સમે આવી એક શ્વાન, આવી બેઠેલું શોધીને સ્થાન ॥૬॥
તેને દેખી મુક્તાનંદ સ્વામી, ઉભા રહ્યા ઘણું કરભામી ॥
પછી કર્યા સાષ્ટાંગ પ્રણામ, શ્વાન બેઠું હતું જેહ ઠામ ॥૭॥
તેહ દ્રશ્ય જોયું જેણે નેણ, તે તો બોલી શક્યા નહિ વેણ ॥
અતિ આશ્ચર્ય પામ્યા છે સહુ, માંહોમાંહિ વાતું કરે બહુ ॥૮॥
તેની પ્રભુને થઈ છે જાણ, વાત બની જે પ્રકટ પ્રમાણ ॥
પછી સંધ્યા સમે સભા ભરી, આવ્યા સુંદરવર શ્રીહરિ ॥૯॥
કહ્યું મુક્તમુનિને બોલાવી, સ્વામી વાત છે આ ખરી આવી ॥
આપે કર્યા સાષ્ટાંગ પ્રણામ, દેખી શ્વાન બેઠેલું જે ઠામ ॥૧૦॥
ત્યારે સ્વામી કહે મહારાજ, હા મેં કર્યા દંડવત્ આજ ॥
ત્યારે પ્રભુ કહે શું સમજી, કર્યા દંડવત્ મુક્તાનંદજી ॥૧૧॥
ત્યારે સ્વામી કહે સુણો નાથ, તમે જીવનો પકડી હાથ ॥
માયાપાર ઉતારો છો ઘણું, ભૂલ્ય જુવો ન જીવની અણું ॥૧૨॥
આપ જીવ તણા સુખકારી, દીનબંધુ અતિ દુઃખહારી ॥
આપ અપરમપાર અકળ, આપ નિર્બળજનનું બળ ॥૧૩॥

INDEX

આપ અવતારના અવતારી, આપ ભક્ત તણા હિતકારી ॥
આપ પ્રેરક ને પ્રતિપાળ, ભક્તવત્સલ દીનદયાળ ॥૧૪॥
આપ અક્ષરધામ આધાર, આપ સંતના સુખ ભંડાર ॥
આપ મહાપ્રભુ બહુનામી, આપ અકળ અંતરજામી ॥૧૫॥
રૂડા આપ ચરણકમળ, તેની રજ છે આંહિ અમળ ॥
વળી સંત ભક્ત જે તમારા, નિત્ય આવે છે આંહિ અપારા ॥૧૬॥
તેના ચરણરજથી અતિ, ભૂમિ બની છે આ ભાગ્યવંતી ॥
એવા પવિત્ર સ્થાનમાં કોય, દીઠું શ્વાન મેં બેઠેલું સોય ॥૧૭॥
તેનો મહિમાં જાણી અપાર, કર્યા દંડવત મેં આ વાર ॥
મોટા મોટા યોગી કરે તપ, કરે યજ્ઞ વળી બહુ જપ ॥૧૮॥
કરે વ્રત વિવિધ નિદાન, કરે કોટિક ગૌ કેરા દાન ॥
યોગ સાધે સમાધિએ રહી, તોય તેને આ પ્રાપતિ નહિ ॥૧૯॥
આ ચરણરજથી અનંત, બળે પાપ કઠોર અત્યંત ॥
સિદ્ધને પણ છે દુર્લભ, તે થઈ આ શ્વાનને સુલભ ॥૨૦॥
એવો મહિમા મેં જાણી મહાન, કર્યા પ્રણામ દેખીને શ્વાન ॥
તે સુણી રાજી થયા દયાળ, તેડાવ્યા પાસમાં તતકાળ ॥૨૧॥
પોતે પહેરેલો ગુલાબ હાર, તે પહેરાવ્યો મુનિને ધરાર ॥
એવા રાજી થયા પ્રભુરાય, મુખમાં પ્રસન્નતા ન માંય ॥૨૨॥
એવા ચરિત્ર હજારો હજાર, કહેતા લખતા ન આવે પાર ॥
ઘડી ઘડી પળ પળમાંય, સ્વામી લીલા કરે સુખદાય ॥૨૩॥
આવી રીત્ય ન દીઠી સાંભળી, સહુ જન વિચારજ્યો વળી ॥
મહિમા સમ નહિ કોઈ વાત, એ છે શ્રેષ્ઠ સાધન સાક્ષાત ॥૨૪॥
માટે મોટાનો મહિમા જાણી, કરી લેવી જીવની કમાણી ॥
તો નક્કી પામશો અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળ સેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્વાનને દંડવત કર્યા એ નામે ત્રણસો ને પાંચમું પ્રકરણમ્ ॥૩૦૫॥

INDEX

પ્રકરણ : ૩૦૬

પૂર્વછાયો :

ભક્ત ભલા ભગવાનના, રહે ભાવનગર મુકામ ॥
શૂરા ખરા સતસંગના, રાજાભાઈ રૂપાભાઈ નામ ॥૧॥
કાજ કરે નૃપતિ તણું, રહી નીતિમાંહિ અપાર ॥
શુદ્ધ રાખે વ્યવહારને, બેઉ ભક્ત ખરા ઉદાર ॥૨॥
ધારે ધીરજ અંગમાં, તે ડગે નહિ કેદિ લેશ ॥
એવા અનુપ ભક્તનું, આખ્યાન કહું વિશેષ ॥૩॥

ચોપાઈ :

રાજાભાઈ રૂપાભાઈ દોય, સતસંગી શૂરવીર સોય ॥
મુક્તમુનિએ પ્રથમ એને, સતસંગ કરાવ્યો તો બેને ॥૪॥
પામી કૃપા સ્વામીની અનંત, સ્થિતિવાન થયા છે અત્યંત ॥
આવી અંગમાં ખરી ખુમારી, ઉતરે નહિ કેની ઉતારી ॥૫॥
કરતા રાજનો વહીવટ બહુ, તેથી રાજી હતા જન સહુ ॥
પણ બીજા હતા કારભારી, તેને આવી છે ઈર્ષ્યા ભારી ॥૬॥
જૂઠી વાત ભંભેરણી કરી, એણે નૃપતિને કાન ધરી ॥
કહે છે આપણી ઈયાંની વાત, ગઢડે જઈ કહે છે સાક્ષાત ॥૭॥
એમ દગો કરે છે તમારો, માટે કાઢી ઘો રાજથી બારો ॥
સુણી વાત રાયે હૃદે રાખી, ભક્તની જીવિકા કાપી નાખી ॥૮॥
તેથી દાસ આવ્યા ગઢપુર, મળ્યા જગજીવનને જરૂર ॥
દોય દન રહ્યા તેહ દાસ, પછી આવ્યા મુક્તમુનિ પાસ ॥૯॥
રૂપાભાઈ પાય લાગી લળી, કહે છે સ્વામીને વાત સઘળી ॥
હતી આજીવિકા મારી જેહ, નૃપે બંધ કરી સહુ તેહ ॥૧૦॥
હવે હું શું ઉદ્યમ આદરું, જેમ કહો સ્વામી તેમ કરું ॥
આપો આગન્યા હે ગુરુદેવ, આપ વચન માનું અભેવ ॥૧૧॥
સુણી સ્વામી કહે રૂપાભાઈ, રહો કાલ્ય સુધી તમે આંઈ ॥
પછી જાજ્યો તમે નિજ ઘેર, સહુ થાશે રૂડા લીલા લહેર ॥૧૨॥
એમ કહી બેઠા ધર્યું ધ્યાન, દીઠાં દયાનિધી મૂર્તિમાન ॥
રસબસ થઈ હરિરૂપ, ચિતવૃત્તિ ઠેરાવી અનુપ ॥૧૩॥

INDEX

પછી ધ્યાનથી જાગી તે વાર, લખ્યા સ્વામીએ કીર્તન ચાર ॥
ભક્તને રાખવા ઘણી ધીર, વળી થાવા ભક્ત શૂરવીર ॥૧૪॥
હરિગુણ ગાતા દુરિજનિયાનો, હૈયે ધડક રાખવો શાનો ॥
ડરનો શીદ રાખવો ઘાટ, પ્રભુ સંભારવા શિર સાટ ॥૧૫॥
એવા પદ લખી રૂડા ચાર, કહે છે મુક્તમુનિ નિરધાર ॥
નિત્ય ગાજો આ કીર્તન તમે, એવી આગન્યા આપીએ અમે ॥૧૬॥
સુણી રાજી રૂપાભાઈ થયા, બીજે દન નિજ ઘેર ગયા ॥
નિત્ય પ્રેમે તે કીર્તન ગાય, અતિ રાજી ઘણું મન થાય ॥૧૭॥
એમ વીત્યા ઘણા દન જ્યારે, નિજનારીએ કહ્યું તે વારે ॥
ત્યાગો તિલક કંઠી તનથી, ભજો પ્રભુને ભીતર મનથી ॥૧૮॥
મહિપતિ કહે તેમ કરો, હવે સત્સંગને પરહરો ॥
નહિ તો ઉદ્યમ વિનાના દન, કેમ જાશે વિચારોને મન ॥૧૯॥
ત્યારે કહે રૂપાભાઈ એમ, આવી ઘેલી થઈ તુંય કેમ ॥
કરું ત્યાગ હું તારો બેશક, પણ નહિ ત્યાગું કંઠી તિલક ॥૨૦॥
એવો વાદ કરે નરવામ, એમાં ભૂપને પડ્યું છે કામ ॥
સુવર્ણ કેરા વેપાર માટે, વહાણ મેલ્યા છે બંદર વાટે ॥૨૧॥
કોણ જાય સંગે કારભારી, એવી ચિંતા છે ભૂપને ભારી ॥
ત્યારે ભૂપે વિચારિયું મન, એવો રૂપાભાઈ એક જન ॥૨૨॥
નહિ છળે સુવર્ણમાં લેશ, એવો એનો વ્યવહાર વિશેષ ॥
એમ જાણી બોલાવિયો દાસ, મેલ્યો સુવર્ણ લેવાને ખાસ ॥૨૩॥
કર્યું રાજનું કાજ તમામ, પૂરી કરી ભૂપતિની હામ ॥
રૂપૈયા તેના અઢી હજાર, નૃપે દીધા રાજી થૈ તે વાર ॥૨૪॥
વળી દીધી આજ્ઞવિકા ફરી, એવી સ્વામીશ્રીએ કૃપા કરી ॥
મળ્યો રાજમાં ફરી નિવાસ, કહે ઘનશ્યામપકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળ સેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રૂપાભાઈનો વ્યવહાર સુધાર્યો એ નામે ત્રણસો ને છઠ્ઠું પ્રકરણમ્ ॥૩૦૬॥

પ્રકરણ : ૩૦૭

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, કહું ચરિત્ર ઉદાર ॥
મહામુનિ મુક્તાનંદનો, જશ કહેતા ન આવે પાર ॥૧॥
જે જન આવે સંગમાં, તેને ભેટાડે પરમેશ ॥
જક્ત અવિદ્યા પંડમાં, દિયે ન રહેવા લેશ ॥૨॥
તે માટે બહુ ખંતથી, સ્વામી વિચરે ગામોગામ ॥
તેથી હરિજન સુખિયા, રહે અંતર આઠોજામ ॥૩॥

ચોપાઈ :

મહી કાંઠે છે ડભાસા ગામ, તિયાં ભક્ત બાજીભાઈ નામ ॥
કરે હેતે રૂડો સતસંગ, ભાવે ભજે પ્રભુને અભંગ ॥૪॥
કરે હરિભજન હંમેશ, નહિ નિષ્ઠામાં સંશય લેશ ॥
સત્ય જાણ્યા સહજાનંદ સ્વામી, સુખકારી સદા બહુનામી ॥૫॥
નિજ પુત્રને કારજ સોંપી, રહે ભક્તિમાં અખંડ ઓપી ॥
પણ સંતનો સંગ છે લેશ, તેથી સમજણ નહિ વિશેષ ॥૬॥
ભોળા ભાવે ભજે ભગવાન, બીજું નહિ અંતરમાં જ્ઞાન ॥
એવામાં આવિયો ચાતુર્માસ, પધાર્યા સંત ડભાસે ખાસ ॥૭॥
સંત સંગે વાધ્યો સત્સંગ, ચિત્તે ચડ્યો તેનો અતિ રંગ ॥
શુદ્ધ વિવેક સમજણ સાર, તે શીખ્યા સંત પાસે અપાર ॥૮॥
લીધા નિયમ સંતની પાસ, રાજી કરવા શ્રી અવિનાશ ॥
તેહ પાળી પૂરા કીધા શેષ, સંત મુદિત થયા વિશેષ ॥૯॥
એવામાંહિ નાથે નેહ ધરી, મુક્તમુનિને આગન્યા કરી ॥
સ્વામી જાઓ વડોદરે શહેર, કરો દાસ ઉપર ઘણી મહેર ॥૧૦॥
અમારી પેઠે પૂજાજયો ત્યાંય, રાજી કરજો સહુ ગુરૂરાય ॥
એવા સુણી વાલાના વચન, સ્વામી ચાલ્યા મળીને પ્રસન્ન ॥૧૧॥
દેશ પ્રદેશે ઘણું પૂજાઈ, સ્વામી આવ્યા છે ડભાસામાંઈ ॥
બાજીભાઈ તો સામૈયું લાવ્યા, સ્વામીને પુરમાં પધરાવ્યા ॥૧૨॥
બની શોભા સામૈયાની બહુ, સુણી લોક આવ્યા સામા સહુ ॥
બહુવિધના વાજા ત્યાં વાજે, પુરદારા આવી જોવા કાજે ॥૧૩॥

INDEX

ઘણે મોંઘે મોતીડે વધાવી, શોભા સામૈયા કેરી સજાવી ॥
પછી મુક્તાનંદજીએ કહ્યું, આ ગામમાંહિ એવું શું થયું ॥૧૪॥
આવે અવિનાશી સામા એમ, કર્યું સામૈયું અમારું તેમ ॥
મોર્ય આવ્યા હતા અમે જ્યારે, આવું કર્યું નહોતું કાંઈ ત્યારે ॥૧૫॥
એવું સુણી બોલ્યા બાજીભાઈ, સ્વામી સુણો તમે સુખદાઈ ॥
આંહિ સાધુ રહ્યા ચારમાસ, દીધા નિયમ સહુને ખાસ ॥૧૬॥
વાધ્યો સત્સંગ ભક્તમાં બહુ, શીખ્યા સમજણ સદ્‌ગુણ સહુ ॥
આપ આવ્યા તો નાથ આવ્યા છો, એમાં ઠાઠ શું રાખવો આછો ॥૧૭॥
આજ ઉઘડ્યા ભાગ્ય અમારા, થયા પાવન દર્શ તમારા ॥
આંહિ રોકાઈને ઘણું સ્વામી, ભાંગો દાસ તણી સહુ ખામી ॥૧૮॥
ત્યારે સ્વામી કહે બાજીભાઈ, હમણા તો નહિ રહેવાઈ ॥
અમારે તો વડોદરે જાવું, હમણા નથી આંહિ રોકાવું ॥૧૯॥
માટે તાણ્ય ન કરશો તમે, પછી રોકાઈશું આવી અમે ॥
એમ વાતું કરી તિયાં બહુ, સુણી રાજી થયા જન સહુ ॥૨૦॥
પછી મુક્તાનંદજી મહારાજ, પૂરા કરવા જનના કાજ ॥
પ્રેમે પધારિયા વટપુર, આવ્યા જન ત્યાં સામા જરૂર ॥૨૧॥
કરી વધામણી બહુપેર, પૂજયા મુક્તામુનિ મુદભેર ॥
બાલ જોબન ને વૃદ્ધ વળી, આવ્યા સ્વામી પધાર્યા સાંભળી ॥૨૨॥
જન આવીને નીરખે સ્વામી, આવી ઉભા રહે કરભામી ॥
લળી લળી લાગે સહુ પાય, અતિ હૈયામાં હેત ન માંય ॥૨૩॥
કહે કરજોડી એમ જન, ઘણે દહાડે દીધાં દરશન ॥
મળ્યો લાભ અલભ્ય આ વાર, અતિ ભાગ્ય અમારા અપાર ॥૨૪॥
એવું કર્યું સ્વામીએ ચરિત્ર, પ્રભુ પેઠે પૂજાયા પવિત્ર ॥
તેને સાંભળતા સુખ થાય, ઘનશ્યામપકાશ તે ગાય ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળ સેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ડભાસા અને વડોદરામાં પધરામણી કરી એ નામે ત્રણસો ને સાતમું પ્રકરણમ્ ॥૩૦૭॥

INDEX

પ્રકરણ : ૩૦૮

પૂર્વછાયો :

સુંદર સરકારપર છે, રણકાંઠે રૂડું એક ગામ ॥
તિયાં પ્રભુજી પધારિયા, લઈ સંત સહુ અભિરામ ॥૧॥
કર્યા ઉતારા પ્રેમથી, પુર સીમમાંહિ ધરી ખંત ॥
પછી પ્રભુજી બોલિયા, તમે પરવારો સહુ સંત ॥૨॥
જઈ હવે હું પુરમાં, ભિક્ષા લાવું તમ કાજ ॥
પછી જમીએ સાથમાં, એવું કરવું મારે આજ ॥૩॥

ચોપાઈ :

પછી પ્રભુ ચાલ્યા પુરમાંય, ભિક્ષા લેવા ઘણું હરખાય ॥
આવ્યા એક વણિકને ઘેર, જિયાં જમવાની બહુ લહેર ॥૪॥
તિયાં પ્રભુએ આદરી લીલા, જોઈ શંકા પામે ભક્ત ઢીલા ॥
હતી વણિકની જેહ નાર, કરતી રોટલી તે રસદાર ॥૫॥
તેની નજર ચૂકવી નાથ, નાઠા છ રોટલી લઈ હાથ ॥
દોડી આવ્યા પછી સંત પાસ, કહે લાવ્યો છું ભોજન ખાસ ॥૬॥
જોઈ રાજી થયા જયાં મરાળ, જાણ્યું વણિકે ત્યાં તતકાળ ॥
કોઈ ભાગ્યો છે લઈ રોટલી, મુજ દારા જે કરતી ભલી ॥૭॥
પછી જન લઈ સહુ સાથ, આવ્યો મળવા જિયાં હતા નાથ ॥
દીઠું મંડળ ત્યાં સંત તણું, બેઠા'તા પ્રભુ ઓઢી ઓઢણું ॥૮॥
બોલ્યો વણિક આવીને ત્યાંઈ, માથે ઓઢીને બેઠો જે આંઈ ॥
તેણે અભડાવ્યું છે અમારું, આવી રસોડુ ઘરનું સારું ॥૯॥
આવ્યો છ રોટલી લઈ છળી, આંહિ આવી બેઠો ઓઢી વળી ॥
સુણી મુક્તાનંદને તે પળ, લીલા સૂઝી છે કરવા અકળ ॥૧૦॥
સુણ્ય વણિક તું મુજ વાત, એ છે પાગલ પૂરો સાક્ષાત ॥
માટે તેનું લેશો નહિ મન, અમે કરીશું તમને પ્રસન્ન ॥૧૧॥
છ રોટલી સાટે છ મોતૈયા, અમે પ્રેમથી આપને દૈયા ॥
રોટલીનું રાખો નહિ દુઃખ, જમી મોદક લિયોને સુખ ॥૧૨॥
ત્યારે વણિક બોલ્યો વચન, છ મોદકે શું નીકળે દન ॥
સુણી દીધા બીજા લાડુ દોય, રાજી કરવા તે વણિક સોય ॥૧૩॥

INDEX

લઈ લાડુ ગયો નિજ ઘેર, જાણ્યું થઈ આજે લીલા લહેર ॥
પછી વસ્ત્ર તાણી ઉઠ્યા નાથ, કહે સંતને પ્રેમ સંગાથ ॥૧૪॥
સુણો મુક્તમુનિ ગુરુદેવ, કરવા સહુ સંતની સેવ ॥
આજ લાવ્યો છું રોટલી સારી, તે જમોને તમે સુખકારી ॥૧૫॥
સુણી ઇચ્છા પ્રભુની અત્યંત, રોટલી ચોળીને જમ્યા સંત ॥
પછી વણિક આવીને ઘેર, જમે લાડુ તેહ રૂડી પેર ॥૧૬॥
તિયાં આવી બોલ્યા પુરવાસી, તારી બુદ્ધિ કિયાં આજ નાસી ॥
સંતનું માંગી મોદક અન્ન, બેઠો જમવા મન મગન ॥૧૭॥
એ તો ભૂખ્યા થયા હશે ભારી, તેથી લીધી રોટલિયું તારી ॥
એમાં કર્યો તે મોદક તણો, રૂડા સંત આગે સોદો ઘણો ॥૧૮॥
એમ કહે છે વણિકને જન, તિયાં ઉપજી પીડા તેને તન ॥
તેથી બોલ્યો વણિક તે કાળ, ચાલો જમાડીએ જઈ મરાળ ॥૧૯॥
પછી ચાલ્યા ત્યાંથી પુરવાસી, સંત જમાડવા સુખરાશી ॥
એક ભરવાડ ભક્ત ઉદાર, લાવ્યો છાણા બળતણ તે વાર ॥૨૦॥
બીજા લાવિયા સીધું સામાન, પછી આવિયા સંતને સ્થાન ॥
તેની દેખી કહે મુક્તાનંદ, ધન્ય પ્રભુ તમે સુખકંદ ॥૨૧॥
કર્યો પ્રવેશ કોઈને પંડ, સંતને સુખ દેવા અખંડ ॥
નિજ સંત જમાડવા કાજ, કર્યુ ચરિત્ર પાવન આજ ॥૨૨॥
પછી વણિક આવી તે સ્થાન, કહે પ્રભુને પકડી કાન ॥
તમે ભેખ નથી કોઈ નાના, તમે દીસો છો ઈશ્વર છાના ॥૨૩॥
કરજો માફ ગુનાઓ અમારા, અમે બાળક છૈયે તમારા ॥
પછી વણિક તે બેઉ ભાઈ, રહ્યા પ્રભુ પાસે સુખદાઈ ॥૨૪॥
થયા સાધુ દીક્ષા લઈ દોય, એવું કીધુ મેં ચરિત્ર સોય ॥
ધન્ય સંત ધન્ય અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળ સેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સરકારપરમાં રોટલીની લીલા કરી એ નામે ત્રણસો ને આઠમું પ્રકરણમ્ ॥૩૦૮॥

INDEX

પ્રકરણ : ૩૦૯

પૂર્વછાયો :

વૃષસુત વરતાલમાં, કરે કરુણા અપાર ॥
દુઃખિયા જીવ સુખિયા કર્યા, રાજી કર્યા નરનાર ॥૧॥
કરુણા તે બળવંતની, સમજી શકે જે સાનમાં ॥
નર અહોનિશ અંતરે, રહે તે હરિના તાનમાં ॥૨॥
વણ સમજયે વાતને, દુઃખ મટે નહિ ક્ષણ એક ॥
તેનો હવે વિસ્તારથી, પ્રસંગ સુણાવું વિશેક ॥૩॥

ચોપાઈ :

એક વણિક વરતાલમાંય, સુખે રહે સતસંગમાંય ॥
દ્રઢ ટેક ધરી નિજ પંડ, ભાવે ભજે શ્રીહરિ અખંડ ॥૪॥
જ્યારે જ્યારે આવે વરતાલ, ગઢપુર થકી ધર્મલાલ ॥
ઘણો ઘેલો થઈ દસબાર, ગાઉ સામો જાય ધરી પ્યાર ॥૫॥
વળી વ્રતપુરીથી સધાવે, સખા સંગે શ્યામળિયો જાવે ॥
દસ બાર ગાઉ લગી પોત્યે, જાય વળાવાને સ્નેહ સોતે ॥૬॥
એક સમે વાલો વ્રતપુર, સંત સંગે પધાર્યા જરૂર ॥
વાટ જોતાં વાલમજી આવ્યાં, જન તણે મન બહુ ભાવ્યા ॥૭॥
સહુ આવી પડે પ્રભુ પાય, નાથ નીરખી તૃપ્ત ન થાય ॥
પ્રભુ દાસ તણાં દુઃખ હરે, દઈ દર્શન પ્રસન્ન કરે ॥૮॥
બેઠા ઢોલિયે શ્રી અવિનાશ, સામું જોઈ રહ્યાં સહુ દાસ ॥
તિયાં આવિયો વણિક જન, બેઠો પ્રભુ ચરણે પ્રસન્ન ॥૯॥
દેખી ભક્ત ભાવ ભરપૂર, બોલ્યા જગજીવન જરૂર ॥
ભક્ત વણિક છે બહુ સારા, દીસે પ્રભુમાં પ્રેમ અપારા ॥૧૦॥
સેવા શ્રદ્ધા તણું અંગ મોટું, સતસંગ કાજે દિયે દોટ્યું ॥
ધન્ય ધન્ય છે ભક્ત વણિક, જેની મતિ ઠરી ઠામ ઠીક ॥૧૧॥
સુણી વચન વાલાનાં તેહ, બોલ્યા મુક્તમુનિ મુખ એહ ॥
ભલો ભક્ત છે વણિક આજ, એ તો સત્ય કીધું મહારાજ ॥૧૨॥
પણ દુર્બળ છે બહુ દાસ, કરો વ્યવહાર એનો ઉજાશ ॥
સુણી સ્વામી તણાં શુભ વેણ, ઘણું સમજી રહ્યાં સુખદેણ ॥૧૩॥

મુક્તમુનિની મરજી જેમ, કરવું ઘટે અમારે જ એમ ॥
દાસને કરવો દામવાન, દારિદ્ર કરી દૂર નિદાન ॥૧૪॥
પછી નાથે જોયું ભક્ત સામું, ગુરુદેવની પૂરવા હામું ॥
હરિ વરસ્યા અનરાધાર, દાસને દુઃખ રહ્યું ન લગાર ॥૧૫॥
જોતજોત્યે થયો વિત્તવાન, વધ્યું વ્યવહારમાં બહુ માન ॥
ભાંગી સંસારની સહુ ખામી, રૂપૈયા દશ સહસ્ત્રા પામી ॥૧૬॥
દેહ ગેહ થકી પામ્યો સુખ, પણ સત્સંગમાં થયો લુખ ॥
ધર્મ નિયમ જાવું મંદિર, તે તો પંડ રહ્યું ન લગીર ॥૧૭॥
ઘણો ઘુંચાણો વ્યવહારમાંય, સતસંગે જાય નવ જાય ॥
એમ વણિકને વહ્યાં દન, વળી આવ્યાં વરતાલે જીવન ॥૧૮॥
પણ દીઠો જડ્યો નહિ દાસ, તેથી બોલ્યા મુખે અવિનાશ ॥
કિયાં રહ્યો છે રોકાઈ ભક્ત, થયો જક્તમાં તે શું આસક્ત ॥૧૯॥
એમ વાતું કરે વનમાળી, પણ દાસ દેખ્યો નહિ ભાળી ॥
પછી મોડી રજનીએ ફરી, આવ્યો વણિક મળવા હરિ ॥૨૦॥
કહે નાથ મોડો કેમ દાસ, આજ આવિયો અમારે પાસ ॥
સુણી બોલ્યો વણિક રહસ્ય, મારે કાજ છે ઘણું અવશ્ય ॥૨૧॥
નથી રહેતી વ્યવહારે નિવૃત્તિ, તિયાં રાખું શેને આંહિ વૃત્તિ ॥
નવરાશ ઘડી નહિ મારે, સારી પઠ્ય ઘુંચાયો સંસારે ॥૨૨॥
તેહ સુણી બોલ્યા હરિરાય, મુક્તમુનિ સામું દેખી ત્યાંય ॥
ન દૈયે તો રહે ન ઉલ્લાસ, દૈયે તોય દુઃખી રહે દાસ ॥૨૩॥
પાર વિનાની છે પ્રભુતાઈ, તોય જીવની રહે અવળાઈ ॥
ફરી દામ વિણ થયો દાસ, રૂડો વ્યવહાર રહ્યો ન ખાસ ॥૨૪॥
માટે મોટાની મરજી જાણી, રહેવું અનુવૃત્તિએ પ્રમાણી ॥
સુખદુઃખમાં રહેવું સમાન, ઘનશ્યામપ્રકાશ નિદાન ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વણિકનું આખ્યાન કહ્યું એ નામે ત્રણસો ને નવમું પ્રકરણમ્ ॥૩૦૯॥

INDEX

પ્રકરણ : ૩૧૦

પૂર્વછાયો :

હેત હૈયે હરિવરને, સદા મહામુનિ સંગાથ ॥
દુઃખી દેખી મરાળને, દુઃખી થાય દીનાનાથ ॥૧॥
અતિ રાજીપો નાથને, છે મુનિમાંહિ અપાર ॥
દિનરેણ દેખ્યાં વિણ, કૃપા વરસાવે મોરાર ॥૨॥
તે સમાની વારતા, સુણજો હરિના જન ॥
ચિંતવતા તે ચિત્તમાં, થાશો મનમુદા મગન ॥૩॥

ચોપાઈ :

વાલો વિચરતા બહુવાર, આવ્યાં તાવી ગામે કરી પ્યાર ॥
જેઠીજી અદોજી અખાભાઈ, મોડજી ભારાજી રઘાભાઈ ॥૪॥
દમો શેઠ દ્વિજ ગંગારામ, એહ આદિ રહે તાવી ગામ ॥
તિયાં મુનિ સંગે મહારાજ, બેઠા વતું કરાવાને કાજ ॥૫॥
વતું વાળંદ કરવા આવ્યો, રૂડો અસ્ત્રો સજાવીને લાવ્યો ॥
શીશ પલાળ્યું પ્રભુનું જ્યાંય, આવ્યાં મુક્તાનંદમુનિ ત્યાંય ॥૬॥
કામળી કેરું આસન દીધું, વાલે સ્વામીને બેસવા કીધું ॥
બેઠા સ્વામી જ્યાં આસનમાંય, આવ્યાં મુનિ પૂર્ણાનંદ ત્યાંય ॥૭॥
સંગે સંત ને હાથ સિતાર, કર્યાં પ્રભુજીને નમસ્કાર ॥
મુક્તમુનિ બેઠા જે આસન, તે દબાવી બેઠા પરસન ॥૮॥
તે તો નાથને ગમ્યું ન લેશ, દુઃખી થયાં દલમાં વિશેષ ॥
કીધાં મુનિને માન મૂરતિ, મરજાદ રાખી નવ રતિ ॥૯॥
પછી કર્યું બે આંગળ વતું, પ્રભુથી નથી સહન થતું ॥
લાગ્યું વાલાને વસમું બહુ, કરી માનુષી લીલા તે કહું ॥૧૦॥
બાંધ્યો ફેંટો માથે બહુનામ, પૂછે વાળંદ કર્યું શું આમ ॥
ત્યારે નાથ કે મોટાનું વતું, એક ગામે પૂરું નથી થતું ॥૧૧॥
ફરે બે ચાર ગામ તે જ્યારે, પૂરું થાય વતું તેનું ત્યારે ॥
એમ ખોટું લાગે નહિ લેશ, કહી ઊઠ્યા પોતે પરમેશ ॥૧૨॥
શિર ધોયા વિના ગિરધારી, ચાલ્યાં ઘોડે કરી અસવારી ॥
જોયું જાલમસિંહે તે દ્રશ્ય, અવિનાશી દુઃખાયા અવશ્ય ॥૧૩॥

INDEX

પોતે વિચાર્યું અંતરમાંય, મારે ગામ આવે હરિરાય ॥
તો ન શોભે સામૈયામાં આવું, રૂડો વાળંદ શોધી હું લાવું ॥૧૪॥
પછી અશ્વ મેલ્યો નિજ ગામ, કીધો હાજર ત્યાંથી હજામ ॥
હતી થેલી હજામની જેહ, ખંભે લીધી દરબારે તેહ ॥૧૫॥
પછી સઘ જાલમસિંહ જોડે, ઝાલી પેગડું વાળંદ દોડે ॥
દોડી આવ્યાં અવિનાશી પાસ, કરભામી કરે અરદાસ ॥૧૬॥
વસમું નહિ લાગે દયાળ, વતું કરાવી લ્યો તતકાળ ॥
વતું શોભે ન અધૂરું માથ, એમ કહી જોડ્યા બેઉ હાથ ॥૧૭॥
ત્યારે વિચારે શ્રી મહારાજ, મુજ સારું કર્યું કેવું કાજ ॥
પરિશ્રમ પડ્યો હશે ભારી, એમ પેખીને પાઘ ઉતારી ॥૧૮॥
બેઠા વતું કરાવવા હરિ, મુક્તાનંદજીએ ઇચ્છા કરી ॥
મળશે પ્રભુ પ્રસાદીનું જળ, કરું હું પણ વતું આ પળ ॥૧૯॥
પૂછ્યું પ્રભુજીને તેહ વારે, રહી તાવીમાં ઇચ્છા અમારે ॥
પણ કહી ન શક્યા તમોને, માટે આપો જો આજ્ઞા અમોને ॥૨૦॥
વતું કરાવીએ આંહિ આજ, સુણી વિચારે છે મહારાજ ॥
પછી બોલિયા શ્રીહરિરાય, હતું જોખમ જીવનું ત્યાંય ॥૨૧॥
આંહિ તો દેહ જોખમ ભાસે, નાક કાન તો કેના કપાશે ॥
માટે જઈ તમે શ્રીનગર, વતું કરાવજો મુદભર ॥૨૨॥
દરબારને દુઃખ ન લાગે, તેથી વેઠ્યું ઊઠ્યા નહિ આગે ॥
પણ પડશે તમને કાઠું, એનું આવે પરિણામ માઠું ॥૨૩॥
માટે બેસવું નહિ તમારે, એમ કીધું છે જગદાધારે ॥
કેડ્યે સંત સખાઓને સંગ, નાહ્યા તલાવડીએ ઉમંગ ॥૨૪॥
જળક્રીડા કરી બહુવાર, જન મોદ પમાડ્યા અપાર ॥
મુક્તાનંદજીની કરી સહાય, ઘનશ્યામપ્રકાશદાસ તે ગાય ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિનું રક્ષણ કર્યું એ નામે ત્રણસો ને દસમું પ્રકરણમ્ ॥૩૧૦॥

પ્રકરણ : ૩૧૧

પૂર્વછાયો :

વણિક મોઢ જ્ઞાતિએ, ગામ સુંદરિયાણે મહાન ॥
વસે વૈષ્ણવ ભક્ત જે, શાહ હિમરાજ મતિવાન ॥૧॥
વળી સુખી વહેવારમાં, વિખ્યાત વૈદ્ય મોઝાર ॥
પામ્યા સતસંગ રંગને, ધાર્યા ધણી ધર્મકુમાર ॥૨॥
ઓગણસાઠ્ય મધ્યના, રૂડાં વચનામૃતે વાલમે ॥
જેની વખાણી દ્રઢતા, કહું કથા તેની આ સમે ॥૩॥

ચોપાઈ :

ત્રણ સુત એના ગુણધામ, સુણો એના અનુક્રમે નામ ॥
વનાશાહ વડીલ પ્રમાણો, પુંજાશા ને જેઠાલાલ જાણો ॥૪॥
વનાશાનો હિરાલાલ પોતો, પુંજાશાને પરિવાર નોતો ॥
જેઠાશાનો પુરુષોત્તમ એક, શિર સાટે સત્સંગની ટેક ॥૫॥
ભત્રીજાનું ભગા શાહ નામ, સૌનો સુંદરિયાણે મુકામ ॥
ધંધુકામાં સંબંધી વિશેક, ત્યાંની જ્ઞાતિનો વહેવાર એક ॥૬॥
સુત સંગે શેઠ સતસંગી, થયાં સંત સંગે નવરંગી ॥
રટે સ્વામિનારાયણ નામ, વળી ભક્તિ કરે આઠું જામ ॥૭॥
પછી એક સમે અલબેલ, આવી બોટાદ શહેર વસેલ ॥
ઉચ્છવ કરવા હુતાશણી કેરો, રૂડો રચ્યો અખાડો અનેરો ॥૮॥
ગામ થકી આથમણી કોરે, ભક્ત ભેળા થયાં હોરે હોરે ॥
તટ તડાગ પાસ જ એક, લીંબ વૃક્ષ શોભે છે વિશેક ॥૯॥
તેની હેઠ્ય રૂડું એક ગાડું, શણગારી મેલ્યું કરી આડુ ॥
તેહ ઉપર્ય ઢોલિયો ઢાળી, પ્રીત્યે બેઠા પોત્યે વનમાળી ॥૧૦॥
મુક્તમુનિ મરાળ પવિત્ર, ગ્રહી કરમાં રૂડાં વાજિંત્ર ॥
ગાય કીર્તન ધૂન્ય ઉલ્લાસે, ગાય બીજા પણ બહુ વાંસે ॥૧૧॥
તિયાં આવ્યાં વનાશાહ શેઠ, જિયાં બેઠા હરિ તરુ હેઠ ॥
લળી લળીને કર્યાં પ્રણામ, મળ્યાં સ્નેહથી સુંદરશ્યામ ॥૧૨॥
પછી પ્રભુજીએ કરી સાન, મેલ્યા સ્વામીશ્રી પાસે નિદાન ॥
આવી બેઠા મહામુનિ આગે, બેઠા થકા ઘણું અનુરાગે ॥૧૩॥

INDEX

ત્યારે પ્રભુની મરજી પામી, બોલ્યા મહામુનિ સુખધામી ॥
શેઠ સાંભળો રહસ્ય વાત, આજ રસિયો છે રળિયાત ॥૧૪॥
રૂડો હુતાશણી કેરો દન, દીસે અવસર અતિ પાવન ॥
માટે આણી ગુલાલ અપાર, ધરો પ્રભુ પાસે કરી પ્યાર ॥૧૫॥
લ્હાવો મળે અમૂલ્ય આ ક્યારે, માટે જુવો મ વાટ લગારે ॥
એવાં મુક્તમુનિનાં વચન, સુણી શેઠ થયાં પરસન ॥૧૬॥
તર્ત લીધી છે હાટની વાટ, લાવ્યા ગુલાલ ભરીને ફાંટ ॥
મેલ્યો ગુલાલ ગિરધર પાસ, રળ્યા રાજીપો તે દિન દાસ ॥૧૭॥
પછી મૂઠ્ય ભરી ભરી શ્યામે, નાખ્યો ગુલાલ સહુની સામે ॥
થયાં રંગે રાતા સહુ જન, તાળી પાડી કરે કીરતન ॥૧૮॥
દેશદેશના આવિયાં જન, રસબસ કર્યાં તેહ દન ॥
કર્યો સમૈયો સુંદરશ્યામે, બહુનામીએ બોટાદ ગામે ॥૧૯॥
ખૂબ વાજે છે ઢોલ નગારા, ભેરી ભૂંગળ રવાજ સારા ॥
ખૂબ ખેલવે ખાંતિલો હોળી, નાખે ભરી ગુલાલની ઝોળી ॥૨૦॥
પછી ઘણમૂલે ચડી ઘોડે, સંગે લીધાં સખા સહુ જોડે ॥
આવ્યાં અવિનાશી ગામમાંહિ, કર્યાં ઉતારા હેતથી ત્યાંહિ ॥૨૧॥
અહો કેવી અલૌકિક વાત, મરજી જાણી રહ્યાં રળિયાત ॥
મહામુનિએ મોહન તણી, જાણી મરજી મનમાં ઘણી ॥૨૨॥
વળી શેઠ વનાશા ઉદાર, જેને સ્વામી સંગે ઘણો પ્યાર ॥
વેણ ઝીલી સ્વામીનું સુપેર, પ્રભુ રાજી કર્યાં રૂડી પેર ॥૨૩॥
એવાં શેઠ ઘણાં સતસંગી, જેની ભકિતમાં ન રહી તંગી ॥
તકે સેવે કીધી એણે સહુ, રાજી કર્યાં મુક્તમુનિ બહુ ॥૨૪॥
કૃતારથ કર્યું નિજ કામ, સેવી સદ્‌ગુરુ સુખધામ ॥
તેને લાગે શું જગનો પાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે બોટાદમાં રંગોત્સવ કર્યો એ નામે ત્રણસો ને અગિયારમું પ્રકરણમ્ ॥૩૧૧॥

INDEX

પ્રકરણ : ૩૧૨

પૂર્વછાયો :

ધન્ય હિમરાજ શેઠને, ધન્ય તેનાં સુત દોય ॥
ધન્ય કુળ વણિકને, જિયાં ભક્ત પ્રભુના હોય ॥૧॥
હૈયે હિંમત ધારીને, શિર સાટે કરે સતસંગ ॥
હાંક એવી હેમરાજની, રહે કુસંગી સરવે દંગ ॥૨॥
સગાં સંબંધી સહુ મળી, આવ્યાં કંઠી ત્રોડવા માટ ॥
પણ કેનું ચાલ્યું નહિ, હુવો નિશ્ચય હૈયે અફાટ ॥૩॥

ચોપાઈ :

એમ કરતાં કોઈક કાળ, આવ્યો શેઠ તણો અંતકાળ ॥
હિમરાજે મેલ્યું તન જયારે, કર્યું નાતીલાએ બળ ત્યારે ॥૪॥
સહુ સુતને કહ્યું છે એમ, કંઠી તોડી નહિ તમે કેમ ॥
પછી જમવા નહિ આવે નાત્ય, તોય પુત્રએ ન માની વાત ॥૫॥
કહે મર જો માથું કપાય, પણ કંઠી આ નવ તજાય ॥
વળી નાત આગેવાન આવ્યાં, તેણે એકાંતમાં સમજાવ્યા ॥૬॥
સુત સુતા પરણશે ક્યાંય, તેહનું તો વિચારો જરાય ॥
કાંઈક જાણો વહેવારની રીત, ઠાલા થાઓ છો શીદ ફજીત ॥૭॥
ત્યારે બોલ્યો વનાશાહ મુખ, ભલે પંડે પડે મહાદુઃખ ॥
ભલે રહેવું પડે નાતબારા, ભલે મરે જો પુત્ર કુંવારા ॥૮॥
પણ કંઠી આ નવ તજાય, સહુ જાણી લેજયો મનમાંય ॥
એમ ટેક રાખી દ્રઢ અંગ, લેશ મેલ્યો નહિ સતસંગ ॥૯॥
મેલ્યા નાતીલાએ નાત બારે, નવ થયું સમાધાન જ્યારે ॥
દુઃખ દીધાં દુરિજન લોકે, દનુજે કર્યાં હેરાન મોકે ॥૧૦॥
પછી પુત્ર વનાશાહ પોત્યે, ગયાં પ્રભુ પાસે જોતજોત્યે ॥
મળી મહારાજને શીશ નામી, બોલ્યા શેઠ પછી કરભામી ॥૧૧॥
દેહ મેલી ગયાં મુજ તાત, તમને કહું છું હે જગતાત ॥
નર નાત્યનું ન આવે કોઈ, કેમ દા'ડો કરું તેનો જોઈ ॥૧૨॥
માટે પુરમાં આપ પધારો, આવી પ્રસંગ મારો સુધારો ॥
સુણી બોલ્યા એમ ગિરધારી, એવી રીત્ય તો નથી અમારી ॥૧૩॥

INDEX

હોય દા'ડાનો પ્રસંગ જિયાં, કેદિ જાતાં નથી અમે તિયાં ॥
આવ્યાં વનાશાને ત્યારે આંસું, જાણે ઉતર્યું આંખે ચોમાસું ॥૧૪॥
પછી પ્રભુ બોલ્યા તેહ સમે, જાઓ મુક્તમુનિ પાસે તમે ॥
આવ્યાં સ્વામી પાસે શેઠ જ્યારે, લળી લળી પડ્યાં પાય ત્યારે ॥૧૫॥
જેમ માત કને આવે બાળ, ત્યારે દિલ દ્રવે તતકાળ ॥
એવો સ્નેહ છે સુત સંગાથ, માટે જનની મોટી મિરાંથ ॥૧૬॥
દુઃખ જાણી વનાશાનું સ્વામી, બોલ્યા મુખથી અંતરજામી ॥
ચિંતા કરો મ શેઠ લગાર, ચિત્ત પ્રસન્ન રહો અપાર ॥૧૭॥
દન દા'ડાનો જાણી મોહન, નહિ આવે જો આપ સદન ॥
તો હું આપું છું વચન ભારે, આવે વસંતપંચમી જ્યારે ॥૧૮॥
અમે આવશું મોહન સંગ, પૂરો કરશું તમારો પ્રસંગ ॥
માટે નચિંત રહેજ્યો મન, સત્ય થાશે અમારું વચન ॥૧૯॥
પછી પાંચમનો દન આવ્યો, મુક્તમુનિએ મત ઠેરાવ્યો ॥
કહ્યું પ્રભુને વિનંતી કરી, નહિ ચાલે તમારું જ જરી ॥૨૦॥
ભલા ભક્ત વનાશાને ઘેર, કાજ કરવા તેનું રૂડી પેર ॥
જાવું જોશે આપણે આ સમે, માટે ત્યાર થાઓ પ્રભુ તમે ॥૨૧॥
સુણી આજ્ઞા ગુરુદેવ કેરી, ચાલ્યા તિયાં થકી રંગલહેરી ॥
સંત સખા સમેત સધાવ્યા, વહાલો સુંદરિયાણામાં આવ્યાં ॥૨૨॥
વાગ્યા વાજાં રહ્યું ગામ ગાજી, દુરિજન ગયાં સહુ લાજી ॥
વિધવિધ વ્યંજન બનાવી, હરિને જમાડ્યા હેત લાવી ॥૨૩॥
વાલે સુખ અલૌકિક દીધું, કૃતારથ એ કારજ સીધું ॥
ધન્યવાદ ને આશિષ આલી, વાલો મળ્યાં છે બાથમાં ઘાલી ॥૨૪॥
જેણે શિર સાટે રાખી ટેક, ભાવે ભજ્યા ભૂધર વિશેક ॥
તે ઉપર્ય રાજી અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુંદરિયાણામાં વસંત પંચમી કરી એ નામે ત્રણસો ને બારમું પ્રકરણમ્ ॥૩૧૨॥

પ્રકરણ : ૩૧૩

પૂર્વછાયો :

મુક્તાનંદ મહારાજને, શ્રી પુરુષોત્તમને સંગ ॥
અરસપરસ એકતા, રહે આહુ જામ અભંગ ॥૧॥
તન ભલે ભિન્ન રહ્યાં, પણ આતમ એના એક ॥
એમ અંગોઅંગ નાથજી, રહ્યાં મહામુનિમાં વિશેક ॥૨॥
તેનો પરચો વર્ણવી, હવે કહું કરી વિસ્તાર ॥
સુણી સવળું સમજજો, તે સાંભળજો નરનાર ॥૩॥

ચોપાઈ :

મનોહર છે મેમકા ગામ, જિયાં જન વસે અભિરામ ॥
કણબી કરશન ખોડો ઉદાર, તેને ઉપજયો મન વિચાર ॥૪॥
હાલ શ્રી સહજાનંદ નામે, પ્રભુ રહ્યાં છે ગઢડા ગામે ॥
લોકમાંહિ પૂજાય તે બહુ, મહા ઈશ્વર જાણે છે સહુ ॥૫॥
વળી વાતું થાય એમ જગે, પ્રભુને થયો પ્રહાર પગે ॥
કર અસિ ગ્રહી કોય નર, આવ્યો તો હણવા હરિવર ॥૬॥
તેનો ઘા રહ્યો સાથળમાંય, એમ જન કહે જગમાંય ॥
હશે સત્ય કે અસત્ય વાણ, તેનું કરવું અમારે પ્રમાણ ॥૭॥
એમ વિચારી મનમાં દોય, ગયાં ગઢડે હરખી સોય ॥
લેવું પારખું પ્રભુનું પૂરું, નથી રાખવું એમાં અધૂરું ॥૮॥
પછી આવ્યાં દોય દરબાર, તિયાં દીઠાં પ્રભુ નિરધાર ॥
ન્હાય શુદ્ધ જળથી જીવન, તે નિહાળે નેણે સહુ જન ॥૯॥
નીરખે નેણા ભરી ભરી ભાવે, અન્ય ભાવ ન ઉરમાં લાવે ॥
તિયાં આવ્યાં તે કણબી જન, કર્યાં પ્રભુ તણાં દરશન ॥૧૦॥
તે સમે બોલ્યા છોગાળો છેલ, શું જોઈ રહ્યાં બેઉ પટેલ ॥
સુણી બોલ્યા પટેલ વચન, કરીએ છીએ અમે દરશન ॥૧૧॥
ત્યારે નાથ કહે નથી એમ, જૂઠું બોલો તમે બેઉ કેમ ॥
આવ્યાં છો મારું પારખું લેવા, વાગ્યા સાથળમાં ઘાવ કેવા ॥૧૨॥
પણ સાંભળો બેઉ પટેલ, અળગો કરો મનનો મેલ ॥
નથી ઘા વાગ્યો સાથળે લેશ, તે દેખાડું હું તમને વિશેષ ॥૧૩॥

INDEX

પછી નાતા નાતા ગિરધારી, સાથળ દેખાડિયા સુખકારી ॥
તિયાં ઘાવ દીઠો નહિ એક, તેથી ચકિત થયાં વિશેક ॥૧૪॥
દોય મળી કરે છે વિચાર, અહો આશ્ચર્ય કેવું આ વાર ॥
નથી સામાન્ય નર આ નિદાન, છે નરોત્તમ શ્રી ભગવાન ॥૧૫॥
પછી આવ્યાં પ્રભુ વસ્ત્ર પહેરી, અક્ષર ઓરડીએ રંગલહેરી ॥
આવ્યાં પટેલ ત્યાં પ્રભુ પાસે, બેઠા વાત સાંભળવા હુલાસે ॥૧૬॥
ત્યારે શ્રી ભાગવત તણી વાત, કહી નાથે થઈ રળિયાત ॥
કાપ્યો કળિયુગે વૃષ પાવ, તે કથા કહે મનહર માવ ॥૧૭॥
ત્યાં આવ્યાં મૂળજી બ્રહ્મચારી, કહે થાળ જમો સુખકારી ॥
ત્યારે પ્રભુ બોલ્યા બેઉ ભાઈ, બેસો મુક્તમુનિ પાસે જાઈ ॥૧૮॥
કરશે કથા તમને સુંદર, સુણી થાશે આનંદ અવર ॥
પછી પટેલ બેઉ સિધાવી, બેઠા મુક્તમુનિ પાસે આવી ॥૧૯॥
માંડી વાત મુનિએ તે ફરી, જયાં સુધી બોલ્યા'તા મુખે હરિ ॥
વૃષનો કપાયો પગ ત્યાંથી, આગે વાત કહી મનમાંથી ॥૨૦॥
તે સુણી અતિ આશ્ચર્ય પામ્યા, સંશે પટેલના સહુ વામ્યા ॥
જે છે પુરુષોત્તમ બહુનામી, એ જ છે આ મુક્તાનંદ સ્વામી ॥૨૧॥
નથી તેમાંહિ ફેર લગાર, નિશ્ચે જાણ્યું રહસ્ય આ વાર ॥
બેઉના ભિન્ન દીસે છે તન, પણ એક રૂપ બેઉ મન ॥૨૨॥
એવાં સંતને વારમવાર, લળી લળી હજો નમસ્કાર ॥
પછી પટેલ થયાં પ્રસન્ન, ધન્ય માન્યું પોતાનું જીવન ॥૨૩॥
દ્રઢ નિશ્ચય કરી પ્રભુ પદ, પામ્યા મોદ મન અનહદ ॥
એમ લીલા પ્રભુએ પ્રકાશી, ધન્ય ધન્ય તે મેમકાવાસી ॥૨૪॥
મુક્તમુનિ મહા સુખરૂપ, પ્રકટ પુરુષોત્તમ અનુપ ॥
અરસપરસ વસ્યા છે હુલાસે, કીધું ઘનશ્યામપ્રકાશદાસે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિ અને સ્વામીશ્રીની એકતા કહી એ નામે ત્રણસો ને તેરમું પ્રકરણમ્ ॥૩૧૩॥

પ્રકરણ : ૩૧૪

પૂર્વછાયો :

પુનિત દેશ પાંચાળમાં, થયું વિશ્વપ્રસિદ્ધ સ્થાન ॥
વાલાને વાલું ઘણું, લોયાધામ સુખનિધાન ॥૧॥
સખા સંગે શ્રીહરિ, વળી મુક્તમુનિ ઉદાર ॥
તિયાં વિરાજે વાલપે, રાજી કરવા નર ને નાર ॥૨॥
માપતા તે શું મળે, છે અતિ અમાપ એ વાત ॥
સાંભળતાં સુખ ઉપજે, તે કહું કથા સાક્ષાત ॥૩॥

ચોપાઈ :

રહે ધ્રાંગધરે દ્વિજ એક, તેનું મૂળજી નામ વિશેક ॥
સાંખ ઓઝા શ્રીમાળી પ્રકાર, લોયે આવવા થયાં તૈયાર ॥૪॥
સંગે આવ્યાં સોની જન દોય, લોયે મળવા લીલાધર કોય ॥
લીધું લેણું લીલાધર પાસે, માંહોમાંહિ વાતું પરકાશે ॥૫॥
સહજાનંદ જે કહેવાય, નેણે જોવા નહિ તે કદાય ॥
એ તો જાદુગરા કહેવાય, જન તેથી ઘણાં ભરમાય ॥૬॥
સુણ્યું મૂળજી ઓઝાએ કાન, નિશ્ચે કર્યું જોવા ભગવાન ॥
તેથી છાના આવ્યાં દરબાર, નેણે નિરખવા કિરતાર ॥૭॥
તિયાં તેજ દીઠું સુખરાશિ, તેમાં દીઠાં બ્રહ્મમોલવાસી ॥
ચર્તુર્ભુજરૂપે ઘનશ્યામ, દીઠા દિવ્ય મૂરતિ બહુનામ ॥૮॥
પછી ઉપજ્યો ઉર વિચાર, આ તો સ્વયં જગદાધાર ॥
તેહ વિના આવું નવ દીસે, જોઈ મન મારું કેમ હીસે ॥૯॥
પછી નાગડકે ગયાં નાથ, વાંસે આવ્યાં મૂળજી સંગાથ ॥
તિયાં બેઠા પ્રભુજી આગળે, પૂછ્યું પ્રભુજીએ તેહ પળે ॥૧૦॥
તારે વાતો સુણવી કે કેમ, વિપ્રે હા ભણી ધરીને પ્રેમ ॥
બહુનામી બોલ્યા તેહ સમે, જાઓ મુક્તમુનિ પાસે તમે ॥૧૧॥
તેનાં મુખથી સુણજયો વાત, થશો સાંભળતા રળિયાત ॥
સમું સમજાશે પછી એવું, કેડ્યે રહેશે નહિ કાંઈ કહેવું ॥૧૨॥
પછી મોકલ્યા ઓરડામાંય, જિયાં રાજે મહામુનિરાય ॥
મુક્તાનંદ મહાજગવંદ, અતિ નિર્મળ ને સુખકંદ ॥૧૩॥

INDEX

વિપ્ર આવ્યો મહામુનિ પાસે, લાગ્યો લળીને પાય હુલાસે ॥
ત્યારે પૂછે મહામુનિરાય, તમે કોણ છો તે કહો ભાય ॥૧૪॥
કહે હું તો શ્રીમાળી બ્રાહ્મણ, સ્વામી આવ્યો તમારે શરણ ॥
મેલ્યો દીનાનાથે તવ આગે, કહો વાત મુને અનુરાગે ॥૧૫॥
પછી વિપ્રને સુણાવી વાત, મહામુનિએ થઈ રળિયાત ॥
મહિમા પ્રભુનો પારાવાર, વળી નિશ્ચય કીધો અપાર ॥૧૬॥
કહે મૂળજીને મહામતિ, ધન્ય ધન્ય વિપ્ર છો સુમતિ ॥
ધન્ય ધન્ય થયાં તમે આજ, પામી પ્રકટ શ્રી મહારાજ ॥૧૭॥
ધન્ય ધન્ય ઘણું લોયાધામ, આવ્યાં આપે ઈયા કરભામ ॥
રજે રજ આ ભૂમિ પવિત્ર, એવી મળે કહો કેમ ઇત્ર ॥૧૮॥
પરમહંસ પાંચસે સંગાથ, આ ભૂમિએ વિચર્યા છે નાથ ॥
એવી ધરા નથી અલ્પ કોઈ, જિયાં વાલો વિચર્યા ન હોઈ ॥૧૯॥
ધન્ય ધન્ય શેરી સહુ ઘર, જિયાં ફર્યા પોતે હરિવર ॥
ધન્ય ધન્ય એનો અવતાર, જેને મળિયું ધામ આ વાર ॥૨૦॥
માટે ધન્ય તમે દ્વિજ આપ, પામ્યા પ્રભુ પ્રકટ પ્રતાપ ॥
એમ વાત મહામુનિ તણી, સુણી પામ્યો શુદ્ધમતિ ઘણી ॥૨૧॥
પછી બીજે દન પરભાતે, આવ્યો નાથ પાસે બહુ ખાંત્યે ॥
કહે મુક્તમુનિના પ્રસંગે, તમને પ્રભુ જાણ્યા ઉછરંગે ॥૨૨॥
ધન્ય ધન્ય મુક્તાનંદ સ્વામી, ન રાખી સમજવે કોઈ ખામી ॥
હવે આશ્રિત કરો તમારો, ભવસિંધુથી પાર ઉતારો ॥૨૩॥
વળી કરો મુને ધન્ય ધન્ય, મારે તમ વિના નથી અન્ય ॥
સુણી રીઝિયા શ્રી અલબેલ, નિજ કંઠી ઉતારીને છેલ ॥૨૪॥
આરોપી એના કંઠ મોઝાર, એના ભાગ્ય તણો નહિ પાર ॥
ધન્ય ધન્ય થયો એહ ખાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મૂળજી ઓઝાને નિશ્ચય થયો એ નામે ત્રણસો ને ચૌદમું પ્રકરણમ્ ॥૩૧૪॥

INDEX

પ્રકરણ : ૩૧૫

પૂર્વછાયો :

વળી કહું એક વારતા, સુણો તે સર્વે જન ॥
જિયાં જિયાં મુનિ વિચર્યા, તે પૃથ્વી પરમ પાવન ॥૧॥
પાયા દ્રઢ સત્સંગના, રોપી વિધવિધ પ્રદેશ ॥
કર્યું પોષણ પ્રેમથી, સંવર્ધન કાજ વિશેષ ॥૨॥
એવા મુનિ મુક્તાનંદજી, તેને વંદુ વારમવાર ॥
બોટાદે સત્સંગ રોપ્યો, તે કરું કથાનો ઉચ્ચાર ॥૩॥

ચોપાઈ :

એક સમામાંહિ ધરી પ્યાર, ભક્ત ભગા દોશી નિરધાર ॥
આવ્યાં બોટાદથી ગઢપુર, મળવા શ્રીહરિવરને જરૂર ॥૪॥
લળી લળી લાગ્યાં ઘણું પાય, કરી સ્તુતિ ઘણી હરખાય ॥
પછી બોલ્યાં જુગ કરજોડી, નાથ દયા કરો હવે થોડી ॥૫॥
બહુ સત્સંગ વધે બોટાદ, એવો છે જનનો આર્તનાદ ॥
તેહ માટે મેલો કોઈ સંત, હોય પોતે પ્રતાપી અત્યંત ॥૬॥
સુણી શ્રીહરિ કહે છે સારું, એમાં ગમતું ઘણું અમારું ॥
નાખો નજર આ સભામાંય, જોઈએ તેને તેડી જાઓ ત્યાંય ॥૭॥
ત્યારે ભગા દોશીની નજર, ઠરી મુક્તાનંદજી ઉપર ॥
પછી શેઠ કહે સુણો નાથ, સ્વામીને તેડી જાશું સંગાથ ॥૮॥
મુક્તમુનિ આવે મુજ ગામ, એવી હૈયે રહી મુને હામ ॥
સુણી આગન્યા આપી છે નાથે, મુક્તમુનિને જાવા સંગાથે ॥૯॥
રાખી આજ્ઞા શ્રીહરિની ઉર, મુક્તમુનિ ચાલ્યાં છે જરૂર ॥
પછી આવ્યાં છે બોટાદ ગામ, સંતમંડળ સંગે અભિરામ ॥૧૦॥
ભગા દોશીનું રૂડું ભવન, બે ઓરડા ઓસરી પાવન ॥
એકમાં રહ્યા સંત ઉદાર, બીજે રહ્યો દોશી પરિવાર ॥૧૧॥
બેઉ ઓરડાની વચમાંય, એક બાંધ્યો છે પડદો ત્યાંય ॥
એમ સંત રહ્યાં બે દિવસ, ભગા શેઠને ઘેર અવશ્ય ॥૧૨॥
પણ આવી ઘણી મુશ્કેલી, તેને શક્યું ન કોઈ ઉકેલી ॥
બીજે ઓરડે રહે જે વામ, તે તો કરી શકે નહિ કામ ॥૧૩॥

INDEX

હોય ફળિયામાં સંત જ્યારે, બાઈ નીસરી શકે ન ત્યારે ॥
બહાર નીસરી હોય જો બાઈ, સંત આવી શકે નહિ ત્યાંઈ ॥૧૪॥
એમ અગવડ દેખી અપાર, મુક્તમુનિ બોલ્યા કરી પ્યાર ॥
શેઠ સાંભળો કહું ઉપાય, શોધો જાગ્ય એવી સુખદાય ॥૧૫॥
જિયાં વામ વસે નહિ કોય, તિયાં વાસ કરી રહેશું સોય ॥
આંહિ ફાવે ન રહેવું અમને, વળી પડે પ્રતિકૂળ તમને ॥૧૬॥
સુણી સ્વામીની વાત શ્રવણ, શેઠે કરી તપાસ તે ક્ષણ ॥
હતો આશ્રમ એક મહાન, કોઈ ભેખધારીનો તે સ્થાન ॥૧૭॥
તિયાં જઈ શેઠે કરી વાત, વિનંતી કરી વિવિધ ભાત ॥
મુજ ગુરુ મુક્તાનંદ સ્વામી, સ્વયં શ્રીહરિના અનુગામી ॥૧૮॥
હાલ રહ્યા છે બોટાદમાંહિ, તેને જાગ્ય રહેવા મળે આંહિ ॥
તો હું જાણું તમારો આભાર, એમ વિનવે વારમવાર ॥૧૯॥
હતા ભેખધારી તે દયાળ, સુણી બોલ્યાં મુખે તતકાળ ॥
ધન્ય ભાગ્ય અમારા આ વાર, મળે મુક્તાનંદ જો ઉદાર ॥૨૦॥
સુણ્યું છે શ્રવણે બહુ નામ, એ છે સંત સદ્‌ગુણધામ ॥
એની સુગંધ સાધુતા કેરી, જક્તમાં પ્રસરી છે ઘણેરી ॥૨૧॥
ભલે રહે સુખે આંહિ સંત, મુનિ મુક્તાનંદજી મહંત ॥
જે જે જોઈએ તે સરવે દેશું, બીજું જોઈએ તે મંગાવી લેશું ॥૨૨॥
પછી શેઠે જઈ કરી વાત, સ્વામી મુક્તાનંદને સાક્ષાત ॥
સુણી રાજી થયા સ્વામી બહુ, આવ્યાં આશ્રમમાં સંત સહુ ॥૨૩॥
થયા ભેખધારી પરસન, આજ શુભ ઘડી શુભ દન ॥
રહ્યાં સ્વામી તિયાં કરી વાસ, એમ પૂરો થયો એક માસ ॥૨૪॥
કર્યો બોટાદમાં સત્સંગ, આવ્યો ભક્તને અતિ ઉમંગ ॥
મહિમા વધ્યો છે માંહોમાંય, ઘનશ્યામપ્રકાશ તે ગાય ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે બોટાદમાં સત્સંગના પાયા રોપ્યા એ નામે ત્રણસો ને પંદરમું પ્રકરણમ્ ॥૩૧૫॥

પ્રકરણ : ૩૧૬

પૂર્વછાયો :

બહુ મોટા બોટાદમાં, ભાઈચંદ શેઠ ગણાય ॥
ભગા નામે ભાવિક છે, સુત સત્સંગી ઘરમાંય ॥૧॥
હૂંડી ચાલે સહુ પ્રાંતમાં, ભાઈચંદની ભરપૂર ॥
પણ હરિ હરિજનનો, જરી ગુણ ન રાખે ઉર ॥૨॥
ભગો ભક્ત શિરોમણિ, તે ગમે ન તાતને લેશ ॥
તોય પ્રભુ ભક્તિ કરે, પ્રહ્લાદની પેઠે વિશેષ ॥૩॥

ચોપાઈ :

પછી એક સમે અવિનાશી, થયાં બળવંત બોટાદવાસી ॥
જને સામૈયું કર્યું છે સારું, કુસંગીનું રહ્યું નહિ વાર્યું ॥૪॥
ભક્ત સોમલાને દરબાર, પોતે ઉતર્યા પ્રાણઆધાર ॥
રંગભર રહ્યાં રૂડી રાત્ય, પછી જાગ્યા પોઢી પરભાત્ય ॥૫॥
ચાલ્ય નાથ નાગડકે જાવા, તિયાં ભક્ત આવ્યાં છે બોલાવા ॥
હેતે હમીર ખાચર આવી, શ્રીહરિને કહે સમજાવી ॥૬॥
પધારોને પ્રભુ અમ ઘેર, આવી જમો તમે મુદભેર ॥
એટલી સુણો અરજ મારી, પછી જાજ્યો તમે ગિરધારી ॥૭॥
સુણી સિધાવિયા ભગવન, આવ્યાં હમીરજીને ભુવન ॥
રૂડી રસોયું ચાલતી કરી, લાવ્યા'તા સહુ સીધું સામગરી ॥૮॥
ભગા દોશીએ જાણી આ વાત, પછી જાણે નહિ જેમ તાત ॥
લાવ્યા ઘૃત સાકર ઘેરથી, દેવા થાળ હરિને હેતથી ॥૯॥
પછી વર્ણીને કહ્યું છે નાથે, રસોઈ કરો સ્નેહ સંગાથે ॥
ભગા શેઠ લાવ્યા છે સામાન, બીજા પણ લાવ્યા બહુ ધાન ॥૧૦॥
તે ભેળું કરી કરો રસોઈ, એમાં બાકી રહે નવ કોઈ ॥
તે સુણી બ્રહ્મચારી બોલાવી, હેતે મેલ્યું હમીરે કહાવી ॥૧૧॥
આજ તો છે અમારી રસોઈ, એમાં અન્ય ન ભેળવો કોઈ ॥
જે જે જોઈએ તે દેશું સામાન, નહિ ખૂટે વાવરતા ધાન ॥૧૨॥
ત્યારે વર્ણી કહે દરબાર, તમે નચિંત રહેજ્યો આ વાર ॥
ભલેને કરે કોટિ ઉપાય, બીજાનું સીધું ગ્રહેશું ન કાંય ॥૧૩॥

INDEX

એમ જાણી ભગા શેઠે વાત, આવ્યાં પ્રભુ પાસે રળિયાત ॥
નથી લેતાં સીધું બ્રહ્મચારી, મનમાની કરે છે આ વારી ॥૧૪॥
માટે પ્રભુ કરો તમે દયા, એમ વેણ ભગા શેઠે કહ્યાં ॥
સુણી પ્રભુ બોલ્યા પછી એમ, વણપૂછ્યે લાવ્યા સીધું કેમ ॥૧૫॥
ત્યારે શેઠ કહે લાવ્યો સીધું, તે તો મુક્તમુનિને મે કીધું ॥
સ્વામીને પૂછીને લાવ્યો આજ, સુણી લિયો તમે મહારાજ ॥૧૬॥
પછી નાથે મુનિને તેડાવી, ભગા શેઠની વાત કહાવી ॥
ઘેર પૂછ્યા વિના જે જે લાવે, તેનું આપણે કામ શું આવે ॥૧૭॥
માટે શેઠને જઈ સમજાવો, એનું સીધું પાછું મોકલાવો ॥
નથી શેઠ બાળબુદ્ધિ લેશ, વાત માને તમારી વિશેષ ॥૧૮॥
પછી સ્વામીએ વિગત્ય પાડી, શેઠને સત્ય વાત દેખાડી ॥
જેમ પ્રભુ રાજી રહે તેમ, આપણે કરવું સહુ એમ ॥૧૯॥
શ્રીહરિમાં રાખો વિશવાસ, આપણે તો છૈયે તેનાં દાસ ॥
હશે હિત જ એમાં હંમેશ, થાશે નહિ અહિત જ લેશ ॥૨૦॥
એમ અતિ આદર દેખાડી, શેઠને સમજાવ્યા તે દાડી ॥
પછી આવ્યાં શેઠ પ્રભુ પાસ, કહે કહો આજ્ઞા અવિનાશ ॥૨૧॥
પ્રભુએ સીધું પાછું મેલાવ્યું, તાતની માફી માંગવા કહાવ્યું ॥
ભગાએ જઈ તાતની પાસ, ક્ષમા માંગી થઈને ઉદાસ ॥૨૨॥
એવું પુત્રનું પેખી વર્તન, પિતા રાજી થયાં ઘણું મન ॥
સત્યનિષ્ઠ છે પુત્ર આ મારો, તેને મિથ્યા દીધો છે મેં ડારો ॥૨૩॥
એમ ગુણ આવ્યો ઉરમાંય, થયું અંતર નિર્મળ ત્યાંય ॥
શ્રીહરિને જાણ્યા ભગવાન, સત્ય પ્રકટ્યું અંતર જ્ઞાન ॥૨૪॥
કેડ્યે થયાં ખરા સતસંગી, થયાં સંસાર થકી અસંગી ॥
ભલી પામ્યા ભક્તિની ભીનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ભાઈચંદ શેઠ સત્સંગી થયાં એ નામે ત્રણસો ને સોળમું પ્રકરણમ્ ॥૩૧૬॥

પ્રકરણ : ૩૧૭

પૂર્વછાયો :

એક સમે મુક્તાનંદજી, ગામોગામ વિચરી અમાપ ॥
ભક્તિ ભલી દેખાડીને, કરે મનુષ્ય નિષ્પાપ ॥૧॥
જીવ હિત અરથે ફરે, વળી દાખે દયા અત્યંત ॥
તાન રહે એક મનમાં, જોડવો પ્રભુમાં જંત ॥૨॥
એમ કરતાં આવિયાં, કોઈ ગામ તણી સીમમાંય ॥
દ્રશ્ય દેખી ત્યારનું, મુનિ પડ્યાં આશ્ચર્યમાંય ॥૩॥

ચોપાઈ :

એક સિત્તેર વર્ષનો ડોસો, નિજ અંગનો રાખી ભરોસો ॥
બેઠો માંચડે ચડી એકલો, રૂડું રખેવાળું કરે ભલો ॥૪॥
ફેંકી પથ્થર પંખી ઉડાડે, મોલ ખેતરનો જો બગાડે ॥
દેખી સ્વામીને આવિયા દાંત, અરે આને છે કેટલી ખાંત્ય ॥૫॥
આવી લાગે લગન લાલમાં, તો રહે ન કરવું જક્તમાં ॥
એમ વિચારી સ્વામી દયાળ, ગયાં વૃદ્ધ પાસે તતકાળ ॥૬॥
પેખી સ્વામીને પળમાં તેહ, હેઠે આવ્યો માંચડેથી એહ ॥
પછી સ્વામીને કરી પ્રણામ, બેઠો વૃદ્ધ તિયાં કરભામ ॥૭॥
પૂછી સ્વામીએ સઘળી વાત, શું છે વાવ્યું તમે રળિયાત ॥
ત્યારે વૃદ્ધ કે આ તો બાજરી, ડૂંડે ડૂંડે આવ્યો મોલ ભરી ॥૮॥
જો તમે કહો તો પોંક પાડુ, ભાવથી તમને હું જમાડું ॥
ત્યારે સ્વામી કહે ભલે સારું, એમાંથી કાજ સરશે તારું ॥૯॥
પછી સ્વામીને જમાડી પોંક, કહ્યું સુધારજો પરલોક ॥
સુણી સ્વામી કહે ધામમાંય, જાવું હોય તો સદ્ય જવાય ॥૧૦॥
તેનો ઉપાય છે મુજ પાસ, હોય તમને જો જાવાની આશ ॥
ત્યારે તેણે વિચારિયું મન, પછી કહે સ્વામીને વચન ॥૧૧॥
સ્વામી હાલ નથી મારે જાવું, પહેલા સુત મારો પરણાવું ॥
તેનો દેખીને સુખી સંસાર, કેડ્યે કરું જાવા નિરધાર ॥૧૨॥
વળી સ્વામીએ વિચાર્યું એમ, આ જીવને છોડું કરી કેમ ॥
એણે અમને જમાડિયું અન્ન, તેથી કરવું તેહનું પાવન ॥૧૩॥

INDEX

પછી વિચારીને કહે સ્વામી, તમે ભજજો અંતરજામી ॥
એમ કહી ચાલ્યાં બીજે ગામ, કરવા અન્ય જીવના કામ ॥૧૪॥
વીત્યા એ વાતને કાંઈ દન, ત્યારે ત્યાગ્યું તે ડોસાએ તન ॥
કર્માધીન થયો તે બળદ, મોટા શ્રવણ ને નાનું કદ ॥૧૫॥
વળી આવ્યાં કોઈ સમે સ્વામી, તે જીવને કરવા નિષ્કામી ॥
પણ જોઈ વૃષભ સ્વરૂપ, ફરી બોલ્યા પ્રેમે મુનિભૂપ ॥૧૬॥
લેવો છે લાભ ધામનો મોટો, કે પછી રહેવું છે વળી ગોટો ॥
ત્યારે તેણે ધુણાવિયું શિર, બને તો હજી આવજો ચિર ॥૧૭॥
સુણી સ્વામી કહે બહુ સારું, કરો કામ આંહિ એકધારું ॥
વળી સિધાવિયા ત્યાંથી સ્વામી, લપ ન કરી તિયાં નકામી ॥૧૮॥
ત્યાર પછી વૃદ્ધ થયો શ્વાન, તોય ન થયું તેહને ભાન ॥
કેડ્યે થયો તે મોટો બિડાલ, તોય સંબંધીમાં રહ્યું વ્હાલ ॥૧૯॥
પછી અંતે આવ્યો સર્પ દેહ, આખો'દિ રહે ગૃહમાં એહ ॥
પછી એક સમે સુત નાનું, પારણે સુવાર્યું'તું મજાનું ॥૨૦॥
ત્યાં ચડીને બાળને રમાડે, તે તો મનમાં મોદ પમાડે ॥
પછી આવ્યાં સગાં જન ઘેર, ત્યાં દીઠો પુત્ર ઉપર કેર ॥૨૧॥
તુર્ત પરોણાઓ લઈ ઠાર, માર્યો કાઢી તે સર્પને બહાર ॥
અધમૂવો બન્યો નિઃસહાય, કેડ્યે નાખ્યો ઉકરડામાંય ॥૨૨॥
તેહ સમે પહોંચ્યા દયાળ, મુનિ મુક્તાનંદ તતકાળ ॥
ત્યારે સ્વામી કહે સુણ્ય ભાઈ, હવે જાવું છે ને ધામમાંઈ ॥૨૩॥
સુણી બોલિયો તે કરગરી, હવે તો કૃપા કરજો જરી ॥
સદ્ય જાવું હવે મારે ધામ, કરી સંસાર સુખ હરામ ॥૨૪॥
પછી મુક્તાનંદે મોક્ષ કીધો, પ્રભુ ચરણમાં વાસ દીધો ॥
એમ જીવ કરે છે નિષ્કામી, ઘનશ્યામપ્રકાશનો સ્વામી ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વૃદ્ધ ડોસાનું કલ્યાણ કર્યું એ નામે ત્રણસો ને સત્તરમું પ્રકરણમ્ ॥૩૧૭॥

INDEX

પ્રકરણ : ૩૧૮

પૂર્વછાયો :

શુભમતિ હવે સાંભળો, શ્રવણે સુણી નહિ કાન ॥
મુક્તાનંદ મહારાજની, લીલા છે સુખનિધાન ॥૧॥
ધર્મસુત ધારી રહે, જે કરવું કાજ વિશેષ ॥
એમાં અન્ય ઉપાય કરે, તોય ફેર પડે નહિ લેશ ॥૨॥
પણ મહામુનિ ઉચ્ચરે, આગન્યા શ્રી અવિનાશને ॥
ત્યારે મનધાર્યું મૂકે, મોહનવર મન પ્રસન્ને ॥૩॥

ચોપાઈ :

વાત વિખ્યાત સત્સંગે સોય, એમાંથી સુણાવું છું હું દોય ॥
વસો ગામે વસે ગિરધર, ભલા ભક્ત ભાવિક અવર ॥૪॥
દામ ઠામ નામ થકી સુખી, લેશ વ્યવ્હારમાં નહિ દુઃખી ॥
તેણે બાંધી હવેલી વિરાટ, માંહિ ઘડ્યા છે ઘણેરા ઘાટ ॥૫॥
તેનું કાજ પૂરું થયું જ્યાંય, ગયો ગિરધર ગઢડામાંય ॥
પહોંચી પ્રભુને સભામાં કહ્યું, આપે નિશ્ચે પધારવું રહ્યું ॥૬॥
દિયે ઉત્તર જ્યાં અવિનાશી, વળી બોલ્યો આણીને ઉદાસી ॥
આપ ઉત્તમરાયને ઘેર, બંધાઈ બેઠા છો સારી પેર ॥૭॥
તેથી આવો શું અમ ભુવન, તમને રહેવા આંહિ ઘણું મન ॥
તમને વહાલો કે વળી દવલો, હોય ભક્ત શું ઘેલો કે ભલો ॥૮॥
તમે કરો છો એ પક્ષપાત, એમ ન ઘટે તમને નાથ ॥
સુણી ઘાંઘા થયાં ગિરધારી, કહે ગિરધર સુણ્ય વાત મારી ॥૯॥
દાદાખાચરે તો મુજ માટ, છૂટા મેલ્યા ભવન વિરાટ ॥
રાખ્યા સંતો સામટા અપાર, દ્રવ્ય વાવરે દાદો ઉદાર ॥૧૦॥
માટે નહિ આવીએ અમો ત્યાંય, જૂઠાં તર્ક ન કરશો કાંય ॥
સુણી એવાં વહાલાનાં વચન, દ્રવ્યું મુક્તમુનિ કેરું મન ॥૧૧॥
આસને લઈ ભક્તને સ્વામી, પછી સમજાવે સહુ ખામી ॥
કહો છો પ્રભુ પક્ષપાતી કેમ, થશે રાજી સમજવે એમ ॥૧૨॥
એ તો ભાવના ભૂખ્યા કેવળ, નથી રહેતા જોઈ રૂડું સ્થળ ॥
માટે દૂર કરી ચર્મઅક્ષ, સમજો સુંદરવર નિષ્પક્ષ ॥૧૩॥

INDEX

એમ સમજાવી મુક્તમુનિ, લેવા સાર ખરા મુમુક્ષુની ॥
આવી કહ્યું હવે હરિ હસો, જાવું જોશે તમારે જ વસો ॥૧૪॥
પછી વેણ રાખ્યું મુનિ કેરું, થયાં જાવા તૈયાર ઘણેરું ॥
પ્રભુ સંગે પધાર્યા મરાલ, ભક્ત ગિરધર કર્યો નિહાલ ॥૧૫॥
વળી એવું છે અન્ય ચરિત, સુણતાં મોદ પામશો અમિત ॥
વસે જેતપુરે ખરા ભક્ત, જેનું મન હરિમાં આસક્ત ॥૧૬॥
તેનું જીવા જોષી રૂડું નામ, જેણે જાણ્યા પ્રભુ સુખધામ ॥
વળી શિવો ગોરધન સોય, તેનાં પુત્ર પરમાણો દોય ॥૧૭॥
તેને શુભ વેળા પળ જોઈ, તાતે વિચાર્યું દેવા જનોઈ ॥
લખી નાથને કાગળ મેલ્યા, વાલા આવો જેતપુર વહેલા ॥૧૮॥
હતાં ફરેણિયે બહુનામ, તિયાં પત્ર સુણ્યો ધરી હામ ॥
પછી બોલ્યા અણગમો ધરી, હવે લખશો મા આવું ફરી ॥૧૯॥
હોય વિવાહ કે જનોઈ ટાણું, તિયાં જાવું લાગે નહિ શાણું ॥
કિયાં જવાય ક્યાં ન જવાય, રાજી કુરાજી ત્યાં જન થાય ॥૨૦॥
માટે ન જાવું જીવાને ઘેર, ભલે રહ્યો પ્રસંગ સુપેર ॥
સુણી મુક્તમુનિ કહે નાથ, તમે નિજજનની છો મિરાંથ ॥૨૧॥
જીવા જોષી છે ભક્ત ઉદાર, રાખે સત્સંગમાં બહુ પ્યાર ॥
વળી દુર્બળ દીસે વ્યવહારે, માટે જાઓ પ્રભુ તેની વારે ॥૨૨॥
એમ સુણી સ્વામીની વિનતિ, બદલી બહુનામીએ ગતિ ॥
કહ્યું થાઓ તૈયાર મરાળ, જાશું જેતપુર તતકાળ ॥૨૩॥
પછી કર્યો પૂરણ પ્રસંગ, રહ્યો ભક્તને મન ઉમંગ ॥
એમ વેણ ગુરુદેવ તણું, અવિનાશી ઉથાપે ન અણું ॥૨૪॥
એવાં હજુ દીઠા નહિ ક્યાંઈ, ખોળી ખોળી જોયું શાસ્ત્રમાંઈ ॥
તેનાં સમીપ મળ્યો છે વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ સ્વામીશ્રીનું વેણ રાખ્યું એ નામે ત્રણસો ને અઢારમું પ્રકરણમ્ ॥૩૧૮॥

પ્રકરણ : ૩૧૯

પૂર્વછાયો :

દેશ રૂડો સોરઠ ભલો, ને ગરવો ગઢ ગિરનાર ॥
જતિ સતી શૂરવીરને, આદિકાળથી ધરનાર ॥૧॥
લીલી ઘેઘૂર વનરાઈ, ને પશુ પંખી અપાર ॥
સાવજ જ્યાં સેંજળ પીવે, વળી નમણાં નર ને નાર ॥૨॥
એથી ઉત્તર દિશમાં, એક ગામ છે થાણા ગાલોલ ॥
વર્ણ ચારે ત્યાં વસે, હળીમળી કરે કિલોલ ॥૩॥

ચોપાઈ :

તેહ પુરમાંહિ એકવાર, મુક્તમુનિ ધરી અતિ પ્યાર ॥
આવ્યાં સંઘ તણો લઈ સાજ, સતસંગનું કરવા કાજ ॥૪॥
તિયાં વસે જશભાઈ આદિ, હરિભક્ત અતિ મરજાદી ॥
દેખી સ્વામીને હરખ્યા છે ઘણું, કહે ભાગ્ય જાગ્યું છે આપણું ॥૫॥
પછી ઠામ શોધી એક સારો, દીધો સ્વામીને રૂડો ઉતારો ॥
વહેતી ભક્તિની થઈ ભાગીરથી, તેનું વર્ણન શું કહું કથી ॥૬॥
એમાં એક સમે આણી ખંત, મળી મધ્યાહ્નમાં સહુ સંત ॥
નદીએ પધાર્યા નાવા કાજ, સંગે છે મુક્તાનંદ મહારાજ ॥૭॥
ચાલ્યાં જાય છે વાટે મરાળ, તિયાં જન દીઠો તતકાળ ॥
નદી કિનારા થકી નિકટ, હતો પીપળો એક વિકટ ॥૮॥
તેને ફરતે પ્રદક્ષિણા કરે, મુખમાંહિ હરિનામ ધરે ॥
એવો દીઠો મુમુક્ષુ જે કાળ, થયાં મુનિ મુદા તતકાળ ॥૯॥
આ તો રાખમાં પડ્યું રતન, પારખી ગયાં મુનિ તે મન ॥
પછી તેડવા મેલ્યા છે ભક્ત, આવા કોણ છે પ્રભુ આસક્ત ॥૧૦॥
તિયાં જઈ કરી તેને વાત, આવો સંત બોલાવે સાક્ષાત ॥
સુણી પડતું મેલી નિજ કામ, આવ્યાં સંત હતાં જેહ ઠામ ॥૧૧॥
બેઠા ચરણે શીશ નમાવી, ત્યારે સ્વામીએ વાણય સુણાવી ॥
આવો આવો ભક્ત અભિરામ, તમારું કહોને શુભ નામ ॥૧૨॥
ત્યારે તે કહે નામ છે માવો, તમ જેવા સંત બહુ ભાવો ॥
સુણી રાજી થયાં સ્વામી ઘણું, માવાનું જાણ્યું મુમુક્ષુપણું ॥૧૩॥

INDEX

પછી સંત નાહ્યા નદીમાંય, નાહી નીસરી સભા કરી ત્યાંય ॥
પછી પ્રેમે કર્યા કીરતન, હરિજન ઝીલે મૂકી મન ॥૧૪॥
તાળીનો આપે છે સહુ તાલ, સુણી રાજી થાય છે મરાલ ॥
પછી મુક્તમુનિ ધરી પ્યાર, માવા ભક્તને કહ્યો છે સાર ॥૧૫॥
કરો છો ઘણું ભજન ભારે, પણ સુણજો વાત વધારે ॥
પુણ્ય થકી તો જવાશે સ્વર્ગે, ન જવાય એથી મોક્ષમગે ॥૧૬॥
તે તો મળે જો પ્રભુ પ્રકટ, કાં તો લાગે એની અતિ રટ ॥
વળી સંત મળે એવાં ન્યારા, જે મટાડે સંસૃતિના વારા ॥૧૭॥
તો થાશે કેડ્યે કલ્યાણ નક્કી, જાણો વાત પ્રત્યક્ષ એ પક્કી ॥
રવિ રવિ રટ્યા થકી રેન, નવ જાય કેદિ યેન કેન ॥૧૮॥
ક્ષુધા સમે કહે અન્ન અન્ન, તેથી તૃપ્તિ પામે નહિ જન ॥
ધન ધન જપે મળે ધન, એ નથી થવાનું કોઈ દન ॥૧૯॥
માટે પ્રકટ થકી સુખ સહુ, રહે દુઃખ અપ્રકટથી બહુ ॥
એમ મોક્ષમગે પણ રીત, જોઈએ પ્રકટ પ્રભુમાં પ્રીત ॥૨૦॥
એમ ઘણું ઘણું સમજાવ્યું, તે તો માવાને મન બહુ ભાવ્યું ॥
જાગી પ્રકટ પ્રભુ તણી આશ, ક્યારે પામું હવે અવિનાશ ॥૨૧॥
પછી સ્વામીએ મોજમાં આવી, દીધાં વ્રતમાન કંઠી ધરાવી ॥
માવાને કીધો સતસંગી ભક્ત, તે થયાં વિષયથી વિરક્ત ॥૨૨॥
પછી ભૂલ્યા જગતનું ભાન, હૃદે રાખ્યું હરિ તણું જ્ઞાન ॥
થયાં એવાં સંસારે અલિપ્ત, પંચવિષયથી રહ્યાં વિરક્ત ॥૨૩॥
સર્વે ઇન્દ્રિય જક્તથી ત્રોડી, એક રાખી શ્રીહરિમાં જોડી ॥
મોટા સંતો કેરા કૃપાવાન, બન્યા માવા ભગત મહાન ॥૨૪॥
તે તો મુક્તમુનિનો પ્રતાપ, આપે થયાં અતિ નિષ્પાપ ॥
ધન્ય ધન્ય એવાં પ્રભુદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે માવા ભગતને સત્સંગી કર્યા એ નામે ત્રણસો ને ઓગણીસમું પ્રકરણમ્ ॥૩૧૯॥

INDEX

પ્રકરણ : ૩૨૦

પૂર્વછાયો :

ભક્ત ભલા ભેંસજાળના, મોતીરામ ત્રવાડી નિદાન ॥
મુક્તાનંદ મહારાજને, જાણે સાક્ષાત શ્રી ભગવાન ॥૧॥
ખરેખરા ભક્ત સ્વામીના, એ વિણ ન સૂઝે કાંય ॥
જેમ કહે તેમ કરવું, સમજણ રાખે મનમાંય ॥૨॥
એક સમે ગઢપુરમાં, આવ્યાં દર્શને ધરી પ્યાર ॥
ગ્રંથ ઉદ્ધવગીતા તણા, રૂડાં રાગ શીખવા સાર ॥૩॥

ચોપાઈ :

હતી આગન્યા હરિની એહ, જિયાં લગી રહે તવ દેહ ॥
ગ્રંથ કરજો ઉત્તમ સહુ, સંપ્રદાય કરે પુષ્ટ બહુ ॥૪॥
તેથી અઢારસો એંસી વર્ષે, મુક્તાનંદજીએ અતિ હર્ષે ॥
ઉદ્ધવગીતા લખી બહુ ખાંતે, થઈ પ્રસિદ્ધ તે ભલી ભાતે ॥૫॥
મોતીરામે તે જાણીને વાત, આવ્યાં રાગ શીખવા રળિયાત ॥
હતાં ધરમશાળા મોઝાર, સ્વામી મુક્તાનંદજી ઉદાર ॥૬॥
ઝાલ્યા ચરણ પ્રેમથી એવાં, કોઈ વાતે મૂકે નહિ તેવાં ॥
ત્યારે સ્વામી કહે સુણ્ય ભાઈ, બોલ્ય શું છે તારા મનમાંય ॥૭॥
બસ મેલ્ય હવે મારા પગ, આમ ઝાલી રહીશ કિયાં લગ ॥
મોતીરામ કહે મુનિરાજ, તમે ઈશ્વર છો કહું આજ ॥૮॥
આપ કહો તિયાં જ હું રહું, કહો તેટલી ઉપાધિ સહુ ॥
નથી તમથી અધિક કાંય, કો'તો શીશ દઉં કાપી આંય ॥૯॥
આપ સ્વયં છો પરમેશ, ન માનું અસત્ય એમાં લેશ ॥
કરું જેમ કહો તેમ આપ, મુને આપમાં શ્રદ્ધા અમાપ ॥૧૦॥
ગ્રંથ લખ્યાં દ્વૈપાયને જેવા, દીસે આપના પણ જ એવાં ॥
રસ અલંકાર વળી છંદ, પરિપૂરણ અતિ આનંદ ॥૧૧॥
તેથી રાગ ઉદ્ધવગીતાના, પ્રેમે આવ્યો શીખવા મજાના ॥
ત્યારે મુક્તમુનિએ પ્રસન્ન, રાગ શીખવિયા ત્રણ દન ॥૧૨॥
ચોથે દન વહેલે પરભાત્ય, કીધું ત્રવાડીને ભલીભાત્ય ॥
દેખી આવો સદ્ય દરબાર, કહો શું કરે છે કિરતાર ॥૧૩॥

દ્વિજ દેખી આવ્યો તેહ ઠામ, કહે કૂપ કિનારે છે શ્યામ ॥
વળી કહે સ્વામીશ્રી જા ફરી, સમું જોજયે શું કરે છે હરિ ॥૧૪॥
જઈ આવ્યો મોતીરામ જયારે, પુરુ દાતણ કર્યું'તું ત્યારે ॥
પછી અંતે બોલ્યા એમ સ્વામી, હવે શું કરે છે બહુનામી ॥૧૫॥
ત્યારે કહે મોતીરામ ગુરુ, હવે દાતણ કર્યું છે પુરું ॥
નાવા તણી કરે છે તૈયારી, પડખે ઊભા વળી બ્રહ્મચારી ॥૧૬॥
ત્યારે ઊભા થઈ સ્વામી પોત્યે, આવી ઊભા તિયાં સ્નેહ સોત્યે ॥
ના'તા ઢોળે હરિ જેહ વારિ, તેને જાવા હતી એક ક્યારી ॥૧૭॥
નમી ત્યાં જઈને મુનિરાજ, અંજળી લીધી તજી લોકલાજ ॥
પીધું પ્રેમથી નીર પાવન, મોતીરામે દેખ્યું તેહ દન ॥૧૮॥
એવાં સમર્થ છે ગુરુદેવ, જાણું તેને હું દેવાધિદેવ ॥
એ તો પીવે જેનું સ્નાન વારિ, તેની મોટપ કેટલી ભારી ॥૧૯॥
નક્કી જેવા તેવા નવ હોય, કોઈક હશે મોટા એથી સોય ॥
એમ કર્યો જયાં મન વિચાર, ગયાં સમાધિમાં તેહવાર ॥૨૦॥
શંખ ચક્ર ગદા પદ્મ વિભુ, દીઠા ચતુર્ભુજ રૂપે પ્રભુ ॥
દર્શ કરી શ્રીહરિનું ત્યાંય, ભક્ત પડિયા પ્રેમથી ત્યાંય ॥૨૧॥
પછી તેદિ ધર્યા વ્રતમાન, થયાં ભક્ત ઉત્તમ નિદાન ॥
એમ મુક્તમુનિએ તે દન, ભાવે ભક્ત ભેટાડ્યા મોહન ॥૨૨॥
માટે વાત તો એટલી પકી, લેજો રૂદિયામાં સહુ લખી ॥
સંત માનવા શ્રી હરિરુપ, એ જ સત્ય સિદ્ધાંત અનુપ ॥૨૩॥
જેણે દીઠા સદ્‌ગુરુ વિશે, પ્રભુ પ્રત્યક્ષ રૂપ અતિશે ॥
પામ્યા પ્રકટ તે પરબ્રહ્મ, એમ કહે પોકારી આગમ ॥૨૪॥
માટે સો વાતની એક વાત, સંત શ્રીહરિ સમ સાક્ષાત ॥
નથી ઉધારાની કોઈ આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મોતીરામને શ્રીહરિનો નિશ્ચય થયો એ નામે ત્રણસો ને વીસમું પ્રકરણમ્ ॥૩૨૦॥

પ્રકરણ : ૩૨૧

પૂર્વછાયો :

અનુપમ અદ્‌ભુત છે, આ કથા અતિ રસાળ ॥
ગ્રહે ગુણ જો એટલો, તો જીવ તરે તતકાળ ॥૧॥
માટે શોધી શાસ્ત્રમાં, મુનિમુક્તનાં ચરિત્ર ॥
હૈયે હરખીને કહું, વરણવી સર્વે પવિત્ર ॥૨॥
રામપ્રતાપ ભ્રાત જે, ઘણું રિસાયાં મનમાંય ॥
તેદિ મુનિએ મનાવિયા, તે કથા કહું સુખદાય ॥૩॥

ચોપાઈ :

દેવો વીરો દોય હરિદાસ, રહે ગઢપુરે પ્રભુ પાસ ॥
કરે ખેતરે ખેતીનું કામ, રાજી કરવા સુંદર શ્યામ ॥૪॥
સંધ્યા સમે બેઉ પરવારી, થાકી આવી ઘેર એકહારી ॥
સ્નાન કરીને ગ્રહે ભોજન, પછી પ્રીતે પોઢે બેઉ જન ॥૫॥
એમાં આવ્યાં અવધ્યના વાસી, ત્યારે વધી દોયની ઉદાસી ॥
ભાઈ રામપ્રતાપજી તણો, થયો ઉતારો પાસમાં ઘણો ॥૬॥
તેથી પ્રથમ તો જાણ્યું એવું, ધન્ય ભાગ્ય ઉદે થયું કેવું ॥
ભ્રાત ભૂધર કેરા મહાન, મુજ સમીપ રહેશે નિદાન ॥૭॥
એમ વિચારિયું મનમાંય, પણ થયું એથી બીજું કાંય ॥
રામપ્રતાપજી પૂરી રાત, જિયાં લગી ન થાય પ્રભાત ॥૮॥
બાંધી દોકડ કેડ્યે રૂપાળું, કરે કીર્તન નિત્ય નિરાળું ॥
તેથી નીંદ ન આવે બેઉને, પણ વાત કહેવી જઈ કુને ॥૯॥
પછી એક દિ' કરી વિચાર, મળ્યાં રામપ્રતાપ ઉદાર ॥
કહે પ્રભુએ મેલ્યા અમને, આગન્યા કરી કહેવાં તમને ॥૧૦॥
રજની થયે કરવો આરામ, પદ ગાવા દને અભિરામ ॥
ત્યારે ભ્રાત કહે બહુ સારું, લો કર્યું બંધ ગાવણું મારું ॥૧૧॥
એમ કહી કર્યું બંધ દ્વાર, સૂતાં પથારીએ જઈ ઠાર ॥
પછી દેવો વીરો ભલી ભાત્યે, સૂતાં ઓરડે જઈ નિરાંત્યે ॥૧૨॥
પછી પ્રભાતમાં મોટા ભાઈ, ચાલી નીસર્યા એકલા ક્યાંઈ ॥
તે દીઠા કોયે ચાલતા જાતાં, ઉગામેડીને મારગે થાતા ॥૧૩॥

INDEX

તેથી શ્રીહરિને કીધી વાત, ભ્રાત મૂંઝાઈને ભલી ભાત્ય ॥
ચાલ્યાં જાય એકલા રિસાઈ, નથી સંગે બીજું કોઈ ત્યાંઈ ॥૧૪॥
વાત સાંભળી શ્રવણે એમ, મુક્તમુનિએ તેમની તેમ ॥
પછી નાથને કહે કરભામી, પાછા વાળીએ જઈ બહુનામી ॥૧૫॥
ત્યારે નાથ કહે ચાલો તમે, ભ્રાત લાવિયે પાછા આ સમે ॥
એમ કહી માણકી તૈયાર, કરી હરિ થયાં અસવાર ॥૧૬॥
વળી ગાડુ મંગાવિયું પ્રીત્યે, માંહિ સ્વામી બેસાર્યા મુદિતે ॥
પછી ત્યાંથી ચાલ્યાં શોધવાને, હોય ભ્રાત પ્રભુના જે સ્થાને ॥૧૭॥
એમ આવ્યાં ઉગામેડી ગામે, ત્યારે જાણિયું શ્રી બહુનામે ॥
ભાઈ રોકાયા કણબી ઘેર, રસોઈ જમવા રૂડી પેર ॥૧૮॥
તેથી પ્રભુ તો પાદરમાંય, રહ્યાં માણકી પાવા રોકાય ॥
મુક્તમુનિને મોકલ્યા ગામ, તેથી રીસ જો પામે વિરામ ॥૧૯॥
મુનિ આવિયાં જ્યાં ગામ વિશે, ભાઈ ભાળ્યા તિયાં ઘણી રીસે ॥
જમી પરવારી ગાડાંમાંહિ, મુન્ય બેઠા'તા એકલા ત્યાંહિ ॥૨૦॥
મુખમુદ્રા દીસે બહુ શાંત, હાસ જણાતું નથી નિતાંત ॥
પછી ભાળી એવા મોટાભાઈ, ગયાં મુક્તમુનિ ઘણું ધાઈ ॥૨૧॥
એકાએક દેખી ગુરુદેવ, ભાઈ મોદ પામ્યા તતખેવ ॥
તર્ત ગાડેથી ઉતર્યા ભાય, પ્રીત્યે ઝાલિયા સ્વામીના પાય ॥૨૨॥
ત્યારે સ્વામીશ્રીએ લઈ બાથ, ભ્રાત ભેટિયા ભાવ સંગાથ ॥
પામી પ્રેમ મુક્તાનંદ તણો, થયો અંતરે આનંદ ઘણો ॥૨૩॥
પછી રામપ્રતાપને સ્વામી, દૂર કરવા સરવે ખામી ॥
અતિ હેતે સમજાવે વાત, રીસ મેલી થાવા રળિયાત ॥૨૪॥
સામસામાં બેઠા બેઉ ગાડે, સ્વામી સમજાવી વિગત્ય પાડે ॥
કરે એકેક સંશય નાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામપ્રતાપજી રિસાયા એ નામે ત્રણસો ને એકવીસમું પ્રકરણમ્ ॥૩૨૧॥

પ્રકરણ : ૩૨૨

પૂર્વછાયો :

ભ્રાત સુણો તમે ભાવથી, કહું હિતની વાત જરૂર ॥
અણસમજ અળગી કરી, સવળું સમજજો ઉર ॥૧॥
કલુષિત કળિકાળમાં, બ્રહ્મમોલથી ઘનશ્યામ ॥
આવ્યાં અવનિ ઉપરે, કરવા કોટિક કામ ॥૨॥
નથી તેની ઉપરે, જીવ ઈશ્વર પુરુષ પ્રધાન ॥
તે મળ્યાં છે તમને, સર્વોપરી નિદાન ॥૩॥

ચોપાઈ :

સુંદરવર શ્રીહરિની સેવા રે, ઘણું મથે છે વિબુધ લેવા રે ॥
તોય મળે નહિ લવલેશ રે, એવાં પુરુષોત્તમ પરમેશ રે ॥૪॥
સુરવૃંદને દુર્લભ દર્શ રે, નથી પામતા તેહનો સ્પર્શ રે ॥
જેને નિગમ નેતિ નેતિ ગાય રે, સેવે કોટિ મુક્ત એના પાય રે ॥૫॥
જન આવિયાં આજ પ્રસંગે રે, ઘણું રંગાયા પ્રભુને રંગે રે ॥
તેનાં મુખથી શું કહું ભાગ્ય રે, એને આવ્યો ખરો આજ લાગ રે ॥૬॥
તેને મેલીને જાવું તમારે રે, એમાં ઉપજે આશ્ચર્ય મારે રે ॥
હોય સુજ્ઞ તો સમજો સાન રે, ભીંજ્ય વેઠીને રહેવું આ સ્થાન રે ॥૭॥
પ્રભુચરણ ત્યજી જાશો આપ રે, ગ્રહેશો જક્ત ચરણ અમાપ રે ॥
તિયાં નહિ ચાલે મનમાની રે, બીજી વાત શી રહી કહેવાની રે ॥૮॥
માટે વાત માની મારી કાંય રે, મેલો રીસ તમે સહુ આંય રે ॥
ચાલો મુજ સંગે ગઢપુર રે, થાશે રાજી શ્રીહરિ જરૂર રે ॥૯॥
એમ થોડું ઘણું સમજાવ્યું રે, તે તો ભ્રાતને મનમાં ભાવ્યું રે ॥
પછી છાંડી એ ગાડુ તરત રે, બેઠા સ્વામીને ગાડે પરત રે ॥૧૦॥
આવ્યાં રામપ્રતાપ ઉમંગે રે, ગઢપુર મુક્તમુનિ સંગે રે ॥
તિયાં વાટ જોતાં વનમાળી રે, ઘણું રાજી થયાં ભાઈ ભાળી રે ॥૧૧॥
ગયાં બંધુ તો નિજ ઉતારે રે, મુનિ બેઠા હરિવર હારે રે ॥
પછી શ્યામ કહે ધન્ય સ્વામી રે, પૂર્ણ પ્રબુદ્ધ અંતરજામી રે ॥૧૨॥
આજ ભાઈ તમે સમજાવ્યા રે, ભારે કઠણ કામ કહાવ્યા રે ॥
કહો વિસ્તારીને સહુ સ્વામી રે, શુંયે આવી'તી ભાઈને ખામી રે ॥૧૩॥

INDEX

ત્યારે સ્વામી કહે હરિરાય રે, નથી પૂછ્યું રીસાવાનું કાંય રે ॥
મહિમા પ્રભુનો સમજાવી રે, ભ્રાત પાછા વાળ્યા મોદ લાવી રે ॥૧૪॥
પછી નાથ કહે ઘણું સારું રે, કર્યું ગમતું તમે અમારું રે ॥
પછી કહ્યું ખરા સમાચાર રે, કોણ જાણી લાવે નિરધાર રે ॥૧૫॥
પછી પ્રેમસખી થ્યાં તૈયાર રે, મળવા જોખનને[1] નિરધાર રે ॥
પૂછ્યું રીસનું કારણ જ્યારે રે, કીધું દુઃખી દલે એહ ત્યારે રે ॥૧૬॥
કહે ભજન કરવા કાજ રે, મુને કીધી શ્રીહરિએ ના જ રે ॥
એમ દેવો વીરો બેઉ ભાઈ રે, આવ્યાં'તા દેવા આગન્યા આંઈ રે ॥૧૭॥
પ્રેમસખીએ રહસ્ય જાણી રે, વાત પ્રભુને કહી પ્રમાણી રે ॥
પછી બોલાવી સહુને શ્યામે રે, દોય બંધુને પૂછિયું સામે રે ॥૧૮॥
નથી ના કહી અમે તો કાંઈ રે, કેમ જૂઠું બોલ્યા બેઉ ભાઈ રે ॥
સુણી ભ્રાતની થઈ લાલ આંખો રે, કહે કાં આને કાં મને રાખો રે ॥૧૯॥
પછી સાનમાં બેય સમજાવી રે, મેલ્યા માંડવધાર પઢાવી રે ॥
પછી ભાઈ થયા શાંત જ્યારે રે, પાછા બોલાવિયા બેઉ ત્યારે રે ॥૨૦॥
એવું ચરિત્ર અતિ અનુપ રે, થયું ગઢપુરે સુખરૂપ રે ॥
ભ્રાત ભૂધરના સમજાવી રે, લાવ્યા મુક્તમુનિ મોદ લાવી રે ॥૨૧॥
જક્તમાંહિ નર જે જે હોય રે, જ્યારે આવે મુનિ પાસે કોય રે ॥
સુણે સ્વામીની વાત શ્રવણ રે, પડે ફેર તેમાં તતક્ષણ રે ॥૨૨॥
પુત્ર હિત ઈચ્છે માત જેમ રે, કરે સત્સંગનું મુનિ એમ રે ॥
કાપી કુમતિ વળી સ્વભાવ રે, જન ભેટાડે મોહન માવ રે ॥૨૩॥
છોને કોટિ કલ્મષ ભરેલો રે, હોય કુટિલ કપટી ઘેલો રે ॥
ગ્રહે મુક્તમુનિનાં ચરણ રે, નર પામે તે શુદ્ધ આચરણ રે ॥૨૪॥
તેનાં ચરિત્ર સર્વે ઉદાર રે, સુણી ઉપજે દલમાં પ્યાર રે ॥
પછી નવ રહે માયાત્રાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામપ્રતાપજીને મનાવી પાછા લાવ્યા એ નામે ત્રણસો ને બાવીસમું પ્રકરણમ્ ॥૩૨૨॥

---

૧. રામપ્રતાપભાઈ

પ્રકરણ : ૩૨૩

પૂર્વછાયો :

મોટા પંડિત પુરાણીને, જોઈએ વાણી વિલાસ ॥
પણ જેના ઘટમાં નહિ, વજ્રવાણી કેરો ત્રાસ ॥૧॥
જેની વાણી વિમળ અતિ, સુધા સમ અવિકાર ॥
હિમ ઉતુંગ શિખરથી, જાણે સરે સરિતા અપાર ॥૨॥
એવાં સદ્‌ગુરુ એક છે, એમ કર્યા સૌએ પ્રમાણ ॥
તેનું ચરિત વરણવું, સહુ સાંભળજો સુજાણ ॥૩॥

ચોપાઈ :

એક સમે ગોંડળ શહેર, મુનિ મુક્તાનંદ મુદભેર ॥
પ્રભુ સંગે વિરાજે અતિશે, શહેર થકી આથમણી દિશે ॥૪॥
ફૂલવાડીયે કર્યો ઉતારો, જન આવે સભામાં હજારો ॥
આવ્યો તિયાં ભેખધારી વડો, એનો ધર્મ વિશે નહિ ધડો ॥૫॥
પંડે ભણેલો નહિ લગાર, અભિમાન દીસે ભારોભાર ॥
વળી પાખંડ ચલાવે ઘણું, સર્વશ્રેષ્ઠ રાખે પોતાપણું ॥૬॥
જેમ સતસંગે નંદ સંત, તેમ તેને છે મુક્ત અત્યંત ॥
શ્રીમુક્ત ધીમુક્ત પ્રભુમુક્ત, વૈરાગ્યમુક્ત શ્રીરામમુક્ત ॥૭॥
પોત્યે રહે દેવમુક્ત નામે, જન ભરમાવે ગામોગામે ॥
આવ્યો સભા વિશે એહ જ્યારે, દીધું માન પ્રભુજીએ ત્યારે ॥૮॥
દીધું આસન બેસવા કાજ, સત્કાર કર્યો તેનો ઝાઝ ॥
વાત કરતાં કૃપાનિધાન, પછી સુણતાં સૌ સાવધાન ॥૯॥
તિયાં બોલ્યો પાખંડી પ્રમાણી, નથી તમારી સમજાતી વાણી ॥
મુક્તાનંદજી સદ્‌ગુરુ જેહ, જેની વાણી છે સુગમ એહ ॥૧૦॥
તેને કરવા ઘો કાંઈ વાત, તો સમજીયે સાર યથાર્થ ॥
ત્યારે દીધી પ્રભુએ આગન્યા, નહિ સમજે આ તમારાં વિન્યા ॥૧૧॥
માટે સવળું આપનું ગ્રહેશે, હું કહીશ તો અવળું લેશે ॥
પછી મુક્તાનંદજી મરાળ, રૂડી કથા કરે તતકાળ ॥૧૨॥
તે સુણીને બોલ્યો ભેખધારી, વાત આપની છે હિતકારી ॥
બોલે શ્રી સહજાનંદ જેહ, નોય આવે સમજ્યામાં તેહ ॥૧૩॥

INDEX

પણ આપ બોલો વેણ સુખે, જાણ્યું નવનીત ઉતર્યું મુખે ॥
ત્યારે સ્વામી કહે સુણ્ય ભાઈ, નહિ આશ્ચર્ય એમાં નવાઈ ॥૧૪॥
વાણી પ્રભુની અતિ મહાન, બ્રહ્માદિને દુર્ગમ નિદાન ॥
શ્રુતિ પણ સરુ નહિ પાવે, તૈયે પામર પ્રાણી શું ફાવે ॥૧૫॥
કહી એટલો મુનિએ મર્મ, પૂછ્યો પાંખડીને નિજ ધર્મ ॥
વળી પૂછ્યા પ્રશ્ન બીજા કાંઈ, તેનો જવાબ જડ્યો ન જરાઈ ॥૧૬॥
પૂછે પ્રશ્ન ભેખધારી સામે, જે જે ભણ્યો હતો નિજ ઠામે ॥
તેનાં ઉત્તર શાસ્ત્રની સાંખે, મુક્તમુનિ સદ્ય કહી દાખે ॥૧૭॥
પછી ભોંઠો પડ્યો મનમાંય, ઘણું ક્રોધે ભરાણો ખીજાય ॥
ધર્મલાલને તે લલકારી, માંડ્યો બોલવા તે અવિચારી ॥૧૮॥
તમે ધર્મ ધર્યો છે નવીન, નરનારી કરો છો આધીન ॥
નહિ ચાલે પાખંડ તમારું, પાપ આવશે આપનું બારું ॥૧૯॥
પછી ભવિષ્યવેત્તા ભગવાન, દિયે ઉત્તર તેને નિદાન ॥
ખરો ખોટો થશે ધર્મ સિદ્ધ, જક્ત જાણશે તે ભલી વિધ ॥૨૦॥
તે સાંભળી ઊઠીને અધર્મી, ચાલી નીસર્યો ત્યાંથી કુકર્મી ॥
હજી થયાં નહિ ષટ્ માસું, તિયાં પાપ તેનું પરકાશ્યું ॥૨૧॥
દ્રવ્ય ચોરીનું તેને ભુવન, હાથ આવિયું ભૂપને જન ॥
પછી પરદારા લઈ પંડ, નાઠો પંથ તણું કરી બંડ ॥૨૨॥
પૂર્યો પકડી કેદમાં નૃપે, રહ્યો પંથ ન કોઈ સ્વરૂપે ॥
વાત ઠરી વાલા તણી સત્ય, ભર્યો ભૂંડાયે પાપી કુમત્ય ॥૨૩॥
એમ લીલા કરી ધર્મલાલે, તે તો પેખિયું સહુ મરાલે ॥
વળી મહામુનિ કેરી વાણી, તેને સમજ્યાં સહુ પ્રમાણી ॥૨૪॥
માટે વાણી વદો જો વિવેકે, પ્રેમે સહિત સત્ય વિશેકે ॥
ક્લેશ થાય તેહ થકી નાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે પાખંડીને પરચો દીધો એ નામે ત્રણસો ને ત્રેવીસમું પ્રકરણમ્ ॥૩૨૩॥

પ્રકરણ : ૩૨૪

પૂર્વછાયો :

કહું વળી એક પરચો, સહુ સાંભળજો નિરધાર ॥
શીખ ગ્રહીને સવળું, પછી વર્તજો નરનાર ॥૧॥
પરનું ભૂંડું ઇચ્છતા, થાય નિજ તણું અવશ્ય ॥
દુ:ખ દેતાં કોઈ જીવને, જન પામે ન કેદિ જશ ॥૨॥
માટે દલ દૂભવો નહિ, જે હોય હરિના જન ॥
હરિ તેને હૃદયે રહ્યાં, એમ રહેવું માની મગન ॥૩॥

ચોપાઈ :

આવી અવનિએ અવિનાશી, રીત્ય જૂજવી પાડી પ્રકાશી ॥
કીધાં ત્યાગી ત્રિયા ધન કેરા, ઇન્દ્રિયજીત મરાળ ઘણેરા ॥૪॥
શત ઉપર્ય દશ ને ચાર, ફેર્યા પ્રકર્ણ પ્રભુએ અપાર ॥
ભિન્ન ભિન્ન વ્રતમાનમાંય, રાખ્યા મુનિ મહારાજે સદાય ॥૫॥
ક્યારે વિચરે એક એકાકી, ક્યારે જમે ન રસોઈ પાકી ॥
ક્યારે ટાટ ટૂંકા પહેરી જાણે, ક્યારે ખેસનો ઘૂંઘટ તાણે ॥૬॥
એમ હરિની આગન્યા વિશે, સંત રહ્યાં હરખે અતિશે ॥
દીઠાં વિના દિવસને રાત્ય, વિચરે મરાળ ભલીભાત્ય ॥૭॥
તેહ સમાની વાત એકાદ, સંભળાવું સુખે કરી યાદ ॥
મહામુનિ મુક્તાનંદ સ્વામી, નેક જીવની ટાળવા ખામી ॥૮॥
દેશોદેશ વિચરે અમાપ, આઠે પોર રટે મુખ જાપ ॥
એમ વિચરતા નિરંતર, આવ્યાં ગામ તે સાંગાવદર ॥૯॥
દેખી ગામને પાદર વાડી, લેવા આવ્યાં વિરામ તે દાડી ॥
તિયાં જળે ભર્યો કૂપ એક, હતો ખેતર મધ્યે વિશેક ॥૧૦॥
પાક ઘઉં તણો મલખતો, ઓઢી ચારેય શેઢા ઓપતો ॥
વારિપાન કરી ઘઉં ડૂંડ, તૃપ્ત થકા ડોલે સહુ ઝુંડ ॥૧૧॥
રખેવાળ તેનો કોશ ભરી, નાખી વૃષભ કાંધે ધૂંસરી ॥
જળ કાઢી કૂવા કેરું બહાર, ઘઉં પાઈ ઘણું હરખાય ॥૧૨॥
તેહ કૂવા કાંઠે આવ્યાં સ્વામી, બેઠા એકલા અંતરજામી ॥
કરચરણ ધોયાની ત્યાંય, કરે તૈયારી સ્વામીશ્રી જ્યાંય ॥૧૩॥

આવ્યો ખેડૂત લઈને લાઠી, એની ધીર તો સરવે નાઠી ॥
નિજ કૂવા પાસે દીઠા સંત, ભૂંડા રોષે ભરાયો અત્યંત ॥૧૪॥
રહ્યો વિવેક નહિ લગારે, હાથ ગ્રહી સ્વામીનો ગમારે ॥
કૂવા કાંઠેથી લઈ ઉપાડ્યા, દૈ ધક્કો પૃથ્વીએ પછાડ્યા ॥૧૫॥
પછી બરાડ્યો મુખથી એમ, મુજ કૂવે આવી બેઠા કેમ ॥
કેટલે દિનથી કોશ થકી, જળ સિંચુ હું એકલો નક્કી ॥૧૬॥
તોય ભૂમિ ન પૂરી પલળી, એમાં વિઘન આણ્યું તે વળી ॥
દેખી તુજને મુજ બળદ, ભલા ભડક્યા થઈ ઉન્મદ ॥૧૭॥
હવે કોશ ભરેલ જે વારિ, કોણ ઠાલીને ભરશે ક્યારી ॥
એવા મુખથી કટુ વચન, કહી ચાલ્યો તિયાં થકી જન ॥૧૮॥
મહામુનિ ઊભા થઈ ત્યાંય, ઘણી ધીર ધરી દલમાંય ॥
ભૂંડું વિચાર્યું તેનું ન લેશ, રહ્યાં પ્રભુ મસ્તીમાં વિશેષ ॥૧૯॥
પછી ત્યાં થકી ચાલી નીસર્યા, આવી વળતે ગામ વિચર્યા ॥
પણ અંતર્યામી અવિનાશ, નવ સહી શક્યા તેહ ત્રાસ ॥૨૦॥
દ્રોહ થાય જો ગોવિંદ કેરો, તેને ઉગરવા આરો ઘણેરો ॥
પણ સંત દ્રોહે જો દુભાય, તેને રક્ષે નહિ હરિરાય ॥૨૧॥
એહ પાપે પેઠો એક ચોર, માર્યો ખેડૂતને માર ઢોર ॥
કર ઝાલ્યો'તો મુનિનો જેહ, હાથ પકડ્યો હરામીનો તેહ ॥૨૨॥
ભોંયે પછાડી માર્યા અઢાર, તલવારના ઘા નિરધાર ॥
પામ્યો સંતના દ્રોહનું ફળ, ભેટ્યો મોતને ઘાટ અકળ ॥૨૩॥
પ્રભુના દ્રોહનું પ્રાયશ્ચિત, થાશે કોઈ કાળમાં ઉચિત ॥
પણ સંત દુભાવિયા લેશ, તેને છૂટ્યાનો આરો નહિ લેશ ॥૨૪॥
માટે વાલા શ્રીહરિને સંત, અન્ય નથી જ એવાં અત્યંત ॥
એના દ્રોહથી થાય વિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સંતના દ્રોહનું ભૂંડું ફળ થયું એ નામે ત્રણસો ને ચોવીસમું પ્રકરણમ્ ॥૩૨૪॥

INDEX

પ્રકરણ : ૩૨૫

પૂર્વછાયો :

શૂરો ડરે નહિ વિઘ્નથી, નિર્ભય રહે દલમાંય ॥
ધીર ધરે અડગ મને, સંકટ મેલી નવ જાય ॥૧॥
સ્થિર રહે સંઘર્ષમાં, શૂરતા ડગે નહિ લેશ ॥
ભાખ્યું વચન ફેરે નહિ, મહાશૂર જે હોય વિશેષ ॥૨॥
શૌર્ય કથા શૂરવીરની, હવે કહું કરી વિસ્તાર ॥
ભલા ક્ષત્રિ કુળના, ભક્ત ગોડજી ઉદાર ॥૩॥

ચોપાઈ :

જ્યારે જ્યારે જગદીશ વાત, કરતાં યુદ્ધ કેરી સાક્ષાત ॥
ત્યારે ત્યારે તે ભક્ત ગોડજી, ઘણું કહેતાં પ્રભુને ગરજી ॥૪॥
આપ કરો છો કેવળ વાત, પણ અંતે છો સાધુની નાત ॥
કસોટી કરતાં તવ હૈયું, કહું છું કેદિ ઝાલ્યું ન રૈયું ॥૫॥
ત્યારે પ્રભુ કહે સુણ્ય ભાઈ, ટાણે ધીરતા રહે ન જરાઈ ॥
જ્યારે જામે ખરેખરો જંગ, ઊડે ગગનમાં રક્ત રંગ ॥૬॥
ત્યારે શૂરો હોય રણબંકો, વાગે એનો જ યુદ્ધમાં ડંકો ॥
નહિ કાયર તણું કાંઈ કામ, ફોશીને હૈયે શું રહે હામ ॥૭॥
સુણી બોલ્યા ક્ષત્રિ ભક્ત ત્યાંય, સત્ય વાત તમારી સદાય ॥
મુને ક્ષત્રિય રક્તનો ગુણ, ન લજાવું કદી એનું લૂણ ॥૮॥
ભાલા ઊડે સામા અણિયાળા, મર ગરજે બંદૂકનાળા ॥
તોપુ તમંશા ને તલવાર, તીખી બરછી વાગે અપાર ॥૯॥
તીર છૂટે ધનુથી અનંત, એવું જુદ્ધ જો જામે અત્યંત ॥
વળી જેમ પંડે પડે ઘાવ, તેમ વાધે ઉરમાં ઉછાવ ॥૧૦॥
પણ પાવ ન પાછો ભરીયે, ટુક ટુક થઈને મરીયે ॥
કેદિ પગ પાછો નવ માંડુ, નિજ ટેક કેદિ નવ છાંડુ ॥૧૧॥
માટે કરજો ક્યારે કસોટી, એમાં રાખજો હિંમત મોટી ॥
પછી હરિ બોલ્યા હરખાઈ, કરશું પારખું ક્યારેક ભાઈ ॥૧૨॥
વીત્યા આ વાતને ઘણાં દન, કેડ્યે પ્રભુ પોત્યે પરસન ॥
લિયે ભુજનગરની વાટુ, હામું પુરવા ભક્તની સાટુ ॥૧૩॥

મુખ્ય મુક્તમુનિ આદિ સંત, સંગે ચાલ્યાં છે શ્રી ભગવંત ॥
ભક્ત ગોડજી ગોવિંદ સંગે, ભુજ ભણી ચાલિયા ઉમંગે ॥૧૪॥
પછી રણ ઉતરીને રાજ, આવ્યાં કચ્છ દેશ મહારાજ ॥
કરી કચ્છમાં કૃપા કૃપાળે, દીધાં દર્શન સહુને દયાળે ॥૧૫॥
ગામોગામથી આવ્યા'તા, દાસ તેણે નીરખિયા અવિનાશ ॥
બહુ લીલા અલબેલે કરી, પછી ત્યાંથી પધારિયા હરિ ॥૧૬॥
ગઢપુર જાવા નિરધાર, કર્યો નાથે મનમાં વિચાર ॥
માણકીએ થયાં માવ સ્વાર, લીધાં કાઠી સંગાથે અપાર ॥૧૭॥
મુક્તમુનિ કાજે સિગરામ, રૂડો મંગાવિયો તેહ ઠામ ॥
તેમાં પ્રીત્યે બેસારિયા સ્વામી, પછી ચાલ્યાં ત્યાંથી બહુનામી ॥૧૮॥
જે જે વાટમાં આવે છે ગામ, તિયાં વાલો કરે વિશરામ ॥
પછી દોડાવિયા ઘોડી ઘોડા, આગે હરિ વાંસે જન થોડા ॥૧૯॥
ત્યારે પ્રભુ બોલ્યા સહુ આંઈ, થોડો કાળ થંભો થાક ખાઈ ॥
ગુરુદેવ રહ્યાં ઘણું વાંસે, આવ્યાં કેડ્યે જ જાશું હુલાસે ॥૨૦॥
પછી ખરેખરો સમો દેખી, ગોડજીને કહે પ્રભુ લેખી ॥
આજ ધીરજતા જોઉં તારી, હવે કર્ય મ વેળ્ય લગારી ॥૨૧॥
કુદ્ય કૂબામાં જઈ તતકાળ, તું જે મારગ પડખે ભાળ્ય ॥
સુણી વણ વિચાર્યે જ કાંય, પેઠા ગોડજી તો પળમાંય ॥૨૨॥
કહ્યું કાઠીઓને પછી નાથે, લાવો બાવળ બોરડી સાથે ॥
ભેળા કરી કૂબામાંહિ નાખો, દલમાં દયા લેશ ન દાખો ॥૨૩॥
પછી કાઠી સંગે સહુ પાળા, લાવ્યા બાવળ બોરડી ઝાળા ॥
કુબા માથે નાખ્યા ઘણીવાર, દીધું દાસને દુઃખ અપાર ॥૨૪॥
કર્યો કાંટા તણો શિર ભારો, તોય કર્યો નહિ ઊંહકારો ॥
ત્યાર પછીની વાત છે ખાસ, કહેશે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગોડજીની પરીક્ષા કરી એ નામે ત્રણસો ને પચ્ચીસમું પ્રકરણમ્ ॥૩૨૫॥

પ્રકરણ : ૩૨૬

પૂર્વછાયો :

માથે મૂકાવી મોરધ્વજે, કરવત ધરી ધારદાર ॥
શ્વપચ ઘેર વેચાઈને, રહ્યાં હરિશ્ચન્દ્ર નિરધાર ॥૧॥
ખરો ખંડાયો ખાણિયે, ચેલૈયો ઉમંગભર ॥
એવાં જન શૂરવીરને, જગ સંભારે મુદભર ॥૨॥
ભક્ત એવાં ભગવાનના, ખરેખરા કસોટીએ ચડ્યા ॥
તેમાંહિ જે ઉતર્યા, તે માયા થકી નહિ પડ્યાં ॥૩॥

ચોપાઈ :

પ્રભુએ પરીક્ષા લેવા માટે, પૂર્યા દાસને કૂબામાં કાંટે ॥
પછી તો હરિએ હદ વાળી, લીધાં ચકમકપાણ[1] ફંફાળી ॥૪॥
ઘસે પથ્થર પ્રભુજી હાથે, અગ્નિ ઉત્પન્ન કરવા કાજે ॥
ત્યાં તો દાસને ચઢિયું પાણી, બોલે મુખથી કીર્તન વાણી ॥૫॥
રે સગપણ હરિનું સાચું, બીજું ક્ષણભંગુર સૌ કાચું ॥
એક પૂરું થયે બોલે એક, થઈ મગન મનમાં છેક ॥૬॥
ઘણું મથે મોહન તે પળ, તોય પડે ન અલ્પ અનળ ॥
ત્યારે કેફમાં ચડી ગોડજી, કહે અગ્નિ પાડ્યો નહિ હજી ॥૭॥
શીદ મૂંઝાવો છો મહારાજ, કરો પુનિત માહરુ કાજ ॥
વહેલું મોડું તો તન તજાશે, પણ લાભ આ ક્યારે પમાશે ॥૮॥
તવ હાથે મળે મુને દાહ, અહો ધન્ય ભાગ્ય મારા વાહ ॥
નથી મળ્યું આવું બીજા કેને, માટે વાર લગાડો છો શેને ॥૯॥
વળી એમ કહી ઊંચે સ્વર, ધૂન્ય લલકારે મુદભર ॥
એટલાંમાં પહોંચિયા સ્વામી, દીઠાં દૂર થકી બહુનામી ॥૧૦॥
સિગરામથી ઉતર્યા જ્યારે, જોયું દ્રશ્ય અચરજ ત્યારે ॥
કૂબામાંહિ બેસારેલા દાસ, માથે કાંટા વેરી દીધો ત્રાસ ॥૧૧॥
વળી ચકમક પાણ શ્રીહરિ, લઈ મથે ઘણું ફરી ફરી ॥
ભક્તનું તન બાળવા માટ, કર્યો તો જગજીવને ઘાટ ॥૧૨॥
તિયાં આવ્યાં મુક્તમુનિ ધાય, કીધાં કઠોર વચન ત્યાંય ॥
નિજદાસને દઈ દુઃખ ઘોર, હૃદે થયાં છો કેમ કઠોર ॥૧૩॥

૧. અગ્નિ ઉત્પન્ન કરવાનો પથ્થર

INDEX

મેલો મેલો આ લીલા તમારી, તમને ઘટે ન આમ લગારી ॥
ત્યારે હસી બોલ્યા હરિરાય, કરતાં અમે તો કસોટી કાંય ॥૧૪॥
ખરા શૂરવીર છે કે એ ફોશી, તેહ માટે બોરડિયું ઠોશી ॥
વળી બોલે બેઠા બેઠા દાસ, મૂકો અગ્નિ હવે અવિનાશ ॥૧૫॥
પછી સ્વામીથી નવ રહેવાણું, કરી ટકોર જોઈને ટાણું ॥
નથી કસોટી કેરી આ રીત, સદા સર્વદા છે અનુચિત ॥૧૬॥
એમ કરતાં રહેશે નહિ જન, તમ પાસે સુખે કોઈ દન ॥
થાશે જક્તમાંહિ એમ વાતું, વાગે આ પંથમાં બહુ લાતું ॥૧૭॥
જીવતા નરને દિયે બાળી, માટે સરવે રહેજયો સંભાળી ॥
હશે તે પણ થાશે વેગળા, માટે મેલો તમારી આ કળા ॥૧૮॥
પછી બોલ્યા પ્રીત્યે બહુનામી, સત્ય વાત છે આપની સ્વામી ॥
પણ જે જનને તવ સંગ, તેને ચડે ન કળિનો રંગ ॥૧૯॥
અતિ દ્રઢ થયાં છે જ એવાં, કેડ્યે રહ્યું નવ કાંઈ કેવા ॥
મતિ એની ડગાવીએ અમે, તોય ડગે નહિ કોઈ સમે ॥૨૦॥
ત્યારે સ્વામી થયાં વિન ખોટી, કહે પૂરી થઈ જો કસોટી ॥
કાઢો માથેથી કાંટાને ઝાળાં, મોકલી કાઠીઓ અને પાળા ॥૨૧॥
પછી પ્રભુની આગન્યા થાતાં, કાઢ્યા ગોડજીને હરખાતા ॥
કરી પ્રશંસા ભક્તની ચહુ, ભેટ્યાં બાથમાં પ્રભુજી બહુ ॥૨૨॥
ધન્ય ધન્ય આવા સંત ભક્ત, જેના મન હરિમાં આસક્ત ॥
અતિ દ્રઢ થયાં છે મનથી, મુક્તમુનિ તણાં વચનથી ॥૨૩॥
કહ્યું આખ્યાન ગોડજી કેરું, શીખ લેવાનું એમાં ઘણેરું ॥
મુક્તમુનિનું મમતપણું, દીસે છે આ ચરિતમાં ઘણું ॥૨૪॥
વળી જે કહે જ્યારે જીવન, તે પાળવું પ્રીત્યે પ્રતિદન ॥
રાખજો એમાં શુદ્ધ વિશ્વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગોડજીનું રક્ષણ કર્યું એ નામે ત્રણસો ને છવીસમું પ્રકરણમ્ ॥૩૨૬॥

પ્રકરણ : ૩૨૭

પૂર્વછાયો :

વળી કહું એક વારતા, વિધવિધ કરી વખાણ ॥
સાંભળજયો સહુ શ્રવણે, સત્યવાદી જન સુજાણ ॥૧॥
સંત મોટા મહારાજના, મહામુનિ શ્રી મુક્તાનંદ ॥
કીર્તિ એની સુણતાં, આવે ઉરમાં આનંદ ॥૨॥
જન જન પ્રતિ જૂજવા, ઐશ્વર્ય દેખાડે અપાર ॥
તેણે ખુમારી તનમાં, ધરી મસ્ત રહે નરનાર ॥૩॥

ચોપાઈ :

વળી એક વસે જાનબાઈ, બહુ ભક્ત છે બગડમાંઈ ॥
તેને પ્યાર પ્રભુમાં અપારા, જક્તસુખ લાગે સૌ નઠારાં ॥૪॥
તેનાં સુત બેઉ સતસંગી, પણ કંથ તો રહ્યો અસંગી ॥
તેથી પુત્રને લઈ જરૂર, બાઈ જાતી ઘણું ગઢપુર ॥૫॥
પછી એક દિવસની વાત, સૂધે સુણો સહુ રળિયાત ॥
જાનબાઈને જગજીવને, કહ્યું બોલાવીને પરસને ॥૬॥
ઘણું રોકાઓ આંહિ ઉમંગે, સતસંગ કાજે સુત સંગે ॥
પણ તમારે તો રહી ઘેર, ભક્તિ કરવી પ્રભુની સુપેર ॥૭॥
જસાખાચર ધણી તમારાં, કે'ણ મેલે મુને એકધારા ॥
સંભળાવે કથા સંત કોઈ, એવાં મોકલો બગડે સોઈ ॥૮॥
માટે નિશ્ચે કર્યો તતખેવ, મુક્તમુનિ મુજ ગુરુદેવ ॥
મેલશું અમે આપને ગામ, જેથી રાજી થાયે નરવામ ॥૯॥
એમ કહી સ્વામીશ્રી બોલાવી, આગન્યા જાવા તણી કહાવી ॥
પછી મહામુનિ લઈ મંડળ, આવ્યાં બગડમાંહિ તે પળ ॥૧૦॥
ત્યાંના જન છે ભાવિક બહુ, આવ્યાં સામૈયું લઈને સહુ ॥
હેતે પહેરાવ્યા મુનિને હાર, પધરાવ્યા છે પુર મોઝાર ॥૧૧॥
ઉતારા કીધાં ધર્મશાળાએ, પછી જન આવે પડી પાયે ॥
જસાખાચર કહે સ્વામીને, વારે વારે વિનંતી કરીને ॥૧૨॥
રામકથા સુણવાની હામ, મુજ અંતરમાં આઠો જામ ॥
માટે કરી કૃપા રૂડી કથા, દૂર કરો સંભળાવી વ્યથા ॥૧૩॥

INDEX

પછી હરિને હૈયામાં ધારી, શરૂ કીધી કથા સુખકારી ॥
નિત નિત ચરિત નવીન, સ્વામી સંભળાવે થઈ લેલીન ॥૧૪॥
વળી સંત અસંતની રીત્ય, સમજાવી વિગત્ય સહિત્ય ॥
તેથી મેલ્યો છે તેણે કુસંગ, વળી ધાર્યો શિર સતસંગ ॥૧૫॥
પામ્યા પ્રત્યક્ષ પ્રભુનું જ્ઞાન, ભૂલ્યા પરોક્ષનું સહુ ભાન ॥
તેથી મુનિને કહ્યું ઉમંગે, હવે જાશું ગઢપુર સંગે ॥૧૬॥
પ્રકટ નિશ્ચય આપ પ્રતાપ, મુને થયો અચળ અમાપ ॥
હવે ગ્રહી શુદ્ધ વ્રતમાન, કરું ભક્તિ પ્રકટ નિદાન ॥૧૭॥
પછી તે દિન ચાલ્યાં મરાળ, જસાબાપુ સંગે તતકાળ ॥
એક ગાડે બેસી ગઢપુર, આવી મળ્યાં પ્રભુને જરૂર ॥૧૮॥
મુક્તમુનિએ સઘળી વાત, હેતે સંભળાવી રળિયાત ॥
સુણી રાજી થ્યા હરિ તે ઠામે, દીધાં છાતીએ ચરણ શ્યામે ॥૧૯॥
પછી જસાખાચરને હરિ, કહે સેવા કરી તમે ખરી ॥
મુક્તમુનિને કર્યાં પ્રસન્ન, અમે તો છૈયે તેથી મગન ॥૨૦॥
જીવ જોડજ્યો સ્વામી સંગાથ, ચિંતા રાખશો મા કોઈ માથ ॥
વળી હેત વધ્યું બહુ ભારે, માટે રહેજ્યો તમે સ્વામી હારે ॥૨૧॥
કહી એટલું ધર્મને લાલે, કર્યો ભક્તને ચાંદલો ભાલે ॥
કંઠી બાંધી ધર્યા વ્રતમાન, પૂર્યા ભક્ત કેરા અરમાન ॥૨૨॥
ભાનું વિના ન થાય પ્રકાશ, વાત વિના ન થાય સમાસ ॥
થાય વાતેથી પ્રકટ પ્રેમ, સત્ય જાણજ્યો રહસ્ય એમ ॥૨૩॥
રીત જક્ત થકી ઘણી ન્યારી, મુક્તાનંદજીની ઘણી પ્યારી ॥
કરે કથા પરોક્ષની સોય, જ્ઞાન દિયે પ્રકટનું તોય ॥૨૪॥
સત્ય સિદ્ધાંતને સમજાવા, મુનિ કરે છે ચરિત્ર આવાં ॥
તેમાં રાખે ન કેદિ કચાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે જસાખાચર સત્સંગી થયાં એ નામે ત્રણસો ને સત્તાવીસમું પ્રકરણમ્ ॥૩૨૭॥

પ્રકરણ : ૩૨૮

પૂર્વછાયો :

મુક્તમુનિ મેથાણમાં, ઘણું રહ્યાં શ્રીહરિ સંગ ॥
તેની વાત વરણવું, સહુ સુણજો ધરી ઉમંગ ॥૧॥
જિયાં સતસંગ થાપિયો, મહામુનિએ અખંડ ॥
નરનારી તે ઠામના, થયાં નિશ્ચયમાંહિ પ્રચંડ ॥૨॥
નથી સમર્થ કહેવા કશું, શુભ ચરિતની જે ગાથ છે ॥
તોય હૈયે હોંશ ઘણી, મુજ માથે સ્વામીનો હાથ છે ॥૩॥

ચોપાઈ :

ભલા ભક્ત છે મેથાણ ગામ, દેવરામ ને ગોવિંદરામ ॥
ક્ષત્રિભક્ત પુંજોજી જાદવજી, જીજીબાઈ રહે પ્રભુ ભજી ॥૪॥
એહાદિ જન મેથાણમાંઈ, આહુ જામ રહે આનંદમાંઈ ॥
એક સમે મુક્તાનંદ સ્વામી, તિયાં પધારિયા નિષ્કામી ॥૫॥
નરનારી આવ્યાં સહુ સામા, સામૈયા સજાવી અભિરામા ॥
પછી ચાલ્યો નિત્યે સતસંગ, મુનિમુખે સ્રવે જાણે ગંગ ॥૬॥
સુણવા પુરના સહુ જન, આવી બેસે કરી શુદ્ધ મન ॥
એમાં આવ્યાં છે ગોવિંદરામ, કથા સાંભળવા અભિરામ ॥૭॥
રૂડી ચાલતી ત્યાં એમ વાત, બ્રહ્મચર્ય પાળ્યાની સાક્ષાત ॥
તે તો શ્રવણે સુણી ગોવિંદે, વળી સુણી સહુ જનવૃંદે ॥૮॥
ચઢ્યું ગોવિંદરામને તાન, રાખવું વ્રત મારે મહાન ॥
મર થાવું હોય તેહ થાય, પણ બ્રહ્મચર્ય ન તજાય ॥૯॥
કર્યું નક્કી તેણે શુભ મન, વીતવા લાગ્યા છે પછી દન ॥
તેની આવી છે જુવાની જોરે, ત્યારે તાતે વિચારિયું હોરે ॥૧૦॥
સદ્ય સુતનું પાણિગ્રહણ, હવે કરીએ સુખકરણ ॥
હળવદ તણાં અમરબાઈ, તેહ સંગે કરી છે સગાંઈ ॥૧૧॥
પછી આવ્યો જ્યારે શુભ દન, લખ્યાં લગ્ન બેઉના પ્રસન્ન ॥
આવી હળવદે રૂડી જાન, થયો વિવાહ પૂરણ નિદાન ॥૧૨॥
જાન વળતી જ્યારે મેથાણ, કોયે ખબર કીધી તે ટાણે ॥
મેથાણે મહારાજ સહિત, આવ્યાં છે મુક્તમુનિ અજિત ॥૧૩॥

INDEX

બોલ પડતા શ્રવણે તરત, વિધિ પતાવી વળિયા પરત ॥
આવી પહોંચિયા નિજગામ, બોલ્યા મુખથી ગોવિંદરામ ॥૧૪॥
મળશું મહારાજ ને મુક્તમુનિ, કેડ્યે લેશું સંભાળ સહુની ॥
કહી આવ્યાં દોય પ્રભુ પાસ, પડ્યાં પાયે અધિક હુલાસ ॥૧૫॥
તેને ઊભા કરી બહુનામ, પછી બોલિયા હસીને આમ ॥
શોભે જોડી તમારી મહાન, દીસો છો ભાઈબેન સમાન ॥૧૬॥
ત્યાં તો આશ્ચર્ય પામિયા જન, આ શું બોલે મુખે ભગવન ॥
નાનપણથી મેલ્યો સંસાર, તેથી રીત્ય ન જાણે લગાર ॥૧૭॥
પણ ગોવિંદરામને દલ, આવ્યો ઉમંગ અતિ અવલ ॥
રૂડાં આશિષ ગ્રહી સુપેર, બેઉ સધાવિયા નિજ ઘેર ॥૧૮॥
આવી આનંદે અમરબાઈ, કહે આજ થકી તું છો ભાઈ ॥
બ્રહ્મચર્ય પાળી સવિશેષ, ભાવે ભજશું શ્રી પરમેશ ॥૧૯॥
બોલ્યા ગોવિંદરામ તત્કાળ, આ તો દોડતા આવિયો ઢાળ ॥
હવે ફેર પડે નવ કાંઈ, મર શીશ જો સો વાર જાઈ ॥૨૦॥
ધન્ય ધન્ય તે ગોવિંદરામ, ધન્ય અમરબાઈ અકામ ॥
પાળ્યું આજીવન બ્રહ્મચર્ય, રાજી થયાં પ્રભુ તે ઉપર્ય ॥૨૧॥
તે તો સ્વામીનો સઘળો પ્રતાપ, નર થયાં નિષ્કામી અમાપ ॥
કરી નિર્મૂળ ઇન્દ્રિય ધારા, અવિદ્યા તણાં ત્રોડિયા ભારા ॥૨૨॥
હશે શ્રોતા સબીજ સાંભળી, લેશે વાત જથારથ કળી ॥
બળ પામશે દલમાં ઘણું, છાંડી જાશે તે કાયરપણું ॥૨૩॥
ધર્મ જ્ઞાન ને ભક્તિ વૈરાગ, પામશે દિન દિન અથાગ ॥
પણ હશે જે ઉલૂક અંધ, રહેશે મોક્ષ દ્વાર તેનાં બંધ ॥૨૪॥
કહી કહીને કેટલું કીધું, હવે તો સમજો કાંઈ સીધું ॥
નથી સંત વિના હવે આરો, કરે ઘનશ્યામપ્રકાશ નારો ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગોવિંદરામની દ્રઢતા કહી એ નામે ત્રણસો ને અઠ્ઠાવીસમું પ્રકરણમ્ ॥૩૨૮॥

પ્રકરણ : ૩૨૯

પૂર્વછાયો :

જેમ જવાસો જળ મળ્યે, જાય સમૂળો સુકાઈને ॥
કથા આ સાંભળતાં, દુષ્ટ જાશે દુઃખાઈને ॥૧॥
સર્વે શાસ્ત્ર મળી વળી, સાને સમજાવે ઘણું ॥
પણ દુરમતિ જન જે, અવળું કરે છે આપણું ॥૨॥
એવાં અભાગી જીવને, અરથે આ કથા નથી ॥
હરિજનનાં હિત અર્થે, પ્રેમે ચરિત્ર કહું કથી ॥૩॥

ચોપાઈ :

એક ભક્ત છે કાંકસ ગામ, ભજે સ્વામિનારાયણ નામ ॥
સંત જાણે સાચા પ્રભુ તણાં, સેવામાં ન રાખે કાંઈ મણાં ॥૪॥
તેનું નામ છે રૂડું સગાળ, સમરે આઠું જામ શ્રી ગોપાળ ॥
તિયાં મુક્તાનંદજી અમળ, આવ્યાં વિચરતાં સમંડળ ॥૫॥
દેખી ભક્તનો ભાવ અપાર, સ્વામી રોકાયા ત્યાં ધરી પ્યાર ॥
વાધ્યો એના જીવનો સત્સંગ, ચડ્યો ચિત્તે અતિ તેનો રંગ ॥૬॥
સ્વામી મળ્યે સમજયો સુજાણ, મળ્યાં પ્રભુ પ્રકટ પ્રમાણ ॥
એવી અંતરમાં ગાંઠ પાડી, ઉખડે નહિ કેની ઉખાડી ॥૭॥
પછી તેણે વિચારિયું ઉર, જાવું સ્વામી સંગાથે જરૂર ॥
હવે ન રહેવું સંસારે લેશ, કેડ્યે કહ્યું સ્વામીશ્રીને શેષ ॥૮॥
આજ થકી છાંડી ઘરબાર, કરું સંગ આપનો અપાર ॥
રહું વાર્યો ન કોઈનો જરી, મેલું સગાં સંબંધી પરહરિ ॥૯॥
ત્યારે સ્વામી કે' ભૂલ્ય મ ભાઈ, આંહિ રહેવું ન સહેલું કાંઈ ॥
નિજગૃહે વસે તવ નાર, રજા લિયો તેની નિરધાર ॥૧૦॥
ત્યાર કેડ્યે આવો મુજ સાથ, તેહ વિના ન આવો સંગાથ ॥
પછી ત્યાં થકી નિજ ભવન, ચાલ્યાં રજા લેવા પરસન ॥૧૧॥
હોંશે આવી ઘેર તતકાળ, નિજદારાને કહે સગાળ ॥
મુક્તાનંદ મહામુનિરાજ, જાઉં છું તે સંગે હું તો આજ ॥૧૨॥
માટે રજા દિયો દયા કરી, કહું એટલી અરજ મારી ॥
પણ બાઈ કુસંગિણી પાકી, રાખ્યું બોલ્યામાં ન કાંઈ બાકી ॥૧૩॥

INDEX

હાથમાં લઈ કોશ હુંકારે, તાડૂકી જેમ સિંહણ ડારે ॥
બેઠચ છાનમુનો ઘરમાંય, નામ લૈશ મ જાવાનું ક્યાંય ॥૧૪॥
કહે દારા શું દાટ્યું છે તારું, શીદ જાવું તારે પરબારું ॥
ફોગટ ફૂલ્યો ભગતડો તુંયે, આંહિ થાય ન ભજન શુંયે ॥૧૫॥
જાવું તું તારે જો સંત પાસ, પછી પરણ્યો શીદ હુલાસ ॥
હૈયે હોંશ તેદિ ન સમાતી, બહુ ભેળા કર્યા નિજ નાતી ॥૧૬॥
પછી આવિયો ફૂલેકે ચડી, ન વિચાર્યું તેદિ એકે ઘડી ॥
હવે રાખ્યાનું નવ પોષાણું, ગયું એળે બધું મુજ આણું[1] ॥૧૭॥
ધણીની બોલાવી એમ ઘાણી, પૂર્યો ઓરડે પકડી પાણિ ॥
ત્યારે કોયે દીધાં સમાચાર, મુક્તમુનિને જઈ નિરધાર ॥૧૮॥
સુણી દુઃખી થયાં સ્વામી મન, પછી બોલ્યા મુખથી વચન ॥
ભક્ત સગાળ તો એકાંતિક, પણ બાઈ ગૃહે નહિ ઠીક ॥૧૯॥
ન બેઠો તેનો મેળ જરાય, જાણી રાખવું તે મનમાંય ॥
ત્યાંથી ચાલ્યાં કહી એમ વાણ, સ્વામી મુક્તાનંદજી સુજાણ ॥૨૦॥
જેમ ભક્ત સગાળને ઘેર, હશે એમ અનેકને કેર ॥
હોય બે પડાળો સતસંગ, તો જ રહે ખરો તેનો રંગ ॥૨૧॥
જેમ ચક્ર શકટના દોય, દ્રઢ હોય તો દોડે તે સોય ॥
એકલે કર વાગે શું તાળી, જામે જુગલે તેહ સુખાળી ॥૨૨॥
તેમ સંસાર સાગર વિશે, રહ્યું રહસ્ય તેનું અતિશે ॥
હોય ગૃહમાં સત્સંગી નાર, વળી નર પોત્યે નિરધાર ॥૨૩॥
ત્યારે સુખ રહે ભરપૂર, તે વિના દુઃખ રહે જરૂર ॥
માટે પાકા થાવું બે પડાળે, જો ન જાવું સંકટની જાળે ॥૨૪॥
તોય બને નહિ જો એ વાત, તો પછી રહેજયો રળિયાત ॥
સમરો સ્નેહે અતિ અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સગાળ ભક્તને ગૃહસંકટ નડ્યું એ નામે ત્રણસો ને ઓગણત્રીસમું પ્રકરણમ્ ॥૩૨૯॥

---

૧. કરિયાવર

INDEX

પ્રકરણ : ૩૩૦

પૂર્વછાયો :

મુક્તમુનિ મહંતની, લીલા કહું કરી વહાલ ॥
નરત્રિયા સહુ નેહથી, રાખજયો ધરીને ખ્યાલ ॥૧॥
સાંભળતાં સુખ ઉપજે, ટળે મન તણાં વિકાર ॥
ત્રણ્ય પુરુષ પાવન કરે, જે કહે સુણે પૂછનાર ॥૨॥
વણ સેવે મહાસંતને, કોઈ પ્રાણી પૂરણકામ ॥
થયો નથી થાશે નહિ, એમ વદે શાસ્ત્ર તમામ ॥૩॥

ચોપાઈ :

એક સોની રણછોડ નામે, કરે વાસ લીંબડી મુકામે ॥
પાળે નિજ ધર્મ ને આચાર, કરે નિર્વાહ કાજે વ્યાપાર ॥૪॥
ભજે ચતુર્ભુજરૂપ ભાવે, બીજું દલમાં કેદિ ન લાવે ॥
તેણે સુણ્યાં સમાચાર કાન, લોયે રાજે છે કૃપાનિધાન ॥૫॥
થયો દર્શન કાજ આતુર, લોયા લીમડીથી નહિ દૂર ॥
લોયાધામે પણ ધર્મલાલ, વારે વારે આવે કરી વહાલ ॥૬॥
આવી હરિ કરે લીલા લેર, લોયાવાસી થાય મુદભેર ॥
સોની આવ્યો સુરાને ભવન, દ્રગે દીઠા પતિતપાવન ॥૭॥
દીઠા ચતુર્ભુજરૂપે શ્યામ, પૂરી હૈયા કેરી સહુ હામ ॥
તિયાં બેઠા ત્રવાડી ગોપાળ, તિયાં પૂછ્યું તેને તતકાળ ॥૮॥
હશે ચાર ભુજે ભગવાન, કે પછી દોય ભુજે નિદાન ॥
ત્યારે કહે ત્રવાડી વિશેષ, હરિ તો દ્વિભુજ હોય હંમેશ ॥૯॥
સુણી થયો સંશેવત સોની, સત્ય સમજવી વાત કોની ॥
પછી ગયો લીલાધરને ઘેર, સાંજ સમે આવ્યો વળી ફેર ॥૧૦॥
વળી નાથ દીઠા ચતુર્ભુજ, કાંઈ પડે નવ સૂઝબૂઝ ॥
વળતે દન આવ્યો તે ઠામ, પૂછ્યું પ્રભુજીને ધરી હામ ॥૧૧॥
ભુજ દોય કે આપને ચ્યાર, કહો તેનું ખરું કિરતાર ॥
અમે દ્વિભુજરૂપ સદાય, બોલ્યા આણી દયા હરિરાય ॥૧૨॥
પછી આજ્ઞા કરે અવિનાશ, આને તેડી જાઓ કોઈ દાસ ॥
મળશે મુક્તાનંદજીને જ્યારે, નિશ્ચય થાશે નિઃસંશય ત્યારે ॥૧૩॥

પછી તેડી ગયાં એને ત્યાંય, જિયાં બિરાજે શ્રી મુનિરાય ॥
પૂછ્યું મુનિએ કુશળક્ષેમ, તેણે કહ્યું દીઠું સુણ્યું જેમ ॥૧૪॥
મુનિ પામી ગયાં તેનું મન, પછી ઉચ્ચર્યા પ્રેમે વચન ॥
જેને તેને કેદિ સુખધામ, ભિન્ન રૂપ દેખાડે ન શ્યામ ॥૧૫॥
પણ દયા કરી દીનાનાથે, દર્શ દીધું તુંને ચાર હાથે ॥
તુંને ભક્તિતણું ફળ મળ્યું, પૂર્વજન્મ તણું પાપ બળ્યું ॥૧૬॥
થયો પૂરણકામ તું જન, પામી ચતુર્ભુજ તે દર્શન ॥
દીઠા અક્રૂરે તો ચતુર્ભુજ, કુંતાસુતે તો સહસ્ત્રભુજ ॥૧૭॥
અષ્ટભુજા દીઠા હશે કેણે, થયાં પૂર્ણકામ સહુ તેણે ॥
પણ દ્વિભુજ રૂપ સદાય, પ્રભુ વિરાજે છે સુખદાય ॥૧૮॥
જેમ રાજી થાય નિજજન, તેવું પ્રભુ દિયે દરશન ॥
કહે સરવે શાસ્ત્ર સુજાણ, પ્રભુ ભક્તવત્સલ પ્રમાણ ॥૧૯॥
ભક્તાધીન વરતે છે નાથ, અલ્પ મુખે શું ગાઉં હું ગાથ ॥
માટે ભાગ્યશાળી ભાઈ આપ, દ્રગે દીઠો તે પ્રૌઢ પ્રતાપ ॥૨૦॥
પામ્યો પ્રકટ શ્રી ભગવાન, જાણ્યા શ્રીહરિ સુખનિધાન ॥
સુણી વાતું એવી મુનિ તણી, સોની પામ્યો મને મુદ ઘણી ॥૨૧॥
પછી નિયમ ધરી થયો દાસ, લાવ્યા મુક્તમુનિ પ્રભુ પાસ ॥
તિયાં સોનીએ દીઠા દ્વિભુજ, દીનબંધુ શ્રી ભક્તિતનુજ ॥૨૨॥
કહે ધન્ય ધન્ય થયો આજ, પામી તમને શ્રી મહારાજ ॥
એવી કથા યથા ઈતિહાસ, કીધી વિચારજયો ઉર ખાસ ॥૨૩॥
કરે કોટિ તીરથ ને જપ, હાડ સુકવી આચરી તપ ॥
ભલે પ્રકટ પ્રભુજી મળે, તોય એથી શું જીવને વળે ॥૨૪॥
એ તો સેવે કોઈ મોટા સંત, ત્યારે થાય કૃપાવંત જંત ॥
પછી નિશ્ચે પામે અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રણછોડ સોનીને સત્સંગી કર્યા એ નામે ત્રણસો ને ત્રીસમું પ્રકરણમ્ ॥૩૩૦॥

INDEX

પ્રકરણ : ૩૩૧

પૂર્વછાયો :

વળી પરચાં વર્ણવી, હેતે ઘણું હરખાય ॥
ધન્ય ધન્ય એહ ભક્તને, જેની પ્રભુએ કરી સહાય ॥૧॥
કાજું કારિયાણી ગામમાં, ધનો ભક્ત કણબી કુળમાં ॥
રહે અહોનિશ મોજમાં, જેને પ્રીત સુંદરવરમાં ॥૨॥
જ્યારે તેનાં તનનો, આવિયો અંતકાળ ॥
ત્યારે તેને ઉગારવા, આવ્યાં કૃપા કરી મરાળ ॥૩॥

ચોપાઈ :

ભલો ભક્ત ભાવિક છે ધનો, જેને સંગ ન લાગ્યો જક્તનો ॥
ભજે ભાવે કરી ભગવાન, સમજે હરિને સામર્થીવાન ॥૪॥
કહે સ્વામી સહજાનંદ સત્ય, તેહ વિના તો બીજું અસત્ય ॥
એવી અંતરમાં ગાંઠ પાડી, ઉખડે નહિ કેની ઉખાડી ॥૫॥
પછી કારિયાણી કિરતાર, વસ્તાખાચરને દરબાર ॥
સખા સંગે લાવ્યા છે સમાજ, મોટા મુનિ લાવ્યા શિરતાજ ॥૬॥
તેહ સમે ધને લીધો જ્વર, પંડ તણી ન રહી ખબર ॥
એમ જાણ્યું જગદીશે જ્યારે, ગયાં મળવાને પ્રભુ ત્યારે ॥૭॥
સાથે મુનિ મુક્તાનંદ લીધાં, પછી ભક્ત તણે ઘેર સીધા ॥
સૂતો ફળિયે ઢોલિયો ઢાળી, ભાળી બોલિયા શ્રી વનમાળી ॥૮॥
ઘડી ચ્યાર છે આયુષ તેનું, પછી પંડ રેશે નહિ એનું ॥
કહી એટલું વળિયા વાલો, આવ્યાં મંદિરમાં મતવાલો ॥૯॥
જોરે જ્વર વાધ્યો અંગોઅંગ, શ્વાસ ચાલે નહિ કોઈ ઢંગ ॥
તન તપી થયું રક્તચોળ, કરે કુટુંબિયા કાગારોળ ॥૧૦॥
એમ વીતી ઘડી ત્રણ વાર, ત્યારે ધીર ખૂટી નિરધાર ॥
મામો બેચર ધનાનો દોડી, આવી નાથને કહે કરજોડી ॥૧૧॥
જાશે ધનાના પળમાં પ્રાણ, તેને દરશન દિયો સુજાણ ॥
આવો અંત સમે પ્રભુ આપ, જાય અક્ષરે આપ પ્રતાપ ॥૧૨॥
ત્યારે પ્રભુ કહે અમ વતી, દેવા દર્શન આવશે જતિ ॥
મહામુનિ મુક્તાનંદ સ્વામી, તેને તેડી જાઓ કરભામી ॥૧૩॥

બ્રહ્મમુનિને લઈ સંગાથે, દેશે નિર્વાણ તે નિજહાથે ॥
કહી મંગાવિયું રૂડું જળ, ભર્યું લોટામાંહિ નિરમળ ॥૧૪॥
જમણે ચરણે અંગુઠો જેહ, પ્રભુએ બોળ્યો જળમાં તેહ ॥
તેહ પ્રભુપ્રસાદીનું જળ, લઈ ચાલ્યા છે મુનિ તે પળ ॥૧૫॥
વધી વાંસે ઘડી એક જ્યારે, નાહી બેઠો ભોંય ધનો ત્યારે ॥
પંડે પહેરી અબોટ પ્રસન્ન, માંડ્યો ભજવા શ્રી ભગવન ॥૧૬॥
પાસે બેઠી છે ડોશિયું ચ્યાર, બોલે ધૂન્ય ને કરે પોકાર ॥
ત્યારે આવ્યાં મુક્તાનંદ સ્વામી, કહે ધનાને ન રહી ખામી ॥૧૭॥
ભાઈ તું છો મોટો ભાગ્યશાળી, ધામે જઈશ વજાડીને તાળી ॥
થયું સંપૂર્ણ કારજ તારું, ટળ્યું જગ કૂટણાનું લારું ॥૧૮॥
ધરો ધ્યાને શ્રી ધર્મકુમાર, ભૂલો ભાન તનનું આ વાર ॥
કહી એટલું આપિયું જળ, પ્રેમે પીધું ધનાએ તે પળ ॥૧૯॥
પછી વળિયા દોય મરાળ, ધના ભક્તની લઈ સંભાળ ॥
એમ પૂરી ઘડી થઈ ચ્યાર, બોલ્યો ધનો મુખે કરી પ્યાર ॥૨૦॥
અહો અહો મારા ધન્ય ભાગ્ય, પામ્યો ખરેખરો હું તો લાગ ॥
હું તો સધાવું અક્ષરધામ, સહુ સાંભળજો નરવામ ॥૨૧॥
એટલું કહીને મેલ્યો દેહ, ધામે સધાવિયો ભક્ત એહ ॥
આ તો અલૌકિક વાત બહુ, એમ કહે જન મળી સહુ ॥૨૨॥
પળે પળે કરે સ્વામી સહાય, નિત નિત સતસંગમાંય ॥
રીત્ય આજની અતિ અલેખે, પણ હોય ધીમંત તે દેખે ॥૨૩॥
અંત સમે દીઠા જેણે સંત, તેને તેડી જાશે ભગવંત ॥
સર્વ શાસ્ત્રમાં વાત સાંભળી, આજના જેવી ક્યાંઇ ન મળી ॥૨૪॥
મહામુનિનાં દર્શન થકી, જીવ જાય છે અક્ષર નક્કી ॥
એમાં સંદેહ નથી જરાય, મુખે ઘનશ્યામપ્રકાશ ગાય ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ધનાને ધામમાં તેડી ગયાં એ નામે ત્રણસો ને એકત્રીસમું પ્રકરણમ્ ॥૩૩૧॥

INDEX

પ્રકરણ : ૩૩૨

પૂર્વછાયો :

વાલો કરે વિધવિધના, અનુપ ચરિત્ર અકળ ॥
મોહે મૂરખ તેહમાં, પણ ભક્તને છે નિરમળ ॥૧॥
કળ બળ ને ચાતુરી, નર વાવરે અગણિત ॥
મર ને હોય મહિપતિ, તોય પાર ન પામે ખચિત ॥૨॥
સાચા સદ્‌ગુરુ ઓળખી, જીવ જડે તેહ સંગાથ ॥
પછી પાછો નવ પડે, મર ભીડે માયાને બાથ ॥૩॥

ચોપાઈ :

સૂધે સુણો પીપલાણું ગામ, રહે નરશી મહેતા શુભ નામ ॥
શિષ્ય સ્વામી રામાનંદ કેરો, જાણે મહિમા તેનો ઘણેરો ॥૪॥
તેને જાગી દર્શનની આશ, જાણ્યું કિયાં હશે અવિનાશ ॥
વાત જાણી મહેતાએ મગન, વસ્યા છે કરિયાણે ભગવન ॥૫॥
પછી સધાવિયા તેહ સ્થાન, મળવા મોહનવર નિદાન ॥
દેહાખાચરને દરબાર, હેતે વિરાજે જગદાધાર ॥૬॥
પ્રભુ બેઠા છપ્પર પલંગે, મહેતા નમ્યા ત્યાં આવી ઉમંગે ॥
રાજી કરવા શ્રી ઘનશ્યામ, સંગે લાવિયો દ્વિશત દામ ॥૭॥
નાથ આગે મેલ્યા તતકાળ, તે દેખી બોલ્યા દીનદયાળ ॥
વિપ્ર લાવ્યા છો શું વળી આજ, ત્યારે વિપ્ર કહે મહારાજ ॥૮॥
મળ્યાં સંત વળી ભગવાન, એવાં નથી બ્રહ્માંડે નિદાન ॥
તે સહુને જમાડવા કાજ, બસો રૂપૈયા લાવિયો આજ ॥૯॥
નિજ હાથે જમાડીને જન, કરો ત્રપ્ત તમે ભગવન ॥
ત્યારે મુખ બગાડી મોરાર, કહે વિપ્રને વાત ધરાર ॥૧૦॥
અમારે તો એવી આશ મન, કરું ભેળા શ્વપચ સો જન ॥
જમાડું તેને પાકી રસોઈ, કહો ઈચ્છા જો તમારી હોઈ ॥૧૧॥
ત્યારે વિપ્રે વિચારિયું ઘણું, દલમાંહિ લાવી દીનપણું ॥
જોડી હાથ ને બોલિયો એમ, હું જમાડું શ્વપચને કેમ ॥૧૨॥
મારે ભક્તિ ઉપાસના વાળા, સંત જમાડવા છે સુખાળા ॥
તેહ માટે વેઠી મહેનત, નાથ ભેળા કર્યા દોય શત ॥૧૩॥

INDEX

માટે વાવરું તે સંત કાજ, જમાડું શીદ શ્વપચ આજ ॥
સુણી ચડી શ્રીહરિને ખીજ, કહે રૂપૈયા લે તારા દ્વિજ ॥૧૪॥
લઈ પોટલું ભાગો તમારું, નહિ તો માનો વચન મારું ॥
સુણી નાથના વેણ નૃસિંહ, થયો ઘાંઘો ને ચડી છે રીંહ[1] ॥૧૫॥
પછી સધાવિયો તતકાળ, જોઈ રહ્યાં જન ને મરાળ ॥
હતાં મુક્તમુનિ પણ તિયા, એ તો આ ખેલને જોઈ રિયા ॥૧૬॥
પછી વિચારિયું મનમાંય, મહેતા ગુરુના શિષ્ય ગણાય ॥
અતિ સેવ્યા છે ભાવથી એણે, રામાનંદજીને મુજ વેણે ॥૧૭॥
હવે નહિ મળે કોઈ કહેનાર, તો થાશે ધૂળધાણી આ વાર ॥
એમ વિચારીને મુનિરાય, દ્વિજ પાસે ગયાં પોતે ધાય ॥૧૮॥
ઊભા રાખ્યા જઈ વદી વાણ્ય, દીસો દ્વિજ સુંદર સુજાણ ॥
ગુરુદેવને મનમાં ધારો, છો કોના શિષ્ય તેહ વિચારો ॥૧૯॥
કહ્યું'તું કરીને બહુ પ્યાર, આ છે સ્વયં જગદાધાર ॥
શ્રેષ્ઠ આ થકી નથી જ કોય, કેમ સંશે થયો તમને તોય ॥૨૦॥
જેમ નાથ રહે નિત્ય રાજી, કરતાં રહેવું આપણે હાજી ॥
જક્તમાં જન એવાં અનેક, સર્વ શાસ્ત્રનો મેલી વિવેક ॥૨૧॥
મનમુખી થૈ ચાલે હંમેશ, પછતાઈ પછી તે વિશેષ ॥
મન ચંચળ ધ્વજ સમાન, વળી વાનર સમ નિદાન ॥૨૨॥
નિત નિત ચઢે નવું તાન, નિજતનનું ભૂલાવે ભાન ॥
મન થકી ચળ્યા સંત સારા, મન થકી પડ્યાં ભક્ત પ્યારા ॥૨૩॥
કર્યો મનનો જો વિશવાસ, તેનો થયો નરકે નિવાસ ॥
એવું સ્વામીનું સુણી વચન, દ્વિજ પછતાયો ઘણું મન ॥૨૪॥
ભૂલ્યો ભૂલ્યો હું દયાળુ આજ, કરો માફ મુને મહારાજ ॥
એમ કહી કરે અરદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે નરસિંહ મહેતાને મનાવ્યા એ નામે ત્રણસો ને બત્રીસમું પ્રકરણમ્ ॥૩૩૨॥

---

૧. રીસ

INDEX

પ્રકરણ : 333

પૂર્વછાયો :

મન ચંચળ મહારથી, તેનો કરવો નહિ વિશવાસ ॥
જીત્યો ન દીઠો જક્તમાં, જેને રાખી મનની આશ ॥૧॥
ધાર્યું મનનું મેલતા, માન તૂટે બહુવાર ॥
પછી ન જૂટે જોડતાં, જોડ્યે રેણ રહે લગાર ॥૨॥
માટે વિવેકી જનને, જાણી હિતકારી હરિરાય ॥
માની વચન મહારાજનું, રહેવું સંશે રહિત સદાય ॥૩॥

ચોપાઈ :

મોદ લાવી મહામુનિ બહુ, વાત મહેતાને શીખવે સહુ ॥
માંગી ક્ષમા રાજી પ્રભુ કરો, નિજ હઠ હવે પરહરો ॥૪॥
એટલું માનો વચન મારું, ગ્રહો શરણ હરિનું પ્યારુ ॥
પછી વિપ્રને વાત મનાણી, ખરી સ્વામીની મરજી જાણી ॥૫॥
પછી શીઘ્ર ગયાં પ્રભુ પાસ, લળી લળી વિનવે છે દાસ ॥
લિયો રૂપૈયા રાજીવનેણ, કરવું ઘટે કરો સુખદેણ ॥૬॥
એમ કહી મેલ્યા શત દોય, દામ દયાળની આગે સોય ॥
ત્યારે વળી બોલ્યા મહારાજ, દ્વિજ આવ્યાં ફરી તમે યાંજ ॥૭॥
સંગે લાવિયા દ્વિશત દામ, ખાશે શ્વપચ આથી તમામ ॥
ત્યારે ભક્ત કહે ભગવાન, સદા આપે સ્વતંત્ર મહાન ॥૮॥
જેમ મરજી આપની કહાવે, કરો એમ ભૂધરજી ભાવે ॥
સુણી વિપ્ર કેરી દીન વાણ્ય, સ્વામી સામું જુવે છે સુજાણ ॥૯॥
આ છે મુક્તમુનિ કેરુ કામ, કીધો કૃપાએ વિપ્ર નિષ્કામ ॥
થયાં રાજી ઘણું હરિરાય, ધન્ય ધન્ય મહામુનિરાય ॥૧૦॥
એવાં જન અનેક ઉગારી, સંશયમુક્ત કર્યાં બહુવારી ॥
કહું સંક્ષેપમાં બીજી વાત, સહુ સાંભળજો રળિયાત ॥૧૧॥
એક સમામાંહિ નિરધાર, વર્તું કરાવે વિશ્વવિહાર ॥
ઘણો મોદ વાળંદને મન, અહોભાગી થૈ કરે મુંડન ॥૧૨॥
તિયાં લીલા કરી અવિનાશે, ભલભલાને ભૂંડી તે ભાસે ॥
અરધી હજામતે હરિરાઈ, કહે લાવો જમવાનું આંઈ ॥૧૩॥

પછી રૂડો મંગાવીને થાળ, સુખે જમે છે દીનદયાળ ॥
એહ સમે આવ્યો એક જન, સતસંગી થવાને મગન ॥૧૪॥
તેણે દીઠાં હજામતે નાથ, અરધું વતું રહ્યું હજી માથ ॥
વળી જમતા જોયા ભગવન, પછી હાથ રહ્યું નહિ મન ॥૧૫॥
કહે હોય શું આ ભગવાન, જેને જમવાનું નહિ ભાન ॥
જેને લાજ રહી નહિ લેશ, કેમ કહેવા તેને પરમેશ ॥૧૬॥
તે તો જાણિયું પ્રભુએ જયારે, દાસ તેડાવીને કહ્યું ત્યારે ॥
તેડી જાઓ આ જનને યાંથી, થશે શુદ્ધ સ્વામી મળવાથી ॥૧૭॥
પછી લાવ્યા મુક્તમુનિ પાસે, કીધી વાત મુનિએ હુલાસે ॥
મિથ્યા ગ્રંથિ તેની સહુ ભાંગી, જન થયો પ્રભુપદ રાગી ॥૧૮॥
વળી ગોંડલનો હઠીભાઈ, રહેતો મૂરતિએ મસતાઈ ॥
સંગ પામી મહામુનિ કેરો, વાધ્યો સત્સંગ તેનો ઘણેરો ॥૧૯॥
થયો એવાંમાંહિ જૂઠો સંગ, ભાંગ્યો ભક્તિમાં એનો ઉમંગ ॥
સતસંગ મૂક્યો જઈ નેવે, અહોનિશ કુસંગમાં રહેવે ॥૨૦॥
તેને વીતી ગયાં વર્ષ બાર, ત્યારે વિચરતા કોઈ વાર ॥
ભેટો થયો મહામુનિ તણો, ત્યારે મોદ પામ્યો મન ઘણો ॥૨૧॥
જીવ જડેલો સ્વામી સંગાથ, મુનિ માન્યા'તાં મોટી મિરાંથ ॥
તેથી વાર ન લાગી લગાર, કુલક્ષણ મેલ્યા તેહ વાર ॥૨૨॥
પછી થયા પ્રભુમાં મસ્તાન, ઠર્યા ભક્ત હરિના મહાન ॥
આવી અંગમાં ખરી ખુમારી, નવ ઉતરી કેની ઉતારી ॥૨૩॥
માટે મુક્તમુનિને મળેલો, મર થાય લોકે બહુ ઘેલો ॥
પણ અંતે જાશે બ્રહ્મમોલ, એવો દીધો છે દયાળે કોલ ॥૨૪॥
રહ્યો મોક્ષમગ નથી કાચો, હવે મુક્તાનંદમાંહિ રાચો ॥
તો થાશે નક્કી અક્ષરે વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ભક્તોના સંશય દૂર કર્યાં એ નામે ત્રણસો ને તેત્રીસમું પ્રકરણમ્ ॥૩૩૩॥

પ્રકરણ : ૩૩૪

પૂર્વછાયો :

એક સમે ગઢપુરમાં, આવ્યા વરતાલના સહુ જન ॥
દર્શન કરી દયાળના, થયા મનમાંહિ પ્રસન્ન ॥૧॥
પછી કહ્યું નાથને, કરી પ્રાર્થના તે વાર ॥
વડું મંદિર વરતાલમાં, બાંધો બહુનામી કરી પ્યાર ॥૨॥
જાગ્ય જોઈએ જેટલી, તે દેશું કરી અર્પણ ॥
મંદિર થાતા પુરમાં, થાશે સુખી ચારે વર્ણ ॥૩॥

ચોપાઈ :

સુણી આગન્યા આપી છે નાથે, કરશું મંદિર અમારે હાથે ॥
રૂડા પધરાવી એમાં દેવ, કરશું ચાલતી સુંદર સેવ ॥૪॥
રહેજ્યો નચિંત સરવે જન, અમે દીધું તમને વચન ॥
એમ કહીને કીધી તૈયારી, રૂડુ મંદિર કરવા ભારી ॥૫॥
મેલ્યા આગેથી નાથે મરાળ, તે વરતાલ ગયા તતકાળ ॥
પાકા પાયા નખાવી તે ઠામ, માંડ્યું મોટા મંદિરનું કામ ॥૬॥
પછી પ્રભુ ગયા વરતાલ, સહુ જનને કરવા ન્યાલ ॥
ચલાવ્યું કામ મંદિર તણું, પાસે રહીને પ્રભુજીએ ઘણું ॥૭॥
ઈંટવાડે જઈ સહુ સાથે, માવો લેતા ઈંટો નિજ માથે ॥
વળી ચાલે મૂરતિનું કામ, તિયાં જોવા જાતા ઘનશ્યામ ॥૮॥
પછી અક્ષરાનંદ મરાળ, કહે સુણોને દીનદયાળ ॥
મૂર્તિ લક્ષ્મીનારાયણની જેહ, શોધ્યે મૂર્તિ મળી નહિ તેહ ॥૯॥
માટે તેનું કરો કાંઈ કામ, કરજોડી કહું ઘનશ્યામ ॥
સુણી બોલિયા શ્રી બહુનામી, તમે નચિંત રહો ઘણું સ્વામી ॥૧૦॥
મૂર્તિઓ મહાદૈવતવાળી, રમાનાથ રમાની રૂપાળી ॥
તે રહી છે વડોદરામાંય, માટે સંતને મોકલો ત્યાંય ॥૧૧॥
સુણી શ્યામના એવા ઉચ્ચાર, મન હરખ્યા સહુના અપાર ॥
ત્યારે બોલ્યા મુનિ મુક્તાનંદ, સુણો દયાનિધિ સુખકંદ ॥૧૨॥
મૂર્તિ લેવા જઈશ હું હોરે, કરશો ચિંતા નહિ એની કોરે ॥
વળી થયા મુનિ નિત્યાનંદ, સંગે જાવા તૈયાર સ્વચ્છંદ ॥૧૩॥

પછી બોલિયા શ્રીહરિરાય, તમે જાજ્યો વડોદરામાંય ॥
મૂર્તિ મારી સંભારજો ઉર, તેથી મળશે ત્યાં મૂર્તિ જરૂર ॥૧૪॥
એમ આગન્યા દિયે દયાળ, સુણી સંત ચાલ્યા તતકાળ ॥
પછી પ્રભુએ વરતાલમાંય, રૂડી રામનવમી કરી ત્યાંય ॥૧૫॥
સમૈયો કરીને ઘનશ્યામ, ગયા ગિરધર ગઢડે ગામ ॥
એક વણિક વટપુરમાંય, અમીચંદ નામે રહે જ્યાંય ॥૧૬॥
તેને ઘેર પધારિયા સંત, દેખી વણિક થયો ભાગ્યવંત ॥
મળી મૂર્તિયું તેને ભુવન, તે દેખી થયા સંત પ્રસન્ન ॥૧૭॥
પછી લક્ષ્મીનારાયણ કેરી, મનમોહક મૂર્તિ અનેરી ॥
ગાડુ મંગાવી સાથમાં લીધી, ગઢડે જાવા તૈયારી કીધી ॥૧૮॥
ત્યાંથી ચાલિયા દોય મરાળ, આવ્યા બોચાસણે તતકાળ ॥
તિયાં મેઘ વુઠો અનરાધાર, ચાલતા લાગી છે બહુ વાર ॥૧૯॥
માટે મૂર્તિ મૂકી તેહ દન, ભક્ત કાશીદાસને ભુવન ॥
ત્યાંથી આવ્યા છે ગઢડે સંત, મળ્યા અવિનાશીને અત્યંત ॥૨૦॥
હતી વટપુરની જે વાત, તે કહી છે પ્રભુને સાક્ષાત ॥
કહે સાંભળો હે સુખકારી, શ્વેત મૂરતિયું બહું રૂપાળી ॥૨૧॥
લાવવી'તી તે ગઢડા ભણી, પણ આવી ઉપાધિ ત્યાં ઘણી ॥
વુઠો મેઘ બહુ વાટમાંય, તેથી રાખી બોચાસણમાંય ॥૨૨॥
તમને ગમે એમ કરો શ્યામ, મનમોહન મહાસુખધામ ॥
તેહ સુણી બોલ્યા ધર્મલાલ, એ મૂરતિયું રહેશે વરતાલ ॥૨૩॥
જાશું પ્રતિષ્ઠા કરવા જ્યારે, તે મૂર્તિ પધરાવશું ત્યારે ॥
હમણાં તો આંહિ રહો પ્રસન્ન, કરો સુખે હરિનું ભજન ॥૨૪॥
પછી સહુ રહ્યાં ગઢપુર, માની નાથનું વેણ જરૂર ॥
પ્રબોધિની રહી નહિ દૂર, ઘનશ્યામપ્રકાશ જરૂર ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળ સેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે લક્ષ્મીનારાયણની મૂર્તિ લેવા માટે વડોદરા ગયા એ નામે ત્રણસો ને ચોત્રીસમું પ્રકરણમ્ ॥૩૩૪॥

પ્રકરણ : ૩૩૫

પૂર્વછાયો :

વળી અઢારસો એંશીને, વર્ષ વીત્યું ઉપર્ય એક ॥
ગઢપુરે અલબેલડે, અન્નકૂટ કીધો વિશેક ॥૧॥
એટલી લીલા ત્યાં કરી, સહુ જનને જણાવિયું ॥
જાવું અમારે વ્રતપુરી, મંદિર રૂડું રચાવિયું ॥૨॥
દન હવે દૂર નહિ, આવી પ્રબોધિની અનુપ ॥
મારા પ્રકટ સ્વરૂપની, થાપું મૂરતિયું સુખરૂપ ॥૩॥

ચોપાઈ :

એમ આગન્યા દીધી છે વાલે, તેહ માની મગન મરાલે ॥
રાખ્યા સંત પાસે સુખ દઈને, શ્રાવણ વદિ ચતુરથી લઈને ॥૪॥
એમ રાખી સંતની મંડળી, કાર્તિક સુદ બીજ લગે વળી ॥
ચાલ્યાં તિયાં થકી સુખકારી, આવ્યાં બોટાદમાંહિ મોરારી ॥૫॥
રહી રાત્ય એક એહ ઠામ, ચાલ્યાં તિયાં થકી ઘનશ્યામ ॥
આવ્યાં સુંદરિયાણે શ્રીનાથ, જમ્યા જીવન જન સંગાથ ॥૬॥
પછી જસકે જગજીવને, જઈ દરશન દીધાં જનને ॥
ત્યાંથી રોજકે જન રીઝાવી, રહ્યાં રસિયો ઉમંગ લાવી ॥૭॥
ત્યાંથી પચ્છમ પ્રભુ પધાર્યા, જનને મન મોદ વધાર્યા ॥
સંત ભક્તનો સંઘ વિશાળ, ચાલે શ્રીહરિ સંગે રસાળ ॥૮॥
પછી નાથ ગયાં કમિયાળા, જઈ જનનાં વિરહ ટાળ્યા ॥
મુક્તાનંદ મુનિ સહુ સંત, પ્રભુ વાંસે રહ્યાં છે અત્યંત ॥૯॥
ચાલતા ચાલતા વાટમાંય, મહામુનિ ઘણું હરખાય ॥
કરે વાલાની વાત મહાન, સુણી ઉપજે અંતરજ્ઞાન ॥૧૦॥
સાંભળી સ્વામીશ્રી તણી વાત, સહુ જન થાય રળિયાત ॥
એકમેકથી દોડે આગળે, લેવા લાભ તે મુનિ પાસળે ॥૧૧॥
રસબસ થયાં સંઘવાસી, તન થાક ગાયો સહુ નાસી ॥
એમ આવતાં જન મરાળુ, દૂર રહ્યું નહિ કમિયાળું ॥૧૨॥
ત્યારે આવ્યાં ગાંફ ગામ થકી, સોની ભક્ત હિમાભાઈ નક્કી ॥
પ્રીત્યે મળવા ઘણું મરાળ, તેને ભાવ ઉરમાં વિશાળ ॥૧૩॥

INDEX

જોઈ સ્વામીને આવિયો જોશ, હિમાભાઈને હૈયે છે હોંશ ॥
મળી મુક્તાનંદ મુનિરાયા, તે તો ભાવ સહિત હરખાયા ॥૧૪॥
કીધાં લળી લળીને પ્રણામ, મન મોદ પામ્યા અભિરામ ॥
પછી ભક્ત બોલ્યા એમ સોય, ભાળી સ્વામીને ચાલતા ભોંય ॥૧૫॥
આપ જેવા મહામુનિરાજ, સર્વે સદ્‌ગુરુ શિરતાજ ॥
ચાલી વિચરો દેશપ્રદેશ, જીવને પમાડો પરમેશ ॥૧૬॥
સુણો અરજ દાસની એમ, કરજો કરવું ઘટે પછી જેમ ॥
આણી ઘોડી મેં સોજી સુંવાળી, પંડે પળોટી ને બહુ પાળી ॥૧૭॥
વિનંતી સ્વીકારી મુદભર, કરી કૃપા બેસો ઘોડી પર ॥
સુણી બોલિયા સ્વામી વચન, નથી બેઠા અમે કોઈ દન ॥૧૮॥
વળી અભ્યાસ નથી અમારે, બેસી ઘોડી ફરવા લગારે ॥
માટે વિઘ્ન કરો નહિ વાતે, જન સાંભળે જે રળિયાતે ॥૧૯॥
હિમાભાઈ સુણી તેહવાર, માંડ્યા રુદન કરવા અપાર ॥
શોક વ્યાપ્યો હૃદામાંહિ બહુ, તે તો જાણ્યો મરાળુએ સહુ ॥૨૦॥
દેખી દુઃખ હિમાભાઈ તણું, પછી સંત સમજાવે ઘણું ॥
આણી દયા સ્વામી દલમાંહિ, બેસો ઘોડી પર થોડુ આંહિ ॥૨૧॥
નહિ બેસો જો પ્રીત્યે દયાળ, વધુ થાશે વિલાપ તત્કાળ ॥
માટે રાખવા જનનું કે'ણ, સુખે બેસો સ્વામી સુખદેણ ॥૨૨॥
ત્યારે સ્વામીએ કર્યો વિચાર, સંત વચન શ્રેષ્ઠ અપાર ॥
તેને મગન થઈ જો માને, કેડ્યે દુઃખ રહે પછી શાને ॥૨૩॥
મર પડે જો પંડ આ દન, નવ ઉથાપું સંત વચન ॥
એમ અધિક માની મરાળ, રાખ્યું વેણ એનું તતકાળ ॥૨૪॥
કોડ પૂરવા જનના સહુ, મન મોદ પામી મુનિ બહુ ॥
પૂરી કરી છે ભક્તની આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ અશ્વ પર બેઠા એ નામે ત્રણસો ને પાંત્રીસમું પ્રકરણમ્ ॥૩૩૫॥

પ્રકરણ : ૩૩૬

પૂર્વછાયો :

સુખ ઘણું સંત વચને, પાળજો તે નિદાન ॥
વચન લોપી સુખ લેવું, મહામોટું તે અજ્ઞાન ॥૧॥
શૂળી ચડાવા તનનું, દુઃખ રહ્યું જેના ભાગ્યમાં ॥
કાંટે મટે તે પળમાં, એવું સુખ સંત વચનમાં ॥૨॥
માટે દુઃખ દેખો ઘણું, ભલે વચનમાંહિ અપાર ॥
પણ પાળજો પ્રીત્યથી, તો સુખ છે અપરમપાર ॥૩॥

ચોપાઈ :

ભૂત ભવિષ્ય ને વર્તમાન રે, દેખે તેને સાક્ષાત નિદાન રે ॥
મુક્તાનંદજીએ માન્યું ઠીક રે, સંત વચન સરવે અધિક રે ॥૪॥
વિઘ્ન આવે જે આગે નઠારું રે, મુનિ જાણતા તેહ સુચારુ રે ॥
તોય માની મરાળ વચન રે, ચડ્યા ઘોડીએ સ્વામી તે દન રે ॥૫॥
ઝાલી કરમાં તાણી લગામ રે, કેવા શોભે સ્વામી સુખધામ રે ॥
ચાલે ઘોડી રૂપાળી ભૂમિએ રે, જોઈ જન સહુ સુખ લિયે રે ॥૬॥
હિમાભાઈ રહ્યાં હરખાય રે, મનોરથ પૂરો થયો ત્યાંય રે ॥
પણ વ્યાપિયું વિઘ્ન તે કાળ રે, આવ્યો કાળ જાણે તતકાળ રે ॥૭॥
ધીમી દોડતી ઘોડી અનુપ રે, માથે બેઠા સ્વામી સુખરૂપ રે ॥
ખૂંત્યો ખાડામાંહિ પગ એક રે, એથી ઘોડી નમી ત્યાં વિશેક રે ॥૮॥
મુક્તમુનિએ તો કરમાંઈ રે, જોરે પકડેલું નવ કાંઈ રે ॥
તેથી તન રહ્યું નહિ સ્થિર રે, પડ્યાં પૃથ્વી પર મહાધીર રે ॥૯॥
કર મહામુનિનો જમણો રે, કાંડા થકી મરડાયો ઘણો રે ॥
દીઠું સંતજન સઘળે રે, દોડી આવિયાં મુનિ આગળે રે ॥૧૦॥
હળવે હાથ ઝાલીને મરાળ રે, રાખ્યો જોળીમાંહિ તતકાળ રે ॥
અર્ધકોશે રહ્યું કમિયાળા રે, ચાલ્યાં સંત પછી પગપાળા રે ॥૧૧॥
આવી કમિયાળે સંઘવાસી રે, રહ્યાં મંદિરમાંય ઉદાસી રે ॥
વાલો વિરાજતા એહ ઠામ રે, કીધાં ખબર ત્યાં કરભામ રે ॥૧૨॥
સંત બોલિયા સાંભળો નાથ રે, મુક્તાનંદજીનો ભાંગ્યો હાથ રે ॥
સુણી શ્રીજી શોકાતુર થઈ રે, મળ્યાં મહામુનિ પાસે જઈ રે ॥૧૩॥

ભાળી ભાંગેલો સ્વામીનો હાથ રે, નાથને હૈયું રહ્યું ન સાથ રે ॥
હુવા ઉદાસી અંતરમાંહિ રે, પછી વેણ બોલ્યા એમ ત્યાંહિ રે ॥૧૪॥
જેણે દુભવિયા એહ મુનિ રે, થાશે દુર્ગતિ એહ જીવની રે ॥
થાશે અવનિએ ઉતપાત રે, મિથ્યા થાય ન કેદિ એ વાત રે ॥૧૫॥
દુઃખી કરે નહિ કોઈ જંત રે, કીટ તુલ્ય જો હોય અત્યંત રે ॥
એવાં મુક્તમુનિ સુખકારી રે, સર્વે જીવ તણાં હિતકારી રે ॥૧૬॥
રૂડાં રંગમાંહિ પડ્યો ભંગ રે, હવે રહ્યો ન કાંઇ ઉમંગ રે ॥
વળી બોલે આણીને ઉચાટ રે, કરવો નહિ સમૈયો વિરાટ રે ॥૧૭॥
ત્યારે બોલ્યા મુક્તાનંદ સ્વામી રે, જન વાટ જુવે બહુનામી રે ॥
તેહ કાજે સમૈયો સુંદર રે, બંધ રાખવો નહિ ભૂધર રે ॥૧૮॥
સુખે રહેશું અમે કમિયાળે રે, આપ સર્વે સધાવો મરાળે રે ॥
કરી સમૈયો આવશો જયારે રે, સહુ ગઢડે વળશું ત્યારે રે ॥૧૯॥
સુણી બોલિયા શ્રીહરિ મુખ રે, સ્વામી વિના રહ્યું નહિ સુખ રે ॥
થાશે સમૈયો જે વરતાલે રે, જાણે લાગશે થયો છે ઠાલે રે ॥૨૦॥
રસ રહ્યો નહિ હવે લેશ રે, મુક્તમુનિ વિણ વિશેષ રે ॥
એમ આણી ઉદાસી અપાર રે, કરે શોક પ્રભુ બહુવાર રે ॥૨૧॥
પછી વૈદ વણાર તેડાવ્યો રે, પાટો સ્વામીને હાથ બંધાવ્યો રે ॥
ચ્યાર પાળા પંદર મરાળ રે, મેલ્યા સેવામાંહિ તતકાળ રે ॥૨૨॥
પછી સ્વામીને પ્રીત્યે જમાડી રે, વાલો થાળ જમ્યા તેહ દાડી રે ॥
સંગે જમાડિયા સંત જન રે, તિયાં રહ્યાં પ્રભુ દોય દન રે ॥૨૩॥
પછી આગન્યા આપી દયાળે રે, મુનિ મુક્તાનંદજી કૃપાળે રે ॥
હવે જાઓ પ્રભુ વરતાલ રે, કરો જનને જઈ નિહાલ રે ॥૨૪॥
નથી કષ્ટ હવે કરમાંય રે, સુખે સિધાવો મોહનરાય રે ॥
પછી ચાલ્યાં ત્યાંથી સંઘ સાથ રે, ઘનશ્યામપ્રકાશનો નાથ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ અશ્વ પરથી પડ્યાં એ નામે ત્રણસો ને છત્રીસમું પ્રકરણમ્ ॥૩૩૬॥

INDEX

પ્રકરણ : ૩૩૭

પૂર્વછાયો :

હવે લીલા વરતાલની, કહું ઉત્સવની અનુપ ॥
પોતે પ્રભુજી પધારિયા, શ્યામળિયો સુખરૂપ ॥૧॥
સુંદર સમૈયો આવિયો, થાપવા મૂર્તિ રસાળ ॥
નરનારી સંઘે મળી, સહુ આવે છે વરતાલ ॥૨॥
આવ્યો દન દ્વાદશીએ, સુદ કાર્તિકે જરૂર ॥
નવ શિખર મંદિરની, શોભા રચી ભરપૂર ॥૩॥

ચોપાઈ :

વિપ્ર વેદિયા ઉમરેઠ કેરા, આવ્યાં વેદ વિધિએ ઘણેરા ॥
હરિભાઈ વિષ્ણુદત્ત આદિ, લક્ષ્મીરામ જેવા મરજાદી ॥૪॥
તેને આદરી તૈયારી જયાંય, આવિયાં જગજીવન ત્યાંય ॥
કરજો વિધિ પ્રતિષ્ઠાની પૂરી, નવ રાખજયો લેશ અધૂરી ॥૫॥
થાશે પૂન્યમ પૂરણ જયારે, આંહિ થકી સધાવશું ત્યારે ॥
નહિ રહીએ પછી અમે પળ, સત્ય વાત એટલી અકળ ॥૬॥
સર્વે સતસંગ ભૂષણરૂપ, મુક્તમુનિ મહાસુખરૂપ ॥
છાંડી આવ્યાં છૈયે કમિયાળે, કૈંક રાખી સંગમાં મરાળે ॥૭॥
નો'તું આવ્યાંનું આંહિ અમારે, મેલી મુક્તાનંદને આ વારે ॥
પણ આપી છે આગન્યા પ્રીત્યે, તેથી આવ્યાં અમે ભલી રીત્યે ॥૮॥
ભક્ત ઉપર ભાવ અપાર, મુનિને દલમાં નિરધાર ॥
એમ વાત કરી અવિનાશે, સુણી હેતે અતિ સહુ દાસે ॥૯॥
પછી વિધિ કરે વિપ્ર જન, પધરાવ્યા પ્રભુ શુભ દન ॥
લક્ષ્મીનારાયણ મધ્યમાંય, ધર્મભક્તિ ઉત્તર દિશાય ॥૧૦॥
રાધાકૃષ્ણ ને નિજ સ્વરૂપ, થાપ્યું દક્ષિણમાંહિ અનુપ ॥
તિયો વરત્યો છે જયજયકાર, ધન્ય ધન્ય બોલે નરનાર ॥૧૧॥
પછી જમાડિયા વિપ્ર જન, આપ્યા મનવાંછિત ભોજન ॥
દીધી દક્ષિણા વસ્ત્ર રૂપૈયા, તેણે વિપ્ર રાજી મન થયાં ॥૧૨॥
પણ નાથ હૃદે રહે શોક, તેને જાણી શકે જન કોક ॥
નિત નિત સંભારે શ્રીહરિ, મુક્તાનંદજીને હેત કરી ॥૧૩॥

INDEX

વળી જન જે આવે સમૈયે, સહુ સ્વામી સંભારે હૃદયે ॥
સુણી સ્વામી કેરા સમાચાર, જન દુઃખી થાય છે અપાર ॥૧૪॥
પછી સમૈયો પૂરણ કીધો, જને લાવ તેનો ઘણો લીધો ॥
પણ મહામુનિ વિણ લેશ, રસ જણાયો નહિ વિશેષ ॥૧૫॥
ત્યાંથી વસો ગયાં વનમાળી, રહ્યાં જનનો ભાવ નિહાળી ॥
આવ્યાં વટામણે અવિનાશી, દૂર કીધી જનની ઉદાસી ॥૧૬॥
ઘણું વિચરતાં ઘનશ્યામ, આવ્યાં કમિયાળે સુખધામ ॥
રહ્યાં સિંસા વણારને ઘેર, મુક્તમુનિ મળ્યાં મુદભેર ॥૧૭॥
સામા ચાલી દેવા દરશન, આવ્યાં મુનિ પાસે ભગવન ॥
પૂછે પ્રભુ હવે હાથમાંય, કેવું દીસે મહામુનિરાય ॥૧૮॥
ત્યારે કહ્યાં સ્વામીએ કુશળ, નથી કષ્ટ વિશેષ આ પળ ॥
પછી પ્રતિષ્ઠાની સહુ વાત, સંભળાવે પ્રભુ રળિયાત ॥૧૯॥
થયો સમૈયો પૂરણ પ્રીત્યે, કીધું સઘળું વિધિ સહિત્યે ॥
પછી પલંગ કરાવ્યો તૈયાર, રૂડાં ભક્ત બોલાવિયા બાર ॥૨૦॥
સુવરાવ્યા સ્વામીને પલંગે, બાર જણે ઉપાડ્યો ઉમંગે ॥
તિયાં થકી ચાલ્યાં તેહ જન, ચાલ્યાં મોહન સંગે મગન ॥૨૧॥
આવ્યાં મલકા તળાવ મોઝાર, કર્યું ટીમણ સહુએ નિર્ધાર ॥
રૂડો શીરો કર્યો સ્વામી કાજે, પછી જમાડિયા હેત ઝાઝે ॥૨૨॥
ત્યાંથી ખરડ ઝીંઝર નાથ, આવ્યાં કુંડળ સંઘ સંગાથ ॥
અમરા પટગર અતિ હુલાસી, પામી પૂરણ તેની ઉદાસી ॥૨૩॥
મુક્તમુનિ ઉપર્ય અનંત, એહને તો હેત છે અત્યંત ॥
શીરા પૂરી કરાવી તતકાળ, ઘણું હેતે જમાડ્યા મરાળ ॥૨૪॥
પછી ચાલ્યાં પ્રભુ મુનિ સંગે, કારિયાણીએ આવ્યાં ઉમંગે ॥
ત્યાંથી ગઢડે ગયાં અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે વરતાલમાં પ્રતિષ્ઠા કરી એ નામે ત્રણસો ને સાડત્રીસમું પ્રકરણમ્ ॥૩૩૭॥

પ્રકરણ : ૩૩૮

પૂર્વછાયો :

ત્યાર પછી જે જે થયું, સહુ સાંભળજ્યો ધરી વહાલ ॥
પ્રભુ પધાર્યા ગઢડે, લીલા કરી વરતાલ ॥૧॥
જન મળી પાય લાગિયા, સહુ થયાં સનાથ ॥
હાથ જોડી હરખી કહે, આપ અમારી મિરાંથ ॥૨॥
રાજી ઘણું અલબેલડો, દેખી દાસ તણી સહુ રીત્ય ॥
પછી પ્રીત્યે બોલિયા, સહુ જન સુણો ખચિત ॥૩॥

ચોપાઈ :

મુક્તાનંદ મુનિ ગુરુદેવ રે, તેની કરવી રૂડી મારે સેવ રે ॥
ઘણું જખમી છે કરમાંય રે, કરશું તેહનો કાંઈ ઉપાય રે ॥૪॥
મુને રહેવા તણું શુભ ઠામ રે, અક્ષર ઓરડી જે અભિરામ રે ॥
તિયાં જગ્યા કરો હવે આજ રે, તિયાં રહેશે હવે મુનિરાજ રે ॥૫॥
રહેશું અમે તો અવર સ્થાન રે, તેની ચિંતા નહિ નિદાન રે ॥
એમ કહીને સેવક સાથે રે, દીધો ઉતારો નટવર નાથે રે ॥૬॥
રાખ્યો પલંગ ઓરડીમાંય રે, રાખ્યા સ્વામી પ્રીત્યે સુખદાય રે ॥
દસ બાર વેળા દન વિશે રે, દીનાનાથ મળતા અતિશે રે ॥૭॥
સેવક સ્વામી કેરા જે કહાવે રે, તેને શીખવે શ્રીહરિ ભાવે રે ॥
એમ બે માસ લગી દયાળ રે, રાખી મુક્તમુનિની સંભાળ રે ॥૮॥
જન આવે ગઢડા મોઝાર રે, મળતા મુનિને હેતે અપાર રે ॥
પછી કહેતાં ઘણું કરભામી રે, જે જે જોઈએ તે કહેજ્યો સ્વામી રે ॥૯॥
એમ વીત્યા તિયાં બહુ દન રે, પછી બોલ્યા પ્રીત્યે ભગવન રે ॥
હવે હાથ પીડા કેવી દીસે રે, હજુ કરીએ ઉપાય અતિશે રે ॥૧૦॥
બોલ્યા સ્વામી સુણીને સુજાણ રે, નથી ચડ્યો હજી પ્રભુ પાણ રે ॥
અલ્પ કષ્ટ રહે તેનું કાંય રે, ચિંતા કરશો તમે ન જરાય રે ॥૧૧॥
ત્યારે ધરી દયા ધર્મલાલ રે, દોય પાળા મેલ્યા વહેલાલ રે ॥
કહ્યું તેડી લાવો જીજીભાઈ રે, વસ્તાભાઈ સંગે સદ્ય આંઈ રે ॥૧૨॥
હાડ નાડી તણું તેને જ્ઞાન રે, ખરુ કરશે મુનિનું નિદાન રે ॥
પછી પાળા વહેલાલ સધાવી રે, આવી મળ્યાં જન મોદ લાવી રે ॥૧૩॥

ત્યાંથી તેડી લાવ્યા ગઢપુર રે, મળ્યાં જગજીવન જરૂર રે ॥
પછી હાથ મુક્તમુનિ તણો રે, જોયો જીજીભાયે ઘણો ઘણો રે ॥૧૪॥
જોઈ બોલિયા હાથ જે ખડ્યો રે, હજી લગે પૂરો નવ ચડ્યો રે ॥
માટે બાંધી પાટો ફરી એક રે, પડશે હાથ ચડાવો વિશેક રે ॥૧૫॥
કહી એટલું જાળવી જન રે, કરે ઈલાજ મન મગન રે ॥
બાંધ્યો પાટો રૂડો કરમાંય રે, પછી આવ્યાં હતાં હરિ જ્યાંય રે ॥૧૬॥
કહ્યું હવે નહિ ફરીવાર રે, બાંધ્યો છૂટશે પાટો લગાર રે ॥
થોડા દને થાશે કર સારો રે, હવે અન્ય ચિંતા ન વિચારો રે ॥૧૭॥
એમ વાત સુણી અવિનાશ રે, આવ્યાં પ્રીત્યે મહામુનિ પાસ રે ॥
જોયા મુનિએ મોહનરાય રે, બેઠા થયાં પલંગેથી ત્યાંય રે ॥૧૮॥
ભાળી તર્ત બોલિયા મોરારી રે, સ્વામી બેઠા મ થાઓ લગારી રે ॥
કષ્ટ કરમાંહિ ઘણું થાશે રે, માટે રહો પર્યંક હુલાસે રે ॥૧૯॥
પછી સ્વામી સૂતાં કરે દર્શ રે, વાલો વાતું કહે કરી હર્ષ રે ॥
કહે મુનિને વાત દયાળ રે, હવે જાશું અમે વરતાલ રે ॥૨૦॥
રામનવમી રહી નહિ દૂર રે, જન વાટ જુવે ભરપૂર રે ॥
માટે આવશો કે નહિ આપ રે, વ્રતપુરી જાવા નિષ્પાપ રે ॥૨૧॥
ત્યારે સ્વામી કહે જાશું જોડ્યે રે, રામનવમી કરવા કોડ્યે રે ॥
રહો નચિંત નટવર નાથ રે, કષ્ટ દેશે નહિ હવે હાથ રે ॥૨૨॥
પછી તેડાવી નિષ્કુળાનંદ રે, કહ્યું ડોળી કરો સુખકંદ રે ॥
ડોળીમાંહિ બેસારી મરાળ રે, અમે જાશું લઈને સંભાળ રે ॥૨૩॥
કેડ્યે મુનિએ ડોળી મહાન રે, રચી રૂડી રૂપાળી નિદાન રે ॥
વીત્યાં થોડા ઘણાં તિયાં દન રે, રામનવમી આવી મગન રે ॥૨૪॥
વાલે વરતાલે જાવાનું ધાર્યું રે, સર્વે સંત આગે ઉચાર્યું રે ॥
ઉચ્છવ કરવા પ્રભુને આશ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિને અક્ષરઓરડીમાં ઉતારો દીધો એ નામે ત્રણસો ને આડત્રીસમું પ્રકરણમ્ ॥૩૩૮॥

INDEX

પ્રકરણ : ૩૩૯

પૂર્વછાયો :

હરખભેર શ્રીહરિ, રામનવમી કરવા કાજ ॥
સંઘે સહિત શ્યામળો, પરિયાણિયા લઈ સાજ ॥૧॥
મહામુનિ મુક્તાનંદજી, બેઠા ડોળીમાંહિ ઉદાર ॥
અંબર અંગે સુંદર પહેરી, પ્રભુ થયાં અસવાર ॥૨॥
ત્યાંથી ચાલ્યાં ચોંપશુ, વચમાંહિ લેતાં વિરામ ॥
વ્રતપુરી સધાવિયા, પૂરવા જન મન હામ ॥૩॥

ચોપાઈ :

દિયે દર્શન પ્રસન્ન નાથ, નીરખી સુખ લિયે સહુ સાથ ॥
જન જોઈ પામે છે આનંદ, જય જય બોલે જનવૃંદ ॥૪॥
પ્રસાદાનંદ પવિત્રાનંદે, ડોળી ઉપાડી દોય આનંદે ॥
એમાં બેઠા સ્વામીશ્રી ઉમંગે, સંત ચાલ્યાં આવે બેઉ સંગે ॥૫॥
મોર્ય ચાલે મોહન દયાળ, વાંસે ચાલે હુલસી મરાળ ॥
ગયાં કારિયાણી બળવંત, ઝિંઝાવદર આવ્યાં છે સંત ॥૬॥
તિયાં સંધ્યા ટાણું થયું જ્યારે, આવી ઉતર્યા ગામથી બારે ॥
આલ્યું અલૈયે સીધું અપાર, સંત જમવા કાજે ઉદાર ॥૭॥
પછી સુખડી કરી છે સારી, નિત્યાનંદે પ્રભુ ઉર ધારી ॥
સંત જમાડ્યા જુગતે કરી, આપ્યા ભોજન ભાજન ભરી ॥૮॥
જમી સંત ફેરે જપમાળા, દલમાંહિ સંભારે દયાળા ॥
ત્યાં તો કારિયાણીથી ભૂધર, પાછા આવ્યાં છે ઝિંઝાવદર ॥૯॥
શત દોય છે અશ્વસવાર, સંગે સંતને પાળા અપાર ॥
તર્ત આવી પૂછે પછી શ્યામ, મુક્તાનંદજી છે કયે ઠામ ॥૧૦॥
ત્યારે સંતે દેખાડિયા સ્વામી, દેખી રાજી થયાં બહુનામી ॥
સ્વામી બેઠા છે પ્રેમે પલંગે, સંગે સંત બેઠા છે ઉમંગે ॥૧૧॥
ત્યાં પધાર્યા પોતે પ્રભુરાય, મુક્તમુનિ ઉભા થયા ત્યાંય ॥
ત્યારે નાથ કહે બેસો બેસો, ઊભા થાવાનું કષ્ટ ન લેશો ॥૧૨॥
પછી પ્રીત્ય કરી નાથે બહુ, સ્વામી સંગે બેસારિયા સહુ ॥
પછી આમાં સામા બેઠા દોય, મુક્તમુનિને મોહન સોય ॥૧૩॥

INDEX

કરે સંઘની વાત દયાળ, સુણે શ્રવણે સહુ મરાળ ॥
મધરાતે જામ્યો સતસંગ, તેનો વ્યાપિયો આનંદ અંગ ॥૧૪॥
ત્યાર કેડ્યે કહે ધર્મલાલ, હવે જાવું શાને વરતાલ ॥
દિયો સ્વામી જો આગન્યા આપ, કરીએ સમૈયો આંહિ અમાપ ॥૧૫॥
વળી જખમ હાથ તમારે, તેનું દુઃખ રહે મુને ભારે ॥
નથી માંડવો હવે પ્રવાસ, રાજી કરીએ આંહિ સહુ દાસ ॥૧૬॥
સુણી બોલ્યા મુક્તમુનિ મુખે, પ્રભુ જાઓ વ્રતપુરી સુખે ॥
તિયાં જન જુવે ઘણી વાટ, તેનાં ટાળો જઈને ઉચાટ ॥૧૭॥
એવું દુઃખ નથી તન મારે, જેથી ચાલી શકું ન લગારે ॥
માટે જવું જરૂર વરતાલ, એમાં વેળ્ય કરો નહિ લાલ ॥૧૮॥
એવાં સુણી સ્વામીનાં વચન, થયાં મન પ્રસન્ન જીવન ॥
રાખ્યા સોળ જુવાનિયા સંત, કરવા સેવા સ્વામીની અત્યંત ॥૧૯॥
જળ દેવા રાખ્યા સંત ચાર, બીજા રાખ્યા રસોયા અપાર ॥
એમ વાલે કર્યું બહુ વહાલ, ગુરુદેવની કરવા સંભાળ ॥૨૦॥
પછી ત્યાંથી સધાવિયા શ્યામ, લઈ સંઘ સંગાથે તમામ ॥
કારિયાણી કુંડળ ઝીંઝર, રોઝકા બોરુ રહ્યાં મુદભર ॥૨૧॥
ત્યાંથી નાથ આવ્યાં વરતાલ, દેખી જન થયાં સહુ ન્યાલ ॥
સંગે આવ્યાં મુક્તાનંદ સ્વામી, તે સુણી પીડા સહુની વામી ॥૨૨॥
પછી આદર્યો ઉત્સવ અતિ, મણાં રાખી નહિ એમાં રતિ ॥
રામનવમી કરી રૂડી પેર, નરનારી આવ્યાં હર્ષભેર ॥૨૩॥
રહ્યાં વ્રત નરનારી જન, જાણી પ્રભુ જનમનો દન ॥
પછી દશમી દને દ્વિજજન, તેડાવી આપ્યાં રૂડાં ભોજન ॥૨૪॥
વેદવિધિએ કર્યું એ કામ, ધર્મરક્ષક સુંદરશ્યામ ॥
થયો હરિજનને સમાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ ડોલીમાં બેસી વરતાલ આવ્યાં એ નામે ત્રણસો ને ઓગણચાલીસમું પ્રકરણમ્ ॥૩૩૯॥

પ્રકરણ : ૩૪૦

પૂર્વછાયો :

શુભમતિ હવે સાંભળો, સહુ જન મન ધરી નેહ ॥
વાલે વરતાલે કરી, રૂડી રામનવમી તેહ ॥૧॥
પછી પ્રભુજી સધાવિયા, ગામોગામ દેતા ઉપદેશ ॥
પુર પધાર્યા પીપળી, જન રાજી કર્યાં વિશેષ ॥૨॥
નિશાવાસ તિયાં કરી, ચાલ્યાં ત્યાં થકી રળિયાત ॥
સુખ અલૌકિક આપતા, ગાંફ ગામે પધાર્યા પ્રભાત ॥૩॥

ચોપાઈ :

વસ્તા રાવળ વિખ્યાત નામ, રહે ભક્ત ભલા ગાંફ ગામ ॥
હઠીભાઈ તથા હરિભાઈ, એહ આદિ ભક્ત ક્ષત્રિમાંઈ ॥૪॥
મનુભા અજુભા દરબાર, વિપ્ર ગંગારામ છે ઉદાર ॥
એહ આદિ બીજા બાઈ ભાઈ, આવ્યાં સુણી સમાચાર ધાઈ ॥૫॥
સજી સામૈયું પુરના વાસી, લાવ્યા પુરમાંહિ અવિનાશી ॥
સહુ ઉચ્ચરે કરી પ્રણામ, આજ કરો આંહિ વિશરામ ॥૬॥
સીધું રાખ્યું છે સર્વે તૈયાર, જમો રસોઈ જગદાધાર ॥
જળ તણો આ છે ખારો પાટ, જળ ન મળે પીવાને માટ ॥૭॥
વળી વિસામો લેવાને ક્યાંય, વાટે મળે ન વૃક્ષની છાંય ॥
રણ તણો છે કઠણ પંથ, સુણો વિનતિ હે જગકંથ ॥૮॥
ત્યારે પૂછે સખાઓને શ્યામ, કહો હોય જેને જેવી હામ ॥
પછી સખા કહે જોડી હાથ, કરશું તમે કહો તેમ નાથ ॥૯॥
હસી બોલ્યા બહુનામી ત્યારે, રહેશું રાત્ય ને જાશું સવારે ॥
થયાં પ્રસન્ન પુરના જન, જમ્યા ભૂધર ભાવે ભોજન ॥૧૦॥
બીજે દન ઊઠી પરભાતે, ચાલ્યાં શ્યામ સુંદર નિરાંતે ॥
સહુ સખાએ માંડ્યા પલાણ, કર્યું ભાદર પ્રતિ પ્રયાણ ॥૧૧॥
મળ્યો મારગે વિપ્ર વિશેક, એને ઇચ્છા અંતરમાં એક ॥
લાવ્યો ગોરસ દહીંનું આજ, જમે પ્રેમ થકી મહારાજ ॥૧૨॥
હામ હૈયાની પારખી નાથે, દહીં જમિયા દયાળુ હાથે ॥
પછી પ્રસાદી પ્રેમથી આલી, મુક્તાનંદજીને સામા ચાલી ॥૧૩॥

INDEX

દહીં દઈ બોલ્યા બહુનામી, સ્વામી રાખશો મ કાંઈ ખામી ॥
જમો જમાય જેટલું દહીં, જમતા લેશ નડશે નહિ ॥૧૪॥
એમ પ્રભુએ પીરસી પોત્યે, મુનિ જમાડિયા સ્નેહ સોત્યે ॥
ત્યાંથી સખા સંગે નાથ ચાલ્યાં, આવે મારગે સરવે માલ્યા ॥૧૫॥
પછી ભાદરના નીરમાંય, આવી નાહ્યા જન સુખદાય ॥
ઉતર્યા ઘોડીએથી ઘનશ્યામ, તિયાં બેઠા ઘણું એક ઠામ ॥૧૬॥
પછી હેતે વસતા રાવળે, ધોયા ચરણ પ્રભુના જળે ॥
ધોઈ ચરણ દોય સુંદર, જળ ચાખ્યું તે જીહ્વા ઉપર ॥૧૭॥
ત્યાં તો જળ જણાયું મધુર, વ્યાપ્યો આનંદ સહુને ઉર ॥
માંહોમાંહિ કરે સહુ વાતું, જનને નથી આશ્ચર્ય માતું ॥૧૮॥
ઘડા તુંબડા કળશ્યા બહુ, લાગ્યા ભરવા સુણીને સહુ ॥
આ સમાની વાત બહુ ન્યારી, ખારું મટી મીઠું થયું વારિ ॥૧૯॥
કેડ્યે જમી જમાડિયા જન, પાયા પાણી સહુને પ્રસન્ન ॥
પછી સાબદા અશ્વ સવાર, થઈ ચાલ્યાં ત્યાંથી નિરધાર ॥૨૦॥
વળતે સમે વારિ તે જાણ્યું, સર્વ જનોએ ખારું પ્રમાણ્યું ॥
મુક્તમુનિ તે સઘળું જોઈ, બોલ્યા બહુનામી પ્રતિ સોઈ ॥૨૧॥
અતિ કરુણા કરી અકળ, જન કાજે કર્યું મીઠું જળ ॥
દીધો પરચો આપે દયાળ, એવું કોણ જગમાં કૃપાળ ॥૨૨॥
કર્યું'તું આવું સેવક માટે, જ્યારે ચાલ્યાં'તા રણની વાટે ॥
ધન્ય લાલજી ભક્ત અકામ, ધન્ય આજ થયાં નરવામ ॥૨૩॥
એમ મહારાજ ને મુનિરાય, કરી વાતું ઘણી હેતમાંય ॥
ચાલ્યાં તિયાં થકી દીનાનાથ, આવ્યાં ખરડ મુનિ સંગાથ ॥૨૪॥
તિયાં દાસને દઈ દર્શન, કર્યા પ્રભુએ સહુ પ્રસન્ન ॥
પછી ગઢડે ગયા અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ભાદર નદીનું પાણી મીઠું કર્યું એ નામે ત્રણસો ને ચાલીસમું પ્રકરણમ્ ॥૩૪૦॥

પ્રકરણ : ૩૪૧

પૂર્વછાયો :

આવ્યાં અવનિ અવતારી, કર્યા માર્ગ ધોરી મોક્ષના ॥
બંધ કીધાં બીજા બારણાં, દુઃખ દારિદ્રને શોકના ॥૧॥
કર્યાં સંત સત્શાસ્ત્રને, હરિભક્ત દ્રઢ અપાર ॥
તોય માન્યું નહિ મનને, પછી કર્યો પ્રભુએ વિચાર ॥૨॥
મોટા મંદિર બંધાવીને, પધરાવી તેમાં દેવ ॥
પછી કરી રૂડી ચાલતી, યથાશાસ્ત્રા સરવે સેવ ॥૩॥

ચોપાઈ :

એમાં કર્યું જ્યારે વરતાલે રે, મોટું મંદિર ધર્મને લાલે રે ॥
થયો ઉત્સવ ત્યાં બહુ ભારી રે, મળ્યાં લાખો તિયાં નરનારી રે ॥૪॥
તેમાં વડોદરાના નિવાસી રે, જેને સુજ્ઞ ગણે છોટી કાશી રે ॥
આવ્યાં હતાં મળીને તમામ રે, પ્રભુ દર્શન કાજ એ ગામ રે ॥૫॥
લીધો લાભ અલભ્ય અપાર રે, કહ્યું જાય ન મુખે લગાર રે ॥
પછી સભા કરી એક ટાણે રે, બેઠા મહારાજ નિત્ય પ્રમાણે રે ॥૬॥
જન વડોદરાના તે ઠામ રે, આવ્યાં મળી કહું તેનાં નામ રે ॥
મુખ્ય તેમાં છે મહિમાવંત રે, ભક્ત નાથજી બુદ્ધિવંત રે ॥૭॥
વળી લક્ષ્મીરામ લાલ છોટા રે, એ તો કહ્યાં હરિભક્ત મોટા રે ॥
એહ આદિ પ્રભુ પાસ આવી રે, પાયે પડી વિનંતી સુણાવી રે ॥૮॥
પ્રભુ વડોદરે બહુ પુષ્ટ રે, મતવાદી થયાં બહુ દુષ્ટ રે ॥
સતસંગી સાથે વાદ માંડે રે, પાછા પડે તોય નવ છાંડે રે ॥૯॥
ભણ્યા વિનાના પંડિત એ છે રે, સભા ભરવા અમને કહે છે રે ॥
માટે ભણેલા જે સંત કોય રે, સભા જીતવા સમર્થ હોય રે ॥૧૦॥
તેને મોકલો વડોદરામાં રે, તો થાશે સમાસ આ સમામાં રે ॥
ત્યારે બોલ્યા હસીને દયાળ રે, એવાં પંડિતને તતકાળ રે ॥૧૧॥
અમે મોકલીએ તમ સાથ રે, કરશે ઉત્તર પ્રેમ સંગાથ રે ॥
પછી સભા સામું જોઈ શ્યામ રે, જાણી મહાવિદ્વાન અકામ રે ॥૧૨॥
કહ્યું જાઓ મુક્તમુનિ આપ રે, કરો વાદમાં વિજય અમાપ રે ॥
તમે શાસ્ત્ર પુરાણના જ્ઞાતા રે, પરિપક્વ છો જગ વિખ્યાતા રે ॥૧૩॥

INDEX

ત્યારે સ્વામીશ્રી જોડીને પાણ રે, બોલ્યા એમ સુણો હે સુજાણ રે ॥
આપ કૃપાથી વિજય થાશે રે, મતવાદીના સંશય જાશે રે ॥૧૪॥
એમ કહી નમ્યા તેહ પળ રે, લઈ આગન્યા સહ મંડળ રે ॥
નાથ ભક્ત આદિ જન સાથે રે, ચાલ્યાં સ્વામીશ્રી સ્નેહ સંગાથે રે ॥૧૫॥
આ કથાને કહેતાં નિરધાર રે, ઘણાં ડહાપણ હાંકે અપાર રે ॥
મુખે કહે છે ઘણું થઈ ઘેલા રે, મુક્તમુનિ નહોતા ભણેલા રે ॥૧૬॥
એમ કહીને વાળે છે દાટ રે, પોતે જ ઠરે છે શઠ સમ્રાટ રે ॥
કાં જે વ્યાસસૂત્રનું સુંદર રે, કર્યું સ્વામીએ ભાષ્ય અવર રે ॥૧૭॥
વળી મુનિ ગોપાળાનંદને રે, ગીતા ભાષ્ય ભણાવ્યું પ્રસન્ને રે ॥
કારિયાણીમાં શ્રી ભાષ્ય તણી રે, સ્વામીશ્રીએ કથા કીધી ઘણી રે ॥૧૮॥
વળી ગ્રંથ હરિલીલામૃતે રે, થાય સાબિત આચાર્ય મતે રે ॥
હતાં સ્વામી મહાશાસ્ત્રાભ્યાસી રે, કહું વાત આ કિયાં પ્રકાશી રે ॥૧૯॥
ગ્રંથ આરંભે મંગલાચરણે રે, દ્વિતીય વિશ્રામ સુજ્ઞ જે ગણે રે ॥
સર્વે સ્તુતિમાંહિ છે આ શ્લોક રે, તે દેખાડજો અજ્ઞને કોક રે ॥૨૦॥
વળી શ્રીમદ્ સત્સંગિજીવને રે, ચતુર્થ પ્રકરણે જુવો જઈને રે ॥
અધ્યાય સત્યાવિશ મોઝાર રે, શ્લોક બોત્તેરમાં નિરધાર રે ॥૨૧॥
પોતા આગે બેઠા વિદ્વાન રે, એવાં મુક્તમુનિ પ્રતિ કાન રે ॥
એવો છે અતિ સ્પષ્ટ ઉલ્લેખ રે, એને મારે જે મુખથી મેખ રે ॥૨૨॥
એથી દુષ્ટ બીજા નહિ કોય રે, મર હોય બીજા નર સોય રે ॥
વળી હનુમત્પંચક આદિ રે, બહુ બહુ રચ્યા મરજાદી રે ॥૨૩॥
સહુ ભેળા પ્રમાણ કરાય રે, તોય ગણતાં ગણી ન શકાય રે ॥
વળી એટલાં ભેળા જો થાય રે, પણ મૂરખને ન મનાય રે ॥૨૪॥
માટે જવાસા જેવા ન થાજ્યો રે, જે જેવા છે તેવા ગુણ ગાજ્યો રે ॥
તો ન રહે માયાનો ત્રાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિની વિદ્વત્તા કહી એ નામે ત્રણસો ને એકતાલીસમું પ્રકરણમ્ ॥૩૪૧॥

પ્રકરણ : ૩૪૨

પૂર્વછાયો :

વડોદરે પધારિયા, મુક્તમુનિ કરી બહુ વહાલ ॥
દેખી હરિજન સહુ થયાં, હૃદે અતિશય ન્યાલ ॥૧॥
રહ્યું નહિ દુઃખ દલમાં, કે કોઈનો ડર લેશ ॥
બેઠા સમરથ શરણે, જેને હૃદે રહ્યાં પરમેશ ॥૨॥
સુણી સમાચાર આવિયાં, દેશોદેશથી સહુ જન ॥
ચર્ચા સુણવા શાસ્ત્રની, થયાં છે મન મગન ॥૩॥

ચોપાઈ :

સ્વામી આવ્યાં છે એટલું જાણી, વળી વિદ્વત ચર્ચા પ્રમાણી ॥
આવ્યાં કાનમનાં હરિજન, ભેગા મળી સહુ તેહ દન ॥૪॥
વળી આવ્યા બીજા ભેખધારી, જેને અંગે ઈર્ષ્યા છે નઠારી ॥
નાસ્તિક મતપંથી બીજા બહુ, વાદ સુણવાને આવ્યાં સહુ ॥૫॥
સ્વામી પણ સંભારીને શ્યામ, બેઠા ગાદી પર અભિરામ ॥
પછી વીતી વેળા ઘણી વાર, ત્યારે પંડિતો થઈ તૈયાર ॥૬॥
સભામાંહિ આવ્યાં મળી સહુ, સુણો પ્રમુખના નામ કહું ॥
વડા વિદ્વાન શ્રી રામચંદ્ર, તેનાં ભ્રાત છે શ્રી હરિશ્ચંદ્ર ॥૭॥
આવ્યાં શાસ્ત્રી મોટા શોભારામ, તે તો શાસ્ત્ર ભણેલા તમામ ॥
આવ્યાં અમાત્ય નૃપતિ તણાં, નારુપંત બુદ્ધિમાન ઘણાં ॥૮॥
આવ્યાં ચિન્મય આદિ ક્ષત્રિય, જેને વાદ લાગે ઘણો પ્રિય ॥
બીજા પણ વિપ્ર બહુ આવ્યાં, પ્રશ્ન લખી પૂછવાને લાવ્યા ॥૯॥
તેને આવતા દેખી સુજાણ, મુખે બોલ્યા મુનિ મીઠી વાણ ॥
આવો આવો પંડિતો મહાન, સભા પાવન કરો નિદાન ॥૧૦॥
પછી દેખાડવા શિષ્ટાચાર, ભેળા થઈ વિદ્વાન તે વાર ॥
કરજોડી કર્યાં છે પ્રણામ, પછી બેઠા સહુ નિજ ઠામ ॥૧૧॥
પછી બોલ્યા મુક્તાનંદ સ્વામી, પૂછો જે પૂછવી હોય ખામી ॥
શાસ્ત્ર સંમત પૂછશો તમે, તો દેશું તેનો ઉત્તર અમે ॥૧૨॥
પણ નિર્મૂળ તર્ક જો થાશે, તો તેનો વ્યર્થ વાદ ગણાશે ॥
પછી બોલ્યા પંડિત પ્રમાણ, તો પછી સુણો આપ સુજાણ ॥૧૩॥

આત્યંતિક કલ્યાણ કહેવાય, કળિયુગે તેહ કેમ થાય ॥
શ્રેષ્ઠ સાધન છે કોઈ ભારે, જે નરને માયા થકી તારે ॥૧૪॥
સુણી બોલ્યા મહામુનિ એમ, કહો તમોએ માન્યું છે કેમ ॥
બહુશ્રુત તમે વિદ્વાન, પંડે દીસો પંડિત મહાન ॥૧૫॥
ત્યારે વાદી બોલ્યા મુખ એમ, અમે કર્યો છે નિશ્ચય જેમ ॥
તેને સાંભળજો મુનિ આપ, નામ સંકીર્તને બળે પાપ ॥૧૬॥
બીજા યુગમાંહિ તપ યજ્ઞ, પૂજતા પ્રભુને થઈ મગ્ન ॥
તેથી મુક્તિ થાતી પારાવાર, પણ કળજુગે કરી પ્યાર ॥૧૭॥
કરે જે હરિકીર્તન મુખ, તેને જાય સંસૃતિનું દુઃખ ॥
માટે માન્યું અમે મનમાંય, નામ કીર્તનથી મોક્ષ થાય ॥૧૮॥
સુણી બોલ્યા મુક્તમુનિ એમ, હોય હરિમૂર્તિ દેખી જેમ ॥
તેમ ચિંતવતા કરે જપ, તો જ મટે સંસૃતિની લપ ॥૧૯॥
પણ થાય જો મન વિભ્રાંત, પળ એક રહ્યાં વિના શાંત ॥
માયામાં રહ્યું ભટકી હોય, તેહ લિએ હરિનામ તોય ॥૨૦॥
નવ મટે માથેથી ચોરાશી, ભલે વાસ કરે જઈ કાશી ॥
અરે નાથ જોયા વિના નેણ, ધરે ધ્યાન ભલે દિન રેણ ॥૨૧॥
જેને પ્રભુ માન્યા છે પરોક્ષ, તેનો નામથી શું થાય મોક્ષ ॥
જો નામમાત્રથી મોક્ષ થાય, વેદ વિધાન તો વ્યર્થ ગણાય ॥૨૨॥
કર્મકાંડ વળી બ્રહ્મજ્ઞાન, ઉપાસના તો સહુથી મહાન ॥
વળી શમદમાદિ સાધન, જેનાથી થાય મન પાવન ॥૨૩॥
એ આદિ સહુ વ્યર્થ ગણાય, જો વાત આપની જ મનાય ॥
માટે અઘ ઓઘ નાશ પામે, નામ કીર્તનથી દુઃખ વામે ॥૨૪॥
પણ લેવું જો હોય કલ્યાણ, તે પામે પ્રભુ પ્રકટ પ્રમાણ ॥
ત્યારે થાય સંસૃતિનો નાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે કળિયુગમાં આત્યંતિક કલ્યાણ કહ્યું એ નામે ત્રણસો ને બેતાલીસમું પ્રકરણમ્ ॥૩૪૨॥

પ્રકરણ : ૩૪૩

પૂર્વછાયો :

પ્રેમે કહે પંડિતને, મુનિ મુક્તાનંદ સુજાણ ॥
નથી કેવળ નામથી, પરમ પદ કલ્યાણ ॥૧॥
દર્શ થયું જો દયાળનું, તો સિદ્ધ થયાં જરૂર ॥
નહિ તો નીરખી નાથને, ઉદ્યમ કરો ભરપૂર ॥૨॥
પછી પંડિત બોલિયા, તમે સાંભળો મુનિરાજ ॥
વેદ પ્રબોધિત જ્ઞાનને, નથી કહેતાં અમે અકાજ ॥૩॥

ચોપાઈ :

વ્યર્થ કહેતાં નથી વેદજ્ઞાન, સત્ય છે કર્મકાંડ નિદાન ॥
પણ આપે કહ્યો જે ઉપાય, નેણે નીરખો પ્રત્યક્ષ હરિરાય ॥૪॥
પણ કળિયુગે એ સાધન, નવ કરી શકે નરતન ॥
માટે તેને સમજી દુષ્કર, લીધો ઉપાય અમે અવર ॥૫॥
વળી વાત કરી તમે બહુ, પ્રત્યક્ષ દર્શને ઉદ્ધરે સહુ ॥
પણ કળિયુગે પ્રભુ નાવે, ત્યારે પ્રત્યક્ષ કેમ કહાવે ॥૬॥
વળી ભાખ્યું ભાગવતે જેહ, તમને કહીએ છીએ અમે તેહ ॥
અજામેળ તો પાપ ભંડાર, પણ નામ લીધું એકવાર ॥૭॥
ત્યાં દોડી આવ્યાં પ્રભુ પાર્ષદ, જમપુરી થઈ તેની રદ ॥
તે જાણતા હશો જ સુજાણ, માટે સમજીને ઉચ્ચરો વાણ ॥૮॥
ત્યારે હસી બોલ્યા એમ સ્વામી, તોયે રહી તવ મતે ખામી ॥
હરિનામથી અજામિલની, જો મુક્તિ થઈ હોય તેહની ॥૯॥
તો ભાગવતે ભાખ્યું આગળ, તે બેઠો ગંગા તટ તે પળ ॥
કર્યો યોગ અભ્યાસ અખંડ, સહુ ભાન ભૂલી નિજ પંડ ॥૧૦॥
એમ ઉપાસના કરી શુદ્ધ, પછી દીઠા પ્રભુના પાર્ષદ ॥
મોક્ષ પામ્યો બ્રાહ્મણ એ સમે, એમ કહીએ છીએ સમજો તમે ॥૧૧॥
વળી કળિમાં ક્યાં પ્રભુ હોય, એમ કહો છો તમે સહુ કોય ॥
પણ વાત તો છે શાસ્ત્રમાંય, કળિયુગે આવે પ્રભુરાય ॥૧૨॥
વળી પુરુષોત્તમ નારાયણ, તે જ પોત્યે ધરાએ આ ક્ષણ ॥
બિરાજે સહજાનંદ સ્વામી, જેમાં શોધી મળે નહિ ખામી ॥૧૩॥

શાસ્ત્રો લખ્યાં છે લક્ષણ જેહ, તેથી પરિપૂર્ણ પ્રભુ તેહ ॥
એમાં સંશયને નથી સ્થાન, તેથી માને સહુ ભગવાન ॥૧૪॥
વળી પ્રત્યક્ષ પ્રમાણ જેવું, નથી પ્રબળ અન્ય કોઈ એવું ॥
માટે અનુમાનાદિક જેહ, પ્રત્યક્ષ આગે રહે નહિ તેહ ॥૧૫॥
જ્યારે હોય રહસ્ય અકળ, ત્યારે જોઈએ પ્રમાણ પ્રબળ ॥
હવે સુણો તમે બુદ્ધ જન, કળિયુગે આવે ભગવન ॥૧૬॥
ધર્મ ગ્લાનિ જ્યારે અતિ થાય, દૈત્યથી અતિ સંત પીડાય ॥
ત્યારે અવતરે છે હરિરાય, નિજજનની કરવા સહાય ॥૧૭॥
એમ લખ્યું ગીતાજી મોઝાર, મહાભારતમાં નિરધાર ॥
તેમાં યુગ તણો ભેદ નથી, તમે વાંચી જુવોને મનથી ॥૧૮॥
અથવા તો કહો એમ વળી, પ્રભુ નાવે ખરેખર કળિ ॥
બુદ્ધ કલ્કી ઇત્યાદિ છે કોણ, એમાં તો સહુ સેવશે મૌન ॥૧૯॥
વળી શિષ્ટ જનો જગે જે છે, તે જેને અવતાર ગણે છે ॥
એવાં આચાર્ય પ્રકટ્યા ક્યારે, સાચું શું તે સુજ્ઞ જ વિચારે ॥૨૦॥
પ્રકટ પ્રત્યક્ષ શ્રીહરિ તણો, કર્યો સાક્ષાત્કાર જેણે ઘણો ॥
એ જ કહેવાય છે સાચા સંત, જનને હિતકારી અત્યંત ॥૨૧॥
સંત વિના તરે ન સંસાર, એ પણ નક્કી વાત નિરધાર ॥
તો હરિ વિના હરિજન ક્યાંથી, તે વિચારી જુવો મનમાંથી ॥૨૨॥
બોલ્યા ભાગવતે ખરેખર, જનકરાય પ્રત્યે યોગેશ્વર ॥
કૃતાદિની પ્રજા હે રાજન, કળિયુગે ઇચ્છે સહુ તન ॥૨૩॥
કળિયુગે નિશ્ચે ઘણાં જન, હશે નારાયણ પરાયણ ॥
જો ન હોય પોત્યે નારાયણ, તો હોય ક્યાંથી તે પરાયણ ॥૨૪॥
આવા તર્ક સામાન્ય જે ઘણાં, તેની નહિ રહે કોઈ મણાં ॥
એમ કરે છે સ્વામી સમાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે કળિયુગમાં ભગવાનનું અવતરણ કહ્યું એ નામે ત્રણસો ને તેત્તાલીસમું પ્રકરણમ્ ॥૩૪૩॥

પ્રકરણ : ૩૪૪

પૂર્વછાયો :

વારેવારે કહે પ્રતિવાદીને, મુક્તાનંદજી વિશેષ ॥
વેદ વિરુદ્ધ સિદ્ધાંતનો, નથી ઉચ્ચર્યો અક્ષર લેશ ॥૧॥
કહો હવે કહેવું ઘટે, જો સંશય હોય લગાર ॥
તેનું નિવારણ શાસ્ત્રથી, કરશું અમે નિરધાર ॥૨॥
સુણી સ્વામીના વચનો, નિઃશંક થયાં પંડિત ॥
કરજોડી જોઈ રહ્યાં, અતિ આશ્ચર્યચકિત ॥૩॥

ચોપાઈ :

વિપ્ર પંડિત જે હરિશ્ચંદ્ર, વાદી મધ્યે પડ્યાં તેહ મંદ ॥
મનમાન્યું તેણે કળિકાળે, પ્રભુ આવી ભક્તને સંભાળે ॥૪॥
નારુપંતને મનાણું મન, આવે છે કળીએ ભગવન ॥
પણ તર્કમાં પ્રવીણ જેહ, રામચંદ્ર બોલ્યા પછી એહ ॥૫॥
કીધાં શાસ્ત્ર વચનો પ્રમાણ, તે અમે સહુ માન્યા સુજાણ ॥
તમે છો સત્યવાદી વિરક્ત, વળી કહેવાઓ છો ગુરુભક્ત ॥૬॥
શાસ્ત્રમાંહિ પ્રવીણ અપાર, સદા સહુ જીવના હિતકાર ॥
પણ તર્ક રહ્યો એક મને, તેહ ટાળો ને આપ જતને ॥૭॥
ચારયુગે માની લૈયે હરિ, અવતરે અતિ કરુણા કરી ॥
તો પછી તેનું ત્રિયુગી નામ, કેમ શાસ્ત્ર કહે અભિરામ ॥૮॥
મુજ સંશયને તમ વિણ, નહિ કોઈ કાપે હે પ્રવિણ ॥
ત્યારે બોલ્યા મહામુનિ એમ, સુણો કહું છું જેમ છે તેમ ॥૯॥
યુગ શબ્દ યુગ્મવાચી જાણો, તેનાં ત્રણ્ય પ્રકાર પ્રમાણો ॥
તેના ષટ્ ઐશ્વર્ય ગણાય, આ તો સ્પષ્ટ સત્ય સમજાય ॥૧૦॥
તે ઐશ્વર્ય જેમાં છે મહાન, તે નક્કી કહેવાય ભગવાન ॥
વળી વિષ્ણુ પુરાણ મોઝાર, છ ભગનો કર્યો નિરધાર ॥૧૧॥
તેહ પણ તમે સુણી લેજો, તર્ક કરવા સાવધ રહેજયો ॥
ઉત્પત્તિ પ્રલય અને ગતિ, અગતિ વિદ્યા અવિદ્યા અતિ ॥૧૨॥
આ ષટ્ને પરિપૂર્ણ જાણે, શાસ્ત્ર તેને ભગવાન પ્રમાણે ॥
એમ ત્રણ યુગ્મનું રહસ્ય, જાણે છએ ઐશ્વર્ય અવશ્ય ॥૧૩॥

INDEX

તેને ધારે છે સુંદરશ્યામ, તેથી ધર્યું છે ત્રિયુગી નામ ॥
હવે સુણો બીજો અર્થ તમે, શાસ્ત્રા પ્રમાણ કહીશું અમે ॥૧૪॥
નવમે સ્કંધ ભાગવતમાંય, વળી ચતુર્દશમો અધ્યાય ॥
કહે પ્રભુ પોતે દ્વૈપાયન, સતિયુગે મળી સહુ જન ॥૧૫॥
સત્વવાન રહ્યાં'તા હંમેશ, કરતાં ધ્યાન અભ્યાસ વિશેષ ॥
તેથી સ્પષ્ટ છે સતિયુગમાંય, યજ્ઞ પ્રવૃત્તિ નવ જણાય ॥૧૬॥
માટે દ્વાપર ત્રેતા ને કળિ, તે સમે પ્રજા સરવે મળી ॥
કરતાં વેદે વર્ણવી જે રીત, યજ્ઞ ફલાભિસંધિ સહિત ॥૧૭॥
એમ ત્રિયુગે આહુતિ મળે, પૂર્ણ રીતે યજ્ઞ પુણ્ય ફળે ॥
તેથી એ થયું પૂરણકામ, તેનું છે ત્રિયુગી એવું નામ ॥૧૮॥
હવે ત્રીજા અર્થને પ્રમાણો, યુગ બાહ્ય આભ્યાંતર જાણો ॥
એમાં બાહ્ય પ્રસિદ્ધ છે બહુ, હવે આભ્યંતર યુગ કહું ॥૧૯॥
સત્વ રજ વળી ગુણ તમ, રહે અંતરમાં અવિરમ ॥
કાળ થકી આવે તે પ્રેરાય, ક્યારે આવે ક્યારે વળી જાય ॥૨૦॥
એમાં સત્વવૃદ્ધિ જ્યારે ભાસે, ત્યારે જ્ઞાન તપાદિ પ્રકાશે ॥
વળી સત્સંગમાં મન ભમે, સતિયુગ જાણવો તે સમે ॥૨૧॥
મન ઇચ્છે કામ્ય કર્મ બહુ, યજ્ઞ યાગાદિ પાવન સહુ ॥
તે છે રાગ રજસ પ્રધાન, તેને ત્રેતા પ્રમાણો મહાન ॥૨૨॥
માન દંભ અસંતોષ લાભ, મત્સરાદિએ મન થાય ક્ષોભ ॥
એમાં તમ છે જેહ ભળેલો, તેને દ્વાપર શાસ્ત્રો કહેલો ॥૨૩॥
નિદ્રા હિંસા કપટ શોક ભય, જ્યારે થાય માનસ તન્મય ॥
તે છે તમોગુણ જ કેવળ, જાણો કળિયુગ તે હળાહળ ॥૨૪॥
સુજ્ઞ હોય જે વિવેકી જન, તે જાણી શકે પોતાનું મન ॥
અજ્ઞને તો ન થાય આભાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ત્રિયુગી શબ્દનો અર્થ કહ્યો એ નામે ત્રણસો ને ચુમ્માળીસમું પ્રકરણમ્ ॥૩૪૪॥

INDEX

પ્રકરણ : ૩૪૫

પૂર્વછાયો :

પ્રતિવાદીને મનમાં, હોય હંમેશ દ્વેષ વિશેષ ॥
હાર થયે નિજ પક્ષની, મન સૂધ રહે નવ લેશ ॥૧॥
પણ થયું આ અવળું, શ્રી વડોદરા શહેરમાંય ॥
સુણી સ્વામીનાં વચનો, સહુ મનમાં રાજી થાય ॥૨॥
મહામુનિ મુક્તાનંદજી, શાસ્ત્ર વચનોને વાટ ॥
સમજાવી પંડિતને, કાપે મનના મિથ્યા કાટ ॥૩॥

ચોપાઈ :

કહે સ્વામી સાંભળો વિદ્વાન, કીધાં યુગ પ્રકાર મહાન ॥
હવે કહું વિસ્તારથી શેષ, યુગનો અર્થ કરી વિશેષ ॥૪॥
બહાર ભલે કળિયુગ હોય, પણ ભીતર સતિયુગ જોય ॥
તો પ્રકટે ત્યાં શ્રી ભગવાન, તેમાં સંશયને નહિ સ્થાન ॥૫॥
વળી રહસ્ય છે એવી રીતે, કળિકાળ ભર્યો હોય ચિત્તે ॥
તો ભલે સત્યુગ રહ્યો બાર, તેને નહિ દેખાય કિરતાર ॥૬॥
વળી યોગક્ષેમનું વહન, કરવા આવે કળિએ ભગવન ॥
તેને ન લાગે યુગનો પાશ, એ છે અનાદિ સ્વયંપ્રકાશ ॥૭॥
સર્વે યુગોના કારણ એ છે, સર્વે કાળ તણાં કાળ તો છે ॥
માટે કળિયુગે ભગવાન હોય, એમાં શંકા ન કરવી કોય ॥૮॥
પ્રહ્લાદે પ્રભુને એમ ભાખ્યું, કળિમાં વિગ્રહ છૂપું રાખ્યું ॥
એનો અર્થ જાણજયો તમામ, વિપ્ર પંડિત સરવે આમ ॥૯॥
નિજભક્ત પર કૃપા કરી, નિજ ઐશ્વર્ય દેખાડે હરિ ॥
પણ ઢાંકી સામર્થી દયાળ, નરવત વર્તે કળિકાળ ॥૧૦॥
અથવા વસે જે આસુરી જન, તેને મોહ પમાડવા મન ॥
ગુપ્તપણે રહે ગિરધારી, ભક્તને તો રહે સુખકારી ॥૧૧॥
ગીતાજીએ બોલ્યા ભગવાન, હોય મૂઢ મતિ જે મહાન ॥
તે પંડે પ્રભુને નવ જાણે, માનુષી મતિ એમાં પ્રમાણે ॥૧૨॥
એમ દૈત્ય મતે પ્રભુરાય, કેદિ ન પ્રકટે કળિમાંય ॥
પણ સજ્જન મતે વિશેષ, કળિએ પ્રકટે પરમેશ ॥૧૩॥

INDEX

એમ ત્રિયુગ શબ્દનો અર્થ, જેમ શાસ્ત્ર થાય નહીં વ્યર્થ ॥
અમે કર્યો સ્પષ્ટ સભામાંય, હવે પૂછો પૂછવું જો કાંય ॥૧૪॥
એવાં સુણી સ્વામીનાં વચન, રામચંદ્ર થયાં શાંત મન ॥
ત્યારે બોલ્યા શોભારામ એક, મુને સંશય રહ્યો વિશેક ॥૧૫॥
ઘણાં પંડિત શાસ્ત્ર વિવશ, કહે છે અવતાર છે દશ ॥
તેમાં ગુરુ તમારાં કહેવાય, કયા અવતાર મધ્યે ગણાય ॥૧૬॥
સુણી હસી બોલ્યા એમ સ્વામી, આ તો છે મોટી સમજવે ખામી ॥
કોઈ ન કહે શાસ્ત્ર ચોક્કસ, અવતાર સર્વે થાય દશ ॥૧૭॥
પ્રભુના અગણિત અવતાર, યુગે યુગે આવે નિરધાર ॥
'બહૂનિ મે' ઇત્યાદિ વચન, છે પ્રમાણ રૂપ તે સઘન ॥૧૮॥
દશ માનશો જો અવતાર, ક્લેશ ઉપજશે પારાવાર ॥
પછી સ્વતંત્ર પ્રભુ સ્વરાટ, ન કહી શકાય તેહ માટ ॥૧૯॥
ભાગવતે બોલ્યા ભગવાન, નૃપ મુચકુંદને દઈ જ્ઞાન ॥
મારા જન્મ કર્મ વળી નામ, એ છે અતિ અપાર તમામ ॥૨૦॥
તેને હું પણ ગણવા લેશ, નથી થાતો સમર્થ વિશેષ ॥
પૃથ્વીના રજ ગણી શકાય, પણ જન્મ મારા ન ગણાય ॥૨૧॥
માટે દશ જ અવતાર હોય, એમ સુજ્ઞને સમજવું નોય ॥
તે સાંભળી વિપ્ર શોભારામ, તેનાં સંશે મટ્યા છે તમામ ॥૨૨॥
હરિશ્ચંદ્ર નારૂપંતે વળી, રામચંદ્રે પણ માન્યું મળી ॥
પ્રભુના છે અનેક અવતાર, તેનો ગણતાં નહિ આવે પાર ॥૨૩॥
એમ સુણી સ્વામી તણી વાત, થયાં અંતરમાં રળિયાત ॥
બીજા પ્રશ્ન રાખી ઘણાં મને, આવ્યાં હતાં વિપ્ર સ્વામી કને ॥૨૪॥
પણ વહી જયાં મુખની ગંગ, ત્યાં તો કોઈનો રહ્યો ન રંગ ॥
પામ્યા સહુનાં સંશય નાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે અવતારોનું રહસ્ય કહ્યું એ નામે ત્રણસો ને પિસ્તાલીસમું પ્રકરણમ્ ॥૩૪૫॥

INDEX

પ્રકરણ : ૩૪૬

પૂર્વછાયો :

પછી ચિન્મયરાવજી, વિદ્વાન મુખ્ય ગણાય ॥
કરજોડી એમ બોલિયા, એક સંશે રહ્યો મનમાંય ॥૧॥
પ્રભુ પધારે કળિયુગે, નિજજનનું કરવા કાજ ॥
માન્યું એટલું મનમાં, વાણી સુણી આપની આજ ॥૨॥
પણ કયે લક્ષણથી, ઓળખવા શ્રી ભગવાન ॥
તે કહો તમે શાસ્ત્રોથી, મુક્તાનંદજી મહાન ॥૩॥

ચોપાઈ :

વળી પૂછ્યું તેણે કરભામી રે, કેવા લક્ષણે કરી હે સ્વામી રે ॥
નરાકૃતિ ઓળખાય નાથ રે, કહો કૃપા કરી સ્નેહ સાથ રે ॥૪॥
મહાગિરિ જે હાથ ન ધારે રે, કે વળી અસુરો ન સંહારે રે ॥
તેને ઓળખવાની જે રીત રે, કહો આપ પ્રમાણ સહિત રે ॥૫॥
ત્યારે બોલ્યા મુક્તાનંદ સ્વામી રે, નહિ રાખું સમજાવા ખામી રે ॥
પૃથ્વી વૃષ સંવાદે મહાન રે, ભાખ્યું છે શ્રી ભાગવતે જ્ઞાન રે ॥૬॥
સત્ય શૌચ દયા શાંતિ ત્યાગ રે, સંતોષ આર્જવ સામ્ય અથાગ રે ॥
એહાદિ ગુણ અનંત તેહ રે, બીજા પણ મોક્ષદાયી જેહ રે ॥૭॥
સહજાનંદ પ્રભુ સુખધામ રે, તેમાં રહ્યાં વસીને તમામ રે ॥
જેની કૃપાથી પ્રાકૃત જન રે, પામે સમાધિ વિના સાધન રે ॥૮॥
વળી આશ્રિત જેના નિષ્કામ રે, જિતદોષ રહે આઠું જામ રે ॥
દેવાદિકને જીતવું મન રે, લાગે દુષ્કર અતિ સઘન રે ॥૯॥
મર્કટ તુલ્ય ચંચળ તે બહુ રે, મોટા મોટા ચળ્યા તેથી સહુ રે ॥
એ તો એના આશ્રિતને વશ રે, માટે એ પરબ્રહ્મ અવશ્ય રે ॥૧૦॥
પર્વતાદિને ઉપાડવાથી રે, કાં તો અસુર સંહારવાથી રે ॥
કેદિ ન થાય તે ભગવંત રે, હતાં અસુરોએ બળવંત રે ॥૧૧॥
હવે હોય જો સંશય કાંય રે, તો રાખશો નહિ મનમાંય રે ॥
પૂછો પૂછવા હોય જે શંક રે, કે પછી થયાં તમે નિઃશંક રે ॥૧૨॥
ત્યારે વિપ્રે જોડ્યા બેઉ હાથ રે, નથી સંશય હવે કૃપાનાથ રે ॥
આપ જેવા દીઠા નહિ સંત રે, અનુભવસિદ્ધ અત્યંત રે ॥૧૩॥

અમ જેવા નહિ વિદ્વાન રે, એવું રાખ્યું અમે ઘણું માન રે ॥
નથી નમ્યા કેદિ કોઈ આગે રે, અમને જોઈ ભલભલા ભાગે રે ॥૧૪॥
એવાં જ્ઞાની અમે જગમાંય રે, પણ નમ્યા આજે તવ પાય રે ॥
વળી સહજાનંદ સુજાણ રે, માન્યા પુરુષોત્તમ પ્રમાણ રે ॥૧૫॥
આજ થકી એના શિષ્ય થઈએ રે, તેનાં દાસાનુદાસ થઈ રહીએ રે ॥
એમ પંડિત થઈ પ્રસન્ન રે, ગયાં પોતપોતાને સદન રે ॥૧૬॥
જય જય થયો ધ્વનિ ત્યાંય રે, જન મુદિત થ્યાં મનમાંય રે ॥
હેલી હરખની આવી દલ રે, કર્યો આનંદ સહુએ અવલ રે ॥૧૭॥
વાત ચાલી ઘેરોઘેર સહુ રે, કર્યો સ્વામીએ વિજય બહુ રે ॥
તેને સુણી બીજા નરનાર રે, હતાં મુમુક્ષુ જન અપાર રે ॥૧૮॥
આવ્યાં મુક્તમુનિને શરણ રે, તેનું ટળ્યું છે જન્મમરણ રે ॥
રામચંદ્રાદિ મોટા પંડિત રે, થયાં આશ્રિત તે ભલીવિધ રે ॥૧૯॥
મુક્તાનંદજીની કૃપા થકી રે, પામ્યા સમાધિ સરવે નક્કી રે ॥
હૃદામાંહિ દીઠા સુખકારી રે, પ્રકટ પુરુષોત્તમ અવતારી રે ॥૨૦॥
વાત ચાલી વડોદરે ઘણી રે, જેને ઇચ્છા હોય મોક્ષ તણી રે ॥
તે તો ગ્રહો સ્વામીનું શરણ રે, પછી પામશો પ્રભુ ચરણ રે ॥૨૧॥
તેથી આશ્રિત થયાં અપાર રે, વડોદરાવાસી નરનાર રે ॥
પામી પ્રકટ સત્સંગ અતિ રે, દુઃખ દુષ્ટનું રહ્યું ન રતિ રે ॥૨૨॥
મહાવિજય શાસ્ત્રાર્થમાંહિ રે, જેહ રીતે થયો સભામાંહિ રે ॥
તે સઘળું નારુપંતે જઈ રે, સંભળાવ્યું સયાજીને કહી રે ॥૨૩॥
મહામુનિ મુક્તાનંદ સ્વામી રે, તેને રાખી નહિ કોઈ ખામી રે ॥
એક એક પ્રમાણ દેખાડી રે, કરી સત્ય વાતને ઉઘાડી રે ॥૨૪॥
સુણી આશ્ચર્ય પામિયા રાય રે, ધન્ય ધન્ય મહામુનિરાય રે ॥
થયો નરનારીને સમાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શાસ્ત્રાર્થમાં વિજય થયો એ નામે ત્રણસો ને છેતાલીસમું પ્રકરણમ્ ॥૩૪૬॥

પ્રકરણ : ૩૪૭

પૂર્વછાયો :

વિજય થયો વડોદરે, મુક્તાનંદનો વિરાટ ॥
અણસમજ અળગી થઈ, ટળ્યા પંડિત મન ઉચાટ ॥૧॥
ગાયકવાડને આંગણે, થયાં ઉત્સવ ઉમંગભેર ॥
ભાન ભૂલ્યા નરનારીઓ, વાધ્યો આનંદ ઘેરોઘેર ॥૨॥
મતવાદીના મેણલાં, જે સુણતાં નિશદન ॥
તે દુઃખ સર્વે દૂર થયું, સુખ આવિયું સઘન ॥૩॥

ચોપાઈ :

થયો મુક્તમુનિનો વિજય રે, દીધાં ઉત્તર થઈ નિર્ભય રે ॥
એમ જાણ્યું જ્યારે સરકારે રે, લાવ્યા હાર મહાકાય ભારે રે ॥૪॥
પછી પહેરાવિયો બહુ પ્રીત્યે રે, મુક્તાનંદજીને ભલી રીત્યે રે ॥
વળી પાય લાગ્યા ખૂબ લળી રે, કહે આ નગરી આજ ફળી રે ॥૫॥
પછી દેવઘરના પૂજારી રે, સંગે નિજપુત્રને બેસારી રે ॥
પૂજા કરાવી છે સ્વામી તણી રે, મંગાવીને સામગરી ઘણી રે ॥૬॥
બોલે બ્રાહ્મણ વેદના મંત્ર રે, બહુ વાજે છે સંગીત યંત્ર રે ॥
જાણે કુંવરનો અભિષેક રે, આજ રાખ્યો હોય ને શું છેક રે ॥૭॥
પછી પૂરું થયે પૂજન રે, આજ્ઞા થકી આવ્યાં નૃપ જન રે ॥
લાવ્યા થાળ મુદ્રાથી ભરેલા રે, મોંઘામૂલા છે વસ્ત્ર ઢાંકેલા રે ॥૮॥
પછી સ્વયં સયાજીરાય રે, ધરી ભેટ ઘણું હરખાય રે ॥
વળી નમ્યા પાય પોતે પડી રે, કરી વિનંતી પછી એ ઘડી રે ॥૯॥
અતિ અદ્‌ભુત થયું આ કામ રે, તેથી રાજી છું અતિ અકામ રે ॥
વટપત્તન વિદ્વત્ સભામાં રે, બેસી આપિયા ઉત્તર સામા રે ॥૧૦॥
શ્રીહરિ તે સ્વયં ભગવાન રે, એવો મત સ્થાપિયો મહાન રે ॥
માટે મુને ભેટાડો શ્રીહરિ રે, એવી આશા મુને બહુ વરી રે ॥૧૧॥
ત્યારે સ્વામીશ્રીએ ઉપદેશ રે, દીધો સયાજીને સવિશેષ રે ॥
સુણી રાય થયાં ઘણું રાજી રે, પછી બોલિયા પ્રેમે સયાજી રે ॥૧૨॥
ધન્ય ધન્ય સહજાનંદ સ્વામી રે, ધન્ય મુક્તાનંદ સુખધામી રે ॥
હવે નગરજનોને દર્શ રે, થાય અંતરમાં બહુ હર્ષ રે ॥૧૩॥

તેહ માટે કઢાવું સવારી રે, દિયો દર્શન આપ પધારી રે ॥
આમાં નહિ ચાલે આનાકાની રે, વાત એટલી તો લેજ્યો માની રે ॥૧૪॥
ત્યારે સ્વામી કહે ભલે સારું રે, વેણ રાખ્યું છે આજ તમારું રે ॥
તેથી નૃપ વળી હરિજન રે, સહુ થયાં છે મન મગન રે ॥૧૫॥
જોતજોતાંમાં થઈ તૈયારી રે, લાવ્યા સાજ સજીને સવારી રે ॥
ગજ અશ્વરથ બીજા મ્યાના રે, પાલખી આદિ છે બહુ વાના રે ॥૧૬॥
ડંકા નિશાન ઢોલ નગારું રે, શરણાઈ ભૂંગળ સુચારુ રે ॥
શોભે સવારીમાં મુક્તાનંદ રે, દેખી જનને થયો આનંદ રે ॥૧૭॥
તોપ બંદૂક ફૂટે ગગન રે, નાદ થયો અનંત સઘન રે ॥
આગે ચાલે અશ્વ અસવાર રે, પછી ચાલે પદાતિ અપાર રે ॥૧૮॥
ચડી માનુની ઝરૂખે વધાવે રે, મુખે મંગળિયા ગીત ગાવે રે ॥
સવારી ફેરવી પુરમાંય રે, થયાં રાજી સયાજીરાય રે ॥૧૯॥
પછી ભૂપે પત્રિકા લખાવી રે, સદ્ય દેશોદેશ મોકલાવી રે ॥
સ્વામી વિજયના સમાચાર રે, જાણી રાજી થયાં નરનાર રે ॥૨૦॥
વળી નાથભક્ત તેહ વાર રે, મોદ પામે અંગમાં અપાર રે ॥
ચાલ્યા ગઢડે કાગળ દેવા રે, મહા વિજયની વાત કહેવા રે ॥૨૧॥
ચાલ્યાં વડોદરેથી જરૂર રે, ત્રીજે દન પહોંચ્યા ગઢપુર રે ॥
પામી ગઢડુ હરખ્યા ઉર રે, પ્રભુ મળવા આશ ભરપૂર રે ॥૨૨॥
આવ્યાં ચાલી દરબારમાંય રે, શોધ્યા કિયાં રાજે પ્રભુરાય રે ॥
લીંબ વૃક્ષ નીચે મહારાજ રે, બેઠા હતાં વાટ જોઈ આજ રે ॥૨૩॥
તિયાં આવીને કર્યાં પ્રણામ રે, પૂરી થઈ સહુ મન હામ રે ॥
નથી સમાતો આનંદ મુખ રે, છલકે વદનમાં સુખ સુખ રે ॥૨૪॥
આંસુ આવ્યાં લોચનમાં હર્ષે રે, જાણે મેઘ ધીમે બુંદ વર્ષે રે ॥
અતિ આનંદિયા અવિનાશ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિની વડોદરામાં સવારી એ નામે ત્રણસો ને સુડતાળીસમું પ્રકરણમ્ ॥૩૪૭॥

INDEX

પ્રકરણ : ૩૪૮

પૂર્વછાયો :

પછી પ્રભુજી બોલિયા, ભલે નાથ ભક્ત પધારિયા ॥
કહો કુશળ સંતના, જે વડોદરા વસી રહ્યાં ॥૧॥
સુણી ભક્ત બોલિયા, અતિ પ્રેમ આણી દલ ॥
મુક્તાનંદ મહારાજનો, મહાવિજય થયો અવલ ॥૨॥
વડોદરે મતવાદીના, કર્યાં સંશય સરવે નાશ ॥
હાર થઈ પંડિતની, હરિજનને થયો હુલાસ ॥૩॥

ચોપાઈ :

એમ શ્રવણે સુણ્યાં જ્યાં વેણ રે, તુર્ત ઊભા થયાં સુખદેણ રે ॥
બહુ વાર ભેટ્યા ભક્તને રે, પછી ભેટ્યા છે બીજા જનને રે ॥૪॥
આવ્યાં પ્રભુ મોદમાં અપાર, તે તો કહ્યું ન જાય લગાર ॥
પછી બોલિયા શ્યામસુંદર રે, સાંભળો તમે દાદાખાચર રે ॥૫॥
મહાવિજય થયો વટપુર રે, માટે ઉત્સવ કરવો જરૂર રે ॥
ગાડાં ભરી મંગાવો સાકર રે, વહેંચો પુરમાંહિ મુદભર રે ॥૬॥
લાવી ગાડે અબીલ ગુલાલ રે, ઉડાડી કરો નગર લાલ રે ॥
એમાં રાખશો ન કાંઈ મણાં રે, રાજી થવા જોઈએ જન ઘણાં રે ॥૭॥
પછી પ્રભુ પોતે સુખકારી રે, તિયાં ચાદર મંગાવી ભારી રે ॥
કુમકુમે બોળીને ચરણ રે, લાગ્યા પાડવા ભયહરણ રે ॥૮॥
છાપું પાડતા થાકે ન લાલ રે, ભક્તજન વશ પ્રતિપાલ રે ॥
એમ છાપ્યા છે બસ્સો ચરણ રે, ત્યારે મુનિ બોલ્યા તતક્ષણ રે ॥૯॥
હવે રાખો રાખો મહારાજ રે, અતિ અઢળ ઢળ્યા છો આજ રે ॥
પછી બોલ્યા પ્રભુ તેહ સમે રે, મુનિ અદ્‌ભુતાનંદજી તમે રે ॥૧૦॥
આ ઘડી સધાવો વરતાલ રે, ગુરુદેવે કર્યા બહુ ન્યાલ રે ॥
રૂડો આપીને આ ઉપહાર રે, કરો સ્વામીને રાજી આ વાર રે ॥૧૧॥
કહેજો સ્વામીને એમ વચન રે, બહુ રાજી થયાં છીએ મન રે ॥
એમ કહીને દીધી ચાદર રે, ઘણું રાજી થઈ હરિવર રે ॥૧૨॥
વળી બોલ્યા એમ દીનાનાથ રે, પહોંચજો ઝડપ સંગાથ રે ॥
પછી આપી મુનિને વિદાય રે, હરિભક્ત હરખ્યા સમાય રે ॥૧૩॥

INDEX

એમ કરતાં કાંઈક દન રે, આવી પહોંચ્યા વટપત્તાન રે ॥
આવી નમ્યા છે સ્વામીને પાય રે, દીધી ભેટ ઘણું હરખાય રે ॥૧૪॥
તેમાંથી ચાર જોડ ચરણ રે, સ્વામીએ અતિ સુખકરણ રે ॥
દીધાં અદ્‌ભુતાનંદને પોત્યે રે, ઘણું રાજી થઈ સ્નેહ સોતે રે ॥૧૫॥
બીજા વધ્યા તે સંતમાં દીધાં રે, ભક્તને પણ દઈ રાજી કીધાં રે ॥
એમ આનંદ આવ્યો અપાર રે, તેનો કહેતાં ન આવે પાર રે ॥૧૬॥
વડોદરે મહામુનિરાય રે, રહ્યાં સાડા ત્રણ માસ ત્યાંય રે ॥
પછી પધારિયા ધર્મલાલ રે, અતિ કૃપા કરી વરતાલ રે ॥૧૭॥
તે સુણીને સિધાવિયા સ્વામી રે, ભક્તજન કેરી ભાંગી ખામી રે ॥
સંવત વર્ષ અઢાર એકાશી રે, ફાગણ સુદી દન એકાદશી રે ॥૧૮॥
આવ્યાં વહેલા વહેલા વરતાલ રે, સંગે લીધાં છે ઘણાં મરાલ રે ॥
જાણ્યું નાથે આવ્યાં ગુરુદેવ રે, સુણી રાજી થયાં તતખેવ રે ॥૧૯॥
સામા સિધાવ્યા હેત કરીને રે, ઘણું ભેટિયા બાથ ભરીને રે ॥
પછી પૂછ્યા સહુ સમાચાર રે, વહાલે વડોદરાના અપાર રે ॥૨૦॥
તેનું કહ્યું સ્વામીએ વૃત્તાંત રે, શ્રીહરિને કરી બહુ ખાંત્ય રે ॥
રુડો રાયનો દીધો સંદેશ રે, તમને મળવા ચાહે છે વિશેષ રે ॥૨૧॥
સુણી રાજી થયાં મહારાજ રે, કર્યું સ્વામીએ સુંદર કાજ રે ॥
પછી આપ્યો પ્રસાદીનો હાર રે, પ્રશંસા કરી વારમવાર રે ॥૨૨॥
વળી સંગે રહ્યાં બીજા સંત રે, તેને પણ ભેટ્યા ભગવંત રે ॥
અતિ વાત અલૌકિક જાણી રે, કહી જાણી તેને મેં વખાણી રે ॥૨૩॥
મહાશાસ્ત્રાભ્યાસી મુક્તાનંદ રે, પ્રકાંડ પંડિત છે જગવંદ રે ॥
સર્વે લીલા પ્રામાણિક ભાખી રે, જેમ છે તેમ ગ્રંથમાં રાખી રે ॥૨૪॥
નથી કહ્યું મેં શાસ્ત્રથી બારું રે, એટલું માનજો સહુ મારું રે ॥
નથી કર્યો મેં વાણીવિલાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્‌ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિને વિજયના સમાચાર મળ્યાં એ નામે ત્રણસો ને અડતાલીસમું પ્રકરણમ્‌ ॥૩૪૮॥

INDEX

પ્રકરણ : ૩૪૯

પૂર્વછાયો :

વડોદરે વસુધાપતિ, રહ્યો ગુણ તેને ગોવિંદનો ॥
પધરાવું હવે પુરમાં, વાધ્યો ઉમંગ એ વાતનો ॥૧॥
સ્નેહે સયાજીરાવશ્રી, પછી પત્ર લખે ઉદાર ॥
વડોદરે પ્રભુ આવજો, મુને દેવા આપ દિદાર ॥૨॥
આવો નહિ આંહિ તમે, તો આવું તિયાં હું નાથ ॥
દરશ વિણ મુને નથી, હવે હૈયે કોઈ મિરાંથ ॥૩॥

ચોપાઈ :

ત્યારે વાલો હતા વરતાલ, બીજા સંગે સખા ને મરાલ ॥
વાંચ્યો પત્ર પ્રભુએ જરૂર, ભાળ્યો ભાવ તેમાં ભરપૂર ॥૪॥
પછી મહારાજે મૂકિયું કહાવી, દેશું દર્શન તમને આવી ॥
પણ મોર્ય મેલશું ઉદાર, સદ્‌ગુરુ મોટા નિરધાર ॥૫॥
ત્યાર કેડ્યે પધારશું ત્યાંય, રેજયો નચિંત તમે શ્રી રાય ॥
પછી આલી છે આગન્યા નાથે, ત્રણ્ય સદ્‌ગુરુને સંગાથે ॥૬॥
મુનિ મુખ્ય રાખી મુક્તાનંદ, ગોપાળાનંદ ને નિત્યાનંદ ॥
જાજ્યો વડોદરે મહામતિ, કરજ્યો વાત રૂડી અમ વતી ॥૭॥
સંગે સુરા સોમલા ઉત્તમ, જાજ્યો ભક્ત અતિ અનુપમ ॥
એમ આગન્યા લઈ મરાળ, ચાલ્યાં વરતાલથી તતકાળ ॥૮॥
રહ્યાં સાંકરદે સહુ રાત્ય, આવ્યાં વડોદરે પરભાત્ય ॥
સુણી આવ્યાં સતસંગી સહુ, બીજા પણ આવ્યાં લોક બહુ ॥૯॥
કરે દર્શન નર ને નાર્ય, મુખે બોલે જયજયકાર ॥
જન લાવ્યા'તા સુમન હાર, પહેરાવ્યા સંતને નિરધાર ॥૧૦॥
મોટો મ્યાનો મુક્તમુનિ કાજે, લાવ્યા રામચંદ્ર વૈદ્ય આજે ॥
બેઠા સ્વામી પછી દયા કરી, જને નીરખિયું નેણા ભરી ॥૧૧॥
આવ્યાં ભક્ત બીજા એહ ટાણે, બેઠા અશ્વ ઉપર્ય પલાણે ॥
કેડ્યે ધીરેધીરે શું ચાલતાં, આવ્યાં મુનિ દર્શન આપતાં ॥૧૨॥
પછી માંડવી થઈ મંદિર, આવી પહોંચ્યા સંત સુધીર ॥
દીધાં નારુપંતે સમાચાર, જાણ કરવાને સરકાર ॥૧૩॥

ધન્ય ધન્ય થયાં છો નૃપતિ, ધન્ય પુરવાસી સહુ અતિ ॥
સદ્‌ગુરુ જે શ્રીહરિ કેરા, આવ્યાં આંગણે આજ ઘણેરા ॥૧૪॥
પત્ર વાંચી પ્રભુએ નિદાન, આંહિ સંત મેલ્યા છે મહાન ॥
વાયુ વેગે ચાલે સહુ વાતો, જનને નથી મોદ સમાતો ॥૧૫॥
સુણી નારુપંતનો સંદેશ, થયાં નૃપ મુદિત વિશેષ ॥
કહે ધન્ય થયું પુર આજ, આંહિ પધાર્યા સંત સમાજ ॥૧૬॥
હવે સંત સમાગમ થકી, જ્ઞાન પામીશ સઘળું નક્કી ॥
વળી કરી ઘણી સંત સેવ, થાઉં મોક્ષમગે હું અભેવ ॥૧૭॥
સંત સેવ્યા તણી રીત્ય હોય, કહેજયો સઘળું અમને સોય ॥
રહેશે ખામી જો એમાં લગાર, દોષ એ તો તમારો અપાર ॥૧૮॥
રીત્ય સેવાની જે નવ જાણો, તે તો પૂછી પૂછી પરમાણો ॥
જિયાં લગી રહે સહુ સંત, નિત દેજયો રસોઈ અત્યંત ॥૧૯॥
શીરો બાસુંદી બીરંજ બહુ, મોતીચુર જલેબિયું સહુ ॥
પેંડા માલપુડા બહુવાર, ખાંત્યે કરાવજો નિરધાર ॥૨૦॥
જમે સંત જો આપણું અન્ન, સઘ શુદ્ધ થાશે નિજ મન ॥
નાશે સંકટ વળી વિશેષ, તેહ વાત જૂઠી નહિ લેશ ॥૨૧॥
રાજભવને રાખી મરાળ, પ્રેમે પૂજીશ લઈ સંભાળ ॥
આવા સંત જોયા નહિ અન્ય, તેને જોઈ થયો હું તો ધન્ય ॥૨૨॥
સંત સેવામાં આવ્યું ન કામ, તેહ સંપત સરવે હરામ ॥
એમ સયાજીરાવે વિવેક, નારુપંતને કીધો વિશેક ॥૨૩॥
પછી વર્ણવી વાત સઘળી, કરી મુક્તાનંદજીને મળી ॥
દેખી રાજી થયાં મુનિ ભાવ, દયાળુ દલ સયાજીરાવ ॥૨૪॥
પછી હરખે રહ્યાં મરાળ, રાયે લીધી સનેહે સંભાળ ॥
કર્યો મંદિરમાંહિ નિવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્‌ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સયાજીરાવે વ્યવહાર વિવેક કહ્યો એ નામે ત્રણસો ને ઓગણપચાસમું પ્રકરણમ્‌ ॥૩૪૯॥

INDEX

પ્રકરણ : ૩૫૦

પૂર્વછાયો :

હવે કહીને વરણવું, જે રીત્ય હોય સંતની ॥
સ્નેહે સહુ સાંભળજો, છે કથા બુદ્ધિવંતની ॥૧॥
ખાતાં પીતાં બેસતાં, બોલતાં ઉઠતાં સ્વપ્નમાં ॥
સંત એમ વર્તે સદા, આવે ગુણ બીજાને મનમાં ॥૨॥
માટે કહું આ જક્તમાં, સંત એક એવું સોપાન ॥
કોટિ ચઢે તેથી ઘણાં, વળી પામે પ્રભુનું જ્ઞાન ॥૩॥

ચોપાઈ :

પછી રસોયું નિત્ય નવલી, એક એક થકી ઘણું ભલી ॥
કરી જમાડે સયાજીરાવ, આણી અંતરમાં અતિ ભાવ ॥૪॥
રથ મ્યાના વળી સુખપાલ, સુખે બેસવા કાજે મરાલ ॥
મહિપતિ મેલે નિત નિત, દેવા દર્શન માટ ઉચિત ॥૫॥
રાજભવન મધ્યે મંદિર, તિયાં શોભે સુંદર રુચિર ॥
તિયાં સંત પધારતા સંગે, પ્રભુ દર્શન કરતાં ઉમંગે ॥૬॥
તેહ સમામાંહિ એકવાર, મુક્તમુનિ સંગે નિરધાર ॥
આવ્યાં સંત સરવે મહોલ, થયાં સામૈયા વજાડી ઢોલ ॥૭॥
બની શોભા સામૈયાની બહુ, સુણી લોક આવ્યાં જોવા સહુ ॥
પડે નગારા ધ્રોશ[1] ધીમેરી, ભેરી ત્રુઈ વાજે નાદ ઘેરી ॥૮॥
વાજે શરણાઈ સ્વરે સારી, વાજે વાજાં તે મંગળકારી ॥
એમ કરતાં રાજભવને, સંત પહોંચિયા પરસને ॥૯॥
રૂડી જાગ્ય જે મંદિર આગે, તિયાં શોભા રચી અનુરાગે ॥
બિછાના બહુ કરિયા ખાંત્યે, લાવ્યા ભેટ વિધવિધ ભાત્યે ॥૧૦॥
બેસાર્યા મુનિ કરી વિનતિ, દરશને આવ્યાં મહિપતિ ॥
દીઠા સદ્‌ગુરુ તે મહાન, મોદ પામ્યા નૃપતિ નિદાન ॥૧૧॥
લળી લળી લાગ્યા બહુ પાય, જોડી જુગપાણિ હરખાય ॥
શીશ નામી સ્તુતિ કરી અતિ, કેડ્યે બેઠા આસને ભૂપતિ ॥૧૨॥
આવી નારુપંત મહાધીર, કહે સયાજીને સુણો ગિર ॥
સ્વામી સહજાનંદ નિદાન, રાજે સ્વયં શ્રી ભગવાન ॥૧૩॥

૧. ઘણઘણાટી

તે તો આવ્યાં જ્યારે સતસંગે, રહ્યા'તા મુક્તમુનિને સંગે ॥
વળી કરી રાખ્યા ગુરુદેવ, નિરમાની થઈ કરી સેવ ॥૧૪॥
એવાં મુનિ મુખ્ય મુક્તાનંદ, સહુ સંતમાં છે સુખકંદ ॥
તેણે હરિ વિણ બીજું કાંય, લેશ માન્યું નહિ સુખદાય ॥૧૫॥
જેદિ સત્સંગ પામ્યો આરંભ, તે દિના રહ્યાં છે થઈ સ્થંભ ॥
સદા નિત્ય નિર્લેપ દયાળ, આવ્યાં આપની લેવા સંભાળ ॥૧૬॥
સંગે નિત્યાનંદજી મહાન, આવ્યાં મુનિ ગોપાળ નિદાન ॥
એમ નારુપંતે કરી પ્યાર, ગાયા સદ્‌ગુરુ ગુણ અપાર ॥૧૭॥
સુણી સંત મહિમા સયાજી, મનમાંહિ થયા ઘણું રાજી ॥
પછી પૂજયા છે સહુને હેતે, કેસર પુષ્પ ચંદન સમેતે ॥૧૮॥
ધર્યા શ્રીફળ સદ્‌ગુરુ પાય, બીજા ભક્ત પૂજયા હરખાય ॥
પછી ભૂપ કહે જોડી પાણ, મુનિ મુક્તાનંદને સુજાણ ॥૧૯॥
અતિ કૃપાળુ ને ઉપકારી, મુમુક્ષુ જનનાં ભયહારી ॥
એવાં શ્રીહરિ મું પર ભાવ, રાખે છે કેવો ઉર લગાવ ॥૨૦॥
તેનું કહો મુને વરતંત, આપ મુખ થકી ભગવંત ॥
સુણી બોલિયા મુનિ દયાળ, તમે પ્રજા તણાં પ્રતિપાળ ॥૨૧॥
તપ કર્યું હશે ઘણું આપે, તેથી નૃપ થયાં છો પ્રતાપે ॥
વળી સતસંગે રાખી રુચિ, તે થકી પામ્યા ધામની કૂંચી ॥૨૨॥
માટે રાજી ઘણું ઘનશ્યામ, તમને સંભારે છે અભિરામ ॥
લખ્યો પત્ર તમે હેત આણી, માટે મેલ્યા છે અમને જાણી ॥૨૩॥
જાણી તમારા દલનો ભાવ, આંહિ પ્રેમે પધારશે માવ ॥
ધન્ય ધન્ય છે વટપત્તાન, ધન્ય નૃપ તમે શુદ્ધ મન ॥૨૪॥
કહી એટલી વાત નિરાંત્યે, મુનિ દિયે ઉપદેશ ખાંત્યે ॥
હવે ગાશે તે દલમાં ધારી, ઘનશ્યામપ્રકાશ વિસ્તારી ॥૨૫॥

ઈતિ શ્રીમદ્‌ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ સયાજીરાવના દરબારમાં રહ્યાં એ નામે ત્રણસો ને પચાસમું પ્રકરણમ્‌ ॥૩૫૦॥

પ્રકરણ : ૩૫૧

પૂર્વછાયો :

ત્યાર પછી જે જે કહ્યું, સહુ સાંભળજો વિશેષ ॥
મહામુનિ મુક્તાનંદજી, દિયે ભૂપતિને ઉપદેશ ॥૧॥
વિધવિધ રુચિ તણું, દેખાડી શુદ્ધ સ્વરૂપ ॥
રીત્ય ખરી સતસંગની, કહે વરણવી અનુપ ॥૨॥
તે સુણી ઘણું શ્રવણે, રાય રાજી થાય અપાર ॥
તે કહું છું તમને, સહુ સાંભળજો તતકાળ ॥૩॥

ચોપાઈ :

રુચિ રહે જો સત્સંગમાંય રે, તેની ખ્યાતિ વધે જગમાંય રે ॥
તેહ વિણ રુચિ રહે બીજે રે, તેથી મોક્ષ કારજ ન સીજે રે ॥૪॥
રુચિ અંત્યે કરે છે સહાય રે, શુદ્ધ ભાવે હોય દલમાંય રે ॥
માટે રુચિ ઊંચી ને મહાન રે, મુમુક્ષુને રાખવી નિદાન રે ॥૫॥
જેવા જન પાસે જન જાય રે, રુચિ તેવી તે જનની થાય રે ॥
રાખે સંગ કુસંગીનો કોઈ રે, થાય જન કુસંગી તે સોઈ રે ॥૬॥
મળે મોટા પુરુષ મહાન રે, તેથી જીવ થાયે જ્ઞાનવાન રે ॥
પછી પામે પદ નિરવાણ રે, પામે પ્રભુ પ્રકટ પ્રમાણ રે ॥૭॥
વળી વ્યાધિ વિના કોઈ સંગે રે, રુચિ રાખે નહિ કોઈ અંગે રે ॥
મળે સુખ જો જનને ઘણું રે, પછી વિસારી દે જાણપણું રે ॥૮॥
ભૂલે સત અસત્યનું ભાન રે, વળી ભૂલે એમાં ભગવાન રે ॥
પાપ કરતાં પાછો ન પડે રે, અંતે જમને મારગ ચડે રે ॥૯॥
જ્યારે વ્યાધિ વાધે તન મન રે, ત્યાર પછી સંભારે ભગવન રે ॥
તેહ વિના સંભારે ન લેશ રે, રહે મિથ્યા મસ્તીમાં વિશેષ રે ॥૧૦॥
લોકમાંહિ મોટા જન હોય રે, તેને વ્યાધિ ન થાય જો કોય રે ॥
તિયાં લગી સતસંગ વિશે રે,લેશ રુચિ તેની નવ દીસે રે ॥૧૧॥
જ્યારે રુચિ બહુનામી સંગે રે, કરે જન જે અતિ ઉમંગે રે ॥
ભવરોગ તેનાં સહુ નાસે રે, હરિ મૂરતિ અંતર પ્રકાશેરે ॥૧૨॥
મળ્યાં પ્રભુ પ્રકટ પ્રમાણ રે, તે તો નિશ્ચે પામ્યા કલ્યાણ રે ॥
વળી હોય હરિને મળેલ રે, એને પણ થયું ઘણું સહેલ રે ॥૧૩॥

એમ વાત વિસ્તારી હુલાસે રે, મુનિ કહે મહિપતિ પાસે રે ॥
સુણી રાજી થયાં છે સયાજી રે, જાણ્યું આજ આવી ખરી બાજી રે ॥૧૪॥
ઉઘડ્યું અંતરતમનું તાળું રે, જયારે મળ્યાં મહાન મરાળું રે ॥
વાધ્યો મહિમા હૃદે અપાર રે, તેનો કહેતાં આવે નહિ પાર રે ॥૧૫॥
એમ પંદર દન ભુવન રે, રહ્યાં સદ્‌ગુરુ પરસન રે ॥
પૂછે પ્રશ્ન જે જે મહિપાળ રે, કરે ઉત્તર તેનાં દયાળ રે ॥૧૬॥
પછી ભૂપતિએ ભગવાન રે, નિશ્ચે જાણ્યા જેવા છે નિદાન રે ॥
લાગી પ્રભુ મિલનની પ્યાસ રે, અન્ય હૃદે રહી નહિ આશ રે ॥૧૭॥
ત્યારે સદ્‌ગુરુ દયા આણી રે, બોલ્યા નૃપની મરજી જાણી રે ॥
હવે જાશું અમે વરતાલ રે, હેતે મળશું ધર્મનો લાલ રે ॥૧૮॥
કરી વિનંતી વારમવાર રે, આંહિ તેડાવશું કરી પ્યાર રે ॥
પ્રબોધિની પૂરી થયે નાથ રે, નક્કી પધારશે સંત સાથ રે ॥૧૯॥
એમ કોલ દઈને મરાળ રે, આવ્યાં વરતાલે તતકાળ રે ॥
પ્રભુ પાયે પડી બહુ ખાંત્યે રે, કરી વાત વાલાને નિરાંત્યે રે ॥૨૦॥
સુણી સદ્‌ગુરુ તણી વાત રે, થયાં નાથ ઘણું રળિયાત રે ॥
પછી બોલ્યા મુખે મુક્તપતિ રે, કર્યું કાજ વડોદરે અતિ રે ॥૨૧॥
ગાયકવાડી નૃપ નથી છોટા રે, એથી હશે બીજા બહુ મોટા રે ॥
પણ આ રાયે ધર્મ જે રાખ્યો રે, એવો બીજાએ લેશ ન રાખ્યો રે ॥૨૨॥
ભલા દ્વિજ વિદ્વાન જે હોય રે, તેને પ્રેમે પૂજે ભૂપ સોય રે ॥
દેવ મંદિર સાધુ અપાર રે, એમાં એનો દીઠો અમે પ્યાર રે ॥૨૩॥
રાજ રહેશે રાયનું અચળ રે, રહેશે ધર્મમાંહિ જો અમળ રે ॥
એમ કહી લખાવિયો પત્ર રે, વૃદ્ધિ થાશે તમારી સર્વત્ર રે ॥૨૪॥
કરશું પૂરો મનોરથ આપ રે, દેશું આવીને સુખ અમાપ રે ॥
વાંચી થયાં સયાજી હુલાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્‌ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે સયાજીરાવને ઉપદેશ આપ્યો એ નામે ત્રણસો ને એકાવનમું પ્રકરણમ્‌ ॥૩૫૧॥

INDEX

પ્રકરણ : ૩૫૨

પૂર્વછાયો :

નિયમ વાલા નાથને, રહેવું નિયમે આહુંજામ ॥
નિયમથી શોભે ઘણું, તે પાળજયો નરવામ ॥૧॥
માને સુખ મોકળ્યમાં, તેનો આવે શું વિશ્વાસ ॥
ન કરવાનું કરી રહે, કરે મનમુખી કંકાસ ॥૨॥
માટે નિયમ નક્કી કરી, પાળવા ધરી ટેક ॥
એમ કરતાં અંતરે, સુખ ઉપજે વિશેક ॥૩॥

ચોપાઈ :

કહું વાત નિયમની એહ રે, હવે સાંભળજયો સહુ તેહ રે ॥
એક સમે વાલે વરતાલ રે, નરનારી કર્યાં ઘણું ન્યાલ રે ॥૪॥
પછી પ્રેમે ચાલ્યાં વૃષનંદ રે, લીધાં સંગાથે સંતના વૃંદ રે ॥
રહ્યાં બોચાસણે જઈ રાત્ય રે, ત્યાંથી ચાલ્યાં ઊઠી પરભાત્ય રે ॥૫॥
આવ્યાં દેવાણ આમોદ ગામ રે, ત્યાંથી બુવે ગયાં બહુનામ રે ॥
ભરૂચ અંકલેશ્વર અકળ રે, ચાલ્યાં ચોકી તિયાંથી ચંચળ રે ॥૬॥
જન રાજી કરી બહુ નાથ રે, સંત સખા લઈ સહુ સાથ રે ॥
સુખદાયક સુરત આવ્યાં રે, જાણી ભક્ત સામૈયું તે લાવ્યા રે ॥૭॥
નરનારી નિહાળે અપાર રે, કરે દર્શન વારમવાર રે ॥
ઘણું શહેરમાં ફરિયા નાથ રે, કર્યાં કૈંક જનને સનાથ રે ॥૮॥
હતો બંગલો તાપીને તીર રે, જમ્યા થાળ ત્યાં શ્યામ શરીર રે ॥
શોભે આંબલી એક વિશાળ રે, બાંધ્યો હિંડોળો તેહની ડાળ રે ॥૯॥
પછી હરિને હેતે ઝુલાવ્યા રે, સર્વ હરિજન દર્શને આવ્યાં રે ॥
બેઠા સભા ભરી ગિરધારી રે, શિક્ષા વચન કીધાં ઉચ્ચારી રે ॥૧૦॥
સત્સંગીમાં સંપ જો દીસે રે, તેને દેખી મન મારું હીસે રે ॥
માટે મુજને કરવા પ્રસન્ન રે, કેદિ કુસંપ ધરશો ન મન રે ॥૧૧॥
વળી બોલિયા વાલમ વાણ્ય રે, સુણો મુક્તાનંદજી સુજાણ્ય રે ॥
કરો નિયમ સંતમંડળે રે, લાવે નહિ પદારથ છળે રે ॥૧૨॥
કોને પૂછી પદારથ લાવું રે, લાવી કિયાં જમા તે કરાવું રે ॥
સુણી સ્વામી ગયાં છે આસને રે, ભેળા કીધાં સર્વ સંતને રે ॥૧૩॥

કહે મુક્તમુનિ સુણો સંત રે, તમે છો સહુ વૈરાગ્યવંત રે ॥
જોઈએ વસ્તુ પદારથ કાંય રે, અન્ય માંગવા જાવું ન ક્યાંય રે ॥૧૪॥
વસ્ત્ર જોડા કે પુસ્તક હોય રે, શાહી કલમ કે વળી કોય રે ॥
સોય દોરા કે કાતર છરી રે, જે જે જોઈએ ઉપયોગી ફરી રે ॥૧૫॥
નિજ સદ્‌ગુરુને કહી દાખે રે, પણ સતસંગીને નવ ભાખે રે ॥
હોય મંડળમાં ગુરુ જેહ રે, તેની પાસે મંગાવવું તેહ રે ॥૧૬॥
ગુરુ કોઠારીને પછી કેશે રે, વસ્તુ કોઠારી મંગાવી દેશે રે ॥
પણ વટાવી સદ્‌ગુરુ નામ રે, વસ્તુ લેવી નહિ નિજ કામ રે ॥૧૭॥
વળી જેની તેની પાસે માંગે રે, માંગનારનું માન તો ભાગે રે ॥
પછી સંત એ લોભી પ્રમાણે રે, જન દેનારો સંશય આણે રે ॥૧૮॥
ન મળે તોય સંતોષ રાખે રે, રૂડાં સંત બીજે નવ ભાખે રે ॥
એમાં વ્યાકુળ થાવું ન ક્યારે રે, લેવું આપે મોટેરા તે જ્યારે રે ॥૧૯॥
ઝાઝું ગ્રહી બગાડ ન કરવું રે, વાંસે વધ્યું તે પાછું ધરવું રે ॥
નિજ શ્રદ્ધા પ્રમાણે જ ગ્રેવું રે, એથી વધતું કાંઈ ન કેવું રે ॥૨૦॥
સર્વ ત્યાગીએ સમજવું એમ રે, કીધું શ્રીહરિએ કીધું જેમ રે ॥
એમ દૈ ઉપદેશ સમસ્ત રે, સંતમાંહિ કર્યો બંદોબસ્ત રે ॥૨૧॥
સુણી રાજી થયાં મહારાજ રે, જાણ્યું શુદ્ધ છે સંત સમાજ રે ॥
રહેશે નિયમમાં જન જેહ રે, થશે નિર્ભય નક્કી તેહ રે ॥૨૨॥
દ્રઢ હોય ધર્મ નિમમાંઈ રે, તે અયોગ્ય કરે નવ કાંઈ રે ॥
નર હોય મોટા નિમ વિણ રે, તો જાણવા નહિ તે પ્રવીણ રે ॥૨૩॥
એમ સુરત શહેર મોઝાર રે, ઉપદેશ દીધો નિરધાર રે ॥
વર્ણી પાળા મરાળની રીત્ય રે, સવળી ગ્રેજ્યો સમજી ઉચિત રે ॥૨૪॥
વસમું લાગે નિયમની વાડ્યે રે, તે તો પડશે જમની ખાડ્યે રે ॥
પછી નહિ છૂટે જમત્રાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્‌ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ત્યાગી ધર્મની રીત કહી એ નામે ત્રણસો ને બાવનમું પ્રકરણમ્‌ ॥૩૫૨॥

પ્રકરણ : ૩૫૩

પૂર્વછાયો :

હવે લીલા મુનિ તણી, કહું સાંભળજો કરી હેત ॥
રહ્યાં ગોવિંદ ગઢડે, મુનિ મુક્તાનંદ સમેત ॥૧॥
લીલા કરે છે લાડીલો, જોઈ મનમુદા રહે જન ॥
સુખ દિયે નિત્ય નવું, પરબ્રહ્મ પરમ પ્રસન્ન ॥૨॥
ઘડી રીસે ઘડી હસે, ઘડી બીક બતાવે નાથ ॥
ઘડી ઘડી મુક્તાનંદજી, સમજાવે સ્નેહ સંગાથ ॥૩॥

ચોપાઈ :

એક સમે ગઢપુરમાંય, ઘણું રીસે ચડ્યા હરિરાય ॥
વાતમાં નહિ કાંઈ વિશેષ, તોય રુઠ્યા ઘણું પરમેશ ॥૪॥
ગુજરાતથી આવેલ બાઈ, તેણે ઈચ્છા રહી મનમાંઈ ॥
જુગતે જમાડી જીવનપ્રાણ, રાજી કરવા પ્રકટ પ્રમાણ ॥૫॥
તેથી જયા લલિતાને સંગે, કરે થાળ પ્રભુનો ઉમંગે ॥
દોય દન લગી એમ સર્યું, પછી મોટીબાનું મન ફર્યું ॥૬॥
હવે આવવું નહિ તમારે, કરવો થાળ એકલા અમારે ॥
માટે સેવા સજો બીજી સોઈ, આંહિ આવશો મા તમે કોઈ ॥૭॥
સુણી દુઃખી થઈ સહુ વામ, પછી ઉદાસી રહે આહું જામ ॥
જાણ્યું જગજીવને તે સહુ, થયાં ઉદાસી દલમાં બહુ ॥૮॥
પછી લેશ બોલ્યા નહિ વેણ, ચડ્યા રીસમાં રાજીવનેણ ॥
રજની બની અંધાર જયારે, પગપાળા ચાલ્યાં પ્રભુ ત્યારે ॥૯॥
કેને કહ્યું નહિ કિયાં જાઉ, પરબારું ગયાં એક ગાઉ ॥
તોય થઈ સંતને ખબર, જાય છે એકલા હરિવર ॥૧૦॥
તેથી વાંસે સધાવ્યા મરાળ, નૃપ ઉત્તમાદિ તતકાળ ॥
એમ કરતાં ભેળા થયાં ભાવે, હજી વાલો રહ્યાં રાધાવાવે ॥૧૧॥
મુક્તમુનિ આદિ સહુ સંત, ઝાલ્યો હાથ હરિનો અત્યંત ॥
પછી પ્રીતે બેસાર્યા આસન, કેડ્યે કહે મુનિઓ મગન ॥૧૨॥
હવે પાછા વળો ગિરધારી, ભૂલ્ય માફ કરોને અમારી ॥
જેમ રાજી રહો જગદીશ, એમ કરશું અમે અહોનિશ ॥૧૩॥

INDEX

નિત્યમુનિ બ્રહ્મમુનિ દોય, સમજાવે સુંદરવરને સોય ॥
પણ માને નહિ મહારાજ, રીસાયા એવાં રસિયો આજ ॥૧૪॥
પછી નિત્યાનંદજી એકાંત્યે, જઈ કહે મુક્તમુનિને ખાંત્યે ॥
સ્વામી આપ કરો હવે કાજ, નહિ માને મુંથી મહારાજ ॥૧૫॥
ત્યારે સ્વામી આવ્યાં પ્રભુ આગે, પહેલા કીધું અતિ અનુરાગે ॥
રહેવું ગુરુ વચને હંમેશ, તેમાં પાડવો ફેર ન લેશ ॥૧૬॥
તે અમારે ને નહિ તમારે ?, એમ ચાલશે નહિ આ વારે ॥
સ્વામી રામાનંદે બહુવાર, કહી મેલ્યું છે કરીને પ્યાર ॥૧૭॥
મુક્તાનંદની આગન્યામાંય, રહેજયો વર્ણી તમે સુખદાય ॥
તે વચન પાળવું તમારે, રાખવો નહિ ફેર લગારે ॥૧૮॥
વળી બોલ્યા નિત્યાનંદ સ્વામી, કહેવામાં તો રાખો નહિ ખામી ॥
મુક્તમુનિ છે ગુરુ અમારા, કહેતાં થાકો નહિ કોઈ વારા ॥૧૯॥
હવે પાળો ગુરુનું વચન, મેલો રીસ ને થાઓ પ્રસન્ન ॥
વળી બોલ્યા મુક્તમુનિ મુખ, હવે દૂર કરો સહુ દુઃખ ॥૨૦॥
દયા આણી આવો દરબાર, રાખો લીલા તમારી મોરાર ॥
ત્યારે હસી બોલ્યા હરિરાય, હવે જાવું જોશે હરખાય ॥૨૧॥
જાઉં આગળ હું તતકાળ, વાંસે આવજો સહુ મરાળ ॥
એમ કહી પધારિયા નાથ, નિજજનને કીધાં સનાથ ॥૨૨॥
થયાં રાજી નરનારી સહુ, તેની વાત મુખે હું શું કહું ॥
પુરુષોત્તમને મન એક, મુનિ મુક્તાનંદજી વિશેક ॥૨૩॥
એની રાખે મોટી મરજાદ, નવ ચાલે તિયાં ફરિયાદ ॥
એવાં થયાં નથી નવ થાશે, એવાં મુક્તમુનિ એક ભાસે ॥૨૪॥
હશે જન જવાસા સમાન, તે તો બળે જળે નિદાન ॥
પય મેલી પીધી તેણે છાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે રિસાયેલા શ્રીહરિને મનાવ્યા એ નામે ત્રણસો ને ત્રેપનમું પ્રકરણમ્ ॥૩૫૩॥

પ્રકરણ : ૩૫૪

પૂર્વછાયો :

કહું અનુપમ વારતા, છે જગમાંહિ વિખ્યાત ॥
મન દઈ સાંભળજો, નરનારી સહુ રળિયાત ॥૧॥
ગામ રૂડાં ગઢપુરમાં, નૃપ એભલનો પરિવાર ॥
જીવાખાચર તેહના, થાય ભાયાતો નિરધાર ॥૨॥
તેની વાત વરણવી, હવે કહું કથા રસાળ ॥
હેત કર્યું હરિરાયમાં, તો છૂટી જગની જાળ ॥૩॥

ચોપાઈ :

જીવા ખાચરને એવું અંગ રે, આહું જામ રહે પ્રભુ સંગ રે ॥
મુક્તમુનિ આદિ સંતમાંય રે, રહ્યો સ્નેહ અપાર સદાય રે ॥૪॥
વેણ ઘસાતું સંતનું બોલે રે, તેને તરછોડે તૃણ તોલે રે ॥
સંત કાજે રહે કુરબાન રે, રાખે સંત સદૈવ પ્રધાન રે ॥૫॥
અમરી ને અમુલા એ નામ રે, દોય સુતા તેની ગુણધામ રે ॥
હતો જયા લલિતાની જેમ રે, પ્રકટ પ્રભુમાં અચળ પ્રેમ રે ॥૬॥
મુક્તાનંદજીને બહુવાર રે, નેહે રાખ્યા નિજ દરબાર રે ॥
ત્રુટિ રાખે સેવાએ ન લેશ રે, એવું સંતમાં હેત વિશેષ રે ॥૭॥
પણ બને વહેવારે બનાવ રે, ત્યારે આવે પ્રભુનો અભાવ રે ॥
ઈર્ષ્યા રહે ઉત્તમ સંગાથ રે, એને કાચપ એટલી માથ રે ॥૮॥
પછી આવ્યો તેનો અંતકાળ રે, તન તાવ રહ્યો તતકાળ રે ॥
ગયાં દર્શન દેવાને કાજ રે, મુક્તમુનિ સંગે મહારાજ રે ॥૯॥
હેત આણી બોલ્યા હરિરાય રે, તમે ચિંતા ન રાખશો કાંય રે ॥
કોડે કરશું તમારું કલ્યાણ રે, દૈયે કોલ પ્રકટ પ્રમાણ રે ॥૧૦॥
ત્યારે બાપુ કહે બળવંત રે, નથી કર્યાં મેં પુણ્ય અત્યંત રે ॥
દાઝ દાદા સંગે ઘણી રાખી રે, ભૂંડી વાતું એની બહુ ભાખી રે ॥૧૧॥
વળી સૈન્ય ભાવેણાનું લાવી રે, પીડા ઉત્તમને ઉપજાવી રે ॥
ભોંય કાજે કર્યાં સંગરામ રે, એવાં કષ્ટદાયી મારા કામ રે ॥૧૨॥
આજ લગી આચર્યો અન્યાય રે, મારું કલ્યાણ કહો કેમ થાય રે ॥
પછી પકડી બાપુનો હાથ રે, નિજ હાથે મેલી કહે નાથ રે ॥૧૩॥

INDEX

તોય કરશું તમારું કલ્યાણ રે, સત્ય ઠરશે અમારી વાણ્ય રે ॥
સુણી અશ્રુભીની થઈ આંખ્ય રે, ઉર વિચાર ઉપજ્યો સાંખ્ય રે ॥૧૪॥
પછી મુક્તમુનિ કહે પ્રીત્યે રે, શ્રીજી સંભારજ્યો ભલી રીત્યે રે ॥
દેહ ગેહ તણી મેલો આશ રે, વૃત્તિ વાળી ભજો અવિનાશ રે ॥૧૫॥
કર્યું કાજ અસત્ય જે અતિ રે, ભૂલો સરવે તેહ ભૂપતિ રે ॥
મતિ રાખો મહાપ્રભુમાંય રે, જાશે દુઃખ સહુ વિસરાય રે ॥૧૬॥
ચરણ પાડી આપ્યાં જે તમને રે, તેને નીરખો પ્રસન્ન મને રે ॥
વળી નાથના જે નખકેશ રે, ભાવે રાખ્યા'તા ઘેર વિશેષ રે ॥૧૭॥
તેને જોવા કહ્યું મુનિરાયે રે, જોઈ વૃત્તિ રહેશે પ્રભુમાંયે રે ॥
પછી મુનિ સંગે મહારાજ રે, ત્યાંથી ચાલ્યાં પૂરાં કરી કાજ રે ॥૧૮॥
જીવા ખાચરે ત્યાગિયું તન રે, બ્રહ્મમોલ સધાવ્યા મગન રે ॥
વિધિ પૂરી કરી જન સહુ રે, બેઠા આવી સભામાંહિ બહુ રે ॥૧૯॥
ત્યારે વાલે કરી વાત છતી રે, હતું હેત જ બાપુને અતિ રે ॥
દેખી સારા સદ્‌ગુણ દોય રે, દીધું પદ નિરવાણ સોય રે ॥૨૦॥
હાથધોણું થયું'તું અમને રે, ત્યારે નિજ ભુવન મગને રે ॥
સેવા કરી રાખ્યા રૂડી પેર રે, મુને સાંભરે તે મુદભેર રે ॥૨૧॥
વળી ઈક્ષુ[1] જમતા આંગળી રે, જ્યારે આવ્યું રુધિર નીકળી રે ॥
ત્યારે ફેંટો ફાડી પાટો બાંધી રે, ઠારી પીડા અમારી સાંધી રે ॥૨૨॥
માટે ભૂલ્યા એના અપરાધ રે, મોક્ષમગે આવ્યો નહિ બાધ રે ॥
સુણી બોલ્યા મુક્તાનંદ સ્વામી રે, ધન્ય ધન્ય તમે બહુનામી રે ॥૨૩॥
અધમ ઉદ્ધારણ પ્રતિપાળ રે, દીનજન તણાં છો દયાળ રે ॥
જન જે થાય આપનો નક્કી રે, તેને કલ્યાણની વાત પકી રે ॥૨૪॥
જેમ તેડી ચાલ્યાં મહારાજ રે, જીવાખાચરનું કરી કાજ રે ॥
એમ રાખજ્યો સહુ વિશ્વાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે જીવાખાચરને ધામમાં તેડી ગયાં એ નામે ત્રણસો ને ચોપનમું પ્રકરણમ્ ॥૩૫૪॥

---

૧. શેરડી

INDEX

પ્રકરણ : ૩૫૫

પૂર્વછાયો :

એક સમે ગઢપુરમાં, જીવન કહે જનને વળી ॥
હોંશે હુતાશણી કરીએ, તો સંત આવે સર્વે મળી ॥૧॥
ત્યારે હરિજન હરખ્યા, સુણી વાલમની વાતડી ॥
રંગે રસિયો જો રમે, તો ધન્ય ભાગ્ય ધન્ય ઘડી ॥૨॥
પછી ઠેરાવી ઠીક કર્યું, સંત સર્વે તેડાવિયા ॥
સુણી દેશ પ્રદેશમાં, ગઢડા ભણી સહુ આવિયાં ॥૩॥

ચોપાઈ :

પુરજનોએ પૂજન કાજ, લાવી મેલ્યો છે સઘળો સાજ ॥
સંઘ આવે સાબદા અપાર, પછી રોઝે થયાં અસવાર ॥૪॥
સંઘ સામા જાવા અવિનાશ, મનમાંહિ કરી ઘણી આશ ॥
ઘોડે ચડી ચાલ્યાં ઘનશ્યામ, સંગે સંત ચાલ્યાં અભિરામ ॥૫॥
ત્યારે નાથ કહે સંત સોઈ, મુંજ વાંસે ન આવજો કોઈ ॥
ઊભા રહેજયો તમે જોઈ વાટ, અમે જાશું તેડવાને માટ ॥૬॥
એમ કહી ચાલ્યાં કિરતાર, ભેળા ઘોડે ઘણાં અસવાર ॥
આવ્યાં ચાલી ઉગામેડી ગામ, તિયાં સંઘ મળ્યાં સુખધામ ॥૭॥
જનને બહુ દર્શન દીધાં, સહુ સંઘના કારજ સીધા ॥
શ્રીહરિએ કીધી'તી મનાઈ, તોય સંત આવ્યાં વાંસે ત્યાંઈ ॥૮॥
તેનું નામ છે માધવદાસ, બીજા પણ આવ્યાં મુનિ ખાસ ॥
ઘણી લાગી છે મનમાં બીક, આપણે તો કર્યું નહિ ઠીક ॥૯॥
જ્યારે પૂછશે પ્રશ્ન મહારાજ, શું દેશું એનો ઉત્તર આજ ॥
પછી વિચારિયું માહોમાંય, જ્યારે પૂછે પ્રભુ પ્રશ્ન કાંય ॥૧૦॥
તેનો દેવો ઉત્તર અમારે, બીજાને ન બોલવું લગારે ॥
બીજાને પૂછે શ્રી બળવંત, ત્યારે મુન્ય રહેશું અમે સંત ॥૧૧॥
એમ ધારી છૂપાયા ખેતર, તોય નાથે નાખી ત્યાં નજર ॥
મુનિ ભાળી બોલ્યા વનમાળી, આગન્યા અમારી શીદ ટાળી ॥૧૨॥
બંધી કીધી મેં આવવા આંઈ, તોય વાંસે આવ્યાં કેમ ધાઈ ? ॥
માધવદાસ બોલ્યા જોડી હાથ, આજ્ઞા લઈ આવ્યા છૈયે નાથ ॥૧૩॥

INDEX

નથી આવ્યાં આજ્ઞા વિણ અમે, માટે રાજી રહો પ્રભુ તમે ॥
અમે મુનિ કર્યા કોટવાળ[1], મહાનુભાવાનંદ દયાળ ॥૧૪॥
તેને પૂછી આવ્યાં સહુ સંત, નથી જૂઠું કહેતાં ભગવંત ॥
ત્યારે નાથ કહે રળિયાત, હોય જૂઠું તો તમારી વાત ॥૧૫॥
પછી પ્રભુ આવ્યાં દરબાર, સત્ય વાત પૂછી નિરધાર ॥
મુજ કેડ્યે આવ્યાં સંત એને, આગન્યા આપી આવવા કેને ॥૧૬॥
સુણી બોલ્યા મહાનુભાવાનંદ, સધાવિયા છે એ તો સ્વચ્છંદ ॥
નાથ જાવા તો ના અમે પાડી, તોય આવ્યાં તિયાં દોટ્ય કાઢી ॥૧૭॥
સુણી બોલિયા જગદાધાર, એને કરજો પંગત બાર્ય ॥
વર્ષ એક પૂરું થશે જ્યારે, લેશું જમવા સંતને હારે ॥૧૮॥
દીધો દંડ એવો દીનાનાથે, પડ્યું આભ મરાળને માથે ॥
પછી માધવદાસ ઉદાસ, ગયાં મુક્તાનંદજીની પાસ ॥૧૯॥
લળી લળી કરે છે વિનંતી, નથી નથી એમાં મુજ ક્ષતિ ॥
મહાનુભાવાનંદે શીખ આલી, ત્યાર કેડ્યે ગયાં અમે ચાલી ॥૨૦॥
સુણી મુક્તાનંદજી દયાળે, મુનિ તેડાવિયા તતકાળે ॥
કહ્યું કેમ બોલ્યા જૂઠું આપ, એમ તમને ન ઘટે નિષ્પાપ ॥૨૧॥
ત્યારે કહે મહાનુભાવાનંદ, રુઠે નહિ તે પૂરણચંદ ॥
એ માટે બોલ્યા વેણ અસત્ય, પણ મુનિ તો છે શુભમત ॥૨૨॥
પછી મુક્તાનંદ મહારાજે, મેલ્યું કે'ણ હરિવર કાજે ॥
સંતને દોષ લેશ મ દેજ્યો, સમતા મમતા ઉર ગ્રે'જ્યો ॥૨૩॥
દાસ માધવ છે નિરદોષ, વાલા વિસરજો મિથ્યા દોષ ॥
ગુરુદેવની સાંભળી વાણી, પછી કીધું પ્રભુએ પ્રમાણી ॥૨૪॥
હવે કરશો મ પંગત્ય બા'ર, સંત ભેળે જમજો ઉદાર ॥
એમ લીલા કરી અવિનાશે, કીધી ઘનશ્યામપ્રકાશદાસે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે માધવદાસ સ્વામીને પંક્તિમાં લીધાં એ નામે ત્રણસો ને પંચાવનમું પ્રકરણમ્ ॥૩૫૫॥

---

૧. અમલદાર

પ્રકરણ : ૩૫૬

પૂર્વછાયો :

સંત વિણ સમજવા, સતશાસ્ત્રા કે ભગવાન ॥
જ્ઞાન એવું જ્ઞાની તણું, ખરું એ જ એનું અજ્ઞાન ॥૧॥
દ્રગે દીઠું શ્રવણે સુણ્યું, અસત્ય હોય ક્વચિત ॥
તેનું પારખું પાડવા, સંત સેવવા ખચિત ॥૨॥
સાચા સંતને શરણે, રહેવું ભલા થઈ સદા ॥
ક્રોડ આવે મર વિઘનો, તોય નહિ દિયે પડવા કદા ॥૩॥

ચોપાઈ :

હવે વાત કહું તેની ખરી, સહુ મને વિચારજો જરી ॥
રૂડું ગામ છે એક ગઢાળી, હૈયું હરખે જેહને ભાળી ॥૪॥
રહેતા ગામ વિશે આંબા શેઠ, હતું ગામ આખું એની હેઠ્ય ॥
પ્રભુ મળવાની રાખતા આશ, તે વિના દલ થતું ઉદાસ ॥૫॥
પછી સાંભળી આકાશવાણી, ખરી વાત લેજે હવે જાણી ॥
પ્રભુ અવતર્યા અવનિમાંઈ, શીદ ભૂલ્યો ભમે ભરમાઇ ॥૬॥
દુર્ગપુરમાં વિરાજે આજ, જઈ કરી લે જીવનું કાજ ॥
સુણી શેઠ ગયાં ગઢપુર, મળ્યાં મોહનરાય જરૂર ॥૭॥
પછી નિશ્ચે જાણ્યા ભગવન, એમાં નહિ સંદેહને સ્થાન ॥
થયાં ખરેખરા સતસંગી, પ્રભુ પ્રેમમાંહિ ઉછરંગી ॥૮॥
લીધો નિત્યનો એવો નિયમ, બ્રાહ્મમુહૂર્તે ઊઠી કાયમ ॥
દીનાનાથને દેવા જરૂર, દાતણ લઈ જવું ગઢપુર ॥૯॥
તેથી સુગંધી જળમાં નિત, દાતણ રાખે રજની ખચિત ॥
આવે ચાલી ગઢડે અવશ્ય, દઈ દાતણ પામે હરખ ॥૧૦॥
હતું વાલા સંગે એવું વાલ, હેતમાંહિ થયાં ઘણું ન્યાલ ॥
તેથી નાથને ન્યાલકરણ, શેઠ બોલાવે સુખકરણ ॥૧૧॥
એવી ટેકવાળા આંબા શેઠ, તોય વિઘ્ન રહ્યું એને ઠેઠ ॥
તેની વાત વિસ્તારે સુણાવું, પછી રહસ્ય તે સમજાવું ॥૧૨॥
નૃપ ઉત્તમને દરબાર, વાલો વિરાજે છે કરી પ્યાર ॥
વાસુદેવના ઓરડા થકી, આવતા લીંબતરુએ નક્કી ॥૧૩॥

પીળો સુરવાળ પહેર્યો એક, અન્ય પંડ ઉઘાડું વિશેક ॥
આવી ઓસરિયે અવિનાશી, અતિ લીલા અનુપ પ્રકાશી ॥૧૪॥
ઊભેલા અદિબા જોડી હાથ, નેણે નીરખવા દીનાનાથ ॥
તેનાં સ્કંધે મૂકી નિજ હાથ, ઓસરી થકી ઉતર્યા નાથ ॥૧૫॥
એ જ સમે આવ્યાં શેઠ ત્યાંય, દ્રશ્ય દીઠું તે લોચનમાંય ॥
પછી શંકા પેઠી તેને મન, આતો ભાન ભૂલ્યા ભગવન ॥૧૬॥
જેને માનું હું જગદાધારા, કેમ સ્પરશે એ પરદારા ॥
આ તો અધર્મ કર્યો છે નર્યો, જૂઠો ઈશ્વર શીદ હું વર્યો ॥૧૭॥
આને કેમ કહેવા ભગવાન, જેને લાજ તણું નથી ભાન ॥
એમ પ્રભુનો લીધો અભાવ, થયાં ગુમાનમાં ગરકાવ ॥૧૮॥
તિયાં વેણ ભૂંડા મુખે બકી, ફેંકી દાતણ ચાલિયા છકી ॥
તેને વીત્યા દન ત્રણ ચ્યાર, ત્યારે નાથ કહે નિરધાર ॥૧૯॥
શેઠ આંબો ન કેમ દેખાય, ગયું દાતણ કેમ સુકાય ॥
ખરી કરાવી તપાસ જયારે, વાત જાણી બનેલી તે વારે ॥૨૦॥
પછી સ્વામીશ્રીને કહે શ્યામ, નથી બીજા કોઈનું ત્યાં કામ ॥
આપ જઈ સત્ય સમજાવો, આંબો સત્સંગમાં પાછો લાવો ॥૨૧॥
ગાંઠ્ય શંકાની સરવે છોડી, દિયે વરતિ હરિમાં જોડી ॥
એમ કહો તેને જઈ સાચું, નહિ તો નહિ છૂટે લબાચું ॥૨૨॥
ત્યારે સ્વામી કહે ભલે નાથ, તવ આજ્ઞા ધરી શિર માથ ॥
જઈ સમજાવું ખરી વાત, થાય મનમાં જો રળિયાત ॥૨૩॥
મારી વાત એ નહિ ઉથાપે, હશે તેથી તે ચઢશે આપે ॥
ત્યારે નાથ કહે ભલે સ્વામી, દેખાડો જીવને નિજ ખામી ॥૨૪॥
પછી મુક્તાનંદ મહારાજ, કરવા આંબા કેરું શુભ કાજ ॥
કર્યો ગઢાળી ગામે પ્રવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે આંબા શેઠને અભાવ આવ્યો એ નામે ત્રણસો ને છપ્પનમું પ્રકરણમ્ ॥૩૫૬॥

INDEX

પ્રકરણ : ૩૫૭

પૂર્વછાયો :

બહુ મથી મથી મર્યા, જગમાંહિ જન અનેક ॥
તોય સાધન બળ વડે, પ્રભુપદ ન પામ્યો એક ॥૧॥
માટે સંતપદ સેવીને, થઈ રહે દાસ સદાય ॥
મોક્ષમગે તે નરને, કરવું રહે નહિ કાંય ॥૨॥
પછી અતિ કરુણા કરે, અકારણ મહામુનિરાજ ॥
અજ્ઞાન જીવનું હરવા, ગયાં ગઢાળિએ શિરતાજ ॥૩॥

ચોપાઈ :

આંબા શેઠને ભુવનમાંય રે, પ્રીત્યે પધારિયા સ્વામી ત્યાંય રે ॥
શેઠે સુણ્યું જ્યારે એમ કાન રે, મુક્તમુનિ આવ્યાં છે સુજાણ રે ॥૪॥
ત્યારે વિચારિયું તેણે મન રે, સ્વામી ખરેખર છે પાવન રે ॥
નથી એમાં રાગ વળી દ્વેષ રે, સહુમાંહિ છે તેથી વિશેષ રે ॥૫॥
ઊઠી આંબાએ કર્યા પ્રણામ રે, બોલ્યા ધીરે રહી કરભામ રે ॥
કહો આવવાનું થયું કેમ રે, જે જે જોઈએ કહો તમે એમ રે ॥૬॥
મુક્તમુનિ જોઈ તેહ પળ રે, પછી વાણી ઉચ્ચારી નિર્મળ રે ॥
ગામધણી ખરા શેઠ આપ રે, બુદ્ધિવાન દીસો છો અમાપ રે ॥૭॥
હતું કેવું તમારું તો નેમ રે, તોય માની બેઠા આવું કેમ રે ॥
ત્યારે શેઠ કહે જોયું આંખે રે, પરદારા ખંભે હાથ નાખે રે ॥૮॥
કર્યો અધર્મ એ જ સાક્ષાત રે, સ્વામી મૂકોને એ હવે વાત રે ॥
પછી મુનિએ વિગત્ય પાડી રે, વાત રહસ્ય તણી દેખાડી રે ॥૯॥
દત્ત ચિત્ત થઈ સુણ આંબા રે, મરી મરી જન્મ થશે લાંબા રે ॥
તોય કેદિ ન થાશે કલ્યાણ રે, માટે જોડ્ય ત્યાં જઈને પાણ રે ॥૧૦॥
એ છે સર્વોપરી અવતાર રે, વાત કહીશ હું વારેવાર રે ॥
જેને નિગમ નેતિ નેતિ ગાય રે, એ જ આવિયાં અવનિમાંય રે ॥૧૧॥
જેને સંગે થવાય નિષ્કામી રે, એમાં કેમ દીસે કોઈ ખામી રે ॥
નિજ ભક્ત આધીન ભૂધર રે, રાજી ક્યારેક ભક્ત ઉપર્ય રે ॥૧૨॥
આવા કરે માનુષી ચરિત રે, તેને સમજો મા અનુચિત રે ॥
જુઓ ભાગવતે પ્રેમ વાત રે, ભણ્યા શુકજી થઈ રળિયાત રે ॥૧૩॥

INDEX

પણ પરીક્ષિતે શંક આણ્યો રે, અભિપ્રાય પ્રભુનો ન જાણ્યો રે ॥
માટે પ્રભુએ કર્યું ચરિત રે, એમાં ભમી ગયું તવ ચિત્ત રે ॥૧૪॥
હવે સમજી વિચારી મન રે, તમે રહો સદા પરસન રે ॥
શુદ્ધ આશ્રિત થાઓ અનેરા રે, જેથી પ્રભુ દિયે દલ ડેરા રે ॥૧૫॥
પછી શેઠ માન્યાં દલમાંય રે, ઝાલ્યા સ્વામીશ્રીના પ્રેમે પાય રે ॥
મુખે બોલ્યા સુણો તમે સ્વામી રે, હું ના જાણું જરી કોણ ધામી રે ॥૧૬॥
મુને તમ ઉપર વિશવાસ રે, એક અચળ ઉરમાં ખાસ રે ॥
તેથી આપના પગલે ચાલી રે, લઈશ મોક્ષનો મારગ ઝાલી રે ॥૧૭॥
કૃપા કરી રાખજો સંભાળ રે, હું તો અજ્ઞાની છું લઘુ બાળ રે ॥
પછી સ્વામી થયાં ઘણું રાજી રે, એક જીવની સુધરી બાજી રે ॥૧૮॥
આંબા શેઠને લઈ તતકાળ રે, મુનિ ગયાં ગઢડે દયાળ રે ॥
તિયાં શેઠ પડ્યાં પ્રભુ પગે રે, ક્ષમા કરો હતો ખોટા મગે રે ॥૧૯॥
જો ન મળ્યાં હોત મુનિરાજ રે, જાત બગડી આ જીવનું કાજ રે ॥
મુક્તમુનિ તણી મોટી મેર રે, મુજ શંકા તોડી કરી લેર રે ॥૨૦॥
પછી પ્રભુ કહે સુણો શેઠ રે, જાવું હોય ધામમાંહિ ઠેઠ રે ॥
એક સંત છે સત્ય સાધન રે, સોંપી દેવું તેને તન મન રે ॥૨૧॥
મર હોય ગમે તેવો જ્ઞાની રે, શાસ્ત્રવેત્તા વ્રતી તપી ધ્યાની રે ॥
તેને મળે નહિ સંત યોગ રે, તો ન ટળે તેનો ભવરોગ રે ॥૨૨॥
એમ સર્વે વાત સિદ્ધાંત રે, કહી શ્રીહરિએ કરી ખાંત્ય રે ॥
છોને મળ્યાં હોય ભગવાન રે, કે વળી હોય ઐશ્વર્યવાન રે ॥૨૩॥
ભલે પુત્ર હોય પ્રભુ તણાં રે, તોય તેને રહેશે કોટિ મણાં રે ॥
જિયાં લગી નહિ સેવે સંત રે, તિયાં લગી અંધારું અત્યંત રે ॥૨૪॥
માટે સંત સેવો સાવધાન રે, સત્ય પામશો તે થકી જ્ઞાન રે ॥
નથી એ વિના અન્ય ઉપાય રે, ઘનશ્યામપ્રકાશ તે ગાય રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે આંબા શેઠને પાછા સત્સંગમાં લાવ્યા એ નામે ત્રણસો ને સત્તાવનમું પ્રકરણમ્ ॥૩૫૭॥

INDEX

પ્રકરણ : ૩૫૮

પૂર્વછાયો :

લખે પ્રભુ કંકોતરી, ગઢપુર થકી નિરધાર ॥
જેતલપુર સૌ આવજો, જન જાણી સમાચાર ॥૧॥
પ્રીત્યે અમે પધારીને, ઓચ્છવ કરશું અમાપ ॥
કથા કીરતન ધૂન્યથી, નરનારી થશે નિષ્પાપ ॥૨॥
પછી પત્રા પ્રમાણીને, મનુષ્ય આવ્યાં અનેક ॥
વળી સમાચાર સુણી, આવ્યા સંતમંડળ વિશેક ॥૩॥

ચોપાઈ :

સર્વે સંઘ આવે છે હિલોલ, સમૈયા પર થાય કિલોલ ॥
ગાતાં વાતાં આવે સહુ જન, નાથ નીરખ્યા તણું કરી મન ॥૪॥
ક્યારે આવશે ધર્મકિશોર, ક્યારે મળશું હરિ કરી જોર ॥
નરનારીને તાણ્ય ન માંય, નાથને મળવા મન ચહાય ॥૫॥
પણ તાપ વાધ્યો વસુધાયે, તેથી કર્યો વિચાર વહાલાયે ॥
હમણાં ન જાવું જેતલપુર, જાશું ટાઢચક વળ્યે જરૂર ॥૬॥
પછી મુક્તાનંદને કહે શ્યામ, તમે જાઓ જેતલપુર ગામ ॥
કહેજ્યો હમણાં નહિ આવિયે અમે, પડે તડકો ભારે આ સમે ॥૭॥
સુણી બોલ્યા એમ મહામુનિ, પ્રભુ લેવા સંભાળ સહુની ॥
વહેલા પધારજો પ્રભુરાય, વાટ જુવે મળી જન ત્યાંય ॥૮॥
પછી સ્વામી મુક્તાનંદ ચાલ્યાં, દેશ પ્રદેશે દર્શન આલ્યા ॥
મળે જન હરિના જે ગામ, તને કહે છે નહિ આવે શ્યામ ॥૯॥
એમ વિચરતા ધરી પ્યાર, સ્વામી આવિયાં કૌકા મોઝાર ॥
તિયાં રહ્યાં ઘણું હરખાય, સંત સંગે મહામુનિરાય ॥૧૦॥
સ્વામી આનંદ તો ખેડે રહ્યાં, નાથ મળ્યાં વિણ દન ગયાં ॥
એતો તૈયાર થયા તત્કાળ, લખી કાગળ મેલ્યા મરાળ ॥૧૧॥
મુનિ અવિકારાનંદ નામ, માધવદાસ બીજા અભિરામ ॥
લઈ કાગળ ચાલિયા દોય, ચાલતે કૌકે આવિયાં સોય ॥૧૨॥
તિયાં સર્વ સંતની મંડળી, કરતાં ધૂન્ય કીરતન મળી ॥
પછી સ્વામીને મળ્યા છે ખાંત્યે, પૂછ્યું સ્વામીએ પછી નિરાંત્યે ॥૧૩॥

INDEX

ક્યાંથી આવ્યાં ક્યાં જાવું તમારે, કે ભૂલા પડ્યાં સંત આ વારે ॥
સુણી બોલિયા માધવદાસ, સ્વામી જૈયે અમે પ્રભુ પાસ ॥૧૪॥
ખેડે થકી મેલ્યા છે અમને, મુનિ આનંદે કાગળ દઈને ॥
ત્યારે સ્વામી કહે માધવદાસ, મેલો ગઢડે જાવાની આશ ॥૧૫॥
આંહિ મેલ્યો મુને મહારાજે, સહુ જન સમજાવા કાજે ॥
હમણાં હરિએ કહ્યું છે એમ, રહેજ્યો રહ્યાં હોય જિયાં જેમ ॥૧૬॥
પડે તડકો પૃથ્વીએ જરૂર, માટે જાજ્યો ન જેતલપુર ॥
માટે કહું તે માનજ્યો વાત, તડકામાં નહિ આવે તાત ॥૧૭॥
કિયાં જાશો તમે હવે સોય, જશો જ્યાં દુઃખી ત્યાં થશો દોય ॥
માટે જાઓ જેતલપુર સંત, સંગે આવશું અમે અત્યંત ॥૧૮॥
પછી પત્ર જેરામને આલી, નીસર્યા મરાળું સહુ ચાલી ॥
વાટે આવ્યાં ગુંદા ગળપણા, સ્વામી જમ્યા હોંશે અતિ ઘણાં ॥૧૯॥
પછી પહોંચિયા જેતલપુર, રહ્યા મુક્તમુનિ ત્યાં જરૂર ॥
રામદાસ આદિ સંત સંગે, રહ્યાં મુનિ ચાલીશ ઉમંગે ॥૨૦॥
એમ કરતાં ઘણાં દન ગયાં, ગોવિંદ ગઢપુર જ રહ્યાં ॥
વળી ટાઢચક વસુધા વિશે, કેડ્યે પ્રભુ પધાર્યા અતિશે ॥૨૧॥
નિજ જનને દર્શન દાન, દયા કરી દિયે ભગવાન ॥
કર્યો ઉચ્છવ ઉમંગ આણી, હરિમૂર્તિ જને મન માણી ॥૨૨॥
રૂડાં ચંદન ચરણે ભરી, મુક્તાનંદજીએ પૂજા કરી ॥
પછી ચાંપિયા નાથ ચરણ, નિજ છાતીએ સુખકરણ ॥૨૩॥
એવાં સહજાનંદ સુખકારી, આરતી તેની પ્રેમે ઉતારી ॥
લીધો લ્હાવ ઘણો ગુરુદેવે, જે જોવા સુર સ્વપનું સેવે ॥૨૪॥
જે જે આપ્યું છે સ્વામીને સુખ, તે તો કહ્યું જાતું નથી મુખ ॥
એવાં થયાં નથી કોઈ થાશે, કહ્યું ઘનશ્યામપ્રકાશદાસે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ કૌકા ગયાં એ નામે ત્રણસો ને અઠ્ઠાવનમું પ્રકરણમ્ ॥૩૫૮॥

પ્રકરણ : ૩૫૯

પૂર્વછાયો :

હવે લીલા ગઢપુરની, કહું એકાદશીની અનુપ ॥
મુક્તાનંદ મહામુનિ, સદ્‌ગુરુ અતિ સુખરૂપ ॥૧॥
આવ્યો દન ઉત્સવનો, ભાદરવે સુદ એકાદશી ॥
સમૈયો સુંદર કર્યો, હરિ હરિજને હુલસી ॥૨॥
સતસંગીએ સહુ મળી, લીધો લાભ દર્શ સ્પર્શનો ॥
મોદ ન માંય દલમાં, કર્યો ઉચ્છવ હર્ષનો ॥૩॥

ચોપાઈ :

પછી પ્રભુ થયાં છે તૈયાર, બેઠા માણકીએ અસવાર ॥
વસ્ત્ર પહેર્યા જરિયાની અંગ, હરિજનને હૈયે ઉમંગ ॥૪॥
મુખ્ય મુક્તાનંદ આદિ સંત, પ્રભુ સંગે ચાલ્યાં ધરી ખંત ॥
ભાલા બંદૂક તમશા વાળા, શસ્ત્રધારી લીધાં સહુ પાળા ॥૫॥
પછી ઠાકોરજી તણી મૂરતિ, પાલખી કાઢી પધરાવી અતિ ॥
તિયાં વાજે વાજિંત્ર અપાર, કરે દર્શન સહુ નરનાર ॥૬॥
મોર્ય ચાલે સંત બ્રહ્મચારી, વાંસે પાળા છે હથિયારધારી ॥
કેડ્યે હરખે હરિજન ચાલે, પછી વામ ગાતાં વાતાં મા'લે ॥૭॥
દિશ ઉગમણે ચાલ્યો સંઘ, શોભે નગર અતિ અનઘ ॥
જય જય મુખે બોલે જન, નીરખી નાથને થાય પ્રસન્ન ॥૮॥
જળ ભરેલું છે જિયાં ઠામ, થયાં ભેળા સહુ તે મુકામ ॥
જળ ઝીલાવા શ્રી અવિનાશ, નરનારી રહ્યાં ધરી આશ ॥૯॥
પછી કોડે કરી સહુ જને, ઠાકોરજીને ઝુલાવ્યા પ્રસન્ને ॥
જળે ઝીલાવી ધૂન્ય ઝીલાવે, મુનિ કીર્તન હરખે ગાવે ॥૧૦॥
લીધો દુર્લભ લાભ અમાપ, ધન્ય ધન્ય થયાં નિષ્પાપ ॥
પછી જરિયાની વસ્ત્ર ઉતારી, પડ્યાં જળમાં શ્રી અવતારી ॥૧૧॥
નાવમાં બેસી નાથે નિદાન, કર્યો નૌકાવિહાર તે સ્થાન ॥
ધરો ઘેલા નદી તણો જ્યાંય, આવ્યાં નાવા તેનાં નીરમાંય ॥૧૨॥
ધુબાકા દઈ ધર્મકુંવર, નાયા સંત સંગે મુદભર ॥
પછી નાથે હાથે પાડી તાળી, કરી નામની ધૂન્ય રસાળી ॥૧૩॥

INDEX

નાહી નીસર્યા જળથી બાર્ય, નેણે નીરખે પ્રેમે નરનાર ॥
ધારી ધોતી ઝીણી ને સુંવાળી, શિર પાઘ બાંધી છે પેચાળી ॥૧૪॥
ઓઢી ચાદર શ્વેત શરીર, બેઠા આસને નાથ સુધીર ॥
પછી મુક્તાનંદ મહારાજ, લાવ્યા પૂજાનો સરવે સાજ ॥૧૫॥
ફૂલ કેસર કપૂરબત્તી, ધૂપ દીપ અગર આરતી ॥
ચારુ ચંદન શીતળ લાવ્યા, બીજાં પણ દ્રવ્ય બહુ ભાવ્યાં ॥૧૬॥
આવી ઊભા હરિવર પાસ, પૂજા કર્યાનો મન હુલાસ ॥
ગ્રહ્યો ચંદન કટોરો હાથ, ચરચે ચંદન સ્નેહ સંગાથ ॥૧૭॥
કર આંગળિયું માંહિ બોળી, ઘણે હેતે કટોરામાં ઘોળી ॥
અર્ચા રચી ભૂધરને ભાલ, ભાળી થયાં છે જન નિહાલ ॥૧૮॥
મનમોહક મોગરા કેરો, સ્રજ લાવ્યા સુંગંધી ઘણેરો ॥
પ્રીત્યે પહેરાવ્યો કંઠ મોઝાર, તેની શોભા બની છે અપાર ॥૧૯॥
કંઠ થકી ચરણ લગી સ્રજ, જોઈ જન પામે અચરજ ॥
ફૂલમાંહિ થયાં ગરકાવ, શોભે શોભે મનોહર માવ ॥૨૦॥
પછી મુક્તાનંદજી મગન, ગાય પોતે રચેલ કીર્તન ॥
છાંડી હવે પ્રભુ ઘનશ્યામ, અન્ય સેવું નહિ સુખધામ ॥૨૧॥
એમ બોલી રહ્યાં પદ ચ્યાર, તિયાં આશ્ચર્ય થયું અપાર ॥
હતાં જન હજારુ તે ઠામ, નીરખ્યું નેણે તેણે અભિરામ ॥૨૨॥
વૃષ્ટિ વરસી ચંદન તણી, આવી નભથી અવનિ ભણી ॥
નરનારી સહુ હરખાય, કહે ધન્ય મુક્તમુનિરાય ॥૨૩॥
માન્યો પરચો હરિજને મળી, બીજા લોક શક્યા નહિ કળી ॥
પૂજયા ચંદને પ્રભુ સાક્ષાત, આવ્યો નભ થકી વરસાત ॥૨૪॥
એમ એકાદશી શુભ દન, કરી લીલા મુનિએ મગન ॥
નથી શંકાનો ત્યાં અવકાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિનાં પ્રતાપથી ચંદનવૃષ્ટિ થઈ એ નામે ત્રણસો ને ઓગણસાઠમું પ્રકરણમ્ ॥૩૫૯॥

INDEX

પ્રકરણ : ૩૬૦

પૂર્વછાયો :

અવિનાશીએ અવનિમાં, અવતરી કરિયા કાજ ॥
નરનારી નિજ ભક્ત જે, તેની રાખી જગમાં લાજ ॥૧॥
અલૌકિક લૌકિકમાં, સામર્થ્ય દેખાડી શ્યામ ॥
પૂર્યા પરચા પ્રેમથી, કર્યાં અનેક જનનાં કામ ॥૨॥
જે સુણતાં સંશય ટળે, મહિમા જણાય અમાપ ॥
તેમાંથી સંક્ષેપથી, કહું પ્રકટ પ્રભુ પ્રતાપ ॥૩॥

ચોપાઈ :

એક સમે કરમડ ગામે, સમૈયો કર્યો છે ઘનશ્યામે ॥
તિયાં નિજજનને તેડાવ્યાં, વર્ણી પાળા સંતને બોલાવ્યા ॥૪॥
મળ્યાં જન ત્યાં અતિ અપાર, લઈ ઊભા છે કુસુમ હાર ॥
સહુને દીધાં પ્રભુએ દર્શન, કર્યાં જનનાં મન પ્રસન્ન ॥૫॥
વાજે વાજાં ત્યાં ઢોલ નગારા, ત્રાંસા શરણાઈ રવાજ સારા ॥
નરનારીને મોદ ન માંય, ઘણે દન મળ્યાં હરિરાય ॥૬॥
પછી ભીડ થઈ બહુ ભારે, આવ્યાં બહુનામી પુરબારે ॥
સભા બેસારી તડાગ તટે, તિયાં પણ મનુષ ઉમટે ॥૭॥
બેઠા ઢોલિયે શ્રી મહારાજ, બોલ્યા મુક્તમુનિ શિરતાજ ॥
કર્યો સુંદર સારો સમૈયો, તેનો આનંદ જાય ન કૈયો ॥૮॥
દેશોદેશથી આવિયાં જન, થયાં નાથ નીરખી પ્રસન્ન ॥
પણ પડ્યું છે એક ભંગાણ, જળ પીવા તણી રહે તાણ ॥૯॥
જળે ભર્યું તળાવ નિદાન, પુરમાંહિ તે એક જ સ્થાન ॥
આવ્યાં સામૈયે જન અપાર, તેથી વારિ વધ્યું નહિ ઠાર ॥૧૦॥
માટે આણો દયા દલ હરે, થાય મેઘ તો જન ઉગરે ॥
સુણી વાત મુનિ તણી મન, માંડી દ્રષ્ટિ મોહને ગગન ॥૧૧॥
દીઠી વાદળી વારિથી ભરી, તે સામું જોઈ બોલિયા હરિ ॥
જળે ભરી આ વાદળી સ્વામી, નભમાંહિ ખરેખરી જામી ॥૧૨॥
ત્યારે સ્વામી કહે સુખધામ, એ વારિ તણું શું આંહિ કામ ॥
વહે વસુધાએ એ જ વારિ, તો મનુષ્ય સુખી થાય ભારી ॥૧૩॥

પછી બોલિયા શ્રી મહારાજ, એમ કહો કેમ મુનિરાજ ॥
નિજ ઇચ્છા થકી ભગવન, મેઘ વરસાવે પરસન ॥૧૪॥
આવે આકાશ થકી જે જળ, તે થકી ફૂલે સૃષ્ટિ સફળ ॥
માટે ધારે જો દીનદયાળ, વૃષ્ટિ થાશે આંહિ તતકાળ ॥૧૫॥
એમ બોલી રહ્યાં પ્રભુ જયાંય, વીજ ઝબૂકી ગગનમાંય ॥
નભ બન્યું ઘણું ઘનઘોર, કડાકા થયાં છે ચહુકોર ॥૧૬॥
વુઠ્યો મેઘ તિયાં બહુ ભારે, જેમ શૂરો ચડે કોઈ વારે ॥
હતી ભૂમિ તૃષિત અપાર, મેઘને મળી થૈ રસદાર ॥૧૭॥
પછી મેઘ વધ્યો બહુ જયારે, નાઠા નરનારી સહુ ત્યારે ॥
તેને દેખી બોલ્યા ગિરધારી, કોઈ જાશો નહિ નરનારી ॥૧૮॥
આ તો મેઘ વૂઠ્યો ઘણો આજ, પુરવાસીનું કરવા કાજ ॥
માટે ડરશો મા કોઈ જન, રહો નચિંત મન મગન ॥૧૯॥
એમ કહી ઊભા ભગવાન, આવી ઊભા જન તેહ સ્થાન ॥
પછી જળકરા પડ્યાં શીતળ, તે જમ્યા ભાવે નાથ તે પળ ॥૨૦॥
વારિ વૃષ્ટિ થઈ અનરાધાર, તળાવ કૂપ છલક્યા અપાર ॥
કેડ્યે દુઃખ રહ્યું નહિ લેશ, વારિ વિના હતું જે વિશેષ ॥૨૧॥
જળ થકી ઉગારિયા જન, પૂર્યો પરચો શ્રી ભગવન ॥
સદા સુખ દુઃખ નહિ લેશ, હરિ હરે સંકટ હંમેશ ॥૨૨॥
મુક્તાનંદની સુણી વિનતિ, વાલે મેઘ વરસાવ્યો અતિ ॥
ઘડી ઘડી પળ પળમાંય, કરે છે પ્રભુ જનની સહાય ॥૨૩॥
વળી વિઘ્નથી ઉગારે આપ, ધન્ય ધન્ય પ્રભુનો પ્રતાપ ॥
એવાં પરચા બીજા અપાર, કહેતાં લખતાં ન આવે પાર ॥૨૪॥
આવી રીત્ય ન દીઠી સાંભળી, સહુ જન વિચારજ્યો મળી ॥
જે જે લીલા લખી શાસ્ત્રમાંય, ઘનશ્યામપ્રકાશદાસ તે ગાય ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે કરમડમાં વરસાદ કર્યો એ નામે ત્રણસો ને સાઠમું પ્રકરણમ્ ॥૩૬૦॥

પ્રકરણ : ૩૬૧

પૂર્વછાયો :

અવિનાશી અક્ષરપતિ, સૃષ્ટિ સૃજે પળમાંય ॥
તેનાં ભ્રકુટિ મરોડમાં, લય પૃથ્વીનો પણ થાય ॥૧॥
પણ નરતનું ધરી, નાથ આવે અવનિ ઉપરે ॥
કરે લીલા મનુષ્યની, સુખ દુઃખ ભય શોક ધરે ॥૨॥
દેખી દનુજ દુનિયા, માને મનુષ્ય સમ મોહન ॥
પણ પ્રભુના ભક્તને, છે પ્રકટ શ્રી ભગવન ॥૩॥

ચોપાઈ :

એક સમામાંહિ અવિનાશ, ગામ કરમડ તેડાવી દાસ ॥
રૂડો દન દિવાળીનો જોઈ, કર્યો ઉત્સવ સુંદર સોઈ ॥૪॥
રચી દીપમાળા બહુ સારી, તેહ મધ્યે બેઠા ગિરધારી ॥
દેશદેશના આવિયાં જન, નાથ નીરખી થયાં મગન ॥૫॥
એમ કરતાં વીતી મધરાત, વાલે વાત કરી બહુભાત્ય ॥
પુર બહાર કર્યો'તો ઉતારો, તિયાં પોઢિયા ધર્મદુલારો ॥૬॥
ઉદિ આવ્યો અરુણ સવાર, પોઢી જાગિયા પ્રાણઆધાર ॥
દીધાં સંતને દર્શન દાન, બેઠા પર્યંક પર ભગવાન ॥૭॥
સંત ગાવે વજાડીને તાળી, અતિ શોભે મૂરતિ રૂપાળી ॥
કરે ઉત્સવ એમ આનંદ, લિયે સુખ બહુ સંત વૃંદ ॥૮॥
એવે સમે આવ્યો ચાસકાનો, નારસંગ નામે ખળ ત્યાંનો ॥
નાથને કહે છે કરી તાણ્ય, મારે ગામ પધારો સુજાણ ॥૯॥
ઘણે દન પધાર્યા આ દેશ, આવી રાજી કરો ત્યાં વિશેષ ॥
પણ પ્રભુએ કીધી મનાઈ, અમ થકી ન આવશું ત્યાંઈ ॥૧૦॥
નારસંગ મેલે નહિ વટ, પ્રભુ પણ રહ્યાં છે અટંટ ॥
પછી થઈ જમવાની વેળા, જમવા મળ્યાં પ્રભુ સંત ભેળા ॥૧૧॥
અગરસંગ તણું ઘર જ્યાંય, તિયાં થાળ થયો સુખદાય ॥
ફળિયામાંહિ પંગત પાડી, તૃપ્ત કીધાં મરાળ જમાડી ॥૧૨॥
હોંશે હરિએ પીરસ્યું હાથે, જમ્યા સંત સરવે સંગાથે ॥
આવી નારસંગ એહ ઠામ, વળી કહે છે આવો મારે ગામ ॥૧૩॥

બીજું ઇચ્છું નહિ દલમાંય, બસ પ્રેમે આવો પુરમાંય ॥
પછી પ્રભુ વિચારે છે નારો, નહિ મેલે આ કેડો અમારો ॥૧૪॥
કપટી દલમાંહિ દગાબાજ, આવ્યો ધૂતવા અમને આજ ॥
પછી પ્રભુ કહે સુણ્ય ભાઈ, આવશું કાલ પ્રભાતમાંઈ ॥૧૫॥
હાલ તો આવશે મુક્તમુનિ, લેવા સંભાળ સહુ જનની ॥
એટલું કહી આગન્યા આલી, જાઓ મુક્તાનંદ સામાં ચાલી ॥૧૬॥
પછી ત્યાંથી ચાલ્યાં ગુરુદેવ, રહ્યાં ચાસકે આવી અભેવ ॥
બીજે દન ચાલ્યાં દીનાનાથ, સંત ભક્તનો લઈ સંગાથ ॥૧૭॥
પણ મેલી માર્ગ ચાસકાનો, માર્ગ લીધો છે ભડકવાનો ॥
ત્યારે કહ્યું હરિજને કથી, આ ચાસકાનો મારગ નથી ॥૧૮॥
પણ પ્રભુ બોલ્યા નહિ વેણ, માણકી દોડાવી તતખેણ ॥
પછી લીંબડીએ ધર્મલાલ, આવી જન કર્યાં બહુ ન્યાલ ॥૧૯॥
જાણી લીધું હરિએ મનમાં, નારસંગ કપટી છે દલમાં ॥
અમને ઓરડે પૂરી ધરાર, લેવા રૂપૈયા દશ હજાર ॥૨૦॥
તેણે ઘડ્યું કાવતરું ઘણું, પણ ફાવ્યો નહિ તેહ અણું ॥
મુક્તાનંદને ખબર પડી, પ્રભુ પધારિયા છે લીંબડી ॥૨૧॥
પછી ચાલિયા ત્યાંથી દયાળ, કહ્યું સાબદા થાઓ મરાળ ॥
જાવા તણી તૈયારી કરાવી, ત્યાં બોલિયો નારસંગ આવી ॥૨૨॥
મેં તો મોદક કર્યા છે આજ, તે જમીને જાઓ મહારાજ ॥
ત્યારે સ્વામી કહે મુખે આમ, નથી મોદકનું મારે કામ ॥૨૩॥
એમ કહી ચાલ્યાં છે દયાળ, આવ્યાં પ્રભુ પાસે તતકાળ ॥
મહા કપટીનું કપટ જાણી, પ્રભુએ એવી લીલા પ્રમાણી ॥૨૪॥
દ્વેષીનું તો ચાલ્યું ન જરાય, મનધાર્યું સર્યું નહિ કાંય ॥
રહી અધૂરી મનની આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે નારસંગનું કપટ ઉઘાડું કર્યું એ નામે ત્રણસો ને એકસઠમું પ્રકરણમ્ ॥૩૬૧॥

પ્રકરણ : ૩૬૨

પૂર્વછાયો :

મુક્તાનંદ મહારાજની, વાણી વિનમ્ર રસાળ ॥
સાંભળતા નરનારને, શંકા ટળે તતકાળ ॥૧॥
વિગત્ય પાડી જુગત્યે, વરણવે વાત અનુપ ॥
એહ સમ નહિ જક્તમાં, સમું સમજાવે સુખરૂપ ॥૨॥
એક સમે નડિયાદમાં, પ્રેમે પધાર્યા પ્રભુરાય ॥
સંત ઘણાં છે સંગમાં, છે મુખ્ય મુક્તમુનિરાય ॥૩॥

ચોપાઈ :

નાથ નવલ સ્નેહી ઉદાર, પધાર્યા નડિયાદ મોઝાર ॥
તિયાં ભક્ત વસે નરવામ, જેણે પ્રભુ જાણ્યા સુખધામ ॥૪॥
એ તો આવ્યાં સુણી વધામણી, સ્નેહે વિનંતી કરે છે ઘણી ॥
ભલે પધાર્યા ભયહરણ, કર્યાં ભક્તના પ્રણ પૂરણ ॥૫॥
પુર પધારો શ્રી મહારાજ, રૂડી રસોઈ જમવા કાજ ॥
મહા લાભ લાધ્યો ઘણે દન, મોટી મહેર કરી ભગવન ॥૬॥
પછી દાસને દર્શન દાન, દઈ કરી પ્રસન્ન નિદાન ॥
ચાલ્યાં સખા સંગે વનમાળી, કરતાં ધૂન્ય વજાડતા તાળી ॥૭॥
કેડ્યે જમી કરી કિરતાર, બેઠા સભા ભરી ધરી પ્યાર ॥
પ્રભુ બોલ્યા ઉપદેશ અમી, સહુ સુણી રહ્યાં નર નમી ॥૮॥
અંગ આણી ઉમંગ રંગલેરી, કરે વાતો ગહન ઘણેરી ॥
તેથી સમજે નહિ જન મન, વાતું ઘાટી ઘુંચાળી સઘન ॥૯॥
તોય ધારી ધીરજ અપાર, સુણે શ્રીમુખ વાણ ઉદાર ॥
પછી સભા પૂરી થયે સહુ, મુક્તમુનિને વિનવે બહુ ॥૧૦॥
હવે કરો સ્વામી આપ વાતો, તે સુણવા નથી મોદ માતો ॥
એમ કહી બેઠા મુનિ પાય, સુણે વાત શ્રવણે હરખાય ॥૧૧॥
પાડી વિગતિ એકેક વાતે, સ્વામી સમજાવે બહુ ખાંત્યે ॥
તે તો વાત લાગી સુણી સીધી, જાણી જથારથ ભલીવિધિ ॥૧૨॥
પછી બોલ્યા હરખીને જન, સ્વામી શુદ્ધ છે આપ વચન ॥
જે જે વાત કરી ધરી પ્યાર, અમે જાણ્યો તેનો શુદ્ધ સાર ॥૧૩॥

INDEX

જે કહ્યું આપે તે હૃદે રહ્યું, અર્થ અક્ષરશઃ અમે લહ્યું ॥
પણ જે જે બોલ્યા ભગવન, તે સમજ્યા નહિ કોઈ જન ॥૧૪॥
સુણી બોલ્યા મુનિવર વાણી, સહુ સુણો શ્રીહરિની કહાણી ॥
મહા ભાગ્ય આપણા અતોલ, ત્રિલોકે નહિ આપણી તોલ ॥૧૫॥
આપણા પુણ્યનો નહિ પાર, આવ્યાં શ્રી અવતારી આ વાર ॥
જેને સુર કરોડ તેત્રીસ, જેને ઈચ્છે મોટા જે મુનિશ ॥૧૬॥
જેને ઈચ્છે મહા ઋષિરાય, તે તો મળિયા વણ ઈચ્છાય ॥
થાકે મનન કરતાં મન, થાકે વાણી કરતાં વરણન ॥૧૭॥
ચિત્ત ચિંતવી ચિંતવી ઘણું, ધારે પણ નવ પામે અણું ॥
રવિ શશી કરે કોટિ કળ, તોય નવ કળાય અકળ ॥૧૮॥
પહોંચ રાખે પહોંચવા ઘણી, પણ પહોંચાય અંબર ભણી ॥
જેના ગુણ નિગમ શું જાણે, નેતિ નેતિ કહીને પ્રમાણે ॥૧૯॥
વર્ષ ચાલીશ થકી સંગાથ, નેણે રહ્યો છું નિહાળી નાથ ॥
તોય જથારથ તેની વાત, નથી સમજ્યો હુંયે સાક્ષાત ॥૨૦॥
એવાં શ્રીહરિ અગમ અપાર, મર્ત્યલોક જાણે શું લગાર ॥
માટે ગ્રહો નાથનાં ચરણ, દુઃખભંજન ભયહરણ ॥૨૧॥
એમ બોલ્યા મહામુનિ સાર, સુણી રાજી થયાં નરનાર ॥
માટે કોટિ જન્મ પુણ્ય ફળે, તેથી પ્રભુ પ્રકટ જો મળે ॥૨૨॥
પણ મળ્યાં નહિ સાચા સંત, એને દીવે અંધારું અત્યંત ॥
કહો સંત વિણ કહે કુણ, પ્રભુ પ્રકટના સદ્‌ગુણ ॥૨૩॥
બાળને પ્રીછાણે જેમ બાપ, કરી જતન જનની અમાપ ॥
એમ સંત ભેટાડે શ્રીહરિ, જન મુમુક્ષુને હેત કરી ॥૨૪॥
ભક્ત ભગવાનના નિર્ભીક, એથી સંત કેરા છે અધિક ॥
એ તો લખ્યું છે ગ્રંથની માંય, ઘનશ્યામપ્રકાશ તે ગાય ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે નડિયાદમાં શ્રીહરિનો મહિમા કહ્યો એ નામે ત્રણસો ને બાસઠમું પ્રકરણમ્ ॥૩૬૨॥

પ્રકરણ : ૩૬૩

પૂર્વછાયો :

અધિક અનુવૃતિમાં, છે રાજી ઘણું મહારાજ ॥
મનધાર્યું કરે માનવી, તે ઉપર છે નારાજ ॥૧॥
જેમ કહે તેમ કરવું, કરી ડહાપણ આપણું દૂર ॥
હાથ જોડી હજૂર રહીએ, થૈયે દાસાનુદાસ જરૂર ॥૨॥
મનમુખીને અંતરે, ઉત્પાત રહે વિશેષ ॥
વચનમાં વળગી રહે, તેને દુઃખ રહે નહિ લેશ ॥૩॥

ચોપાઈ :

ગઢપુરમાંહિ અવિનાશ, એક સમે કરીને નિવાસ ॥
રૂડું કરાવે મોટું મંદિર, સેવા કરે છે જન સુધીર ॥૪॥
એવે સમે ગુજરાત તણાં, ભલા ભક્ત પધારિયા ઘણાં ॥
શ્રીહરિને આપવી રસોઈ, એમ વિચારે છે સહુ કોઈ ॥૫॥
પહોંચી ગઢડે પ્રભુને મળ્યાં, મળી આનંદના ઓઘ વળ્યા ॥
લળી લળી કરે છે પ્રણામ, ઘણે દને મળ્યાં ઘનશ્યામ ॥૬॥
પછી બોલિયા ગુર્જરવાસી, સુણો અરજી એક અવિનાશી ॥
આવા સંત અને ભગવાન, નથી કોઈ બ્રહ્માંડે નિદાન ॥૭॥
તેને રસોઈ દેવાને કાજ, આજ આવ્યાં અમે મહારાજ ॥
પાકો કરીને સુંદર થાળ, તમે જમો ભક્ત પ્રતિપાળ ॥૮॥
પછી નિજ હાથે પીરસીને, અતિ હેતે આગ્રહ કરીને ॥
જમાડો સહુ સંતને હરિ, એવી ઈચ્છા અમારી છે ખરી ॥૯॥
તેહ સુણી બોલ્યા અવિનાશ, મેલો સંત જમાડ્યાની આશ ॥
મોટું મંદિરનું માંડ્યું કામ, તેમાં દિયો તમે એહ દામ ॥૧૦॥
દિયો સંતોને સાદી રસોઈ, પાકા થાળ દેશો નહિ કોઈ ॥
હમણાં દામની જરૂર બહુ, માટે વચન માનો તમે સહુ ॥૧૧॥
પણ જન માન્યા નહિ લેશ, રસોઈ તો દેવી છે વિશેષ ॥
મનધાર્યું મૂક્યું નહિ અણું, થયાં ઉદાસી મોહન ઘણું ॥૧૨॥
સમજાવે મુનિ મુક્તાનંદ, તોય સમજ્યા નહિ તે સ્વચ્છંદ ॥
પછી સ્વામી કહે અવિનાશી, છે હઠીલા આ ગુર્જરવાસી ॥૧૩॥

INDEX

હઠ મૂકે નહિ તે ધરાર, મનમુખી વરતે અપાર ॥
લેશે ઉલટો અવગુણ સહુ, પછી થાશે ભૂંડું તેનું બહુ ॥૧૪॥
સુણી બોલિયા શ્રી મહારાજ, કરવા ઘો મનમાન્યું કાજ ॥
પછી પાકી રસોયું રસાળ, સંત કાજે કરી તતકાળ ॥૧૫॥
કેડ્યે પધાર્યા શ્રીહરિરાય, પીરસવા સંત પંક્તિમાંય ॥
થોડુ ઘણું પીરસ્યું ભોજન, ત્યાં તો બેસી ગયાં ભગવન ॥૧૬॥
કહે થાક લાગ્યો મુને આજ, નથી ઉમંગ પીરસવા કાજ ॥
હવે મુજ થકી નહિ થાય, એમ કહી બેઠા પ્રભુરાય ॥૧૭॥
ત્યારે કહે નિત્યાનંદ સ્વામી, જાઓ આસને અંતરજામી ॥
અમે પીરસી જમાડીશું સંત, તમે રહો પ્રસન્ન અત્યંત ॥૧૮॥
પછી પ્રભુ ગયાં છે આસન, ન થયાં નાથ મન મગન ॥
માટે સવળું સમજવું એમ, કરવું જેમ કહે સંત તેમ ॥૧૯॥
જીવની તો છે અવળી રીત, તે ટાળતા ન ટળે ખચિત ॥
એકાંતિક તણો સંગ પામે, તો મનનો મિથ્યા વ્હેમ વામે ॥૨૦॥
એકાંતિક થકી થાય શુદ્ધ, તે થકી થાય શઠ પ્રબુદ્ધ ॥
એકાંતિક થકી એકાંતિક, થાય ભક્ત નક્કી નિર્ભીક ॥૨૧॥
એકાંતિકના પ્રસંગ વિણ, રહે મુમુક્ષુ વિવેકહીણ ॥
એકાંતિકનો પ્રસંગ પામી, રહે જન સદા શીશ નામી ॥૨૨॥
એકાંતિકથી ઘડાયો જેહ, મનમુખી રહે નહિ તેહ ॥
એકાંતિકના પ્રસંગ થકી, એકાંતિકપણું પામે નક્કી ॥૨૩॥
માટે કહું ઘણું કરગરી, એકાંતિકને રહેજ્યો વરી ॥
મનમાન્યામાં તો નથી માલ, એમાં જાશે જીવનનો તાલ ॥૨૪॥
અનુવૃત્તિમાં છે પ્રભુ રાજી, બીજામાં તો બગડશે બાજી ॥
માટે ખોળી કરજ્યો તપાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મનધાર્યું મૂકવા કહ્યું એ નામે ત્રણસો ને ત્રેસઠમું પ્રકરણમ્ ॥૩૬૩॥

INDEX

પ્રકરણ : ૩૬૪

પૂર્વછાયો :

ખરા ખેંગાર ભક્તની, કહું વાત હવે ઉદાર ॥
જેણે સમે સેવા કરી, રાજી કર્યાં કિરતાર ॥૧॥
એક સમે તે આવિયાં, દીનાનાથને દેવા રસોઈ ॥
સધાવી ખોલડિયાદથી, પહોંચિયા ગઢડા સોઈ ॥૨॥
કરી પ્રણામ નાથને, વારે વારે વિનંતી કરી ॥
રૂડી રસોયું કરવા, વાત વાલા આગે ધરી ॥૩॥

ચોપાઈ :

સુણી વાત છે ભક્તની જ્યારે, અવિનાશી બોલ્યા એમ ત્યારે ॥
કહો કેવો વહેવાર તમારો, ભક્ત કહે વહેવાર છે સારો ॥૪॥
ઉપરા ઉપર ત્રણ્ય વાર, પૂછ્યું પ્રભુજીએ કરી પ્યાર ॥
તોય કળ પડી નવ કાંય, અલબેલો ઊઠ્યા પછી ત્યાંય ॥૫॥
કાંઈ પૂછી કુશળતા પ્રીતે, ગયાં લઘુશંકાને નિમિત્તે ॥
હતાં શુકમુનિ પોતે જ્યાંય, આવ્યાં ભક્ત ખેંગારજી ત્યાંય ॥૬॥
પૂછી વાલાની વાત અકળ, સુણી શુકમુનિ બોલ્યા તે પળ ॥
દિયે નહિ ઉધાર વેપારી, તેની રહે ઉપાધિ અપારી ॥૭॥
માટે કડિયા તો અટકાણા, ખડકે નહિ એકેય પાણા ॥
તિયાં પધાર્યા ઢોલિયે નાથ, રૂડાં રૂમાલે લુછતા હાથ ॥૮॥
વળી ભક્ત ખેંગાર ઉચ્ચારે, પ્રભુ દેવી છે રસોઈ મારે ॥
તેહ સાંભળી અંબર ઓઢી, પ્રભુ તો ગયાં ઢોલિયે પોઢી ॥૯॥
જાઓ મુક્તમુનિને જણાવો, દીધો વાલાએ ઉત્તર આવો ॥
ત્યારે ભક્ત ખરા ઘુંચવાઈ, આવ્યાં મુનિ પાસે પછી ધાઈ ॥૧૦॥
કહે સ્વામીને સ્વામીશ્રી મારે, રૂડી દેવી રસોઈ અપારે ॥
જમે શ્રીહરિને સહુ સંત, મોદ પામું પછી હું અત્યંત ॥૧૧॥
ત્યારે સ્વામી કે' ખેંગારભાઈ, ભૂલ્ય ખાઓ છો આવીને આંઇ ॥
રૂડી દેવી રસોઈ રસાળ, કે પછી રાજી કરવા ગોપાળ ॥૧૨॥
મર્મ સમજો શ્રીહરિ તણો, ચડ્યો કડિયાનો પગાર ઘણો ॥
માટે મેલો રસોઈ દેવાનું, કરો પ્રભુ રાજી કરવાનું ॥૧૩॥

INDEX

ત્યારે સીધું સમજ્યા પટેલ, પછી આવી મળ્યાં અલબેલ ॥
કહે મહારાજને લળી લળી, મુક્તમુનિ થકી મતિ મળી ॥૧૪॥
લાવ્યો રસોઈ રૂપૈયા જેહ, આણી મેલું તમ પાસ તેહ ॥
કહી દામ મેલ્યા પ્રભુ પાય, પછી ભક્ત ગયાં ગામમાંય ॥૧૫॥
તિયાં રહેતા સગાં કોઈ એના, ચાલતા મોટા વહેવાર જેના ॥
મળી તેને જણાવિયું આમ, પડ્યું આજ અવશ્યનું કામ ॥૧૬॥
લાવ્યો રસોઈની જોગવાઈ, પડી વધારે જરૂર આંઈ ॥
ત્યારે સગો કે શીદ મૂંઝાવો, આવો મળે ક્યારે મુને લ્હાવો ॥૧૭॥
કહી તિજોરી ખોલી તે ટાણે, ગણી આપ્યા છે વિના લખાણે ॥
લઈ આવ્યાં ભક્ત પ્રભુ પાસે, દેવા હરિવરને હુલાસે ॥૧૮॥
પછી કેડેથી વાંસળી છોડી, આપ્યા શ્રીહરિને કરજોડી ॥
કડિયાના પગાર ચૂકાવો, બીજા નામાવાળાને અપાઓ ॥૧૯॥
વાંસે વધ્યા જે રૂપૈયા જેહ, સંત કાજે વાવરજો તેહ ॥
પછી રૂડી રસોઈ કરાવી, જમ્યા સંત સહુ મોદ લાવી ॥૨૦॥
પીરસ્યું મુક્તમુનિ મહારાજે, નિજ હાથે પંગત્યમાં આજે ॥
પીરસી બેઠા મુનિ પ્રભુ પાય, આવ્યાં ભક્ત ચંદન લઈ ત્યાંય ॥૨૧॥
કહે સ્વામી ન ચરચો ચંદન, હાલ ઠીક નથી પ્રભુ તન ॥
પ્રભુને મંદવાડ છે હાલ, કરો કેવળ ચાંદલો ભાલ ॥૨૨॥
સુણી શ્રીહરિ કહે છે સ્વામી, આજ તો મારી કસર વામી ॥
કહી છાતી ઉઘાડી છે નાથે, ચોપડાવ્યું ચંદન બે હાથે ॥૨૩॥
નડે એવાં આ ચંદન નહીં, વ્હાલો ચોપડાવે એમ કહી ॥
એમ રાજી થયાં ભગવંત, ધન્ય ધન્ય બોલ્યા સહુ સંત ॥૨૪॥
અહો શું છે આ સમાની વાત, જાણે જન તે થાય રળિયાત ॥
બીજાને તો ન થાય આભાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ખેંગારભાઈને ખરો અભિપ્રાય સમજાવ્યો એ નામે ત્રણસો ને ચોસઠમું પ્રકરણમ્ ॥૩૬૪॥

INDEX

પ્રકરણ : ૩૬૫

પૂર્વછાયો :

સહુ જન મળી સાંભળો, વળી કહું સુંદર વાત ॥
પ્રભુ પધાર્યા ગઢડે, લીલા કરી બહુ ભાત્ય ॥૧॥
પછી હરખી હાથ જોડી, જ્યારે જન બેઠા મળી ॥
ત્યારે સુંદર શ્યામળો, બહુ હેતે બોલાવ્યા વળી ॥૨॥
છો સહુ જન સુખિયા, એમ કહે પ્રેમેથી હરિ ॥
ત્યારે કહે સુખિયા છીએ, પ્રભુ તમારે મળવે કરી ॥૩॥

ચોપાઈ :

એમ થોડા ઘણા દન થયા રે, નરનારી આનંદમાં રહ્યાં રે ॥
ત્યારે તિયાં રાજકોટ થકી રે, રૂડું આવ્યું આમંત્રણ નક્કી રે ॥૪॥
તેથી સંવત અઢારશો છાશી રે, રાજકોટે ગયા સુખરાશી રે ॥
મુનિ મુક્તાનંદ આદિ સંત રે, બીજા સખા સંગે છે અત્યંત રે ॥૫॥
આવી રાજકોટે હરિરાય રે, મળ્યા સર માલ્કમને ત્યાંય રે ॥
તેને શિક્ષાપત્રી નિજહાથે રે, દીધી પ્રેમ થકી દીનાનાથે રે ॥૬॥
પછી પધાર્યા દીનદયાળ રે, ગામ પાડાસણે તતકાળ રે ॥
તિયાં રહ્યા છે રજની નાથ રે, સંત ભક્તજનને સંગાથ રે ॥૭॥
હવે કહું તે સમાની વાત રે સુણી થાશો રાજી સાક્ષાત રે ॥
ઘણી ઘેરી છે રાત અંધારી રે, સહુ સૂતાં છે જન તે વારી રે ॥૮॥
ત્યારે મુક્તાનંદજી દયાળ રે, તેણે તેડાવિયા છે મરાળ રે ॥
તેનું ગુણાતીતાનંદ નામ રે, રૂડા સંત અતિ ગુણધામ રે ॥૯॥
પછી બોલ્યા મુનિ મુક્તાનંદ રે, સુણો સ્વામી તમે સુખકંદ રે ॥
તમે સોરઠ તણા મહંત રે, વળી સાધુતાવાન અત્યંત રે ॥૧૦॥
આજ સંકલ્પ કહેવા તમને રે, ઉપજ્યો વિચાર મનમાં અમને રે ॥
તેહ સંકલ્પ પૂરજો આપ રે, સુખકારી પ્રભુને પ્રતાપ રે ॥૧૧॥
સુણી બોલ્યા ગુણાતીત સ્વામી રે, સ્વામી એમાં રહેશે નહિ ખામી રે ॥
આપ ગુરુપદે છો અમારા રે, અમે તો શિષ્ય છૈયે તમારા રે ॥૧૨॥
કરશો આપ જે આગન્યા આજ રે, શિર સાટે કરીશ તે કાજ રે ॥
રૂડું કર્તવ્ય એહ અમારું રે, કરશું ગમતું સર્વે તમારું રે ॥૧૩॥

INDEX

પછી બોલ્યા મહામુનિરાય રે, સુણો ગુણીતીત સુખદાય રે ॥
પ્રથમ મળ્યા અમે લોજ ગામ રે, જ્યારે શ્રીહરિને જેહ ઠામ રે ॥૧૪॥
તેહ વાવની શીલા ઉપર રે, પ્રભુ બેઠા હતા મુદભર રે ॥
તેને દર્શન કાજ સંભારી રે, શુભ સ્થાને રાખજો વિચારી રે ॥૧૫॥
વળી આશ્રમ જે લોજ તણો રે, એ છે પ્રભુ પ્રસાદીનો ઘણો રે ॥
તેનો કબજો પાકો કરાવી રે, મંદિર કરો મૂર્તિ પધરાવી રે ॥૧૬॥
બીજો સંકલ્પ સુણજો સ્વામી રે, બેઠા ગાદીએ જ્યાં બહુનામી રે ॥
એવું રૂડું જેતપુર ધામ રે, એ છે પ્રભુ પ્રસાદીનું ઠામ રે ॥૧૭॥
તિયાં ચરણારવિંદ પધરાવી રે, ઓટો ચણાવજો મોદ લાવી રે ॥
આ બે રહ્યા છે સંકલ્પ મારે રે, તેને પૂરા કરવા તમારે રે ॥૧૮॥
સુણી મુક્તમુનિના વચન રે, થયા મુનિ મનમાં પ્રસન્ન રે ॥
કહ્યું નચિંત રહો સ્વામી આપ રે, થાશે પુરું તમારે પ્રતાપ રે ॥૧૯॥
પછી સહુ ગઢડે પધાર્યા રે, તિયાં જનને મોદ વધાર્યા રે ॥
કર્યું આરંભ કામ લોયેજ રે, મુનિ ગુણાતીતે બહુ સહેજ રે ॥૨૦॥
જોતજોતે થયું તેહ પુરું રે, એમાં રાખ્યું ન કાંઈ અધુરું રે ॥
તેના આવી દીધા સમાચાર રે, મુક્તાનંદજીને કરી પ્યાર રે ॥૨૧॥
સુણી સ્વામી રાજી થયા એવા રે, મન હરખ્યું આશિષ દેવા રે ॥
કહ્યું સ્વામી ગુણાતીત આપ રે, સત્સંગમાં પામશો વ્યાપ રે ॥૨૨॥
બહુ પામશો પ્રસિદ્ધિ તમે રે, એવો દૈયે છીએ વર અમે રે ॥
પછી વચન તે થયા સિદ્ધ રે, આજ પણ છે મુનિ પ્રસિદ્ધ રે ॥૨૩॥
બીજો જેતપુરનો સંકલ્પ રે, વાંસો રહ્યો તો કરવા અલ્પ રે ॥
તેહ પણ અતિ સુખકરણ રે, કર્યો મુનિ ગુણાતીતે પૂરણ રે ॥૨૪॥
માટે ધન્ય મુક્તાનંદ સ્વામી રે, જેના વચનોમાં નહિ ખામી રે ॥
દીધા સંતને આશિષદાન રે, ઘનશ્યામપ્રકાશ નિદાન રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળ સેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગુણાતીતાનંદ સ્વામીએ સંકલ્પ પૂરા કર્યા એ નામે ત્રણસો ને પાંસઠમું પ્રકરણમ્ ॥૩૬૫॥

પ્રકરણ : ૩૬૬

પૂર્વછાયો :

ધન્ય ધન્ય એ સર્વને, જેને મળ્યા મહામુનિરાય ॥
તેના કાજ પૂરાં થયાં, કેડ્યે કરવું રહ્યું ન કાંય ॥૧॥
જાણ્યે અજાણ્યે જોડિયા, જેણે સ્વામી આગળ હાથ ॥
તેનો મહિમા શું કહું, એતો થયા સનાથ ॥૨॥
દર્શ સ્પર્શ પૂજા કરી, જેણે ધરી બહુ પ્યાર ॥
એતો અધિકારી થયા, બ્રહ્મમોલના નિરધાર ॥૩॥

ચોપાઈ :

રામપ્રતાપ જે હરિભ્રાત રે, તેને મળ્યા સ્વામી સાક્ષાત રે ॥
ત્યારે કંઠી બાંધી ધરી હેત રે, વર્તમાન ધાર્યા છે સમેત રે ॥૪॥
સયાજીથી લઈ સગરામ રે, થયા ભક્ત પ્રભુના અકામ રે ॥
તેતો મુક્તમુનિ મળવાથી રે, જોયું તપાસી મે ગ્રંથમાંથી રે ॥૫॥
ભટ્ટ દીનાનાથ આજીવન રે, રહ્યાં મુક્તમુનિને વચન રે ॥
મનધાર્યું કર્યું નહિ લેશ રે, રહ્યાં વચનમાંહિ વિશેષ રે ॥૬॥
વળી દાવોલ છે શુભ ગામ રે, તિયાં ભક્ત વાલાભાઈ નામ રે ॥
તેણે ધાર્યા અંગે વ્રતમાન રે, મુક્તમુનિને હાથ નિદાન રે ॥૭॥
બીજા બરવાળા ગામે પટેલ રે, તેણે મૂકી દીધો મન મેલ રે ॥
કંઠી ધારી તેણે સ્વામી પાસ રે, રાજી કર્યા પ્રેમે અવિનાશ રે ॥૮॥
વળી નારાયણદાસ નામે રે, ભક્ત થયા જે વિરસદ ગામે રે ॥
એતો મુક્તમુનિને પ્રતાપ રે, જાણજયો મનમાં સહુ આપ રે ॥૯॥
ભલા ભક્ત છે ભોકા ખાચર રે, જેને હેત છે સ્વામી ઉપર રે ॥
વાત સુણી સ્વામી તણી બહુ રે, થયા દૃઢ સત્સંગમાં બહુ રે ॥૧૦॥
એવા ભક્ત ભલા છે અપાર રે, તેનો ગણતા આવે ન પાર રે ॥
મુક્તમુનિ વિષે બહુ પ્રીત રે, સહુ રાખતા એ ભલી રીત રે ॥૧૧॥
એવી પણ બીજી બહુ વાતો રે, કહેવા હૈયે મોદ નથી માતો રે ॥
સહુ સુણજો તે નરનાર રે, સુણી વાધે અંતરમાં પ્યાર રે ॥૧૨॥
કર્યો સ્વામીએ વડો વિજય રે, થયો વડોદરે જય જય રે ॥
ત્યાર કેડ્યે પ્રભુની સવારી રે, કાઢી રાજાએ ગજે બેસારી રે ॥૧૩॥

તેહ સમે બેઠા બીજે ગજ રે, મુક્તમુનિ અહો અચરજ રે ॥
ધન્ય થયાં નિહાળી તે દાસ રે, પૂરી થૈ નૃપની અભિલાષ રે ॥૧૪॥
વળી માંગરોળ શહેરમાંય રે, કર્યું સામૈયું નવાબે ત્યાંય રે ॥
ત્યારે પણ બેઠાં હતાં સ્વામી રે, હસ્તિ ઉપર અંતરજામી રે ॥૧૫॥
શહેર સુંદર સુરત વિશે રે, ધરી પ્યાર પ્રભુએ અતિશે રે ॥
નિજ મ્યાનામાંહિ રૂડી રીત્યે રે, મુક્તમુનિ બેસાર્યા'તા પ્રીત્યે રે ॥૧૬॥
વળી કાજુ કોસાડ છે ગામ રે, તિયાં આણી રૂડો સિગરામ રે ॥
તેમાં સ્વામી બેસારી સંગાથે રે, હાંક્યો હતો નાથે નિજ હાથે રે ॥૧૭॥
એક સમે તેરાથી મહારાજે રે, પત્ર લખાવિયો જન કાજે રે ॥
લખ્યું પત્રમાંહિ આણી પ્યાર રે, મુજ આશ્રિત જે નરનાર રે ॥૧૮॥
તેણે વર્ષમાંહિ એક માસ રે, જાવું મુક્તાનંદ સ્વામી પાસ રે ॥
તેના મુખે સાંભળવી કથા રે, જેથી રહે નહિ જક્ત વ્યથા રે ॥૧૯॥
એક સમે વાલે વરતાલ રે, ધર્યો મુક્તમુનિ પ્રતિ વહાલ રે ॥
ટોપી ચમ્પક ને કેસુડાની રે, જન લાવ્યા'તા ગુંથી મઝાની રે ॥૨૦॥
તે તો પહેરી પોતે કાંઈ વાર રે, ઊભા થૈ પછી પ્રાણઆધાર રે ॥
મુક્તાનંદને પહેરાવી માથે રે, નટવરજીએ નિજ હાથે રે ॥૨૧॥
વળી વચનામૃતની માંય રે, મધ્ય પ્રકરણ જે કહેવાય રે ॥
એમાં બાસઠમાં મહારાજ રે, બોલ્યા એમ ગરીબનિવાજ રે ॥૨૨॥
મુક્તમુનિ સાથે તો અમારે રે, હૈયે હેત ઘણું છે જ ભારે રે ॥
માટે વહાલા જેવા સ્વામી એક રે, ન દીસે એવાં કોઈ વિશેક રે ॥૨૩॥
હતા સ્વામી સ્વરૂપે રૂપાળા રે, વળી સ્વભાવે અતિ હેતાળા રે ॥
શિર રાખતા ઓઢી હંમેશ રે, હતી આજ્ઞા પ્રભુની વિશેષ રે ॥૨૪॥
કરતા તિલક ભાલે વિશાળ રે, એમાં અતિ પ્રવિણ દયાળ રે ॥
તેની તોલે આવે નહિ કોય રે, કહે ઘનશ્યામપ્રકાશ સોય રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિનું બહુમાન કહ્યું એ નામે ત્રણસો ને છાસઠમું પ્રકરણમ્ ॥૩૬૬॥

પ્રકરણ : ૩૬૭

પૂર્વછાયો :

લેરી આવ્યાં બહુ લેરમાં, બહુ મેર કરી મેરવાન ॥
અનંત જીવ સુખિયા કર્યા, વળી નર કર્યા પુણ્યવાન ॥૧॥
રીત અલૌકિક લાવિયા, અવનિ ઉપર ઘનશ્યામ ॥
એવી ન દીઠી જક્તમાં, શોધી જોયું સર્વે ઠામ ॥૨॥
પ્રકટનો સતસંગ છે, રહે પ્રકટ શ્રી ભગવાન ॥
પ્રકટ સરવે સંત છે, વળી પ્રકટ ભક્ત નિદાન ॥૩॥

ચોપાઈ :

કહું એક સમાની હું વાત રે, હરિ હતાં ગઢડે સાક્ષાત રે ॥
જાગ્યા પ્રભુજી પ્રભાતકાળે રે, કર્યો નિત્યવિધિ ત્યાં દયાળે રે ॥૪॥
પછી અક્ષરઓરડીમાંય રે, બેઠા ઢોલિયે શ્રીહરિરાય રે ॥
જુવે અમૃત દૃષ્ટિએ આપ રે, હરે જન મન તણાં તાપ રે ॥૫॥
એવે સમે આવ્યાં બ્રહ્મચારી રે, આનંદાનંદ નામે તે વારી રે ॥
કરી રહ્યાં જ્યારે તે પ્રણામ રે, પછી બોલ્યા અવિનાશી આમ રે ॥૬॥
કિયાં હશે મુક્તાનંદ સ્વામી રે, તેડી લાવો તમે કરભામી રે ॥
સુણી બોલ્યા બ્રહ્મચારી ત્યાંહિ રે, સ્વામી બેઠા ધર્મશાળામાંહિ રે ॥૭॥
લાવું છું તેમને તેડી પાસ રે, નહિ લાગે વાર અવિનાશ રે ॥
એમ કહી તુરંત સિધાવ્યા રે, જઈ સ્વામીને વેણ સુણાવ્યા રે ॥૮॥
સ્વામી અક્ષરઓરડી પધારો રે, વાટ જુવે છે ધર્મદુલારો રે ॥
સુણી સ્વામી સદ્ય ઊભા થયાં રે, હાથ ઝાલી ઓરડીએ ગયાં રે ॥૯॥
આવી કર્યા સાષ્ટાંગ પ્રણામ રે, કહ્યું કહો હવે ઘનશ્યામ રે ॥
મુજ વાસતે હોય વિશેષ રે, એવો દેજ્યો મુને ઉપદેશ રે ॥૧૦॥
ત્યારે પ્રભુ કહે એક વાત રે, કહેવા હૈયે થાઉં રળિયાત રે ॥
અમને રહે એવી બહુ તાણ રે, કરવા કોટિ જીવના કલ્યાણ રે ॥૧૧॥
પણ કલ્યાણ તે સદ્ય થાય રે, એવો કહો સુગમ ઉપાય રે ॥
ત્યારે સ્વામી કહે જાણો તમે રે, તેનો ઉત્તર શું દૈયે અમે રે ॥૧૨॥
તમે સ્વયં સ્વતંત્ર સ્વરાટ રે, જે જે ધારો તે કરો વિરાટ રે ॥
સુણી બોલિયા શ્રીમહારાજ રે, આવ્યો વિચાર અમને આજ રે ॥૧૩॥

ભાવે કુભાવે જે કોઈ જન રે, કેદિ કરશે અમારા દર્શન રે ॥
વળી અમારા મુખની વાણ રે, સુણશે જન જોડી બે પાણ રે ॥૧૪॥
વળી જન કોઈ ધરી પ્યાર રે, સેવા કરશે અમારી લગાર રે ॥
તેનું કરવું અમારે કલ્યાણ રે, કહું મુક્તાનંદજી સુજાણ રે ॥૧૫॥
દત્ત કપિલ ન રહ્યાં કૃષ્ણ રે, દેવા નિજનું સ્પર્શ કે દ્રષ્ણ રે ॥
તો અમે રહીશું કિયાં લગ રે, જાશું જરૂર મેલીને જગ રે ॥૧૬॥
વળી અમને જે છે મળેલા રે, તેને મળશે જે થઈ ઘેલા રે ॥
થાશે તેનાં દર્શને કલ્યાણ રે, કહું મુક્તાનંદજી સુજાણ રે ॥૧૭॥
વળી આવ્યો ત્યાં એમ વિચાર રે, રહેશે મળેલા કેટલી વાર રે ॥
પૂર્વે થયાં મોટા અવતાર રે, તેને મળેલ જે નરનાર રે ॥૧૮॥
નથી રહ્યાં આ જગમાં કોય રે, માટે એના જે મળેલ હોય રે ॥
તેનાં દર્શન સ્પર્શે કલ્યાણ રે, કહું મુક્તાનંદજી સુજાણ રે ॥૧૯॥
વળી થાશે અમારો જે જન રે, મુખે કરશે અમારું ભજન રે ॥
તેને જમાડશે પ્રેમ થકી રે, તેને જમ તેડુ નહિ નક્કી રે ॥૨૦॥
વળી જે જમશે તેનાં હાથે રે, તેને માયા રહેશે નહિ માથે રે ॥
એવાંનું પણ કરવું કલ્યાણ રે, કહું મુક્તાનંદજી સુજાણ રે ॥૨૧॥
અમે નાહ્યા છૈયે જે જે ઠામ રે, વળી વિચર્યા જ્યાં અભિરામ રે ॥
તેનાં દર્શન કરશે કોય રે, તેનાં પાતક રહેશે નોય રે ॥૨૨॥
અરે પશુ પંખી પણ જેહ રે, આવશે એના સંબંધે તેહ રે ॥
પામશે અંતે પરમ કલ્યાણ રે, કહું મુક્તાનંદજી સુજાણ રે ॥૨૩॥
એમ કરુણા કરી અપાર રે, ધરી અંતરમાં બહુ પ્યાર રે ॥
વાત કલ્યાણની રૂડી કીધી રે, મુક્તાનંદજીને ભલીવિધિ રે ॥૨૪॥
આવી વાત દીઠી નહિ ક્યાંય રે, એ છે પ્રકટ સત્સંગમાંય રે ॥
માટે હવે નથી જમત્રાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે કલ્યાણ સંબંધી વાતો કહી એ નામે ત્રણસો ને સડસઠમું પ્રકરણમ્ ॥૩૬૭॥

પ્રકરણ : ૩૬૮

પૂર્વછાયો :

બહુનામી બ્રહ્મમોલથી, આવી અવનિયે નિરધાર ॥
મોક્ષમાર્ગ કરી મોકળો, સુખિયા કીધાં નરનાર ॥૧॥
પ્રભુ પ્રકટ પ્રતાપથી, પાપી સહુ પાછા પડ્યાં ॥
ત્યજી અધર્મ સર્ગને, પછી સત્સંગમાંહિ ચડ્યાં ॥૨॥
ધર્મ થાપ્યો ધરાતલે, સત્શાસ્ત્રા રચિયા સાર ॥
કોલ દઈ નિજજનને, ઉતારિયા ભવપાર ॥૩॥

ચોપાઈ :

પ્રકટ પ્રતાપ શ્રીહરિ તણો રે, છાયો દેશ પ્રદેશમાં ઘણો રે ॥
કેડ્યે કરવા રહ્યું ન કાંય રે, સતસંગ વાધ્યો જગમાંય રે ॥૪॥
જેહ અર્થે ધર્યો અવતાર રે, તેહ પૂરણ કીધો આ વાર રે ॥
સંત શાસ્ત્રા પવિત્ર કર્યા રે, નિજજન તણાં દુઃખ હર્યાં રે ॥૫॥
પછી વિચારિયું ઘનશ્યામે રે, હવે સધાવિયે નિજધામે રે ॥
કરવા કાજ સઘળું કરિયું રે, કેડ્યે કરવાનું નથી રહ્યું રે ॥૬॥
એમ વિચારી ધર્મકુમાર રે, તિયાં તેડાવિયા નરનાર રે ॥
મુકુંદાનંદ વરણી આદિ રે, બ્રહ્મચારી બધા મરજાદી રે ॥૭॥
સર્વ શિરોમણિ મુક્તાનંદ રે, ગોપાળાનંદ ને બ્રહ્માનંદ રે ॥
નિત્યાનંદ શુકાનંદ એહ રે, આવ્યાં સંત બીજા બહુ જેહ રે ॥૮॥
ભગું મિયાં ને વળી રતન રે, આદિ પાર્ષદ આવ્યાં પાવન રે ॥
સુરા સોમ ઉત્તમ સુજાણ રે, આવ્યાં તર્ત થઈ જેને જાણ રે ॥૯॥
જયા લલિતાને પાંચુબાઈ રે, એહ આદિ દારા આવી ત્યાંઈ રે ॥
સહુ બેઠા બહુનામી આગે રે, પણ લાલ ઉદાસીન લાગે રે ॥૧૦॥
કોઈ કળી શકે નહિ કાંય રે, શું વિચારે વાલો મનમાંય રે ॥
તિયાં પ્રભુ બોલ્યા તતખેવ રે, આવો અમ પાસે ગુરુદેવ રે ॥૧૧॥
જરા જુવોને નાડ્ય અમારી રે, લાગે જવર તનમાંહિ ભારી રે ॥
ત્યારે હરિનો હાથ પકડી રે, જોયું ત્યાં તો છે ખબર પડી રે ॥૧૨॥
મુક્તમુનિ થયાં દિલગીર રે, તનમાં રહી લેશ ન ધીર રે ॥
વહ્યાં નેણ થકી નીર ઘણું રે, ભૂલ્યા ભાન તેહ દેહ તણું રે ॥૧૩॥

મૂક થઈ માવને નિહાળે રે, જાણે કાળ થંભિયો આ કાળે રે ॥
પછી પ્રભુ બોલ્યા તેહ જોઈ રે, શાને શોક આણો સ્વામી સોઈ રે ॥૧૪॥
કેવી દીસે કસર તનમાં રે, કહો જાણિયું જેવું મનમાં રે ॥
ત્યારે પ્રભુ તણો લઈ હાથ રે, મૂકી પ્રેમથી પોતાને માથ રે ॥૧૫॥
બોલ્યા મુનિ હે નાથ દયાળુ રે, એમ ન ઘટે તમને કૃપાળુ રે ॥
મેલો સંકલ્પ ધામે જવાનો રે, મુજ વિનતિ વાલમ માનો રે ॥૧૬॥
સતસંગી સહુ બાઈ ભાઈ રે, સુણી થશે દુઃખી મનમાંઈ રે ॥
કહેતાં હૈયું ભારે થયું ઘણું રે, કેડ્યે બોલી શકાયું ન અણું રે ॥૧૭॥
પછી બોલિયા શ્રી ભગવાન રે, અમે ધાર્યું હતું એ નિદાન રે ॥
કહો સ્વામી અમારો સંકલ્પ રે તેથી જન કરે શોક અલ્પ રે ॥૧૮॥
કરવા તણું થયું પૂરું કાજ રે, હવે બાકી નથી મુનિરાજ રે ॥
સુણી સ્વામી કહે બહુનામી રે, જન જાશે આ વાતને પામી રે ॥૧૯॥
ત્યારે કરશે કરુણ વિલાપ રે, અશ્રુધારા છૂટશે અમાપ રે ॥
અણચિંતવ્યું દુઃખ આ જોઈ રે, જન તમારાં જીવે ન કોઈ રે ॥૨૦॥
માટે મુજ વિનંતી વિચારી રે, મેલો દેહ મેલ્યાનું મોરારી રે ॥
પછી બોલિયા શ્રી ઘનશ્યામ રે, નહિ ચાલે કર્યે સ્વામી આમ રે ॥૨૧॥
જે જે કરવા ધાર્યું'તું કાજ રે, શેષ કરવા રહ્યું નથી આજ રે ॥
પૂરું થયું પ્રયોજન મારું રે, માટે મેલી ઘો તાણ્ય આ વારુ રે ॥૨૨॥
હવે બેસો આપે જઈ આગે રે, આવશો મા આડા અમ માગે રે ॥
મરજી જાણો અમારી અપાર રે, બીજું શું કહું તમને સાર રે ॥૨૩॥
પછી મુક્તાનંદજી મહાન રે, બેઠા સભામાંહિ નિદાન રે ॥
નિજ આશ્રિત જે નારી નર રે કહે સર્વને શ્યામસુંદર રે ॥૨૪॥
હવે કથા કહું તે કરુણ રે સુણી જન થાશે નિરગુણ રે ॥
કહેતાં કહેતાં લોચન ભરાશે રે ઘનશ્યામપ્રકાશ તે ગાશે રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ સ્વધામગમનનો વિચાર કર્યો એ નામે ત્રણસો ને અડસઠમું પ્રકરણમ્ ॥૩૬૮॥

INDEX

પ્રકરણ : ૩૬૯

પૂર્વછાયો :

પછી પ્રભુજી બોલિયા, સુણો સતસંગી સુજાણ ॥
જે જે ધાર્યું કરવા, થયું પૂરણ તે પ્રમાણ ॥૧॥
હવે ધામે સધાવશું, મેલી માનુષી દેહ ॥
કેડ્યે કોઈ મ કરશો, વ્યાકુળ થઈ અતિ વ્રેહ ॥૨॥
મુજ વાંસે રડવું નહિ, હૃદે રાજી રહેજો સદાય ॥
પ્રકટ પ્રમાણ શ્રીહરિ, કરશે સદા સહાય ॥૩॥

ચોપાઈ :

સુણી વજ્ર સમ એ વચન રે, થયાં પળમાં વ્યાકુળ જન રે ॥
પડ્યાં પૃથવીએ મૂરછિત રે, નાડી પ્રાણ તણાંયા ખચિત રે ॥૪॥
વહે જનને નયણે નીર રે, આંખ્યે આવી પડ્યું છે રુધિર રે ॥
કહે આવ્યો શું દોષ અમારો રે, મેલી જાવાનું કેમ વિચારો રે ॥૫॥
આટલા દન આપીને સુખ રે, હવે કેમ દેખાડો છો દુઃખ રે ॥
તમ વિના જીવવું હરામ રે, જીવ્યા કેડ્યે શું કરવું કામ રે ॥૬॥
પછી મુક્તમુનિ જોડી હાથ રે, કહે સાંભળો વિનંતી નાથ રે ॥
એટલું માંગિયે છૈયે અમે રે, દેજ્યો દયા કરી હરિ તમે રે ॥૭॥
જ્યારે તન મેલ્યું શ્રી રામે રે, ગયાં સ્વતંત્ર વૈકુંઠધામે રે ॥
ત્યારે અવધ્યવાસી સંગાથે રે, જન સંગે લીધાં હતાં નાથે રે ॥૮॥
માટે જાઓ તમે હરિરાય રે, મેલી તન આ પૃથ્વીમાંય રે ॥
મુને તેડી જાઓ તમ સંગે રે, જાશું ધામે બેઉ ઉછરંગે રે ॥૯॥
એવાં સુણી દીનતા વચન રે, બોલ્યા દયાનિધિ ભગવન રે ॥
સ્વામી આપે ત્રિકાળ હંમેશ રે, મુજ સંગે વસ્યા છો વિશેષ રે ॥૧૦॥
દૂર થયાં નથી નહિ થાશું રે, માટે લોચને લાવો ન આંસુ રે ॥
હમણાં હેતે રહો લોકમાંહિ રે, ગાજ્યો અમારા ચરિત્ર આંહિ રે ॥૧૧॥
દૈયે છીએ તમને એ વર રે, દોઢ માસ કેડ્યે મુદભર રે ॥
સંગે તેડી જાશું બ્રહ્મમોલ રે, ધરી પ્યાર અતિ અણમોલ રે ॥૧૨॥
પછી પ્રીત્યે બોલ્યા બળવંત રે, સહુ વાત સુણજો અત્યંત રે ॥
અમ કેડ્યે મેલશો ન પ્રાણ રે, અન્ન મેલશો નહિ સુજાણ રે ॥૧૩॥

INDEX

રહીશું મૂરતિએ અમે નિત રે, સદા સંતમાં રહેશું અમિત રે ॥
દેશું દર્શન તેમાં રહીને રે, બોલ્યા પ્રભુ એટલું કહીને રે ॥૧૪॥
માટે માનજો વેણ અમારું રે, તેમાં તમારાં સહુનું સારું રે ॥
એમ ધીરજ સહુને દીધી રે, વાત કહેવી હતી તે કીધી રે ॥૧૫॥
પછી માવ કહે મુક્તમુનિ રે, તમે ઢાલ થયાં છો સહુની રે ॥
ઊઠી સ્પરશો ચરણ અમારા રે, ખાઓ સમ આ વાતના મારા રે ॥૧૬॥
ત્યારે થઈ શોકાતુર સ્વામી રે, કહે દયા આણો બહુનામી રે ॥
કેમ રહેશે હવે મારા પ્રાણ રે, જુવો હજી વિચારી સુજાણ રે ॥૧૭॥
એમ કહી રુવે મૂકી પોક રે, થયાં વ્યાકુળ બહુ અશોક રે ॥
પછી બોલ્યા હૈયે ધરી હામ રે, ભલે સધાવો શ્રી ઘનશ્યામ રે ॥૧૮॥
કરો ગમતું નાથ તમારું રે, પણ રાખજ્યો ધ્યાન અમારું રે ॥
જ્યારે વિરહ વાધે ઉરમાંય રે, ત્યારે તેડી જાજ્યો હરિરાય રે ॥૧૯॥
સુણી નાથને આંખ્ય ભરાણી રે, બોલી શક્યા નહિ અલ્પ વાણી રે ॥
આમાંસામાં જુવે બેઉ ધારી રે, તે તો જન શક્યા ન વિચારી રે ॥૨૦॥
પછી નાથે કરી અનિમેષ રે, દ્રષ્ટિ આતમ વિશે અશેષ રે ॥
ધર્યું પોત્યે પોતાનું જ ધ્યાન રે, ભૂલ્યા નિજ તન કેરું ભાન રે ॥૨૧॥
પ્રભુ પધારિયા નિજધામ રે, કરી કોટિક જીવના કામ રે ॥
સંવત અઢાર છાશી દિવસ રે, જયેષ્ઠ સુદી દશમી અવશ્ય રે ॥૨૨॥
મંગળવારે મધ્યાહ્ને શ્રીહરિ રે, ચાલ્યાં દિવ્ય વપું પોતે ધરી રે ॥
તેહ સમે પામ્યા જન દુઃખ રે, તે તો કહી શકાય ન મુખ રે ॥૨૩॥
દોય દત્તપુત્રો કરી વિધિ રે, જેમ કરવી ઘટે તેમ કીધી રે ॥
જન આવિયાં'તા બહુપેર રે, કેડ્યે સહુ ગયાં નિજ ઘેર રે ॥૨૪॥
જન જે જે સંભારતા જ્યારે રે, દેતા દરશન તેને તે વારે રે ॥
નથી પ્રોક્ષ થયાં અવિનાશ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિ સ્વધામ સિધાવ્યા એ નામે ત્રણસો ને ઓગણોસિત્તેરમું પ્રકરણમ્ ॥૩૬૯॥

પ્રકરણ : ૩૭૦

પૂર્વછાયો :

અતિ અલૌકિક વારતા, લાવી દેખાડી ઘનશ્યામ ॥
પાછા પોત્યે પધારિયા, કરી કારજ અક્ષરધામ ॥૧॥
પ્રભુનાં દર્શન વિના, દુઃખિયા મટે નહિ જન ॥
સમે સમે સંભારતા, શોક પામે ઘણું મન ॥૨॥
પળ જાય જુગ સમી, વીતે નહિ દન એક ॥
જંપ ન થાય જીવમાં, વ્યાધિ વધે વિશેક ॥૩॥

ચોપાઈ :

મુનિ મુક્તાનંદ મહાધીર રે, નિજ દલ તણી ઢાંકી પીર રે ॥
વિરહાગ્નિ સહ્યો તનમાંય રે, કેને દીધું જણાવા ન ક્યાંય રે ॥૪॥
પોત્યે મુનિમંડળમાં મોટા રે, જેના ઓથે રહે સહુ છોટા રે ॥
તેથી સાંત્વન આલે અપાર રે, સરવે જનને કરી પ્યાર રે ॥૫॥
ઘણી વય વીતી છે તનની રે, ક્ષય પીડા છે બહુ દનની રે ॥
અન્ન જળ મુખે નહિ ભાવે રે, નાથ વિના નહિ સુખ આવે રે ॥૬॥
પણ જમે નહિ પોતે અન્ન રે, ત્યારે જમે બીજા શીદ જન રે ॥
તેથી સ્વામી જમે અલ્પ ગ્રાસ રે, જોઈ જમે પછી સહુ દાસ રે ॥૭॥
એમ દન વિરહમાં વહ્યાં રે, દુઃખ કેને જાતાં નથી કહ્યાં રે ॥
તોય હરિજન હૈય હામ રે, ઘણું રહે વિચારીને આમ રે ॥૮॥
નિજજન મેલી ગયાં તાત રે, પણ બેઠી છે માયાળુ માત રે ॥
એમ હોંશ હરિજન રાખે રે, અન્ય મુખ થકી નવ ભાખે રે ॥૯॥
મહામુનિ મુક્તાનંદ સ્વામી રે, તેને દેખી રહે દુઃખ વામી રે ॥
તિયાં ખૂટી ઉત્તમની ધીર રે, વિરહ તણી વ્યાધિ તન પીર રે ॥૧૦॥
રાતદન કરે છે રુદન રે, નથી માનતા કેનું વચન રે ॥
ત્યારે મુક્તાનંદજીએ પાસ રે, કહ્યું ઉત્તમને જઈ ખાસ રે ॥૧૧॥
તમે સુણો ચરિત્ર નાથના રે, સુણી દુઃખ વામશે દલના રે ॥
પછી કહ્યાં સ્વામીએ ચરિત્ર રે, અવતારી પ્રભુના પવિત્ર રે ॥૧૨॥
નૃપ સુણે તે લીલા અપાર રે, સ્વામી સંભળાવે કરી પ્યાર રે ॥
પોતે આવ્યાં પૃથ્વીએ શ્યામ રે, પાછા પધારિયા નિજ ધામ રે ॥૧૩॥

રૂડી લીલા તે સરવે ભાખી રે, નૃપ ઉત્તમને કહી દાખી રે ॥
તેનો ગ્રંથ વિશાળ પ્રસિદ્ધ રે, લખ્યો સિદ્ધાનંદે ભલીવિધ રે ॥૧૪॥
શ્રી હરિચરિત્રામૃતસાગર રે, રૂડું નામ છે તેનું અવર રે ॥
અતિ ઉત્તમ થયો એ ગ્રંથ રે, તે છે શુદ્ધ કલ્યાણનો પંથ રે ॥૧૫॥
એમ કરતાં વીત્યો દોઢ માસ રે, રહ્યો હરિજનને હુલાસ રે ॥
મુનિએ કરી ગઢડે મુકામ રે, ગ્રંથ કર્યો ધર્માખ્યાન નામ રે ॥૧૬॥
ગ્રંથ કાજે કલમ છે હાથ રે, ગ્રંથ શુદ્ધ કરે સ્નેહ સાથ રે ॥
કાગળ કરમાંથી જાય પડી રે, તોય લખે કાગળ પકડી રે ॥૧૭॥
એવે સમે આવ્યાં નિત્યાનંદ રે, મહા વિદ્વાન ને જગવંદ રે ॥
કરજોડી બોલ્યા તેહ પળ રે, હવે રાખો કલમ કાગળ રે ॥૧૮॥
ગ્રંથ તણું વધ્યું કામ જેહ રે, ઘણું ખાંત્યે કરીશ હું તેહ રે ॥
એમાં ફેર રાખું નહિ લેશ રે, કરો કૃપા મું પર વિશેષ રે ॥૧૯॥
સુણી રાજી થઈ નિજ હાથ રે, મેલ્યો નિત્યાનંદજીને માથ રે ॥
કહ્યું શિષ્ય તમે મારા ખરા રે, મહા સમર્થ વિદ્વાન વરા રે ॥૨૦॥
એમ કહી દીધું ધર્માખ્યાન રે, ગ્રંથ શુદ્ધ કરવા નિદાન રે ॥
પછી મુનિએ આણી ઉદાસી રે, વર્ષ અઢારસો ને સત્યાશી રે ॥૨૧॥
આવી ઊભી અષાઢી અંધારી રે, તિથિ દશમીની દુઃખકારી રે ॥
નભમાં ન દીસે રવિકાંતિ રે, થઈ નિસ્તેજ પામી અશાંતિ રે ॥૨૨॥
ફરક્યા પુરુષના વામ અંગ રે, ફરક્યા તે પણ અતિ કુઢંગ રે ॥
ગયાં મન સહુનાં ડોળાઈ રે, થયો ઉદ્વેગ તે ઉરમાંઈ રે ॥૨૩॥
અપશુકન લાધ્યા છે બહુ રે, થયું ભૂંડું પ્રભાત શું કહું રે ॥
હરિભક્તે વિચારિયું મન રે, આજ ઉદિયો અશુભ દન રે ॥૨૪॥
થાશે અણધારેલું આ વાર રે, કેને નથી તેનો અણસાર રે ॥
એમ જન થયાં છે ઉદાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિએ ઉત્તમ રાજાને ચરિત્રો કહ્યાં એ નામે ત્રણસો ને સિત્તેરમું પ્રકરણમ્ ॥૩૭૦॥

INDEX

પ્રકરણ : ૩૭૧

પૂર્વછાયો :

પછી મુનિએ વિચારિયું, હવે મેલવું નિજ પંડ ॥
કારજ સહુ પૂરણ થયું, જાવું અક્ષરધામે અખંડ ॥૧॥
તેથી તજ્યા ખાનપાનને, વાળી વરતિ અંતરમન ॥
થયાં ઉદાસી દલમાં, લીધો જ્વર અતિશય તન ॥૨॥
કાયા કંપે અતિ ઘણી, તેનો રહ્યો નહિ નિરધાર ॥
હાય હાય જન મન થયાં, શોક વાધ્યો છે અપાર ॥૩॥

ચોપાઈ :

પ્રભુ પધારિયા ધામ વિશે રે, ત્યારે શોક વ્યાપ્યો'તો અતિશે રે ॥
ત્યારે જને વિચારિયું એમ રે, થાવું ઉદાસી મનમાં કેમ રે ॥૪॥
છોને ગયાં મેલી અમ તાત રે, પણ બેઠી છે માયાળુ માત રે ॥
હજી મુક્તાનંદ મહારાજ રે, દિયે દર્શન પ્રત્યક્ષ આજ રે ॥૫॥
પણ જાણ્યું જ્યારે મનમાંહિ રે, નહિ રહે સ્વામી હવે આંહિ રે ॥
ત્યારે વ્યાકુળ થયાં જન ચિત્ત રે, વ્યાપ્યું દુઃખ અંતરે અમિત રે ॥૬॥
થાય અસહ્ય આક્રંદ અતિ રે, સુખ રહ્યું નહિ કેને રતિ રે ॥
આવ્યાં ગોપીનાથને મંદિર રે, મુનિ મુક્તાનંદજી અધિર રે ॥૭॥
પછી પ્રેમથી કર્યાં પ્રણામ રે, સ્તુતિ ઉચ્ચર્યા મુખથી આમ રે ॥
હવે નાથ કહ્યું નથી જાતું રે, દુઃખ વિરહનું નથી ખમાતું રે ॥૮॥
દોઢ માસ વીતી કેમ ગયો રે, તેનો મનમાં સંશય રહ્યો રે ॥
પણ હવે નથી પળ જાતી રે, તમ વિના શાંતિ નથી થાતી રે ॥૯॥
માટે આવો અંતસમે આપ રે, તન મન કેરા ટાળો તાપ રે ॥
કૃપાનાથ કઠોર ન થાઓ રે, હાથ ઝાલી ધામે તેડી જાઓ રે ॥૧૦॥
તમે આધાર છો મારો એક રે, નથી તે વિના અન્ય વિશેક રે ॥
એમ આર્તનાદે સ્વામી ગાય રે, આંખે આંસુડાં ચોધાર જાય રે ॥૧૧॥
સુણી આક્રંદ એવું અપાર રે, દોડી આવ્યાં સહુ નરનાર રે ॥
ભીડ ભરાણી મંદિરમાંય રે, અતિ દુઃખી સહુ દલમાંય રે ॥૧૨॥
અતિ કારમું કરે રુદન રે, થયાં મૂર્છિત કેટલાક જન રે ॥
મુક્તમુનિ કરે છે વિનંતી રે, હવે પધારોને પ્રાણપતિ રે ॥૧૩॥

INDEX

ઝાલી અબળાનો તમે હાથ રે, તેડી જાઓ તમારે સંગાથ રે ॥
એહ આદિ અનેક પ્રકારે રે, વિનવે છે ઘણું વારેવારે રે ॥૧૪॥
ત્યારે દર્શન દઈ દયાળ રે, બોલ્યા મુખે વચન તતકાળ રે ॥
થાજ્યો તૈયાર મધ્યાહ્ને આજ રે, તેડી જાશું ગુરુ મહારાજ રે ॥૧૫॥
એવું સાંભળી આસને ગયાં રે, મુક્તમુનિ હૃદે રાજી થયાં રે ॥
થયો મધ્યાહ્નનો સમો જ્યારે રે, તિયાં તેડ્યા રઘુવીર ત્યારે રે ॥૧૬॥
સત્સંગ તણી વાત કીધી રે, બીજી પણ બહુ શીખ દીધી રે ॥
વળી કહ્યું છે અન્ય જનને રે, સહુ સંપી રહેજ્યો પ્રસન્ને રે ॥૧૭॥
જાણી મહિમા મનમાં ઘણો રે, રાખજો ભાર એક બીજા તણો રે ॥
રહેજ્યો શિક્ષાપત્રી અનુસાર રે, તો પ્રભુ લેશે સહુની સાર રે ॥૧૮॥
ગોપાળ સ્વામીની આગન્યા વિષે રે, સહુ જન રહેજ્યો અતિશે રે ॥
હવે રહેવા તણું નથી કાંય રે, અમે જાશું બ્રહ્મમોલમાંય રે ॥૧૯॥
હવે વૃદ્ધ થયું મુજ તન રે, નથી જાતાં કેમે કરી દન રે ॥
વળી બોલાવે છે મહારાજ રે, તેહ માટે જાવું મારે આજ રે ॥૨૦॥
એવું સુણી વિષમ વચન રે, સહુ ખિન્ન થયાં જન મન રે ॥
પછી મુનિ પદ્માસન વાળી રે બેઠા દ્રષ્ટિ નાસિકાગ્ર ભાળી રે ॥૨૧॥
આવ્યાં વિમાનમાં ભગવન રે, દેખે દિવ્ય દ્રષ્ટિવાળા જન રે ॥
ચહુ દિશમાં છાયો પ્રકાશ રે, જોઈ રાજી થયાં ઘણું દાસ રે ॥૨૨॥
આવ્યાં અક્ષરમુક્ત અપાર રે, મુખથી કરે સહુ જેજેકાર રે ॥
તજ્યો સ્વામીએ ભૌતિક દેહ રે, દિવ્ય દેહ પામ્યા રૂડો એહ રે ॥૨૩॥
પછી બેસી વિમાન મોઝાર રે, ગયાં અષ્ટાવરણથી પાર રે ॥
બાળ મેલી ગયાં નિજ તાત રે, પણ આજ મેલી જાય માત રે ॥૨૪॥
ત્યજી માનુષી તનું દયાળ રે, ગ્રહી દિવ્ય તનું તતકાળ રે ॥
કર્યો અક્ષરધામે નિવાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ અક્ષરધામ સિધાવ્યા એ નામે ત્રણસો ને એકોતેરમું પ્રકરણમ્ ॥૩૭૧॥

પ્રકરણ : ૩૭૨

પૂર્વછાયો :

શુભમતિ જન સાંભળો, કહું ત્યાર પછીની વાત ॥
મુક્તમુનિ સિધાવિયા, બ્રહ્મમોલમાંહિ સાક્ષાત ॥૧॥
બાળ યુવા વૃદ્ધ નરત્રિયા, કરે વિલાપ વારમવાર ॥
મુક્તાનંદ મેલી ગયાં, હવે શું રહ્યો આધાર ? ॥૨॥
સ્વામી વિના સહુ દલમાં, જન પામિયાં બહુ દુઃખ ॥
કરે છે રુદન કારમું, તે નથી કહેવાતું મુખ ॥૩॥

ચોપાઈ :

એમ સંવત અઢાર સત્યાશી રે, અષાઢ વદી દશમી ઉદાસી રે ॥
ચાલ્યાં મુક્તમુનિ મહારાજ રે, બ્રહ્મમોલ પધારવા કાજ રે ॥૪॥
રહેવા ધાર્યું'તું જેટલું આંહિ રે, મુનિ રહ્યાં તેટલું હરખાઈ રે ॥
પણ જનને દીસે ઉતાપ રે, છાના ન રહે કરે વિલાપ રે ॥૫॥
પછી આચાર્ય જે રઘુવીર રે, તેણે દીધી છે સહુને ધીર રે ॥
વળી સરવે શાસ્ત્રાની વિધિ રે, જેમ કરવી ઘટે તેમ કીધી રે ॥૬॥
ચરચ્યું ચંદન તન સુંદર રે, પુષ્પહાર પહેરાવ્યા અવર રે ॥
લળી લળી લાગે સહુ પાય રે, પછી બેસાર્યા વિમાન માંય રે ॥૭॥
ત્યાંથી આવ્યાં સહુ એક વાડી રે, અંતિમ વિધિ કરવા તેહ દાડી રે ॥
તિયાં કાષ્ઠ તણી ચિત્તા રચી રે, તન પધરાવ્યું ઘી ચરચી રે ॥૮॥
પછી કર્યો અગ્નિ સંસ્કાર રે, જોઈ દુઃખ પામ્યા સહુ અપાર રે ॥
ઘણે ઘૃતે દેહ દાહ દીધો રે, સર્વે શાસ્ત્રવિધિ તિયાં કીધો રે ॥૯॥
પછી પાછા વળ્યા સહુ જન રે, તેદિ ખાધું નહિ કેણે અન્ન રે ॥
પછી બીજે દિ' ચિત્તાને ઠારી રે, કરી ખરચ કરવા તૈયારી રે ॥૧૦॥
તેડ્યા વિપ્ર ને સતસંગી સહુ રે, બીજા પણ તેડાવિયા બહુ રે ॥
પછી જમાડ્યા જન અપાર રે, સતસંગી કુસંગી નરનાર રે ॥૧૧॥
કહી વાત સંક્ષેપે મેં એહ રે, જેમ છે તેમ ન કહેવાય તેહ રે ॥
જે જે દીઠું મેં સાંભળ્યું કાન રે, તેમાંથી લખ્યું કાંઈક નિદાન રે ॥૧૨॥
મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ રે, તેની કથા મેં સરવે ભણી રે ॥
સર્વે પ્રકરણમાંહિ ચરિત્ર રે, અતિ પાવન પરમ પવિત્ર રે ॥૧૩॥

થયો ગ્રંથ ઉત્તમ અનુપ રે, હરિના જનને સુખરૂપ રે ॥
જેવું મતિમાં જણાયું મને રે, તેવું ને તેવું કીધું તમને રે ॥૧૪॥
હશે જન જેહ બહુ સારા રે, વળી સંત હશે બહુ પ્યારા રે ॥
તેને આ ગ્રંથ લાગશે સારો રે, બીજા તો કરશે બહુ દેકારો રે ॥૧૫॥
સંત વિના ઉદ્ધાર ન થાય રે, ભલે અક્ષર લગી જવાય રે ॥
ઘણાં તર્યા ને ઘણાં તરશે રે, તેહ સંત વિના ન બનશે રે ॥૧૬॥
શોધી જુવો અઢાર પુરાણ રે, સાર જાણશો એક સુજાણ રે ॥
સંત સેવ્યા થકી થશે મોક્ષ રે, તેહ વિના રહેશો પરોક્ષ રે ॥૧૭॥
સંત ભેટાડે શ્રી ભગવાન રે, સંત આપે છે અભયદાન રે ॥
સંત કૃપા વિના સદ્‌મતિ રે, ક્યાંય જાગે નહિ કહું રતિ રે ॥૧૮॥
સંત ચિંતામણિ જેને હાથ રે, તેને લેશ દૂર નહિ નાથ રે ॥
જેણે સંત કર્યા છે પ્રસન્ન રે, તેણે રાજી કર્યા ભગવન રે ॥૧૯॥
સંત ટાળે છે ત્રિવિધ તાપ રે, સંત સુખી કરે છે અમાપ રે ॥
સંત જ્ઞાન વૈરાગ્યને આપી રે, નાખે સંસૃતિ માથેથી કાપી રે ॥૨૦॥
એક સંત પૂજ્યે સહુ પૂજાય રે, તેમાં બાકી રહે નવ કાંય રે ॥
માટે સંત છે સેવ્યાનું ઠામ રે, સેવો શુદ્ધભાવે નરવામ રે ॥૨૧॥
સંતપતિ પણ સંત તણી રે, કરે સંત પ્રશંસાઓ ઘણી રે ॥
તેને સંત થકી વહાલું કોય રે, જોઈ જોયું જગમાંહિ નોય રે ॥૨૨॥
એવાં સંતમાં જે શિરોમણિ રે, પ્રભુ પૂજતા ગુરુદેવ ગણી રે ॥
તે મહામુનિવર મુક્તાનંદ રે, તેનો ગ્રંથ કર્યો જગવંદ રે ॥૨૩॥
સકળ સૃષ્ટિમાં નહિ હોય એવાં રે, જેમ છે તેમ ચરિત્ર કેવા રે ॥
મુને જેટલાં સાંભર્યા મન રે, કીધાં તે સરવે મેં પ્રસન્ન રે ॥૨૪॥
પ્રાગટ્યથી ધામે ગયાં તેહ રે, ગ્રંથે ગૂંથ્યા છે ચરિત્ર એહ રે ॥
તેને સાંભળી થાશે હુલાસ રે કહે ઘનશ્યામપ્રકાશ દાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગ્રંથનો મર્મ કહ્યો એ નામે ત્રણસો ને બોતેરમું પ્રકરણમ્ ॥૩૭૨॥

INDEX

પ્રકરણ : ૩૭૩

પૂર્વછાયો :

શુભમતિ હવે સાંભળો, મેં કહ્યાં ચરિત્ર અનુપ ॥
જે જન શ્રવણે સુણશે, તે થાશે અંતે બ્રહ્મરૂપ ॥૧॥
ધન્ય ધન્ય મુજ આયખું, ધન્ય ધન્ય મુજ મતિ મન ॥
ધન્ય ધન્ય મારો આત્મા, તેનું શું કરું વરણન ॥૨॥
સર્વ સદ્‌ગુરુ શ્રેષ્ઠ જે, મુનિ મુક્તાનંદ મુનિરાય ॥
તેનાં ગુણ ગાવા તણો, મળ્યો લાભ અતિ સુખદાય ॥૩॥

ચોપાઈ :

લોયાધામે પ્રકટ છો આજ રે, સર્વોપરી પ્રભુ શિરતાજ રે ॥
મુક્તમુનિએ સેવ્યા તમને રે, તમે અતિ વ્હાલા છો અમને રે ॥૪॥
મુને આશરો એક તમારો રે, નિજ બાળ તમે મુને ધારો રે ॥
રહેજ્યો પ્રતિક્ષણ મુજ આગે રે, એમ આ બાળ આપનો માગે રે ॥૫॥
થયો ગ્રંથ અનુપમ અતિ રે, નહિ માને મૂરખ કુમતિ રે ॥
મુક્તમુનિ તણી કીધી વાત રે, સુણી રાજી રહેજ્યો રળિયાત રે ॥૬॥
હશે સકામ જે હરિજન રે, તેને ઈચ્છા હશે ઘણી મન રે ॥
તે જો કરશે ગ્રંથનો પાઠ રે, તો તે પામશે સુખનો ઠાઠ રે ॥૭॥
વિદ્યાર્થી પામશે વિદ્યા સારી રે, ગાશે ગ્રંથ જો હરિ સંભારી રે ॥
ધનાર્થી પામશે ઘણું ધન રે, પુત્રાર્થી પુત્ર પામે પાવન રે ॥૮॥
જેના જનમો જનમ તણાં રે, થાય ઉદિત સુકૃત ઘણાં રે ॥
એતો કહેશે કથા આ છે સારી રે, બીજા ખોટ્યું દેખાડશે ભારી રે ॥૯॥
પ્રભુ વિના બીજું નવ ભાવે રે, એવાં એકાંતિક જે કહાવે રે ॥
તેને ગ્રંથ આ લાગે પીયુષ રે, અભાગીને તો લાગશે વિષ રે ॥૧૦॥
વળી પિતૃના કલ્યાણ કાજ રે, કોઈ બોલાવીને મુનિરાજ રે ॥
કરાવશે આ ગ્રંથની કથા રે, તો મટશે તેની નિશ્ચે વ્યથા રે ॥૧૧॥
અરે ગ્રંથ આ લાવી ઘરમાં રે, રાખશે જન જેહ પ્યારમાં રે ॥
તેહ પણ સુખી બહુ થાશે રે, દુઃખ તેનાં ઘણાં દૂર જાશે રે ॥૧૨॥
પણ જોજ્યો પ્રભુના આશ્રિત રે, ધર્મયુક્ત રહે જેહ નિત રે ॥
જેણે છે પ્રભુ પામવા પંથ રે, દેજ્યો તે નરને મળી ગ્રંથ રે ॥૧૩॥

INDEX


જેને પ્રભુ તણો નહિ ભાર રે, અથવા તો માને નિરાકાર રે ॥
અથવા સંત જેને ન વહાલા રે, એવાં હોય જન જે નમાલા રે ॥૧૪॥
તેને આ ગ્રંથ કેદિ ન કહેવો રે, ભૂલ્યે પણ એવાને ન દેવો રે ॥
તોય કહેશે દેશે જે જન રે, મહાદુઃખ પામશે સઘન રે ॥૧૫॥
જક્તમાંહિ છે સાકર સારી રે, પણ ગર્દભને દુઃખકારી રે ॥
ખીરસમું અન્ન ન કહેવાય રે, પણ શ્વાનને તે ન દેવાય રે ॥૧૬॥
જેની આસુરી મતિ પ્રમાણ રે, તેને કહેશો મા કથા સુજાણ રે ॥
હોય પાપિયા જીવ વિમુખ રે, તેને ગ્રંથે થાયે નહિ સુખ રે ॥૧૭॥
આ તો અનુભવી જ્યારે જોશે રે, પછી આ ગ્રંથ સેવશે હોંશે રે ॥
અંધ ઉલૂક કરશે વિરોધ રે, લેવા મથશે ઘણો પ્રતિશોધ રે ॥૧૮॥
નંદ સ્વામી મુજ ગુરુદેવ રે, જેની કરી મેં પ્રત્યક્ષ સેવ રે ॥
એની કૃપા થકી ગ્રંથ થયો રે, એનો આનંદ મુજને રહ્યો રે ॥૧૯॥
જેહ રૂડું આ ગ્રંથે જણાય રે, ગુરુદેવ તણું તે ગણાય રે ॥
દોષ મારા છે સઘળા નક્કી રે, સહુ જન જાણજ્યો મન થકી રે ॥૨૦॥
થાજ્યો મુક્તમુનિ રાજી ઘણાં રે, વળી ટાળજો હોય જે મણાં રે ॥
તમ વિના નથી જ આધાર રે, બહુ શું કહું વારમવાર રે ॥૨૧॥
ભદ્રાવતી કિનારે જે ગામ રે, વ્હાલું વ્હાલાને જે લોયાધામ રે ॥
તિયાં વસી મુક્તમુનિ તણી રે, લખી ગ્રંથ ચરિત્ર ચિંતામણિ રે ॥૨૨॥
સંવત દોય સહસ્ત્ર એકાશી રે, ગુરુ પૂર્ણિમા આવી હુલાસી રે ॥
જાણો ગુરુવાર રૂડી રીત રે, પૂરો કર્યો આ ગ્રંથ પુનિત રે ॥૨૩॥
નમું નમું મહામુનિરાય રે, સદ્‌ગુરુ તમારે હું પાય રે ॥
વણ વિઘને ગ્રંથ પૂરણ રે, થયો અનુપ સુખકરણ રે ॥૨૪॥
રાખજો મુજમાં હેત ઘણું રે, દૂર કરશો મા મુને અણું રે ॥
દેજયો આપ સમીપમાં વાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી મુક્તમુનિ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગ્રંથની પૂર્ણાહુતિ કરી એ નામે ત્રણસો ને તોત્તેરમું પ્રકરણમ્ ॥૩૭૩॥

સંદર્ભગ્રંથ સૂચિ

- શ્રી વચનામૃત
- શ્રીમદ્ સત્સંગિજીવન
- શ્રી હરિદિગ્વિજય
- શ્રીમદ્ સત્સંગિભૂષણ
- શ્રી હરિચરિત્રમ્
- શ્રી ભક્તચિંતામણિ
- શ્રી હરિચરિત્રામૃતસાગર
- શ્રી હરિકૃષ્ણનારાયણચરિત્રામૃત
- શ્રી હરિલીલામૃત
- શ્રી હરિકૃષ્ણલીલામૃતસાગર
- શ્રી હરિકૃષ્ણચરિત્રામૃતસાગર
- શ્રી હરિલીલાકલ્પતરુ
- શ્રી હરિલીલાસિંધુ
- શ્રી ઘનશ્યામલીલામૃતસાગર
- શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત
- શ્રી લીલાચરિત્રની વાતો
- શ્રી હરિલીલામૃતમ્
- શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર
- શ્રી પુરુષોત્તમચરિત્ર પુષ્પમાળા
- શ્રી આદર્શ ભક્તગાથા
- લીલાચિંતામણી
- શ્રી મોનજી ભગતની વાતો
- સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો
- સદ્. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો
- સદ્. શ્રી ભાયાત્માનંદ સ્વામીની વાતો
- સદ્. શ્રી અદ્ભૂતાનંદ સ્વામીની વાતો
- સદ્. શ્રી તદ્રુપાનંદ સ્વામીની વાતો

- સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો
- સ.ગુ. બ્ર. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો
- શ્રી હરિ ચરિત્ર ચિંતામણી - શ્રીહરિના હજૂરી પાર્ષદવર્ય શ્રી ગુમાનજી ભગત
- શ્રી હરિ ચરિત્ર ચિંતામણી - સ.ગુ. શ્રી ઋગનાથચરણદાસજી સ્વામી
- ભગવાન શ્રી સ્વામિનારાયણ
- પરમહંસ ગાથા
- સહજાનંદ સ્વામીના જીવનપ્રસંગોનું સ્મૃતિકારક તિથિ પત્ર
- સુરતમાં શ્રીહરિ
- કીર્તન મુક્તાહારમ્
- ગઢપુરની લીલા
- પુરુષોત્તમ લીલા
- વચનામૃત સંપાદક ચાર સદ્ગુરુઓના જીવન દર્શન
- સત્સંગની શુભ વાર્તા
- ભક્ત ચરિતમ્
- મુક્ત ચિંતામણિ - પીપલાણા
- મુક્ત ચિંતામણિ - વડતાલ
- દુર્ગપુર માહાત્મ્ય
- ઉપદેશામૃત
- શ્રીજીની લીલા
- સત્સંગિજીવન સાગર મંથન
- અમદાવાદનો મહિમા
- શ્રીહરિની કુમકુમ વર્ણી તિથિ
- સંત સુમન સ્રજ
- ભક્તાખ્યાન
- અલખના આરાધક સંત મૂળદાસ
- પરોપકારી સંત મૂળદાસ
- સંત આખ્યાન
- લોજપુર લીલા



શ્રી હરિચરિત્રામૃતસાગરમાં શ્રીહરિના અમૃત વચનો

મુક્તમુનિ સમ સંત ન કેઉ, સર્વોપરી હમ જાનત તેઉ;
માહાત્મ્ય કે ગુન હે અધિકાઈ, દિન દિન પ્રતિ લેત ચઢાઈ. (૮/૧૪/૨૦)

મુક્તમુનિ અબ કહે જો જૈસે, કરહિ હમ દૃઢ કરીકે તૈસે;
મુક્તમુનિ કે રહેઉ વિશ્વાસા, પ્રથમ રહે હમ તાકી પાસા. (૧૮/૨૧/૨૭)

મુક્તમુનિ મેં રહે એક રંગા, રંગ કે કબહુ ન હોવત ભંગા;
એક રંગ દેખીકે તાકે, ગુરુ હમ માનત રહે વાકે. (૧૮/૨૧/૨૨-૨૩)

સર મેં સાગર હિ અધિક, ભૂત મેં અધિક આકાશ;
મુક્ત મેં મુક્તમુનિ અધિક, બાયુ મેં મોટિબા તાસ. (૪/૭૬/૧૫)

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ
મુ.પો. લોયા, તાલુકો : સાયલા, જીલ્લો : સુરેન્દ્રનગર. પીન : ૩૬૩૪૧૦.